શ્રીસ્વામિનારાયણ ભગવાનના જીવન આધારિત
સંપ્રદાયનો સૌથી મોટો હિન્દી મહાગ્રંથ

શ્રીહરિચરિત્રામૃતસાગર

(ગુજરાતી અનુવાદ)

લેખક : સદ્.શ્રીસિદ્ધાનંદસ્વામી


ભાગ 3

પૂર : ૬,૭,૮



શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ

INDEX





ભાગ - ૩

(પૂર - ૬ થી ૮)

INDEX

મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર

અનુવાદક : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
વેદાન્તાચાર્ય એમ.એ. (ગાંધીનગર-ગુજરાત)

પ્રેરક એવં સંશોધક } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રકાશન તિથિ : સં.૨૦૬૯, વૈશાખ સુદ-૯ શ્રીહરિજયંતી; તા.૧૯-૫-૨૦૧૩

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૨૫૦૦

પડતર કિંમત : ₹ ૨૦૦/-

ISBN : 978-93-83456-26-0



- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧
- **વડોદરા** : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

સર્વાવતારી શ્રીહરિના જીવનકવન પર આલેખાયેલ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના **તૃતીય ભાગ**ના વાંચન-શ્રવણથી આપની આધ્યાત્મિક તથા લૌકિક સર્વાંગી ઉન્નતિ થશે. એવા શુભ આશયથી આપને સપ્રેમ ભેટ.

આપનો સ્નેહી

....

તારીખ ....



આ પ્રસાદીભૂત મૂર્તિ શ્રીહરિની ઉપસ્થિતિમાં
સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ બનાવી છે.




ભક્તરાજ શ્રીદાદાખાચરને કથા સંભળાવતા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી



શ્રીહરિચરિત્રામૃતસાગરાદિક ગ્રંથના રચયિતા
મુક્તરાજ સદ્.શ્રીઆધારાનંદસ્વામી



‘શ્રીહરિચરિત્રામૃતસાગર’
ગ્રંથના
અનુવાદક
પ.પૂ.સદ્‌ગુરુ શાસ્ત્રી
શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
(ગાંધીનગર)



‘શ્રીહરિચરિત્રામૃતસાગર’
ગ્રંથપ્રકાશનકાર્યના
પ્રેરક એવં સંશોધક
પ.પૂ.સદ્‌ગુરુ
શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)

પ્રસ્તાવના

આજે લક્ષ્મી કરતાં સદ્‌લક્ષ્મીની અને બુદ્ધિ કરતાં સદ્‌બુદ્ધિની વધારે જરૂર છે. સંપત્તિથી પણ સન્મતિ સહુને વધારે સુખ આપે છે. જેમ સૂર્યની હાજરીમાં અંધારું આવવું અશક્ય છે તેમ સાચી સમજણની હાજરીમાં પાપ કે દોષોરૂપી અંધારું આવવું અશક્ય છે. આવી સન્મતિ આપતા ઝળહળતા સૂર્ય સમાન ગ્રંથરાજ એટલે શ્રીહરિચરિત્રામૃતસાગર. આ ગ્રંથ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં અમૃત વચનો, લીલા-ચરિત્રો અને સાચી સમજણનો ઘૂઘવતો મહાસાગર છે. જે આ ગ્રંથમાં વર્ણવેલા જ્ઞાનરસનો લોભી થાય તેનું અજ્ઞાનમાત્ર જાય અને ચરિત્રરૂપી રસનો લોભી થાય તેના દુઃખમાત્ર જાય. બંનેને જીવનમાં અપનાવે તેનાં સાધનમાત્ર પૂરાં થાય અને આલોક તથા પરલોક બંને સૂધરી જાય.

મહામુક્ત સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ સરળ, સહજ અને લોકભોગ્ય હિન્દી ભાષામાં સહુને સમજી શકાય એવી રીતે પદ્યગ્રંથ લખ્યો છે. છતાં જે પંખીની પાંખમાં જેટલી તાકાત તેટલું તે આકાશને માપે, તોપણ આકાશ અમાપ રહે છે; તેમ જેની જેટલી મુમુક્ષુતા અને કુશાગ્રબુદ્ધિ હોય એટલો તે આ ગ્રંથનો પ્રભુકૃપાથી આસ્વાદ માણી શકે છે, પરંતુ પૂર્ણ પ્રભુકૃપા વિના સહુને માટે આ ગ્રંથ આકાશવત્ અમાપનો અમાપ રહે એવો અનુપમ છે.

ટૂંકમાં કહીએ તો **શ્રીહરિચરિત્રામૃતસાગર** એટલે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, કરુણા, પ્રેમ આદિ સદ્‌ગુણોનો ઘૂઘવતો મહાસાગર. આધ્યાત્મિક માર્ગમાં પગલે પગલે પ્રકાશ પાથરતો ઝળહળતો સૂર્ય.

જિજ્ઞાસુઓને જ્ઞાનરૂપી તૃષા બુઝાવતું ચેતનવંતુ પરબ.

રાષ્ટ્ર-રાષ્ટ્ર, રાજ્ય-રાજ્ય અને જન જનના દિલને આત્મીયતા અને સાચી સમજણથી જોડતો વિરાટ સેતુ.

ભવસાગરમાં ભટકતા લોકોને મોક્ષરૂપી દાન આપતું જીવંત સદાવ્રત.

કામ, ક્રોધ, લોભ, માનાદિક અંતઃશત્રુથી તપેલા જીવો માટે હૈયાને ઠારતું શાંતિનું સરોવર.

બસો વર્ષ પૂર્વની રાજકીય, ધાર્મિક, સામાજિક, આર્થિક અને માનવીની મનોદશાને વર્ણવતી મહાભારતથી પણ લાંબી અનુપમ સીરિયલ.

જેમ દૂધમાં તમામ વિટામિન સમાયેલાં છે અને તે પૌષ્ટિક ખોરાક છે, તેમ જ આ ગ્રંથમાં આપણી બુદ્ધિ, વિચાર અને ચેતનાને શક્તિમાન બનાવનાર અનેક વિટામિન સમાયેલાં છે. તથા જ્ઞાનની ગહેરાઈ અને હૃદયસ્પર્શી વાણી ખોરાકની જેમ જ જીવને બળિયો બનાવે છે.

આવા આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના ત્રીજા ભાગમાં પૂર ૬ થી ૮ નો સમાવેશ કરેલો છે. સર્વજીવસુખકર તથા સર્વજીવહિતકર આ ગ્રંથનું વિશેષ વાંચન, પઠન, શ્રવણ કરી આપણા જીવનને ધન્ય બનાવીએ. એ જ આશા સહ

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ



ગ્રંથસાર

શ્રીભક્તિધર્મના પુત્ર પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન પરમ કરુણાસાગર, ભક્તવત્સલ, અધમોદ્ધારક અને પતિતજનપાવન છે. શ્રીસિદ્ધાનંદમુનિ ઉર્ફે આધારાનંદસ્વામી વિરચિત શ્રીહરિચરિત્રામૃતસાગર નામે આ બૃહદ્ હિન્દી મહાકાવ્ય ગ્રંથ તે મહાપ્રભુનો જ ચરિત્રગ્રંથ છે. તે ગ્રંથના ચરિત્રનાયક શ્રીસહજાનંદસ્વામી-શ્રીહરિની અસીમ કૃપાથી તે આ મહાન્ ગ્રંથના પૂર ૬,૭ અને ૮ ના ૯૭૦૦ આસપાસ દોહા, સોરઠા અને ચોપાઈરૂપ પદ્યોનો કડીબદ્ધ ગુજરાતી અનુવાદ સંપૂર્ણ કરીને સત્સંગની સેવામાં સમર્પિત થઈ રહ્યો છે.

છઠ્ઠા પૂરમાં તરંગ ૧૦૨ છે. અને વિષય તો દિવ્યસત્સંગમાં વિરાજતા શ્રીહરિના વિચરણરૂપ છે. સારરૂપ સદાચારમય ધર્મ, પરમેશ્વરની અનન્ય નિષ્ઠાવાળી ભક્તિ, વિષયોમાંથી વૈરાગ્ય અને સાચી સમજણ - આ ચારનું નિરૂપણ તો હરેક લીલા-પ્રસંગમાં દેખાય છે. નિર્વ્યસનીપણું, શુદ્ધચારિત્ર્ય અને નિર્લોભ, નિર્માન, આદિ પાંચ વ્રતમાન નિયમોનું પ્રતિષ્ઠાપન, એ બધું અંતરની ઊર્મિઓથી થતું જણાય છે. આમ સ્વપક્ષસ્થાપનની સાથે પરમક્ષપતિક્ષેપરૂપ ચાર પ્રકારના કુસંગીઓનું નિરાકરણ પણ સુસંગત રીતે અને સુસભ્ય ભાષામાં દષ્ટાંત સિદ્ધાંતોના સુમેળ સાથે કરવામાં આવ્યું છે

શ્રીહરિ જ્યારે ગઢપુરથી નીકળ્યા છે ત્યારે મુખ્યપણે બે વર્ણીઓ, મુક્તાનંદસ્વામી વગેરે સંતો, ગરાસદાર કાઠી અને રાજપૂત દરબારો અને પાર્ષદોને સાથે લીધા છે. આ બધો સમુદાય તો લગભગ કાયમ સાથે હોય જ છે. શ્રીહરિ ગઢપુરથી નીકળી ભડલી, સુખપુર અને બોટાદ થઈને નાગડકા પધાર્યા છે. ત્યાંથી આગળ ઝાલાવાડમાં વિચર્યા છે. નાના મોટા અનેક ગામમાં રહેતા હરિભક્તોની સંભાળ લેવી, સત્સંગ દઢ કરાવવો અને દર્શન, સ્પર્શન, ભોજન અને સત્સંગ-શ્રવણ, પૂજન આદિથી સહુને સુખી કરે છે. ઝાલાવાડમાં લીંબડી, ભલગામડા, ઘાંઘરોટી, શિયાણી, તાવી, મેથાણ, ભદ્રેશી, ટીકર અને મૂળી થઈને શ્રીહરિ પાછા સાયલા આવ્યા છે. તેમાં શિયાણીમાં શિવરામ ભટ્ટ, તાવીમાં દરબાર અખાભાઈ, મેથાણમાં પૂંજાભાઈ અને અજા પટેલ વગેરે,

મૂળીમાં દરબાર રઘાભાઈ વગેરેનું અને અન્ય ગામોમાં સત્સંગનું અદ્‌ભુત નિરૂપણ થયું છે. શ્રીહરિની સ્નાનાદિ નિત્યક્રિયા, થાળ જમવો અને સહુને પીરસીને જમાડવા, સભામાં ધૂનકીર્તન અને કથાવાર્તા વગેરેને કરવાં, શ્રીહરિનું પૂજન, વસ્ત્રાલંકારથી ભવ્ય અને દિવ્ય દેખાતી નયનરમ્ય શ્રીહરિની મૂર્તિ, અત્યંત આહ્લાદજનક બધી સવારી, શ્રીહરિની પધરામણી, ઉતારો, રહેણાંકના ઘર, દુકાનો, રાજમાર્ગ, દરવાજા વગેરેનું શણગારવાની - શોભાડવાની સુશોભન પદ્ધતિ, આ બધાનું સ્વામીએ દૃષ્ટિગોચર પ્રત્યક્ષ અનુભવીને એવું વર્ણન કર્યું છે કે આપણને પણ તે સમય અને સ્થાનમાં લાવીને સાક્ષાત્ દર્શન કરાવી દે છે. ભોગાવો નદીનું દિવ્ય દેવીના રૂપમાં આગમન અને હીરાચંદ શેઠને કરાવેલી સમાધિ વગેરે મૂળીધામનું અદ્‌ભુત દિવ્યપણું દર્શાવે છે.

સાયલાથી હિંગોળગઢ - ભોંયરા જઈને શ્રીહરિએ નાજાભક્તની રક્ષા કરી. ત્યાંથી સરધાર અને ગોંડળ થઈને જેતપુર પધાર્યા. ત્યાં દશેરાનું શમીપૂજન, શસ્ત્રપૂજન વગેરે કર્યું અને રામદાસસ્વામીના મુખે આત્માનંદ સ્વામી અને સદ્‌ગુરુ રામાનંદસ્વામીની બધી પુરાણી વાતો સાંભળી. જેતપુરની લીલાઓ પછી સોરઠમાં વિચર્યા. માંગરોળમાં અન્નકૂટ કર્યો. જૂનાગઢમાં પધાર્યા. નાગરોનો સત્સંગ અને દિવ્ય લીલાઓ કરીને સંતોનાં મંડળ કર્યાં. ગાલોલના માવાભક્તની નિષ્કિંચન ભક્તિનું વર્ણન કર્યું. પછી શ્રીહરિ સરતાનપુર, દેવળિયા, ઘુઘરાળા, બાબરા, કરિયાણા, કીડી થઈને ગઢપુર પધાર્યા છે. શ્રીહરિની લીલાઓની ચરિત્રોની દૃષ્ટિએ છઠ્ઠું પૂર ઘણું પરમ કલ્યાણકારી છે.

સાતમાં પૂરમાં તરંગ ૬૨ છે. શ્રીહરિ ગઢપુરથી નીકળી હાલાર પ્રદેશમાં જઈને કચ્છમાં પધાર્યા છે. કચ્છમાં કાળાતળાવ, તેરા, માનકૂવા થઈને ભૂજ પધાર્યા છે. શ્રીહરિએ ગઢપુરમાં અને કાળાતળાવ વગેરેમાં મહિનાઓ સુધી પ્રાગજી દવેની પાસે ભાગવત પુરાણનાં ઘણાં જ પારાયણો સાંભળ્યાં છે. ભૂજમાં હીરજીભાઈનો સ્વભાવ, ઉત્સવ કરવાની રીત, અન્નકૂટનો ઉત્સવ વગેરે શ્રીહરિનાં ચરિત્રો ઘણાં જ મનન કરીને ધ્યાનમાં અભ્યાસ કર્યા જેવાં છે. શ્રીહરિ ભુજથી આધોઈ, ભચાઉ થઈને ધમડકા પધાર્યા છે. ત્યાંના દરબાર લાધાજીનો પરિવાર, તેનો સત્સંગ, સમજણ અને શ્રીહરિનાં સ્વરૂપમાં નિષ્ઠા તે ઘણા જ

અનુકરણીય અને ચિરસ્મરણીય છે. ત્યાં પ્રબોધિનીનો ઉત્સવ કર્યો. શ્રીહરિનું આ વખતનું વિચરણ કચ્છના સત્સંગની ઉત્તમતાને અને વિશેષતાભરી યથાર્થતાને વિચારવાનો સંકેત આપે છે. વચ્ચે થોડા તરંગોમાં ઝાલાવાડના વેરાગીઓએ કરેલો ઉપદ્રવ ઘણું બધું કહી જાય છે, નાનાં રજવાડાંઓ, સાધારણ જનતા, કહેવાતા ધર્મગુરુઓ, મોટા રાજ્યના સેનાપતિઓ અને આપણા સત્સંગનું ઘણું બધું ઉત્પીડન અને વ્યથાભરી સ્થિતિ, એ બધું આજે પણ આપણા મનને ઘણું ગમગીન કરી મૂકે છે. પાર્ષદ ડુંગરજીની એક નિષ્ઠા અને આનંદસ્વામીનું ઐકાંતિકતાભર્યું ચાતુર્ય તત્કાલીન સત્સંગના વિકાસમાં પાયારૂપ દેખાય છે.

તે પછી શ્રીહરિની સિદ્ધપુરની યાત્રાનું યથાર્થ વર્ણન સુંદર અને સંઘટિત રૂપમાં થયું દેખાય છે. ઝાલાવડના રામગ્રી ગામથી ડુમાણા, કડી, કુંડાળ, રાજપુર, માથાસૂળ, અને ઉંઝા થઈને શ્રીહરિ સિદ્ધપુર પહોંચ્યા છે. શ્રીહરિએ કરેલો તૈર્થિક વિધિ, તીર્થ પુરોહિતોનું ભોજન, પૂજન, દાન અને સ્નાનાદિ ક્રિયા વગેરે તેમની માનવલીલાઓને પ્રકટ દર્શાવે છે. સિદ્ધપુરની અદ્‌ભુત પ્રતાપપૂર્ણ તીર્થયાત્રા કરીને શ્રીહરિ ઉત્તર ગુજરાત(દંઢાવ્ય પ્રદેશ)ના અનેક નાનાં-મોટાં ગામોમાં સત્સંગીઓને સ્વસ્વરૂપનાં દર્શન-પૂજન વગેરેનું સુખ આપવા માટે વિચરણ કરે છે. તે વીસનગર, વડનગર, પ્રાંતીજ, ઉનાવા, મેઉ, લાંઘણજ, વિજાપુર, માણસા, પલિયજ, ખોરજ, કરજીસણ, ડાંગરવા, અડાલજ, મોટેરા અને શ્રીનગર સુધીના ક્રમથી શ્રીહરિનું દિવ્ય વિચરણ અહીં વર્ણવ્યું છે. આ વખતે શ્રીહરિએ સત્સંગમાં કરેલા દિવ્ય વિચરણમાં બધા ભક્તોનો નિર્મળ નિશ્છળ ભક્તિભાવ અને મુમુક્ષુતાનું દર્શન ઘણું મર્મસ્પર્શી જણાય છે.

આઠમાં પૂરમાં તરંગ ૭૭ છે. શ્રીહરિ શ્રીનગરથી ગામડી પધારે છે. ત્યાંથી જેતલપુર પધાર્યા છે. જેતલપુરના ભક્તોના ભાવથી ત્યાં હોળીનો ઉત્સવ કર્યો છે. અને અનેક મહત્ત્વપૂર્ણ લીલાઓ કરીને સત્સંગીઓને સુખ આપ્યું છે. દેવ સરોવરમાં સ્નાન, ખડેપગે રહીને ધૂન કરવી, રંગ-ગુલાલથી રમવું વગેરેનું વર્ણન અત્યંત ચિત્તાકર્ષકરૂપમાં કર્યું છે. ત્યાંથી વહેલાલ અને કણભા પણ ગયા છે. શ્રીનગરની આસપાસનો દિવ્ય સત્સંગ આઠમાં પૂરમાં સુંદરરૂપમાં વર્ણવ્યો છે. શ્રીહરિનાં લીલાચરિત્રો પણ ઘણાં જ ભાવપૂર્ણ દર્શાવાયાં છે. સત્સંગમાં જેતલપુરની પ્રાચીનતા, શ્રેષ્ઠતા અને ભક્તોની નિષ્ઠા અદ્વિતીય રૂપમાં લખાયેલી છે.

પછી શ્રીહરિ ડભાણ, નડિયાદ, ટુંડેલ, પીજ, કેરિયાવી, ઉત્તરસંડા અને નરસંડા થઈને વડતાલ પધાર્યા છે. વડતાલની રમણીયતા, પટેલો અને પરમારો વગેરે આખા ગામની ભક્તિભાવના અને શ્રીહરિનો વડતાલ ઉપર પ્રેમ ઘણો જ અદ્ભુત અને અનેરો દેખાઈ આવે છે. શ્રીહરિએ વડતાલમાં રામનવમીનો સમૈયો કર્યો છે. એક એક હરિભક્તનાં નામ સાથે સેવા, ભક્તિભાવના અને તેમનું સત્સંગમય જીવન, જોબનભક્તની અનન્યતા અને એકાંતિકતાવાળી સ્વરૂપનિષ્ઠા સત્સંગમાં સર્વોપરિ દેખાય છે. આઠમાં પૂરના છેલ્લા ૩૧-એકત્રીશ તરંગો તો તે અદ્ભુત અને દિવ્ય સમૈયાના વર્ણનમાં જ રહ્યા છે. આ ત્રણે પૂરનો સંક્ષેપ છે. તેના વિસ્તારરૂપ ગ્રંથ તો આપના હાથમાં જ છે એટલે વધારે લખ્યું નથી.

આ ગ્રંથ લખાયા પછી સંભવ છે કે ખુદ લેખક સિદ્ધાનંદસ્વામી પણ ફરીવાર આનું વાંચન કે શોધન કરી શક્યા નહિ હોય. શોધવાની જરૂર પણ જણાય છે. તરંગો અને પદ્યો એક બાબતમાં પણ તે સ્પષ્ટ દેખાય છે. સિદ્ધાનંદસ્વામીની શ્રીહરિચરિત્રોમાં જે અદ્ભુત નિષ્ઠા છે, તે પ્રતિપદ દેખાય છે. શ્રીહરિનાં ચરિત્રોને સ્વામી **'मद्रूपमिति मद्वाणी'** આ વાક્યની જેમ જ શ્રીહરિનું સ્વરૂપ માને છે.

છેલ્લા પાંચેક મહિનાથી સતત વાંચન, લેખન અને શોધન કરીને શ્રીહરિચરિત્રામૃતસાગરનો આ ત્રીજો ગ્રંથ-ભાગ તૈયાર કર્યો છે. ઈષ્ટદેવ શ્રીસહજાનંદસ્વામીની અપાર કરુણાથી અને મારા પૂજ્યપાદ પ્રાતઃ સ્મરણીય ગુરુજનો, વડીલો અને સંપૂર્ણ સત્સંગીઓના શુભ આશીર્વાદથી પ્રસ્તુત કાર્ય આગળ આગળ વધી રહ્યું છે. શ્રીહરિના આશ્રિત ત્યાગી-ગૃહી સહુની આ ગ્રંથ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિભાવના કે લાગણી છે તે સ્પષ્ટ દેખાઈ આવે છે. માટે આપ સહુ પ્રસન્નમનથી એવા આશીર્વાદ આપો કે આ ગ્રંથનું કાર્ય નિર્વિઘ્નતાથી પૂર્ણ થાય અને આપ સહુની ભાવના વહેલાસર સંતોષાય. અંતમાં ક્યાંક અનુવાદમાં કોઈ ઉણપ રહી ગઈ હોય તો ઉદાર દિલના આપ સહુ ત્યાગી-ગૃહી શ્રીહરિના સમાશ્રિતો મને ક્ષમા આપશો.

અનુવાદક

શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસના

અતિ ભાવથી સહુને જય સ્વામિનારાયણ

INDEX


અનુક્રમણિકા

પૂર-૬

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪
૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨
૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦
૮૧	૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮
૮૯	૯૦	૯૧	૯૨	૯૩	૯૪	૯૫	૯૬
૯૭	૯૮	૯૯	૧૦૦	૧૦૧	૧૦૨		

પૂર-૭

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦



आज्ञा
उपासना
कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा
श्रीस्वामिनारायण मंदिर
कुंडलधाम

INDEX

અનુક્રમણિકા

પૂર-૬

પૂર-૭

પૂર-૮



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૬

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર છઠ્ઠું : તરંગ - ૧

શ્રીહરિએ ભડલીમાં દરબારો આગળ વિવેક-અવિવેકની વાત કહી

दोहा : श्री पुरुषोत्तम प्रगट प्रभु, अक्षरपति अविनाश;
वार वार वंदन करूँ, चरन उर धरी तास...०१
भक्तिधर्म घर प्रगट भये, करन चरित्र अपार;
चार धाम महीं विचरे, अनंत भुवन आधार...०२

જે સાક્ષાત્ મહાસમર્થ પુરુષોત્તમ નારાયણ, અક્ષરાધિપતિ અને અવિનાશી છે. તે શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરણકમળોનું હૃદયમાં ધ્યાન કરીને તેમને હું વારંવાર વંદન કરું છું. ૧. અનંત બ્રહ્માંડોના આધાર જે શ્રીહરિ અપાર ચરિત્રો કરવા માટે ધર્મદેવ અને ભક્તિદેવીને ઘેર પ્રકટ થયા અને તેમણે ચારે ધામમાં વિચરણ કર્યું. ૨.

શ્રીહરિએ જ્યાં જ્યાં વિચરણ કર્યું ત્યાં ત્યાં જેણે તેમનાં દર્શન કર્યાં અને પ્રેમભાવથી પૂજા કરી તેઓ આ સંસારને તરી ગયા. ૩. શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનું છઠ્ઠું પૂર હવે હું કહું-લખું છું. તેમાં લખેલા

રસરૂપ-આનંદમય શ્રીહરિચરિત્રોને જે ભક્તજન કાનથી સાંભળશે તેને અનુપમ અને દિવ્ય-ભાગવતીતનુ પ્રાપ્ત થશે અર્થાત્ અક્ષરધામની પ્રાપ્તિ થાશે. ૪. શ્રીહરિએ સર્વે લોકોને પ્રેમ થાય તે પ્રકારે જે જે ચરિત્રો કર્યા છે, તે બધા જ ચરિત્રો સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદસ્વામી અતિશે પ્રેમથી કહે છે. ૫. જેનાં હૃદયમાં શ્રીહરિનાં ચરિત્ર સાંભળવામાં પ્રેમ ન હોય તેને માટે સ્વામી આ ચરિત્રગ્રંથ શા માટે કહે-લખે ? કારણ કે તે સંસારી મનુષ્ય તો દેહનાં સુખ માટે જ રાત-દિવસ પ્રયત્ન કરતો હોય છે. ૬.

❋ હરિચરિત્ર મહિમા :

શ્રીહરિ ચરિત્રોના જેવો બીજો કોઈ રસ નથી. તે ચરિત્રરસને જે પીવે તે જ તેને જાણી શકે છે. હરિચરિત્રરસ સિવાયના બીજા જે શૃંગારાદિ રસ છે તે તો આ રસની આગળ અત્યંત ફિક્કા પડી જાય છે. ૭. હરિચરિત્રરસ સિવાયના અન્ય રસોમાં જેને પ્રેમ હોય છે તેને ભગવાનનું ધામ મળતું નથી. બીજા રસ ભોગવવામાં તો અનંત જન્મ વિતાવ્યાં છતાં તેનો આજ સુધી અંત આવ્યો નથી. ૮. રાતદિવસ આવો જ વિચાર કરવામાં આવે, તો તે વિચાર કરનારો જીવ માયિક પંચવિષયના રસથી પોતાનાં સ્વરૂપને કાંઈ જુદું જ અનુભવે છે અને જ્યાં સુધી જીવાત્મા સ્વસ્વરૂપને માયિક ભોગ્ય પદાર્થોથી અલગ નથી અનુભવતો ત્યાં સુધી તે શ્રીહરિ ચરિત્રરસમાં ચોંટી શકતો નથી. ૯.

चोपाई :

परम विचारकुं पावे जबही, हरिचरित्र में चोटे तबही;
हरिचरित्र में चोटे जाही, भव को पार आये ताही...१०
एक वेर सुने यह ग्रंथ हि जेहा, चित्त दईके प्रेम सुँ तेहा;
ताकी असूया करे न कबहु, सराहे जन जन प्रति सबहु...११
सो पाव हि सब अक्षरधामा, भगवान शुद्ध करहि घनश्यामा;
यह ग्रंथ जो सुनत हि वारा, शुद्ध होई जाव हि अपारा...१२

જીવ જ્યારે સર્વશ્રેષ્ઠ વિચારને પામે છે ત્યારે તેનું મન હરિચરિત્રરસમાં ચોંટે છે અને જ્યારે હરિચરિત્રમાં મન ચોંટે ત્યારે જ તેને સંસારનો પાર

આવે છે. ૧૦. કોઈપણ મનુષ્ય એકાગ્ર ચિત્ત કરીને પ્રેમથી એક જ વાર આ ગ્રંથને જો સાંભળે. ગ્રંથમાં ક્યારેય અસૂયા (ગુણ ગ્રહણ કર્યા સિવાય માત્ર દોષોને જ જોવા તે અસૂયા છે.) કરે નહિ. અને સહુ લોકો આગળ પ્રેમથી આ ગ્રંથના ગુણ ગાય તે સર્વે મનુષ્યને ભગવાન ઘનશ્યામ મહારાજ શુદ્ધ કરીને અક્ષરધામમાં નિવાસ આપે છે. આ ગ્રંથને સાંભળતાની સાથે જ તે શ્રોતા અત્યંત શુદ્ધ થઈ જાય છે. ૧૧-૧૨. જીવને શુદ્ધ કરવા માટે જ મેં આ ગ્રંથ પ્રેમથી કર્યો છે. મેં આ ગ્રંથમાં જે વાત કહી છે તેને ચોક્કસરૂપમાં યાદ રાખવી. ૧૩. તે યાદ રાખનાર સહેજે જ સંસારરૂપી સાગરને તરી જાશે. તેને ક્યારેય જમનો માર ખાવો નહિ પડે. માટે જેને પોતાના જીવાત્માનો મોક્ષ કરવો હોય તેણે આ ગ્રંથની કથા અવશ્ય સાંભળવી. ૧૪.

હરિભક્તોને આનંદમાં ગુલતાન કરીને શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા. હરિભક્તોને દર્શન આપવા માટે **કરિયાણા** ગામ પધાર્યા. ૧૫. શ્રીહરિ ત્યાં બે દિવસ રહ્યા. પછી **ભડલી** ગામે આવ્યા. ત્યાંના સોમલા (ભડલીના - મીણબાના દેર) અને રાણા ચાવડા નામે ભક્તો ઘણે દૂર સુધી સન્મુખ આવ્યા. ૧૬. તેમને શ્રીહરિ ઉપર ઘણો ભક્તિભાવ હતો. તેઓ આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. મનમાં અતિ ઉત્સાહ વધ્યો અને શ્રીહરિને પોતાને ઘેર લઈ ગયા. ૧૭. શ્રીહરિ ત્યાં એક રાત રોકાયા. દરબારોએ રસોઈ કરાવડાવી અને વર્ણીએ ભાત બનાવ્યા. શ્રીહરિ દૂધ અને સાકર સાથે ભાત જમ્યા. ૧૮. જમી રહ્યા પછી સોમલા ભક્તને પ્રસાદી આપી. તે પછી જે ભક્તો સાથે હતા તે સહુને પણ જમાડ્યા. ૧૯. જ્યારે સહુ જમી રહ્યા ત્યારે શ્રીહરિએ સભા કરી. ગામના બધા ભાવિક લોકો આવીને સભામાં બેઠા. ૨૦. ચોકમાં નવરંગ પલંગ બિછાવ્યો હતો તેના ઉપર શ્રીહરિ બેઠા. બધા જ વસ્ત્ર સોનેરી પહેર્યાં હતાં. સોનાના અપાર ઘરેણાં પણ પહેર્યાં હતાં. ૨૧.

તે વખતે ત્યાં ગામધણી દરબાર ભાણ ખાચર આવ્યા. આવીને દર્શન કર્યાં અને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૨૨. તેમને શ્રીહરિએ પ્રેમથી બોલાવ્યા અને અત્યંત માન આપ્યું. તે સમયે ત્યાં કરિયાણાના દરબારો જેટલા હતા તે બધા સાથે આવેલા હતા. ૨૩.

તેમાં સહુથી મોટેરા ઓઘડ ખાચર (મીણબાના પતિ) હતા. ગુંદાળા ગામના દરબાર મૂળુ ખાચર નામે હતા. ૨૪. ખંભાળા ગામના દરબાર મોકાખાચર વગેરે હતા. ઇતરિયા ગામના પણ જે દરબારો હતા તે બધા શ્રીહરિની પાસે આવ્યા હતા. ૨૫. તે સમગ્ર દરબારો શ્રીહરિના દાસ થઈને તેમની પાસે બેઠા હતા. ત્યાં શ્રીહરિની સાથે આવેલા મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી બેઠા હતા. ૨૬. પછી શ્રીહરિએ ભગવાનનાં કીર્તન ગાવા માટે તે સંતોને આજ્ઞા કરી. 'હે સુજ્ઞ સંતો ! દોકડ અને સરોદ લઈ, તે વગાડીને કીર્તન ગાઓ.' ૨૭. તે સમયે જ સંતો કીર્તન ગાવા તૈયાર થયા અને અપાર પ્રેમથી સુંદર વાજિંત્રો વગાડીને કીર્તન ગાયાં. ૨૮.

બધા દરબારોએ કીર્તન સાંભળ્યાં. મનમાં ખૂબ જ રાજી થયા. 'જ્યાં પ્રત્યક્ષ ભગવાન વિરાજમાન હોય ત્યાં જ આવા કીર્તન ગવાય.' ૨૯. આવું સહુ દરબારો બોલ્યા. ત્યારે તેમનો અતિશય ભાવ દેખીને શ્રીહરિ આ સંસારમાં સાર શું છે ? અને અસાર શું છે ? તેના વિવેકની વાત કરવા લાગ્યા. ૩૦. વિવેક અને અવિવેક આ બંનેની વાત તો બધા શાસ્ત્રોમાં લખી છે તો હવે તમને સહુને હું પૂછું છું કે કેવા મનુષ્યને વિવેકી કહેવાય ? અને કેવાને અવિવેકી કહેવાય ? ૩૧. મારા આ પ્રશ્નનો ઉત્તર તમે સહુ કરો. અહીં બેઠેલા તમે સહુ બુદ્ધિમાન છો. બુદ્ધિશાળીની બુદ્ધિ કેવી છે ? તે તરત જ દેખાશે. ૩૨.

ત્યારે તે સહુ દરબારો બોલ્યા કે, "અમે કોઈ ગ્રંથને ભણ્યા કે વાંચ્યા-સાંભળ્યા નથી. આપ તે બધા ગ્રંથોને ભણ્યા છો અને અમે સહુ આપનાં મુખની વાત સાંભળવા ચાહીએ છીએ. ૩૩. દેશે દેશમાં એકસરખી બુદ્ધિ નથી હોતી. દરેક જાતિમાં બુદ્ધિ પણ અનેક પ્રકારની હોય છે. શાસ્ત્રમાં જે કહ્યું હોય તે જ ખરું છે. માણસે કહેલી વાતનું કોઈ પ્રમાણપણું નથી." ૩૪. ત્યારે શ્રીહરિએ વિચારીને તે સહુ દરબારોને કહ્યું, "જે જાતિની વસ્તુ હોય અને જેમાં જેટલું દૈવત હોય, તે જાતિની વસ્તુનું યોગ્ય મૂલ્ય આંકવું જોઈએ. ૩૫. કોઈ ઠામ કે વસ્તુ એક પૈસાની હોય, તેના મૂલ્યમાં સોનામહોર ન અપાય તે વિવેક કહેવાય અને એક પૈસાની વસ્તુનું મૂલ્ય સોનામહોર આપી દે તો તે અવિવેક જાણવો. ૩૬.

※ મનુષ્યદેહની દુર્લભતા :

તે રીતે જ આપણને આ અમૂલ્ય મનુષ્યદેહ મળ્યો છે. તેમાં રહીને વિષયનાં મોહમાં ભૂલા પડવું જોઈએ નહિ. જે જીવ દિવસે ભૂલો પડે તો તે રાત્રિએ પોતાના ઘરને નો જ પામે. એ જ રીતે જે દિવસ જેવા માનવતન પામીને પણ ભૂલો પડે તો તે અન્ય યોનિરૂપ રાત્રિમાં તો આત્મ કે પરમાત્મસ્વરૂપ ઘરમાં ક્યાંથી પહોંચે ? ૩૭.

दोहा : अनंत देह के पाप को, जीय के शिर हे भार;
तेहि भार उतारने, मनुष्य तन मिले सार...३९

મનુષ્યનું શરીર દિવસરૂપ છે. તે જો વ્યર્થ છૂટી ગયું, કહેતા જો મનુષ્ય દેહથી મોક્ષરૂપી લાભ ન લીધો તો સંસારરૂપી કૂવામાં પડવાનું અનિવાર્ય છે. તે પછી મોક્ષનો બીજો કોઈ ઉપાય જ નથી. માટે સજ્જને પોતાનાં હૃદયમાં વિચારવું જોઈએ. ૩૮. અનંત દેહોથી કરેલા પાપોનો ઘણો જ ભાર જીવને માથે રહ્યો છે. તે ભારને ઉતારવા માટે સારરૂપ આ મનુષ્યશરીર મળ્યું છે. ૩૯. હવે તે શરીરથી પાપ છૂટવાને બદલે નવા પાપ કરવામાં આવે તો તેનાથી છૂટવાનો બીજો કોઈ ઉપાય જ રહેતો નથી. જેમાં વિવેક હોય તેને તે સમજાય, જેને મોક્ષનો ખપ ન હોય તે શું કરે ? તે કાંઈ કરે નહિ. ૪૦. અંધ માણસ કૂવાને દેખતો નથી. જે દેખતો હોય તે તેનાથી બચી જાય છે. ઘણા મોટા મોટા રાજાઓ એવા થઈ ગયા છે કે જેને સંત મળ્યા તેથી તે સંસારને તરી ગયા હતા.” ૪૧. શ્રીહરિનાં મુખથી આવી વાત સાંભળીને કેટલાક દરબારોએ વ્રતમાન-નિયમ ધારણ કર્યા. પરસ્ત્રીને માતાના જેવી મનથી ગણી અને દારૂ, માંસ તથા ચોરીને કાયમને માટે તજી દીધાં. ૪૨.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં ‘શ્રીહરિએ ભડલી ગામમાં દરબારો આગળ વિવેક-અવિવેકની વાત કહી’ એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર છઠ્ઠું : તરંગ - ૨

ભડલી ગામમાં શ્રીહરિએ ઉદ્ધવ સંપ્રદાયની પુષ્ટિ કરી

ભડલીમાં શ્રીહરિ સભામાં વાતો કહેતા હતા ત્યારે અરધી રાત થઈ, એટલે સભાને ઉઠવાની શીખ આપી અને સ્વયં શ્રીહરિ પોઢી ગયા. ૧. ગામધણી દરબાર ભાણ ખાચરે ઘેર જઈને એક વૈરાગીને પ્રશ્નોત્તરરૂપ ચર્ચા કરવા માટે તૈયાર કર્યો અને પછી સવારે ભાણ ખાચર શ્રીહરિને બોલાવવા માટે આવ્યા. ૨.શ્રીહરિ સવારમાં સ્નાનાદિ નિત્યક્રિયા કરીને તૈયાર થયા તેટલીવારમાં ભાણ ખાચર શ્રીહરિને બોલાવવા માટે ત્યાં આવ્યા. એટલે શ્રીહરિ ભાણ ખાચરને ઘેર ગયા. ૩. ભક્ત સોમલા ખાચર અને રાણા ચાવડા એ બંને શ્રીહરિની સાથે આવ્યા. તેમણે શ્રીહરિને માટે આસનની વ્યવસ્થા કરી અને તેમને ગાદી ઉપર બેસાડ્યા. ૪.

શ્રીહરિએ તે વૈરાગીને કહ્યું, “અમે ચાલવાની તૈયારીમાં હતા છતાં તમે અમને બોલાવ્યા છે એટલે અમે અહીંયા આવ્યા છીએ. હવે તમારે જે પૂછવું હોય તે પૂછો.” ૫. ત્યારે તે વૈરાગી બોલ્યો, “મેં તમને બોલાવ્યા નથી. તો તમે શા માટે અહીંયા આવ્યા ? અમારો અને તમારો મત એક નથી. આવા તો અનેક પાખંડ ચાલતા હોય છે. ૬. અમે તો જ્યાં સુધી શરીરમાં પ્રાણ રહે ત્યાં સુધી આ પાખંડને ક્યારેય માનવાના નથી.” ત્યારે સોમલા ખાચર અને રાણા ચાવડાએ કહ્યું કે, ‘તમે સિદ્ધપુરુષ ભલે રહ્યા.’ ૭. પણ પેટને માટે ઘેર ઘેર ભટકો છો. સ્ત્રીઓની સાથે રખડો છો અને લાજ-શરમને ખોવો છો. ગધેડાંના જેવી વાણી બોલો છો, ગાંજો ફૂંકો છો અને મોટાસિદ્ધ હોય તેવા જ્ઞાનની વાતો કરો છો. ૮. દરબાર ભાણ ખાચરને રાણા ચાવડાએ હાથ જોડીને કહ્યું, “તમે આવા અઘોરી ગુરુને ભલો રાખ્યો છે !!! સંતોની રીતને તો લેશમાત્ર જાણતો નથી. ફક્ત પેટ ભરવા માટે જ વિરક્તનો વેષ લીધો છે. ૯. આના પગ ધોઈને તમે પાણી પીઓ છો માટે તમે ખરેખર સંતોની રીતને જાણતા નથી. જે આવા ગુરુની સેવા કરે છે તેના વંશનો નાશ થઈ જાય છે. ૧૦. આવાની સેવાથી જે લાભ તમને થાશે તે વાતની જાણ આગળ જાતા તમને થાશે. અત્યારે તમને તે કેમેય માન્યામાં નહિ આવે.

કારણ કે રાજાઓની રીત જ આવી હોય છે. ૧૧. તમે તેના શિષ્ય થયા છો માટે આગળ તેનું ફળ મળશે જ. કારણ કે જે સ્વયં ગધેડા જેવો છે તે ગાય જેવા શુદ્ધ સ્વામિનારાયણ પ્રભુને પાખંડી કહે છે. માટે જેની શુદ્ધબુદ્ધિ હોય તે તો આવાને કાઢી મૂકે.” ૧૨.

પછી શ્રીહરિએ દરબાર ભાણ ખાચરને કહ્યું, “આ કોઈ ચર્ચાની રીત નથી. તમારા ગુરુ હોય તોપણ તેણે આ કુત્સિત શબ્દ બોલવા જોઈએ નહિ. ૧૩. તમે અમને અહીંયાં ધર્મ અને શાસ્ત્રની ચર્ચા કરવા માટે બોલાવ્યા, તેથી અમે તુરંત તમારી લાજ રાખવા આવ્યા. ૧૪. તમે અમને બોલાવવા આવ્યા. કદાચ અમે ન આવીએ તો તમે અમને શું કરત ? તમારા બોલાવવાથી અમે આવ્યા. પણ આ વેરાગીએ તો તમારી પણ શરમ રાખી નહિ. ૧૫. તમે તેને પાખંડની રીત પૂછો કે તમે પાખંડ કોને કહો છો ? તમારી સાથે તેને હેત છે. તમે રોજ તેને અફીણ અને ગાંજો આપો છો.” ૧૬.

ત્યારે ભાણ ખાચરે તે વેરાગીને પૂછ્યું, “પાખંડની રીત શું છે ? તમે પાખંડ રહિત છો માટે મને પાખંડની રીત કહો. પાછળથી કહો તેમાં કોઈનું હિત થાય નહિ. ૧૭. સ્વામિનારાયણ તો સૂર્યના સમાન છે. મોટા મોટા રાજાઓ પણ તેનું સન્માન કરે છે. વગર વિચારે તમે શું જોઈને મુખથી વાણી બોલ્યા ? ૧૮. હું પૂછું છું તોપણ જવાબ દેતા નથી. તમે મુખથી બોલ્યા તે શું સમજીને બોલ્યા ? હવે મારે તે વિચારવાનું છે કે તમારા બેમાં પાખંડી કોણ ? મુખથી પાખંડ તો તમે જ કર્યો છે. ૧૯. સ્વામિનારાયણમાં તો એક પણ દોષ નથી. જે તેમાં દોષ કહે તે વિવેક વિનાનો છે.”

તે વખતે શ્રીહરિએ તેને જીવાત્મા બાબતનો એક જ પ્રશ્ન પૂછ્યો, “આપણાં શરીરમાં જે જીવ રહ્યો છે તેનું સ્વરૂપ કેવું છે ? તે કહો. ૨૦. ખરેખર તો આ એક સાચા યોગીની વાત છે. યોગી સિવાય બીજો કોઈ આ વાતને સમજી શકે નહિ. જીવ જ્યારે નેત્ર ઇન્દ્રિયમાં આવીને રહે, ત્યારે તે નેત્ર દ્વારા યોગ્ય અને અયોગ્ય રૂપને જૂએ છે. ૨૧. જ્યારે જીવ શ્રોત્ર ઇન્દ્રિયમાં આવીને રહે ત્યારે તે કાન દ્વારા અનેક શબ્દોને સાંભળે છે અને ઘ્રાણ ઇન્દ્રિયમાં આવીને રહે ત્યારે તે નાસિકા દ્વારા અનેક પ્રકારના

ગંધને સૂંઘે છે. ૨૨. જીવ જે વખતે જીભમાં આવીને રહે છે, ત્યારે તે જીભ દ્વારા અનેક રસના સ્વાદને માણે છે. આ રીતે જીવાત્મા પાંચ ભૂત, દસ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણમાં નખથી શિખા પર્યંત વ્યાપીને રહ્યો છે. ૨૩. જ્યારે શરીરમાંથી જીવ નીકળી જાય છે ત્યારે બધી ઈન્દ્રિયો ઊજડ-શૂન્ય થઈ જાય છે. એવા પ્રકારનો જીવ છે. માટે ઈન્દ્રિયો અને અંતઃકરણ દ્વારા વિષયોને ભોગવનારા જીવનું સ્વરૂપ કેવું છે ? આ પ્રશ્નનો ઉત્તર કરો." ૨૪.

શ્રીહરિના પ્રશ્નનો ઉત્તર વેરાગી આપી શક્યો નહિ. તેથી સભા વચ્ચે તેની લાજ ગઈ. તે નિર્લજ્જ વેરાગીનો દરબારે તિરસ્કાર કર્યો. ૨૫. આ વેરાગીએ તો બધા જ ભેખધારીઓની આબરૂ ખોઈ. તે ભેખ લઈને સ્વયં બધા ફેલ કરતો હતો. અરે ! કેટલાક વૈરાગીઓ તો કૂતરાં, ગધેડાં અને બળદની જેમ નગ્ન થઈને ફરતા હોય છે. ૨૬. જ્યારે દરબાર ભાણ ખાચરે આ તિરસ્કારના શબ્દ તેને કહ્યા ત્યારે શ્રીહરિએ તેને વાર્યા.

ધર્મના નિયમોને છોડી દીધા હોવાથી બધા ભેખધારીઓ બુદ્ધિહીન થઈ ગયા. ૨૭. પેટ ભરવા માટે બહુ બાવાઓ રખડે છે. પરંતુ જે શાસ્ત્રે કહેલા નિયમોમાં વર્તે છે તે જ સાચા સંત તરીકે રહે છે. અને એવા સાધુ સંતોની સમાજમાં ઘણી મોટી આબરૂ હોય છે. બાકીનાની આબરૂ રહેતી નથી. ૨૮. 'કદાચ કોઈ ચોર, શાહુકારનો વેષ લઈને છાની રીતે પાપમાર્ગે કરીને ઘણું ધન કમાય તેથી તે ચોર કાંઈ ખરેખર શાહુકાર થઈ જતો નથી.' આ બાબતને બુદ્ધિમાન મનુષ્યે તપાસવી જોઈએ. ૨૯. અહીં નિયમ-ધર્મવાળા ભેખધારીને શાહુકાર માનવો અને નિયમ વિનાના ભેખધારીને ચોર સમજવો. આવો વિવેક જેને હોય તેને જ સાચો મનુષ્ય કહેવાય છે. ૩૦. (શાસ્ત્રમાં દેહની સ્મૃતિ હોય ત્યાં સુધી સહુએ ધર્મ-નિયમનો ત્યાગ કરવો નહિ, એમ લખ્યું છે.) જેને પોતાના દેહની સ્મૃતિ ન રહે ત્યારે ધર્મ-નિયમ શાસ્ત્રએ તેને પાળવાના કહ્યા નથી. એને કોઈ વિધિ-નિષેધ લાગુ પડતા નથી. એવી રીતે સર્વે શાસ્ત્રમાં કહ્યું છે. ૩૧. માણસને જ્યાં સુધી ભૂખ અને તરસ લાગતી હોય ત્યાં સુધી તેણે વિધિ-નિષેધરૂપ ધર્મના નિયમોને પાળવાના હોય છે. જમીન ઉપર રહેનારો કદાચ આકાશમાં ઊડનારાનું અનુકરણ (દેશી) કરે તો સહુને તેની

ખબર પડી જાય છે. ૩૨. મનુષ્યને જો ખરેખર જ્ઞાનરૂપ પાંખ પ્રાપ્ત થઈ હોય તો તે પાંખ તેને વિષયરૂપ વિઘ્નોથી બચાવી લે છે. જેને તે જ્ઞાનરૂપ સાચી પાંખ પ્રાપ્ત થઈ ન હોય તે તો વારંવાર પંચવિષયરૂપી કૂવામાં ડૂબી જાય છે. ૩૩.

જ્ઞાનચક્ષુ વિનાનો મનુષ્ય તો અંધ કહેવાય છે. તે અંધ, વિષયના જાળામાં ફસાઈ જાય છે. જ્યારે તેને જ્ઞાની એવા ગુરુનો સંગ થાય છે ત્યારે તેને તે જ્ઞાની ગુરુ વિષયરૂપી મોહનાં જાળામાંથી છોડાવે છે." ૩૪. શ્રીહરિએ આટલી વાત કરી ત્યારે તે વેરાગી તો મડદા જેવો થઈ ગયો હતો. આસપાસના બધા ગામોના જે દરબારો આવ્યા હતા તેમણે સહુએ શ્રીહરિની પૂજા કરી. ૩૫. વેરાગીની આબરૂ ગઈ, એમ માનીને બધા સત્સંગી દરબારોએ જય જયકારનો ધ્વનિ કર્યો. તે ગામના દરબાર ભાણ ખાચર તો સંકોચાઈ ગયા. અન્ય દરબારો આગળ કાંઈ બોલી શક્યા નહિ. ૩૬.

તેમના સંકલ્પો તો કાંઈ જુદા જ હતા. તે બાબતે તો કાંઈ થયું જ નહિ. ઊલટાના તેઓ પોતે જ ઝાંખા પડી ગયા. છેવટે શાણપણ દેખાડવા શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૩૭. પછી શ્રીહરિએ ભાણખાચરને કહ્યું કે, "કોઈ ધર્મ સંબંધી ચર્ચા કરવાની મનમાં ઇચ્છા થાય તો મને ફરીને બોલાવજો. કાંઈ ચિંતા રાખતા નહિ." ૩૮. ત્યારે ભાણ ખાચરે કહ્યું, "આપને કોઈ જીતી શકે નહિ. આપનું સામર્થ્ય તો કાંઈ ઓર છે. જે ઘાયલ થયો હોય, જેને અનુભવ થયો હોય તે જ આપના સામર્થ્યને જાણી શકે છે. ૩૯. માખી ગરુડનો વાદ લે અને ગધેડો હાથીની સાથે હરીફાઈ કરે, તો તેનું શું ઠેકાણું રહે ? ક્યાં સૂર્ય અને ક્યાં પતંગિયું ? ૪૦. આપ તો સૂર્યના સમાન છો અને બીજા મતપંથ તો પતંગિયા-આગિયા જીવડાં જેવા છે. તે રાજાઓના પણ રાજા એવા આપની સામે આવા વેરાગીનો ટાંગો ક્યાંથી ટકે ? ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ ઉદ્ધવ સંપ્રદાયની પુષ્ટિ કરી' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર છઠ્ઠું : તરંગ - ૩

સુખપુરમાં મુક્તમુનિએ પૂછતા શ્રીહરિએ લોભનું પ્રબળપણું કહ્યું

શ્રીહરિ ભડલી ગામથી ચાલ્યા. **સુખપુર** ગામ (તા. બાબરા, જિ. અમરેલી) આવ્યા. દરબાર રાવત ધાધલ નામે હરિભક્તને ખબર મળ્યા એટલે ઘણે દૂર સુધી સન્મુખ ગયા. ૧. આવીને તેઓ શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ગદ્ગદ કંઠ થઈ ગયા અને સવારીએ સહિત શ્રીહરિને પોતાને ઘેર લઈ ગયા. ૨. એમણે એક સુંદર પલંગ બિછાવી દીધો. તેના ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. સંતો અને દરબારો આવીને બેઠા. ત્યાં એક ઘણી અનુપમ સભા થઈ. ૩. રાવત ધાધલે તરત વર્ણી પાસે સાકરનો શીરો અને ઊજળી પૂરીની સરસ રસોઈ કરાવી. ૪.

જ્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે વર્ણી બોલાવવા આવ્યા. શ્રીહરિ તરત જ સભામાંથી ઊઠ્યા. હાથમાં એક સુંદર રૂમાલ લીધો હતો. ૫. ચરણોમાં સોનેરી ચાખડીઓ પહેરી હતી અને શરીર ઉપર બધાં વસ્ત્રો સોનેરી પહેર્યાં હતાં. જ્યાં રસોઈ બનાવી હતી તે સ્થાને આવ્યા અને ત્યાં ગરમ પાણીથી નાહ્યા. ૬. શરીર લૂછીને મનમોહક રમણીય એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢી લીધું. પછી સોનેરી બાજોઠ ઉપર બેઠા અને વર્ણીએ ભોજનનો થાળ પીરસીને આગળ ધરાવ્યો. ૭. સત્સંગના જીવનપ્રાણ શ્રીહરિ ભોજનનાં વખાણ કરતાં કરતાં જમવા લાગ્યા. દૂધ, ભાત અને સાકર લઈને પ્રેમભાવથી જમતા રહ્યા. ૮. જમી રહ્યા ત્યારે બંને હાથ ધોયા અને તે પછી મુખ ધોયું. હાથ લૂછીને મુખવાસ લીધો અને થાળની પ્રસાદી રાવત ધાધલને આપી. ૯. પછી સંતોને અને દરબારોને જમવા માટે બોલાવ્યા. સુખદાયક ઘનશ્યામ સ્વયં તેમને પીરસવા લાગ્યા. સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિએ તરત હાથ ધોયા. ૧૦.

કરુણારૂપી રસ ભર્યા શ્રીહરિ જઈને પલંગ ઉપર બેઠા. પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, “સત્સંગ અડગ કેમ રહે ? ૧૧. ક્યારેક દેશકાળ વિષમ આવી પડે. ત્યારે સત્સંગનો જોગ પણ રહે નહિ. કોઈ એવા દેશકાળ

થઈ જાય કે તેમાં સત્સંગની સાથે વૈર બંધાઈ જાય. ૧૨. વિપરીત દેશકાળમાં લોભ બળવાન થઈ જાય છે. લોભને લીધે શત્રુતા થઈ જાય અને તેને લીધે બુદ્ધિ ફરી જાય છે. ૧૩. લોભની રીત વિપરીત છે. તેથી પુત્ર પિતાનું માથું કાપી નાખે છે અને પિતા પુત્રનું માથું વાઢી નાખે છે. તેવી સ્થિતિમાં -પ્રેમ રહે જ ક્યાંથી ?" ૧૪.

મુક્તાનંદસ્વામીનો પ્રશ્ન સાંભળીને શ્રીહરિએ તે વખતે સત્સંગ બાબતનો મનમાં વિચાર કર્યો. શ્રીરામચંદ્રના અવતારથી લઈને શ્રીકૃષ્ણના અવતાર સુધી જોઈને મનમાં એક નિર્ધાર કર્યો. ૧૫. આ જગતમાં સીતાજીના જેવા કોઈ અન્ય સત્સંગી નહિ. તેમને શ્રીરામમાં અખંડ પ્રેમ હતો. તેવી રીતે શ્રીરામને પણ સીતામાં અનન્ય પ્રેમ હતો. ૧૬. શ્રીરામચંદ્રજીના પિતા મહારાજ દશરથ અત્યંત સમર્થ અને બુદ્ધિશાળી હતા. રાજનીતિમાં પણ તેમની બુદ્ધિ કુશાગ્ર હતી. તેમના પુત્ર સ્વયં ભગવાન થયા. ૧૭. દશરથ રાજાને પુત્રો ઉપર અપાર હેત હતું. રાજગાદી ઉપર કોને બેસાડવા ? તે અંગે વિચાર કર્યો. ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન એ ત્રણે કરતાં રામચંદ્ર મોટા હતા. ૧૮. મહારાજ દશરથને સાડા ત્રણ સો રાણીઓ હતી. તેમાં કૌશલ્યા, કૈકેયી અને સુમિત્રા એ ત્રણ પટરાણી અધિક હતી અને બધી રાણીઓમાં તેઓ અત્યંત પવિત્ર હતી. ૧૯. લક્ષ્મણ અને શત્રુઘ્ન એ બે સુમિત્રાના પુત્ર હતા. કૈકેયીના પુત્ર ભરતજી હતા અને કૌશલ્યાના પુત્ર રામચંદ્રજી હતા. ૨૦.

દશરથના જે પુત્રો હતા તે સહુને રામચંદ્રજીના ઉપર હેત હતું અને રાજાની જેટલી રાણીઓ હતી તે બધીને પણ શ્રીરામચંદ્રના ઉપર પ્રેમ હતો. ૨૧. અયોધ્યાપુરીની સમગ્ર પ્રજાને પણ રામચંદ્રજીના ઉપર ઘણો પ્રેમ હતો. શ્રીરામચંદ્રજીને રાજગાદી ઉપર બેસાડવામાં બધી પ્રજાને અત્યંત પ્રેમ હતો. ૨૨.એક જ દિવસ અગાઉ વિચાર કર્યો અને રામને રાજગાદીએ બેસાડવાનો નિરધાર કર્યો. તે અંગે રાણીમાત્ર એકમત હતી. કોઈના મનમાં ભેદભાવ ન હતો. ૨૩.

રાણીવાસમાં મંથરા નામે એક દાસી હતી. તે અત્યંત દુષ્ટ મનવાળી અને અવિવેકી હતી. તે એકાંતમાં જઈને કૈકેયીને મળી અને તેની સદ્બુદ્ધિ

ફેરવી નાખી. ૨૪. મંથરાએ ઘણું હેત દેખાડીને કૈકેયીને કહ્યું, "રામચંદ્ર જો રાજા બનશે તો તમારે ઘણું દુ:ખ સહન કરવું પડશે. ૨૫. રામચંદ્ર જો રાજગાદી ઉપર બેસશે તો તમારી સ્થિતિ દાસીના જેવી થાશે અને પછી જે દુ:ખ આવશે તેનો તો કોઈ પાર જ નહિ આવે. ૨૬. જે રાજગાદીએ બેસે છે તે કોઈના મિત્ર રહેતા નથી. અત્યારે જે હેત ઉપજાવે છે તે જ પછીથી અતિ દુ:ખને પેદા કરશે. ૨૭. મહારાજ દશરથે તમને બે વરદાન કહ્યાં છે. આજ ખરો અવસર આવ્યો છે, તો તે બંને વરદાન માગી લોને ! ૨૮. તેમાં પહેલું વરદાન એ માગો કે રામચંદ્ર ચૌદ વરસ સુધી વનમાં જઈને રહે. અને બીજું વરદાન એ માગો કે તમારા પુત્ર ભરત તે ચૌદ વરસ સુધી રાજગાદીએ બેસે. ૨૯. મહારાજ દશરથ તમારા વાક્‌બંધનમાં આવ્યા છે, એટલે તેઓ આ સમયે 'ના' કહી શકશે નહિ."

પછી જ્યારે દશરથ મહારાજા કૈકેયીને મળવા તેના ખંડમાં ગયા ત્યારે તે અત્યંત ઉદાસ થઈને સૂતી હતી. ૩૦. મહારાજ દશરથ જ્યારે તેને પૂછવા લાગ્યા કે, "કયા દુ:ખથી તમે અત્યંત ઉદાસ છો ?" ત્યારે કૈકેયીએ તે સમયે તેમને તત્કાળ કહ્યું કે, "આપે મને બે વરદાન આપ્યા છે અને તે વખતે આપે કહ્યું હતું કે જ્યારે તને કષ્ટ આવી પડે ત્યારે માગજે. આજ મને ઘણું કષ્ટ થાય છે તો તે કષ્ટમાં આપ મને સહાય કરો અને મને બે વરદાન આપો." ૩૧-૩૨.

ત્યારે દશરથે કહ્યું, માગો, "જે માગો તે હું આપું. મારું કહેલું વચન ખોટું નહિ થાય. તમે મને બે વખત સહાય કરી હતી અને તેથી જ મને તમારા ઉપર અપાર હેત છે." ૩૩. ત્યારે અત્યંત કુટિલ સ્વભાવની નારી તે કૈકેયી દશરથ મહારાજ આગળ બોલી, "રામ ચૌદ વરસ સુધી વનવાસ ભોગવે તે એક અને બીજું એ કે ત્યાં સુધી મારો પુત્ર ભરત રાજગાદી ઉપર બેસે." કૈકેયીનાં તે વચન સાંભળીને દશરથ મૂર્છિત થઈ ગયા. તેમને શરીરનું ભાન રહ્યું નહિ. ૩૪-૩૫. તેમની એવી હાલત થઈ કે તેઓ એક શબ્દ પણ બોલી શક્યા નહિ. બધા સમાજમાં હાહાકાર મચી ગયો. તે સમયે ત્યાં શ્રીરામચંદ્રજી આવી પહોંચ્યા. ૩૬.

મહારાજ દશરથની મૂર્છાનું કારણ શ્રીરામ સમજી ગયા. ભરત તો અગાઉથી જ મોસાળ-મામાને ગામ ગયા હતા. ૩૭. ચૌદ વરસ વનવાસ કરવા માટે શ્રીરામે મનમાં નક્કી કરી લીધું. સીતાએ સાથે જવા તૈયારી કરી અને અત્યંત નિપુણ લક્ષ્મણ પણ શ્રીરામની સાથે ચાલ્યા. ૩૮. રામચંદ્રજી વનમાં ગયા આવી વાત સાંભળીને પિતા દશરથે પોતાના પ્રાણ છોડી દીધા. કારણ કે તેમને અચાનક અતિશય દુઃખ આવી પડ્યું હતું. ૩૯.

(સત્તાલોભ ખતરનાક છે.) તે પ્રમાણે જ બળદેવજી અને શ્રીકૃષ્ણ એ બંને એક જ પિતાના પુત્ર અને ભાઈ હતા. બંને મહાન સમર્થ હતા. પણ સ્યમંતકમણિની બાબતમાં પરસ્પર વૈર થયું. ૪૦. તેઓ પછીથી સાઠ વર્ષ સુધી પરસ્પર બોલ્યા નહિ. આ પાપ લોભનું જ હતું. લોભ ક્યારેય સત્સંગને પણ ગણકારતો નથી. ૪૧. ચાહે તેવો શક્તિશાળી મુક્તાત્મા હોય, પણ જો તે દારૂ પીવે તો તેને ભાન ભુલાઈ જાય છે, તેમ લોભ ભાન ભૂલાવી દે છે. પછી અડગ સત્સંગ હોય, તોપણ તે શું કરે ? ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'સુખપુરમાં મુક્તમુનિએ પૂછતા શ્રીહરિએ લોભનું પ્રબળપણું કહ્યું' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર છઠ્ઠું : તરંગ - ૪

સત્સંગનાં અડગ સાધનોમાં હરિચરિત્રોમાં નિઃસંશયપણું કહ્યું

સુખપુર ગામમાં શ્રીહરિ ફરીવાર બોલ્યા, "મુનિવર્ય મુક્તાનંદસ્વામી ! તમે સાંભળો. મેં અડગ સત્સંગની જે વાત કહી તેમાં તમને સમજાણ પડી કે નહિ ? ૧. સીતાજી, ભરત, લક્ષ્મણ, હનુમાનજી, વિભીષણ અને કાગભુશુંડી સુધીના બધાનો સત્સંગ અડગ કહેવાય. ૨. જે અક્ષરાધિપતિ અવિનાશી છે, તેમને શાસ્ત્રો પૂર્ણકામ કહે છે. તેઓ જ્યારે મનુષ્યદેહ ધારે ત્યારે અનેક પ્રકારનાં ચરિત્રો કરે છે. ૩. અગાઉ ભગવાનના ઘણા અવતાર થયા છે. તે ગણ્યે પાર આવે તેમ નથી. તેમનાં સહુનાં ચરિત્રોને સંભારી સંભારીને કવિઓએ લખ્યાં છે. ૪.

❋ સત્સંગી કોને કહેવાય ?

चोपाई :

अवतार भये भगवान के जेते, दिव्य मनुष्य चरित्र किये तेते;
दोकी रीत दिव्य जाने जेहि, अडग सत्संग जानना तेहि...०५

જેટલા ભગવાનના અવતાર થયા છે તેમણે દિવ્ય ચરિત્ર અને મનુષ્ય ચરિત્ર કર્યાં છે. આ બંને પ્રકારનાં ચરિત્રોની રીતને જે દિવ્ય સમજે તેનો સત્સંગ અડગ છે, એમ સમજવું. ૫. મયૂરધ્વજ અને હરિશ્ચંદ્ર જેવા અનેક ભક્તોએ સત્યની અત્યંત દૃઢ ટેક રાખી હતી. પરંતુ **સત્ય કરતા પણ સત્સંગ અધિક છે.** અને જ્યારે યથાર્થ રીતે સત્સંગ સમજાય છે ત્યારે તે સત્સંગ કોઈ પણ પરિસ્થિતિમાં છૂટે નહિ. જો સારી રીતે સમજીને કર્યો હોય તો. નહિતર તો સત્યની કે કાંઈ પ્રતિજ્ઞાની ખાતર પરમ સત્ય એવો સત્સંગ પરિસ્થિતિ જો કાંઈ વિપરીત થાય તો છૂટી જાય છે. જેમ ગોપીઓએ પ્રગટ પરમાત્માનો નિઃશંકપણે સત્સંગ કર્યો હતો તેવી રીતે જે સત્સંગ શંકારહિત થઈને કરવો તેને જ દૃઢ સત્સંગ સમજવો. ૬-૭. શ્રીકૃષ્ણ ભગવાને યોગ્ય કે અયોગ્ય અનેક પ્રકારના અનંત ચરિત્રો કર્યાં. બ્રહ્મા જેવા કોઈ મોટા દેવ ન કહેવાય. છતાં તેઓ પણ શ્રીકૃષ્ણની અઘાસુરના ઉદ્ધાર પછીની ભોજનલીલાને દેખીને ભૂલા પડી ગયા હતા. ૮. દેવરાજ ઈન્દ્ર બે વખત ગોવર્ધન પૂજા અને પારિજાત હરણના પ્રસંગે ભૂલા પડી ગયા હતા. પોતાની ભૂલ સમજાણી ત્યારે વહેલાસર શરણે આવીને ક્ષમા માગી. બંને દેવો અજાણતા ભૂલા પડ્યા. પણ ભૂલ સમજાયા પછી વિનયથી ક્ષમા માગી પ્રાર્થના કરી ગયા હતા. ૯.

પહેલા ભૂલ કરે, પછી તે સમજાય અને પસ્તાવો કરીને જે માફી માગે તે સત્સંગથી પડ્યા કહેવાય નહિ. ભગવાન તેને માફ કરીને તેની સહાયતા કરે છે. ૧૦. ભગવાનની ભક્ત જેટલી ગોપીઓ હતી તેમણે ભગવાન શ્રીકૃષ્ણનાં મનુષ્યચરિત્ર અતિશય દેખ્યાં. જેમ જેમ મનુષ્યચરિત્રોને ગોપીઓ દેખતી ગઈ તેમ તેમ તેમને કૃષ્ણમાં પ્રેમ અધિક ને અધિક વધતો જ ગયો. ૧૧. અને તેને લીધે જ ભાગવતમાં ગોપીઓની બુદ્ધિને બ્રહ્મા કરતાં પણ અધિક મહત્ત્વ આપ્યું છે. માટે **સમગ્ર સાધનોનું શ્રેષ્ઠ ફળ આ એક જ છે કે ભગવાનનાં**

ચરિત્રોમાં કોઈપણ પ્રકારનો સંદેહ કરવો નહિ. ૧૨. ભગવાનનાં સ્વરૂપની સમજણમાં જેને ઘણા સંશયો થયા કરતાં હોય, તે ભક્ત ભલે કઠણમાં કઠણ કરોડો સાધન કરે તોપણ તેને દુઃખનો પાર આવવાનો નથી. ૧૩.

❋ ભગવાનના આશરાની મહત્તા :

दोहा : हरिकुं छोरी विकट अति, साधन कर मर जाय;
चारु खान भटकत रहे, दुखमय सुख लहे ताय...१४

सोरठा : जो जो चरित्र रहाय, श्रीहरि कीने सब मोक्ष हित;
एसे समझे जाय, श्रेष्ठ में श्रेष्ठ सो भक्त तेहि...१५

हरिचरित्र में दोष, कबहु न समझे भक्त जेहि;
होत सो अति अदोष, अदोष हे भगवान जिमि...१६

ભગવાનનો આશરો મૂકી દઈને કોઈ માણસ કઠોરમાં કઠોર સાધન કરીને કદાચ મરી જાય તોપણ તે લખચોરાશીમાં ભટકતો રહે છે અને સાધનોનાં ફળરૂપે જે સુખ મળે છે તેપણ ઘણા દુઃખોથી ભરપૂર જ હોય છે. ૧૪. 'ભગવાનનાં જે જે દિવ્યચરિત્ર કે મનુષ્યચરિત્ર હોય, તે બધા જીવના મોક્ષ માટે જ કર્યાં હોય છે.' એમ જે સમજે છે તે જ ભગવાનના સર્વ ભક્તોમાં શ્રેષ્ઠ ભક્ત છે. ૧૫.

જે ભક્ત ભગવાનના ચરિત્રોમાં ક્યારેય દોષ ન સમજે-જુએ, તો તે ભક્ત, જેવા ભગવાન નિત્ય નિર્દોષ છે તેવો જ નિર્દોષ થાય છે. ૧૬. ઉદ્ધવજી, પાંડવો અને દ્રૌપદીનો સત્સંગ અડગ સમજવો, તે રીતે જ પ્રહ્લાદ, પ્રિયવ્રત અને ધ્રુવનો સત્સંગ પણ અડગ હતો, એમ માનવું. ૧૭. બલિરાજાનો સત્સંગ અડગ હતો. તેણે તો પ્રહ્લાદના સત્સંગને પણ રંગ ચઢાવ્યો. બલિરાજાનું ત્રિલોકીમાં રાજ્ય હતું. સ્વયં વિષ્ણુ તેને છેતરવા આવ્યા. ૧૮. બલિરાજાને ખબર પડી ગઈ કે આ વિષ્ણુ છે અને મને છેતરવા આવ્યા છે. તેના ગુરુ શુક્રાચાર્યે દાન આપતા તેને રોક્યા, છતાં બલિરાજાએ પાછો પગ ન ભર્યો. ૧૯. ભગવાને તેનાં શરીરે સહિત સર્વસ્વ લઈ લીધું અને બલિરાજાએ પરમ પ્રેમથી બધું જ આપી દીધું અને કોઈ દોષ ન લીધો. માટે તેનો સત્સંગ અડગ કહેવાય.

તે રીતે જ અંબરીષ અને જનકરાજાનો સત્સંગ પણ અતિ અડગ હતો એમ સમજવું. ૨૦. તેમના જેવો સત્સંગ હાલમાં કોઈને હોય તો તેનો પણ અડગ સત્સંગ માનવો. અત્યારે અમે એવી આજ્ઞા કરીએ કે તમે ઘરનો ત્યાગ કરી દો; તો કેમ થાય ? ૨૧. અત્યારે તમે બધા અમને ભગવાન માનો છો. તેમાં કોઈપણ પ્રકારનો કોઈને સંશય નથી. બધા મને ભગવાન જાણીને નિયમોનું પાલન કરો છો. ક્યારેય બીજાના નિયમોમાં જતાં નથી. ૨૨. પ્રગટ ભગવાનને જાણ્યા વિના તેમના આપેલા નિયમ પળાતા નથી. પ્રગટ હરિને જાણે ત્યારે જ જીવમાં નિયમ પાળવાનું અતિશય તાન રહે છે. ઘરમાં જેટલા દીકરાઓ હોય તે બધા કાંઈ બાપની મરજી પ્રમાણે ચાલતા નથી. ૨૩. આજ તો હળાહળ કળિયુગ ચાલી રહ્યો છે છતાં જગતના સ્વાર્થ કરતાં મોક્ષમાં સ્વાર્થ અતિશય માન્યો છે. તેથી જ મોક્ષ મેળવવા માટે બધા જ ભક્તો નિયમોનું પાલન કરો છો. ૨૪. જેના હૃદયમાં જેટલો દૃઢ નિશ્ચય થયો હોય તેના જીવમાં તેટલો સત્સંગનો કેફ રહે છે. ૨૫.

दोहा : मृत्यु से घर छोडना, कठिन अति रहाय;
भगवान जाने सब पर जेहि, कछु कठिन न ताय...२६

ઘર છોડવું તે મોત કરતાં પણ વધારે કઠણ છે. પણ જો ભગવાનને સહુથી પર સર્વોપરી માન્યા હોય તો તેને કાંઈ જ કરવું કઠણ લાગતું નથી. ૨૬. ત્યાં શ્રીહરિએ સૌની આગળ આટલી વાત કહી. પછી બધા રાજાઓને શ્રીહરિ વિશેષ કહેવા લાગ્યા, “તમને સાક્ષાત્ ભગવાન મળ્યા છે, તેમનું વચન કેટલું મનાય છે ? તે મનમાં વિચારો. ૨૭. જેમ કાંધ ઉપર ધોંસરું મૂકીએ ત્યારે બળદની પરીક્ષા થાય છે. પાટી કઢાવીને-દોડાવીને ઘોડાની પરીક્ષા કરાય છે. તેમ પોતાના ઈષ્ટદેવનું વચન કેટલું મનાય છે ? તે વિચારવાથી હરિભક્તની પ્રગટ પ્રભુની નિષ્ઠા કેટલી છે ? તેની પરીક્ષા તરત જ થાય છે.” ૨૮.

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, “આપ જે કરો, તે સર્વે અમારા શ્રેયને માટે જ હોય છે. તેમાં જેટલો સંશય થાય તેટલી ભક્તપણામાં ખોટ કહેવાય. ૨૯. અનેક જીવોનો મોક્ષ કરવા માટે આપે આ અવતાર લીધો છે. આ બાબત જરૂર બંધ બેસશે, સફળ થાશે. તેમાં એક તલભાર પણ ખોટું નથી. ૩૦.

સહુની જીવનદોરી અર્થાત્ સહુનું અસ્તિત્વ આપના જ હાથમાં છે. આપ જે કરો તે સર્વોત્તમ હશે. ઘોડામાં જ્યાં સુધી શ્વાસ ચાલુ રહે ત્યાં સુધી તેને પાટી કઢાવતા રહો, દોડાવતા રહો. અર્થાત્ અમારામાં શ્રદ્ધા, નિષ્ઠારૂપી પ્રાણ રહે ત્યાં સુધી અમને તમારા વચનમાં પાટી કઢાવતા રહો." ૩૧.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "જ્યારે ઘોડો ધણીને વશ થાય ત્યારે તેની પાસે ધાર્યા પ્રમાણે પાટી કઢાવી શકાયને ?" આવું શ્રીહરિએ કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામી ચુપ થઈ રહ્યા. અને શ્રીહરિએ તેમને ઉદ્દેશીને કહેવાનું આગળ ચાલું રાખ્યું, ૩૨. "કોઈ માણસને પોતાની માલિકીનું જૂનું ઘર હોય તેને નવું કરવું હોય ત્યારે જૂનાને પાડી નાખીને મનમાં રુચે તેમ તેને ફરીને નવું બનાવે છે. ૩૩. સહુથી સારું ઘર કરવું હોય તો તે ઘરધણી તેની ઇચ્છા પ્રમાણે બધું કરે છે. દુનિયા રાજી થાય કે નારાજ થાય, તેની પરવા કર્યા સિવાય ધણી હોય તે પોતાની મરજી પ્રમાણે પદ્ધતિસર નવું ઘર કરાવે છે. (તેમ અત્યારે અમે આ સત્સંગરૂપી ઘરના માલિક છીએ. માટે અમારી મરજીમાં આવે તેમ નિયમ ધર્મ બનાવીને, પ્રકરણો ફેરવીને નવેસરથી સત્સંગરૂપી ઘરને બનાવીએ છીએ.) ૩૪.

જેને જેવી બુદ્ધિ હોય કે જેવી સગવડ હોય તેને અનુસારે સહુ ઘર બનાવે છે. બધી રીતે સારું ઘર થઈ ગયા પછી જે ખોટા વિરોધી લોકો હોય તેપણ તેના વખાણ કરે છે. કેમ જે સાચા ભક્ત થાય તેના વૈરી પણ ઘા વખાણે છે. (એમ અમે રામાનંદસ્વામી સ્થાપિત આ સંપ્રદાયરૂપી ઘરને જ્યારે વ્યવસ્થિત બનાવી દેશું ત્યારે અમારા વિરોધી બધાય ભરપેટ વખાણ કરશે.) ૩૫. જેમ કે, ઘણું કિંમતી જરિયાની કાપડ હોય પણ તેને કાપ્યા વિના તેનું અંગરખું થઈ શકે નહિ. કારીગર દરજી તેને જ્યારે કાપે છે ત્યારે તે ટુકડાં ટુકડાં થઈ જાય છે તેથી ધણીની નજરમાં તે આવતું નથી. ૩૬. પણ જ્યારે સિલાઈ કરીને તેનું અંગરખું તૈયાર કરવામાં આવે છે ત્યારે તેને દેખીને તેનાં ધણીનું મન ખુશ થઈ જાય છે. તૈયાર કર્યા વિના તો મનમાં ઉદ્વેગ રહે છે. તે જ રીતે પ્રથમ નિયમ પાળવા અને નિર્દોષભાવ રાખવો ગમતો નથી. પણ એકવાર તેની દૃઢતા થાય ત્યારે તેને આ આખો સત્સંગ ઓળખે છે અર્થાત્

તે સહુને ગમે છે. ૩૭. સત્સંગરૂપી આ ઘણો અમૂલ્ય મહેલ તૈયાર કરીએ છીએ. તે સંપૂર્ણ તૈયાર થઈ જાય ત્યાં સુધી અમે આ ભૂમિ ઉપર રહેશું. ૩૮. સત્સંગરૂપી મહેલનો કળશ ચઢાવીને અમે આરામ કરશું અને તેના માલિક નક્કી કરીને અમે તેમને સમર્પણ કરી દેશું. ૩૯. અલૌકિક અને અનુપમ એવી મોક્ષધર્મરૂપ અમારી આ બે ગાદી ઉપર ધર્મવંશી આચાર્ય બેસશે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ અડગ સત્સંગના સાધનોમાં હરિચરિત્રોમાં નિઃસંશયપણું કહ્યું' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર છઠ્ઠું : તરંગ - ૫

અંતર્યામીનું નિયંત્રણ અને ટેકનું ગૌરવ કહ્યું

શ્રીહરિ સત્સંગમાં જે દિવસથી આવ્યા તે દિવસથી આરંભીને સત્સંગમાં તેમનો પ્રતાપ ઘણો જ છવાઈ ગયેલો રહ્યો છે. ૧. તે દિવસથી સત્સંગમાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન મૂર્તિમાન બની સત્સંગીઓના ઘેર ઘેર પ્રગટ પ્રમાણ રહ્યા હતા. ૨. તેને લીધે બધા જ હરિભક્તો ઘણા બળવાન થઈ ગયા હતા. એકબાજુ દુનિયાભરના મતપંથીઓ બધા એક થઈને સત્સંગનો વિરોધ કરતા હતા. ૩. પણ નિયમભ્રષ્ટ તે મતપંથીઓ નિર્જીવ (મરદા) જેવા થઈ ગયા હતા અને નિયમ-વ્રતમાનવાળા હરિભક્તો તે મતપંથીઓને હઠાવી દેતાં હતા. ૪. સત્સંગના બધા આશ્રિતો યુગને અનુસારે વર્ણાશ્રમના ધર્મને પાળતા હતા, તેથી દુનિયામાં તેમનું નામ પ્રસિદ્ધ થયું હતું અને બીજા બધા સંપ્રદાયો કાળના પ્રવાહમાં તણાઈ ગયા હતા. ૫.

❋ મલિન દેવોના ઉપાસકોની અધોગતિ :

જગતમાં જેટલા મલિન દેવ કહેવાતા હોય છે તેમની ઉપાસના-સેવા બ્રાહ્મણો પણ કરવા લાગ્યા. બીજા વર્ણના લોકોની તો વાત જ શી કહેવી ? બ્રાહ્મણ થઈને પણ જો મલિન દેવને સેવતા હોય તો તેમાં બીજા બધા વર્ણ તો આવી જ જાયને ! ૬. મલિન દેવોની ઉપાસનાથી તેમની બુદ્ધિ અત્યંત

મલિન થઈ ગઈ અને અત્યંત ક્ષીણ થઈ ગઈ. જેના જેવા ગુરુ હોય તે બધાની બુદ્ધિ પણ તેવી જ થઈ ગઈ. ૭. પછી બધા રાજાઓની બુદ્ધિ પણ અતિ મલિન થઈ ગઈ. તેને અનુસારે બધી પ્રજાની બુદ્ધિ પણ તેના જેવી જ થઈ ગઈ. શ્રીહરિનો અતિશય પ્રતાપ દેખીને અસુરો છાની રીતે પાપ કરવા લાગ્યા. ૮. જે લોકો જાહેરમાં પાપ કરતા હતા તે બધા સંતાઈ ગયા. ચારેધામમાં જે લોકો ધર્મ નિયમમાં રહેતા હતા તેઓ સૂર્યની જેમ પ્રકાશવા લાગ્યા. ૯. દેશેદેશમાં અને ગામેગામમાં શ્રીઘનશ્યામ પ્રભુ અધર્મીઓમાં ભય ઉત્પન્ન કરતા હતા. તેથી અધર્મરૂપી જે ઘુવડ હતા તેઓ સંતાઈને છાના રહેવા લાગ્યા. ૧૦. મતપંથી ગુરુઓ, રાજાઓ તથા અન્ય જે લોકો ધર્મનો દ્વેષ કરવા લાગ્યા તેથી તેનામાં જેટલું દૈવત હતું તે બધું ધર્મના દ્વેષને લીધે દિન પ્રતિદિન નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયું. ૧૧.

તેની તેમને લેશમાત્ર પણ ગમ પડી નહિ. પછી તેમનાં હૃદયમાં અધર્મે પ્રવેશ કર્યો અને તેને લીધે તેની બુદ્ધિમાં અંધકાર વ્યાપી ગયો. પછી તો સદ્‌બુદ્ધિને અભાવે પરસ્પર રાજાઓમાં અપાર વૈર થવા લાગ્યું. ૧૨. જે રાજાઓ પ્રજાપાલક હતા તે જ પ્રજાને દુઃખ દેવા લાગ્યા જેમ અગ્નિ ઓલવનાર પાણીમાં જ અગ્નિ લાગે તો કોનાથી સુખ થાય ? તેમ રાજાઓ જ દુઃખ દેવા લાગ્યા તેથી પ્રજાને સુખ ક્યાંથી થાય ? ૧૩. પ્રજાને થતાં અત્યંત દુઃખને દેખીને અંતર્યામી અવિનાશી પરમાત્માએ અંગદવંશીયો (અંગ્રેજ પ્રજા)ની બુદ્ધિમાં અપાર પ્રેરણા કરી. ૧૪. ભગવાને વિકસિત પશુ(વાનર) જાતિના તે અંગ્રેજોને દેવતાઓ કરતાં પણ અપાર બુદ્ધિ પ્રેરી તેથી તેમનામાં અપાર સામર્થ્ય આવ્યું. અંતર્યામી પરમેશ્વર શું ન કરે ? ૧૫. જે સહુના અંતર્યામી છે તેમના હાથમાં જ બધી બુદ્ધિ રહી છે. તેમની આગળ બીજાનું કાંઈ જ ચાલતું નથી. જો કોઈ અન્યનું તેથી વિશેષ ધાર્યું થતું હોય તો તેમને અંતર્યામી કોણ માને ? ૧૬.

❋ પરમેશ્વરની કૃપાથી સફળતા :

આ ભૂમિ ઉપર અપાર લોકો વસી રહ્યા છે. તેનો કોઈ પાર પામતા નથી. પરંતુ તેમાંથી જેને અંતર્યામી પરમેશ્વર પ્રેરણા કરે તો તે કંગાલ હોય

તે પણ રાજા થાય છે. ૧૭. અંતર્યામી જેને સહાય કરે છે. તેમને તેઓ અપાર બુદ્ધિ આપે છે. અને જેને પરમેશ્વર જ સહાય કરે તેને કોઈ વાત અગમ રહેતી નથી. એ તો જે ધારે તે તેને પ્રાપ્ત થાય છે. ૧૮. પરમેશ્વરનો કૃપાપાત્ર તે મનુષ્ય જ્યાં સુધી તેમની બાંધેલી ધર્મ-મર્યાદાનો લોપ નથી કરતો ત્યાં સુધી તે દિન પ્રતિદિન વધતો રહે છે અને જે વખતે તે ધર્મ-મર્યાદાનો લોપ કરે છે ત્યારે તેની બુદ્ધિમાં અંધારું વ્યાપી જાય છે. ૧૯.

જેટલો માનવસમાજ છે તેમાં સહુને પોતાની બુદ્ધિનું માન-ગૌરવ હોય છે. તેથી જ અંતર્યામીની બુદ્ધિને છોડીને મનુષ્ય પોતાની બુદ્ધિનાં બળે જોર કરતો હોય છે. ૨૦. પરંતુ પોતાની એકલી બુદ્ધિનું બળ લેશમાત્ર ચાલતું નથી. તેમાંથી તો ઉલ્ટાનો અપાર કલેશ થાય છે. ભલે મનુષ્યના નેત્રોમાં જોવાની શક્તિ (પ્રકાશ) હોય પણ તે નેત્ર સૂર્ય કે ચંદ્રના પ્રકાશ વિના દેખી શકતા નથી. ૨૧. કાં તો દીવાને અજવાળે જુએ અથવા તારાના ઉજાસમાં દેખે અર્થાત્ સારો પ્રકાશ હોય તો જ તે નેત્ર દેખે છે. સારા પ્રકાશના યોગ વિના તો નેત્ર દર્શનની ક્ષમતા વિનાના છે અને અંધ જ છે. ૨૨. તે પ્રમાણે મનુષ્યની બુદ્ધિમાં પરમેશ્વરે આપેલી ગતિ-પ્રેરણા હોય તો જ તેમાં કાંઈક વિવેક આવે છે, કાર્યક્ષમતા મેળવે છે. જેમ તપાવવાથી લોઢામાં અગ્નિ પ્રવેશે છે ત્યારે તેને કોઈ પકડી-અડી શકતું નથી. ૨૩. પણ જો અગ્નિ તેમાંથી નીકળી જાય તો સહુ કોઈ તેને અડી પકડી શકે છે. તે રીતે જ જેને અંતર્યામી પરમેશ્વર સાનુકૂળ અર્થાત્ પ્રેરક હોય, તે જે જે કામ કરવા ધારે તે તે બધું ઊલટું હોય તોપણ તેને સૂલટું થઈ જાય છે અને સફળતા મળે છે. પરમેશ્વરની સાનુકૂળતા વિના તો જે કામ સૂલટું હોય તેપણ ઊલટું થઈ જાય છે. ૨૪-૨૫.

મોટા મોટા જહાજો વારંવાર સાગરમાં ચાલે છે, જો તેને પવન પ્રતિકૂળ હોય તો તે ક્યારેક સાગરમાં ડુબાડી દે છે. તેમ જે પરમેશ્વરથી પ્રતિકૂળ ચાલે તેને સંસાર ડૂબાડી દે છે." ૨૬. શ્રીહરિએ જ્યારે આટલી વાત કહી ત્યારે બધા દરબારો બોલ્યા, "હવે આપ જે આજ્ઞાવચન કહેશો તે પ્રમાણે અમે સહુ કરશું. ૨૭. આપે અમને રાજા કર્યા છે. છતાં શરીરમાં જકડીને આપે જ

અમને બાંધી રાખ્યા છે. અમે કોઈ સ્વતંત્ર નથી માટે હવે પ્રત્યક્ષ પ્રભુ આપ જેમ કહો તે કરવું છે. ૨૮.

❋ પ્રગટની શ્રેષ્ઠતા :

પ્રાણીમાત્ર પરોક્ષ પરમેશ્વરને આધીન છે, એમ સૌ જાણે છે. હવે અમારે પ્રત્યક્ષ પરમેશ્વરને આધીન થવું છે તે સમજાયું. પ્રત્યક્ષ પરમેશ્વરને આધીન રહેવું, તે વાત સહુથી વધારે કઠિન છે. પણ સમજણ વિના તે બની શકતું નથી. ૨૯. ચાહે તેવો જ્ઞાની હોય તોપણ 'આ પ્રત્યક્ષ પરમેશ્વર છે, અને તેમની આજ્ઞામાં રહેવું જોઈએ' આવી વાત જ્યાં આવે છે ત્યાં તે અટકી જાય છે. જો પરમેશ્વરમાં સુદૃઢ અનુરાગ (પ્રેમ) હોય તો તે સંસારની આસક્તિ તોડે છે. ૩૦.

चोपाई :

देह लग संसार रहावे, देह अनादर करे तब जावे;
देह अनादर करे विन कबहु, हरि प्रसन्न नहिं होवत तबहु...३१

જીવને જ્યાં સુધી દેહાસક્તિ છે ત્યાં સુધી સંસાર રહે છે અને જ્યારે જીવ દેહનો અનાદર કરે ત્યારે તેનો સંસાર ટળે છે. દેહાસક્તિ તોડ્યા વિના પરમેશ્વર ક્યારેય જીવના ઉપર પ્રસન્ન થતા નથી. ૩૧. પરમેશ્વરની આજ્ઞા વિના સ્વેચ્છા માત્રથી જ ઘણા લોકો દેહને દમે છે પણ તેઓ સંસારના પારને પામી શકતા નથી. કેટલાક તો સ્વેચ્છાથી અન્ન-જળને તજી દે છે અને પોતાના દેહને પણ તોડી નાખે છે. ૩૨. પોતાનું મનધાર્યું કરવા માટે લોકો અપાર દુ:ખને વેઠે છે. પણ તેનાંથી પરમેશ્વર લગારેય રાજી થતા નથી. ઊલટાના તેઓ આત્મઘાતી કહેવાય છે અને પરમેશ્વર ક્યારેય તેની સામે જોતા નથી. ૩૩.

चोपाई :

हरि वचन कहे तेसे चलना, तामें पीछे पाव न धरना;
साधन में साधन श्रेष्ठ हे एहा, कठिन में कठिन करनो तेहा...३४
यामें मान आत नहिं लेशा, मान विन सो करनो विशेषा;
मान विन करे साधन जेही, एक साधन में असंख्य फल तेही...३५

શ્રીહરિ કહે તેમ કરવું, તેમના આજ્ઞાવચન પાળવામાં પાછો પગ રાખવો નહિ. એ જ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સાધન છે અને એમ કરવું એ જ કઠણમાં કઠણ છે. ૩૪. પ્રગટ પ્રભુના વચનમાં ચાલવાથી લેશપણ માન આવતું નથી. પરંતુ પ્રગટ પ્રભુનું વચન વિશેષ નિર્માનીપણે પાળવું જોઈએ. અને ભક્ત જો નિર્માનીપણે કલ્યાણનું સાધન કરે છે તેને તે એક જ સાધન કરવાથી અસંખ્ય સાધન કર્યાનું ફળ મળે છે." ૩૫.

પોતાના ભક્ત દરબારોના મુખે આવી વાત સાંભળીને સુખદાયક શ્રીહરિ અત્યંત ખુશી થયા અને બોલ્યા કે, "સત્સંગનો રંગ આવો ને આવો એક સરખો કાયમ રાખજો અને મનમાં તેની દૃઢ ટેક રાખજો. ૩૬. ટેક નભાવવી તે એક ક્ષત્રિયનો વટ છે. જ્યાં સુધી શરીરમાં પ્રાણ હોય ત્યાં સુધી ક્ષત્રિય ટેક છોડે નહિ. દેશકાળની વિષમતામાં પણ તેઓ ડગતા નથી પણ આપેલા વચનનું માન રાખે છે. ૩૭. જેમ પતાકા (વાવટો) પવનને અનુસારે જ ફરકે છે તેનાથી વિપરીત નહિ. તેમ ભગવાનના વચન અનુસારે ચાલવું. આપેલા વચનનું માન જાળવવું, તેને છોડવું નહિ. **ક્યારેય પોતાના મનનું ધાર્યું જે ન કરે, તે ભગવદ્‌ભક્તોમાં સર્વોત્તમ છે.** ૩૮. મોક્ષની રીત જુદી છે અને જગતની રીત જુદી છે. તે બંનેનો માર્ગ એક નથી. કારણ કે તે બંનેના ગુણધર્મ પરસ્પર વિપરીત છે. ૩૯. જે સંસારની રીત રાખે તે સંસારના સુખને મેળવે છે અને જે પરમેશ્વર સાથે પ્રીતિ રાખે છે તે પરમેશ્વરના અનંત સુખને પામે છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'અંતર્યામીનું નિયંત્રણ અને ટેકનું ગૌરવ કહ્યું' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર છઠ્ઠું : તરંગ - ૬

શ્રીહરિએ કાઠી ભક્તોને લૂટફાટ નહિ કરવાના નિયમ આપ્યા

શ્રીહરિ તે સુખપુર ગામમાં બે દિવસ રહ્યા. બધા હરિભક્તોને દર્શન દીધાં અને પછી ત્યાંથી ચાલ્યા. ૧. **બોટાદ** ગામ આવ્યા. સહુ હરિભક્તો

સન્મુખ આવ્યા. ત્યાંના દરબાર હમીર ખાચર સારા સત્સંગી હતા. તેઓ ખૂબ ખુશી થઈને સન્મુખ આવ્યા. ૨. તેમના પુત્રનું નામ દાહા ખાચર હતું. તેઓ આવ્યા હતા. તેમને જોઈને શ્રીહરિએ તેને આદરભાવથી બોલાવ્યા. ૩. દોશી ભગા શેઠ, અદા શેઠના પુત્રો, કેશવજી, કરસનજી, હીરાચંદ, મૂળચંદ એ બધા વેપારીઓ આવ્યા. ૪. બોટાદમાં અપાર હરિભક્તો હતા. તેમના નામ લખ્યે પાર ન આવે. દરબારના કારભારી ભવાન શેઠ અને હકાશેઠ હતા. ૫. તથા રામા પારેખ, ચકુભાઈ એ આદિ ઘણા હરિભક્તો શ્રીહરિની સામા આવ્યા. સહુએ હાથમાં એકેક નાળિયેર લીધેલું હતું. ૬. સહુ આવીને શ્રીફળ મૂકી શ્રીહરિના ચરણોમાં પડ્યા. ત્યારે શ્રીહરિએ તે સહુને હેતથી બોલાવ્યા.

ભક્તો વિવિધ પ્રકારના વાજિંત્રો સાથે લાવ્યા હતા. તેને મનના પ્રેમભાવથી વગાડવા લાગ્યા. ૭. જરિયાની નેજા અને નિશાનો લાવ્યા હતા. પછી વાજતે ગાજતે શ્રીહરિને પુરમાં પધરાવ્યા. બધી બજારોને સુંદર રીતે શણગારી હતી. તેથી અપાર શોભા થઈ હતી તેનું વર્ણન કરી શકાતું નથી. ૮. શ્રીહરિ એક ઘણા સારા અશ્વ ઉપર બેઠા હતા. અશ્વને સોનેરી સાજથી શણગાર્યો હતો. શ્રીહરિએ પણ શરીર ઉપર બધાં સોનેરી વસ્ત્ર પહેર્યાં હતાં. તે જોઈને હરિભક્તોને ઉમંગ ઘણો જ વધ્યો હતો. ૯. પુરની બધી જ નારીઓ મોતીથી ભરેલા થાળ લઈને આવી હતી. તેમણે શ્રીહરિને વારંવાર વધાવ્યા અને મોતીનો એકેક હાર પહેરાવ્યો. ૧૦. હમીર ખાચરનો જે દરબારગઢ હતો ત્યાં શ્રીહરિ આવ્યા. તે વખતે શ્રીહરિનાં મસ્તક ઉપર સોનેરી છત્ર રાખ્યું હતું અને બંને બાજુ મતવાલા શ્રીહરિ ઉપર સોનેરી ચામર ઢોળતાં હતાં. ૧૧. હાથમાં સોનાની છડી રાખીને ચોપદાર છડી પોકારતો હતો. મોટા દરબારગઢમાં જ્યારે પહોંચ્યા ત્યારે શ્રીહરિ અશ્વ ઉપરથી નીચા ઊતર્યા. ૧૨.

તે સમયે શ્રીહરિએ ચરણોમાં મોતીજડિત મોજડીઓ પહેરી હતી. હાથમાં મોતીની છડી હતી અને શરીર ઉપર અપાર આભૂષણો પહેર્યાં હતાં. ૧૩. ઊંચી ઊભણીવાળા ભવનની ઓશરીમાં પલંગ બિછાવ્યો હતો. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. તે સમયની શોભા અવર્ણનીય હતી. ૧૪.

શ્રીહરિની પાસે આવીને બધા ભક્તો બેઠા. તેની એક સભા થઈ. તે સમયે અત્યંત ઉજ્જવળ તેજ દેખાયું. તેજથી બધો દરબારગઢ માનો છલકાઈ ગયો. ૧૫. તે અદ્‌ભુત તેજને દેખીને હમીર ખાચર બોલ્યા કે, બધા દેવતાઓ દર્શન કરવા અહીં આવ્યા છે. ૧૬.

જ્યારે જયાનંદ વર્ણી સુંદર રસોઈ બનાવી રહ્યા ત્યારે મુકુંદાનંદ વર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા. ૧૭. રસોઈ તૈયાર થઈ છે, તે જાણીને સુખદાયક શ્રીહરિ જમવા માટે ચાલ્યા. પહેરેલા વસ્ત્ર ઉતારીને પલંગ ઉપર મૂક્યાં. કમર ઉપર એક પીતાંબર પહેર્યું. ૧૮. અને એક નવું પીતાંબર ઓઢ્યું. હાથમાં નવો રૂમાલ લીધો. ચરણોમાં સોનેરી ચાખડીઓ પહેરી. ચાલતી વેળાએ ચાખડીઓની ઘૂઘરીઓ ઘમકતી હતી. ૧૯. બંને હાથ અને ચરણકમળોને પાણીથી ધોયાં. તેને વર્ણીએ રૂમાલથી લૂછ્યાં. પછી સોનેરી બાજોઠ ઉપર બેઠા અને વર્ણીએ બધા ભોજનોથી પીરસેલો થાળ લાવીને ધરાવ્યો. ૨૦. દૂધપાક, પૂરી, સાકરનો સુંદર બનાવેલો શીરો, ઘણાં ભજિયાં અને વડા વગેરે બનાવ્યું હતું. તે બધું શ્રીહરિને ધરાવ્યું. ૨૧. સરસ રીતે વખાણ કરતા કરતા શ્રીહરિ બધું પ્રેમથી જમ્યા. છેલ્લે દહીં, ભાત અને સાકર જમ્યા. ૨૨. જ્યારે બધું ભોજન જમી રહ્યા ત્યારે જળથી બંને હાથ ધોયા. પછી સુખધામ ઘનશ્યામ પ્રભુએ મુખ ધોયું અને રૂમાલથી હાથ લૂછ્યા. ૨૩. ભગા શેઠ મુખવાસ લાવ્યા હતા. તે લઈને શ્રીહરિએ ખાધો.

પછી સંતોને અને દરબારોને બધાને જમવા બોલાવ્યા. તેમને શ્રીહરિએ ભોજન પીરસ્યું. ૨૪. શ્રીહરિ જે થાળ જમ્યા હતા તેની પ્રસાદી દરબાર હમીર ખાચરને આપી. તેઓ તે પ્રસાદી તત્કાળ ઉઠાવી ગયા. ૨૫. જેટલાં ભોજન બનાવ્યાં હતાં તે બધાં પંગતમાં ફરીને પીરસી દીધાં. પછી શ્રીહરિએ સહુને જમવાની આજ્ઞા કરી. એટલે તેઓ જમવા લાગ્યા. ૨૬. પીરસેલાં ભોજન જ્યારે જમી રહ્યા ત્યારે છેલ્લે દહીં ભાત અને સાકર પીરસ્યાં, દહીં પીરસતાં તો તેની રેલમછેલ કરી દીધી. ૨૭. સહુ જમી રહ્યા છે એમ જાણીને શ્રીહરિએ હાથ ધોયા. પછી સુખદાયક શ્રીહરિ પોતાના પલંગ ઉપર બેઠા અને

બે ઘડી વિરામ કર્યો. ૨૮. શ્રીહરિ વિરામ કરીને જ્યારે ઊઠ્યા ત્યારે બધા દરબારોને બોલાવ્યા. એટલે તેઓ મનમાં પરમ આનંદિત થઈને શ્રીહરિની પાસે આવ્યા. ૨૯. પછી શ્રીહરિએ તે બધા દરબારોને કહ્યું, “તમે બધા ઘણા દિવસથી અમારી સાથે રહ્યા છો. એટલે હવે સહુ પોતપોતાને ગામ ઘેર જાઓ. જ્યાં આગળ જાવું છે ત્યાં કોઈ ભક્તો એટલા સમર્થ નથી કે જે બધો ખર્ચ ઉઠાવી શકે. ૩૦. હવે અમે જ્યાં સમૈયો કરશું ત્યાં તમને સહુને બોલાવશું. અલૈયા ખાચર, સોમલા ખાચર, માતરા ધાધલ, રાઠોડ ધાધલ અને કાળા ખાચર, ૩૧. આટલા અમારી સાથે રહે. બીજા બધા પોતાને ઘેર જઈને રહો. જે રીતે સત્સંગનો રંગ વધારે રહે-લાગે તે રીતનું શુદ્ધ વર્તન રાખજો. ૩૨. સત્સંગના જે ધર્મ-નિયમો છે તેને દૃઢ કરીને રાખજો. કાઠી જાતિમાં જે અમારા સત્સંગી થયા હોય. ૩૩. તેમણે લૂટફાટ કે ધાડું પાડવા (મેલિકારમાં) જાવું નહિ. એટલો નિયમ તો સહુએ અવશ્ય પાળવો. ફક્ત અમારું આ વચન જ માનશે તોપણ તેને અમે સત્સંગીના સમાન ગણશું. ૩૪.

પારકો માલસામાન બળજબરીથી લઈ આવવો, તે તો મોટો અન્યાય કહેવાય. ગાયોના ધણને ઘેરીને વાળી લાવો ત્યારે તેના વાછરડાં ઘેર રડતા-ભાંભરતા હોય, કેટલી ગાભણી ગાયો હોય તેના વચ્ચે જ ગર્ભ સ્રવી જાય આ બધું અપાર પાપ કહેવાય. આવું કરવામાં તમને મનમાં લગારેય ત્રાસ ઊપજતો નથી ?” ૩૫-૩૬. શ્રીહરિએ કહેલી વાત સાંભળીને બધા કાઠી હરિભક્તોએ શ્રીહરિની આગળ ઉત્સાહ રાખીને ‘તેવાં પાપ ન કરવા.’ એવા નિયમ લીધાં. ૩૭.

શ્રીહરિ કહે, “કોઈ કુસંગી કાઠી તમારી મશ્કરી કરે, તોપણ તેનાથી મનમાં મુંઝાવું નહિ, કારણ કે પાપીઓનો વિનાશ તો અવશ્ય થવાનો જ છે. ૩૮. કોઈ જાણી જોઈને તમારી સાથે વૈર કરવા આવે તો તેને અવશ્ય ડરાવવા પણ કોઈની સાથે મારામારી (હાનિ) કરવી નહિ. જો તેઓ મારામારી કરવા આવે તો પોતાના હિતમાં મારામારી કરવામાં દોષ નથી. ૩૯. આટલી હિતકારી વાત કહીને શ્રીહરિ સત્વરે તૈયાર થયા. થોડા થોડા વરસાદના છાંટા પડતા હતા છતાં સહુ સાથે શ્રીહરિ ચાલતા થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ બોટાદમાં કાઠી ભક્તોને લૂટફાટ નહિ કરવાના નિયમો આપ્યા' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર છઠ્ઠું : તરંગ - ૭

શ્રીહરિએ નાગડકામાં પુણ્ય અને પાપ અંગે વાત કહી

શ્રીહરિ બોટાદથી ચાલી નીકળ્યા. તે સમયે બોટાદના જેટલા હરિભક્તો હતા તે બધા વાજિંત્રો લઈને શ્રીહરિને વળાવવા માટે પાછળ પાછળ ચાલ્યા. ૧. સુખધામ ઘનશ્યામ પ્રભુ ગામના ઉત્તર દરવાજેથી બહાર નીકળ્યા. ત્યાં એક નાની નદીને ઊતરીને આગળ આવ્યા. ૨. ગામથી થોડાં દૂર ગયા એટલે સહુ હરિભક્તોને ત્યાં ઊભા રાખ્યા. પછી મનમાં કાંઈક વિચાર કરીને અશ્વને દોડાવ્યો. ૩. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી બંને જેમાં બેઠા હતા તે રથની પાછળ અશ્વને દોડાવતા ગયા. ૪. શ્રીહરિની સાથે દસ સાધુ, દસ પાર્ષદ અને સેવા કરનારા બે વર્ણી આટલા હતા. કે જેને લગભગ સાથે રાખતા હતા. ૫.

ક્યારેક તો એવું બનતું કે શ્રીહરિ એકલા જ ચાલી નીકળતા. કોઈ સેવકને સાથે રાખતા નહિ. વળી ક્યારેક એક બે સેવકોને સાથે રાખતા. જ્યારે જેવો સમય હોય ત્યારે તેવું કરતા. ૬. ઝાઝો દબદબો-ભપકો કરીને ચાલવું તે શ્રીહરિને બહુ રુચતું નહિ. જેટલી નિઃસ્પૃહતા હોય તેટલું વધારે પ્રસન્ન રહેતા પરંતુ સેવક સંતો-ભક્તોને તે જરાપણ ગમતું નહિ. ૭. તેથી તે સહુ ભક્તોને રાજી રાખવા અને હેત ઉપજાવવા માટે ક્યારેક મોટો સમાજ પણ સાથે રાખતા. ઝાઝો સમુદાય સાથે રાખવો તેને પોતે મોટાઈ ન માનતા. શ્રીહરિની મોટપ તો કાંઈક બીજી જ હતી. ૮.

અનંતકોટિ બ્રહ્માંડો છે અને તેની શોભા પણ અનંત છે, પરંતુ તે અનંતકોટિ બ્રહ્માંડોની શોભા પોતાના એક રોમની શોભાની બરાબરી પણ

કરી શકતી નથી. ૯. શ્રીહરિનું મનુષ્ય સ્વરૂપ એવું અદ્ભુત છે કે તેને કોઈ ઓળખી શકતું નહિ. છતાં પોતે જ્યારે લોકરુચિને અનુસરે લોકોની રીત દેખાડે ત્યારે લોકોને તેમાં હેત થાય છે. ૧૦. આવા અલૌકિક સ્વરૂપ સ્વભાવવાળા શ્રીહરિ **નાગડકા** ગામ પહોંચ્યા. સુરાખાચર આદિક જે ત્યાંના હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. દર્શન કરીને ઘણું રાજી થયા. હરિભક્તોના જે કુટુંબ હતાં તે બધાં આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યાં. ૧૧-૧૨.

ઢોલ અને શરણાઈઓ વગડાવીને શ્રીહરિને વાજતે ગાજતે ગામમાં પધરાવ્યા. ગામના અપાર લોકો દર્શન કરવા માટે દોડી આવ્યા. ૧૩. સુરાખાચરે ઘનશ્યામ પ્રભુને પોતાના દરબારમાં પધરાવ્યા. પલંગ બિછાવી દીધો હતો. તેના ઉપર સુખધામ શ્રીહરિ વિરાજ્યા. ૧૪. સુરાખાચરે શ્રીહરિની આગળ હાથ જોડ્યા. તેઓ ગદ્ગદ કંઠ થઈ ગયા અને બોલ્યા કે આજ મારા સદ્ભાગ્ય છે, ધન્ય છે કે આપ કૃપા કરીને મને દર્શન દેવા પધાર્યા. ૧૫. પછી શ્રીહરિ સાથે આવેલા સહુને તેમણે ઉતારા કરાવ્યા. તરત જ સાકરના સુંદર કંસારની રસોઈ તૈયાર કરાવી. ૧૬. જ્યારે રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે શ્રીહરિ જમવા ઊઠ્યા. ચાતુર્યથી એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. ૧૭. ચરણોમાં સોનેરી ચાખડીઓ પહેરી. મનોહર શ્યામસુંદર જમવા ચાલ્યા. સુખદાયક પ્રભુ સોનેરી બાજોઠ ઉપર બેઠા અને પાણીથી કરચરણ ધોયા. ૧૮.

તત્કાળ વર્ણી પીરસીને ભોજનોથી ભરેલો થાળ શ્રીહરિની આગળ લાવ્યા. તુરિયાનું સરસ શાક બનાવ્યું હતું. તે પ્રેમ કરીને શ્રીહરિની આગળ ધરાવ્યું. ૧૯. શ્રીહરિ પહેલા કંસાર, તુરિયાનું શાક અને પાપડ વગેરેને જમવા લાગ્યા. સુધારીને સુંદર બનાવેલું આદુનું અથાણું પણ થાળમાં ધર્યું હતું. ૨૦. તે બધું પોતાની રુચિ પ્રમાણે શ્રીહરિ જમ્યા અને પછી દૂધ અને ભાત જમ્યા. વર્ણીએ દૂધમાં સાકર નાખવા આપી તે જેવી રુચિ હતી તે પ્રમાણે લીધી. ૨૧. જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે બંને હાથ ધોયા. પછી મુખકમળ ધોયું.

રૂમાલથી હાથ અને મુખ લૂછ્યાં. ૨૨. સોમલા ખાચર જે મુખવાસ લાવ્યા તેને શ્રીહરિએ પરમ ઉલ્લાસથી મુખમાં લીધો. શ્રીહરિ જે જમ્યા તે થાળની પ્રસાદી સુરાખાચરને આપી. ૨૩. પછી મહારાજાધિરાજ શ્રીહરિએ સંતોને અને દરબારોને જમવા બોલાવ્યા. તેઓ સત્વરે આવીને પંગતમાં બેસી ગયા. સુખદાયક શ્યામસુંદરે તેમને બધું પીરસ્યું. ૨૪. સંતો જમતા હતા ત્યારે શ્રીહરિ વારંવાર પીરસવા ફરતા હતા. જ્યારે સહુ કંસાર જમી રહ્યા છે એમ જાણ્યું ત્યારે ભાત પીરસ્યો. ૨૫. મનના અત્યંત ઉત્સાહથી દૂધ અને સાકર પીરસ્યાં. શ્રીહરિ પીરસવામાં ઘણું હેત દેખાડતા. જે 'ના' કહે તેને વધારે પીરસતા. ૨૬.

જ્યારે સંતો જમી રહ્યા તે વખતે શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. ભક્તજનોના આધારરૂપ એવા પોતે સુરાખાચર સાથે ઘણી રમૂજ કરતા રહ્યા. ૨૭. સુરાખાચર શ્રીહરિના ચરણ દાબવા લાગ્યા. પોતાના શરીરમાં જેટલું બળ હતું તે બધું લગાવીને ખૂબ જોરથી દબાવવા લાગ્યા. ૨૮. શ્રીહરિની સાથે જે સંતો અને રાજાઓ હતા તે બધા આવીને બેઠા. તેમજ નાગડકા ગામના બધા હરિભક્તો પણ હરખથી આવીને શ્રીહરિની સમીપે બેઠા. ૨૯. બીજા પણ ભાવિક લોકો આવીને બેઠા ત્યારે શ્રીહરિ વાત કરવા લાગ્યા. તેમાં પુણ્ય અને પાપમય કર્મોનાં જે ફળ હોય તે અલગ અલગ કરીને બતાવ્યાં. ૩૦.

✵ પુણ્યથી ઊર્ધ્વગતિ અને પાપથી અધોગતિ :

વળી આગળ કહ્યું કે જે પુણ્યને માર્ગે ચાલે છે તે ઊંચી ગતિને પામે છે અને જે પાપને માર્ગે ચાલે છે તે અધોગતિને પામે છે. જેમ જેમ માણસ પાપ કરતો જાય છે તેમ તેમ તે નીચી નીચી ગતિને પામતો જાય છે. ૩૧. જેની બુદ્ધિ ધર્મવાળી હોય તેને પુણ્યકર્મ કરવાની ઈચ્છા થાય છે. અને જેની બુદ્ધિ અધર્મવાળી હોય તેને પાપકર્મ કરવાની ઈચ્છા થાય છે. ૩૨. માણસ પોતાની બુદ્ધિમાં પુણ્ય કે પાપનો જેવો પાશ (કર્મ દ્વારા) લગાવે છે. તેવા તેનાં ફળ ઉદય થાય છે. અર્થાત્ તેવા પુણ્ય અથવા પાપ કરવાની ઈચ્છા થાય છે. અને તેવા કર્મ કરવાથી જ્યાં સુધી લખચોરાસીમાં જીવ ફરે છે ત્યાં સુધી

તેને તે પુણ્યનાં અને પાપનાં ફળ મળતાં રહે છે. ૩૩. તે ફળ ભોગવતાં ભોગવતાં અધવચ્ચે બીજું કોઈ બળવાન પુણ્ય કે પાપ થઈ જાય તો તેનું પણ સુખ કે દુઃખરૂપી ફળ જીવને ભોગવવું પડે છે. સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ એ ત્રણ પ્રકારનાં કર્મ હોય છે. તેમાં એક એકના અનંત ભેદ રહ્યા છે. ૩૪. જીવે પુણ્ય કે પાપ, જેવાં કર્મ કર્યાં હોય છે તેને તેવું ફળ ભોગવવું પડે છે. કર્મોનાં ફળપ્રદાતા પરમેશ્વર એક છે. તે પ્રત્યેક જીવમાં અંતર્યામીરૂપે રહ્યા છે. ૩૫. સર્વે જીવ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણમય રહ્યાં છે. અને તેને અનુસારે જીવ વર્તન કરે છે. મનુષ્યજન્મમાં જીવને કોઈ સુજ્ઞ સંત મળે તો તે બધું જ્ઞાન પામે છે. ૩૬.

❋ સાચા સંત (સુજ્ઞ સંત) કોને કહેવાય ? :

જે પોતાના જીવાત્માનું હિત કરે તેને સુજાણ સંત જાણવા. સંતના જેટલા ધર્મો છે તેની જેને ઓળખાણ હોય, જે સંત મુખથી અપશબ્દ (ગાળ) બોલે નહિ, ભગવાનની મૂર્તિમાં જ તલ્લીન રહે, અને કોઈ જીવના મોક્ષની વાત પૂછે તો તેને સમજાવવામાં જે નિપુણ હોય તે સુજ્ઞ સંત છે. ૩૭-૩૮. મોક્ષભાગી સંત મોક્ષભાગી મુમુક્ષુને જ મળે છે. સંતો તો ભૂમિ ઉપર વિચરતા રહે છે, પણ કુમતિ-કુબુદ્ધિ જીવ તેમનાથી દૂર જ રહે છે. ૩૯.

❋ પાપી અને કુમતિમાં ફેર શું ?

જે કુબુદ્ધિ છે તેનો ક્યારેય મોક્ષ થાય નહિ. અને પાપીનો તો જો લાંબા સમય સુધી ઘણું જ પુણ્યકર્મ કરતો રહે તો મોક્ષ થાય છે પણ કુબુદ્ધિનો મોક્ષ થતો નથી. કેમ જે કુબુદ્ધિ જીવ તો જ્યાં ઊગી શકે તેવું હોય ત્યાં વાવતો જ નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ નાગડકામાં પુણ્ય અને પાપ અંગે વાત કહી' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર છઠ્ઠું : તરંગ - ૮

કુમતિ-સુમતિનું વિવરણ કરતાં શ્રીહરિએ કુમતિની હીનતા કહી

શ્રીહરિને આત્મીયજનો ઉપર ઘણું હેત છે, તેથી ફરીને વાત કરવા લાગ્યા. જે મનુષ્ય કુમતિ દેખાતો હોય તેના ગુણોને સાક્ષાત્ સ્પષ્ટ રીતે કહેવા લાગ્યા. ૧.

❋ કુમતિનું મુખ્ય લક્ષણ શું ?

"જે મનુષ્ય કુમતિ હોય તેના મનમાં પોતાના ગુણોનું મિથ્યા અભિમાન હોય છે. અભિમાન એક પ્રકારનો ચંડાળ છે. જેના મનમાં અભિમાન હોય તેમાં શુભ જ્ઞાન ક્યારેય રહે નહિ. ૨. અસૂયા, અરુચિ-અભાવ, દ્રોહ, મત્સર, અટંટપણું (અનમ્રતા) એ બધા દોષો તેમાં આવે છે. તેથી તેનાં મનમાં મોહ રહે છે એટલે થોડી બાબતમાં તે મોટું વેર બાંધી બેસે છે. ૩. કુમતિ મનુષ્યને બીજાની કીર્તિ સારી લાગે નહિ, પારકી અપકીર્તિ સાંભળવામાં ઉત્સાહ રહે, આવા બધા દોષો કુમતિમાં હોય છે અને જે તેનો સંપર્ક રાખે તેને પણ તે પોતાના જેવી જ કુબુદ્ધિ આપતો રહે છે. ૪. કોઈ મનુષ્યમાં સારા શુભ ગુણ હોય, તો તેને દેખીને કુમતિ માણસ બીજા લોકોની પાસે જઈને તે સુમતિના સારા ગુણોને પણ દોષયુક્ત કહે છે. (**गुणेषु दोषार्पणं इति असुया** । અનસુયાની કૂખે દત્તાત્રેય) ૫.

કુમતિ મનુષ્ય કદાચ ભણીને પંડિત થાય, તોપણ તેની બુદ્ધિ સ્વચ્છ થાતી નથી. સવળા શબ્દોના અર્થને તે અવળા કરી બતાવે છે. ૬. કુમતિ પંડિત વિભક્તિનો શ્લેષ કે અર્થ શ્લેષ કરીને જેવો થવો જોઈએ તેથી વિપરીત અર્થ કરે. (બે અર્થ થતા હોય તેને શ્લેષ કહેવાય.) કુમતિ મનુષ્ય સહજ સ્વભાવે એવા જ હોય છે તે સજ્જનને તરત જ જણાઈ આવે છે. ૭. કુમતિ મનુષ્ય પોતાનો જીવનનિર્વાહ કરતો હોય તેની સામાન્ય માણસને ખબર પડતી નથી પણ જેટલા કુમતિ હોય છે તે બધા શરીરે ઘણા દુઃખી હોય છે. ૮. છતાં તે પોતાના દુઃખનું કારણ કાંઈ જુદું જ બતાવે છે અને કહે છે કે હવે ફરીને

આવું દુઃખ મને નહિ થાય. છતાં કુમતિને તો રોમ રોમ હજારો વીંછીની વેદના થતી હોય એવા અપાર દુઃખી થાય જ છે. ૯. આટલું દુઃખ આવે તો પણ પાકો કુમતિ થોડોએ પાછો ન વળે (ન થડકે) અને જો તે થડકે તો તે પાકો ન કહેવાય પણ અધૂરો ગણાય. કુમતિ મનુષ્ય હાથે પગે અને ગળામાં દોરા બાંધે છે અને જઈને કોઈ અસત્પુરુષને પગે પડે છે. ૧૦.

❋ સુમતિનાં લક્ષણ :

સત્પુરુષને ઓળખીને જે પગે લાગે છે તેને સુમતિ મનુષ્ય જાણવો. જે સુમતિ હોય તે સત્પુરુષને સેવે છે. અસત્પુરુષનું તે ક્યારેય નામ પણ લે નહિ. ૧૧. સુમતિ મનુષ્ય અસત્પુરુષને દેખીને તેનો દૂરથી જ ત્યાગ કરે છે. સુમતિ પુરુષની રીત જ એવી હોય છે કે તે ક્યારેય કુમતિની સાથે હેત ન કરે. ૧૨.

❋ સુમતિ-કુમતિને પ્રાપ્તિ :

આવા સુમતિજનો ક્યારેક જરૂર સત્સંગ કરે છે અને કુમતિજન તો પ્રતિદિન વધારેમાં વધારે કુસંગ જ કરે છે. ૧૩. **સુમતિને તેનાં શુભ કર્મોનું ફળ પરમપદ-મોક્ષ મળે છે અને કુમતિને તો ઘોર નરક મળે છે.** તેનું બીજ દેખવાથી જ ખબર પડી જાય છે કે આ સુનોર મતિ (માણસાઈવાળો) છે કે કુનોર (પશુ જેવો) છે. ૧૪. કોઈ ઝેર ખાય અને પછી જીવતો રહે, તોપણ તે મર્યા જેવો જ રહે છે. તેમ જે કુમતિ છે તે અવશ્ય નરક જ પામવાનો છે. ૧૫. જે અમૃત પીવે છે તે છેવટે અમર થાય જ છે. તેમ જે સુમતિ છે તે અંતે પરમપદ-મોક્ષને પામે જ છે. ૧૬.

સહજ કુમતિ જે મનુષ્ય હોય ને તે જો સત્સંગ કરે પછી તેને જો કુમતિમાં દોષ દેખાય તો તેમાં તત્કાળ સુમતિ આવે છે. ૧૭. **કુબુદ્ધિવાળા લોકોમાં દોષ દેખાયા સિવાય માણસની કુમતિ જાતી નથી. ભલેને તેને કોઈ કરોડો ઉપાય કરીને બીક બતાવે !** પણ કુમતિમાં દોષ ન દેખાય અને તેને કોઈ સુમતિ ઉપદેશ આપવા જાય, તો તે કુમતિ સુમતિ આપનારાનો જ અતિ દ્રોહ કરવા લાગે છે. ૧૮. પછી તે કુમતિ જ્યારે રાજાનો દ્રોહ

કરે છે ત્યારે તેનું મોત થાય છે. જે કુમતિ હજી કાચો હોય તો તેને ભય દેખીને ત્રાસ થાય પણ જે પાકો કુમતિ હોય તે તો કોઈથી લેશમાત્ર પણ ડરતો નથી. ૧૯.

❋ કુમતિને માથે અંકુશ :

કુમતિઓના ઉપર કાબૂ રાખવા માટે તો પરમેશ્વરે ઠેકઠેકાણે રાજા કર્યા છે અને તેને વશ રાખવા માટે તો અનેક પ્રકારના શસ્ત્રો પણ કર્યા છે. ૨૦. કુમતિ પુરુષના ઉપર અંકુશ રાખવા માટે બીજા પણ અનેક ઉપાયો રચ્યા છે. કુમતિને માટે મોટા કિલ્લા બનાવ્યા અને ઊંડી ખાયો ખોદાવી છે. કુમતિના નિયંત્રણને માટે તો ચોકીદાર અને પહેરેદાર કર્યા છે. ૨૧. આશ્ચર્યની વાત તો એ છે કે એક કુમતિ મરે છે ત્યાં બે નવા પેદા થાય છે. આખા દેશમાં બધે આવું જ બને છે. કુમતિનો નિગ્રહ કરવા માટે તો ઘણી શુદ્ધ ભાવનાથી ધર્મશાસ્ત્ર-સ્મૃતિ ગ્રંથો રચ્યા છે અને નીતિગ્રંથો લખ્યા છે. ૨૨. ચારે વેદોની રચના કુમતિને વશ રાખવા માટે કરી છે. વર્ણ અને આશ્રમોના અનેક પ્રકારના નિયમો પણ તેને માટે જ કર્યા છે. જમ અને જમપુરીનું નિર્માણ પણ કુમતિને કબજે રાખવા જ કર્યું છે. અનંત લખચોરાશીની રચના કરી, ઘણા બળવાન ભૂત પ્રેતાદિ કર્યા, અનેક પ્રકારના દંડ અને અપાર ઉપાયો પણ કુમતિનું નિયંત્રણ કરવા જ કર્યા છે. ૨૪. કુમતિનો નિગ્રહ કરવા માટે અપાર દુઃખો રચ્યાં છે. આટલું કરવા છતાં કુમતિ જન એક રતીભાર પણ ડરતા નથી. ૨૫.

જેની મતિમાં અધિક મોહ ભરાયો હોય તેની શુભ સ્મૃતિનો નાશ થઈ જાય છે. અને તેથી જ કુમતિ ઊપજે છે. પછી તે કુમતિની બુદ્ધિ ખદ્યોતના (આગિયા જંતુના) જેવી અલ્પ થઈ છે. ૨૬. દીવાને દેખીને તે ખદ્યોતને અતિશય મોહ ઊપજે છે. તેની બુદ્ધિમાં અંધારું થઈ જવાથી તે તત્કાળ જ અગ્નિમાં પડીને મરી જાય છે. ૨૭. અન્ય પતંગિયા આગમાં પડીને નાશ પામ્યા છે, તેમ દેખે છે છતાં મોહવશ બીજા પતંગિયા પણ આગમાં પડીને બળી મરે છે. ૨૮. તે રીતે જ જે કુમતિ મનુષ્ય છે તે મોહને વશ થઈને પંચવિષયોને ભોગવે છે અને પોતાના પ્રાણને ખોવે છે. છતાં બીજા કુમતિને

તેનો લગાર ત્રાસ નથી. જે બાકી રહ્યા હોય તે પતંગિયાની જેમ કુમતિના નાશને દેખે છે છતાં પણ વિષયોને ભોગવવાની આશા સેવે છે. ૨૯.

સુમતિ મનુષ્ય પરમેશ્વરમાં દિવ્ય ભાવના જ કરે છે, તેનાથી તેને લખચોરાશીમાં ભટકવું પડતું નથી. શ્રીહરિએ આવી બધી જે વાતો કરી તેને સાંભળીને ત્યાં જે સુમતિ-સદ્‌બુદ્ધિવાળા જે લોકો હતા, ૩૦. તે બધા તત્કાળ શ્રીહરિને શરણે આવ્યા. વિશાળ બુદ્ધિવાળા તે લોકોએ સત્સંગનો આશરો કર્યો. આવી જ સત્સંગની વાતોમાં અધરાત થઈ ગઈ. ત્યારે શ્રીહરિએ સભાને ઊઠવાની આજ્ઞા કરી. પછી પોતે પલંગ ઉપર પોઢી ગયા. અને સહુ સંતો ધ્યાનમાં બેસી ગયા. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. ૩૧-૩૨. સુખકારી શ્રીહરિ તરત જ તૈયાર થયા. પછી ઘોડે સવાર થયા. દરબાર સુરાખાચરને સત્સંગના શુદ્ધ અંગવાળા સમજીને સાથે લીધા. ૩૩. ત્યારે માણસિયા ખાચર પણ સાથે આવ્યા. તેમને સુરાખાચર ઉપર ઘણું જ હેત હતું. શ્રીહરિ માણસિયા ખાચરને દેખીને તેમના ઉપર ઘણું પ્રસન્ન થયા. ૩૪. શ્રીહરિ **લીંબડી** આવ્યા. હરિભક્તોને ખબર પડી એટલે તેઓ ઘણે દૂર સુધી દોડીને સામે આવ્યા. સહુ શ્રીહરિના ચરણોમાં પડ્યા. દર્શન કરીને સહુને આનંદ થયો. ૩૫. તે બધા હાથમાં એકેક શ્રીફળ લાવ્યા હતા. તે શ્રીહરિની આગળ મૂક્યાં. ભોગાવો નદી આવી એટલે તેમાં સહુએ સ્નાન કર્યું અને બહાર વાડીમાં ઉતારો કર્યો. ૩૬.

લીંબડી ગામથી પૂર્વ દિશામાં શ્રીહરિએ મુકામ કર્યો. હરિભક્તોએ આવીને પલંગ બિછાવી દીધો. પછી ઘનશ્યામ શ્રીહરિ તેના ઉપર બેઠા. ૩૭. હરિભક્તો સીધું-સામાન લઈ આવ્યા એટલે વર્ણીએ રસોઈ તૈયાર કરી. પછી ભક્તોના સુખદાયક શ્રીહરિ જમવા ઊઠ્યા. ૩૮. આવીને શ્રીહરિ બાજોઠ ઉપર બેઠા. પછી વર્ણી થાળ પીરસી લાવ્યા ત્યારે શ્રીહરિ જમવા લાગ્યા. ૩૯. કંસાર, પૂરી અને લીલોતરી શાક વગેરે જે વર્ણીએ બનાવ્યું હતું તેને શ્રીહરિ હેતથી જમ્યા. છેલ્લે દહીં, ભાત અને સાકર જમ્યા. ૪૦. જમ્યા પછી શ્રીહરિએ બંને હાથ અને મુખ ધોયાં અને તે પછી મુખવાસ લીધો. ૪૧. ચરણોમાં ચાખડીઓ પહેરી શ્રીહરિ પલંગ બિછાવ્યો હતો ત્યાં આવીને

તેના ઉપર બેઠા. શ્રીહરિનું સ્વરૂપ અત્યંત તેજસ્વી હતું અને શ્રીહરિના શિર ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ કુમતિની હીનતા કહી, પ્રસંગ વશ સુમતિની શ્રેષ્ઠતા પણ કહી' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર છઠ્ઠું : તરંગ - ૯

લીંબડીના વણિકોએ સત્સંગના શીલવ્રત આદિની પ્રશંસા કરી

શ્રીહરિની સાથે રહેતા સંતો અને દરબારો બધા જમ્યા. પછી સહુ તૈયાર થયા, તેટલીવારમાં તો લીંબડી ગામમાંથી હરિભક્તો આવ્યા. ૧. વાજિંત્ર વગડાવીને ધામધૂમીથી શ્રીહરિને પુરમાં લઈ જતા હતા, ત્યાં હાથીને આગળ રાખીને રાજાની સવારી આવી. ૨. તેમણે શ્રીહરિને હાથી ઉપર બેસાડ્યા. હાથીને સોનાના શણગારોથી શણગાર્યો હતો. શ્રીહરિનાં અંગો ઉપર તો તેથી પણ વધારે ઘરેણાં પહેરાવ્યાં હતાં. ૩. શ્રીહરિએ ચામર કરવા માટે બ્રહ્માનંદસ્વામીને પોતાની પાછળ બેસાડ્યા હતા. મુક્તાનંદસ્વામીએ શ્રીહરિના શિર ઉપર છત્ર ધારણ કર્યું હતું. ૪. શ્રીહરિ ગામના દરવાજાની અંદર દાખલ થયા. રાજમાર્ગોમાં અદ્‌ભુત શોભા કરી હતી. પુરમાં મોટામોટા વણિક વેપારીઓ રહેતા હતા. તેઓ હરખભેર આવી શ્રીહરિને પગે લાગતા. ૫.

❋ શીલવ્રતની મહત્તા અને આવશ્યકતા :

આપણા સત્સંગના ધર્મનિયમોને દેખીને તે વેપારીઓ વારંવાર સત્સંગના વખાણ કરતા હતા અને કહેતા, બીજા જેટલા મતપંથ છે તેમાં શીલવ્રત(બ્રહ્મચર્ય)ની દઢતા નથી. ૬. આઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખે ત્યારે શીલવ્રત દઢતાથી પળી શકે. હાલ સત્સંગમાં શીલવ્રત બરાબર પળાય છે. બીજા બધા મતો તો બ્રહ્મચર્યની બાબતમાં ખુવાર થઈ ગયા છે. ૭. શીલવ્રતનું તેજ ભારે છે. તેના જેવું કોઈમાં તેજ નથી. બધા જ તેજ કરતા શીલનું તેજ શ્રેષ્ઠ છે. ભવ અને બ્રહ્માદિક દેવો પણ બ્રહ્મચર્યવાનને નમે છે. ૮. બીજા બધા

વ્રતો શીલવ્રતની અંદર જ આવી જાય છે. અહિંસા ઇત્યાદિક જે ધર્મ છે તે પણ સ્વામિનારાયણના સત્સંગમાં બરાબર પાળવામાં આવે છે. ૯. સત્સંગના જેવા શીલ અને અહિંસા ઇત્યાદિ ગુણ તો દેવોમાં પણ નથી. અવતારોમાં પણ આ બે ગુણવાળો, શ્રીહરિના જેવો બીજો કોઈ અવતાર થયો નથી. ૧૦.

અવતારોના રાજા ઋષભદેવ થયા છે તે જ આજે ભૂમિ ઉપર આ સ્વામિનારાયણરૂપે પ્રગટ થયા છે. શીલવ્રત પાળવાથી જ ચોરાશી સિદ્ધો સમર્થ થયા છે. ૧૧. પાપોને નાશ કરનારા ભરતજી, શુકદેવજી, ચાર સનકાદિકો, નવ યોગેશ્વરો, દત્તાત્રેય, કપિલદેવ અને નારદજી એ બધા સમર્થ હોવા છતાં તેમણે શીલવ્રત રાખ્યું હતું. ૧૨. જે જે મોટા સિદ્ધ થઈ ચુક્યા છે તે બધાએ ભારે શીલવ્રત ધાર્યું હતું. શીલવ્રતરૂપી તપ વિના કોઈ મહાન સમર્થ થયા નથી. ૧૩. જે કોઈ ઈશ્વર છે તે શીલવ્રતરૂપી તપ છે. બ્રહ્મચર્ય સહુથી વિશેષ સમર્થ છે અને સહુનું મૂળકારણ છે. ૧૪. વગર કારણે કોઈ દિવસ કોઈ શીલવ્રતને રાખે નહિ. કેટલાક ઘણા વિશાલ બુદ્ધિવાળા હોવા છતાં પણ તેનાથી શીલવ્રત રહેતું નથી. ૧૫. દેવતાઓ મહાસમર્થ છે છતાં શીલવ્રત પાળવું તે તેમને માટે પણ કઠણ છે. હા, જ્યારે તપ કરવું હોય ત્યારે તેટલો સમય તેઓ શીલવ્રતને રાખે છે. ૧૬.

કરોડો રીતે કોઈ તપ કરે, ક્યારેય લગારે પણ અન્ન-જળ ખાય-પીવે નહિ. પણ તેઓ જો એક શીલવ્રત ન રાખે, તો તેનું કોઈપણ તપ ફળીભૂત થતું નથી. ૧૭. નાનું મોટું ગમે તેવું કામ સિદ્ધ કરવું હોય તો તે શીલવ્રત સિવાય સફળ થાતું નથી. આવા બ્રહ્માંડની જ્યારે રચના કરવાની હોય ત્યારે તે શીલવ્રતથી થાય છે. ૧૮. અને શીલવ્રતનો આવો અમાપ પ્રતાપ છે. સમર્થ પુરુષ સિવાય અન્ય કોઈ આ વ્રત રાખી શકતો નથી. શીલવ્રત કરનારો પુરુષ મનમાં જે ધારે તેનું તે કામ સિદ્ધ થઈ જાય છે. ૧૯. આખું આ બ્રહ્માંડ કહેવાય છે તેપણ શીલવ્રતને આધીન વર્તે છે. સ્વામિનારાયણના શિષ્યો, જે ત્યાગી અને ગૃહસ્થો છે, તે બધા શીલવ્રતથી યુક્ત રહે છે. આવું વર્તન રાખનારા આજે બીજા કોઈ મતમાં નથી. આજે સત્સંગીઓએ શીલવ્રતની દૃઢતા કરીને જીત્યા વગર જ સર્વે

મતપંથીઓને જીતી લીધા છે. ૨૦-૨૧. આ બધા શીલવ્રત ધારી છે એટલે તેમને નમસ્કાર કરવામાં કાંઈ બાધ-દોષ નથી. શ્રીહરિ જ્યારે રાજમાર્ગમાં ચાલ્યા આવતા હતા ત્યારે બધા જૈન વણિકો આવી વાતો કરતા હતા. ૨૨.

શ્રીહરિ જ્યારે રાજાના દરબારગઢને નજીક પહોંચ્યા ત્યારે તે સાંભળીને રાજા હરિસિંહજી તુરંત દોડીને શ્રીહરિની સન્મુખ આવ્યા. જ્યારે શ્રીહરિ હાથીએથી ઊતર્યા ત્યારે રાજા શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ૨૩. શ્રીહરિએ તેમને હાથ પકડીને ઊભા કર્યા અને કુશળ સમાચાર પૂછ્યા. તેમણે દીવાનખાનું ખૂબ જ શણગાર્યું હતું. રાજાએ તેમાં શ્રીહરિને પધરાવ્યા. ૨૪. ઘનશ્યામ શ્રીહરિને સોનાનાં સિંહાસન ઉપર પધરાવ્યા. મૂર્તિ ઘણી જ મનોહર હતી જેને દેખીને કરોડો કામદેવ પણ લજ્જિત થઈ જાતા હતા. ૨૫. રાજાના દીવાન, કારભારીઓ અને જેટલા ભાયાતો હતા તે બધા આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. કોઈ બાકી રહ્યા નહિ. ૨૬. ત્યાં રાજકુંવર આવ્યા. તે શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. તેઓ વિવિધ પ્રકારના થાળ ભરીને ઘણો જ પૂજાનો સામાન લાવ્યા. ૨૭.

રાજાએ ઘણા અમૂલ્ય સોનેરી વસ્ત્રો શ્રીહરિને ઓઢાડ્યાં અને અનુપમ કેસરયુક્ત ચંદન શ્રીહરિનાં વિશાળ લલાટમાં ચરચ્યું. ૨૮. અનેક પ્રકારના ફૂલહાર, અપાર બાજુબંધ અને તોરા શ્રીહરિને પ્રેમથી ધરાવ્યા. કારણ કે રાજા બધી સદાચારની રીતને જાણતા હતા. ૨૯. જેમાં જેવો ધર્મ સાંભળ્યો હોય તેનું તેવું સન્માન રાજા કરતા હતા. તેમણે શ્રીફળ, મેવા અને મીઠાઈ પુષ્કળ મગાવીને હરખભેર શ્રીહરિ આગળ ધરાવ્યા. ૩૦. આ અમૂલ્ય અવસર આવ્યો છે આવું વિચારીને શ્રીહરિની સાથે જે સંતો હતા તે બધાની પૂજા ચંદન-પુષ્પાદિકે કરીને કરી અને એક એક સારું વસ્ત્ર ઓઢાડ્યું. ૩૧. શ્રીહરિની સાથે જે દરબારો હતા તે બધાને પણ એકેક ચકમો (ઊની ધાબળો) ઓઢાડ્યો. બંને વર્ણીઓને માટે સારા પીતાંબર મગાવીને તેમને ઓઢાડ્યા. ૩૨. પછી દરેક પાર્ષદોને પણ વસ્ત્ર ઓઢાડ્યા. રાજા હરિસિંહજીએ તે સમયે બધાને એકેક ફૂલહાર પહેરાવીને વિધિસર પૂજા કરી. ૩૩.

પછી રાજાએ બંને હાથ જોડીને દીનભાવે શ્રીહરિની સ્તુતિ કરતા કહ્યું, "હે નાથ ! આપ સમગ્ર રાજાઓના અધિપતિ મહારાજા છો પણ કોઈથી આજ ઓળખાતા નથી. ૩૪. જેમ શિયાળના ટોળાં સિંહની નજીક આવી શકતાં નથી પણ ભાગે છે તેમ આપના સદ્ધર્મથી મતપંથીઓના ટોળાં ભાગે છે, નજીક આવી શકતાં નથી. ૩૫. આજ આપે સિંહના જેવા શૂર બનીને ધર્મને ધાર્યો છે, પ્રવર્તાવ્યો છે. તેને દેખીને મતપંથીઓ ચૂપ થઈ ગયા છે. મતપંથોમાં પણ જેઓ વિવેકી છે તેઓ એકેએક આપની પ્રશંસા કરે છે. ૩૬.

જેઓ ધર્મને લોપીને ચાલે છે, જેને બધી જાતના ફેલ ગમે છે અને જેઓ વ્યસનોથી ભરપૂર છે તેઓ આપની નિંદા કરતા હોય છે. ૩૭. જગતમાં જેટલી કામિનીઓ (સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી) છે તે બધી સ્ત્રીઓ પતિવ્રતા નારીની નિંદા સહજ સ્વભાવે કરતી જ હોય છે. ૩૮. તે રીતે જ આ દુનિયામાં જે લોકો ધર્મહીન છે તે બધા મલિન છે. એટલે આપને ધર્મ સંપન્ન ધર્મધુરંધર દેખીને નિંદા કરતા હોય છે. ૩૯. રાજા હરિસિંહજીનું વચન સાંભળીને શ્રીહરિ બોલ્યા, હે રાજન્ ! તમે બધું જાણો છો. જે સ્વયં નિષ્પાપ હોય તેને નિષ્પાપી લોકો ગમે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'લીંમડીના વણિકોએ સત્સંગના શીલવ્રત આદિની પ્રશંસા કરી' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૦

શ્રીહરિ લીંબડીથી ભલગામડા અને ઘાંઘરોટી થઈને શિયાણી પધાર્યા

શ્રીહરિનો પ્રતાપ જોઈને રાજાના બધા ભાયાતો, દીવાન અને કારભારીઓ એ બધાએ મળીને શ્રીહરિની પૂજા કરી. ૧. લીંબડીના રાજા હરિસિંહજીને શ્રીહરિએ ઉપર કહ્યા પ્રમાણે રાજી કર્યા. પછી ત્યાંથી તત્કાળ ચાલતા થયા. આવીને હાથી ઉપર બેઠા. તે વખતે શ્રીહરિના હાથમાં રૂમાલ હતો. ૨. ડંકા અને જરિયાની નિશાનોએ સહિત રાજાની જેટલી સવારી હતી

તે બધી શ્રીહરિને વળાવવા માટે સાથે ચાલી. તે સમયે આગળના ભાગમાં વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૩. ગામમાં જેટલા હરિભક્તો હતા તેમણે શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરી. જેને જેટલો ભાવ હતો, તે પ્રમાણે તેમણે ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી. ૪. જ્યારે સહુ હરિભક્તો પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ ગામથી બહાર નીકળ્યા. બધા હરિભક્તો સાથે હતા. ગામના લોકોનો પણ કોઈ પાર ન હતો. ૫.

લીંબડીથી થોડા દૂર ગયા ત્યારે સુખકારી શ્રીહરિએ મનમાં વિચાર્યું. પછી હાથીને બેસાડ્યો અને તે વખતે તેના ઉપરથી પોતે નીચે ઊતરી ગયા. ૬. શ્રીહરિને વળાવવા માટે જે સવારી આવી હતી તે બધાને પ્રસાદી આપી સહુને રાજી કર્યા. જેનું જેવું સન્માન કરવું જોઈએ તેનું તેવી રીતે ભગવાન શ્રીહરિએ બધાનું સન્માન કર્યું. ૭. શ્રીહરિએ જ્યારે આવી રીતે પ્રસાદ અને સન્માન વગેરે કર્યું ત્યારે બધા રાજી રાજી થઈ ગયા. પછી બધા હરિભક્તોને પણ શ્રીહરિએ પાછા વાળ્યા અને તે પછી પોતે અશ્વ ઉપર સવાર થયા. ૮. સવારી અને હરિભક્તો, બધા ભલગામડાથી પાછા વળ્યા. લીંબડી નરેશના ભાઈ ભલગામડામાં રહેતા હતા. ૯. તેને શ્રીહરિ ઉપર ઘણો પ્રેમભાવ હતો. તેઓ તરત જ ત્યાં દર્શન કરવા આવ્યાં. જ્યારે જ્યારે શ્રીહરિ આ રસ્તે નીકળતા ત્યારે ત્યારે **ભલગામડા**માં બે ઘડી પણ ઉતારો કરતા. ૧૦.

શ્રીહરિ ભલગામડાથી ચાલ્યા તે **ઘાંઘરોટી** ગામ પહોંચ્યા. ત્યાંથી એક કોશ જેટલું ચાલ્યા હશે, ત્યાં રસ્તામાં 'ભોગાવો' નદી આવી. ૧૧. શ્રીહરિ કેટલીએ વાર ભોગાવામાં નાહ્યા છે. અને સાથેના બધા સંતો પણ ભોગાવો નદીમાં નાહ્યા છે. ઘણીવાર ભોગાવાનું પાણી પીધું છે અને તેને કિનારે ઘણીવાર ટીમણ પણ કર્યું છે. ૧૨. શિયાણી ગામના વિપ્ર શિવરામ ભટ્ટ ઝાલાવાડના હરિભક્તોમાં શિરોમણિ ગણાતા હતા. ૧૩. તે સિવાયના બીજા પણ હરિભક્તો જે શિયાણી ગામમાં રહેતા હતા. તે બધા મનમાં ઘણા જ હરખાઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૪. જેટલા હરિભક્તો હતા તે બધા ભોગાવો નદી સુધી સન્મુખ આવ્યા. બધા શ્રીહરિના પગમાં પડ્યા અને જે શ્રીફળ લાવ્યા હતા તે આગળ ધર્યાં. ૧૫.

પછી ત્યાંથી ચાલ્યા. **શિયાણી** ગામ આવ્યા. ત્યાં નજીકમાં જ તળાવ હતું. મશાલોનું અજવાળું ઘણું હતું. ઢોલ અને ત્રાંસા વગેરે વાજિંત્રો વાગતાં હતાં. ૧૬. ડંકા અને નિશાન વગેરે સાથે હતા. તુરાઈ, ભેરી અને શરણાઈ આદિ આનંદદાયક વાજિંત્રો વાગતાં હતાં. તેની શોભા બધે વ્યાપી ગઈ હતી. ૧૭. શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે અશ્વ બધા સોનેરી સાજથી શોભતો હતો.

❋ મૂર્તિવર્ણન :

શ્રીહરિએ પણ શરીરે જે વસ્ત્ર પહેર્યાં હતાં તે બધા સોનેરી અને દેદીપ્યમાન હતા. ૧૮. હાર, તોરા, બાજુબંધ, કડાં, સાંકળાં, પહોંચી અને કમર ઉપરનો કંદોરો એ બધાં ઘરેણાં સોનાનાં ધાર્યાં હતાં. ૧૯. કાનોમાં કુંડળ પણ સોનાના જ હતાં. મતવાલો શિરપેચ મસ્તકે બાંધ્યો હતો. તેના ઉપર વિવિધ પ્રકારના નંગોથી જડેલી કલગી અત્યંત શોભતી હતી. ૨૦. જેમાં મોતી જડેલાં હતાં એવા જરિયાની છોગાની શોભા તો અદ્‌ભુત રીતે છવાઈ ગઈ હતી. એક હાથમાં મોતી ભરેલી છડી અને બીજા હાથમાં રૂમાલ ધાર્યો હતો. લલાટમાં કેસરયુક્ત ચંદનનું રૂપાળું તિલક કર્યું હતું. ૨૧. ચરણોમાં ઝાંઝર અને મોતીજડિત સોનેરી મોજડીઓ પહેરી હતી. અશ્વને માથે મોરકલગી હતી, જે નવરંગી સુશોભિત લાગતી હતી. ૨૨. બંને બાજુ સોનેરી ચામર ઢળી રહ્યાં હતાં, તે સમયે શ્રીહરિ મુખથી મરક મરક હસી રહ્યા હતા.

શ્રીહરિની સાથે બીજા જે બધા અશ્વ હતા તે વિચિત્ર રીતે શણગારેલા હતા. ૨૩. અશ્વોના બધા શણગાર સોનાનાં હતાં. જેનું વર્ણન કર્યે પાર આવે તેમ નથી. જ્યારે સવારી શિયાણી ગામમાં આવી ત્યારે ત્યાં મશાલો ઘણી કરેલી હતી. ૨૪. ગામનો ઉગમણો દરવાજો અપાર શોભતો હતો. શ્રીહરિ જ્યારે પધાર્યા ત્યારે વિચિત્ર સાધનોથી શોભાડ્યો હતો. ૨૫. પુરની અંદરનો રાજમાર્ગ સારી રીતે શોભાડ્યો હતો. હરેક ભવનને દરવાજે મોતીનાં તોરણ બાંધી દીધાં હતાં. ૨૬. બધી બજારોમાં કેળાની લૂમવાળા કેળના સ્તંભ રોપાવી દીધાં હતાં. મોતીથી ચોક પુરાવીને ધૂપ તથા દીપ કરાવી દીધા હતા. ૨૭. પુરના જેટલા મનુષ્ય હતા તેઓ બધા હાથમાં શ્રીફળ લઈને

આવ્યા હતા. બજારમાં ઘણી ભીડ થયેલી હતી. સહુ શ્રીહરિને પૂજતા હતા. ૨૮. બજારમાં જે દુકાનો અને રહેણાકના ભવનો હતાં તે બધાં બબ્બે ત્રણ ત્રણ માળનાં ઊંચા હતા અને સહુની ઊંચી ઓશરીઓ હતી. તે બધા ઉપર લોકોની ઠઠ જામી ગઈ હતી. ૨૯. પુરની બધી સ્ત્રીઓ સારાં આભૂષણો પહેરીને ભવનના ગોખ, રવેશ અને અટારીઓ ઉપર ચઢીને ઊભી હતી. તેઓ મોતીના થાળ ભરી ભરીને ધર્મકુમાર શ્રીહરિને ભક્તિભાવથી વધાવતી હતી. ૩૦. શ્રીહરિની મૂર્તિનાં દર્શન થવાથી લોકોમાં અતિશય આનંદ થયો. તેઓ બોલતા કે જ્યારથી જનોએ બહુ જન્મ લીધા છે ત્યારથી આરંભીને આજ સુધી આવો આનંદ ક્યારેય થયો નથી. ૩૧.અમારાં ચિત્તની વૃત્તિ અત્યંત શુદ્ધ થઈ ગઈ છે. હવે પરમેશ્વર શ્રીહરિ સિવાય અન્ય કોઈ વસ્તુમાં સાર દેખાતો નથી. ભગવાન સિવાયના પદાર્થમાત્ર અતિ વિઘ્નરૂપ દેખાય છે. ૩૨. અમારું મન નેત્રની વૃત્તિ દ્વારા શ્રીહરિની મૂર્તિમાં ચોંટી ગયું છે. હવે જ્યાં જ્યાં નેત્રની વૃત્તિ ફરે ત્યાં ત્યાં નેત્રવૃત્તિ આગળ શ્રીહરિની મૂર્તિ જ દેખાય છે. ૩૩. આ રીતે શ્રીહરિ પોતાના ભક્તોને દર્શન આપતા હતા અને હરખભર્યે હૈયે ગામની બજારમાં ચાલ્યા આવતા હતા.

ભક્ત પ્રતિપાલક શ્રીહરિ શિવરામ ભટ્ટને ઘેર આવ્યા અને તત્કાળ હાથી ઉપરથી નીચે ઊતર્યા. ૩૪. ત્યાં નવરંગ પલંગ બિછાવી દીધો હતો. તેના ઉપર રંગભીના શ્રીહરિ બેઠા. શ્રીહરિની સાથે જે સંતો અને દરબારો હતા તેમને પણ ઉતારો કરાવ્યો. ૩૫. શિયાણી ગામની ફરતા બીજા ગામના જે હરિભક્તો હતા તેપણ તરત જ ત્યાં આવી પહોંચ્યા. તે બધા હરિભક્તો ‘શ્રીહરિ ત્રિવિધ તાપો અને તમામ દુઃખો નાશ કરે છે’ એમ માનીને તેમના ચરણમાં નમી પડ્યા. ૩૬. સહુ એક એક શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિની પાસે ભેટ મૂક્યાં. અખિલ ભુવનના નાથ અવિનાશી પ્રભુએ સહુને ઘણા હેતથી બોલાવ્યા. ૩૭. જેવા શ્રીહરિએ સહુને પ્રેમથી બોલાવ્યા તેવી જ તે સહુના ચિત્તની વૃત્તિ તે મૂર્તિમાં ચોંટી ગઈ. તેથી તેમને કોઈને પોતાનાં શરીરનું પણ ભાન રહ્યું નહિ. ૩૮. શ્રીહરિ તે સમસ્ત હરિભક્તોની સામે જોઈને મરક મરક

હસવા લાગ્યા. બરાબર તે જ વખતે ત્યાંના ગામધણી દરબાર ત્યાં આવ્યા. શ્રીહરિએ તેમને સમાધિસ્થ બધા ભક્તો દેખાડ્યા. ૩૯. અને કહ્યું કે, આવી ભક્તોની સ્થિતિને જોઈને ભિક્ષાવૃત્તિ કરનારા વિપ્રો અને ભેખધારીઓ સહુ અમને ઘેર ઘેર જાદુગરા કહેતા ફરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ લીંમડીથી ભલગામડા અને ઘાંઘરોટી થઈને શિયાણી પધાર્યા' એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૧

શિયાણીમાં દરબારના મુખે આસુરી અને દૈવી જીવની વાત સાંભળી

ગામધણી દરબારે શ્રીહરિનો અત્યંત પ્રતાપ જોયો. પછી બે હાથ જોડી ચરણોમાં માથું નમાવી પગે લાગ્યા અને બોલ્યા, ૧. "આપ સાચા જાદુગર છો. આપના સમાન અન્ય કોઈ નથી. બીજાનો જાદુ મલિન હોય છે, પણ આપનો જાદુ અતિશય શુદ્ધ છે. ૨.

⁕ શ્રીહરિની મોટાઈ :

આપ અનંતકોટિ બ્રહ્માંડોની રચના કરો છો અને તેનો પ્રલય પણ કરો છો. આપની માયા-શક્તિ અનંત છે. તેનો કોઈ પાર પામી શકતા નથી. ૩. બ્રહ્માની માયા (શક્તિ) પણ અપાર છે, છતાં તે આપની માયા (શક્તિ)ને કળી શક્યા નહિ. શિવ અને ઈન્દ્રાદિ જગતનો આધાર છે છતાં તેઓ પણ આપની લીલાને જોઈને ભૂલા પડ્યા છે. ૪. આપ સદા દિવ્ય ધામમાં વિરાજો છો અને અનંત દિવ્ય શક્તિઓને ધારી રહ્યા છો. આપ એક મૂર્તિ હોવા છતાં પણ અનંત બ્રહ્માંડોમાં અનેકરૂપ થઈને દેખાઓ છો. ૫.

જ્યાં જે ભક્તની જેવી ઈચ્છા હોય ત્યાં આપ તેવી મૂર્તિરૂપે દર્શન આપો છો. આપ સદા, સર્વદા, સર્વકાળમાં એકરૂપે રહો છો. આપની આ મૂર્તિને ક્યારેય જન્મમરણ હોતું નથી. ૬. જે અજ્ઞાની લોકો કહેવાય છે,

તે બધા આપનાં જન્મને અને મૃત્યુને દેખાડે છે. આપમાં તો એવી અપાર માયા (શક્તિ) છે તેથી આપનો કોઈ પાર પામી શકતા નથી. ૭. અર્જુન નરનો અવતાર કહેવાય છે, તેણે મહાભારતમાં વારંવાર કહ્યું છે કે, હું આપની માયાનો પાર પામી શકતો નથી. વળી બળદેવજી શેષનો અવતાર હોવા છતાં તેઓ આપની માયાના પારને પામી શક્યા નથી. ૮. આપનો પ્રતાપ તો આપ જેટલો જણાવો એટલો કાંઈક થોડા અંશે જણાય છે. આપની માયા (શક્તિ) અનંત પ્રકારની છે તે મોક્ષને આપનારી છે અને પાપોનો પણ નાશ કરનારી છે. ૯. તે માયા દૈવી અને આસુરી બે પ્રકારની છે. તે બંને આપની શક્તિઓ છે. દૈવી જીવ દૈવી ગુણોને લે છે અને આસુરી જીવ આસુરી ગુણોને લે છે. ૧૦.

✵ આસુરીના લક્ષણો :

જે મનુષ્ય આસુરી માયાને સેવે છે, તે જન્મ-મરણરૂપ સંસૃતિને પામે છે અને સ્વર્ગ, મર્ત્ય અને પાતાલ એ ત્રણે લોકોમાં ભટક્યા કરે છે, તેનો અંત આવતો નથી. ૧૧. તે લખચોરાશીમાં અને જમપુરીમાં વારંવાર દુઃખોને પામે છે, છતાં પણ તેને તેનું ક્યારેય જ્ઞાન થાતું નથી. દુઃખ ભોગવીને જ અનંત જન્મોને ખુએ છે. ૧૨. તે દુઃખમાં પણ 'અત્યંત સુખ છે' એમ માનીને સંસારમાં ભટકે છે. તે ગમાર જીવ 'સંસારના સુખ જેવું બીજું કોઈ સુખ છે' એવું માનતો જ નથી. ૧૩. આસુરી જીવ સુખને (મોક્ષને) દુઃખરૂપ કહે છે અને તેને પાખંડ કહે છે. વાસ્તવમાં સ્વયં તે પાખંડને સ્વીકારીને અહીંયા-ત્યાં દંડ ભરતો રહે છે. ૧૪. દેવનો ચોર આસુરી જીવ અનેક દેહ વારંવાર ધારીને આ લોકમાં અને પરલોકમાં ઠેકઠેકાણે દંડ ભરતો રહે છે. ૧૫.

તે આસુરી જીવ જે સુખને ચાહે છે તે ધન વિના કાંઈ મળતું નથી. કેટલોએ ઉત્પાત કરે છતાં મન ચાહી ધનની પ્રાપ્તિ કોને થાય છે ? ૧૬. અનેક ઉત્પાત કરીને કદાચ ધનને મેળવે, તોપણ તે સન્માર્ગે વપરાતું નથી. તે કુમાર્ગને જ સન્માર્ગ માનતો હોય છે. ૧૭. તે અપાર ધનને કુમાર્ગે ખરચી નાખે છે અને તેનાથી દુઃખનો નિકાલ ક્યારેય થતો નથી. અને તેમ છતાં પણ તેને દુઃખનો અભાવ આવતો નથી. તે આસુરી જીવ આવા કહેવાય છે. ૧૮.

❋ દૈવી જીવનાં લક્ષણો :

જે દૈવી જીવ છે તે આપની દૈવી માયા (શક્તિ)ને સેવે છે. તેનાં જન્મ મરણનાં દુઃખોનો નાશ થઈ જાય છે. તેને સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રિલોકીના ઉત્તમ સુખો પણ રોગ અને મૃત્યુ જેવાં દુઃખરૂપ ભાસે છે. ૧૯. તે લખચોરાશીમાં અને જમપુરીમાં જાતો નથી. પરંતુ આપના દિવ્ય ધામને પામે છે. તે દુઃખમાં ક્યારેય સુખ માનતો નથી. તેથી તે આ ભવસાગરમાં ભટકતો નથી. ૨૦.

ચોપાઈ :

संसार में सुख देखत जेता, दुःखदायक अति मानत तेता;
संसार के सुख दुःखकर केवे, एसे संतकुं प्रीत करी सेवे...२१
संसार के सुख सत्य बतावे, पाखंड जानी तेहि निकट न जावे;
पंचविषय में आसक्त जाहि, तेहि संग नेह न करत ताहि...२२

દૈવી જીવ સંસારનાં જેટલાં સુખ હોય તે બધાને અતિ દુઃખદાયક માને છે. જે સંત સંસારનાં સુખોને દુઃખરૂપ કહેતા હોય તેવા સંતને દૈવી જીવો પ્રેમથી સેવે છે. ૨૧. જે લોકો સંસારનું સુખ સત્ય બતાવતા હોય તેને પાખંડ જાણીને દૈવી જીવ તેની પાસે જાય નહિ. જે માયિક પંચવિષયોમાં આસક્ત રહેતા હોય તેની સાથે સ્નેહ કરે નહિ. ૨૨.

सहज स्वभाव करे निर्वाहा, हरि में सुख जेहि जाने अथाहा;
आत्मसुख लाभ ताको हे नामा, एसो न सुख मानत कोउ धामा...२३

તે સહજ સ્વાભાવિક રીતે દેહનો નિર્વાહ કરે અને એક ભગવાનમાં જ અથાગ સુખ માને છે. ભગવાનનાં સ્વરૂપનું જે સુખ તેનું જ બીજું નામ ‘આત્મસુખલાભ’ છે. આવું સુખ બીજા કોઈ ધામમાં માને નહિ. ૨૩. તે આત્મસુખલાભને અખૂટ ધન માને છે અને તેને જ સદા નિર્ભય સુખ માને છે. કુપાત્રને દાન દેવામાં આવે તો તે દાનથી અનેક પ્રકારના પાખંડ-પાપ કરે છે. માટે તે દૈવી જીવ સત્પાત્રને જોઈને દાન કરે છે. ૨૪.

જે દૈવી જીવ છે તે દિનપ્રતિદિન વધારે દૈવતને મેળવે છે. અને તે પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષના લોક સુધીનાં સુખમાં ક્યારેય ક્યાંય

બંધાતો નથી. ૨૫. આત્મલાભરૂપ જે શ્રીહરિની મૂર્તિનું સુખ તેનો તે વિચાર કરે છે અને ભગવાનના સુખ સિવાય બીજા સુખના પાસંગમાં તે તલભાર પણ લેવાતા નથી. ૨૬. આવા જે દૈવીજન છે તે જ સાચા છે અને તેની આ કહી તેવી રીત જ સાચી છે. પરંતુ જે અધકચરા જ્ઞાની થયા હોય તે જ્ઞાનની ઓથે પેટ ભરતા હોય છે." ૨૭. આવી બધી વાત સાંભળીને શ્રીહરિ મંદમંદ હસવા લાગ્યા અને દરબારને કહ્યું કે, "અત્યંત ઉત્કૃષ્ટ યથાર્થ આવું જ્ઞાન તમને ક્યાંથી પ્રાપ્ત થયું ?" ૨૮. ત્યારે દરબારે કહ્યું, "હું હરિભક્તોનો સત્સંગ કરતો રહું છું. શિવરામ ભટ્ટે મને સાચા જ્ઞાનનો રસ્તો બતાવ્યો છે. અને તેના પ્રતાપથી જ મને આ સાચી સમજણ મળી છે. ૨૯. આપના સત્સંગ-માર્ગ સિવાય જેટલા પંથ ચારે ધામમાં ચાલે છે તે બધા કામ, ક્રોધ અને લોભરૂપ મહાન ચોરોથી ભર્યા છે. તે ચોરો શાહુકાર બનીને ઠેકઠેકાણે વસી ગયા છે. ૩૦. સિંહ જેવા ક્રૂર હોવા છતાં સાધુનો વેશ રચીને મોટા મોટા શહેરોમાં વસી ગયા છે. તેમાં પણ રાજાઓની ઓથ મળી ગઈ છે, તેથી મોટા મોટા મહેલો-મંદિરો બનાવીને બેઠા છે. ૩૧. તેમાં રામ અને લક્ષ્મણ આદિને પધરાવી દે છે. તેથી ત્યાં દર્શન કરવા હજારો નરનારીઓ આવે અને તેમના સંપર્કમાં કોઈ લગારે દોષ માનતા નથી. ૩૨.

ત્યાં ભક્તમાળનું જ્ઞાન આપવામાં આવે છે. મુખ્યપણે નરને નારીનું દાન કરવાનું કહેવાય છે. પરોક્ષ ભક્તોનું ઉદાહરણ આપીને કહે છે કે જ્યારે આવા થશો ત્યારે મોક્ષ મળશે. ૩૩. વળી કહે છે કે જે નવધા ભક્તિ કરવામાં આવે છે તેનું ફળ 'પ્રેમલક્ષણા' ભક્તિ છે. જેને પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત થાય તેને કલ્યાણ માટે કાંઈ પરિશ્રમ કરવો પડતો નથી. ૩૪. પુરુષનું હૃદય ઘણું કઠોર હોય છે. તેમાં પ્રેમનું ફળ ક્યારેય પાકતું નથી. અને નારીનું હૃદય માખણ જેવું કોમળ હોય છે. તે હૃદયમાં પ્રેમ સત્વરે ઊપજે છે. ૩૫. 'જે પ્રેમ છે તે જ ખરેખર ભગવાનનું સ્વરૂપ છે.' આવું સમજવું તે અત્યંત ગુહ્ય અને અજોડ જ્ઞાન છે. આ પ્રદેશમાં જેટલાં નગર છે ત્યાંનું રાજ્ય રાણીઓ જ કરે છે. ૩૬.

તે રાણીઓ આડંબરી નકલી સાધુઓને દેખીને તેની શિષ્યા થઈ જાય છે. તેણે ક્યારેય સાચા સાધુને તો સાંભળ્યા જ ન હોય, કદાચ સાંભળ્યા હોય તોપણ તેને નકલી સાધુઓએ ખરાબ દેખાડ્યા હોય, એટલે તે અસલી-સાચા સાધુઓને દેખીને ગુસ્સે થવા લાગે છે. કારણ કે નકલી સાધુઓએ તે રાણીઓને તેવો જ બોધ આપ્યો હોય છે. ૩૭-૩૮. અરે ! કોઈ જગ્યાએ તો તે ભેખધારીઓ રાણી દ્વારા રાજ્ય કરતાં હોય, એવું પણ દેખાય છે." ત્યારે શ્રીહરિ એવું બોલ્યા, "સમર્થની કોઈ વાત ન કરાય. ૩૯. અને જો વાત કરવામાં આવે તો તેમાં એટલું જરૂર થાય કે ક્યારેક તેમાં કોઈનું મોત થાય. તેથી અમે અગમબુદ્ધિ પહોંચાડીને તેનાથી દૂર રહીએ છીએ." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શિયાણીમાં દરબારના મુખથી આસુરી અને દૈવી જીવનાં સ્વરૂપ સ્વભાવની વાત સાંભળી' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૨

શિયાણીમાં 'સ્વામિનારાયણ' નામનો મહિમા કહ્યો

તે સમયે મુકુંદાનંદ વર્ણી શ્રીહરિને બોલાવવા માટે આવ્યા. કૃપાળુ શ્રીહરિ તરત જ જમવા માટે ઊઠ્યા. ૧. અવિનાશીએ એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢી લીધું. ચરણોમાં ચાખડીઓ પહેરી અને ઘણા ઉત્સાહથી ચાલ્યા. ૨. જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં ઉમંગભેર આવ્યા. હાથમાં રૂમાલ લીધો હતો. ત્યાં આવીને શ્રીહરિએ પાણીથી કરચરણ ધોયા. ૩. તરત જ વર્ણીએ એક બીજા રૂમાલથી ચરણોને લૂછ્યા. કૃપાળુ બાજોઠ ઉપર બેઠા અને એક બીજા બાજોઠ ઉપર બધો થાળ ધરાવ્યો. ૪. સાકરનો કંસાર બનાવ્યો હતો અને તેમાં તાજુ ઘી ઘણું નાખ્યું હતું. પૂરી, રોટલી અને લાડુ પણ કર્યા હતા. વિવિધ પ્રકારનાં શાક હતાં તે આગળ ધરાવી દીધાં. ૫. પૂડલાં, પૂરણપોળી, ફાફડાં, બિરંજ, ભજિયાં અને વડાં એ બધાનાં થાળ ભરીને આગળ ધરાવ્યાં ત્યારે જનપ્રતિપાલક શ્રીહરિ બધું જમવા લાગ્યા. ૬.

શ્રીહરિ બોલ્યા, "અન્નકોટની જેમ ભોજન તો ઘણી જાતના કર્યા છે. આટલું બધું કોણે તૈયાર કર્યું ? અમારી સાથે તો આ વર્ણીઓ બે જ છે. ૭. એક વર્ણી રસોઈ બનાવે છે અને બીજા તો ઉપરથી તેમને મદદ કરે છે." ત્યારે વર્ણીએ હાથ જોડીને કહ્યું, "મહારાજ ! વિપ્રો ઘણા જોરદાર છે. તેમણે બધી રસોઈ બનાવી છે. ૮. અહીંયા બ્રાહ્મણ હરિભક્તો ઘણા છે. તેઓ જાતજાતની રસોઈ બનાવી જાણે છે. રસોઈ બનાવવામાં તેમને ઘણો ઉત્સાહ છે, તેમણે અમને કહ્યું 'આવો લાભ અમને ફરીવાર ક્યાંથી મળે ?' ૯. રસોઈમાં કાંઈ ખામી ન રહે, તેમ અમે તો માત્ર સંભાળ રાખતા હતા. શિવરામ ભટ્ટને ભાવ ઘણો જ હતો. આ બધી રસોઈ તેમણે જ બનાવી છે." ૧૦. બહુનામી શ્રીહરિ આટલી વાત પૂછીને જમવા લાગ્યા. બધા રસદાર ભોજન જમી રહ્યા ત્યારે જમવા માટે દૂધ, ભાત અને સાકર લીધાં. ૧૧. દૂધ અને ભાત જમી રહ્યા પછી જળથી હાથ ધોયા અને મુખકમળ ધોયું. પછી પ્રેમથી અબખોરામાંથી પાણી પીધું. ૧૨. રૂમાલથી બંને હાથ લૂછ્યા અને પછી મુખવાસ લીધો.

સુખધામ શ્રીહરિએ સર્વે સંતોને અને દરબારોને જમવા માટે બોલાવ્યા. ૧૩. તાવી ગામના દરબાર અખાભાઈ ઘણા ધીર-ગંભીર સત્સંગી હતા. બળવીર શ્રીહરિએ કરુણા કરીને થાળની પ્રસાદી તેમને આપી. ૧૪. સંતોને અને દરબારોને પીરસીને શ્રીહરિ આવ્યા અને પલંગ ઉપર બેઠા. પછી કોઈ હરિભક્ત જમ્યા વિના બાકી રહી ગયા નથીને ? એમ સહુની ખબર કઢાવી. ૧૫. સંતો અને દરબારો જમીને આવ્યા અને બધા શ્રીહરિની પાસે બેઠા. તે સમયે ઈન્દ્ર પણ રાજી થઈને એકધારો વરસાદ વરસાવવા લાગ્યા. ૧૬. તે વખતે વરસાદનો આવો જોરદાર આરંભ જોઈને શ્રીહરિ બોલ્યા, "આ વરસાદ ઘણો આવ્યો એટલે શ્રીનગર-અમદાવાદ જવાની વાત તો હવે બંધ રહેશે. ૧૭. હવે આપણે મેથાણ જઈએ અને ત્યાં થોડા દિવસ રોકાઈએ. પછી સોરઠ દેશમાં જઈશું. ત્યાં હંમેશાં સુખ શાંતિ રહે છે." ૧૮.

આટલી વાત કરીને શ્રીહરિએ સંતોની પાસે કીર્તન ગવડાવ્યાં. તે વખતે બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી વગેરે દોકડ અને સરોદ આદિક લાવ્યા. અને મુક્તાનંદસ્વામીએ ગૌડમલાર રાગનાં પદ ગાયાં.

જ્યારે અધરાત થવા આવી ત્યારે શ્રીહરિ પોઢી ગયા. ૧૯-૨૦. નાસિકાના અગ્રભાગ સામે વૃત્તિ ઠેરાવીને બધા સંતો ધ્યાનમાં બેસી ગયા. હરિભક્તો બધા પોતાને મુકામે ગયા. સહુનાં હૃદયમાં ઘણી શાંતિ થઈ હતી. ૨૧. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતોએ 'નારાયણ ધૂન' કરી ત્યારે શ્રીહરિ ઊઠ્યા અને પલંગ ઉપર જ બેસીને ધૂન સાંભળી. તેથી મનમાં અત્યંત ખુશ થયા. ૨૨. સંતોએ જ્યારે ધૂન પૂરી કરી ત્યારે શ્રીહરિ બોલ્યા, "સંતો ! તમે ધૂન તો અહીંયાં કરતા હતા પણ તેના શબ્દથી તો આખી ત્રિલોકી ભરાઈ ગઈ હતી. ૨૩.

चोपाई :

स्वामिनारायण करीके नामा, उचरत जन सब ठाम हि ठामा;
एहि नाम में नाम हि जेता, सब हि आवत रहे हे तेता...२४

दोहा : एहि नाम को जाप ही, करत सब हि आप;
कलिमल कलमश हरन ही, सब पर कीन सो स्थाप...२५

ત્રિલોકમાં ઠામોઠામ સર્વે લોકો આ 'સ્વામિનારાયણ' નામને જ બોલે છે. આ 'સ્વામિનારાયણ' નામમાં ભગવાનનાં બીજાં બધાં નામ આવી જાય છે. ૨૪. આ 'સ્વામિનારાયણ' નામનો જપ અત્યારે સહુ કરે છે. કળિયુગના મળરૂપ પાપોને હરવા માટે આ મંત્રને સહુથી પર સ્થાપન કર્યો છે. અર્થાત્ સ્વામિનારાયણ મહામંત્ર સર્વોપરિ સ્થાપ્યો છે. ૨૫.

અગ્નિ વિનાની કોઈ વસ્તુ નથી. અગ્નિ બધામાં રહ્યો જ છે. છતાં તે બધા અગ્નિ પ્રગટ અગ્નિના જેવા તો નહિ જ. તે રીતે જ બધા નામોમાં પ્રગટ નામ આ 'સ્વામિનારાયણ' છે. ૨૬. જે કાંઈ કામ કરવું હોય તે પ્રગટ સિવાય થઈ શકતું નથી. તે રીતે જ વર્તમાન કળિયુગમાં આ 'સ્વામિનારાયણ' આવું નામ અખંડ પ્રગટ રહ્યું છે. ૨૭.

આ સ્વામિનારાયણ મહામંત્રમાં સર્વે ગુણો પ્રગટ રહ્યા છે. માટે આ મંત્ર ચમત્કારી છે. પણ આ મંત્ર જપવાનો જે પ્રકારે વિધિ હોય તે પ્રકારે જો તેનો ઉપયોગ કહેતાં; જપ કરવામાં આવે તો તે પ્રગટ ગુણરૂપ ચમત્કારનો

લાભ થાય છે." ૨૮. આટલી વાત કરીને બહુનામી શ્રીહરિ ચાલવાની તૈયારી કરવા લાગ્યા. તેટલીવારમાં તો શિવરામ ભટ્ટ તત્કાળ ત્યાં આવી પહોંચ્યા અને પ્રેમરસવાળાં વચન કહેવા લાગ્યા, ૨૯.

❋ શિવરામ ભટ્ટની સમહિમ સ્તુતિ-પ્રાર્થના :

"મહારાજ ! અમને પોતાના ચરણોના દાસ સમજી બે દિવસ અહીંયાં રહો. હે નાથ ! આ ઘર બધાં આપનાં જ છે. હે પ્યારા ! જ્યારે આપ અમને આપો છો ત્યારે અમે ખાઈએ છીએ. ૩૦.

ચોપાઈ :

अनंत ब्रह्मांड के जीव जितना, सबकुं तुम जिवावत तितना;
भरन पोषन करत दिनराति, तुमार सामृथि कही न जाति...३१
एक मूर्ति होईके अनंता, अनंत ब्रह्मांड में बिचरंता;
जन के मनोरथ करत पूरा, दूर रही कर रहत हजूरा...३२

અનંત બ્રહ્માંડોમાં જેટલા જીવો છે તે બધાને આપ જ જિવાડો છો. તેમનું રાતદિવસ ભરણ પોષણ કરવાવાળા પણ એક આપ જ છો. આપનાં સામર્થ્યને કોઈ કહી શકતા નથી. ૩૧. આપ એક મૂર્તિ હોવા છતાં અનંત મૂર્તિ ધારીને અનંત બ્રહ્માંડોમાં વિચરો છો. ભક્તોના મનોરથોને આપ પૂર્ણ કરો છો. આપ દૂર રહ્યા હોવા છતાં નિરંતર પાસે જ રહ્યા છો. ૩૨.

હે નાથ ! આપ અહીંયાં ક્યારેય પધાર્યા નથી, એટલા માટે અમે હાથ જોડીને આપને કહીએ છીએ. આપની આગળ અમારું કાંઈ જોર ચાલે નહિ. અમારે ફરીને આવો જોગ આવશે નહિ. તે આપ વિચારો. ૩૩. હે સુખકારી ! આજ કાલ આવો છો, એમ આપની રાહ જોતાં ઘણા દિવસ નીકળી ગયા." આટલા શબ્દ બોલી રહ્યા તેટલીવારમાં તો તેમની આંખોમાંથી આંસુઓની ધાર વહેવા લાગી. ૩૪. પુરાણોમાં જે સારા વ્રતવાળા ઋષિ કહેવાય છે તેનો આત્મા જ આ શિવરામ ભટ્ટમાં છે, એમ દેખ્યું. પછી શ્રીહરિ હસીને બોલ્યા, "તમે અત્યારે આ રીતે દિલગીર ન થાઓ. ૩૫. અમે આજ

બપોર સુધી અહીંયાં રહેશું. બપોર પછી અમે અહીંથી ચાલશું. જે હરિભક્ત દિલગીર થઈ જાય છે તેને ઘેર ફરીને આવવાનું અમને ગમતું નથી." ૩૬.

આટલી વાત કરીને શ્રીહરિ સંતોને સાથે લઈને સ્નાન કરવા માટે પ્રેમથી તળાવે ગયા. ૩૭. શ્રીહરિએ જંગલ જઈ આવીને સારી રીતે હાથ ધોયા. પછી તળાવને કિનારે બેસીને તાજું રસદાર દાતણ પ્રેમથી કર્યું. ૩૮. સંતોને અને હરિભક્તોને સાથે લઈને શ્રીહરિ તળાવમાં નાહ્યા. શરીર કોરું કરીને ધોતિયું પહેર્યું. પછી મસ્તક ઉપર સુંદર પાઘ બાંધી. ૩૯. કસુંબી રંગનો રેટો ઓઢ્યો. ચરણોમાં ચાખડીઓ પહેરી. આગળના ભાગમાં ઢોલ વાગતા હતા અને શ્રીહરિ આ રીતે પોતાને ઉતારે આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શિયાણીમાં શિવરામ વિપ્રને ત્યાં રહીને સ્વામિનારાયણ નામનો મહિમા કહ્યો' એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૩

શિયાણીનો સત્સંગ અને શિવરામ વિપ્રની સમજણનું રહસ્ય

પછી બધી રસોઈ તૈયાર કરી. સોનાનો બાજોઠ મૂક્યો. તેના ઉપર શ્રીહરિ બેઠા. ત્યારે શ્રીહરિએ પીતાંબર પહેર્યું હતું. ૧. વર્ણી મુકુંદાનંદજીએ ગરમ જળથી હાથ પગ ધોવડાવ્યા. પછી રૂમાલથી કરચરણ લૂછ્યાં. ૨. અત્યંત ચતુર વિપ્ર શિવરામ ભટ્ટે જેટલાં ભોજન તૈયાર કર્યાં હતાં, તે બધાને સોનાનાં થાળમાં ભરીને લાવ્યા. તેને દેખીને શ્રીહરિ ઘણું રાજી થયા. ૩. જેટલાં ભોજન બનાવ્યાં હતાં તે બધાંને ભાવથી જમ્યા. બહાર નીકળીને ટીપાં પડે એટલું ઘી તો લાડુમાં નાખ્યું હતું. ૪.

અનેક પ્રકારનાં શાક બનાવ્યાં હતાં. શ્રીહરિ તેને પ્યારથી જમ્યા. જેટલાં ભોજનોનાં નામ કહેવાય છે તે બધા બનાવ્યાં હતાં અને શ્રીઘનશ્યામ પ્રભુ તે બધાં ભોજન જમ્યા. ૫. દૂધ, ભાત અને સાકરને પણ શ્રીહરિ જમ્યા.

પાપડ અને જેટલાં અથાણાં લાવ્યા હતા તે બધાને પણ જમ્યા. ૬. જ્યારે જમીને તૃપ્ત થયા ત્યારે ધર્મકુમાર ભગવાન શ્રીહરિએ હાથ અને મુખને ધોયાં. રુચિ પ્રમાણે જળપાન કર્યું અને મુખવાસ લીધો. ૭.

❋ ગ્રંથકાર વ્દ્વારા પ્રકટ ઉપાસીના વખાણ :

શ્રીહરિની સાથે જે સંતો, દરબારો અને પાર્ષદો રહ્યા હતા તે બધાને જમવા માટે બેસાડ્યા. પરમ પ્રેમરસથી ભર્યા શ્રીહરિએ સહુને પીરસ્યું. સંતોના અને દરબારોનાં અપાર ભાગ્ય છે કે જેનું વર્ણન કરી શકાતું નથી. ભવ અને બ્રહ્મા પણ તેમનાં ભાગ્યને માટે 'ધન્ય' 'ધન્ય' એમ કહે છે. ૮-૯. શ્રીહરિ ઘણા ભાવથી વારંવાર પીરસતા અને સંતો પણ ભાવથી જમતા.

શ્રીહરિના હાથના પ્રસાદને તો રોજ ભવ બ્રહ્માદિક દેવો પણ ઈચ્છે છે. ૧૦. છતાં તેમને ક્યારેય પ્રસાદ મળતો નહિ. પણ સંતો તો વારંવાર શ્રીહરિના હાથનો પ્રસાદ જમતા હતા. ભગવાને અનંત અવતારો લીધા છે પણ આવો સમય ક્યારેય આવ્યો નથી. ૧૧. કોઈ અવતારમાં આવું સુખ સંતોને ક્યારેય આપ્યું નથી. આ વખતે તો પ્રભુ અઢળક ઢળ્યા છે. આ સમયનું સંતોનું ભાગ્ય વારંવાર જોતા-વિચારતા તો ભવ અને બ્રહ્મા પણ વારે વારે થાકી ગયા. ૧૨.

પૂર્વે થઈ ગયેલા બહુ યુગોના માનવીના ભાગ્યો જોયા, પરંતુ આ સંતોના ભાગ્ય જોતા તો પાર જ આવતો નથી. કેમ જે, એવો આ અવતાર થયો છે. એ વાતને જાણનારા હોય તે જ જાણે છે. જેનાં અલ્પ ભાગ્ય હોય તેને સહજાનંદસ્વામી સાક્ષાત્ શ્રીહરિના રૂપમાં નથી દેખાતા. ભલેને કોટી વર્ષ શ્રીહરિની ભેળો રહે તોપણ શ્રીહરિ તેને કળ્યામાં આવતા નથી. ૧૪. જેને પળમાં નિશ્ચય થાય અને વળી પળમાં મટી જાય એવાને તો જેમ ફૂટલા વાસણમાં ગંગાજળ ક્યારેય ટકતું નથી તેમ શ્રીહરિનો નિશ્ચય ક્યારેય ટકતો નથી. ૧૫. શ્રીહરિએ સંતો જમી રહે ત્યારે શિયાણીથી નીકળી જવાનું મનમાં વિચારી રાખ્યું હતું. એમ ધારીને પલંગ ઉપર રાહ જોતા બેઠા હતા. ૧૬. એક બાજુ હરિભક્તોએ તત્કાળ જમી લીધું.

❋ દરબારની પૂજા :

ગામધણી દરબાર હરિસિંહ જે ઘણા સારા હરિભક્ત હતા તે પૂજાનો સામાન થાળમાં ભરીને પ્રેમથી શ્રીહરિ પાસે લઈ આવ્યા. ૧૭. સોનાના બે કટોરામાં કેસર મેળવેલું ચંદન ભર્યું હતું. વિવિધ પ્રકારના ફૂલહાર, બાજુબંધ અને તોરા વગેરે પુષ્કળ પ્રમાણમાં લાવ્યા. ૧૮. પહેલા કેસરચંદન લીધું. ઘણાં ચાતુર્યથી લલાટમાં તે ચરચ્યું. તે પછી ઘણી કુશળતાથી બીજાં અંગો ઉપર ઠેઠ ચરણકમળ સુધી ચંદન ચરચ્યું. ૧૯. કસ્તૂરી, કપૂર અને અત્તર મેળવેલાં હોવાથી અતિ સુગંધ વ્યાપી ગયો. આવા કુંકુમ અને ચંદનને લઈને પ્રેમરસથી તરબોળ હૃદયવાળા દરબારે લલાટ ઉપર અને ભુજાઓ ઉપર તે ચરચ્યું. ૨૦.

જરી ભરેલા કસુંબલ રેટાથી મસ્તકે પાઘ બંધાવી. મોતીનાં તોરા મસ્તકે લટકાવ્યા. પાઘ ઉપર મોતીનો શિરપેચ બંધાવ્યો. ૨૧. કાનોમાં કુંડળ ધરાવ્યાં અને તેના ઉપર ગુલાબના ગુચ્છ મૂક્યા. ઉજ્જવળ મોતીના હાર છાતી ઉપર ધરાવ્યા અને તેવા જ બાજુબંધ ભુજાઓ ઉપર બાંધ્યા. ૨૨. સિંહના મુખનાં ઘાટવાળા સોનાનાં કડાં કાંડામાં પ્યારથી પહેરાવ્યા. પછી જરિયાની ભારે માંહેલો દુશાલો ઓઢાડ્યો. ૨૩. પછી તે દરબારે કપૂરથી આરતી ઉતારી અને શ્રીહરિનાં ચરણકમળ પોતાની છાતી ઉપર ચાંપ્યાં. ૨૪.

❋ શિયાણીના દરબારની સ્તુતિ :

પછી તેમણે ગદ્‌ગદ કંઠ થઈને અપાર સ્તુતિ કરી. પ્રાર્થના કરતા બોલ્યા કે, “આપની આવીને આવી મૂર્તિ અમારા હૃદયમાં કાયમ રહે. ૨૫.

दोहा : तुमारी तव जन की, अरुचि न कबहु होय;
दिन दिन सत्संग करन हित, प्रीत रहे उर मोय...२६

सोरठा : सत्संग लगे सार, असार रहे जग सुख सब;
मागत वार हि वार, संत समागम रहहु सदा...२७

આપની અને આપના ભક્તોની અરુચિ ક્યારેય થાય નહિ. અમારા હૃદયમાં દિન પ્રતિદિન સત્સંગ કરવામાં પ્રેમ રહે. ૨૬. સત્સંગમાં સાર મનાય અને જગતનું બધું સુખ અસાર જણાય. હું વારંવાર એ માગું છું કે,

"મને સદાય સંતોનો સમાગમ રહે." ૨૭. દરબારે આટલી પ્રાર્થના કરી પછી અતિશય મનમાં આનંદ લાવીને સંતો અને વર્ણીની પૂજા કરવા લાગ્યા. પહેલાં કેસરચંદન ચરચ્યું. ૨૮. જેટલા ફૂલહાર લાવ્યા હતા તે બધા સંતોને અને વર્ણીઓને પહેરાવ્યા. સહુને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. મનમાં મહિમા હોવાથી ઘણો જ ઉત્સાહ હતો. ૨૯.

પછી તેમણે શ્રીહરિને અને સંતોને સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કર્યા. તેના પછી શિવરામ ભટ્ટ આવ્યા અને તેમણે પણ હરખથી શ્રીહરિની પૂજા કરી. ૩૦. પોતાના મનમાં જેટલો ભાવ હતો તેટલો સહુએ લાભ લીધો. શ્રીહરિનાં દર્શન અને સેવા-સમાગમની તરશ ઘણા દિવસથી હતી, તેને શ્રીહરિએ પધારીને સહુને તૃપ્તિ કરાવી. ૩૧.

✵ શિવરામભટ્ટને શ્રીહરિની સર્વોપરિતા સમજાણી :

પરમ બુદ્ધિમાન શિવરામ વિપ્ર ભાગવત અને બ્રહ્મવૈવર્ત પુરાણને સારી રીતે ભણ્યા હતા. તેમાં પણ બ્રહ્મવૈવર્ત પુરાણનો કૃષ્ણજન્મખંડ અને ભાગવત પુરાણનો દશમ સ્કંધ એ બેના ઉપર તેમને અધિક શ્રદ્ધા હતી. ૩૨. તેઓ શ્રીકૃષ્ણનાં સ્વરૂપને સર્વોપરિ જાણતા. તેમનાથી પર કોઈને માનતા નથી. શ્રીકૃષ્ણના અવતાર અનેક થાય છે પણ કૃષ્ણ જેવા તો તે એક જ છે, એમ સમજતા. ૩૩. પણ જ્યારે શ્રીકૃષ્ણની મૂર્તિ ગોલોકમાં જેવી રહી છે તેવી જ શ્રીહરિની મૂર્તિ અહીંયા જોઈ. (ત્યારે તેમને સમાધિ થઈ.) સમાધિમાં બીજા મુખ્ય દસ અને ચોવીશ આદિક જેટલા અવતારો થયા છે, તે બધા જ શ્રીહરિનાં સ્વરૂપમાં લીન થઈ ગયા અને સૌને સુખ દેનારા એક શ્રીહરિ જ રહ્યાં, એવું તેમણે દેખ્યું.

ત્યારે તેમને શ્રીહરિમાં અત્યંત પ્રીતિ થઈ અને ધામસ્થ અને પ્રત્યક્ષ મૂર્તિ તે બંનેમાં એક ભાવ થઈ ગયો. ૩૪-૩૫. તેમને 'સ્વામિનારાયણ' નામમાં અપાર રસ-સાર દેખાયો. પછી તેઓ તે એક જ નામનું ભજન કરતા. 'સ્વામિનારાયણ' નામથી બહાર કોઈ અવતાર તેમને જણાતો નહિ. ૩૬.

જોતા જોતા અનંત પગલાં જોયા, છેવટે હાથીનું પગલું દેખાયું. હાથીનાં પગલાં કરતાં બીજું કોઈ પગલું મોટું ન દેખાયું. બીજા બધા જ પગલાં હાથીનાં પગલામાં આવી ગયાં જણાણા, તેમ સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાનમાં સર્વે આવી ગયું તેવું જણાયું. ૩૭. શ્રીહરિના અનંત નામો છે તેનો ગણતા પાર આવે તેમ નથી. તે બધામાં એક શ્રીહરિનો જ પ્રતાપ રહ્યો છે, એવો તેમણે દૃઢ નિર્ધાર કર્યો. ૩૮.

सोरठा : स्वामिनारायण नाम, तामें नाम अनंत जेहि;
सब भये विश्राम, तिनसे अधिक न रहे कोउ...३९

'સ્વામિનારાયણ' આવાં નામમાં બીજા અનંત નામો સમાઈ ગયા છે, લીન થઈ ગયા. તેનાથી કોઈ અધિક રહ્યું નહિ, એમ તેમણે જોયું. ૩૯. શિવરામ વિપ્રે પોતાના હૃદયમાં 'સ્વામિનારાયણ' નામનો આવો પ્રતાપ દેખ્યો એટલે 'તેનું સામર્થ્ય અનંત છે' એમ માનીને તે 'સ્વામિનારાયણ' નામનો જ જપ કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શિયાણીનો સત્સંગ અને શિવરામ વિપ્રની સમજણનું રહસ્ય કહ્યું' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૪

શ્રીહરિ શિયાણીથી તાવી ગામના તળાવને કાંઠે આવ્યા

શિયાણી ગામમાં જેટલા સત્સંગી વિપ્ર હતા તે સહુએ શ્રીહરિની પૂજા કરી. પછી પ્રવીણ શેઠ ભીમા વોરા નામે વણિક શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૧. સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં શ્રીહરિને પહેરાવ્યાં. તેમનાં હૃદયમાં જેવી ભાવના હતી, તેવી શ્રીહરિની પૂજા કરી. ૨. પછી તેમણે શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. તેમના ભાઈઓ અને પરિવારમાં જે હતા, તે બધા સત્સંગી થયા. ૩. તેમણે વિવિધ પ્રકારના મેવા, ઘણી મીઠાઈ અને અપાર ફળ વગેરે કે જેનો ગણતા પાર ન આવે, એટલું બધું શ્રીહરિને અર્પણ કર્યું. ૪.

તે સિવાય બીજા એક મોતી શેઠ નામે વણિક હતા. તેઓ પણ ઘણા સારા સત્સંગી થયા હતા. તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. વિવિધ પ્રકારનાં વસ્ત્ર અને આભૂષણો અર્પણ કર્યા. તેમજ જાતજાતના ફૂલહાર પહેરાવ્યા. ૫. તેમણે કેસરયુક્ત ચંદન લઈને ડરતા ડરતા ધીરે રહીને શ્રીહરિને શરીરે ચરચ્યું. પોતાનાં ઘરમાં જે કાંઈ સંપત્તિ હતી તે બધી શ્રીહરિને સમર્પિત કરી દીધી. ૬. સારા પકવાન વારંવાર કરાવીને તેમણે શ્રીહરિને તથા સંતોને અનેક વાર જમાડ્યા હતા. શિવરામ વિપ્ર અને મોતી શેઠ એ બંને બાથ ભીડીને શ્રીહરિને ભેટ્યા. ૭. તે બંને જિંદગીભર શ્રીહરિની સેવામાં જ રહ્યા હતા. તે સિવાયના શિયાણીના જેટલા હરિભક્તો હતા, તેઓ સહુએ શ્રીહરિની પૂજા કરી. ૮. જેનાં હૃદયમાં જેવો ભાવ હતો તેમણે સહુએ તેવી પૂજા કરી.

તે પછી શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. તે વખતે દરબાર અશ્વ લઈ આવ્યા. ૯. બધા જ સોનેરી સાજથી અશ્વને શણગાર્યો હતો. પ્યારા પ્રિયતમ શ્રીહરિ તેના ઉપર સવાર થયા. તે સમયે ડંકા વાગવા લાગ્યા. ચોપદાર નેકી પોકારવા લાગ્યા. ૧૦. અનેક પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. વાજિંત્રોનો તો કોઈ પાર જ ન હતો. તુરાઈ એવી વાગતી હતી કે તેનો ધ્વનિ આકાશમાં ફેલાઈ ગયો હતો. ૧૧. વિવિધ ભાતના જરિયાની નિશાનો આકાશમાં ઊડતાં હતાં. તે ઘણાં સોહામણાં લાગતાં હતાં. શ્રીહરિ પુરવાસીઓને દર્શન દેતાં દેતાં શિયાણી ગામની બહાર આવી ગયા. ૧૨. ગામના દરબાર પોતાની સવારી લઈને સાથે ચાલ્યા હતા. અને ત્યાંના હરિભક્તો પણ ઘણે દૂર સુધી સાથે આવ્યા હતા. તે બધું સુખકારી શ્રીહરિએ જોયું. ૧૩. સોનેરી છત્ર શ્રીહરિને માથે રાખેલું હતું અને બંને બાજુએ ચામર ઢળતાં હતાં. હરિભક્તો ઘણા જ ઉત્સાહથી જય જયકારનો ઉચ્ચાર કરતા હતા. ૧૪.

✵ ભૂમિનો મહિમા :

તે સમયે શ્રીહરિએ ચારેબાજુની ખેતીની જમીન ઉપર નજર કરી ને પ્રસન્ન થયા. પછી તેના વખાણ કરતાં બોલ્યા કે, “આ ભૂમિ જાતજાતના અનાજને ઉત્પન્ન કરે છે. ૧૫. ભૂમિ ઉપર જીવસૃષ્ટિ પણ અનંત પ્રકારની છે. તેને ગણવા માંડીએ તોપણ પાર આવે તેમ નથી. સમગ્ર જીવસૃષ્ટિનો

આધાર પણ ભૂમિ જ છે. પ્રાણીઓને જે જે વસ્તુની જરૂર પડે, તે બધું જ ભૂમિ આપે છે. ૧૬. જેને કલ્પવૃક્ષ કહીએ છીએ તે બધા દેશની ભૂમિ જ છે. જીવ જે જે અને જેટલા સંકલ્પ કરે છે તે બધું ભૂમિ આપે છે." ૧૭. શ્રીહરિએ આટલું કહીને બધા હરિભક્તોને પાછા વળવાનું કહ્યું. શિયાણીના ગામધણી દરબાર હરીસિંહજી અને બીજા બધા હરિભક્તો ત્યાં શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને બોલ્યા, "હે હરે ! આપ અમારો ઉદ્ધાર કરજો. ૧૮.

※ ભગવાનની અકારણ કૃપા :

અત્યારે તમે હરિભક્તોના અંત સમયે આવીને વારંવાર સહાય કરો છો. પરંતુ હે હરિ ! આપ જેટલી સહાય કરો છો તેને અમે પળપળમાં ભૂલી જઈએ છીએ. ૧૯.

चोपाई :

तुमारी कृपा को नहिं है पारा, जीयकुं नहिं है गम लगारा;
अनादि जीय के पाप हि जेहि, विस्मृति तब करावत तेहि...२०
तुमकुं बिसारी जितनो संभारे, तितनो जन्म सो जावत हारे;
सो सत्य हे निश्चे हि बाता, पल पीछे जात बिसराता...२१

આપની કૃપાનો તો કોઈ પાર જ નથી. પણ જીવને તેની લગારેય ગમ નથી. અનાદિના પાપો જીવને વળગ્યા છે તે જ ભગવદ્‌કૃપાની વિસ્મૃતિ કરાવી દે છે. ૨૦. આપને ભૂલીને જીવ બીજું જેટલું સંભારે છે તેટલી જિંદગી તે હારી જાય છે. એક વાત ચોક્કસ છે અને સાચી છે કે જીવ પળવારમાં જ બધું ભૂલી જાય છે. ૨૧. તે અમારા અપરાધ સામે જો આપ જોશો તો અમારો કરોડો જન્મે પણ ઉદ્ધાર થાય તેમ નથી. આપ પોતાનાં બિરુદની સામે જોઈને જ જીવનો ઉદ્ધાર કરો છો. ૨૨. જેટલા મનુષ્ય અથવા દેવ કહેવાય છે તે બધા આપની આગળ તો નિર્જીવ જેવા જ છે. જ્યારે આપ તેના તરફ કૃપા દૃષ્ટિ કરો છો ત્યારે જ તે દેવો કે મનુષ્યોમાં કાંઈ દૈવત આવે છે. ૨૩. જીવ તો આવા અતિ પરાધીન છે છતાં તે ક્યારેય આપને સંભારતા નથી. જીવમાં અનંત અપાર ભૂલો છે. તેથી કોઈ કલ્પે પણ આપની કૃપા વિના તેનો ઉદ્ધાર-નિકાલ થાય તેમ નથી. ૨૪.

પોતાના શરીર આદિ ઉપર પણ જીવનો અધિકાર નથી. પોતાનું શરીર પણ પોતાનું નથી તો બીજાની તો વાત જ શું કહેવી ? જીવ તે બાબતને જાણે છે છતાં ભૂલી જાય છે. વાસ્તવિક્તા તેને ઓળખાતી નથી. ૨૫. **જે પોતાનું નથી તેને પોતાનું કહે છે, તે જ અતિ મોટી ભૂલ છે. તે જ ગુનેગારીને લીધે જીવ જમપુરીમાં માર ખાય છે.** ૨૬. જમપુરી વગેરેનું જે અપાર દુઃખ છે તેને જીવ મનમાં ધારતો નથી અને તેને લીધે જ તે લખચોરાશીમાં વારંવાર જન્મ લીધા કરે છે. ૨૭. હે પ્રભુ, લોકોનો ઉદ્ધાર કરવાને માટે જ આપ વારંવાર અવતારોને ધારો છો, મુક્તોના સમાજને સાથે લાવો છો અને અનેક પ્રકારના ચરિત્રોને કરો છો." ૨૮.

શિયાણીના દરબારે આટલી વાત કહી ત્યારે શ્રીહરિએ પોતાનો અશ્વ એકદમ દોડાવ્યો. બધા હરિભક્તો મટકું પણ માર્યા વિના તેને દેખી રહ્યા અને અચેતન જેવા થઈને એક જ જગ્યાએ ઊભા રહ્યા. ૨૯. શ્રીહરિ જ્યારે **તાવી** ગામ પહોંચ્યા ત્યારે શિયાણીના હરિભક્તો પાછા વળ્યા. શ્રીહરિની સાથે જેટલા પાર્ષદો હતા, તે સહુ બંદૂકો લઈને ચાલતા હતા. ૩૦. જ્યારે તાવી ગામની નજીક પહોંચ્યા ત્યારે પાર્ષદોએ બંદૂકોના ભડાકા કર્યા. તેથી 'શ્રીહરિ પધારે છે' એવી ખબર ગામમાં જેટલા હરિભક્ત અને દરબારો હતા તે સહુને એક પળવારમાં મળી ગઈ. ૩૧.

ગામધણી દરબાર અખાભાઈ શ્રીહરિની ખબર સાંભળીને તેઓ સામે આવ્યા. તેમના જેટલા ભાઈઓ હતા. તે બધા સારા એકાંતિક હરિભક્ત હતા. (તેની વિગત - પિતાનું નામ ભારાજી અને માતાનું નામ કેશુબા હતું. તેઓ પાંચ ભાઈઓ હતા. મોટા અખાજી, જેઠાજી, અદાજી, મોડાજી અને રઘાજી) ૩૨. સહુ ઘોડેસવાર થઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિને નજીક દેખીને સહુ નીચે ઊતર્યા અને ચરણોમાં પડીને પગે લાગ્યા.

શ્રીહરિએ સૌને હાથ પકડી પકડીને ઊભા કર્યા. ૩૩. તળાવને કાંઠે જઈને શ્રીહરિ બેઠા. ભક્તોએ સુંદર ગાદી બિછાવી દીધી હતી. તાવી ગામના બધા હરિભક્તો આવી ગયા અને બધા શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૩૪.

બધા એકેક શ્રીફળ લાવ્યા હતાં, તે શ્રીહરિની આગળ ભેટ ધર્યાં. તે સમયે શ્રીહરિએ તળાવનું સ્વચ્છ પાણી જોયું. તેથી તે પીવા મગાવ્યું. ૩૫. મુકુંદાનંદ વર્ણીએ તે જળ ગાળ્યું અને ચાંદીના અબખોરામાં ભરીને શ્રીહરિને આપ્યું, તેથી તેમણે ઘણા ભાવથી જળપાન કર્યું અને 'આટલું મીઠું પાણી બીજે ક્યાંય નથી.' ૩૬. આવું બોલીને ગામના બધા ભક્તોને અપાર રાજી કર્યા. તેટલી વારમાં જે સંતો પાછળ રહી ગયા હતા. તે ત્યાં આવી પહોંચ્યા. ૩૭.

શ્રીહરિએ સંતોને કહ્યું, "જો તમને બધાને હિંમત હોય તો આપણે આજે જ મેથાણ ગામ પહોંચી જઈએ, આવી મારી ઈચ્છા છે." ૩૮. ત્યારે દરબાર અખાભાઈએ હાથ જોડ્યા અને બોલ્યા, "હે મહારાજ ! આપને કોણ કહે ? અમારા ભાગ્યનું કાંઈક અભાગ્ય છે. ૩૯. અમે તો આપની આગળ દીન કહેવાઈએ. અમારા જીવમાં બધો ઉત્સાહ તૂટી રહ્યો છે. અમે શું અપરાધ કર્યો છે કે આપ પ્રભુ અમને છોડીને જઈ રહ્યા છો ?" ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શિયાણીના ભક્તોએ પૂજા અને પ્રાર્થના કર્યા પછી શ્રીહરિ તાવી ગામને તળાવ કિનારે આવ્યા' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૫

શ્રીહરિ તાવી પધાર્યા પ્રસંગોપાત્ત જીવુબા આદિ ત્યાગી બહેનોનું તપ કહ્યું

દરબાર અખાભાઈએ શ્રીહરિને કહ્યું, "હે પ્રભુ ! અમે આપને આધીન છીએ. આપ અંતર્યામી છો. તેથી અમારા અંતરની વાતને તો જાણો જ છો. અમે આપને શું કહીએ ? ૧. અમે આપનાં વચનમાં બંધાયા છીએ. હે નાથ ! આપ તો નિર્બંધ છો. અમે આપની મરજીને લોપતા નથી, બે હાથ જોડીને કહીએ છીએ. ૨. હે હરિ, આ લોકમાં અને પરલોકમાં અમારાં સાચા મિત્ર તો આપ એક જ છો. હવે અમારે બીજો કોઈ મિત્ર રહ્યો નથી. આપ એક જ

મિત્ર તરીકે રહ્યા છો. ૩. અમે રાજા લોક છીએ. તેથી અમારે કોઈ લોકની રીત નથી. અમે તો તમારે માટે લોકલાજ તજી દીધી છે. જે લોકની રીત રાખે તેને શોક થાય. અને વળી રાજપરિવારમાં (રાજમાતા કેશુબા આદિ) બધા જ સત્સંગી થયા છે. ૪. દેશમાં જ્યાં જ્યાં સત્સંગ થયો છે તે બધા જ ગામેગામમાં આપ વિચરણ કરો છો. આપનાં દર્શન કરીને હરિભક્તોને અપાર આનંદ થાય છે. ૫.

❋ ભક્ત કોને કહેવાય ?

માછલાંનું જીવન જળ છે તેમ હરિભક્તોનું જીવન આપ છો. હરિભક્તો આપમાં સુખ માને છે. બીજા બધાં સંસારનાં સુખોને તો તેઓ લૂખા અને દુ:ખરૂપ માને છે. ૬. આખો સંસાર તો ખાન, પાન અને સારાં વસ્ત્ર આભૂષણોમાં અતિ સુખ માને છે અને તે સુખે કરીને જ તે બધા આનંદિત રહે છે. પરંતુ સત્સંગીઓનું સુખનું મૂળ તો આપ એક જ છો. ૭. જેનું જીવન જે અધિક માને તેને સર્વને તેની અતિશય તાણ રહે છે. અમે અમારું જીવન અધિકપણે આપને જ માન્યા છે. અમારા બધા સંતાપોની શાંતિ આપના હાથમાં છે અને તેટલા માટે જ અમે આપને હાથ જોડીને કહીએ છીએ." ૮.

દરબાર અખાભાઈએ જે વિનતિ કરી તેને શ્રીહરિએ દિલમાં ધારી. પછી શ્રીહરિ તત્કાળ ઘોડેસવાર થયા અને પરમ દયાળુ **તાવી** ગામમાં પધાર્યા. ૯. ડંકા અને નોબતો વાગવા લાગી. ચોપદાર છડી પોકારવા લાગ્યા. શ્રીહરિએ મનોરથ પૂરો કર્યો. તેથી દરબાર અખાભાઈના મનમાં ઘણો જ આનંદ થયો. ૧૦. ગામના ભક્તજનોનાં મન પણ ઉત્સાહિત થઈ ગયા. તેને મુખથી કેમ કહી શકું ? દેવમુરારિ શ્રીહરિ ગામમાં પધાર્યા. તેથી ઘેર ઘેર અતિશય મંગળમય વાતાવરણ ફેલાયું. ૧૧. ગામમાં જેટલા સ્ત્રી પુરુષો રહેતા હતા તે બધા દોડી આવ્યા. વિવિધ પ્રકારનો પૂજાપો લઈને શ્રીહરિને પૂજવા લાગ્યા. ૧૨. મોતીના થાળ ભરી ભરીને નરનારીઓ શ્રીહરિને વધાવવા લાગ્યા. સહુને એકાગ્રતાથી શ્રીહરિનાં દર્શન કરતા પોતાનાં શરીરનું ભાન રહ્યું નહિ. ૧૩.

જેમ વરસાદ વરસતો હોય તેમ શ્રીહરિ સહુ ભક્તોના ઉપર દૃષ્ટિ કરીને અમૃત વરસાવતા હતા. દર્શન કરનારા ભક્તોને શ્રીહરિનાં દર્શનથી તૃપ્તિ થતી ન હતી. જેમ ચાતક પક્ષી ચંદ્રને ચાહે છે, તેમ સહુ શ્રીહરિને ચાહતા હતા. ૧૪. અનંત શોભાને ધારણ કરતા શ્રીહરિ રાજદરબારમાં પધાર્યા. સુવર્ણમય મહેલ દેખાતો હતો. શ્રીહરિ તે રાજભવનમાં ઊતર્યા. ૧૫. શ્રીહરિના વિયોગને લીધે શરીરે સતત સંતાપ થતો હોવાથી જયા (મોટીબા) અને રમા બંને સોનેરી રથ જોડાવીને શ્રીહરિની પાછળ પાછળ ત્યાં તાવી આવ્યા હતા. ૧૬.

શ્રીહરિ તેમનું અપાર હેત જોઈને કાંઈ બોલ્યા નહિ, કારણ કે પોતે બધું જાણતા હતા. તે બંને માતા પિતાની રજા લઈને દર્શન કરવા માટે આવ્યા હતા. ૧૭. પાંચ દસ પોતાના સંબંધીઓને પણ તેઓ સાથે લાવ્યા હતા. દુનિયાના લોકો નિંદા ન કરે એ રીતે તેઓ વર્તતા હતા. ૧૮. તેઓ કોઈ સત્સંગીનું અન્ન ખાતા નહિ. ગાંઠના ખર્ચનું બધું અન્ન તેઓ ખાતા. બંને રાજપુત્રીઓ હતી તેથી તેમને ખાવા પીવાની તો કાંઈ ખોટ ન હતી. ૧૯. છતાં તે બહેનો અત્યંત ત્યાગ રાખતા હતા. તેમના ત્યાગને દેખીને તો મોટા સિદ્ધો પણ કંપી જતા હતા. જેટલા ખાવા પીવામાં સારા રસ ગણાતા, તેને તેઓ ક્યારેય જીભે અડાડતા જ નહિ. ૨૦. જ્યારથી સત્સંગ થયો ત્યારથી તેમણે બધી જાતનાં સુખ અને ઘરબાર બધું છોડી દીધું હતું. પુરુષમાત્રને તેઓ પિતા અને ભાઈ સમાન ગણતા. ૨૧.

કોઈપણ પુરુષને ક્યારેય પોતાનું મુખ દેખાડતા નહિ, એવા નિયમને તેઓ દૃઢપણે રાખતા. કોઈપણ પુરુષનું મુખ તેઓ દેખતા નહિ. ફક્ત ભગવાનની મૂર્તિને જ દૃષ્ટિથી દેખતા. ૨૨. પોતાના આત્માનું જીવન શ્રીહરિને માનતા. દર્શન કરતી વેળાએ પણ વીશ હાથ દૂર રહેતા. વીશ હાથથી નજીક ક્યારેય આવતા નહિ. આટલી મર્યાદા હંમેશા રાખતા. ૨૩. છતાં પણ આસુરી લોકો મન ફાવે તેમ બોલતા. પણ તેઓ તો અસુરોને પશુ જેવા ગણીને રોજ હેતથી શ્રીહરિનાં દર્શન કરતા. ૨૪. સૂર્યના સમાન શુદ્ધ રહીને તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં. તેમાં જે અસુરોએ નિંદા કરી તે બધા મલિન બુદ્ધિનાં થઈ ગયા. ૨૫.

(તરકતળાવનો ગણપતિનો ઉપાસક વાણિયો - કરશન લુહારનો અપરાધ) તેમની નિંદા કરનારા રાજાઓ કંગાળ થઈ ગયા. (અમદાવાદ-સુબો) દીવાનો રાંક થઈ ગયા. (ભદામનો ગણેશ, જુનાગઢનો રંગીલદાસ, વડોદરાના બાબા સાહેબ, ભૂજનો જગજીવન) તેમના ઉપર મોટા કલંક આવ્યા અને અધિકારથી ભ્રષ્ટ થઈ ગયા. ૨૬. (લાંઘણોજનો મુખી) તેને ફરીને ક્યારેય સારો અધિકાર મળ્યો નહિ (વડોદરા મંગળિયો, નારુપંત નાના) અને મરીને જમપુરીમાં ગયા. મોટા શહેરની બજારે તે પાપી નીકળતા ત્યારે કૂતરાંઓ પાછળ દોડીને ભસતા. ૨૭. (ગઢડામાં બુઢ્ઢો ધાધલ હતો. તેણે દાદા ખાચર તથા મોટીબા વગેરેના અવગુણ લીધા. તેથી તેની બુદ્ધિ બગડવાથી જીવાખાચરને ત્યાં ચોરી કરી. તેથી જીવા ખાચરે બુઢ્ઢા ધાધલનું બધું જ લૂટી લીધું અને નોકરીમાંથી કાઢી મૂક્યો. તેથી ગામમાંથી ટૂકડા માગીને ખાતો અને પાછળ કૂતરાં પડતા એવી ભૂંડી દશા થઈ. અને દેહ મૂકવા સમયે મહા દુઃખ ભોગવી ભૂંડે હાલે મર્યો. અને જમપુરીનો અધિકારી થયો. માટે કોઈનો અભાવ અવગુણ લઈ અપરાધ ન કરવો.)

તે બહેનોના જોરદાર ત્યાગને દેખીને શ્રીહરિ તેમને કાંઈ કહેતા નહિ. પ્રસિદ્ધ સતીઓ કરતા પણ તેમનું તપ શ્રેષ્ઠ હતું. તેમના તપની તુલનામાં વૃંદા અને સુલભા વગેરે પણ શું ? ૨૮. તેમના ત્યાગની અને તપની જે શક્તિ હતી તે જ તેમના દેહને ધારી રહી હતી. તેમને ત્યાગ અને તપ સિવાય કાંઈ જ ગમતું નહિ. તેઓ રસમાત્રને દુઃખદાયક જાણતા હતા. ૨૯. મોટા મોટા રાજાની રાણીઓ પણ તેમને સતી જાણતી. તે બધી રાણીઓ આવીને તેમના ચરણોમાં પડતી અને તેઓ તેમને જે વચન કહેતા તેમનું તે વચન સફળ થાતું હતું. ૩૦.

વૈતાળી, ડાકણ કે પિશાચણ કોઈ અન્ય સ્ત્રીને પીડતી હોય તો તેને આ જીવુબા આદિ બહેનોની પાસે લાવતા. પરંતુ તે બધી ભૂતાવળ તો નજીક આવતાની સાથે જ બળી મરતી હતી. ૩૧. તે ત્યાગી બહેનોનો આવો પ્રતાપ દેખીને ઘણી સ્ત્રીઓ તેમનો સત્સંગ કરતી અને ધર્મવાળી બધી સ્ત્રીઓ તેમની આજ્ઞા પ્રમાણે ધર્મનું પાલન કરતી. ૩૨. ત્યાગી બહેનો

અન્ય સ્ત્રીઓને ભગવાનનાં સ્વરૂપમાં પ્રેમભક્તિ કરાવતા અને અધર્મ તથા અનીતિનો ત્યાગ કરાવતા હતા. સધવા અને વિધવા સ્ત્રીઓના ધર્મ અને તેનું શુદ્ધ મર્મ તેઓ જાણતા હતા તે સ્ત્રીઓને સમજાવતા. ૩૩. તે ત્યાગી બહેનો ચારે વર્ણની સ્ત્રીઓના વિવિધ પ્રકારના અનેક ધર્મોને બરાબર રીતે જાણતા હતા અને પોતપોતાના ધર્મોને અનુસારે સમજણપૂર્વક સર્વ સ્ત્રીઓને ચલાવતા હતા. ૩૪. સતીગીતામાં કહેલા ધર્મનિયમો બધી સ્ત્રીઓને બતાવતા હતા. તેઓ કાયમ સતીગીતાનો પાઠ કરતા. તેમાં ક્યારેય ભૂલ પડવા દેતા નહિ. ૩૫.

જેટલી હરિભક્ત સ્ત્રીઓ હતી તે ક્યારેય પુરુષોની સભા વચ્ચે બેસતી નહિ. તેઓ (સમીપ સંબંધ વિનાના કોઈપણ) પુરુષનાં મુખથી જ્ઞાનઉપદેશની વાતો ભૂલથી પણ સાંભળતી નહિ. ૩૬. સત્સંગમાં પણ સ્ત્રીઓની આગળ કથા-વાર્તા સ્ત્રીઓ જ કરતી. દેશોદેશમાં અને ગામેગામમાં જે સત્સંગી કહેવાતા તે આવા નિયમોને પાળતા. ૩૭. વીતેલા કોઈપણ યુગમાં આવી રીત ક્યાંય હતી નહિ. ક્યાંય આવા હરિભક્તો કે સંતો ક્યારેય થયા ન હતા અને આવા પ્રકટ ભગવાન પણ ક્યાંય હતા નહિ. ૩૮. દરબાર અખાભાઈએ હાથ જોડીને શ્રીહરિને તાવી ગામમાં રાત રોક્યા. ગાદી તકિયા બિછાવીને શ્રીહરિને હિંડોળે પધરાવ્યા. ૩૯.

વર્ણીએ વિવિધ પ્રકારના પાક અને જાતજાતના શાક બનાવીને થાળ તૈયાર કર્યો. પછી તે થાળ તૈયાર થયો છે એમ સાંભળીને શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ તાવીમાં પધાર્યા અને પ્રસંગોપાત્ત જીવુબા આદિ ત્યાગી બહેનોનું તપ કહ્યું' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૬

તાવીમાં અખાભાઈએ થાળ જમાડીને પૂજા કરી

શ્રીહરિએ સોના જેવું ચમકતું પીતાંબર પહેર્યું અને સુંદર લાલ રંગનું રેશમી વસ્ત્ર શિર ઉપર ઓઢી લીધું. ૧. આશ્ચર્યકારી રૂપાળી ઘાટીલી મૂર્તિ શોભતી હતી. ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા આવા શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી હતી. એક હાથમાં રૂમાલ લીધો હતો. ૨. ચરણોમાં ઝાંઝર પહેર્યાં હતાં, તેનો છમ છમ અવાજ આવતો હતો અને ચાખડીઓમાં પણ ઘૂઘરીઓ ઘમકતી હતી. તે બંનેનો અવાજ એકબીજાનો અવાજ દબાવી દેતા હતા. ૩. જ્યાં વર્ણીએ રસોઈ બનાવી હતી ત્યાં શ્રીહરિ આવ્યા. તેમના ચરણ ધોવા માટે એક સોનેરી બાજોઠ મૂક્યો. ૪. ચરણ ધોયા પછી બીજા બાજોઠ ઉપર આવીને બેઠા. વર્ણી વિવિધ પ્રકારનાં ભોજનોથી પીરસેલો થાળ હરખભેર લાવ્યા. ત્યારે ધર્મના લાલ શ્રીહરિ તે જમવા લાગ્યા. ૫.

જેટલી જાતના ભોજન કહેવાય તે બધા જ દરબાર અખાભાઈએ કરાવ્યાં હતાં અને જેટલી જાતનાં શાક થતાં હોય તે બધાં બનાવીને બહુ ભાતના સોનાના કટોરામાં ભર્યાં હતાં. ૬. જેટલાં ભોજન બનાવ્યાં હતાં તે બધાને દેવર્ષિઓનાં અધિપતિ શ્રીહરિ અતિશય હેતથી જમવા લાગ્યા. પાપડ, ચટણી અને અથાણાં વગેરેને પણ ઘણા પ્રેમથી જમતા હતા. ૭. દસ બાર ગ્રાસ (કોળિયા) જમીને થોડું પાણી પીતા હતા. જમતાં જમતાં વારંવાર બે ત્રણ વખત પાણી પીતા હતા. ૮. ડાબા હાથને વારંવાર પેટ ઉપર ફેરવતા હતા. પ્યારા શ્રીહરિ બધું ભોજન જમી રહ્યા, પછી દૂધ, ભાત અને સાકર જમ્યા. ૯. જ્યારે જમીને તૃપ્ત થયા ત્યારે શ્રીહરિએ પ્રસાદીનો બધો થાળ દરબાર અખાભાઈને આપ્યો. પ્રસાદી મળવાથી દરબારને આનંદ થયો અને તેમનું મુખ અતિ પ્રસન્નતાથી તેજસ્વી થયું. ૧૦. શ્રીહરિએ બંને હાથને ભેળા કરીને ધોયા અને પછી મુખ ધોયું. રૂમાલથી હાથ અને મુખને લૂછ્યાં. ભક્તજન પ્રતિપાલક શ્રીહરિએ પછી મુખવાસ લીધો. ૧૧.

શ્રીહરિની સાથે જેટલા સંતો, દરબારો અને પાર્ષદો રહેતા હતા. તે બધાને પોતે જમવા બેસાડ્યા અને સ્વયં પીરસવા લાગ્યા. ૧૨. શ્રીહરિએ દરબાર અખાભાઈ, તેમના ભાઈ અને બધા પુત્ર વગેરે પરિવારના પુરુષોને પ્રેમથી બોલાવ્યા અને સહુને પ્રેમથી જમવા બેસાડી દીધા. ૧૩. તે સહુ જ્યાં સુધી જમતા હતા ત્યાં સુધી ભક્તપતિ શ્રીહરિ પીરસતા રહ્યા. બંને હાથમાં લાડુ લઈને પંગતમાં વારંવાર ફરતા રહ્યા. ૧૪. પછી દૂધ, ભાત અને સાકર વગેરે પીરસ્યાં, દૂધની તો રેલમછેલ કરી દીધી. દૂધ એટલું આપતા કે પાત્ર ભરાઈને છલકાયેલું દૂધ જમીન ઉપર ઢોળાતું હતું. ૧૫. ભક્તજનોને ઘણા દિવસની તાણ હતી. તેને શ્રીહરિએ એક જ દિવસમાં પૂરી કરી દીધી. તેથી અખાભાઈ ગુલતાન થઈ ગયા. શ્રીહરિ અખાભાઈ ઉપર ઘણું પ્રસન્ન થયા. ૧૬.

✵ ભગવાન કોના પર પ્રસન્ન થાય ?

શ્રીહરિ ભક્તોને કહેવા લાગ્યા કે, "આપણા સત્સંગમાં હરિભક્તો અપાર છે. ગણતા ગણતા પાર પમાતો નથી. તેમાં જેણે પોતાનો જીવ ભગવાનને અર્પણ કરી દીધો હોય તેના ઉપર ભગવાન રાજી થાય છે. ૧૭. જેણે ભગવાનને જીવ આપી દીધો હોય તે છાનું રહેતું નથી. તે તો તેનાં બોલવામાંથી જ જણાઈ આવે છે. ભગવાન તે ભક્તને વગર પૂછે ગમે તે પદાર્થ ગમે તેટલો લઈ લે તો તે ભક્ત અતિ રાજી થાય છે. અને જો ન લે તો દિલમાં દુખાય જાય ખરો, પણ કોઈ જાતનો ધોખો ક્યારેય કરે નહિ. તેના સત્સંગનો રંગ સદાકાળ એકસરખો જ રહે. ૧૮-૧૯. આવો ધર્મ એકધારો ટકાવી રાખનારો જે ભક્ત છે તે હરિભક્તોમાં અતિ શ્રેષ્ઠ છે." આટલી વાત કૃપાળુ શ્રીહરિએ કરી અને પછી દયાળુ હિંડોળા ઉપર બેઠા. ૨૦.

શ્રીહરિ જ્યારે થાળ જમવા પધાર્યા હતા ત્યારે એક સુંદર દીપમાળા બનાવી હતી. તત્કાળ ભવ્ય અને સોનેરી સ્તંભ રોપ્યો હતો અને ચોકમાં વિશાળ મંડપ બનાવ્યો હતો. ૨૧. તેમાં વિવિધ રીતે બધી ગોઠવણ કરી હતી. તેની શોભા તો ઇન્દ્ર ભવનથી અધિક કરી હતી. બિલોરી કાચના જેટલી જાતનાં ઝાડ કહેવાતા તે બધા ત્યાં વિવિધ રીતે લટકાવી દીધાં હતાં. ૨૨.

તેમાં વિવિધ રંગ પુરાવ્યા તેમજ અનંત દીવાઓ પ્રગટાવ્યા. જેમ અનેક સૂર્યોનો ઉદય થયો હોય તેવી શોભા દરબાર અખાભાઈએ કરાવી હતી. ૨૩. વચ્ચે વચ્ચે બધી દિશાઓમાં સુંદર બિલોરી કાચ બાંધ્યા હતા. દરબારનાં દિલમાં જેટલો ઉમંગ હતો તે બધો ઉત્સાહથી પૂરો કર્યો. ૨૪. તે મંડપની વચ્ચે વિચિત્ર રીતે શણગારેલું એક સુંદર સુવર્ણનું સિંહાસન ગોઠવ્યું હતું. તેમાં વિધવિધ બિછાના ગોઠવ્યા હતા. તેની શોભા કહી શકાતી નથી. ૨૫.

દરબાર અખાભાઈએ શ્રીહરિનો હાથ પકડીને તેમને તે સિંહાસન ઉપર પધરાવ્યા. ત્યાં મખમલના નવા ગાદી તકિયા બિછાવ્યા હતા. ૨૬. સંતો, વર્ણી, દરબારો, પાર્ષદો, હરિભક્તો અને ગામના બીજા લોકો બધા આવીને ત્યાં શ્રીહરિની સન્મુખ બેઠા. ૨૭. વાજિંત્ર વાગતાં હતાં ત્યારે શ્રીહરિની વિશેષ-મહાપૂજા કરવા માટે દરબાર બધો પૂજાનો સામાન લઈને ત્યાં આવ્યા. ૨૮. જેવો દરબાર અખાભાઈને શ્રીહરિના ઉપર ભક્તિભાવ હતો તેવો જ ભાવ તેમના બધા કુટુંબને પણ હતો. તેમાં પણ એક એકથી ભક્તિભાવ વધારે દેખાતો હતો અને તેને લીધે સહુનાં અંગમાં અતિ ઉત્સાહ છવાઈ ગયો હતો. ૨૯.

શિવરામ ભટ્ટ શ્રીહરિની સાથે આવ્યા હતા. તેમણે વિધિ પ્રમાણે બધી પૂજા કરાવી. એક સોનાનો થાળ મગાવ્યો. તેમાં શ્રીહરિના ચરણ રખાવ્યા. ૩૦. લોટો ભરીને દૂધ લાવ્યા હતા, તેનાથી પ્રથમ શ્રીહરિના ચરણ ધોયા. તે પછી ઉમંગથી દૂધ, દહીં, ઘી, મધ અને સાકર એ પંચામૃતથી ચરણ પૂજ્યા. ૩૧. પછી સુગંધી જળથી ફરીવાર ચરણ ધોયા અને પછી દરબારે પોતાને મસ્તકે બાંધેલી પાઘથી તેને લૂછ્યા. કેસરયુક્ત સુગંધી ચંદનથી શ્રીહરિનાં લલાટમાં અર્ચા કરી. ૩૨. ચરણ સુધીના અંગો ઉપર ચંદન ચરચ્યું. કસ્તૂરી અને અત્તરનો સુગંધ સંપૂર્ણ મંડપમાં બેઠેલી સભામાં પ્રસરી ગયો હતો. ૩૩. સોળ ચિહ્નોએ સહિત ચરણમાં તે કેસરચંદન ચરચ્યું. પછી તે ચરણાર્વિંદને અલૌકિક સમજીને અખાભાઈએ સુંદર રીતે પ્રેમથી પોતાની છાતીમાં દબાવ્યા. ૩૪.

ચિત્ત ચોરનારા શ્રીહરિનાં મસ્તક ઉપર જરકસી પાઘ બંધાવી. તેનાં ઉપર મુકુટના જેવા છોગાં છવાઈ ગયાં હતાં. તેમજ પાઘ ઉપર શિરપેચ બાંધીને

કલગી મૂકી હતી અને તોરા લટકાવ્યા હતા. સોનાના જડાઉં બાજુબંધ, પહોંચી અને કડાં હાથમાં પહેરાવ્યાં. તેમજ હાથની આંગળીઓમાં વેઢ પહેરાવ્યા. તેમજ છાતી ઉપર સોનાની ઊતરી પહેરાવી. ૩૬. ગુલાબના બે ગુચ્છ હાથમાં આપ્યા અને બે કાન ઉપર ધરાવ્યા. પછી સુગંધથી ભરપૂર ફૂલની પછેડી ઓઢાડી. ૩૮. જય જય શબ્દો બોલીને કપૂરથી આરતી ઉતારી. પછી અખાભાઈ દીન-આધીન થઈને શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૩૯. તેમના ભાઈ, પુત્રો અને અન્ય પરિવાર સહુએ પણ અખાભાઈની જેમ જ પૂજા કરી. બધાને શ્રીહરિમાં અપાર હેત હતું. તેઓ સહુ ચરણોમાં પડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'તાવીમાં અખાભાઈએ થાળ જમાડીને પૂજા કરી' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૭

અખાભાઈએ સંત-હરિભક્તોની પૂજા કરી અને શ્રીહરિએ રાણીવાસમાં દર્શન આપ્યાં

ચતુર અને નિપુણ એવા તાવીના દરબાર અખાભાઈએ શ્રીહરિની પૂજા કર્યા પછી સંતોની અને વર્ણીઓની પૂજા કરી. ૧. તેમણે સંતો અને વર્ણીઓને કેસરી ચંદન ચરચીને એકેક ફૂલહાર પહેરાવ્યો. પછી મનમાં પૂરો પ્યાર રાખીને એક એક ધોતિયું ઓઢાડ્યું. ૨. જેટલા વર્ણીઓ હતા તેમને પણ ચંદન ચરચીને એક એક રેશમી પીતાંબર ઓઢાડ્યું. ૩. એકેક ફૂલહાર પહેરાવીને બનાતની (ઊનની બનાવટની) એક એક ટોપી આપી. દરબારે આટલી વર્ણીઓની અધિક સેવા કરી. ૪.

તે પછી શ્રીહરિની સાથે જે દરબારો રહેતા હતા. તેમાં કેટલાકે તો સ્ત્રીનો પણ ત્યાગ કર્યો હતો. તેમાં ખટ્વાંગ-માંચા ખાચર તો જન્મથી જ બાળયોગી (બ્રહ્મચારી) રહ્યા હતા. ૫. માંચા ખાચર ભગવાનને મેળવવા માટે જન્મથી જ સ્ત્રીને પરણ્યા ન હતા. તેઓ ક્યારેય બાળ, યૌવન કે વૃદ્ધ

અવસ્થામાં રહેલી નારીમાત્રને ધ્યાન દઈને નીરખીને જોતા ન હતા. ૬. સત્સંગ થયા પહેલા તેઓ માર્ગીના પંથમાં હતા. તેમાં તેમને અતિ ભાવ હતો. તેઓ માર્ગી પંથમાં હતા તોપણ દઢતાથી નિષ્કામીવ્રતને ધારી રહ્યા હતા. તેમણે તે પંથમાં બીજાને તો ખુવાર થતાં દેખ્યા હતા. ૭. તેમને જ્યારે સદ્‌ગુરુ રામાનંદસ્વામીનો સત્સંગ થયો ત્યારે મનમાં ઘણો જ ઉત્સાહ વધ્યો અને પછી તો જ્યારે સહજાનંદસ્વામીનો યોગ થયો ત્યારે તો કોઈ વાતની ખામી રહી જ નહિ. ૮. માંચા ખાચરે મનમાં જેટલી ઈચ્છા કરી તેટલું સુખ શ્રીહરિએ તેમને આપ્યું.

દરબાર અખાભાઈએ સહુના પહેલા તે માંચાખાચરની પૂજા કરી અને તેમને એક સારી શાલ ઓઢાડી. ૯. તે પછીના દરબાર અલૈયા ખાચર હતા. બધા કાઠી દરબારોમાં તેઓ ઘણા વાચાળ હતા. તેના દિલમાં શ્રીહરિના આશ્રયનો ઘણો કેફ રહેતો હતો. ભગવાન સિવાયના ચૌદે લોકના સુખોને તેઓ તુચ્છ ગણતા. ૧૦. પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષના લોક સુધીનાં સુખોને દેખીને તેઓ ચલાયમાન થતાં નહિ. જેમ ગંગાનો પ્રવાહ વહેતો હોય તેમ તેઓ સદા હિંમત સહિત ઘણી વાતો કરતા. ૧૧. તેમનાં મુખની વાત સાંભળીને મોટા પંડિતો, પુરાણીઓ અને સારા શાસ્ત્રવેત્તાઓ પણ થંભી જતા-અચેત થઈ જતા અને મતપંથીઓ તો તેમને ભાળીને જ સંકોચાઈ જતા હતા. ૧૨. જેમ સિંહ કે દીપડાને દેખીને કૂતરું સંતાઈ જાય છે તેમ અધર્મી અસુરો અલૈયા ખાચરને દેખીને ધ્રૂજી ઊઠતા હતા. ૧૩. અખાભાઈએ તે અલૈયા ખાચરની પૂજા કરી અને એક શાલ તેમને ઓઢાડી. દરબાર સુરાખાચરની પણ પૂજા કરીને એક શાલ ઓઢાડી. ૧૪.

દરબાર સોમલા ખાચર સત્સંગીઓમાં શિરોમણિ હતા. તેઓ એક સરખી સ્થિતિ-એકરેણીકેણીવાળા, સાધુ સ્વભાવવાળા અને સદાને માટે સરલ હતા. ૧૫. (તેમને બે દીકરા હતા. તેનું મૃત્યુ આવતા શ્રીહરિ તેમને ધામમાં તેડી ગયા. તેથી) તેમણે પોતાના ગામ-ગરાસને વેચી દીધા અને તે ધન સાધુ-સંતોને જમાડવા વગેરેમાં ખરચી દીધું. પછી જિંદગીભર

શ્રીહરિની ચરણસેવામાં રહ્યા હતા. ૧૬. અખાભાઈએ તે સોમલા ખાચરની પૂજા કરી અને તેમને એક શાલ ઓઢાડી. બંધિયા ગામના મૂળુભાઈ જાડેજા દરબાર હતા. ૧૭. તેમને જ્યારથી સત્સંગ થયો ત્યારથી તેઓ અખંડ શ્રીહરિની મૂર્તિમાં રહેતા હતા. તેઓ ઘણા શૂરવીર અને ધીર-ગંભીર હતા. જોવામાં ભારે તેજસ્વી લાગતા હતા. ૧૮. તેમને કેસરચંદનની અર્ચા કરીને અખાભાઈએ એક શાલ ઓઢાડી.

દરબાર સુરા ખાચરના (મોટાભાઈ નાપા ખાચરના પુત્ર) ભત્રીજા માણસિયા ખાચર હતા. તેમના ઉપર શ્રીહરિ હેત રાખતા. તેઓ નાગડકાના દરબાર હતા. વેલા ખાચર, માત્રા ખાચર અને વિસામણ ખાચર એ ત્રણ કારીયાણીના દરબારો હતા. તેમને શ્રીહરિના ઉપર ખૂબ જ હેત હતું. અમરા ખાચર, વાઘા ખાચર, રામ ખાચર, સુરા ખાચર અને મૂળુ ખાચર એ બધા સારંગપુરના દરબારો હતા. રાઠોડ ધાધલ અને માત્રા ધાધલ બંને સારંગપુરના દરબારના ભાણેજ કાઠી દરબાર હતા. નાંગમાલા, કાળા ખાચર અને નાન ખાચર તથા બીજા પણ હરિભક્ત કાઠી દરબારો સત્સંગમાં દૃઢ નિષ્ઠાવાળા પાકા ભક્ત હતા. ૧૯-૨૩.

એભલ ખાચરના એક જ પુત્ર દાદા ખાચર પરમ વિવેકી હતા. જીવાખાચરને ભોકા ખાચર અને દેહા ખાચર નામે બે પુત્ર હતા. ૨૪. સોરઠ પ્રદેશના પંચાળા ગામના દરબાર ઝીણાભાઈ અને ગગાભાઈ બંને નિષ્કામી હરિભક્ત હતા. ૨૫. દેવજાતિના (દેવીપુત્ર-ચારણ, સમઢીયાળાના) ભોજા ભક્ત ઘણા શૂરવીર હરિભક્ત હતા. તેમણે સ્ત્રીનો ત્યાગ કરી દીધો હતો. તેઓ તીવ્ર વૈરાગ્યવાન હતા. ૨૬. ભોજા ચારણ માંચા ખાચર આદિક દરબારોને પણ સત્સંગ કરાવનારા, તેમના ગુરુ ગણાતા હતા. કુસંગીઓ ઉપર તેમની ધાક હતી. મોટા રાજાઓ પણ તેમનું સન્માન કરતા હતા. ૨૭. ઉપર ગણાવેલા કાઠી દરબારો અને બીજા પણ શ્રેષ્ઠ હરિભક્તોને દરબાર શ્રીઅખાભાઈએ એક એક શાલ ઓઢાડી.

બીજા પાર્ષદોને એકેક વસ્ત્ર ઓઢાડીને તેમની પણ પૂજા કરી. ૨૮. શ્રીહરિની સાથે જે વિપ્રો રહ્યા હતા તે બધાની પણ યથાવિધિ પૂજા કરીને

તેમને એક એક સોનામહોરનું દાન આપ્યું અને શ્રીહરિનો 'જયજયકાર' કરાવ્યો. ૨૯. દરબારગઢમાં જે રાણીઓ હતી તેમણે રાજકુમારો સાથે અલગ અલગ ઘણી પૂજા પહોંચાડી. મોતી ભરેલા સોનાના થાળ મોકલ્યા. ૩૦. વસ્ત્રોનો અને ઘરેણાંઓનો તો કોઈ પાર જ ન હતો. મોતીના મોટા મોટા હાર મોકલ્યા. કેસર મેળવેલું ચંદન રાણીઓએ પોતાને હાથે ઘસીને તૈયાર કર્યું હતું. તેમાં કસ્તૂરી અને અત્તર મેળવી સુગંધી કર્યું હતું. ૩૧. રાજકુમાર જે પૂજા લાવ્યા હતા તે શ્રીહરિની આગળ મૂકી દીધી. પછી યથાવિધિ પૂજા કરી. તેમાં મોતીનો હાર હતો તે પહેરાવી દીધો. ૩૨.

પછી અખાભાઈ હાથ જોડીને બોલ્યા, "હે મહારાજ ! મારી એક વિનતિ છે. તેને આપ સાંભળો. જે સ્થળે આપનાં ચરણ ફર્યા હોય ત્યાં જમદૂતોનું કાંઈ જોર ચાલતું નથી. ૩૩. પ્રભુ, એટલા માટે આપ અમારા મહેલમાં ચરણ પગલાં પાડો. અમારા બાળ-બચ્ચાઓને દર્શન આપો. જેને આપના ચરણોનો સ્પર્શ થાય છે તેના કરોડો પ્રકારનાં પાપ ધોવાઈ જાય છે. ૩૪. જે આપનાથી છેટા રહે છે તે કરોડો યુગ સુધી દુઃખી રહે છે. અમારે તો એક આપનું જ કામ છે અને એક આપને શરણે રહેવું, એમાં જ અમે અમારી મોટી-સાચી પ્રતિષ્ઠા માની છે. ૩૫.

હે તાત ! આપ અમારી સાથે પધારો. બીજા લોકો ભલે અહીં બેસે." દરબાર અખાભાઈનો શુદ્ધભાવ દેખીને અતિ પ્રસન્નતાપૂર્વક શ્રીહરિ રાજાના મહેલ તરફ ચાલ્યા. ૩૬. દરબારના પુત્રને શ્રીહરિએ સાથે લીધા અને મહેલમાં ગયા. ત્યાં સોનાની હિંડોળા ખાટ ઉપર તેમને પધરાવ્યા. ૩૭. રાણીની સાસુ (કેશુબા) ઘણા સારા સત્સંગી હતા. તેઓ ઉત્તમ પ્રકારના વિવેકને જાણતા હતા. ધર્મની દૃઢ ટેકને ધારી રહેલા તેઓ શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ૩૮. પછી તેમણે જે હરિભક્ત રાણીઓ હતી તે સહુને બોલાવી અને શ્રીહરિને પરમ પિતા માનીને તેમને શ્રીહરિના ચરણોમાં પગે લગાડી. ૩૯. રાણીઓનાં મુખ ઉપરના ઘૂંઘટને કઢાવી નાખીને તેમને શ્રીહરિનાં દર્શન કરાવ્યાં. ઘણી સમજદાર ડાહી રાણીઓએ શ્રીહરિની મૂર્તિને પોતાનાં હૃદયમાં ધારી લીધી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'અખાભાઈએ સંત-હરિભક્તોની પૂજા કરી અને શ્રીહરિએ રાણીવાસમાં દર્શન આપ્યા' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૮

શ્રીહરિ તાવીથી મેથાણ પધાર્યા અને ભક્તોએ સામૈયું કર્યું

શ્રીહરિએ રાજમહેલમાં ચરણ પગલાં પાડ્યાં અને પછી મંડપની વચ્ચે આવીને બેઠા. આ રીતે દરબારના બધા મનોરથોને પૂરા કર્યા. કાંઈ જ બાકી ન રહ્યું. ૧. શ્રીહરિએ તાવીમાં અખાભાઈને ઘેર અણધાર્યો મોટો ઉત્સવ કર્યો. શ્રીહરિ આટલા દિવસ સત્સંગમાં ફર્યા પણ આવો ઉત્સવ ક્યાંય થયો નથી. ૨. પછી શ્રીહરિએ સંતોની પાસે દોકડ અને સરોદ આદિ વાજિંત્રો વગડાવીને અતિશય ઉમંગથી સુંદર કીર્તન ગાન કરાવ્યું. ૩. અધરાત સુધી કીર્તન ભક્તિ કરાવી. પછી શ્રીહરિ પોઢી ગયા અને સંતો ધ્યાન કરવા લાગ્યા. ૪. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો ધ્યાનમાંથી ઊઠ્યા અને "નારાયણ હરે" આવી ધૂન મુખથી કરવા લાગ્યા. ૫.

ધૂન સાંભળીને શ્રીહરિ બેઠા થયા અને પોતે પણ પ્રસન્ન મુખથી ધૂન બોલવા લાગ્યા. પછી શ્રીહરિ સંતો અને દરબારો વગેરે ભક્તોનો સમાજ લઈને તળાવે સ્નાન કરવા ગયા. ૬. તળાવને કાંઠે જઈને ઉતારો કર્યો, વસ્ત્ર વગેરે મૂક્યા. ધોતિયાનો એક છેડો ઓઢ્યો અને જળનો લોટો ભરીને થોડે દૂર શૌચ કરવા ગયા. ૭. જ્યારે શૌચ જઈ આવ્યા ત્યારે વર્ણીએ હાથ ધોવડાવ્યા. ઉમાભાઈ સુંદર તાજુ અને કોમળ બાવળનું દાતણ લાવ્યા હતા, તે મુખશુદ્ધિ કરવા માટે આપ્યું. ૮. શ્રીહરિએ દાતણ કરીને સ્નાન કર્યું. શ્રીહરિની સાથે જે સંતો અને દરબારો વગેરે આવ્યા હતા તે બધાએ પણ ત્યારે સ્નાન કર્યું. ૯. શ્રીહરિ નાહીને તળાવના જળમાંથી બહાર નીકળ્યા અને રૂમાલથી શરીર કોરું કર્યું.

પછી જરિયાની સુંદર સુરવાળ પહેર્યો. જેની વિવિધ રંગવાળી નાડી લાંબી હતી. ૧૦. સુંદરશ્યામે રમણીય જરિયાની જામો પહેર્યો. દેવ ઋષિઓના અધિપતિ શ્રીહરિએ મસ્તક ઉપર અજોડ જરિયાની પાઘ બાંધી. ૧૧. મુક્તાનંદસ્વામી સુંદર કેસરવાળું ચંદન લઈને આવ્યા. તેનાથી લલાટમાં તિલક કર્યું. બ્રહ્માનંદસ્વામીએ તિલકના મધ્યમાં કુંકુમનો સુંદર ચાંદલો કર્યો. તે સમયે શ્રીહરિ મરક મરક હસતા હતા. ૧૨. શ્રીહરિએ બ્રહ્માનંદસ્વામીને કહ્યું, “પૂજા કરવામાં તમને હેત બહુ છે અને ચાંદલો કરવા ઘણું ચાહો છો પણ તમને ચાંદલો કરતા આવડતું નથી. ૧૩. મુક્તાનંદસ્વામી તિલક કરવામાં ઘણા ચતુર છે. સંતોમાં તેમના જેવા બીજા કોઈ સંત એટલા ચતુર નથી. તિલક કરતા તો એક મુક્તાનંદસ્વામીને જ આવડે છે.” ૧૪.

શ્રીહરિ નાહીને તાવી ગામમાં આવ્યા. તે વખતે સૂર્યોદય થઈ ચૂક્યો હતો. શ્રીહરિએ બધી સવારીને બોલાવી. સહુ દરબારો ઘોડેસવાર થઈને ત્યાં આવી ગયા. ૧૫. અશ્વ માટેના જરીમય સાજ શણગાર શ્રીહરિએ દરબારોને આપ્યા. કારણ કે સેવકની ખામીની લાજ ધણીને આવે છે. તેથી શ્રીહરિ આવો વિવેક રાખતા હતા. ૧૬. શ્રીહરિ પોતા પાસે જેવો પોશાક હોય તેવો દરબારોને પણ આપતા. સેવક શ્રીહરિના અશ્વને તૈયાર કરીને લાવ્યા. ૧૭. શ્રીહરિ તે અશ્વ ઉપર સવાર થયા. ત્યારે ચોપદાર છડી પોકારવા લાગ્યા. ડંકા અને નોબત જેટલા વાગવા જોઈએ તે બધા તે સમયે યોગ્ય રીતે વાગવા લાગ્યાં. ૧૮. શ્રીહરિના શિર ઉપર છત્ર રાખેલું હતું, બંને બાજુએ ચામર ઢળતાં હતાં. આ પ્રમાણે શ્રીહરિ જ્યારે બજારે નીકળ્યા ત્યારે હજારોની સંખ્યામાં લોકો દર્શન કરવા દોડી આવ્યા. ૧૯.

શ્રીહરિએ દરબાર અખાભાઈને પણ સાથે લીધા. તેથી તેઓ પણ ઉમંગથી સવારી સાથે આવ્યા. ૨૦. શ્રીહરિ અને સહુ પાંચેક કોશ ચાલ્યા હશે, ત્યાં મેથાણના પૂંજાભાઈ, કાકાભાઈ અને અજા પટેલ વગેરે શ્રીહરિની સામા મળ્યા. ૨૧. જ્યારે તે સહુએ શ્રીહરિને દૂરથી દેખ્યા ત્યારે અશ્વ ઉપરથી સહુ ઊતરી ગયા. પગમાંથી પગરખાં કાઢી નાખીને શ્રીહરિને દંડવત્-પ્રણામ કરવા લાગ્યા. ૨૨. જ્યારે શ્રીહરિ નજીક આવ્યા ત્યારે તે ભક્તોએ દર્શન કર્યાં

અને મનમાં ઘણો જ આનંદ થયો. તે સહુએ શ્રીહરિના ચરણકમળને પોતાને મસ્તક તથા છાતીમાં લીધા. ૨૩.

શ્રીહરિએ સહુને પૂછ્યું, "તમે કઈ રીતે જાણ્યું કે અમે આવીએ છીએ? કે જેથી તમે અહીં સુધી સામા આવ્યા. અમે તો ગઈ કાલે જ તમારે ગામ આવવાના હતા પણ દરબાર અખાભાઈએ અમને વચ્ચે રોકી રાખ્યા." ૨૪. ત્યારે પૂંજાભાઈએ કહ્યું, "અખાભાઈ અમારા હિતેચ્છું મિત્ર છે. દુનિયાનો એવો વ્યવહાર છે કે જે હિતેચ્છું હોય તે સુખમાં કે દુઃખમાં ભાગ પડાવે. ૨૫. આજે પણ આપ આવશો એવી આશા જ ન હતી. હિતેચ્છું ક્યારેય આવવા ન દે. હિતેચ્છુંનું બંધન દઢ હોય છે. આજ આપને આવવા દીધાં તે ઘણું સારું થયું !" ૨૬. એમ કહી પૂંજાભાઈ વગેરે સહુ સંતોને પગે લાગ્યા અને પછી સહુ ઘોડેસવાર થયા. અતિ આનંદ ઉલ્લાસને લીધે તેમની આંખોમાં હર્ષનાં આંસુ ભરાઈ આવ્યા. ૨૭. અજા પટેલે સાથે એક આવેલા ચાલાક માણસને કહ્યું કે, 'તમે જલદી દોડતે ઘોડે મેથાણ જાઓ અને સહુને ખબર આપો કે શ્રીહરિ આપણે ગામ પધારે છે.' ત્યારે તે માણસ ગયો. ૨૮.

સહુની સાથે વિનોદ કરતાં કરતાં શ્રીહરિ **મેથાણ** પહોંચ્યા ત્યારે દિવસ દોઢ પહોર (૧૦.૩૦ કલાક) ચઢ્યો હતો. (સં.૧૮૬૨) ભાદરવા સુદિ દશમની તિથિએ શ્રીહરિ મેથાણ પધાર્યા. ૨૯. તેમાં પ્રથમ શ્રીહરિ તળાવે ગયા અને ત્યાં અશ્વને પાણી પાઈને કિનારે આવ્યા. ત્યાં વૃક્ષોની છાયા ઘણી સુંદર હતી. ૩૦. ત્યાં થોડીવાર અશ્વ ઉપરથી ઊતરી ગયા. બધા સંતો પાછળ રહી ગયા હતા. શ્રીહરિ જ્યારે અધઘડીવાર ત્યાં બેઠા ત્યારે જે પાછળ હતા તે બધા સંતો વગેરે આવી ગયા. ૩૧. જીવુબા અને રાજબાઈનો સંઘ જે પાછળ હતો તેપણ આવી ગયો. શ્રીહરિએ પેંડાનું ટીમણ કર્યું અને થોડો મીઠું નાખીને પાણીમાં ઘોળેલો સાથવો પીધો. ૩૨. દરબારો અને પાર્ષદો જેટલા હતા તે બધાને પણ ટીમણ કરાવ્યું. મેથાણ ગામમાં હરિભક્તોને સમાચાર મળ્યા એટલે સહુ ભેળા થયા અને શ્રીહરિનું સામૈયું કર્યું. ૩૩. વિવિધ પ્રકારના વાજિંત્રો લાવ્યા હતા. ઝાંઝ અને મૃદંગ પણ વાગતાં હતાં. અપાર નરનારી હરિભક્તો બધા ઉતાવળા દોડીને ગામ બહાર આવ્યા. ૩૪.

સહુના હાથમાં શ્રીફળ હતાં. શ્રીહરિની આગળ તે ભેટ મૂક્યાં. તેનો નાના પર્વત જેવો ઢગલો થયો. ઝાલાવાડમાં સત્સંગ તો ઘણા ગામોમાં છે પણ બે ગામમાં સત્સંગ વધારે છે. ૩૫. એક હળવદ અને બીજું મેથાણ એ બે ગામનો સત્સંગ ઘણો બળવાન ગણાય. પૂંજાજીના એક બહેન હતા. તેનું નામ જીજીબા હતું. તેઓ સત્સંગમાં ઘણા વિવેકી હતા. ૩૬. તેઓ સત્સંગમાં ઘણા શૂરવીર બહેન હતા. ધર્મ પાળવામાં તો તેઓ વજ્રના કિલ્લા જેવા મક્કમ હતા. અધર્મી અને આસુરી લોકોને તો તેણે ચડીચોટ (ખુલ્લેઆમ) ભગાડી મૂક્યા હતા. ૩૭. ગામની બધી જ બાઈઓને તૈયાર કરીને ગામ બહાર લઈ આવ્યા. હાથમાં મોતીથી ભરેલા થાળ હતા અને મુખથી મંગળમય કીર્તન ગાતા હતા. ૩૮. તે પોતાની સાથે પુષ્કળ ગુલાલ લાવ્યા હતા. ધર્મપુત્ર શ્રીહરિ પધાર્યા છે એટલે તેમનાં દર્શન કરીને તેમને અપાર આનંદ થયો. ૩૯. બધી હરિભક્ત બાઈઓ શ્રીહરિની પાસે આવી. થાળમાં ભરેલા મોતીથી શ્રીહરિને વધાવ્યા. પછી તે બધી ભક્ત બાઈઓ શ્રીહરિના ચરણોમાં નમી પડી. શ્રીહરિ તેમની ભક્તિને જોઈને કાંઈ કહી શક્યા નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ તાવીથી મેથાણ પધાર્યા અને હરિભક્તોએ સામૈયું કર્યું ' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૯

જીજીબાને સત્સંગની સ્થિતિ કહી અને શ્રીહરિ ધામધૂમથી મેથાણમાં પ્રવેશ્યા

મેથાણના જીજીબા પછી શ્રીહરિને કહેવા લાગ્યા, "હે નાથ ! આપે અમને બહુ લલચાવ્યા. અમે માનતી હતી કે આપ મળવા સહેલા છો, પણ આપ કોઈને હાથ આવતા નથી. ૧. આજકાલ કરતાં બે વર્ષ નીકળી ગયા. આપનું કોઈ એક સ્થાન નથી, કે જ્યાં અમે આવીએ. ૨. મહિને મહિને આપની ખબર આવ્યા કરતી. આપના નિવાસનો કોઈ નિર્ધાર ન હતો.

સોરઠ, હાલાર, કચ્છ, કાઠિયાવાડ, ભાલ, ચરોતર અને ગુજરાત એ બધા દેશોમાં આપ ફરતા જ રહો છો. ઘડીક સાધુના વેશમાં હોવ છો તો ઘડીકમાં કોઈ મોટા ઉમરાવના વેશમાં આવી જાઓ છો. ૩-૪. હે નાથ ! અમે આપની પાછળ ક્યાં ક્યાં દોડીએ ? આપ કોઈને હાથ આવતા નથી. આપનાં દર્શન કરવા આવવાના મનોરથ બહુવાર કર્યા. કેટલીકવાર તો ભાતાં પણ તૈયાર કર્યાં હતાં." ૫.

આવા તેમના વચનો સાંભળીને શ્રીહરિ તેમની આગળ અમૃતરસ ભરેલાં વચન કહેવા લાગ્યા, "આ સત્સંગરૂપ એક મોટું મોક્ષવન છે. તે વન અમને સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ સોંપ્યું છે. ૬. તેમાં હરિભક્તરૂપ વિવિધ પ્રકારના કલ્પવૃક્ષો રહ્યા છે. તે વૃક્ષોમાં કેટલાકનાં મૂળ તો પાતાળ સુધી ઊંડા ગયાં છે. તેવા નિષ્ઠાવાન સત્સંગીરૂપી વૃક્ષોને માટે અમને ક્યારેય ડર લાગતો નથી. ૭. પણ જે ભક્તરૂપી વૃક્ષોનાં મૂળ ઉપરછલાં છે તેનાં તરફનો ભય ઘણો રહે છે. કુસંગરૂપી વાવાઝોડું તેને ઉખાડી નાખે અને તેનું કાંઈ ઠેકાણું રહે નહિ. ૮. તેમના મૂળ સત્સંગમાં ઊંડા થાય તે માટે અમે અને સહુ સંતો બધા દેશોમાં ફર્યા જ કરીએ છીએ, ક્યાંય જંપતા નથી. અમે અત્યારે વિવિધ પ્રકારની નિયમોરૂપી વાડ વારંવાર કરીએ છીએ. ૯. તેના પછી કાચા કોટ કરશું કે તેને આગનો ભય લાગે નહિ અને પછીથી વજ્ર જેવો પાકો કિલ્લો કરશું. જેને હાથીનો ધક્કો કે તોપનો ગોળો પણ લાગે નહિ. ૧૦.

જેમ જેમ સંતોમાં અને હરિભક્તોમાં 'ખપ' રૂપી બળ આવતું દેખાશે, તેમ તેમ અમે નિયમોની દઢતા કરશું અને તે દઢતા થઈ ગયા પછી અમે એક સ્થાનમાં સુખેથી રહેશું. ૧૧. કોઈ સમયે અમે અને આ સંતો ન હોઈએ તો પણ આ મોક્ષનો ઢાળ આવો ને આવો રહે. તેને સાચવવા માટે કાંઈક ધ્યાન દેવું જોઈએ. સત્સંગ એક અમર ક્ષેત્ર(બાગ) છે. તેને જતન કરીને જાળવવો જોઈએ. ૧૨. ખાતાં, પીતાં, સૂતાં અને દેશોદેશમાં ફરતાં અમે મોક્ષમાર્ગનું રક્ષણ કરવા માટે ભક્તિ તથા ધર્મને દઢ કરાવતા રહીએ છીએ. ૧૩. ધર્મ તથા ભક્તિનું સ્વરૂપ તથા ધર્મસર્ગીય સદ્‌ગુણોરૂપી પરિવાર (સત્સંગિજીવન દ્વિતીય પ્રકરણમાં માણાવદરમાં મયારામ ભટ્ટને જે કહ્યો છે તે પરિવાર)નું

સ્થાપન જ્યારે સત્સંગમાં થાશે ત્યારે મોક્ષ નક્કી રહેશે. અર્થાત્ ત્યારે મોક્ષ માર્ગ કાયમ જળવાશે. ૧૪. અમારા મનમાં મોક્ષ અંગેના વિચારો રાતદિવસ થયા કરે છે અમને તેની જ એક ચિંતા રહ્યા કરે છે. બીજી કોઈ બાબતની ચિંતા મનમાં નથી. ૧૫.

શાસ્ત્રોમાં કહેલા ધર્મ અને ભક્તિના વંશને આધારે જ કાયમ મોક્ષ રહેશે-ટકશે. તેનાં સિવાય બીજો કોઈ ઉપાય નથી. આવો અમે ભૂતકાળને જોઈને ભવિષ્યકાળ માટેનો વિચાર કર્યો છે. ૧૬. વરસાદનું પાણી તો ચોમાસામાં રહે. તે પછી વરસાદનાં પાણીની આશા રાખી શકાય નહિ. પણ જે કૂવામાં ઘણે ઊંડે (પાતાળ)થી પાણી જ્યારે મળવા માંડે ત્યારે તેમાં પાણી કાયમને માટે અખૂટ રહે છે. ૧૭. ધર્મ અને ભક્તિનાં શાસ્ત્રમાં કહેલા પરિવારરૂપી ગુણોને અખૂટ પાણી સમાન સમજવા. મુમુક્ષુજનોનું જો અપાર ભાગ્ય હશે તો ઉપર કહેલા ધર્મવંશીય ગુણો સત્સંગમાં નિશ્ચિત નિર્ધારિત થશે. ૧૮. તે પછી આ આપણો સત્સંગ નિર્ભય થઈ જાશે. સત્સંગમાં પેસવાની અધર્મને કોઈ આશા રહેશે નહિ.

આટલી વાત તે જીજીબા આગળ કહીને શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. ૧૯. જીજીબા મોટીબા (જીવુબા) પાસે ગયા. તેમનાં દર્શન કરીને મનમાં ઘણો જ આનંદ થયો. પછી રાજબાઈનાં દર્શન કરીને પોતાના ધન્યભાગ્ય માન્યા. ૨૦. જીજીબા આદિ સત્સંગી બહેનોએ દૂર રહીને જ મુક્તાનંદસ્વામી આદિ બધા સંતોનાં દર્શન કર્યાં. આપણા સત્સંગમાં જે જે મોટેરા હરિભક્તો કહેવાતા હતા તે બધા પણ આ વખતે શ્રીહરિની સાથે આવ્યા હતા. ૨૧. હવે કોઈ જાતની કસર-ખામી રહી ન હતી. કારણ કે એક સામટા અનંત તીર્થ ઘેર આવ્યા હતા.

અનંત પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં અને સંતો કીર્તન ગાતા હતા. ૨૨. શ્રીહરિ મેથાણ ગામમાં આવ્યા. ત્યાંની શોભા અપાર કરેલી હતી. શ્રીહરિ જે અશ્વ ઉપર સવાર થયા હતા તે હાથી કરતાં પણ વધારે શોભતો હતો. ૨૩. તે અશ્વની આગળ વિમાન અને ગરૂડ પણ શું ? તે તો તેના કરતા પણ અધિક સોહામણો લાગતો હતો. અશ્વને બધા સોનેરી

સાજથી શણગાર્યો હતો. તેની શોભાનું વર્ણન કોઈપણ રીતે થઈ શકે તેમ ન હતું. ૨૪. મોવડો, કોટિયું અને ડૂમચી વગેરે જે અશ્વના સાજ હતા તે બધામાં મોતી ભરેલા હતા. કોઈ મોટો ગજરાજ ચાલે તેમ અશ્વ ચાલતો હતો. ૨૫. જેમ કોઈ છટાદાર નટ નાચે તેમ અશ્વ થનક્ થનક્ કરતો થનગનાટ ભર્યો ચાલતો હતો. પગમાં ઝાંઝરોના ઝમકારાનો શબ્દ એકતાર સંભળાતો હતો. ૨૬.

શ્રીહરિએ એવો કોઈ અંગરાગ કર્યો હતો કે તેના સુગંધથી આખી ત્રિલોકી ઢંકાઈ ગઈ હતી. કેવો સુગંધ હતો ? તે કહેતાં ફાવતું નથી. આખી ત્રિલોકીના નિવાસી દેવતા વગેરે તેને જોવા માટે દોડી આવ્યા. ૨૭. શ્રીહરિએ એકેક અંગમાંથી કરોડો સૂર્યના સમાન તેજ પ્રકટ કર્યું હતું. તે તેજ કરોડો સૂર્ય જેટલું હોવા છતાં શીતળ હતું. તેથી તે જોઈને લોકો આશ્ચર્યચકિત થતા હતા. ૨૮. શ્રીહરિનાં મસ્તક ઉપર જરિયાની છત્ર ધારણ કરેલું હતું. તે છત્રનું તેજ ઘણું જ ઝગમગાટ કરતું દીપી રહ્યું હતું. છત્રમાં દશ અવતારોને ભરતકામ કરીને દર્શાવ્યા હતા. તેથી પ્રેમી ભક્તો તેને દેખતા હતા. ૨૯. છત્રમાં રહેલા દશ અવતારો લોકોને સૂચવતા હતા કે સર્વ અવતારોનું કારણ આ શ્રીહરિ છે. ત્યારે શ્રીહરિ એવું સૂચવતા હતા કે આ દશે અવતાર અમારે ઈષ્ટ છે, માન્ય છે અને તેટલાં માટે જ અમે તેમને શિરોધાર્ય કર્યા છે. ૩૦.

જે મનુષ્યને જેવી ભાવના હોય તેવું તે અંતરમાં ગ્રહણ કરે છે અને જે જેવો ભાવ રાખે છે તેની મુક્તિ પણ તેવા પ્રકારની થાય છે. ૩૧. શ્રીહરિનું મનોહર સ્વરૂપ લોકોના ચિત્તને ખેંચતું હતું અને ભક્તજનોને આનંદકારી હતું. શ્રીહરિને બંને પડખે ચામર ઢળી રહ્યાં હતાં અને ચોપદાર મુખથી છડી પોકારી રહ્યા હતા. ૩૨. “જય જય !!!” “જય જય !!!” જનમોક્ષદાતા આપનો જય થાઓ !!! જય થાઓ !!! આપ મોક્ષદાતાના રૂપમાં જગત્પ્રસિદ્ધ પ્રગટ થયા છો. સ્ત્રીઓના સમુદાયમાં ચાલતી સ્ત્રીઓ ગાતી આવતી હતી અને તેમનાં હૃદયમાં અતિ આનંદ હતો, તે સમાતો ન હતો. ૩૩. બજારોમાં અને ઝાડ ઉપર કેસરવાળું સુગંધી પાણી છંટકાવ્યું. અનેક જાતનાં ફૂલ વેરાવ્યાં. માનો બજારોને જ ફૂલોનો બાગ બનાવ્યો નહોય ! સહુના ભવનોને સુંદર રીતે

શણગાર્યા હતા. ૩૪. બજારોમાં બધે અપાર કેળના સ્તંભ રોપાવી દીધા હતા. બંને બાજુએ તેની પંક્તિ થઈ ગઈ હતી. કોઈ કેળનો સ્તંભ ફળ વિનાનો ન હતો. આવા જ બીજા વૃક્ષ પણ રોપ્યાં હતાં. ૩૫. તે વૃક્ષોના થડને પણ વિવિધ રંગોથી રંગાવ્યાં હતાં. લોકોએ મનમાની શોભા સજાવી હતી. જેટલો મંગળમય સાજ કહેવાય છે તે બધો લોકોએ સજાવી શણગાર કર્યો હતો. ૩૬. સુવર્ણના કળશોને શણગારીને દરવાજામાં સ્થાપન કર્યા હતા અને હરેક દરવાજે મોતીનાં તોરણ બાંધ્યા હતાં. ધજાઓનો અને પતાકાઓનો તો કાંઈ પાર જ ન હતો. ૩૭.

બજારમાં સહુ ગુલાલ ઉડાડતા હતા. ચોતરફ રંગની રેલમછેલ મચી હતી. ધૂપનો સુગંધ ફેલાયેલો હતો. દીવાઓ પ્રગટાવેલા હતા. આવા વાતાવરણમાં છેલછબીલા શ્રીહરિ બજારે અશ્વ ઉપર ચાલ્યા આવતા હતા. ૩૮. શ્રીહરિ પધારે છે આવું સાંભળીને પુરજનોએ સારાં વસ્ત્ર અને ઘરેણાં પહેર્યાં હતાં. સહુએ હાથમાં મોતીથી ભરેલા થાળ શ્રીહરિને વધાવવા લીધા હતા. ૩૯. બાળકો કે વૃદ્ધો, બધા બજારમાં આવીને શ્રીહરિની આવવાની વાટ જોઈને ઊભા હતા. જ્યારે શ્રીહરિ નજીક આવતા ત્યારે બધા નરનારીઓ મોતીથી શ્રીહરિને વધાવતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'જીજીબાને સત્સંગ સ્થિતિ કહી અને શ્રીહરિ ધામધૂમથી મેથાણ ગામમાં પ્રવેશ્યા' એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર છઠ્ઠું : તરંગ - ૨૦

મેથાણમાં હરિભક્ત વિપ્રોએ કરેલી રસોઈને શ્રીહરિ જમ્યા

શ્રીહરિની સાથે આવેલા પાર્ષદો બંદૂકોના જે અવાજ કરતા હતા તેનાથી આકાશ ગાજી રહ્યું હતું અને તે ગર્જનાથી આખું વિશ્વ ભરાઈ રહ્યું. ૧. તે બંદૂકોની ગર્જનાને સાંભળીને બધા દેવો ઉતાવળા દોડી આવ્યા. ધર્મકિશોર શ્રીહરિને વધાવવા માટે કેસરયુક્ત ચંદન અને પુષ્પોને સાથે

લાવ્યા હતા. ૨. નિત્ય નિત્ય નવતમ લીલા કરનારા એવા અવિનાશી અને અલક્ષ્ય શ્રીહરિનાં દર્શન કરવા માટે જે દેવતાઓ વિમાનમાં બેસીને આવ્યા ત્યારે તેમની પત્નીઓ પણ સાથે આવી હતી. ૩. ભવ, બ્રહ્મા અને દેવરાજ ઈન્દ્ર એ બધા દેવો 'જય જય' 'જય જય'ના નાદ સાથે કેસરચંદન અને સુગંધી પુષ્પોની ઝડીઓ વરસાવતા હતા. ૪. દેવતાઓ દુંદુભિ વગાડતાં હતાં ત્યારે તેનો શબ્દ આકાશમાં ગાજી રહ્યો હતો. ગાંધર્વ નામનો દેવોનો બધો સમાજ એકત્ર થઈને વાજા વગાડીને મધુર ગાન કરવા લાગ્યો. ૫. તે વખતે બધી અપ્સરાઓ આવીને ત્યાં નાચવા લાગી. નૃત્યના અનેક નાના મોટા ભેદોને બતાવીને, તેમજ અનેક પ્રકારના રાગરંગ કરતી રહીને "તાથૈ... તાથૈ... થાક્ થૈયા થૈયા..." જેવા શબ્દોને ઉચ્ચારતી હતી. ૬.

દેવતાઓનું આવવું અને તેમનાં નાચ, ગાન તથા વધામણી એ બધું દેખીને ગામના અન્ય લોકોને ઘણું આશ્ચર્ય થયું અને 'આ સ્વામિનારાયણ ચોક્કસ પરમેશ્વર છે' એવું તેઓ બોલતા. વળી કહેતા કે જેવા અમે તેમને સાંભળ્યા છે તેવા જ તેઓ દેખાય છે. ૭. હવે જે તેમનો સત્સંગ ન સ્વીકારે તે તો ઘોર પાપી ગણાય. શ્રીહરિનો આવો પ્રતાપ જોઈને અપાર લોકો હરિભક્ત થયા. ૮. આવી રીતે સહુને દર્શન આપતાં આપતાં શ્રીહરિ ગામની અધવચ્ચે આવી ગયા. ચારેબાજુના મુખ્ય રાજમાર્ગોની શોભા બધે એકસરખી કરેલી દેખાણી. ૯. શ્રીહરિ દર્શન આપવા માટે બધી બજારોમાં ફર્યા. આ રીતે આખા ગામની બજારોમાં બીજે ક્યાંય ફર્યા નથી. બધી બજારોમાં ફરીને શ્રીહરિ દરબાર પૂંજાજીના ભવને પધાર્યા. ૧૦. તેમણે પોતાનો રાજદરબાર સારી રીતે શણગાર્યો હતો. કારણ કે પહેલેથી જ ખબર હતી કે શ્રીહરિ પધારવાના છે. ભાત ભાતના સોનેરી સ્તંભ જેમાં હતા એવા મહેલને સુંદર રીતે સજાવ્યો હતો. ૧૧. જે મહેલને સાતમાળ હતા. તેમાં હરખભેર શ્રીહરિને ઉતાર્યા. તેમાં હિંડોળા ખાટ લટકાવી દીધી હતી. ત્યાં આવીને શ્રીહરિ પ્રસન્ન મનથી તે હિંડોળે બેઠા. ૧૨. સુંદર અને રંગબેરંગી બુટ્ટાદાર મખમલના ગાદી તકિયા ત્યાં મૂક્યા. જેની શોભા અદ્‌ભુત હતી. તે ગાદી તકિયે પણ શ્રીહરિ બેઠા. ૧૩.

સંતોને માટે તો મંદિર અજોડ હતું. તેથી તેઓ સહુ મંદિરમાં ઊતર્યા. બધા દરબારોને તો ગામમાં રહેતા હરિભક્તોને ઘેર ઉતાર્યા. ૧૪. અજા પટેલ અને જીવા પટેલ વગેરે હરિભક્ત પટેલોને ઘેર અલગ અલગ દરબારોને ઉતાર્યા હતા. તે હરિભક્તો બહુ સેવા કરતા. ૧૫. મોટીબાને જીજીબાના મહેલમાં ઉતાર્યા. હરિભક્તો ઘણા જ હેતવાળા હતા. તેના હેતને મુખથી પૂરી રીતે કહી શકાતું નથી. ૧૬. પાર્ષદો અને વર્ણીઓ જે સેવા કરતા હતા, તે બધા શ્રીહરિની પાસે ઊતર્યા. તે સિવાયના જે બીજા હરિભક્તો હતા તે મેથાણના હરિભક્તોને ઘેર ગામમાં ઊતર્યા. ૧૭.

ગોવિંદરામ નામે એક ઘણા સારા હરિભક્ત વિપ્ર હતા. તેના કુટુંબી ભાઈઓ અને બીજા પણ હરિભક્ત વિપ્ર જે હતા તેમણે પહેલા ક્ષત્રિય દરબારોને માટે રસોઈ કરાવી. તેમાં તે સહુને ગમે તેવા ભોજન વિપ્રો પાસે કરાવ્યા. ૧૯. ગોવિંદરામ વિપ્ર અને તેમના જેવા જ બીજા હરિભક્ત વિપ્રો હતા. વઢવાણના બહેચરજી અને દેવકૃષ્ણ તે બંને ભાઈઓ તથા ૨૦. તે સિવાય વિપ્ર લાધારામ ઠાકર (શ્રીહરિની જન્મપત્રીના લેખક) પાકા સત્સંગી હતા. મૂળ મેથાણના પણ પછીથી મેમકા રહેવા ગયેલા દેવરામ વિપ્ર, ૨૧. હળવદના શિવરામ જાની અને નારાયણજી વિપ્ર, શ્રીહરિનાં દર્શન કરવા મેથાણ આવ્યા હતા. એ બધા વિપ્રો રસોઈ કરવામાં ઘણા જ તૈયાર-કુશળ હતા. ૨૨. એ બધા વિપ્રોએ મળીને રસોઈ કરી હતી. તેમાં મુખ્ય તો ગોવિંદરામ વિપ્ર હતા. બધા વિપ્રોની જે ચતુરતા હતી તે બધી રસોઈ બનાવવામાં લાવ્યા હતા. ૨૩. તૈયાર થયેલી બધી રસોઈ શિવરામ ભટ્ટે દેખી. પછી તેઓ બોલ્યા, "તમે બધા ઘણા જ સારા હરિભક્તો છો. એક એકથી ચઢિયાતી વસ્તુઓ સરસ કરી છે." ૨૪.

શ્રીહરિને માટે થાળ બનાવનારા મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી, બે બ્રહ્મચારીઓ હતા. તેમણે આવીને તે તૈયાર કરેલી રસોઈ દેખી અને તેની ઘણી સરાહના કરી. ૨૫. મુકુંદ વર્ણીએ વિપ્રો સાથે વાત કરતા કહ્યું, **"મનની શુદ્ધતા હોય તે શ્રીહરિને વધારે ગમે છે. તેઓ સહુનાં મનની ભાવનાને જુએ છે. ભાવના વિનાનું તેમને ગમતું નથી."** ૨૬. બધી રસોઈ તૈયાર થઈ ગઈ

ત્યારે વર્ણીએ ત્યાં આવીને બધું જોયું. જેમ ઘટે તેમ તે રસોઈમાંથી ભોજનના થાળ ભર્યા. ૨૭. આવી બાબતમાં મુકુંદાનંદ વર્ણી સમજે, તેમાં બીજાને કાંઈ ગમ પડે નહિ. જ્યારે મધ્યાહ્નનો સમય થયો ત્યારે વર્ણીએ જઈને શ્રીહરિને થાળ જમવા બોલાવ્યા. ૨૮. વર્ણીએ ઘણું સારું રેશમી પીતાંબર શ્રીહરિને આપ્યું તે તેમણે પહેર્યું અને બીજું જરીકામવાળું પીતાંબર લઈને ઓઢ્યું. ૨૯.

દરબાર પુંજાજીને ઘેર બધી રસોઈ બનાવી હતી. તેથી ચરણોમાં ચાખડી પહેરીને શ્રીહરિ ત્યાં આવ્યા. ૩૦. ભક્તોના પ્રાણઆધાર શ્રીહરિ એક સોનાના અનુપમ બાજોઠ ઉપર આવીને બેઠા. પાણી લઈને કરચરણ ધોયા અને વર્ણીએ રૂમાલથી લૂછીને તેને કોરા કર્યા. ૩૧. ભોજનોના પીરસેલા બધા થાળ લાવીને બીજા બાજોઠ ઉપર મૂક્યા. જીજીબાએ ઘણી ચતુરાઈથી માખણના ફૂલવડાં બનાવ્યાં હતાં. ૩૨. તે થાળમાં ભરીને શિવરામ જાનીની સાથે મોકલ્યાં. નિપુણતાથી સાકરના પેંડા બનાવ્યા હતા. બીજા પણ પકવાન ઘણી જાતનાં કર્યાં હતાં. અનંત મેવા પણ તૈયાર કર્યા હતા અને બધામાં સારી સાકર વાપરી હતી. ૩૩. બ્રાહ્મણો પણ જમી શકે તેવા શુદ્ધ સાકરનાં ફળ બનાવ્યાં હતાં. ઘણાં જ ચાતુર્યથી-કુશળતાથી કરેલું તે બધું સોનાના થાળમાં ભરીને શ્રીહરિ માટે મોકલ્યું. ૩૪.

તે બધું વિપ્રો શ્રીહરિને પૂછીને લાવ્યા હતા અને તે જમવામાં વિપ્રને કાંઈ બાધ ન હતો. સહુને પ્રેમ જણાવવા બનાવેલી તે ચીજોને શ્રીહરિ પ્રસન્નતાથી જમ્યા અને તેમાં અતિ નવલો સ્નેહ દેખાડ્યો. ૩૫. શ્રીહરિ ઘણા ઉલ્લાસથી જમતા હતા ત્યારે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને દરબાર દાદાખાચરને પોતાની પાસે બોલાવીને બેસાડ્યા. ૩૬. પવિત્ર વિપ્રોએ જેટલાં ભોજન બનાવ્યાં હતાં. તે બધાને શ્રીહરિએ જમવા લીધાં. હરિભક્તોનો અપાર ભાવ દેખીને શ્રીહરિ પ્રેમથી જમતા. ૩૭. છેલ્લે દૂધ, ભાત અને સાકર લઈને શ્રીહરિ પ્રીતિ સાથે જમ્યા. આ રીતે જમીને શ્રીહરિ પોતાનો રાજીપો સૂચવતા હતા. જ્યારે શ્રીહરિ જમી રહ્યા, ત્યારે તેમણે ત્રણ થાળ પિરસાવ્યા. ૩૮. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને દાદાખાચર એ ત્રણને એકેક થાળ પોતાને હાથે આપ્યો. તે પછી અનંત ભુવનના નાથ એવા

શ્રીહરિએ પોતાના હાથ ધોયા. ૩૯. હાથ અને મુખ ધોઈને પછી મુખવાસ લીધો. પછી શ્રીહરિએ બીજા થાળ પ્રસન્ન મનથી બધા દરબારોને આપ્યા. ૪૦. જાતજાતના બધા નવા પકવાનોને દરબારોએ જોયા અને તેનાં વખાણ કરવા લાગ્યા કે 'આવાં અને આટલાં પકવાન અમે ક્યારેય જમ્યા નથી.' ૪૧. તે પછી શ્રીહરિએ સર્વે સંતોને ઘણા હેતથી જમવા માટે બોલાવ્યા. તેમના પછી બધા પાર્ષદો અને રાજાઓ પણ જમવા માટે આવ્યા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'મેથાણમાં શ્રીહરિ વિપ્રોએ કરેલી રસોઈ જમ્યા' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર છઠ્ઠું : તરંગ - ૨૧

સંસારમાં દુઃખ અને ભગવાનમાં સુખ, યુક્તિઓથી સમજાવ્યું

સંતો, દરબારો અને પાર્ષદોની પંગત થઈ. રસોઈમાં જે ભોજન બનાવ્યાં હતાં, તેને લઈને શ્રીહરિ પીરસવા લાગ્યા. ૧. શ્રીહરિ ઘણા જ પ્રેમભાવથી પંગતમાં પીરસવા વારંવાર ફરતા હતા. કારણ કે ભક્તજનોને અત્યંત સુખ આપવા માટે તો શ્રીહરિ પ્રકટ થયા હતા. ૨. સંતો પીરસેલું ભોજન જમી રહ્યા ત્યારે દૂધ, ભાત અને સાકરને લઈને પીરસવા લાગ્યા. તેમાં દૂધ અને સાકર તો પાત્રમાંથી છલકાઈને ભૂમિ ઉપર ચાલતાં થાય એટલું પીરસ્યું હતું. ૩.

જ્યારે શ્રીહરિ સંતોને જમાડતા ત્યારે ભૂમિને પણ તૃપ્ત કરતા. ભૂમિને સુખી કરવા માટે તો શ્રીહરિ ભૂમિ પર વિચરણ કરતા હતા. ૪. અધર્મી, અસુરો અને નાસ્તિકો આ ભૂમિ ઉપર હરતા ફરતા રહે છે, તેનાથી ભૂમિને અપાર દુઃખ થાય છે. ભૂમિનાં તે દુઃખનો કહે પાર આવતો નથી. ૫. ભૂમિને શાંતિ આપવા માટે ભગવાન નરનારાયણ રૂપ ધરીને હિમાલય પર્વતમાં રહેલા બદરિકાશ્રમમાં અખંડ રહ્યા છે અને તેને લીધે આ બ્રહ્માંડ સ્થિર રહ્યું છે. ૬. કેટલાક દૈવી મનુષ્યો છે તે સંત, વિપ્ર અને

ગાયોને માને - પૂજે છે. ભગવાનના અવતારોને અને મૂર્તિઓને પણ ઘણા આદરભાવથી માને પૂજે છે. ૭.

❋ તાત્ત્વિક ભગવદ્મહિમા :

(હવે આ વાતો શ્રીહરિથી સાંભળેલી છે તે ગ્રંથકાર લખે છે.) પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ જે પાંચભૂતો કહેવાય છે તે બધાં દેવરૂપ છે. સ્વરૂપ અને સામર્થ્યની દૃષ્ટિએ તે પાંચભૂતો એક એક કરતાં બીજા દસ દસ ગણા મોટા અને વિશાળ છે. ૮. અહંકાર, મહતત્ત્વ અને માયા પણ તે ભૂતો કરતાં પ્રત્યેક અનુક્રમે દસ દસ ગણા સ્વરૂપ અને સામર્થ્યથી મોટા અને સમર્થ છે અને તે પ્રત્યેક કરતા અક્ષરપુરુષ પણ સ્વરૂપ અને સામર્થ્યની દૃષ્ટિએ દસ ગણા વધારે સમર્થ છે. (અક્ષરપુરુષને અહીં માયાથી દસ ગણા મોટા કહ્યાં છે પરંતુ તેમને અપાર મોટા સમજવા.) ૯.

चोपाई :

सब से पुरुषोत्तम भगवाना, अनंत सामृथ सो धरीके रहाना;
ओर को सामृथ श्रीहरि आगे, देखत में सो कछुव न लागे...१०

તે સહુથી અનંત રીતે વધારે સામર્થ્ય ભગવાન પુરુષોત્તમ ધારી રહ્યા છે. બીજા કોઈ તત્ત્વનું સામર્થ્ય ભગવાન શ્રીહરિના સામર્થ્યની આગળ કાંઈપણ દેખ્યામાં આવતું જ નથી. ૧૦. જેમ તારાઓ અનેક છે પણ સૂર્યની તુલનામાં તેમનું સ્વરૂપ કે સામર્થ્ય કાંઈ દેખાતું જ નથી. સૂર્યની આગળ કરોડો મશાલોની પણ કાંઈ ગણતરી નથી, તો પછી દીવાની શક્તિની તો વાત જ શી કહેવી ? ૧૧.

કદાચ અગ્નિ મેરુના જેટલો વિશાળ અને ઊંચે વધે, તોપણ સૂર્યનું તેજ-સામર્થ્ય તેનાથી કાંઈ ઘટતું નથી. પુરુષોત્તમના સામર્થ્યને લઈને તે સર્વે દેવ સામર્થીવાળા દેખાય છે. (સમર્થ દેખાતા દેવો-ઈશ્વરો પણ ભગવાન પુરુષોત્તમના સામર્થ્ય આગળ નહિવત્ છે. દેવોને આટલું વધારે સામર્થ્ય આપવાથી પુરુષોત્તમનું સામર્થ્ય ઘટતું નથી.) ૧૨. ભગવાન પુરુષોત્તમને અન્ય કોઈ સહાય કરતા નથી. હા, તે પુરુષોત્તમ ભગવાન જ સહુની સહાય કરે છે. સહુને સામર્થી આપે છે. એવા તે મહાન્ સમર્થ છે. ૧૩. તે પુરુષોત્તમ

ભગવાનનું અક્ષરધામ આનંદમય છે અને તેમની મૂર્તિ સદા આનંદમય છે, તેમનું દિવ્ય સ્વરૂપ સદાને માટે પરમ નિરોગી છે. કહેતા સદાય અદોષ છે. ૧૪. તે પુરુષોત્તમનારાયણ ભૂમિ ઉપર રહેલા લોકોના ઉપર જ્યારે મનથી દયા કરે છે ત્યારે પોતે મનુષ્યાકૃતિને ધારણ કરીને અવતરે છે. ૧૫. મનુષ્યરૂપે પ્રકટ થઈને તેઓ જે જે ક્રિયા કરે છે તથા સહુ ઉપર દયા કરીને જે જે ચરિત્રો કરે છે એ જ એમની અપાર દયા છે. ૧૬.

❋ સાચા ભક્તનું લક્ષણ : 'ચરિત્રમાં ન સંશય' :

જે નર કે નારીનાં પૂર્વનાં ઘણા મહાન શુભ પુણ્ય પ્રકટ થયાં હોય તેમને ભગવાનનાં તે ચરિત્રોને દેખીને મનમાં ઘણી ભાવના વધે છે. ૧૭. તે ભગવાન શ્રીહરિ ચાહે તેવાં ચરિત્ર કરે, પણ પુણ્યાત્મા મનુષ્યને તે ચરિત્રો પરમ અમૃતમય જણાય. પરમેશ્વરની દયા વિના આવી સમજણ કોઈને આવે નહિ. પ્રભુનો કૃપાપાત્ર ભક્ત ભગવાનનાં ઊલટાં જેવા જણાતા મનુષ્ય ચરિત્રોને પણ સૂલટાં સમજી લે છે. ૧૮. સાચા ભક્ત છે તે ભગવાન જો વિપરીત ચરિત્ર કરે તોપણ તેને મોક્ષદાયક જ માને. ભગવાનનાં તેવા ચરિત્રોમાં પણ તેમની પરમ કૃપાને માને પણ તેમાં દોષ ન જુએ, અવગુણ ન લે. ૧૯. જે ભગવાનનો કૃપાપાત્ર હોય તે ભક્તની સમજણ કાયમ એકસરખી જ રહે છે પણ મનુષ્ય ચરિત્ર દેખીને તેને તેમાં ભ્રમ પેદા થતો નથી. જેને ભગવાનમાં પ્રેમ કરવો હોય તેણે પોતાનાં મનનું કૃત્ય છોડી દેવું જોઈએ. ૨૦.

चोपाई :

हरि को अनुराग रखे एका, दुख भय सब पर दिये छेका;
कोई सुख तेहि रहे न बारा, सुख सब आई गये सारा...२१
हरि पूजे तेहि पूजे सबहु, हरि में एसी मति करे जबहु;
मान रु अपमान करे केहा, ता सन्मुख न देखत तेहा...२२
मायिक सुख कहावत जेता, अति विष सम समजे तेता;
मायिक सुख दे हित करी कोई, विघ्नरूप अति माने सोई...२३

જે એક ભગવાનનાં સ્વરૂપમાં જ પ્રેમ રાખે છે તે તમામ દુઃખ અને ભયથી પર-મુક્ત થઈ જાય છે. એક ભગવાનમાં પ્રેમ હોય તો તેને બીજું

કોઈ સુખ તેનાથી બાકી રહેતું નથી. તે ભગવાનમાં જ બધાં સુખ આવી ગયા હોય છે. ૨૧. એક શ્રીહરિની પૂજા કરી તેનાથી બીજા બધાની પૂજા થઈ ગઈ. જ્યારે પ્રગટ શ્રીહરિમાં આવી દઢ ભાવના કરે ત્યારે જો કોઈ પોતાનું માન કે અપમાન કરે, તો તે તેના તરફ ધ્યાન દે નહિ. કાં જે, તે સહુમાં એક શ્રીહરિને જ કર્તા માને છે. ૨૨. આવા ભક્ત જેટલાં માયિક સુખ છે તે બધાંને અત્યંત ઝેર જેવાં ગણે છે. કદાચ કોઈ હેત કરીને માયિક સુખ આપે તો તેને મોક્ષમાર્ગમાં અતિશય વિઘ્નરૂપ માને છે. ૨૩.

⁕ સાચા ભક્તનો નાશ ન થાય અને હરિઇચ્છામાં ગુલતાન રહે :

જે ભક્તનું આવું વર્તન હોય તે જ સાચો ભગવાનનો દાસ છે. તે ભક્તનો ક્યારેય વિનાશ થતો નથી. કેમ જે, તે ચિન્મય-દિવ્યમૂર્તિ બની ગયો. **જેને માયિક સુખની આશા ન હોય, તે જ ભક્ત નિર્ભય કહેવાય છે.** ૨૪.

दोहा : हरि इच्छा जो मिलही, तासे करहि गुदरान;
हरिवचन सुख समुद्र में, रहे सदा गुलतान...२५
दृढ निश्चे होय जाहिकुं, दृढ सो रखे विश्वास;
विपत परे कोटि गनी, कबहु न होय उदास...२६

ભગવાનની ઈચ્છાથી જે મળે તેનાથી ગુજરાન કરે છે અને શ્રીહરિનાં વચનરૂપી સુખસાગરમાં જ તે હંમેશા ગુલતાન રહે છે. ૨૫. જેને ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય દઢ હોય તે તો ભગવાનનો સુદઢ વિશ્વાસ રાખે. અને તેને જીવનમાં કરોડગણી વિપત્તિ પડે તોપણ તે ક્યારેય ઉદાસ થાય નહિ. ૨૬.

सोरठा : विपत सो समजे तप, अंतरजामि जो देत कबु;
जाकुं होय अति खप, समझ ग्रहे सो सुलट सब...२७

અંતર્યામી શ્રીહરિ ક્યારેક જો આવી વિપત્તિ આપે તો તેને તે ભક્ત તપ સમજે છે. જેને ભગવાનને રાજી કરવાનો અતિ ખપ હોય તે સર્વે સમજણને સવળી જ ગ્રહણ કરે. ક્યારેય અવળી સમજણને ગ્રહણ કરતો નથી. ૨૭. ભગવાનના એક ભક્તને બીજો ભક્ત ક્યારેય દુઃખ દે નહિ. આવું ભગવાનના ભક્તે મનમાં સમજવું અને ભાગવતના એકાદશ સ્કંધમાં કહેલું કદર્ય વિપ્રનું

આખ્યાન સંભાર્યા કરવું. ૨૮. સાચી સમજણવાળો વિજ્ઞાની ભક્ત આ સંસારને સમ-વિષમ, સારો-નરસો સમજીને મનમાં હંમેશા પ્રસન્ન રહે છે. જ્યારે ભગવાન શ્રીહરિનાં સ્વરૂપ સંબંધી સુખનો વિચાર કરવામાં આવે ત્યારે તેનાં અનંત પ્રકારનાં દુઃખ ઊડી જાય છે. ૨૯. શ્રીહરિનાં ચરિત્રરૂપી સુખનાં સાગરમાં કોઈપણ જાતનું દુઃખ આવતું નથી અને હરિનાં ચરિત્રરૂપી સાગર સિવાય બીજે બધે-ચારેકોર તો દુઃખનો જ દાવાનળ બળે છે. ૩૦.

પ્રાકૃત-લૌકિક બુદ્ધિના મનુષ્યને તેવું દેખાતું-સમજાતું નથી. તે તો તેમાં આંધળી દોટ દઈને બળી મરે છે. સંતોના વિના તો દુઃખ દાવાનળથી કોઈ ઉગારે તેમ નથી. કારણ કે તે સંતો આ સંસારના દાવાનળથી બહાર વિચરણ કરે છે. તેથી જ તે અન્ય જીવોને ઉગારી શકે છે. ૩૧. જે સંસારના દાવાનળમાં બળતા હોય તેને સંત કહેવાય નહિ. તેવાને ભગવાનનાં સ્વરૂપનું સુખ આવતું નથી. રાતદિવસ તેની છાતી સંસારનાં દુઃખથી બળતી રહે છે. તે ભગવાનરૂપી ચિંતામણિના જોગમાં હોવા છતાં રાતદિન રાંક જ રહે છે. ૩૨. તેને હરિમૂર્તિરૂપી ચિંતામણિમાંથી સુખ લેતાં આવડતું નથી. તે ચિંતામણિને પથ્થર માનીને જડતામાં પડ્યો રહ્યો છે. કોઈ આંધળાને શાહુકાર મહાઅમૂલ્ય હીરો આપે છતાં તેને તેમાં વિશ્વાસ ન હોવાથી તે દુઃખી રહે છે. (તેમ સંતના વચનમાં વિશ્વાસ ન હોય તેને શ્રીહરિરૂપી ચિંતામણીનું સુખ મળતું નથી.) ૩૩.

તે રીતે જ માણસ સત્સંગ કરે છે છતાં સમજણ વિના તે દુઃખી રહે છે. વળી જે આ દુનિયાનું સુખ લેવા જેટલું ધારે છે તેટલો તેને સત્સંગ થયો નથી, ઓળખાયો નથી. ૩૪. આ સંસારનું જેટલું સુખ કહેવાય છે તેને મનમાંથી કાઢી નાખવું જોઈએ. જેટલો સંસારનાં સુખનો ત્યાગ કરશે તેટલો તે સુખી રહેશે અને જેટલો સંસારનાં સુખમાં રાગ રહેશે તેટલો તે દુઃખી થાશે. ૩૫.ઉપર કહ્યા પ્રમાણે જે સમજે તેને જ ખરો સત્સંગ થયો જાણવો. અને તેનાં મૂળ ઊંડા ગયા છે તેમ સમજવું. આવી સત્સંગની વાત સાંભળીને જે હૃદયમાં આ વાતને ઠેરાવતા નથી તો એમ સમજવું કે તેના મૂળ ઊંડા નથી. તેથી તે સુકાઈ જશે. ૩૬.

આધારાનંદસ્વામી કહે છે મેં જે કહ્યું, તેમાં લેશમાત્ર પણ ખોટું નથી. પોતાની નજરથી નિહાળીને જુઓ. જોયા વિના સમજાતું નથી અને વિચાર્યા વિના કોઈ જ્ઞાન ટકતું નથી. ૩૭. આવો સુઅવસર ક્યારેય આવ્યો નથી અને હવે પછી આવવાનો પણ નથી. તેથી સંસારનાં તુચ્છ સુખને માટે થઈને સત્સંગને છોડી દેશો નહિ. ૩૮.

જો કોઈ તેટલાં માટે થઈને સત્સંગને છોડી દે, તો તેને અંધમાં પણ અંધ જાણવો અર્થાત્ અત્યંત આંધળો જાણવો. તેનો ફરીને ક્યારેય ઉદ્ધાર નહિ થાય. કારણ કે તે ધોળે દાડે દિશા ભૂલ્યો છે. ૩૯. ઉપર કહ્યા પ્રમાણેની વાત શ્રીહરિ વારંવાર કહ્યા કરતાં. તે મને જેમ જેમ સાંભરી આવે છે તેમ તેમ આ શ્રીહરિ ચરિત્રોની સાથે વચ્ચે વચ્ચે લખતો રહું છું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'ગ્રંથકારે સંસારમાં દુઃખ અને ભગવાનમાં સુખ, યુક્તિઓથી સમજાવ્યું' એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર છઠ્ઠું : તરંગ - ૨૨

કવિએ ઉપોદ્‌ઘાત કહ્યો અને પૂંજાજી દરબારે શ્રીહરિની પૂજા કરી

મેથાણ ગામમાં શ્રીહરિ સંતો વગેરેને જમાડીને આવ્યા પછી ચિત્તચોર ધર્મકિશોર શ્રીહરિ હિંડોળે આવીને બેઠા અને ઘડી કે અરધી ઘડી સુધી હિંડોળે ઝૂલ્યા. ૧. સંતોએ થોડીવાર મધ્યાહ્નની માનસીપૂજા કરી. મનમાં અતિશય પ્રેમ ભાવથી સહુ શ્રીહરિની ચરણ સેવા કરતા રહેતા. ૨. મધ્યાહ્ન પછી સહુ સંતો સ્નાન કરી આવ્યા. તે સમયે દરબાર પૂંજાજીના ચોક વચ્ચે ઘણો સારો મંડપ બનાવ્યો હતો. ૩.

સોનેરી સ્તંભ રોપ્યા. સુંદર રીતે મંડપને શણગાર્યો હતો. ઉપર મોતીના ઉલેચ બાંધ્યા અને બધે દરવાજે મોતીનાં તોરણ બાંધ્યા હતા. ૪. મંડપની ચારેબાજુએ નવ નવ દરવાજા કર્યા. તેમાં સુંદર સ્પષ્ટ દેખાય તેવી કમાનો કરી. ઉપરના ભાગમાં સિરોહી ઘાટના સ્તંભ લગાવ્યા. તે બધામાં

વચ્ચે છડી રાખેલી હતી. ૫. તેમાં વિવિધ પ્રકારના અને બહુ ભાતે રંગેલા બિલોરી કાચનાં ઝાડ લટકાવી દીધાં. રમણીય ભાતના બિછાના પાથર્યા હતા. અને મંડપની અધવચ્ચે સુંદર સોનેરી સિંહાસન ગોઠવી દીધું હતું. ૬.

તે સિંહાસનના સોનેરી સ્તંભની જોડ સિરોહી ઘાટની અને વળદાર હતી. ચોતરફ તેમાં સુંદર કમાનો હતી અને ઉપરના ભાગમાં સોહામણાં છજાં હતાં. ૭. વિવિધ પ્રકારનાં મોતીનાં ઝૂમખાં કર્યાં હતાં તેને છજાની નીચે લટકાવી દીધાં હતા. તેના ઉપર કળીઓવાળો ઘૂમટ કર્યો હતો અને તેની ઉપર અપાર શોભાદાર કળશ મૂક્યો હતો. ૮. સિંહાસન એવું છટાદાર બનાવ્યું હતું કે તેમાં સોનું અને મોતી સિવાયની અન્ય કોઈ વસ્તુ વાપરી જ ન હતી. સિંહાસનમાં કસબનું કામ કરનારા ભુજના વિશ્વકર્મા (ગુર્જર સુથાર) જાતિના કારીગર હતા. ૯.

ભુજમાં તેઓ હીરજી, સુંદરજી, જીવરામ, પ્રાગજી અને ભગવાનજી નામે હતા. હીરજીભાઈના ચાર પુત્ર હતા. તેઓ બધા શ્રીહરિની સેવા કરવા આવ્યા હતા. ૧૦. સુંદરજીભાઈને એક જ પુત્ર (રણછોડ) હતો. તે પણ સેવા કરવામાં હતો. જીવરામભાઈને ત્રણ પુત્ર હતા. તેઓ શ્રીહરિની સેવામાં અખંડ રહેતા હતા. ૧૧. તેમાં બે તો ઘણા સારા બુદ્ધિશાળી હતા અને સુંદરજીભાઈના જેવા વિદ્યાકલામાં કુશળ હતા. શ્રીહરિએ તેમની પાસે ઘણી સેવા કરાવી હતી. તેઓ શ્રીહરિની મનગમતી છબી ચીતરતા હતા. ૧૨. ભગવાનનાં મુખ્ય મુખ્ય અવતારની છબીઓને તેઓ ચીતરતા હતા. તેને જોઈને શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ રાજી થયેલા અને તેને ઘણી જાતના પોશાકો પણ આપ્યાં હતાં. ૧૩.

ભુજના તે ભક્તો ઠેકઠેકાણે જઈને શ્રીહરિને માટે મંડપ બનાવી આપતા. હરિભક્તોને જેવી ભાવના હોય તેવો મંડપ કરી આપતા. ૧૪. દરબાર પૂંજાજીને જેવો ભાવ હતો તેવો તેમણે મેથાણમાં મંડપ બનાવ્યો. તેમણે આ પ્રસંગે સેવાનો ઘણો જ લાભ લીધો. આવો લાભ બીજા કોઈએ લીધો ન હતો. ૧૫. પૂંજાજીએ શ્રીહરિનો હાથ પકડીને મંડપમાં પધરાવ્યા. પછી શ્રીહરિ દરબારનો હાથ પકડીને સિંહાસન ઉપર બેઠા. ૧૬. રમણીય પ્રકારના

મખમલના ગાદી તકિયા બિછાવ્યા હતા. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. શ્રીહરિની મૂર્તિ દિવ્ય બની ગઈ હતી. ૧૭.

✵ ગ્રંથકારનો અનુભવ :

અંગે અંગમાં શોભાનો કોઈ પાર ન હતો. કોઈપણ જાતની શોભા આ મૂર્તિથી બહાર રહી ન હતી. આ મૂર્તિની શોભાનું બ્રહ્માંડ જેટલી આયુષ્યવાળા કરોડો જન્મ ધરીને વર્ણન કોઈ કરે તોપણ તે પાર પામે નહિ. ૧૮. એક અણુના કરોડમાં ભાગ જેટલું વર્ણન મારી બુદ્ધિ કરી શકે છે પણ પછી આગળ વર્ણન કરી શકતી નથી. તેમાં પણ જેટલો કાળ વીજળીના ઝબકારાનો પ્રકાશ થાય એટલી અત્યંત અલ્પકાળ આયુષ્ય છે. ૧૯.

એટલા કાળમાં આ ગ્રંથ રચાય છે. અને શ્રીહરિ તથા તેમના પુત્ર મને સહાયક થયા છે. તોપણ સંતો અને હરિભક્તો બધા જ્યારે મને સહાયક થયા છે ત્યારે જ આ ગ્રંથ રચવાની મને રુચિ થઈ છે. ૨૦. જ્યારે મેં દૈહિક સુખનો ત્યાગ કર્યો છે ત્યારે જ મને ગ્રંથ કરવામાં અનુરાગ થયો છે. જ્યારે બીજા રસ મને ફિક્કા થયા-તેમાં અભાવ આવ્યો ત્યારે મને આ ગ્રંથ રચવામાં અતિ સ્વાદ આવ્યો છે. ૨૧.

અને શ્રીહરિવરના પુત્ર આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજની પાસે વડતાલમાં જ્યારે અખંડ નિવાસ કર્યો ત્યારે તેમની કૃપાથી આ ગ્રંથ રચવારૂપી કાર્ય થયું છે અને ત્યારે જ હું નિર્વિઘ્ન અને ક્ષેમ-કુશળ રહ્યો છું. ૨૨. જ્યારે મારી બુદ્ધિમાં અજ્ઞાનરૂપ અંધકાર વ્યાપી જાય છે ત્યારે શ્રીહરિ તેમાં પ્રકાશ કરી આપે છે અને મારું અજ્ઞાન ટાળી દે છે. જેમ સૂર્યોદય થાય ત્યારે તે અંધારું ટાળીને અજવાળું કરી દે છે તેમ આ ગ્રંથ રચવામાં શ્રીહરિ મને ખૂબ જ સહાય કરે છે. કોઈ અગાધ વાત જણાતી હોય તેપણ શ્રીહરિની કૃપાથી અલ્પ થઈ જાય છે. (ગ્રંથકાર પોતાની પરિસ્થિતિ અને અનુભવ કહેતા કહે છે કે,) મેં ઉપર જે વાત કહી છે તે તો ઉપોદ્‌ઘાત કહ્યો છે. હવે દરબાર પૂંજાજીએ જે શ્રીહરિની પૂજા કરી તે વાત હું કહું છું. ૨૩-૨૪. હું આવો ઉપોદ્‌ઘાત તો વાતને જોઈને ઠેકઠેકાણે કહું છું. એક વાત જતી રહી હોય તો

તે વાત ક્યારેય ફરીવાર સ્મૃતિમાં આવતી નથી. એકવાર ગયેલી વાત ફરીને સ્ફૂરે નહિ એવું બને છે. ૨૫. બુદ્ધિ થોડી છે અને આકાશ સાથે બાથ ભરી છે. આકાશ બાથમાં કેટલો આવશે ? તેમજ હરિચરિત્રની ગાથા પણ અથાહ છે કેટલીક કહેવાશે ? ૨૬.

જ્યારે શ્રીહરિ પૂંજાભાઈના દરબારમાં મંડપમાં આવ્યા અને સિંહાસન ઉપર બેઠા ત્યારે જેટલા સંતો અને હરિભક્તો હતા, તેમની સભા ચારેબાજુ બેઠી. ૨૭. ગામના જે હરિભક્તો હતા, બીજા પણ અપાર લોકો હતા. તે બધા આવીને દબાઈને ઘાટા બેઠા. ત્રાંસા અને ચોઘડિયા તે વખતે વાગતા હતા. ૨૮. દરબાર પૂંજાજી સોનાના થાળ ભરી ભરીને બધો પૂજાપો લાવ્યા. સુગંધવાળું કેસર નાખેલું ચંદન કટોરામાં ભરી લાવ્યા હતા. ૨૯. પ્રથમ શ્રીહરિના ચરણોને દૂધથી ધોયા અને પછી પંચામૃતથી પૂજા કરી. શુદ્ધ જળથી ધોઈને ચરણોને પાઘડીના છેડાથી કોરાં કર્યાં. ૩૦. ઘણી ચતુરતાથી લલાટમાં ચંદન ચરચ્યું અને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. તે પછી બધા અંગો ઉપર ચંદન ચરચ્યું. તેનો ઘણો જ સુગંધ ચોતરફ પ્રસરી ગયો. ૩૧.

ઠેઠ ચરણ સુધી ચંદન લગાવ્યું અને તે પછી ફૂલહાર પહેરાવ્યા. ફૂલોનો સુંદર ખૂંપ (વરની પાઘડી ઉપર બાંધવામાં આવતો ફૂલ વગેરેનો ઘાટ) બનાવ્યો હતો તે મસ્તક ઉપર ધરાવ્યો. ૩૨. બંને કાન ઉપર તોરા લટકતા હતા તેની શોભા ચોતરફ પ્રસરી રહી હતી. ગુલાબના ગુચ્છ કાન ઉપર શોભતા હતા. પૂર્ણ ચંદ્રના સમાન મુખ રમણીયતાથી છવાયેલું હતું. ૩૩. ભરાવદાર ભુજાઓ ઉપર ફૂલના બાજુબંધ બાંધ્યા હતા. ગજરા અને હાર બાજુમાં લટકતા રાખ્યા હતા. પાંચ રંગના ફૂલોના ઝાંઝર ચરણોમાં બાંધ્યા હતા. ૩૪. નખથી શિખા પર્યંતની મૂર્તિ ફૂલના શણગારોથી ભરાઈ ગઈ હતી. તેની શોભાનું વર્ણન કરતાં ફાવતું નથી.

અનંત બ્રહ્માંડોના ઋષિમુનિઓ જેટલા હતા તે બધા ભમરાનું રૂપ લઈને ત્યાં આવ્યા. ૩૫. ટોળેટોળાના રૂપમાં આવેલા ભમરાઓ સુગંધ લેતા હતા અને તેઓ એકતાર શબ્દથી સામવેદનું મધુર ધ્વનિથી ગાન

કરતા હતા. ૩૬. પૂંજાજીએ કપૂરથી આરતી ઉતારી. ઝાલર, શંખ અને ભેરી જેવા અનંત વાજિંત્રો વાગવા લાગ્યા. તે સમયે લોકો 'જય જય'નો ધ્વનિ કરવા લાગ્યા. ૩૭. તે સમયે આકાશમાં રહેલા ઈન્દ્રએ તોપના જેવો અવાજ કર્યો. તેનાથી સંપૂર્ણ ગગન ગર્જી ઊઠ્યું. માનો તે પોતાની સાથે બધી સેના અને સાજ લાવ્યા હતા. ૩૮. આરતી પૂરી કરીને તત્કાળ દરબારે શ્રીહરિની સ્તુતિ કરી. તેઓ બોલ્યા, "હે ધર્મના લાલ ! આપનો જય થાઓ, જય થાઓ." આપ ભક્ત વત્સલ અને કરુણાસાગર છો. ૩૯. આપનું સ્વરૂપ અત્યંત કમનીય-રમણીય છે જેમાં અનંત પ્રેમ-આનંદરસના સમુદ્રો ભર્યા છે. જેનાં હું દર્શન કરું છું તે આપની આવી આ અનુપમ મૂર્તિ એક પળવાર પણ મારી પલકોથી દૂર થાય નહિ, એ વર આપો." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'કવિએ ઉપોદ્‌ઘાત કહ્યો અને દરબાર પૂંજાજીએ શ્રીહરિની પૂજા કરી' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર છઠ્ઠું : તરંગ - ૨૩

પૂંજાજીએ શ્રીહરિની પાંચ પોશાકથી પૂજા કરીને સ્તુતિ કરી

દરબાર પૂંજાજી શ્રીહરિને માટે પાંચ પ્રકારના પોશાક લાવ્યા હતા તે પહેરાવ્યા અને પોતાના પરિવારને સાથે રાખીને પાંચવાર શ્રીહરિની પૂજા કરી. ૧. અંગ ઉપર કેસરી ચંદન ચરચીને ફૂલના પોશાક પહેરાવી દીધા. મુક્તાનંદસ્વામી કહે છે, હે ભાગ્યશાળી ઉત્તમ રાજા ! હવે ચાર પોશાકની વાત કહું છું તેને તમે સાંભળો. ૨. જે **બીજો** પોશાક લાવ્યા હતા તે સોનાની ચંદેલી (કાપડની એક જાત) બુટ્ટીઓવાળો હતો. તેનો વણાટ ઘણો ઝીણો હતો. તેમાંથી પાઘ અને જામો બનાવ્યા હતા, તે ધરાવ્યા. ૩. ભારે તળિયાવાળા અને સુંદર બુટ્ટીઓવાળા તે સારા ચંદેલી દુપટ્ટા નવીન હેતથી શ્રીહરિને ઓઢાડ્યા. ૪. તોરા, પહોંચી, હાર, કુંડળ અને ગુચ્છો બધા જ કપૂરમાંથી બનાવ્યા હતા. તે પહોંચી હાથમાં, હાર કંઠમાં, કુંડળ કાનમાં અને ગુચ્છ

કાન ઉપર ધરાવ્યા. તે અત્યંત શોભી રહ્યા હતા. ૫. કપૂરના નૂપુર ચરણોમાં પહેરાવ્યા. કુંકુમનો ચાંદલો લલાટમાં કર્યો અને કપૂરથી આરતી ઉતારી. એક તારમાં અનંત વાજિંત્ર વગડાવ્યા. ૬. દરેક આરતી વેળાએ ઇન્દ્ર તોપના જેવા પાંચ અવાજ કરતા હતા. બધા દેવતાઓ 'જય જય'નો નાદ કરતા હતા અને સંતો તે જોઈને મૂર્તિના ધ્યાનમાં ઊતરી જતા હતા. ૭. **ત્રીજો** પોશાક રેશમી હતો તે ધરાવ્યો. તે સોનેરી બુટ્ટાદાર રેશમી વસ્ત્રમાંથી સુશોભિત રીતે સુરવાળ અને જામો બનાવ્યા હતા. તેની શોભા કહી શકાય તેમ નથી. ૮.

દરબારે તે સમયે નંગ જડાઉં બાજુબંધ અને હાર શ્રીહરિના અંગ પર પહેરાવ્યા. જડાઉં કુંડળ અને ભારે માંહિલા કડાં પહેરાવ્યા. તેની તો શોભા અપાર થઈ હતી. ૯. મસ્તક ઉપર સોનેરી પાઘ બાંધી. પાઘ ઉપર શિરપેચ અને કલગી ધરાવ્યાં અને લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો અને પછી તુરંત આરતી ઉતારી. ૧૦. તે વખતે વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતા હતા. લોકો "જય જય" "જય જય" આવો જયનાદ કરતા હતા.

ચોથો પોશાક રૂપેરી લાવ્યા હતા. તે શ્રીહરિને હરખભેર પહેરાવ્યો. ૧૧. રૂપેરી પોશાકમાં સોનેરી બુટ્ટીઓ લગાવી હતી તેથી કોઈએ દેખી જ નહિ હોય તેવી શોભા થઈ હતી. રૂપેરી વસ્ત્ર ઉપર સોનેરી તૂઈની પટ્ટી લગાવી હતી. તે પટ્ટી ઘરેણાનાં જેવી શોભી રહી હતી. ૧૨. અને તે તૂઈની પટ્ટીમાં વળી સોનાના બોર જડેલા હતા. શ્રીહરિએ આવી રીતનો જામો પહેર્યો હતો. એવી શોભાદાર છબીનું વર્ણન મારાથી થઈ શકતું નથી. ૧૩. સોનેરી બુટ્ટીઓવાળી રૂપેરી પાઘ મસ્તકે ધારી. દરબારે તેના જેવો જ દુપટ્ટો ઓઢાડ્યો અને મનને ઉદાર કર્યું. ૧૪. અત્યંત હરખભેર કપૂરની આરતી ઉતારી. શ્રીહરિના ચરણકમળોમાં ચિત્ત પરોવી દીધું અને મૂર્તિને હૃદયમાં ધારી લીધી. ૧૫.

પાંચમો પોશાક તો બધો જરિયાની હતો, તે બધો શ્રીહરિને પહેરાવ્યો. હૃદયમાં અત્યંત પ્રેમભર્યો હતો તેથી તેના ઉપર બધા જ શણગારો મોતીના ધરાવ્યા. ૧૬. કુંકુમનો ચાંદલો લલાટમાં કર્યો. તેનાથી ધર્મના લાલ અતિશય શોભી રહ્યા હતા. પછી અત્યંત ઉમંગભેર પ્રેમથી કપૂરની આરતી કરી. ૧૭. અપાર વાજિંત્રો વાગવા લાગ્યાં. દેવતાઓ "જય જય" "જય જય" નો ઉચ્ચાર

કરતાં હતા. પૂંજાભાઈના ભાઈ કાકાભાઈએ શ્રીહરિના ચરણોમાં ચંદન લગાવ્યું અને પછી તે ચરણોને પોતાની છાતીમાં ચાંપ્યા. ૧૮.

* પૂજાભાઈની પ્રાર્થના :

દરબારે વારંવાર શ્રીહરિની વિનતિ કરી અને કહ્યું, "હે નાથ ! અમને આપનો જોગ હંમેશા રહે. જેટલું અમારું કુટુંબ કહેવાય છે તે બધાને પણ સત્સંગનો યોગ કાયમ રહે. ૧૯. આપનો અને આપના ભક્તોનો અભાવ અમને ક્યારેય આવે નહિ. કાયમને માટે સહુ સંતો-ભક્તોનું માહાત્મ્ય રહે. તેમની ભેળા રહીએ છતાં ક્યારેય કડવાશ આવે નહિ. ૨૦. સાથે રહેવાથી જ્યારે કડવાશ આવે ત્યારે તેને સત્સંગ રહેતો નથી. કડવાશને જ કુસંગ કહેવાય છે અને તેનું મૂળ અધર્મ રહ્યો હોય છે. ૨૧. અધર્મનાં જે પાંદડાં, ફૂલ કે ફળ જે હોય છે તે બધા ઝેરરૂપ જ કહેવાય છે. અને તેનું પરિણામ નરકમાં નાખે તે નિશ્ચિત છે. એવું સત્સંગમાં આવવાથી મેં જાણ્યું છે માટે મને કોઈનો અભાવ ન આવે. ૨૨. પ્રાણીઓનો જે દ્રોહ કરવો તે અધર્મનાં ફૂલ છે. કુસંગમાં જે રુચિ તે અધર્મનાં પાંદડાં છે.

જીવમાં જેટલી મીઠાશ છે કહેતા સંતો-ભક્તોમાં પ્રેમ છે તેટલો જ સત્સંગ સમજવો. ૨૩. આવો સત્સંગ જ ચોક્કસ જીવનો મોક્ષ કરે છે અને ક્યારેય અભાવ ન આવે એવો જે આ સત્સંગ તેનું મૂળકારણ ધર્મ છે. તે ધર્મરૂપી વૃક્ષના પાંદડાં, ફૂલ અને ફળ એ બધાં અમૃત છે. ૨૪. ધર્મનું ફળ મોક્ષ છે અને તેનું બીજ અક્ષરધામ છે. ભગવાનના ગુણ ગાવા, કહેવા તે ધર્મનું ફૂલ છે અને સત્સંગ તે ધર્મનાં પાંદડાં છે. ૨૫. માટે અમારા પરિવારમાં કોઈથી સત્સંગનો દ્રોહ થાય નહિ. આટલું હું હાથ જોડીને આપની પાસે માગું છું. તેથી આપ મને આટલું વરદાન આપો. ૨૬.

અમારો પરિવાર એવો રહે કે કોઈ અધર્મ માર્ગે ચાલે નહિ. અમારા પરિવારને ધર્મ માર્ગમાં રુચિ રહે અને સત્સંગને પોતાનું ઘરેણું માનીને સાચવી રાખે. ૨૭. મારા જેટલા ભાઈઓ છે તેમને સત્સંગમાં રુચિ રહે અને કુસંગનાં મૂળ, પાંદડાં, ફૂલ અને ફળને તેઓ ઓળખી-જાણી શકે. અર્થાત્ કુસંગરૂપી

વૃક્ષના અધર્મ મૂળ, કુસંગમાં રુચિ તે પાંદડાં, અભાવ-દ્રોહ એ ફૂલ અને નરક ફળ છે. એને ઓળખી જાણી શકે. ૨૮. અમારા ભાઈઓને, પરિવારને, બધાને પ્રાણીમાત્રની હિંસામાં પાપ દેખાય. વિપ્રોના કુળને પરમ પવિત્ર માને અને ક્યારેય હિંસામાં પગ મૂકે નહિ. ૨૯. દારૂ અને માંસનો તેઓ ક્યારેય સ્પર્શ પણ કરે નહિ અને જે દારૂ-માંસનો સ્પર્શ કરતા હોય તેવા વિપ્રનાં ઘરનું પણ અન્ન-જળ પણ લે નહિ. ડુંગળી અને લસણને માંસનો એક ભાગ જ સમજે. એવું વરદાન આપો. ૩૦.

રાવણ બ્રાહ્મણ કુળનો જ હતો. વિપ્ર ઋષિને ઘેર તેનો જન્મ થયો હતો. તેણે વૈષ્ણવ મતને છોડી દીધો. પછી તે મહામાયાનો(દેવીનો) અનુયાયી થયો. ૩૧. મહામાયાએ દેખાડેલી નીતિ તેણે છોડી દીધી અને અનીતિમાં રુચિવાળો થયો. મહામાયાની બે શક્તિઓ છે : એક નીતિ અને બીજી અનીતિ. ૩૨. અસુરોને મોહ પમાડવા માટે તે મહામાયા અનીતિ કરવામાં રુચિ ધરાવે છે. ૩૩. મહામાયાએ અસુરોને અનીતિ કરવા દીધી અને દેવતાઓને નીતિ કરવા દીધી. અર્થાત્ તેણે દેવતાઓને નીતિ ભણાવી, જેનાથી પ્રભુમાં પ્રીતિ થાય. ૩૪. જ્યારે પરમેશ્વર પ્રસન્ન થાય ત્યારે તેનું અંતઃકરણ અપાર શુદ્ધ થઈ જાય છે. તે પછી જેટલી અપવિત્ર વસ્તુઓ છે તેને દેખતાની સાથે જ તેનો અભાવ આવે છે. ૩૫. પરમેશ્વર તેની સહાયતા કરે છે અને તેનાથી તેને નીતિ ઉપર પ્રેમ થાય છે.

મહામાયા અસુરોને અનીતિ ભણાવે છે. તેનાથી તેને પરમેશ્વરમાં પ્રેમ થાય નહિ. ૩૬. ચાંડાળી સુધીના પછાત જીવ પણ અભક્ષ્ય છોડવાનું કહે છે. બીજાની તો વાત જ શું કહેવી ? અને વિપ્રો તો મહાન્ શુદ્ધ કહેવાય જ છે માટે તેઓ અભક્ષ્ય માત્રનો ત્યાગ કરી દે છે છતાં રાવણ અભક્ષ્ય ખાનારો થયો. ૩૭. ભગવાન પોતાના ભક્તો અથવા બીજા સજ્જનો દ્વારાએ તેમાં પ્રવેશ કરીને અવસર મળતાની સાથે નીતિને વર્ણવે છે. ૩૮. કેમજે, પારકે મુખે જે વાત કહેવાય તેની અસર ઘણી સારી થાય છે. પોતાને મુખે જે કહીએ તેની પૂરતી અસર થાતી નથી. ૩૯. દૂર રહે તો હેત રહે છે, હેત વધે છે અને નજીક

રહેવામાં આવે તો ક્યારેક હેત રહેતું કે વધતું નથી. આ વાત પ્રત્યક્ષ દેખાય છે જે અંધ (બુદ્ધિહીન) હોય તેને તે બાબત દેખાય - સમજાય નહિ." ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'પૂંજાજીએ શ્રીહરિની પાંચ પોશાકોથી પૂજા કરીને સ્તુતિ કરી' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર છઠ્ઠું : તરંગ - ૨૪

પૂંજાભાઈએ સંતો વગેરેને પૂજ્યા, નિશ્ચયની મહત્તા અને શ્રીહરિએ કરેલી ધૂન

દરબાર પૂંજાભાઈએ શ્રીહરિની પૂજા કરીને સ્તુતિ કરી. પછી તેમણે ચંદન લઈને સંતોની પૂજા કરી. ૧. દરબારે કેસરી ચંદન ચરચ્યું. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો, પછી ફૂલહાર પહેરાવ્યા. તેનાથી સંતમંડળ ફૂલી ઊઠ્યું. ૨. પછી વર્ણીઓની પૂજા કરી. બધા દરબારોની પૂજા કરી અને પછી તે વખતે પાર્ષદોની પણ પૂજા કરી. સહુ કેસર-ચંદનમાં ગરકાવ થઈ ગયા હતા. ૩. કુંકુમનો ચાંદલો કરીને સહુને ફૂલના હાર પહેરાવ્યા. વિવિધ પ્રકારના ફૂલહાર પહેરાવેલા હોવાથી ફૂલ ખીલેલો કોઈ બગીચો હોય તેવી તે સભામાં શોભા વ્યાપી ગઈ હતી. ૪. બધાને એકેક શણનું વસ્ત્ર ઓઢાડ્યું. એ બધી પૂજા યથાવિધિ કરી. તેના પછી જે સત્સંગી વિપ્ર કહેવાતા હતા તેમની પણ યોગ્ય રીતે પૂજા કરી. ૫. સહુને કેસર યુક્ત ચંદન ચરચ્યું. પછી ફૂલના હાર પહેરાવ્યા અને સહુ વિપ્રને યોગ્ય દાન-દક્ષિણા આપી. આ પ્રમાણે દરબાર પૂંજાભાઈએ ઉત્સવરૂપ મહાન્ યજ્ઞ કર્યો. ૬. (આ વાત મુક્તાનંદસ્વામી કરે છે.)

મેથાણના પૂંજાભાઈ વગેરેને શ્રીહરિની પ્યાસ ઘણા દિવસોની હતી, તેને એકવારમાં જ શ્રીહરિએ પૂર્ણ કરી દીધી. કરોડો યુગ સુધી જન્મ લીધા કરે પણ આવો અવસર મનુષ્યને ક્યાંથી મળે ? ૭. તે જન્મોમાં સંતોનો અને હરિભક્તોનો જોગ સ્નેહયુક્ત રહેતો નથી. સ્નેહ ન હોય અને જો જોગ થાય, તો તેનાથી શું પ્રયોજન સરે ? સ્નેહભાવ વિનાનો જોગ તો નિર્જીવ કહેવાય. ૮.

ખેતીમાં મોલ ચોમાસામાં જેવો થાય તેવો બીજી ઋતુમાં થાય નહિ. ઠંડીની ઋતુમાં મોલ અર્ધો થાય અને ઉનાળામાં તો કોઈક ઠેકાણે મોલ હોય છે તેમ સંતો-ભક્તોમાં પ્રેમ હોય તેને જેવો સત્સંગ તથા નિષ્ઠા થાય છે તેવો બીજાને થાતો નથી. ઓછો સ્નેહ હોય તો અર્ધો સત્સંગ થાય અને વ્યવહાર સાચવવા આવતો હોય તેના સત્સંગનું કાંઈ ઠેકાણું નહીં. ૯. સત્સંગની રીત આવી છે. સહુની સ્થિતિ કાયમ એકસરખી રહેતી નથી. જે વૃક્ષનાં મૂળ ઊંડે પાતાળ સુધી ગયાં હોય તે સમર્થ કહેવાય, તેમ સત્સંગમાં જેનાં મૂળ ઊંડા ગયા હોય તેની એક સ્થિતિ રહે છે. ૧૦.

એવા વૃક્ષ ઘણાં છે કે જેનાં પાંદડાં વરસમાં એકવાર ખરી જાય. તેમ ઘણા હરિભક્ત એવા હોય કે તેને વરસમાં એકાદવાર તો સંતો-ભક્તોનો અભાવ-અવગુણ આવે અને કોકની સાથે ઝઘડો થાય. કેટલાક વૃક્ષ એવા છે કે તેના ઉપર ફળ કાયમ હોય તેમ ઘણા ભક્તો એવા હોય છે કે તેને સત્સંગ થયા પછી સદા સહુના ગુણ જ આવે, દિવ્યભાવ જ રહે, કેટલાક વૃક્ષોને ફળ વરસમાં એકવાર જ આવે તેમ કેટલાક ભક્તોને કથા-વાર્તા, ઉત્સવ કે શિબિર જેવા પ્રસંગો હોય ત્યારે સહુમાં દિવ્યભાવ રહે, ઉત્સાહ રહે. પછી ઘટી જાય. ૧૧. કોઈ વૃક્ષને ફળ એકવાર જ આવે, ફરીને આવે નહિ તેમ ઘણા ભક્તોને જીવનમાં એકાદવાર જ મહિમા, સેવા-ભજન કે દાન-પુણ્ય કરવાની ઇચ્છા થાય છે. આમ, વૃક્ષોની માફક જ લોકો પણ વિચિત્ર સ્વભાવવાળા હોય છે. તેથી તેનો સત્સંગમાં એકસરખો ભાવ રહેતો નથી. ૧૨.

✵ ત્રણ પ્રકારનો સત્સંગ, ત્રણ પ્રકારના ધામ :

જે સત્સંગીને પ્રગટ હરિ-સંતમાં ભાવના-નિષ્ઠા એકસરખી જ રહેતી હોય, તે હરિભક્ત અમૂલ્ય અને ઉત્તમ કહેવાય. જેવો સંગ-યોગ રહે તેવો સત્સંગ થઈ જાય, તેને મધ્યમ ભક્ત કહેવાય. ૧૩. જેને સત્સંગ હોવા છતાં એટલે કે શ્રીહરિ અને સંત પ્રગટ મળ્યા હોવા છતાં તેના ઉપર કાંઈ પ્રેમભાવ ન હોય, તેનાથી ઉદાસીન જેવો રહેતો હોય, તો તેને કનિષ્ઠ ભક્ત કહેવાય. તે જ્યારે મુક્ત થાય છે ત્યારે એ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ભક્તને રહેવા માટે ત્રણ ધામ છે, તેને હું હવે કહી બતાવું છું. ૧૪. (૧. અક્ષરધામ, ૨. ગોલોકધામ,

૩. વૈકુંઠધામ) જેને જેવો સત્સંગમાં (એટલે કે પ્રગટ શ્રીહરિ અને સંતોમાં) ભાવ હોય તે પ્રમાણે તે ભક્તોને પ્રાપ્તિ થાય છે. એટલે કે ઉત્તમ હોય તે અક્ષરધામમાં, મધ્યમ હોય તે ગોલોકધામમાં અને કનિષ્ઠ ભક્ત હોય તે વૈકુંઠધામમાં જઈને રહે છે. ૧૫. શ્રીહરિનાં તે ત્રણેય ધામ સનાતન અને સુખરૂપ છે. (છતાં વૈંકુંઠ કરતા ગોલોકનું સુખ અધિક છે અને ગોલોક કરતા અક્ષરધામનું સુખ તો અતિ અધિક છે.) સકામ અને નિષ્કામ બે પ્રકારના ભક્ત છે. તે ધામમાં તે મુક્તોની મતિ બીજી રીતની થાય છે. ૧૬. કેવી રીતની થાય છે ? તો તે સકામ-નિષ્કામ ભક્તો ધામમાં જ્યારે ભગવાનનો અપાર પ્રતાપ દેખે છે ત્યારે તે બંને ભક્ત ભગવાનના પ્રતાપને જોઈને મનમાં પરિતાપ-પસ્તાવો કરવા લાગે છે. ભગવાનની કૃપા પોતાના ઉપર હોય છે તે વિચારીને બંનેના મુખ નીચા થઈ જાય છે. એમ પસ્તાવાવાળી મતિ થાય છે. ૧૭.

પોતાની અનંત શઠતાને જોઈને તે ભક્ત પછી તે ધામમાં હરિની સેવા કરતો રહે છે. અને વળી તે ધામોમાં લેશમાત્ર પણ કુસંગ નથી હોતો. અને હંમેશા એકમાત્ર સત્સંગ જ ત્યાં હોય છે. ૧૮. પરંતુ તે બંનેને પોતાનો અને પારકો કુસંગ તો અહીંયાનો જ રહી ગયો હોય છે અને તેને લીધે જ ઠેઠ સુધી કસર રહે છે. વળી અહીંયા મુમુક્ષુ જીવને એક પોતાના આત્મા સિવાય ઈન્દ્રિયો, અંતઃકરણ અને શરીર બધું કુસંગ જ છે અને તેને તે બધાનો જ સંગ રહે છે. ૧૯.

બહાર તો આખું બ્રહ્માંડ કુસંગથી ભર્યું છે અને ભૂમિ ઉપર નવે ખંડ કુસંગથી ભર્યા છે. ખરો સત્સંગ તો એ છે કે જેટલો પ્રગટ ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય થયો હોય, પરમેશ્વરનાં સ્વરૂપનાં નિશ્ચય વિના તો બધો કુસંગ જ ભર્યો છે. ૨૦. જે ભગવત્‌નિષ્ઠાના બળે આત્મદર્શી થયો છે તેને બધું દેખાય છે. આત્મદર્શી થયા વિના બીજા કરોડો ઉપાય કરે તોપણ તેને કાંઈ દેખાતું નથી. જ્યારે પાકો હરિભક્ત થાય છે ત્યારે તે આત્મદર્શી બને છે. જ્યાં સુધી આત્મદર્શી થયો નથી ત્યાં સુધી તો તે અંધ છે. ૨૧.

ધર્મનિષ્ઠાવાળો ભક્ત નિયમરૂપી સડક ઉપર ચાલે છે તે લડથડાતો લડથડાતો પણ માર્ગના પારને પામે છે. પણ ભગવાનની ઉપાસના તજીને જે આત્મદર્શી થવા મથતો હોય તે તો ધોળા દહાડે દિશા ભૂલેલો છે,

એમ જાણવું. ૨૨. ભગવાનની મૂર્તિને તજી દઈને જે જેટલો દોડે છે તે તેટલો વધારે દૂર થતો જાય છે. આકાશમાં જે તરણાં અનંત ઊડતા હોય છે તેની ગણતરી કરવી અશક્ય છે. ૨૩. જમીન ઉપર જે તરણાં પડે, તેની શોધ-ખોળ થઈ શકે છે. અર્થાત્ આજ્ઞા-ઉપાસનાવાળાનું કલ્યાણ થઈ શકે છે. અને સમુદ્રમાં જે તરણું પડે, તેને ખોળવા છતાં તે ક્યારેય મળે નહિ. અર્થાત્ બ્રહ્મજ્ઞાનીનું ક્યારેય કલ્યાણ થાતું નથી. ૨૪. કેમ જે, શ્રીહરિની મૂર્તિ વિનાનું બીજું જ્ઞાન છે એ તો સમુદ્રમાં પડેલા તરણા જેવું છે. કાળની એક ઝપાટે તે જ્ઞાન ગોત્યું પણ જડતું નથી. ભગવાનની મૂર્તિ સહિતનું જે જ્ઞાન છે તે જમીન ઉપર પડેલાં તરણાનાં જેવું છે. તે ક્યારેક જડે છે, કામ લાગે છે. અર્થાત્ કલ્યાણ કરે છે. ૨૫.

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ આટલી વાત કરી. તેટલીવારમાં સંધ્યા સમય થઈ ગયો. દસ બાર મશાલો થઈ અને અપાર દીવાઓ પ્રકટાવ્યા. ૨૬. જેટલા બિલોરી ઝાડ હતાં તે બધાને પ્રકટાવી દીધાં. સુંદર રંગોથી અપાર શોભા કરી હતી. ૨૭. બધા સંતો આરતી બોલ્યા. પછી સુંદર મધુર સ્વરે શ્રીહરિ ધૂન બોલાવવા લાગ્યા. તેનાથી ત્રિલોકી ગાજી ઊઠી. ૨૮. જ્યારે શ્રીહરિ ધૂન બોલાવતા ત્યારે શોભા અલૌકિક બનતી. જેમ વિચિત્ર રંગો કરીને નટ વિવિધ રીતે નૃત્ય કરતો હોય. ૨૯. તેના કરતાં પણ સરસ રીતે નૃત્ય કરીને હરખભેર શ્રીહરિ ધૂન કરાવતા હતા. ધૂન બોલતાં બોલતાં એકદમ જલ્દી-ઉતાવળે બોલવા લાગે, પાછા તરત જ તે ધૂનને ધીમી કરી દેતા. આવી ધૂન બોલતા કોઈને આવડતું નહિ. ૩૦.

શ્રીહરિના લટકાં કોઈ છટાદાર હતાં. લટકાં કરીને ઝડપથી ધૂન બોલવા લાગતા. મૂર્તિ ભલે એક જ દિશા-ભાગમાં ઊભી હોય, પણ દેખનારાને બધી દિશાઓથી એકસરખી જ તે દેખાતી હતી. એવી મૂર્તિની અલૌકિકતા હતી. ૩૧. સહુને દર્શન સન્મુખ જ થાતા. સન્મુખ ન હોય એવી મૂર્તિ દેખાતી જ નહિ. શ્રીહરિએ આવો પ્રતાપ બહુવાર દેખાડ્યો છે. તેથી વારંવાર આવો પ્રતાપ જોઈને અધિક હેતવાળા બધા ભક્તો મૂર્તિની સામે જ જોઈ રહેતા. ૩૨. જ્યારે શ્રીહરિ બે ત્રણ ઘડી સુધી ધૂન કરતા ત્યારે તે જોઈને સંતો

ઘણા ખુશ થઈ જાતાં. આવી વિવિધ રીતે ધૂન કોઈને ફાવતી નહિ. એક જ પ્રકારની ધૂન સહુ કરતા. ૩૩. રાત દિવસ સહુ તેવી ધૂનની છટા શીખવા પ્રયત્ન કરતા પણ કોઈનામાં તેવી ધૂનની છટા આવતી નહિ. શ્રીહરિનું બોલવું અજોડ હતું, તેને સતત સાંભળવા છતાં કોઈને તૃપ્તિ થાતી નહિ. ૩૪. શ્રીહરિની મૂર્તિ નવલ કિશોર અને મનોહર હતી. સહુ કોઈને તે મૂર્તિ અતિશય આનંદ કરનારી હતી. જે ભક્ત તે મૂર્તિનું ચિંતવન કરે, તેનું ચિત્ત તે મૂર્તિ ચોરી લેતી હતી. તેથી તેનું ચિત્ત મૂર્તિમાં તલ્લીન થઈ જાતું હતું.

તે મૂર્તિના લલાટની વચ્ચે કેસરયુક્ત ચંદનનું તિલક કર્યું હતું. ૩૫. ધૂન બોલવાના પરિશ્રમને લીધે મુખકમળ ઉપર જ્યારે પરસેવાના બિંદુઓ આવી ગયા હોય છે ત્યારે એમ લાગે કે મુખ ઉપર કાંઈ અમૂલ્ય મોતી તો ચોંટાડ્યા નહિ હોયને ? તે બિંદુઓ પ્રકાશમાં જ્યારે ઝગમગ ઝગમગ કરતાં ચમકતાં હોય ત્યારે એવી કલ્પના થાતી કે તારામંડળ આવીને મુખ ઉપર વસ્યું હશે કે કેમ ? ૩૬. શ્રીહરિ જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે 'જય' બોલાવી. એ વખતે 'સ્વામિનારાયણ' આવા નામનો ઉચ્ચાર એકતાર છવાઈ ગયો. ૩૭.

શ્રીહરિને માટે અને દરબારોને માટે વર્ણીએ રસોઈ તૈયાર કરી ત્યારે દરબાર પૂંજાજી બોલાવવા આવ્યા અને શ્રીહરિ હરખભેર તેમની સાથે ચાલ્યા. ૩૮. ચરણોમાં ચાખડીઓ પહેરી, હાથમાં રૂમાલ રાખ્યો, એક પીતાંબર છટાથી પહેરી લીધું અને બીજું પીતાંબર ઓઢી લીધું. ૩૯. સોનેરી બાજોઠ ઉપર આવીને બેઠા. જળથી ચરણ ધોયા અને વર્ણીએ રૂમાલથી લૂછીને ચરણોને કોરા કર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'પૂંજાજીએ સંતો વગેરેને પૂજ્યા, નિશ્ચયનું મહત્ત્વ અને શ્રીહરિએ ધૂન કરી' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર છઠ્ઠું : તરંગ - ૨૫

શ્રીહરિ થાળ જમ્યા તથા નીતિમાન રાજા અને ધર્મવાન ગુરુની વાત કહી

શ્રીહરિ સોનાના બાજોઠ ઉપર બેઠા. મુકુંદ વર્ણીએ શ્રીહરિની આગળ થાળ લાવીને મૂક્યો. મેથાણ ગામના હરિભક્તોએ સરસ થાળ કરાવ્યો હતો. ૧. જેને જેવી ભાવના હોય તેવું તે ભોજન કરાવતા હતા. અને શ્રીહરિ હરિભક્તોને સુખ આપવા માટે પ્રસન્નતાથી તે ભોજન જમતા હતા. ૨. ત્યાં શાકભાજીમાં કંકોડા થાતાં, તેથી બધા હરિભક્તો તે લાવતાં. તેને શ્રીહરિ દેખતાં, તેથી હરિભક્તોનાં ઉપર ઘણા ખુશ થતા હતા. ૩. કંકોડાંના શાકને સારી રીતે સુધારીને સવારે અને સાંજે તાજાં ઘીમાં તળતા અને એકદમ કોરું શાક કરતા. ૪. ખાંડેલું મરચું અને તેજાના ચડિયાતા નાખતા. તજ અને લવીંગથી વઘાર કરતા. ધાણાં, જીરું, કોથમીર, હળદર અને મીઠું પણ તેના માપથી નાખતા. ૫. વર્ણી કેસર જેવા રંગનું શાક બનાવતા અને રોજ શ્રીહરિને જમાડતા. જે વખતે શ્રીહરિ શાક જમતા તે વખતે અપાર સુગંધ ફેલાઈ જતો. ૬.

તે રીતે જ વર્ણી ભાત, ખીચડી અને કઢી બનાવતા. તેનો ઘણો સુગંધ ચોતરફ ફેલાતો. તે સમયે સુગંધ લેવાને માટે દેવો આવતા. ૭. તેઓ કીડીનું રૂપ લઈ લેતા. જ્યારે શ્રીહરિ થાળ જમીને ઊઠતા ત્યારે નીચે પડેલો અન્નકણનો પ્રસાદ દેવતાઓ લઈ લેતા. ૮. કોઈને તેની ખબર પડતી નહિ. શ્રીહરિ ક્યારેક બોલી બતાવતા કે, 'આ કીડીઓરૂપે તો દેવો પ્રસાદ લેવા આવ્યા છે.' જ્યારે શ્રીહરિ રમૂજમાં હોય ત્યારે કેટલીક અગમ વાતો પણ કહી દેતા. ૯.

❋ રહસ્ય વાતને સમજે તે સુપાત્ર :

પ્રકટનાં સ્વરૂપનો જેને નિશ્ચય હોય અને શ્રીહરિની વાતમાં પ્રતીતિ-વિશ્વાસ હોય તેને શ્રીહરિ અગમ વાતો કહેતા, પણ જેને પ્રકટનાં સ્વરૂપ-નિશ્ચયમાં સંશય હોય તેની આગળ શ્રીહરિ તેવી અગમ વાતો કહેતા નહિ. ૧૦. જે જીવ જેવું પાત્ર હોય તેની આગળ શ્રીહરિ તેવી વાત કરતા.

સત્સંગમાં અગમ-અલૌકિક ઘટનાઓ તો અનંત થતી હોય પણ પાત્રતા વિના તે હૃદયમાં ઠરતી નહિ. ૧૧. ખીરના જેવો સ્વાદ બીજા કોઈ ભોજનમાં નથી હોતો. પણ ખીર કૂતરાંના પેટમાં ટકે નહિ. તરત જ વમન થઈ જાય. મનુષ્ય માટે ઘી અમૃતરૂપ છે પણ કીડાને માટે ઘી ઝેર જેવું છે. તેમ કુપાત્રના અંતરમાં શ્રીહરિની અગમ વાતો ટકતી નથી. ૧૨. ઓળખ્યા વિના કુપાત્રને જો કોઈ ગુપ્ત ગુણ (જ્ઞાન) આપવામાં આવે, તો તે તેનો જીવનભર દુરુપયોગ કરવારૂપ તેનું અતિશય અપમાન કરે છે. ૧૩. પોતાનો પુત્ર હોય તોપણ તે જો કુપાત્ર હોય તો તેને પોતાનો જીવ ન આપવો. (અતિ ગુપ્તવાત ન કહેવી.) જો તે આપવામાં આવે તો તે પુત્ર રહેતા નથી પણ શત્રુ થઈ જાય છે. આ અંગે કાંઈ સંશય નથી. ૧૪.

કોઈ મનુષ્ય ઘણા હેતથી સર્પને સો વર્ષ સુધી દૂધ પાયા કરે, જ્યાં સુધી તે પાશે, ત્યાં સુધી ખુશ રહેશે, પણ જો તેને છેડશે તો તે તરત જ દૂધ પાનારાને પણ કરડશે. (તેમ પોતાનો સંબંધી પણ કુપાત્ર હોય તો તે પ્રગટ પ્રભુના નિશ્ચયરૂપી અગમ વાતનો પણ દુરુપયોગ કરે.) ૧૫. આવી તો અનંત વાતો છે. લખતાં લખતાં ક્યાં સુધી લખવું ? જે મનુષ્ય સત્સંગ કરે છે તે ક્યારેય ગુણ અર્થાત્ રહસ્યમય અગમ વાતોને છોડતો નથી. કૃતઘ્ની થાતો નથી. ૧૬. જેનો જેવો સ્વભાવ હોય તે રીતે તે શ્રીહરિની અગમ વાતો સાંભળીને તેમને દબાવવા આવતા. અને બીજા ઘણા લોકો શ્રીહરિની દેશી કાઢતા હતા. પણ તે તરત જ ઊડી જતા, ખતમ થઈ જતા. ૧૭.

❋ દૈવીજનનું દૈવત શું છે ?

દૈવી મનુષ્યનું દૈવત જ એ છે તે બીજાને દેવ જેવી નજરથી દેખે. લોકોની સાથે સહેજે જ સરલ વર્તાવ કરે. તેની આગળ કોઈપણ જાતની કુટિલતા આચરે નહિ. ૧૮. રાતદિવસ તેની સાથે તે દૈવી જીવ દીન આધીન ભાવે વરતે અને પ્રેમભાવ દિન પ્રતિદિન ચઢિયાતો જ રહે. જે પાત્રમાં જેવું દિવેલ હોય તે પાત્રમાં તેટલો જ તે પ્રકાશ કરે છે. ૧૯. તેમ રાજામાં અને ગુરુમાં જેવું દિવેલ (દૈવત) હોય તેવું પ્રજામાં અને શિષ્યોમાં આવે છે.

રાજા જેવો હોય તેવી પ્રજા થાય અને ગુરુ જેવા હોય એવા શિષ્ય થાય. રાજા અને ગુરુ, પ્રજા અને શિષ્ય, તેમની રીત એકસરખી જ છે. ૨૦.

❋ નીતિમાન તથા અનીતિમાનનાં લક્ષણો :

રાજા નીતિમાં રહીને રાજ્ય ચલાવે તો પ્રજાને સુખ થાય. ગુરુ સ્વયં ધર્મ પાળીને શિષ્યો પાસે પળાવે તો જીવનો મોક્ષ થાય છે. નીતિમાં ચાલે તો અપાર સુખ પ્રાપ્ત થાય અને અનીતિમાં ચાલે તો અપાર દુઃખ પ્રાપ્ત થાય છે. ૨૧. જાણીબૂજીને જે અનીતિ કરે છે તેને અતિશય વિપત્તિ આવે છે. જે મનુષ્ય જેવી અનીતિ કરે, તેને તેનું તેવું ફળ આવે જ છે, મળે જ છે. ૨૨. જે લોકો અનીતિથી ભય રાખતા નથી. તે અહીંના અહીં જ તરત તેનું ફળ પામે છે. દુઃખ દેખાવા છતાં પણ જે અનીતિરૂપ પાપ કરે છે. તો તે પાપ તેની બુદ્ધિને લઈ લે છે, સદ્‌બુદ્ધિનો નાશ કરે છે. ૨૩. ભારે અનીતિને કરતાં કરતાં છેવટે તેનું આ શરીર જ ખુવાર થઈ જાય છે. અતિશય પાપનું ફળ તો પાપ કરનારાની બુદ્ધિનું જ કાંઈ ઠેકાણું રહે નહિ એ જ મળે છે. ૨૪.

ગાદિએ બેસવાથી કાંઈ રાજા થઈ જવાતું નથી, પણ નીતિમાં ચાલે તે જ ખરો રાજા છે. નીતિ અંતર્યામી ભગવાનનું સ્વરૂપ છે. ૨૫. ભલે કોઈ ચક્રવર્તી રાજા હોય પણ જો તે નીતિનું પાલન નથી કરતો, તો તે આંધળો છે, મૂંગો છે અને બહેરો છે એમ સમજવું. કારણ કે તેના ચક્રવર્તીપણાનું કાંઈ પ્રયોજન જ નથી, તે ઉપયોગમાં આવતું જ નથી. ૨૬. જેણે આ સૃષ્ટિ કરી છે, તે પરમેશ્વરની તુલ્ય કોઈ રાજા થઈ શકતા જ નથી. તે પરમાત્માની સામર્થીને લઈને કેટલાંય સમર્થ થયા છે. પરંતુ પરમેશ્વર જેવા તો કોઈ થયા નથી. ૨૭. આ લોકમાં અને પરલોકમાં જીવને સુખી કરવા માટે નીતિ અને ધર્મરૂપ બે કલ્પવૃક્ષ આજ શ્રીહરિએ સ્થાપન કર્યા છે. ૨૮. જેટલો જે જીવ નીતિ અને ધર્મનો ત્યાગ કરી દેશે તેટલું તે માણસને દુઃખ થવાનું જ છે. દેવો, મનુષ્યો કે પાતાળ પર્યંતના સર્વે પ્રાણીઓ નીતિથી અને ધર્મથી જ સુખ પામે છે. ૨૯.

ઉપરથી નીતિ દેખાડીને પછી જે અનીતિમાં ચાલે છે તો નીતિરૂપે રહેલા અંતર્યામી પરમેશ્વર તેને સહાય કરતા નથી અને જે અનીતિ કરે છે

તો તે અનીતિ આવીને તેને જ અતિશય દુઃખ દે જ છે. ૩૦. મોત ઝેરમાં છુપાઈને રહ્યું છે. જો કોઈ તે ઝેરને ખાય તો તરત જ તેને મોત દેખાય છે. પહેલાં તો અનીતિમાં કાંઈ દુઃખ દેખાતું નથી. ૩૧.

પણ જ્યારે તે અનીતિ આચરવા માંડે છે ત્યારે તે દુઃખ મૂર્તિમાન પ્રકટ થઈ આવે છે અને અનીતિ કરનારને અતિ દુઃખ દે છે. જેટલા અનીતિ કે અધર્મનું આચરણ કરતા નથી તેટલાને જ દૈવી જીવ કહેવાય છે. ૩૨. દૈવી જીવ નીતિનો અને ધર્મનો ત્યાગ કરતા નથી. તેમજ તેનું મન અનીતિમાં લોભાતું નથી. જેમાં અનીતિ દેખાતી હોય, તેવું કામ કરવાથી કદાચ તેને અપાર ફાયદો થતો હોય તોપણ દૈવી જીવ તે ફાયદાને (ફળને) ઘણું જ પાપમય જાણીને તત્કાળ દૂરથી જ તજી દે છે. આવો જે હોય તેને દૈવી મનુષ્ય કહેવાય છે અને સત્પુરુષ પણ કહેવાય છે. ૩૩-૩૪. સત્યરૂપ જે ભગવાન છે તે જ સર્વ લોકોના નિયંતા છે. નીતિરૂપ અને સદ્ધર્મરૂપ જે પાકો રાજમાર્ગ છે તે આદિયુગમાં તેમણે જ બાંધ્યો છે. ૩૫. તે નીતિમાર્ગ અને સદ્ધર્મનું જે ઉલ્લંઘન કરે છે તેને જ અસુર જાણવા. નીતિમાર્ગનું ઉલ્લંઘન કરનારા ભલે દેવ હોય, છતાં તેને દેવ ન કહેવાય. તેનું ઉલ્લંઘન કરનારા કદાચ રાજા હોય, તોપણ તેને રાજા ન કહેવાય. ૩૬.

નીતિમાર્ગનું ઉલ્લંઘન કરનારા ધર્મગુરુ હોય છતાં તે ધર્મગુરુ નથી અને સંત હોય તોપણ તે સંત નથી. તે કોઈ વર્ણ કે આશ્રમના પણ નથી. કેવળ નામ માત્રના છે. ૩૭. નામથી કોઈ રાધા કહેવાતી હોય, તોપણ તે રાધા નથી, કોઈ ગંગા કહેવાતી હોય તોપણ તે ગંગા નથી. તેમ અનીતિવાળા કદાચ કોઈ રાજા કહેવાતા હોય, તોપણ તે રાજા નથી. એમ સુજ્ઞ મનુષ્યો તે વિચારીને જુએ છે. ૩૮. કોઈને પ્રભુ એમ નામ કહીને બોલાવવાથી તે કાંઈ પ્રભુ થઈ જાતા નથી. તેમ કોઈને ધર્મગુરુ કહીને બોલાવવાથી તે ધર્મગુરુ થઈ જાતા નથી. નીતિ અને ધર્મ વિના તો તેઓ નામમાત્રના પ્રભુ અને નામ માત્રના ગુરુ કહેવાય છે. તે વાત સત્ય છે. ૩૯.

કાષ્ઠમાં અગ્નિ વ્યાપીને રહ્યો જ છે. છતાં જ્યારે બહારથી પ્રગટ અગ્નિનો આવીને જે કાષ્ઠને યોગ થાય છે ત્યારે જ તેને લોકો અગ્નિ કહે છે.

પછી તેને કાષ્ઠ કોઈ કહેતું નથી, પરંતુ જ્યાં સુધી અગ્નિનો તે કાષ્ઠને યોગ રહે ત્યાં સુધી જ તે અગ્નિ કહેવાય છે. તેમ જેમાં નીતિ હોય તે રાજા જ રાજા કહેવાય છે અને જેમાં ધર્મ હોય તે ગુરુ સાચા ધર્મગુરુ કહેવાય છે. અને તેમાં જ લોકોને સુખી કરવાની અને લોકોનું કલ્યાણ કરવાની શક્તિ હોય છે. ૪૦. શ્રીહરિ સિવાયના બીજા જે લોકો છે તેની આ રીત કહી છે. પરંતુ જેને શ્રીહરિમાં પ્રીતિ હોય તે તો શ્રીહરિની રીતને ગ્રહણ કરે છે. કહેતા શ્રીહરિએ કહેલા વચન પ્રમાણે જ ચાલે છે. ૪૧. પરમેશ્વરનું અન્વયપણું અને વ્યતિરેકપણું કેમ છે ? તેને તો જ્યારે શુદ્ધ રીતે અભ્યાસ કરે ત્યારે તે સમજાય છે અને તેને નિર્બાધપણે કહેતા આવડે અને ત્યારે જ તેને યથાર્થપણે સમજાયું છે કે નહિ ? તેની ખબર પડે છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ થાળ જમ્યા, અને નીતિમાન રાજા અને ધર્મવાન ગુરુની વાત કહી' એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર છઠ્ઠું : તરંગ - ૨૬

શ્રીહરિએ એકાદશીનું અને સત્સંગનું માહાત્મ્ય કહ્યું

શ્રીહરિ મેથાણના ભક્તોની ભાવનાથી પ્રસન્નતાપૂર્વક થાળ જમ્યા. મુખ ધોયું. મુખવાસ લીધો. પછી વિચાર કરતાં કરતાં ચાલ્યા. ૧. શ્રીહરિ સંતોની સભામાં આવ્યા. આવીને સિંહાસને બેઠા. "ભક્તજન સહાયક શ્રીસ્વામિનારાયણ ભગવાનની જય...જય...જય...આ રીતે ચોપદાર બોલ્યો. ૨. શ્રીહરિ આવ્યા એટલે બધી સભા ઊભી થઈ ગઈ. શ્રીહરિ બેઠા પછી સહુ બેઠા. અને ત્યારે દયાળુ સર્વે સંતો ત્યાં આવીને બેઠા. ૩. પછી શ્રીહરિએ તાળી પાડીને તે સર્વે જનોને ધૂન બોલાવી.પછી શ્રીહરિ ધીર-ગંભીર અને મધુર શબ્દથી બોલ્યા, ૪. "આખા વરસની ચોવીશ એકાદશીઓ છે. તેમાં જળઝીલણી (ભાદરવા સુદ-૧૧), દેવપોઢી-નિયમની (અષાઢ સુદ-૧૧) અને પ્રબોધિની (કારતક સુદ-૧૧) આ ત્રણ એકાદશી વરસમાં મુખ્ય ગણાય. ૫.

તેમાં આ ત્રણ મેં કહી તે સહુથી શ્રેષ્ઠ એકાદશીઓ છે. અમારા જે હરિભક્ત કહેવાતા હોય તેમણે તે ત્રણ એકાદશીના દિવસે ફરાળ પણ કરવું નહિ. ૬.

બધી જ એકાદશીઓએ ફરાળ કરવું નહિ તે ઉત્તમ વ્રત કહ્યું છે. તે વ્રત જાગરણ સાથે કરવું. આખી રાત ઊંઘવું નહિ. ૭. પણ હરખથી કથા-વાર્તા અને કીર્તન કરવા-બોલવા. તેથી મહાપાતક પણ તે નાશ કરે છે. એકાદશીનું માહાત્મ્ય સદ્‌ગ્રંથોમાં અપાર કહ્યું છે. ૮. કોઈ એક એકાદશીનું વ્રત યથોક્ત રીતે કરવામાં આવે તો તેને કરોડો યજ્ઞનું ફળ મળે છે. કોઈ હરિભક્ત નિરાહાર ઉપવાસ કરવામાં અશક્ત હોય તો તે એકેય એકાદશી ન કરી શકે, તો તેણે ફલાહાર કરવો. પરંતુ તેણે પણ પ્રથમ કહેલી ત્રણ એકાદશીએ તો ફરાળ કરવું નહિ. એકાદશીને દિવસ જે અન્ન ખાવું તેને માંસ ખાવાને તુલ્ય કહ્યું છે. ૯-૧૦.

ભગવાને કહ્યું છે કે, જે મનુષ્ય અજાણતા પણ એકાદશીને દિવસ અન્ન ખાય છે તો તે મને છાતીમાં બાણ મારે છે એવું અમને વસમું લાગે છે. એકાદશીના દિવસે તો કાચા અન્નનો સ્પર્શ પણ કરવો નહિ. ૧૧. રોગને લીધે જે પરાધીન થઈ ગયો હોય તેણે એકવાર અનાજ ખાવું અને જે અશક્ત હોય તેણે ફરાળ કરવું. પણ પ્રથમ કહી તે શયની, પરિવર્તની અને પ્રબોધિની આ ત્રણ એકાદશીએ તો એકટાણું કે ફરાળ, કાંઈ કરવું નહિ. ૧૨. આવતી કાલે જળઝીલણી એકાદશી છે. તેમાં ફરાળ કરવાનું નથી. માટે દરબારો, તમારે જેને જમવું હોય તે અત્યારે ઊઠો. ૧૩. બીજા બધા હરિભક્તો-બાઈ, ભાઈ, વૃદ્ધ કે બાળકો બધા જમવા જાઓ. સંતોમાં કોઈ વૃદ્ધ કે નાના બાળ હોય તો તેઓ પણ જમી લે, તે ચાલશે. ૧૪. શ્રીહરિની આજ્ઞા સાંભળીને સહુ હરિભક્તો અને દરબારો પણ મનમાં વિચાર કરીને તત્કાળ જમવા માટે ઊઠ્યા. ૧૫. સહુ જમીને પાછા આવ્યા. આવીને સભામાં બેઠા. સહુનું હિતચિંતન કરતા શ્રીહરિ ત્યારે બોલ્યા, ૧૬.

※ સત્સંગનો મહિમા :

દુનિયામાં અનંત પ્રકારની વાતો (સિદ્ધાંતો) છે. તેનો ગણવાથી પાર પામી શકાય તેમ નથી. પણ સત્સંગના સમાન કોઈ વાત નથી. વેદો અને

પુરાણોનો પણ એ જ મત છે. ૧૭. **'સત્સંગ કરવાથી અનંત સુખ મળે છે.' આ બ્રહ્માંડમાં સત્સંગ જેવું બીજું કોઈપણ સુખ કહ્યું નથી. પુરુષ પ્રકૃતિનું અને બ્રહ્માનું સુખ પણ સત્સંગના સુખ આગળ લૂખું થઈ જાય છે. ૧૮.**

આ જીવને આ સંસારમાં પવિત્ર માતા-પિતા મળે છે તથા પુત્ર, ભાઈ મળે છે. તેમજ અતિ સુખદાયક યુવાન પત્ની મળે છે અને તે જે જે યોનિમાં જીવ જાય છે ત્યાં સર્વત્ર સહેજે જ મળે છે. ૧૯. વળી રાજ્ય મળે છે, હાથી, ઘોડા વગેરે દુનિયામાં જે જે ભોગોના સાધન છે તે સર્વે મળે છે, તેથી મનવાંછિત તમામ ભોગો મળે છે. અને તેપણ આ બ્રહ્માંડમાં જેટલા રહ્યા છે તેટલા સર્વે મળે છે. ૨૦. અને વળી સ્વર્ગલોક, ભૂર્લોક, બ્રહ્માનો લોક, અરે ! શોકેરહિત વૈકુંઠલોક પણ ક્યારેક મળી શકે છે. પરંતુ જેને સત્સંગ થયો છે તે બધા એમ કહે છે કે, બીજો બધો જ સમાજ મળી શકે છે પણ સંત સમાગમ ક્યારેય મળતો નથી. સંત સમાગમ ઘણો દુર્લભ છે, તે આજ સહુ હરિભક્તોને સહેજે મળ્યો છે. ૨૧-૨૨. 'આ સત્સંગથી વધારે બીજું કોઈ સુખ નથી.' મારા આ વચનમાં રંચમાત્ર પણ સંદેહ નથી. તેના ઉપર એક બીજી વાત કહું છું, તેને હૃદયમાં સ્પષ્ટ રીતે લખી રાખવી. ૨૩. તે વાતને જો રંચમાત્ર પણ ભૂલી જશો તો તમારું પ્રયોજન સિદ્ધ નહી થાય. હાથમાં ચિંતામણિ આવે અને રાંક રહી જવાશે. **જ્યાં સુધી લૌકિક બુદ્ધિ રહે છે ત્યાં સુધી સત્સંગનું સુખ રંચમાત્ર પણ મળતું નથી.** ૨૪.

હરિભક્તોને અલૌકિક સુખ આપવા માટે અમે આ વખતે સત્સંગમાં ફરીએ છીએ. અમને બીજો કોઈ લગારેક પણ સ્વાર્થ નથી. ૨૫. અમારી બધી ક્રિયાઓ પણ અમારા સ્વાર્થ-સુખ માટે નથી. ખાવું, પીવું, ઓઢવું, પહેરવું બધામાં અમે ભક્તોના સુખનો જ વિચાર રાખીએ છીએ. ૨૬. અમે અખંડ સ્વસ્વરૂપનું ચિંતન કરતા રહીએ છીએ. ક્યારેય સ્વસ્વરૂપ ચિંતનને છોડતા નથી. મનમાં અખંડ સ્વસ્વરૂપ ચિંતનથી વિશેષ અમને કાંઈ દેખાતું નથી. ૨૭. અમારાં સ્વરૂપચિંતન રૂપ ખડગ બધા જ વિઘ્નો-આવરણોને તોડી નાખે છે. તેથી જ અમે નિઃસ્વાર્થપણે આ ભૂમિ ઉપર જીવોનો મોક્ષ કરવા માટે દૃઢ નિશ્ચય સાથે વિચરણ કરીએ છીએ. ૨૮. સ્વસ્વરૂપના વિચારરૂપ

જે અમારુ ખડગ છે તે ચૌદે લોક પર્યંત ફરે છે. તેથી આ બ્રહ્માંડના જે કાંઈ પદાર્થો છે તે અમને રંચમાત્ર પણ આવરણ કરી શકતા નથી. ૨૯. અમે સ્વસ્વરૂપનાં સુખથી જ સુખી છીએ. તે સિવાયના બીજા સુખને તો અમે દુઃખદાયક જાણીએ છીએ. લૌકિક સુખોમાં અનંત દુઃખો રહ્યા છે તે નજર આગળ જણાય આવે છે. ૩૦.

જે ચક્રવર્તી રાજા હોય તેને આધીન થઈને બધા જ ફરે છે, પરંતુ રાજ્યસત્તાને કારણે શાંતિ તેની નજીક આવતી નથી. અને રાત દિવસ તે રાજાને ભય રહ્યા કરે છે. ૩૧. રાજાના અનેક છૂપા શત્રુઓ તેને છાની રીતે પીડતા હોય છે. તેનાં દુઃખને તો જેને સાર અસારનો વિવેક હોય તે જ જાણે છે. જીવન-આયુષ્યનો તો એક પળ જેટલો પણ નિર્ધાર નથી. રાજાને તેનું અપાર દુઃખ રહેતું હોય છે. ૩૨. પ્રહ્લાદજીને જ્યારે રાજ્યમાં અપાર દુઃખ દેખાયું ત્યારે તેમણે ભગવાનનું ભજન કર્યું. પછી તે ત્રિલોકીના રાજા હતા, છતાં ભગવાન સિવાય બીજે ક્યાંય હેત રાખ્યું નહિ. ૩૩. પ્રાચીન બર્હિષના વંશમાં દક્ષ મહાન્ સમર્થ થયા. તેના અગિયાર હજાર પુત્રો થયા. તેઓએ સંસારનો ત્યાગ કર્યો અને પાકા ભક્ત થઈને ભગવાનનું ભજન કર્યું. ૩૪. પ્રિયવ્રત અને ધ્રુવે ભગવાનનું જે ભજન કર્યું તેને આખું જગત જાણે છે. મહારાજ પૃથુ, જનક, અંબરીષ, વિભીષણ અને પાંડવો એ આદિક અનેક ભગવાનના ભક્તોએ અચળ ટેક રાખીને ભગવાનનું ભજન કર્યું હતું. ૩૫. ગોપીચંદ અને હરિશ્ચંદ્ર એ બધા રાજાઓએ ભગવાનનું ભજન કર્યું હતું. જ્યારે તેમણે આખા બ્રહ્માંડમાં કાંઈ સાર ન જાણ્યો અને એક હરિભજનમાં જ સાર માન્યો ત્યારે તેઓ અપાર સુખી થયા હતા. ૩૬.

※ ભગવાનું ધામ નિર્ભય સ્થળ છે :

ઉપર ગણાવેલા ભક્તોએ ભજન કર્યું તો જે સુખનો કાળે કરીને પણ ક્યારેય નાશ થાય નહિ એવા અખંડ સુખને પામ્યા. અને તેઓ ભગવાનના ધામમાં તેમના ચરણોમાં નિવાસ કરીને રહ્યા. ૩૭.

दोहा : प्रभुपद निरभे स्थान हे, एसो न निर्भय कोय;
ता विन भमे ब्रह्मांड सब, तोहु न सुखिया होय...३८

ભગવાનનું ચરણ નિર્ભય સ્થાન છે. એવું બીજું કોઈ સ્થાન નિર્ભય નથી. તે પ્રભુના ચરણ વિના આખા બ્રહ્માંડમાં બધે ઘૂમે તોપણ ક્યાંય નિર્ભય રહેવાય તેવા સુખી થવાતું નથી. ૩૮.

सोरठा : ज्यां लग काल को भय, त्यां लग ताकुं दुख अति;
हरि पद हे अभय, शरन भये तेहि दुख गयेउ...३९
हरिजन भये ताहि, निरभे पद सो पाई रहेउ;
समझ नहिं रहे जाहि, ताकुं सुख की न गम परत...४०

જ્યાં સુધી કાળનો ભય હોય ત્યાં સુધી તેનું દુઃખ અતિ રહે છે. ભગવાનનું સ્થાન-ચરણ નિર્ભયપદ છે. જે તેને શરણે થયા તેના બધાં જ દુઃખ નાશ પામ્યાં. ૩૯. જે હરિભક્ત થયા છે તે શ્રીહરિના આશ્રયરૂપી નિર્ભય પદ (ધામ) તો પામી જ ગયા છે. પણ જેને આવી સમજણ નથી તેને સુખની કાંઈ ગમ પડતી નથી. ૪૦. ભિખારણ સ્ત્રીને રાજાએ રાણી બનાવી દીધી અને રાજાએ તેને અપાર સુખ આપ્યું, પણ જાતિથી ઊતરતી તે ભિખારણ રાણીને રાજ્યનું સુખ પણ દુઃખરૂપ થયું. ૪૧. ભલે તે રાણી થઈ; જાતિનો ફેરફાર થઈ ગયો, પણ સ્વભાવ તો તેનો ભિખારણનો જ રહ્યો. તે રીતે જ સમજણ વિનાના હરિભક્તનું પણ સમજવું. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ એકાદશીનું અને સત્સંગનું માહાત્મ્ય કહ્યું' એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર છઠ્ઠું : તરંગ - ૨૭

શ્રીહરિએ મેથાણનાં સરોવરમાં જળઝીલણીએ સ્નાન કર્યું

ઉપર કહ્યા મુજબ શ્રીહરિ વાત કરી રહ્યા હતા, ત્યારે મધ્યરાત્રિ થઈ ગઈ. પછી શ્રીહરિએ સર્વે સભાજનોને ઉઠવાની શિખામણ આપી. (તેથી સહુ ભક્તો પોતાને ઘેર ગયા) અને સ્વયં સૂઈ ગયા. ૧. સંતો પણ પોતાને ઉતારે ગયા. અને શ્રીહરિએ કહેલી વાતનું મનન કરવા લાગ્યા અને તે પછી

ધ્યાન કરવા બેઠા અને મૂર્તિનું ચિંતવન કરવા લાગ્યા. ૨. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો 'સ્વામિનારાયણ ધૂન' કરવા લાગ્યા. સ્વામિનારાયણ નામની ધૂન રાતના બધા અમંગળનો નાશ કરે છે. ૩. જ્યારે 'સ્વામિનારાયણ' નામની ધૂનનો અવાજ લોકોના કાનમાં જાય છે ત્યારે જીવને શ્રીહરિની મૂર્તિનું ધ્યાન થાય છે અને તે જીવનાં અજ્ઞાનનો અને પાપનો નાશ કરી નાખે છે. ૪. બે ઘડી રાત બાકી રહી ત્યારે શ્રીહરિ જાગૃત થયા. મુકુંદ વર્ણી લોટો ભરીને પાણી લાવ્યા ત્યારે શ્રીહરિ તે લઈને શૌચ ગયા. ૫.

માથા ઉપર રૂમાલ ઓઢી લીધો. ચરણોમાં ચતુરાઈથી મોજડીઓ પહેરી અને જ્યાં શૌચ જવાની એકાંતભૂમિ હતી ત્યાં મનોહરમૂર્તિ શ્રીહરિ શૌચ ગયા. ૬. જ્યારે શૌચ જઈને પાછા આવ્યા ત્યારે શ્રીહરિને એક બાજોઠ ઉપર બેસાડ્યા. વર્ણીએ માટી લઈને પ્રથમ હાથ ધોવડાવ્યા અને પછી ચરણોને પણ ધોયા. ૭. શ્રીહરિના સેવક ઉમાભાઈ તરત જ કોમળ તાજું દાતણ લાવ્યા. પછી તરત જ શ્રીહરિએ તે દાતણ કર્યું અને મુખકમળ ધોયું. ૮. રંગભીનાએ રૂમાલથી મુખ લૂછ્યું અને મસ્તક ઉપર રૂમાલ બાંધ્યો. લાલ ખેસ ઓઢી લીધો અને સંતો, દરબારો તથા હરિભક્તોને બોલાવ્યા. ૯. પુષ્કળ સોનેરી સાજથી સજેલો એક અશ્વ શ્રીહરિને માટે લઈ આવ્યા. શ્રીહરિ તે અશ્વના ઉપર બેઠા. ચોપદાર ઊંચે અવાજે નેકી પોકારી રહ્યા હતા. ૧૦.

ઢોલ, ત્રાંસા, ડંકા અને નિશાનવાળા બધા શ્રીહરિની આગળ ચાલવા માંડ્યા. શ્રીહરિની સાથે રહેનારા જે પાર્ષદો હતા. તે બધા બંદૂકો બાંધીને ચાલતા હતા. ૧૧. ગામના જે બધા માણસો હતા તે બધા દોડીને ત્યાં આવ્યા. ભેરી, તુરાઈ અને રણસિંગા આદિ સર્વે વાદ્યો વાગતાં હતાં. ૧૨. સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને ઉત્સવ કરતા હતા. બધા હરિભક્તો કીર્તન ગાતા હતા. તે બધી શોભા વર્ણવી શકાતી નથી. ૧૩. અજા પટેલ અને જીવા પટેલ આ બંને શ્રીહરિની પડખે ઊભા રહીને અતિશય આનંદોલ્લાસથી હાથમાં ચામર લઈને શ્રીહરિને ચામર ઢોળતા હતા. ૧૪. દરબાર પૂંજાજીએ શ્રીહરિના મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. દરબાર કાકાભાઈએ હાથમાં સૂર્યમુખી-અબદાગીરી લીધી હતી. ૧૫. ગામની અપાર સ્ત્રીઓ સારા

ઘરેણાં પહેરીને આવી. અને શ્રીહરિનાં યશનાં કીર્તન ગાવા લાગી. જેનાથી બધું આકાશ ગાજી ઊઠ્યું હતું. ૧૬.

સહુનું લક્ષ્ય એક શ્રીહરિની મૂર્તિમાં જ હતું. શ્રીહરિની મૂર્તિ વિના કોઈને બીજે ક્યાંય ધ્યાન કે બીજું ભાન જ ન હતું. શ્રીહરિની મૂર્તિ સિવાય બીજું કાંઈ દેખતા જ નહિ. સહુની મનોવૃત્તિ એક શ્રીહરિની મૂર્તિમાં જ સ્થિર થઈ હતી. ૧૭. સહુનાં મન શુદ્ધ હતાં. તેથી કોઈનાં હૃદયમાં શ્રીહરિ સિવાય બીજો ઘાટ-સંકલ્પ પણ થતો ન હતો. શ્રીહરિ રાજબજારે ચાલી રહ્યા હતા. રસ્તામાં લોકોની ભીડ ઘણી જ થઈ હતી. ૧૮. મધપૂડા ઉપર જેમ માખો લાગી હોય તેમ સ્ત્રીઓનો સમુદાય અત્યંત ભીડવાળો દેખાતો હતો. ભાથામાં જેમ બાણ દબાવીને ભર્યાં હોય તેમ પુરુષોનો સમૂહ ઘાટી ભીડવાળો હતો. ૧૯. શ્રીહરિ મેથાણ ગામના દક્ષિણ તરફને દરવાજે આવ્યાં. ત્યાં નજીકમાં જ મોટું તળાવ હતું. તળાવનો કિનારો ઘણો સોહામણો હતો. ત્યાં શ્રીહરિ આવ્યા. ૨૦.

શ્રીહરિ ત્યાં અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. તળાવને ચારેબાજુથી જોયું. કમળ અને કુમુદિની પ્રફુલ્લિત થયેલા દેખાયા અને જળકુકડા તે પાણીમાં રમતા જોયા. ૨૧. પાણી ઉપર રહેનારા કે બેસનારા જે પંખી કહેવાય છે તે બધા તળાવ ઉપર છવાઈ ગયા હતા. કિનારે અનેક જાતના અપાર ઝાડ હતા. તે વિવિધ પ્રકારે ઘણા શોભી રહ્યા હતાં. ૨૨. તે ઝાડના ઉપર જાતજાતના પંખીઓ હતા. મોર, કોયલ અને પોપટ વગેરે બોલતા હતા તે ઘણા સોહામણા લાગતા હતા. અનંત ધામોના જેટલા મુક્તો હતા તે બધા હંસ અને ભમરાનું રૂપ લઈ ત્યાં શ્રીહરિના દર્શને આવ્યા હતા. ૨૩. તે વખતે શ્રીહરિએ સહુ હરિભક્તોને હેત લાવીને કહ્યું કે, 'નહાતી વેળાએ કોઈએ કાંઈ મસ્તી કરવી નહિ. હરિભક્તોની રીત અને કુસંગીઓની રીત જુદી જુદી હોય છે. જળક્રીડામાં કોઈને હાથના નખ વાગી જાય તેમ ન રમવું. ૨૪.

અમે જ્યાં નહાતા હોઈએ ત્યાં કોઈએ નજીક ન આવવું. સૌ પોતપોતાની મર્યાદા પ્રમાણે નહાઓ. ૨૫. નહાતી વખતે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... નામ બોલવું. ખોટો બકવાદ કરવો નહિ. મુખથી ભગવાનના

ગુણોને જ ગાવા. આ અમારા વચનને સહુએ યાદ રાખવા.' ૨૬. તળાવમાં જ્યાં જ્યાં ઊંડા કૂવા હતા ત્યાં શ્રીહરિએ નિશાન કરાવી દીધાં. કોઈ ચુપચાપ બૂડી જાય તો પછી કોઈને આનંદ રહે નહિ. ૨૭. કોઈ ડૂબી જાય તો પછી કોઈ ઉપાય કામ ન લાગે. એટલે શ્રીહરિએ ત્યાં નિશાન કરાવ્યાં. બધું અગાઉથી સમજાવી દીધું અને પછી સૌ નાહવા ગયા. ૨૮. જેને પાણીમાં તરતા આવડતું નહિ, તેને પહેલાંથી જ બધું સમજાવી દીધું. જ્યારે શ્રીહરિ તળાવમાં નાહવા ઊતર્યા ત્યારે સહુ ભક્તજનોએ "જય જય" "જય જય" નો ધ્વનિ કર્યો. ૨૯.

શ્રીહરિએ પહેલાંથી જ જે વચન કહ્યું હતું તેમ સહુ ભક્તો પોતાનું હિત થાય તે રીતે સ્નાન કરવા લાગ્યા. શ્રીહરિ પાણીમાં આમ તેમ ચારેબાજુ ફરતા હતા. તે વખતે અપાર વાજિંત્રો વાગતાં હતાં. ૩૦. તળાવને કાંઠે ચારેબાજુ લોકો ઊભા હતા. ચંદ્ર જેમ ચકોરને જુએ તેમ તે સહુ શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. પાર્ષદો બંદૂકના અવાજ કરતા હતા. તેનાથી સમગ્ર આકાશ ગાજી ઊઠતું હતું. ૩૧. તળાવને કિનારે ફરતા જે લોકો ઊભા હતા તે માનો મનુષ્યરૂપી મણિઓથી તળાવનો કાંઠો બાંધ્યો હોય તેવા દેખાતા હતા. તેમાં પણ પાંચ રંગના મનુષ્યરૂપી મણિથી કાંઠો બાંધ્યો હોય, તેવી શોભા બની હતી. ૩૨. પ્રેમી ભક્તો ચીભડાં, કાકડી અને નાળિયેર અપાર લઈ આવ્યા અને તે પાણીમાં નાખ્યા. તે સરોવરમાં એટલા બધા નાખ્યા કે ગણવાથી પણ તેનો પાર આવતો ન હતો. ૩૩. શ્રીહરિ ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી તળાવમાં નાહ્યા. બધા સંતો શ્રીહરિની પાસે રહ્યા હતા. દરબારો પણ શ્રીહરિની પાસે હતા અને આ રીતે શ્રીહરિ ઘણા જ આનંદથી જળ ઝીલ્યા. ૩૪.

શ્રીહરિ સ્નાન કરીને તળાવમાંથી બહાર નીકળ્યા. તળાવની અંદર કોઈ પુરુષ રહ્યો નહિ. ત્યારે ત્યાં જે સ્ત્રીઓ આવી હતી તેમણે તળાવમાં મર્યાદા સાચવીને સ્નાન કર્યું. ૩૫. સ્નાન કરતી સ્ત્રીનું મુખ કોઈ પુરુષ દેખે નહિ. આવી રીતે સહુ વર્તતા હતા. કોઈ સ્ત્રી કોઈની સાથે હાસ્ય-મશ્કરી કરતી નહિ. બધી જ સ્ત્રીઓ મુખથી શ્રીહરિનાં યશનું જ ગાન કરતી હતી. ૩૬. શ્રીહરિએ પોતાનાં અંગો ઉપર સોનેરી વસ્ત્ર અને સોનાનાં આભૂષણો ધારણ કર્યાં. છાતી ઉપર ગજમોતીનો હાર ઝગમગાટ કરી રહ્યો હતો. ૩૭.

પાઘમાં બંને બાજુએ મોતીનાં તોરા લટકતાં હતા. કાનમાં પહેરેલા જડાઉ કુંડળ ભક્તોનાં મનને ચોરતાં-આકર્ષતાં હતાં. ૩૮. શ્રીહરિના લલાટમાં ચરચવા માટે કેસર મિશ્રિત ચંદન લાવ્યા. પછી ભાઈ રામદાસજીસ્વામીએ આવીને ચરણકમળ ઉપર ચંદન ચરચ્યું. ૩૯. તેઓ અમદાવાદથી આવ્યા હતા એટલે શ્રીહરિને બાથમાં લઈને ભેટ્યા. ગુજરાત પ્રદેશના બધા હરિભક્તોની વાત તેમણે શ્રીહરિને કહી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ મેથાણના સરોવરમાં જળઝીલણીએ નાહ્યા' એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર છઠ્ઠું : તરંગ - ૨૮

શ્રીહરિ વામનદ્વાદશીએ અજાપટેલનો થાળ જમ્યા અને સંતોને જમાડ્યા.

શ્રીહરિ ઘોડેસવાર થયા અને પછી મેથાણ ગામમાં આવ્યા. ત્યાં અજા પટેલે શ્રીહરિને હાથ પકડીને પોતાના ઘરમાં પધરાવ્યા. ૧. તેમણે એક સુંદર પલંગ બિછાવી રાખ્યો હતો. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. સંતોને માટે પણ બિછાના ગોઠવી રાખ્યા હતા. તેથી સહુ સંતો આવીને તેના ઉપર બેઠા. ૨. અમદાવાદના હીરાચંદ ચોક્સી અને બીજા હરિભક્તોનો સમુદાય પણ આવ્યો હતો અને ગંગા, રેવા આદિ ભક્ત સ્ત્રીઓનો સમુદાય પણ આવ્યો હતો. ૩. તેઓ મુલાયમ રેશમી તારના પવિત્રા લાવ્યા હતા. તે શ્રીહરિને ધરાવ્યાં. તેમજ સુંદર મોટી રાખડીઓ શ્રીહરિના હાથે બાંધી. ૪.

અજા પટેલ સોનેરી તારવાળા વસ્ત્રો અને ઘરેણાંને સોનાનાં થાળમાં ભરીને લાવ્યા હતા. તે શ્રીહરિનાં શરીર ઉપર ધરાવ્યાં. ૫. પોતાના મનમાં જે ભાવનાઓ ભરી હતી. તે બધી આજ તેમણે પૂરી કરી. કેસરયુક્ત ચંદન લલાટમાં ચરચ્યું. અને તેનાં મધ્યમાં કુંકુમનો લાલ ચાંદલો કર્યો. ૬. તેમણે ફૂલોના હાર, તોરા અને બાજુબંધ શ્રીહરિને ધરાવ્યા. કેસરચંદન ચરણોમાં ચરચ્યું

અને પછી આનંદકારી તે ચરણોને પોતાની છાતી ઉપર ચાંપ્યા. ૭. પછી તેમણે કપૂરથી આરતી ઉતારી. સહુ ભક્તોએ તે સમયે "જય જય" "જય જય"નો ધ્વનિ કર્યો. તે સમયે તેમણે બંને હાથ જોડીને અપાર સ્તુતિ કરી. ૮. અને છેલ્લે એવું માગ્યું કે આપનાં આ ચરણકમળોની સમીપે અમને કાયમ નિવાસ આપજો. હે હરે ! હું આપની પાસે આટલું જ માગું છું. કૃપા કરીને મને આટલું વરદાન આપો અને ભવસાગરમાં ડૂબી રહેલા મારી બાંય પકડી લેજો. ૯.

અજા પટેલે આટલી વિનતિ કરી અને પછી સંતોને પોતાના દેવ સમજીને તુરંત તેમની પૂજા કરી. સહુનાં લલાટમાં કેસરચંદનની અર્ચા કરી. પછી સહુ સંતોને ફૂલહાર પહેરાવ્યા. બધા સંતોને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. તે પૂજા કરી રહ્યા પછી વર્ણી, દરબારો અને પાર્ષદો એ બધાની પૂજા કરી. ૧૧. સમગ્ર હરિભક્તોની પૂજા કરીને તેમને એકેક ફૂલહાર પહેરાવ્યો. ત્યારે શ્રીહરિના કંઠમાં જેટલા હાર હતા તે બધા તેમણે અજા પટેલને પ્રસાદીના રૂપમાં પહેરાવ્યા. ૧૨. પછી શ્રીહરિ ઘોડેસવાર થઈને બજારમાં નીકળ્યા, તે વખતે ત્યાં જીવા પટેલ આવ્યા અને તેઓ પોતાને ઘેર લઈ ગયા. ૧૩.

જીવા પટેલે પોતાને ઘેર સુંદર પલંગ બિછાવ્યો હતો. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. બધા સંતો પણ ત્યાં આવીને બેઠા અને ઉત્સવના કીર્તન બોલવા લાગ્યા. ૧૪. જીવા પટેલે પણ અજા પટેલની રીતે જ કેસરયુક્ત ચંદનથી અર્ચા કરીને ઘણા જ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ૧૫. ઘણા જ ભાવથી બધા સોનેરી પોશાક પહેરાવ્યા અને પછી પુષ્પોના હાર પહેરાવીને મહાન ભાગ્યશાળી જીવા પટેલે આરતી ઉતારી. ૧૬. પછી સંતો, વર્ણી, દરબારો અને પાર્ષદોને પણ ચંદનની અર્ચા કરી અને ફૂલહાર પહેરાવી પૂજા કરી. એકેક વસ્ત્ર ઓઢાડ્યું પછી બે હાથ જોડીને વિનતિ કરી. ૧૭.

પછી જેટલા હરિભક્ત વિપ્રો હતા તે સહુએ પણ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી. જેની જેવી સંપત્તિ હતી તે પ્રમાણે તેમણે પૂજા કરી. ૧૮. બીજા પણ કણબી હરિભક્તો જેટલા હતા તે સહુએ પણ શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરી અને જેટલા ક્ષત્રિય હરિભક્તો હતા તે બધા પણ શ્રીહરિને

પોતાને ઘેર લઈ ગયા. ૧૯. જેને જેવી ભાવના હતી તે પ્રમાણે સહુએ શ્રીહરિની પૂજા કરી અને જે હરિભક્તોના જેવા મનોરથ હતા તે પ્રમાણે શ્રીહરિએ સહુના મનોરથ પૂર્ણ કર્યા. ૨૦. આખો દિવસ શ્રીહરિ ગામમાં પધરામણીએ ફર્યા. જે લોકો લઈ ગયા તે સહુના ઘેર શ્રીહરિ પોતે ગયા. દીનદયાળુ શ્રીહરિને સાકરના થાળ અને શ્રીફળ અર્પણ કરીને સહુએ પૂજ્યા. ૨૧. પછી શ્રીહરિને ચતુર્ભુજનાં મંદિરમાં પધરાવ્યા અને શ્રીહરિને તે મંદિર અર્પણ કર્યું. શ્રીહરિએ તે મંદિરને સારું કરવાનો મનમાં વિચાર કર્યો. ૨૨. પણ પછીથી શ્રીહરિ કચ્છ દેશમાં ગયા અને અહીંના દેશકાળ બદલી ગયા. તેથી તે ન બન્યું.

શ્રીહરિ જળઝીલણી એકાદશીની રાત રોકાયા અને સવારે વામન દ્વાદશી થઈ. ૨૩. ત્યારે ત્યાંના અજા પટેલ અને જીવા પટેલ એ બંનેએ મળીને સારી રસોઈ કરાવી. તેમાં વિવિધ પ્રકારના પકવાન કરાવ્યા અને શાકભાજી વગેરેનો તો કોઈ પાર જ રાખ્યો ન હતો. ૨૪. જ્યારે વામનજીનો જન્મોત્સવ થઈ ગયો તે પછી શ્રીહરિ જમવા માટે ચાલ્યા. કમર ઉપર એક પીતાંબર પહેર્યું હતું. ૨૫. શ્રીહરિ આવીને સોનાના બાજોઠ ઉપર બેઠા. જળથી ચરણ ધોયા અને રૂમાલથી તેને લૂછ્યાં. ૨૬. જેટલાં પકવાન બનાવ્યાં હતાં તે બધાનાં થાળ ભરીને વર્ણી લાવ્યા અને શાકભાજીને સોનાના કટોરામાં ભરીને લાવ્યા. ૨૭.

ભગવાન શ્રીહરિ એક એક ભોજનનું નામ લઈ લઈને જમવા લાગ્યા. ભોજન જમતા વચ્ચે વચ્ચે જળપાન કરતા હતા. ૨૮. ગંગાબાઈ અને રેવાબાઈ ઘણું સારું ગોળકેરીનું અથાણું તે વેળાએ લાવ્યા હતા. શ્રીહરિએ ઘણા જ હેતથી તે અથાણું જમવામાં લીધું. ૨૯. તે સમયે શ્રીહરિએ સ્વામી ભાઈ રામદાસજીને બોલાવ્યા અને તેમને પોતાની પાસે જમવા બેસાડ્યા. પરમ દયાળુ ભક્તવત્સલ શ્રીહરિએ તેમને માટે થાળ પીરસીને ભરી દીધો. ૩૦. પોતાના થાળમાં જેટલા ભોજન અને શાકભાજી તથા ફરસાણ વગેરે પીરસ્યું હતું તે બધું ગણીને શ્રીહરિએ તેટલા જ ભોજન, વ્યંજન વગેરે ભાઈ રામદાસજીસ્વામીના થાળમાં પણ પીરસ્યા. ૩૧. જમતાં જમતાં શ્રીહરિ ઘણી રમૂજ કરવા લાગ્યા. અને તેનાથી રામદાસભાઈ સ્વામીને વિયોગનો જે શોક હતો તે બધો ટાળી નાખ્યો. પ્યારા શ્રીહરિ બધા ભોજન જમી રહ્યા ત્યારે તેમણે

દહીં અને ભાત જમવા માટે લીધા. ૩૨. વર્ણીએ પોશ ભરીને દળેલી સાકર આપી એટલે શ્રીહરિ દહીં, ભાત અને સાકર તત્કાળ જમવા લાગ્યા. સ્વયં જેટલાં દહીં ભાત જમ્યાં તેટલાં જ ભાઈસ્વામીને પણ આપ્યાં. ૩૩. સાકર થોડી વધારે આપી, તેનાથી દહીંની ખટાશ કાંઈ રહી નહિ. આમ જમતી વખતે ઉપર બેસીને સારી રીતે સ્વામીને જમાડ્યા અને પછી જળથી હાથ ધોવડાવ્યા. ૩૪. અને પછી બહુનામી શ્રીહરિએ મુખ ધોઈને મુખવાસ લીધો.

પછી સંતોને, દરબારોને અને પાર્ષદોને જમવા બોલાવ્યા. તેમને મંડપમાં બેસાડ્યા. ૩૫. મંડપ નીચે ચોકમાં જ્યાં રંગોળી પૂરી હતી ત્યાં સંતો, દરબારો અને પાર્ષદોને બેસાડ્યા. બે વિભાગમાં પંગત થઈ. ત્યારે શ્રીહરિ પીરસવા આવ્યા. ૩૬. જેટલાં ભોજન કર્યાં હતાં તે બધા શ્રીહરિએ પીરસ્યાં. જ્યારે જમવાની આજ્ઞા કરી ત્યારે તે સંતો જમવા લાગ્યા. ૩૭.

दोहा : संत जेंवत मिलाइके, जितने भोजन कीन;
स्वाद रखत हरि वचन में, संत सो सब प्रवीन...३८

सोरठा : ओर में रखत स्वाद, श्रीहरि में सो न रहत तेहि;
स्वाद में रहे परमाद, त्यागी ग्रहि न विभाग रहत...३९

કુશળ સંતાએ જે પીરસ્યાં હતા તે ભોજનોને મેળવી દઈને જમવા લાગ્યા. સર્વે સુજ્ઞ સંતો ભોજનથી પણ વધુ સ્વાદ શ્રીહરિના વચનમાં માનતા હતા. ૩૮. જો બીજી વસ્તુમાં સ્વાદ માનવામાં આવે તો ભગવાનમાં સ્વાદ રહેતો નથી. સ્વાદમાં પ્રમાદ રહ્યો હોય છે. પછી તો ત્યાગી કે ગૃહીનો વિભાગ રહેતો નથી અર્થાત્ ત્યાગી પણ ગૃહસ્થ જેવા થઈ જાય છે. ૩૯. શ્રીહરિએ પછી ભાત પીરસીને તેમાં દહીં અને સાકર પીરસ્યાં. દહીં, સાકર પીરસીને તો રેલમછેલ કરી દીધી અને ભૂમિ ઉપર ઢોળાવાથી તેને પણ તૃપ્ત કરી દીધી. આ રીતે શ્રીહરિ અજા પટેલ તથા જીવા પટેલનો થાળ જમ્યા. ૪૦. (આ જીવા પટેલના પિતાનું નામ હરજી પટેલ હતું. તેને બે પુત્ર હતા. એકનું નામ પિતાંબર અને બીજાનું નામ જીવા પટેલ. તે બંને પાછળથી સંત થયા. જીવા પટેલનું નામ ચૈતન્યાનંદસ્વામી અને પિતાંબર પટેલનું નામ

પિતાંબરાનંદસ્વામી પાડ્યું. અને તે પિતાંબર પટેલને એક પુત્ર હતો તેપણ સંત થયો તેનું નામ પ્રજ્ઞાનંદસ્વામી પાડ્યું હતું. તે મોટાપ્રજ્ઞાનંદસ્વામી તરીકે ઓળખાતા હતા. અને નિત્યાનંદસ્વામી ભેળા રહ્યા હતા અને મહાવિદ્વાન થયા હતા. અને અજા પટેલ પણ પાછળથી સંત થયા હતા તેમનું નામ પૂર્ણાનંદસ્વામી પાડ્યું હતું.)

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ વામન દ્વાદશીએ અજાપટેલનો થાળ જમ્યા અને સંતો વગેરેને જમાડ્યા' એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર છઠ્ઠું : તરંગ - ૨૯

શ્રીહરિએ ભદ્રેશીમાં અસંતના લક્ષણ અને તેની પ્રવૃત્તિ કહી

પછી શ્રીહરિ વામન દ્વાદશી કરી મેથાણથી ચાલ્યા અને **સીથા** ગામ આવ્યા. ત્યાં તળાવમાં બધા અશ્વોને પાણી પાયું. ઘણું મોડું થઈ ગયું હતું. ૧. ત્યાંથી **ભદ્રેશી** ગામ (તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર) આવ્યા. ત્યાં વણિક હરિભક્તો હતા. તેમને ખબર આપ્યાં એટલે તે સહુ ગામ બહાર શ્રીહરિ પાસે આવ્યા. ૨. સુરચંદ..., ભાઈચંદ અને દેવચંદ એ ત્રણે પોતાના પુત્રો અને પત્નીઓએ સહિત બધા જ સત્સંગી થયા હતા. ૩. મશાલ કરીને તેને અજવાળે સહુ આવ્યા અને શ્રીહરિના ચરણોમાં પડ્યા. તેમના મનમાં ઘણો આનંદ થયો. તેમણે ઢોલ અને ભૂંગળ વગેરે વાજિંત્ર વગડાવ્યાં. ૪. શ્રીહરિ ભદ્રેશી ગામમાં આવ્યા. દસ બાર મશાલો કરાવી હતી. જ્યારે વાજિંત્રો વાગવા લાગ્યાં ત્યારે ગામના અપાર લોકો દોડીને ત્યાં આવ્યા. ૫.

ત્યાં શ્યામજી નામે સુતાર હરિભક્ત હતા. તેઓ ઉતાવળા ઉતાવળા આવ્યા. તે સિવાયના બીજા જે હરિભક્તો હતા તેઓ પણ દોડીને ત્યાં આવ્યા. ૬. બધા શ્રીહરિના ચરણોમાં પડ્યા. અત્યંત પ્રેમ હોવાથી સહુને આનંદ થયો. સહુ એકેક શ્રીફળ લઈને આવ્યા હતા. તે શ્રીહરિને ભેટ અર્પણ કર્યાં. ૭. સુરચંદ શેઠ શ્રીહરિને પોતાને ઘેર લાવ્યા. સંતોને અને

દરબારોને પણ ઉતારો કરાવ્યો. શ્રીહરિને માટે પલંગ બિછાવી દીધો હતો. તેના ઉપર સ્વયં શ્રીહરિ આવીને બેઠા. ૮. તરત જ અશ્વોને માટે જોગાણ અપાવ્યું અને બળદોને માટે પણ તત્કાળ ઘી તથા ગોળ આપ્યા. કપાસિયાનું ખાણ આપ્યું. અશ્વો અને બળદોને માટે લીલો ચારો પણ આપ્યો. ૯. પછી રસોઈ બનાવવા માટે જેટલું સીધું-સામાન જોઈતું હતું તે બધું વર્ણીને લાવી આપ્યું. હરિભક્તો પાણી માટે નવાં કોરાં ઠામ લઈ આવ્યાં. સહુનાં મનમાં ઘણો જ ઉત્સાહ હતો. ૧૦.

ઘરની ઓસરીમાં ચિત્ર-વિચિત્ર ભાતના સુશોભીત ઉલેચ બાંધી દીધા. ઘરના જે દરવાજા હતા ત્યાં બધે મોતીનાં તોરણ બાંધી દીધાં હતા. ૧૧. બિલોરી કાચનાં જે રમણીય પ્રકારનાં ઝાડ હતાં તે લટકાવ્યાં અને તે બધામાં દીવાઓ પ્રકટાવ્યા. આ રીતે સહુ ભક્તોએ અલૌકિક લાભ લીધો. ૧૨. તે દિવસ વામન દ્વાદશીની રાત હતી તેથી દીવાઓથી દીપમાળા કરી હતી. શ્રીહરિ પોતાને ઘેર પધાર્યા તેથી બહુ પ્રકારની શોભા કરી હતી. ૧૩. સીથા ગામમાં મોટા મઠધારી ગોસાઈ હતા. તેમને બાર ગામ હતા. સુરચંદ શેઠ તેના કારભારી હતા. ૧૪. તેથી તે બારે ગામમાં જે દૂધ થતું હતું તેને શેઠે પહેલેથી જ મગાવી લીધું હતું. એટલે તે આગળથી જ પહોંચાડ્યું હતું. આવા તે શેઠ સત્સંગી હતા. ૧૫.

જ્યારે રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે મુકુંદ વર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા. તે વેળાએ શ્રીહરિ ઊઠ્યા અને વસ્ત્રો બદલ્યાં. પીતાંબર એક પહેરી લીધું. ૧૬. પછી ચતુરવર શ્રીહરિએ બીજું પીતાંબર ઓઢ્યું. ચરણોમાં ચાખડીઓ પહેરી. જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા અને શ્રીહરિને સુવર્ણનાં બાજોઠ ઉપર બેસાડ્યા. ૧૭. ચરણકમળ જળથી ધોયા અને રૂમાલથી તે લૂછ્યાં. સાકરનો સુંદર શીરો બનાવ્યો હતો. તે થાળમાં ભરીને ધરાવ્યો. ૧૮. પૂરી, ભજિયાં, વડાં અને શાક જે બનાવ્યાં હતાં. તેપણ આગળ ધરાવ્યાં. રસોઈ ઘણી સરસ રીતે બની હતી. શેઠનો ભાવ જોઈને શ્રીહરિ ખૂબ જ પ્રેમથી જમવા લાગ્યા. ૧૯. પૂરી રીતે જ્યારે ભોજન જમી રહ્યા ત્યારે શ્રીહરિએ દૂધ અને ભાત જમવા લીધા. દૂધમાં સાકર ભેળવી હતી તેને

શ્રીહરિ જમ્યા. ૨૦. ઠીક રીતે પાચન થાય આવા વિવેકથી શ્રીહરિ તેની સાથે એક પાપડ પણ જમ્યા. જ્યારે જમીને તૃપ્ત થયા ત્યારે જળથી હાથ ધોયા અને પ્રેમ સહિત જળપાન કર્યું. ૨૧.

પરમ દયાળુ શ્રીહરિએ મુખકમળ ધોઈને તરત મુખવાસમાં તાજી એલાયચી અને તાજા તજ, જે સારામાં સારા કહેવાય તેને લીધાં. ૨૨. એલાયચી અને તજને થાળમાં ભરીને ઘણા હેતથી શેઠે શ્રીહરિ પાસે લાવીને ધરાવ્યો. તેને જોઈને શ્રીહરિ પ્રસન્ન થયા અને સુરચંદ શેઠની છાતીમાં ચરણકમળ આપ્યા. ૨૩. સાકર, પેંડા અને બરફીની પ્રસાદી શ્રીહરિએ શેઠને આપી. પછી શ્રીહરિએ સંતો અને દરબારોને જમવા માટે બોલાવ્યા. સૌને પંગતમાં બેસાડ્યા અને પછી સ્વયં પીરસ્યું. ૨૪. પછી ભાતમાં દૂધ અને સાકર પોતે જ પીરસવા લાગ્યા. તે એટલું બધું પીરસ્યું કે તેની રંગરેલ કરી દીધી. ૨૫. ધર્મકુમાર શ્રીહરિ પંગતમાં બે ત્રણ વાર ફર્યા. છતાં જ્યારે કોઈએ કાંઈ લીધું નહિ, ત્યારે પોતાના હાથ ધોયા. ૨૬.

શ્રીહરિ પાછા આવીને પલંગ ઉપર બેઠા. સંતો પણ જમ્યા પછી ત્યાં આવીને બેઠા. પછી દોકડ, સિતાર અને સરોદ વગેરે વાજિંત્ર મગાવ્યાં. ૨૭. પહેલાં સંતો પાસે સુંદર કીર્તન ગાન કરાવ્યું. ત્યારે ગામના લોકો અપાર આવીને ત્યાં બેસી ગયા હતા અને પછી પોતે વાતો કરી. ૨૮. શ્રીહરિએ કહ્યું, આ દુનિયામાં સંતો અપાર છે. તેમણે ગામે ગામ મઠ-મંદિરો બાંધી દીધા છે. તેનાથી જીવોનો મોક્ષ થાય અને ફરીવાર આ ભવાટવીના ભટકણમાં આવવું ન પડે. ૨૯. પરંતુ મોક્ષનું ખરું દ્વાર તો ભગવાનની મૂર્તિ કહેવાય છે. તેના સિવાય કોઈનો મોક્ષ થતો નથી. સંતોના અને અસંતોના ગુણ એક સમાન હોતા નથી. તેની તપાસ કરતાં રહેવું જોઈએ. ૩૦.

✵ સંત - અસંતના લક્ષણ :

હંસ અને બગલાં બંને દેખાવમાં એકસરખા પંખી દેખાય છે, પણ તેના ચારામાં ઘણો ફરક છે. હંસ મોતીનો ચારો કરે છે કાં તો દૂધ પીએ છે અને બગલો માછલી ખાઈને ગુજરાન કરે છે. તેમ સંત-અસંતમાં ફેર છે.

તેને વિવેકી લોકોએ ઓળખવા જોઈએ. ૩૧. એક સંત એવા છે કે જે ધન અને સ્ત્રીને રાખે છે. લસણ અને ડુંગળી આદિ બધું ખાય છે. ગાંજો, ધતૂરો, માઝમ, અફીણ, દારૂ અને માંસ એ બધાને ખાય છે અને પીએ છે. ૩૨.

અને જે વિધવા સ્ત્રીઓ હોય છે તે આવીને તેની સેવા કરે છે. આવા સંતને જે મનુષ્યો ગુરુ કરે છે. તે મનુષ્યો તેમાં કેવી રીતે તે મોક્ષ માની લે છે ? કેમ જે, સ્ત્રીયાદિકમાં બંધાયેલા છે તેવા ગુરુથી મોક્ષ થતો નથી. ૩૩. પણ તેની કોઈ ખરી રીતે તપાસ કરતા નથી. એકની પાછળ બીજો, એમ મોટી આશા રાખીને બધા ચાલ્યા જાય છે. પછી જેવો ગુરુનો મોક્ષ થાય છે તેવો જ શિષ્યનો પણ થાય છે. અર્થાત્ ગુરુ અધોગતિને પામે તો શિષ્યની પણ તેવી જ દશા થાય છે. ૩૪. જે સંત થઈને પણ સદાચારમય ધર્મનું પાલન કરતા નથી તે તો ઘોર નરકમાં જ પડે છે. જે સંત ધનસંગ્રહ અને સ્ત્રી આદિનો સંગ કરે છે, તેને અખંડ અતિ પાપ લાગે છે. ૩૫. જે પાપ કરતો હોય તેને તો પાપી કહીને બોલાવાય. તેને સંત કહીને કેમ બોલાવાય ? જે સન્માર્ગે ચાલે તે જ સંત કહેવાય છે. જો તે અસન્માર્ગે-કુમાર્ગે ચાલતો હોય તો તેને સંત કહેવાય નહિ. ૩૬.

दोहा : धर्म रखे सो संत हे, अधर्म चले असंत;
संत करे जन मोक्ष ही, असंत दे दुःख अतंत...३७
असंत बाँधत द्वार ही, पाप हि करने काज;
हरिमूर्ति रही ओट ही, ओर को करत अकाज...३८

જે ધર્મને જીવનમાં રાખે તે સંત છે. અને જે અધર્મને માર્ગે ચાલે તે અસંત છે. સંત મનુષ્યનો મોક્ષ કરે છે અને અસંત મનુષ્યને અત્યંત દુઃખ દે છે. ૩૭. તે અસંત પાપ કરવાને માટે જ મઠદ્વારા, મંદિર આદિ સંસ્થા બાંધે છે. તેમાં ભગવાનની મૂર્તિ પધરાવીને તેને ઓથે બીજાનું ભૂંડું કરે છે. ૩૮.

અસંતજન જ્યારે સતત પાપ કરતાં રહે છે ત્યારે સંતજન તુલસીદાસની જેમ સત્ય વાતને પ્રકટ કહે છે અને ઠેકઠેકાણે રહેતાં અસંતનો તેઓ ઉચ્છેદ કરે છે, ઉખેડી નાખે છે. ૩૯. પરંતુ અસંત 'ભક્તમાળ' જેવા ગ્રંથને અવળા

સમજાવી માયાજાળ ફેલાવીને અધર્મ કરવાને માટે તેઓ ભક્તોનું માહાત્મ્ય કહે છે અને જે તેવાના મુખથી ભક્તમાળ ગ્રંથની કથાઓને સાંભળે છે તેઓ સદાચારરૂપ ધર્મનો નાશ કરી નાખે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ ભદ્રેશીમાં અસંતના લક્ષણ અને તેની પ્રવૃત્તિ કહી' એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર છઠ્ઠું : તરંગ - ૩૦

શ્રીહરિએ કહેલાં સાચા સંતના લક્ષણ અને વૈદિક ધર્મનું રહસ્ય

શ્રીહરિએ કહેલી વાતને સાંભળ્યા પછી જે બુદ્ધિશાળી લોકો હતા તેમણે શ્રીહરિને અંતર્યામી જાણ્યા અને સત્સંગના વ્રતમાન-નિયમને ધારણ કર્યા. ૧. જ્યારે સાચા સંતો મળ્યા ત્યારે તેનું વર્તન, રીત જોઈને અસંત ઓળખાતા તેઓને બુદ્ધિમાન મનુષ્યોએ છોડી દીધા. ૨.

✵ સાચા સંતના લક્ષણ :

सोरठा : त्रिया धन को त्याग, अभक्ष करत न भक्ष कोउ;
व्यसन न कोउमें राग, राग एक हरिचरन पर...०३
त्रिया से रहे दूर, काष्ठ चित्र पाषान लग;
हरि बिन रखत न ऊर, चिंतवन कोउ विषयहुको...०४

સાચા સંત તો તે છે કે જે સ્ત્રી અને ધનનો ત્યાગ રાખતા હોય. જે અભક્ષ્ય વસ્તુને ખાતા ન હોય, જેને કોઈપણ પ્રકારના વ્યસનમાં રાગ ન હોય અર્થાત્ જે નિર્વ્યસની હોય, જેને એક પરમેશ્વરના ચરણોમાં જ રાગ હોય. ૩. જે કાષ્ઠ, ચિત્ર અને પથ્થરની પૂતળીથી પણ દૂર રહે. ભગવાન સિવાયના કોઈપણ વિષયોને જે મનમાં ચિંતવે નહિ. ૪.

चोपाई :

विषय मात्र कहावत जेते, अति दुखदाईक जानत तेते;
साचे संतन की यह रीति, विषयकुं गिने असत अनीति...०५

विषय देखी मन होवे उदासा, विषयभोग की मन रखत न आशा;
हरि बिन विषय कहावत जेता, ताके मूल उखारत तेता...०६
विषय को करावे अभाव जेहा, साचे संत हि कहावे तेहा;
विषय को होवे अभाव जबही, मूर्ति में चोटे वृत्ति तबही...०७

જે જે વિષય કહેવાતા હોય તે તે બધાને અત્યંત દુઃખદાયક જાણે. સાચા સંતની એ રીત છે કે તે વિષયને ખોટા અને અનિત્ય ગણે. ૫. તે સંત વિષયને દેખીને મનમાં ઉદાસ થઈ જાય અને મનમાં કોઈપણ વિષય ભોગની આશા રાખે નહિ. ભગવાન સિવાયના જેટલા વિષય કહેવાય છે તે બધાનાં મૂળને તે ઉખાડી નાખે છે. ૬. જે સંત વિષયોનો અભાવ કરાવે છે તે જ સાચા સંત કહેવાય છે. જીવને જ્યારે વિષયોનો અભાવ આવે છે ત્યારે જ તેની મનોવૃત્તિ શ્રીહરિની મૂર્તિમાં ચોંટે છે. ૭.

તે સિવાય કરોડો ઉપાય કરે તોપણ મનોવૃત્તિ હરિ મૂર્તિમાં સ્થિર થાતી નથી. જન્મ અને મરણનું અપાર દુઃખ છે તેને કહેવા જઈએ તો તેનો પાર આવતો નથી. ૮. જ્યારે મનમાં એવા બધા દુઃખનો વિચાર કરવામાં આવે ત્યારે સત્સંગમાં પ્રેમ થાય છે. જે સંસારના દુઃખનો વિચાર ન કરે તેને ક્યારેય સત્સંગ થાય નહિ. ૯. સત્સંગરૂપી નાવમાં બેઠા વિના જીવ કોઈ રીતે સંસારરૂપી સાગરના પારને પામી શકતો નથી. શાસ્ત્રોમાં ઠેકઠેકાણે આવી બધી વાતો કહી હોય છે, તેને જે મોક્ષભાગી જીવ હોય તે ગ્રહણ કરે છે. ૧૦. જેને અધર્માચરણમાં રુચિ હોય તે સત્સંગનો અભાવ-અવગુણ લે છે. જે મનુષ્ય નીતિના માર્ગને તોડી નાખે છે તેના માથાને જમદૂતો ફોડી નાખે છે. ૧૧. વર્તમાન જીવનમાં પણ જે નીતિથી બહાર ચાલે છે તેને આ દુનિયામાં પણ જ્યાં-ત્યાં માર ખાવો પડે છે. નીતિ તેને જાણવી જે વેદે કહી છે. અને વેદોનો સાર પણ નીતિ પ્રમાણે ચાલવું તે જ છે. ૧૨.

ચારે વર્ણના અને ચારે આશ્રમના મનુષ્યને નીતિમાં કેમ વર્તવું, તે બધી રીત વેદોમાં કહી છે. જે મનુષ્ય તે રીતને અનુસરીને પ્રેમથી વર્તે નહિ, તેને માટે દંડ કહ્યો છે. તે દંડ પણ જીવનું હિત વિચારીને લાગણીવશ

થઈને કહ્યો છે. ૧૩. વેદોનું જ્ઞાન કે સદાચાર ગ્રહણ કરવાનું તો મુખ્યપણે બ્રાહ્મણ જાતિને જ કહ્યું છે. જો બ્રાહ્મણ સમજીને વેદોક્ત સન્માર્ગે ચાલે તો બીજા બધા લોકોમાં તે સદાચારની રીત આવી જ જાય. ૧૪. વેદોમાં કહેલી સારી રીત તો તે છે કે મનુષ્યે દારૂ પીવો નહિ, માંસ ખાવુ નહિ, ચોરી કરવી નહિ અને અવેરી-વ્યભિચાર કરવો નહિ. એ ચાર પાપને ક્યારેય કરવા નહિ, એ જ ચારે વેદોનું તાત્પર્ય છે. ૧૫. ચારે વેદના આત્મા જેવા તે ચાર વ્રતમાનરૂપી સદાચાર વેદોમાં કહ્યો છે, તે તેનો ગૂઢ-રહસ્યાર્થ છે. તે રીતે જે વર્તન રાખવું તેને વેદોક્ત માર્ગે ચાલ્યો કહેવાય છે. ૧૬.

વેદોમાં જે વર્તનને પાપના રૂપમાં બતાવવામાં આવ્યું છે, તેને વગર સમજે જે અર્થનો અનર્થ કરી બતાવે છે. તે લોકોને તો વેદોના અર્થનું જ્ઞાન જ નથી અને તેવા અધર્મીથી વેદોનો અર્થ ગૂઢ રહે છે અર્થાત્ તેને વેદનું રહસ્ય સમજાતું નથી. ૧૭. અનંત પ્રકારના પાપોનાં નિવારણને માટે તો વેદ રહ્યા છે. તે વેદોના અર્થમાં પણ રાવણ આદિ અસુરો થયા તેમણે પાપ ઠેરાવી-સ્થાપી દીધું છે. ૧૮. મૂળભૂત કાંચન-સોનામાં કાંઈ દોષ નથી પણ સોની પોતાનું પેટ પોષવા માટે તેમાં ભેળસેળ કરે છે. તેવું વેદોની બાબતમાં છે. તે વેદોના શુદ્ધ અર્થ સમજાવવા માટે તો ભગવાનના અવતાર થાય છે અને તેમના દ્વારા જ વેદોના સાચા અર્થને જાણી શકાય છે. ૧૯. માત્ર વેદોને ભણવાથી તેની સમજણ આવતી નથી. ભણતરમાં તો અર્થની સાથે અનર્થ પણ આવી જાય છે. “અધર્મને તજી દઈને ધર્મ માર્ગે ચાલવું” તે રીતે જ વેદોનો અર્થ સમજવો જોઈએ. ૨૦.

જે મનુષ્ય ધર્મને પાળે છે તેને વેદોનો અર્થ આવડ્યો ગણાય અને તેણે જ શુદ્ધપણે ચારેય વેદોનું અધ્યયન કર્યું છે, એમ કહેવાય. શુદ્ધ રીતે જોઈ વિચારીને જે ધર્મને પાળે છે તે જ વિપ્ર કહેવાય છે, તે જ બ્રાહ્મણ કહેવાય છે, તે દ્વિજ કહેવાય છે, તે જ શર્મા કહેતા કલ્યાણકારી કહેવાય છે. ૨૧. ધર્મ પાળવો એ જ બ્રાહ્મણોનો ધર્મ છે. ક્યારેય અધર્મમાં ધર્મ રહેતો નથી. ધર્મને પાળ્યા વિના જેટલા વિપ્ર કહેવાય છે, તે બધા નામમાત્રના જ છે અને

વ્યવહારમાં વિપ્ર આવા નામથી બોલાવવા પૂરતા જ છે. ૨૨. હા, આ લોકમાં તેને વિપ્ર આવા ગૌરવભર્યા નામથી બોલાવી શકો છો અને એ ભલે સાચું કહેવાતું હોય, પણ પરલોકમાં કામ ન આવે. અર્થાત્ તેનાથી કોઈ અર્થ-પ્રયોજન સરતું નથી.' શ્રીહરિએ આટલી વાત સદાચારમય ધર્મ માટે કહી. તેને સાંભળીને લોકોએ અધર્મને છોડી દીધો. ૨૩. લોકોએ સત્સંગની વાતને સાચી માની. જ્યારે શ્રીહરિનાં મુખની વાત સાંભળી ત્યારે તેમને સત્ય સમજાયું.

આવી વાતો કરતા અધરાત થઈ ગઈ. ત્યારે સુરચંદ શેઠ શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૨૪. કારણ કે શેઠને શ્રીહરિમાં અપાર પ્રેમ હતો તેથી તેમણે શ્રીહરિનાં લલાટમાં સુંદર રીતે કેસરયુક્ત ચંદનની અર્ચા કરી. તેને મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો. ૨૫. સોનેરી વસ્ત્રો અને સોનાનાં આભૂષણો પોતાની ઈચ્છા પ્રમાણે શ્રીહરિને પહેરાવ્યાં. પછી વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવીને આરતી ઉતારી. ૨૬. પછી સુરચંદ શેઠે બે હાથ જોડીને શ્રીહરિની સ્તુતિ કરીને પ્રાર્થના કરી.

"હે પ્રભો ! આપે નાસ્તિકો (જૈન)નો ગઢ તોડીને અમને ઉગારી લીધા છે. ૨૭. આપ પૂર્વમાં પ્રકટ થયા અને અમારી સહાયતા કરવા આપ અહીં પધાર્યા છો. તો અત્યારે જેવાં આપનાં દર્શન થાય છે તેવાંને તેવાં જ અંત સમયે આવીને અમને દર્શન દેજો." ૨૮. શેઠના જેટલા કુટુંબીઓ હતા તે સહુને સત્સંગી કર્યા. તે સમયે સહુએ કેસરચંદન લઈને શ્રીહરિની પૂજા કરી. ૨૯. શ્રીહરિની છાતી ઉપર સહુએ ફૂલહાર પહેરાવ્યા. તેનો ગણવાથી પાર આવે તેમ ન હતો. બાજુબંધ, તોરા અને પુષ્પોના ગુચ્છ પણ ધરાવ્યા અને શ્રીહરિના ચરણકમળને છાતીએ ચાંપ્યા. ૩૦.

(**નિર્ગુણ. વાત. ૫૬૨**:- આ ભદ્રેશી ગામના સુરચંદશા શેઠ શીથા વગેરે બાર ગામમાં વૈરાગીનું કારભારુ કરતા. તે કોઈક ગુનામાં આવ્યા. તેથી નાસીને વસ્તડી ગામમાં જઈ રહ્યા. ને તેના છોકરાને બાવે કેદમાં નાંખ્યા. ને તે સુરચંદશા શેઠે પોતાના સાસરાના કપાસના આઢ (કપાસ પીંજવાની જગ્યા-જીન) માં જઈને ઉતારો કર્યો. ને ત્યાં જ સુઈ રહેતા. તે સમયમાં

બીજા માણસો વિસામણ ભક્તને તે આઢમાં લાવ્યા. ને તે જ્યારે સુરચંદશા ના ખાટલા ઉપર બેસવા તૈયાર થયા.

ત્યારે સુરચંદશા કહે, "મારા ખાટલા ઉપર બેસે એવા એ નથી." એમ કહીને ન બેસવા દીધો. પછી સુરચંદશા પૂજા કરતા તેમાં એક પગે ઉભા રહીને માળા ફેરવતા હતા. તે જોઈને વિસામણ બોલ્યો જે, "આ તો સ્વામિનારાયણિયો છે." ત્યારે સુરચંદશા કે, "હા." ત્યારે વિસામણ કે, "વાણિયા તારી માળા તો ભણે કાતરણી જેવી છે." ત્યારે સુરચંદ કે, "હા, ઠીક કહ્યું. કેમ કે, મારી માળા અધર્મને ને પાખંડને કાપે છે." તે સાંભળીને તેઓ બહુ ભોંઠા પડ્યા. ને શાપ આપતા કહે, "વાણિયા તારો છોકરો કેદમાંથી નહિ નીસરે." ત્યારે સુરચંદશા કે, "તારો શાપ ને મારું ખાસડું. એ બે તુલ્ય છે. તેમાં પણ મારું ખાસડું વધે. કેમ કે, મારુ ખાસડું જેને અડે તેનું કલ્યાણ થાય ને તારો શાપ તો મુને લાગે જ નહિ."

પછી ગોપાળજી ત્રિવેદી આદિક હરિજન ગઢડે મહારાજને દર્શને આવ્યા. ને મહારાજને 'જય સ્વામિનારાયણ' કહ્યા. ને સુરચંદશા ના સર્વે સમાચાર કહ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "વિસામણના શાપ કરતા સુરચંદશાનું ખાસડું વધ્યું." એમ મહારાજે ગોપાળજી ત્રિવેદી આગળ કહ્યું. તે સમે જ તેના છોકરાં કેદમાંથી બાર નિસર્યા. આમ, નિષ્ઠાવાળાની ભગવાન રક્ષા કરે છે. આ સુરચંદશાનો દીકરો લખતરમાં પરણતો હતો. ત્યારે કોઈએ કહ્યું કે, "શેઠ, હવે માણેક સ્થંભ રોપો અને ગણેશ બેસાડો." ત્યારે બીજા બોલ્યા, "હજી મૂહુર્ત આવે ત્યારે ગણેશ બેસાડજો." એટલે સુંરચંદશા એમ બોલ્યા કે, "હું બરાબર મુહૂર્ત જાણું છું. કાં લાલો પ્રથમ રાંડશે, કાં એની સ્ત્રી પ્રથમ રાંડશે. બે માંથી એક જરૂર રાંડશે. માટે સ્વામિનારાયણનું નામ લઈ માણેક સ્થંભ રોપો અને ગણેશનું સ્થાપન કરો." પછી ગણેશ બેસાડ્યા. આવા તે વિશ્વાસુ અને નિષ્ઠાવાન હતા.)

(મૂળગ્રંથ શરૂ) તેથી જ તેમણે પરિવાર સહિત સહુને સત્સંગી કર્યા. અને સહુ પાસે શ્રીહરિની પૂજા કરાવી. પછી ભદ્રેશી ગામમાં જેટલા હરિભક્તો હતા

તે સહુએ શ્રીહરિની પૂજા કરી. પછી સુરચંદ શેઠે સંતો, વર્ણી અને દરબારો એ સહુની પૂજા કરી. ૩૧. એકેક વસ્ત્ર સહુને અર્પણ કર્યું અને અલૌકિક એવો અતિ લાભ લીધો. અધરાત તો થઈ જ ગઈ હતી એટલે પછીથી શ્રીહરિ પોઢી ગયા. ૩૨. બધા સંતો ધ્યાનમાં બેસી ગયા. તેમને શ્રીહરિની મૂર્તિનાં સિવાય શરીરનું ભાન રહ્યું નહિ. જ્યારે અરુણોદય થયો ત્યારે સહુ સંતો ધ્યાનમાંથી ઊઠ્યા. ૩૩.

જ્યારે સંતો 'નારાયણ ધૂન' કરવા લાગ્યા ત્યારે તુરંત શ્રીહરિ જાગ્યા. જ્યારે ધૂન પૂરી થઈ ત્યારે શ્રીહરિ ગામથી બહાર શૌચ કરવા ગયા-જંગલ ગયા. ૩૪. જ્યાં એક સુંદર તળાવ હતું, ત્યાં બધા સંતો સ્નાન કરવા ગયા. શ્રીહરિએ પણ દાતણ કરીને સ્નાન કર્યું. પછી શરીર કોરું કરીને વસ્ત્ર પહેર્યાં. ૩૫. પછી શ્રીહરિ અને બધા સંતો-ભક્તો નિત્યવિધિ કરીને કુશળતાથી ગામમાં પાછા આવ્યા.

દરબારોએ પોતાના અશ્વ તૈયાર કર્યા. શ્રીહરિના અશ્વને પણ શણગારીને તૈયાર કરી લાવ્યા. ૩૬. ઘમ ઘમ અવાજ કરતાં ઝાંઝર અશ્વને પહેરાવ્યા. બીજા સાજમાં પણ વધારાના ઘૂઘરા ઠેકઠેકાણે જડી દીધા હતા. ૩૭. શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. દરબારો પણ બધા ઘોડેસવાર થયા. છડીદાર "જય જય ધર્મકુમાર !!!" આમ બોલીને છડી પોકારતા હતા. ૩૮. જ્યારે ડંકાનો અવાજ થયો ત્યારે તેને સાંભળીને બધા હરિભક્તો ત્યાં દોડતા આવ્યા. તે સિવાયના ગામના લોકો પણ ઘણા જ ભાવથી આવી પહોંચ્યા. ૩૯. મોટેરા જે સંતો હતા તે બધા રથમાં બેઠા. શ્રીહરિ ચાલતા થયા. બધા ભદ્રેશી ગામની બહાર નીકળ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ સાચા સંતના લક્ષણ કહીને વૈદિક ધર્મનું રહસ્ય કહ્યું' એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર છઠ્ઠું : તરંગ - ૩૧

શ્રીહરિ ભદ્રેશીથી પરમારોની ટીકર થઈને મૂળીમાં પધાર્યા

શ્રીહરિ ભદ્રેશી ગામથી થોડા દૂર નીકળી ગયા ત્યારે હરિભક્તોને ત્યાં ઊભા રાખી દીધા. પછી પરમારોના પ્રદેશમાં **ટીકર** ગામ આવ્યા. ૧. ટીકર ગામનું તળાવ આવ્યું, ત્યાં અશ્વોને પાણી પાયું. ગામમાં સુતાર જ્ઞાતિના હરિભક્તો હતા તેમને 'શ્રીહરિ આવ્યા છે' એવા સમાચાર મળ્યા.૨. ત્યાંના સુતારોમાં વસ્તાભાઈ અને તેમના ત્રણ દીકરા-કાનજી, ગલો અને નાનો મૂળજી નામે હતા, તે સહુ જ્યાં શ્રીહરિ હતા ત્યાં દોડતા આવ્યા. ૩. વસ્તાભાઈના આખા પરિવારમાં જે સત્સંગી થયા હતા તે બધા આવ્યા અને ગામમાં ઉદાર દીલના કડવાભાઈ કણબી પટેલ તથા બીજા બધા હરિભક્તો પણ આવ્યા.૪. ગામધણી દરબાર જે પરમાર ક્ષત્રિય હતા તે હરિભક્ત થયા હતા. તેઓ પણ શ્રીહરિના સમાચાર સાંભળીને આવ્યા. સહુ સત્સંગીઓ શ્રીહરિના ચરણકમળોમાં પડ્યા. ૫.

સુતાર વસ્તાભાઈએ બહુ પ્રકારે પ્રાર્થના કરી અને શ્રીહરિને પોતાને ઘેર તેડી લાવ્યા. એક સારો પલંગ બિછાવી દીધો. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા.૬. દરબારોએ પુષ્કળ ઘાસ મગાવ્યું અને અશ્વોને ખૂબ ચારો આપ્યો. રસોઈ બનાવવાનું સીધું મગાવ્યું અને પાણી ભરવા માટે કોરા ઠામ-વાસણ મગાવ્યાં.૭. દરબાર ગામમાં ગયા અને બધી ગાયો દોવડાવીને તે બધું દૂધ લઈને આવ્યા. વર્ણીએ કંસાર, ભાત અને અડદની દાળ કરી. ૮. જ્યારે વર્ણી બોલાવવા આવ્યા ત્યારે શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. પછી પ્રવિણ શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું અને બીજું વસ્ત્ર ઓઢ્યું. ૯. વર્ણીએ સોનેરી બાજોઠ ઢાળી દીધો. પ્યારા શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. ચરણકમળ જળથી ધોયા. વર્ણીએ રૂમાલથી તે લૂછ્યાં. ૧૦. વર્ણી સાકરનો કંસાર થાળમાં ભરીને લાવ્યા અને તેમાં સારું ઘી નાખ્યું. તેમજ શ્રીહરિને માટે દૂધપાક પણ કર્યો હતો. તે સિવાય પૂરી, વડાં અને ભજિયાં પણ કરાવ્યાં હતાં. ૧૧. બધી રસોઈ શ્રીહરિની આગળ ધરાવી ત્યારે તેઓ જમવા લાગ્યા. શ્રીહરિ મનમાં પ્રસન્ન થઈને પરમ ઉલ્લાસથી નાના નાના કોળિયા લેતા હતા.૧૨.

વસ્તા સુતાર આવીને શ્રીહરિની પાસે બેઠા. તેમને કાશી જવાની ઈચ્છા હતી, તેથી મનમાં તેનો સંકલ્પ રહ્યા કરતો હતો. ૧૩. તેમનો સંકલ્પ જાણીને શ્રીહરિ બોલ્યા, 'જેટલાં તીર્થ કહેવાય છે તે બધાં આજ તમારે ઘેર આવ્યા છે. કોઈ તીર્થ બાકી રહ્યું નથી. ૧૪. કેમ જે, ભગવાન અને ભગવાનના ભક્તોનો યોગ થાય એટલા માટે જ લોકો ગોકુળ, મથુરા, અયોધ્યાપુરી અને કાશી વગેરે તીર્થોમાં જાતા હોય છે. પરંતુ આજે તો પ્રગટ ભગવાન અને તેમના પ્રગટ ભક્તો તમારા ઘરે જ આવ્યા છે. ૧૫. જગન્નાથપુરી, બદરિકાશ્રમ, મુક્તનાથ (પુલહાશ્રમ) અને દ્વારકાપુરી સુધીનાં બધાં તીર્થ તમારે ઘરે આવ્યા છે. ૧૬. જો અમારું વચન નહિ માનો, તો તમે પાછા ઘરને દરવાજે નહિ આવો. તમને જ્યારથી સત્સંગનો જોગ થયો છે ત્યારથી બધું જ મળી ગયું છે. હવે તેથી અધિક કાંઈ મેળવવાનું બાકી રહ્યું નથી, ૧૭. શ્રીહરિએ વસ્તાભાઈને આટલી વાત કહી છતાં પણ તેનો કાશીયાત્રા જવાનો તે સંકલ્પ શમ્યો નહિ.

કંસાર જમ્યા પછી શ્રીહરિએ ભાત લીધો અને તેમાં સાકર તથા દૂધ નાખીને જમ્યા. ૧૮. જમીને પ્રાણઆધાર શ્રીહરિ જ્યારે તૃપ્ત થયા. ત્યારે બંને હાથ ધોયા. મુખ ધોયું. પછી મુખવાસ લીધો અને થાળની પ્રસાદી સુજાણ શ્રીહરિએ દરબારને આપી. ૧૯. પછી સંતોને અને દરબારોને જમવા બોલાવ્યા અને તરત જ તેમને જમવા બેસાડી દીધા. તેઓ જેટલું જમે તેટલું તેમને શ્રીહરિએ પીરસાવી દીધું. ૨૦. તેઓ જ્યારે કંસાર જમી રહ્યા ત્યારે તેમને દૂધ અને ભાત પીરસ્યા. દૂધમાં સાકર બહુ નાખીને શ્રીહરિ કળશની ધાર કરીને દૂધ પીરસતા હતા. ૨૧. જ્યારે સંતો જમીને તૃપ્ત થયા ત્યારે શ્રીહરિએ પોતાના હાથ ધોયા. પછી જ્યારે તેઓ આવીને પલંગ ઉપર બેઠા ત્યારે બધા સંતો અને દરબારો પણ આવીને ત્યાં બેઠા. ૨૨.

પછી જ્યારે શ્રીહરિએ ત્યાંથી ચાલવાની તૈયારી કરી ત્યારે તે દેખીને હરિભક્તોએ કેસરી ચંદન લઈને શ્રીહરિની પૂજા કરી. લલાટમાં ચંદન ચરચ્યું. ૨૩. તેમાં વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. ફૂલહાર પહેરાવ્યા. બાજુબંધ, તોરા અને ગુચ્છ ધરાવ્યા. પછી શ્રીહરિનાં ચરણકમળ છાતી ઉપર ચાંપ્યાં. ૨૪.

તે પછી સંતોની અને વર્ણીઓની પણ પૂજા ઘણા જ પ્રેમભાવથી કરી. તેમનાં લલાટમાં ચંદન ચરચ્યું અને એકેક ફૂલહાર પહેરાવ્યો. તે રીતે જ દરબારોની પૂજા પણ કરી. ૨૫. તેમજ બધા પાર્ષદોની પૂજા કરી સહુને એક એક ફૂલહાર પહેરાવ્યો પછી વાજિંત્રો વગાડીને શ્રીહરિની આરતી કરી.૨૬.

જે ગામધણી દરબાર હતા તેપણ શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેમણે કેસર મેળવેલું ચંદન લલાટમાં ચરચ્યું. ૨૭. વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો અને પુષ્પોના હાર પહેરાવ્યા. બાજુબંધ બાંધ્યા, તોરા ધરાવ્યા અને કાનમાં ગુચ્છ ખોસ્યા. ૨૮. જેટલા સંતો અને વર્ણીઓ હતા તથા જેટલા દરબારો અને પાર્ષદો હતા તે બધાની પણ પૂજા કરી. સહુને એકેક ફૂલહાર પહેરાવ્યો. ૨૯. પછી આરતી ઉતારી અને શ્રીહરિની નખથી શિખાપર્યંતની મૂર્તિ હૃદયમાં ધારી લીધી અને શ્રીહરિનાં ચરણકમળોને દરબારે પોતાની છાતી ઉપર ચાંપ્યાં. ૩૦. જ્યારે બધા હરિભક્તોની પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ ચાલવાને માટે તૈયાર થયા. શ્રીહરિ આવીને અશ્વ ઉપર બેઠા. ત્યારે છડીદાર છડી બોલી રહ્યા હતા. ૩૧.

સાથે રહેલા બધા દરબારો પણ ઘોડેસવાર થયા. તે વેળાએ વાજિંત્રો વાગવાં લાગ્યાં. શ્રીહરિની આગળના ભાગમા ડંકા વાગતા હતા ત્યારે બધી સવારી અત્યંત ભવ્ય લાગતી હતી. ૩૨. ગામના લોકો એકદમ દોડતા આવ્યા. શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતાં જ તેમનાં ચિત્ત મૂર્તિમાં ચોરાઈ ગયાં, ચોંટી ગયાં. સહુ શ્રીફળ લઈને પગે લાગતા હતા. તે સમયે શ્રીહરિની મૂર્તિ અતિશય છટાદાર લાગતી હતી. ૩૩. શ્રીહરિનાં સ્વરૂપ ઉપર બધો સોનેરી સાજ સજેલો હતો. તે રીતે જ અશ્વને પણ સારી રીતે શણગાર્યો હતો. શ્રીહરિ રાજમાર્ગ ઉપર ચાલ્યા. ત્યારે ગામની બધી નારીઓ શ્રીહરિને વધાવવા માટે આવી. ૩૪. તેઓ મોતીના થાળ ભરી ભરીને લાવી. અને આનંદ પામીને શ્રીહરિને વધાવવા લાગી.

શ્રીહરિના મસ્તક ઉપર છત્ર વિરાજતું હતું. તેનાં ઉપર સોનાનો કળશ શોભી રહ્યો હતો. ૩૫. બંને બાજુએ ચામર વીંઝાઈ રહ્યાં હતાં. હરિભક્તો ઉત્સાહથી કીર્તન ગાતા હતા અને ચારેબાજુ ગુલાલ ઉડાડતા હતા.

તેનાથી બધું આકાશ લાલ લાલ દેખાતું હતું. ૩૬. ભવ્ય શોભા સંપન્ન શ્રીહરિ ગામની બહાર આવ્યા ત્યારે ગામના અપરંપાર બધા લોકો પણ પાછળ પાછળ આવ્યા. ૩૭. શ્રીહરિએ થોડા દૂર જઈ લોકોને પાછા વાળ્યા.

પછી શ્રીહરિ મૂળીને માર્ગે આગળ ચાલ્યા. ત્યારે ગામના બધા લોકો શોકાતુર થઈ ગયા. ૩૮. 'ભોગાવો' નદીને કિનારે રહેલા **મૂળી**માં શ્રીહરિ આવ્યા. નદીની પાસે રહેલાં શહેરને દેખીને શ્રીહરિ ઘણા ખુશ થયા. ૩૯. જેવું ગઢપુર શહેર છે તેવી જ આ મૂળી શહેરની બાંધણી છે. તેવી રીતે શ્રીહરિએ વારંવાર ચોતરફ નજર ફેરવી ફેરવીને બધું જોયું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ ભદ્રેશીથી પરમારોની ટીકર થઈને મૂળી પધાર્યા' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર છઠ્ઠું : તરંગ - ૩૨

મૂળીમાં ભોગાવોનું આગમન, હીરાચંદને સમાધિ અને શ્રીહરિ પાસે દરબારોનું આગમન

ભોગાવો નદીમાં પૂર આવ્યું હતું તેથી ઘણો જળપ્રવાહ વહેતો હતો. શ્રીહરિ તે પ્રવાહને સહજ રીતે ઊતરી ગયા. તે જોઈને નગરજનોને ઘણું આશ્ચર્ય થયું. ૧. મૂળી ગામની પશ્ચિમ તરફ ભોગાવો નદી છે. નદીની પૂર્વ તરફના તટ ઉપર આ ગામ છે. તેની અદ્‌ભુત શોભા કહી શકાતી નથી. ૨. પુરની ચારે બાજુએ જુદી જુદી જાતના વૃક્ષો હતા. તેનાં ઉપર બેઠેલા મોર, કોયલ અને પોપટ વગેરે અનંત પંખીઓ પોતાની જાતિનો શબ્દ કરીને કોલાહલ કરી રહ્યા હતા. ૩. ત્યાં શ્રીહરિએ એક સુંદર વાવ દેખી ને તે વાવની પાસે આવ્યા. તેને સફળ કરવા માટે તે અલર્કવાવનું પાણી પીધું. ૪. શ્રીહરિની સાથે જે સંતો, વર્ણીઓ અને દરબારો હતા તે સહુએ તે વાવનું પાણી પીધું. તે વેળાએ 'ભોગાવો' ભોગવતી નદી પૂર્વ કિનારે નારીનું રૂપ ધારણ કરીને શ્રીહરિની પાસે આવી. ૫.

વિવિધ પ્રકારનો પૂજાપો તે સાથે લાવી હતી. તેનાથી સોનાના બધા થાળ ભર્યા હતા. કેસરથી યુક્ત ચંદનના કટોરા ભર્યા હતા. જાતજાતના ફૂલહાર પણ તે લાવી હતી. ૬. ભોગાવો નદીએ વાવ પાસે આવીને શ્રીહરિની પ્રાર્થના કરી. પછી શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા અને તે વાવને કાંઠે આવીને બેઠા. ૭. ત્યારે નારીનાં રૂપમાં આવેલ ભોગાવો નદીએ શ્રીહરિની પૂજા કરી. અને હાથમાં કેસરી ચંદન લઈને શ્રીહરિનાં કપાળમાં ચરચ્યું અને તેના મધ્યમાં કુંકુમનો લાલ ચાંદલો કર્યો. ૮. તેણે જાતજાતના ફૂલોના હાર બનાવ્યા હતા, તે શ્રીહરિની છાતી ઉપર પહેરાવ્યા. અને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. ૯. મસ્તક ઉપર તોરા ધરાવ્યા અને કાન ઉપર ગુચ્છ ખોસ્યા.

❋ ભોગાવો નદીની પ્રાર્થના :

પછી પ્રાર્થના કરતા તેણે કહ્યું કે, હે મહારાજ ! આપે મારામાં ઘણીવાર સ્નાન કર્યું છે. ૧૦. તેનાથી હું અત્યંત પવિત્ર થઈ છું. આપના યોગ વિના તો હું ઘણી દુઃખી હતી. ઉન્મત્ત ગંગાના ભાગ્યને ધન્યવાદ ઘટે છે. કારણ કે તેને આપનો યોગ કાયમ રહે છે. મારું તે દુર્ભાગ્ય છે કે તેના જેટલો મને આપનો યોગ નથી. ૧૧. જેને એકવાર પણ આપનો યોગ થયો હોય તો તેને કાળ કે કર્મ કાંઈ બાધ કરી શકતા નથી. આપના પ્રતાપથી તો તે કાળનાં માથા ઉપર પગ દઈને આપના ધામમાં ચાલ્યો જાય છે. ૧૨. જેને આપના સ્વરૂપનું જ્ઞાન નથી. એવા જીવો તો અપાર છે. તેવા જીવો મારામાં સ્નાન કરે તો શું તેમનો ઉદ્ધાર થાય ખરો ? ૧૩.

ત્યારે ભોગાવો નદીને શ્રીહરિએ કહ્યું, જે નદીને કિનારે દેવનો નિવાસ હોય તે નદીના કિનારે તે દેવનો પ્રબળ પ્રતાપ હોય છે. ૧૪. દેવો અનંત અને અપાર છે, તેને ગણવાથી તેનો પાર આવતો નથી. જેનો જેટલો અધિકાર હોય તે પ્રમાણે તેને શ્રીકૃષ્ણ ભગવાન તેટલો પ્રતાપ આપે છે. ૧૫. જે દેવને શ્રીકૃષ્ણ ભગવાનમાં જેટલું હેત હોય તેટલો પ્રતાપ તે દેવમાં આવે છે અને જ્યાં શ્રીકૃષ્ણ ભગવાનનું નિવાસસ્થાન (મંદિર) હોય ત્યાંના પ્રતાપનો તો કોઈ પાર જ નથી રહેતો. ૧૬. તેં મારી પૂજા કરી છે, તેનાથી તારા બધા જ પાપ બળી ગયા છે. હવે તારે મારું ધ્યાન નિત્ય કરવું. તેનાથી શ્રીકૃષ્ણ

ભગવાન તારું કાર્ય કરશે. ૧૭. તારા મનમાં જેવી ઈચ્છા હશે તેને શ્રીકૃષ્ણ ભગવાન પૂર્ણ કરશે. ઉન્મત્ત ગંગાની જેમ તું તપ કર. તારે કિનારે આવીને શ્રીકૃષ્ણ ભગવાન જરૂર નિવાસ કરશે. ૧૮.

શ્રીકૃષ્ણ ભગવાનને લીધે તારો અપાર યશ થશે. અમે મનમાં આવો નિર્ધાર કર્યો છે. હું તારા માટે જ આ સ્થાનમાં આવ્યો છું. આ દેશ ઘણો વધારે પડતો દુરાચારી છે. ૧૯. જેટલા દુરાચારીઓ તારા જળમાં નાહ્યા છે અને તેમણે તારું પાણી પીધું છે. તે બધાએ કંટાલ (હાથલિયો થોર કે બાવળ) વૃક્ષનો દેહ ધાર્યો છે. તે બધાને જોવા પણ હું આવ્યો છું. ૨૦. તારું તપ જોઈને દયાળુ શ્રીકૃષ્ણ ભગવાન તત્કાળ અહીંયા આવીને નિવાસ કરશે. તપ કર્યા સિવાય કૃષ્ણ પ્રસન્ન થાતા નથી. એવી આ મૂર્તિ છે.૨૧. સત્સંગના જે નિયમો છે તે પાળવા એ જ સર્વોપરિ મોટું તપ છે. આમ કહીને શ્રીહરિએ તે ભોગાવો નદીને સત્સંગના નિયમ ધરાવ્યા અને જપ કરવા માટેનો 'સ્વામિનારાયણ' આવો મંત્ર તેને બતાવ્યો. ૨૨. અને કહ્યું, ખબડદાર થઈને સત્સંગ રાખજે તો શ્રીકૃષ્ણ અહીંયા નિશ્ચિત આવીને વસશે. તેમના સમાન અન્ય કોઈ દેવ સમર્થ નથી. તેઓ સદાને માટે સર્વોપરિ રહ્યા છે. ૨૩.

✻ શેઠ હીરાચંદ વણિકને સમાધિ :

આમ કહીને શ્રીહરિએ પોતાનો હાથ ઊંચો કર્યો. તે હાથને જોતાની સાથે તત્કાળ હીરાચંદ વણિકને સમાધિ થઈ ગઈ. ૨૪. તે સમાધિમાં તેમને ગામથી ઉત્તર તરફ નદીને કિનારે સોનાનો કિલ્લો દેખાયો. તેનો પશ્ચિમ તરફનો દરવાજો તો આકાશ સુધી ઊંચો જણાતો હતો. ૨૫. તે કિલ્લાની વચ્ચે શ્રીકૃષ્ણ ભગવાનનું મંદિર હતું. તેને ત્રણ શિખર અને ત્રણ દરવાજા હતા. ૨૬. તે શિખર ઊંચે આભને અડેલાં હતાં અને તેના ઉપરના સુવર્ણ કળશ અત્યંત પ્રકાશમાન હતા. તે એટલા શોભાયમાન હતા કે તેનું તેજ સૂર્ય કરતાં પણ વધારે હતું. ૨૭. ત્રણે શિખર ઉપર સોનેરી ત્રણ મોટી ધજાઓ ફરકી રહી હતી. તેના તેજની આગળ સૂર્યનું તેજ પતંગિયા જેવું થઈ ગયું હતું. ૨૮. ત્રણે મંદિરની આગળનો મંડપ (ઘુમટ) ઘણો સુંદર હતો. તેમાં રહેલા સ્તંભની શોભા તો કહી શકાતી નથી. તે ત્રણ મંદિરમાં જે મધ્યમંદિર

દેખાયું તેમાં બે મૂર્તિઓ ચતુર્ભુજ હતી. ૨૯. તેનાથી દક્ષિણ તરફના દ્વારમાં ત્રણ મૂર્તિઓ દેખાણી. અને ઉત્તર તરફના દ્વારમાં બે મૂર્તિઓના દર્શન સોહામણાં થયા. માનો કે શિવજી ત્યાં પોતાના કુટુંબની સાથે નિવાસ કરીને રહ્યા હોય એવું જણાયું. ૩૦.

તે મંદિરથી પશ્ચિમે દરવાજો હતો. મૂર્તિઓનાં સિંહાસન ઘણા ઊંચા હતા. તે સિંહાસન ઉપર મૂર્તિરૂપે રહેલા ભગવાન માનો કરુણામયી દૃષ્ટિ કરીને ભોગાવો નદીની સામે જોઈ રહ્યા હોય તેમ લાગતું હતું. ૩૧. મંદિરમાં આગળના ભાગમાં રહેલા હનુમાનજી અને ગણપતિજી ભગવાનની સેવામાં હોય, તેમ જણાતું હતું. દેશ દેશાવરના લોકો જાણે ત્યાં દર્શને આવતા દેખાયા. અને દૈવી સર્ગના જે જે માણસો હતા, તેવા માણસોની ત્યાં અખંડ ભીડ લાગેલી રહેતી હતી. ૩૨. આવેલા તે બધા તે મંદિરમાં ભગવાનની પૂજા કરતા હતા. ત્યાં અખંડ મહોત્સવ છવાઈ ગયેલો રહેતો હતો. વાજિંત્ર વાગતાં હતાં તેનો કોઈ પાર જ હતો નહિ. તે વાજિંત્રોનો શબ્દ આકાશમાં છવાઈ ગયેલો રહેતો હતો. ૩૩.

મંદિરની ચારેબાજુ સાત સાત માળવાળી હવેલીઓ હતી. તેના સ્તંભ ઘણા જ સુંદર હતા. એક સમાન પંક્તિબદ્ધ તે સ્તંભોની શોભા તેમાં છવાઈ ગઈ હતી. ૩૪. હીરાચંદ વણિકને આવું બધું દેખાયું ત્યારે ઘણું જ આશ્ચર્ય થયું. તે ઘણા ખુશ થઈને હસવા લાગ્યા. કેમ જે, તેમને જે દેખાયું હતું તે કાંઈ આનુમાનિક-કાલ્પનિક ન હતું પરંતુ અનુભવ હતો. મૂળી પુરના દરબાર રામાભાઈ પરમાર ઘણા સારા વિવેકી હતા. તેમને 'શ્રીહરિ પધાર્યા છે' આવા સમાચાર મળ્યા. ૩૫.

દરબારના કારભારીનું નામ રઘાભાઈ હતું. તેઓ પગે ચાલીને શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિના સમાચાર સાંભળીને તે દરબારના જેટલા ભાઈઓ હતા તે બધા પણ ત્યાં આવ્યા. ૩૬. ગામધણી દરબારના કાકા રઘાભાઈની સાથે આવેલા તે બધા પોતાના હાથમાં એકેક નાળિયેર લઈને આવ્યા હતા. તે બધા તનથી અને મનથી એકસરખા હતા, એકમના હતા. ૩૭. તે સહુને ધર્મની ભાવનામાં મમત્વ હતું. તેમને અધર્મ ગમતો નહિ. તે બધા શ્રીહરિની

પાસે આવીને હરખતા હૈયે ચરણોમાં પડ્યા. ૩૮. કારભારી રઘાભાઈ ઘણા જ હેતથી સાકરનો ભરેલો થાળ લાવ્યા. તેના ઉપર રૂમાલ ઢાંકેલો હતો. તે સાકરનો થાળ તેમણે શ્રીહરિના આગળ ધર્યો. ૩૯. તેમના ભાઈએ શ્રીહરિને શ્રીફળ ધર્યું. પછી બધા દરબારો શ્રીહરિની પાસે બેઠા. દરેકનાં મન એકદમ નિર્મળ હતા તેથી જોતાની સાથે જ શ્રીહરિ અને સંતો તેમને ગમી ગયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'મૂળીમાં વાવ ઉપર ભોગાવોનું આવવું. હીરાચંદ શેઠને સમાધિ અને દરબારોનું શ્રીહરિ પાસે આગમન' એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર છઠ્ઠું : તરંગ - ૩૩

શ્રીહરિએ મૂળીમાં દર્શાવેલો પ્રતાપ અને ચારણ ભક્તને ઘેર રાત રહ્યા

દરબાર રઘાભાઈએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, અમારું કયું એવુ ઉત્તમ પુણ્ય હશે કે આપ સામેથી ચાલીને અમારે ગામ પધાર્યા છો ? ૧. હંમેશા પાણી નીચાણવાળી જમીન ઉપર ફરે છે. ઊંચી જમીનમાં પાણી જાય નહિ. આજ તો ઊંચી જમીન ઉપર પાણી પહોંચ્યું, આ ઘણી અજબ વાત કહેવાય ! ૨. આપે આવીને દર્શન દીધાં. અમને બહુ આનંદ થયો. તે મુખથી કહી શકાતો નથી. હવે આપ અમારાં પુરમાં પધારો. ૩. પરમ દયાળુ, કરુણાનિધિ અને કૃપાળુ આવા શ્રીહરિએ દરબારને સુખકારી અમૃત સમાન વચન કહ્યાં. ૪.

તમારા પુરમાં દેવજાતિના(ચારણ) એક હરિભક્ત રહે છે તે તમારી પાસે આવ્યા હતા. તે આવીને અહીં બેઠા છે. તેના ઘરે સીધુ સામાન પહોંચાડ્યું છે. અને વર્ણી તેના ઘરે જઈને રસોઈ બનાવે છે. તેથી અમે સંતો અને દરબારો તેની રાહે અહીં રહ્યા છીએ. તમે કહો તો તમારે ઘરે આવીએ. ૫-૬. તે વેળાએ સંધ્યા વખત થવા આવ્યો હતો. દરબારે ઘણી મશાલો કરાવી. શ્રીહરિએ ત્યાં આરતી અને ધૂન વગેરે કર્યા અને પછી તે સમયે દરબારને કહ્યું, ૭.

✷ સાચો વિવેક :

चोपाई :

जाकी बुद्धि में विवेक रहाई, साचे नेत्र सो कहत ताई;
ता कर होवत काम हि जेसे, यह नेत्र से न होवत एसे...०८
विवेक नहिं सो अंध कहावे, यह नेत्र कछु काम न आवे;
यह तन सो नृप न होई, भींतरन रहे नृप हे सोई...०९
भिंतर के तन यह तन हे साचा, ता विन यह तन हे काचा;
सो तन की करना जत्नाई, यह तन की जत्न न सत रहाई...१०

જેની બુદ્ધિમાં વિવેક હોય છે, તે જ તેનાં સાચા નેત્ર કહેવાય છે. વિવેકથી જેવું કામ થાય છે તેવું કામ આ નેત્રથી થાતું નથી. ૮. જેને વિવેક નથી, તે આંધળો કહેવાય, આ દેખાતાં નેત્ર વિવેક વિના કાંઈ કામ કરી શકતા નથી. આ શરીર રાજા નથી, પણ જે શરીરની અંદર રહ્યો છે તે આત્મા રાજા છે. ૯. અંદરનું જે આત્મારૂપી શરીર છે તે જ સાચું શરીર છે. તે સિવાયનું જે આ બહાર દેખાય છે તે સાચું શરીર નથી. માટે જે અંદર રહેલો આત્મા છે તેનું જતન-રક્ષણ કરવું જરૂરી છે. બહારનાં શરીરનું જે રક્ષણ કરીએ છીએ તે સાચું રક્ષણ નથી. ૧૦.

રાજપાટ કે મેરુના જેટલું ધન ભેળું કર્યું હશે તે તો અહીંયાનું અહીંયા જ પડ્યું રહેવાનું છે. આજ સુધી કોઈ અચળ રહ્યું નથી. બધાની હાલત તેવી જ અસ્થિર થઈ છે. ૧૧.

हरि भजे हरि करत सहाई, अंत समे कोउ करत न आई;
हरि भजे बिन नाहिं ठिकाना, यह तन गये होत पिस्ताना...१२

જો ભગવાનનું ભજન કર્યું હોય તો ભગવાન મદદ કરે છે. પણ તેમના સિવાય બીજું કોઈ અંત સમયે આવીને મદદ કરતું નથી. ભગવાનનું ભજન કર્યા વગર જીવને બીજું કોઈ ઠેકાણું નથી. આ શરીર એકવાર છૂટી ગયું પછી તો પસ્તાવાનું જ રહેશે. ૧૨. પ્રિયવ્રત, પ્રહ્લાદ, ધ્રુવ અને અંબરીષ વગેરે ઘણા બળવાન ભક્તો થયા છે. તેમણે પોતાને માટે નિર્ભય કિલ્લાઓ કર્યા હતા. ૧૩.

નિર્ભય પદ તો ભગવાનનું ધામ છે, એવું બીજું કોઈ સ્થાન નથી. તે ભગવાનનાં ધામની પ્રાપ્તિ થયા સિવાયના બીજા સ્થાનો તો અતિશય ભયથી જ ભર્યા છે. ૧૪.

ત્યારે દરબાર રઘાભાઈએ કહ્યું, ભવસાગર તરવા માટે સારા સુકાનીની જરૂર પડે, સુકાની વિના ભવસાગર તરી પરમપદ પામી શકાય નહીં. આપ એવા સુકાની છો માટે તમે મળ્યા એટલે પરમપદ મળી જ ગયુ. ૧૫. આપ સ્વયં આવીને અમને મળ્યા છો એટલે અમને બધાં જ નિર્ભય પદ મળી ગયાં છે. આપનાથી કોઈ અધિક નથી. જેને મેળવવા હતા તે આપ હવે અમને મળી ગયા છો. ૧૬. હવે પછી તો અમારી જેવી સેવા હશે તેવી રીતે આગળ થાશે.

પછી શ્રીહરિ ત્યાંથી ઊઠીને પુરમાં આવ્યા અને તે ચારણ ભક્તને ઘેર ગયા. ૧૭. પછી દરબાર રઘાભાઈએ બહુ સારી રીતે તજવીજ કરી. જે સીધા-સામાનની જરૂર હતી તે બધું તેમણે મોકલાવ્યું. પાણી, અનાજ અને ઘાસ તેમજ ઓઢવા-પાથરવાનું પાગરણ પણ જેટલું જોઈતું હતું તેટલું તેમણે મોકલ્યું. ૧૮. ઘોડા બાંધવા માટેના ખીલા સુધીનો સામાન પહોંચાડ્યો. કારણ કે તેઓ તજવીજ (સંભાળ) રાખવામાં ઘણા પ્રવીણ હતા. શ્રીહરિ અને સંતોને જમવા માટે દૂધ અને સાકર પણ ઘણાં પ્રેમથી મોકલાવ્યા. ૧૯. જ્યારે વર્ણીએ રસોઈ બનાવી લીધી ત્યારે શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. દેશકાળની સ્થિતિને સમજનારા વિવેકી વર્ણીએ એકલો ભાત જ બનાવ્યો હતો. ૨૦. શ્રીહરિ આવીને બાજોઠ ઉપર બેઠા. એક પીતાંબર પહેર્યું હતું. પ્રથમ જળથી ચરણકમળ ધોયા અને પછી રૂમાલથી તેને કોરાં કર્યાં. ૨૧.

વર્ણી થાળ ભરીને ભાત લાવ્યા. ધર્મના દુલારા શ્રીહરિ દૂધ સાથે ભાત જમ્યા. જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે બંને હાથ ધોયા. ૨૨. દરબાર રામાભાઈએ (પત્ની રાજુબાના પ્રેમવશાત્) પ્રસાદ મગાવ્યો હતો, તેથી શ્રીહરિ જે જમ્યા હતા તે પ્રસાદ તેમને આપ્યો અને ચારણ ભક્તને બીજો પ્રસાદ આપ્યો. તે પછી શ્રીહરિએ મુખવાસ લીધો. ૨૩. પછી જેટલા સંતો, દરબારો અને પાર્ષદો હતા તે બધાને જમવા માટે બોલાવ્યા. નિર્ગુણાનંદ અને વૈષ્ણવાનંદ નામે બે સાધુ હતા. તે ભાત પીરસવા લાગ્યા. ૨૪.

અને શ્રીહરિ દૂધ લઈને પીરસવા લાગ્યા. પહેલા વિચાર કરીને એકવાર સહુને દૂધ પહોંચાડી દીધું અને વર્ણીને માટે પહેલા કાઢી લીધું. ૨૫. સંઘમાં ગંગાબાઈ અને રેવાબાઈ વગેરે જેટલી બાઈઓ હતી તેમને માટે પણ દૂધ પહોંચાડ્યું હતું. મયારામ ભટ્ટ તેની સંભાળ રાખતા હતા. ૨૬. જ્યારે શ્રીહરિ દૂધ પીરસી રહ્યા પછી પલંગ ઉપર આવીને બેઠા. પછી સંતો અને દરબારો જમીને આવ્યા અને બધા શ્રીહરિની પાસે બેઠા. ૨૭.

દરબાર રઘાભાઈએ તેલ મોકલ્યું હતું. અને દસ બાર દીવાઓ કરાવ્યા. તેમણે આખી રાત દીવાઓ બળે તેટલું તેલ મોકલાવ્યું હતું. ૨૮. દોકડ, સરોદ અને સિતાર વગેરે જેટલાં વાજિંત્ર હતાં તે બધાં શ્રીહરિએ મગાવ્યા. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી સુધ્ધાં બધા સંતો ગાન કરવા બેઠા. ૨૯. વૃદ્ધ દેવાનંદસ્વામી, કવિ પ્રેમાનંદસ્વામી અને જ્ઞાનાનંદસ્વામીએ સિતાર હાથમાં લીધા. જ્ઞાનાનંદસ્વામી સુંદરી (શરણાઈ જેવું એક વાદ્ય) પણ વગાડતા હતા. ૩૦. તેમના જોડીદાર સુખાનંદસ્વામી હતા. તેઓ પણ સરસ સિતાર વગાડતા હતા. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી એ બંને સરોદ વગાડતા હતા. ૩૧. પ્રેમાનંદસ્વામીએ દોકડ બજાવવા લીધાં. કુશળ ગાયક દેવાનંદસ્વામીએ તાનપૂરો (તંબૂર) લીધો. ચુગન મુગન નામે જે બે સંત હતા તેમણે મોરચંગ (દાંતની વચ્ચે રાખી વગાડવામાં આવતું એક વાજુ) બજાવવા લીધો. ૩૨.

સુખાનંદસ્વામી ક્યારેક વાંસળી વગાડતા. જેવો રાગ હોય તેની સાથે વાંસળીને મેળવી દેતા. નિર્વિકારાનંદ અને હરીતમુનિ તે બે સંતોને તાલ બજાવવાનું સારું આવડતું હતું. ૩૩. આ રીતે વાજિંત્રોનો મહા ઠાઠ જમાવ્યો હતો. દરબારે તે સાંભળ્યું એટલે તરત આવ્યા. અને તેમના બધા ભાઈઓ પણ આવ્યા. સહુને સભામાં બેસાડ્યા. ૩૪. પ્રથમ બધાએ 'મલાર' રાગ ગાયો. તે સમયે આકાશ ગર્જવા લાગ્યો. ત્યારે શ્રીહરિ કહે, કોઈ બીજો રાગ ગાઓ. વરસાદ જો આવશે તો સહુ હેરાન થાશો. ૩૫. ત્યારે સંતોએ 'અડાણો' રાગમાં પદ ગાવાનું શરૂ કર્યું. તેનાથી ગાજવીજ અને વાદળાં વિખેરાઈ ગયાં. તે જોઈને દરબારને ઘણું આશ્ચર્ય થયું કે, 'જ્યાં પરમેશ્વર હોય

ત્યાં જ આવું બને.' ૩૬. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદ સ્વામીના વિવિધ પ્રકારના પદો ત્યાં ગવાયાં. ૩૭. દરબાર રઘાભાઈએ ચિત્ત દઈને તે પદો સાંભળ્યાં. તેઓ બુદ્ધિશાળી હતા. તુલસીદાસ અને સૂરદાસનાં પદોની સાથે તે પદોની તુલના કરી. ૩૮. દુનિયામાં બીજા સંતો કહેવાય છે તેની સાથે સત્સંગના સંતોને સરખાવ્યા. તેમજ જગતના જે ભક્તો હતા તેની સાથે સત્સંગના ભક્તોને સરખાવ્યા. ૩૯. અને પૂર્વે જે અવતારો થઈ ગયા તેની સાથે અત્યારે થયેલા અવતારી શ્રીહરિને સરખાવ્યા. ત્યારે શ્રીહરિ, શ્રીહરિના સંતો અને હરિભક્ત બાઈ-ભાઈમાં અપાર દૈવત દેખાયું. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ મૂળીમાં દેવજાતિ-ચારણ ભક્તને ઘેર રાત રહ્યા' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર છઠ્ઠું : તરંગ - ૩૪

શ્રીહરિએ મૂળીમાં દરબાર રઘાભાઈને વૈદિક ધર્મનો વિચાર કહ્યો

મૂળીના દરબાર રઘાભાઈએ સત્સંગના સંતો અને હરિભક્તોમાં એક જ તાન દેખ્યું કે 'સહુ શ્રીહરિને રાજી કરવા ચાહે છે. શ્રીહરિના રાજીપા સિવાય દિલમાં બીજી કોઈ ભાવના તેમને નથી.' ૧.

※ ગ્રંથકારે મહારાજની ક્રિયાનો હેતુ કહ્યો :

શ્રીહરિને પણ દિન પ્રતિદિન ખાતાં, પીતાં, ઓઢતાં-પહેરતાં, વાહન ઉપર બેસતાં, હરેક ક્રિયામાં ધર્મ રખાવવામાં-પળાવવામાં જ એક અધિક અધિક ભાવ હતો. ૨. શ્રીહરિનું દેશોદેશમાં વારંવાર વિચરણ, અપાર સામર્થ્યને બતાવવું ઇત્યાદિ પ્રવૃત્તિમાં પણ ધર્મ દૃઢ કરાવવાનો જ ભાવ હતો. ૩. શ્રીહરિએ દેશોદેશમાં બ્રાહ્મણોની અપાર ચોરાશી કરાવી. તેનો પાર પામી શકાય તેમ નથી. શ્રીહરિ વિપ્રોને ઘણા ભાવથી જમાડતા. ૪. જે બ્રાહ્મણોને જેવો ભાવ હોય તે પ્રમાણે તેમને ભોજન આપતા. બ્રાહ્મણોને અપરંપાર દાન આપતા. આ બધી પ્રવૃત્તિનાં મૂળમાં ધર્મને દૃઢ કરવાનો જ શ્રીહરિના મનમાં વિચાર હતો. ૫.

શ્રીહરિ કેટલાય વિષ્ણુયાગ કરાવતા; તેમાં લક્ષાવધિ વિપ્રો જમતા. હોમહવન દ્વારા દેવતાઓને પણ વારેવારે તૃપ્ત કરતા. ૬. ધર્મસર્ગને પ્રસિદ્ધ કરવાને માટે જ અનંત ઉત્સવો કરતા હતા. બ્રાહ્મણ બટુઓને યજ્ઞોપવીત સંસ્કાર કરાવતાં તેમજ ઠેકઠેકાણે વિપ્રોને કન્યાદાન કરાવતાં. ૭. તે કાર્યમાં પણ ધર્મને દૃઢ કરવો, તેમજ અધર્મનો ઉચ્છેદ કરવો. તે એક જ ઉદ્દેશ મુખ્ય રહેતો. આવું બધું રઘાભાઈએ સત્સંગમાં જોયું. (હવે મહારાજ દરબાર રઘાભાઈ વગેરેને વાત કરે છે) : વેદો અને પુરાણો પરમ પવિત્ર છે. તે વર્ણાશ્રમના ધર્મનું રક્ષણ કરે છે. ૮. "કદાચ માનવજાતિ એવી ઈચ્છા કરે કે અમારે ક્યારેય ધર્મમાં ચાલવું નથી." તો વેદો અને પુરાણો મનુષ્યની તે ઈચ્છાને ચાલવા દે નહિ. જે ધર્મને છોડીને અધર્મમાં ચાલે તેને વેદો દંડ દે છે. ૯. આવા દંડનું રૂપ ધારણ કરનારો ધર્મ વેદોમાં અને પુરાણોમાં રહ્યો છે. પૂર્વે ઈન્દ્રે પૃથુમહારાજના યજ્ઞમાં વિઘ્ન કરવા માટે છત્રીશ જાતના વેશ લીધા હતા. તેમાં કપટથી ધાર્મિકનો વેશ લઈને અધર્મની પ્રવૃત્તિ ઈન્દ્રે કરી હતી. ૧૦.

તે ઈન્દ્રે કરેલા કપટને લીધે ધર્મમાં અધર્મે પ્રવેશ કર્યો હતો. તે અધર્મભર્યા વેશને કોણ ઓળખી શકે ? હંમેશા અધર્મને દૃઢ સ્થાપવા માટે અધર્મ ધર્મની દેશી કાઢે છે. ૧૧. કારણ કે, જો જાહેરમાં કોઈ અધર્મનો પ્રચાર કરે તો તેને કોઈ માને નહિ. જે ધર્મનું સ્થાપન કરે તેને ભગવાનનો અવતાર જાણવો. ૧૨. ધર્મને આગળ વધારવા માટે અને અધર્મને પાછો પાડવા માટે તો ભગવાન પણ કોઈ સમયે અને ક્યારેક અધર્માચરણ જેવુ કરતાં હોય છે. ૧૩. (પણ ભગવાન તો મહા નિર્દોષ છે. તેને તે બાધ કરતું નથી.) જેમ જળકુકડી જળમાં રહે છે પણ તેની પાંખ જળથી ભીંજાતી નથી. જો બીજા પંખી તેનું અનુકરણ કરે તો તેમાં તેનું મોત નીપજે છે તેમ શ્રીહરિ જેમ કોઈ અધર્મ કરવા જાય તેનું તો મોત જ થાય. ૧૪. ચાર વર્ણ અને ચાર આશ્રમની ધર્મ વ્યવસ્થા આ ભૂમિ ઉપર છે. જ્યાં સુધી ધર્મ ઉપર રુચિ હોય, ત્યાં સુધી તેને મનુષ્ય જાણવો. ૧૫.

પહેલા ધર્મ પાળનારાને પણ જો પછીથી અધર્મમાં રુચિ થાય તો તેનો ધર્મ પણ અધર્મરૂપ થઈ જાય છે અને પહેલા અધર્મી હોય એવો મનુષ્ય પણ

પછીથી જો સદાચારમય ધર્મમાં ચાલે તો તેને ધર્મવાળો કહેવાય છે. ૧૬. જ્યાં સુધી મનુષ્ય સન્માર્ગમાં ચાલે છે ત્યાં સુધી તે સત્પુરુષ કહેવાય છે અને જ્યાં સુધી વર્ણ અને આશ્રમના ધર્મોને જે પાળે છે ત્યાં સુધી તે વર્ણાશ્રમી કહેવાય છે. ૧૭. મ્લેચ્છ હોય કે ચાંડાળ પર્યંતનો કોઈપણ મનુષ્ય હોય પણ જો તે હરિભક્તોના ધર્મને પાળતો હોય, તો તે ધર્માચરણે કરીને હરિભક્ત આવા નામથી કહેવાય છે. ૧૮.

વિપ્ર જ્યાં સુધી વિપ્રના ધર્મને પાળે ત્યાં સુધી જ તે વિપ્ર કહેવાય છે અને જ્યારે તે વિપ્ર વૈશ્યનું ખાય ત્યારે તે વિપ્ર પણ વૈશ્ય કહેવાય છે. ૧૯. વેદોમાં અનંત અને અપાર વચનો છે. તેનો ગણતા ગણતા ક્યારેય પાર આવતો નથી. જેટલા વચનો ધર્મને ધરી રહ્યા હોય તેટલા વચનોને શુદ્ધ વેદવચન માનવા. બાકીના વેદવચનો પણ ભેળસેળવાળા જાણવા. ૨૦. વેદના વચનો પણ જો અધર્મ બતાવે તો કોણ ધર્મી રહે ? જેમ એક પુરમાં અનેક જાતિના લોકો એક સાથે રહેતા હોય છે, પણ એક પુરમાં રહેવાથી કાંઈ બધા એક જાતિના થઈ જાતા નથી. ૨૧. વેદનામનું એક પુર કહેવાય છે તેમાં અનેક જાતિઓ પરક(માટેના) શબ્દો કહ્યા છે. ભલે, બધા વેદોનાં વચન કહેવાતા હોય પણ તે વચનો ક્યારેય એક રીત કહેતા નથી. ૨૨.

❋ મોક્ષ કેમ થાય ?

વેદનાં વચનોમાંથી જે ધર્મને ગ્રહણ કરે છે તેનો મોક્ષ થાય છે. તેને આ ભવાટવીમાં ફરીવાર ક્યારેય ભટકવું પડતું નથી. અને જે લોકો વેદવચનમાંથી અધર્મને ગ્રહણ કરે છે તો તેઓની અધોગતિ થાય છે. તેમજ લખચોરાશીમાં તેને ભટક્યા જ કરવું પડે છે. ૨૩. આ રીતે વેદો મોક્ષગતિ અને અધોગતિ બંને પ્રકારનાં ફળોને આપે છે. જેની જેવી સમજણ હોય તેને તેવી ગતિ પ્રાપ્ત થાય છે. એટલે વેદો હંમેશા નિર્બાધ રહે છે. વેદોમાં લગારેક પણ દોષ આવતો નથી. ૨૪.

दोहा : जन में हे दोष अनंत ही, ताको वार न पार;
निर्दोष करे भगवान जब, तब आवे भव हि पार...२५

भगवान जाने भगवान को, वचन न ग्रहे जोउ;
अधम में अधम सो जानना, एहि सम पापी न कोउ...२६

મનુષ્યમાં તો અનંત પ્રકારના દોષ રહ્યા છે. તેનો કોઈ પાર નથી. પણ પરમાત્મા જ્યારે મનુષ્યને નિર્દોષ કરે છે ત્યારે તે સંસારના પારને પામે છે. ૨૫. જે મનુષ્ય ભગવાનને ભગવાન જ માને, પણ ભગવાનનાં વચનને ન માને તે મનુષ્ય અધમોમાં પણ અત્યંત અધમ છે, તેના સમાન બીજો કોઈ પાપી નથી. ૨૬.

એટલો વિનોદ કરતા મધ્યરાત્રિ થઈ ગઈ. શ્રીહરિની વાત સાંભળી દરબાર રઘાભાઈ મનમાં ખુશ થયા અને તેમણે કહ્યું, "બધો વાંક જીવનો જ છે." ૨૭. સંતો અને હરિભક્તો સદા નિર્દોષ છે. તો પછી ભગવાન તો કાયમ નિર્દોષ જ હોયને..! ભગવાન ક્યારેય જીવના ઉપર રોષ રાખતા નથી. ક્યાં ભગવાન ! અને ક્યાં જીવ ! શી તુલના કરવી ? ૨૮. વળી તે દરબાર બોલ્યા, 'હે મહારાજ ! જો આપ અહીંયા નિવાસ કરીને રહો તો બધા લોકો શુદ્ધ થાય. અહીંયા કુમાર્ગી લોકો જ્યારે અપાર થયા ત્યારે તેમણે આખા આ દેશને ખુવાર કરી દીધો છે. ૨૯. તેણે કરીને માણસો પણ પશુ જેવા જ થઈ ગયા છે અને કૂતરા, ભૂંડ તથા ગધેડાની જેમ જ ગુરુ અને શિષ્યો બધા એકસરખા ગુણધર્મવાળા થઈ ગયા છે અને ભક્તિની ઓથે બધાં કુકર્મોને કરે છે. ૩૦.

મા, બહેન, દીકરી કે કુળ-કુટુંબની કોઈપણ નારીના સમાગમના બધા જ દોષોને એ કુમાર્ગીઓએ ટાળી નાખ્યા છે. અર્થાત્ તેમાં પાપ માનતા નથી. જેમાં રતિ(સંભોગ) ભાવ ઊપજે તે જ પતિ-પત્ની કહેવાય, એવું માને છે. ૩૧. કોઈ માતા કે બહેનને ભોગવે છતાં તેને દેખીને જેને હરખ થાય અને તેના ઉપર ક્રોધ, ઈર્ષ્યા ન લાવે તેવો હોય તે કુમાર્ગમાં મુખ્ય કહેવાય છે. ૩૨. તેવા પાપ કરનારાઓને તેઓ પ્રભુની જેમ પૂજે છે અને એવાની કુમાર્ગીઓ બડાઈ-મોટપ ગાય છે. આ ક્રિયામાં જે દ્રોહરહિત થઈને બધાને નિર્દોષ જુએ છે તેને ફરીવાર જન્મ લેવો પડતો નથી; એવું કહે છે. ૩૩. ખાવા-પીવામાં પણ તે કુમાર્ગીઓની તેવી જ રીત છે. તેઓ ચાંડાળ પર્યંતના

હાથનું ખાવા-પીવામાં પણ તેને કોઈ આડશ નથી. વિપ્રથી લઈને ચાંડાળ પર્યંત બધા અંતર્ગત એક થઈને વિચરે છે. ૩૪. તે કુમાર્ગીઓ જ અધર્મનું મૂળદ્વાર છે. તેઓ અધર્મને ધર્માચરણનું રૂપ આપીને વર્તે છે. જે તેના જેવા અધર્મીઓ છે તે તેવા આચરણને પણ ધર્મ કહે છે અને જે ખરા શુદ્ધ આચરણવાળા છે, તેઓ તો તેની છાયા પણ લેતા નથી. ૩૫.

માત્ર 'ધર્મ' એમ બોલવાથી તે ધર્મ થઈ જતો નથી. તેનો પાકો હિસાબ તો ધર્મરાજા - યમરાજા દેખશે. ભગવાનનાં ઘરમાં અંધેર નથી. તેઓ સવેળા - વહેલાસર બધાની સાફ-સૂફી કરશે જ. ૩૬. અહીંયાની રીત જુદી છે અને ત્યાંની (યમરાજની) રીત જુદી છે. જે લોકો ધર્મમાર્ગનો લોપ કરે છે તે બધાને યમદૂતો ઘણા જોરથી મારે છે.' ૩૭. દરબારને સમજાવવા માટે શ્રીહરિએ આટલી વાત કહી. પછી પોતે પલંગ ઉપર પોઢી ગયા અને સંતો ધ્યાનમાં નિમગ્ન થયા. ૩૮. જ્યારે અરુણોદય થયો ત્યારે સહુ મુનિજનો જાગ્રત થયા અને 'સ્વામિનારાયણ ધૂન' કરવા લાગ્યા. તે સાંભળીને શ્રીહરિ ઊઠ્યા. ૩૯. સવારી બધી તૈયાર થઈ અને શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. છડીદાર છડી બોલતા હતા. મૂળીથી ચાલેલા શ્રીહરિ **સાયલા** ગામ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ મૂળીમાં વૈદિક ધર્મની વાત વિચારી' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર છઠ્ઠું : તરંગ - ૩૫

શ્રીહરિ સાયલામાં વાજતે ગાજતે પધાર્યા અને ભક્તોએ પધરામણી કરાવી

'શ્રીહરિ સાયલા ગામ પધારે છે.' આવા સમાચાર જાણીને ગામના બધા હરિભક્તો હાથમાં એકેક નાળિયેર લઈને દોડતા સન્મુખ આવ્યા. ૧. આવીને શ્રીહરિના ચરણમાં પડ્યા અને શ્રીફળ ભેટ ધર્યાં. ચારે વર્ણના તે માણસો સહુ હરિભક્તો થયા હતા. ૨. વલ્લભજી કોઠારી નામે ત્યાંના દરબારના

કારભારી હતા. તે ત્યાંનો કારોબાર સંભાળતા હતા અને સાયલા ગામમાં જ રહેતા હતા. ૩. તેઓ હરિભક્ત હતા. તેમણે જઈને ગામધણી દરબારને વાત કહી કે, 'અમારા ગુરુ ભગવાન સ્વામિનારાયણ આવ્યા છે તેમની સન્મુખ અમે જઈએ છીએ.' ૪. ત્યારે તે દરબારે કહ્યું કે, 'જે તમારા ગુરુ છે તે અમારા પણ ગુરુ ગણાય. માટે હું પણ બધી સવારી લઈને સામૈયાનાં રૂપમાં સન્મુખ આવું છું. મારાથી બીજું તો કાંઈ બની શકે તેમ નથી.' ૫.

❋ સંત, ભગવંત મહિમા :

चोपाई :

सतपुरुष के सन्मुख जावे, पाद पाद हि जज्ञ कहावे;
हरि सन्मुख हि जावे जेहा, अश्वमेधजज्ञ कहे नाहिं संदेहा...०६
एक वेर प्रनाम कर जे जाही, दस अश्वमेध सम फल लहे ताहि;
दश अश्वमेध करे पुनि होय जन्मा, कृष्ण प्रनाम करे नावे भवमां...०७

સત્પુરુષની સન્મુખ જવામાં પગલે પગલે યજ્ઞનું ફળ મળે છે. અને ભગવાનની સન્મુખ જવામાં તો પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. તેમાં કોઈ સંશય નથી. ૬. પરમેશ્વરને એકવાર પ્રણામ કર્યા હોય તોપણ તે દસ અશ્વમેધ યજ્ઞને બરાબર ગણાય છે. દસ અશ્વમેધ યજ્ઞ કરનારાને પુનર્જન્મ લેવો પડે છે પણ પરમેશ્વરને પ્રણામ કરનારાને ફરીવાર જન્મ લેવો પડતો નથી. ૭. તેટલા માટે હું અત્યારે સવારી લઈને તેમનાં સન્મુખ આવું છું. તેમાં હું વિલંબ નહિ કરું.' આમ કહીને દરબારે પોતાની બધી જ સવારી-હાથી, ઘોડા, પાલખી, રથ, મ્યાના વગેરે તૈયાર કરાવ્યાં. ડંકા અને નિશાન વગેરે બધું લઈને તે શાણા દરબાર શ્રીહરિની સન્મુખ આવ્યા અને તત્કાળ શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ૮-૯. જેટલા ફૂલહાર લીધા હતા તે બધા શ્રીહરિને પહેરાવ્યા અને સંતો તથા વર્ણીને પણ એકેક હાર પહેરાવ્યો. દરબાર શ્રીહરિનાં દર્શન કરીને ખૂબ જ આનંદ પામ્યા. ૧૦.

દરબારે શ્રીહરિ આગળ બહુ બહુ ભાવ જણાવ્યો. અનેક રીતે વિનય દર્શાવીને બોલ્યા કે, "હે શ્રીહરિ ! આપનાં દર્શન કરવાથી આજ મારી છાતી

ઠરી છે. જો મને આપનાં આવાં દર્શન ન થયાં હોત તો મારો જન્મ નિરર્થક ગુમાવ્યો ગણાત. ૧૧. મુનિજનો કરોડો કરોડ પ્રયત્ન કરે છે છતાં પણ આપ તેમના સ્વપ્નમાં પણ આવતા નથી. અમારો રાજાનો આ દેહ અધમોમાં પણ અત્યંત અધમ કહેવાય છે. તેમાં અત્યારે મને આપનાં દર્શન થયાં. આપ મળ્યા, એટલે આ અધમ દેહ પણ આપના પ્રતાપે સફળ થઈ ગયો છે." ૧૨. પછી શ્રીહરિએ તેને આશીર્વાદ આપ્યા, હેતથી બોલાવ્યા અને કહ્યું કે 'તમે સંતો અને વિપ્રોનું રક્ષણ કરો છો, તેથી સુખી છો.' ૧૩. પછી દરબારે હાથ જોડીને કહ્યું, 'હે પ્રભુ ! આપ આજ અહીંયા રાત રોકાઓ. જો જવાની ઉતાવળ જ હોય તો સવારે વહેલા તરત નીકળી જાજો.' ૧૪. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'ચાલો, આપણે અત્યારે તળાવને કાંઠે જઈએ. રાત રહેવાનો વિચાર તો નથી. અમારે સોરઠમાં જવાની ઉતાવળ છે.' ૧૫.

ત્યારે દરબારે હાથ જોડીને કહ્યું, 'ભલે, આપે ધાર્યું હોય તેમ કરો. આ અમારો હાથી છે તો તેને પાવન કરો.' ૧૬. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમે અમારી સન્મુખ આવ્યા, તેનાથી તમારું બધું સફળ થઈ ગયેલું જ છે. અમે હાથી ઉપર બેસવાથી મોટાઈ માનતા નથી. છતાં તમારે માટે થઈને ચાલો હાથી ઉપર બેસીએ.' ૧૭. ત્યારે દરબાર ઘણું ખુશ થયા. પાસે આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. રાજાનું દિલ સાચવવા માટે શ્રીહરિ હેતથી હાથી ઉપર બેઠા. ૧૮. દરબાર પાછળ બેસીને ચામર કરવા લાગ્યા. છડીદાર છડી પોકારવા લાગ્યા. સહુ સંતોને રથ, મ્યાના અને સુખપાલ વગેરે વાહનોમાં બેસાડ્યા. ૧૯. વિવિધ પ્રકારનાં જે વાજિંત્રો લાવ્યાં હતાં તે બધાં વાગવાં લાગ્યાં. જેટલાં જરિયાની નિશાન હતા તે બધા સવારીમાં સહુની આગળ ચાલતા હતા. ૨૦.

જે પાર્ષદો હતા તે શ્રીહરિની સાથે રહ્યા અને જે બીજા દરબારો સાથે આવ્યા હતા, તે બધા શ્રીહરિની આગળના ભાગમાં ચાલીને બંદૂકોના અવાજ કરવા લાગ્યા. ૨૧. સોનાનાં અને મોતીનાં આભૂષણોથી આખા હાથીને શણગાર્યો હતો. હાથીના ઉપરની અંબાડી સોનાની હતી અને તેમાં વિવિધ પ્રકારના નંગ જડ્યા હતા. ૨૨. વિવિધ આકારવાળા સોનાના કળશ અંબાડીના ઉપર સોહામણા લાગતા હતા. શ્રીહરિએ પણ બધા સોનેરી વસ્ત્રો

અને સોનાનાં આભૂષણો પહેર્યાં હતાં. ૨૩. શ્રીહરિએ ઘણા મોતીના હાર, તોરા અને બાજુબંધ પહેર્યાં હતાં. તેનાથી મૂર્તિ નવલ નવરંગી બની હતી અને શ્રીહરિના મસ્તકે પાઘમાં શિરપેચ અને તેના ઉપર સુંદર કલગી શોભતી હતી. ૨૪. બીજા બે હાથી ઉપર દરબાર દાદા ખાચર અને ગઢપુરના જીવાખાચરના પુત્ર દરબાર દેહા ખાચર બેઠા હતા અને તે સિવાયના બે હાથી ઉપર કારભારી વણિક બેઠા હતા. ૨૫.

સાયલા પુરની ચારેબાજુ વિવિધ પ્રકારના બાગ-બગીચાઓ હતા. તેમાં જાતજાતના વૃક્ષો હતા. તેની શોભા કહી શકાતી નથી. ૨૬. તે વૃક્ષોની ઉપર મોર, કોયલ અને પોપટ આદિ વિવિધ પ્રકારનાં પંખીઓ બેઠાં હતાં અને તેના કોલાહલથી બધું વન ગાજી રહ્યું હતું. ૨૭. ત્યાં ફૂલોના બાગ પણ અપાર હતા. ચોતરફ તેમાં ફૂલ ખીલેલાં હતાં. તેના ઉપર ગુંજારવ કરનારા ભમરાઓ માનો વેદનો ઉચ્ચાર કરતા હોય તેમ જણાતું હતું. ૨૮. પુરની ચારેકોર કોટ હતો. બુરજોને લીધે તે સોહામણો લાગતો હતો. તેના કાંગરા શોભાદાર હતા. અને તેનો દરવાજો વિવિધ પ્રકારે શોભતો હતો. ૨૯. દરવાજો જાણે આકાશ સાથે વાત કરતો હોય તેવો ઊંચો હતો. તેના ઉપર સુવર્ણ કળશ સુંદર લાગતા હતા.

શ્રીહરિ તે કોટના દરવાજામાં પ્રવેશ્યા. ત્યારે ત્યાં અપરંપાર પુરજનો આવ્યા. ૩૦. દરબારે રાજમાર્ગો સ્વચ્છ કરાવ્યા હતા અને બધી દુકાનો સુંદર રીતે શોભી રહી હતી. દુકાનોના જેટલા દરવાજાઓ હતા. ત્યાં બધે મોતીના તોરણ બાંધી દીધાં હતાં. ૩૧. કુંકુમના રંગથી રંગેલા કેળના સ્તંભ બધે રોપાવ્યા હતા. બિલોરી કાચના ઝાડ લટકાવી દીધા હતા અને તેનાં ઝગમગાટની શોભા બધે છવાઈ ગઈ હતી. ૩૨. વિવિધ પ્રકારના જરિયાની ઉલેચ બધે બાંધ્યા હતા. વિવિધ પ્રકારના બધા થાંભલાઓ એક જ કતારમાં હતા તેથી તે ઘણા શોભતા હતા. ૩૩. દુકાનોના ઉપરાઉપર રહેલા ત્રણ ત્રણ છજાઓમાં રહેલા વાજિંત્રો વાગતાં હતાં. શ્રીહરિ આવી રહ્યા છે એમ સમજીને પુરની સ્ત્રીઓ ભવનમાં ચુપચાપ રહીને ઊભી રહી હતી. ૩૪.

બધી સ્ત્રીઓએ સારા વસ્ત્રો અને આભૂષણોને સારી રીતે ધાર્યાં હતાં. એકે એકના મનમાં શ્રીહરિ પ્રત્યે અધિક પ્રેમ હતો. તે બધી મોતીથી ભરેલા થાળ અને ફૂલહાર લઈને આવી હતી. ૩૫.

પુરના જેટલા પુરુષો હતા તેપણ સારા શણગાર પહેરીને આવ્યા હતા. શ્રીહરિને પ્યારથી પહેરાવવા માટે સહુએ એક એક ફૂલહાર લીધેલો હતો. ૩૬. જ્યારે શ્રીહરિ બજારમાંથી ચાલ્યા ત્યારે હરિભક્તો કીર્તન ગાતા હતા. ઠેકઠેકાણે ઊભેલા પુરજનો ઘણા જ પ્રેમથી શ્રીહરિની પૂજા કરતા હતા. ૩૭. જેટલી સ્ત્રીઓ આવી હતી તે બધી મોતીના થાળ ભરી લાવી હતી. તે બધી ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિને વધાવતી હતી. તેમનાં હૃદયનો આનંદ સમાતો ન હતો. ૩૮. બધા હરિભક્તોને રાજી કરવા માટે કરુણાના સાગર શ્રીહરિ પુરમાં જેટલા હરિભક્તોના ઘર હતા ત્યાં બધે જ ચાલીને પધરામણીએ ગયા. ૩૯. સહુ હરિભક્તોએ કેસરયુક્ત ચંદન ચર્ચીને શ્રીહરિને ભાવથી પૂજ્યા અને અલૌકિક લાભ લીધો. કારણ કે આવો અવસર ફરી ફરીને કોઈ દિવસ મળતો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ સાયલામાં વાજતે ગાજતે પધાર્યા અને હરિભક્તોએ પધરામણી કરાવી' એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર છઠ્ઠું : તરંગ - ૩૬

સાયલાથી નીકળેલા શ્રીહરિ જેઠસૂર ચારણને ગામ રાત રહ્યા

શ્રીહરિ ગામ વચ્ચે રાજમાર્ગ ઉપર ચાલીને રાજાના દરબારગઢને દરવાજે આવ્યા. ત્યારે દરબારે વિનંતી કરીને શ્રીહરિને પોતાને ભવન પધરામણી કરાવી. ૧. સુંદર નવી બિછાવેલી ગાદી ઉપર શ્રીહરિને બેસાડ્યા. કેસરયુક્ત ચંદનની અર્ચા કરીને મોતીનો હાર કંઠમાં પહેરાવ્યો. ૨. મોતીના બાજુબંધ બાંધ્યા. મસ્તકે પાઘમાં તોરા લટકાવી દીધા. પછી દરબારે સોનેરી વસ્ત્ર અર્પણ કરીને સારું સુગંધી અત્તર આપ્યું. ૩. મેવા અને મીઠાઈઓના

થાળ ભરી ભરીને લાવ્યા. પાકાં કેળાંઓનો તો કોઈ પાર ન હતો. શ્રીફળ, દ્રાક્ષ અને સાકર પણ અર્પણ કરી. ૪. મેવા મીઠાઈ વગેરે તો રસોઈમાં જોઈએ તેના કરતાં બમણું મગાવ્યું હતું. તે બધું શ્રીહરિની આગળ રાખી દીધું. જેટલા સંતો, વર્ણી અને દરબારો હતા તે સહુની પૂજા કરી. ૫. ચંદન ચરચી, હાર પહેરાવીને સહુને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. અને ત્યારબાદ શ્રીહરિની આરતી કરી. પછી તે નિપુણ રાજાએ શ્રીહરિની સ્તુતિ કરી, ૬.

'અમારું આ રાજ્ય અને જે સંપત્તિ છે, તે જેટલી આપની સેવામાં ઉપયોગી બને તેટલી જ સાર્થક છે. બાકીનું તો બધું અહીંયાનું અહીંયાં જ પડ્યું રહેવાનું છે. કશું જ સાથે આવવાનું નથી.' ૭. આમ કહીને દરબાર શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. અને હરખભર્યા તે ચરણકમળ પોતાની છાતીએ ચાંપ્યાં. તે પછી શ્રીહરિ ઊઠ્યા અને હાથી ઉપર જઈને બેઠા.૮. પછી શ્રીહરિએ દરબારને તેમના દરબારગઢમાં જ રોકી રાખ્યા. અને ચામર કરવા હાથી ઉપર બ્રહ્માનંદસ્વામીને બેસાડ્યા. બજારમાં શ્રીહરિ સહુને દર્શન આપતા અને કેટલાક જે ફૂલહાર આવે તેને લેતાં લેતાં ચાલ્યા તે તત્કાળ તળાવને કિનારે પહોંચ્યા. તળાવ ઘણું વિશાળ હતું તેને શ્રીહરિએ જોયું. તળાવમાં કમળો છવાઈ ગયા હતા. વિવિધ જાતિના પંખીઓ આનંદ-કિલ્લોલ કરતા હતા. ૯-૧૦. ભમરાનાં ટોળેટોળાં મધુર સ્વરે સુંદર ગાન કરતા હતા. તળાવને કાંઠે અપાર ઘાટા વૃક્ષો હતા. તેથી તે બધા વૃક્ષોની છાયા ભેગી થઈને એકતાર થઈ ગઈ હતી. ૧૧.

શ્રીહરિ તળાવને કાંઠે દૂર સુધી ચાલ્યા ગયા. ત્યાંથી સાયલા શહેર છેટું રહી ગયું. ત્યાં શ્રીહરિએ ઉતારો કર્યો અને દરબારની બધી સવારીને રજા આપીને પાછી વાળી. ૧૨. સવારીમાં જોડાયેલા જેટલા માણસ હતા, તે સહુને એકએકને બોલાવીને બધાને નાળિયેર અને સાકર આપ્યાં. ૧૩. હાથીના મહાવતોને ત્રણ ત્રણ નાળિયેર આપ્યાં અને મોટા મહાવતને સારી એક પાઘ આપી. આ રીતે સહુને રાજી કર્યા. ૧૪. પછી શ્રીહરિ શૌચ (જંગલ) જઈ આવ્યા. હાથ અને ચરણ ધોયા. તે પછી દાતણ કર્યું અને તળાવમાં નાહ્યા. ૧૫. શ્રીહરિ તળાવને દેખીને મનમાં ઘણું રાજી થયા.

નાહ્યા પછી તળાવને કિનારે તળાવ બંધાવનારાએ લખેલો લેખ વાંચ્યો. ૧૬. શ્રીહરિએ તળાવને જોયું ને કહ્યું કે, એક તળાવમાં કેટલું બધું કામ કરાવ્યું છે.

પછી સંતો, વર્ણી, દરબારો અને પાર્ષદો સહુએ સ્નાન કર્યું. ૧૭. પછી નિપુણ શ્રીહરિએ નિત્યવિધિ કરી લીધો. અને પેંડા જમવા માટે બેઠા. તે સમયે વિપ્ર જ્ઞાતિના જે ગંગાબાઈ અને રેવાબાઈ હતા તે થાળ તૈયાર કરીને ત્યાં લાવ્યા. ૧૮. તેમણે દૂધપાક, પૂરી અને શાક બનાવ્યું હતું. સુંદર ભજિયાં અને વડા પણ કર્યા હતાં. શ્રીહરિ તે બધું ભાવથી જમ્યા અને બોલ્યા કે, ‘આવી રસોઈ બનાવતાં કોઈને આવડે નહિ. ૧૯. લાખોની સંખ્યામાં વિપ્ર હરિભક્ત સ્ત્રીઓ છે. તે બધી જ સત્સંગ ઉપર શ્રદ્ધા-ભાવવાળી છે. તે બધી સ્ત્રીઓ ઊંચી પ્રેમ ભાવનાથી થાળ બનાવે છે. કેટલીક તો વિવિધ પ્રકારના ભોજન બનાવે છે. ૨૦. ગઢપુરમાં વિપ્રજ્ઞાતિના એક અમરબાઈ નામે સ્ત્રીભક્ત છે. તે ઘણી સારી સમજણવાળા છે અને અતિશય પ્રેમથી થાળ બનાવે છે. છતાં ગંગાબાઈ અને રેવાબાઈએ બનાવેલા થાળની રીત તો કોઈ ઓર જ છે.’ ૨૧. આવી રીતે શ્રીહરિ મયારામ ભટ્ટની આગળ વખાણ કરતા હતા. શ્રીહરિ જ્યારે દૂધપાક જમી રહ્યા પછી તેમણે દહીં અને ભાત જમવા લીધાં. ૨૨. પછી ભાઈ રામદાસસ્વામી જે સાથે હતા, તેમને બોલાવીને જમેલા થાળની પ્રસાદી આપી તે ભાઈસ્વામીએ તત્કાળ લઈ લીધી. ૨૩.

પછી શ્રીહરિએ હાથ અને મુખને ધોયાં. પછી રૂમાલ લઈને લૂછી નાખ્યા. એલાયચી અને તજનો મુખવાસ લીધો. તેનો સુગંધ સુંદર આવતો હતો. ૨૪. જેટલા સંતો, વર્ણી, દરબારો અને પાર્ષદો હતા તે બધાને ભાવે તેટલું ટીમણ આપ્યું. ૨૫. જેને જેવું ભાવતું હતું તેને તે આપ્યું. મોતીચૂર, જલેબી અને ગાંઠિયા આપવા માટે લીધા. ૨૬. બરફી, પેંડા, કેળાં અને નાળિયેરનું કોપરું એ બધું વર્ણી અને વિપ્રોને તેમની રુચિ હતી એટલું આપ્યું. ૨૭. વર્ણીમાં વર્ણીએ આપ્યું અને જે વિપ્રો હતા તેમણે પોતાને ખાવા પૂરતું ટીમણ લીધું. કોઈ કાઠી હરિભક્તોએ પણ વધારે ટીમણ બાંધ્યું નહિ. ૨૮. જેટલા સંતો, દરબારો અને પાર્ષદો હતા તેમને સંતોએ ટીમણ આપ્યું. બીજું શેકેલા ચણા જેને જોઈએ તેને આપ્યા. કારણ કે હરિભક્તો તે ચણા ઘણા લાવ્યા હતા. ૨૯.

સહુ ટીમણ (નાસ્તો) કરી રહ્યા એટલે ત્યાંથી તત્કાળ ચાલ્યા. ધર્મના લાલ શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. જેઠસુર નામે એક ચારણ (દેવજાતિ) સત્સંગી હતા તેનું (રાબાનું સમઢિયાળા) ગામ હતું ત્યાં શ્રીહરિ આવ્યા અને ત્યાં રાત રોકાયા. ૩૦. તે જેઠસુર ચારણ પાકા હરિભક્ત હતા. ભયંકર વનમાં સિંહ રહે તેમ તેઓ કુમાર્ગીઓની વચ્ચે રહેતા, પણ કોઈ તેનું નામ લઈ શકતા નહિ. ૩૧. તેઓ તેવા કુસંગરૂપી વનમાં રહ્યા હતા. જ્યારે તેમણે શ્રીહરિ પધારે છે એવું સાંભળ્યું ત્યારે ઘણા રાજી થઈ સન્મુખ આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને મહાઆનંદ પામ્યા. ૩૨. ઢોલ આદિ વાજિંત્ર વગડાવીને તેઓ શ્રીહરિને પોતાને ઘેર લઈ ગયા. એક સુંદર પલંગ બિછાવી દીધો.

પછી તે શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને સંતો અને દરબારો, સહુને મસ્તક નમાવીને પગે લાગ્યા. ૩૩. તેઓ શ્રીહરિના આશ્રયના છક-કેફમાં જાણે આખું આકાશ ગજાવતા હોય તેમ બોલતા. અને કુસંગીઓથી તો એક રતીભાર પણ દબાતા નહિ. પછી તેમણે સંતોને અને દરબારોને ઉતારા અપાવ્યા. ઘોડા અને બળદોને બંધાવ્યા. ૩૪. જેને જોઈએ તેટલું ઘાસ અને ચંદી આપ્યા.

પાકી રસોઈ બનાવવા માટે ઘણી તાણ કરી પણ શ્રીહરિએ કહ્યું, 'જેને જેટલો ભાવ હોય તે પ્રમાણે ખીચડી બનાવો.' ૩૫. પછી સંતોએ અને વર્ણીએ ખીચડી કરી. સંતો અને વર્ણી બંનેએ અલગ અલગ બે ચોકા કર્યા. જેને જોઈએ તેટલું પાણી ભરી લાવ્યા. કુંભારે માટીનાં વાસણ આપ્યા. ૩૬. જ્યારે વર્ણીએ રસોઈ તૈયાર કરી ત્યારે શ્રીહરિને બોલાવવા આવ્યા. શ્રીહરિ તરત આવીને બાજોઠ ઉપર બેઠા. ૩૭. તાજું ઘી અને દૂધ તેઓ મન માન્યું લાવ્યાં હતાં. શ્રીહરિ જમવા બેઠા એટલે વર્ણીએ થાળ પીરસી દીધો. ૩૮. ખીચડીમાં ઘી નાખેલું જ હતું, છતાં તે સિવાયનું બીજું ઘી એક કટોરો ભરીને આપ્યું. શેકીને પાપડ આપ્યા. તે શ્રીહરિ જમવા લાગ્યા. ૩૯. ઘી ઘણું સુગંધીદાર હતું તેને શ્રીહરિ ભાવથી જમ્યા. ખીચડી જમ્યા પછી ઘણા પ્યારથી દૂધ પીધું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'સાયલાથી નીકળેલા શ્રીહરિ જેઠસૂર ચારણને ગામ આવીને રાત રહ્યા' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર છઠ્ઠું : તરંગ - ૩૭

શ્રીહરિએ અજ્ઞાની જનોને કલ્યાણ માર્ગનો ઉપદેશ કર્યો

દૂધ પીધા પછી શ્રીહરિએ હાથ તથા મુખ ધોયું. રૂમાલથી તેને કોરાં કરીને પછી મુખવાસ લીધો. ૧. સંતો, દરબારો અને પાર્ષદો જમવા ઊઠ્યા. ત્યારે શ્રીહરિ આવીને ઘણા હેતથી પલંગ ઉપર બેઠા. ૨. શ્રીહરિ જમ્યા તે થાળની પ્રસાદી જેઠસૂર રાબાને આપી. કારણ કે શ્રીહરિ તો ભક્તવત્સલ, ભક્તપ્રતિપાલક અને શરણાગતને સદાને માટે સુખ આપનારા છે. ૩. સંતો, દરબારો અને પાર્ષદો, બધા ખીચડી અને દૂધ જમ્યા. સાથે આવેલા બીજા જે હરિભક્તો હતા તેમને પણ સારી પેઠે જમાડ્યા. ૪. સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા. પછી શ્રીહરિ પાસે આવીને બેઠા. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'સિતાર, સરોદ અને મૃદંગ વગાડીને હરખ સાથે કીર્તન ભક્તિ કરો. ૫.

✵ કીર્તનભક્તિનો મહિમા :

ચોપાઈ :

कीर्तन भक्ति में मूर्तिमाना, निवास करीके रहे भगवाना;
धर्म ज्ञान वैराग रहावा, सुनत निशदिन त्रप्ति न पावा...०६
हरि के चरित्र कहावत जेते, सब की स्मृति करावत तेते;
सुनत जीय तेहि होत आकारा, देह जग भान न रहत लगारा...०७

કીર્તન ભક્તિમાં ભગવાન મૂર્તિમાન નિવાસ કરીને રહ્યા છે. ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય પણ કીર્તન ભક્તિમાં રહ્યાં છે. અમે તેને રાત દિવસ સાંભળીએ છીએ છતાં તૃપ્તિ થાતી નથી. ૬. કીર્તન ભક્તિ ભગવાનનાં બધાં જ ચરિત્રોની સ્મૃતિ કરાવી દે છે. કીર્તન સાંભળવાથી જીવ ભગવાનનાં ચરિત્રોને આકારે થઈ જાય છે. તેને દેહનું અને દુનિયાનું લગારેય ભાન રહેતું નથી. ૭.

देह जग में वर्ते ज्यां लगही, दुःख अनंत पीरे त्यां लगही;
देह जग हे दुःख को धामा, यामें कबु न सुख विश्रामा...०८
देह जग में सुख माने जेहा, सुख को राह सो भुले तेहा;
धर्म भक्ति वैराग्य अरु ज्ञाना, तामें सुख अनंत रहाना...०९
भगवान के चरित्र गावत जोउ, ताकुं व्याधि न पीरे कोउ;
व्याधि टरन उपाय हे एहा, यामें नाहीं कोउ संदेहा...१०

આત્મા જ્યાં સુધી દેહ અને દુનિયાને આકારે વર્તે છે ત્યાં સુધી તેને અનંત દુઃખો પીડતાં રહે છે. દેહ અને દુનિયા દુઃખોનું ધામ છે. તેમાં ક્યારેય સુખ અને વિશ્રામ મળતો નથી. ૮. દેહમાં અને દુનિયામાં જે સુખ માને છે તે ખરેખર સુખનો માર્ગ ભૂલેલા છે. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન એ ચારમાં જ અનંત સુખ રહ્યું છે. ૯. જે ભગવાનના ચરિત્રોને ગાય છે તેને કોઈ વ્યાધિ (આંતરિક રોગ) પીડે નહીં. વ્યાધિ ટાળવાનો ઉપાય તે ભગવાનનાં ચરિત્રો જ છે, તે બાબતમાં કાંઈ જ સંદેહ નથી. ૧૦.

અમે વિચારીને જે નિશ્ચય કર્યો છે તે પ્રમાણે જ અમે કહીએ છીએ.' શ્રીહરિ જ્યારે આટલી વાત કરી રહ્યા ત્યારે સંતો કીર્તનગાન કરવા લાગ્યા. ૧૧. ગામના લોકોએ જ્યારે સંતોનું કીર્તનગાન સાંભળ્યું ત્યારે બધા બુદ્ધિમાન લોકો આવ્યા. અને શ્રીહરિને પગે લાગ્યા. પણ તે સહુને કુમાર્ગીઓએ ભરમાવી દીધા હતા. ૧૨. કીર્તનગાન સાંભળીને તે બધા આવ્યા હતા. પણ તેઓ મનમાં ડરતા હતા કે, 'જો આપણે સ્વામિનારાયણના મુખની વાત સાંભળશું તો તેઓ આપણને ભરમાવી દેશે. માટે આપણે તેમનાં મુખની વાત સાંભળવી નહિ. કીર્તન સાંભળવામાં કાંઈ વાંધો નહીં.' ૧૩. તે બધા મનમાં આવો દૃઢ ઠરાવ કરીને બેઠા. શ્રીહરિ તો કીર્તનગાન કરાવતા હતા. પણ જ્યારે શ્રીહરિએ તે લોકોના દિલની વાત જાણી, ત્યારે તેમને હેત આપીને બેસાડ્યા. ૧૪. પછી શ્રીહરિએ તેમને પ્રેમ આપીને વાત કરવા લાગ્યા.

"તમે જે પરમેશ્વરનું નામ લો છો, તે જ નામને અમે લઈએ છીએ. ૧૫. તમે જેવા મનુષ્ય છો તેવા જ અમે બધા પણ મનુષ્ય જ છીએ. તેમાં કાંઈ

વિરોધ નથી. કોઈ કોઈનું કાંઈ લઈ લેવાનું નથી. ૧૬. જે આપણા માતા અને પિતા કહેવાય છે તેના જેવા આ જગતમાં બીજા કોઈ આપણા હિતેચ્છુ નથી. માતાએ આપણને પોતાના પેટમાં પોતાના જીવની જેમ ઘણું જતન કરીને ખૂબ જ સાચવ્યા છે. ૧૭. ખાતાં-પીતાં, ચાલતાં, હરેક ક્રિયામાં ,પ્રત્યેક પળમાં માતાએ જતન કરીને દસ માસ સુધી આપણને ઉઠાવ્યા છે. અને ત્યારે જ આપણા આવા હાથ પગ આદિ બધા પૂર્ણ અવયવો બની આવ્યા છે. ૧૮. ગર્ભાવસ્થામાં જીવને કશું જ્ઞાન ન હતું. આપણા હાથ પગ વગેરે કઈ રીતે થયા હશે ? કોઈના કર્યા વિના તો આવા હોય નહિ ! માટે શાણા મનુષ્યે તેનો વિચાર કરવો જોઈએ. ૧૯.

અમારે તમને કોઈને અમારા શિષ્ય બનાવવા નથી. પણ તમારે જ તમારું પોતાનું કાંઈક હિત કરવાનું છે. પણ અત્યારે તમે હિત માનીને પોતાનું જ અહિત કરી રહ્યા છો; તે તમને આ માયિક આંખોથી દેખી શકાતું નથી. ૨૦. જ્ઞાનની આંખો તો અંતરમાં રહી છે તેનાથી જ હિત અહિત દેખી શકાય છે. જેને જેટલી વિવેકવાળી સુબુદ્ધિ હોય તેને તેટલી જ્ઞાનરૂપી આંખો કહેવાય. ૨૧. જેને વિવેક વિનાની જેટલી કુબુદ્ધિ હોય તેટલી તેને અજ્ઞાનની આંખો કહેવાય અર્થાત્ તેટલો અંધાપો ગણાય. જેનાથી જેટલું પાપ થતું હોય તેને તેટલા અજ્ઞાનરૂપી નેત્ર કહેવાય. ૨૨. જે અધર્મમાં ધર્મ માને છે તેને જ અજ્ઞાનનું અંધારું સમજવું. અને જે અજ્ઞાનના અંધારાથી ઢંકાયેલો હોય, તે નરકમાં પણ મોક્ષ માને છે. ૨૩. જે લોકો મોક્ષમાં નરક માને છે, તેઓ તો જમપુરીના જ અધિકારી છે. સજ્જનોએ આવા મનુષ્યને ઓળખવા જોઈએ. વગર ઓળખે તો તેમને ઘણું જ દુઃખ થાય છે. ૨૪.

બકરો મહાજનનો વિશ્વાસ કરતો નથી અને કસાઈના ઉપર હેત રાખે છે. ત્યારે સંત પુરુષો તે બકરાને ચેતવણી આપે છે કે જ્યાં હેત કરે છે, ત્યાં તો તારો વિનાશ છે. ૨૫. અભાગિયો જીવ મોહરૂપી અંધારી કોટડીમાં તેને હિતકારી માનીને પડે છે. તે બંધનમાંથી જો કોઈ તેને છોડાવવા આવે તો અબુધ જીવ તેને શત્રુ જેવા ગણે છે. ૨૬. અને **હેત વિના તો કાંઈ સુધારો થાતો નથી. જ્યારે કોઈ મનુષ્યના ગુણ જોવામાં આવે ત્યારે તેમાં અવગુણ**

દેખાતા નથી અને હેત થાય છે. ૨૭. પથ્થરને સુધારી શકાય છે. લોઢાને પણ સહજ રીતે સુધારી શકાય છે પણ જ્યારે માણસમાં માણસાઈ રહેતી નથી ત્યારે તેવા મનુષ્યને વાત કહીને સુધારી શકાતો નથી. ૨૮. જે ધર્મને અને અધર્મને સમજતો નથી તે મનુષ્ય પશુ સમાન કહેવાય છે. અને તેવા મનુષ્યને સુધારવા માટે તો (૧) જમદૂત કર્યા છે. ૨૯. જે જમદૂતને હાથે સુધરે નહિ તે જીવ પછી (૨) લખચોરાશીમાં ભટકે છે. અને જે લખચોરાશીમાં ભટકીને પણ સુધરે નહિ તેને કોઈ (૩) પહાડનો દેહ ધારવો પડે છે. ૩૦.

અને પ્રલય થાય ત્યાં સુધી તે મહાન ઘોર તમોમય પહાડના દેહમાં રહે છે. તેમ વારે વારે પહાડના દેહને ધાર્યા કરે પછી જો તે સુધરે તો ફરીને મનુષ્યનું શરીર તેને મળે છે. ૩૧. અને તે મનુષ્યશરીર પામ્યા પછી પણ જો ફરીવાર અધર્મને માર્ગે ચાલે તો તેને ઉપર કહ્યા તે એકેએક દુઃખ પામવાના રહે છે. તેવા અધર્મીને ભગવાન અને સંતોની જરૂર મનાતી નથી. જો સાચી વાત સમજીને તેમને માને તો ચોક્કસ તે જીવનું રૂડું થાય. ૩૨. સંતોનાં જેવું બીજું કોઈ નથી કે જે જીવનું કાર્ય સુધારે. પરંતુ તે પાપી જીવ સંતોથી દૂર રહીને પોતાનું કામ બગાડે છે. તેને જ્યાં સુધી સાચા સંતોની ઓળખાણ નથી ત્યાં સુધી તે અસંતને પણ સંત માનતો રહે છે. ૩૩. તેને જ્યારે પવિત્ર સંતોની ઓળખાણ થાય ત્યારે તેનાં જન્મ અને મરણ ટળી જાય છે. દુર્બુદ્ધિને દૂર કરાવી દે એવા સાચા સંત પારખવાની શક્તિ વિના ઓળખાતા નથી. ૩૪.

❋ સંતના લક્ષણ તથા આવશ્યકતા :

चोपाई :

संत होय निस्प्रेह रहावे, नारी धन में नहीं लपटावे;
नारी धन की करे निंदा जेहि, साचे संत हि जानना तेहि...३५
विषय मात्र कहावत जेता, ताकुं जानत विष सम तेता;
ताको संग न करत कबहु, देह में प्रान रह त्यां लगहु...३६

જે સાચા સંત હોય તે અત્યંત નિઃસ્પૃહ હોય. સ્ત્રી અને ધનમાં તેઓ લપટાતા-બંધાતા નથી. જે સંત સ્ત્રી અને ધનની નિંદા કરતા હોય તેને જ સાચા સંત સમજવા. ૩૫. તે સંતો જેટલા સારા સારા વિષય કહેવાય છે

તે બધાને ઝેર સમાન માને છે. તે સંતો જ્યાં સુધી પોતાનાં શરીરમાં પ્રાણ રહે ત્યાં સુધી તે ક્યારેય વિષયનો સંગ કરતા નથી. ૩૬.

જ્યાં કામ-વિષયભોગ હોય છે ત્યાં પરમેશ્વર રહેતા નથી અને જ્યાં પરમેશ્વર હોય છે ત્યાં કામ-વિષયભોગ હોય નહીં. જેમ સૂર્ય અને રાત સાથે રહેતા નથી તેમ કામ અને રામ સાથે ન રહે.' ૩૭. શ્રીહરિએ કહેલી આટલી વાત સાંભળીને સદ્‌બુદ્ધિવાળા જે લોકો હતા, તેમણે તરત જ સત્સંગ સ્વીકાર્યો અર્થાત્ તેઓ નિયમધારીને સત્સંગી થયા અને કુસંગનો ત્યાગ કર્યો. ૩૮. જ્યારે અર્ધી રાત થઈ ત્યારે શ્રીહરિ પોઢી ગયા. પછી થોડો વરસાદ આવીને બંધ થઈ ગયો. ૩૯. બધા સંતો ધ્યાન લગાવીને બેસી ગયા. જ્યારે અરુણોદય થયો ત્યારે તેઓ બધા 'સ્વામિનારાયણ ધૂન' કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ અજ્ઞાની જનોને કલ્યાણના માર્ગનો ઉપદેશ કર્યો' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર છઠ્ઠું : તરંગ - ૩૮

શ્રીહરિ ઉતાવળા ભોંયરા ગામ આવ્યા અને નાજા ભક્તની રક્ષા કરી

સંતો જ્યારે ધૂન કરતા હતા ત્યારે શ્રીહરિ જાગીને પલંગમાં બેઠા.પછી ત્યાંથી નીકળવાને માટે તરત જ તૈયાર થયા. ૧. બધા દરબારો ઘોડેસવાર થઈને સત્વરે ત્યાં આવી ગયા. શ્રીહરિ પણ તૈયાર થઈને અશ્વ ઉપર બેઠા. ૨. સંતોના રથ તૈયાર થયા ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'અત્યારે હું અગાઉથી ભોંયરા ગામ જાઉં છું. તમે બધા સંઘ લઈને ધીરે ધીરે આવજો; હું ત્યાં રોકાઈશ. ૩. ત્યાં એક કાઠી (નાજા જોગિયા) હરિભક્ત રહે છે. હમણાં જ તે ભોંયરા ગામ આવ્યા છે. તે ઘેર હોય કે ન હોય હું તેને મળવાની તજવીજ કરીશ. ૪. વાજસુર ખાચર નામે જસદણના રાજા છે. અને ભોંયરા ગામ તે રાજાનું છે. વાજસુર ખાચર ભોંયરા ગામમાં આવીને રહે છે. ૫.

તેઓ અમારાં દર્શન કરવાની ઈચ્છા રાત દિવસ કર્યા કરે છે. જો તેઓ ભોંયરા હશે તો તેમને મળવાનું થાશે. અને મળશું તો તેની બુદ્ધિ(સમજણ)ને અમે જોઈશું. ૬. મળ્યા સિવાય બુદ્ધિની ખબર પડે નહિ. કાઠી દરબારોમાં તેઓ બુદ્ધિશાળી છે. કાઠી દરબારોમાં તેમના જેટલો મોટો ગરાસ કોઈને નથી. અને એને ભાગદાર બીજો કોઈ ભાઈ પણ નથી. ૭. તેમને એક જ પુત્ર છે માટે બધો ગરાસ પણ તેને એકને જ રહેશે. વાજસુર ખાચરને ધર્મ ઉપર ભાવના છે અને તેને અધર્મ ગમતો નથી. ૮. આ પંચાળ પ્રદેશમાં જેટલા ચોર છે તે બધા તેમનાથી થર થર ધ્રૂજતા રહે છે. તેમના જેટલાં ગામ છે. તેમાં કોઈ ચોર ચોરી કરવા આવતા જ નથી. ૯.

જસદણ રાજ્યની જેટલી પ્રજા છે તે બધી કોઈ કુરીતે-કાયદા બહાર ચાલતી નથી. જો તે રાજ્યમાં કોઈ જીવની હત્યા કરે તો તરત જ તેને દંડ કરવામાં આવે છે. ૧૦. દારૂને પાપરૂપ જાણીને તેણે દારૂ પીવાનુ છોડી દીધું છે. અમને પ્રસિદ્ધ ધર્મમય જાણીને તે રાત દિવસ મળવાને ચાહે છે. ૧૧. ધર્મ પાળનારાને જો બીજો ધર્મ પાળનારો મળે તો તેને ઘણો જ આનંદ થાય છે પણ ધર્મ પાળનારાને જો કોઈ અધર્મી માણસ ભેળો થઈ જાય તો તેનો બધો જ આનંદ ખોવાઈ જાય છે.' ૧૨.

આટલું કહીને શ્રીહરિ ચાલતા થયા. ગામથી બહાર આવ્યા. અશ્વને ખૂબ જ તેજ ગતિથી દોડાવ્યો અને **ભોંયરા** ગામ પહોંચ્યા. ૧૩. જે જેઠસૂર ભક્ત રાબા ચારણ હતા તે ભોંયરા ગામના કાઠી ભક્ત (નાજા જોગિયા) ને સમાચાર આપવા ગયા હતા. તેણે જઈને તે કાઠી ભક્તને શ્રીહરિ પધારવાના સમાચાર કહ્યા. ૧૪. તે કાઠી ભક્ત અપાર પ્રેમી હતા. તેમના પ્રાણ નેત્રમાં આવીને લગાર રહ્યા હતા. જ્યારે તેમણે શ્રીહરિને પધારવાના સમાચાર સાંભળ્યા ત્યારે તત્કાળ તેમના પ્રાણો પાછા દેહમાં આવી ગયા. ૧૫.

"ભગવાન શ્રીહરિ પધારે છે" આવો શબ્દ સાંભળતાની સાથે ગયેલા પ્રાણ નવા થઈને આવ્યા. કેમ જે, દરબાર વાજસુર ખાચરે તે ભક્તને બોલાવીને ડારો દીધો હતો કે "તમે સારા સત્સંગી કહેવાઓ છો. ૧૬. જો આવતી કાલે તારા પ્રભુ સ્વામિનારાયણ અહીં આવે અને મને દર્શન આપે

તો તેને હું સાચા ભગવાન માનું અને જો કાલ બપોર પહેલા ન આવે તો હું તેમને પ્રભુ માનું નહિ. ૧૭. હવે હું બપોર લગી વાટ જોઉં છું. જો નહિ આવે તો તને મોટા ગુનેગારના જેવી શિક્ષા કરીશ.' તેથી કાઠી ભક્ત નાજા જોગિયાના જાણે પ્રાણ શરીરમાંથી નીકળી ગયા હોય એમ શરીરની કાંઈ સૂધબૂધ રહી ન હતી. ૧૮.

અને કાઠી નાજા ભક્ત આખી રાત ધ્યાનમાં બેસી રહ્યા. 'ભગવાન તરત ક્યાંથી આવશે ? હવે તો ચોક્કસ મૃત્યુ થશે. તેમાં કોઈ સંદેહ નથી. હવે તેને માટે બીજો ઉપાય પણ શું કરવો ? ૧૯. જો ભાગીને ક્યાંય જતા રહે તો સત્સંગની લાજ જાય, અપકીર્તિ થાય. ગયેલી લાજ ફરીથી આવે નહિ. હવે સત્સંગમાં મુખ કેમ દેખાડવું ? હવે તો ભગવાનને જેમ ગમે તેમ કરે.' ૨૦. તે કાઠી ભક્તનું દુઃખ જાણીને શ્રીહરિ તરત આવ્યા. તે સમાચાર સાંભળીને નાજા ભક્તને અપાર આનંદ થયો. તેઓ તત્કાલ શ્રીહરિની સન્મુખ દોડીને આવ્યા. તેમને શરીરની કાંઈ સંભાળ રહી નહિ. ૨૧. હજી તો દિવસ બે ઘડી જ ચડ્યો હતો. તેટલીવારમાં તો શ્રીહરિ તરત જ આવી પહોંચ્યા હતા. એટલે તે ભક્ત શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. કંઠ ગદ્‌ગદ થઈ ગયો અને હૃદય ભરાઈ આવ્યું. ૨૨. મનમાં આનંદ અને ઉત્સાહ એટલો બધો ઊપજ્યો કે જે કહી શકાતો નથી.

તે વેળાએ મરક મરક હસતા શ્રીહરિ બોલ્યા, 'તમને તો બહુ ઉત્સાહ થતો જણાય છે. આનું કાંઈ કારણ હોવું જોઈએ.' ૨૩. ત્યારે તે ભક્તે બંને હાથ જોડ્યા અને શ્રીહરિને કહ્યું. 'આજ આપ જો ન આવ્યા હોત તો મારું મોત પાસે જ આવી ગયું હતું. ૨૪. આપે મને મોતથી ઉગાર્યો છે અને ઘણી મોટી સહાય કરી છે. તે જોઈને મને આનંદ થાય છે. તેને હું મારા મુખથી કહી શકતો નથી.' ૨૫. નાજા ભક્તે જે વાત બની હતી તે બધી પછી કહી. ત્યારે મુખ આડો રૂમાલ રાખીને શ્રીહરિ મંદમંદ હસવા લાગ્યા. ૨૬. પછી શ્રીહરિ સાથે જે દરબારો હતા તેમને શ્રીહરિએ તે વાત કહી સંભળાવી અને કહ્યું, 'આજ તો આ નાજા ભક્તનું મોત આવ્યું હતું. પણ હરિઇચ્છાથી આપણે અહીં દોડીને આવી ગયા.' ૨૭.

પછી નજીકમાં જ સુંદર અને સ્વચ્છ પાણી હતું. ત્યાં જઈને શ્રીહરિ ઊભા રહી ગયા. અને કહ્યું, 'હવે કોઈ વાતની ઉતાવળ નથી. આ ભક્ત ઊગરે એટલા માટે જ અમે જલદીથી આવ્યા. ૨૮. હવે સહુ આનંદથી સ્નાન કરો. બધા જ સંકટોનો નાશ થઈ ગયો છે. અમે જે દરબાર વાજસુર ખાચરને માટે આવ્યા હતા તેઓ તો જસદણથી અહીંયાં જ આવી ગયા છે. ૨૯. અહીંયાં નાજા જોગિયા એક જ હરિભક્ત છે. તે તો અહીંયાં આવીને મળી ગયા છે. હવે બધી વાત પૂરી થઈ ગઈ છે. હવે જે સંતોના રથ પાછળ રહી ગયા છે તેમને અહીં આવવા દો.' ૩૦. આવું બોલીને શ્રીહરિ શૌચ કરવા (જંગલ) ગયા અને પાછા આવી તે કાઠી નાજા ભગતને દરબારની પાસે મોકલ્યા અને કહ્યું, 'હવે તમારે માથે કોઈ જાતનો ભય નથી. અમે આવી ગયા છીએ એટલે તમે નિર્ભય થઈ ગયા છો.' ૩૧. પછી શ્રીહરિ ત્યાં સ્નાન કરવા રોકાયા અને નાજા જોગિયા દરબાર વાજસુર ખાચરની પાસે આવ્યા. દરબાર પહાડ ઉપર મોટો કિલ્લો કરાવીને તેમાં રહેતા હતા. ૩૨.

આ કિલ્લો ક્યાં અને કોણે કરાવ્યો હતો ?

(આ વિસ્તારનું નામ મોતીસરની વીડી છે. તેની પર્વતમાળામાં વિકા ખાચરે આ કિલ્લો કરાવ્યો હતો. તે ભોંયરા ગામથી બે કી.મી. જેટલો દૂર છે. વિકા ખાચર હિંગળાજ માતાના ભક્ત હતા. કરાંચી નજીક હિંગળાજ દેવીની મુખ્ય પીઠ છે ત્યાં દર્શનાર્થે સં.૧૬૬૦માં વિકા ખાચર ગયા ત્યારે હિંગળાજ માતાએ તેને દર્શન આપી કહ્યું, 'તમો મોતીસરની વીડીના ડુંગર પર ગઢ કરો અને તમારી સમૃદ્ધિ ત્યાં રાખજો તથા ત્યાં મારુ એક દેરુ કરજો. એમાં રહી હું તમારા રાજ્ય તથા સંપતિની રક્ષા કરીશ.' તેથી સં.૧૬૬૦ થી ૧૬૬૨ની સાલમાં આ ડુંગર ઉપર વિકા ખાચરે ગઢ-કિલ્લો બાંધ્યો. હિંગળાજ માતાજીના કહેવાથી બાંધ્યો તેથી તેને **હિંગોળગઢ** કહેવાય છે. તેના નિચાણમાં ગામ વસ્યું છે તે ગામનું નામ પણ હિંગોળગઢ છે. આ ગઢ તેની પરંપરામાં છઠ્ઠા વારસદાર વાજસુર ખાચર (બીજા)ને મળ્યો.) દરબાર વાજસુર ખાચરે પણ પોતાની જેટલી રાજસમૃદ્ધિ હતી તે બધી કિલ્લામાં રાખી હતી. આ કિલ્લાની

અંદર રહેલો વિશાળ રાજમહેલ હતો અને ખાનપાન વગેરેની બધી સગવડ પણ ત્યાં કરાવી હતી. ૩૩.

પહાડ ઉપર કિલ્લામાં પાણીના ટાંકાઓ પણ ભર્યાં રહેતાં હતાં. એટલે ક્યારેય પાણી ખૂટતું નહિ. કોઈ શત્રુ ત્યાં પ્રવેશ ન કરે એટલે કિલ્લા ઉપર સતત ચોકી કરાતી હતી. ૩૪. કિલ્લામાં જેટલા બુરજ હતા તેના ઉપર બધી તોપો ગોઠવેલી હતી. શત્રુઓ તો તે તોપોને દેખીને થર થર ધ્રૂજી જાતા હતા. ૩૫. નાજા જોગિયા નામે તે કાઠી હરિભક્ત દરબારની પાસે આવ્યા અને તેમને બધી વાત કહી. ૩૬. 'હે દરબાર ! આપના પુણ્યને લીધે ભગવાન સ્વામિનારાયણ આવી ગયા છે અને ગામની બહાર તેઓ સ્નાન કરે છે. હું આપને તેમના સમાચાર કહેવા આવ્યો છું.' ૩૭. રાજ્ય સિંહાસન ઉપર બેઠેલા દરબારને ઘણો આનંદ થયો અને "સહજાનંદસ્વામી ખરા છે, તેઓ સાચા સત્પુરુષ છે." આવું બોલ્યા. ૩૮. 'હે કાઠી ! તારો સત્સંગ સત્ય છે અને તું ભાગ્યશાળી છો. હવે મારો કોઈ જોર ભર્યો આગ્રહ નથી. તારી વાત સત્ય છે.' આવું તેમણે કહ્યું. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ ઉતાવળા ભોંયરા આવ્યા અને નાજાભક્તની રક્ષા કરી' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર છઠ્ઠું : તરંગ - ૩૯

ભોંયરા ગામમાં વાજસુર ખાચર અને શ્રીહરિનો મેળાપ

પછી રાજા વાજસુર ખાચરે દાતણ કર્યું. અને જ્યારે દાતણ કરી રહ્યા ત્યારે શ્રીહરિની સન્મુખ જવા માટે તરત તૈયાર થયા. ૧. પોતાની જેટલી સવારી હતી. તે બધી તૈયારી કરાવી. ડંકા, નિશાન અને વાજિંત્ર બધાં તૈયાર થઈને આવ્યાં. ૨. તેમણે દૂધમાં સાકર નાખીને તરત પી લીધું. ઘોડેસવાર થઈને પહાડના કિલ્લા ઉપરથી નીચે ઊતર્યા. ૩. સત્વરે શ્રીહરિની પાસે પહોંચ્યા અને ઘોડા ઉપરથી નીચે ઊતર્યા. દરબારનાં મનમાં આનંદ થયો. અને

જે કુમતિ લોકો હતા તે શોક કરવા લાગ્યા. ૪. દરબાર શ્રીહરિનાં ચરણોમાં આવીને પડ્યા. હૃદયમાં ઘણો આનંદ ભર્યો હતો. સાથે પાંચ શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિ આગળ ભેટ ધર્યા. ૫.

શ્રીહરિની સાથે જે દરબારો હતા, તેમને સહુને દરબાર વાજસુર ખાચર મળ્યા. શ્રીહરિની સાથે આવેલા સંતોને પગે લાગ્યા. તેના મનમાં અત્યંત આનંદ થયો. ૬. દરબાર વાજસુર ખાચરે હાથ જોડ્યા અને કહ્યું, 'હે પ્રભુ ! આપ મારી વિનંતીને સાંભળો. હાલમાં આપ શ્રીનગર (અમદાવાદ)માં છો આવી ખબર મને કોઈએ આપી હતી. ૭. તેથી મેં તમારું સાચ જોવા માટે આજની પ્રતિજ્ઞા નાજા જોગિયા સાથે કરી હતી. જો આપ આજે આવ્યા ન હોત તો મને મોટી હાય લાગે એવું મારે હાથે એક મોટું નુકશાન થઈ જાત. ૮. મારા વડે હરિભક્તનો કાંઈક દ્રોહ થઈ જાત. મારાં મનમાં આવો પાપરૂપ મોહ થયો હતો. પણ આપે મને તે પાપથી બચાવી લીધો અને ભક્તપ્રતિપાલક કે ભક્તવત્સલ જેવું આપનું બિરુદ તેને તમે સત્ય કર્યું છે. ૯. આપે મને કહ્યુ હતું (કોટડાથી નીકળ્યા ત્યારે) કે, હું ક્યારેક આવીશ. તે વાત આજે સાકાર થઈ. હવે જેમ આપ કહો તેમ હું કરીશ. તેમાં એક પગલું પણ હું પાછો નહિ પડું. ૧૦.

હું આપના બંધનમાં આવ્યો છું. આપ મારો ઉદ્ધાર કરો. મારે માટે જ આપ અહીંયાં પધાર્યા છો. આપ ન આવ્યા હોત તો મને દર્શન ક્યાંથી થાત ? ૧૧. ગોપીઓ અને ગોવાળોની જેણે રક્ષા કરી હતી તે જ આપ સત્યસ્વરૂપ હરિ છો. આપે દ્રૌપદી અને પાંડવોની સહાય કરી હતી. ઝૂડના મોઢામાંથી આપે હાથીને છોડાવ્યો હતો. ૧૨. આવો અનંત પ્રતાપ ગ્રંથમાં ઠેકઠેકાણે લખ્યો છે. તે આપનો પ્રતાપ આપે અત્યારે સાક્ષાત્ જણાવી દીધો છે. ૧૩. હે પ્રભુ ! મારી ભૂલોનો તો કોઈ પાર જ નથી. તે ભૂલો સામે જો આપ જોશો તો અમારો ક્યારેય ઉદ્ધાર નહિ થાય. ૧૪. જેમને સત્સંગ થયો છે તે તે રાજાઓની તો વાત નથી કહેતો પરંતુ એ સિવાયના જે જે રાજાઓ છે તે બધા કુસંગમાં રચ્યા પચ્યા રહે છે. માટે તેમના પાપનો તો પાર લઈ શકાય તેમ નથી. ૧૫.

તે રાજાઓને સમજાવે કોણ ? અને કદાચ કોઈ સમજાવવા જાય તો તેનું કાંઈ ચાલે નહિ. જેને સમજાવવાનો હોય, તેનાથી સમજાવનારો જો મોટો હોય તો તેનાથી જે નાનો હોય તે, કાંઈક વાતને માને. ૧૬. અને રાજાની પાસે રહેનારા જે મનુષ્યો હોય છે તે બધા તો પોતાનો સ્વાર્થ સાધવામાં જ તત્પર હોય છે. અને પોતાના સ્વાર્થમાં જ નિપુણ હોય છે. આપના સમાન જે હોય તે જ તેમની મદદ કરી શકે છે. ૧૭. જે સત્સંગની સહાય કરે એવા લોકો તો દુર્લભમાં દુર્લભ છે અને સત્સંગ ઉપર સહેજે વૈર રાખનારા કુબુદ્ધિ લોકો તો અનંત હોય છે. ૧૮. ધર્મને અને અધર્મને જે વૈર છે તે તો મનુષ્યોમાં પણ દેખાય છે. ધર્મ ઉપર અધર્મને એવું વૈર છે કે તે ધર્મનું માથું જ ફેરવી નાખે છે. ૧૯. જ્યારે આપ ધર્મની સહાય કરો છો ત્યારે અધર્મનું કાંઈ ચાલતું નથી. અંતે તો ધર્મનો જ વિજય થાય છે અને અધર્મ પોતાની લાજ-આબરૂને ખુએ છે. ૨૦. અધર્મવાળાને લેશમાત્ર લાજ-શરમ નથી. તે લાજને ખુએ છે છતાં ધર્મવાળાનો દ્વેષ કરે છે.'

ત્યારે શ્રીહરિ વાજસુર ખાચર પ્રતિ બોલ્યા, 'દરબાર ! ભલે, તમે આવું બધું જાણો છો. ૨૧. પણ દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને ધ્યાન એ આઠ છે. તે પણ શુભ અને અશુભ એવા બબ્બે પ્રકાર છે. તેમના સહુના ગુણ ભિન્ન ભિન્ન છે. વ્યક્તિના હૃદયમાં જેવો ગુણ પ્રવેશ કરે તેવા ગુણની પ્રવૃત્તિ તેમાં થાય છે. ૨૨. જે મનુષ્ય દેશકાળ આદિને ઓળખે અને તેની અસર ન થાય તે રીતે જો તેનાથી ન્યારો રહે, તો જ તેનું કાંઈક ઠેકાણું રહે છે. તે વિના તો તરત જ તેની મતિ ફરી જાય છે. ૨૩. કોણ પુત્ર ? કોણ પિતા ? કોણ માતા ? કોણ બંધુ ? કોણ ગુરુ ? અને કોણ શિષ્ય ? જ્યારે વિપરીત અશુભ દેશકાળની અસર થાય ત્યારે એક પલકમાં તે બધા જુદા થઈ જાય છે. ૨૪.

❋ પાત્રતા હોય તો ગુણ રહે :

તેમાં પણ જે રાજાઓ છે તે તો ક્યારેય ગુણને ઓળખતા નથી અને તેમને અભિમાનનો તો પાર જ નથી હોતો, તે કારણથી જ અમે એવા

મોટા અભિમાની કોઈ રાજાને શિષ્ય બનાવતા નથી. ૨૫. રાજ્ય, ધન અને અધિકારને તો પરમેશ્વર આપે છે. તે સિવાય તો તપ કરીને કોઈ મરી જાય તોપણ કોઈ રાજાને રાજ્ય, ધન કે સત્તા મળતી નથી. ૨૬. વધારે વરસાદનું જમીન પર પડેલું બધું પાણી નાની નદીમાં સમાતું નથી. મોટી નદીમાં જ સમાય છે. નાની નદીમાં તો સમાતું નથી તેમ ટકતું પણ નથી. જ્યાં સુધી વરસાદ રહે ત્યાં સુધી જ તેમાં પાણી રહે છે. અને વરસાદની ઋતુ જાય પછી તેમાં પાણી રહેતું નથી. અને મોટી નદીમાં તો બારેમાસ પાણી રહે છે. ૨૭.

તેમ જે મોટી નદીની જેમ યોગ્ય પાત્ર હોય તેમાં જ ગુણ કાયમ રહી શકે છે. પણ નાની નદીની જેમ જે પાત્ર નથી તેને ગુણને જીરવવા ઘણા કઠણ છે. જેમ કે, કુપાત્ર એવા રાવણ, કંસ, શિશુપાલ વગેરે સદ્‌ગુણોના પ્રસિદ્ધ દ્રોહી થઈ ગયા છે, ૨૮. અને હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ, તેમના જેવા કોઈ રાજા થયા નથી. પણ જેમની કૃપાથી તેમને રાજ્ય મળ્યું હતું તેમનો જ તેમણે દ્રોહ કર્યો હતો. ૨૯. અને પછી તેમને દ્રોહ કર્યાનું ફળ પણ એવું જ મળ્યું હતું. કેમજે, જેવી સેવા કરે ને જેવા ગુણો હોય એવું જ દરેકને ફળ મળતું હોય છે. જેમકે, જેવું ઝાડ હોય તેવું તેમાં ફળ આવે છે. તે તો પ્રત્યક્ષ દેખાય છે. ૩૦.

✵ પોતાનો દોષ દેખાય તે પ્રભુકૃપા :

चोपाई :

हरिकृपा बिन दोष निज केरा, देखेमें न आवे कोउ वेरा;
निज को दोष देखाय जाकुं, हरि की कृपा जानना ताकुं...३१
निज को दोष जाने विन कबहु, मोक्षरूप गुन न आवत तबहु;
मोक्षरूप गुन बिन गुन ओरा, सोहत नाहिं देखे कोउ ठोरा...३२

ભગવાનની કૃપા વિના પોતાના દોષ ક્યારેય દેખાતા નથી. જેને પોતાના અવગુણ દેખાતા-ઓળખાતા હોય તેના ઉપર ભગવાનની કૃપા છે એમ માનવું. ૩૧. પોતાના દોષ-અવગુણને જાણ્યા વિના ક્યારેય મોક્ષરૂપી ગુણ આવતો નથી. મોક્ષરૂપી ગુણ વિના બીજા ગુણો શોભે એવું અમે ક્યાંય જોયું-અનુભવ્યું નથી. ૩૨.

पुरुषप्रकृति पाताल प्रजंता, मोक्षरुप गुन बिन लुक्ष देखंता;
देहिक सुख मिले वार न पारा, सोइ दुखरुप जिय के अपारा...३३
हरि बिन चिंतवन जीय में जेता, सो गुन विन असार हे तेता;
चिंतवन हरि विन जितनो जाई, दोष में दोष कहे यह ताई...३४

પ્રકૃતિ પુરુષના લોકથી લઈને પાતાળ પર્યંત મોક્ષરૂપી ગુણ વિનાનું બધું લૂખું દેખાય છે. જીવને દૈહિક સુખ અપાર મળ્યું હોય તોપણ તે પરિણામે તો જીવને અપાર દુઃખરૂપ જ થાય છે. ૩૩. જીવમાં ભગવાન સિવાયનું બીજું જે જે ચિંતવન થાય છે તે તો મોક્ષરૂપી ગુણ વિનાનું અને અતિ અસાર છે. જેટલું ભગવાન સિવાયનું ચિંતવન થાય છે તે જ બધા દોષોમાં મોટામાં મોટો દોષ કહ્યો છે. ૩૪.

ભગવાન સિવાયનું બીજું ચિંતવન તો કાકવિષ્ઠા જેવું છે. આવું જે સમજે ત્યારે તે ગુણવાન થયો; એમ સમજવું. બીજા લોકોમાં દોષો તો અપરંપાર ભર્યા હોય છે. પણ તેમાં જેટલા ગુણો હોય તે જ ગ્રહણ કરવા; એ જ સાર બાબત છે. ૩૫. આપણું આ શરીર નખથી શિખાપર્યંત અસારરૂપ છે. **દેહમાં જે જેટલો સાર માને તેમાં તેટલો દોષ કહેવાય.** અહીં (શરીર અંગે) દોષ કે મોહ, બંનેને એક જ કહેવાય છે. જે બુદ્ધિમાન હોય તે આ વિવેકને જાણે છે.' ૩૬.

શ્રીહરિ આટલી વાત કહી રહ્યા તે વખતે પાછળ રહી ગયેલો બધો સંઘ આવ્યો. તે વખતે ત્યાંથી આગળ ચાલવાની તૈયારી કરી અને સહુને કાંઈક ટીમણ કરાવ્યું. ૩૭. દરબાર વાજસુર ખાચરે બે હાથ જોડીને કહ્યું, 'હે મહારાજ ! આપ તો આજ મારા માટે જ પધાર્યા છો. મને દર્શન દેવા આવ્યા છો, તો મારું કામ પૂરું કરો. ૩૮. હે નાથ ! મારા ગામમાં પધારો. આપની વાટ જોતા જોતા ઘણા દિવસ વીતી ગયા, હવે મારો હાથ ગ્રહો-પકડો. મારે ઘેર આવીને રસોઈ જમો. ૩૯. જમ્યા પછી જ ચાલવાની વાત કરજો. હું વિનંતી કરીને કહું છું કે આપ અમારો ઉદ્ધાર કરો.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'ભોંયરા ગામમાં વાજસુર ખાચર સાથે શ્રીહરિનો મેળાપ' એ નામે ઓગણચાળીસમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર છઠ્ઠું : તરંગ - ૪૦

ભોંયરાના દરબારગઢમાં વાજસુર ખાચરે શ્રીહરિની પધરામણી કરી

દરબાર વાજસુર ખાચરની શુદ્ધ ભાવના જોઈ ત્યારે શ્રીહરિ ભોંયરા ગામમાં પધાર્યા. ત્યારે આગળના ભાગમાં વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતાં હતાં અને શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા હતા. ૧. શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે અશ્વને સોનેરી સાજથી શણગાર્યો હતો. અને શ્રીહરિએ પણ પોતાનાં અંગ ઉપર સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. ૨. શ્રીહરિનાં મસ્તકે સોનેરી છત્ર ધાર્યું હતું. અને બંને બાજુએ ચામર ઢળી રહ્યાં હતાં. આમ શ્રીહરિ બજારે ચાલ્યા આવતા હતા. ૩. શ્રીહરિને આવતા દેખીને ગામના અપાર નરનારીઓ સન્મુખ આવ્યા. સૌ દર્શન કરવા માટે બજારમાં ઊભા રહ્યા. ૪. બધાના હાથમાં એકેક શ્રીફળ હતું. શ્રીહરિ જ્યારે તેમની પાસે આવતા ત્યારે તે ભેટ મૂકતાં અને બંને હાથ જોડીને ચરણોમાં પડતા હતા. સહુનાં હૃદયમાં ઘણો જ ઉત્સાહ હતો. ૫.

લોકો પરસ્પર એવી વાતો કરતાં હતાં કે, "આપણાં અનંત જન્મ વીતી ગયા છતાં ક્યારેય આવી મૂર્તિનાં દર્શન થયા નથી." સહુને મૂર્તિ દેખીને તૃપ્તિ થાતી નહિ. ૬. તે વખતે બધા લોકોની નેત્રની વૃત્તિ શ્રીહરિની મૂર્તિમાં લપેટાઈ ગઈ હતી. તેમની નેત્રવૃત્તિ એવી ચોંટી ગઈ કે ઉખાડી પણ ઊખડતી નહિ. તેથી સહુ શ્રીહરિની પાછળ તણાઈ આવતા હતા. ૭. સ્ત્રીઓ મોતીના થાળ ભરીને ધર્મના લાલ શ્રીહરિને વધાવવા લાગી. વેપારીઓએ બજારને સુંદર રીતે શોભાડી દીધી હતી. શ્રીહરિનાં દર્શન કરીને બધાના જીવ પવિત્ર થઈ ગયા. ૮. દુકાનોનાં બધા જ બારણાઓમાં મોતીનાં તોરણ બાંધ્યા હતા. અનેક પ્રકારના ઉલેચ અને

બિલોરી કાચના ઝાડ બાંધ્યા હતા. ૯. બારણાની બાજુમાં કેળના સ્તંભ રોપ્યા અને તેના ઉપર કુંકુમનાં છાંટણાં નાખ્યા. શણગારેલા સોનાના કળશ બધા ઘરોના આગળને બારણે સ્થાપી દીધા. ૧૦.

મંગળરૂપ દીપ પ્રકટાવ્યા અને ધૂપ કર્યા. આવી બજાર અતિશય સોહામણી લાગતી હતી. શ્રીહરિની આગળના ભાગમાં સોનેરી નિશાન ફરકતાં હતાં. ૧૧. ડંકાના અને વાજિંત્રોના શબ્દોથી આકાશ ભરાઈ ગયું હતું. પાર્ષદો બંદૂકોના અવાજ કરતા હતા. તેના પડઘા આકાશમાં અને પર્વતોમાં સંભળાતા હતા. ૧૨. બ્રહ્મા, શંકર અને દેવરાજ ઇન્દ્ર એ બધા દેવો વિમાનમાં બેસીને આવ્યા. તે વિમાનોથી આકાશ છવાઈ ગયું હતું અને તે દેવતાઓ ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરતા હતા. ૧૩. ગાંધર્વો મૃદંગ વગાડતા હતા. અપ્સરાઓ નાચતી હતી, સાથોસાથ વિવિધ વાજિંત્રોને વગાડીને મધુર સ્વરે ગાન પણ કરતી હતી. ૧૪. આવી શોભા બની હતી ત્યારે શ્રીહરિ બજારમાં ચાલ્યા આવતા હતા. સવારી બધી રમણીય લાગતી હતી. ત્યારે શ્રીહરિ હરિભક્ત નાજા જોગિયાને ઘેર પધાર્યા. ૧૫.

એક સુંદર પલંગ બિછાવી દીધો, તેના ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. બધા સંતોને ઉતારો કરાવ્યો અને દરબારોને જુદો ઉતારો આપ્યો. ૧૬. દરબાર વાજસુર ખાચર શ્રીહરિની પાસે બેઠા. સવારી પોતાને સ્થાને ગઈ. શ્રીહરિના સંઘમાં જેટલા ઘોડા અને બળદો હતા તેના માટે દરબારે લીલું ઘાસ મગાવ્યું. ૧૭. જેટલું રસોઈ માટેનું સીધું જોઈએ તે અને ઘી, દળેલી સાકર, ચોખ્ખા પાણી માટેના ઠામ અને અડાયાં છાણાં વગેરે પુષ્કળ મગાવ્યાં. ૧૮. ચોખા, દાળ, મીઠું અને મસાલા અને સારું દૂધ એ બધું તત્કાળ મગાવ્યું. રસોઈ બનાવવાના ત્રણ ચોકા કર્યા. જેટલું જોઈએ તેટલું સીધું અપાવ્યું. ૧૯. વર્ણી અને સાધુના એમ બે ચોકા થયા. સહુ રસોઈ બનાવવા લાગ્યા. જે નાગર બ્રાહ્મણ કહેવાતા હતા તેમનો ત્રીજો ચોકો કર્યો હતો. ૨૦.

બધી જ રસોઈ સાથે તૈયાર થઈ. ત્યારે ત્રિભુવનનાથ શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. દરબાર વાજસુર ખાચર પણ જમવા માટે પોતાના દરબારગઢમાં ગયા. ૨૧. શ્રીહરિએ પાણીથી ચરણ ધોયા. પછી આવીને બાજોઠ ઉપર બેઠા. જોગિયા નાજાભક્તે અત્યંત ઉત્સાહથી વર્ણીની પાસે શ્રીહરિ માટેનો થાળ

કરાવ્યો હતો. ૨૨. વર્ણી બંને થાળ શ્રીહરિની પાસે લાવ્યા અને ધરાવ્યા. એક થાળમાં દૂધપાક, પૂરી અને તુરિયાનું શાક બનાવ્યું હતું. ૨૩. એક થાળમાં બાજરાનો રોટલો અને ભાજી ધરાવી હતી. શ્રીહરિ ઘણા જ પ્રેમ ભાવથી સરસ રીતે તે થાળ જમ્યા. ૨૪. પછી દૂધપાક અને રોટલી જમ્યા પછી ભાત લીધો. તેમાં દહીં અને સાકર લીધી. જમ્યા પછી ચળું કરીને જળપાન કર્યું. ૨૫. હાથ અને મુખ ધોયા પછી મુખવાસ લીધો. મનમાં ઘણા જ ઉત્સાહથી સંતોને અને દરબારોને પીરસવા આવ્યા. ૨૬.

સંતો તેમજ દરબારો અને પાર્ષદો એ બંને પણ પંગત કરીને બેઠા. તેમાં શ્રીહરિ અનેક પ્રકારના ભોજન પીરસવા માટે આવ્યા. ૨૭. સંતોને શ્રીહરિએ પ્રેમથી પીરસ્યું. તેવી જ રીતે દરબારોને અને પાર્ષદોને પણ પ્રેમથી પીરસ્યું. સહુ જ્યાં સુધી જમ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસવા ફરતા રહ્યા. ૨૮. છેલ્લે ભાત અને દહીં પીરસ્યાં. દહીં પીરસવામાં રેલમછેલ મચાવી દીધી.

શ્રીહરિ જે પહેલો થાળ જમ્યા હતા તેની પ્રસાદી નાજાભક્તને આપી. ૨૯. સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. પછી આવીને પલંગ ઉપર બેઠા. તે વખતે દરબાર વાજસુર ખાચરના દીવાન ત્યાં આવ્યા. ૩૦. તેણે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'પ્રભુ આપ મારી વિનતિ સાંભળો. અમારા મહારાજાને રાજદરબારમાં આપની પધરામણી કરાવવી છે. ૩૧. માટે દરબારે ત્યાં આપને આદરભાવથી બોલાવ્યા છે. તેથી હે મહારાજ ! આપ જરૂર પધારો અને સંતો, દરબારો, પાર્ષદો અને બીજા સત્સંગીઓ સહુને સાથે લાવજો. ૩૨.

બધા વાજિંત્રો વગાડતાં વગાડતાં તે રીતે આપ આવો. અમારા રાજા આજે ઘણા જ ખુશ મિજાજમાં છે. બધી સવારી પણ સાથે લાવજો. તમને કોઈ અટકાવશે નહિ. ૩૩. અમારા રાજાની સવારી હમણાં જ આવી રહી છે. તે સહુ આપની સાથે ચાલશે. આ બાજુ શ્રીહરિની સવારી તૈયાર થઈ રહી તેટલીવારમાં તો દરબારી સવારી પણ આવી ગઈ. ૩૪. દરબારે ડંકા અને નિશાન મોકલ્યા હતા. તેમજ તેની સાથે ચોપદારોને પણ મોકલ્યા હતા. ઢોલ, ત્રાંસા, ભેરી અને તુરાઈ, રણસિંગા અને શરણાઈ પણ વાગતી હતી. ૩૫.

શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા અને ચોપદાર "જય જય"નો ઉચ્ચાર કરતા હતા. ઘોડાના બધા સાજ સોનેરી હતા. તેનાથી શોભા અદ્‌ભુત બની ગઈ હતી. ૩૬.

જાણે સૂર્યનું મંડળ ચાલી રહ્યું હોય તે રીતે શ્રીહરિ બજારે ચાલતા હતા. પહાડી કિલ્લાની ઉપર શ્રીહરિની સવારી તે સમયે ચઢવા લાગી. ૩૭. શ્રીહરિ જ્યારે હિંગોળગઢના કિલ્લાને દરવાજે પહોંચ્યા ત્યારે દરબાર વાજસુર ખાચર સામે આવ્યા. ઘનશ્યામ શ્રીહરિની સવારી દેખી એટલે દરબાર ઘણું જ રાજી થયા. ૩૮. દરબારે કચેરીને સુંદર રીતે સજાવી દીધી હતી. કચેરીની શોભા તો જાણે ઇન્દ્રની અમરાવતી નગરી નહોય.!! તેવી કરી હતી. ૩૯. સોનાના મોટા સિંહાસન ઉપર ગાદીતકિયા બિછાવી દીધા હતા. દરબારે પોતાના હાથે શ્રીહરિનો હાથ પકડીને તે સિંહાસનમાં શ્રીહરિને બેસાડ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'ભોંયરાના દરબારગઢમાં વાજસુર ખાચરે શ્રીહરિની પધરામણી કરી' એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર છઠ્ઠું : તરંગ - ૪૧

ભોંયરામાં વાજસુર ખાચરે કરેલી શ્રીહરિની પૂજા અને શ્રીહરિએ કહેલા હિતવચન

દરબારના દીવાન ખાનામાં બધે મોતીના ઉલેચ બાંધી દીધા હતા અને દરેક દરવાજામાં મોતીનાં તોરણ બાંધીને સુશોભિત બનાવી દીધાં હતાં. ૧. વિવિધ પ્રકારના બિલોરી કાચનાં ઝાડ લટકાવી દીધાં હતાં અને રંગબેરંગી ગાલીચા પાથરી દીધા હતા. ૨. તે સમયે સંતો, વર્ણીઓ, દરબારો, બીજા હરિભક્તો, દરબારના બધા અધિકારીઓ ત્યાં આવીને બેઠા. ૩. ત્યારે દરબારે પૂજાપાના થાળ ભરી ભરીને મગાવ્યા. દરબારી સેવકો તેને તત્કાળ લાવ્યા અને તે બધા શ્રીહરિની આગળ મૂક્યા. ૪. કસ્તૂરી અને અત્તર નાખેલ કેસરી ચંદનનાં કટોરા ભર્યાં હતાં. વિવિધ પ્રકારના ફૂલહાર મગાવ્યા હતા. તેનો તો કોઈ પાર જ ન હતો. ૫.

હરખભર્યા દરબાર વાજસુર ખાચર શ્રીહરિની પૂજા કરવા ઊઠ્યા. કેસરયુક્ત ચંદન લઈને સરસ રીતે પ્રેમથી શ્રીહરિને ચરચ્યું. ૬. ઘણા અલૌકિક ભાવથી લલાટમાં અને ચરણોમાં ચંદન ચરચ્યું. ચરણોમાં સોળ ચિહ્ન દેખ્યા. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. જે વિશાળ લલાટમાં ઝગમગ જ્યોતિ કરતું હતું. ૭. બધો જરિયાની પોશાક અને વિવિધ પ્રકારના સોનાનાં ઘરેણાં પહેરાવ્યાં. છાતી ઉપર મોતીના હાર પહેરાવ્યા. ભુજાઓ ઉપર બાજુબંધ અને મસ્તકે તોરા ધરાવ્યાં. ૮. કાનમાં મકરાકાર કુંડળ પહેરાવ્યાં. મસ્તકે પાઘ બાંધી. તેના ઉપર શિરપેચ બાંધીને જડાઉ કલગી મૂકી. ૯. ભારે માંહેલી સોનેરી શાલ લઈને શ્રીહરિનાં અંગ ઉપર ઓઢાડી. સુગંધી મોગરાની કળીઓના હાર શ્રીહરિના કંઠમાં પહેરાવ્યા. ૧૦. પછી કપૂરથી આરતી કરીને અલૌકિક લાભ લીધો.

❋ દરબારની સ્તુતિ :

તે પછી દરબારે બે હાથ જોડીને સ્તુતિ કરી. તેમણે કહ્યું, આપનાં ચરણોમાં મારું મન કાયમ રહે. ૧૧. આપના ભક્તોની સાથે ક્યારેય કુબુદ્ધિ ભર્યું વર્તન થાય નહિ. આપના સિવાય બીજી સમૃદ્ધિ ન જોઈએ. આપના સંતો અને હરિભક્તો બધા મારા ઉપર કૃપા દૃષ્ટિ રાખે. ૧૨. મનુષ્યનું આ શરીર પંચભૂતથી બન્યું છે. તેમાં કાંઈ સાર નથી. હાડકાં, માંસ અને ચામડાંથી તે બનેલું છે. તેની અંદર મળ અને મૂત્ર ભર્યાં છે. ૧૩. વ્યતિરેક એવો જીવ આ શરીરમાં અન્વયપણે રહ્યો છે. તેના યોગથી આ શરીર ચૈતન્ય જેવું જણાય છે. કેમ જે, ચૈતન્યના યોગ વિના દેહ જડ છે. ૧૪. તેલયુક્ત વાટને જ્યારે અગ્નિનો જોગ થાય છે ત્યારે દીવો પ્રકટે છે અને તેનાથી પ્રકાશ અને દાહકતા અનુભવાય છે. વાટથી અગ્નિ છૂટો પડી જાય તો તેમાં અગ્નિનો ગુણ રહેતો નથી. ૧૫. આવી જ જીવ અને શરીરની રીત છે. જ્યારે જીવને પ્રધાનપણે દેહનું અભિમાન આવે છે ત્યારે દેહના ગુણો જીવમાં આરોપિત થવાને લીધે જીવ વિપરીત ગુણવાળો થઈ જાય છે. ૧૬.

હે મહારાજ ! હવે આપ જેવું વચન કહેશો તેને હું મારા જીવનમાં દૃઢ કરીને રાખીશ. જીવ જ્યારે આપનાં વચન પ્રમાણે વરતે ત્યારે તેને કાળ અને

માયા પીડે નહીં. ૧૭. આપનાં વચનમાં રહેવાથી સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ એ ત્રણ પ્રકારના કર્મોનો નાશ થઈ જાય છે. તેથી જન્મમરણ અને લખચોરાશી વગેરેનું બધું દુઃખ પણ ટળી જાય છે; પરિણામે જીવ સુખી થાય છે. ૧૮. અને આ શરીરમાં જેટલું મમત્વ હોય તે બધું ટળી જાય છે. જીવે શરીરના અહં-મમત્વને લીધે જ અપાર દુઃખ ભોગવ્યું છે અને તેને લીધે જ લખચોરાશીનાં દુઃખનો પાર આવ્યો નથી. ૧૯. હવે મને એક આપનાં સ્વરૂપનું જ જ્ઞાન સતત રહે. આપનાં સિવાયનું કાંઈપણ મને સાર ન મનાય, બધું અસાર મનાય.'

દરબારની આવી પવિત્ર ભાવના જોઈને શ્રીહરિ ખુશ થયા અને બોલ્યા, ૨૦. 'હે દરબાર ! જો તમે અમારું વચન રાખો તો હું તમને પ્રેમથી કહું. હેત-પ્રીત ન હોય તો અમે કોઈને કાંઈ કહેતા નથી. તમને અમારા ઉપર પ્રેમ છે એવું જાણીને અમે આ કહીએ છીએ. ૨૧. રાજા આગળ કાંઈ બોલવું હોય તો પહેલા તેની મરજી જોવી જોઈએ. તેની મરજી વિના કાંઈ બોલાય નહિ. જો કોઈ રાજાની મરજી દેખ્યા વિના બોલે તો તેનો અધિકાર છૂટી જાય છે. તે પદભ્રષ્ટ થાય છે. ૨૨. જો એકવાર તેમની મરજી તૂટી, તો ફરીવાર ઠેકાણે આવે નહિ. ભલેને કરોડો પ્રયત્ન કરવામાં આવે ! રાજાઓનો આ સહજ સ્વભાવ છે અને તે દરેક રાજામાત્રના દેહમાં રહ્યો છે. ૨૩.

સર્પ, સિંહ અને ચિત્તાની મરજી પારખીને તેની સાથે ખેલ કરાય. તેની મરજી વિના તેની સાથે ખેલ કરાય નહિ. અને જો ખેલ કરવામાં આવે તો ચોક્કસ તેમાં કાંઈ મોટું વિઘ્ન થાય. ૨૪. જે મનુષ્ય રાજાની મરજીને ઓળખે તો તેને વિઘ્ન આવે નહીં. અને ઊલટાની તેને દિન પ્રતિદિન મોજ મળતી રહે છે અને જો મરજીને ચૂકી જાય તો બધી મોજ મારી જાય છે. ૨૫. રાજાની સેવા કરવી તે તો નટના ખેલ જેવી છે. જો નટ ખેલી જાણે તો તેને મોજ મળે અને જો ચૂકી જાય તો મોત થાય છે. ૨૬. રાજાની વાણી સફળ રહે છે. તે નિષ્ફળ જાય નહિ. તે રીઝે તો બધું મળે અને ખીજે તો બધું જાય. રાજાનું હૃદય કોમળમાં પણ અત્યંત કોમળ હોય છે અને કઠોરમાં પણ અતિ કઠોર હોય છે.' ૨૭.

શ્રીહરિએ આટલી વાત કરી. વાજસુર ખાચરને જે વચનો કહ્યા તેવું બોલતા તો શ્રીહરિને જ આવડે. બીજા કોઈથી તો રાજા આગળ ક્યારેય કાંઈ બોલી શકાય નહિ. અને પછી શ્રીહરિ ફરીને બોલ્યા, ૨૮. 'હે દરબાર ! હવે જે વચન કહીએ છીએ તે જો તમારી મરજીમાં આવે, તમને ગમે, તો તેને કબૂલ કરજો અને જો ન ગમે, ન ફાવે તો તજી દેજો. ૨૯. અમે સાધુ છીએ અને તમે રાજા છો. અમારે તમારી પાસેથી કાંઈ કામ નથી. જે રાજાઓના પણ રાજા પરમેશ્વર છે. તેમની આગળ બીજા કોઈનું કાંઈ ચાલતું નથી. ૩૦. પરમેશ્વરના દરબારમાં તો દીવાન 'ધર્મ' છે. અને ધર્મનું વચન પ્રમાણરૂપ ગણાય છે. જ્યારે ધર્મની સહી થાય ત્યારે પરમેશ્વરરૂપી રાજા તે વાતને સ્વીકારે-માને છે. ૩૧. અહીંયા જેવા રાજા હોય તેવા તેના દીવાન હોય છે. અને જેવા રાજામાં ગુણ રહ્યા હોય તેવા ગુણ દીવાનમાં આવે છે. ૩૨.

હે દરબાર ! પરમેશ્વરની મરજીને અમે જાણીએ છીએ. એટલે તેમની મરજી પ્રમાણે અમે તમને કહીએ છીએ. કોઈ માણસ ચોરી કરે તોપણ ક્યારેય મનુષ્યને દેહાંત દંડ દેવો નહિ. મારી નાખવો નહિ. ૩૩. કોઈ માણસ મોટી ચોરી કરે તો તેને કેદમાં રાખવો. પછી તપાસ કરીને તેને કાંઈક દંડ કરવો. ગરીબ હોય તો તેને સજા કરવી અને પછી તેના જામીન લેવા. ૩૪. જેનો કોઈ જામીન ન થાય તો તેને જન્મટીપની સજા કરવી. તેને કબજે રાખીને તેની પાસે કામ કરાવવું કે જેથી તે ફરીને ક્યારેય દુષ્કર્મ કરે નહિ. ૩૫. જામીન લીધા વિના ચોરને ક્યારેય છોડી મૂકવો નહિ. તેને બમણો દંડ કરવો જેથી તે ફરીને ભૂલ કરે નહિ. ૩૭.

રાજા, દિવાન અને પટેલ તેમની મરજી જોઈને જ બધા ચોર ચોરી કરતા હોય છે. તેમની મરજી વિના ચોરી થઈ શકે નહિ. ૩૮. બધી ઈન્દ્રિયો ચોર છે અને અંતઃકરણ દીવાન (પ્રધાન) છે અને જીવ રાજા છે. તે ઉપરનાની મરજી વિના ક્યારેય કુમાર્ગે ચાલી શકે નહીં. નીચેના ધોરણ બહાર જાય નહિ.' ૩૯. ત્યારે દરબાર વાજસુર ખાચરે હાથ જોડીને કહ્યું, આપ કાંઈ બીજું આજ્ઞાવચન કહો. તમે જે આ વચન કહો છો તે વચન પાળવું ઘણું કઠણ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'ભોંયરાના વાજસુર ખાચરે શ્રીહરિની કરેલી પૂજા અને શ્રીહરિએ કહેલા હિત વચન' એ નામે એકતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર છઠ્ઠું : તરંગ - ૪૨

શ્રીહરિ ભોંયરામાં વાજસુર ખાચરને વ્રતમાન-નિયમ આપીને સરધાર પધાર્યા.

દરબાર વાજસુર ખાચરે સંતો, વર્ણીઓ અને દરબારોની પૂજા કરી. કેસરયુક્ત ચંદનની અર્ચા સહુના લલાટમાં કરી અને ફૂલહાર પહેરાવ્યા. ૧. બધા વિપ્રો અને બીજા હરિભક્તોને ફૂલહાર પહેરાવ્યા અને સંતોને તથા વર્ણીઓને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. ૨. પછી તે સમયે શ્રીહરિવરે ઊભા થઈને અતિ કરુણા કરીને ખૂબ પ્રેમ આપીને દરબાર વાજસુર ખાચરને પોતાનો પ્રસાદીનો હાર પહેરાવ્યો. પછી વિચાર આવતા દરબાર થોડા ઉદાસ થઈ ગયા. કારણ કે તેઓ શ્રીહરિનાં આજ્ઞાવચનને માની શક્યા ન હતા. તેમને એવો વિચાર આવ્યો કે "એક દિવસ તો આ શરીરનો નાશ થવાનો જ છે. પછી તે ચોરોને કોણ મારશે ? ૩-૪. મારાં વચનની ટેક શ્રીહરિએ રાખી. પણ હું તેમનું એકપણ વચન માની શક્યો નહિ. શ્રીહરિ તો સ્વયં સાધુપુરુષ છે. હું તેમની આજ્ઞાને માનું કે ન માનું. તે બાબતનો તેમને કાંઈ હર્ષ-શોક નથી. ૫. 'આપનું વચન હું માનીશ.' આવું મેં કહ્યું હતું. છતાં તે વચન મેં રાખ્યું નહીં. તેનાથી તેમને દુઃખ લાગ્યું હોય તેમ દેખાતું નથી. પણ અત્યારે મારા મનમાં અશાંતિ થઈ ગઈ છે. હવે શ્રીહરિનાં વચનને માન્યા સિવાય મારું હિત થાય તેવું મને લાગતું નથી." ૬.

દરબારે પોતાના જીવમાં એમ દૃઢ નિશ્ચય કર્યો. પછી બંને હાથ જોડીને તેઓ બોલ્યા, 'હે મહારાજ ! હું આપના વચનને માનીશ. આપ પ્રસન્ન થઈને મને નિયમ આપો.' ૭. પછી શ્રીહરિએ દરબારને વ્રતમાન-નિયમ ધરાવ્યા. ત્યારે દરબારનાં મનમાં શાંતિ થઈ, અત્યંત સુખ થયું. દરબારે નિયમ ગ્રહણ

કર્યા તે, તેમની સાથે રહેનારા નિર્દય લોકોને ગમ્યું નહિ. પણ દરબારે તેમને રોક્યા-અટકાવ્યા. ૮. તે નિર્દય લોકોને દરબારે પડકારીને ડારો દીધો અને કહ્યું કે 'મેં જે નિયમ લીધા છે તે સ્વેચ્છાથી લીધા છે. શ્રીહરિ તો અત્યંત સાધુ સ્વભાવવાળા છે. દુનિયામાં આવા ગુરુ ક્યાંય મળવાના નથી. ૯. આ શ્રીહરિ તો મોટા સિદ્ધોમાં પણ શ્રેષ્ઠ સિદ્ધ છે. સમર્થોમાં અતિશય સમર્થ છે, મોટા રાજાઓના પણ રાજા છે. છતાં તેમના મનમાં કોઈપણ જાતનું જરાય અભિમાન નથી. ૧૦. પરમ દયાળુ શ્રીહરિ તો એવા છે કે તેઓ જે ધારે તે તત્કાળ જ કરી શકે છે. કોઈ માણસનું ધાર્યું ક્યારેય થાતું નથી પણ અત્યારે આ શ્રીહરિએ મારા ધારેલા સંકલ્પોને સફળ કર્યા છે. ૧૧.

શ્રીહરિની મોટાઈને મેં દેખી છે. તેમની આગળ આપણી મોટાઈ તો કાંઈ જ ન ગણાય. હવે તો આપણું પોતાનું અહિત-ભૂંડું ન થાય તેવો જ સંકલ્પ મનમાં કરવો જોઈએ. ૧૨. આપણે અપાર અયોગ્ય-પાપો કર્યાં છે, તેનાથી આ શ્રીહરિ આપણને બચાવી લેશે. જીવમાત્રના નાડી-પ્રાણ તેમના હાથમાં છે. તેમની આગળ આપણું કાંઈ ચાલે તેમ નથી.' ૧૩. આવું કહીને ત્યાં બીજા જે પાપી-કુકર્મીઓ હતા તેમને દરબાર વાજસુર ખાચરે તલભાર પણ બોલવા દીધા નહિ. પછી 'હે મહારાજ ! અમારી સંભાળ લેજો.' આવું બોલીને શ્રીહરિને વિદાય આપી. ૧૪. અને દરબાર બોલ્યા, "હે પ્રભો ! અમે અપાર પાપ કર્યાં છે. જો આપ તેને દિલમાં વિચારશો તો અમારો ઉદ્ધાર ક્યારેય નહિ થાય. હે નિર્દોષ શ્રીહરિ ! આપ બીજાના દોષોને-પાપોને જોતા નથી. ૧૫. અમૃતમાં ઝેર ન હોય અને ઝેરમાં ક્યારેય અમૃત ન હોય; આપે અમારા દોષરૂપી ઝેરનો નાશ કરીને અમૃત જેવા ગુણ અમને આપ્યા છે.' ૧૬.

જ્યારે દરબાર આટલી વાત કરી રહ્યા ત્યારે તરત જ શ્રીહરિ ચાલતા થયા. દરબાર ઊભા થઈને શ્રીહરિના ચરણોમાં પડ્યા. ત્યારે ગળું ભરાઈ આવ્યું અને આંખોમાં આંસુ ઊભરાયા. ૧૭. ત્યારે શ્રીહરિએ કહ્યું, "હે દરબાર ! તમારા જે વંશજો થશે તે બધા રૂડી બુદ્ધિવાળા થાશે. તેઓ મોક્ષમાર્ગના દ્રોહી નહિ થાય. હું તમને આટલું વચન આપું છું." (અત્યારે તેમના વંશમાં દરબાર સત્યજીત ખાચર છે અને તેમના પુત્ર શિવકુમાર છે.) ૧૮.

દરબાર વાજસુર ખાચરને આટલું વચન કહીને શ્રીહરિ ભોંયરા ગામથી ચાલતા થયા અને **સરધાર** ગામ પહોંચ્યા. ત્યાંના હરિભક્તોને સમાચાર મળ્યા એટલે બધા મનના ઘણા જ ઉત્સાહથી સન્મુખ આવ્યા. ૧૯. ત્યાંના ગામધણી દરબાર તોંગાભાઈ અને વેરાભાઈ જાડેજા હતા. તેમજ હકાભાઈ નામે એક હરિભક્ત હતા. ૨૦. વણિક કમળશીભાઈ, ગોવર્ધનભાઈ અને ઈન્દ્રજી આદિ અપાર હરિભક્તો આવ્યા. સહુ ચરણોમાં નમી પડ્યા. દર્શન કરીને બધાને ઘણો જ આનંદ થયો. ૨૧. સંતોને અને વર્ણીઓને પગે લાગ્યા. શ્રીહરિની સાથે આવેલા દરબારોને ઘણી જ ભાવનાથી ભેટ્યા.

દરબારે મશાલો કરાવી. ઢોલ અને ત્રાંસા વગેરે વાજિંત્ર મગાવ્યાં. ૨૨. તૈયાર થઈને જ્યારે બધા ગામમાં આવ્યા ત્યારે વાજિંત્રોનો અવાજ સાંભળીને ગામના બધા લોકો દોડી આવ્યા. બજારમાં અપાર લોકો ભેળા થયા. કેટલાક તો ફૂલહાર લઈને આવ્યા. ૨૩. બધા સત્સંગની બધી રીતને જાણતા. તેથી શ્રીહરિને પ્રેમે સહિત ફૂલહાર પહેરાવતા. પુરવાસી લોકો શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને ખુશ ખુશાલ થઈ ગયા હતા. અને તેમને શ્રીહરિનાં દર્શન કરતાં તૃપ્તિ જ થતી ન હતી. ૨૪. ગામવાસીઓને દર્શન દેતાં દેતાં શ્રીહરિ બજારે ચાલ્યા. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. દરબાર શ્રીહરિને પોતાના દરબારગઢમાં લઈ આવ્યા. ૨૫. શ્રીહરિ જ્યારે જ્યારે સરધારમાં પધારતા ત્યારે ત્યારે દરબાર તોંગાજી જાડેજા મનના અતિશય ઉત્સાહથી અને અતિ પ્રેમભાવથી શ્રીહરિને પોતાનાં ભવનમાં પધરાવતા. ૨૬. દરબાર તોંગાજીએ પોતાના ભવનમાં હિંડોળા ખાટ બિછાવી દીધી અને તેના ઉપર શ્રીહરિને પધરાવીને ઘણા જ પ્રેમથી ઝુલાવ્યા. ૨૭.

ગામમાં મંદિર બનાવ્યું હતું, તેમાં સંતોને અને વર્ણીઓને ઉતાર્યા. સાથે જે હરિભક્તો હતા તેમને પણ ઉતારા અપાવ્યા. ૨૮. આમેય જે હરિભક્તો શ્રીહરિની સાથે હોય તેનું ધ્યાન શ્રીહરિ પોતે નિત્ય રાખતા. તેમનો ઉતારો, સવાર-સાંજનું જમવાનું વગેરે બાબતમાં વારંવાર પૂછતા રહેતા. ૨૯. હરિભક્તોને માટે તો શ્રીહરિ એક જ આધારરૂપ હતા. શ્રીહરિ વિના તો તેઓ પોતાને નિરાધાર માનતા. જ્યારે હરિભક્તો પોતાના ઘેરથી

બહાર નીકળતા ત્યારે તેમને તો બધો જ પ્રદેશ પરદેશ ગણાતો. ૩૦. જ્યારે શ્રીહરિ ઘણું જ હેત રાખે ત્યારે હરિભક્તોને પણ શ્રીહરિ ઉપર ભાવ વધતો હતો. જ્યાં જ્યાં સત્સંગ થયો હતો ત્યાં ત્યાં શ્રીહરિનું ઉતારા માટેનું ભવન રહેતું. ૩૧. અને જે શ્રીહરિ માટેનું ભવન રહેતું તે જ સંતો માટેનું પણ ગણાતું. અન્ન અને વસ્ત્રમાં કોઈ વધારે જુદાઈ ન હતી. અને બીજી બાબતમાં તો જેવો જેનો ધર્મ હોય તે તેને અનુરૂપ ચાલતા. ૩૨. શ્રીહરિ ત્યાગીઓના અને ગૃહસ્થોના જેવા ધર્મ હોય તે પ્રમાણે તેમની પાસે પળાવતા. જેના જેવા ધર્મ નિયમ હોય તેનો ક્યારેય લોપ થવા દેતા નહિ. ૩૩.

કોઈ ક્યારેય પોતાનો ધર્મ ચૂકી ન જાય તેનું શ્રીહરિ રાત દિવસ ધ્યાન રખાવતા. જેમાં જેટલો ધર્મ દેખાય તેને અનુસારે શ્રીહરિ તે ભક્તને તેટલો બોલાવતા. ૩૪. ધર્મ-નિયમોનું પાલન કરીને જે કોઈ ભક્તિ કરે તેને શ્રીહરિ સ્વીકારતા. જ્ઞાન, વૈરાગ્ય અને અત્યંત ત્યાગ પણ જો ધર્મેરહિત હોય તો તેને શ્રીહરિ કબૂલ રાખતા નહિ. ૩૫. કોઈ ભક્તને શ્રીહરિનો નિશ્ચય તો ઘણો હોય પણ જો તેનું વર્તન ધર્મથી બારું હોય - ધર્મનો લોપ કરતો હોય તો શ્રીહરિ તેના ઉપર પ્રસન્ન થતાં નહિ. પછી ભલેને તે કરોડો જન્મો સુધી ભક્તિ કરતો રહે..! ૩૬. કોઈ ભક્ત રાતદિવસ ભગવાનનું ધ્યાન કરતો હોય, પણ જો તે યથાર્થરૂપમાં ધર્મને પાળતો ન હોય, તો શ્રીહરિ તે ભક્તને વિમુખ જાહેર કરી દેતા. શ્રીહરિ ધર્મરહિત ભક્તને ચાહતા નહિ. ૩૭. દરબારે વર્ણી અને સંતોની પાસે રસોઈ તૈયાર કરાવી. પછી જ્યાં વર્ણીએ રસોઈ કરી હતી ત્યાં શ્રીહરિ થાળ જમવા પધાર્યા. ૩૮. જ્યાં સંતોએ રસોઈ કરી હતી ત્યાં શ્રીહરિ પહેલા ગયા. શ્રીહરિએ ખૂબ જ રાજીપાથી જોયું કે સંતોએ ત્યાં ખીચડી બનાવી હતી. ૩૯. પછી શ્રીહરિ વર્ણીને રસોડે પધાર્યા. બંને ચરણ ધોયા અને પછી જમવા માટે બાજોઠ ઉપર ઉલ્લાસથી બેઠા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ ભોંયરામાં વાજસુર ખાચરને વ્રતમાન-નિયમ આપીને સરધાર પધાર્યા' એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર છઠ્ઠું : તરંગ - ૪૩

દરબાર તોંગાજીએ સરધારમાં રોકાવા માટે શ્રીહરિને વિનંતી કરી

શ્રીહરિ થાળમાં જે ભોજન જમ્યા તે સંતોને પણ આપ્યું. પછી હાથ અને મુખ ધોયા અને મુખવાસ લીધો. ૧. સંતોને અને દરબારોને દર્શન દેવા માટે શ્રીહરિ તેમની પાસે જઈને બેઠા. હોંશીલા બધા સંતો અને દરબારો પ્રસન્ન મનથી જમવા બેઠા. ૨. સંતો જ્યાં સુધી જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિએ તેમને દર્શન દીધાં. જ્યારે જમીને સહુ ઊઠ્યા ત્યારે તેમને શ્રીહરિએ કહ્યું, 'સવારે ઊઠીને તરત જ ચાલવું છે.' ૩. પછી શ્રીહરિએ ચરણોમાં બે ચાખડીઓ પહેરીને બધા પાર્ષદો સાથે ઉતારે આવ્યા. બે મશાલો કરાવી હતી. ૪. ત્યારે શ્રીહરિએ પિતાંબર ધોતી પહેરી હતી. હાથમાં રૂમાલ હતો. છાતી ઉપર ફૂલના હાર પહેર્યા હતા. ફૂલનાં બાજુબંધ ભુજાઓ ઉપર બાંધ્યા હતા અને ફૂલની પહોંચીઓ પણ પહેરી હતી. ફૂલના તોરા મસ્તકે લટકતા હતા. ૫. બંને કાન ઉપર ફૂલોના ગુચ્છ શોભતા હતા. મૂર્તિની શોભા જોઈને રતિપતિ કામદેવનું મન પણ લોભાઈ જતું હતું. ફૂલના હારથી પાઘ છવાઈ ગઈ હતી. જાણે ફૂલોથી જ પાઘ બાંધી નહોય ! ૬. સુંદર જરકસી કોરવાળો કસુંબી રેટો ખભા ઉપર નાખ્યો હતો. આવા શ્રીહરિ આવીને હિંડોળા ખાટ ઉપર બેઠા. તેમની છબી અદ્‌ભુત બની હતી. જેનું વર્ણન કરી શકાતું નથી. ૭. લલાટની વચ્ચે કુંકમનો ચાંદલો કર્યો હતો. તેને જોતાની સાથે લોકોનાં મન ખેંચાઈ જાતા હતા.

'સવારના પહોરમાં શ્રીહરિ અને સંતો નીકળવાના છે.' આવી વાત સાંભળીને દરબાર વગેરે સહુ મુક્તાનંદસ્વામીની પાસે આવ્યા. ૮. પછી દરબાર તોંગાભાઈએ બે હાથ જોડીને સ્વામીને કહ્યું, 'શ્રીહરિએ સવારમાં જ ચાલવાનું નક્કી કર્યું છે. તે સાંભળીને મનમાં દુઃખ થાય છે પણ શ્રીહરિની આગળ જઈને કોણ વાત કહે ?' ૯. સદ્‌ગુરુ રામાનંદસ્વામી અહીં વારે વારે આવતા. સૌને પ્યારથી બહુ દર્શન દેતા. આ સરધાર ગામને પોતાનું માનીને ઘણીવાર મહિનો, બે મહિના સુધી રહેતા. ૧૦. શ્રીહરિ તો અહીંયાં

પાંચ દિવસ પણ ટકતા નથી. તો સત્સંગ કઈ રીતે વધશે ? અમે શ્રીહરિને કહી શકતા નથી એટલા માટે આપને કહીએ છીએ. ૧૧. શ્રીહરિ આપનું કહ્યું કાંઈક માને છે, કારણ કે તેઓ આપને ગુરુના રૂપમાં જાણે છે.

ત્યારે મુક્તાનંદસ્વામીએ તેમને કહ્યું, 'ચાલો, હું તમારી સહુની સાથે આવું. ૧૨. ભાઈ રામદાસસ્વામી વૃદ્ધ છે. પહેલા આપણે તેમને પૂછીએ. વૃદ્ધ સંત કહે તેમ કરવું; તે સદાને માટે સુખરૂપ હોય છે. ૧૩. જો કે રામાનંદ સ્વામીએ તો પોતે જ કહ્યું છે કે 'શ્રીહરિ જેમ કહે તેમ જ કરવું. એ જ સદા સુખી થવાની રીત છે. ૧૪. શ્રીહરિ આ સત્સંગના ધણી છે. બધી જ જવાબદારી તેમના હાથમાં છે. તેઓ બધી બાબતને સાક્ષાત્ જાણે છે. માટે તેઓ આપણું હિત જ કરે છે. ૧૫.

આપણે તો ક્યારેક પોતાનું અહિત થતું હોય તેને પણ સમજી શકતા નથી. પણ શ્રીહરિની જ્ઞાનદૃષ્ટિ તો નિરાવરણ છે. તેઓ બધું જ જાણે છે. તેઓ જે કરે અને કહે તે બધું અત્યારે આપણા હિત માટેનું જ હોય. ૧૬. તોપણ ચાલો આપણે જઈને તમારી જે ઈચ્છા હોય તે શ્રીહરિને કહીએ. પછી જેમ શ્રીહરિ કહે તેમ તમારે કરવું. પરંતુ તમારી ઈચ્છા તો આવી હોવી જોઈએ કે, ૧૭. આપણે તો અરજ-પ્રાર્થના કરીએ. પણ પછી ગમતું તો સદાય શ્રીહરિનું જ કરવું છે. **શ્રીહરિ જે કરે તેમાં આપણું હિત જ છે. એમ માનનારાને કાંઈ કરવાનું રહેતું નથી.** ૧૮. શ્રીહરિ જે જે અને જેટલું કરશે તે તે અને તેટલું સત્સંગના હિતમાં જ હશે.' આવું બોલીને મુક્તાનંદસ્વામીએ ભાઈ રામદાસજીસ્વામી પાસે જઈને આ વાત કરી. ત્યારે ભાઈ રામદાસજીસ્વામીએ પણ મુક્તાનંદસ્વામીની જેમ જ કહ્યું કે, ૧૯.

આપણે તો શ્રીહરિ કહે તેમ જ કરવાનું હોય, કદાચ તે આપણી ઈચ્છાથી વિરુદ્ધ હોય, તોપણ તેમાં સ્વપ્નેય દુઃખ હશે નહિ. ગૃહસ્થ તો ઘરસંસારમાં રહ્યાં છે. તેથી તેમને તો વિનયપૂર્વક કહેવાનો ધર્મ છે. ૨૦. જો ગૃહસ્થ રોકવાની તાણ ન કરે, તો તે વિવેક વિનાનો કહેવાય. આવા મહેમાન ફરીને ક્યારે આવે ? ભગવાન શ્રીહરિની જે સેવા થાય તે જ સાચું ફળ છે. ૨૧.

❋ સંસારી લોકોનું કર્તવ્ય :

चोपाई :

घर में रेनेको फल हे इतना, हरि संत की बने सेवा जितना;
जा घर संत नहिं मजमाना, हरि कथा कीर्तन न रहाना...२२

ગૃહસ્થાશ્રમમાં રહેવાનું એટલું જ ફળ છે કે જેટલી શ્રીહરિ અને સંતોની સેવા બની આવે. જે ઘરમાં સંતોની મહેમાનગતિ થતી ન હોય, જે ઘરમાં ભગવાનની કથા કે કીર્તન થતા ન હોય, તે ઘરમાં તો જમદૂત આવીને નિવાસ કરે છે. તે ઘર તો સ્મશાન જેવું ગણાય. જીવને સંસારમાં અને દેહમાં જેટલી આસક્તિ હોય છે તે બધી સંતો આવીને છોડાવી દે છે. ૨૨-૨૩. સંતોમાં એવો ગુણ રહ્યો છે કે તેઓ જીવને શ્રીહરિનાં સ્વરૂપમાં ચાઈને આસક્તિ કરાવે છે. જે સંત થઈને પણ ભગવાનમાં હેત કરાવે નહિ અને ગ્રામ્યવાર્તામાં વિષયની વાતોમાં ચિત્ત લગાવી દેતા હોય. ૨૪.

તો તેવા સંતને સેવવા નહિ, તેમને તો પોતાના ઘેરથી રજા દઈ દેવી. જે સંત ભગવાનમાં હેત કરાવે એવા સંત પારખી લેવા જોઈએ. ૨૫. તમે હરિભક્તો શ્રીહરિને હાથ જોડીને કહો, ચાલો, અમે તમારી સાથે આવીએ. કહેવું તે તમારો ધર્મ છે. આપણે જઈને શ્રીહરિને વાત સંભળાવીએ.' ૨૬. પછી મુક્તાનંદસ્વામીને સાથે લઈને ભાઈ રામદાસજીસ્વામી દરબારની સાથે ચાલ્યા. પરમ નિપુણ આવા શ્રીહરિની આગળ દરબારે હાથ જોડીને વાત કહી. ૨૭.

"હે હરે ! આપ અહીંયાં ક્યારેક જ પધારો છો અને ક્યારેય થોડું વધારે રોકાતા નથી. આ ગામ અને ઘરબાર વગેરે બધું અમે આપને સમર્પણ કરી દીધું છે. ૨૮. આપમાં અમને જેવી પ્રીતિ છે તેવી પ્રીતિ દુનિયામાં કોઈની સાથે નથી. અને જેમાં જેને પ્રીત થઈ હોય તેને જ તે ઈચ્છે છે. અમે આપને શરણે થયા છીએ. એટલે આપને અહીંયા રોકવા ઈચ્છીએ છીએ. ૨૯. જે આપને રાખવા ઈચ્છે છે તેના ઘરે આપે રહેવું જોઈએ. અમે આપને વધારે કહી શકતા નથી. આપ જેમ કહેશો તેમ અમે કરશું. તેમાં પાછો પગ કરશું નહિ.' ૩૦.

ત્યારે મુક્તાનંદસ્વામીએ અને ભાઈ રામદાસજીસ્વામીએ કહ્યું, 'આ હરિભક્તો ઘણા અણમૂલા છે. જેનો જેવો ભાવ હોય તે પૂરો કરવો જોઈએ. ૩૧. જેનો જેટલો સત્સંગ હોય ત્યાં તમે એક, બે કે ત્રણવાર વિચરણ કરી આવ્યા છો.' ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'અમે આ સરધારમાં ત્રણવાર આવ્યા છીએ. ૩૨. ગઢપુર પ્રદેશમાં અમે ત્રણવાર આવ્યા છીએ અને શ્રીનગર(અમદાવાદમાં) બે વખત ગયા છીએ. સોરઠમાં અમે એકવાર જ ફર્યા છીએ. કચ્છ દેશમાં એકવાર ગયા છીએ. ૩૩. વીસનગર એકવાર ફરી આવ્યા છીએ. સિદ્ધપુર જવું હતું પણ સમય મળ્યો નહિ. વડતાલ પ્રદેશમાં એક જ વાર ફર્યા છીએ. સુરત અને વડોદરા જવું છે પણ તે બંને શહેર દૂર રહી ગયા છે. ૩૪. જ્યારે દેશકાળ અનુકૂળ હોય છે ત્યારે ત્યાં જવાનું થાય છે. હરિભક્તોને અમારે વિષે ભક્તિભાવ તો ઘણો જ છે પણ અમે પહોંચી વળતા નથી. ૩૫.

જ્યારે હરિભક્તો પરસ્પર મળતા હોય છે ત્યારે તેઓ ઘણા જ રાજી થતા હોય છે અને જ્યારે સંતો મળે છે ત્યારે તો અપાર આનંદ થતો હોય છે, તેનો કહે પાર આવતો નથી. ૩૬. હરિભક્તો અને સંતોના ઉપર જે હેત અને તેને લીધે જે આનંદ થાય છે તે તો અમારા સંબંધને કારણે છે. પણ જ્યારે અમે સ્વયં આવીએ ત્યારનાં સુખની તો વાત જ શી કહેવી ? એકલો આનંદ અને આનંદ જ અનુભવાય છે. ૩૭. અમે સહુની ભાવનાને જાણીએ છીએ. હરિભક્તોને અમારી ઉપર જેટલો ભાવ છે તેટલો જ ભાવ અમને પણ તે ભક્તો ઉપર છે. એમ દૃઢ ઠરાવ કરી સમજી રાખવું. ૩૮.

सोरठा : सत्संग में जितनो भाव, तितनो भोग सुख मिल हि तेहि;
तामें जितनो अभाव, सुख में तितनो फेर रहहि...३९

જેને સત્સંગમાં જેટલો ભાવ હોય તેને તેટલા ભોગ-સુખ મળે છે અને જેને સત્સંગનો જેટલો અભાવ હોય તેટલો તેને સુખમાં ફરક રહે છે. ૩૯. જેટલો ભાવ મંદ હોય તેટલી શ્રદ્ધા પણ મંદ જ હોય. અને તેથી ફળ અને પાંદડાં વિનાનાં વૃક્ષની જેમ તેનાં હૃદયમાં આનંદ પણ ન રહે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'દરબાર તોંગાજીએ શ્રીહરિને સરધારમાં રોકાવા વિનંતી કરી' એ નામે ત્રેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર છઠ્ઠું : તરંગ - ૪૪

શ્રીહરિએ દરબાર તોંગાજીને કુસંગરૂપી અધર્મની વાત કહી

શ્રીહરિ દરબાર તોંગાજીનો ભાવ જોઈને હરિભક્તોનું હિત કરવા માટે ફરી બોલવા લાગ્યા. કારણ કે વાત કર્યા સિવાય હિત થાતું નથી. ૧. હરકોઈ બાબતમાં સારમાં સાર વાત છે. તેની રીત જાણવી જોઈએ. રીત વિનાની અમૃત જેવી વાત પણ ઝેરના જેવી વિપરીત થઈ જાય છે. ૨. વાત કરતાં આવડે તો આખું જગત વશ થઈ જાય છે અને વાત કરતાં ન આવડે તો ભયંકર વૈર બંધાઈ જાય છે. જ્ઞાની માણસ પૂર્વાપર હિતાહિતને જોઈ શકે છે કહેતા સમજી શકે છે અને અજ્ઞાનીને તો જે કાંઈ પકડાણું હોય તે એક જ તાન રહે છે. ૩. રસો તો અપાર છે. તે બધા જો જુદા જુદા રાખવામાં આવે તો તેના ઉપર પ્યાર થાય છે અર્થાત્ એનો સ્વાદ આવે છે. અને જો બધા રસોને એક કરી નાંખવામાં આવે તો બધું નિરસ થઈ જાય છે. (તેમ વાત કરવામાં પણ અનંત જુદા જુદા રસ રહ્યા છે. તેને સમજ્યા વિના બધુ ભેળુ કરી નાંખે તો સાંભળનારાને સ્વાદ આવે નહિ. માટે વાતનો વિષય, વ્યક્તિ અને સમય-સંજોગ પ્રમાણે વિવેક રાખવો જોઈએ.) ૪. હરિભક્તની અને કુસંગીની રીત સાવ જુદી જ હોય છે. જ્યારે જગતના સંત અને સત્સંગના સંત તેમના શુભાશુભ વર્તનથી જુદા દેખાઈ આવે છે ત્યારે સત્સંગના સંતોની અલૌકિક રીત જોઈને સત્સંગ ઉપર પ્રેમ થાય છે. ૫.

જે વર્ણાશ્રમના નિયમોને સારી રીતે પાળે છે તેટલો તેમના ઉપર સહુને પ્રેમ રહે છે. પણ સારા વર્તન વિના કોઈને હેત થાય નહીં. ૬. જેટલા લોકો સુરીતમાં ચાલે છે તેમાં તેટલો અમૃતરસ રહ્યો છે એમ જાણવું. અને જે લોકો કુરીતમાં મર્યાદાનો ત્યાગ કરીને વર્તે છે તેમાં તેટલું હળાહળ ઝેર

રહ્યું છે એમ જાણવું. ૭. સુરીતમાં-ધર્મમર્યાદામાં અપાર સુખ રહ્યું છે અને કુરીતમાં તો દુઃખનો કોઈ પાર જ નથી. બ્રહ્મા, ભવ અને દેવરાજ ઈન્દ્રાદિક જેવા શક્તિશાળી બીજા રાજાઓ નથી. ૮. અને આ બધા તો જગતના ઈશ્વર કહેવાય છે, તેનાથી અધિક સામર્થ્યવાળો બીજો કોઈ રાજા નથી. છતાં પણ જો તેઓ જેટલા અનીતિમાં ચાલે છે તેટલા તેપણ અતિશય દુઃખને જ પામે છે. ૯.

નીતિરૂપી પુરમાં ધર્મનો વાસ છે. તે ધર્મની પાસે જ ઈશ્વર રહે છે અને જ્યાં ઈશ્વર રહે છે ત્યાં બધું જ સુખ આવીને રહે છે. અને ત્યાં કોઈપણ જાતનું દુઃખ ક્યારેય આવતું જ નથી. ૧૦. અને અનીતિરૂપ નગરમાં અધર્મ રહ્યો છે. ત્યાં ઈશ્વર ક્યારેય પણ પગ મૂકતા નથી. જ્યાં ઈશ્વર નથી હોતા ત્યાં અનંત પ્રકારનું દુઃખ રહ્યું જ હોય છે. ત્યાં ક્યારેય લેશમાત્ર પણ સુખ રહેતું નથી. ૧૧. સત્સંગરૂપી એક પ્રસિદ્ધ મહાનગર છે. તેમાં હરિભક્તોએ નિવાસ કર્યો છે. બધા સંતો પણ તે સત્સંગ નગરમાં જ રહે છે અને બધો ધર્મવંશ કહેતા જ્ઞાન વૈરાગ્યાદિ સદ્‌ગુણો પણ ત્યાં જ રહે છે. ૧૨.

❋ લૌકિક અને અલૌકિક સમજણ :

અમે અને તમે-આપણે બધા આ સત્સંગરૂપી નગરમાં રહ્યા છીએ. આપણે કોઈ તેનાથી જરાય દૂર રહ્યા નથી. પરંતુ જેની સમજણમાં જેટલો ફરક હોય તેને તેટલું દૂરપણું દેખાય છે. ૧૩. લૌકિક અને અલૌકિક એમ બે પ્રકારના ભાવ છે અને તે બંનેની સમજણ પણ તે પ્રમાણે બે પ્રકારની છે. લૌકિક ભાવની સમજણમાં દૂરપણું અને નજીકપણું હોય છે. પણ અલૌકિક ભાવમાં તેવું હોતું નથી. ૧૪. લૌકિક ભાવમાં અપાર દુઃખ છે અને અલૌકિક ભાવમાં અપાર સુખ છે. પરંતુ સાચી સમજણ વિના તેનો પાર આવતો નથી. અર્થાત્ સમજણ વિના આ વાત સમજાતી નથી. અને વધારે પડતાં સંતોષને લીધે પણ હેત હણાઈ જાય છે કહેતાં ઓછું થઈ જાય છે. ૧૫.

ભગવાન અને સંતો ભક્તોમાં દિવસે દિવસે પ્રેમ વધતો જાય તેવી રીતે જ વર્તવું જોઈએ. સત્સંગ કર્યાનું ખરું ફળ તો શ્રીહરિ અને સંતો ભક્તોમાં હેત વધે એટલું જ છે. ૧૬. ભગવાન અને ભગવાનના સંતો ભક્તોની સાથે રાતદિન

ભેળા જ રહેતા છતાં હેત વધે નહિ, પણ ઊલટાનું કપટને લીધે કુહેત થાય તો સાથે રહેવાનું શું પ્રયોજન ? શ્રીહરિ અને તેમના ભક્તોની સંગે રહેવાનું પ્રયોજન તો તેમનામાં હેત વધે એ જ છે. તેમાં જો હેત ઘટે તો તેમાં આપણું અહિતરૂપ અકાજ થયું કહેવાય. ૧૭. જો દૂર રહેવા છતાં પણ હેત રહેતું હોય તો તેને સાથે જ રહ્યા છીએ તેમ સમજવું. ભગવાન અને ભગવાનના ભક્તોમાં હેત વધારવા માટે જ કરોડો સાધન કરવામાં આવતા હોય છે અને જો તે સાધનોથી પણ હેત ન થયું કે હેત ન વધ્યું તો મોટી ખોટ ગઈ છે તેમ સમજવું. ૧૮.

ભગવાન અને ભગવાનના ભક્તોમાં જે હેત હોય, તે જ સાચું-શાશ્વત હેત છે, તે સિવાયનું બીજું બધું હેત તો કાચું-અનિત્ય છે. માયિક દેહ કે દૈહિક પદાર્થોમાં જે હેત હોય છે તે હેતને તોડીને ભગવાન અને ભગવાનના ભક્તોમાં જોડવું જોઈએ. ૧૯. માયિક વસ્તુમાં કે માયિક હેતમાં અપાર દુઃખ રહ્યું છે. તેનો કહેતા કહેતા પાર આવે તેમ નથી. હે દરબાર તોંગાજી ! તમારામાં અમારે પુરો પ્રેમ રહ્યો છે. માટે હવે તમે અને અમે ક્યારેય દૂર નથી. ૨૦. હરિભક્તોનું અપાર હેત જોવા માટે અને તેમને સત્સંગનો હેતરૂપી રંગ ચઢતો રહે તે માટે વિચરણ કરીએ છીએ. અમે જેમ જેમ સત્સંગમાં ફરીએ છીએ તેમ તેમ દિન-પ્રતિદિન સહુને હેત અધિક વધતું જાય છે. ૨૧. જો અમે એક જ ઠેકાણે ઝાઝો સમય રહીએ તો તેનાથી તરત હેત ઓછું થઈ જાય. જે ગામમાં હરિભક્તો ઝાઝી સંખ્યામાં કાયમ ભેળા રહેતા હોય તેઓ પરસ્પર હેત રાખતા રાખતા તેમને જાતેસમયે અતિ કુહેત-અભાવ થઈ જાય છે. કારણકે જ્યારે હેતમાં સ્વાર્થરૂપી ઝેર ભળે છે ત્યારે હેતમાં કુહેત થઈ જાય છે. ૨૨-૨૩. કોઈ સાધુ ભગવાન જેવા મોટા હોય, છતાં તેઓ મનુષ્ય દેહમાં રહ્યા હોવાથી ભૂલ ખાઈ જાય છે. કેમજે, સ્વાર્થનું શરીર ભયંકર અંધકારભર્યું છે. તે જોતજોતામાં બધુ જ્ઞાન ભુલાવી દે છે. ૨૪.

दोहा : ओरकुं दोष देखाईके, ताकुं करे निर्बंध;
आप में रहे दोष जो, तामें होवत अंध...२५
जो संत में अति हित होय, परम मित्र की नाईं;
मित्र काटे गलो आईके, तोहु न टरे मित्राई...२६

મનુષ્ય બીજાને તેના દોષ દેખાડીને તેને નિર્બંધ કરે છે. અને પોતામાં જે દોષ રહ્યા હોય તેની બાબતમાં અંધ બની જાય છે. ૨૫. જો સંતમાં પરમ મિત્રના જેવું અતિ હેત હોય તો જેમ કોઈ મિત્ર પોતાના મિત્રનું આવીને ગળું કાપે તોય પણ મિત્રતા ટળતી નથી તેમ હેત ટળે નહિ. જો એવો જ પ્રેમ, વિશ્વાસ જેને સંતો-ભક્તોમાં હોય તો તે પોતાના સર્વ દોષોને જીતી લે છે. અને તે વિના તો તે દોષો તેને જીતી લે છે. ૨૬-૨૭. તમારા આ સરધાર ગામમાં આવીને અમે ગમે ત્યારે એક સમૈયો કરશું. પણ અત્યારે તો અમે પાછા સત્સંગમાં જઈને ફરશું. કેમ જે, અમારે સહુને અધર્મ દેખાડી દેવો છે. ૨૮.

જે અધર્મ અને કુસંગ કહેવાય છે, તે પોતે અનંતરૂપોને ધારી લે છે. તેનાં બહુ રૂપોને અમે દેખીએ છીએ. બીજા કોઈ તે અધર્મને ક્યારેય દેખી શકતા નથી. ૨૯. અધર્મી વ્યક્તિનાં આચરણને કહેવાથી તે અધર્મ દેખાઈ આવે છે. તે અધર્મ અત્યારે આપણા સત્સંગમાં જોવા મળતો નથી. અધર્મીઓના વાણી અને વેશ (વર્તન) એકસરખા હોતા નથી. અધર્મવાળાને ખાવા-પીવામાં પણ કાંઈ વિવેક હોતો નથી. ૩૦. અધર્મ મિત્રમાં મિત્ર બનીને પ્રવેશ કરે છે. ત્યારે તે જરાય દેખ્યામાં આવતો નથી. હિતેચ્છુ બનીને બીજા સાથે વૈર કરાવે છે. તે અધર્મ ક્યારેય કોઈના કળ્યામાં આવતો નથી. ૩૧. તે અધર્મ પોતાના માતા-પિતા, બહેનમાં પ્રવેશીને અત્યંત દુઃખદાઈ વિરોધ કરાવે છે. તેમજ ભાઈ, પુત્ર, પુત્રી અને પત્નીમાં પણ પ્રવેશ કરીને પરસ્પર શત્રુતા કરાવી દે છે. આવો અધર્મ અને કુસંગ છે જે કોઈના દેખ્યામાં આવતો નથી. અને તે અધર્મ અને કુસંગ જ સત્સંગમાં પરસ્પર વૈર કરાવે છે. ૩૨-૩૩. અધર્મ અને કુસંગને કોઈ દેખતું નથી. હરિભક્તો પરસ્પર એકબીજાનાં દોષોને જુએ છે, અવગુણ લે છે અને ભક્તોને અપાર દુઃખી કરીને તે અધર્મ અને કુસંગ તો પોતે શાહુકાર બનીને જ રહે છે. ૩૪.

તેને લીધે સત્સંગ દિનપ્રતિદિન ઘટતા ઘટતા એક દિવસ અત્યંત ઘટી જાય છે. જ્યારે અધર્મ યાદવોમાં પેઠો ત્યારે તેઓ બધા પરસ્પર લડી મૂઆ. ૩૫. કૌરવોમાં પણ જ્યારે અધર્મ આવીને વસ્યો ત્યારે તે બધાનો વિનાશ થયો હતો. દેવતાઓમાં કે અસુરોમાં જ્યારે અધર્મ આવીને વસે છે

ત્યારે કોઈને કાંઈ સુખ રહેતું નથી. ૩૬. જ્યારે એકે એકનો દોષ જોવામાં-લેવામાં આવે છે ત્યારે કોઈ અધર્મનો દોષ લેતું નથી. કેમ જે, અધર્મનું સ્વરૂપ જ એવું છે કે તે ક્યારેય પ્રકટ દેખાઈ આવતું નથી. ૩૭. જેમ જીવ શરીરમાં નખથી શિખાપર્યંત વ્યાપીને રહ્યો છે છતાં તે કોઈને પ્રકટ દેખાતો નથી. શરીરમાં રહેલો જીવ બોલતાં-ચાલતાં, ખાતાં અને પીતાં જણાઈ આવે છે. તેમ જેમાં અધર્મ આવીને વસે છે તે ન કરવાનું બધું કામ કરી બેસે છે, ત્યારે તેણે કરીને દેખી શકાય છે કે આમાં અધર્મે પ્રવેશ કર્યો છે. ૩૮-૩૯. જો સત્સંગ રાખવામાં આવે તો જ અધર્મ દેખાય છે. વગર સત્સંગે કોઈને અધર્મ દેખાતો નથી. એટલા માટે જ સત્સંગનું રક્ષણ કરવા માટે અમે સતત સત્સંગમાં ફરતા રહીએ છીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ સરધારમાં દરબાર તોંગાજી આગળ કુસંગ રૂપી અધર્મની વાત કહી' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર છઠ્ઠું : તરંગ - ૪૫

શ્રીહરિનાં સ્વરૂપની વિશુદ્ધતા અને મર્યાદાનું સ્થાપન

ઉપર કહ્યા પ્રમાણે શ્રીહરિ વાત કરતાં રહ્યાં. ત્યાં અધરાત થઈ ગઈ. સંતો અને દરબારો તે વાત સાંભળીને પ્રસન્ન થયા અને પછી શ્રીહરિ પોઢી ગયા. ૧. દરબાર તોંગાજી પણ પોતાને ઘેર જઈને સૂઈ ગયા. સંતો પોતાને આસને આવ્યા અને ધ્યાન કરવા બેસી ગયા. સવારે હરખભેર ઊઠ્યા. ૨. સહુ 'સ્વામિનારાયણ' નામની ધૂન કરવા લાગ્યા. તે સાંભળીને શ્રીહરિ પણ ઊઠ્યા. શ્રીહરિને રોકવાની ભાવના દરબારને તો ઘણી હતી પણ શ્રીહરિએ બધી સવારી તૈયાર કરાવી. ૩. શ્રીહરિ તત્કાળ આવીને અશ્વ ઉપર સવાર થયા. બાળકોથી લઈને ઘરડા સુધીના બધા જ હરિભક્તો દોડીને ત્યાં આવ્યા. ૪. બધા સંતો પણ તૈયાર થઈને તે વખતે શ્રીહરિની પાસે આવ્યા. શ્રીહરિની સાથે જેટલાં વાજિંત્ર હતાં તે બધા હરખ વધે તેમ વાગવા લાગ્યાં. ૫.

ડંકા, તુરાઈ, રણસિંગી, ભેરી વગેરે વાજિંત્રો વાગતાં હતાં તેને સાંભળીને બધા પુરજનો દોડી આવ્યા. સહુનાં હૃદય અતિ સ્નેહથી વ્યાપ્ત હતાં. ૬.

કેટલાક ભાવનાવાળા ભક્તો સાકરના થાળ ભરી લાવ્યા હતા. તે શ્રીહરિને અર્પણ કરતાં ત્યારે શ્રીહરિ તેમાંથી થોડું પ્રેમભાવથી જમતા હતા. ૭. શ્રીહરિ જ્યારે સરધાર ગામની બહાર નીકળ્યા ત્યારે તેમણે હરિભક્તોને રોક્યા. દરબાર તોંગાજીએ સાકરના પેંડા કરાવ્યા હતા તેને થાળમાં ભરીને ગામ બહાર લઈ આવ્યા. ૮. તે શ્રીહરિએ વર્ણીને બોલાવીને દરબારને થોડી પ્રસાદી અપાવી. વૃદ્ધ સંત ભાઈ રામદાસજી, મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી વગેરેને શ્રીહરિએ મેવા અને ફળ આપ્યા. અને મુકુંદાનંદ વર્ણીને પણ આપ્યા.

જીવુબા અને રાજબાઈ ત્યાગી બાઈઓમાં મોટા ગણાતા. ૯-૧૦. આપણા સત્સંગમાં જેટલી બાઈઓ સત્સંગી હતી તે બધી જીવુબાની અને રાજબાઈની વાતોને માનતી હતી. શ્રીહરિની આજ્ઞાથી તેઓ બંને સત્સંગી બાઈઓને વાતો કરતા હતા. તેમણે ભક્તિમાતાને મુખ્ય રાખ્યા હતા. ૧૧. તેઓ જ્યારે ભક્તિમાતાને સંભારતા ત્યારે ભક્તિમાતા તેમને પ્રત્યક્ષ દર્શન આપતા હતા. તે બંને ભક્તિમાતાની આજ્ઞા લઈને બાઈઓમાં ઉપદેશ કરતા હતા. ૧૨. જ્યારે હરિભક્તો સંઘના રૂપમાં શ્રીહરિની સાથે ચાલતા હતા ત્યારે જીવુબા અને રાજબાઈ પણ સત્સંગી બાઈઓમાં મુખ્ય (શિરદાર) રહીને સંઘ સાથે ચાલતા. ૧૩. લાડુબા, અમરબાઈ અને અમૂલાબાઈ ત્રણે જીવુબાના અને રાજબાઈના બહેનો થાતા. ૧૪.

જ્યાં સુધી અયોધ્યાવાસી ધર્મકુળ કોઈ આવ્યું ન હતું ત્યાં સુધી બધી સત્સંગી બહેનો જીવુબા ઉપર જ ગુરુભાવ રાખતી હતી. બાઈઓમાં ગુરુ પ્રથા રખાવવા માટે સત્સંગી બાઈઓને જે જે ભાવના હોય તે તે બંનેને દેતા. જીવુબા અને રાજબા અંગીકાર કરતા હતા. આ રીતે બંને બાઈઓ સત્સંગી બાઈઓના ગુરુ બની તેમનું પોષણ કરવારૂપ ભક્તિનો લાભ લેતા હતા. અને પછી તેઓ તે બધું શ્રીહરિને સમર્પણ કરી દેતા હતા. ૧૫-૧૬. તેમને જેમ જેમ શ્રીહરિનાં સ્વરૂપનું જ્ઞાન થતું ગયું તેમ તેમ તેમણે

શ્રીહરિની અતિ પ્રસિદ્ધપણે ભક્તિ કરી. અને ભક્તિમાતામાં જેટલા સદ્‌ગુણ હતા તે બધા ભક્તિમાતાએ તે બંનેને આપ્યા હતા. ૧૭.

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं, सख्यमात्मनिवेदनम् ॥

ભક્તિનાં અંગ નવ પ્રકારના છે અને તે પ્રત્યેકના નવ નવ ભેદ છે. તે બધા ભક્તિનાં અંગો ભક્તિમાતાએ તે બંને બહેનોને ઉમંગથી આપ્યા હતા. ૧૮. તેને લીધે બંને બહેનો અપાર ગુણવાન થયા અને રાધિકાજી તથા લક્ષ્મીજી તે બંને બહેનો દ્વારા દર્શન આપતાં હતાં. તેમજ રાધિકાજી તથા લક્ષ્મીજી તે બંને બહેનો ઉપર પ્રસન્ન થયા અને પોતાના સર્વે કલ્યાણકારી ગુણો તે બંને બહેનોને આપ્યા હતા. ૧૯.

લાડુબા પણ તે બંને બહેનોની જેમ જ ભાવથી શ્રીહરિની સેવા-ભક્તિ કરતા હતા. રાધિકાના સખી લલિતામાં જેટલા દિવ્ય ગુણો રહ્યા છે તે બધા લાડુબામાં પણ આવ્યા. એટલે એવું જણાતું હતું કે આ લાડુબાનાં રૂપમાં માનો લલિતા જ સ્વયં અહીં આવ્યા છે. ૨૦. લાડુબાના જેવી સેવા કરવાની ચતુરતા બીજા કોઈમાં ન હતી. તેને દેખીને તો બીજી સર્વે સત્સંગી સ્ત્રીઓ પણ વિસ્મય પામતી હતી. અને સુખકારી ભક્તિમાતા દિવ્ય દેહે સતત જીવુબાની પાસે જ રહેતા હતા. ૨૧. ભક્તિમાતા જીવુબાને શ્રેષ્ઠ સેવક સમજીને એક પલક જેટલી વાર પણ તેમનાથી દૂર જતા નહિ. તેમજ રાજબાઈની પાસે પણ ભક્તિમાતા રહેતા. ક્યારેય એક પળ પણ તેમનાથી દૂર જતા નહિ. ૨૨.

શ્રીહરિએ ભક્તિમાતાને ઘણું સુખ આપ્યું. એક પળવાર, ક્ષણવાર પણ તેમનાથી દૂર રહેતા નહિ. ભક્તિમાતાને જેવો ભાવ હોય તેવું દિવ્ય સ્વરૂપ ધારણ કરી શ્રીહરિની સાથે રહેતા. ૨૩. ભક્તિમાતાને પારાવાર સુખ આપવા માટે શ્રીહરિ અગિયાર વર્ષના થયા હોય તેવું સ્વરૂપ ધારણ કરતા. ભક્તિમાતા સર્વ સત્સંગી બહેનોની પાસે શ્રીહરિને ખૂબ જ ઉત્સાહથી લાડ લડાવતા હતા. ૨૪. ભક્તિમાતાને વચને કરીને તેઓ જેમ કહે તેમ, બધી સત્સંગી બાઈઓ દિવ્યમૂર્તિ શ્રીહરિને પ્રેમથી લાડ લડાવતી હતી. ૨૫.

શ્રીહરિ દિવ્ય અલૌકિક મૂર્તિ છે. અત્યંત નિર્બાધ એવા શ્રીહરિ ભક્તિમાતાના વચનને અનુસારે સમગ્ર સત્સંગમાં વિચરતા હતા. ૨૬.

શ્રીહરિ મનુષ્યરૂપે હતા તેથી મનુષ્યની રીત જ રાખી હતી. અને શ્રીહરિ તો સદા પરમપુનીત દિવ્યમૂર્તિ છે. છતાં પણ લોકવ્યવહારમાં નિર્બાધપણે ચાલતા-રહેતા હતા. ૨૭. દુનિયામાં વર્ણાશ્રમ ધર્મવાળા અને અનેક મતપંથવાળા તે બધા કુમાર્ગ બની ગયા છે. કારણકે તેઓ માહાત્મ્યની ઓથ લઈને વિપરીત વર્તવા લાગ્યા છે. ૨૮. વિપરીત થઈ ગયેલી રીતને સુલટી કરવા માટે જ અત્યારે મહારાજાધિરાજ શ્રીહરિ પ્રકટ થયા છે. તેથી જ્યારે સ્વયં નિર્દોષ-સન્માર્ગે ચાલે ત્યારે જ બીજાઓને પણ સન્માર્ગે વાળી શકાય. અન્યથા તો તેઓ સ્વતંત્રમૂર્તિ છે. ૨૯. ભગવાન શ્રીહરિ તો સદાને માટે સુરીતમાં-સન્માર્ગે જ ચાલે છે. તેમના જીવનમાં ક્યારેય કુરીત-અસન્માર્ગ રહ્યો જ નથી. જે લોકો શ્રીહરિનાં ચરિત્રોમાં કુરીતની કલ્પના કરે છે, તેમનામાં જ તે કુરીત આવીને ઘર કરી જાય છે. ૩૦. ભગવાન શ્રીહરિ સદા નિર્બાધ છે. તેમનાં ચરિત્ર વર્તન પણ સદા નિર્દોષ છે. શ્રીહરિનાં સ્વરૂપમાં અગાધ શુભ ગુણો રહ્યા છે. ભગવાનનાં આચરણનો વાદ લઈને જે તેનું અનુકરણ કરે છે તે તો ઘોર નરકમાં પડે છે. ૩૧. શ્રીહરિ તો બ્રહ્મસ્વરૂપ છે, અગ્નિ સમાન છે. તેમનું સ્વરૂપ ચિદાકાશનાં જેવું પરમ અનુપમ છે, તેઓ નિરાવરણ છે - નિર્બાધ છે. શ્રીહરિ તો સદા અપાર છે. તેથી તેમનાં સ્વરૂપનાં પારને તો આગમ અને નિગમ પણ પામી શકતા નથી. ૩૨.

✵ ભગવાનનાં ચરિત્રોનું અનુકરણ ન કરવું :

તેમની રીતને જોઈને જે તે પ્રમાણે અનુકરણ કરે છે તે તો ઘોર નરકને પામે છે. શ્રીહરિનાં શુભ આચરણને જોઈને જે તે પ્રમાણે ચાલે છે તે મોક્ષપદને પામે છે. ૩૩. ગમે તેવા મહામુક્ત હોય અને તે જો અશુભ આચરણ કરે તો તેપણ તત્કાળ ઘોર નરકને પામે છે. અને ફરી તેનું ક્યાંય ઠેકાણું પડતું નથી. ૩૪. ભગવાનનું જે જે આચરણ-વર્તન છે તે તો બધાને મોક્ષ આપનારું છે. એમ મનમાં સમજવું. ભગવાનનો ભક્ત ભગવાનનાં વર્તન-ચરિત્રો રાત દિવસ ચિંતન કરતો રહે પણ પોતે તે ચરિત્રોનું અનુકરણ-અનુવર્તન ન કરે. ૩૫.

ચોપાઈ :

हरि के जो जो आचरन जेता, मोक्षरूप हि समझे तेता;
आपे आचरन करे न कबहु, मोक्षपद सो पावे तबहु...३६

શ્રીહરિનું જે જે ચરિત્ર-વર્તન હોય તે બધું મોક્ષરૂપ છે તેમ સમજવું. પરંતુ ભક્તજને સ્વયં તેવું આચરણ ક્યારેય કરવું નહિ. આમ જે રહે ત્યારે તે મોક્ષપદને પામે છે. ૩૬.

दोहा : हरि के आचरन ताहिमें, दोष न समजे जेहि;
परमपद सो पाई रहे, सर्वोपरी जो एहि...३७
आपे न करे तेहि आचरन, ताकुं मोक्ष सो होई;
भूल जो करे तेहि आचरन, घोर नर्क लहे सोई...३८

શ્રીહરિનાં આચરણમાં જે દોષ ન માને, તે જ સર્વોપરી પરમપદને પામે છે. ૩૭. જો પોતે શ્રીહરિ જેવું આચરણ કરે નહિ, તો તેનો મોક્ષ થાય છે. અને ભૂલથી પણ જો તેમનાં જેવું વર્તન કરે તો તેને ઘોર નરક ભોગવવું પડે છે. ૩૮. શ્રીહરિ જે આચરણ કરે છે તે તો અનેક જીવોનો મોક્ષ કરવા માટે હોય છે. અને જીવે અનંત જન્મોમાં કરેલાં કર્મોને, તેમજ તેને લીધે થતાં અનંત જન્મ મરણને ટાળવાને માટે હોય છે. ૩૯. શ્રીહરિ સરધારથી તત્કાળ ચાલ્યા. પછી પરમદયાળુ શ્રીહરિ પોતાના ભક્તોને દર્શન દેવા માટે **ગોંડલ** શહેર આવ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિનાં સ્વરૂપની વિશુદ્ધતા અને મર્યાદાનું સ્થાપન' એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર છઠ્ઠું : તરંગ - ૪૬

શ્રીહરિ ગોંડલ નરેશના દરબારગઢમાં ધામધૂમથી પધાર્યા

શ્રીહરિ પધારે છે એવા સમાચાર સાંભળીને ગોંડલ નરેશ દરબારશ્રી હઠીસિંહજી અને શહેરના સમગ્ર હરિભક્તોનાં મનમાં અત્યંત આનંદ થયો

અને આનંદનાં વચન બોલવા લાગ્યા. ૧. બધા હરિભક્તોને સમાચાર આપીને બોલાવ્યા. બધી સવારી તૈયાર કરી. હાથમાં ફૂલહાર લઈને બધા પગપાળા શ્રીહરિની સન્મુખ ચાલ્યા. ૨. પાંચ શ્રીફળ લેવડાવીને ઉત્તર દિશા તરફના દરવાજે સહુ આવ્યા. (ગોંડલી) નદીને ઊતરીને સામે પૂર્વ તરફને કાંઠે દરબાર સહિત સહુ આવ્યા. ૩. ત્યાં વિવિધ પ્રકારના સુંદર વૃક્ષો હતા. તે સ્થળે જ આવીને ધર્મકુંવર શ્રીહરિ પણ ઊતર્યા. ૪.

શ્રીહરિને દેખતાની સાથે જ રાજાએ ઘણા જ પ્રેમભાવથી સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કર્યા. દર્શનનાં આનંદથી તેઓ ગદ્ગદ કંઠ થઈ ગયા અને પછી શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. ૫. તે પછી તેઓ સંતોને અને વર્ણીઓને પગે લાગ્યા. દરબારો પરસ્પર ઉત્સાહ સાથે પ્રેમથી ભેટ્યા. ફૂલના હાર, તોરા, બાજુબંધ વગેરે શ્રીહરિને સહુએ ધરાવ્યા. શહેરના જે હરિભક્તો હતા તે બધા એક એક શ્રીફળ લાવ્યા હતા. તે શ્રીહરિને એક એક ફૂલહાર પહેરાવીને આગળ મૂક્યાં. શ્રીહરિએ દરબારશ્રીને કુશળ સમાચાર પૂછ્યા અને કહ્યું કે 'અમે અહીંયાં આવ્યા હતા તેને બે વરસ થયા.' ૬-૮.

પછી શ્રીહરિ જે જે દેશોમાં ફરી આવ્યા હતા ત્યાંની બધી વાત કહી. તે તે પ્રદેશના હરિભક્તોના ભાવની વાત કહી. તેમજ સત્સંગમાં તેમની અલૌકિક ભાવના અને દઢતાની વાત પણ કહી. ૯. તે તે પ્રદેશોના હરિભક્તો જે પ્રકારે ધર્મની દઢતા રાખતા તેમજ આપણાં સત્સંગના જેવી દુનિયામાં ક્યાંય નીતિ નથી, તેની વાત શ્રીહરિએ કહી. અને જે જે ધામના જેટલા હરિભક્તો આપણાં સત્સંગમાં આવ્યા છે, તેની વાત પણ કહી. ૧૦. ધામના મુક્તો સિવાય કોઈ આવું વર્તી શકે નહિ; બધા જ ભક્તો એવા છે. જે બીજા બિનસત્સંગી લોકો હોય છે તેપણ આપણા હરિભક્તોનો ગુણ ગ્રહણ કરે છે. ૧૧.

चोपाई :

ताकुं तरत होवत सत्संगा, कुसंग को सो त्यागत संगा;
हरिजन पर ज्यां लग नहिं भावा, त्यां लग कुसंग रहत स्वभावा...१२

અને જે લોકો ગુણગ્રાહી હોય છે તેમને તરત સત્સંગ થાય છે. તેઓ

કુસંગનો સંસર્ગ છોડી દે છે. જ્યાં સુધી હરિભક્તો ઉપર આદરભાવ, ગુણભાવ નથી થાતો ત્યાં સુધી તેના સ્વભાવમાં કુસંગ રહે છે. ૧૨.

दोहा : कुसंग रहत त्यां लग ही, जेहि जनकुं जोय;
त्यां लग दुख को न पार तेहि, जाने बुद्धिवंत सोय...१३
बुद्धि हे अनंत प्रकार की, ताको वार न पार;
पर से पर सो बुद्धि तेहि, करे निज जीय उद्धार...१४

જ્યાં સુધી કુસંગ રહે છે ત્યાં સુધી તેને દુઃખોનો પાર આવતો નથી. તે બાબતને જે બુદ્ધિમાન હોય છે તે જાણે છે. ૧૩. મનુષ્યને બુદ્ધિ અનંત પ્રકારની હોય છે. તેનો કોઈ પાર પામી શકતું નથી. સર્વોત્તમ બુદ્ધિ તો તે જ ગણાય કે જે પોતાના આત્માનો ઉદ્ધાર કરે.' ૧૪. શ્રીહરિએ આટલી વાતો કહી, તે વખતે દરબારી સવારી આવી ગઈ. ત્યારે સૂર્ય અસ્ત થઈ ગયો હતો તેથી મશાલો અને દીવાઓ પ્રકટાવ્યા હતા. ૧૫.

સોનેરી અંબાડીવાળો હાથી શણગારીને ત્યાં લાવ્યા. ત્યારે રાજાએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, ૧૬. 'હે મહારાજ ! આપ હાથી ઉપર બેસો. અમે સહુ આપને આદરપૂર્વક બોલાવવા માટે જ આવ્યા છીએ. અમારાં અપાર અને મહાન્ ભાગ્ય છે. હું તેને મારે મોઢે કહી શકતો નથી. ૧૭. અમે તો એવું સમજીએ છીએ કે આવો શુભ દિવસ અમારે ક્યારેય આવ્યો નથી.' ત્યારે શ્રીહરિએ ગોંડલના નરેશને કહ્યું, 'અમારે સવારે જ નીકળી જવાનું છે, રોકાશું નહિ. ૧૮. જો તમે અમને રોકો નહિ, તો અમે શહેરમાં આવીએ. તમારા રોક્યા અમે રોકાશું નહિ, આવી વાત નક્કી હોય તો જ અમે આવીએ. નહિ તો અહીંયા જ રાત વિતાવીશું.' ૧૯. ત્યારે રાજાએ કહ્યું, 'જેવી આપની મરજી હોય તેમ કરજો. આપને જેમ સુખ થાય તેમ કરો. આપ અમારા માલિક છો અને અમે આપના દાસ છીએ. માટે આપ આપની જેવી મરજી હોય તેમ કરો. ૨૦.

પછી શ્રીહરિ હાથી ઉપર બેઠા અને રાજાને પણ પોતાની સાથે હાથી ઉપર લીધા. મુક્તાનંદસ્વામીને પણ તે હાથી ઉપર બોલાવી લીધા.

દરબારશ્રી તથા મુક્તમુનિ બંને ચામર કરવા લાગ્યા. ૨૧. ભાઈ રામદાસસ્વામી, બ્રહ્માનંદસ્વામી, દાદાખાચર અને દેહા ખાચર એ ચારને બીજા એક હાથી ઉપર બેસાડ્યા. મ્યાના અને રથ બહુ લાવ્યા હતા. ૨૨. શ્રીહરિની સાથે જેટલા વર્ણીઓ અને સંતો આવ્યા હતા. તેમાં જેને જેમ ઘટે તેમ અલગ અલગ વાહનોમાં બેસાડ્યા. સવારીની શોભા અદ્‌ભુત હતી. ૨૩. ડંકા, નોબત અને બીજાં વાજિંત્ર જેટલાં હતાં તે બધા શ્રીહરિની આગળ વાગતાં હતાં. શ્રીહરિની સાથે ચોપદાર હતા તે બધા "જય જયકાર"નો ધ્વનિ પોકારતા હતા. ૨૪.

શ્રીહરિ નદી ઊતરીને શહેરને દરવાજે પહોંચ્યા. તે સમયે પુરના ભાવિક લોકો અસંખ્ય પ્રમાણમાં સામે આવ્યા હતા. ૨૫. સ્ત્રીઓના સમુદાયમાં સ્ત્રીઓ હતી અને પુરુષોના સમૂહમાં પુરુષો હતા. તે બધા શ્રીસહજાનંદ સ્વામીનાં દર્શન કરીને ગુલતાન થઈ ગયા. ૨૬. તે અપાર જન સમુદાયે હાથમાં એક એક શ્રીફળ લીધાં હતાં. તેમજ ફૂલના હાર તો એટલા બધા લીધા હતા કે તેને દેખતાં એમ લાગતું હતું કે માનો કોઈ મોટો ફૂલબાગ ખીલી ઊઠ્યો નહોય ? ૨૭. તે શ્રીફળ અને ફૂલહાર શ્રીહરિને અર્પણ કરતા હતા, સહુનાં હૃદયમાં શ્રીહરિ પ્રત્યે અતિ ભાવના છવાઈ ગઈ હતી. ત્યાં ભીડ એટલી બધી થઈ હતી કે તેને વાણીથી કહી શકાતી નથી. ૨૮. તે સમયે શ્રીહરિએ દર્શન કરનારા લોકોને પોતાની મૂર્તિમાં અપાર પ્રતાપ દેખાડ્યો.

શ્રીહરિ જ્યારે પુરમાં પ્રવેશ્યા ત્યારે બજારોની અપાર શોભા કરી હતી. ૨૯. દુકાનોનાં અને મકાનોનાં જેટલા દ્વાર હતા ત્યાં મોતીનાં તોરણ બાંધી દીધાં હતાં. શ્રીહરિને આવતા સાંભળીને બધા દ્વારોને સુંદર રીતે શણગારી દીધાં હતાં. ૩૦. કેળના સ્તંભ રોપાવી દીધા. કુંકુમથી તેના ઉપર રંગ ચઢાવ્યો. વિવિધ પ્રકારના ધૂપ કર્યા અને દીવાઓની અપાર શોભા રચી દીધી. ૩૧. વિવિધ પ્રકારનાં બિલોરી કાચના ઝાડ જાતજાતનાં લટકાવી દીધાં હતાં. ભવનોનાં ઊંચા માળ હતા તેના ઉપર કેટલીએ સ્ત્રીઓ દર્શન માટે ઊભી હતી. ૩૨. તે બધી સ્ત્રીઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે મટકું પણ માર્યા વિના મીટ માંડીને ઊભી હતી. તે સ્ત્રીઓએ સુંદર વેષ પહેર્યા હતા અને મોતીથી ભરેલા થાળ હાથમાં લીધા હતા. ૩૩. શ્રીહરિ સવારીમાં

ચાલતાં ચાલતાં જ્યારે પાસે આવતાં ત્યારે અત્યંત ઉલ્લાસથી તે સ્ત્રીઓ મોતીથી તેમને વધાવતી હતી.

જેને જેવો ભાવ હતો તેને અનુરૂપ સહુ દર્શનનો લાભ લેતા હતા. ૩૪. શ્રીહરિની મૂર્તિમાં અનંત સુખ રહ્યું હતું. તેનો પાર કોઈ લઈ શકતું નહિ. હરિભક્તો ઉમંગથી કીર્તન ગાતા હતા. શ્રીહરિનાં દર્શન કરીને તો બધા નવરંગી (છેલછબીલા) થઈ જતા હતા. ૩૫. અપાર ગુલાલ ઊડતો હતો. તેનો રંગ આકાશમાં છવાઈ ગયો હતો. એટલાં બધા વાજિંત્રો વાગતાં હતાં કે તેનાથી બધું ગગન ગાજી રહ્યું હતું. આવી રીતે બજારે શ્રીહરિ ચાલ્યા આવતાં હતાં. ૩૬.

દરબારશ્રી પોતાના દરબારગઢમાં શ્રીહરિને લઈ આવ્યા. શ્રીહરિ હાથીએથી ઊતર્યા અને તેમને સુંદર મહેલમાં ઉતારો આપ્યો. ૩૭. રાજમહેલમાં હિંડોળા ખાટ ઉપર શ્રીહરિને બેસાડ્યા. પછી સંતોને, વર્ણીઓને અને સંન્યાસીઓને તેમને અનુકૂળ ઉતારો કરાવ્યો. ૩૮. બીજા સર્વે દરબારો અને પાર્ષદોને પણ યથાયોગ્ય ઉતારા આપ્યા. પછી રાજાએ સંતો અને વર્ણી પાસે રસોઈ તૈયાર કરાવી. ૩૯. પછી જ્યારે વર્ણી બોલાવવા આવ્યા ત્યારે શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. જે જે ભોજન કર્યા હતા તેને શ્રીહરિ પ્રેમથી જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ ગોંડલ નરેશના દરબારગઢમાં ધામધૂમથી પધાર્યા' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર છઠ્ઠું : તરંગ - ૪૭

સત્સંગ, શ્રીહરિની મૂર્તિ અને હરિચરિત્ર એ બધાનું ગૌરવ

પરમ કૃપાળુ શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે થાળની પ્રસાદી રાજાને આપી. હાથ ધોઈને પછી મુખવાસ લીધો. ૧. પછી સંતો, દરબારો અને પાર્ષદો જમવા બેઠા. ત્યારે ભક્તોના ઉપર પ્રીત કરીને શ્રીહરિ ત્યાં આવીને બેઠા. ૨. શ્રીહરિ ઘણો આગ્રહ કરીને ભાવથી દરબારોને પિરસાવતા.

ઘણી રીતે સહુને માન આપતા. તેથી કોઈ દરબારો ક્યારેય ઉદાસ થાતા નહિ. ૩. ક્યારેક શ્રીહરિ દરબારોને તેમને ઘેર જવાનું કહેતા. છતાં કોઈ દરબાર શ્રીહરિને મૂકીને ઘેર જતા નહિ. પણ સહુને શ્રીહરિ ઉપર અધિક અધિક ભાવ રહ્યા કરતો હતો. ૪. સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિ ત્યાંથી ઊઠ્યા અને હિંડોળા ખાટે આવીને બેઠા. બિલોરી કાચનાં ઝાડમાં દીવા ઘણા પ્રકટાવ્યા હતા. ૫. સંતો અને દરબારો બધા જમીને આવ્યા. બધા શ્રીહરિની પાસે આવીને બેઠા. ગોંડલ શહેરના જે હરિભક્તો હતા તેઓ પણ બધા આવીને બેઠા હતા. ૬. તે સિવાયના બીજા પણ અપાર લોકો આવીને બેઠા. ત્યારે શ્રીહરિએ તે સહુને પ્રેમથી વાત કરતાં કહ્યું, ‘કહ્યા વિના ક્યારેય કોઈ વાત સમજ્યામાં આવતી નથી. ૭. જીવને જે મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે તેને સહુ મોક્ષનું દ્વાર કહે છે. જીવ મનુષ્યદેહથી જે કર્મ કરે છે તેનું ફળ તેને મરણ પછી તરત મળે છે. ૮.

❋ સત્સંગની મહત્તા :

જેને નિર્ભયપદ-મોક્ષ કહેવાય છે તે પણ આ મનુષ્યદેહથી જ જીવને મળે છે. જીવ નિર્ભયપદને મેળવવાનો ઉપાય કરે છે ત્યારે તેને તે મળે છે. ૯. જે કોઈ બાબત કહેવાતી હોય તે બધી ઉપાય-પ્રયત્ન કર્યા વિના ક્યારેય મળતી નથી. મનુષ્યમાત્ર એક મોક્ષ સિવાયની બીજી બાબતના અનંત પ્રયત્નો કરતા રહે છે. પણ તે પ્રયત્નોથી ક્યારેય મોક્ષ નહિ મળે. જ્યારે બરાબર વિચાર કરવામાં આવે ત્યારે તે વાત દેખાય છે. મોક્ષ મેળવવાનો વિચાર કોઈ ઓર જ (જુદો જ) છે. અને તે વિચાર સત્સંગ વિના બીજે ક્યાંય સૂઝે તેમ નથી. ૧૦-૧૧.

જ્યારે જીવ સત્સંગમાં જઈને બેસે છે, ત્યારે જ મોક્ષ બાબતના વિચારને પામે છે. મોક્ષના વિચાર સિવાયના બીજા વિચારોથી ક્યારેય દુ:ખનો પાર આવતો નથી. ૧૨. કદાચ કોઈ સ્વર્ગ, મર્ત્યલોક અને પાતાલના અધિપતિ થાય, અરે બ્રહ્માનું પદ પણ મળે, છતાં તેને દુ:ખ મટતું નથી. ૧૩. કદાચ કોઈ વખતે પુરુષ-પ્રકૃતિના લોક સુધીનું પદ મળે તોપણ દુ:ખ ટળતું નથી. આત્યંતિક પ્રલય સુધીમાં પણ દુ:ખ ટળતું નથી. ૧૪. અનંત કોટિ

બ્રહ્માંડોના અધિપતિ થવું તે ઘણી મોટી પદવી કહેવાય છતાં તેમાં પણ સત્સંગ વિના તો દુઃખ રહે જ છે. ૧૫. પોતાના મોક્ષને માટે નિષ્કપટપણે જો કોઈ આવો વિચાર કરે તો તે ભવસાગરના પારને પામે છે અને ફરીને તેને ક્યારેય દુઃખ આવતું નથી. ૧૬.

❋ જ્ઞાનીના લક્ષણ :

અનંત કોટિ બ્રહ્માંડથી પરે (માયાથી પરે) અપાર સુખ રહ્યું છે. પણ અનંત કોટિ બ્રહ્માંડની અંદર જેટલા ભોગ-સુખ છે તે બધાને મહા દુઃખદ રોગરૂપ જાણે તો તે અપાર સુખ પ્રાપ્ત કરી શકાય છે. ૧૭. જે જ્ઞાની હરિભક્ત છે તે અનંત કોટિ બ્રહ્માંડના ભોગોને મહાદુઃખરૂપ રોગ જાણે છે. અને તે ભોગોમાં ક્યારેય સુખની બુદ્ધિ રાખતા નથી. તે જ પાકા જ્ઞાની હરિભક્ત કહેવાય છે. ૧૮. ભગવાન સિવાય બીજી કોઈ વસ્તુમાં ક્યારેય સાર નથી, એવો જ્યારે દૃઢ નિશ્ચય કરે ત્યારે પોતાના દેહથી માંડી સર્વે બ્રહ્માંડોની કોઈપણ વસ્તુમાં સારબુદ્ધિ થાય નહીં. આ રીતે ભગવાનમાં જ સાર માનનાર ભક્તને જ્ઞાને કરીને ભગવાન સિવાયનું બીજું બધું ભસ્મ થઈ ગયેલા જેવું જ છે. માટે તેને ક્યારેય કોઈમાં મમત્વ રહેતું નથી. માત્ર મુખે કહેવાથી ક્યારેય કામ થતું નથી. જ્યારે સત્યપણાની બુદ્ધિએ કરીને જુએ ત્યારે જ તે સમજાય છે. ૧૯-૨૦.

જે સત્યપણાની બુદ્ધિએ કરીને જુએ તેને જ બધું જ્ઞાન કામમાં લાગે છે. અને તેથી જીવની જે વાસના છે, તે તૂટે છે. પછી તે ભગવાન સંબંધી સુખને જ પ્રિયમાં પ્રિય રાખે છે. ૨૧. જ્યારે આવી સમજણ આવે છે ત્યારે તે ક્યારેય દુઃખ પામે નહીં. સમજણનું સુખ તો અનંત રહ્યું છે. સમજણ વિના તો બધા દુઃખ જ પામે છે. ૨૨. સવળી સમજણ તો સુખનો સાગર છે. અને અવળી સમજણ તો દુઃખનો દરિયો છે. મનુષ્ય જે જે મનોરથો કરે છે, અભિલાષાઓને રાખે છે તે બધી અધિક સુખ મેળવવા માટે જ હોય છે. ૨૩. પરંતુ તે લૌકિક સુખમાં તો અનંત દુઃખ ભર્યું છે. તે જ્ઞાન વિના દેખાતું નથી. જ્ઞાન(સમજણ) વિના જેમાં સુખ માનવામાં આવે છે. તેમાં તો દુઃખનો કોઈ પાર આવતો નથી. ૨૪. મનુષ્યનું આ શરીર ક્ષણભંગુર હોય છે પણ તેમાં જેને સત્સંગ

થયો હોય, તે તો દુઃખમાત્રને તરી ગયો ગણાય. ફરીવાર તેને દુઃખ આવે નહિ. ૨૫. માટે જેનાથી અપાર સુખ જ થાય છે એવા સત્સંગનું જતન કરવું જોઈએ; સત્સંગ કરવા તનતોડ મહેનત કરવી જોઈએ. સત્સંગ સિવાયના બીજા ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે પણ તેનું દુઃખ ક્યારેય ટળતું નથી.' ૨૬.

શ્રીહરિએ સત્સંગ બાબતની આટલી વાત કરી. તેને જેણે પોતાનાં ચિત્તમાં ધારી લીધી તેણે સત્સંગનો લાભ લીધો અને દુઃખના દરિયાને તે તરી ગયા. ૨૭. 'જેને દુઃખનો તાપ લાગ્યો હોય તેને જ સત્સંગ થાય છે અને પછી તેનાં પાપ બળી જાય છે. સત્સંગ પક્વ થયા વિના પાપ બળતા નથી. ૨૮. જીવ કદાચ કરોડ જન્મ લે, પણ તેનું દુઃખ સત્સંગ કર્યા સિવાય ટળે નહિ. સત્સંગ મોક્ષનું દ્વાર છે. તે મોક્ષનાં દ્વારમાં પ્રવેશે ત્યારે જ ઉદ્ધાર થાય છે. ૨૯. જ્યારે ઠીક લાગે ત્યારે સત્સંગ કરો. પણ સત્સંગ વિના દુઃખનો નાશ થવાનો નથી. અને કોઈ વખતે સાક્ષાત્ ભગવાન આ ભૂમિ ઉપર વિચરણ કરતા હોય તે સમયની વાત તો સાવ જુદી જ છે. ૩૦.

ભગવાન જ્યારે પ્રત્યક્ષ હોય ત્યારે જેવું ધામમાં મુક્તોને સુખ મળે છે તેવું જ આ લોકમાં પણ ભક્તોને સુખ મળે છે. ધામમાં મુક્તોને ભગવાન જેવા લાડ લડાવે છે તેવા જ લાડ ભક્તોને પણ આ લોકમાં ભગવાન લડાવે છે. ૩૧. ભગવાન હરિભક્તોનાં મનમાં જેવી ભાવના હોય તે પ્રમાણે ભક્તોને લાડ લડાવવા ઘેર ઘેર વિચરણ કરે છે. અપાર ઉત્સવો અને સમૈયાઓ કરે છે. તેને ગણતા ગણતા પણ પાર આવતો નથી. ૩૨.

चोपाई :

पापीजन कुं आई जो दरशे, ताकुं पाप कबहु नहि परशे;
अंत समे सत्संग हि कराई, हरिधाम में जावत ताई...३३

हरिमूर्ति सम हरि के चरिता, प्रीत कर तामें प्रोवे चिता;
अंत समे जे जन हि सुनावे, तरत सो परमपद पावे...३४

પાપી મનુષ્ય પણ આવીને તે ભગવાનનાં દર્શન કરે તો તેનાં બધાં પાપ બળી જાય છે અને નવાં પાપ તેને અડતાં નથી. અંતસમયે પણ જો જીવ

સત્સંગ કરે તો તેપણ ભગવાનનાં ધામમાં જાય છે. ૩૩. જેણે ભગવાનનાં ચરિત્રોમાં ચિત્ત પરોવી દીધું હોય તેને માટે જેવી ભગવાનની મૂર્તિ દિવ્ય અને પ્રતાપી છે તેવા જ તેમનાં ચરિત્રો પણ દિવ્ય અને પ્રતાપી છે. માટે તેમાં પ્રેમ રાખીને ચિત્તને પરોવવું જોઈએ. અને કોઈને અંતકાળે જો ભગવાનનાં ચરિત્ર સંભળાવવામાં આવે તો તરત જ તે પરમપદ-મોક્ષને પામે છે. ૩૪.

ઉપર જે વાત કહી તે ભગવાનનાં ચરિત્રોમાં ચિત્તને પરોવી દે છે, તેની કહી. પણ જે ભક્ત ચરિત્રોમાં ચિત્તને પરોવી ન શકે તો તેને એક જન્મ લેવો પડે છે. ૩૫. પછી તે જન્મમાં સત્સંગ કરીને ભગવાનનાં ધામને પામે છે.' આવું શ્રીઘનશ્યામ પ્રભુએ કહ્યું છે. આટલી વાત જ્યારે કરી રહ્યા ત્યારે અધરાત થઈ ગઈ હતી. ૩૬. પછી શ્રીહરિ પલંગ ઉપર પોઢી ગયા અને મુનિજનો ધ્યાન કરવા બેઠા. હરિભક્તો શ્રીહરિએ કહેલી વાતને ચિત્તમાં ચિંતવતા ચિંતવતા પોતાને ઘેર ગયા. ૩૭. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો ઊઠ્યા. તેઓ જેમ અમૃતની ધારા વરસે તેમ 'સ્વામિનારાયણ ધૂન' કરવા લાગ્યા. ૩૮. તે સ્વામિનારાયણ ધૂન સાંભળીને ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ તત્કાળ ઊઠ્યા અને ચાલવાની તૈયારી કરવા લાગ્યા. ૩૯. રાજાનાં મનમાં શ્રીહરિને રોકવાનો ઘણો જ ભાવ હતો. પણ શ્રીહરિની મરજી વિના તેઓ શું કરે ? અત્યારે રાત રોકાયા, એટલો પણ લાભ ક્યાં મળવાનો હતો ? એમ માનીને તેમણે મનને રાજી રાખ્યું. ૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'સત્સંગ, પ્રગટ હરિની મૂર્તિ અને હરિચરિત્રોનું ગૌરવ કહ્યું' એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર છઠ્ઠું : તરંગ - ૪૮

શ્રીહરિએ સત્સંગની દૃઢ નિષ્ઠા કહી

શ્રીહરિએ ગોંડલથી ચાલવાની તૈયારી કરી. રાજાએ ઘણા વિનયપૂર્વક પ્રાર્થના કરીને કહ્યું, 'હે મહારાજ ! હવે આપનાં વિના એક પળવાર પણ

મને સુખ નહિ આવે. ૧. અમને મોહ લગાડીને આપ ચાલતા થાઓ છો. હે નાથ ! આપ તો નિર્મોહી છો, સર્વજ્ઞ છો. આપને કોણ સમજાવે ? બસ અત્યારે હું આપના ચરણોને માથે ધરું છું.' ૨.

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'હે રાજન્ ! તમે સાંભળો. તમે તો ઘણા બુદ્ધિમાન છો. બધા જ હરિભક્તો મને રોકવા માટે ચાહે છે અને હું પણ હરિભક્તોને રાજી કરવા માટે જ ફરતો રહું છું. ૩. એકને જ સુખી કરવા તેની સાથે કાયમ રહીએ તો અનેક ભક્તોને દુઃખ થાય અને વિમુખ થઈ જાય. તેથી હરિભક્તો સુખી રહે અને વિમુખ ન થઈ જાય એટલા માટે અમે અને સંતો ફરતા રહીએ છીએ. ૪.

✵ પાકા સત્સંગીના લક્ષણો :

જ્યારે સત્સંગનાં મૂળ દૃઢ થઈ જાય પછી તેઓ વિમુખ થાય નહિ. **પાકા સત્સંગની એક જ ઓળખાણ છે કે ગમે તેવો સુખદુઃખનો પ્રસંગ આવે છતાં રંગ એકસરખો જ રહે.** ૫. જેને પાકો સત્સંગ થયો હોય તે સત્સંગ વિનાના બીજા અપાર સુખ હોય તે બધાને નકારા-નઠારા સમજે. અને અષ્ટ સિદ્ધિઓ અને નવનિધિ પણ જો સત્સંગથી વિમુખ કરી દેતા હોય તો તરત જ તેના સંબંધને તજી દે છે. પણ સત્સંગને તો સુદૃઢ અને અખંડિત જ રાખે. સત્સંગને રાખવા જતાં રાજ્યનો નાશ થતો હોય તોપણ તે ઉત્સાહિત મનથી સત્સંગને જ દૃઢ કરીને રાખે. ૬-૭. સત્સંગ રાખવાથી દેહમાં દુઃખ થાય, તોપણ તે દુઃખે કરીને તેનો સત્સંગ લુખ્ખો-નીરસ થાય નહીં. સત્સંગ કરવાથી કદાચ પોતાના પિતા દ્વેષી બને તોપણ તેનાં ભયથી લેશમાત્ર પણ સત્સંગ છોડે નહિ. ૮.

चोपाई :

सत्संग भये भुवन बलि जावे, अज्ञानी अति हास करावे;
ताकुं कुकर सम करी लेखे, सत्संगकुं अमुलख हि देखे...१०

સત્સંગ રાખવાથી કદાચ પુત્ર અને ધનનો નાશ થતો હોય તોપણ સત્સંગનો ત્યાગ કરે નહિ. સત્સંગમાં રહેવાથી જો કુળ-કુટુંબ નારાજ થઈ

રુઠી જાય તોપણ સત્સંગને ક્યારેય જુઠો કરે નહિ. ૯. સત્સંગ કરવાથી જો ઘર બળી જાય કે અજ્ઞાની લોકો તેની અતિ હાંસી મશ્કરી કરે તો તેવા અજ્ઞાનીઓને ભસતા શ્વાન જેવા માને અને સત્સંગને તો અમૂલ્ય ગણે. ૧૦.

सत्संग भये गाम छूट जावे, सत्संग से न मन हठावे;
सत्संग भये ज्ञाति करे कोपा, सत्संग रखे निशान हि रोपा...११

सत्संग भये गुरु कोप करही, सत्संग रखे तिनसे न डरही;
सत्संग भये मृत्यु होय तत्काला, सत्संग भये होय मतवाला...१२

दोहा : सत्संग भये यह देह में, दीर्घ होव कोउ रोग;
सत्संग न त्यागे तेहिकर, देह को जानी विजोग...१३

સત્સંગ રાખવાથી કદાચ પોતાનું ગામ છૂટી જાય તોપણ સત્સંગમાંથી મન પાછું પાડે નહિ. સત્સંગી થવાથી કદાચ પોતાની નાત-જાતના લોકો કોપે તોપણ નિધડકપણે સત્સંગનું નિશાન(ધ્વજ) રોપી સત્સંગ રાખે. ૧૧. સત્સંગી થવાથી મિથ્યા ગુરુ ખિજાય તોપણ તેનાથી ડર્યા વગર સત્સંગ રાખે. સત્સંગી થવાથી કદાચ તત્કાળ મૃત્યુ થાય કે સત્સંગ રાખતા ગાંડા થઈ જવાય. સત્સંગ રાખતા કદાચ શરીરમાં કોઈ અસાધ્ય દીર્ઘ રોગ થાય તોપણ દેહનો વિનાશ તો થવાનો જ છે એમ સમજીને સત્સંગને ત્યાગે નહિ. ૧૨-૧૩.

સત્સંગી થવાથી જીવનમાં ગમે તે વિઘ્ન થાય, તોપણ સત્સંગને શિરસાટે રાખે. તે સત્સંગી જ સર્વેમાં શિરોમણિ છે અને તે જ સાચો શૂરવીર હરિભક્ત છે. ૧૪. શૂરવીર હરિભક્તોની વાતને હરિભક્તો સાંભળે તો તેપણ શૂરવીર થાય છે. પછી તે પ્રહ્લાદ અને હરિશ્ચંદ્રના જેવા પ્રસિદ્ધ સત્સંગી થાય છે. ૧૫. વિપત્તિના સમયમાં પણ જે સત્સંગને રાખે છે તે જ પાકો સત્સંગી છે અને તેનો જ સત્સંગનો રંગ પાકો જાણવો. પાકો રંગ ક્યારેય જાતો નથી. ૧૬. **સત્સંગને અર્થે જે દુઃખોને સહન કરે છે તેને ભગવાન સર્વોત્તમ સુખ આપે છે. કારણ કે અંતર્યામી ભગવાન તો બધું જોઈ રહ્યા છે. તેમનાથી કોઈ વસ્તુ અજાણી નથી. ૧૭.**

અણુ પરમાણુ કરતાં પણ કોટિ ઘણી સૂક્ષ્માતિસૂક્ષ્મ વસ્તુ હોય, તેને પણ અંતર્યામી પરમાત્મા દેખી રહ્યા છે. જે ભક્ત જેવી ભક્તિ કરે છે તેને

ભગવાન તેવું અને તેટલું જ ફળ આપે છે. ૧૮. પરમાત્મા કોઈનાં કર્મનું ફળ અન્ય કોઈને ક્યારેય આપતા નથી. તેઓ જીવ જીવ પ્રતિ જીવની સાથે જ રહ્યા છે. પરમાત્મા સ્થાવર પદાર્થોમાં સ્થાવરની રીતે અને જંગમ વસ્તુઓમાં જંગમની રીતે મળીને રહ્યા છે. ૧૯. પરમેશ્વર સર્વમાં વ્યાપક હોવા છતાં સહુથી ન્યારા પણ છે. પરમાત્મા આવા જ છે, આટલા જ છે, આવું જે માપ કરવા જાય છે તેઓ યથાર્થ માપ કરી શકતા નથી, અંતે હારી-થાકી જાય છે. જે અત્યંત 'અકળ' છે તે કળ્યામાં કઈ રીતે આવે ? અને જો કળી શકાતા હોય તો તેને અકળ કહેવાય જ કેમ ? ૨૦.

જેની અમાયિક અર્થાત્ દિવ્યબુદ્ધિ હોય તે જ અમાયિક(પરમાત્મા)ને પામી શકે છે. પણ જેની માયિક બુદ્ધિ છે તેના માપમાં તે પરમાત્મા ક્યારેય આવતા નથી. યશોદા માતાએ શ્રીકૃષ્ણનાં મુખમાં અનંત કોટિ બ્રહ્માંડોને દેખ્યા હતા. ૨૧. પોતાના એક એક રોમ કૂપમાં કરોડો અનુપમ બ્રહ્માંડોને દેખાડે, એવું અપાર સામર્થ્ય શ્રીકૃષ્ણ પરમાત્મામાં રહ્યું છે. તેમનાં સામર્થ્યનો પાર દેખવાથી આવતો નથી. ૨૨. જ્યારે યશોદામાતા શ્રીકૃષ્ણને બાંધવા લાગ્યા. ત્યારે તેઓ બંધનમાં ન આવ્યા પણ ભક્તાધીન તે ભગવાને જ્યારે પોતાનું બિરુદ વિચાર્યું ત્યારે તેઓ સહેજે જ બંધનમાં આવી ગયા. ૨૩. એવા ભગવાન ખાતાં પીતાં કે લેતાં દેતાં જીવોને દેખાય છે તે તો તેમની અપાર કૃપા છે એમ સમજવું, તેના સિવાય તો તેઓ દેખાય જ નહિ. ૨૪. પરમાત્મા તો સૂક્ષ્મથી પણ અતિશય સૂક્ષ્મ છે. અને મોટાથી પણ અપાર મોટા છે. તે પરમાત્મા ભક્તની સાથે ભક્ત થઈને અને અભક્તની સાથે અભક્ત થઈને વર્તે છે. ૨૫. જેને જેવી ભાવના હોય તેને પરમાત્મા તેવા દેખાય છે. પરમાત્મા દુર્જનોથી તો ઘણા જ દૂર રહે છે. તેઓ પ્રકટ પ્રમાણ વિચરતા હોય તોપણ દુર્જનોને દેખાતા નથી.' ૨૬.

શ્રીહરિએ આટલી વાત કહી. તે સાંભળીને ગોંડલ નરેશ હઠીસિંહ ખૂબ જ રાજી થયા. તેઓ નિરંતર શ્રીહરિની સાથે રહેતા હોય એટલું સુખ તેમને આવ્યું. ૨૭. રાજાએ બધી સવારી મગાવી. શ્રીહરિ તૈયાર થઈને ઊભા હતા. તરત જ હાથી આવીને ઊભો રહ્યો. તેના ઉપર સોનાની અંબાડી

શોભી રહી હતી. ૨૮. શ્રીહરિ હાથીના ઉપર બેઠા. શ્રીહરિએ રાજાને પોતાની સાથે બેસાડ્યા. તેમજ મુક્તાનંદસ્વામીને પણ બેસાડ્યા. બંને જણ શ્રીહરિને ચામર કરવા વાગ્યા. ૨૯. ભાઈ રામદાસસ્વામી, બ્રહ્માનંદસ્વામી, દાદાખાચર અને દેહા ખાચર આટલા શ્રીહરિની આજ્ઞાથી બીજા હાથી ઉપર બેઠા. ૩૦. કેટલાક મ્યાના, રથ અને સુખપાલ આવ્યા. એટલે શ્રીહરિએ સંતો, વર્ણીઓ અને સંન્યાસીઓને બોલાવ્યા અને તેમને યથાયોગ્ય તે તે વાહનોમાં બેસાડ્યા. તે સમયે સવારીની શોભા અદ્ભુત બની હતી. ૩૧.

શ્રીહરિએ સોનેરી વસ્ત્ર અને અંગોઅંગમાં અપાર આભૂષણો ધારણ કર્યાં હતાં. સાઁવરી સુંદર મૂર્તિ સોહામણી લાગતી હતી અને મરક મરક મુસ્કાન સુંદર લાગતી હતી. ૩૨. બધી સવારી રાજમાર્ગ ઉપર ચાલી. ચોપદાર ઊંચે અવાજે નેકી પોકારતા હતા. ડંકા નોબત અને અન્ય વાજિંત્રો વાગતાં હતાં. ઉપર આકાશ અને નીચે નગર ગાજી રહ્યું હતું. ૩૩. શ્રીહરિની આગળના ભાગમાં સોનેરી નિશાન સોહામણાં લાગતાં હતાં. પુરના બધા જ હરિભક્તો સવારીમાં આગળના ભાગમાં ચાલતા હતા. ૩૪.

સર્વોત્તમ અવસર જાણીને મંગળમય ધોળ રાગના કીર્તન ગાતા હતા. આવો અવસર તો ક્યારેક જ આવે, આવું સમજીને તે બધા કીર્તન ગાતા હતા. ૩૫. ઘણા જ ઉમંગથી ઝાંઝ અને મૃદંગ વગાડતા હતા. શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને લોકો નવરંગી-છેલછબિલા બની જતા હતા. ગોંડલ નગરના બધા જ મનુષ્યો દર્શન કરવા આવ્યા હતા. ૩૬. તે બધા મનને એકાગ્ર કરીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. કોઈક લોકો ફૂલહાર પહેરાવતા હતા. તો કોઈ શ્રીફળ ભેટ મૂકતા હતા. ૩૭. કેટલીક સ્ત્રીઓ સોના-રૂપાનાં ફૂલોથી શ્રીહરિને વધાવતી હતી તો કેટલીક થાળમાં ભરેલા મોતીથી વધાવતી હતી. ૩૮. કેટલાક લોકો આવીને સાધુ, સંન્યાસી અને વર્ણીઓને મેવા અને મીઠાઈઓ અષાઢ માસના વરસાદની જેમ આપતા હતા. ૩૯. લોકોને ભવસાગર પાર ઉતારવા માટે, તેમણે અર્પણ કરેલી ભેટની વસ્તુઓને લેતાં અને સહુને દર્શન દેતાં દેતાં શ્રીહરિ ગોંડલ શહેરથી બહાર આવી ગયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ સત્સંગીની દૃઢ નિષ્ઠાની વાત કહી'એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥

પૂર છઠ્ઠું : તરંગ - ૪૯

ગોંડલ જેતપુર વચ્ચે સ્નાનાદિ નિત્યકર્મ કરીને શ્રીહરિ થાળ જમ્યા.

ધર્મકુમાર શ્રીહરિ ગોંડલ શહેરથી બહાર જ્યારે આવ્યા ત્યારે શહેરના લોકોને દેખીને થોડીવાર ત્યાં રોકાયા. ૧. શ્રીહરિએ સહુને પાછા વળવાની આજ્ઞા કરી. પરંતુ નિપુણ ગોંડળ નરેશ તો એક કોશ સુધી દૂર વળાવવા આવ્યા. ૨. ત્યાં રસ્તામાં એક નાની વોકળી આવી. તેમાં સ્વચ્છ પાણી વહેતું હતું. શ્રીહરિ ત્યાં ઊતર્યા અને સ્નાન કરી લેવાનો મનમાં વિચાર કર્યો. ૩. પહેલા શૌચ(જંગલ) જઈ આવ્યા. પછી હાથ પગ ધોયા અને દાતણ કર્યું. તે પછી તે જળમાં સ્નાન કરવા લાગ્યા. ૪. સાધુ, સંન્યાસી, વર્ણી, દરબારો, પાર્ષદો અને બીજા હરિભક્તોએ પણ શ્રીહરિએ સ્નાન કર્યું ત્યાં સુધી સહુએ તેમની સાથે જ સ્નાન કર્યું. ૫.

તે કઈ જગ્યાએ તો, જેતપુર જતા માર્ગથી પશ્ચિમ તરફ નદીને દક્ષિણ કિનારે ઊતરીને ઘનશ્યામ શ્રીહરિએ સ્નાન કર્યું. ૬. શ્રીહરિ સ્નાન કરી રહ્યા ત્યારે પાણીની બહાર નીકળ્યા. પછી બંને સાથળની વચ્ચે ધોતિયું દબાવીને નીચોવ્યું. પછી રૂમાલ લઈને શરીરને લૂછીને કોરું કર્યું. પછી એક પીતાંબર પહેર્યું. ૭. તે પછી ઊનના કપડાની શતરંજી(ચકમો) પાથરીને તેના ઉપર બેઠા. કેસરયુક્ત ચંદનનું તિલક લલાટમાં કર્યું અને દેવ પૂજા આદિ સર્વે વિધિથી પરવારી ગયા. ૮. તે સમયે ગોંડલના મહારાજાએ આનંદ ઉલ્લાસથી બરફી અને પેંડા શ્રીહરિની આગળ મુકાવ્યા. એક એક મણ વજનની દસ બાર મોટી છાબો ભરેલી હતી. ૯. તે સિવાયના ગોંડલના બીજા હરિભક્તો પણ બધા એક એક મોટી છાબ લાવ્યા હતા. તેઓ મોતીચૂર અને જલેબી લાવ્યા હતા. ગાંઠિયા અને ચણાનો તો પાર જ ન હતો. ૧૦.

જેટલા કાઠી દરબારો હતા તેમને શ્રીહરિએ પોતાની પાસે બોલાવ્યા. અને તેમને જલેબી અને મોતીચૂર આપ્યાં. ૧૧. દરેકને બે વખત જમાય તેટલું આપ્યું અને કહ્યું કે વધારે જોઈએ તો માગી લેજો. સહુ હરિભક્તો તમારે માટે જ આ બધું લાવ્યા છે. આમ શ્રીજીમહારાજે કહ્યું. ૧૨. જલેબી અને મોતીચૂર સંતોને બોલાવીને આપ્યાં અને પાર્ષદોને પણ આપ્યાં. અને ઉપરથી જેણે જેટલાં લીધા તેટલા ગાંઠિયાં પણ આપ્યાં. ૧૩. પછી બ્રાહ્મણ સિવાયના જેટલા હરિભક્તો સાથે હતા તે બધાને શ્રીહરિએ તે બધું મીઠાઈ વગેરે આપ્યું. ૧૪. પછી પોતે હાથ ધોયા. રૂમાલથી હાથ લૂછ્યા. પછી જે પોતાની સાથે વિપ્રો હતા તે બધાને શ્રીહરિએ બોલાવ્યા. ૧૫. વિપ્રોને બરફી અને પેંડા આપ્યા. તેમજ સંન્યાસીઓને અને વર્ણીઓને પણ બોલાવ્યા અને તેમને પણ બરફી તથા પેંડા વગેરે આપ્યું. ૧૬.

કરજીસણ ગામ (તા. કડી, જિ. મહેસાણા)ના નાનાભાઈ ભટ્ટ મેવાડા વિપ્ર આવ્યા હતા અને તેમની સાથે વિપ્ર નથુભાઈ પણ હતા. તેઓ દર્શન કરવા માટે આવ્યા હતા તે ત્યાં શ્રીહરિને મળ્યા. ૧૭. નાનાભાઈ ભટ્ટે દંઢાવ્ય દેશ (ઉત્તર ગુજરાત)ના ગામેગામમાં ઠેકઠેકાણે ઘણો જ સત્સંગ કરાવ્યો હતો. અને ઘણા હરિભક્તો કર્યા હતા. તેથી શ્રીહરિ નાનાભાઈને ભાવથી ભેટ્યા. ૧૮. તેમણે તે બધા હરિભક્તોનાં નામ લઈ લઈને શ્રીહરિને 'જય નારાયણ' કહ્યા. તે બંનેને પણ શ્રીહરિએ પકવાન અપાવ્યાં અને પછી પોતે જમવા બેઠા. ૧૯.

ગુજરાતના રેવાબાઈ અને ગંગાબાઈ વિપ્ર જ્ઞાતિના સત્સંગી બહેનો હતા. તેમણે શ્રીહરિને માટે સુંદર થાળ બનાવ્યો. જીવુબાને પૂછીને તે કહે તે રીતે ઘણા પ્રેમથી થાળ તૈયાર કર્યો હતો. ૨૦. વિપ્ર નાનાભાઈ તે થાળ લાવ્યા. શ્રીહરિ પ્રસન્ન થઈને તે થાળ જમવા લાગ્યા. થાળમાં દૂધપાક અને પૂરી બનાવ્યા હતા. ભજિયાં અને કાંઈક વડાં પણ કર્યાં હતાં. અને ભાજી તથા શાક પણ થોડુંક બનાવ્યું હતું. તે બધું ઘણી ભાવનાથી શ્રીહરિને જમાડ્યું. સ્વયં જમી રહ્યા ત્યારે તે થાળની બધી પ્રસાદી ગોંડળ નરેશને આપી. ૨૨.

પછી શ્રીહરિ દહીં, ભાત અને સાકર ઘણા પ્રેમથી જમ્યા. તે બધી પ્રસાદી પણ શ્રીહરિએ રાજાને આપી. રાજાએ તે પ્રસાદી તરત જ જમી લીધી. ૨૩.

ગોંડલના મહારાજાના ભાઈઓમાં ગણોદના દરબાર અભયસિંહજી આદિક જે હરિભક્તો હતા તેમને પણ વધેલા થાળની બધી પ્રસાદી આપી. ત્યારે ગોંડલ નરેશ બોલ્યા કે, "આજ અમે અલભ્ય લાભ લીધો. ૨૪. પછી ગોંડલ નરેશે અભયસિંહજીને કહ્યું, "શ્રીહરિની સાથે જે દરબારો રહે છે તેના તો ઘણા મહાન ભાગ્ય કહેવાય. કારણ કે તેમને શ્રીહરિ ઘણા જ પ્રેમ ભાવથી સવાર સાંજ બેવાર જમાડે છે. આ દરબારો જેવા તો આપણા ભાગ્ય ન જ કહેવાય. અને આપણા એવા ભાગ્ય નથી એટલે જ આપણે શ્રીહરિથી દૂર રહ્યા છીએ." ૨૫-૨૬. જમ્યા પછી તરત જ શ્રીહરિ તૈયાર થયા. અશ્વ ઉપર સવાર થયા. તે સમયે ગોંડલ નરેશ શ્રીહરિની પાસે આવ્યા અને બે હાથ જોડીને બોલ્યા. ૨૭. "હે મહારાજ ! અમે કાયમ આપની પાસે રહીએ એવો વર અમને આપો. આ રાજ્ય તો નાશ જ થાવાનું છે છતાં પણ મરતા સુધી આનું બંધન છે." ૨૮.ત્યારે શ્રીહરિએ રાજાને કહ્યું, "તમને રાજ્ય બંધનકર્તા નહિ થાય. રાજ્ય વહીવટમાં રહીને અમારું ભજન કરો. એમ કરવાથી તમે સદા અમારી પાસે જ રહ્યા છો. ૨૯. જે ભક્તો અમારું ભજન કરે છે, તેનો ગણ્યે પાર આવે તેમ નથી. તે ભક્તોની પાસે અમે એવી રીતે રહ્યા છીએ કે તે એકેય ભક્તોને આ વાત જાણ્યામાં આવતી નથી." ૩૦.

આટલી વાત કહીને તરત જ શ્રીહરિ ચાલતા થયા. શ્રીહરિ જ્યાં સુધી નજરે દેખાતા રહ્યા ત્યાં સુધી રાજા ત્યાં ઊભા રહ્યા. ૩૧. શ્રીહરિ જ્યારે દેખાતા બંધ થયા ત્યારે રાજાએ તે દિશા તરફ દંડવત્-પ્રણામ કર્યા. શ્રીહરિની ચરણરજને મસ્તકે ચડાવી અને જે મૂર્તિનાં દર્શન કર્યાં હતાં તેને હૃદયમાં સ્થિર કરી. ૩૨. શ્રીહરિનાં સ્વરૂપનું ધ્યાન કરતાં કરતાં રાજા પોતાનાં પુરમાં આવ્યા. તેમનાં અંતરમાં અતિ આનંદ છવાઈ ગયો હતો.

શ્રીહરિ રસ્તે ચાલ્યા જતા હતા ત્યારે અશ્વને ઘણો દોડાવ્યો. ૩૩. સારા કેળવાયેલા અશ્વની જેટલી ચાલ કહેવાય તે બધી ચાલમાં પોતાના

અશ્વને ચલાવતા હતા. શ્રીહરિ અશ્વની લગામ પકડી જે રીતે સાન કરતા તે રીતે શ્રીહરિનો અશ્વ ડાહ્યો બનીને ચાલતો હતો. ૩૪. જ્યારે શ્રીહરિ પોતાના અશ્વના વખાણ કરતાં ત્યારે બધા કાઠી દરબારો બહુ ગુલતાન થઈ જતા. કાઠિયાવાડના જે કાઠીઓ છે તેને જગતમાં અશ્વને બહાને સહુ કોઈ યાદ કરે છે. ૩૫.

પછી શ્રીહરિએ બધા કાઠી દરબારોને કહ્યું, તમે બધા અમારી સાથે ઘણું રહ્યા છો. હવે જેને પોતાને ઘેર જવાની ઈચ્છા હોય, તે સહુ જેતપુરથી સુખેથી જજો. ૩૬. હવે તમને બધાને સાથે રાખવાનું કાંઈ કામ નથી. બધા એકસાથે જાઓ. અમે હવે સોરઠપ્રદેશમાં ઉત્સાહથી ફરશું. ૩૭. બધી બાઈઓ પણ પોતાને ઘેર જાય. અમે હવે પછી ગઢપુર આવશું. ગઢપુર અમારું ધામ છે, એમ સહુએ પોતાનાં મનમાં માનવું. ૩૮. જેમ અમારું જન્મ સ્થાન છપૈયા રહ્યું છે તેમ જ ગઢપુર અમારું ધામ છે, એમ અમે દૃઢ કરીને માનીએ છીએ. ૩૯. અમે સદ્‌ગુરુ રામાનંદસ્વામીના શપથ લઈને કહીએ છીએ કે, ‘અમે ગઢપુરમાં રહીને જ સત્સંગમાં ફરશું.’ એમ તમે સહુ જાણો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં ‘ગોંડલથી જેતપુર જતાં વચ્ચે સ્નાનાદિ નિત્યકર્મ કરીને શ્રીહરિ થાળ જમ્યા’ એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર છઠ્ઠું : તરંગ - ૫૦

શ્રીહરિએ ધર્મનું મુખ્યપણું કહીને ભગવાનને ભાવપ્રધાન કહ્યા

ફરી શ્રીહરિ આગળ કહેવા લાગ્યા કે, ‘અમારો એવો સ્વભાવ છે કે અમે અમારા દેહ અને દેહના સંબંધી સાથે ક્યારેય હેત રાખતા નથી. ૧. ભગવાન, સંતો અને હરિભક્તો માટે તો અમે અમારાં શરીરનું બલિદાન કરી દઈએ. સંતો ભક્તો માટે તે ઉપયોગમાં આવે એટલું જ તેનું ફળ-સાર્થકતા માનીએ છીએ. ૨. જપ, તપ, યોગ, દાન, તીર્થ, વ્રત એ બધું ઘણું જ લખ્યું છે.

વર્ણાશ્રમ ધર્મોને પુરાણોમાં લખતાં લખતાં તેનો અંત લઈ શક્યા નથી. ૩. સહુ પ્રથમ બધા ધર્મોને લખ્યા. તે પછી ધર્મોનાં ફળ બતાવ્યાં. જીવે કરવાનાં કર્મો પણ કહ્યા છે. શાસ્ત્રોમાં કોઈ બાબત લખવાની બાકી રાખી નથી. ૪.

મનુષ્ય વર્ણાશ્રમના ધર્મનો જેટલો લોપ કરે તેને માથે તેટલાં જ વધારે પ્રાયશ્ચિત લખ્યાં છે. જે મનુષ્ય કરેલા પાપોનું પ્રાયશ્ચિત ન કરે, તો તેને વર્ણાશ્રમથી બહાર જ કહ્યા છે. ૫. જ્યારે મનુષ્ય પાપનું પ્રાયશ્ચિત કરે ત્યારે તે વર્ણાશ્રમને યોગ્ય થાય છે. કેવળ વર્ણાશ્રમના ધર્મ પાળવાથી મોક્ષ કહ્યો નથી. તેણે કરીને તો સ્વર્ગલોકોના સુખને પામે છે. ૬. છતાં જે પ્રાકૃત લોકો છે તેઓ તો સ્વર્ગાદિ લોકોને જ મુક્તિ માને છે. વર્ણાશ્રમના ધર્મોને પાળવે કરીને જ એકબીજામાં સ્નેહ-સંબંધ થાય છે. ૭. જ્યાં સુધી વર્ણાશ્રમના ધર્મોનું પાલન કરે ત્યાં સુધી જ તેને મનુષ્યજાતિમાં ગણવામાં આવે છે. જ્યારે વર્ણાશ્રમ ધર્મોનો લોપ કરે છે ત્યારે તે પશુથી પણ વધારે ખુવાર-નિમ્ન થઈ જાય છે. ૮. ધર્મલોપ કરવાથી પરસ્પર એકબીજાને હેત રહેતું નથી અને પછી તો એક મનુષ્ય બીજા મનુષ્યને મારીને ખાવા લાગે છે. સ્ત્રી સાથેનો વ્યવહાર પણ પશુના જેવો જ થઈ જાય છે. કોણ કોનો પુત્ર છે ? એવો નિર્ધાર પણ રહેતો નથી. ૯.

પછી તો તેઓ માતા અને પિતા કોને કહેશે ? નાત પરનાત પણ ક્યાંથી રહે ? જ્યારે ભૂમિ ઉપર વધારે પાપ થશે ત્યારે રાજાઓ પણ પશુબુદ્ધિના થઈ જશે. ૧૦. પછી તે રાજાઓ પણ પશુની સમજણ જેવી જ નીતિ કરશે. અને પશુના જેવા જ ધર્મોનું પાલન કરશે. મનુષ્યની બુદ્ધિ જ્યારે આવી થઈ જાય ત્યારે દેવ, તીર્થ અને વ્રત લેશમાત્ર પણ નહિ રહે. ૧૧.

દાન, પુણ્ય, તપ, શૌચ, આચાર વગેરે બધા શુભ સદાચારોનો નાશ થઈ જશે. દેવરાજ ઈન્દ્ર સંતોના, વિપ્રોના અને ગાયોના જીવન માટે વૃષ્ટિ કરે છે. ૧૨. રાજા અને પ્રજા વગેરે બધા સંતોની પાછળ વિવિધ પ્રકારના ભોગોને પ્રાપ્ત કરે છે. જ્યારે દેવવૃત્તિ-પવિત્ર વર્તનનો ભંગ થઈ જાય ત્યારે ઈન્દ્ર વરસાદ કરે નહિ. ૧૩. અને ભૂમિ પોતાના રસને ચોરી લે, ત્યારે અન્ન અને

ફળ વગેરે ક્યાંથી થાય ? પશુબુદ્ધિવાળા રાજાઓને આવા અધર્મી થયેલા જોઈને પરમેશ્વર કોઈને કોઈ દ્વારા આવા આસુરી રાજાઓનો ત્યારે અવશ્ય પરાભવ કરે છે. અને વેદોક્ત નીતિને અનુસારે ધર્મને મુખ્ય કરી રાખે છે. ૧૪-૧૫.

ધર્મ હોય તો જ ઈન્દ્ર વરસાદ કરે છે. ધર્મને લીધે જ ભૂમિ રસને આપે છે. ધર્મને આધારે જ દેવો રહે છે અને તીર્થ, વ્રત તથા તપ એ બધાં ધર્મને આશરે જ રહ્યાં છે. ૧૬. તમને ધર્મ અપાર પ્રિય છે. તમને અધર્મ લગારેક પણ ગમતો નથી. જેને ધર્મ કહેવાય છે, નીતિ કહેવાય છે તેમાં જ તમને અતિશય પ્રીતિ છે. ૧૭. તમને દેવોમાં અને તીર્થોમાં અત્યંત ભાવના છે. તમે તપ, વ્રત અને દાન કરતા જ રહો છો. ધર્મ વિનાના જે કુમાર્ગો છે તેને તમે ઓળખી-પારખી લીધા છે. ૧૮.

❋ સંસાર અસાર થાય તો પ્રભુમાં પ્યાર થાય :

ક્યારેય અધર્મમાં ધર્મ ન માનવો. સત્સંગમાં દઢ ભાવ રાખવો. જ્યારે ભગવાન સિવાય બીજે ક્યાંય સાર ન મનાય ત્યારે તેનો સત્સંગ પક્વ થયો કહેવાય. ૧૯.

चोपाई :

ओर में सार मनावे जबहु, हरि दूर होई जावे तबहु;
हरि नेत्र को हे एक स्वभावा, नेत्र नेत्र बिन रज न रखावा...२०

तेसे हरि हरि बिन हि जेता, भक्त के उर में देखे तेता;
त्याग देवे तब शांति पावे, ताकुं तजी पलक न जावे...२१

જ્યારે ભગવાન સિવાય બીજામાં સાર મનાવા લાગે ત્યારે ભગવાન તેનાથી દૂર થઈ જાય છે. ભગવાનનો અને નેત્રનો એકસરખો જ સ્વભાવ છે, જેમ નેત્ર નેત્ર સિવાયની એક રજને પણ પોતાની અંદર રાખતા નથી. ૨૦. તેમ ભગવાન પણ ભક્તના હૃદયમાં ભગવાન સિવાયનું બીજું કાંઈ દેખે તો તેને તેઓ સહન કરી શકતા નથી. પણ જ્યારે તે ભક્ત તેનો ત્યાગ કરી દે છે ત્યારે ભગવાનને શાંતિ થાય છે. અને પછી તે ભક્તને તજીને પળવાર પણ દૂર જતા નથી અન્યથા ભગવાન દૂર થઈ જાય છે. ૨૧.

પરંતુ જો ભક્ત પોતાના સ્વભાવનો ત્યાગ ન કરે તો ભગવાનને તે ભક્ત સાથે પ્રેમભાવ રહેતો નથી. યશોદાના જેવા કોઈ ભક્તિવાળા ન કહેવાય. તેની ભક્તિને લીધે તો ખુદ ભગવાન તેના પુત્ર થયા. ૨૨. સ્વયં હરિ-પરમેશ્વર હોવા છતાં પોતે જે મનુષ્યના પુત્ર થવું તે વાત અત્યંત આશ્ચર્યરૂપ દેખાય છે. કેમ જે, જો કોઈ સર્વોપરિ ધર્મ પાળે અને વ્રત વગેરે કરે તોપણ ક્યારેય ભગવાન તેના પુત્ર થતા નથી. ૨૩. એકવાર યશોદાજી શ્રીકૃષ્ણને પ્યારથી ધવડાવતા હતા. ત્યારે ઘરમાં દૂધને ઊભરાતાં દેખ્યું. તેથી તત્કાળ ઊભરાતાં દૂધના લોભથી યશોદાજીએ શ્રીકૃષ્ણને છોડી દીધા. ૨૪. ત્યારે શ્રીકૃષ્ણ ખીજાયા અને વલોણાની ગોળીને ફોડી નાખી. 'મારા લોભને ભૂલી ગયા ? અને મારા સિવાયની દૂધ જેવી વસ્તુમાં લોભ થયો ? મારા સ્વરૂપનું જ્ઞાન ભૂલીને તમે બીજો લોભ કર્યો છે, તો હવે તે તમારો લોભ હું પૂરો કરું." આવું વિચારીને ભગવાને દહીં વલોવવાની ગોળી ફોડી નાખી. ૨૬.

યશોદાજી દૂધને ચુલા ઉપરથી ઉતારીને આવ્યા ત્યારે ફૂટેલી ગોળીને જોઈ. મનમાં ઘણું આશ્ચર્ય થયું. આ કામ તો મારા લાલ(પુત્ર)નું છે. એમ જાણ્યું. ૨૭. ત્યાં દહીંની રેલમછેલ થઈ હતી અને ઢોળાયેલું દહીં વહીને ઘરમાં ફેલાઈ ગયું હતું. તે જોઈને વિચાર્યું કે 'પુત્રના તોફાન વધી ગયા છે. માટે હવે તેને કાંઈક ડારો દઉં.' ૨૮. એમ જાણી પછી તેમણે લાકડી હાથમાં લીધી. લોભે માતાને ભાન ભુલાવી દીધું. ઢળતી વયે એક જ પુત્રનો જન્મ થયો હતો. તે બાબતનો કાંઈ વિવેક રહ્યો નહિ. ૨૯. શ્રીકૃષ્ણ માતાનું હેત જોવા માટે ઘરમાં છુપાઈ ગયા. અને માતાને ઘણા ખીજવ્યા. દેખ્યા વિના પ્રેમની ખબર કેમ પડે ? ૩૦.

પછી જ્યાં શ્રીકૃષ્ણ સંતાયા હતા ત્યાં યશોદાજી ખીજાઈને આવ્યા. શ્રીકૃષ્ણને પોતાને હાથે પકડી લીધા. પકડ્યા પછી પણ ક્રોધ છોડ્યો નહિ. ૩૧. તેમણે કૃષ્ણને બાંધવાનો વિચાર કર્યો. પણ તે સમયે શ્રીકૃષ્ણે પણ પોતાનું મહા સામર્થ્ય બતાવવાનું ધાર્યું. યશોદાજીએ ઘરમાં જેટલી દોરી હતી તે બધી સાંધીને શ્રીકૃષ્ણને બાંધવા કોશિશ કરી. ૩૨. પણ જ્યારે શ્રીકૃષ્ણ માતાજીના બંધનમાં કોઈપણ રીતે ન આવ્યા ત્યારે તેમનો ક્રોધ શમી ગયો.

બીજી બાજુ શ્રીકૃષ્ણે પણ પોતાની ભક્તાધીનતાને વિચારીને તેમનાં બંધનમાં આવવાનું ધાર્યું. ૩૩.

આટલું થયું છતાં માતા યશોદાજીને જ્ઞાન થયું નહિ. લોભે તેમાં અજ્ઞાન વધારી દીધું. શ્રીકૃષ્ણે પોતાનો અનંત પ્રતાપ દેખાડ્યો. તે લખતાં લખતાં તેનો પાર આવે નહીં. ૩૪. યશોદાજીએ જ્યારે તપ કર્યું હતું ત્યારે જેવો ભગવાન ઉપર ભાવ હતો તેવો ભગવાન પુત્રરૂપે થયા ત્યારે ન રહ્યો. ૩૫. જે જે ભક્તો મનુષ્ય દેહમાં આવે છે તેમને મનુષ્યભાવ કહેતા દેહભાવ મુખ્ય દેખાય છે. જો તે મનુષ્યભાવ ન આવે તો જ શ્રીહરિમાં અલૌકિક પ્રેમ રહે છે કેમજે દેહભાવવાળાની ભક્તિ પ્રાકૃત કહેલી છે અથવા ભક્ત મનુષ્યદેહમાં આવે છે ત્યારે દેહભાવને યોગે પ્રગટ પરમાત્માને વિશે પણ તેને મનુષ્યભાવ મુખ્યપણે દેખાય છે. તે પ્રગટ હરિને વિશે જો મનુષ્યભાવ ન પરઠે તો જ પ્રગટ હરિમાં અલૌકિક પ્રીત રહે છે. ૩૬.

જ્યારે પ્રગટ હરિમાં મનુષ્યભાવ આવે છે ત્યારે તેમાં અલૌકિક પ્રીતિ રહેતી નથી. અને અલૌકિક પ્રીતિ વિના ક્યારેય ભાવ કાયમ ટકે નહીં. આવી અનાદિની રીત છે. ૩૭. જ્યાં સુધી દૂર રહેતા હોઈએ ત્યાં સુધી ભરપૂર ભાવ રહે, પણ સાથે ભેળા રહીએ ત્યારે તેવો ભાવ રહે નહીં. એવું અમે મનમાં માનીએ છીએ. ૩૮. અમે અત્યારે સત્સંગમાં બધે ફરીએ છીએ ત્યાં સુધી તો બધાને ભાવ છે. પણ અમે જ્યારે નહિ ફરીએ ત્યારે કહેશું કે ભાવ કેવો છે ? જીવનો સ્વભાવ જ કાંઈ જુદો છે. અમે અનંત ગ્રંથોને જોઈ-વિચારીને કહીએ છીએ.' ૩૯. ત્યારે દાદા ખાચર મનમાં સુદૃઢ ઠેરાવ કરીને શ્રીહરિ આગળ એમ બોલ્યા કે, 'હે મહારાજ ! આપ મને ક્યાંક વેચી દો, ત્યાં સુધી મારાં હૃદયમાં આપના પ્રત્યેની ભાવના ફરશે નહિ.' ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ ધર્મનું મુખ્યપણું કહીને ભગવાનને ભાવ-પ્રધાન કહ્યા' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર છઠ્ઠું : તરંગ - ૫૧

જનક અને યોગેશ્વરોના સંવાદ પ્રમાણે આત્મનિવેદી ભક્તની વાત કહી

શ્રીહરિએ દરબારોને કહ્યું, 'જેટલા તમે સાથે છો તે બધા હરિભક્તો છો, સત્સંગી છો. માટે તમે તમારી દૃઢતાને કહો.' ૧. ત્યારે દરબારોએ હાથ જોડીને કહ્યું. 'અમે અમારા દિલમાં વિચારી લીધું છે કે અમે આપને જે તન, મન અને ધન અર્પણ કર્યાં છે તેમાં અતિ કસર-કચાશ છે. ૨. અમે તન, મન અને ધન આપને અર્પણ કર્યું છે એમ બોલીએ છે પણ હજી સુધી આપને કાંઈ આપ્યું નથી. તમે કહો તેમજ કરવું તે ઘણું કઠણ છે. તમે જેમ કહો તેમજ કરે એવા તો કોઈક જ હોય છે. ૩. હરિભક્તો તો અપાર છે. સહુએ તન, મન અને ધન અર્પણ કર્યાં છે પણ તેનો અર્થ કોઈ લગાર પણ જાણતા નથી. સહુએ બાળબુદ્ધિથી નિયમ ધાર્યા હોય છે. ૪. તન, મન અને ધન શ્રીહરિને અર્પણ કર્યાં હોય તેનો અર્થ કોઈ સમજતા નથી. સહુ દેખાદેખીથી નિયમ ધારે છે, પણ જ્યારે કામ પડે ત્યારે જ માલૂમ પડે.' ૫.

ભાઈ રામદાસજીસ્વામી જૂના કહેવાય. આત્માનંદસ્વામીની સાથે પણ તેઓ રહેલા. સહજાનંદસ્વામીએ તેમને પૂછ્યું, 'તન, મન અને ધન અર્પણ કરવાનો અર્થ કેવો કરવો જોઈએ ? ૬. સદ્‌ગુરુ રામાનંદસ્વામી તેનો અર્થ કેવો કરતા ? અને હરિભક્તો તેમની આજ્ઞામાં કઈ રીતે વર્તતા હતા ? પહેલા તમે કહો. પછી અમે જે જાણીએ છીએ તે રીતે તમને કહેશું.' ૭.

ત્યારે ભાઈ રામદાસસ્વામી બોલ્યા, 'આત્માનંદસ્વામી પાસેથી મેં સાંભળ્યું છે તે પ્રમાણે તો તેઓ એકાદશ સ્કંધમાં કહેલા ભાગવત ધર્મોને મોક્ષનું દ્વાર માનતા હતા. ૮. સદ્‌ગુરુ રામાનંદસ્વામી પણ એકાદશ સ્કંધમાં વિદેહી જનક રાજાના પ્રત્યે કવિ ઋષિએ કહેલા પરમ મોક્ષપદરૂપ ભાગવત ધર્મોને માનતા હતા. ૯. તેઓ કહેતા કે શરીર, વાણી, મન, ઈન્દ્રિયો, બુદ્ધિ અને જીવ એ બધાથી સ્વાભાવિક રીતે જે જે કર્મને જીવ કરે છે તે બધાં ભગવાન નારાયણને અર્પણ કરે. ૧૦.

આમ સમર્પણની ભાવનાથી જે વર્તે છે તેને કોઈપણ પાપ સ્પર્શતું નથી. તે ભક્ત જેવી ભગવાનની રુચિ હોય તે પ્રમાણે જ વર્તે. જીવે પોતાની રુચિનો ત્યાગ કરવો જોઈએ. જેથી જીવમાં સત્સંગનો રંગ લાગે. ૧૧. સમર્પણની ભાવનાથી તન, મન અને ધન વડે કરેલાં જે અનેક જન્મનાં કર્મો છે તે અમૃતનો કૂવો છે. એવો આ સાર કવિઋષિનાં વચનથી તેમણે કાઢ્યો છે. ૧૨. જીવે અનેક જન્મ ધર્યાં છે, તેનો કોઈ પાર નથી. પરંતુ જે દિવસથી સત્સંગ થયો છે તે દિવસથી તો જીવ ખરેખર સંસાર સાગરને પાર કરવા માટે સત્સંગરૂપી જહાજમાં બેઠો છે. ૧૩. જે જહાજમાં બેસે તેને સમુદ્ર તરવામાં કાંઈ પરિશ્રમ કરવો પડે નહિ. તેમ જેને સત્સંગ થયો તેને સંસાર સાગર તરવામાં કોઈ શ્રમ કરવાનો રહે નહિ. તન, મન અને ધનથી કરેલાં કર્મોની પણ સત્સંગરૂપ જહાજ સિવાય કોઈ ગતિ નથી. ૧૪. સંસારરૂપી સમુદ્ર અપાર છે, તેમાં જન્મ ધરતાં ધરતાં સત્સંગરૂપ જહાજ મળ્યા વિના તે સમુદ્રનો પાર પમાય તેમ નથી. ૧૫.

સત્સંગ થયા પહેલાંના જે બધાં જ શરીર ધારણ કર્યાં હતાં તેને સંસારનાં સુખ લેવા બગાડી નાખ્યા હતા. સંસારમાં મન અને ધન લગાવીને સંસારનાં સુખ લેવા માટે અનંત કર્મોને કર્યાં. ૧૬. પરંતુ તે કર્મોનાં ફળસ્વરૂપે જીવ સંસારનું અને લખચોરાશીનું અપાર દુઃખ પામ્યો છે. વેદોમાં અને પુરાણોમાં પણ ક્યાંય સત્સંગના વિના મોક્ષ બતાવ્યો નથી. ૧૭. કારણ કે સત્સંગમાં ભગવાન પ્રકટ-સાક્ષાત્ રહ્યા છે. ભગવાન સત્સંગને છોડીને એક પલકવાર પણ જાતા નથી. સન્માર્ગે ચાલવું તે જ ભગવાનનું સ્વરૂપ છે. સચ્ચિદાનંદરૂપ જે ભગવાનનો મહેલ છે તેમાં અનુપમ નવલકિશોર મૂર્તિ ભગવાન સદા રહે છે. તે ભગવાન દર્શન દે કે ન દે, એ તો તેમની મરજી. પણ આપણે તો સદા તેમના ગરજુ થઈને રહેવું. ૧૮-૧૯.

चोपाई :

गर्जु विन न हरि हित लावे, गर्जु पास सेजे चली आवे;
गर्जु के श्रीहरि होत हे बेली, गर्जुकुं कबु दिये न मेली...२०

ગરજ રહિત ઉપર ભગવાન પ્રેમ લાવતા-કરતા નથી. અને ગરજુ ભક્તની પાસે તો ભગવાન સહેજે જ ચાલ્યા આવે છે. ભગવાન ગરજુ ભક્તના બેલી થાય છે. જે ભગવાનની ગરજ રાખે છે તેને ભગવાન ક્યારેય મૂકી દેતા નથી; તેને તો સદા જાળવે છે. ૨૦. કોણ મારું ભજન કરે છે ? એમ ભગવાન હંમેશાં દેખતા રહે છે. ભગવાનના ભજનરૂપી દોરી ભગવાન સાથે મળેલી છે. ૨૧. પરંતુ ભક્તને તેનું જ્ઞાન હોતું નથી. ભગવાન પોતાના ભક્તને વૃત્તિ દ્વારા નિત્ય મળે જ છે. કથા, કીર્તન, સ્મરણ અને સેવા એ બધી ભગવાનને મેળવી આપનારી દોરી જ છે. ૨૨. ભગવાને જે કહ્યું હોય તે પ્રમાણે ભક્ત જેટલીવાર કરે છે તે સમયે ભગવાન તેની પાસે જ હોય છે. લગાર પણ તેનાથી દૂર હોતા નથી. જે ભગવાનને દૂર માને તેને સુખ થાય નહીં. ભલેને તે કરોડો વરસ સુધી સત્સંગમાં રહીને ખોવે. ૨૩.

दोहा : श्रीहरिवरकुं न दूर हे, भक्त मन में हे दूर;
भक्त जो समझे पास ही, ताके हे मूर्ति हजूर...२४
वृत्ति में वृत्तिरूप होई, जीय में जीयरूप होई;
दृग में रहे दृगरूप होई, मूर्तिमान हि सोई...२५

શ્રીહરિવર તો ભક્તથી દૂર જ નથી પણ ભક્તનાં મનમાં એમ છે કે ભગવાન મારાથી દૂર છે. જો ભક્ત ભગવાનને પોતાની પાસે જ માને તો તે ભક્તને માટે ભગવાનની મૂર્તિ સદા હાજરાહજૂર જ છે. ૨૪. ભગવાન ભક્તની વૃત્તિમાં વૃત્તિરૂપે રહે છે, જીવમાં જીવરૂપે રહે છે અને તે ભક્તની આંખોમાં આંખોરૂપે રહે છે. એવી રીતે તે ભગવાન ભક્તમાં સાક્ષાત્ મૂર્તિમાન રહ્યા છે. ૨૫.

ઉપર કહી તે યોગકળાની વાત છે. તે યોગી વિના બીજાને સમજાય નહિ. યોગીને તો 'ભગવાન મારાથી દૂર છે.' એવું દેખાતું જ નથી-અનુભવાતું જ નથી. તે તો સતત મૂર્તિમાં જ પ્રસન્ન થઈને રહે છે. ૨૬. મૂર્તિમાં રહેવાની યોગકળા શીખ્યા વિના પ્રગટપણે કે પોતાની વૃત્તિમાં ભગવાનનો વિયોગ જ રહેવાનો. ભલેને તે કોટિ વર્ષ સુધી સત્સંગ કરે..!' ૨૭. આ રીતે ભાઈ રામદાસસ્વામીએ વાતો કહી. તેને શ્રીહરિએ સાક્ષાત્ સાંભળી. તે પછી

શ્રીહરિ બોલ્યા કે, 'મોક્ષનો સિદ્ધાંત તો બધો એકસરખો મળતો આવે છે. ૨૮. સદ્‌ગુરુ રામાનંદસ્વામી જે સ્વરૂપનું ધ્યાન કરતા હતા, તે સ્વરૂપ અત્યારે આ સત્સંગમાં મૂર્તિમાન વિરાજે છે. રામાનંદસ્વામી પોતાની વૃત્તિમાં જે રહ્યા હતા તે ભગવાનને સત્સંગમાં પ્રગટ-પ્રસિદ્ધ કરીને પછી પોતે ધામમાં ચાલ્યા ગયા. ૨૯. તન, મન અને ધનથી કરેલાં કર્મોનો અર્થ હું હવે સમજાવું છું. ' જે જીવ છે તે સત્સંગ થયા પહેલા તો સર્વે માયામય જ કહેવાય. ૩૦.

ત્રણ ગુણ તે જીવના આવરણ કહેવાય છે અને સર્વે કર્મો પણ ગુણરૂપ કહેવાય છે. પરંતુ જીવને જે દિવસથી સત્સંગ થાય છે તે દિવસથી તેનાં માયાનાં બંધન છૂટી જાય છે. ૩૧. અને જેનું નામ હરિભક્ત કે હરિજન પડે છે તેનો ગુણાતીત જન્મ કહેવાય છે. પછી તે ભક્ત તન, મન અને ધનનાં કર્મોથી ભગવાન સંબંધી જ બધા મનોરથ કરે છે. ૩૨. તન, મન અને ધનથી કરેલાં બધાં કર્મ તે ભક્ત જ્યારે ભગવાનને અર્પણ કરે છે ત્યારે તે આત્મનિવેદી ભક્ત કહેવાય છે. પછી તે ભક્તે ભગવાન કહે તે પ્રમાણે જ તન, મન અને ધનથી કર્મ કરવા જોઈએ. ૩૩.

તે આત્મનિવેદી ભક્ત અંબરીષ રાજાના જેવો ભક્ત કહેવાય. સર્વ ભક્તોમાં તે શ્રેષ્ઠ ગણાય. બલીરાજાએ આત્મનિવેદી ભક્ત બનીને વામન ભગવાનનો રાજીપો મેળવી લીધો હતો. ૩૪. એ જ રીતે પ્રહ્લાદજી બલિરાજાના દાદા(પિતામહ) હતા. તેઓ પણ આત્મનિવેદી ભક્ત થયા હતા. તેવા જ ભક્ત પ્રિયવ્રત રાજા હતા અને જનક વિદેહી પણ તેવા જ આત્મનિવેદી ભક્ત થયા હતા. ૩૫.

અનાદિ યુગથી આ સત્સંગની રીત એકસરખી જ ચાલી આવે છે. કોઈ સદ્‌ગુરુ પાસેથી જ્યારે તે રીતને જાણે ત્યારે તે સમજ્યામાં આવે છે. ૩૬. અનાદિ યુગથી ચાલી આવતી જે સત્સંગની રીત છે તેનાથી પણ આજ આ પ્રગટ સત્સંગની રીત અધિક છે. આ પ્રગટ સત્સંગની જે જે રીત છે તેની કુમતિને કાંઈ ખબર પડતી નથી. પણ સુમતિને તો સત્સંગની રીત જોઈને અધિક અધિક પ્રેમ થાય છે. ૩૭. આ સત્સંગ સુમતિ માટે છે પણ કુમતિને તે સત્સંગ ક્યારેય ગમતો નથી. તે કુમતિને તો કાંઈક બીજો જ ઉમંગ હોય છે.

તેથી તે મરીને જમપુરીનું દુઃખ પામે છે. ૩૮. સત્સંગની જે બધી રીતો છે તે સુમતિ મનુષ્યને ગમે છે. તેથી તેને સાંભળતાની સાથે જ સત્સંગની વાત મનાઈ જાય છે અને પછી તરત જ તે સત્સંગી થાય છે.' ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'જનક અને યોગેશ્વરોના સંવાદ પ્રમાણે આત્મનિવેદી-પણાની વાત કહી' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર છઠ્ઠું : તરંગ - ૫૨

જેતપુર ભાદર નદીમાં રામાનંદસ્વામીનો મેળાપ અને ધર્મનાં સૈન્યથી અધર્મનો નાશ કહ્યો

શ્રીહરિ **જેતપુર** પધાર્યા. પછી પોતાની સાથેના હરિભક્તોને લઈ જ્યાં સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ સ્નાન કર્યું હતું તે ભાદર(ભદ્રાવતી ગંગા)નદીની પાસે આવ્યા. ૧. ત્યાં શ્રીહરિને સદ્‌ગુરુ રામાનંદસ્વામી સાક્ષાત્ મૂર્તિમાન દેખાયા. તેથી અશ્વ ઉપરથી નીચે ઊતર્યા અને આવીને તેમના ચરણોમાં પડ્યા. ૨. રામાનંદસ્વામીનો વેશ અદ્‌ભુત હતો. તેમણે શરીરે વિભૂતિ લગાવી હતી. બીજા કોઈ તેમને ઓળખી શક્યા નહિ. શ્રીહરિને જોઈને રામાનંદસ્વામી ઘણા ખુશી થયા. ૩. પછી રામાનંદસ્વામીએ શ્રીહરિને કહ્યું, 'હું તમારા દર્શન કરવા આવ્યો છું. ભક્તોના મનોરથોને પૂરા કરવા માટે તમે સત્સંગમાં કઈ રીતે વિચરી રહ્યા છો ? હું તે જોવા આવ્યો છું. ૪.

❋ શ્રીહરિની સર્વોપરીતા :

બીજા અનંત અવતારો થઈ ગયા છે. જેનો ગણતા કાંઈ પાર આવતો નથી. જે અવતારમાં જેટલો પ્રતાપ હતો તે પ્રમાણે તેમણે સામર્થ્ય-પ્રતાપ જણાવ્યો છે. ૫. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનને અનેક શાસ્ત્રો કરી પ્રવર્તાવ્યા છે. તે અવતારોએ પોતાના સામર્થ્ય પ્રમાણે દીવો, મશાલ કે અગ્નિના જેવું અતિ સામર્થ્ય દેખાડ્યું છે. ૬. કેટલાક અવતારોએ વીજળીના

જેવું અને વડવાનળના જેવો અતિ પ્રતાપ જણાવ્યો છે. કેટલાક અવતારોએ તો તારાગણ અને ચંદ્રમાના જેવો પ્રબળ પ્રતાપ દેખાડ્યો છે. ૭.

કેટલાક અવતારોએ એક સૂર્યના જેટલું વધુમાં વધુ સામર્થ્ય દેખાડ્યું છે. આ રીતે પૂર્વે જેટલા અવતારો થયા છે તેમણે પોતપોતાને અનુરૂપ સામર્થ્ય દેખાડ્યું છે. ૮. મહાપ્રલયની આગળ બીજા પ્રલય ક્યાંય દેખ્યામાં જ આવતા નથી. અર્થાત્ તે કાંઈ લેખામાં નથી. તેમ આપના સામર્થ્ય આગળ બીજા અવતારોનું સામર્થ્ય કાંઈ ગણતરીમાં જ નથી. અનંત અવતારોનું જેટલું સામર્થ્ય છે તે બધું આપમાં આવી ગયું છે. ૯. આપ જે વિચરણ કરો છો તેમાં આપનું સામર્થ્ય દેખાઈ આવે છે. આસુરી લોકો તેને દેખી શકતા નથી. અસુર લોકો તો અધર્મની રીતમાં વર્તે છે તેમને માયિક વિષયોમાં જ પરમ પ્રેમ હોય છે. ૧૦. તે અસુરો બીજા અવતારોને પણ પોતાના જેવા જાણે છે અને તેને લીધે જ તેમને ધર્મમાં બુદ્ધિ-ભાવના થાતી નથી. અસુરો ઉપર-ઉપરથી દેખાવ ખાતર ધર્મ રાખે છે પણ જ્યારે તેમને પોતાની રુચિના લોકો મળી જાય ત્યારે તેઓ વિષયોને ભોગવવાની ઇચ્છા કરવા લાગે છે. ૧૧. અત્યારે અધર્મે ધર્મનું રૂપ લઈ લીધું છે. તેથી અધર્મને ધર્મ જાણીને તેને મોટા રાજાઓ પણ નમે છે. પરંતુ જ્યારે તેને સાચી ખબર પડે છે ત્યારે જો સત્યધર્મનો ખપ હોય તો તેઓ બધા મિથ્યા ધર્મોનો ત્યાગ કરે છે. ૧૨.

સત્યરૂપ ધર્મપિતાના અને સત્યરૂપ ભક્તિમાતાના આપ પુત્ર છો. સત્યસ્વરૂપ જ્ઞાન અને વૈરાગ્ય આપના બંધુઓ છે આવું મને જોવામાં આવે છે. ૧૩. આપ સત્સંગમાં વિચરો છો ત્યારે આપની સાથે એ બધા સદ્‌ગુણો પણ સત્સંગમાં વિચરે છે. આ ધર્મવંશીય સદ્‌ગુણોને સત્સંગ જ એક આધાર છે. તેનાં વિના તેમનું બીજું કોઈ સ્થાન નથી. કેમ જે, બીજા કોઈ આ ગુણોને રાખતા-કેળવતા નથી ૧૪. ચારેવર્ણના પુરુષો અને સ્ત્રીઓ જે સત્સંગી થયા છે તેઓ ક્યાંય અધર્મવંશીય દુર્ગુણોને ધીરતા-આશ્રય આપતા નથી. ૧૫.

सोरठा : धर्म भक्ति अरु ज्ञान, वैराग्य चारुं अंग जुत;
धर्मवंशकुं हि जान, मान हि संत से मुख्य कर...१६

તે સત્સંગીઓ ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય - એ ચારેય સદ્‌ગુણોએ યુક્ત અંગવાળા ધર્મદેવના પરિવારને જાણીને સંતોના કરતાં વિશેષ રૂપમાં માને છે. ૧૬.

चोपाई :

धर्म भक्ति वैराग्य रु ज्ञाना, तेहि जुत संत को करहि सनमाना;
चार में मुख्य हरिज्ञान जो होवे, ता बिन संत को मुख न जोवे...१७
हरिके ज्ञान बिन धर्मवंशी भारी, एक वेर अन्न देवेको अधिकारी;
माननेको नहिं तेहि अधिकारा, वर्ल गाउसे कहाँ होय विस्तारा...१८

તેમજ સત્સંગીઓ ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ચારથી યુક્ત જે સંત હોય તેનું સન્માન કરે છે. અને તે ચારમાં પણ શ્રીહરિનાં સ્વરૂપનું જ્ઞાન મુખ્ય છે. ભગવાનના એવા સર્વોપરી જ્ઞાન વિનાના સંતનું તેઓ મુખ પણ જોતા નથી. ૧૭. એવી જ રીતે ભગવાન શ્રીહરિનાં સ્વરૂપનાં જ્ઞાન વિનાના કોઈ મોટા ધર્મવંશી હોય તોએ શું ? તેવા ભગવદ્‌જ્ઞાન વિહોણા ધર્મદેવના પરિવારજનો (અયોધ્યાવાસીઓ) તો કેવળ એક વખતનાં ભોજન દેવાનાં જ અધિકારી છે. તેઓ ક્યારેય માનવા પૂજવાને યોગ્ય નથી. કેમ જે, વંધ્યા (વરોળ) ગાયથી કાંઈ ગોવંશની વૃદ્ધિ થાય ? ન જ થાય. ૧૮.

સંતોમાં અને હરિભક્તોમાં પણ તેના જેવી જ રીત છે કે, જો તેઓ વંધ્યા(ગાય)ના જેવા નિષ્ફળ હોય, તો તેમની સાથે હેત રાખતા નથી. જે ભક્ત ભગવાનના જ્ઞાનથી યુક્ત હોય તે જ ફળવાળો કહેવાય. એવા ભક્તના ધર્માદિક સદ્‌ગુણો જોઈને સત્સંગીઓ તેનું સન્માન કરે છે. ૧૯. હે હરે ! આપ તો બધી વાતો જાણો જ છો. મારા મનમાં આટલા સંકલ્પ થયા તે મેં આપને કહ્યા. જે દિવસ આપનું કુટુંબ આવશે ત્યારે સત્સંગનો કાંઈ નોર (વ્યવસ્થા) થાશે. ૨૦.

चोपाई :

महा तखत छोरी ईहाँ आये, सत्संग को अति भाग्य रहाये;
तुमारी सेवा पूजा जोउ, करने मुक्त ईहाँ आवत सोउ...२१
रेहेवत धाम में आवत आंहीं, तब ताके उर शांति रहाहि;
फेर न आवनो परे यह ठोरा, एसो मोक्ष को करनो नोरा...२२

અક્ષરધામનું મહાન સિંહાસન છોડીને આ મનુષ્યલોકમાં આપ આવ્યા છો તે સત્સંગનું મહાન ભાગ્ય છે. બધા ધામના મુક્તો પણ આપની સેવા પૂજા કરવા આ માનવલોકમાં આવતા રહે છે. ૨૧. તેઓ ધામમાં રહે છે છતાં અહીંયા આવે છે, ત્યારે તેમનાં મનમાં શાંતિ રહે છે. હે હરે ! આપ મોક્ષમાર્ગની કાંઈ એવી વ્યવસ્થા-નોર કરજો કે જેથી ફરીને આ લોકમાં આપને આવવું પડે નહિ. ૨૨. ધર્મ, ભક્તિ અને વૈરાગ્ય વગેરે ક્યારેય જીર્ણતાને પામે નહીં, ઘસારો પડે નહિ; એવો કાંઈ ઉપાય કરજો. જો કે આપની નજરમાં તો બધું રહ્યું જ છે. ૨૩. દેશોદેશમાં આપ એવા મંદિર કરાવો કે જેમાં હંમેશાં આપનાં દર્શન થાય. આપનું સ્થાન કાયમ જાળવી રાખે એવો તો એક ધર્મવંશ જ છે. ૨૪. આપ પાકા મંદિર કરાવો. અમે આપના (કૌશલ) દેશમાં જઈશું. પછી અમે કોઈ સંતમાં પ્રેરક બનીને તેનો શુભ સંદેશ લાવીશું. ૨૫.

જેટલા મોટા મોટા રાજાઓ છે તે બધા ધર્મવંશીને જોઈને ભૂમિ ઉપર મસ્તક નમાવીને પગે લાગશે. તેમાં કાંઈ ફેર નહિ પડે. ૨૬. ધર્મના વંશથી સંતો અને સહુ હરિભક્તોને સદા સુખ થાશે અને સહુની અનંત શોભા થાશે.' ૨૭. ત્યારે શ્રીહરિએ સદ્‌ગુરુ રામાનંદસ્વામીને કહ્યું, 'મેં ઘર છોડ્યું ત્યારથી આજ દિવસ સુધી ઘરનો ક્યારેય સંકલ્પ પણ કર્યો નથી. હવે અત્યારે આપ તેની વાત કરો છો. ૨૮. જેવું સત્સંગનું ભાગ્ય હશે તેવું ધીરે ધીરે બધું થઈ આવશે. અમારા મનમાં તે ઘરના લોકોનો કોઈ સંકલ્પ પણ નથી. બસ, સંકલ્પ તો માત્ર બધા હરિભક્તોને સુખી કરવાનો જ રહ્યા કરે છે. ૨૯. સંતોને સદ્ધર્મની રીત ઘણાં જ પ્રેમથી બતાવવી છે. શાસ્ત્રોમાં પવિત્ર ધર્મ જેવા લખ્યા છે તે રીતે કોઈ સંતો વર્તતા નથી. ૩૦.

પૂર્વે ઘણા મોટા મોટા ઋષિઓ જે કહેવાતા હતા, તેમણે ઘણું દારુણ તપ કર્યું હતું. શરીરના કેવળ હાડકાઓ જ રહ્યા હતા. બીજા બધા અંગો રાફડો થઈ ગયા હતા. ૩૧. ત્રીશ, ચાલીશ કે સાઠ હજાર વર્ષ પર્યંત મહાન તપ કરીને શરીરને અત્યંત કૃષ કરી નાખતા. તે ઋષિઓ કેવળ પોતપોતાની ઈચ્છાથી જ આવું અતિશય દુઃખદાયક તપ કરતા. ૩૨.

અતિ સામર્થ્યવાળા થાવાની ઈચ્છા રાખીને તેમણે તપશ્ચર્યા કરી પરંતુ અંતે અંતઃશત્રુઓએ તેમની ઘણી ફજેતી કરી. સૂકાં લાકડાંના ઢગલાં મેરુ પર્વતના જેવડાં હોય પણ તેને જો અગ્નિનો જોગ થાય તો તે બધાં જ લાકડાઓની ભસ્મ થઈ જાય, તેમ કરોડો વરસ સુધી યોગ સાધના કરે અને છેવટે જઈને ભોગોને ભોગવવા લાગે છે. બ્રહ્મા અને શિવ સુધી તપાસ કરીને જોયું તો જણાયું કે, જ્યારે તેમને ભોગસુખ મળ્યું ત્યારે તેમની યોગકળા નાસી ગઈ. ૩૪.

એકમાત્ર ચાર સનકાદિક સિવાયના બધા જ ઋષિઓને અંતે થોડા ઘણા અંશે દૂષણના ડાઘ લાગ્યા જ છે. શ્વેતદ્વીપમાં જેટલા ઋષિઓ છે તે બધા સનકાદિકોના જેવા નિર્દોષ છે એમ શાસ્ત્રો જણાવે છે. ૩૫. બદરિકાશ્રમમાં જે ઋષિઓ છે તે બધા કામવાસનાને ટાળી નાખે છે. અઠ્યાસી હજાર ઋષિઓ રાત-દિવસ ભાગવતને સાંભળ્યા કરે છે. ૩૬. અતિ ભયંકર સ્ત્રીરૂપી માયા ઉપર કહ્યા તે સહુને પીડતી નથી. એ બધા ભગવાનની આજ્ઞામાં રહે છે તેણે કરીને તેઓ બધા કુશળ-ક્ષેમ રહી શકે છે. ૩૭.

ભગવાનની આજ્ઞારૂપી કિલ્લામાં જેઓ રહે છે તેઓ કુશળ-ક્ષેમ રહે છે. પણ જે જે ભગવાનની આજ્ઞારૂપી કિલ્લામાંથી બહાર નીકળે છે અને વિષયને દેખે-ભોગવે છે તે તે બધા તરત જ માર ખાય છે. ૩૮. અત્યારે મહાઘોર કળિયુગ ચાલી રહ્યો છે. તે કળિમાં અમે અત્યારે પ્રક્ટ્યા છીએ. અત્યારે અધર્મનું ઘણું જ જોર છે. તે અધર્મનું બળ ધર્મનાં સૈન્ય વિના હઠે તેમ નથી. ૩૯. અમે સંતોને અને હરિભક્તોને ધર્મરૂપ હથિયાર આપીએ છીએ. તેઓ જ્ઞાનરૂપી તોપ ચઢાવીને અધર્મનાં સૈન્યને મારે છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'જેતપુરની ભાદરનદીમાં રામાનંદસ્વામી મળ્યા અને ધર્મના સૈન્યથી અધર્મનો નાશ કહ્યો' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર છઠ્ઠું : તરંગ - ૫૩

શ્રીહરિ રામાનંદસ્વામી સાથે ધર્મ વિષયક વિચાર કરીને જેતપુરના રાજદરબારમાં પધાર્યા

શ્રીહરિનું સત્સંગમાં વિચરણ જોઈને સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ તેમની વારંવાર પ્રશંસા કરી અને હૃદયના આનંદની સાથે પ્રસન્નતા જણાવી. ૧. પછી તેમણે શ્રીહરિને હાથ જોડ્યા અને કહ્યું, 'અત્યારે આપણાં સત્સંગ સમાન બીજું કોઈ નથી. ચારે ધામમાં બધે ડંકો વાગી રહ્યો છે. ૨. જ્યારે સૂર્યોદય થાય ત્યારે બધા તારાઓ તેના તેજમાં લીન થઈ જાય છે. તેમજ સહજાનંદ સૂર્યને પ્રગટ થયો જાણીને અત્યારે બીજા કોઈનું અંજવાળુ રહ્યું નથી. ૩. સહજાનંદરૂપી સૂર્યોદય દેખીને બધા અધર્મી મતપંથરૂપી ઘુવડ અંજાઈ ગયા છે. ઘુવડો સૂર્યને દેખી શકતા નથી. તેથી કાંઈ સૂર્ય મિથ્યા થઈ જતો નથી. ૪. જે અધર્મનું સૈન્ય કહેવાય છે તે ક્યારેય ધર્મની સેનાને જીતી શકે તેમ નથી. અધર્મને દાવ પેચ ઘણા આવડતા હોય છે તેથી તે ખરે સમયે નમી-લટી જાય છે. ૫.

પરંતુ જ્યારે અધર્મને અનુકૂળ સમય આવે છે ત્યારે ફરીથી અધર્મ જેવો હતો તેવોને તેવો જ થઈ જાય છે. અને જ્યારે ધર્મને અનુકૂળ સમય હોય ત્યારે ભગવાન ક્યારેય ધર્મના હિતમાં આવતા નથી. આવી બધી અનાદિ કાળની રીત છે. ૬. પણ જ્યારે જ્યારે અધર્મ વધારે પડતો બળવાન થાય છે ત્યારે ત્યારે ભગવાન પ્રકટ થાય છે. જ્યારે ધર્મનું બળ વધારે પડતું હોય ત્યારે ભગવાન અવતાર ધારણ કરતા નથી. ૭. ભગવાનને ધર્મ ઉપર બહુ હેત છે. તેથી ધર્મનો લોપ થાય-નાશ થાય, તેને ભગવાન સહન કરી શકતા નથી. તે જ કારણથી ભગવાન ધર્મના હિત માટે અવતાર લે છે, એમ કવિઓ વારંવાર કહે છે. ૮. ધર્મમાં જે રુચિ કરવી તે તો સહુથી વધારે પ્રયાસ-મહેનતની બાબત છે. પ્રયાસ વિના ધર્મ રહી શકે નહીં. એવી ધર્મની રીત કહેવાય છે. ૯. ધર્મદેવ મોક્ષનું દ્વાર છે અને ધર્મે કરીને જ મનુષ્યનો ઉદ્ધાર થાય છે. અધર્માચરણ કરવાથી મનુષ્યને ઘોર નરકની પ્રાપ્તિ થાય છે છતાં તે મનુષ્ય અધર્મને છોડતો નથી. ૧૦.

જેટલા દુઃખ માત્ર કહેવાય છે તે બધા અધર્મમાં ભર્યાં છે. છતાં જીવને તે અધર્મનો અભાવ આવતો નથી. કેમ કે જીવનો સ્વભાવ જ તેવો પાપરૂપ થઈ ગયો છે. ૧૧. ભગવાન અને તેમના સંતો સિવાય ચારેબાજુ અધર્મનું ઘોર અંધારું જ છે. જીવને તેમના સિવાય કોઈ શુભ માર્ગ બતાવનાર જ નથી. વિપ્રો ભલે વેદ અને પુરાણોને વાંચે છે તોપણ તેમને મોક્ષમાર્ગ જાણ્યામાં આવતો નથી. ૧૨. અધર્મમાં અપાર અવગુણમાત્ર ભરપૂર પ્રમાણમાં ભર્યા છે. છતાં પણ માણસ શૂરવીર થઈને અધર્મની સાથે પ્રકૃતિ મેળાવે છે. ૧૩. અને ધર્મમાં તો અગણિત ગુણમાત્ર ભરપૂર પ્રમાણમાં ભર્યા છે. છતાં પણ માણસ ધર્મની સાથે જરાય પ્રકૃતિ મેળવતો નથી. ૧૪. ધર્મનું સ્થાપન કરવા માટે અને અધર્મનો નાશ કરવા માટે ભગવાન વારંવાર પ્રકટ થાય છે. છતાં પણ ધર્મને બદલે અધર્મ જ વૃદ્ધિ પામે છે. ૧૫.

અધર્મનો માર્ગ નીચા ઢાળવાળો છે. તેમાં નીચાણ તરફ દોડવામાં કોઈને શ્રમ પડતો નથી. પણ અધર્મરૂપી નીચા માર્ગ તરફ દોડવાથી તો ઘણો જોરદાર દુઃખનો સમુદ્ર મળે છે. અને જમપુરીનાં દુઃખમાં પડે છે તેને કોઈ ફાયદો થાતો નથી. ૧૬. ધર્મની ગતિ અપાર ઊંચી છે. તેથી તે ધર્મ પાળવામાં તો અપાર શ્રમ પડે છે. થાક લાગે છે. પણ શ્રમ વિના ઊંચે ચઢાતું નથી અને ઊંચે ચઢ્યા સિવાય મહાન ફળ મળતું નથી. ૧૭.

✵ ધર્મવાનની ભગવાન રક્ષા કરે છે :

चोपाई :

धर्म में रुचि करत जेहा, हरि संत करत सहाय तेहा;
फलको लोभ होवे मन जबहु, अति कठिन तोहु तजे न तबहु...१८
सर्वोपरी सुख पावना जोउ, श्रम बिन कहाँसे मिले सोउ;
सत्संग करे तेहि श्रम न लेशा, सत्संग रखना इतनो हे क्लेशा...१९

જે મુમુક્ષુઓ ધર્મ પાળવામાં રુચિ રાખે છે તેને ભગવાન તથા સંતો સહાયતા કરે છે. મનમાં જ્યારે શ્રેષ્ઠ ફળનો લોભ ઊપજે, તો કઠિનમાં કઠિન સાધન હોય તોપણ તેને તે છોડતો નથી. ૧૮. જેને સર્વોપરિ સુખ

મેળવવું હોય તેને પરિશ્રમ તો કરવો જ પડે. પરિશ્રમ વિના તે સુખ ક્યાંથી મળે ? જે સત્સંગ કરે તેને કલ્યાણ પામવામાં લેશમાત્ર પણ શ્રમ નથી લાગતો. પણ તે સત્સંગને કાયમી ટકાવી રાખવામાં જ શ્રમ છે. ૧૯.

ओर क्लेश हि विचारे जोहु, यह कलेश सुगम परे तोहु;
खप बिन कबु न होय सत्संगा, संत बिन खप न होय अभंगा...२०

બીજા બધા શ્રમનો જો વિચાર કરવામાં આવે તો આ સત્સંગ નિમિત્તેનો શ્રમ બિલકુલ સુગમ પડે. ક્યારેય ખપ વિના સત્સંગ થાય નહિ અને સંતો વિના ક્યારેય અખંડ ખપ ઊપજતો નથી. ૨૦. માટે સંતોએ જીવાત્માના સત્સંગના ખપનું પોષણ કરવું જોઈએ. પોષણ વિના અખંડ ખપના દર્શન થતા નથી. અમે અમારી સમજણ તમને કહી. તમારી સમજણ પ્રમાણે તમે કર્યું છે.' આ રીતે રામાનંદસ્વામીએ કહ્યું. ૨૧. આવી વાતો કહીને સદ્‌ગુરુ રામાનંદસ્વામી ઘણા જ હેતથી શ્રીહરિના ચરણોમાં પડ્યા. પછી તેઓ શ્રીહરિના ગુણ ગાતાં ગાતાં ગીરનાર તરફ ચાલતા થયા. બીજા લોકોએ દેખ્યા ખરા, પણ કોઈએ ઓળખ્યા નહિ. ૨૨.

શ્રીહરિ અહીં ભાદર નદીએ પધાર્યા ત્યારે બધા સંતો અને હરિભક્તોએ નદીમાં સ્નાન કર્યું. જેતપુર ગામના જે હરિભક્તો હતા તેમને સમાચાર મળ્યા એટલે તે બધા ત્યાં આવ્યા. ૨૩. ફૂલના હાર અને શ્રીફળ બહુ લાવ્યા હતા. તેથી ફૂલહાર પહેરાવીને શ્રીફળ ભેટમાં અર્પણ કર્યાં અને સહુએ શ્રીહરિને દંડવત્-પ્રણામ કર્યા. ૨૪. શ્રીહરિનાં દર્શન થવાથી ભક્તજનોને મહાન આનંદ થયો. તે સ્થળે અપાર નરનારીઓ પૃથક પૃથક ટોળે ટોળાં મળીને દર્શન કરવા આવ્યા હતા. ૨૫.

જેતપુરના ગામધણી દરબાર મહાભાવિક હતા. તેમણે શ્રીહરિની ખબર સાંભળીને પોતાની બધી સવારી તૈયાર કરી અને અપાર પ્રેમથી શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૬. દરબાર શ્રીહરિની પાસે આવ્યા. તત્કાળ ચરણોમાં નમી પડ્યા. ફૂલહાર પહેરાવ્યા અને શ્રીહરિના ચરણોમાં શ્રીફળ અર્પણ કર્યાં. ૨૭. શ્રીહરિએ દરબારને પ્રેમભાવથી બોલાવીને કુશળ પૂછ્યા,

તેમજ દરબારે પણ શ્રીહરિને કુશળ સમાચાર પૂછ્યા. એટલે તે અવસર એવો થયો કે સહુનાં હૃદયમાં આનંદ અતિશય છવાઈ ગયો હતો. ૨૮. દરબાર મ્યાના અને રથ વગેરે વાહન લાવ્યા હતા. તેમાં બધા સંતોને બેસાડ્યા. બીજા વર્ણીઓને પણ બોલાવ્યા અને તેમને પણ રથ અને મ્યાનામાં બેસાડ્યા તેથી તે વાહન ભરાઈ ગયા. ૨૯. કેટલાક મોટા મોટા પંડિત સંતો હતા તેમને સુખપાલમાં બેસાડ્યા.

બે મોટા હાથીને બધા જ સોનેરી સાજ અને સોનાનાં ઘરેણાં પહેરાવીને લાવ્યા હતા. ૩૦. જે હાથી ઉપર સોનેરી અંબાડી હતી તેના ઉપર શ્રીહરિ બેઠા. જેતપુરના દરબાર શ્રીહરિની પાછળ ચામર કરવા બેઠા. ચોપદાર બધા મળીને નેકી પોકારવા લાગ્યા. ૩૧. મુક્તાનંદસ્વામી અને ભાઈ રામદાસજી સ્વામી બીજા હાથી ઉપર બેઠા. દરબાર દાદા ખાચર અને દેહા ખાચર એ બંનેને સંતોની સાથે હાથી ઉપર બેસાડ્યા હતા. ૩૨. ડંકા અને નિશાનો જે આવ્યાં હતાં, તે બધાં શ્રીહરિની આગળ જ ચાલતાં હતાં. વિવિધ પ્રકારના જે વાજિંત્ર લાવ્યાં હતાં તે બધાં જ્યારે વાગવાં લાગ્યાં ત્યારે તેના પડછંદાથી ગગન પણ ગાજી રહ્યું હતું. ૩૩. આ પ્રમાણે ચાલેલી શ્રીહરિની સવારી પુરના ઉત્તર દરવાજે આવી. ત્યાં ઊભેલા પુરજનોનો કોઈ પાર ન હતો. જ્યારે સવારી દરવાજામાં પ્રવેશી ત્યારે અપાર મશાલો પ્રકટાવી હતી. ૩૪. બધા રાજમાર્ગો સ્વચ્છ કરાવ્યા હતા. ઠેકઠેકાણે કેળના સ્તંભ રોપાવેલા હતા. દુકાનોને સુંદર રીતે શણગારી હતી. બિલોરી કાચનાં ઝાડ બહુ જાતનાં પ્રકટાવ્યાં હતાં. ૩૫.

હરેક દરવાજે મોતીનાં તોરણ બાંધ્યા હતાં. તેની શોભા અદ્‌ભુત બની હતી. હરિભક્તો ઝાંઝ અને મૃદંગ વગાડીને પ્રેમરસ ભર્યા કીર્તનોને ગાતા હતાં. ૩૬. લોકો શ્રીહરિની મૂર્તિ વિના બીજું કાંઈ દેખતા નહિ. મૂર્તિ મહાન રસરૂપ બની હતી. લોકોનાં ચિત્તને મૂર્તિ ચોરી લેતી હતી. ૩૭. દર્શન કરનારા લોકોને દર્શન કરવા છતાં તૃપ્તિ જ થતી ન હતી. લોકો મૂર્તિની પાછળ પાછળ ખેંચાતા આવતા હતા. સ્ત્રીઓ મોતીના ભરેલાં થાળથી અને પુષ્પોથી શ્રીહરિને વધાવતી હતી. ૩૮. લોકો ખૂબ જ ગુલાલ ઉડાડતા હતા.

શ્રીહરિ રાજભવનમાં પધાર્યા. દરબારનાં મનમાં ઘણો જ હરખ હતો. તેમણે પોતાના સુવર્ણમય મહેલમાં ઉતારો કરાવ્યો. ૩૯. રાજભવનના તે મહેલમાં સોનાનો હિંડોળો બાંધ્યો હતો. તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. બીજા જેટલા સંતો અને દરબારો હતા તે બધાને દરબારે ઉતારા કરાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ રામાનંદસ્વામી સાથે ધર્મવિષયક વિચાર કરીને જેતપુરના દરબારગઢમાં પધાર્યા' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ।।૫૩।।



પૂર છઠ્ઠું : તરંગ - ૫૪

સુરા ખાચરે શ્રીહરિની આગળ રમૂજમાં દેહ અને દેહના સંબંધની વાત કહી

શ્રીહરિને જમવા માટે વર્ણીએ રસોઈ બનાવી. અને સંતોએ જુદી રસોઈ કરી. તે બંને જલદી તૈયાર કરાવી. ૧. પ્રથમ વર્ણી શ્રીહરિને જમવા માટે બોલાવવા આવ્યા. ત્યારે શ્રીહરિ ચરણોમાં ચાખડીઓ પહેરીને જમવા ચાલ્યા. ૨. એક સુંદર નવું પીતાંબર વસ્ત્ર કમર ઉપર પહેર્યું અને બીજું એક નવું પીતાંબર મસ્તક ઉપર ઓઢ્યું. ૩. જે ફૂલહાર પહેર્યા હતા તે પ્રથમ દરબારને પ્રસાદીનાં રૂપમાં આપ્યા. પછી બાજોઠ ઉપર બેસીને ગરમ જળથી સ્નાન કર્યું. ૪. સ્નાન કરીને રૂમાલ લીધો બેઠા બેઠા જ તત્કાળ બધાં અંગોને લૂછ્યાં. પછી ઊભા થઈને એક પીતાંબર કમર ઉપર ધારણ કર્યું. ૫.

પછી સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ બીજા સોનેરી એક બાજોઠ ઉપર આવીને બેઠા. વર્ણીએ જેટલાં ભોજન કર્યાં હતાં તે બધાં થાળમાં ભરીને લાવ્યા. ૬. શ્રીહરિ તે ભોજન જમવા લાગ્યા. સાકરનો શીરો અને પૂરી હતા. તેમજ ભજિયાં, સારી રીતે વઘારીને તૈયાર કરેલાં વિવિધ પ્રકારના શાકભાજી વગેરે હતા. ૭. શીરો, પૂરી, પાપડ, ભજીયાં વગેરે ભોજનોને શ્રીહરિ જમતા. તેની વચ્ચે ભાજી જમતા રહેતા હતા અને ક્યારેક ક્યારેક વચ્ચે થોડું જળપાન કરતા. ૮. જ્યારે ઓડકાર આવે ત્યારે ડાબા હાથને

પોતાના પેટ ઉપર ફેરવતા. જમતા જમતા શ્રીહરિ બોલ્યા કે, 'અમે આ જેતપુરમાં ત્રીજી વખત આવ્યા છીએ. દરબારે સારી રીતે એકસરખી ભાવના રાખી છે. ૯. દરબાર સત્સંગની રીતને પૂરી રીતે જાણે છે. તેમને કોઈ અનીતિ ગમતી નથી. તેમની શુદ્ધ ભાવના અને નીતિને લીધે જ આ યોગ થયો છે. તે વિના તો આ યોગ થાય નહિ. કેમજે મોટા રાજાને તો ઘણા લોકો ખટપટ કરીને રોકે.' ૧૦.

આટલું કહીને શ્રીહરિએ દૂધ અને ભાત લીધો. દૂધમાં સાકર નાખી. જ્યારે તે જમી રહ્યા ત્યારે તે થાળની પ્રસાદી દરબારને આપી. ૧૧. જળથી હાથ અને મુખ ધોયાં. રૂમાલથી તેને લૂછ્યાં. તરત જ તૈયાર કરેલો તજ, એલચી વગેરેનો તાજો મુખવાસ પ્યારા શ્રીહરિએ લીધો. ૧૨. પછી સંતો અને દરબારો જ્યાં જમવા બેઠા હતા ત્યાં શ્રીઘનશ્યામ પધાર્યા. તેમને બેસવા માટે બાજોઠ આપ્યો. સુખધામ શ્રીહરિ તેના ઉપર બેઠા. ૧૩. જેને જેટલી જમવાની રુચિ હતી તેને શ્રીહરિ તેટલું પ્રેમથી પીરસાવતા હતા. ૧૪. ત્યારે દરબાર સુરા ખાચરે શ્રીહરિને મરમ કરીને એમ કહ્યું કે, 'હે મહારાજ ! આ સમયે જો આપ અહીંયાં ન આવ્યા હોત તો અમે ભૂખ્યાના ભૂખ્યા જ ઊઠત. ૧૫. આપ જ્યારે પાસે હોવ છો ત્યારે આપની મૂર્તિને દેખીને મનમાં એટલો ઉલ્લાસ થાય છે કે બમણું જમી જવાય છે. ૧૬. હવે જ્યારે અમે અમારે ઘેર જઈશું ત્યારે ભૂખે મરીને બેહાલ થઈ જઈશું. તમે અમારા ઉપર જેવો ભાવ રાખો છો તેવો ભાવ ઘરના મનુષ્ય રાખતા નથી. ૧૭. તે તો જમતી વેળાએ કોઈ એવું કુવેણ બોલે કે પછી કોળિયો ગળાથી હેઠો ઊતરે નહિ. હું તો આ બધા સંસારીની રીત કહું છું. આવું હોવા છતાં પણ સંસારમાંથી હેત ટળતું નથી. ૧૮.

❋ સાર-અસારનો વિવેક તથા સંસારની રીત :

જીવને પોતાના દેહ અને દેહના સંબંધીમાં બરોબરનું હેત રહે છે. જીવને પોતાનો દેહ કેટલુંય દુઃખ આપે છે, છતાં જીવ તે દુઃખમાંએ સુખ માને છે. ૧૯. જેટલા સંસારીઓ કહેવાય છે તે બધા માનો દેહના ગુલામ થઈને જ વર્તે છે. છતાં જીવને દેહનો અભાવ આવતો નથી. આવો જ બધાનો

સહજ સ્વભાવ દેખાય છે. ૨૦. આ દેહની જેમ જ દેહના સંબંધીઓમાં પણ મમત્વ(આસક્તિ)રહે છે. તેઓ ઘણું જ દુઃખ આપે, છતાં પણ જીવ તેમનો ત્યાગ કરી શકતો નથી. જીવને જ્યારે ક્રોધરૂપી અગ્નિ ઊપજે છે ત્યારે તે ક્રોધ સંબંધીઓમાં ક્ષણિક અભાવ કરાવે છે. ૨૧. ક્રોધાગ્નિ પ્રકટે છે ત્યારે જેવો શબ્દરૂપી(કટુવચનરૂપી) પવન વાય છે, તે પ્રમાણે જીવ દગ્ધ થઈ જાય છે. જો જ્વાળા નીકળે તો ધુમાડો ન થાય (કહેતા થોડુક બોલી નાંખે તો અંદર મનમાં ગુંગળામણ ન થાય.) અને જો ધુમાડો થાય તો પ્રાણ પણ જાય. (કહેતા જો એને કોઈ બોલવા જ ન દે તો બહુ મુંઝવણ થાય ને છેવટે આપઘાત કરે.) ૨૨. તે ક્રોધાગ્નિને સમયે શાંતવચનરૂપી જો પાણી વરસે તો ધુમાડો અને આગ બધું જ હરખથી બુઝાઈ જાય. માટે આ સંસારમાં કાંઈ સાર નથી, છતાં વિચાર વિના સંસારમાં સાર મનાય છે. ૨૩.

મનુષ્ય જ્યારે શુદ્ધ વિચારને પામે છે ત્યારે તેને મહાસુખની ખાણ મળી જાય છે. જેને ભગવાનમાં રુચિ(પ્રેમ) નથી તેને જ અજ્ઞાની કહેવાય છે. ૨૪. આ દુનિયામાં જેટલા અજ્ઞાની લોકો છે તે બધાને ખાન, પાન અને વૈભવનું જ એક તાન હોય છે અને તેને લીધે જ તેઓ હેરાન થાય છે. ૨૫. આ જગતના ખાન-પાન વગેરે તમામ સુખોનું મૂળ ભગવાન છે. પણ તેનો તો જીવ ત્યાગ કરી દે છે. છતાં પોતામાં નિપુણતા માને છે તે જ તેનું અતિ દુર્ભાગ્ય છે. ૨૬. હે હરે ! અમારા તો ધન્યભાગ્ય છે. કેમ જે, આપ સામેથી આવીને અમને મળ્યા છો. અમને આપની સાથે અનુરાગ-પ્રેમ થયો છે તેથી બીજા રાગો રસ વગરના થઈ ગયા છે. ૨૭. હવે તો આપ અને આપના આશ્રિત સંતો-ભક્તોમાં જ અમને અતિશય રસ-પ્રેમ ઊપજે છે. અમે જ્યારે વિવેક બુદ્ધિથી વિચાર્યું ત્યારે અમને સંસારીનો જે સંબંધ છે તે નીરસ થઈ ગયો છે. ૨૮.

આ દેહ તો પાપનો છે. તેથી સંબંધી પણ એવા જ થયા છે. જે સંબંધ નીરસ થઈ ગયો હોય પછી તેમાંથી રસ કઈ રીતે લેવાય ? જે ભોજન ઘણું સરસ હોય પણ તેમાં જો થોડું ઝેર ભેળવતા દેખ્યું હોય. ૨૯. તો પછી તે ભોજન મુખથી કઈ રીતે ખાઈ શકે ? ભલેને ગમે તેવું સ્વાદુ ભોજન બનાવ્યું

હોય ! (ભલેને ગમે તેવો દેહ કે સંબંધી હોય પણ આખીર તો પાપનાને !) કોઈ ગુનેગારને તોપના ગોળાથી ઉડાવી દેવાની બધી તૈયારી થઈ ચૂકી હોય, છેલ્લે તેને સારામાં સારું પકવાન ભોજન જમવા આપે. ૩૦. ત્યારે અનેક પ્રકારના તે સ્વાદુ ભોજનને જમવા છતાં ખાનારાને તેનો કાંઈ જ સ્વાદ આવતો નથી. તેમ જેને સત્સંગમાં જ સ્વાદ મનાયો હોય તેને બધા જ ભોગ વૈભવો ઝેર જેવા થઈ જાય છે ૩૧. ઝેર સમજીને હવે જે ભોગવવું, તે તો જાણકારથી બની શકે નહીં.'

ત્યારે શ્રીહરિ બોલ્યા, 'સુરા ખાચર ! એ તો તમે ઘેર જાશો ત્યારે ખબર પડશે. ૩૨. અત્યારે તમે જે બોલો છો તેવાને તેવા વિચાર છ માસ સુધી ટકે છે કે નહિ ? તેની તપાસ કરજો. છ માસ પછી પણ મનોવૃત્તિ જો સંસારથી ઉદાસ રહે તો ખુશીથી અમારી પાસે ચાલ્યા આવજો. ૩૩. વૃત્તિમાં ઠર્યા વિનાનું અપાર જ્ઞાન હોય તોપણ તે સ્રવી જાય છે, વાર લાગતી નથી. ઝાડનાં બધાં જ મૂળ કપાઈ ગયાં હોય પણ જો એક મૂળ રહી ગયું હોય તો તે ફરીને ઊગી નીકળે છે. ૩૪. તે રહી ગયેલા મૂળને જ્યારે વરસાદના પાણીનો યોગ થાય છે ત્યારે તે એકદમ સાજુસમું ફૂટીને જમીનમાંથી બહાર નીકળે છે. સગાસંબંધીઓનું હેત તો વડ, પીપર અને થોરના ડાળખા જેવું છે. ભલે અત્યારે તમને સંબંધીમાંથી હેત તૂટી ગયું હોય તેવું લાગે છે પરંતુ જો અંદર આસક્તિનું મૂળ હશે તો યોગ થાતા તૂટેલું હેત સંધાઈને હતું તેવું થઈ જશે ૩૫.

✵ સંબંધી કે વિષયમાં સ્નેહ છે કે નહિ તે કેમ જણાય ?

તો જ્યારે જીવને સ્વપ્ન આવે છે ત્યારે તેને સંબંધી કે વિષયમાં ભાવ છે કે અભાવ છે ? તે જણાય છે. જાગ્રત અવસ્થામાં જે જેટલું સત્ય કે અસત્ય મનાણું હોય અને જેનો જેટલો અભાવ થયો હોય તે બધું સ્વપ્નાવસ્થામાં દેખાઈ આવે છે. ૩૬. દર્પણની અંદર કોઈ વસ્તુ ભરી હોતી નથી. છતાં પણ બધી જ વસ્તુઓ અંદર રહી છે. તેમ ચિત્તમાં જે ભર્યું હોય છે તે જ્યારે જોગ થાય છે ત્યારે બધું સ્ફૂરી આવે છે.' ૩૭. આટલી વાત કહી રહ્યા ત્યારે સંતો જમી રહ્યા. પછી શ્રીહરિ આવીને હિંડોળા ઉપર બેઠા અને સભાને

દર્શન આપ્યાં. ૩૮. બિલોરી કાચનાં જે ઝાડ હતાં તે બધા રંગમહોલમાં બાંધી દીધાં હતાં. તેમાં અપાર દીવાઓ કર્યા અને મોતીના ઉલેચ ઉપર બાંધી દીધા હતા. ૩૯. દરબારો શ્રીહરિની પાસે બેઠા. બધા સંતો પણ આવીને બેઠા. તે જોઈને જેતપુરના દરબારને ઘણો જ આનંદ થયો. પછી તેઓ બે હાથ જોડીને કહેવા લાગ્યા, ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ આગળ સુરા ખાચરે રમૂજમાં દેહ અને દૈહિક સંબંધની વાત કહી' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર છઠ્ઠું : તરંગ - ૫૫

શ્રીરામાનંદસ્વામી અને શ્રીઆત્માનંદસ્વામી બંનેનો રુચિ ભેદ

જેતપુરના દરબારે શ્રીહરિને કહ્યું, હે હરે ! અત્યારે નોરતાના દિવસો છે. અમારા ધન્યભાગ્ય છે કે આપ અત્યારે નવરાત્રીના દિવસોમાં અહીં આવ્યા છો. ૧. આપ અહીં દશેરા કરીને જ જ્યાં જવાનું હોય ત્યાં જજો. આ જેતપુર આપની ગાદીનું ગામ છે. અહીં રહીને ઉત્સવ કરાવો. ૨. સદ્‌ગુરુ રામાનંદસ્વામી અહીંયાં વારંવાર આવતા. તેઓ અમારા ઉપર ઘણું હેત રાખતા. આપે તો તેનાથી પણ વિશેષ હેત રાખવું જોઈએ. ૩. આપ અહીંયાં કાયમ રહો. આ આપની જ જગ્યા છે. અહીંયાં ભદ્રાવતી નામે ગંગા નદી પણ રહી છે. ૪. સદ્‌ગુરુ રામાનંદસ્વામી બધા દેશમાં ફરીને અહીંયાં હંમેશા આવતા. આત્માનંદસ્વામીનો તો વેશ જ અદ્‌ભુત હતો. ગિરનાર પર્વતમાં તેમના જેવા કોઈ સિદ્ધ ન હતા. ૫. તેઓ મુખથી જેવું બોલતા તેવું તરત જ ફળીભૂત થતું હતું. તેઓ અહીંયાં ઘણીવાર આવેલા અને રામાનંદ સ્વામીની ભેળા રહેતા હતા. ૬.

તેઓ "બ્રાહ્મી" બાવા કહેવાતા. કોઈ મતના જેવો વેષ રાખતા નહિ. તેઓ આત્મસ્વરૂપમાં લેલીન રહેતા અને આ શરીરને મલિન કહેતા. ૭. તેમને સિદ્ધાઈનું અભિમાન ન હતું. બ્રહ્મતેજમાં જ તેઓ ગુલતાન રહેતા.

રામાનંદસ્વામીના સ્વભાવમાં ભક્તિભાવ હતો. સંતોની સેવા કરવામાં તેમને ભાવના રહેતી. ૮. રામાનંદસ્વામી કથા-વાર્તા અને કીર્તન કરવામાં જ સદા દિવસ વિતાવતા હતા. શ્રીકૃષ્ણએ ઉદ્ધવજીને જે જ્ઞાન આપ્યું હતું, તેમાં તેમને અપાર રુચિ હતી. ભાગવતના દશમસ્કંધ અને એકાદશ સ્કંધ ઉપર તેમને બહુ જ પ્રેમ હતો. ૯. તેમનાં મનમાં બ્રહ્મતેજનો કાંઈ ભાર ન હતો. તેઓ ભગવાનની મૂર્તિ વિના કોઈને સાર કહેતા નહિ. અને રામાનંદસ્વામી એવું કહેતા કે, 'ભગવાનની સેવા અને પૂજા સિવાયનું જે બ્રહ્મસુખ કહેવાય તેમાં અમને હેત થાતું નથી.' ૧૦.

પણ આત્માનંદસ્વામી એમ કહેતા કે, બ્રહ્મસ્થિતિને પામ્યા સિવાયનાં બીજા બધા જ જ્ઞાનમાં કોઈ જ્ઞાન સત્ય નથી હોતું. આ રીતે એક(આત્માનંદસ્વામી)ને શુકદેવજીના મત ઉપર તાન રહેતું હતું. ત્યારે બીજા (રામાનંદસ્વામી)ને ઉદ્ધવજીને જે એકાદશ સ્કંધમાં જ્ઞાન કહ્યું છે તેના ઉપર તાન રહેતું હતું. ૧૧. ઉદ્ધવજી અને શુકદેવજી એ બેમાં કોની સમજણ ઊંચી છે ? તેમાં મને સંદેહ રહ્યા કરે છે.' ત્યારે શ્રીહરિ બોલ્યા, 'મોટાના મતને કોણ કળી શકે ? ૧૨. જેની જેવી બુદ્ધિ હોય, તે તેમને તેવા ઠેરાવી દે છે. કોઈને સામાન્ય જીવ પણ કળ્યામાં આવતો નથી. તો મોટાની ગતિને તો કોણ કહી શકે ? ૧૩. રાજયોગ અને હઠયોગ એમ બે મત શાસ્ત્રોમાં કહ્યા છે. બંને મતનું જ્ઞાન સાંભળ્યા પછી જોગીને જેવું તાન હોય તેવું તે સ્વીકારે છે. ૧૪.

સિદ્ધદશા પ્રાપ્ત કરવાનું બળવાન સાધન હઠયોગ છે. સિદ્ધ થયા પછી તેને કોઈપણ જાતનું આવરણ રહેતું નથી. તેમજ તેને કોઈપણ જાતનું અજ્ઞાન પણ રહેતું નથી. ૧૫. હાડકાં અને ચામડીવાળો આ દેહ સિદ્ધગતિને પામે છે. ચાહે શરીરને રાખે કે ન રાખે પણ સિદ્ધને કોઈ જાતનો બાધ રહેતો નથી. ૧૬. છએ ચક્રોનાં બધા સ્થાન આ મનુષ્યનાં દેહમાં અલગ અલગ રહ્યાં છે. સિદ્ધ સિવાય બીજો કોઈ તેને જાણી શકતો નથી. ૧૭. જેમ પિંડ(શરીર)માં સ્થાન છે તેમ બ્રહ્માંડમાં પણ સ્થાન છે. હઠયોગીનાં દેહાભિમાનનો નાશ કરવાને માટે આ ષટ્ચક્રનો માર્ગ છે. ૧૮.

વળી સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિ એવા બે પ્રકારના માર્ગ છે. હઠયોગ ક્રમમુક્તિ કહેવાય છે. જ્યાં સુધી આ બ્રહ્માંડ રહે છે ત્યાં સુધી હઠયોગી રહે છે. ૧૯. જ્યારે બધા જ બ્રહ્માંડોનો વિનાશ થાય ત્યારે હઠયોગી બ્રહ્મમાં નિવાસ કરે છે અને જ્યારે ભગવાનની મૂર્તિમાં રુચિ થાય છે ત્યારે તે યોગી સાક્ષાત્ ભગવાનનાં પદને પામે છે. ૨૦. ભગવાનની મૂર્તિમાં જે સ્નેહ રહેવો-થવો તેને જ સદ્યોમુક્તિ કહેવાય છે. રાજયોગ તો તેને તેટલા માટે કહેવાય છે કે તે અનંત યોગોનો રાજા છે. ૨૧.

❋ સાચા સિધ્ધના લક્ષણ :

કેટલાક તે રાજયોગથી સિદ્ધગતિને પામે છે અને તે શ્રીહરિના પ્રતાપથી જ "હું આ સિદ્ધગતિને પામ્યો છું" એમ જાણે છે. તેથી તે રાજયોગી પોતામાં કોઈપણ પ્રકારનું અભિમાન માનતો નથી. બધો જ પ્રતાપ મૂર્તિનો છે એવું માને છે. ૨૨. રાજયોગી ષટ્ચક્ર, તેનું સ્થાન, તેનો આયામ, દેવતા અને ઐશ્વર્ય એ બધાને જોઈને પણ ક્યાંય લોભાય નહિ. એકમાત્ર ભગવાનની મૂર્તિમાં જ સાર છે, એમ માને છે. ૨૩. ભગવાનની મૂર્તિ સિવાયની જેટલી સિદ્ધાઈ છે તેને માયાથી ઘેરાયેલી સમજે. અને ભગવાનની મૂર્તિ વિનાનાં બ્રહ્મતેજને પણ સોનાની બેડી જેવું બંધનકારી સમજે છે. ૨૪.

ભગવાનની મૂર્તિને લઈને જે બ્રહ્મતેજ (મૂર્તિનું તેજ) છે તે તો આત્યંતિક કલ્યાણનું દ્વાર છે. વિચક્ષણ રાજયોગીને તે બ્રહ્મને તુલ્ય સિદ્ધદશા પ્રાપ્ત થાય તોપણ તેનું કારણ તે કેવળ પરમાત્માના પ્રતાપને જ જાણે. ૨૫. શુકદેવજીના જેવા અપાર સિદ્ધો થયા છે. નારદમુનિ અને ચાર સનકાદિકો પણ સિદ્ધ થયા છે. તે બધા ભગવાનના દાસ થઈને, તેમની ભક્તિ કરીને મોટા મોટા સિદ્ધ થયા છે, એમ રાજયોગી સમજે. ૨૬.

दोहा : हरिमूर्ति बिन अधिक ही, जो जो ज्ञान कहत;
अंतर की कहे वार्ता, तोहु असिद्ध वदत...२७
भूत भविष्य वर्तमान कहे, हरि से अधिक हे ओर;
श्रीहरि के जन सो कबहु, देखत नहीं तेहि कोर...२८

જે સિદ્ધ ભગવાનની મૂર્તિ વિના બીજા જ્ઞાનને મૂર્તિથી અધિક કહે, તેવો સિદ્ધ કદાચ અંતરની વાતને કહી દે એવો સમર્થ હોય તોપણ સાચો સિદ્ધ તેને અસિદ્ધ જ કહે. ૨૭. કદાચ કોઈ ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાતોને કહી બતાવે પણ તે જો ભગવાનથી અધિક બીજું કાંઈક કહેતો હોય તો ભગવાનના ભક્ત ક્યારેય તેની સામું પણ જૂએ નહીં. ૨૮.

सोरठा : श्रीहरि मूर्ति मांहिं, सिद्ध खरे चोटावे जेहि;
षटचक्र सत ताहि, वचनसिद्धि सो सत्य तेहि...२९

જે ભગવાનની મૂર્તિમાં જીવની મનોવૃત્તિને ચોંટાડી દે, તે જ ખરા સિદ્ધ છે. તેના જ ષટ્ચક્ર સત્ય છે અને તેની જ વચનસિદ્ધિ પણ સત્ય છે. ૨૯. હે દરબાર ! દર્પણની જેમ આ વાત મેં તમને સ્પષ્ટપણે દેખાડી દીધી છે. આત્માનંદસ્વામી સિદ્ધ થયા હતા પણ અમે તેમને દેખ્યા નથી. ૩૦.

પૂર્વે પણ ઘણા સિદ્ધ થઈ ગયા છે. જેનો ગણ્યે પાર આવે તેમ નથી. અરે ! આખા બ્રહ્માંડને ઉત્પન્ન કરે એવા તો કેટલાય સિદ્ધ પડ્યા છે. ૩૧. જેને ભગવાનની મૂર્તિમાં પ્રેમ ન હોય એવા સિદ્ધોને વૃથા - નિરર્થક જાણવા. ભગવાનનું ભજન કરીને જે સિદ્ધ થયા હોય તેને જ મોટા સિદ્ધ કહેવાય છે. ૩૨. જે ગુરુને જેવી ભગવાનની ઉપાસના હોય તેવી તે પોતાના શિષ્યોને દેખાડી દે છે. જેને ભગવાનની મૂર્તિમાં જ લગની હોય તેને અમે ખરા મોટા સિદ્ધ માનીએ છીએ. ૩૩. અમને તો રામાનંદસ્વામી મળ્યા છે. હું તમને તેમની વાત કહું છું. સદ્ગુરુ રામાનંદસ્વામીના જેટલા શિષ્યો હતા તે બધા 'જય શ્રીકૃષ્ણ' એમ હરખાઈને કહેતા. ૩૪. અને તેઓ 'કૃષ્ણ...કૃષ્ણ...' એવું ભજન કરતા તેમજ 'શ્રી મન્નનારાયણ' આવું ઉચ્ચરતા. પણ આત્માનંદ સ્વામીના જે સ્ત્રી પુરુષ શિષ્યો હતા, તેઓ 'ૐ સોઽહં' આવો ઉચ્ચાર કરતા. તેમને ભગવાનનાં કોઈ નામનો નિર્ધાર ન હતો.

છેલ્લે રામાનંદસ્વામીની સાથે આત્માનંદસ્વામી રહ્યા તેથી આત્માનંદસ્વામીનું મન બદલાઈ ગયું હતું. ૩૬. પહેલા આત્માનંદસ્વામીએ રામાનંદસ્વામીને ષટ્ચક્રની ગતિ, સ્થાન, ક્રિયા, ધ્યાન વગેરે શીખવ્યું હતું.

રામાનંદસ્વામી તો પૂર્વ જન્મના મોટા યોગી હતા. તેથી જે ધ્યાન શીખવ્યું, તેને ધારી લીધું. ૩૭. પછી રામાનંદસ્વામીએ ધ્યાનમાં તેજનો અપાર પ્રકાશ જોયો, પણ તેમાં લગારેય મૂર્તિ દેખાઈ નહિ.' ત્યારે તેમણે આત્માનંદસ્વામીને કહ્યું, 'મને મૂર્તિના વિના એકલા તેજથી શાંતિ નહિ વળે.' ૩૮.

ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું, 'તમને જે તેજ દેખાયું છે, તેમાં મને સુખ આવે છે. પણ આકારમાં (મૂર્તિમાં) મને દુઃખ જ ઉપજે છે. સંભવે છે કે તેમાં વિકલ્પ હોય. (કોઈને નિર્ગુણ બ્રહ્મતેજ અને કોઈને સાકાર ભગવાનનું સ્વરૂપ સુખરૂપ થાય.)' ૩૯. પછી તેમણે રામાનંદસ્વામીને કહ્યું, 'તમને જે રીતે સુખ અને સંતોષ રહે તેમ વિચરણ કરતા રહો. સુખ-શાંતિ વિના પ્રેમ રહે નહિ. ૪૦. મારું અંગ જુદું છે અને તમારું અંગ પણ જુદું છે. હું જ્યારે પ્રતિલોમપણે બ્રહ્માકારે રહું છું ત્યારે મારાં અંતરમાં ઉમંગ રહે છે. ૪૧. અર્જુન જેવાને પણ શ્રીકૃષ્ણની મૂર્તિનું અમાપ તેજ દેખાયું ત્યારે અંતરમાં સુખ ન રહ્યું, તો તમને તો સુખ ક્યાંથી રહે ?' ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીરામાનંદસ્વામી અને શ્રીઆત્માનંદસ્વામી બંનેની રુચિમાં ભેદ' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥

પૂર છઠ્ઠું : તરંગ - ૫૬

ભાઈ રામદાસસ્વામીએ શ્રીહરિની આગળ આત્માનંદસ્વામીની વાત સંક્ષેપમાં કહી

સદ્ગુરુ રામાનંદસ્વામી અને આત્માનંદસ્વામી એ બંને સિદ્ધોને ગિરનાર પર્વત ઉપર જે સંવાદ થયો હતો તે વાતને શ્રીહરિ જેતપુરના દરબાર આગળ કહે છે. ૧. આ વાતમાં ઘણો મર્મ છે. સિદ્ધગતિને જે સિદ્ધગતિવાળા સિદ્ધ હોય તે જ સમજી શકે છે. જે સિદ્ધગતિને નથી પામ્યા તે જાણી શક્તા નથી. ભલે તે સિદ્ધની વાત કરતા હોય. ૨. રામદાસભાઈ આત્માનંદ સ્વામીની સાથે રહ્યા હતા એટલે શ્રીહરિએ તેમને કહ્યું, 'હે સ્વામી ! સિદ્ધનો જેવો પ્રતાપ હોય તે

તમે અમને કહો.' ૩. ત્યારે રામદાસજીસ્વામી બોલ્યા કે, 'સિદ્ધના પ્રતાપનો અંત કોણ લઈ શકે ? જે મેં દેખ્યું સાંભળ્યું છે, તે તમને હું કહું છું. ૪.

તેમાં સહુ પહેલાં હું મારી વાત કહું છું. આપ શ્રીહરિ તેને બરાબર સાંભળો અને તેમાં હમણાં તમે જે વાત પૂછી તે બધી જ વાત આવી જાશે. ૫. નર્મદા (રેવાગંગા) ને ઉત્તર કાંઠે કુરેલ (અન્ય ગ્રંથમાં સારંગ ગામ પ્રસિદ્ધ છે.) નામે એક સારું ગામ છે. કણબી(ખેડૂત) વૈશ્ય જાતિ કહેવાય. તેમાં મારો જન્મ થયો હતો. ૬. મને જન્મથી જ બધો સંસાર-વ્યવહાર ઝેર જેવો લાગતો હતો. અને અંતરમાં ભગવાન મળે એવો ઘણો ભાવ રહેતો હતો. તેથી સંસારમાં જેટલા રસ કહેવાતા તે બધા મને ઝેર જેવા જણાવા લાગ્યા. ૭. જ્યાં કથા-કીર્તન થતાં હોય ત્યાં દોડી જઈને હું બેસતો. ભગવાન સિવાયની કોઈ બીજી વાત કરે, તો તે બાણના જેવી લાગવા લાગી. ૮. જે જે મોટા તીર્થો કહેવાય છે તે બધા હું કરી આવ્યો હતો. કોઈક સમયે શ્રીકૃષ્ણ પ્રેમથી પોતાની મૂર્તિમાં આવીને મને દર્શન દેતાં. ૯. જ્યારે દર્શન થતાં ત્યારે મનમાં અપાર આનંદ થતો. અને મને મૂર્તિનાં જ વિચારો અખંડ થયા કરતા.

એક દિવસ હું ખેતરમાં ખેતીનું કામ કરવા ગયો હતો. મારા મનમાં સુંદરશ્યામ પરમાત્માનું રટણ ચાલું હતું. ૧૦. ત્યારે ત્યાં સંત સ્વરૂપ રામાનંદ સ્વામીએ આવીને મને અનુપમ દર્શન દીધાં. અમે કોઈએ કોઈની સાથે કાંઈ વાત કરી નહિ. પછી વગર બોલાવ્યે સ્વામી બોલ્યા, ૧૧. 'અમે દ્વારકા જઈએ છીએ, જો તમારે આવવું હોય તો તમે પણ ચાલો.' તેમણે માત્ર આટલું જ વચન કહ્યું. ત્યારે મારાં મનમાં ઘણો જ પ્રેમ થયો. ૧૨. મારાં મનમાં જન્મથી આરંભીને કોઈ સગા સંબંધીમાં આસક્તિ હતી નહિ. તેથી સ્વામીએ ઉપર કહેલું વચન સાંભળીને હું તો હરખભેર તેમની સાથે ચાલી નીકળ્યો. ૧૩. મેં જ્યારથી ઘર છોડ્યું તે દિવસથી આજ સુધી ઘર કે કોઈ સગા સંબંધી સ્વપ્નમાં પણ આવ્યા નથી. સદ્‌ગુરુ રામાનંદસ્વામી રસ્તામાં મને હેતથી વાતો કહે જતા હતા. ૧૪. મારા જીવમાં જેવા સંકલ્પો થતાં હતાં તેવી વાતો તેઓ ઊભી વાટે કહેવા લાગ્યા. તેથી મેં તેમને અંતર્યામી જાણ્યા. ૧૫.

અંતરમાં જેવી ભાવના હતી તેવા જ સ્વામી મને મળી ગયા. તેથી મનમાં દિન પ્રતિદિન અધિક અધિક ઘણો જ ઉત્સાહ રહેતો હતો. ૧૬. એમ કરતા હરખભેર દ્વારકા પહોંચ્યા. આનંદથી શ્રીકૃષ્ણ ભગવાન-રણછોડજીનાં દર્શન કર્યાં. ગોમતીમાં સ્નાન કરીને છાપો લીધી કે જે પહેલા રામાનંદજી નામે રામોપાસક આચાર્યે છાપોની શરૂઆત કરાવી હતી. ૧૭. પીપાજી નામે રાજાના ગુરુ રામાનંદાચાર્ય રામચંદ્રજીના ઉપાસક હતા. તેમણે શંખ, ચક્ર, ગદા અને પદ્મ નામે ચારે આયુધોની છાપો કરાવી. તેમાં ગદા અને પદ્મમાં 'રામ' આવું નામ લખાવ્યું. ૧૮. સુંદર સુવર્ણનાં બનાવેલાં તે ચાર આયુધો શ્રીકૃષ્ણની મૂર્તિ (રણછોડજી)ના હાથમાં ધરાવ્યા. તે દ્વારકાતીર્થનું ચિહ્ન કરાયું. પીપાજી રાજાને પહેલીવાર છાપો આપી. ૧૯.

પછી જેટલા રામાનંદી સાધુઓ હતા તે બધા ચાર આયુધોની છાપો લેવા લાગ્યા અને જે રામાનંદજીના શિષ્ય થયા તેપણ તે ચાર આયુધોની છાપો લેતા થયા. ૨૦. તે રાજાએ મંદિરના વ્યાવહારને માટે ઉપકારક એવી ફરજીયાત ભેટ, દાન, ધર્માદો દર્શનાર્થી ગૃહસ્થો પાસેથી લેવાની શરૂઆત પણ કરાવેલી. અને રાજાએ સ્વયં સદાવ્રત પણ બંધાવ્યું હતું. ૨૧. તે રામાનંદ આચાર્ય થયા તે દિવસથી સદાવ્રતની રીત પ્રચલિત થઈ છે.

આ રામાનંદસ્વામી (અજય-સુમતિના પુત્ર) જે હતા તેઓ પંચતીથી કરતા ગોપનાથ મહાદેવ થઈને તળાજા આવ્યા. તળાજામાં માર્ગી સંપ્રદાયની જગ્યા(મઠ) હતી. તેઓ ત્યાં આવીને રાત રહ્યા. જગતમાં ઘણી જાતના વેરાગીઓ કહેવાય છે. ૨૨-૨૩. તેમાં એક નારાયણદાસ નામે ગૃહસ્થાશ્રમી વેરાગી તે જગ્યાના માલિક હતા. પોતે ઘરબારી હતા અને વેદાંતના ગ્રંથોને ભણેલા હતા. જેને ભાવના હોય તેને તેઓ વેદાંત ભણાવતા અને તેની પાસે ઘરનું કામકાજ કરાવતા. ૨૪. તે નારાયણદાસ સદાવ્રત આપતા હતા. તેમાં ગામમાંથી લોટ માગી લાવતા અને કેટલાક રોટલા-રોટલી પણ માગી લાવતા. ત્યાં અભ્યાગતો ઘણા આવતા. ૨૫.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ તે નારાયણદાસ પાસેથી જેટલા ભણવા હતા તે બધા વેદાંતના ગ્રંથોને ભણી લીધા. તે વેદાંત ગ્રંથોનું તત્ત્વ વિચારીને પરમ

નિપુણ થયેલા સ્વામી સિદ્ધાચળ (શેત્રુંજો ડુંગર) પર્વતે આવ્યા. ૨૬. ત્યાં આવીને રામાનંદસ્વામી આત્માનંદસ્વામીને મળ્યા. જે ષટ્ચક્રના વિચારોમાં જ નિરંતર આનંદમાં રહેતા હતા. ૨૭. આત્માનંદસ્વામીની સાથે બે સાધુ, મુક્તાનંદ અને જુક્તાનંદ નામે રહેતા હતા. તેઓ મુક્તના જેવી સ્થિતિવાળા અને અખંડ ધ્યાનનિષ્ઠ હતા. તેમને સદ્ગુરુ રામાનંદસ્વામીએ જોયા. ૨૮. રામાનંદસ્વામી આત્માનંદસ્વામીને મોટા સિદ્ધ જાણીને તેમના ચરણોમાં નમી પડ્યા. આત્માનંદસ્વામીને ઘણો જ હર્ષ થયો. શ્વેતગંગા (શેત્રુંજી) નદીને કિનારે તે બંનેનો મેળાપ થયો હતો. તેઓ પરસ્પર પ્રેમ કરીને બોલતા હતા. ૨૯. રામાનંદસ્વામી તેમની પાસે રહીને ધ્યાન કરવાનો અભ્યાસ કરવા લાગ્યા. પછી તેમણે રામાનંદ મુનિને મનગમતા મુમુક્ષુ જાણીને બધી ષટ્ચક્રની રીતો બતાવી. ૩૦.

રામાનંદસ્વામીને આત્માનંદસ્વામીનાં વચનમાં સિદ્ધાઈ દેખી. તેઓ જે બોલતા તે તુરંત થાતું. તેમને તેજમાં જેવો ભાવ હતો તેવો ભાવ મૂર્તિમાં દેખ્યો નહીં. ૩૧. રામાનંદસ્વામી આત્માનંદસ્વામીની સાથે ત્રણ વરસ સુધી રહ્યા. અને તેમની ઉમંગથી સેવા કરતા રહ્યા. આત્માનંદસ્વામીએ જ્યાં સિદ્ધપણું દેખાડ્યું હતું, તેમાં કેટલુંક દેખ્યું છે અને કેટલુંક સાંભળ્યું છે. ૩૨. તેમની સિદ્ધાઈમાં લેશમાત્ર પણ દંભ ન હતો. તેઓ જેવું ધારતા તેવું થતું હતું. તેઓ વિષયોમાંથી વિરક્ત હતા. અને દેહ-દૈહિક પદાર્થોમાં અહંતા તથા મમતા ન હતી. તેમને અંતઃકરણમાં એકસરખો આનંદ રહેતો. ૩૩. તેઓ બ્રહ્મમાં જ સૌથી વધારે લાભ માનતા અને તે સિવાયની બીજી બાબતમાં નુકશાન ગણતા. તેમણે પોતાનું શરીર સવાસો (૧૨૫) વરસ સુધી રાખ્યું હતું. અને તે પછી તેમને દેહમાંથી હેત તોડી નાખ્યું હતું. ૩૪. સમુદ્રના કિનારા તરફ 'રામપરા' નામે ગામ છે ત્યાં તેમના આહિર શિષ્યો હતા. તેમણે તે ગામમાં દેહનો ત્યાગ કર્યો. તેમના દેહને સમુદ્રને કિનારે પધરાવી દીધો હતો. ૩૫.

શિષ્યો સ્નાન કરીને પાછા જોવા ગયા ત્યારે ત્યાં શરીર દેખાયું નહિ. બધા શિષ્ય લોકોને ઘણું જ આશ્ચર્ય થયું. અને ઈશ્વરની ગતિ અલૌકિક છે એમ જોયું. ૩૬. નજરે જોતાં જોતાં જ યોગી અદૃશ્ય થઈ ગયા. પછી કરોડો

ઉપાય કરે, તોપણ તે યોગીનાં દર્શન ક્યાંથી થાય ? ૩૭. જુક્તાનંદ અને મુક્તાનંદ એ બંને આત્માનંદ યોગીના શિષ્ય હતા. પોતાના ગુરુએ દેહત્યાગ કર્યો તે વાત સાંભળીને તે બંને ધ્યાનમાં બેસી ગયા. ૩૮. અને પોતાનાં શરીરમાંથી નાડી પ્રાણ ખેંચી લીધા. બંનેએ યોગધારણા કરીને તાળવામાં જીવને લઈ ગયા. પછી બ્રહ્મરંધ્ર ભેદીને તેઓ ગુરુની પાસે પહોંચી ગયા. ૩૯. પછી જ્યારે રામાનંદસ્વામી ધ્યાનમાં બેઠા ત્યારે જોગી આત્માનંદસ્વામી ધ્યાનમાં તેમને મળ્યા. ૪૦. પછી આત્માનંદસ્વામીએ ભૂતકાળ અને ભવિષ્યકાળની બધી વાત રામાનંદસ્વામીને કહી. અને કહ્યું કે, 'અમે બ્રહ્મલોકમાં જઈએ છીએ તે વાત તમે અમારા શિષ્યોને જઈને કહો. ૪૧. તમે સત્સંગની બધી વાત જે રીતે જાણો છો તેથી અમને તમારી ઉપર બહુ ચાહના - હેત છે. માટે તમે બધા મુમુક્ષુઓને સત્સંગ કરાવજો.' ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'ભાઈ રામદાસસ્વામીએ શ્રીહરિની આગળ આત્માનંદ સ્વામીની વાત સંક્ષેપમાં કહી' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર છઠ્ઠું : તરંગ - ૫૭

ભાઈ રામદાસસ્વામીએ આત્માનંદસ્વામીના પૂર્વાશ્રમની વાત કહી

શ્રીહરિએ આત્માનંદસ્વામીની બાકી રહેલી વાત ફરીને પૂછી. ત્યારે શુભ ગુણોના જહાજ જેવા ભાઈ રામદાસસ્વામી કહેવા લાગ્યા કે, ૧. વિચક્ષણ આત્માનંદસ્વામીએ પોતાના દેહનો ત્યાગ કરવાનો વિચાર જે કર્યો હતો તે તેમણે પહેલેથી જ પોતાના શિષ્યોની આગળ કહ્યો હતો. ૨. અને તેમના શિષ્યોને કહ્યું હતું કે, 'રામાનંદસ્વામીની રીત અમારાં કરતાં પણ અધિક મોક્ષ કરનારી છે. એટલે તમે સહુ તે રામાનંદસ્વામીને પ્રેમથી માનજો. હવે તો અમે વૃદ્ધ થઈ ગયા છીએ. ૩. હવે મારા શરીરનો કાંઈ નિર્ધાર નથી. આ શરીર તો કાચના કૂપા (શીશા) જેવું છે. તેનો નાશ થતાં વાર લાગે નહિ. તેથી અમે અગાઉથી તે વાતને કહીએ છીએ. ૪. જેમને મોક્ષ પ્રાપ્ત કરવાનો

અપાર ખપ હોય તેમને અમે પ્રેમથી કહીએ છીએ.' આટલી વાત આત્માનંદ સ્વામીએ પહેલા કહી હતી અને પછી તેમણે શરીર તજી દીધું હતું. ૫.

આત્માનંદસ્વામીની પાછળના જે બધા શિષ્યો હતા, તેમાંથી જે મુમુક્ષુ હતા તે બધા મનમાં ઘણો જ પ્રેમભાવ રાખીને રામાનંદસ્વામીના આશ્રિત થયા. ૬. તે બધા આત્માનંદસ્વામીના કરતાં પણ વધારે રામાનંદસ્વામી ઉપર હેત રાખતા અને સેવા કરતા હતા. પણ જેને પોતાને પૂજાવાની-મોટા થવાની ઈચ્છા હતી અને રામાનંદસ્વામીની સાથે પિતરાઈ દાવો હતો. ૭. તે બધા સત્સંગથી વિમુખ રહ્યા. અને વિમુખ રહીને જ તેમનો દેહાંત થયો અર્થાત્ આજીવન વિમુખ જ રહ્યા.

આત્માનંદસ્વામીના ગોપી ભટ્ટ નામે પુત્ર હતા. ૮. તેઓ મોઢ ચતુર્વેદી વિપ્ર હતા અને ગારિયાધાર ગામમાં રહેતા હતા. આત્માનંદસ્વામીનું પૂર્વાશ્રમનું નામ વિશ્વંભર ભટ્ટ હતું. હાલાર પ્રદેશમાં ધૂંવાવ નામે ગામ છે. ૯. ત્યાં તેમનો જન્મ (વિ.સં. ૧૭૩૦, આસો સુદ-૧૦) થયો હતો. તેમનો પ્રતાપ ઘણો જ વધ્યો હતો. તેઓ બચપણથી જ ઘણા અટકચાળા હતા. કોઈનું કડવું વેણ લગાર પણ સહન કરતાં નહિ. ૧૦. ચોરી-અવેરી કરનારા લોકો તો તેમનાથી કાંપતાં-ડરતાં રહેતા. દારૂ પીનારા અને માંસ ખાનારા લોકો તો તેમનાથી છુપાઈને ચાલતા. ૧૧. જે રાજાઓ-દરબારો કહેવાતા, તે બધા પણ વિશ્વંભર ભટ્ટથી થરથર કંપતા હતા.

સમય જતા તેઓ આસોદર ગામમાં આવીને રહ્યા હતા. ગામધણી દરબારને તેમાં ઘણી શ્રદ્ધા હતી. ૧૨. મહાપ્રવીણ ભટ્ટને જ્યોતિષનું જ્ઞાન ઘણું ચોક્કસ હતું. કોઈ આવીને જ્યોતિષ બાબતમાં પૂછે ત્યારે ભટ્ટ જે કહે તે સફળ થાતું. તેઓ તેવા વચનસિદ્ધ હતાં. ૧૩. આસોદર નરેશ દરબાર ઓઘડ ખુમાણે વિશ્વંભર ભટ્ટને સારા જ્યોતિષના વિદ્વાન જાણીને અને તેમનો આવો પ્રતાપ જોઈને સારું મકાન અને ખેતીની જમીન પણ આપી હતી. ૧૪. તે દરબારે પોતાની સાથે આવવા માટે એક સારો અશ્વ પણ આપ્યો હતો અને વિશ્વંભર ભટ્ટે પણ દરબારને પોતાના યજમાન જાણીને તે અશ્વ લીધો હતો. ૧૫.

આસોદર ગામના બધા કણબી ખેડૂતો પણ તેમને પોતાના 'ગોર' માનવા લાગ્યા. 'ગોર'ને જે કાંઈ વસ્તુ જોઈએ, તે તરત જ આપતા હતા. ૧૬. આવું હોવા છતાં વિશ્વંભર ભટ્ટ રોજ આખા ગામમાં ભિક્ષા (લોટ) માગવા જતા. તે અરસામાં ગામમાં એક અટકચાળાના સ્વભાવવાળી સ્ત્રી રહેતી હતી. ભટ્ટ જ્યારે લોટ માગવા આવે ત્યારે તે સ્ત્રી તેમને ખીજવવા માટે લોટ તો ન આપે, પણ ઘરકામમાં લાગી ગઈ હોય એવો દેખાવ કરે. આવું છ માસ સુધી ચાલ્યું પણ તે સ્ત્રીએ લોટ આપ્યો નહીં. ૧૭-૧૮. ત્યારે તે સ્ત્રીના કરતાં પણ આગળ વધે એવા ભટ્ટે મનમાં વિચારીને તેનાં આંગણાંમાં બાંધેલી ગાયની એક વાછડી હતી તે છોડી લીધી અને પોતાને ઘેર લઈ આવ્યા. ત્યારે તે સ્ત્રીએ દરબાર પાસે ફરીયાદ કરી. ત્યારે દરબાર ભટ્ટજીને ઘેર આવ્યા. અને છેવટે સમાધાનના રૂપમાં ભટ્ટજીએ જેટલું માગ્યું એટલું અર્થાત્ છ માસની ભિક્ષાનું અન્ન ભટ્ટને કણબી સ્ત્રીના ઘરેથી અપાવ્યું. ૧૯-૨૦.

એકવાર દરબાર પોતાની સાથે ભટ્ટને ગામતરે લઈ ગયા હતા. ત્યારે રસ્તામાં જોયું કે હજારો વીંછીની લાંબી એકતાર હાર ચાલી જાતી હતી. ૨૧. ભટ્ટે દરબારને તે વખતે કહ્યું કે, 'આ રસ્તા વચ્ચે હજારો સોનામહોરોનો પ્રવાહ ચાલ્યો જાય છે. જેને જોઈએ તે આ સોના મહોરોને લઈ લો.' ૨૨. પરંતુ વીંછીને કોણ લે ? તેથી સહુએ ભટ્ટને કહ્યું, 'તમે લઈ લો.' ત્યારે ભટ્ટ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા અને ઘોડાના તોબરા (પાવરો) માં તે ભરી લીધા. ૨૩. મહાન વીર ભટ્ટજીએ એક કપડાથી તોબરાનું મોઢું ઢાંકી દીધું અને અશ્વ ઉપર બેસી ગયા. પછી આગળ જતાં જંગલમાં બધા ઘોડા ઉપરથી નીચે ઊતર્યા ત્યારે કોઈક કાઠી ભટ્ટજીની સામે બોલ્યા કે, ૨૪. 'બ્રાહ્મણ થઈને એકલા જ બધું ધન લઈને બેઠા છો..! તે નહિ ચાલે. તેમાં અમારો બધાનો પણ ભાગ છે. તે નહિ આપો તો બળજબરીથી લઈશું.' ૨૫. ત્યારે ગામધણી દરબાર બોલ્યા, 'આ બાબતમાં હું કાંઈ ન જાણું. તમારે લેવું હોય તો લ્યો. આમાં તો તમે અને ભટ્ટજી જાણો. હું ભટ્ટજીને કાંઈ નહિ કહું.' ૨૬. ત્યારે કાઠીઓ ભટ્ટજી પાસે આવીને કહેવા લાગ્યા કે, 'તે ધન તમને એકલાને પચે નહીં. માટે અમને તે ધન આપો નહિ તો અમે પરાણે લઈશું.' ૨૭.

ત્યારે ભટ્ટજીએ કહ્યું 'તમે બધા અન્યાય કરો છો. બધા ગુપચુપ બેસી રહો. તમારા કોઈના હાથમાં નહિ આવે.' ૨૮. પણ કાઠીઓને એક પળવાર પણ ધીરજ રહી નહિ. તેથી ધનમાં ભાગ લેવા તત્પર થયા. ત્યારે ભટ્ટજીએ તોબરો આપી દીધો અને કહ્યું, 'જેને લેવું હોય તે ધન લઈ લો.' ૨૯. જ્યારે તોબરો ઊંધો વાળ્યો ત્યારે બધું ધન વીંછી થઈને ચાલતું થયું. પછી બધા કાઠીઓ ભટ્ટજીને એમ કહેવા લાગી પડ્યા કે 'હવે તમે બધો ભાગ લઈ લો.' ૩૦. અને વળી કહ્યું, 'હવે તો તમે જ બધુ લઈ લ્યો. અમે ફરી ક્યારેય કાંઈ નહિ બોલીએ.' ત્યારે ભટ્ટજીએ કહ્યું કે, 'તમે બધા ખૂટલ જાતિ છો. હવે મને તમારો વિશ્વાસ આવે નહિ.' ૩૧.

એક દિવસ સીમાડાના વિવાદમાં પાડોશી રાજા યુદ્ધ કરવા તૈયાર થઈને આવ્યો. ગામધણી દરબારે વિશ્વંભર ભટ્ટને માથું નમાવી પગે લાગીને પૂછ્યું કે, ૩૨. 'તોપ વગેરે સામગ્રી લઈને શત્રુએ ચઢાઈ કરી છે. હવે યુદ્ધમાં વિજય કોનો થાશે ? આપ કહો તો અમે સામનો કરવા જઈએ; નહિ તો ઘરમાં જ બેસી રહીએ. ૩૩. સામે શત્રુ રાજા તો ઘણો શક્તિશાળી છે. તેની આગળ અમે કાંઈ જ નથી.' ત્યારે ભટ્ટજીએ વિચાર કરીને કહ્યું, 'આ વખતે તમારો વિજય થશે.' ૩૪. પછી ગામધણી દરબારે તત્કાળ શત્રુનો સામનો કર્યો. અચાનક આકાશમાં વિશાળ વાદળાંઓ ચઢી આવ્યા. વરસાદ થયો. તોપ કે બંદૂક કાંઈ કામ ન આવ્યા. તેથી ભાલાઓ અને તલવારોથી યુદ્ધ થયું. ૩૫. તેમાં શત્રુપક્ષનું લશ્કર સામેથી ભાગ્યું. એક ખેતર સુધી તેને તગડી મૂક્યું. ગામધણીએ ભટ્ટજીનાં વચનને માન્યું તો વિજય મેળવીને પાછા આવ્યા. ૩૬.

તે પછી વિશ્વંભર ભટ્ટે ગોપનાથ જઈને દીક્ષા લીધી અને બ્રહ્મચારી થયા. પછી તીર્થયાત્રા કરવા કાશી ગયા. ૩૭. તેમણે પોતાનો વેષ અદ્‌ભુત રાખ્યો હતો. ત્રણ વર્ણના મનુષ્યોનું અન્ન ખાતા હતા. પછી તેઓ અયોધ્યાપુરીમાં આવ્યા. જે મોટાપુરુષ હોય તે કળી શકાતા નથી. ૩૮. ત્યાં એક મોટી જગ્યા હતી ત્યાં આવ્યા. ભાવથી ઉતારો કર્યો. પોતે એકલા જ હતા અને અભ્યાગતના રૂપમાં જ આવ્યા હતા. ૩૯. તે જગ્યાના મહંત

કોઈ અભ્યાગતને રાતે રહેવા દેતા નહિ. કારણ કે તે જગ્યાધારી રાતે દૂધપાક બનાવીને ખાતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'ભાઈ રામદાસજીસ્વામીએ આત્માનંદસ્વામીના પૂર્વાશ્રમની વાત કહી' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર છઠ્ઠું : તરંગ - ૫૮

ભાઈ રામદાસસ્વામીએ આત્માનંદસ્વામીના પ્રતાપની વાત કહી

શ્રીહરિએ ભાઈ રામદાસસ્વામીને ફરીવાર કહ્યું, 'આત્માનંદસ્વામીનો જે પ્રતાપ હોય તે કહો. કારણ કે મેં તો તેમને સાક્ષાત્ દેખ્યા નથી. પણ સાંભળવાથી તે દેખ્યામાં આવશે. ૧. ભૂતકાળને શ્રોત્ર દ્વારા સાંભળીને જાણી શકાય છે, વર્તમાનકાળને નેત્ર દ્વારા દેખીને જાણી શકાય છે એમ નેત્ર અને શ્રોત્ર એ બે દ્વાર છે. અને ભવિષ્યકાળને દેખવા-જાણવા માટેનું દ્વાર તો અંતઃકરણ છે. ૨.

ભાઈ રામદાસજીસ્વામી મહામુનિ આત્માનંદસ્વામીની વાતને કહેવા લાગ્યા. ભાઈસ્વામીએ કહ્યું, હું જેટલી વાત જાણું છું. તેને સંક્ષેપમાં કહું છું. ૩. આત્માનંદસ્વામી અયોધ્યાપુરીમાં આવ્યા ત્યારે તેમણે મનમાં વિચાર્યું કે આ જગ્યામાં જો રહીએ તો અહીંની બધી રીત-ભાત જાણવામાં આવે. ૪. મહંત કોઈ અભ્યાગતને રાત રહેતા દેતા નહિ, પણ આત્માનંદસ્વામીએ તો એવી દેશી કાઢી કે માનો, તેમનો અંત સમય આવી ગયો નહોય ? ત્યારે તેને સાધુ માનીને દયા કરીને મહંતે રાત રહેવા રજા આપી. ૫. આત્માનંદ સ્વામીને એકલા જ છે એમ જાણીને તેમને કાંઈ કહ્યું નહિ.

સાંજે જ્યારે શીતળ (શયન) આરતી થઈ ગઈ ત્યારે સંતોને જમવા માટેની પંગત થઈ. ૬. માલપૂડા અને દૂધપાક બનાવ્યો હતો. બધા સંતોને પીરસાતું હતું ત્યારે આ મહામુનિને પણ જમવા બેસાડ્યા અને તેમને દૂધપાક પીરસ્યો. ૭. મહામુનિએ દૂધપાકમાં જોયું તો અગણિત ઈયળો ચાલતી હતી. બીજા બધા સંતો જમવા લાગ્યા પણ મહામુનિએ તો જમવાનું છોડી દીધું. ૮.

બીજા સંતોએ પૂછ્યું, કેમ જમતા નથી ? તમારે માટે તો આજે આ રસોઈ બનાવી છે. ત્યારે મહામુનિએ કહ્યું, આ દૂધપાકમાં તો અનંત જંતુ દેખાય છે. ૯. મારાથી આવું ખવાય નહિ. તમે બધા સંતો જુઓ. પછી જ્યારે બધા સંતોએ તે દેખ્યું તો તેમાં અસંખ્ય જંતુઓ હતાં. ૧૦. પછી બધો દૂધપાક ઢોળી નાખ્યો અને એકલા માલપૂડા જ સહુએ ખાધા. "જમવામાં જે લોકો પંક્તિભેદ કરે છે. તેને આવું પાપ લાગે છે." ૧૧. આવું મહામુનિ આત્માનંદ સ્વામીએ તે સહુને કહ્યું અને પછી રાતે ચુપચાપ સૂઈ રહ્યા.

એક વખત આ દેશમાં (ધ્રાફા) માર્ગી સંપ્રદાયવાળાએ મંડપ ઊભો કરીને મોટો મેળો કર્યો. ૧૨. તેમાં આત્માનંદસ્વામી વગર બોલાવ્યા ગયા. તેમને દેખીને માર્ગી લોકોએ તેમનું અપમાન કર્યું. એટલે આત્માનંદસ્વામી ત્યાંથી ચાલી નીકળ્યા. ૧૩. પછી ચાલ્યા ત્યારે સ્વામી એમ બોલ્યા, 'અમને કાઢી મૂક્યા, તેથી હવે અમારા વિના તમે પણ ખાઈ લો..!! આટલા દિવસ થયા પણ હજી સુધી મારા જેવો તમને નહિ મળ્યો હોય.' ૧૪. પછી આત્માનંદ સ્વામી ત્યાંથી થોડા દૂર ગયા. એટલામાં ત્યાં અપાર આંધી ચઢી. તેમનો મંડપ બધો વીંખાઈ-પીંખાઈ ગયો અને રસોઈમાં પુષ્કળ ધૂળ પડી. ૧૫. મહામુનિનું અપમાન કરીને તેમને ખીજવ્યા, તો બધાને ભૂખ્યા ભાગવું પડ્યું. આત્માનંદ સ્વામીના આવા તો અનેક ચમત્કારો છે જે ગણ્યે પાર આવે તેમ નથી. ૧૬.

એકવાર આત્માનંદસ્વામી એક (નાઘેર પ્રાંતના માંડવા) ગામમાં ગયા. હું અને રામાનંદસ્વામી પણ તેમની સાથે હતા. તે ગામના એક પટેલની વાડીમાં શેરડી પીલવાનું કોલું ચાલતું હતું. ૧૭. અમે શેરડીના વાઢમાં ગયા. સ્વામીએ પટેલને કહ્યું, આ સંતોને શેરડી ખવડાવો. પૂરણ (તૃપ્ત) થાય ત્યાં સુધી ભરપેટ ખવડાવો. ૧૮. બીજું અમારે કાંઈ જોઈતું નથી. બસ સંતોને શેરડી ખવડાવવાનું આટલું કામ તમે કરો.' ત્યારે તે પટેલ ખિજાઈને બોલ્યો, 'અહીંયાં શેરડી નહિ મળે. ૧૯. તમારા જેવા તો અહીંયાં કેટલાએ આવે છે. બધાને આપીએ તો મારો બધો વાઢ ખાલી થઈ જાય.'

ત્યારે સ્વામીએ કહ્યું, તો પછી 'તુંએ ગોળ ખાઈ લે. અમારામાં તો કાંઈ બળ નથી.' ૨૦. આમ કહીને સ્વામી ચાલતા થઈ ગયા છતાં પટેલના

મનમાં કાંઈ દયા આવી નહિ. પછી જ્યાં શેરડી પીલવાનું કોલું ચાલતું હતું તેનો રસ બધો ઊંચો ચઢવા લાગ્યો. ૨૧. શેરડીનો બધો રસ ફુવારાની જેમ આકાશમાં ઊડવા લાગ્યો. પછી તેણે ઘણા ધૂપ-દીપ વગેરે કરાવ્યા. કેટલાએ ઈલમીઓને (જાણકારને) બોલાવ્યા. ૨૨. કોઈનો કાંઈ ઉપાય ચાલ્યો નહિ. પછી પટેલ મુંઝાયો અને ઘોડે બેસીને આત્માનંદસ્વામીની પાસે દોડી આવ્યો. ૨૩. તત્કાળ મોઢામાં ઘાસ લીધું. બેહાલ થઈને મુનિના ચરણોમાં આળોટ્યો અને કહ્યું, 'આપ જેમ કહો તેમ હું કરું. ૨૪. હે મુનિ ! આપ સાચા સિદ્ધ છો અમને હવે તે કળ્યામાં આવ્યું. અમે તો થોડી બુદ્ધિવાળા જીવ કહેવાઈએ આપ તો મોટા મહાપુરુષ છો.' ૨૫.

ત્યારે સ્વામીએ કહ્યું, 'અમે કાંઈ મોટા સિદ્ધ નથી. તારા જે સિદ્ધ હોય તેને બોલાવ. તેઓ તારી મદદ કરશે. તું પાછો જા. ૨૬. હવે અમે આવવાના નથી. રસની બધી વાત હવે વીતી ગઈ. અત્યારે તને ભાવના થઈ છે પણ અમને ભાવ રહ્યો નથી.' ૨૭. ત્યારે પટેલે કહ્યું, 'હું તો હવે આપની સાથે જ આવીશ ફરીને ઘેર નહિ જાઉં. હું ગુનેગાર છું આપ જમશો, પછી જ હું ખાઈશ.' ૨૮. ત્યારે સ્વામીએ કહ્યું, 'જો તું સત્સંગી થા, તો અમે બધા પાછા આવીએ.' ત્યારે પટેલ તરત જ સત્સંગી થયા અને મુનિને કોઈ અલક્ષ અભેદ્ય બ્રહ્મરૂપ માન્યા. ૨૯. આત્માનંદસ્વામીને ઘોડા ઉપર બેસાડીને પૂજ્યભાવથી પોતાના ગામમાં લઈ આવ્યા. અખાડામાં ઉતારો આપ્યો. શેરડીનો વાઢ અને ગોળ વગેરે બધું સમર્પણ કરી દીધું. ૩૦.

ખેડૂત પટેલે ઘણો જ પશ્ચાત્તાપ કર્યો, ત્યારે તે બધા પાપથી છૂટ્યો. ઘરના જેટલા મનુષ્ય હતા, તે બધાને સત્સંગી કર્યા. ૩૧. ત્યારે તે મુનિ અતિશય રાજી થયા અને હસતે મુખે બોલ્યા. ભાત અને ઘી ઝાઝું લાવો. અને આ સંતોને ધારથી ઘી પાઓ. ૩૨. અને તે પછી તમારે જેટલા વિઘ્ન છે તે બધાનો એક પળવારમાં નાશ થશે.' સ્વામીએ જેમ કહ્યું તેમ પટેલે બધું પ્રેમથી કર્યું. ૩૩. તે પછી શેરડી પીલવાનું કોલું ફેરવવા માંડ્યું અને સ્વામીને તે કોલુની આગળ જ બેસાડ્યા. જ્યારે સંતોને પૂરી રીતે ઘી પીવડાવ્યું ત્યારે બધા જ વિઘ્નો દૂર થઈ ગયા. ૩૪.

એકવાર નાઘેર પ્રદેશ (જી. જૂનાગઢ, લોઢવા ગામ) નો એક વિઠ્ઠલભાઈ કરીને વિપ્ર સ્વામી પાસે આવ્યો. તેની પત્નીનું મરણ થયું હતું. અને નાનું બાળક દસ દિવસનું હતું. તેને લઈને સ્વામી આગળ મૂક્યું અને કહ્યું, 'ધાવણ વિના આ મારો પુત્ર મરી જશે.' ૩૫-૩૬. ત્યારે મુનિએ તે વિપ્રને જે ઉપાય બતાવ્યો તે કહું છું. મુનિએ તે વિપ્રને કહ્યું, 'આ બાળકને તું ધવડાવજે, તારા સ્તનમાં દૂધ આવશે. અમારાં વચને કરીને સ્ત્રીના સ્તનમાં જે પરમેશ્વરે દૂધ આપ્યું છે તે જ પરમેશ્વર તારા સ્તનમાં પણ દૂધ આપશે.' ૩૭-૩૮. પછી સ્વામીએ જેમ કહ્યું હતું તેમ તે વિપ્રે કર્યું. એટલે તેના સ્તનમાં દૂધ આવ્યું અને નાનું બાળક તેના પિતાનું સ્તનપાન કરતું રહ્યું. ૩૯. પુત્ર જીવી ગયો. એટલે તેના પિતાએ તે સ્વામીને અર્પણ કર્યો અને તેનું નામ બાલાનંદ રાખ્યું. જ્યારે મુનિનું બ્રહ્મધામ ગમન થયું ત્યારે તે બાલાનંદ લોઢવા ગામમાં રહેતો હતો. ૪૦.

એક દિવસ આત્માનંદ મુનિ સિદ્ધાચળ (પાલીતાણા પાસેના શેત્રુંજો પર્વત)માં આવીને રહ્યા હતા. જો કે આ વાત તો સ્વામી ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારની છે. ૪૧. તે સિદ્ધાચળમાં એક શ્વેતાંબરી જૈન સાધુની સાથે થોડી ચર્ચા થઈ (તેને કારણે ક્રોધ થવાથી) સ્વામીનાં શરીરમાં કંપારી થઈ. ત્યારે આખો પર્વત ધ્રૂજવા લાગ્યો. ૪૨. સ્વામી થોડેક દૂર ગયા હશે. તેટલીવારમાં ત્યાં તત્કાળ વજ્રપાત થયો. મોટા દેરાસરો તૂટી ગયા અને તેમાં રહેલી પ્રતિમાઓ પણ ચૂરચૂર થઈ ગઈ. ૪૩. ઘણા વરસ સુધી આવું ને આવું થાતું રહ્યું. આત્માનંદસ્વામીનો આવો પ્રતાપ તો અપાર હતો. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'ભાઈ રામદાસસ્વામીએ આત્માનંદસ્વામીના પ્રતાપની વાત કહી' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ।।૫૮।।



પૂર છઠ્ઠું : તરંગ - ૫૯

શ્રીહરિ દશેરાને દિવસ સંત-હરિભક્તો સાથે ભાદર નદીમાં પ્રાતઃસ્નાન કરવા પધાર્યા

વળી શ્રીહરિએ ભાઈ રામદાસસ્વામીને પૂછ્યું, આત્માનંદસ્વામીનો જે પ્રતાપ હોય તે મને પહેલેથી કહો. તેમનો પ્રતાપ પ્રથમ ક્યાંથી પ્રગટ થયો હતો ? ૧. સદ્‌ગુરુ રામાનંદસ્વામીની પાસે અમે તે અંગે પૂછ્યું નથી. તેમની મરજીને ઓળખ્યા વિના મોઢેથી કઈ રીતે કહી શકાય ? ૨. ત્યારે રામદાસજી સ્વામી બોલ્યા, હું જે જાણું છું તે હવે આપને કહું છું. ૩. આત્માનંદસ્વામી જ્યારે ઘેર હતા ત્યારે એકવાર 'થાન' ગયા હતા. સહુ પહેલા તેમણે 'થાન'માં પોતાનો પ્રતાપ જણાવ્યો હતો. ૪. તે વાતને હવે હું સંક્ષેપમાં કહું છું. પરંતુ હે હરે ! આપના પ્રતાપની સમાન કોઈનો પ્રતાપ આવે નહીં. આ વેળાએ આપનો પ્રતાપ જોઈને બીજા બધાના પ્રતાપ આપના પ્રતાપમાં સમાઈ ગયા છે. ૫. આપ જ્યારે તે વાત કહેવડાવો છો તેથી હવે હું તે કહું છું. થાનમાં "થાણેશ્વર" મહાદેવજીનું મંદિર છે. ત્યાં મેળામાં દેશ દેશના લોકો ભેળા થયા હતા. ૬.

વિશ્વંભર ભટ્ટ તે મેળો જોવા ગયા હતા. ત્યારે મહાદેવના મંદિરમાં જ રહ્યા હતા. પરમ વિવેકી ખેમગર નામે એક અતીત સાધુ પણ ત્યાં સાથે રહ્યો હતો. ૭. મહાદેવજીનું નામ થાણેશ્વર કહેવાતું અને ગામનું નામ થાન હતું. વરસમાં એકવાર મેળો થતો. અપાર લોકો મેળામાં ભેળા થાતા હતા. ૮. ત્યાં કોઈ ધર્મ કે નિયમ જેવું કશું હતું નહિ. ફક્ત બળેવ-શ્રાવણ સુદિ પુનમને દિવસ લોકો ભેળા થતા. વિશ્વંભર ભટ્ટ મંદિરમાં ગયા. શિવજીના દર્શન કર્યા. ૯. ત્યાં એક નાનું સાપોલિયું મંદિરની અંદરના ભાગમાં ફરતું દેખાયું. તેના મસ્તક ઉપર નાનું લાલ રંગનું બિંદુ હતું. તેને જોઈને વિશ્વંભર ભટ્ટ બોલ્યા. ૧૦. જે વાસુકી નામે દિવ્યનાગ કહેવાય છે, તેનું આ સ્થાન છે અને જે આ નાનું સાપોલિયું ફરતું દેખાય છે તે ખુદ વાસુકીનાગ છે.' ૧૧. ત્યારે તે વાત કોઈને મનાણી નહિ, તેથી લોકોએ તે વાતને હસી કાઢીને ઉડાવી દીધી. ત્યારે ભટ્ટે કહ્યું, 'આ વાત હસી કાઢ્યા જેવી નથી આ હકીકત છે માટે તમારે આ વાતને સત્ય માનવી. ૧૨.

હું ક્યારેય ખોટું બોલતો નથી. પણ તમે અભાગ્યાઓ દેખતા નથી પણ જે સત્ય છે તેને હું દેખું છું. આ સાપોલિયાની રેખાઓને તો જુઓ.' ૧૩. આ વાત કહી તેટલીવારમાં તો તે સાપ ખૂબ જ વધી ગયો. મંદિરની અંદરનો જે અવકાશ હતો તે બધો સાપના શરીરથી ભરાઈ ગયો. ૧૪. અને તે સર્પે ફેણ વધારી ત્યારે બધા લોકોએ તે સત્ય માન્યું. પછી બધા ભટ્ટના પગમાં પડ્યા અને બોલ્યા કે હવે તમારી વાત સાચી થઈ. ૧૫. હે વિપ્ર ! આ આપનો જ પ્રતાપ છે અને તેનાથી જ અમને આ દિવ્ય સર્પનાં દર્શન થયાં છે. આપ કોઈ જગતનું કારણ તત્ત્વ છો. તે સિવાય અમને આવાં દર્શન ક્યાંથી થાય ? ૧૬. પછી જ્યારે રાત થઈ ત્યારે તે સર્પ અદૃશ્ય થયો. આ પ્રતાપ તો એટલો પ્રસિદ્ધ થયો છે કે હજી સુધી સ્થાનિક લોકો તેની વાતો કહે છે. ૧૭. તેમની બીજી વિશેષતા એ છે કે તેઓ ઘણી રમૂજ પણ કરતા. તેમાંએ અધર્મ માર્ગની તો વારેવારે રમૂજ કરતા. યુક્તિઓ આપી આપીને અધર્મ માર્ગને પાછો પાડી દેતા. ૧૮.

અધર્મના ઉપર કટાક્ષ જણાવતા. કટાક્ષથી વાત કહેવામાં કોઈથી દબાતા નહિ. ઉપર ઉપરથી તો સહુની સાથે ભળતા રહેતા, પણ અંદરથી તો અધર્મથી ડરતા રહેતા. ૧૯. આત્માનંદસ્વામીને કથા-વાર્તા અને કીર્તનમાં બહુ રુચિ ન હતી. હંમેશા ધ્યાન કરવામાં રુચિ રહેતી. તેમનું મન રાત દિવસ ધ્યાનમાં જ રહેતું. ૨૦. સદ્‌ગુરુ રામાનંદસ્વામીનો સ્વભાવ તેમનાથી અલગ હતો. તેમને કથા કીર્તનમાં ભાવ વધારે હતો. તેઓ કહેતા કે કથા-વાર્તા કરવી તે જ અંતરદૃષ્ટિ છે. ૨૧. આત્માનંદસ્વામી જ્યારે ધ્યાન કરતા ત્યારે તેમના મિથ્યા સંકલ્પ બધા બંધ થઈ જતા હતા અને રામાનંદસ્વામી જ્યારે પ્રેમભાવથી કથા-કીર્તન કરતા હોય. ૨૨. ત્યારે તેમના જે મિથ્યા ઘાટ-સંકલ્પો હોય તે બધા બંધ થઈ જતા હતા.'

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'મોટા પુરુષોને કોઈ મિથ્યા ઘાટ-સંકલ્પ હોય જ નહિ. ૨૩. ઘાટ-સંકલ્પ તો માયાથી ઘેરાયેલા જીવને થાય. અને મોટાપુરુષોની તો રીત જ એવી છે કે તેઓ સાધારણ જીવને સમજાવવા માટે પોતાનું નામ

લઈને વાત કરતા હોય છે. જેમ કે, યથાર્થ ચંદ્રની વાત સમજાવવા માટે પાણીમાં દેખાતા ચંદ્રનું દૃષ્ટાંત આપે છે તેમ મોટાની રીત સમજવી. ૨૪. અમે જે રીતે સમજીએ છીએ તે કહીએ છીએ. સામાન્ય જીવનું હિત કરવાને માટે મોટાપુરુષો પોતાનું મિષ લઈને બોલે છે. ૨૫. જેટલા સમર્થ હોય છે તે સહુની ક્રિયા કાંઈક જુદી જ હોય છે. સમર્થની ગતિને તો સમર્થ જ જાણે. અલ્પજ્ઞ જીવને ઠીક રીતે સમજાવવા માટેનું બધું હોય છે. ૨૬.

પરમેશ્વરની ગતિ અપાર છે તેને માયિક જીવ પામી શકે નહિ. આવો અમે ખચિત કરીને દૃઢ નિશ્ચય કર્યો છે. ૨૭. **જે જીવનાં સદ્‌ભાગ્ય ઉદય થાય તેના ચિત્તમાં પરમેશ્વર ચોંટે છે. ને જેના ચિત્તમાં પરમેશ્વર ચોંટતા નથી તે તો અભાગી છે. અને તેને મનુષ્યનું શરીર મળ્યું તે વ્યર્થ ગયું કહેવાય.'** ૨૮. આટલી વાત થઈ ત્યાં સુધીમાં તો અરધી રાત વીતી ગઈ હતી. પછી શ્રીહરિ પોઢી ગયા અને સભા ઊઠી. ૨૯. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતોએ સ્વામિનારાયણ ધૂન કરી. સ્વામિનારાયણ ધૂન કરી રહ્યા પછી સંતો પ્રભાતનાં પદ બોલ્યા. ૩૦.

❋ મૂર્તિ વર્ણન :

શ્રીહરિ પલંગ ઉપર બેઠા હતા. મુખકમળ ઘણું શોભી રહ્યું હતું. વિશાળ લલાટ ઝળહળતું હતું. દૃષ્ટિ ચંચળ હતી અને ચિતવન (કટાક્ષ જોવું તે) ઘણું રસભર્યું હતું. ૩૧. નેત્રો આંજણ આંજ્યા વિના પણ જાણે આંજણ આંજ્યું હોય તેવા શોભતા હતા. તેથી જ શ્રીહરિની દૃષ્ટિએ ચંદ્રની શોભા ધારી લીધી હતી. ભ્રકુટિ અને ભમર મરોડદાર હતી. નાસિકા દીવાની જ્યોત જેવી ઉજ્જ્વળ હતી. ૩૨. બંને હોઠ પાકાં ઘિલોડા જેવા હતા. તેના ઉપર પોપટની ચાંચના જેવી નમણી નાસિકા સલુણી દેખાતી હતી. જ્યારે સૂર્યોદય થયો ત્યારે તત્કાળ સ્નાન કરવા ઊઠ્યા. ૩૩. સંતો, સંન્યાસીઓ, વર્ણીઓ, દરબારો, પાર્ષદો અને બીજા હરિભક્તો જે હતા, તે બધા સ્નાન કરવા માટે શ્રીહરિની સાથે ચાલ્યા. બધા સર્વોત્તમ સ્નેહભાવથી કીર્તન ગાતા હતા. ૩૪.

ભાદર નદીએ આવ્યા. જ્યાં આત્માનંદસ્વામી અને રામાનંદસ્વામી બંનેએ સ્નાન કર્યું હતું. ત્યાં આવીને ઉતારો કર્યો. પછી શૌચ (જંગલ)

જઈ આવ્યા. ૩૫. હાથ પગ ધોઈને દાતણ કર્યું. પછી પરમ પ્રવીણ શ્રીહરિ સ્નાન કરવા લાગ્યા. જળપ્રવાહના ઉપરવાસના ભાગમાં શ્રીહરિ અત્યંત આનંદથી સ્નાન કરવા બેઠા. ૩૬. બીજા બધા ભક્તો હેઠવાસના ભાગમાં સ્નાન કરવા આવ્યા અને જેટલી હરિભક્ત બાઈઓ હતી તે ઘણે દૂર સ્નાન કરતી હતી. ૩૭. તેઓ કપડાંથી મુખને અને અંગોને ઢાંકીને સ્નાન કરતી હતી અને શ્રીહરિનું પ્રેમથી યશોગાન કરતી હતી. ૩૮. ભાઈ રામદાસસ્વામી અને મુક્તાનંદસ્વામી બંને શ્રીહરિનાં અંગ ચોળીને આનંદથી સ્નાન કરાવતા હતા. બ્રહ્માનંદસ્વામી ચરણારવિંદને ચોળતા હતા. ૩૯. બ્રહ્માનંદસ્વામીની સામે જોઈને શ્રીહરિ હસવા લાગ્યા. 'તમે ક્યારેય સેવા કરી નથી. હવે શીખવાથી તે કાંઈ આવડે નહિ.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ દશેરાને દિવસ સંત-હરિભક્તોની સાથે ભાદરમાં પ્રાતઃ સ્નાન કરવા પધાર્યા' એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર છઠ્ઠું : તરંગ - ૬૦

શ્રીહરિએ ભાદરમાં સ્નાન કરતી વેળાએ જીવુબાના સદ્‌ગુણોની પ્રશંસા કરી

શ્રીહરિએ ફરી કહેવા લાગ્યા કે, 'ભાઈ રામદાસજીસ્વામી સેવા કરવામાં ઘણા ચતુર છે, લક્ષ્મીજી કરતાં પણ સેવામાં વધારે નિપુણ છે. ૧. તે રીતે જ અમારી સેવા કરવામાં મુક્તાનંદસ્વામી ઘણા જ પ્રવિણ છે. એ બેમાં એક રામદાસસ્વામી ઘણા વૃદ્ધ છે અને બીજા મુક્તાનંદસ્વામીને ગુરુ માન્યા છે, એટલે બેમાંથી એકેયને સેવા કરવા દેવાય નહિ. ૨. આનંદાનંદસ્વામી અમારા સારા સેવક છે, પણ અત્યારે તેઓ ભાવનગર રહ્યા છે. ચાતુર્માસ પૂરા કરીને આવશે. ૩. મુકુંદાનંદ વર્ણી, જયાનંદ વર્ણી અને નિત્યાનંદ મુનિ એ ત્રણ અત્યારે અમારા સેવક રહ્યા છે. ૪.

❋ સાચા સેવકનાં લક્ષણ :

चोपाई :

सरल चित बिन मान रहे जोउ, क्रिया में अति निपुणता होउ;
कोउके छिद्र न करे प्रकाशा, हरिजन सबके होई रहे दासा...०५
खाने पिनेकी वस्तु केहा, कोईकुं दिये बिन खाय न एहा;
एसे सेवक पर भाव हमारे, कोईको कबहु न काम बिगारे...०६
निज सेव करो न करो कोई, द्वेष न बाँधे तिन संग सोई;
एसे सेवक मुकुंदानंद एका, और सेवक हमारे अनेका...०७

અને જે સરલ ચિત્તવાળા, નિર્માની, ક્રિયામાં અતિ નિપુણતાવાળા હોય, તેમજ કોઈની પણ ગુપ્તવાત જાહેરમાં પ્રકાશ નહિ કરનારા અને સમગ્ર હરિભક્તોના દાસ થઈને રહેનારા હોય, ૫. ખાવા પીવાની કોઈ પણ વસ્તુ હોય તે બીજાને આપ્યા વિના નહિ ખાનારા, બીજા કોઈનું પણ કામ ક્યારેય નહિ બગાડનારા, આવા જે સેવક હોય તેના ઉપર અમને વધારે ભાવ હોય છે. ૬. પોતાની સેવા કોઈ કરે કે ન કરે તેની સાથે દ્વેષ ન બાંધે, એવા તો એક અમારા સેવક વર્ણી મુકુંદાનંદ છે. અને અમારા બીજા સેવકો પણ ઘણા છે. ૭.

❋ જીવુબાના સદ્‌ગુણો :

સત્સંગી બાઈઓમાં જીવુબાના સમાન કોઈ નથી. તેઓ હરિભક્તના દાસ થઈને વર્તે છે. તેમને કોઈ ઉપર ઈર્ષ્યા કે અભાવ નથી અને ભગવાનના ભક્તોના ઉપર અત્યંત પ્રેમભાવ રાખે છે. ૮. જીવુબાઈ ઘરમાં કોઈપણ સારી વસ્તુ હોય તે તરત જ ભક્તોને આપે છે. અને જેટલી વસ્તુ ભક્તોના ઉપયોગમાં આવે, તેટલું તેઓ ઘણું મોટું ભાગ્ય માને છે. ૯. જે કોઈ વસ્તુ ભગવાનના ભક્તના ઉપયોગમાં ન આવે તેને તેઓ મનમાં અત્યંત દુર્ભાગ્ય માને છે. આવો સ્વભાવ મનુષ્યનો ન કહેવાય; તેઓ તો પરમ લક્ષ્મીરૂપ છે. ૧૦. કોઈ હરિભક્ત પોતાનું બધું જ કામ બગાડી નાખે, છતાં તેના ઉપર તેઓ ક્યારેય ક્રોધ કરતા નથી. અમે તેમનું અપાર અપમાન કરીએ છીએ, છતાં તેઓ ક્યારેય લગાર પણ તપતા નથી. ૧૧.

ચોપાઈ :

कोईकुं देखी हम तपे कोई वारा, शांत वृत्ति सो रहे एकधारा;
ईश्वरकुं रीझावन काजा, एहि सम कोउ नहीं हे आजा...१२

કોઈ વખતે કોઈને દેખીને અમે તપી જઈએ છીએ છતાં તેઓ એકધારી શાંતવૃત્તિ રાખે છે. પરમેશ્વરને રાજી કરવા માટે તત્પર રહેનારામાં તેમના સમાન આજે બીજો કોઈ નથી. ૧૨.

જેટલા મોટેરા સંતો છે, તેઓ જીવુબાનો સ્વભાવ જોઈને બધા તેમના જેવી સાધુતા શીખવા પ્રયત્ન કરે છે. છતાં તે કોઈમાં આવી સાધુતા આવતી નથી. ૧૩. રાધિકાજી અને લક્ષ્મીજીના જેવી અનંત દેવીઓ, તેમના જેવી સાધુતા શીખવા અનંત યુગોથી પ્રયાસ કરી રહી છે. છતાં હજી સુધી કોઈમાં તેવી સાધુતા આવી નથી. ૧૪. સત્સંગીઓનું હિત કરવા માટે અમે બધા સત્સંગમાં ફરતા રહીએ છીએ. પણ જીવુબાની સાધુતા (સદ્‌ગુણ)ને જોઈને તેઓ અમને ભુલાતા નથી. ૧૫. હું સાધુનો દાસ છું છતાં ક્યારેક કોઈના ઉપર રીસ કરું છું અને વઢું પણ છું. તેથી તે વિચાર્યા પછી ઉદાસ થઈ જાઉં છું, પણ મારી તે ઉદાસીનતા ક્ષણિક હોય છે. ૧૬.

✹ સાધુતાની શ્રેષ્ઠતા :

ચોપાઈ :

मैं निरबंध हुं आकाश हि जेसा, कोईके बंधन में आवुँ न एसा;
× × × × ×, × × × × ×;
साधुता जामें देखुँ अनंता, ताके बंधन में आई रहंता;
साधुता देखुँ ज्यां लगही, तिहाँसे छुटाय न त्यां लगही...१७
मो संग वैर नहीं हे केहा, देव मनुष्य दैत लग तेहा;
साधु को रख पक्ष मैं जबहु, मो संग वैर सो बाँधत तबहु...१८

હું આકાશના જેવો નિર્બંધ છું. હું તો કોઈના બંધનમાં આવું નહિ એવો છું તોપણ જેમાં અનંત સાધુતા દેખું છું તેના બંધનમાં હું આવી જાઉં છું. જ્યાં સુધી તેમાં સાધુતા દેખાય ત્યાં સુધી હું તેનાથી છૂટી શકતો નથી. ૧૭.

દેવ, મનુષ્ય કે દૈત્ય કોઈને મારી સાથે વેર નથી. પણ હું જ્યારે સાધુનો પક્ષ રાખું છું. ત્યારે તેઓ મારી સાથે વૈર બાંધે છે.' ૧૮.

શ્રીહરિ જ્યારે આટલી વાત કહી રહ્યા ત્યારે નદીમાં સ્નાન કરીને જળમાંથી બહાર નીકળ્યા. અને બધાં વસ્ત્ર જરિયાની પહેર્યાં. પછી ક્ષણવાર ત્યાં રોકાયા. ૧૯. ત્યારે શ્રીહરિ માટે એક અશ્વ લાવ્યા હતા. તેના ઉપર જરિયાની પલાણ રાખ્યું હતું. શ્રીહરિ તે અશ્વ ઉપર બેઠા અને મસ્તકે સોનેરી છત્ર ધાર્યું હતું. ૨૦. ચોપદાર છડી પોકારવા લાગ્યા. ઘણી જાતનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા કીર્તન ગાવા લાગ્યા. ૨૧. શ્રીહરિએ જેતપુરમાં પ્રવેશ કર્યો. ત્યારે સુંદર વેશ ધાર્યો હતો. જેતપુરના જેટલા મનુષ્ય હતા તેઓ બધા શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા હતા. ૨૨. બધા લોકો બંને હાથ જોડીને નમસ્કાર કરતા હતા. તેમનાં મનની ભાવના કહી શકાતી નથી. જેટલા સંતો, સંન્યાસીઓ અને વર્ણીઓ હતા, તે બધા અલૌકિક લાગતા હતા. ૨૩.

દુનિયામાં મતપંથ તો અનંત છે પરંતુ કોઈનાં જીવનમાં આવો ધર્મ રહ્યો ન હતો. બધા લોકો આવી વાતો કરતા. સહુનાં હૃદયમાં પ્રેમભાવ છવાયો હતો. ૨૪. શ્રીહરિ રાજબજારે ચાલ્યા આવતા હતા. લોકો પ્રેમભાવથી તરબોળ થઈને 'જય જય' 'જય જય'નો ઉચ્ચાર કરતા હતા. ૨૫. શ્રીહરિ રાજાના દરબારગઢમાં આવ્યા. અશ્વ ઉપરથી ઊતર્યા. સોનાને હિંડોળે બેઠા અને બધા ત્યાં આવ્યા એટલે સહુની સભા થઈ. ૨૬. જેતપુરના દરબાર, ગઢપુરના દરબાર જીવા ખાચરના માસિયાઈ ભાઈ થતા હતા. અને ત્યાગી થઈને રહેતા જે રાજબાઈ, તેમના પણ તેઓ સંબંધી(માસા) હતા. ૨૭. તેથી જેતપુરના દરબાર શ્રીહરિની સાથે અને હરિભક્તોની સાથે વિશેષ ભાવ રાખતા હતા. અને શ્રીહરિનો પ્રસંગ રહેતો તેથી તેઓ સત્સંગને સમાન અન્ય કોઈને ગણતા નહિ. ૨૮. સંતોની પાસે સારા વાજિંત્ર વગડાવીને શ્રીહરિ ખૂબ જ રાજી થાતા. ત્યાં બ્રહ્માનંદસ્વામી પાસે પરજ રાગના કીર્તન ઘણો જ પ્રેમ દર્શાવીને ગવડાવ્યા અને બ્રહ્મમુનિએ પણ સરસ રીતે તે કીર્તન ગાયા. વળી, જાડેજી કચ્છી ભાષાના જે પદ બનાવેલા હતા તે પણ શ્રીહરિએ ગવડાવ્યા. ૨૯-૩૦.

જે દરબારો અને પુરજનો ત્યાં આવ્યા હતા તે બધા કીર્તન સાંભળીને રાજી થયા. 'શ્રીહરિ હોય ત્યાં બધું જ હોય' એવી રીતે લોકો શ્રીહરિના ગુણ ગાતા હતા. ૩૧. (લોકો વાતો કરતા કે,) "જેટલી ઉત્તમ રીતો છે તે બધી આજ સત્સંગમાં રહી છે. જે લોકો આવા સત્સંગનો દ્રોહ કરે છે તેઓ અધમોમાં પણ અધમ અને અત્યંત પાપી છે. ૩૨. શ્રીહરિ અને સંતોને જે હાથ જોડતા નથી, તેને તો પથ્થરની જાતિના જાણવા અને જે માથું નમાવતા નથી. તેને તો મસ્તક રહિત (ખવીશ) જ જાણવા. ૩૩. જે લોકો આંખોથી તેમનાં દર્શન કરતા નથી તેઓ તો આંધળા છે અને પોતાનાં કુળને વગોવે છે. જે લોકો જીભથી શ્રીહરિ અને સંતોનાં ગુણો ગાતા નથી તો તેમને જીભ વિનાના મૂંગા સમજવા. ૩૪. જેઓ પગે ચાલીને શ્રીહરિની પાસે નથી આવ્યા. તેઓ તો ઝાડ કરતાં પણ વધારે અધમ છે." લોકો સંતોના સદ્‌ગુણોને જોઈને પરસ્પર આવી વાતો કરતા હતા. ૩૫.

શ્રીહરિ-સંતોનો મહિમા વિચારીને દરબારે અન્નકોટ કરતાં પણ ઘણી ભારે રસોઈ કરાવી. કેટલીએ જાતના પકવાન કરાવ્યા હતા. તેમજ બીજા ભોજન પણ ઘણાં કરાવ્યાં હતાં. ૩૬. એકપણ પકવાન સાકર વિનાના કર્યા ન હતા. જેટલી જાતના શાકભાજી કે ફરસાણ થતાં હતાં તે બધાં જ કરાવ્યાં હતાં. ૩૭. જ્યારે ભોજન તૈયાર થઈ ગયાં ત્યારે વર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા. તરત જ શ્રીહરિ જમવા ઊઠ્યા અને પીતાંબર પહેરી લીધું. ૩૮. બીજું પીતાંબર માથે ઓઢી લીધું અને ચરણોમાં ચાખડીઓ પહેરીને ચાલતા થયા. ૩૯. શ્રીહરિ જ્યાં રસોઈ બનાવી હતી તેની સમીપે ગયા. સોનાના બાજોઠ ઉપર રહીને ચરણ ધોયા. પછી બીજા બાજોઠ ઉપર બેઠા અને વર્ણી બધાં ભોજનોને લાવ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ ભાદરમાં સ્નાન કરતી વેળાએ જીવુબાના સદ્‌ગુણોની પ્રશંસા કરી' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર છઠ્ઠું : તરંગ - ૬૧

જેતપુરમાં દશેરાની સવારીમાં પધારવા દરબારે શ્રીહરિની પ્રાર્થના કરી

વર્ણી સુવર્ણના થાળમાં ભરી ભરીને ભોજન લાવ્યા ત્યારે શ્રીહરિ તે જમવા બેઠા અને ઉત્સવ છવાઈ ગયો. ૧. સોરઠ પ્રદેશનાં બધા હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં જેતપુરમાં આવ્યા હતા, પણ તેઓ પુરમાં ક્યાંય સમાયા નહિ. ૨. જે જે ભોજન કર્યાં હતાં તેમાંથી થોડુ થોડું લઈને શ્રીહરિ જમ્યા. તે પછી ભાત લીધો અને તેમાં દહીં તથા સાકર નાખીને જમ્યા. ૩. જ્યારે જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોયાં. પછી ભક્તજને તૈયાર કરીને મુખવાસ આપ્યો. ૪. શ્રીહરિ જે થાળ જમ્યા તે પ્રસાદી પુરના દરબારને આપી. સંતોને અને દરબારોને જમવા બોલાવ્યા ત્યારે તે સહુ પાર્ષદોની સાથે જમવા આવ્યા. ૫.

જ્યારે તેઓ સહુ પંક્તિ કરીને જમવા બેઠા ત્યારે શ્રીહરિ પીરસવા ઊઠ્યા. જેટલાં પીરસવાનાં ભોજન હતાં તે બધાંને એક પળવારમાં જ પીરસી દીધાં. ૬. પછી શ્રીહરિએ સહુને જમવાની આજ્ઞા કરી. સહુ સંતો આદરભાવથી જમવા લાગ્યા. જ્યાં સુધી સંતો અને દરબારો જમતા રહ્યા ત્યાં સુધી પંગતમાં પીરસતા રહ્યા. ૭. શ્રીહરિની પંગતમાં પીરસવાની જે ચતુરાઈ દેખીને તો દેખનારા બધા જ લોકોની દૃષ્ટિ મંત્રમુગ્ધ થઈ જતી હતી. જેને નિત્ય શ્રીહરિના હાથે પીરસેલું જમવાનું થતું તેનાં સદ્‌ભાગ્યની તો વાત જ શી કરવી ? ૮. તે ભાગ્યને તો સર્વોપરિ કહેવાય. વિચાર કર્યા વિના તે સમજાતું નથી. જે જે આવી વાત હોય છે, તે તે વાત મહિમા વિચાર્યા વિના કાંઈ સુખ દેતી નથી. ૯.

※ સત્સંગ મહિમા :

જેટલી આવી વાતો હોય તેનો મહિમા જો વિચારે તો લોકોને ઘણું સુખ દે છે. આપણા જીવનમાં સત્સંગના જેવી કોઈ વાત નથી. તે વાત અનંત પાપોથી તારે છે. ૧૦. **તે વાતથી અનંત દુઃખોનો નાશ થાય છે અને જીવને**

સર્વોપરિ સુખની પ્રાપ્તિ થાય છે. સત્સંગથી અધિક કોઈ સુખ નથી. સત્સંગ છે તે અનંત એવું જે બ્રહ્મ તે રૂપ કહેવાય છે. ૧૧. પરંતુ તે સુખ લૌકિક દૃષ્ટિથી દેખાતું નથી. જ્યારે દિવ્યદૃષ્ટિ પમાય છે ત્યારે જ તે દેખ્યામાં આવે છે. ૧૨. સત્સંગનું સુખ અલૌકિક છે, તે લૌકિક મનુષ્યને મળતું નથી. લૌકિક મનુષ્ય તો નારકી છે તે ભૌતિક સંસારમાં જ સુખ લે છે. ૧૩. આ ચૌદલોકના બ્રહ્માંડમાં જે દેવ, મનુષ્ય અને દૈત્ય રહે છે. તેમનું મન સત્સંગમાં જ્યાં સુધી નહિ લાગે ત્યાં સુધી તેમને મુનિજનો નારકી કહે છે. ૧૪. જેને જ્યારથી સત્સંગ થાય તે મનુષ્ય ત્યારથી શુદ્ધ થતો જાય છે અને જે ખરેખર હરિભક્ત થયો હોય તે તો આખા બ્રહ્માંડમાં પૂજનીય થયો છે. ૧૫. સત્સંગના મહિમાવાળી ઉપોદ્‌ઘાતની આટલી વાત કહી. હવે શ્રીહરિની સાક્ષાત્ વાત કહું છું.

સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. ૧૬. શ્રીહરિ આવીને હિંડોળા ઉપર વિરાજ્યા ત્યારે તેમનાં દર્શન કરવા માટે પર્વતભાઈ, ભીમભાઈ, ઝીણાભાઈ અને ગગાભાઈ વગેરે સોરઠના હરિભક્તો આવ્યાં. ૧૭. તે બધા ફૂલના હાર લઈને આવ્યા હતા તે શ્રીહરિને પ્રેમથી ધરાવ્યા. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા તથા કાનમાં ગુચ્છ ધરાવ્યા અને પાઘ ઉપર તોરાઓ ધરાવ્યા. ૧૮. કેટલાક હાર તો શ્રીહરિની પાઘ ઉપર ધરાવ્યા. તેથી શ્રીહરિની પાઘ ફૂલની બનાવી હોય તેવી મતવાલાને સોહામણી લાગતી હતી. નરનારી હરિભક્તોનો કોઈ પાર ન હતો. બધા જ ફૂલહાર લાવ્યા હતા. ૧૯. શ્રીહરિને નખથી શિખાપર્યંત ફૂલહાર ભરાઈ ગયા હતા. ફક્ત મુખ અને નેત્રો જ ખુલ્લા રહ્યાં હતાં. સંપૂર્ણ મૂર્તિ ફૂલમય થઈ ગઈ ત્યારે તેની શોભા અદ્‌ભુત બની હતી. ૨૦. જ્યારે ફૂલનો ભાર વધારે થઈ જતો ત્યારે તે ઉતારીને સંતોને હાર આપતા. સંન્યાસી, વર્ણી વગેરે બધા હારથી ભરાઈ ગયા ત્યારે દરબારોને પ્રસાદીના હાર આપ્યા. ૨૧. બધા પાર્ષદોને પણ ફૂલહાર આપ્યા. એટલે બધી સભા ફૂલમય થઈ ગઈ. તે દેશના જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધાને પણ શ્રીહરિએ હાર આપ્યા. ૨૨. માનો સુગંધી ફૂલોનો બગીચો ખીલ્યો હોય ! તેવી બધી સભા બની ગઈ હતી. જે અનંત બ્રહ્માંડો કહેવાય છે તેમાં ક્યાંય આવી સભા દેખી નથી. ૨૩.

હરિભક્તો વિવિધ પ્રકારના મેવાઓ અપાર લાવ્યા. ત્યારે શ્રીહરિએ તે બધું સાથે રહેલા દરબારોને આપી દીધું. ૨૪. શ્રીહરિએ દરબારોને મેવા અને ફળો તો એટલાં આપ્યાં કે તેમણે ગાડીમાં ભરી ભરીને તે મેવા અને ફળ વગેરેને પોતાને ઘેર પહોંચાડ્યાં હતાં. ૨૫. શ્રીહરિની પૂજામાં જે સારાં વસ્ત્રો અને આભૂષણો આવે તેમાં પણ જે સોનેરી હોય તે બધાં શ્રીહરિએ દરબારોને આપી દીધાં. ૨૬. શ્રીહરિ પહેલાં ગઢપુરના દરબારને આપતા. પછી બીજા દરબારોને વસ્તુઓ આપતા. ૨૭. મયારામ ભટ્ટને શ્રીહરિએ વસ્ત્રો અને ઘરેણાં ઘણાં આપ્યાં અને કરજીસણવાળા વિપ્ર નાનાભાઈને પણ વસ્ત્રો અને આભૂષણો ઘણાં આપ્યાં. ૨૮. શિવરામ ભટ્ટ ઘણા જ શીલ-ચારિત્ર્યથી સંપન્ન વિપ્ર હતા. તેમને પણ સારાં વસ્ત્રો અને અલંકારો આપ્યાં. તે જેતપુરના જ વતની જીવા જોષી નામે વિપ્ર પરમ એકાંતિક હરિભક્ત હતા. ૨૯. તેમને પણ શ્રીહરિએ સારાં વસ્ત્ર અને અલંકારો આપ્યાં. જે કોઈપણ વિપ્ર શ્રીહરિની પાસે આવ્યા તેમને બધાને શ્રીહરિએ રાજી કર્યા.

દશેરાના દિવસનો પાછલો એક પહોર બાકી હતો ત્યારે જેતપુરના દરબારે બધી તૈયારી કરી. ૩૦. અશ્વ, હાથી, રથ અને સુંદર પ્રકારના વિશાળ સુખપાલ તૈયાર કરાવ્યા. હાથી અને ઘોડાઓને સોનાનાં અને મોતીનાં બધાં આભૂષણો પહેરાવ્યાં. ૩૧. ડંકા, નોબત અને વિવિધ પ્રકારના વાજિંત્ર, તથા જેટલાં હતાં તે બધા નિશાન તૈયાર કરાવ્યા. જેટલી જાતના સરબંદીઓ હતા અને અપાર બંદીજનો જે હતા તે બધા ત્યાં આવ્યા. ૩૨. છડીદારો હાથમાં સોનાની છડી લઈને આવ્યા અને છડી પોકારવા લાગ્યા. ત્યારે જેતપુરના ગામધણી દરબાર શ્રીહરિની પાસે આવ્યા અને બંને હાથ જોડીને વિનંતી કરી. ૩૩. 'હે મહારાજ ! દશેરાના ઉત્સવની આ વિજય સવારીમાં આપ પધાર્યા હોવ. આવો અવસર અમારા જીવનમાં ક્યારે મળે ? અમારો ઘણા દિવસથી જેવો મનોરથ હતો તેવો અવસર આજે આવ્યો છે. ૩૪.

આપ પધારો અને અમારો મનોરથ પૂર્ણ કરો. આપના સિવાય અમારી બધી બાબત અધૂરી ગણાય. આજના દિવસે બધા રાજાઓ હથિયારોનું પૂજન અને શમીપૂજન વગેરે કરવા માટે સવારી લઈને નીકળે છે. ૩૫. આજ તો

આપ અમને સર્વશ્રેષ્ઠ કરવા માટે પધાર્યા છો, તો આપ આવો. હાથી ઉપર વિરાજો અને આપની પાછળ રહીને હું ચમર ઢોળું. ૩૬. હે પ્રભો ! અમે અમારા મનમાં માનીએ છીએ કે આપનાથી અધિક તો બ્રહ્માદિ દેવો પણ નથી. તો પછી ઈન્દ્રાદિક તો શા લેખામાં ?' ૩૭. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમે તો સાધુ છીએ અને દશેરાની વિજય સવારી તો રાજાઓની રીતમાં શોભે. અમારી સાથે જે ક્ષત્રિય દરબારો છે તે બધા સવારીમાં આવશે.' ૩૮. ત્યારે તે ગામધણી દરબારે કહ્યું, 'આપના જેવા સાધુને જ અમે વિજય સવારીમાં ચાહિએ છીએ. આવા સંત ક્યારેય મળે નહિ. આજનો દિવસ તો અમારે માટે અમૂલખ આવ્યો છે.' ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'જેતપુરમાં દશેરાની સવારીમાં પધારવા દરબારે શ્રીહરિની પ્રાર્થના કરી' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર છઠ્ઠું : તરંગ - ૬૨

શ્રીહરિએ જેતપુરમાં શમીપૂજનાદિ કરીને અશ્વને દોડાવ્યો.

તે સમયે શ્રીહરિ દરબારનો ભાવ જોઈને તેમના ઉપર રાજી થયા. બધા સંતોને અને વર્ણી વગેરેને રથમાં અને મ્યાનામાં બેસાડ્યા. ૧. ભાઈ રામદાસજીસ્વામી, મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી વગેરેને સુખપાલમાં બેસાડ્યા અને તેમને ફૂલહાર પહેરાવ્યા. ૨. હરિભક્તોનાં મનમાં ઘણો જ ઉત્સાહ હતો. એટલે તેમણે આવીને કેસરયુક્ત ચંદનની અર્ચા કરીને સંતોની અને વર્ણી વગેરેની પૂજા કરી. ૩. તે વેળાએ શ્રીહરિએ બધા મોતી ભરેલાં સોનેરી વસ્ત્ર ધાર્યાં હતાં અને અંગોઅંગમાં સારાં આભૂષણો ધાર્યાં હતાં. ૪. શ્રીહરિની સાથે રહેલા જે દરબારો હતા તેમણે બધાએ સોનાનાં ઘરેણાં પહેર્યાં અને મોટા મોટા મોતીના હાર પણ પહેરી લીધા. ૫.

જેતપુરના નગરજનોએ દશેરા નિમિત્તે નવા વસ્ત્ર પહેર્યાં અને સોનાનાં ઘરેણાં ધારણ કર્યાં. પોતાનાં ભવનનાં જેટલા દરવાજાઓ હતાં તે બધાંને

સુંદર રીતે સજાવી દીધાં. ૬. ભવનોના દરવાજે મોતીનાં તોરણ બાંધ્યા. બજારોને અને બધા ચોકને વિવિધ રીતે શોભાવી દીધા. આખું નગર સોનેરી થઈ ગયું અને શ્રીહરિના પધારવાથી તો વધારે શોભાયુક્ત થયું. ૭. જે હાથી ઉપર અંબાડી હતી તે હાથી પર શ્રીહરિ આવીને બેઠા. હાથીને આભૂષણો પહેરાવીને સુવર્ણમય બનાવી દીધો હતો. તેની શોભા કહી શકાતી નથી. ૮. જેતપુર નરેશ શ્રીહરિને ચામર કરવા માટે હાથી ઉપર પાછળના ભાગમાં બેઠા. આજે તેમના મનમાં આનંદ ઊભરાતો હતો. ૯.

ગઢપુરના દરબાર દાદા ખાચર તથા દેહા ખાચરને બીજા સુવર્ણના સાજથી સજેલા હાથી ઉપર બેસાડ્યા. ૧૦. તે સિવાય જેતપુરના બીજા જે દરબારો હતા તેઓ અન્ય હાથી ઉપર બેઠા. સવારીમાં શ્રીહરિનો હાથી આગળના ભાગમાં ચાલતો હતો. તેથી આગળના ભાગમાં છડીદાર છડી પોકારતા હતા. આમ સવારી ઘણી જ ભવ્ય લાગતી હતી. ૧૧. જ્યારે સવારી રાજબજારે પસાર થઈ રહી હતી ત્યારે દર્શન કરનારા અપાર લોકો ઊભા હતા. દરેકે હાથમાં ફૂલહાર લીધા હતા અને એકધારી ફૂલોની વૃષ્ટિ કરતા હતા. ૧૨. શ્રીહરિની મૂર્તિ ઘણી શોભાયુક્ત હતી. દેવતાઓ અને માનવો, સહુનાં મન મૂર્તિમાં લોભાતાં હતાં. મુખકમળ ઘણું ઝળકી રહ્યું હતું. તે કરોડો ચંદ્રમા કરતા પણ વિશેષ સુખ-શાંતિ કરનારું હતું. ૧૩. શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન કરીને ભક્તોનાં મન તૃપ્ત થતાં નહિ. તેમાં પણ સોરઠના હરિભક્તો તો દર્શન કરીને ખૂબ જ ખુશ થઈ ગયા. ૧૪. બંદીજનો વિવિધ પ્રકારના વાજિંત્ર વગાડીને નૃત્ય કરતા હતા અને હરિભક્તો ભગવાનનાં કીર્તન ગાતા હતા. તેનાથી આનંદ અત્યંત વ્યાપી ગયો હતો. ૧૫.

શ્રીહરિ જ્યારે પૂરની બહાર નીકળ્યા ત્યારે બંદૂકોના અવાજ પુષ્કળ કર્યા. શુભ મુહૂર્ત જોઈને તેઓ પુરના ઉત્તર દરવાજેથી બહાર નીકળ્યા. ૧૬. તે સમયે ગોંડલ રાજ્યના મહારાજા દરબાર હઠીસિંહજી શ્રીહરિનાં દર્શન કરવા માટે અનુપમ સવારી લઈને ત્યાં આવ્યા. ૧૭. ગોંડલ નરેશ હાથી ઉપર બેઠા હતા. તેમણે શ્રીહરિને દેખ્યા. તેઓ તત્કાળ હાથી ઉપરથી નીચે ઊતરી ગયા અને પગપાળા શ્રીહરિની સન્મુખ ચાલ્યા. ૧૮. તેમણે તરત દંડવત્-પ્રણામ કર્યા.

તેમના જેવા બીજા કોઈ રાજા સત્સંગી ન હતા. જ્યારે તેઓ શ્રીહરિની પાસે આવ્યા. ત્યારે શ્રીહરિએ પોતાનો હાથી બેસાડાવ્યો. ૧૯. તેઓ શ્રીહરિને પગે લાગ્યા. તેમનાં હૃદયમાં ઘણો જ ઉત્સાહ હતો. બીજા બધા દરબારો પણ તેમને ભેટ્યા અને પછી શ્રીહરિએ તેમને પોતાની પાસે બેસાડ્યા. ૨૦.

ઉત્તર દિશામાં જ્યાં ખીજડો (સમડો-શમીવૃક્ષ) હતો ત્યાં જઈને શ્રીહરિ ઊતર્યા. ઉલ્લાસથી આસન બિછાવી દીધું હતું તેથી શ્રીહરિ તે ખીજડાની પાસે બેઠા. ૨૧. દશેરાની પૂજાનો બધો વિધિ બ્રાહ્મણે કરાવ્યો. શ્રીહરિની સાથે જે દરબારો હતા તેઓ બધા જ શમી પૂજન કરવા માટે બેઠા. ૨૨. પછી તે સહુએ શ્રીહરિની પૂજા કરી. દશેરાના ઉત્સવનો વધારાનો આટલો લાભ સહુને પ્રાપ્ત થયો. ગોંડલ અને જેતપુર બંને પુરના રાજાઓ વિચિત્ર પ્રકારની તોપો લાવ્યા હતા. ૨૩. પછીથી તે તોપના અવાજ કર્યા. તેનાથી બધું આકાશ ગાજી ઊઠ્યું. તે સાંભળીને બ્રહ્મા આદિ બધા દેવો વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. તેનાથી આખું આકાશ ભરાઈ ગયું. ૨૪. દેવોના જેટલાં વાજિંત્ર કહેવાય છે, તે બધાને સહુ દેવો વગાડવા લાગ્યા અને દેવતાઓએ આવીને પરમ સુખદાયક શ્રીહરિને કેસરયુક્ત ચંદનથી પૂજ્યા. ૨૫. તે સમયે તેઓ અનેક પ્રકારના પુષ્પોની વૃષ્ટિ કરીને "જય જય" "જય જય" દેવાધિદેવ એમ હાથ જોડીને બોલતા હતા. ૨૬. ગાંધર્વોએ વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગાડીને સુમધુર સ્વરથી ગાન કર્યું અને પગમાં ઘૂઘરા બાંધીને મનોહર નૃત્ય પણ કર્યું. ૨૭.

❋ ગંગારામાદિક મલ્લો ઉપર શ્રીહરિની પ્રસન્નતા :

તે વખતે ત્યાં ભુજથી હરિભક્તોનો સંઘ આવ્યો. સહુ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા હતા. તેમાં મલ્લ જાતિના હરિભક્તો ઘણા હતા. મલ્લોમાં ગંગારામ મુખ્ય હતા. ત્યાં હરિભક્તો અપાર ભેળા થયા હતા. તેમાં મલ્લોને મલ્લક્રીડાથી શ્રીહરિને પ્રસન્ન કરવાની ઈચ્છા હતી. ૨૮-૨૯. તેથી તેઓ વિચિત્ર રીતે મલ્લનો વેષ ધારીને બધા આવ્યા. પોતાની ભુજાઓને થાબડીને તાલ ઠોકવા લાગ્યા. તેનો પડઘો આકાશમાં વ્યાપી ગયો. ૩૦. પછી તેમણે આવીને શ્રીહરિને પ્રણામ કર્યા અને મલ્લક્રીડા કરવાની આજ્ઞા માગી.

શ્રીહરિએ પણ મલ્લક્રીડા કરવાની રજા આપી. મલ્લોએ શ્રીહરિની આજ્ઞાને શિરોધાર્ય કરી. ૩૧. શ્રીહરિ કહે, 'તમે એવો ખેલ ઉમંગથી ખેલો કે જેમાં કોઈનું અંગ તૂટે નહિ.' પછી મલ્લો રમવા લાગ્યા. તેમાં મલ્લક્રીડાની જે બધી કળાઓ હતી તે બધી શ્રીહરિને દેખાડી. ૩૨.

તેનાથી શ્રીહરિ મલ્લોના ઉપર ઘણું રાજી થયા. સહુને એકેક મોતીનો હાર આપ્યો. બધા રાજાઓએ પણ મલ્લોને પોશાક આપ્યાં. આ રીતે મલ્લક્રીડા કરી હતી તેમને રાજી કર્યા. ૩૩. તે પછી બધા દરબારોએ અશ્વ ઉપર સવાર થઈને અશ્વોને ખેલાવ્યા. અશ્વને દોડાવવાની જે ચતુરાઈ હતી તે બધી શ્રીહરિને બતાવવા લાગ્યા. ૩૪. બીજા બધા અશ્વોને ખેલતા દેખીને શ્રીહરિનો અશ્વ વારંવાર હણહણાટ કરવા લાગ્યો. ૩૫. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, 'અમારા અશ્વને અમારી પાસે લાવો. આજ તેને પણ દોડવાનો ઉત્સાહ થયો છે.' એમ કહીને શ્રીહરિએ હાથમાં છડી લઈને અશ્વ ઉપર બેઠા. ૩૬. પછી શ્રીહરિનો અશ્વ દોડ્યો. ત્યારે બધા જ અશ્વો તેને જોવા લાગ્યા. તે અશ્વ તેની બધી ચાલમાં ચાલવા લાગ્યો. માનો, ગરુડે આવીને તે અશ્વમાં પ્રવેશ કર્યો નહોય ! માનો, વિમાનનો વેગ તેમાં આવ્યો નહોય ! તેમ તે દોડવા લાગ્યો. ૩૭.

શ્રીહરિનો અશ્વ જે ચાલથી વેગમાં ચાલતો હતો, ત્રિલોકીમાં તેના જેવો કોઈ અશ્વ ન હતો. બીજા બધા અશ્વો શ્રીહરિના અશ્વની ચાલ અને વેગને દેખીને નિસ્તેજ થઈ ગયા. ૩૮. શ્રીહરિના અશ્વની ગતિ-વેગને જોઈને બધા આલેખેલા ચિત્ર જેવા થઈ ગયા. સહુએ મનમાં માન્યું કે આવો અશ્વ આ ભૂમિ ઉપર ન હોઈ શકે, કોઈ દિવ્ય અશ્વ છે. ૩૯. શ્રીહરિના અશ્વને જોઈને વીજળી પણ નિસ્તેજ થઈ ગઈ, તે અશ્વનો વેગ તો તેના પોતાના વેગ જેવો જ હતો. તેના જેવો બીજા કોઈનો વેગ ન હતો. ૪૦. જ્યારે શ્રીહરિ અશ્વ ઉપર ચઢ્યા અને અશ્વ દોડ્યો ત્યારે તેના વેગની આગળ હરણનો જુસ્સો, બાજ પક્ષીની ઝડપ, બાણની ગતિ અને બંદૂકની ગોળીનો વેગ તે બધું જ નિઃસાર અને નિસ્તેજ જેવું દેખાયું. તેથી શ્રીહરિના અશ્વની ગતિનો સાચો પરિચય સહુને થયો. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ જેતપુરમાં દશેરાએ શમીપૂજનાદિ કરીને અશ્વને દોડાવ્યો' એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર છઠ્ઠું : તરંગ - ૬૩

શ્રીહરિની પૂજા, અન્યોઅન્ય પહેરામણી અને શ્રીહરિએ પાડાને છોડાવ્યો.

શ્રીહરિએ અશ્વ દોડાવી લીધો. પછી અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. બધા દરબારો શ્રીહરિની પાસે આવ્યા અને ખૂબ જ વખાણ કરવા લાગ્યા. ૧. હે મહારાજ ! આપના અશ્વના જેવો બીજો કોઈ અશ્વ ત્રિલોકીમાં ક્યાંય નથી. આ અશ્વને સો વખત મોતીથી તોળ્યો હોય તોપણ તે અમૂલ્ય જ રહે. ૨. શ્રીહરિએ જ્યારે અશ્વને દોડાવ્યો ત્યારે તેને પણ આનંદ થયો. અને તેનો વેગ મંદ પડ્યો. પછી તે સીધો-સાદો અને સરલ થઈને બીજા અશ્વોની સાથે ઊભો રહ્યો. ૩.

ગોંડલ નરેશ હઠીસિંહજીએ ગામ બહાર ભાદર નદીને કિનારે ડેરા-તંબુ ઊભા કરાવીને તેમાં મુકામ કર્યો હતો. ૪. જ્યારે સાંજે સંધ્યા સમય થયો ત્યારે અનંત મશાલો પ્રકટાવી. ત્યાં જ "નારાયણ ધૂન" કરી અને તેનાથી બધું વન જોરદાર રીતે ગાજી ઊઠ્યું. ૫. જે સમયે શ્રીહરિ ધૂન કરાવતા હતા ત્યારે સાથે રહેલા લોકો "જય જય" "જય જય"નો શબ્દ કરતા હતા. ગોંડલ દરબાર સોનાનું સિંહાસન સાથે લાવ્યા હતા. તેના ઉપર શ્રીહરિને બેસાડ્યા. ૬.

બધા દરબારોએ શ્રીહરિને પોશાક અર્પણ કર્યો. ઘણી જ ભાવનાથી મહાપૂજા કરી. વિવિધ પ્રકારે ધૂપ દીપ વગેરે કર્યા. કપૂરથી આરતી ઉતારી. ૭. તે પછી દરબારોએ સંતોની અને વર્ણીની પૂજા કરી. ચંદનની અર્ચા કરીને ફૂલના હાર પહેરાવ્યા અને બધાને વસ્ત્ર ઓઢાડ્યાં. ૮. જેટલા દરબારો આવ્યા હતા તેમણે ઘટે તેમ પરસ્પર પહેરામણી કરી. જેને પહેરામણી આપવી ઘટે તેને તે આપી. ૯. આસપાસના પ્રદેશમાંથી જે હરિભક્તો આવ્યા હતા તેમણે શ્રીહરિની પૂજા કરી. પર્વતભાઈ આદિ અપાર હરિભક્તો આવ્યા હતા.

તેમનાં નામ ગણાવું તો પાર આવે તેમ નથી. ૧૦. મારી બુદ્ધિ એટલી બધી વિશાળ નથી કે જે બધા હરિભક્તોના નામ લખી શકે. કરોડો વાતની એક જ વાત છે કે લખતાં લખતાં પણ તેનો અંત આવતો નથી. ૧૧. જો બુદ્ધિ નો વેગ ગરુડના વેગ જેવો હોય તોપણ શ્રીહરિનાં ચરિત્રોનો પાર આવવાનો નથી. શ્રીહરિ જેટલી શ્રદ્ધા આપશે તેટલું લખાશે. ૧૨.

*** સત્સંગના મજુર બનીને ગ્રંથ લખ્યો :**

दोहा : मनोरथ मन करत अति, चरित्र हरि के कहत;
बात हरि के हाथ में, निरविघ्न रहत...१३
विघ्न आत नहीं वार ही, एक पलके आत;
निरविघ्न रेनो दुल्लभ हे, वेर वेर सो चात...१४

શ્રીહરિનાં ચરિત્રોને કહેવાને માટે હું મારા મનમાં ઘણા જ મનોરથોને કરું છું, પણ બધી વાત તો શ્રીહરિના હાથમાં રહી છે. કારણ કે શ્રીહરિની ઈચ્છા હોય તો જ નિર્વિઘ્ન રહી શકાય. ૧૩. વિઘ્નોને આવતા વાર લાગતી નથી. એક પલકવારમાં વિઘ્ન આવી શકે છે. નિર્વિઘ્ન રહેવું ઘણું દુર્લભ છે. જેને હું વારે વારે ચાહુ છું. ૧૪. હરિભક્તો, સંતો અને ધર્મકુળ મને જેટલી સહાય કરે છે તે બધાનું મૂળ શ્રીહરિ છે. કેમ જે, શ્રીહરિ જ તેમાં રહીને જેટલી સહાય કરાવે તેટલી સહાય તેઓ કરે છે. ૧૫.

सोरठा : संत हरि इच्छा होई, तितनो सो बनी आव एहि;
ताके हाथ हे सोई, अपने हाथ न बात कोउ...१६

સંતોની અને શ્રીહરિની જેટલી ઈચ્છા હોય તેટલું આ ગ્રંથનું લખાણ થઈ શકે. આ બધું તેમના હાથની વાત છે મારા હાથમાં કોઈ વાત નથી. ૧૬.

चोपाई :

हरिजन संत धर्मकुल हि ताके, मैं बनी रहे हुँ मजुर वाके;
मजुर कुं हर्ष शोक न काउ, धर्मकुल संत धनी सो रहाउ...१७
मजुरी करन देवे ज्यां लगहि, चरित्र मजुरी करनी हे त्यां लगहि;
थोरे भाग्य कुं मजुरी एसा, कोटि जन्म न मिलत तेसा...१८

હરિભક્તો, સંતો અને ધર્મકુળ એ ત્રણનો હું મજૂર બનીને રહ્યો છું. મજૂરને તો કામ જ કરવાનું હોય, સફળતા કે નિષ્ફળતામાં મજૂરને કાંઈ હર્ષ શોક હોય નહીં. ધર્મકુળ અને સંતો મારા ધણી છે. ૧૭. તેઓ જ્યાં સુધી મજૂરી કરવા દેશે ત્યાં સુધી હું આ 'હરિચરિત્ર' લખવાની મજૂરી કરતો રહીશ. જેના થોડા ભાગ્ય હોય તેને કરોડો જન્મ જતા રહે છતાંય આ 'હરિચરિત્ર' લખવારૂપી મજૂરી મળતી નથી. ૧૮.

મારા ગુરુ શ્રીમુક્તાનંદસ્વામીની મેં કાંઈક સેવા કરી. ત્યારે તેમણે કૃપા કરીને મને આશીર્વાદ આપ્યો. માટે ગુરુકૃપા, હરિભક્તો, સંતો અને ધર્મકુળનો રાજીપો આ બધું હોય તો જ આવી સેવા મળે, નહિ તો આવી સેવા ઝાઝી ક્યાંથી મળે ? ૧૯. મનુષ્યને બીજા નિધિ અનેક મળે છે પણ ચિંતામણિ એકેય મળતો નથી. મુક્તાનંદસ્વામીએ કૃપા કરીને આ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' રૂપ ચિંતામણિ મારા હાથમાં આપ્યો છે. ૨૦. જ્યાં સુધી મારા ભાગ્યમાં હશે ત્યાં સુધી આ ચિંતામણિ મારા હાથમાં રહેશે. જ્યારે સદ્‌ભાગ્યનો વિનાશ થાશે ત્યારે તરત જ આ હરિચરિત્રામૃતસાગરની કથા મારા હાથમાંથી જતી રહેશે. ૨૧. આવો વિચાર મારા મનમાં ઊપજ્યો એટલે મેં આવી વાત અહીંયાં કહી છે. જે પ્રમાણે શ્રીહરિએ મારી બુદ્ધિમાં જેવો પ્રેરણાનો પ્રકાશ કર્યો છે, તે પ્રમાણે હવે ઉત્સાહથી ચાલુ કથા પ્રસંગને હું આગળ કહું છું. ૨૨.

એક પહોર (૩ કલાક) રાત વીતી ત્યારે શ્રીહરિ અને બધી સભા ઊઠી. શ્રીહરિ આવીને હાથી ઉપર બેઠા. ગામધણી દરબાર ચામર કરવા પાછળ બેઠા. ૨૩. સવારી બધી તૈયાર થઈ. ગોંડલ નરેશ હઠીસિંહજી ત્યાં રોકાઈ ગયા. શ્રીહરિ જ્યારે પુરને દરવાજે આવ્યા ત્યારે કેટલાક લોકો એક પાડાને મહિષાસુર માનીને લાવ્યા. ૨૪. કૃપાસિંધુ ભગવાન શ્રીહરિએ તે જોયું. પાડો ઘણો જોરાવર હતો. શ્રીહરિએ દરબારને કહીને તેને છોડાવી મૂક્યો. ૨૫. શ્રીહરિએ દરબારને કહ્યું, 'આ પાડાનો દોષ શું ? મહિષાસુર દૈત્ય તો જુદો જ છે. છતાં આવા નિર્દોષ પશુ ઉપર માણસો રોષ લાવે છે. ૨૬. એક સમાન નામ હોવાથી બધા રાજાઓ પશુની હત્યા કરે છે. આવા નિર્દોષ

પશુની હત્યાના પાપથી તો બધા રાજાઓનો વિનાશ થઈ ગયો છે. ૨૭. અતિ પાપ કરવાથી બધા રાજાઓનો પણ ઉચ્છેદ થઈ જાય છે. તે બાબતમાં કોઈને કાંઈ ગમ પડતી નથી. પરંપરા ચાલી એટલે ચાલી. ૨૮.

આમાં મુખ્ય દોષ તો વિપ્ર-રાજ્યગુરુનો છે. તેમાં રાજાનો દોષ નથી. વિપ્રો રાજાને માથે દોષ નાખે છે અને તેથી રાજાને રોષ-ગુસ્સો ચડે છે. ૨૯. અપકીર્તિને કીર્તિ કરવા માટે અધર્મને ધર્મનું નામ આપી દે છે. મોટા રાજાને કોઈ કહી શકે નહિ, તેથી અધર્મને ધર્મનું નામ આપી દેવાય છે. ૩૦. હિરણ્યાક્ષ અને રાવણ જેવા જે રાજાઓ થયા તેમણે શાસ્ત્રોમાં હિંસાની વાત ધર્મનાં રૂપમાં ચઢાવી દીધી. જે અધર્મ કહેવાતો હતો તેને ધર્મનાં નામે મનાવવા માટે ગ્રંથોમાં લખાવી દીધો છે. ૩૧. મોટા મોટા ઋષિ મુનિઓનાં નામે શાસ્ત્રમાં હરખભર્યે હૈયે બધું લખી નાખ્યું. બહુ ઝાઝા વરસ વીતી ગયા હોય પછી આવા કપટને કોણ જાણી શકે ? ૩૨. અમારા ગુરુ બહુનામી રામાનંદસ્વામીએ આવી બાબતમાં રહેલા ભેદને સમજાવ્યા છે. તેઓ બધા જ યુગોની વાતોને જાણતા, કારણ કે તેઓ શ્રીકૃષ્ણ ભગવાનના શિષ્ય હતા. ૩૩.

શ્રીકૃષ્ણે તે બધું જ્ઞાન ઉદ્ધવજીને આપ્યું હતું. એ જ રામાનંદસ્વામી છે. અને તેમણે કૃપા કરીને મને આપ્યું છે. તે સિવાય ગ્રંથોમાં-શાસ્ત્રોમાં આવી ભેદભરી ઘટનાઓ ભળી ગઈ હોય તેની કોને ખબર પડે ? હવે તો સર્વે મનુષ્યની બુદ્ધિ-સમજણ પણ અલ્પ થઈ ગઈ છે. ૩૪. યુગના જે ધર્મ કહેવાય છે તે નિશદિન મનુષ્યમાં વર્તતા હોય છે. મનમાં જેવો યુગ વર્તતો હોય તેવા સંકલ્પ મન કરાવે છે. ૩૫.

અજ્ઞાની મનુષ્ય તે યુગધર્મને પોતામાં માની લે છે. તેનાથી તે દુઃખી થાય છે. જ્યારે જ્ઞાની ગુરુ આવી મળે છે ત્યારે અજ્ઞાનના દુઃખથી છોડાવી દે છે.' ૩૬. શ્રીહરિએ દરબારને આટલી વાત કરી. પછી પુરમાં પ્રવેશ્યા અને આગળ બજારે ચાલ્યા. ૩૭. બજારોને વિવિધ રીતે શોભાડી હતી. દીવાઓનો કોઈ પાર જ ન હતો. લોકો પણ સુંદર વેશભૂષા સજાવીને પારાવાર ઊભા હતા. ૩૮. જે લોકો બજારમાં ઊભા હતા તે બધાને એક શ્રીહરિને દેખવાનું જ તાન હતું; તેમના વચનમાં, શ્રવણમાં અને આંખોમાં

શ્રીહરિ રહ્યા હતા. તેથી કોઈને બીજું કાંઈ ભાન ન હતું. ૩૯. સહુએ દર્શન કરીને શ્રીહરિને પોતાનાં હૃદયમંદિરમાં પધરાવી દીધાં અને સ્નેહરૂપી આભૂષણ વગેરેથી પૂજા પણ કરી લીધી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિની પૂજા પછી પરસ્પર દરબારોએ પહેરામણી આપી અને શ્રીહરિએ પાડાને છોડાવ્યો' એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર છઠ્ઠું : તરંગ - ૬૪

એકાદશી વ્રતનું અને શાસ્ત્રના વચનનું ગૌરવ

શ્રીહરિ જેતપુરના નગરજનોને દર્શન આપતાં આપતાં દરબારગઢમાં આવ્યા. હાથીએથી ઊતરીને તરત હિંડોળા ઉપર જઈને બેઠા. ૧. ગોંડલ નરેશ હઠીસિંહજી શ્રીહરિની પાસે આવ્યા. જેતપુર નરેશે હેતથી તેમની ઘણી તજવીજ રાખી અને જોઈતી વસ્તુઓ બધી પહોંચાડી દીધી. ૨. બહુ ભાતની રસોઈ કરાવીને તેમને સારી રીતે જમાડ્યા. તે વાતની શ્રીહરિને ખબર પડી ત્યારે તેઓ જેતપુરપતિ દરબારના ઉપર ઘણું રાજી થયા. ૩.

પછી શ્રીહરિ થાળ જમીને આવ્યા. થાળની પ્રસાદી દરબારને અપાવી. શ્રીહરિની સાથે જે દરબારો હતા તે બધાને પણ જમાડ્યા. ૪. આસપાસના પ્રદેશોમાંથી અને દૂર પરદેશમાંથી જે હરિભક્તો આવ્યા હતા તે સહુની જમવાની વ્યવસ્થા શી કરી છે ? અને ઉતારાનું શું થયું છે ? તે બધી તપાસ પણ શ્રીહરિએ કરી. ૫. ગંગારામ મલ્લની સાથે હરિભક્તો આવ્યા હતા તે સહુને જમાડ્યા. ભાડેરના દરબાર પ્રતાપસિંહ શ્રીહરિ ઉપર ખૂબ જ સ્નેહભાવ રાખતા. તેમજ દરબાર ઝીણાભાઈ પંચાળા ગામના હતા. જૂનાગઢના દરબાર દાદાભાઈ કે જેમને સંતોના ઉપર અને શ્રીહરિના ઉપર ઘણું જ હેત હતું. ૬-૭.

જાળિયા ગામના લોહાણા હીરાભાઈ પરમ ભગવદીય હરિભક્ત હતા. પાડાસણ ગામના દરબાર સરતાનસંગજી, તે બધા હરિભક્તોની જમવા-રહેવા વગેરેની વ્યવસ્થા કરાવી અને જોઈતી બધી વસ્તુઓ હરખથી અપાવી.

અધરાત થઈ ત્યાં સુધી શ્રીહરિએ સંતો પાસે કીર્તન ગવડાવ્યા. ૮-૯. પછી શ્રીહરિ પોઢી ગયા અને પ્રભાત સમયે ઊઠ્યા. તે દિવસ એકાદશી હતી. સંતો અને હરિભક્તોએ ઉપવાસ કર્યો. ૧૦. શ્રીહરિ ભાદર નદીએ નાહવા માટે ગયા. સંતો, બીજા હરિભક્તો અને દરબારો બધાને સાથે લીધા હતા. સહુ સાથે નાહ્યા. જળયાત્રાનો ઉત્સવ છવાઈ ગયો. ૧૧. "ધન્ય યમુનાજી..." એ કીર્તન તાળીઓ પાડીને ગવડાવ્યું. "કાંઈ દુર્લભ હરિજન..." એ બીજું કીર્તન પણ ગવડાવ્યું. ૧૨. ભાદરનદીનાં જળમાં શ્રીહરિ વચ્ચે બેઠા અને ચારેબાજુ સંતો અને હરિભક્તો બેઠા. તારામંડળમાં ચંદ્રમા જેમ શોભે તેવી શોભા તે સ્થળે થઈ હતી. ૧૩. ચાર ઘડી (૧.૩૬ કલાક) દિવસ ચઢ્યો ત્યાં સુધી શ્રીહરિ જળમાં સ્નાન કરતા રહ્યા. કાઠી દરબારો ઘણા ચતુર હોય છે. એટલે અંદરો અંદર મર્મવચન બોલવા લાગ્યા કે, ૧૪. 'શ્રીહરિ હમણાં જ નદી બહાર નીકળશે. અલૈયા ! તમે ગભરાશો નહિ, ફળાહાર તો તૈયાર હશે જ' એમ માતરાએ તેમને કહ્યું. ૧૫.

ત્યારે તે સાંભળીને શ્રીહરિએ કહ્યું, 'એક મહિનામાં એકાદશીના બે ઉપવાસ કરવાના હોય છે. સુદ અને વદ બંને પક્ષની બંને એકાદશી અગણિત ફળ આપે છે. ૧૬. આજ કોઈએ ફલાહારનો સંકલ્પ જ કરવો નહિ. ભગવાનનું ભજન કરીને દિવસ વિતાવવાનો છે. વળી આજ તો હરિવાસરનો યોગ છે. એટલે તે બધા દિવસોમાં વધારે મહત્ત્વનો છે. ૧૭. ભગવાનના જે ચોવીશ અવતાર છે તે બારમાસની એકાદશીઓના દિવસ છે. એકાદશીએ પણ ચોવીશ રૂપ ધાર્યાં છે. માટે બધી જ એકાદશીઓ પાપથી મુકાવનારી છે અને અનુપમ છે.' ૧૮. પછી કાઠી દરબારોએ કહ્યું કે, 'બધા પાપ તો અમે હરિભક્ત થયા ત્યારે જ નાશ પામ્યા છે. હવે પાપ ક્યાં છુપાઈને રહ્યાં છે ? અમે તો કોઈ જાણતા નથી.' ૧૯.

❋ મનસ્વી સદા દુ:ખી :

ત્યારે શ્રીહરિ પ્રેમથી બોલ્યા, 'તમે શાસ્ત્રની રીતને જાણતા નથી. જે લોકો શાસ્ત્રનાં સિદ્ધાંતને જાણતા નથી, તેઓ તો બધા પશુની જેમ વર્તે છે. ૨૦.

શાસ્ત્રને સમજીને જે નીતિ પ્રમાણે ન ચાલે, તેની તો ઘણી મોટી ફજેતી થાય છે. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવતાઓ અતિ સમર્થ ઈશ્વરો કહેવાય છે છતાં તેમાં જેણે શાસ્ત્રનાં વચન ઉપર પગ દીધો તેમની ફજેતી સદાને માટે રહી ગઈ છે. તેમની આગળ બીજા લોકો તો શા લેખામાં ? મોટા મોટાને પણ કલંક લાગ્યા છે, તે દેખાય છે. ૨૧-૨૨. એવા મોટા મોટા સમર્થની પણ બધી વાતો શાસ્ત્રમાં લખી છે. શાસ્ત્રોમાં ધર્માધર્મની વાતોનો નિર્ણય કર્યો છે. છતાં જે મનધાર્યું વરતે છે તે તો બેહાલ થઈ જાય છે. ૨૩.

જેણે સત્સંગ રાખવો હોય તેણે ક્યારેય ભૂલથી પણ મનમુખી થઈને લગાર પણ વર્તવું નહિ. ૨૪. જેમ નટ દોરડાં ઉપર ખૂબ જ સાવધાનીથી ચાલે છે તેમ સત્સંગીએ ઘણી સાવધાનીથી વચન પ્રમાણે ચાલવું. જે વચન પ્રમાણે વર્તે છે તેની જ જીત થાય છે. જો ભૂલથી પણ વચન ભંગ થાય તો તેની ફજેતી થાય છે. ૨૫. જે જે શાસ્ત્રનાં વચન તજીને ચાલ્યા છે તેવા કેટલાએ ફજેત થયા છે. જેનાં મનમાં શાસ્ત્રનાં આજ્ઞાવચનના લોપનો ભય નથી તેની કલ્યાણના માર્ગમાં ક્યારેય જીત થાતી નથી. ૨૬. જે વચનમાં નથી ચાલતા તેવા કોઈને પણ હરિભક્ત ન કહેવાય. સત્સંગ તો એવો છે કે જેમાં શાસ્ત્રોનું વચન વિશ્વાસપૂર્વક પાળવા માટે બધા તૈયાર રહેતા હોય.' ૨૭.

ત્યારે ભાઈ રામદાસજીસ્વામી બોલ્યા, 'હે શ્રીહરિ ! આપની મરજીને સહુ કોઈ જાણે છે. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી એ બંને પણ આપની મરજીને જાણે જ છે.' ૨૮. પછી જેટલા સંતો અને હરિભક્તો શ્રીહરિની મરજીને જાણતા હતા તે સહુ બોલ્યા, "આ લોકમાં અને પરલોકમાં અમે એક દૃઢ નિશ્ચય કર્યો છે કે, ૨૯. અમારે આપ શ્રીહરિનાં વચનમાં જ સદા રહેવું છે. આપનાં આજ્ઞાવચન ઉપર ક્યારેય પગ મૂકવો નથી. અમે આપ શ્રીહરિનું વચન પાળવામાં લાભ માનીએ છીએ અને મન ફાવ્યાં વર્તનમાં તો નુકશાન માનીએ છીએ. ૩૦. સહુ સંત-હરિભક્તોનું માનવાળું-શ્રદ્ધાવાળું વચન સાંભળીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. પછી નાહીને શ્રીહરિ ભાદર નદીનાં જળથી બહાર નીકળ્યા. આખું શરીર રૂમાલથી લૂછ્યું. ૩૧.

✻ મૂર્તિ વર્ણન :

શ્રીહરિએ બધા જરિયાની વસ્ત્રો પહેર્યાં. છાતી ઉપર મોતીના હાર ધારણ કર્યા. શિર ઉપર મોતીના તોરા લટકાવી દીધા. ભુજાઓ ઉપર મોતીના બાજુબંધ બાંધ્યા. ૩૨. મોતીના કડાં અને કુંડળ ધારણ કર્યાં. મોતીના ગુચ્છો કાન ઉપર ઠેરાવ્યા. મોતી ભરેલા બંને છોગા પાઘમાં ભરાવી દીધાં. ૩૩. પ્યારા શ્રીહરિએ હાથમાં મોતીની છડી લીધી અને ચરણોમાં મોતી જડિત મોજડીઓ પહેરી. તે સમયે ગોંડલ નરેશ હઠીભાઈ શ્રીહરિની પાસે આવ્યા અને વાજિંત્રો ખૂબ જ વાગવા લાગ્યાં. ૩૪. મોતી ભરેલું છત્ર શિર ઉપર ધાર્યું હતું અને બંને બાજુ ચામર ઢળતાં હતાં. લલાટમાં કેસરી ચંદનની આડ કરેલી હતી અને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો શોભતો હતો. ૩૫.

મેઘના સમાન શ્યામસુંદર શ્રીઘનશ્યામ શ્રીહરિની મૂર્તિ મનોહર લાગતી હતી. તે મૂર્તિના દર્શન થતાંની સાથે ગોંડલ નરેશ અત્યંત વિસ્મય પામ્યા અને તે ભવ્ય દિવ્ય છબીને ચિત્તમાં પરોવી લીધી. ૩૬. અત્યંત વિશાળ ચંદનીને (ચંદરવાને) અપાર થાંભલાઓ હતા. તેની વચ્ચે તે વખતે સુંદર સિંહાસન બિછાવી દીધું. ૩૭. શ્રીહરિ તે સિંહાસન ઉપર તત્કાળ આવીને વિરાજમાન થયા. તે સમયે મૂર્તિની શોભા એટલી અદ્‌ભુત થઈ હતી કે તેનું કાંઈ વર્ણન કરી શકાતું નથી. ૩૮. સંતો અને હરિભક્તો બધા આવીને ત્યાં બેઠા. બધા દરબારો પણ આવીને ત્યાં બેસી ગયા અને વિશાળ સભા થઈ. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'એકાદશીનું અને શાસ્ત્રવચનનું ગૌરવ કહ્યું' એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર છઠ્ઠું : તરંગ - ૬૫

કાઠી દરબારોની રુચિ અને સત્સંગ તથા શ્રીહરિની રુચિ

તે સમયે બધા દરબારોએ હાથ જોડ્યા અને કહ્યું, 'હે હરિ ! અમે બરાબર વિચાર કરીને નક્કી કર્યું છે કે આપના આજ્ઞાવચનમાં રહેવું, તેમાં જ સુખ છે. ૧.

હે હરિ ! એકાદશી તો આપના વચનમાં રાતદિવસ વર્તે છે. તો આપને પ્રસન્ન કરવા માટે કોણ હરિભક્તો વિચાર ન કરે ? ૨. માટે હવે પછી અમે ક્યારેય એકાદશીને દિવસ ફલાહાર નહિ કરીએ. જ્યારે દુઃખી થઈએ ત્યારે તો અમારું જોર ચાલે નહિ.' એવું દરબારોએ કહ્યું. ૩. દરબારોની જેમ જ શ્રીહરિને રાજી કરવા માટે સાધુ, સંન્યાસી, વર્ણી, બીજા હરિભક્તો આબાલવૃદ્ધ સહુએ કહ્યું. ૪. સહુ કોઈને આજ્ઞાવચન પાળવાનું તાન છે. તે સાંભળીને ભગવાન શ્રીહરિ તત્કાળ પ્રસન્ન થયા. કાઠી દરબારોએ શ્રીહરિને કહ્યું, હે મહારાજ ! આપનું વચન તો અમારા પ્રાણોનો આધાર છે. ૫.

અમે આપનાં વચનથી બંધાઈને રહ્યા છીએ. તેમાં જ અમારી મોટપ વધી છે, છતાં ક્યારેક જાતિનો સ્વભાવ પ્રકટ થઈ આવે ત્યારે કાંઈક બોલાઈ જાય છે. ૬. અમારો આટલો અપરાધ આપ માફ કરજો. આપે હવે અમારી બાંય પકડી છે તેને ક્યારેય મૂકી દેશો નહિ. આપ મહાન છો અને આપના સદ્‌ગુણો પણ અપાર છે. અને અમારા અવગુણોનો કોઈ પાર નથી. ૭. અમે કાઠી તો વાનરજાતિ જેવા કહેવાઈએ. આપ મળ્યા છો એટલે અમે સુધરી ગયા છીએ. આપ અમારી ઘણી સંભાળ (બરદાસ) રાખો છો. ત્યારે તો અમે આપના દાસ થયા છીએ. ૮. અમારી જાતિ માનીઓમાં પણ વધારે માની છે. આપના સ્નેહને લીધે જ અમે આપને વશ થયા છીએ. આપે અમારા ગળામાં સ્નેહનો ગાળિયો (પાશ) નાખ્યો છે, તેથી આપની પાછળ પાછળ અમે દોરાઈએ છીએ. ૯. જો આપ તે સ્નેહનો પાશ કાઢી નાખો તો અમે પાછા હતા ત્યાંના ત્યાં જતા રહીએ. આપના આ સ્નેહ- હેતને અમે અમારું કલ્યાણ માન્યું છે. અને સ્નેહ ન રહે એ જ અકલ્યાણ છે.૧૦.

અમને માન આપીને આપ જે વચન કહો, તેને માટે તો અમે ટુક ટુક થઈ જઈએ. અને માન આપ્યાં વગર તો અમે મડદા જેવા થઈ જઈએ. આવો જ અમારી જાતિનો સ્વભાવ છે. ૧૧. જેટલું માન મળે તેટલો જ અમને ખપ રહે છે. જો માન ન મળે, તો અમને એટલો ખપ ન રહે. તેથી અમારે તો જેટલું માન મળે તેટલો જ સત્સંગ રહે. અમારી જાતિનું આવું સ્વાભાવિક

અંગ છે. ૧૨. વગર માને પણ સાચા ખપવાળા તો અમારી જાતિમાં એક જ છે. અમે બધા જે ખપવાળા દેખાઈએ છીએ તે પણ તેમને લીધે જ છે અને તેને આપ જાણો જ છો. ૧૩. વડલાના ઝાડમાં એક જીવ રહ્યો છે, તેને લીધે જ બધાં પાંદડાં અને ફળ વગેરે હર્યા ભર્યા શોભી રહ્યા હોય છે. જો તે ઝાડમાં એક જીવ જ ન હોય તો તે આખું ઝાડ સૂકાઈ જાય છે, તે રીત જ અમારામાં પણ છે. ૧૪. તેવા એક તો દરબાર માંચા ખાચર છે. બીજા મોટીબા (જીવુબા) અને રાજબાઈ પણ એવા છે. તેમની ટેકને આધારે જ અમારું આ કાઠીઓનું સત્સંગવન હર્યું ભર્યું અને પ્રફુલ્લિત દેખાય છે. ૧૫. જ્યાં સુધી એ ત્રણ છે ત્યાં સુધી તો અમારું કાઠીઓનું સત્સંગવન સારું લીલું રહેશે અને તેમના ગયા પછી જે લીલા રહે, તો તે ખરા ખપવાળા કહેવાય. ૧૬.

※ ખપની આવશ્યકતા :

चोपाई :

खप बिन सत्संग करहि जेहा, कुंन त्यागी कुंन ग्रहस्थ हि तेहा;
जीतनो खप तितनो सो टकही, खप गये तरत सटकही...१७

દિલમાં ખપ (મોક્ષની ગરજ) વિનાનો જે સત્સંગ કરે છે તે ત્યાગી હોય તોય શું ? અને ગૃહસ્થ હોય તોયે શું ? કાંઈ વિશ્વાસ કરી શકાય નહિ. જેટલો ખપ હોય તેટલો સત્સંગ ટકે છે, અને જો ખપ ન રહે તો સત્સંગ ટકે નહિ. ૧૭. દિનપ્રતિદિન ખપ વધારે એવો કોઈ ઈલમી મળે તો સત્સંગ ટકી જાય. અને જો કોઈ ખપ વધારનારો ઈલમી ન મળે તો માણસ વણસી (વંઠી) જાય. માટે માણસને તેવો ઈલમી મળે તો જ સત્સંગ રહે છે.૧૮.

સત્સંગ કર્યા પછી, જો અવગુણ અભાવ જ લે. તો તેમાં એકેય ગુણ રહે નહિ. જે મનુષ્ય પોતાના મુખથી 'સ્વામિનારાયણ' આવું ન બોલે તેને તો કાળનેમિ અસુર જેવો જાણવો. ૧૯. જે મનુષ્ય 'સ્વામિનારાયણ' નામ બોલે છે, તેને જ કંઠે પ્રાણવાળો અર્થાત્ જીવતો જાણવો. જે 'સ્વામિનારાયણ' આવું નામ બોલે નહિ, તેને તો કાષ્ઠમાં બાળવો પણ નહિ, કેમજે તેવાનો અગ્નિ સંસ્કાર કરવામાં આવે તોપણ ઘણું પાપ લાગે છે. ૨૦.

✵ કટુવચન ન બોલવું :

चोपाई :

जल अन्न ताकु टोवत रेना, कटुक बेन दुखी कु न केना;
कटुक बेन दुखी कुं केवे, ताके पाप सब सो लेवे...२१
एसे हे सत्संग की रीति, भावे तेसी करो अनीति;
नियम धर्म कोटि रखो वर्षा, ता पर हरि कुं रहत अमर्षा...२२
कथा भजन करो दिन राति, हरि कुं जोई न ठरत छाति;
यह लोक तेहि कीर्ति अपारा, पूज्य करी के मान हि सारा...२३

તેવાને તો અન્ન જળ આપીને ટોતા (સાચવતા) રહેવું. કેમજે દુઃખી માણસને કડવું વેણ કહેવાય નહિ. જે મનુષ્ય કોઈ દુઃખિયાને કડવું વેણ સંભળાવે છે તો તે દુઃખી મનુષ્યનાં બધાં જ પાપ કડવું વેણ બોલનારાને લાગે છે. ૨૧. આપણાં સત્સંગની તો એવી રીત છે કે કરોડો વરસ સુધી ધર્મ-નિયમ પાળે, પણ મનમાં ફાવે તેવા કટુવચન બોલી અનીતિ કરે તો શ્રીહરિને તેના પ્રત્યે અમર્ષ-રીસ ચડે છે. ૨૨. કદાચ કોઈ રાત દિવસ કથા કરે, ભજન-કીર્તન કરે એમ કરવાથી આ દુનિયામાં તેની અપાર કીર્તિ વધે, લોકો સારી રીતે પૂજ્ય ગણીને તેને માને-પૂજે, પણ જો તે કોઈને કડવું વેણ કહી દુઃખવતો હોય તો તેને જોઈને શ્રીહરિની છાતી ઠરતી નથી, શ્રીહરિ રાજી થાતા નથી. ૨૩.

અને જે અનાથ-નિરાધાર હોય તેવા ગરીબને દૂભવનારા છે તે તો શરીરમાં રોગ આદિથી અપાર દુઃખી થાય છે. કારણકે શ્રીહરિ કહે છે કે ‘જો કોઈ ગરીબને મારાથી દુભાવાઈ જાય તો તેટલું મને પણ દુઃખ થાય છે. ૨૪. મારી તો રીત જ એવી છે બીજું બધું તો મનમાં રુચે તેમ કરો. પણ જે જેટલો બીજાને દુઃખવે છે તેના માથે તેટલો દંડ રહ્યો છે. મારી જેવો તો બીજો કોણ છે ? મારે પણ શાપથી જન્મ લેવો પડ્યો. અને દુર્વાસાના શાપનું મૂળ રહસ્ય તો ઋષિનું અપમાન થયું એ જ હતું. ઋષિના શાપને લીધે સૌને દુઃખ ભોગવવું પડ્યું.૨૫-૨૬.

નાનામાં નાની ભૂલ હોય અને મોટામાં મોટી ભૂલ હોય પરંતુ વિચાર્યા વિના કોઈક દિવસ તે બંને સમતુલ થઈ જાય છે. ૨૭. જેનો દેહ પરવશ થયો હોય તે કોટી કટુવચન કહે છતાં તેને ગરીબ સમજવો. કેમ જે, ભાન વિનાનો અને ગાંડો હોય તેને કોઈ સહાયમાં હોતું નથી.૨૮ જે કટુવચનને સહન કરીને ચાલે છે એવા ભગવાનના ભક્ત તથા અત્યંત બાળક હોય અને અત્યંત વૃદ્ધ હોય તેને અત્યંત ગરીબ જાણવા. ૨૯. ધર્મવાળી જે સ્ત્રી હોય તેને પણ અત્યંત ગરીબ સમજવી. અને રાજા, ધર્મગુરુ અને ધનાઢ્ય ગૃહસ્થ એટલા સમાજમાં બળવાન ગણાય છે. ૩૦. તે બધાએ હંમેશા ભૂમિ, સમુદ્ર અને મેઘનાં જેવું વર્તન રાખવું જોઈએ. ત્યારે જ તેમની યશ-કીર્તિ અતિશય વધે છે અને આ દુનિયામાં તેમને અપયશ મળતો નથી. ૩૧. રાજા, ગુરુ અને ધનવાન હોય તેમનામાં ભૂમિની ક્ષમા, સમુદ્રની વિશાળતા અને મેઘનો પરોપકાર એ ત્રણ શુભ ગુણ ન હોય તો તેને મડદા જેવો સમજવો. અથવા તો સિંહ, વાઘ અને સાપ જેવા સમજવા કેમજે એ ત્રણ જ્યાં જાય ત્યાંથી લોકો ભાગવા માંડે છે. ૩૨. કેમ જે, એ ત્રણેય કરુણારહિત છે. કરુણારહિત તો વજ્ર જેવા કઠોર કહેવાય. અમે ઘણો વિચાર કર્યો છે કે રાજા, ગુરુ અને ધનાઢ્ય એ ત્રણેય કરૂણા વિના શોભતા નથી. ૩૩.

અમારા જે જે વિચારો હોય છે તે બધાં લોકોનું હિત કરનારા હોય છે. કોઈપણ મનુષ્ય તે વિચારોને અપનાવે તો તેનો સંસારથી ઉદ્ધાર થઈ જાય છે. ૩૪. ક્યારેય કોઈનું પણ ભૂંડું-અહિત ઈચ્છવું નહિ, એવો અમારો સ્વભાવ છે તેને બધા જાણી શકતા નથી. માટે જે અમારા સ્વભાવને ન જાણતા હોય તો તેને ભય લાગે છે. અને તેવાને અમે હેતથી બોલાવીએ તોપણ તે પાસે આવે નહિ.' ૩૫.

શ્રીહરિએ આટલી વાત કહી. પછી સંતોને કહેવા લાગ્યા. 'આજ અમે ફલાહાર મગાવીએ છીએ. એટલે તમારે કોઈએ 'ના' કહેવી નહિ. ૩૬. એકાદશી તો કરોડો આવશે પણ આવો અવસર નહિ આવે. આ જેતપુર ગામ અમારું ગાદીનું સ્થાન છે. એ વાતને અમે ભૂલી ગયા. અમે કાયમના શાસ્ત્રનાં વ્યસની છીએ, અમને શાસ્ત્રનું જ તાન રહે છે. (તેથી અમે એકાદશીની વાત

શાસ્ત્ર પ્રમાણે કરી.) અને ઘણો સારો મોટો અવસર આવ્યો છે તેને અમે ભૂલી ગયા. ભલે તે ભુલાઈ ગયું હોય, છતાં અહીં ગાદી સ્થાન હોવાથી કાંઈ વિશેષ કરવું છે. ૩૮. અમારા તાનમાં તરત જ તમારે તાન મેળવી દેવું. અમે અનેક સ્થાનોમાં ફરીએ છીએ એથી અમારે તો જેવું સ્થાન હોય તેવું તાન રહે છે. ૩૯. ક્યારેક કાંઈક જોઈને અમે ઉદાસ થઈ જઈએ છીએ અને એમ વિચાર થઈ જાય છે કે અહીંથી કોઈક દિવસ એકલા જ ચાલ્યા જઈએ. ૪૦. એટલા માટે હું તમને સહુને કહી રાખું છું કે ક્યારેક જો એવું કાંઈ થાય, તો તમે મને તરત જ જોરથી પકડીને રોકી રાખજો. કદાચ હું કાંઈ અપશબ્દ બોલી નાખું તોય તમારે લગાર પણ ડરવું નહિ. ૪૧. એમ કરવાથી તમને કોઈ દિવસ દોષ (પાપ) નહિ લાગે. અમારાં હૃદયમાં તે રોષ (ક્રોધ) ક્ષણિક જ હોય છે, એક પળવાર પછી અમને કાંઈ હોતું નથી. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'કાઠી દરબારોની રુચિ, તેમનો સત્સંગ અને શ્રીહરિની રુચિની વાત કહી.' એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર છઠ્ઠું : તરંગ - ૬૬

જેતપુરમાં ફરાળ કર્યું પછી સોરઠમાં વિચરણ કરવા માણાવદર આવ્યા.

શ્રીહરિની આજ્ઞા થતાની સાથે જ મયારામ ભટ્ટ પચાસ મણ જેટલી બરફી અને પેંડા લઈ આવ્યા. ૧. તેમાં વર્ણીએ પહેલા શ્રીહરિને ફરાળ કરાવ્યું અને તે પછી સંતો, દરબારો અને પાર્ષદો વગેરેને ફરાળ કરવા માટે બેસાડ્યા. ૨. શ્રીહરિ પીરસવા આવ્યા. પંક્તિમાં પ્રથમ બરફી ફેરવી. જેને જેટલી જોઈએ તેને તેટલી આપી. ૩. તે પછી પેંડા પીરસ્યા અને ત્યારબાદ પાકાં કેળાં આપ્યાં. જ્યાં સુધી બધા 'ના' 'ના' એમ કહેવા લાગ્યા ત્યાં સુધી પીરસ્યું. ૪. તે સમયે દરબાર દહીં અને દૂધ પુષ્કળ પ્રમાણમાં લાવ્યા. તે બધામાં સાકર ભેળવી. પછી શ્રીહરિએ તે પંગતમાં પીરસ્યું. ૫.

સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે બીજા બધા હરિભક્તોને જમવા બેસાડ્યા. તેમાં પણ જેને જેટલું જોઈએ તેટલું ફરાળ તેમને આપ્યું. ૬. તે સમયે પર્વતભાઈ બોલ્યા, 'આવી એકાદશી તો ક્યારેય દેખી નથી. પહેલા ભારે બીક લગાડી દીધી અને પછીથી અમને સહુને તેમાં સહાયતા કરી.' ૭. ભગવાનનાં વચન તો અતિ સુખદાયક હોય છે, પણ તે પાળવામાં પ્રથમ ધીરજ રહેતી નથી. અને જે પ્રથમથી જ ધીરજ રાખે તો પછીથી ભગવાન જરૂર સહાય કરે જ છે. ૮. ભગવાન પહેલા ભક્તના ભાવને જુએ છે અને પછી દયા કરીને લાભ આપે છે. ભગવાને અનેક અવતારો લીધા છે, પણ તેમની સદા આવી જ રીત હોય છે. ૯. આખો દિવસ શ્રીહરિ ગામ બહાર રહ્યા. દર્શનનો લાભ ઘણો આપ્યો. મશાલનું અંજવાળુ જ્યાં સુધી રહ્યું ત્યાં સુધી સંતોની પાસે કીર્તન ગાન કરાવ્યું. ૧૦.

આખો દિવસ હરિભક્તો ફૂલોના હાર લાવી લાવીને શ્રીહરિ અને સંતોની પૂજા કરતા રહ્યા. તેમજ ઘણા મેવા અને ફળ લાવીને શ્રીહરિને ભેટ મૂકતા હતા. ૧૧. ભક્તો પોશ ભરી ભરીને ધન આપતા હતા, પણ શ્રીહરિ તેને પોતાના હાથમાં લેતા નહિ. શ્રીહરિનાં ચરણોમાં જ્યારે ભેટ મૂકતા ત્યારે જે સેવક હોય, તે તેને ઉપાડી લેતા હતા. ૧૨. જ્યારે સમૈયાનો દિવસ આવે ત્યારે અનંત ભક્તો આવતા. તેથી એક પહોર (૩ કલાક) જેટલા સમયમાં હજારેક જેટલું ધન ભેટમાં આવતું હતું. તે અનુમાનથી હું લખું છું. ૧૩. જેવા હરિભક્ત આવે તેવી શ્રીહરિને ભેટ ધરતા. તે ધન શ્રીહરિનાં ખર્ચમાં રાતદિવસ વપરાતું રહેતું. ૧૪.

જેટલી આવક થાતી તેટલો જ શ્રીહરિ ખર્ચ કરી નાખતા. ક્યારેય ધનને ભેળું (સંચય) ન કરાવતા. આ બધું શ્રીહરિની હયાતી સુધી હતું. ૧૫. શ્રીહરિએ કેટલીએ ચોરાશી કરાવી અને બ્રહ્મભોજન પણ ઘણાં કરાવ્યાં. બ્રાહ્મણોને કન્યાદાન કરાવ્યાં. તેનો તો કોઈ પાર જ ન હતો. ૧૬. કેટલાએ બ્રાહ્મણ બટુઓને જનોઈ અપાવી અને વારવાંર યજ્ઞ કરાવ્યા. લાખ લાખ મણ જેટલું ઘી મગાવીને ઠેકઠેકાણે વિપ્રોને જમાડ્યા. ૧૭. શિખરબંધ મંદિરો કરાવ્યા. તેનો ખર્ચ લખ્યામાં પણ આવતો નથી. કોઈની પાસે એક રૂપિયા જેટલું ધન પણ

રાખી મુકાવતા નહિ. તેમજ કોઈની પાસે ધન માગતા પણ નહિ. ૧૮. જેટલા બિનસત્સંગી મોટા રાજાઓ હતા કે મોટા શાહુકારો હતા. તેમણે શ્રીહરિને ક્યારેય એક પાઈ (૧૯૨ પાઈ = ૧ રૂપિયો) પણ આપી ન હતી. સત્સંગીની પાસે જેવી સંપત્તિ હતી તેવી જ તેના હૃદયમાં શ્રદ્ધા રહેતી હતી. માટે તે સત્સંગીઓની સેવાના પ્રતાપે મંદિરમાં અનાજ અમાપ રહેતું હતું. તે પ્રમાણે જ વસ્ત્રો અને વાહન વગેરે પણ સદા અખૂટ ભર્યાં રહેતાં હતાં. ૧૯-૨૦.

એક પહોર (૩ કલાક) રાત ગઈ ત્યાં સુધી શ્રીહરિ જેતપુર ગામની બહાર જ રહ્યા. તે પછી શહેરમાં જ્યાં દરબારગઢ હતો ત્યાં ઉતારે આવ્યા. ૨૧. જ્યારે આસો સુદિ બારશનો દિવસ આવ્યો ત્યારે શ્રીહરિ ભાદર નદીમાં નાહ્યા. અને પછી પુરના જેટલા વિપ્રો હતા તેમને સહુને બોલાવીને ચોરાશી કરાવીને તેમને જમાડ્યા. ૨૨. સહુને સારી રીતે દાન-દક્ષિણાઓ આપી. પછી પરમ પ્રવીણ શ્રીહરિ જેતપુરથી ચાલતા થયા. દેશ પ્રદેશમાંથી જે હરિભક્તો આવ્યા હતા તે સહુ પોતપોતાને ગામ ગયા. ૨૩. દસ વીસ કાઠી દરબાર હરિભક્તો શ્રીહરિની સાથે રહ્યા. 'મોટીબા' આદિ બાઈઓ પણ તૈયાર થઈને ચાલવા લાગ્યા. ૨૪. સોરઠના સત્સંગમાં પ્રબળ આધારરૂપ ગણાતા પર્વતભાઈએ શ્રીહરિ પાસે આવીને કહ્યું, "સોરઠ પ્રદેશની બધી સત્સંગી બાઈઓ મોટીબા(જીવુબા)નાં દર્શનને અને સત્સંગને ખૂબ જ ચાહે છે.' ૨૫.

માટે મોટીબા સોરઠ પ્રદેશના સત્સંગમાં જ્યાં સુધી ફરશે ત્યાં સુધીનો તેમનો બધો જ ખર્ચ હું આપીશ. ૨૬. મોટીબાની સાથે બીજી જે બાઈઓ રહે છે તેમનો જે નિત્યનો ખર્ચ થાય છે તેને દરબાર દાદાખાચર આપે છે. ૨૭. તેમાં દરબાર દેહા ખાચર છે તે દાદા ખાચરને થતાં ખર્ચમાં એકાંતર દિવસે ખર્ચ આપે છે. આમ તે બંને દરબારો વારાફરતી ખર્ચ કરે છે." ૨૮. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'હવે તે બધી વ્યવસ્થા તમે જાણો. અમે તે ભાર અમારા ઉપર રાખતા નથી. ભલે, બધી બાઈઓ બહુ સત્સંગ કરે.' ૨૯.

જેતપુરના દરબારને શ્રીહરિને રોકવાનો ઘણો જ ભાવ હતો પણ શ્રીહરિ તો તૈયાર થઈને ચાલતા થયા. દરબાર પાછળથી બધી સવારી લઈને ગયા અને શ્રીહરિને હાથી ઉપર બેસાડ્યા. ૩૦. સુખપાલ, મ્યાના અને રથ જેટલા

હતા તેમાં બધા સંતોને બેસાડ્યા. દરબાર દાદા ખાચર અને દેહા ખાચર એ બંનેને પણ એક હાથી ઉપર બેસાડ્યા. ૩૧. શ્રીહરિને ચામર કરવા માટે દરબાર ઝીણાભાઈ પ્રેમથી તેમની પાછળ બેઠા. તેમની ચામર કરવાની ચતુરતાને જોઈને પુરજનો પ્રશંસા કરતા હતા. ૩૨. તે સમયે વાજિંત્ર ઘણાં જ વાગતાં હતાં. ચોપદાર નેકી પોકારતા હતા. બજારમાં લોકો સમાય નહિ એટલા બધા દર્શન કરવા માટે ઊભા હતા. ૩૩. શ્રીહરિ જ્યારે બજારે ચાલ્યા આવતા હતા ત્યારે તેમના ઉપર અપાર ફૂલોની વૃષ્ટિ થતી હતી. હરિભક્તો ગુલાલ ઉડાડતા હતા. સવારી બધી રંગથી રંગાઈ ગઈ હતી. ૩૪. ડંકા અને નિશાન આગળના ભાગમાં શોભતાં હતાં. શ્રીહરિનાં દર્શન કરીને સહુનાં મન મૂર્તિમાં લોભાઈ જતાં હતાં. શ્રીહરિ પુરના ઉત્તર દરવાજેથી બહાર નીકળ્યા. બંદૂકોના અપાર અવાજ થાતા હતા. ૩૫.

ગોંડલના દરબાર હઠીભાઈ પણ જવા તૈયાર થયા. તેમની બધી સવારી પણ તૈયાર થઈ. તેઓ પ્રથમ આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા અને પછી જઈને પોતાના હાથી ઉપર બેઠા. ૩૬. અરધા કોશ સુધી સહુ વળાવા આવ્યા. પછી શ્રીહરિ હાથીએથી નીચે ઊતર્યા અને પોતાના અશ્વ ઉપર બેઠા. શ્રીહરિની મૂર્તિ સોનેરી વસ્ત્રો અને આભૂષણોથી ભરપૂર હતી. ૩૭. પછી શ્રીહરિ ફરેણી ગામ તરફ જતા માર્ગે ચાલ્યા. ત્યારે સવારી બધી પાછી વળી અને શ્રીહરિ પોતાના સમાજની સાથે આગળ ચાલ્યા. ૩૮. શ્રીહરિ **ફરેણી**માં એક રાત રહ્યા અને સહુ હરિભક્તોને આનંદ આપ્યો. પછી ત્યાંથી **ધોરાજી** આવ્યા. ભક્તોએ શ્રીહરિનું સામૈયું કર્યું. ૩૯. ધોરાજીમાં જમ્યા પછી શ્રીહરિ **ભાડેર** ગામ આવ્યા. ત્યાં બે દિવસ રહ્યા, તેથી હરિભક્તો અત્યંત રાજી થયા. ત્યાંથી શ્રીહરિ **મેઘપુર** આવ્યા અને ત્યાંથી પછી **માણાવદર** ગામ આવ્યા. શ્રીહરિએ માણેકઠારી-શરદપૂનમ ત્યાં કરી. ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠપૂરમાં 'શ્રીહરિએ જેતપુરમાં ફરાળ કર્યું અને કરાવ્યું. પછી સોરઠમાં વિચરણ કરવા માણાવદર પધાર્યા' એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર છઠ્ઠું : તરંગ - ૬૭

શ્રીહરિ પંચાળાથી લોજ થઈને માંગરોળ પધાર્યા

પછી શ્રીહરિ માણાવદરથી **પંચાળા** પુરમાં આવ્યા. દરબાર ઝીણાભાઈએ શ્રીહરિને પોતાને ભવન ખૂબ જ સન્માન કરીને પધરાવ્યા. ૧. ઝીણાભાઈને શ્રીહરિ સાથે કોઈ અંતરાય ન હતો. તેમણે પોતાનું બધું જ શ્રીહરિને સમર્પણ કર્યું હતું. દરબાર ઝીણાભાઈ શ્રીહરિ માટે ઘણો જ ખર્ચ કરતા અને સદાય આનંદમાં જ રહેતા હતા. ૨. ઝીણાભાઈ શ્રીહરિની સાથે જે કાઠી દરબારો હતા તેમને ખાવા પીવાની જેવી રુચિ હોય તે પ્રમાણે સવારે અને સાંજે આવીને પૂછતા અને તેઓ રાજી રહે તેમ કરતા. ૩. દરબાર ઝીણાભાઈની ભાવનાને અનુસારે રોજ વર્ણી રસોઈ બનાવતા અને શ્રીહરિ થાળ જમતા. આમ તેમને ઘણો જ લાભ આપ્યો. ૪.

શ્રીહરિ પંચાળામાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ રોજ પંગતમાં સંતોને પીરસીને જમાડતા હતા. દરબાર ઝીણાભાઈની જેમ જ તેમના ભાઈને પણ શ્રીહરિ પ્રત્યે ઘણો સ્નેહભાવ હતો. ૫. તેમનું નામ ગગાભાઈ હતું. ઘનશ્યામ શ્રીહરિ રોજ તેમને પ્રેમથી બોલાવતા હતા. તેઓ ઝીણાભાઈથી નાના હતા. તેમણે શ્રીહરિને ખૂબ જ રાજી કર્યા હતા. ૬. તેમના બહેનનું નામ અદીબા હતું. ભગવાનને ભજવા માટે તેમણે ઘર-સંસાર છોડી દીધો હતો. સદાય મોટીબાની સાથે રહેતા અને ભગવાનનું ભજન કરીને શ્રીહરિને રાજી કરતા હતા. ૭. બંને ભાઈઓની પત્નીઓ પણ નિત્ય શ્રીહરિનું ભજન કરતી હતી. આખા પરિવારને સત્સંગ ઉપર જ એક તાન હતું અને શ્રીહરિને માટે તેમણે પોતાનું તન કુરબાન કરી દીધું હતું. ૮.

શ્રીહરિએ ઝીણાભાઈને અને તેમના પરિવારને મન માન્યું સુખ આપ્યું. પછી પંચાળાથી ચાલવાની તૈયારી કરી. અને પંચાળાથી નીકળીને શ્રીહરિ **લોજપુર** આવ્યા. લોજપુરના બધા લોકો દોડીને તેમની સન્મુખ આવ્યા. ૯. સુખકંદ શ્રીહરિ ધનતેરશને દિવસે લોજ આવ્યા હતા. શ્રીહરિને દેખીને તેમને ઘણો જ આનંદ થયો. સહુ દોડીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા.

મુખથી “જય જય” “જય જય” આવો શબ્દ ઉચ્ચારતા હતા. ૧૦. ઢોલ વગેરે જે વાજીંત્ર લાવ્યાં હતાં. તેને વગડાવતા બધા પ્રેમરસમાં ડૂબી ગયા. દરેક ભક્તો એકેક શ્રીફળ લાવ્યા હતા તેને શ્રીહરિની આગળ ધરતા હતા. ૧૧. જ્યાં પહેલેથી શ્રીહરિની જગ્યા હતી ત્યાં સુખદાયક શ્યામસુંદર ઊતર્યા. હરિભક્તો એક સોનેરી મોહક-નવરંગ પલંગ લઈ આવ્યા. ૧૨. તેના ઉપર મોટા ગાદી તકિયા બિછાવી દીધા. શ્રીહરિ તેના ઉપર બેઠા. શ્રીહરિનાં મુખ ઉપર આનંદ છવાયેલો હતો. ૧૩.

પહેલા શ્રીહરિ અહીંયાં લોજમાં આવીને રહ્યા હતા. ત્યાં ફરીથી ચાર વરસે આવ્યા. તે દિવસની રીત જુદી હતી અને આજની રીત તેનાથી જુદી જ હતી. ૧૪. આજે શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને લોકોને ઘણો આનંદ થયો હતો. લોકો બોલતા, “ ‘કર્મ મિટે નહિ ભભૂત લાગ્યા.’ ૧૫. મુક્તાનંદ સ્વામીની સાથે રોજ લોટ માગવા ત્રણ વરસ સુધી અમારે ઘેર ઉત્સાહથી આવતા હતા. તે શ્રીહરિ આવ્યા છે. ૧૬. પાછલી રાતે રોજ વહેલા ઊઠીને પોતે ગામની જેટલી ગાયો હતી તેનું છાણ બળપૂર્વક લઈ જતા હતા. ૧૭. બાઈઓ અમને કાંઈ વાત કહેતી ત્યારે અમે આપની સાથે લડતા-વઢતા તોપણ આપ દુઃખાતા નહિ પણ થોડું હસી કાઢતા અને ડરતા નહિ. ૧૮.

મુક્તમુનિ જે રોટલા ઘડતા તેને આપ શેકતા. મુક્તમુનિ રોજ વઢીને ના કહે છતાં આપ સેવા કર્યા સિવાય રહેતા નહિ. ૧૯. આપ સંતોની સાથે વાદ કરતા નહિ, ભલે કોઈ સેવા કરે કે ન કરે. કોઈક સંતો પરસ્પર વિખવાદ કરે તો તે આપને ગમતો નહિ. ૨૦. અહો.. સુખકારી શ્રીહરિ ! હવે તો આપની રીત કેવી છે ? આપ રાજાઓના પણ રાજા થયા છો.” આવું બોલીને લોજ ગામના લોકો અત્યંત ઉત્સાહથી સેવા કરવા લાગ્યા. ૨૧.

જે જે સામાન જોઈએ તે બધો લોજપુરવાસી લોકો લાવ્યા. તલ જેટલીએ ખામી ન રાખી. મનમાં ઘણો પ્રેમ રાખીને રસોઈ કરાવી. શ્રીહરિ પણ ખૂબ જ પ્રેમથી ત્યાં જમ્યા. ૨૨. સાથે જેટલા સંતો અને દરબારો હતા તે સહુને શ્રીહરિએ ઉમંગથી જમાડ્યા. બધા જ લોકોમાં બાળપણાંનું હેત ખૂબ જ દેખાતું હતું. ૨૩. ત્યાંના ભક્તો એક ક્ષણવાર પણ શ્રીહરિથી દૂર જાતા નહિ.

સેવા કરવા માટે સતત હાજર રહેતા હતા. બધા જ પુરવાસી જે હતા તે બધાના નામ શ્રીહરિ ભૂલ્યા ન હતા. ૨૪. પુરવાસી બાળક હોય કે વૃદ્ધ, શ્રીહરિ સહુનું નામ લઈને બોલાવતા. જો કે મુક્તાનંદસ્વામી લોજમાં બહુ રહ્યા હોવા છતાં તેમને તેટલાં નામ યાદ રહ્યાં ન હતાં. ૨૫. પછી લોજપુરના ભાવિક ભક્તોએ બીજે દિવસે ઘણા હેતથી શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરી અને અતિશય ભાવથી પૂજા કરી. ૨૬. શ્રીહરિનાં અંગો ઉપર કેસરયુક્ત ચંદનની અર્ચા કરી. ફૂલહાર પહેરાવ્યા. તોરા, બાજુબંધ અને ગુચ્છ ધરાવ્યા. ૨૭. બધા પુરવાસીઓ શ્રીહરિને ભક્તપ્રતિપાળ જાણીને સાકરના થાળ ભરી ભરીને ધરાવતા. અને વારેવારે કહેતાં કે, ‘હવે તમે ક્યારે મળશો ?’ ૨૮.

શ્રીહરિ આ પ્રમાણે લોજપુરવાસી ભક્તોના બધા ભાવને પૂર્ણ કરીને **માંગરોળ** શહેરની નજીક આવ્યા. ખબર સાંભળીને બધા હરિભક્તો દોડી આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને મનમાં આનંદિત થયા. ૨૯. સહુ દંડવત્ પ્રણામ કરીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. મનમાં ઘણો જ ઉત્સાહ થયો. બહુ પ્રકારના ફૂલહાર લાવ્યા અને હૃદયના પ્રેમથી તે ફૂલહાર શ્રીહરિને પહેરાવ્યા. ૩૦. જે જે ભક્તો શ્રીફળ લાવતા તેને શ્રીહરિની આગળ ધરાવતા. જે વિવિધ પ્રકારના વાજિંત્ર લાવ્યા હતા તે બધા ત્યારે વાગતાં હતાં. ૩૧. શ્રીહરિ સંધ્યા સમયે માંગરોળ પુરમાં આવ્યા. ત્યારે ઘણી જાતની મશાલો પ્રકટાવી હતી. ઘનશ્યામ શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. તે સ્વરૂપ શોભાનું ધામ બન્યું હતું. ૩૨. સુવર્ણમય થયેલી મૂર્તિ મનોહર હતી. કરોડો સૂર્યના જેવી કાંતિ સોહામણી લાગતી હતી. શ્રીહરિ જ્યારે શહેરના મુખ્ય રાજમાર્ગ ઉપર પહોંચ્યા ત્યારે અપાર પુરજનો દર્શન કરવા આવ્યા. ૩૩.

શ્રીહરિની છબીનાં દર્શન કરીને નગરની નારીઓ પોતાનાં ઘરકામને પણ ભૂલી ગઈ. ગામના લોકો ફૂલહાર લઈ લઈને ઘણા જ ઉત્સાહથી પહેરાવતા હતા. ૩૪. ત્યાંના ગોવર્ધન શેઠ ઘણા સારા સત્સંગી હતા. તેઓ પોતાના હૃદયમાં શ્રીહરિની મૂર્તિને અખંડ ધારી રહ્યા હતા. જ્યારથી તેમને શ્રીહરિની મૂર્તિનાં દર્શન થયા ત્યારથી તેમણે એક પલકવાર પણ મૂર્તિને દૃષ્ટિમાંથી દૂર જવા દીધી ન હતી. ૩૫. તેઓ માંગરોળના

મુખ્ય નગરશેઠ હતા. સહુ નગરજનો તેમને ચાહતા હતા. તેમના જેવા જ એક મૂલચંદભાઈ શેઠ હતા. તે બંનેનો પરિવાર પણ તેમના જેવો જ સત્સંગી થયો હતો. ૩૬. તે સિવાય માંગરોળમા આણંદજી સંઘેડિયા અને મેઘજી સુખડિયા એટલા મુખ્ય હરિભક્તો હતા. ૩૭. પુરમાં રહેનારા હરિભક્તોમાં ક્ષત્રિય પૂરબીયા ઠાકોર પણ હતા. તે પક્વ હરિભક્ત હતા. તે રાજાના મુખ્ય માણસ હતા. ૩૮. વિશાળ જગ્યા જોઈને તેમાં શ્રીહરિને ઉતારો કરાવ્યો. શ્રીહરિના સમાચાર સાંભળીને ત્યાંના નવાબ પણ તરત જ શ્રીહરિની પાસે આવ્યા. ૩૯. નવાબે બંને હાથ જોડીને કહ્યું, 'હે મહારાજ ! આપ ભલે પધાર્યા, અમને સહુને દર્શન દીધાં. આજનો દિવસ ધન્ય ભાગ્ય પૂર્ણ થયો છે. અમારા સહુના ધન્યભાગ્ય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠપૂરમાં 'શ્રીહરિ પંચાળાથી લોજ જઈને માંગરોળ પધાર્યા' એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥

પૂર છઠ્ઠું : તરંગ - ૬૮

નવાબ મળીને ગયા પછી કીર્તન ગવડાવીને શ્રીહરિ પોઢી ગયા

શ્રીહરિએ માંગરોળના નવાબને કહ્યું, 'તમારી ભાવના જાણીને અમે અહીંયાં ચાઈને આવ્યા છીએ. અમારે અહીં આવવાનું બીજું કોઈ પ્રયોજન ન હતું. ૧. અમારા હરિભક્તો તો જ્યાં અમે હોઈએ તે વાત સાંભળી ત્યાં તરત બધા આવતા જ હોય છે. તેમને અમારી પાસે આવવામાં કોઈ જાતની અડચણ હોતી નથી, પણ તમારી વાત તો તેમનાથી જુદી જ છે. ૨. આપણે ઘણી બાબતમાં વિજાતીય છીએ. તે બધી રીત તમે જાણો જ છો. અમે તમને બહુ ચાહીએ છીએ. કારણ કે જેનો જે ધર્મ હોય તેનું તમે હિત કરો છો. ૩.

મોટાપુરુષોએ જે વર્ણાશ્રમના ધર્મ-નિયમની રીત કરી છે તે ઘણું વિચાર કરીને કરી છે અને તે પ્રમાણે જ પ્રેમભાવ રાખવો. કારણ કે તે બધાં વચન પરમેશ્વરનાં જ છે. ૪. જીવાત્માની રીત આંતરિક છે એટલે તેને

આંતરિક રાખવી. દેહની રીત બહારના જગતની છે એટલે તેને જગતના વ્યવહારની સાથે મળતી રાખવી. તેમ રાખવામાં જ અપાર સુખ છે. તેમ રાખવામાં કોઈ દિવસ લગાર પણ દુ:ખ આવતું નથી. ૫.

મોટાપુરુષોએ બાંધેલી મર્યાદાને જેટલી લોપવામાં આવે છે તેટલું મનુષ્યને તત્કાળ દુ:ખ આવે છે. સુખ અને દુ:ખ એ બંને આપણા હાથમાં છે. કેમ જે, જેવું કરવામાં આવે તેવું ફળ મળે છે.' ૬. **મોટા પુરુષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે ત્યારે હમણાં તો કાંઈ વિધિ-નિષેધમાં વિશેષ જણાતું નથી, પણ અંતે મોટાપુરુષની આજ્ઞા પાળનારાનું કલ્યાણ થાય છે;** જેમ હૂંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ. (વ.ગ.મ.૬) શ્રીહરિની વાત સાંભળીને નવાબને ઘણી સુખ-શાંતિ થઈ. પછી નવાબ બોલ્યા, 'હે મહારાજ ! આપે ભલે આવીને અમને દર્શન દીધાં. ૭. અમારે લાયક જે સેવા હોય તે અમને તત્કાળ કહેજો. હૃદયમાં અતિ ભાવના હોય તોપણ કહ્યા સિવાય અમને ખબર પડે નહિ. ૮. જ્યારે આપ અમને કાંઈક સેવા કરવાનું કહો, ત્યારે અમારાં મનમાં અત્યંત આનંદ થાય છે. દિલની વાતને તો જે દિલદાર (પ્રિય, ગાઢમિત્ર) હોય તે જ જાણે. જે દિલદાર ન હોય તે કાંઈ ન જાણી શકે. ૯. અમારું દિલ આપના જેવા દિલદારને જોઈને નિરંતર આપનું રટણ કરતું રહે છે. ઉપરછલી વાત કહેવાથી શું થાય ? પણ આંખો સ્નેહની વાતને છુપાવી શકતી નથી. ૧૦.

દિલની અંદર જેવી ભાવના હોય તેવો તેના વેણમાં સુગંધ પ્રગટ થતો દેખાય છે. આ શરીર તો દુનિયાદારી(વ્યવહાર)નું છે. એવું મેં મારા મનમાં નિશ્ચિત કરી રાખ્યું છે. ૧૧. દેહનું ખરુ જીવન તો એક જીવ જ છે. તે યાદ રાખવું. ક્યારેય ભૂલવું નહિ. તેમાં જ બધો લાભ (નફો) રહ્યો છે. જો શ્રદ્ધા ન હોય તો તેને કોઈ સહાયી થાય નહીં. ૧૨. પણ મારે તમારે વિશે દૃઢ શ્રદ્ધા રહી છે. આપને દિલદાર જાણીને મેં એક આપની રટના લગાવી રાખી છે. ૧૩. હું દેહનો બધો વ્યવહાર તો દેહની રીતે જ તત્પર થઈને કરું છું. પરંતુ જીવનો વ્યવહાર જીવની રીતે ચલાવું છું. તેથી કોઈ બાધ આવતો નથી. ૧૪. દેહનો ધર્મ(વ્યવહાર) સત્ય છે માટે તેમાં વિચારીને ચાલવું જોઈએ. અને જે દેહવ્યવહારને અસત્ય કહેતા હોય તેણે તેનો અસત્ય જાણીને ત્યાગ કરવો જોઈએ. ૧૫.

મોટાપુરુષોએ જેની જે મર્યાદા હોય તે બાંધી હોય છે. પોતાની બુદ્ધિએ કરીને કોઈ દિવસ તે મોટાપુરુષોએ બાંધેલી મર્યાદાને લોપવી જોઈએ નહીં. ૧૬. જેટલી અનીતિ કહેવાય છે તે મોટાપુરુષોએ બાંધેલ કદ-મર્યાદામાં આવતી નથી. મોટાપુરુષોનું નામ લેતા જઈને અનીતિ કરતા હોય તેમને ખરેખર મોટાપુરુષોનું કાંઈ જ્ઞાન હોતું નથી. ૧૭. મોટાપુરુષોના હુન્નર(કળા-ચતુરાઈ)ને તો જે તેના જેવા મોટા હોય તે જ જાણી-સમજી શકે છે. તે સિવાય બીજા કોણ જાણે ? વાસ્તવમાં નીતિ છે તે સહુને માટે સુખદાયક છે. ૧૮. જેટલા મર્યાદાનો લોપ કરીને ચાલ્યા હતા તે મોટા કહેવાતા હતા તોપણ તેની ઘણી મોટી ફજેતી લખાયેલી છે. તેને આજ સુધીના બધા નરનારી પરસ્પર કહેતા ફરે છે.' ૧૯. આટલી વાત નવાબ જ્યારે કરી રહ્યા પછી તરત જ તે ઊભા થયા. ત્યારે ગુલાબજળની પ્રક્રિયાથી સુગંધી કરેલા પાનબીડાં શ્રીહરિએ તેમને આપ્યાં. ૨૦. જેના ઉપર સોનેરી વરખ ચઢાવ્યો હતો તેવા બરફીનાં થાળ ભરીને આપ્યાં. નવાબની સાથે જેટલા માણસો આવ્યા હતા તેમાં જે જેવા અધિકારી હતા તેના પ્રમાણમાં તેનો સત્કાર પણ કર્યો. શ્રીહરિ બધી રાજાઓની રીતને જાણતા હતા. જ્યારે નવાબ પોતાને મુકામે ગયા પછી શ્રીહરિએ સહુની આગળ વાત કહી કે, ૨૧-૨૨.

'અત્યારે આ માંગરોળ પુરમાં કેટલા હરિભક્તો રહ્યા ? અહીંયા તો અમે ઘણા જ ચમત્કાર બતાવ્યા છે. હવે અમે રીત જુદી જ કરી નાખી છે અને ચમત્કારોને છોડી દીધા છે. ૨૩. કેમ જે, ચમત્કારવાળી પદ્ધતિમાં થોડીબુદ્ધિવાળા લોકોનું ચિત્ત વિભ્રાંત થઈ જતું હતું. તે અલ્પમતિવાળા લોકો અલૌકિક રીતને સત્ય દેખે છે છતાં પ્રતીતિ રહેતી નથી. ૨૪. આ જીવને માયિક દેહના યોગે કરીને જે વાત ખરેખર સત્ય-અલૌકિક છે તે માયિક થઈ જાય છે. કેમ જે, જે અલૌકિક અને અપાર વાત હોય તે તુચ્છ મતિવાળા જીવમાં સમાતી નથી. ૨૫. ધારણા, ધ્યાન અને સમાધિ એ તો દેવોને પણ દુર્લભ છે. યોગનો અભ્યાસ કરવામાં આવે તોપણ તે પ્રાપ્ત થઈ શકતા નથી. ૨૬.

ઊંચી જાતના સુગંધી ચંદનને ઘસીને તેમાં કેસર મેળવવામાં આવે અને તેવા ચંદનનો લેપ ગધેડાને શરીરે કરવામાં આવે. અને ઘણાં જ પ્રેમથી

કપૂરના હાર લઈને તેને પહેરાવવામાં આવે. તેમ છતાં ગધેડો તેની જાતિનો ત્યાગ કરતો નથી. તે તો જ્યારે ભૂકવાનો અવાજ કરે ત્યારે ખ્યાલ આવે છે. ગધેડો કાંઈ પોતાના મોટાભાગ્ય ન માને કે, 'મારી જાતિને માટે આ કેસર, ચંદન કે કપૂર ક્યાંથી હોય ?' ૨૭-૨૮.

ઊંચી બુદ્ધિ-સમજણ વિનાના જેટલાં પ્રાણી છે તે બધાં આગળ કહ્યાં તે ગધેડાંના જેવા જ જાણી લેવા. ગમે તેટલી વિશાળ અને ઊંચી ઈમારત કરવામાં આવી હોય પણ તેનો જો સારો પાયો લીધો ન હોય તો તે તરત જ ઈમારતનો અવશ્ય વિનાશ થાય છે. એ રીતે પાત્રતા ન હોય એવાને સમાધિ વગેરે ચમત્કાર દેખાડીએ તેનાથી પણ તેનું સારું થતું નથી. અંતે તેને પ્રતીતિ રહેતી નથી. ૨૯. મોટાપુરુષમાં અપાર પ્રતાપ રહ્યો હોય છે. ભવ-બ્રહ્માદિક પણ તેનો પાર પામી શકતા નથી. એ જો ઇચ્છે તો અપાર પરચા આપી શકે તેમ હોય છે. પરંતુ તેમ છતાં આ જીવ એમનો પ્રતાપ દેખીને તરત ભૂલી જાય છે. કેમ જે, તૂટેલાં વાસણમાં પાણી રહે નહીં તેમ કુપાત્રમાં ચમત્કારની પણ અસર રહેતી નથી. ૩૦.

જે કોઈને સામર્થ્ય બતાવવું તે મોટાપુરુષોને માટે જરાય કઠણ નથી. લોકો એવું કહે છે કે, 'અમે જ્યારે પ્રતાપ જોઈએ ત્યારે અમને વાત મનાય.' પરંતુ તે બધી વાત અમને ખોટી જણાય છે. માટે હવે અમારે કોઈને પ્રતાપ દેખાડવો નથી. સમજણની વાતોએ કરીને જેટલો સમાસ થાય છે તેટલો પ્રતાપ દેખાડવાથી નથી થતો. માટે હવે સહુએ વાતો કરવાનો અભ્યાસ કરવો.૩૧-૩૨. આપણા સત્સંગમાં અત્યારે જે હરિભક્તો, સાધુઓ અને વર્ણીઓ જેટલા છે તે સહુએ ધારણા અને ધ્યાન સહેજે થાય તો કરવા. પણ હવે સમાધિની લાલચ રાખવી નહિ. ૩૩. કદાચ કોઈ દંભે કરીને સમાધિ કરશે તો તેને અમે તરત જ પારખી લેશું. ખેરના લાકડાંનાં અંગારાને શરીર ઉપર મૂકવામાં આવે, છતાં થોડીએ પીડા જેને ન જણાય. ૩૪. તેના ઉપર બે-ત્રણવાર અંગારા રાખવામાં આવે, ત્યારે જેનું એક રુંવાટું લગાર પણ ચોરાય નહિ ત્યારે અમે તેને સાચી સમાધિ કહીએ. તેના સિવાય તો બધી સમાધિ કાચી છે. ૩૫.

ધારણા અને ધ્યાન તો મૂર્તિનું ચિંતન કરવાથી પણ થાય છે, પણ તેને સમાધિ કહેવાય નહિ. તે ધ્યાન તો સહેજે જ થાય છે.' ૩૬. શ્રીહરિ આટલી વાત કરીને જમવા માટે ઊઠ્યા. પોતે જમી રહ્યા પછી પ્રેમથી સંતોને જમાડ્યા. ૩૭. પછી આવીને પલંગ ઉપર બેઠા અને સંતોને ગાન કરાવવા માટે પાસે બોલાવ્યા. તેમની પાસે ઘણા જ ઉત્સાહથી કીર્તન ગવડાવવા લાગ્યા. ૩૮. શ્રીહરિએ અધરાત થઈ ત્યાં સુધી કીર્તન ગવડાવ્યા. પછી પોતે પોઢી ગયા. બધા હરિભક્તો પોતપોતાને ઘેર ગયા. ૩૯. જે નિત્ય પ્રકટ સુખ આપે છે એવી શ્રીહરિની મૂર્તિમાં નિમગ્ન થઈ સહુ સંતો જીવમાં શ્રીહરિનું ચિંતવન કરતા કરતા પોઢી ગયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'માંગરોળમાં નવાબ મળીને ગયા. પછી કીર્તન ગવડાવીને શ્રીહરિ પોઢી ગયા.' એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥

પૂર છઠ્ઠું : તરંગ - ૬૯

શ્રીહરિએ સમુદ્રમાં સ્નાન કર્યું. સમુદ્રે પૂજા સ્તુતિ કરી અને ધામધૂમથી ઉતારે પધાર્યા

માંગરોળમાં દિવાળીનો દિવસ આવ્યો. સવાર થયું ત્યારે શ્રીહરિ રત્નાકર-સમુદ્રમાં સ્નાન કરવા માટે તત્કાળ ગયા. ૧. બીજા પ્રદેશોમાંથી સમગ્ર સંતો અને હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા હતા. તેનો કોઈ પાર આવતો ન હતો. ૨. રત્નાકર શ્રીહરિને દેખીને મનમાં ઘણો પ્રસન્ન થયો હતો. શ્રીહરિ પોતાને ભવન પધાર્યા તેથી તેણે પોતાના જન્મને સફળ ગણી લીધો. ૩. શ્રીહરિ સંતોને અને હરિભક્તોને સહુને સાથે લઈને ઘણીવાર સુધી સમુદ્રમાં નાહ્યા. સમુદ્રના મોજાં વારંવાર શ્રીહરિને નવડાવવા માટે આવતાં હતાં. ૪. શ્રીહરિ સ્નાન કરીને જળમાંથી બહાર નીકળ્યા. અંગ લૂછીને વસ્ત્ર પહેર્યા. તે સમયે વિપ્રના રૂપમાં સમુદ્ર આવ્યો. અને તે થાળમાં પૂજાપો ભરીને લાવ્યો હતો. ૫.

વિવેકી સમુદ્રે શ્રીહરિનાં લલાટમાં કેસરયુક્ત સુગંધીમાન ચંદનની અર્ચા કરી. તે પછી શ્રીહરિના ચરણો ઉપર પણ ચંદન ચરચ્યું. તેનાં મનમાં ઘણો જ આનંદ હતો. ૬. મોટા મોટા મોતીના હાર શ્રીહરિની છાતી ઉપર ધરાવ્યા. શ્રીહરિએ ઊજળાં અને અત્યંત સોહામણા જરિયાની વસ્ત્ર પહેર્યા હતા. ૭. મોતીના બાજુબંધ ભુજાઓ ઉપર બાંધ્યા અને મતવાલા કુંડળ કાનોમાં પહેરાવ્યા. પાઘમાં મોતીના તોરા ધાર્યા. જેનું ચિંતવન કરવાથી ચિત્ત પણ તેમાં ચોરાઈ જતું હતું. ૮.

☀ સમુદ્રની સ્તુતિ :

સમુદ્રે શ્રીહરિને હાથ જોડીને સ્તુતિ કરીને કહ્યું કે, 'હે પ્રભુ ! હું આજ કૃતાર્થ થયો છું. કોઈક દિવસ આપ મને પાવન કરો છો. હું ચિત્તમાં આપનું ચિંતવન ક્યારેય ભૂલતો નથી. ૯.

આપનાં સ્વરૂપનું ચિંતવન થાય, તેટલું જ હું સુખ માનું છું. આપના સિવાયનાં જેટલાં સુખ છે તે તો બધાં અતિશય ક્લેશ અને દુઃખોથી ભર્યાં છે. ૧૦. જેણે પુષ્કળ પાપ કર્યાં હોય તે લોકો દુઃખમાં પણ ઘણું સુખ માને છે અને જેનાં મનમાં લેશમાત્ર પણ પાપ નથી તે લોકો હંમેશા આપનાં સ્વરૂપમાં જ સુખ માને છે. ૧૧.

આપના જન્માદિ જે બધા ચરિત્રો છે તે બધાં અમૃતનો સાગર છે. આપ પ્રકટ થયા ત્યાંથી લઈને જ્યાં જ્યાં ફરીને જેટલાં ચરિત્ર કર્યાં. ૧૨. તે બધાનું ચિંતવન કરવું તથા મનમાં અનુક્રમ રાખીને દિવસ-માસ અને વરસ એ બધાનો વારંવાર વિચાર કરવો; ૧૩. (મારી સમજણ પ્રમાણે) એ જ સાચું જ્ઞાન છે, એ જ મહાન ધ્યાન છે અને સહુથી સારમાં સાર બાબત પણ એ જ છે. આપનાં તે ચરિત્રોનાં ચિંતવન સિવાયનું અન્ય જે ચિંતવન છે તેમાં તો દુઃખનો પાર જ નથી. ૧૪. આપનાં સંબંધ વિનાનો એક પળવાર પણ જે સમય વીતે છે તે જ મોટામાં મોટી અપાર હાનિ છે. આપના સંબંધનાં ફળનો જેને વિચાર નથી, તેને કાંઈ ગમ પડતી નથી. ૧૫.

यन्मुहूर्तं क्षणं वाऽपि, वासुदेवो न चिन्त्यते ।
सा हानिस्तन्महच्छीद्रं, सा भ्रांतिः सा च विक्रिया ।।

જેણે એક જ વાર સ્વાદપૂર્વક અમૃત ફળ ખાધું હોય તેને બીજા બધાં અપાર ફળ હોય તે ઝેર જેવા થઈ જાય છે. ૧૬. તેમ આપનાં સ્વરૂપનાં અમૃતમય સુખની તુલનામાં ભવ, બ્રહ્મા, અને ઈન્દ્ર આદિકના સુખ પણ મસાણિયા લાડવા જેવા લૂખાં લાગે છે. જે લોકો આપને મૂકીને બીજું ચિંતવે છે તે બધા તો યમરાજાના ચોર છે. ૧૭. જેટલી મોટી મોટી નદીઓ છે તે મારી સાથે આવી વાતો કરે છે. જ્યારે આપ મને સાક્ષાત મળ્યા છો તેથી જેવી વાતો મેં સાંભળી છે તેવી વાતો હું કહું છું.' ૧૮. આટલું કહીને સમુદ્ર શ્રીહરિના ચરણોમાં નમી પડ્યો. કંઠ ગદ્‌ગદ થઈ ગયો અને હૃદય આનંદથી ભરાઈ ગયું. આ રીતે સ્તુતિ કરી સમુદ્ર ગયો.

પછી શ્રીહરિની સાથે જે દરબારો હતા તે અશ્વને શણગારીને લઈ આવ્યા. ૧૯. સુવર્ણ અને મોતીના સાજથી તેને સજાવ્યો હતો. તે રીતે જ બધા દરબારો પણ વસ્ત્ર અલંકારોથી સુસજ્જ થયા હતા. આ બાજુ પુરના નવાબને પણ શ્રીહરિ ઉપર ઘણો જ ભક્તિભાવ હતો. તેથી તેણે પોતાની બધી સવારીને તૈયાર કરાવી દીધી. ૨૦. નવાબે જેટલા પોતાના હાથી, અશ્વ અને રથ હતા તેને સોનેરી સામાનથી શણગાર્યા હતા. એક હાથી ઉપર મોતી ભરેલી અંબાડી સજીને મૂકી હતી. ૨૧. ડંકા, નિશાન અને વાજીંત્ર જેટલાં હતાં તે બધાને ચોપદારોએ સહિત લઈને શ્રીહરિનાં સન્મુખ આવ્યા. નવાબે શ્રીહરિને ખૂબ ખૂબ વિનંતી કરી કે, ૨૨. 'આજ દિવાળીનો દિવસ છે. આપના આશ્રિત હરિભક્તો અપાર આવ્યા છે. તો આપ હાથી ઉપર બેસીને સહુને દર્શન આપો અને દુનિયાને કૃતાર્થ કરો. ૨૩. આપ તો કાયમને માટે કૃતકૃત્ય છો જ. એટલા માટે જ હું હેતથી આપને કહું છું.' ત્યારે દયાળુ શ્રીહરિ નવાબનાં વચન સાંભળીને તત્કાળ હાથી ઉપર બેઠા. ૨૪. સોનાના કળશવાળી અંબાડી હાથી ઉપર સોહામણી લાગતી હતી. તેથી તેમાં શોભાનિધિ ભગવાન શ્રીહરિ બેઠા. ૨૫.

ભાઈ રામદાસસ્વામી ઘણા ચતુર હતા અને સદ્‌ગુણોના તો તે જહાજ ગણાતા હતા. તેઓ શ્રીહરિને ચામર કરવા માટે શ્રીહરિના હાથી ઉપર પાછળ બેઠા. ૨૬. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને

ચૈતન્યાનંદસ્વામી એ ચાર સદ્‌ગુરુઓ એક હાથી ઉપર બેઠા હતા. ૨૭. સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, આનંદાનંદસ્વામી અને સુખાનંદ સ્વામી એ બધા બીજા એક હાથી ઉપર બેઠા હતા. ૨૮. તેમજ એક હાથી ઉપર સંતદાસસ્વામી, આત્માનંદસ્વામી, સ્વયંપ્રકાશનંદસ્વામી અને પરમચૈતન્યાનંદસ્વામી બેઠા હતા. ૨૯. દરબાર દાદા ખાચરને અને દેહા ખાચરને નવાબે પોતાની પાસે હાથી ઉપર બેસાડ્યા હતા. તે સિવાયના બીજા સંતો, દરબારો અને વર્ણી વગેરેને જુદા જુદા રથોમાં બેસાડ્યા હતા. ૩૦. હાથીના એક બચ્ચાને લાવીને તેના ઉપર સદાનંદ મુનિને બેસાડ્યા. અને ગોવિંદાનંદસ્વામીને સુખપાલમાં બેસાડ્યા. ૩૧.

જેટલા છડીદાર આવ્યા હતા તે બધા શ્રીહરિની આગળ છડી પોકારતા હતા. નિશાન અને બધા વાજિંત્રો જે હતાં તે સવારીની આગળ ચાલતાં હતાં. ૩૨. ડંકા અને નોબત વાગવા લાગી. સંતો મળીને કીર્તન ગાવા લાગ્યા. જેટલી સત્સંગી બહેનો હતી તે શ્રીહરિની પાછળના ભાગમાં ચાલીને ધોળ રાગના કીર્તન ગાતી હતી. ૩૩. તે સવારીમાં કેળવાયેલા અપાર અશ્વો હતા. તે બધા નૃત્ય કરતાં કરતાં ચાલ્યા આવતા હતા. તે અશ્વો એકબીજાથી સરસ નૃત્ય કરતા હતા અને ચંચળતા ભર્યા ડગલાં ભરતાં હતાં. ૩૪. કેટલાક દરબારો અશ્વોને દોડાવીને તેની ચાલ બતાવતા હતા. તે જોઈને શ્રીહરિનો સ્નેહ-પ્રેમ પણ ત્યાં છવાઈ જતો હતો. પુરની બહાર અશ્વોને ખૂબ જ ખેલાવ્યા અને બંદૂકોના અવાજ પણ ઘણા કરાવ્યા. ૩૫.

પછી શ્રીહરિ પુરની અંદર પ્રવેશ્યા. સોનેરી સામાનથી બજારો શણગારી હતી. બજારમાં નરનારીઓ અપાર ભીડમાં ઊભા હતા. સહુએ અપાર સોનેરી શણગારો સજ્યા હતા. ૩૬. શ્રીહરિને વધાવવા માટે મોતીના થાળ ભરી ભરીને સ્ત્રીઓ ત્યાં ઊભી હતી. જ્યારે શ્રીહરિ પાસે આવતા હતા ત્યારે તે પ્રેમથી વધાવતી હતી. ૩૭. પુરજનો જેમ જેમ શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા હતા તેમ તેમ તે સહુને પ્રેમભાવ વધતો જતો હતો. આ રીતે માંગરોળના લોકોએ શ્રીહરિનો ઘણો જ લાભ લીધો. ૩૮. જ્યારે બપોર થવા આવ્યું ત્યારે શ્રીહરિ પોતાને મુકામે પહોંચ્યા. પછી હાથી ઉપરથી નીચે ઊતર્યા અને

સિંહાસન ઉપર બેઠા. ૩૯. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે ધર્મકુમાર શ્રીહરિ ઊઠ્યા. આવીને બાજોઠ ઉપર જમવા બેઠા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'સમુદ્રમાં સ્નાન કર્યું. સમુદ્રે પૂજા-સ્તુતિ કરી પછી ધામધૂમથી શ્રીહરિ ઉતારે પધાર્યા' એ નામે ઓગણસિત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર છઠ્ઠું : તરંગ - ૭૦

શ્રીહરિએ માંગરોળમાં દિવાળીને દિવસ બપોર પછી સભા કરી

માંગરોળના મૂળચંદભાઈ શેઠ હતા. તેમણે દિવાળીને દિવસ મનના ઘણા જ ઉત્સાહથી શ્રીહરિને અને સંતોને માટે અનંત પ્રકારની રસોઈ કરાવી હતી. ૧. શ્રીહરિ જમવા બેઠા. એટલે બરફી, પેંડા, દૂધપાક અને બિરંજ જમ્યા. વડાં અને જાતજાતના ભજિયાં પ્રસન્ન મનથી જમ્યા. ૨. વિવિધ પ્રકારના શાક, બહુભાતના રાયતાં અને એટલાં બધાં પકવાન તેમણે કરાવ્યાં હતાં કે તેનો ગણતા પાર આવતો ન હતો. ૩. તેમણે છપ્પન પ્રકારના ભોગ (ભોજન) અને છત્રીશ પ્રકારના વ્યંજન (શાકભાજી અને ફરસાણ વગેરે) કરાવ્યાં હતાં. શેઠે શ્રીહરિને ઘણા હેતથી જમાડીને અલૌકિક લાભ લીધો. ૪.

શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે દરબાર ઝીણાભાઈને પ્રેમથી બોલાવ્યા અને તે બધો થાળ તેમને આપ્યો. પછી શ્રીહરિએ હાથ અને મુખ ધોયાં. ૫. હાથ લૂછીને મુખવાસ લીધો. પછી ઉલ્લાસથી અમૃતનાં જેવાં વચન બોલ્યા કે, 'અહીં જેટલા સંતો, દરબારો અને પાર્ષદો છો તે બધા હવે પંગત કરો.' ૬. સંતોની પંગત બેસાડવા માટે વિવિધ સાધનોથી સુંદર મંડપ કર્યો હતો. કેળના સ્તંભ રોપાવીને કેળનો બગીચો બનાવી દીધો હતો. ૭. કેળના સ્તંભ ફળ સાથેના રોપાવ્યા હતા. અને જમીન લીંપાવીને રંગોળી પૂરી હતી. તેમાં અલગ અલગ ખંડ પાડ્યા હતા અને તેમાં ઘણા પ્રકારના વિવિધ ચિત્રો દોર્યાં હતાં. ૮. પ્રત્યેક ચોકડી ઉપર પાટલા ઢાળ્યા હતા. તેના ઉપર મતવાલા સંતો બેઠા. અગરબત્તીનો ધૂપ કરીને અજોડ શોભા કરી હતી. ૯.

ત્યાં એક સોનાનું સિંહાસન લાવ્યા. તેના ઉપર મખમલની ગાદી બિછાવી અને તેના ઉપર મખમલના તકિયા મૂક્યા હતા. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. ૧૦. મૂળચંદભાઈ શેઠ બધો જ પૂજાનો સામાન લાવ્યા હતા. સરસ ઘસેલું અને કેસર મેળવેલું ચંદન લઈને ઘણા જ પ્રેમથી તે શ્રીહરિનાં અંગો ઉપર ચરચ્યું. ૧૧.

❋ મૂર્તિ વર્ણન અને પૂજા :

વિવિધ પ્રકારના ફૂલના અપાર હાર લઈને શ્રીહરિને પહેરાવ્યા. ભુજાઓ ઉપર ફૂલોના બાજુબંધ બાંધ્યા અને રમણીય ફૂલના ગુચ્છ કાન ઉપર ધરાવ્યા. ૧૨. સુંદર રીતે બનાવેલી ફૂલની મોટી ટોપી શ્રીહરિને મસ્તકે ધરાવી. તે ટોપીને બંને કોરે તોરા લટકી રહ્યા હતા. તેથી રાજાધિરાજ શ્રીહરિ અતિ શોભતા હતા. ૧૩. ભાલમાં કુંકુમનો ચાંદલો કર્યો. પૂર્ણ ચંદ્ર જેવું મુખ હતું. જ્યારે ફૂલની પછેડી ઓઢાડી ત્યારે શ્રીહરિ મુખથી મરક મરક હસતા હતા. ૧૪. પછી અતિ પ્રેમથી કપૂરની આરતી પ્રકટાવી. જમણા ચરણથી લઈને પાંચવાર આરતી ઉતારી. ૧૫. કરમજી-ઘેરા લાલ રંગની જરિયાની ઘણી કિંમતી શાલ ઓઢાડી. મોતીના હાર લાવીને છાતી ઉપર પહેરાવ્યા. ૧૬. તે પછી ચરણોના ઉપર ચંદન ચરચ્યું. હરખભર્યા તે છાતી ઉપર લીધા અને મૂર્તિમાં મન એકાગ્ર કરી દીધું. પછી બંને હાથ જોડીને સ્તુતિ કરી કે, ૧૭. 'હે પ્રભુ ! મને પોતાનો દાસ જાણીને આ ચરણોની સમીપે નિવાસ આપજો.' આ પ્રમાણે મૂળચંદ શેઠ સ્તુતિ કરીને પછી પ્રેમથી સંતોની પૂજા કરવા લાગ્યા. ૧૮. કેસરયુક્ત ચંદન ચરચીને ફૂલોના હાર પહેરાવ્યા અને સહુને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. સંતો, વર્ણી અને સંન્યાસી જે હતા તે સહુની પૂજા કરી. ૧૯. પાર્ષદો અને દરબારોની પૂજા કરીને તેમણે અત્યંત અલૌકિક લાભ લીધો. જ્યારે બધાની પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ સૌને ભોજન પીરસવા લાગ્યા. ૨૦.

જ્યારે પંગતમાં બધું ભોજન પીરસાઈ ગયું ત્યારે શ્રીહરિએ જમવાની આજ્ઞા કરી. સંતો અને દરબારો બધા જમવા લાગ્યા. ત્યારે શ્રીહરિ ફરીને વગર માગ્યે પીરસવા લાગ્યા. ૨૧. જેને જેટલી જમવાની ઈચ્છા હોય તે પ્રમાણે

શ્રીહરિ પીરસતા. સહુ જમી રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા રહ્યા. ૨૨. બધા હરિભક્તો પંગતનાં અને પીરસનારા શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. દર્શન કરીને સહુ આનંદ પામ્યા. સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે પ્યારા શ્રીહરિએ તરત જ હાથ અને પગ ધોયા. ૨૩. પછી શ્રીહરિ આવીને પોતાના સિંહાસન ઉપર બેઠા. હરિભક્તો પણ હરખાતાં હરખાતાં પાસે આવીને બેઠા. બધા સંતો જમીને આવ્યા પછી બે ઘડી (૪૮ મિનિટ) સુધી શ્રીહરિની પાસે બેઠા. ૨૪. શ્રીહરિએ ઘડીભર વિરામ કર્યો ત્યારે સંતો સમુદ્ર કિનારે નાહવાને માટે ગયા કે જ્યાં શ્રીહરિ પ્રેમથી નાહ્યા હતા. ૨૫.

જ્યારે સંતો નાહીને આવ્યા ત્યારે શ્રીહરિએ સભા કરી. જ્યારે છ ઘડી (૨.૨૪ કલાક) દિવસ રહ્યો હતો ત્યારે સંતો બધા આવીને સભામાં બેઠા. ૨૬. પુરવાસી બધા અપાર લોકો આવીને બેઠા. બીજા હરિભક્તો આવીને આગળ બેઠા અને પુરપતિ નવાબ પણ સભામાં આવ્યા. ૨૭. નવાબે સંતો અને હરિભક્તોની સામે જોયું. પછી નવાબ બોલ્યા કે, ‘સ્વર્ગ, મર્ત્યલોક અને પાતાલ એ ત્રિલોકીમાં આવી સભા બીજે ક્યાંય નથી. ૨૮. હે મહારાજ ! આ બધા શ્રોત્ર, નેત્ર અને ચિત્તને એકાગ્ર કરીને આપની મૂર્તિ વિના બીજું કાંઈ જોતા-વિચારતા નથી. આવા સદ્‌ગુણ માનવોમાં કે દેવોમાં ન હોય. મેં એ બધું જોઈ લીધું છે. ૨૯. અરે, હું પણ જ્યારે આવીને અહીંયાં બેસું છું ત્યારે મારું દિલ કાંઈ ઓર જ થઈ જાય છે, શુદ્ધ થઈ જાય છે. ત્યારે દુનિયાદારીના જેટલાં સુખ છે તે બધાં મને આતશબાજીના ખેલ જેવાં લાગે છે. ૩૦. જેને ભગવાનની માયા કહેવાય છે તે આ સભામાં આવતી નથી. આ સભામાં જે માયાનો કાંઈ પ્રભાવ વ્યાપતો નથી તે બધાનું મૂળકારણ તો આપ વિરાજો છો તે જ છે. ૩૧. તેના સિવાય સભાનો આવો પ્રતાપ ન હોય. પરંતુ જેને માયારૂપી આવરણનો અંધાપો હોય તેને આ પ્રતાપ જણાતો નથી.’

ત્યારે શ્રીહરિ બોલ્યા કે, ‘જેનું દિલ સાફ હોય તેને એવો પ્રતાપ અનુભવાય છે. ૩૨. બીજા બધાને તે પ્રતાપ દેખાતો નથી. મન સ્વચ્છ હોય તો પ્રતાપ દેખાય અને પ્રયત્ન કર્યા વિના દિલ સાફ થાતું નથી. આવો વિચાર કરીને જ્યારે જુએ ત્યારે જણાય. ૩૩. અને જેને જેટલું જે કામ કરવું હોય તે

યોગ્ય ઉપાય કરે તો જ તે કામ સફળ થાય છે. ઉપાય (પ્રયત્ન) કર્યા વિના સફળતા મળતી નથી. આ મનુષ્ય દેહથી જેવું ધારવામાં આવે તેવું તરત જ સફળ થાય છે. ૩૪. પણ તેમાં અમુક બાબત તત્કાળ સિદ્ધ થાય છે અને અમુક તો કોઈક કાળે સિદ્ધ થાય છે. બધી બાબતની રીત એકસરખી હોતી નથી. આટલો વિવેક સમજી રાખવો જોઈએ. ૩૫. વિવેકથી કોઈ વાતને સમજવા પ્રયત્ન કરવામાં આવે ત્યારે તે વાત સમજ્યામાં આવે છે. વિવેક રાખ્યા વિના કોઈ કામ કરવામાં આવે તો તે કાર્યને બદલે બધું અકાર્ય થઈ જાય છે. ૩૬.

दोहा : मायिक विवेक ज्युं रखत हे, आन न देवत हानि;
तेसे रखे जब मोक्ष को, तब भव दुःख तरे प्रानि...३७

भव तरे होय संत जेही, ताको रखे विश्वास;
तेहि करे जेहि वारता, ताको करे अभ्यास...३८

મનુષ્યો જેમ માયામય જગતમાં બધો વિવેક રાખીને કોઈ જાતની હાનિ થવા દેતા નથી તેમ જ જો મોક્ષમાર્ગમાં વિવેક રાખવામાં આવે તો પ્રાણી સંસારનાં દુઃખોને તરી જાય છે. ૩૭. જે સંત સંસારના પારને પામી ચૂક્યા હોય, તેમનો વિશ્વાસ રાખવો જોઈએ. અને તે સંત જે વાત કરીને જ્ઞાન આપે તેનો અભ્યાસ કરવો જોઈએ. ૩૮.

सोरठा : करे बिन अभ्यास, जिय को मोक्ष न होत कबु;
पाप न होवे नाश, ताको उपाय सो करे बिन...३९

અભ્યાસ કર્યા સિવાય જીવનો ક્યારેય મોક્ષ થાતો નથી અને પાપોને નાશ કરવાનો ઉપાય કર્યા વિના પાપોનો નાશ થતો નથી.' ૩૯. શ્રીહરિએ આટલી વાત કરી અને પછી સંતોને કહ્યું, 'હવે કીર્તનગાન કરો. લોકો કીર્તન ગાનને ચાહે છે. ક્યારેય એકનું એક ભોજન કોઈને રુચતું નથી.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ માંગરોળમાં દિવાળીને દિવસે બપોર પછી સભા કરી' એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર છઠ્ઠું : તરંગ - ૭૧

માંગરોળમાં દીપોત્સવી પ્રસંગે સંતોએ શ્રીહરિની પૂજા કરી.

પછી સંતો શ્રીહરિની સન્મુખ વાજિંત્રો લઈને આવ્યા. ત્યારે બુદ્ધિમાન મુક્તાનંદસ્વામી ગાન કરવા લાગ્યા. અને બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને દેવાનંદસ્વામી એ બધા સંતો ગાનકળામાં એક-એકથી અધિક બુદ્ધિ માન હતા. ૧-૨. તે સમયે માંગરોળના હરિભક્તોએ બધાએ ભેળા થઈને દીપમાળા રચી. એ દીપમાળામાં અનંત પ્રકારની કારીગરી કરી હતી. ૩. તે દીપમાળાને સાતમાળ કર્યા હતા. દરેક બે થાંભલા વચ્ચે અતિશય વિશાળ કમાનો કરી હતી. અને યોગ્ય જગ્યાએ બિલોરી કાચના ઝાડ લટકાવ્યાં હતાં. ૪. બિલોરી કાચની વિવિધ પ્રકારની હાંડીઓ લટકાવી દીધી હતી, જેનો કોઈ પાર ન હતો. તેની અંદરના ભાગમાં વિવિધ પ્રકારના રંગ કર્યા હતા. તેની શોભા તો કહી શકાતી નથી. ૫.

દીપમાળાની વચ્ચે શ્રીહરિને માટે હિંડોળો બાંધ્યો હતો. તે દેખનારાના ચિત્તને ચોરી લેતો હતો. જ્યારે તેમાં બધી ચાતુરી-કારીગરી કરી રહ્યા ત્યારે શ્રીહરિને તે હિંડોળે બેસાડ્યા. ૬. પછી કપૂરની આરતી પ્રકટાવીને પ્રેમથી આરતી ઉતારી. તે પછી 'નારાયણ ધૂન' કરી. તેમાં શ્રીહરિનાં જેટલાં નામ હતાં તે બધાં લીધાં. ૭. તે પછી શ્રીહરિની સ્તુતિ કરી. તેમાં પ્રગટ શ્રીહરિએ દેખાડેલા પ્રતાપને વર્ણવ્યો. તેમજ શ્રીહરિએ જે જે અવતાર લીધા હતા તે તે અવતાર દ્વારા જે પ્રતાપ જણાવ્યો હતો તે પણ સ્તુતિમાં કહ્યો. ૮. તે પછી સહુ શ્રીહરિના ચરણોમાં પડ્યા અને "જય જય" "જય જય" શબ્દ ઉચ્ચાર્યા. સંતો અને હરિભક્તોએ પરસ્પર "જય સ્વામિનારાયણ" કહ્યા. ૯. "જય સ્વામિનારાયણ" આવું નામ બહેનો બહેનોમાં પરસ્પર કહેતા હતા (અને પુરુષો પુરુષોમાં પરસ્પર કહેતા.) પણ પુરુષો અને સ્ત્રીઓ સામ સામે "જય સ્વામિનારાયણ" આવો ઉચ્ચાર કરતા નહિ, આવો આ સત્સંગનો ધારો છે. ૧૦.

સ્ત્રીઓ સ્ત્રીઓના સમાજમાં ભેળી રહીને સહુ ભગવાનનાં ગીત-કીર્તન ગાય તેમાં કાંઈ બાધ નથી. અને પુરુષો પુરુષોના સમાજમાં ભેળા મળીને

કીર્તન ગાય તે રીતને ક્યારેય ભૂલી જવી નહિ. ૧૧. અને તેવી રીતે કથા-વાર્તા પણ પોતપોતાના સમુદાયમાં જ કરવી, આ રીત ક્યારેય ભૂલી જવી નહીં. સત્સંગની આ કાયમની પ્રથા છે તે સહુ હરિભક્તોએ હરખ સાથે પાળવી. ૧૨. સંતો જ્યારે પ્રણામ કરી રહ્યા ત્યારે ઝાંઝ અને મૃદંગ આદિ વાજિંત્ર લઈ ઉત્સવ કરવા લાગ્યા. તેનાથી બધે આનંદ છવાઈ ગયો. ૧૩. દિવાળીના દિવસે જે જે વિધિ કરવાના હોય છે તે બધા જ કર્યા. ત્યારે સાંજ પછીના બે પહોરના વિધિ બાકી રહ્યા. ૧૪.

જેટલા સંતો હતા તેઓ શ્રીહરિની પૂજા કરવા ચાહતા હતા એટલે તેમણે શ્રીહરિની પૂજા કરવા માટે કેસરયુક્ત ચંદન ઘસીને તૈયાર કર્યું હતું. ફૂલના હાર પણ લાવ્યા હતા. ૧૫. આનંદાનંદસ્વામી જે ભાવનગર ગયા હતા (પૂર-૫/૭૫માં) તેઓ આજ આવી ગયા હતા. એટલે તેઓ પોતાના બધાં સંતમંડળને લઈને પૂજા કરવા માટે પ્રથમ આવ્યા. ૧૬. કેસરયુક્ત ચંદન ઘસીને એક તપેલું ભર્યું હતું. તે શ્રીહરિની આગળ લાવીને મૂક્યું. પૂજા કરવા ચાહનારા સંતો પૂજાની આજ્ઞા થવાની રાહ જોતા હતા. ૧૭. શ્રીહરિએ પોતાના અંગો ઉપર ભારે માંહેલા જરિયાની વસ્ત્રો ધાર્યાં હતાં. ભાઈરામદાસ સ્વામીએ બધું જોઈને સહુ સંતોને કહ્યું કે, ૧૮. 'અત્યારે શરદઋતુ બેસી ગઈ છે. તેમાં વળી અત્યારે રાતનો સમય છે. માટે અત્યારે ભલે તમારે પૂજા કરવાનો ઉમંગ હોય પણ શ્રીહરિનાં અંગો ઉપર ચંદનનો લેપ કરવો તે ઠીક નહિ. ૧૯. તમારે સહુને સેવા કરવાની ચતુરાઈ ઘણી સારી છે પણ તેનાથી દુઃખ થાય તે વિચારીને દેખતા નથી. માટે આવતીકાલે અન્નકૂટનો દિવસ છે તેથી જ્યારે બપોરે સૂર્ય ચઢીને ઊંચે આવે. ૨૦. ત્યારે સહુ ચંદનથી પૂજા કરજો. હું તો આવી વાત કહું છું. અત્યારે તો કુંકુમનો ચાંદલો કરો અને બધા ફૂલહાર પહેરાવો. ૨૧. આવતીકાલે ફૂલહાર બીજા મળી રહેશે.

આપણે કાંઈ વિવેક વિચાર રાખવો જોઈએ. વિવેક વિચાર વિનાની સેવા-પૂજા તો તત્કાળ અપરાધરૂપ થઈ જાય છે. ૨૨. શ્રીહરિ તો પરમ દયાળુ છે. તેઓ આપણને કાંઈ જ નહિ કહે. કારણ કે, પરમ પવિત્ર તેઓ આપણ સહુને સુખ દેવાને માટે તો પ્રકટ થયા છે. ૨૩. સરવરિયા (સરયૂપારીણ)

પરિવારમાં અવતાર લીધો છે. તેઓ સમગ્ર વિપ્રોમાં અપાર શ્રેષ્ઠ કહેવાય છે. ઊંચા કુળના અને ઘણા પવિત્ર છે વિપ્રોના સમાજમાં આવા કોઈ નથી.' ૨૪.

ભાઈ રામદાસજીસ્વામીનાં વચન અમૃતના સમાન હતા. તેથી બુદ્ધિમાન સહુ સંતોએ તેમણે કહ્યું તે પ્રમાણે જ કર્યું. ૨૫. પછી સહુએ શ્રીહરિને કુંકુમનો ચાંદલો કરીને ફૂલહાર પહેરાવ્યા અને પોતાનું મસ્તક શ્રીહરિના ચરણોમાં વારંવાર ધરી દીધું. ૨૬. દિવાળીના પર્વનો દિવસ જાણીને સર્વ સંતોએ શ્રીહરિની પૂજા કરી અને સંતો સુખી થાય-રાજી થાય આવા આશયથી શ્રીહરિએ પૂજા કરવા દીધી. ૨૭. જેટલા સંતો હતા તેમને આટલું સુખ શ્રીહરિ કાયમને માટે દેતા હતા. કેમ જે, તે સંતોએ જગતના બીજા બધા સુખોનો ત્યાગ કર્યો હતો. ૨૮. આમ જ્યારે રાતનો દોઢ પહોર (૧૦.૩૦ કલાક) સમય થયો ત્યારે શ્રીહરિ સભામાંથી ઊઠ્યા. સ્નાન કરીને થાળ જમ્યા. પછી દરબારો અને પાર્ષદોને પણ જમાડ્યા. ૨૯. ફરીવાર આવીને સભામાં બેઠા. બધા સંતોને બોલાવીને તેમને ખુશ કર્યા. અરધી રાત ગઈ ત્યાં સુધી શ્રીહરિએ સંતોની સાથે વિનોદ કર્યો. ૩૦.

તે પછી સુખદ શ્રીહરિ પોઢી ગયા. રંગભીના પ્રભુ સવારે ઊઠ્યા. સંતોને સાથે લઈને સમુદ્રમાં સ્નાન કરી આવ્યા. તે સમયમાં સ્વામી ભાઈ રામદાસજીએ સુંદર રંગમંડપ તૈયાર કરાવ્યો. ૩૧. તે રંગમંડપ માંગરોળ પુરના અને તે દેશના બધા હરિભક્તોએ મળીને કર્યો હતો. અપાર અન્નકોટ બનાવ્યો. પાક જે કર્યા તેનો તો કોઈ પાર જ ન હતો. ૩૨. વિપ્ર ભાઈઓ - બાઈઓ જે ઘણા સારા હરિભક્તો કહેવાતા હતા તેમાં મયારામ ભટ્ટ મુખ્ય હતા. ૩૩. એ સહુએ બધા પાક બનાવ્યા હતા. કરજીસણના નાનાભાઈ વિપ્ર પાકો બનાવવામાં મુખ્ય રહ્યા હતા. જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ એ ત્રણ સેવા-ભક્તિમાં વિચક્ષણ હતા. ૩૪. અમુલાબાઈ અને અમરબાઈ શ્રીહરિની સેવા કરવામાં મુખ્ય રહેતા હતા. ગંગાબાઈ, રેવાબાઈ, ઝમકુબાઈ અને અમૃતબાઈ, બંને રામબાઈ, બીજા એક અમરબાઈ બ્રાહ્મણી કહેવાતા હતા. તેઓ જ્યાં જેવો અધિકાર હોય તે પ્રમાણે શ્રીહરિની સેવામાં મુખ્ય રહેતા હતા. ૩૫-૩૬.

✵ સત્સંગમાં ન્યૂનાધિક થવાનું કારણ :

પોતપોતાના ધર્મને પાળીને સહુ શ્રીહરિની સેવા કરતા. સત્સંગની એક એવી પ્રથા હતી કે, 'જે સ્વધર્મ પાળે તે જ મુખ્ય ગણાય.' ૩૭. કોઈ પણ હરિભક્ત જો ધર્મ પાળવામાં રંચમાત્ર પણ શિથિલ દેખાય, તો જે મુખ્ય હરિભક્ત હોય તે પેલા શિથિલને તરત જ વિમુખ કરી દેતા હતા. ૩૮.

सोरठा : सत्संग को खप जाहि, धर्म रखत सो मुख्यकर;
दिन दिन अधिकाहि, बढत बढत बढ जात तेहि...३९
सत्संग को ग्रहत गून, हरिजन सो बढ हि अति;
जेहि ग्रहत अवगून, घटत घटत सो घटत अति...४०

જેને સત્સંગનો ખપ હોય તેઓ ધર્મને મુખ્ય કરીને રાખતા. દિન પ્રતિદિન તેઓ સત્સંગમાં આગળ વધતા વધતા એકદમ આગળ વધી જતા હતા. ૩૯. જે હરિભક્ત સત્સંગનો ગુણ ગ્રહણ કરે છે તે અત્યંત આગળ વધી જાય છે. પણ જે સત્સંગનો અવગુણ ગ્રહણ કરે છે, તે ઘટતા ઘટતા એકદમ સત્સંગમાંથી પાછો પડી જાય છે. ૪૦.

(પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસે દિવસે પોતાને વિશે અવગુણને દેખે છે અને ભગવાન ને ભગવાનના ભક્તને વિશે ગુણને દેખે છે; અને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાનાં હિતકારી માને છે અને દુઃખ નથી લગાડતો, તે તો દિવસે દિવસે સત્સંગને વિશે મોટ્યપને પામે છે. અને જે અવિવેકી છે તે તો જેમ જેમ સત્સંગ કરે છે અને સત્સંગની વાત સાંભળે છે તેમ તેમ પોતાને વિશે ગુણ પરઠે છે; અને ભગવાન ને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે, તે વાતને માને કરીને અવળી લે છે અને વાતના કરનારાનો અવગુણ લે છે, તે તો દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈ જાય છે. માટે **પોતાને વિશે જે ગુણનું માન તેનો ત્યાગ કરીને શૂરવીર થઈને ભગવાન અને ભગવાનના સંતને વિશે વિશ્વાસ રાખે તો એનો અવિવેક ટળી જાય છે અને સત્સંગમાં મોટ્યપને પામે છે."** - વ.ગ.પ્ર.૬)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'માંગરોળમાં દીપોત્સવી પ્રસંગે સંતોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥

પૂર છઠ્ઠું : તરંગ - ૭૨

માંગરોળમાં અન્નકોટ કર્યો અને શ્રીહરિએ સંતો વગેરેને જમાડ્યા.

જ્યારે અન્નકોટ તૈયાર થયો ત્યારે શ્રીહરિને બોલાવ્યા. પછી શ્રીહરિ આવીને સોનાના બાજોઠ ઉપર બેઠા. ૧. મયારામ ભટ્ટે કેસર મેળવેલું ચંદન લઈને નખથી શિખાપર્યંત શ્રીહરિનાં અંગોમાં તે ચર્ચ્યું. ૨. પછી શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા. બંને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા અને શ્રીહરિનાં મસ્તક ઉપર સુંદર ફૂલની ટોપી પહેરાવી. ૩. પકવાન અનંત પ્રકારના હતા. ગણવાથી તેનો પાર આવે તેમ ન હતું. તે પ્રમાણે જ અપાર વ્યંજનો (શાકભાજી-ફરસાણ વગેરે) કર્યાં હતાં. જે એકસરખાં પકવાન હતાં તેને જુદા જુદા સમૂહના રૂપમાં રાખ્યાં હતાં. ૪.

અન્નકોટની ગોઠવણ ઘણી સારી કરી હતી. ભાતનો પર્વત વચ્ચે ધરાવ્યો. જેટલા જે પાક બનાવ્યા હતા તે બધાના ઉપર એક એક પતાકા મૂકી હતી. ૫. ત્યાં પાસે બેસીને નજર કરીએ તો જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી બધા પાકો ધરાવ્યા હતા. પુરના બધા લોકો અન્નકોટનાં દર્શન કરવા આવ્યા હતા. ૬. દેશ-પ્રદેશોના બાઈ ભાઈ અપાર હરિભક્તો આવ્યા હતા. સ્ત્રીઓના સમુદાયમાં સ્ત્રીઓ અને પુરુષોના સમુદાયમાં પુરુષો, એમ પદ્ધતિ પ્રમાણે બધા આવીને દર્શન કરતા હતા. ૭. શ્રીહરિની પૂજાની જે મૂર્તિ હતી, તેને લાવીને પ્રથમ નૈવેદ્ય ધરાવ્યું. તે સમયે અપાર વાજિંત્રો વાગતાં હતાં અને કપૂરથી આરતી ઉતારી. ૮. પૂજાની મૂર્તિ જમી રહી ત્યારે શ્રીજીમહારાજ જમવા બેઠા. જેટલા પાક બનાવ્યા હતા તે બધાને શ્રીહરિ જમ્યા. ૯. પછી તરત જ હાથ અને મુખ ધોયાં. રૂમાલથી હાથ લૂછ્યા અને મુખવાસ લીધો. પછી સંતોની પંગત કરી. ૧૦.

શ્રીહરિની સાથે રહેનારા દરબારો અને પાર્ષદો જે હતા તેમની પણ પંગત કરાવી. તે પંગત રંગમંડપમાં કરી. આગલા દિવસની જેમ જ રંગોળી પુરાવી હતી. ૧૧. પ્રત્યેક ખંડની રંગોળીમાં જ્યાં ચોકડી પડતી હતી તેના ઉપર પ્યારા સંતોને બેસાડ્યા. ખાખરાના અને વડના પાંદડાંના પત્રાવળા બનાવ્યા. ૧૨. હરિભક્તોએ સંતો માટે પત્રાવળીના મોટાં મોટાં પાત્ર બનાવ્યા હતાં. મનમાં પ્રસન્ન થઈને તેમણે સંતો માટે પંક્તિમાં મૂકી દીધા હતા. ૧૩. તે પાત્ર વ્યવસ્થા જોઈને શ્રીહરિ પ્રસન્ન થયા. પછી સંતોની પૂજા કરાવી. ભાઈ રામદાસજીસ્વામીની પૂજા સ્વયં શ્રીહરિએ કરી. ૧૪. મુક્તાનંદસ્વામી અને સંન્યાસી દેવાનંદસ્વામી એ બે મોટેરા સંતોની પૂજા મયારામ ભટ્ટ, મહાસમર્થ પર્વતભાઈ અને પોતે શ્રીહરિ એ ત્રણેએ ગુરુભાવ રાખીને કરી. તે બધાને ફૂલના હાર મગાવીને પહેરાવ્યા. ૧૫-૧૬. મયારામ ભટ્ટ અને ગોવિંદરામ ભટ્ટ એ બંને ભાઈ તથા ત્રીજા નાનાભાઈ ભટ્ટ એ ત્રણેએ મળીને સંતોની પૂજા કરી. ૧૭. શ્રીહરિએ કુંકુમ લઈને સંતોનાં લલાટમાં ચાંદલા કર્યા. એક-એક ફૂલહાર પહેરાવ્યો. સંતો શ્રીહરિને ખૂબ જ પ્યારા લાગતા હતા. ૧૮.

❋ અનંત બ્રહ્માંડના મુક્તો તથા દેવો પંક્તિમાં બેઠા :

જ્યારે સંતોની પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ સંતોને ભોજન પીરસવા લાગ્યા. અનંતકોટી બ્રહ્માંડના મુક્તો પણ તે પંગતમાં જમવા માટે બેસી ગયા હતા. ૧૯. શ્રીહરિએ દૃષ્ટિ કરીને ભોજનોને અપાર વધારી દીધાં. જેથી ભોજન ક્યારેય લગાર પણ ખૂટે નહિ. લક્ષ્મીજી અને લક્ષ્મીજી જેવી બીજી સત્સંગી બહેનો ભોજન પાસે રહ્યા હતા. ૨૦. કેમ જે, ક્યારેય ભોજન-સામગ્રી ખૂટે નહિ, એવી શક્તિ તે લક્ષ્મીજી અને તે સત્સંગી બહેનોમાં હતી. વળી ભવ-બ્રહ્મા આદિ દેવો પણ સ્વશક્તિ સહિત ત્યાં આવી ગયા હતા. ૨૧.

તે બધા દેવતાઓ છાની રીતે સંતોની પંગતમાં જમવા માટે બેસી ગયા. જે સમાધિવાળા હતા તે બધાને તેની ખબર હતી. બીજા કોઈને તેની ખબર પડતી નહિ. પણ પીરસતી વેળાએ શ્રીહરિ બહુ રમૂજ કરતા હતા. ૨૨. શ્રીહરિ વારંવાર એમ બોલતા કે, 'આજ કોઈ સંતોએ હારવાનું નથી. તમને સહુને

જમાડવા માટે જ બધું ભોજન છે. હું પીરસવામાં પણ ક્યારેય હારું તેવો નથી.' ૨૩. આવું બોલીને સહુ સંતોને જમવા માટેની આજ્ઞા કરી. તે જમવા આપેલી આજ્ઞાને સંતોએ માથે ચઢાવી. અને કહ્યું, 'આજ કાંઈ કસર રાખશો નહિ, આપની જેમ ઈચ્છા હોય તેમ કરજો. ૨૪. હે હરિ ! આપની ગતિ અકળ છે. તેને કોઈ કળી શકતું નથી. અમે જમીએ છીએ છતાં અમને તે જમવાથી તૃપ્તિ કેમ થાતી નથી. તેનું કારણ શું છે ? ૨૫. અમે બધા લગભગ 'મણ' 'મણ' જેટલું જમી ગયા છીએ તોપણ અમને તૃપ્તિ કેમ થતી નથી ? જમવાનો ભાવ (ભૂખ) તો એવોને એવો જ છે. તેનું કારણ અમને દેખાતું નથી.' ૨૬.

ત્યારે શ્રીહરિએ વાત કહી કે, 'આપણે અન્નકૂટ કર્યો છે, તે જાણીને સર્વે બ્રહ્માંડના જે મુક્તો છે તે બધા આવ્યા છે. ૨૭ અને અનંત બ્રહ્માંડના જે દેવો છે તે પણ બધા અત્યારે આવ્યા છે. આના ભેદને-રહસ્યને તમે કોઈ જાણો નહિ. એક સંતદાસજી જાણે છે.' ૨૮. અનંતકોટિ બ્રહ્માંડના આધારરૂપ જે સ્વસ્વરૂપ, તેનું મનમાં ચિંતન કરીને શ્રીહરિ તે સમયે પીરસવા લાગ્યા. તે પછી બધા સંતો તૃપ્ત થયા. ૨૯. શ્રીહરિએ જ્યારે યોગધારણા કરી ત્યારે બ્રહ્માંડના બધા મુક્તો તૃપ્ત થઈ ગયા અને તેનાથી સંતો પણ તૃપ્ત થયા. પછી શ્રીહરિ પીરસવા પંગતમાં ફર્યા પણ કોઈએ કાંઈ લીધું નહિ. ૩૦.

चोपाई :

सो जन सब हि गये हरिधामा, अवतार धरेको हे इतनो कामा;
हरि अवतार धरे बिन कबहु, जन मोक्ष न पावे सबहु...३२
हरि के संत मिले जन जाकुं, याके वचन माने ताकुं;
मोक्ष करे संत हि ताके, अति परिश्रम जब करे वाके...३३
एक दोउ तामें गनति रहाये, अवतार की तुल्य न कोउ कहाये;
चातुरमास मचे जब आई, अन्नाज की तब कमी न रहाई...३४

જેટલાએ તે શ્રીહરિની લીલા દેખી તે બધા શ્રીહરિનાં ધામમાં ગયા. શ્રીહરિ આ પ્રમાણે જેટલા ચરિત્ર કરે છે તેને જે કોઈ દેખે કે સાંભળે તે બધા લોકો શ્રીહરિનાં ધામને પામ્યા અને શ્રીહરિને અવતાર ધરવાનું પ્રયોજન પણ

"બધાને પોતાના ધામમાં મોકલવા" એટલું જ હોય છે. જો શ્રીહરિ અવતાર ધારણ ન કરે તો ક્યારેય આટલા બધા જીવોનો ઉદ્ધાર થાય નહિ. ૩૧-૩૨. જે મનુષ્યને શ્રીહરિના સંત મળે અને જો તે સંતનાં વચનોને માને તેનો સંત મોક્ષ કરે છે. પરંતુ અતિશય પરિશ્રમ જ્યારે કરે ત્યારે તે મોક્ષ થાય છે. અને એમાં એક-બે એમ ગણતી કરી શકાય છે પણ પ્રગટ થયેલા શ્રીહરિ દ્વારા તો અનંતનો ઉદ્ધાર થાય છે. માટે આ અવતારની તુલ્ય કોઈ કહેવાય નહીં. ચોમાસામાં જ્યારે વરસાદ સારા પ્રમાણમાં પડે ત્યારે અનાજની ક્યાંય કમી રહે નહિ. ૩૩-૩૪.

સારા ચોમાસાને લીધે જેટલી જાતનું અન્ન કહેવાતું હોય તે બધું જ થોડે પરિશ્રમે થઈ આવે છે. તેમજ પરમેશ્વરના અવતારનો પણ એવો પ્રતાપ હોય છે કે સહેજે જીવોનો મોક્ષ થઈ જાય છે. ૩૫. અવતારોમાં અને સંતોમાં કરોડો પ્રકારનું અપાર તારતમ્ય રહ્યું હોય છે અને અવતારોમાં જે પ્રતાપ હોય છે તેમાં પણ અધિક ન્યૂનભાવ દેખાય જ છે. ૩૬.

✵ અવતાર-અવતારી ભેદ સ્પષ્ટ કહ્યો:

दोहा : सब सोवर्न नहिं एक सम, मोति मोति नहिं एक;
पारस पारस न एक ही, चिंतामनि भेद अनेक...३७
तेसे अवतार में भेद हे, साम्रथ में देखात;
नाम में नहिं भेद कछु, एक करी जनात...३८

બધું જ સોનું એકસરખું નથી હોતું, પ્રત્યેક મોતી એક સમાન નથી હોતા, પ્રત્યેક પારસમણિ એકબીજાને તુલ્ય નથી. અને ચિંતામણિમાં પણ અનેક ભેદ રહ્યા છે. ૩૭. તેવી જ રીતે જો સામર્થ્યનો વિચાર કરીએ તો અવતારોમાં પણ ભેદ-તફાવત છે. નામોમાં કોઈ ભેદ નથી, તેમાં તો એકત્વ જણાય છે. ૩૮. વગર સમજે જે ભેદ કહે છે તેમને ઘણો જ દોષ લાગે છે. નામમાં તો અભેદ છે. પણ સામર્થ્ય તો જેવું દેખાય તેવું કહેવું. ૩૯. ભગવાન, સંતો, દેવ, વિપ્ર, વેદ અને પતિવ્રતા સ્ત્રી એટલાની નિંદા જે મનુષ્ય કરે છે તે નારકી થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'માંગરોળમાં અન્નકોટ કર્યો અને સંતો વગેરેને શ્રીહરિએ જમાડ્યા અને અવતાર-અવતારી ભેદ સ્પષ્ટ કહ્યો' એ નામે બોત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર છઠ્ઠું : તરંગ - ૭૩

શ્રીહરિએ રામાનંદસ્વામીનો મત જાહેર કર્યો અને સમસ્ત સત્સંગે તે સ્વીકાર્યો

માંગરોળમાં શ્રીહરિ, બ્રાહ્મણો, હરિભક્તો, શહેરના અને તે પ્રદેશના બધા જ લોકો તે અન્નકોટ જમ્યા, છતાં લેશમાત્ર પણ તે ખૂટ્યો નહિ. ૧. માંગરોળના ચારે વર્ણના બધા લોકોને જમાડ્યા. છતાં અન્નકોટ ખૂટ્યો નહિ, એટલે સહુને આશ્ચર્ય થયું. ૨. તે પ્રદેશના જેટલા હરિભક્ત નરનારીઓ આવ્યા હતા તેમને થાળ ભરી ભરીને પ્રસાદી આપી. અને બધા પુરવાસીઓને પણ થાળ ભરી ભરીને પ્રસાદી આપી. ૩. તે સમયે સહુ સંતો કેસરયુક્ત ચંદન લઈને આવ્યા. અને તેમણે શ્રીહરિનાં અંગો ઉપર અરચા કરીને પૂજા કરી.૪.

ચંદનથી પૂજા કરી લીધા પછી ફૂલના હાર પહેરાવ્યા. મસ્તક ઉપર ફૂલનો ખૂંપ પહેરાવ્યો. ખૂંપના ઉપર પણ કેટલાક હાર ધરાવ્યા. ૫. ભુજાઓ ઉપર પણ અપાર હાર હતા. પ્યારા શ્રીહરિ એવાને એવા ઊઠ્યા અને અત્યંત હેતે કરીને બધા જ સંતોને અનુક્રમે બાથમાં ભીડીને મળ્યા. ૬. આજ ઝાડપટોળાનો દિવસ છે. (નવા વર્ષનો પ્રથમ દિવસ; તે દિવસે નાના માણસો અને નોકર વગેરે મોટા માણસને જુહાર-વંદન કરવા જાય છે અને મોટા માણસ તેમને આશીર્વાદ તથા પટોળા એટલે રેશમી વસ્ત્ર વગેરે ભેટ આપે છે.) તે દિવસ વરસમાં એક જ વાર આવે છે. શ્રીહરિએ કહ્યું, ચાતુર્માસ આજ ઊતરે છે. ૭.

શિયાળાના ચાર માસનો જન્મ (પ્રારંભ) આજથી થાય છે. પ્રબોધની એકાદશી, વસંતપંચમી અને શિવરાત્રી એ ત્રણ ઉત્સવ શિયાળામાં આવે છે.

તે પછી ઉનાળાના ચારમાસનો વારો આવે છે. ૮-૯. તેમાં હુતાશની, ફૂલદોલ, રામનવમી, નૃસિંહ ચતુર્દશી અને ભીમ એકાદશી આવે છે. ૧૦. જ્યારે ચાતુર્માસ (ચોમાસુ) બેસે ત્યારે પહેલી નિયમની એકાદશી આવે. એકમાસ સુધી હિંડોળાનો ઉત્સવ થાય. જેમાં ભગવાનને હિંડોળામાં ઝુલાવવાનું કહ્યું છે. ૧૧. તે પછી અનુક્રમે જન્માષ્ટમી, જળઝીલણી એકાદશી, વામનદ્વાદશી, દશેરા, માણેકઠારી - શરદપૂનમ, હનુમાનજીની તિથિ આસો વદિ ચૌદશ, દિવાળી અને પછી અન્નકોટ એ બધા ઉત્સવના દિવસો ગણાય છે. ૧૨-૧૩. પ્રત્યેક માસમાં એકાદશી બે આવે. તેને હરિવાસર કહેવાય છે. ભગવાનના ભક્તોનું હિત કરવા માટે તે વારેવારે આવે છે. ૧૪. પખવાડિયું, મહિનો કે વરસ, ભગવાનના સંબંધ વગરના કોઈ નથી. માટે ઉત્સવ અને વ્રતો હરખભેર વારંવાર કરવા. ૧૫.

આટલી વાત થઈ રહી ત્યારે હરિભક્તો પૂજા કરવા માટે ઊઠ્યા. તે અવસર એટલો ભવ્ય બન્યો હતો કે તેની શોભાનું વર્ણન થઈ શકતું નથી. ૧૬. અપાર વાજિંત્રો વાગતાં હતાં. ભક્તો ‘જય જય’ ‘જય જય’નો ઉચ્ચાર કરતા હતા. તે વખતે ગામેગામના હરિભક્તો ભેળા મળીને ત્યાં આવ્યા. ૧૭. વારંવાર આરતી ઉતારતા હતા. તે શોભા અપાર અને અદ્‌ભુત થતી હતી. જેમણે તે શોભા દેખી હોય તેના જન્મને પણ ધન્ય છે. તેમનાં સદ્‌ભાગ્યનું વર્ણન પણ કરી શકાતું નથી. ૧૮. મનુષ્યજન્મનો જેટલો લાભ કહેવાય તે બધો પૂર્ણ લાભ માંગરોળના પુરવાસીઓને મળ્યો હતો. અને તેમાં પણ જેમને શ્રીહરિનો જોગ ન થયો તેઓ તો અત્યંત અભાગિયા કહેવાય. ૧૯.

✵ હરિ અને હરિનાં વચનની એકતા :

चोपाई :

हरि कहे हम पीछे जेहा, सत्संग में आव हि तेहा;
हमारे वचनकुं मान हि जाही, मोक्ष सो हम करहि ताही...२०
हमारे चरित्र सुनहि जेही, अति सुख हम देवहि तेही;
हमारे जो वचन हि जितना, हमकुं सो जानना तितना...२१

પછી શ્રીહરિએ કહ્યું કે, 'મારાં સ્વધામગમન પછી પણ જે આ સત્સંગમાં આવશે અને જે મારાં વચનને માનશે તો હું તેનો મોક્ષ કરીશ. ૨૦. જે મારાં ચરિત્રોને સાંભળશે તેને હું અતિશે સુખ આપીશ. જેટલાં મારા વચન છે તે બધાને "હું જ છું" એમ મારું સ્વરૂપ જાણવું. ૨૧.

हमकुं जानी पाल हि जोई, वचनरूप ता पास हे सोई;
हमारी पास रहत दिन रेना, सेवा करत सदा हि प्रवेना...२२

वचन में न वरत हि जोहु, हमसे दुर तेहि जानत सोहु;
हमारो मत नकी हे एहु, सब हरिजन सो जानीके लेहु...२३

हमसे वचन हम मुख्य हि माने, वचन में हम अखंड ठाने;
यह तन जितनो काज रहावु, सो पुरे करीके चली जहावु...२४

મારું વચન તે હું જ છું, એમ સમજીને જો કોઈ તે વચનને પાળશે તો વચન સ્વરૂપ એવો હું તે ભક્તની પાસે જ છું. અમારી પાસે રહીને જે રાત દિવસ પ્રવીણતાથી સદા અમારી સેવા કરતો હોય તે પણ જો અમારાં વચનમાં ન વર્તતો હોય તો તેને હું મારાથી દૂર જ જાણું છું. આ મારો ચોક્કસ મત છે માટે સર્વ હરિભક્તોએ તે જાણી લેવો. ૨૨-૨૩. મારા વચનને હું મારા કરતાં પણ મુખ્ય માનું છું. હું મારા વચનોમાં અખંડ રહ્યો છું. જે કાર્ય કરવા માટે મેં આ દેહ ધારણ કર્યો છે તે કાર્ય પૂરું થશે ત્યારે હું ચાલ્યો જઈશ. ૨૪.

મારો આ દેહ એક ખાસ પ્રયોજન માટે જ છે, તે પ્રયોજન પૂર્ણ થશે, એટલે તે રહેશે નહિ. પણ મારો વચનરૂપ દેહ સદા રહેશે જ. આ હું તમને સિદ્ધ iતરૂપ વાત કહું છું. ૨૫. અમે અમારી મૂર્તિના જેવો જ આકાર હરિભક્તોને ધ્યાન કરવા માટે ક્યારેક ચોક્કસ કરશું-પધરાવશું. ૨૬. અમારા (સ્વધામગમન) પછી પણ સહુ ધર્મ દૃઢ કરીને રાખે એવો પરિશ્રમ અત્યારે અમે કરી રહ્યા છીએ. જ્યારે સહુને ધર્મ પાળવાની દૃઢતા થઈ જશે ત્યારે અમે અમારો પરિશ્રમ પૂર્ણ થઈ રહ્યો જાણશું. ૨૭. ધર્મનું પાલન કરવામાં તો જે ધર્મવંશનું કુળ હોય, તે જ ધર્મને દૃઢ પાળે, જેને જે અધિકાર હોય તે તેને કરે અર્થાત્ સમગ્ર ધર્મ પાળવાનો અધિકાર સૌ પ્રથમ ધર્મદેવના પરિવારને છે. તેને તે કરે. ૨૮.

चोपाई :

जाको जेसो कुल अभ्यासा, ताकुं तेहि गुन आवे विन प्रासा;
धर्म हित हम लिये अवतारा, धर्म के परिवार हि सारा...२९
ता विन धर्म दृढ रखे न कोउ, धर्म की लाज तेहि आवे सोउ;
सत्संग को जो होवहि भागा, एसो सहज आवहि लागा...३०

જેનાં કુળમાં જેવો અભ્યાસ રહ્યો હોય તેમાં તેવા ગુણ વગર પ્રયાસે આવે છે. ધર્મદેવના શ્રેષ્ઠ પરિવારમાં અમે સદ્ધર્મની સ્થાપના માટે જ અવતાર લીધો છે. ૨૯. તેમના સિવાય કોઈ ધર્મને દૃઢ રાખી શકે નહિ. અને ધર્મની લાજ તેને જ આવે. અર્થાત્ જેને ધર્મની લાજ ન આવે તે ધર્મવંશનો કહેવાય નહિ. ભવિષ્યમાં એવો સહજ લાગ-સમય આવશે કે, જે ધર્મનો પરિવાર છે તે સત્સંગનો એક ભાગ બનશે. ૩૦.

સહજ વાતમાં જે થાય છે તેનું મહત્ત્વ ઘણું વધે છે. (જેતપુર ભાદર નદી કાંઠે પ્રગટ થઈને કહેલો) રામાનંદસ્વામીનો જે મત છે તે મેં આજે જાહેર કર્યો છે.' ૩૧. ભાઈ રામદાસસ્વામી આદિ સંતો તે સાંભળીને અત્યંત ખુશી થયા. અને મયારામ ભટ્ટ આદિ બધા ગૃહસ્થો પણ ખુશ થઈને કહેવા લાગ્યા કે, ૩૨. 'અમારે તો અત્યારે ઘણો જ અનુકૂળ અવસર આવ્યો છે. આપ મળ્યા એટલે અમને અનંત લાવો મળ્યો જ છે. પછીની વાત તો ભલે પછી રહે. તે બધું આપના હાથમાં જ છે. ૩૩. આપ આ અવસરે પધાર્યા છો તો કોઈ ફેરો ખાલી (નિષ્ફળ) નહિ જાય. જેટલી બાબત કહેવાય છે તે બધી આપના હાથમાં જ છે. ૩૪. આપને જે કાર્ય (અનંત જીવોના ઉદ્ધારરૂપ) કરવાનું છે તે બાબતમાં અમારે એટલી ચિંતા કરવાની રહેતી નથી. આપ જે જે કાર્ય કરો છો તેને તો અમે આપની દયા જ કહીએ છીએ.' ૩૫. આપની દયા સિવાય બીજી કોઈ વાતને અમે માનતા નથી. અમે તો આપને ભગવાન માનીએ છીએ. તેમાં અમને કોઈપણ પ્રકારનો સંશય નથી. અને હવે અમને તે અંગે કાંઈ કલેશ (શંકા) પણ નથી. ૩૬.

दोहा : तन मन प्रान हमार ही, तुमारे हे घनश्याम;
हमारे जितनो मानिये, तितनो हे दु:खधाम...३७

कारन के कारन आये, तुम करो जेहि बात;
तेहि वात सब सत्य हे, हमकुं एसे देखात...३८

અમારા તન, મન અને પ્રાણ એ બધું હે ઘનશ્યામ ! આપને જ અર્પણ કરી દીધું છે. હવે તો અમે તેને જેટલું પોતાનું માનીએ તેટલું તે દુઃખનું ધામ ગણાય. ૩૭. આપ તો સર્વ કારણના પણ કારણ પધાર્યા છો. અમને તો એવું દેખાય છે કે આપ જે વાત કરો તે બધી સત્ય જ છે.' ૩૮. સર્વે સંતો પણ તે પ્રમાણે જ કહેવા લાગ્યા કે, 'સત્સંગને માટે આપ જે કરો તે સત્સંગનાં હિતમાં જ હશે. ૩૯.

सोरठा : हमारो जीव रु देह, हमारे हाथ नहिं हे कोउ;
तुमारे हाथ हे तेह, हमारो केनो गुनेगार तेहि...४०

અમારો આત્મા અને અમારું શરીર, તે કોઈ હવે અમારા હાથમાં નથી, તે તો તમારા હાથમાં છે. હવે તેને જે પોતાનું કહેવું તે જ એક મોટો ગુનો છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ રામાનંદસ્વામીનો મત જાહેર કર્યો અને સમસ્ત સત્સંગે તે સ્વીકાર્યો' એ નામે તોતેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥

પૂર છઠ્ઠું : તરંગ - ૭૪

શ્રીહરિએ કાલવાણીમાં જૂની વાત યાદ કરી અને અગત્રાઈમાં વિપ્ર બટુઓને જનોઈ આપી.

સંતોએ અને સહુ હરિભક્તોએ અત્યંત પ્રસન્ન મનથી શ્રીહરિની વિવિધ પ્રકારે પ્રાર્થના કરી. ૧. અરધી રાત્રિ થઈ ત્યાં સુધી અક્ષરાધિપતિ સુખધામ શ્રીહરિ જાગતા રહ્યા અને પછી પોઢી ગયા. ૨. સવારમાં ધર્મકુમાર શ્રીહરિ જાગ્રત થયા. પછી તૈયાર થઈને માંગરોળથી ચાલ્યા. ૩. શ્રીહરિની બધી સવારી તૈયાર થઈને આવી ગઈ. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા ત્યારે વાજિંત્ર વાગતા હતા. ૪. શ્રીહરિ **કાલવાણી** ગામ આવ્યા. બધા હરિભક્તો સન્મુખ આવ્યા. પ્રસન્ન મનથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને સરસ રીતે ઘેર ઘેર પધરામણી કરાવી. ૫.

શ્રીહરિએ પોતાનો મુકામ ગામની બહાર કર્યો હતો. રંગભીના-ઘનશ્યામ ત્યાં એક રાત રહ્યા. બધા હરિભક્તોએ રસોઈ કરાવી. તેમાં સંતોની અને વર્ણીની રસોઈ પહેલા કરાવી. ૬. શ્રીહરિ ઘણા પ્રેમભાવથી પહેલા જમ્યા. પછી તેઓ સંતોને અને દરબારોને જમાડવા આવ્યા. કાલવાણીમાં સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ શ્રીહરિની ઘણી જ સેવા કરાવી હતી. ૭. શ્રીહરિ જ્યારે વનમાં ફર્યા ત્યારે તેમણે અત્યંત દારુણ તપ કર્યું હતું. તેમણે એવું ઉગ્ર તપ કર્યું હતું કે જે મનુષ્યથી તો થઈ શકે જ નહિ. ૮. નારદ, ધ્રુવ, સૌભરિ અને ચ્યવનઋષિ એ બધાનું તપ પણ શ્રીહરિનાં તપની તુલનામાં શું ? કાંઈ જ નહિ. અરે..! શંકર તથા બ્રહ્મા પણ શ્રીહરિનું તપ દેખીને ધ્રૂજી જાતા હતા. ૯. દધીચિ, લોમશ અને નારાયણઋષિનું તપ પણ શ્રીહરિનાં તપની સરખામણીમાં કાંઈ જ ન કહેવાય; અને કપિલ અને દત્તાત્રેય પણ શ્રીહરિનું તપ જોઈને કંપી જતા હતા. ૧૦.

શ્રીહરિનાં તપની આગળ ઋષભદેવ પણ શું ? અને શ્વેતદ્વીપના મુક્તો પણ શું કહેવાય ? ક્યાં ઋષભદેવ અને ક્યાં શ્વેતદ્વીપના મુક્તો ? જેમને તપનું ઘણું અભિમાન હતું. તેમનાથી કોટિગણું તપ અધિક કર્યું છતાં લેશમાત્ર પણ જેને અભિમાન ન થયું. પૃથ્વીના તુલ્ય સ્થિર અને ધીર થઈને રહ્યા હતા. જે સર્વના કારણ હતા. બીજા કોઈ તેમના સમાન ન હતા. એવા હોવા છતાં જેઓ ગુપ્ત-છાના અપ્રસિદ્ધ રીતે વિચરતા હતા. ૧૧-૧૨.

વીશ વરસની ઉંમર થઈ છતાં શરીરનું કશું જ અભિમાન જેણે કર્યું ન હતું. કેવળ આત્મસત્તારૂપે જ રહ્યા. આત્મા સિવાય કાંઈ જ જોયું નહિ. ૧૩. જેથી તેમને માયાના અષ્ટ આવરણમાંથી કોઈ જ બાધ કરી શકતા નહિ અને તપથી શરીરને એવું કરી નાખ્યું કે પાંચે ભૂતોને શરીરમાંથી નિચોવી નાખ્યાં. ૧૪. "ભગવાનનાં સ્વરૂપમાં પંચભૂતોની કલ્પના કરવી નહિ." આવા વેદ વચન છે પણ જે માયિક લોકો છે તે, તે ભગવત્સ્વરૂપને માયિક દેખે છે. ૧૫. શ્રીહરિએ તપે કરીને શરીરને શૂન્ય (ચેતના રહિત) કરી નાખ્યું હતું. કાંઈ વાગે તોપણ દુ:ખ થતું નહિ, પણ સ્વયં મૌન રહે. શરીરને સાચવવા કાંઈ પ્રયત્ન કરતા નહિ. ૧૬.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ તે વખતે વિચાર્યું કે હવે તો વર્ણીના શરીરને સારું કરવા માટે મારે જ જતન કરવું પડશે. આવું વિચારીને તેમણે તેમની ઘણી સંભાળ લીધી. માનો વર્ણીની સેવા કરવાનું જ પોતે નિયમ રાખ્યું ન હોય ? ૧૭. શિયાળાના ચારમાસ સુધી રોજ એક ભારો આવળ મગાવતા. તેને ખાટલા ઉપર પાથરતાં. પછી તેના ઉપર વર્ણિરૂપ શ્રીહરિને સુવડાવતાં. ૧૮. અને ખાટલાની નીચેના ભાગમાં બકરાંની સૂકી લીંડીઓનો તાપ કરાવીને શેક કરાવતા. આ રીતે જ્યારે ચારમાસ સુધી સેવા કરી ત્યારે શરીરમાં જે શૂન્યભાવ હતો તે ગયો. ૧૯. પછી ત્વચા-ચામડીમાં ચેતના આવી. અંગોમાં થોડો પરસેવો થવા લાગ્યો. બહુનામી રામાનંદસ્વામીએ ભુજથી મીણનું તેલ મંગાવ્યું.૨૦.

❋ મોક્ષરૂપ સાધન સહુથી અધિક છે :

અને સ્વયં ચતુરાઈથી તે તેલ ચોળવા લાગ્યા. પછી ચામડીના જેવી જ ચામડી જ્યારે થઈ ગઈ ત્યારે સ્વામી બોલ્યા કે, હવે તમારું તપ પૂરું થઈ ગયું છે. તમારે કોઈ સાધન અધૂરું રહ્યું નથી. ૨૧.

चोपाई :

अनंत जन को मोक्ष करना, अब एक साधन सो रखना;
ताकी बरोबर साधन जेता, एक ही नहिं आवत तेता...२२

હવે તો અનંત જીવોનો ઉદ્ધાર કરવો છે, એવું એક જ સાધન કરવાનું રાખો. તેની તુલનામાં બીજું કોઈ સાધન નહિ આવે. ૨૨. અનેક સાધનોમાં "લોકોનો મોક્ષ કરવો" તે જ એક અધિક છે. બીજા અનંત સાધનો તેમાં સમાઈને રહ્યા છે. જ્યારે વર્ષાઋતુ હોય અને તેમાં પુષ્કળ વરસાદ પડે. ૨૩. ચારમાસ સુધી વરસેલા તે વરસાદના બિંદુઓનો ગણતાં પાર આવતો નથી. જ્યારે તે વરસાદનું બધું પાણી સમુદ્રમાં ભેળું થાય છે ત્યારે તેમાં લીન થઈ જાય છે. ૨૪.

दोहा : समुद्र बिन नहिं ओर ही, बिंदु एक देखात;
जीव के करन मोक्ष में, सब हि साधन आत...२५

તે વરસાદનું એકપણ બિંદુ સમુદ્ર સિવાય અલગ દેખાતું નથી. તેમ જીવોનો મોક્ષ કરવારૂપ સાધનમાં બધાં જ સાધનો આવીને લીન થઈ જાય છે.

તે સિવાય એકપણ સાધન તેનાંથી અલગ દેખાતું નથી. ૨૫. સદ્‌ગુરુ શ્રી રામાનંદસ્વામીનાં તે વચનોને શ્રીહરિએ અધિકરૂપમાં માની લીધાં. તરત જ તે વચનોને અત્યંત સુખદાયક જાણીને શિરે ચઢાવ્યાં. ૨૬. સદ્‌ગુરુ રામાનંદ સ્વામી શ્રીવર્ણીનો તે સરળ સ્વભાવ જોઈને મનમાં ખૂબ જ પ્રસન્ન થયા. ૨૭. પછી વર્ણિરૂપ શ્રીહરિ જીવોનો મોક્ષ કરવા માટે ત્રિવિધ તાપને હરે એવી આશ્ચર્યકારી વાતો કરવા લાગ્યા. તે સાંભળીને સ્વામી બોલ્યા, "આ બહુ સારું થયું." ૨૮. મારા મનમાં જેવી ઈચ્છા હતી તેવી વાત હવે થઈ રહી છે. દુર્વાસાઋષિનો જે શાપ થયો હતો. તે પણ આ શ્રીહરિ આવ્યા છે એટલે હવે પૂરો થઈ ગયો. ૨૯. સ્વામીએ પોતાનાં મનમાં આવો વિચાર કરી લીધો. બીજા કોઈને લગાર પણ વાત કહી નહિ. ગુપ્તપણે શ્રીહરિની આજ્ઞા માગી ત્યારે શ્રીહરિએ પણ તે આજ્ઞા આપી. ૩૦.

સ્વામી અને શ્રીહરિ એ બે સિવાય અન્ય કોઈ આ વાતને જાણતાં નહિ. બીજા બધા તો પરમ સ્નેહભાવથી રહેતા હતા. સ્વામી શ્રીહરિનું અપાર માહાત્મ્ય વારંવાર હૃદયના પ્રેમથી કહેવા લાગ્યા. તેમની રીતને કોઈ જાણી શક્યા નહિ. આ વખતે શ્રીહરિ કાલવાણી આવ્યા ત્યારે જૂની તે બધી વાતોને સંભારીને કહી હતી. ૩૨.

પછી બીજે દિવસ ત્યાંથી તરત તૈયાર થઈને ચાલ્યા અને **અગત્રાઈ** ગામ આવ્યા. અગત્રાઈ પર્વતભાઈનું ગામ હતું. સુંદરશ્યામ શ્રીહરિ અહીંયાં ઘણીવાર આવીને રહ્યા હતા. ૩૩. પર્વતભાઈ શ્રીહરિનું સંપૂર્ણ માહાત્મ્ય બધી રીતે જાણતા હતા. અને શ્રીહરિ પણ પોતાના હૃદયની બધી વાત તેમને કહેતા હતા. ૩૪. જ્યારે શ્રીહરિ અગત્રાઈ ગામની નજીક પહોંચ્યા ત્યારે બધા હરિભક્તો ઉત્સાહથી શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ શ્રીહરિને અને સંતોને પગે લાગ્યા. તેઓ ઢોલ અને ત્રાંસા આદિ ઘણાં વાજિંત્રોને લાવ્યા હતા. ૩૫. ગામના બધા ભક્તો ગામની બહાર આવ્યા ત્યારે શ્રીહરિએ પણ ગામની બહાર જ ઉતારો કર્યો.

શ્રીહરિ અગત્રાઈમાં પાંચ દિવસ રહ્યા. ત્યારે ત્યાં બ્રાહ્મણ બટુકોને જનોઈ અપાવી. ૩૬. મયારામભટ્ટના ભાઈ ગોવિંદરામના પુત્ર નારાયણજીને

ત્યારે જનોઈ આપી. તેમાં શ્રીઘનશ્યામ શ્રીહરિ ફુલેકે ચઢ્યા હતા. ૩૭. તે ગામની બધી સ્ત્રીઓ હાથમાં શ્રીફળ લઈને આવતી. શ્યામસુંદર શ્રીહરિને શ્રીફળ આપી કુંકુમનો ચાંદલો કરીને વધાવતી હતી. ૩૮. ભક્તોનાં મનને રાજી રાખવાં શ્રીહરિ ત્રણ દિવસ સુધી ફુલેકે ચઢ્યા. અગત્રાઈમાં આવા જે ચરિત્ર કર્યાં તે ભક્તોને ધ્યાન કરવા માટે જ હતાં. ૩૯. લાડુમાં પુષ્કળ ઘી નાખીને ત્રણ દિવસ સુધી બ્રાહ્મણોને ત્યાં ખૂબ જ જમાડ્યા. એટલું બધું વિપ્રોને જમાડ્યું કે તેઓ જીવે ત્યાં સુધી શ્રીહરિને સંભારે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ કાલવાણીમાં જૂની વાત યાદ કરી અને અગત્રાઈમાં વિપ્ર બટુઓને જનોઈ આપી' એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર છઠ્ઠું : તરંગ - ૭૫

શ્રીહરિ જૂનાગઢ પધાર્યા અને નવાબનાં મનમાં શ્રીહરિના પ્રત્યે આદરભાવ

શ્રીહરિ અગત્રાઈ ગામથી ચાલ્યા. **'આખા'** ગામ આવ્યા. ધર્મપુત્ર ઘનશ્યામે ગામની બહાર મુકામ કર્યો. ૧. ત્યાં એક દિવસ રોકાયા. સરસ રસોઈ કરી. ત્યાંના હરિભક્તો બધા બ્રાહ્મણ હતા. તેઓ ઘણા જ પ્રેમથી દહીં લાવ્યા. ૨. શ્રીહરિ 'આખા'ના સરસ દહીંના વખાણ કરતા. "આ ગામનું દહીં બહુ મીઠું, બીજે ક્યાંય આટલું મીઠું ન હોય" એમ કહેતા. ૩. ત્યાં હરિભક્તોને ખૂબ જ રાજી કર્યા. પછી **'પીપલાણા'** ગામ આવ્યા. ભગવાન શ્રીહરિ આખા અને પીપલાણા બે ગામની વચ્ચે વહેતી 'ઓજત' નદીમાં નાહ્યા. ૪. પીપલાણામાં પણ ગામની બહાર ઉતારો કર્યો. ત્યાં હરિભક્તો ઝાઝા તો બ્રાહ્મણો હતા. ત્યાં મનગમતી રસોઈ કરી અને ઘણા હેતથી શ્રીહરિ જમ્યા. ૫. વિપ્રો ઘણું દૂધ લાવ્યા. શ્રીહરિ જમ્યા અને સહુને જમાડ્યા. ત્યાં હરિભક્તોનો જેવો ભાવ હતો તેવું બધું શ્રીહરિએ કર્યું.૬.

એક દિવસ પીપલાણામાં રહ્યા અને બીજે દિવસ ત્યાંથી નીકળ્યા. શ્રીજી મહારાજ **મેઘપુર** આવ્યા. સંતોના સમાજની સાથે ગામની બહાર રહ્યા. ૭. મેઘપુરમાં બધા હરિભક્તોએ રસોઈ કરાવી. તે બધું શ્રીહરિ જમ્યા. પછી બધા સંતોને પણ જમાડ્યા અને હરિભક્તોને ખૂબ જ આનંદિત કર્યા. ૮. મેઘપુરમાં એક જ દિવસ રહ્યા. પછી **જૂનાગઢ** આવ્યા. શહેરમાં જે હરિભક્તો રહેતા હતા તે સહુને 'શ્રીહરિ પધારે છે' એવી ખબર મળી. ૯. જૂનાગઢમાં દરબાર ઝીણાભાઈ, દરબાર દાદાભાઈ અને ઘણા નાગર હરિભક્તો જેવા કે, ભીમજીભાઈ, રામજીભાઈ, માણેકચંદભાઈ, વૃંદાવનભાઈ, રૂપશંકરભાઈ વગેરે ઘણા જ શૂરવીર હરિભક્તો ત્યાં રહેતા. મુખ્ય સત્સંગ નાગરોનો જ હતો. ૧૦-૧૧.

ત્યાંના નવાબના જે બધા કારભારીઓ હતા તેઓ નવાબની બધી સવારી લઈ આવ્યા. હાથી, ઘોડા, ડંકા, નિશાન એ બધું સવારી સાથે લેતા આવ્યા. ૧૨. શહેરની બહાર જ્યાં નવાબનો બાગ હતો ત્યાં શ્રીહરિ થોડીવાર રોકાયા હતા. પછી બધી સવારી જ્યાં શ્રીહરિ બેઠા હતા ત્યાં આવી. ૧૩. ભક્તો ફૂલહાર લાવ્યા હતા, તે શ્રીહરિને પહેરાવ્યા. શ્રીફળ ચરણોમાં ધરાવ્યાં અને તે પછી સૌ ચરણોમાં પડ્યા. ૧૪. અને બોલ્યા, 'મહારાજ ! આપ ભલે પધાર્યા. આપના પધારવાથી આજનો દિવસ તો અલૌકિક થયો.' એમ બધા નગરવાસી ભક્તો બોલ્યા. ૧૫. આપ જૂનાગઢમાં આવો છો એવી વાત સાંભળીને નવાબ પણ ખુશ થયા છે અને એવું બોલ્યા કે, "સ્વામિનારાયણને અમે ચાહીએ છીએ આવા પુરુષ કોઈ હોય નહિ." ૧૬.

✵ જેના ભાગ્ય હોય મહાન, તેને થાય હરિની પહેચાન :

મનુષ્યના જેવા એકપણ ગુણ આ સ્વામિનારાયણમાં નથી. તેમના બધા જ ગુણો દિવ્ય છે અને તેમાં તેજ અને પ્રતાપ બહુજ રહ્યા છે. ૧૭. મોટા મોટા દેવોને અને સિદ્ધોને તેમનાં દર્શન દુર્લભ છે. દર્શન કરવા ચાહે છતાં થતા નથી. એવા તે મહાન દુર્લભ છે. ૧૮.ભાગ્યરહિત મનુષ્યને તેમની ઓળખાણ થાતી નથી. કેટલાક બુદ્ધિમાન હોય અને દેખતા હોય તોપણ

તેમનાથી અજાણ્યા રહી જાય છે. આવા મહાપુરુષોને જે ઓળખી ન શકે તે ભલેને બુદ્ધિમાન હોય ! તે તો કુબુદ્ધિવાળા કહેવાય. ૧૯. જ્યારે મોટાપુરુષની કૃપા થાય ત્યારે તેમને દેખી શકાય છે. જે દુર્બુદ્ધિ લોકો હોય છે તેમનો તો સ્વભાવ જ એવો હોય કે તેઓ મોટા પુરુષો સાથે વૈરભાવ જ કરે. ૨૦.

અગ્નિને દેખીને પતંગિયાં તો સહજ રીતે તેમાં પડીને નાશ પામે છે. તે રીતે જ જે કુબુદ્ધિવાળા લોકો છે તેઓ પણ તેવા મોટાપુરુષોને દેખીને જ નાશ પામે છે. ૨૧. જ્યારે વર્ષાઋતુમાં વરસાદ વરસે છે ત્યારે બધી જ વનસ્પતિ પ્રફુલ્લિત થઈ જાય છે પણ જવાસાની જાતિનો જે છોડ હોય છે તે વરસાદને લીધે સમૂળગો સુકાઈ જાય છે. ૨૨. તે રીતે કુબુદ્ધિ મનુષ્યોની રીત જ એવી હોય છે કે તેઓ ધર્મવાળા મહાપુરુષો સાથે હેત રાખે નહિ.

તમે બધા જે હરિભક્તો છો તે 'સ્વામિનારાયણ' ને સારી રીતે સન્માનપૂર્વક શહેરમાં લાવ્યા છો તેનાથી હું ઘણો ખુશ થયો છું. બીજા જે ઠગ જેવા લોકો છે તેમને તો હું લગાર પણ માનતો નથી. જે લોકોમાં સત્ય કે નીતિ, એકપણ નથી તેમાં હું કાંઈ ગુણ માનતો નથી. ૨૩-૨૪. કાઠી અને કોળી, જે મહાન ઠગ ગણાતા, બધાને લૂંટી લે તેવા હતા. તે બધાને સ્વામિનારાયણે વશ કર્યા છે. તે એટલા બધા છે કે જેની ગણતરી ન થાય એવા અખૂટ છે. ૨૫.

જે પોતાના આશ્રિત સત્સંગી હોય તેના અંતકાળે તેમને વિમાન લઈને સ્વામિનારાયણ તેડવા આવે છે, એમ ઠેકઠેકાણે વાત સાંભળવા મળે છે. ૨૬. દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર એ ચાર પાપો મુખ્ય છે. અત્યારે કયો એવો પંથ (સંપ્રદાય) છે કે જેમાં એ ચાર ન હોય ? ૨૭. ઉપર કહ્યાં તે ચાર પાપ જ્યાં ન હોય તે જ સહુથી મોટો પ્રતાપ છે. **મોટાપુરુષોની એ જ ઓળખાણ છે કે, તે જ્યાં હોય ત્યાં પાપ ન હોય.** એવું હું નક્કી જાણું છું. ૨૮. ઉપર જણાવ્યા તે પાપોને છોડ્યા વિના જ, એવા અનેક લોકોને મેં નજરે દેખ્યા છે તે લોકોમાંથી એકેયને હું માનતો નથી. ભલે તે આ જૂનાગઢના જેવું કોઈ નગર દેખાડી દે, આગમાં કે પાણીમાં પ્રવેશ કરી જાય, કોઈ તો આકાશમાં ઊડતા ફરે, કેટલાક તો તત્કાળ વરસાદને કરી બતાવે, છતાં હું તે કોઈને

માનું નહિ. તેવાને તો હું તે કોઈ મોટા માયાવી છે એમ માનું છું. પણ તેને પેગંબર તરીકે ગણું નહિ. ૨૯-૩૦.

અત્યારે સ્વામિનારાયણ જ એક એવા છે કે જે કોઈને કાંઈ કરામત-ચમત્કાર બતાવતા નથી. છતાં તેમનામાં બધી જ કરામત-ચમત્કાર ભરી છે. તે રીતે મારું દિલ કબૂલ કરે છે. ૩૧. કદાચ કોઈ તેમને આખી ભૂમિનું રાજ્ય આપવાનું કહે તોપણ તેઓ તેને લેવાનો લોભ કરે તેવા નથી. ચૌદ લોકના બ્રહ્માંડનું જેટલું સુખ છે તેને તેઓ ઝેરનાં જેવું અને દુઃખરૂપ જ દેખે છે. ૩૨. દુનિયાનાં દિલની વાતને તેઓ રાખે છે. અને ગુરુના વચનમાં પ્રીતિ રાખે છે. તેઓ કોઈ સ્ત્રીજાતિની સાથે હસતા નથી. તેમજ તેને દેખતા પણ નથી. કેમ જે, દુનિયાના દિલની એ જ વાત છે અને નારીના શરીરને જોતા નથી પણ માત્ર તેના આત્માને જ જુએ છે. ૩૩. તેમને વસ્ત્રોમાં કે આભૂષણોમાં પ્રેમ નથી. તેઓ માત્ર ભક્તોની ભાવનાને જુએ છે. ખાવું, પીવું અને ચાલવું વગેરે ક્રિયાઓ આપણે દેખીએ છીએ સમજીએ છીએ તેમ નથી. અર્થાત્ તેઓ પોતાને માટે કાંઈ કરતાં નથી. કેવળ ભક્તના સુખ માટે જ કરે છે. ૩૪. તેઓ વાહન ઉપર કેવી રીતે બેસે છે ? દુનિયામાં તેમના જેવો કોઈ નિઃસ્પૃહ મેં લેશમાત્ર પણ જોયો નથી. તેઓ દુનિયાની રીતને દુનિયામાં રહેવા દે છે. દુનિયાનો ભાવ તેમના જીવનમાં ક્યાંય દેખાતો નથી. દુનિયામાં તેમને કોઈક જ ઓળખે છે.' ૩૫.

ઉપર કહ્યા પ્રમાણેની વાતો જ્યારે હરિભક્તો કરી રહ્યા ત્યારે શ્રીહરિ સ્વયં બોલ્યા, 'જેના ઘણા જ સદ્‌ભાગ્ય ઉદય થયા હોય તેને જ અમારું આ સત્સંગમાં જે વિચરણ કરીએ છીએ તે ગમે. ૩૬. આમ કહીને શ્રીહરિ તૈયાર થયા અને આવીને હાથી ઉપર બેઠા. દરબાર ઝીણાભાઈ શ્રીહરિને ચામર કરવા માટે અત્યંત હરખભર્યે હૈયે હાથી ઉપર બેઠા. ૩૭. હાથી ઉપર સોનેરી કળશવાળી જરિયાની અંબાડી મૂકી હતી. તેના સોનેરી સ્તંભ પણ વિચિત્ર હતા. તેમાં ભગવાન શ્રીહરિ બેઠાં. ૩૮. સોનેરી જેટલો સામાન હતો તે બધાથી હાથીને શણગાર્યો હતો. તે રીતે જ શ્યામસુજાણ શ્રીહરિએ સોનેરી વસ્ત્રો અને આભૂષણો ધારણ કર્યાં હતાં. ૩૯. તે પ્રમાણે જ બધા દરબારોએ

પોતાના અશ્વો ઉપર પણ બધો સામાન સોનેરી જ સજાવ્યો હતો. અને વાજિંત્રો પણ એવાં વાગતાં હતાં કે જેનાથી આખું ગગન ગાજી રહ્યું હતું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ જૂનાગઢ પધાર્યા અને નવાબના મનમાં શ્રીહરિના પ્રત્યે આદરભાવ' એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥



પૂર છઠ્ઠું : તરંગ - ૭૬

શ્રીહરિ ધામધૂમથી જૂનાગઢમાં પ્રવેશ્યા અને દાદાભાઈના દીવાનખાનામાં ઊતર્યા

મોટા મોટા સંતો રથમાં બેઠા. ભાઈ રામદાસસ્વામી અને મુક્તાનંદ સ્વામી સુખપાલમાં બેઠા. ૧. બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી બંને મ્યાનામાં બેઠા. અને તે સિવાયના સંતો ઝાંઝ તથા મૃદંગ બજાવતા ચાલ્યા જતા હતા. ૨. શ્રીહરિ શહેરને દરવાજે આવ્યા ત્યારે સામેથી નવાબ આવ્યા. તેઓ હાથી ઉપર બેઠા હતા. શ્રીહરિને મળવા માટેનો વિચાર કરીને જ આવ્યા હતા. ૩. નવાબ શ્રીહરિની નજીક આવી ગયા. તેઓ હાથી ઉપર બેઠા હતા અને બંનેએ પ્રસન્ન મુખથી હાસ્યને વેરતા મુલાકાત કરી લીધી. ૪. જોકે નવાબે ચોપદારને મોકલીને પ્રથમથી જ ગુપ્તપણે કહેવાડવ્યું હતું કે આપણી આ મુલાકાત આ રીતે હાથી ઉપર રહ્યા થકાં જ થશે. આપે હાથી ઉપરથી ઊતરવાનું નથી. ૫. હું મારા બાગમાં જાઉં છું અને આપ શહેરમાં પોતાને મુકામે જાજો." નવાબે જે રીતે કહેવડાવ્યુ હતું, શ્રીહરિએ પણ તેવું વિચાર્યું. ૬.

નવાબનાં મનના જે વિચારો હતા તે બધાં શ્રીહરિને કહ્યા. તેમણે પુરવાસીઓને પણ ભાવના જણાવી. જેની જેવી રુચિ હોય તેવું જણાવ્યું. ૭. આટલું કહીને નવાબ ચાલતા થયા. પછી શ્રીહરિ શહેરમાં આગળ ચાલ્યા. બધી સવારી રાજમાર્ગ ઉપર ચાલી રહી હતી. શહેરી લોકોની ભીડ ઘણી થઈ હતી. ૮. બધા રાજમાર્ગ ઉપર વિચિત્ર રીતે શોભા કરી હતી. શહેરની

બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને મકાનના ગોખ અને અટારીઓ ઉપર ઊભી હતી. તે શ્રીહરિ નજીક આવતા ત્યારે મોતીથી વધાવતી હતી. અને બીજા શહેરી ભક્તો ફૂલના હાર લઈને ભાવથી શ્રીહરિને પહેરાવતા અને પૂજતા હતા. ૯-૧૦. અનંત વાજિંત્રો વાગતાં હતાં લોકો 'જય જય' 'જય જય' નો ઉચ્ચાર કરતા હતા. છડીદાર જય જયકારની વાણી બોલતો હતો અને સ્ત્રીઓ અતિશય ભાવભરેલાં ગીત ગાતી હતી. ૧૧. હરિભક્તો ગુલાલ લઈ આવ્યા હતા તે આનંદથી ઉડાડતા હતા. નરનારીઓ મનોહર મૂર્તિ શ્રીહરિનાં દર્શન કરીને મનમાં ખૂબ રાજી થયા હતા. ૧૨.

બધા નગરજનો એમ બોલતા હતા કે, આપણા ધન્યભાગ્ય છે અને આ શહેરના પણ ધન્યભાગ્ય છે અને આ જગ્યા (સ્થળ)ના પણ ધન્યભાગ્ય છે. ૧૩. આ બ્રહ્માંડમાં અનેક પુરુષ છે, તેનો ગણતરી કરવાથી પાર આવતો નથી. એમના સમાન બીજાને કોઈને જોયા નથી, જે અપાર શોભાના નિધિ છે. ૧૪. જેણે નજર ભરીને આ શ્રીહરિને એક જ વાર જોયા હોય તેને હવે તે શ્રીહરિ ભુલાતા નથી. તેમને જગતનાં સુખમાં કાંઈ રસ રહ્યો નથી. ૧૫. આ શ્રીહરિનાં સ્વરૂપમાં એવો રસ છે કે, તેને છોડીને અન્ય ખાવાની ચીજો પણ બધી ઝેર બની ગઈ છે. શ્રીહરિનાં સ્વરૂપ સુખને છોડીને હવે અમે તે ઝેરને ક્યારેય ખાઈશું નહિ. એમ તેઓ કહે છે. ૧૬. જિંદગીમાં જેણે ક્યારેય સાકરને જોઈપણ ન હોય તે મીઠાંને કદાચ સાકર માને. જેણે અમૃતરસ ક્યારેય જોયો ન હોય તે કદાચ બીજા રસમાં સુખ માની લે. ૧૭. કોઈને તરસ લાગી હોય તેને દૂધ પાવામાં આવે તો તેનાથી તરસ શાંત થાતી નથી. કદાચ તે દૂધ પીવે, તો તેને પાણીનો સ્વાદ જ આવે નહિ. એવી જ સ્થિતિ નગરજનોની થઈ હતી. શ્રીહરિનો વિયોગ એક પળવાર પણ સહન થઈ શકતો ન હતો. ૧૮.

શ્રીહરિ શહેરના લોકોને દર્શન દેતા અને તે સહુનાં ચિત્તને ખેંચતા પોતાને ઉતારે પહોંચ્યા. દરબાર દાદાભાઈને દીવાનખાને ભગવાન શ્રીહરિ આ બીજી વખત પધાર્યા હતા. ૧૯. દરબાર દાદાભાઈ તો શ્રીહરિને દેખીને ખૂબ ખૂબ રાજી થઈ ગયા. દાદાભાઈએ કહ્યું, મહારાજ ! આ ભવન આપનું જ છે. આપ જ્યારે પધારો ત્યારે ઉતારો અહીંયાં જ કરવો. ૨૦. આ જે કાંઈ

અમારા ઘરબાર છે તે બધું આપે જ અમને આપ્યું છે, એમ અમે માનીએ છીએ. અમારી જે આ ફૂલવાડી છે તેપણ હવેથી આપની જ છે એમ માનજો. ૨૧. એવું અમારું રૂડું ભાગ્ય ક્યાંથી હોય ? કે આ બધુ આપના ઉપયોગમાં આવે ! જે અનંતકોટિ બ્રહ્માંડો છે તે બધાં આપનાં જ છે. ૨૨. આ જીવ જ્યાં જ્યાં જન્મ પામે છે અને ત્યાં તેને જે કાંઈ સુખ સંપત્તિ મળે છે, તે બધું આપનું જ આપેલું હોય છે એમ અમે માનીએ છીએ. ૨૩. આ બધી સુખ સંપત્તિ મારી છે, એમ જીવ જ્યાં સુધી માને છે ત્યાં સુધી આપ તેનાથી દૂર રહો છો. આવી વાતને અમે સમજીએ છીએ અને અમે આપના કહેલાં પાંચ નિયમોને પાળીએ છીએ. ૨૪.

જોકે શાસ્ત્રોમાં આપના કહેલા નિયમો તો અપાર છે. બ્રહ્મા પણ તેનો પાર પામી શકતા નથી. તે બધાં જ નિયમોને જે પાળતા હોય, તેમને અમારા ધન્યવાદ છે, પણ અમે તો અમારો વિચાર કહીએ છીએ. ૨૫. પંખીની પાંખમાં જેટલું જોર હોય તેટલું તે ઊડે છે પણ તેને માટે આકાશ તો અપાર છે. ગરુડ તો આકાશમાં ઘણું જ ઊડી શકે છે છતાં તેને પણ આકાશ તો અપાર જ છે. તેવી અમારી સ્થિતિ છે. જેટલાં નિયમ પળાય તેટલા પાળીએ છીએ. ૨૬. અમે તો આપના ગુનેગાર છીએ. ક્યારેય આપના ગુનામાંથી છૂટી શકીએ તેમ નથી. પણ અમે એક નિર્ધાર કરી રાખ્યો છે કે આપ અને આપનાં વચન અપાર છે. ૨૭. જેટલી અમારી શક્તિ હશે તેટલાં આપનાં વચનોને પાળશું. તેમાં પાછો પગ રાખશું નહિ. બાકી જે રહી જાય તેમાં આપે મદદ કરવાની છે. ૨૮.

✵ સંત ભવસાગર તરવાનું જહાજ છે :

चोपाई :

साधन करने न रहे अब कोउ, संपूरन हो गये सब सोउ;
तुमारे साधन अधुरे जेते, संत जहाज हे करहि तेते...३०

શ્રીહરિએ દાદાભાઈની વાત સાંભળી. પછી તેમને દઢતાથી કોલ આપ્યો. જે ભક્ત મારાથી અધિક બીજા સાધનને માનતો ન હોય તેના બધાં

જ સાધન પૂરાં થઈ ગયાં છે. પછી તેને બીજા કોઈ સાધન કરવાનાં બાકી રહેતાં નથી. તમારે કરવાનાં સાધન જેટલાં અધૂરાં રહેશે તેને આ સંતોરૂપી જે જહાજ છે તે પૂરા કરશે. ૨૯-૩૦.

श्रम करने रहे जहाजकुं अबही, जहाज बेठे कर रहे सबही;
संत हमारे बडे हे जेता, जहाजरूप बनी रहे हे तेता...३१
ज्युं जहाज बोत लकडकर भयेउ, तेसे संत यह सबहि रहेउ;
यामें एक तिनो जो रहावे, समुद्र मध्यहि जाहि डुबावे...३२

હવે તો જહાજને શ્રમ કરવાનો રહ્યો. તમે સર્વે તો જહાજમાં બેઠા રહેજો. કેમ જે અમારાં મોટા સંતો જે છે તે મોટા જહાજરૂપ બન્યા છે. ૩૧. મોટા મોટા ઘણાં જ લાકડાંઓથી જહાજ બનતું હોય છે તેમ આ બધા મોટા સંતો મોટા મોટા વ્રતમાનથી યુક્ત છે. સમુદ્રી જહાજ એકપણ કાણું પડ્યું હોય તો તે સમુદ્રને મધ્યે જતા ડુબાડી દે છે. ૩૨.

જહાજમાં થોડીએ ખામી ચાલે નહિ. એટલા માટે જ આ સંતો વ્રતમાનરૂપી દૃઢ ટેક રાખે છે. વ્રતમાનની ટેક વિનાના સાધુ કાંઈ કામમા આવે નહિ એટલે જ સંતો નૌકાને તુલ્ય કહેવાય છે. ૩૩. નાવિક વિનાનું વહાણ કેવું ? તેનો જરાએ વિશ્વાસ કરાય નહિ. અર્થાત્ **ભગવદ્આશ્રય વિનાના પંચવ્રતમાને યુક્ત હોય તોપણ તે નૌકારૂપી સંતનો વિશ્વાસ કરાય નહિ.** મોટી આગબોટ હોય તો તેને પવનની જરૂર રહે નહિ. અર્થાત્ સિદ્ધદશાવાળા સંતને તો કોઈ નિયમની જરૂર નથી. ૩૪.

પવન વિના પણ તે આગબોટ વહાણ કરતાં વીશગણી વધારે ચાલે છે. કારણ કે, તેમાં તેવી શક્તિ વધારે રહી છે. જે સંતો સિદ્ધગતિને પામ્યા હોય છે તેઓ તો સંતદાસ અને શુકજીના જેવા આગબોટ સમાન બળવાન હોય છે. ૩૫. તે આગબોટ પણ ચલાવનારા ખલાસી સિવાય ચાલે નહિ, અર્થાત્ **પ્રગટ ભગવાનના બળ વિના કાંઈ થતું નથી.** એવી વાતને અમે જાણીએ છીએ.' શ્રીહરિએ જ્યારે આટલી વાત કહી ત્યારે દાદાભાઈ શ્રીહરિને બેસવા માટે ત્યાં એક પલંગ લાવ્યા. ૩૬. શ્રીહરિ પલંગ ઉપર બેઠા. તે વખતે શહેરના જે નાગરો મોટા મોટા દીવાનપદ ઉપર હતા તે બધા ત્યાં આવ્યા. ૩૭. તેમણે શ્રીહરિને

મહાન સમર્થ જાણ્યા હતા તેથી તે બધા શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. તે બધા મહાન બુદ્ધિમાન હતા પણ તેમનાં હૃદયમાં મોક્ષનો ખપ ન હતો. ૩૮.

શ્રીહરિએ તેનો એટલો ગુણ લીધો કે આ લોકોને એની બુદ્ધિ અહીં લાવે છે. તેઓ બુદ્ધિશાળી હોવાથી સત્સંગને ઓળખે છે. પરંતુ પંચવિષયની આસક્તિ એને સત્સંગ કરવામાં અંતરાય કરે છે. ૩૯. નાગરો માયિક વિષયમાં બંધાયેલા હતા તેથી તેઓ વિષયભોગને જ મોક્ષપદ માની બેઠા હતા. તેઓ તે વિષય લાલસા કે વાસનાથી ક્યારેય છૂટી શકે તેમ ન હતા. કારણ કે, માયિક પંચવિષયોએ તેની બુદ્ધિ ઉપર કબજો કરી લીધો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ ધામધૂમથી જુનાગઢમાં પ્રવેશ્યા અને દાદાભાઈના દીવાનખાનામાં ઊતર્યા' એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥



પૂર છઠ્ઠું : તરંગ - ૭૭

શ્રીહરિને નાગરો મળ્યા, રુચિ જણાવી અને શ્રીહરિ દાદાભાઈનો થાળ જમ્યા

નાગરોએ શ્રીહરિને કહ્યું, આપ કાશીવિશ્વનાથના સમાન છો, એમ સમજીને અમે આપને હાથ જોડીને પગે લાગીએ છીએ. ૧. વિશ્વનાથજી મહાદેવ આખા વિશ્વનું ભરણપોષણ વારંવાર કરે છે. આપ તેવા સહુનું ભરણપોષણ કરનારા છો. ૨. બ્રહ્મા આદિ બધા દેવો વિશ્વનાથજીની સેવા કરે છે. સર્વ જગતના તેઓ મુખ્ય કારણ છે એવું સમજીને તત્કાળ તેમના ચરણોમાં તેઓ નમસ્કાર કરે છે. ૩. અમે અમારા ઘરની પત્નીને તથા બધા પુત્ર પરિવારને, દેશ વિદેશમાં જઈ કમાણી કરીને પણ વારંવાર પાળીએ-પોષીએ છીએ. ૪.

❋ શ્રીહરિની અકારણ દયાનું વર્ણન :

છતાં તે પરિવારના લોકો અમારાથી વિરુદ્ધ ચાલે છે. એકસરખા કાયમ અનુકૂળ રહેતા નથી. તેમ જ બધી પ્રજા રાજા પાસેથી બધી જાતના સુખ અને સગવડતા મેળવે છે તોપણ તે રાજાને દુઃખ થાય એવું વર્તન કરે છે. ૫.

ભગવાન વિશ્વનાથ જો વરસાદ ન કરે તો આખા જગતનો પ્રલય થઈ જાય. છતાં જગતના લોકો મન ફાવે તેમ વર્તે છે પરંતુ મહાદેવજી તો પોતાની મોટાઈ સામું જોઈને વરસાદ વરસાવે છે. ૬.

चोपाई :

जीय के जोवे गुन हि जबहु, कबहु न आवे दया तबहु;
एसे हे सब जीय के स्वभावा, राजसादि रहे गुन भरावा...०७
गुन अनुसार करत हे कर्मा, तामें कबु बनी आवे धर्मा;
धर्म सो ताकी करत सहाई, तुमारो जोग कर देवे ताई...०८

જો પરમેશ્વર જીવના ગુણ-કર્તવ્ય સામે જુએ તો ક્યારેય તેના ઉપર દયા આવે નહિ. બધા જીવોનો સ્વભાવ આવો છે. તેમાં રાજસ, તામસ આદિ માયાના ગુણ ભર્યા છે. ૭. તે જીવો ગુણોને અનુસારે કર્મોને કરે છે, તેમાં ક્યારેક કાંઈક ધર્મનું કામ થઈ આવે છે. તે ધર્મ જીવને સહાયક થાય છે અને તેને લીધે જ આપનો યોગ થઈ જાય છે. ૮.

જીવ આપનાં સન્મુખ જેટલાં પગલાં ચાલે છે તેટલાં તેનાં પાપ છૂટી જાય છે. અને એ રીતે જ્યારે પાપોનો નાશ થાય છે ત્યારે તેને આપનાં ઉપદેશવચન ગમે છે. ૯ અને જ્યારે આપનાં તે વચન જીવને ગમવા લાગે છે ત્યારે તેનાં બધા જ પાપ નષ્ટ થઈ જાય છે. તે જીવો જ્યાં સુધી આપનાં વચનોથી દૂર રહે છે. ત્યાં સુધી તે પૂરેપૂરા દુઃખને પામે છે. ૧૦. જ્યારે આપે કૃપા કરી ત્યારે અમને આટલો આપનો યોગ થયો. લોકોના ઉપર આપની કૃપા તો હંમેશાં છે જ પણ લોકો તે વિચારી જોતા નથી. ૧૧. મનુષ્યને જેવો પેટ ભરવાનો ખપ છે તેવો ખપ આપનો નથી. માટે પેટ જ આપને પામવામાં બધાને અંતરાયરૂપ થાય છે. અર્થાત્ પેટ ભરવાની ચિંતામાં આપની ભક્તિ કરીને આપને પામતા નથી. જો પેટ ન હોય તો મનુષ્ય જડ થઈ જાય કહેતા સારું-મોળું કાંઈ કરે નહિ. ૧૨.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, સાંભળો, તમે બધા બુદ્ધિમાન છો. છતાં કહું છું કે, **સત્સંગના વિના ક્યારેય મોક્ષનો અંકુર ફૂટે નહિ.** ૧૩. અનાજને

કરોડો વરસ સુધી કોઠારમાં ભરી રાખવામાં આવે, પણ અનુકૂળ ઋતુ અને ભૂમિનો જોગ થયા વિના તેને ક્યારેય અંકુર ફૂટતો નથી. ૧૪. જેવું કામ કરવું હોય તેવા સાધનોનો જોગ હોવો જોઈએ અને તે જોગ વિના તો અનંત જન્મોમાં કે આજ, કર્યા સિવાય કોઈ કામ થતું જ નથી. ૧૫. તમે બધા જ્યારે અહીંયાં આવ્યા ત્યારે આટલો સત્સંગ થયો. સંતોનાં દર્શન થયાં અને આટલો સમય શુભવિચારમાં વીત્યો. ૧૬.

❋ સત્સંગ તથા કુસંગનું વિવેચન :

चोपाई :

जिहाँ सत्संग तिहाँ शुभ हि काला, सत्संग नहिं तिहाँ काल कराला;
सत्संग में जिय होत हे ओरा, निरमलता पावत यह ठोरा...१७

જ્યાં સત્સંગ હોય ત્યાં જ શુભકાળ સમજવો. અને જ્યાં સત્સંગ ન હોય ત્યાં કાળ પણ ભયંકર જ હોય. સત્સંગમાં જીવ (મન) કાંઈ અલગ જ હોય છે. સત્સંગમાં જીવને નિર્મળતા પ્રાપ્ત થાય છે. ૧૭. સત્સંગમાં મોક્ષ સિવાયની બીજી વાત જ આવતી નથી. સત્સંગ સભામાં હંમેશા કથા-વાર્તા અને કીર્તન થાતા હોય છે. જગતના વિષયોને સત્સંગમાં માગ (જગ્યા) જ મળતો નથી અને સહેજે જ ભગવાનનાં ચરણોમાં અનુરાગ થાય છે. ૧૮.

चोपाई :

हरि की विस्मृति करावे जेता, कुसंग सबहि समझना तेता;
हरि बिन ओर में रुचि जितना, कुसंग हि समझना तितना...१९
सत शास्त्र को सिद्धांत हे एसे, यह सब संत हि समझत तेसे;
हरि सबंध विन ओर हि वाता, एहि सब कुसंग साक्षाता...२०

જે ભગવાનને ભુલાવી દે, તે બધાને કુસંગ જાણવો. ભગવાન સિવાય બીજે જેટલી પણ રુચી રહે છે તેટલો કુસંગ સમજવો. ૧૯. સત્શાસ્ત્રોનો આવો જે સિદ્ધાંત છે તેને સહુ સંતો સમજે છે. ભગવાનના સંબંધ વિનાની જે બીજી બધી વાતો છે તે બધો સાક્ષાત્ કુસંગ છે. ૨૦.

ચોપાઈ :

भगवान में मन चोटावे जेही, सत्संग सो समझनो तेही;
अनेक भये हरि के अवतारा, गिनत ताको आवत न पारा...२१
प्रगट में तान मेलावे ताको, तब सत्संग सो जानना पाको;
प्रोक्ष से कबु काम नहि होवे, बुद्धिवंत निज दिल में जोवे...२२

જે ભગવાનમાં મનને ચોંટાડે તેને સત્સંગ સમજવો. ભગવાનના અવતારો તો અનેક થઈ ગયા છે તેનો ગણ્યે પાર આવતો નથી. ૨૧.જે પ્રકટ ભગવાનમાં તાન-લગની લગાડે તેને પાકો સત્સંગ સમજવો. ક્યારેય પરોક્ષથી કામ સિદ્ધ થાતું નથી. તેને બુદ્ધિમાન મનુષ્યે પોતાનાં દિલમાં જોવું-વિચારવું. ૨૨.

શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ. વર્ણી શ્રીહરિને બોલાવવા માટે આવ્યા ત્યારે તરત જ શ્રીહરિ ઊઠ્યા. ૨૩. સહુ નાગરો શ્રીહરિને પગે લાગીને પોતાને ઘેર ગયા. પછી ગરમ જળથી સ્નાન કરીને શ્રીહરિ થાળ જમવા બેઠા. ૨૪. શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. સોનાના બાજોઠ ઉપર આવીને તરત જ બેસી ગયા. ૨૫. સારો સાકરનો શીરો અને બીજો સારો દૂધપાક બનાવ્યો હતો. પૂરી ઘણી કરી હતી. વડાં અને ભજીયાં પણ બનાવ્યાં હતાં. ૨૬. ઘીમાં સારી રીતે પકાવીને રીંગણાંનું શાક કર્યું હતું. પછી તેમાં બધાં હવેજ-મસાલા નાખીને સાથે દહીં ભેળવ્યું હતું. ૨૭. ઘણી રીતથી સોનાનો થાળ પીરસ્યો હતો. તેની શોભા મુખથી કહી શકાતી નથી. બધું લાવીને શ્રીહરિની આગળ ધર્યું. એટલે તેઓ તરત જ જમવા લાગ્યા. ૨૮. ભગવાન શ્રીહરિએ રસોઈનાં વારંવાર વખાણ કર્યા અને પૂછ્યું, "આજ થાળ કોનો છે ?" ત્યારે વર્ણીએ કહ્યું, આજ તો દાદાભાઈની રસોઈ છે. ૨૯.

✵ પ્રેમભક્તિની મહત્તા :

શ્રીહરિએ કહ્યું, દાદાભાઈને બોલાવો. તેઓ અમે જમતાં હોઈએ એવાં દર્શન કરે. પછી તેમને બોલાવ્યા. એટલે તેઓ તરત જ ત્યાં આવ્યા.

તેમનાં હૃદયમાં અતિશય આનંદ છવાઈ રહ્યો હતો. ૩૦. તેઓ બોલ્યા, અહો ! હે નાથ ! આપે મને બોલાવ્યો !!! આજે તો હું કૃતાર્થ થઈ ગયો છું. એકવાર આપે શબરીનાં બોર ખાધાં હતાં. કુલહીન શબરીને પણ આપે કુલીન-પાવન કરી હતી. ૩૧. દુર્બળ સુદામાનાં એક મૂઠી જેટલા તાંદુલ (પૌઆ) ખાઈને આપે તેને કૃતાર્થ કર્યા હતા અને જે દિવસે વિદુરજીની ભાજી ખાધી તે દિવસથી તેને પરમપદ (મોક્ષ) પ્રાપ્ત કરાવ્યું. ૩૨. જેણે આપની કિંચિત્ માત્ર-થોડી ઘણી પણ સેવા કરી છે. તેઓ ત્રણે લોકોને જીતી ગયા છે આવા આપ દયાળુ નાથ છો. હે કૃપાળુ ! આપને તો પોતાના ભક્તો જ વહાલા છે. ૩૩.

મોટા મોટા યજ્ઞોના તમે ભૂખ્યા નથી. આપ પ્રેમીભક્તના જોગમાં રહીને પ્રેમરસના ભોગવનારા છો. વસ્ત્રો અને આભૂષણો, જે પ્રેમથી અર્પણ થાય તો જ તેનો ભોગ કરો છો. ખાન અને પાન પણ ભક્તોએ પ્રેમથી અર્પણ કરેલાં હોય તે જ આપને ગમે છે. ૩૪. બધા જ વાહનો, હાથી, ઘોડા અને સુખપાલ વગેરે પ્રેમથી દીધાં હોય તે જ આપને ગમે છે. પલંગ, હિંડોળો, ગાદી, તકિયા વગેરે હરેક પદાર્થમાં પ્રેમભાવ જ આપની પ્રસન્નતાનું કારણ છે. ૩૫. સોના કરતાં પણ કરોડ ગણાં કિંમતી જે જે અનંત ભોગ્ય પદાર્થો હોય, તેપણ જો પ્રેમ વિના અર્પણ થયા હોય તો તે રસને આપ ગ્રહણ કરતા નથી. ૩૬. જે વસ્તુ કે પદાર્થ આપના જ છે અને તેપણ આપને પ્રેમથી અર્પણ કરવાના હોય છે અને આપ બધા ભોગોથી પૂર્ણ છો છતાં પણ આપને આપવું ઘણું કઠણ છે. ૩૭.

सोरठा : प्रेम विन हि जोउ, अनंत कोटि ब्रह्मांड यह;
तुमकुं देवे कोउ, कबु सन्मुख न जोत तेहि...३८
गद्गद प्रेम समेत, जल वा पत्र फल फुल;
दोरी कर तुम लेत, ज्युं क्षुधा आतुर कोउ...३९

જે આ અનંતકોટિ બ્રહ્માંડો રહ્યા છે. તેને કોઈ પ્રેમ વિના આપને અર્પણ કરે તો આપ ક્યારેય તેની સામે પણ દેખતા નથી. ૩૮. કોઈ પ્રેમથી

ગદ્‌ગદ કંઠ થઈને પત્ર, પુષ્પ, ફળ કે જળ આપને અર્પણ કરે છે તો આપ તેને દોડીને સ્વીકારો છે, જેમ કે ભૂખ્યો-દુખ્યો મનુષ્ય ભોજનને લે છે. ૩૯.

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृत् अस्नामि प्रयतात्मनः ।।

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ અને નાગરો મળ્યા, રુચિ જણાવી અને દાદાભાઈનો થાળ જમ્યા' એ નામે સત્યોતેરમો તરંગ સમાપ્ત ।।૭૭।।



પૂર છઠ્ઠું : તરંગ - ૭૮

શ્રીહરિએ નક્કી કરેલા મોક્ષનાં પાંચ દ્વાર અને દાદાભાઈએ પૂજા કરી.

શ્રીહરિ થાળ જમી રહ્યા. હાથ અને મુખ ધોયાં, પછી દાદાભાઈને બધો થાળ પ્રસન્ન થઈને આપ્યો. ૧. શ્રીહરિએ દાદાભાઈને કહ્યું, થાળની પ્રસાદી તમે એક જ જમજો. વારેવારે આવો જોગ આવે નહિ. આમાં દયાળુ થશો નહિ. ૨. આ પ્રસાદ દુર્લભમાં પણ દુર્લભ છે. તે દેવોને પણ ક્યારેય મળતો નથી. તે પ્રસાદ તમને મળ્યો છે. સંતો કહે તેમ પ્રસાદનો લોભ કરવો. ૩. ત્યારે દાદાભાઈએ કહ્યું, શ્રીહરિએ જે આજ્ઞા કરી છે તેમ કરીશ. પણ આ બાબતમાં ઉમા અને મહેશને થયો હતો તેમ કલેશ થાય. ૪. ત્યારે શ્રીહરિએ કહ્યું, જેમ સુખ થાય તેમ અમારી આજ્ઞાને પાળજો. આજ્ઞા પાળવા જતાં, જેનાથી દુઃખ થાય તેટલું છોડી દેવું, અને સુખ થાય તેમ કરવું. ૫.

चोपाई :

सुख करन हमारे हे ताना, सुख करते दुःख आवे अजाना;
तितनो वचन सो त्याग हि करना, याको हम कबु दोष न धरना...०६

विवेक विन दुःखि होत हे प्रानी, विवेक की वात सब लेना जानी;
विधि निषेध वचन हे अपारा, सो जाननो यह वचन हमारा...०७

हमारो वचन हम कहिये जेसे, वार वार वरतना तेसे;
आप जाने जो जो वचन हमारा, कबहु न करना त्याग लगारा...०८

અમારે તો સુખી કરવાનું જ એક તાન છે. તે સુખ આપતાં અજાણમાં ક્યાંક દુઃખ આવી જાય તો તે દુઃખ થાય તેવાં વચનને તજી દેવું. અને તે તજી દેવાથી અમે કાંઈ તેનો દોષ માનશું નહિ. ૬. વિવેક ન રાખે તો પ્રાણી દુઃખી થાય છે. સહુએ વિવેકની વાતને સમજી લેવી જોઈએ. વિધિ અને નિષેધને કહેનારાં અપાર વચન છે. તે અમારા જ વચન છે એમ જાણવું. ૭. અમે જે વચન જેમ કહ્યું હોય તેને વારંવાર તેવાં રૂપમાં જ પાળવું. તમે જે જે વચનને અમારું જાણો તેને ક્યારેય લગાર પણ છોડી દેવું નહિ. ૮.

તમારું હિત અમે જેવું જાણતાં હોઈએ તેવી ગમ બીજા કોઈને પડે નહિ. ઔષધની રીતને તો વૈદ્ય જ જાણતા હોય, તેઓ ઔષધ પ્રમાણે પથ્યાપથ્ય પળાવતા હોય છે. ૯. ઔષધ ખાય પણ પરેજી ન પાળે, તો તેમાં બીજા અનેક રોગોને આવવાની સંભાવના રહે છે. જ્યારે વૈદ્યના હાથમાં પોતાની નાડી સોંપી હોય ત્યારે તો વૈદ્ય કહે તેમ જ કરવું પડે. ૧૦. અને તેમ કરવાથી જ રોગ નિર્મૂળ થાય. તે પછી જ અનંત સુખ મળે.

શ્રીહરિ આટલી વાત કરી રહ્યા ત્યારે સંતોની પંગત કરાવી. ૧૧. દરબારો અને પાર્ષદો પણ આવીને પંગતમાં બેઠા. ત્યારે શ્રીહરિ તે સહુને પીરસવા લાગ્યા. જ્યાં સુધી સર્વ સંતો જમતાં રહ્યા, ત્યાં સુધી શ્રીહરિ પીરસવા માટે પંગતમાં ફરતા રહ્યા. ૧૨. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. તે પછી આવીને પલંગ ઉપર થોડીવાર સુધી પોઢી ગયા. ૧૩. બે ઘડી સુધી સંતો ધ્યાન કરતા રહ્યા. પછી બધા સંતો મૂર્તિનું મનમાં ચિંતવન કરતાં કરતાં શહેરની બહાર સ્નાન કરવા માટે ગયા. ૧૪.

બહાર ગયેલા સંતો રસ્તામાં ચાલતાં અથવા તે તે ક્રિયાઓમાં વચ્ચેના સમયમાં સંતોનાં ધર્મની વાતો કરતા. કોઈક સંતો હરિભક્તોના એકાંતિક ધર્મની વાતો કહેતા અને કેટલાક સંતો તો શ્રીહરિનાં ચરિત્રોની ઘણી રીતની વાતો કરતા હતા. ૧૫. કોઈ ખાવા પીવાની વસ્તુઓની વાતો અથવા જગતના સંબંધવાળી કોઈપણ વાતને અત્યંત દોષરૂપ જાણીને સંતો મુખથી ઉચ્ચારતા જ નહિ. ૧૬. સંતો એવી વાતો કહેતા કે જેટલા પાપ કહેવાય છે તે બધાંથી આખું જગત નખશીખ ભર્યું છે. ચારે ખાણમાં રહેલા જીવના

બધા દેહ પાપથી જ ભરપૂયર ભર્યાં છે. ૧૭. બધાના દેહ ખોટા જ જોવામાં આવે છે. ખરેખર તો જીવ સિવાયની કોઈ સાર વસ્તુ નથી. કારણકે વિકારને કારણે તે દેખાય આવે છે. ૧૮. વિકાર વિના તે દેખવામાં આવે નહિ અને સારવસ્તુ જે આત્મા તેને કારણે દેહાદિકમાં તે વિકાર થાય છે. અને આત્મા સિવાયનું બીજું તત્વ એકેય થોડુંક પણ અડવા યોગ્ય રહ્યું નથી. ૧૯. તેને મનુષ્યશરીર પામીને ખાય છે તેના જેવો બીજો કસાઈ કોને કહેવો ? જીવ મનુષ્ય દેહમાં હોય ત્યારે તેને પાપનું જ્ઞાન કે પુણ્યનું જ્ઞાન થાય છે. ૨૦.

મનુષ્યનાં શરીરને દિવસ કહેવાય છે. તે દિવસમાં જે જાગે છે. અર્થાત્ સાવધાન થાય છે તેને મનુષ્યદેહનું પ્રયોજન સિદ્ધ થાય છે. લખચોરાશીનાં જેટલા પાપ છે તેની શુદ્ધિ કરવાનું સાધન મનુષ્ય દેહ જ છે. ૨૧. મનુષ્ય દેહ મળ્યા છતાં જે પાપોને છુપાવી રાખે છે તે કાંઈ વધારે પડતી મોટાઈ નથી. આવું સમજીને જ સર્વે જ્ઞાની પુરુષો બધાને જ્ઞાનોપદેશ કરતા રહે છે. ૨૨.

चोपाई :

एक जन ज्ञान हरि को पावे, गर्भवास सब हि छूट जावे;
यह अवसर हरि आप इच्छाई, दुरवासा के निमत कराई...२३
अनंत जन उद्धारन आये, एसे न कोउ अवतार सुनाये;
आ अवसर चुके जेहि प्रानी, ताकुं अति बडी भई हानी...२४

કોઈપણ એક જીવને ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન આપવામાં આવે તો તે જીવનાં ગર્ભવાસ આદિ બધા જ દુ:ખો છૂટી જાય છે. આ વખતે તો શ્રીહરિએ સ્વેચ્છાથી દુર્વાસાના શાપને નિમિત્ત કરીને જીવોનો ઉદ્ધાર કરવાનું વિચાર્યું છે. ૨૩. અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે પધાર્યા હોય તેવો કોઈ અવતાર આપણે સાંભળ્યો નથી. અને જે પ્રાણી આવેલા ઉત્તમ અવસરને ચૂકી જશે, તેને ઘણી મોટી નુકસાની જાશે. ૨૪.

અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે શ્રીહરિએ પાંચ દ્વાર નક્કી કર્યા છે. જેના દ્વારા જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર રહે ત્યાં સુધી જીવોનો મોક્ષ નિશ્ચિતરૂપમાં થયા કરે. ૨૫. (૧) સર્વ પ્રથમ ધર્મનાં તત્ત્વરૂપ અર્થાત્ પંચવ્રતમાને યુક્ત સંતોને સ્થાપિત કર્યા અને તે પછી (૨) સર્વોપરિ અને અજોડ એવા મોટા

મંદિર બંધાવ્યા. ૨૬. (૩) સિદ્ધાંતને અનુરૂપ શ્રીકૃષ્ણ ભગવાનનાં સ્વરૂપોની સ્થાપના કરી. તે સર્વોપરિ અને પરમ અનુપ છે. તેનાથી પર બીજા કોઈ નથી. ૨૭. અનંત કોટિ અવતારો બધા શ્રીકૃષ્ણ સ્વરૂપમાં આવી જાય. કોઈ બહાર ન રહે, એમ સમજીને સ્વરૂપોને સ્થાપ્યા. ૨૮. ધર્મદેવના જે પુત્રો છે તે બધા વિપ્રો ધર્મરૂપ જ છે. તેમાં જ ભગવાન શ્રીહરિ પ્રકટ થયા છે તેમના ગુણોનું વર્ણન કરતાં પાર પમાય તેમ નથી. ૨૯.

(૪) તે શ્રીહરિએ જે જે મોક્ષકારી ગ્રંથો છે તે સર્વે સર્વશાસ્ત્રોથી શ્રેષ્ઠ ગ્રંથો રચ્યાં-રચાવ્યાં છે. તેમાં કળિયુગમાં પળી શકે એવી રીતે વર્ણાશ્રમના ધર્મોનું રહસ્ય કહ્યું છે. ૩૦. ચાર પ્રકારના ધર્મને (વર્ણાશ્રમના ધર્મને અથવા અમદ્ય, અમાંસ, અચૌર્ય અને નિષ્કામતારૂપ ચાર પ્રકારના ધર્મને) દૃઢપણે પાળે એવા તો દૃઢ ધર્મવંશી દેખ્યા. ધર્મદેવના પરિવારના વિપ્ર ત્રિલોકીમાં પૂજ્ય દેખ્યા. ૩૧. (૫) તેથી બંને ભાઈઓના એકેક વિશેષ શક્તિસંપન્ન પુત્રોને દેખ્યા. તેમને શ્રીહરિએ પોતાની ગાદી ઉપર બેસાડ્યા અને તેમને આચાર્ય પદ આપ્યું. ૩૨. સમગ્ર સંતોની અને હરિભક્તોની સંમતિ લઈને તે કામને સર્વોપરિ કર્યું. તેનાથી બધો સત્સંગ નિર્બાધ રાખ્યો કારણકે તેનાથી સત્સંગનો રંગ સદાને માટે એકસરખો રહે. ૩૩. આવા મોક્ષના દ્વાર કર્યા. આવું કાર્ય બીજા કોઈને આવડ્યું નહિ. પ્રાસંગિક કથામાં મુક્તાનંદસ્વામીએ દાદા ખાચરને આટલી ઉપર કહી તે વાત ઉમંગથી કહી. ૩૪. હવે જે કથા પ્રસંગ છે તેને સંભારીને કહું છું. શ્રીહરિવર જ્યારે પોઢીને જાગ્યા ત્યારે સંતોની અને હરિભક્તોની સભા ભરાણી. ૩૫.

ફૂલવાડીનો જે ચોક હતો તેમાં શ્રીહરિએ સભા કરાવી. ત્યાં એક મોટો મંડપ બાંધ્યો હતો. તેની નીચે સુખકારી સંતો બેઠા. ૩૬. ત્યાં તુરંત જ સોનાનો હિંડોળો બાંધી દીધો. અને તેના ઉપર ભક્તપ્રતિપાલક ભગવાન શ્રીહરિ બેઠા. ૩૭. તે વખતે યોગ્ય અવસર જાણીને દરબાર શ્રીદાદાભાઈ શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. કેસરયુક્ત ચંદન અને અપાર ફૂલહાર પૂજા માટે લાવ્યા. ૩૮. તેમણે શ્રીહરિનાં અંગો ઉપર કેસરીચંદન ચરચ્યું અને વિવિધ પ્રકારના ફૂલહાર પહેરાવ્યા. ૩૯. ભુજાઓ ઉપર ફૂલનાં

બાજુબંધ બાંધ્યા. ચરણોમાં પણ ફૂલનાં શણગાર ધરાવ્યાં. પાઘ ઉપર ફૂલના તોરા ધરાવ્યા. તે ફૂલોનો સુગંધ ચારેબાજુ પ્રસરી રહ્યો હતો. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ મોક્ષના પાંચ દ્વાર નિશ્ચિત કર્યા તથા દાદાભાઈએ પૂજા કરી' એ નામે અઠ્ઠોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥



પૂર છઠ્ઠું : તરંગ - ૭૯

શ્રીહરિ દ્વારા સભામાં કહેલી વાત તથા મુક્તાનંદમુનિને સમાધિ થઈ

દરબાર દાદાભાઈએ શ્રીહરિની જ્યારે પૂજા કરી ત્યારે સુંદર રંગની એક જરિયાની શાલ શ્રીહરિને ઓઢાડી. ૧. હઠીસિંહ નામે દાદાભાઈને પુત્ર હતા. નાની ઉંમરને લીધે તે ઘણા ચપળ હતા. તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. ૨. પછી ઘણા જ પ્રેમથી શ્રીહરિની કપૂરથી આરતી ઉતારી. કેસરી ચંદન ચરચીને પછી શ્રીહરિનાં ચરણકમળ છાતીમાં લીધાં. ૩. તે વખતે વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. શહેરના અપાર ભક્તો આવ્યા હતા. તેમાં ખાસ કરીને નાગર બ્રાહ્મણો હતા. ૪. જ્યારે દાદાભાઈ પૂજા કરી રહ્યા ત્યારે તેમને ફરીને પોતાની પાસે બોલાવ્યા. પોતાની છાતી ઉપર પહેરેલા જેટલા ફૂલહાર હતા, તે બધા દાદાભાઈને આપ્યા. ૫. હઠીસિંહને તોરા અને ગુચ્છ આપ્યા, તેને દેખીને તો તે ઘણા જ ખુશ થઈ ગયા. પછી શ્રીહરિએ તેને પાછા બોલાવીને એક ફૂલહાર પણ આપ્યો.૬.

તે પછી હઠીસિંહે કેસરી ચંદન લઈને પ્રેમથી સંતોને સરસ અર્ચા કરવા લાગ્યા અને દાદાભાઈ ફૂલહાર લઈને સંતોને પહેરાવવા લાગ્યા. ૭. જેટલા સંતો હતા તે સહુને લાવીને એકેક ધોતીયું આપ્યું. વર્ણીઓને એકેક પીતાંબર લાવીને તરત ઓઢાડ્યું. ૮. દરબારોની પૂજા કરીને હાર પહેરાવ્યા. તે પ્રમાણે જ પાર્ષદોને પણ ફૂલહાર પહેરાવ્યા. તે પછી સહુને પગે લાગ્યા. આ રીતે વિધિ પ્રમાણે સહુની પૂજા જ્યારે કરતા હતા ત્યારે જેટલા સંતો અને

હરિભક્તો હતા તે બધા કીર્તન બોલતા હતા. બધે આનંદ ઉત્સવ છવાઈ રહ્યો હતો અને સંતો તો ફૂલહારથી ભરપૂર ઢંકાઈ ગયા હતા. ૯-૧૦. માનો કોઈ ફૂલવાડી ફૂલી ઊઠી નહોય ? તેમ ફૂલોની અદ્ભુત શોભા થઈ હતી. તેને મધ્યે રસમાત્રનાં અને શોભાનાં ધામ શ્રીઘનશ્યામ હરિ ઝૂલી રહ્યા હતા. ૧૧.

તે સમયે તેવી સભાને જોઈને ત્યાં અપાર પંડિતો અને પુરાણીઓ આવ્યા હતા. તેઓ મનમાં જે જે પ્રશ્ન નક્કી કરીને આવ્યા હતા, તેના ઉત્તર તો તે સભાને દેખતા જ તેમને મળી જતા હતા. ૧૨. સર્વાંતર્યામી શ્રીહરિ તેનાં હ્દયમાં વસીને બધા જ ઉત્તર કરી આપતા હતા. જેનો જેવો પ્રશ્ન હોય તેને તરત જ શ્રીહરિ જાણી લેતા હતા. ૧૩. રાજ્યના દીવાન જેવા મોટા મોટા અપાર નાગરો જ્યારે ત્યાં આવીને બેસતા હતા ત્યારે તેનાં હ્દયમાં ઉજ્જ્વળતા થઈ જતી હતી. ૧૪. તેમણે સત્સંગની રીતભાત-ચાલ ચલગત દેખી તેમજ બીજા લોકોની રહેણીકરણી દેખી ત્યારે તેમને સત્સંગ સિવાય બીજે બધે તો કુચાલ-દુરાચાર જ દેખાયા. ૧૫. ધર્મ અને નિયમોની શ્રેષ્ઠતા-સુંદરતા તો તેમને સત્સંગ સિવાય બીજે ક્યાંય દેખાઈ જ નહિ. કામભોગ અને રસાસ્વાદે બધાને ખુવાર કરી દીધા હતા. ૧૬

❋ સત્સંગ તથા કુસંગ થવાનું વર્ણન :

સત્સંગ સિવાયના અનંત મતપંથ હતા. ગણતાં ગણતાં પણ તેનો પાર પમાય તેમ ન હતું. દરેકમાં કામભોગ, અનેક પ્રકારના રસાસ્વાદ, વ્યસનો અને વિવિધ રીતના ફેલ ભર્યા હતા. ૧૭. તે કામ આદિ દોષોએ આખી ત્રિલોકીને જીતી લીધી હતી. તે દોષોને વશ થઈને બધા નર અને નારીઓ જમપુરીના અધિકારી થયા હતા. ૧૮. જમપુરીનું તો એટલું બધું દુઃખ છે કે તેનું વર્ણન કરે પાર આવે તેમ નથી. તેનો મનમાં લેશમાત્ર પણ ત્રાસ રાખ્યા સિવાય લોકો પાપ કરે છે તેને પરિણામે ઘણી જાતના દુઃખોને હંમેશાં પામે છે. ૧૯. લખચોરાશીનો ઉપદેશ તો જીવના હિતને માટે છે. પરમેશ્વરે તેને પાપના ફળ ભોગવવા અપાર દુઃખયુક્ત રચી છે. તેમાં કોઈપણ સ્થાનમાં સુખનો લેશપણ નથી. જે દુરાચાર કરે છે તે લખચારોશીમાં ભટકે છે. ૨૦.

ચોપાઈ :

तोहु विषय न तजत अभागी, हरिजन संत देखे बडभागी;
हरि बिन चिंतवन जितनो चिता, तिहाँ लग सब कुसंग ही भरिता...२१
हरि बिन घाट उठे ज्यां लगही, सत्संग करनो हे त्यां लगही;
हरि बिन घाट न उठे जबहु, सत्संग पुरे हो रहे तबहु...२२

જે અભાગિયા છે તે આટલું દુઃખ ભોગવે છે છતાં વિષય ભોગને છોડતા નથી. જે ભાગ્યશાળી સંતો અને હરિભક્તો છે તેને તે દેખાય છે. મનમાં ભગવાન સિવાયના બીજા ઘાટ સંકલ્પો જ્યાં સુધી થાય ત્યાં સુધી જીવમાં કુસંગ ભર્યો છે, એમ તે સંત હરિભક્તો માનતા. ૨૧.જ્યાં સુધી શ્રીહરિ સિવાય બીજા ઘાટ સંકલ્પ થાય ત્યાં સુધી સત્સંગ કરવો. જ્યારે ભગવાન સિવાયનો કોઈ ઘાટ-સંકલ્પ થાય જ નહિ ત્યારે સત્સંગ પૂરો થયો જાણવો. ૨૨. નામથી તો 'સત્સંગ' એક જ છે પણ અંદર તો તે સત્સંગના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ આવા બીજા ભેદ અનેક છે. અને તેમાં પણ એકએકના અનેક અંગ છે. ૨૩.

ज्युं ज्युं करे सत्संग शुभ रीति, त्युं त्युं बढे सत्संग में प्रीति;
सत्संग करत प्रीत घट जावे, तिहाँ लग सत्संग न कहावे...२४

શુભ રીતથી જેમ જેમ સત્સંગ કરવામાં આવે છે તેમ તેમ સત્સંગમાં પ્રેમ વધતો રહે છે. સત્સંગ કરવા છતાં પણ જો તેમાં પ્રેમ ઘટી જાય, તો ખરેખર સત્સંગ ન કહેવાય. ૨૪. શ્રીહરિ આવી વાતોને સહજ સ્વભાવે નિત્ય કહેતા. તે વાતોને કેટલી લખવી ? લખતા છેડો આવતો નથી. ૨૫. શ્રીહરિ સભામાં વાત કરતા કે, દુનિયામાં અપાર લોકો છે. તેમાં એક એકથી અધિક બુદ્ધિવાળા પણ છે. તેમને રાજ્ય નથી છતાં બુદ્ધિથી રાજ્ય કરતા હોય છે, છતાં પરિણામે તેઓ પોતાના આત્માનું નુકસાન કરે છે. ૨૬.

सोरठा : देह को इच्छत सुख, एसो सो तेहि जत्न करत;
रहत दुःख को दुःख, ताको न विचार करत...२७

સહુ શરીરનાં સુખને ઈચ્છે છે. અને તેને માટે મહેનત કરે છે. પણ છેવટે તો દુઃખનું દુઃખ જ રહે છે. તેનો તે કોઈ દિવસ વિચાર કરતા નથી. ૨૭.

સ્વપ્નનાં જેવા અસ્થિર અને મિથ્યા સુખને માટે જે વધારે મહેનત કરે તેને લોકો બુદ્ધિમાન ગણે છે, પણ તેને ભગવાનના ભક્તો મહત્ત્વ આપતા નથી. ૨૮.

※ જે મોક્ષ સુધારે તે જ બુદ્ધિમાન છે :

બુદ્ધિના ઉપર જેવું અને જેટલું વાસનાનું પડ ચઢે છે તેવી જીવની રુચિ થઈ જાય છે. જેમ જેમ ઉંમરને લીધે શરીર વધે તેમ તેમ તેમાં બુદ્ધિ પણ વધતી હોય તેમ દેખાય. ૨૯. અને ઉંમરને કારણે જેમ જેમ શરીર ક્ષીણ થાય - ઘસાતું જાય તેમ તેમ બુદ્ધિ પણ ઘટતી જાય. માણસની બુદ્ધિ અનંત પ્રકારની છે તેનો ગણવાથી પાર આવે તેમ નથી. ૩૦.

ચોપાઈ :

व्यवहारिक बुद्धि कहावे सबहु, मोक्ष में काम न आवे कबहु;
मोक्ष सुख आगे यह सुखा, बसन जीय विन देह ज्युं लुखा...३१

જે વ્યાવહારિક બુદ્ધિ કહેવાય છે, તે સર્વે જીવના મોક્ષમાં ક્યારેય ઉપયોગી થાતી નથી. મોક્ષના સુખની આગળ આ લૌકિક સુખ તો કપડાં અને જીવ વિનાના દેહ - મડદા જેવું લૂખું બિહામણું છે. ૩૧. મડદાને દેખીને તો કૂતરાં અને શિયાળ જેવા પ્રાણી ખુશી થાય છે અને ગાંડા થાય છે. જીવને જ્યાં સુધી પિંડ-શરીરમાં અને જગતમાં આસકિત છે ત્યાં સુધી તેની બુદ્ધિ પશુના જેવી છે. ૩૨.

※ જ્ઞાનવાન જ મહાન છે :

ચોપાઈ :

मोक्ष को ज्यां लग कियो न विचारा, ब्रह्मांड में जन जितने सारा;
प्रकृति पुरुष पाताल प्रजंता, एक माप सब हि कहंता...३३
एसी जाकी बुद्धि होवे, प्रभुपद तजीके चित न प्रोवे;
बुद्धि में बुद्धि श्रेष्ठ हि ताहि, शास्त्र संत सराहत वाहि...३४

જ્યાં સુધી જીવ પોતાના મોક્ષ માટે વિચાર નથી કરતો ત્યાં સુધી બ્રહ્માંડમાં રહેલા તમામ મનુષ્યો અને પ્રકૃતિ-પુરુષથી લઈને પાતાળ સુધીના બધા જ જીવ-પ્રાણીઓ એકસરખા માપના જ ગણાય. ૩૩. જ્યારે આવી

સમજણ આવે ત્યારે જીવ "પરમેશ્વરના ચરણોને છોડીને બીજે ક્યાંય ચિત્તને જવા દે નહિ." આવી બુદ્ધિ જ સર્વ પ્રકારની બુદ્ધિમાં શ્રેષ્ઠ છે અને શાસ્ત્ર તથા સંતો પણ તેવી બુદ્ધિના જ વખાણ કરે છે. ૩૪.

एसी न बुद्धि आई ज्यां लगलुं, शास्त्र न सराहत त्यां लगलुं;
ब्रह्मांड भराय पढो ग्रंथ तेता, तीर्थ फिरो ब्रह्मांड में एता...३५
जप तप व्रत करो कल्प पर्यंता, कोटि कल्प वा करो रहंता;
तोहु यह ब्रह्मांड के मांहि, सुख दुःख को भोगवत रहाई...३६

જ્યાં સુધી આવી બુદ્ધિ-સમજણ ન આવે ત્યાં સુધી તેને શાસ્ત્ર વખાણે નહિ. આખું બ્રહ્માંડ ભરાઈ જાય તેટલા ગ્રંથોને કોઈ વાંચે અથવા બ્રહ્માંડમાં રહેલા તમામ તીર્થોમાં ફરતો રહે. ૩૫. અરે ! એક કલ્પ પર્યંત જપ, તપ અને વ્રત વગેરેને કરે અથવા તો કરોડો કલ્પ પર્યંત જપ, તપ આદિક સાધનો કરતા રહે તોપણ આવી સમજણ આવ્યા વિના જીવ આ બ્રહ્માંડમાં સુખ અને દુઃખ ભોગવતો રહે છે. અર્થાત્ જન્મ-મરણ ચાલુ રહે છે અને મોક્ષ થતો નથી. ૩૬.

दोहा : हरिपद सुख जाने बिना, बडि बुद्धि न कोई;
श्रीहरि को यह तान ही, समझत विरले सोई...३७
शिर विनाका खेल यह, खेले सो शूरवीर;
तीर्थ व्रत जप तप ही, ग्रंथ पढे सो धीर...३८

ભગવાનના ચરણોમાં જ સુખ માનવું તેનાથી શ્રેષ્ઠ બુદ્ધિ કોઈ નથી." શ્રીહરિને આવું જ તાન રહે છે. તેને કોઈક વિરલ ભક્ત જ સમજે છે. ૩૭. ભલે કોઈ જપ, તપ, વ્રત, તીર્થ કરે, ધીરતાથી બધા ગ્રંથોને ભણે પણ હરિના ચરણોમાં ચિત્તને પરોવવું તે તો શિર ઉતારીને ધડામાં મૂકવાનો સાચા શૂરવીરનો ખરો ખાંડાનો ખેલ છે. ૩૮. જેટલા ભગવાનના અવતાર થયા છે તે બધાને આ એક જ તાન હતું અને સહુએ આ એક જ વિચાર વ્યક્ત કર્યો છે. આથી કોઈ અધિક નથી કર્યો. ૩૯. શ્રીહરિએ જ્યારે આવી વાત કહી ત્યારે તે સાંભળીને સંતો રાજી થયા. વાત તો અગાધ થઈ છે. આ વાતનો વિચાર કરતા સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી શ્રીહરિના ચરણોમાં લીન થઈ ગયા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ દ્વારા સભામાં કરેલી વાત તથા મુક્તાનંદમુનિને સમાધિ થઈ' એ નામે ઓગણએંસીમો તરંગ સમાપ્ત ॥૭૯॥



પૂર છઠ્ઠું : તરંગ - ૮૦

શ્રીહરિએ સંતોને અધર્મનો વિનાશ કરવાની આજ્ઞા આપી.

મુક્તાનંદસ્વામીની સામે દેખીને શ્રીજીમહારાજ શ્રીહરિ સંતોને કહેવા લાગ્યા. આજે અમે વાત કરવામાં ઘણું આગળ દોડ્યા. ૧. સહજ સ્વભાવે વાત કહેતાં કહેતાં ઘણી ઊંચી વાત કહેવાઈ ગઈ. તેથી અમે આવી બહુ વાત કહેતા નથી. બોલવામાં બહુ વિચાર રાખીએ છીએ. ૨. જેટલી અમારે મુખે વાત સાંભળે, તેને નજર સમક્ષ દેખે, પછી તેનું જો ચિત્તમાં ચિંતવન કોઈ કરે તો મુક્તાનંદસ્વામીની જેમ જ તેનું ચિત્ત પણ મારામાં ચોરાઈ જાય." ૩. ત્યારે પર્વતભાઈએ બંને હાથ જોડ્યા અને શ્રીહરિને કહ્યું, "મહારાજ ! મારી વિનતિને આપ સાંભળો. સહુના નાડી-પ્રાણ આપના જ હાથમાં છે. ૪.

❋ ભગવત્‌મહિમા અને દેહની તુચ્છતા :

चोपाई :

जेसे करो तुम तेसे होई, एसो हे साम्रथ तव सोई;
ब्रह्मांड को करना संकेला जोउ, बाल लीला तुमारी हे सोउ...०६

અનંતકોટિ બ્રહ્માંડો છે. તેમાં જેટલા જીવ-પ્રાણી છે તે બધાના નાડી અને પ્રાણ આપના જ હાથમાં છે. ૫. આપ જેમ કરવા ધારો તેમ જ થાય છે. આપનું સામર્થ્ય એવું અદ્‌ભુત છે. આ બ્રહ્માંડને ઉત્પન્ન કરવું કે તેનો લય કરવો, તે તો આપની બાળલીલા છે. ૬.

ब्रह्मांड को रखना स्थिरी जेहि, बडो साम्रथ हम जानत तेहि;
स्थिति रखीके करनो कल्याना, साम्रथ तेहि हम करत प्रमाना...०७

तुमकुं भजत जन हि जेते, ब्रह्मांड में हम न देखत तेते;
देह को हे जोग ज्यां लगही, चित्त हि डोलात त्यां लगही...०८

બ્રહ્માંડોની જે સ્થિતિ રાખવી તેને અમે ઘણું મોટું સામર્થ્ય માનીએ છીએ. તે સ્થિતિ રાખીને પણ અનેક જીવોનું કલ્યાણ કરવું, તે સામર્થ્યને તો અમે પ્રમાણરૂપ માનીએ છીએ. ૭. આપનું ભજન કરતા હોય તેવા લોકોને અમે બ્રહ્માંડમાં દેખ્યા નથી. કારણ કે જ્યાં સુધી જીવને શરીરનો જોગ છે ત્યાં સુધી તેનાં ચિત્તને ડોલાવી દે છે, સ્થિર રહેવા દેતો નથી. ૮.

નિશ્ચયમાં અનિશ્ચય કરાવી દે છે. એવો તે દેહ મહાન મલીન છે. જે જીવને ચેતન કહેવાય છે, અમાયિક વસ્તુ કહેવાય છે. ૯. એવું અમારા જીવનું સ્વરૂપ સમજી આપને તેથી અનુપમ સમજીને ભજીએ છીએ. આપનું ભજન કરવું અને બીજા પાસે ભજન કરાવવું તેને અમે સમાધિથી શ્રેષ્ઠ સમજીએ છીએ. ૧૦.

तुम तुमारे जन हि जेता, तासे दिव्य मति रहे तेता;
दीनाधीन वर्ताय सदाई, मान रहित होई आगे ताई...११
तामें दोष न देखे कबहु, आप में दोष हि देखे सबहु;
मायिक तन को हे ज्यां लग जोगा, दोष अनंत हे त्यां लग रोगा...१२

અને આપનાં સ્વરૂપમાં અને આપના જેટલા ભક્તો હોય તેમાં દિવ્યભાવ રહે. તેમની આગળ માન રહિત થઈને દીન-આધીનપણે સદા વર્તાય. ૧૧. તેમનામાં ક્યારેય દોષ જુએ નહિ પણ દોષમાત્ર પોતામાં દેખે. તે શ્રેષ્ઠ સમજણ છે. પણ જ્યાં સુધી માયિક શરીરનો જોગ રહેશે ત્યાં સુધી અનંત દોષરૂપી રોગ રહેશે. ૧૨.જે સ્વયં દોષ સ્વરૂપ જ છે તેમાં દોષ શું દેખવા ? દેહ જ પોતે મહાન દોષ છે. તે દેહમાં તો એક જીવ જ શુદ્ધ છે જો તે ભગવાનનું ભજન કરતો રહે તો. ૧૩. દેહ વિનાનો જીવ અરૂપ છે, અપ્રત્યક્ષ છે, અને જીવ વિનાનો દેહ જડ છે. એક ચેતનના જોગને લીધે બધો દેહ ચેતનના જેવો દેખાય છે. ૧૪.

દેહનો અને જીવનો જ્યાં સુધી જોગ રહેશે ત્યાં સુધી તેને સુખ તથા દુ:ખ રહ્યા કરશે. પણ શરીર અને જીવનો વિયોગ થઈ જશે ત્યારે કોઈને સુખ કે દુ:ખ રહેશે નહિ. ૧૫. અનુભવથી અને પ્રત્યક્ષથી એવું દેખાય છે.

તથા શાસ્ત્ર પણ તે વાતને કહે છે કે હરેક બાબતમાં જીવનો દોષ હોય છે. ૧૬. તે વાત જ સાચી છે. તેમાં કાંઈ સંશય નથી. જીવ જ એક જ્ઞાનવાન - જ્ઞાતા છે તે વિના બધું અજ્ઞાન-જડ છે. ૧૭. જીવ સ્વયં જ્ઞાતા થઈને અજ્ઞાનીની જેમ વર્તે તે ઠીક નહિ, જ્ઞાની પુરુષોને એ તાન છે કે જીવનું અજ્ઞાન ટાળવું. એટલા માટે જગતના વ્યવહારમાત્રને શાસ્ત્રે કરીને જ્ઞાની પુરુષો બતાવે છે. ૧૮.

શાસ્ત્રના જ્ઞાન વિનાનો મનુષ્ય તો પશુના જેવો પ્રાણી છે. તે જીવ પોતાનું અતિ હિતમાનીને શાસ્ત્ર પ્રમાણે ચાલતો રહે છે. વર્ણ અને આશ્રમના ધર્મો જે શાસ્ત્રમાં કહ્યા હોય છે તે પ્રમાણે તે પોતપોતાની રીતે ચાલે છે. ૧૯. તે વર્ણાશ્રમના નિયમ-ધર્મને લોપીને જે વર્તે છે તેના ઉપર તો દંડ કરવામાં આવે છે. જેવો અપરાધ હોય તેવો દંડ તેને થાય, એ ભૂમિના નવે ખંડમાં નિયમ રાખ્યા છે. ૨૦. સ્વર્ગ, મૃત્યુલોક અને પાતાળ પર્યંત દંડ વિના કોઈ રહેતું નથી. તે એક દંડના ભેદ પણ ચાર છે. જાણ્યા વિના વગર વિચારે તે દંડ કરાય નહિ. ૨૧. જે વગર વિચારે દંડ કરે, તો તે રાજાના દંડને પાત્ર બને છે અને રાજા પણ તેના ભેદને સમજ્યા વિના જો કોઈને દંડ કરે તો તેને ધર્મરાજા દંડ કરે છે. ૨૨. ચાર વર્ણ અને ચાર આશ્રમના લોકોને ચાલવાનો માર્ગ શાસ્ત્ર બતાવે છે. જે પોતાના સન્માર્ગનો ભંગ કરે તો તે દંડને યોગ્ય બને છે. ૨૩. જ્યારે કપડું મેલું થઈ જાય ત્યારે તે ધોયા વિના શુદ્ધ થાતું નથી. કપડાંમાં જેવો મેલ હોય તેને ટાળ્યાનો ઉપાય તેનો જે જાણકાર ધોબી હોય તે તરત જ તેવો કરે છે. ૨૪. પર્વતભાઈની આવી સુખદ વાત સાંભળીને શ્રીહરિ તેના ઉપર પ્રસન્ન થયા અને તેમના વેણને માન્ય રાખ્યા. ૨૫. પછી શ્રીહરિ મુક્તાનંદસ્વામીને તત્કાળ દેહમાં લાવ્યા, અને તેમને અમૃતનાં સમાન વચન કહ્યાં. ૨૬.

❋ ચરિત્ર મહિમા :

सोरठा : हमारो प्रगट चरित्र, तुमारे करनो चिंतवन
सब से परम पवित्र, प्रगट भये जांईसे अब...२७

एही सम शांति न कोई, ब्रह्म सुखसे कोटि गनी हे यह;
वचन हम कहत सोई, काव्यकीर्तन एही करनो सदा...२८

હવે પછી તમારે અમે પ્રકટ થયા ત્યારથી આરંભીને, સૌથી પરમ પવિત્ર એવા અમારાં પ્રકટના ચરિત્રોનું ચિંતન કરવું. ૨૭. બ્રહ્મ સુખ કરતાં પણ કરોડગણું શાંતિદાયક આ ચરિત્ર ચિંતન છે. તેનાં સમાન બીજું કોઈ શાંતિદાયક નથી. અમે તમને તે આજ્ઞા કરીએ છીએ કે અમારાં પ્રકટનાં ચરિત્રોના જ કાવ્ય-કીર્તનાદિકને તમે કરતા રહો. ૨૮. કરોડો બ્રહ્માંડના નાડી પ્રાણને પળવારમાં સંકેલી લેવા તે અમારે માટે કઠિન નથી અને તેમાં અમે કાંઈ મોટાઈ માની નથી. ૨૯.

પણ અનાદિકાળથી અજ્ઞાનનું જે અંધારું રહ્યું છે તેમાં લોકો બેહાલ સ્થિતિમાં પડ્યા છે તેનું કોઈને ભાન નથી. સહુ કોઈ અજ્ઞાનમાં જ સુખ માની બેઠા છે. ૩૦. તે અજ્ઞાનતમની સ્થિતિને જ અમે ઘોર પાપ માનીએ છીએ. તેનો નાશ કરીને મનુષ્યને નિષ્પાપ કરવા તે જ સર્વે સામર્થીમાં સૌથી મહાન સામર્થ્ય છે એમ મેં વિચારીને જોયું છે. ૩૧. મનુષ્યને મારે અજ્ઞાનથી છોડાવવા છે. તેના સમાન બીજી કોઈ વાત નથી. અમે તે અજ્ઞાન છૂટે તેવી જ વાતો કરીએ છીએ. સહુ સંતોએ અમારી તે વાતોને યાદ રાખવી. ૩૨. તમારે સહુએ પણ તે અજ્ઞાનનો નાશ થાય, એવી જ વાતો કરવી. તેમાં અમારો ઘણો રાજીપો છે. અમારી વાતને સાંભળીને તત્કાળ જ લોકોનું અજ્ઞાન જ્વાળાના રૂપમાં સળગી ઊઠશે. ૩૩. અમે જેમ કહીએ તેમ તમારે સહુએ કરવું. તેમાં કોઈ જાતનો વાંધો નહિ આવે. કદાચ અજ્ઞાની લોકો કાંઈ ઉપાધિ કરે, તો તમારે તે બધું સહન કરવું. ૩૪.

અજ્ઞાની લોકો ઉપાધિ જરૂર કરશે અને એવો ક્રૂર (વિષમ) સમય આવશે પણ ખરો. તે સમયે તમારે મારી ઈચ્છા સામે ધ્યાન રાખીને ધીરજ રાખવી. ૩૫. તમારા સહુના ઉપર અમને અપાર હેત છે. તમે પણ જગતના ઉપર ઉપકાર કરવા માટે જ દેહ ધાર્યો છે. બધી જાતની ઉપાધિ સહન કરીને ફરતાં રહેવું. તેમાં પાછી પાની રાખવી નહિ. ૩૬. ઉપાધિ સહન કરીને પણ

તમારે જગતમાં સદ્ઉપદેશ કરતા રહેવું. જગતના દ્વેષી લોકો જેમ જેમ દ્વેષ કરશે તેમ તેમ તમારો યશ બધે વધશે. ૩૭.

दोहा : बाँधे मारे गाली दिए, त्युं रेना मन हि मगन;
मैं हुँ तुम्हारी पास ही, मेरो हे सत वचन...३८

કદાચ કોઈ તમને બાંધે, મારે, કોઈ ગાળો ભાંડે છતાં તમારે મનથી પ્રસન્ન રહેવું. હું હંમેશાં તમારી સહુની સાથે જ રહ્યો છું. આ મારું વચન સત્ય છે. ૩૮.

તમે બધા ધર્મનું સ્થાપન કરજો અને બધા અધર્મને ઊખેડી નાખજો. ભલે અધર્મ અતિશય જોર-બળ કરે છતાં તેનાથી કોઈએ મનમાં ડરવું નહિ. ૩૯. આ કોઈ ખૂણે ખાંચરેનો ખેલ નથી, આ તો મેદાનની લડાઈ છે. અમારાં વચને કરીને તમારે સહુએ સત્સંગના પ્રચાર માટે એકલા એકલાએ પણ ફરવાનું છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ સંતોને અધર્મનો વિનાશ કરવાની આજ્ઞા આપી' એ નામે એંસીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર છઠ્ઠું : તરંગ - ૮૧

શ્રીહરિએ સંતોને પ્રદેશોમાં સત્સંગ કરાવવા માટે શિખામણ આપીને મોકલ્યા.

શ્રીહરિએ જૂનાગઢમાં દેવદિવાળી કરી. ત્યાં પાંચ દિવસ રહ્યા. સમગ્ર હરિભક્તો આવ્યા હતા. તેમણે શ્રીહરિની પૂજા કરી. ૧. સંતો અને હરિભક્તોને સાથે લઈને શ્રીહરિ એક દિવસ ગિરનાર પર્વત ગયા. ગિરનારમાં ફરીને બધું પાવન કર્યું. તેથી પર્વતનાં મનમાં ઉમંગ થયો. ૨. શ્રીહરિએ જૂનાગઢમાં ધર્મનો દિગ્વિજય કર્યો. પુરવાસી ભક્તોને ખૂબ જ રાજી કર્યા. કુશળ શ્રીહરિ જૂનાગઢથી ચાલતા થયા. ત્યારે ઘણાં વાજિંત્રો વાગતાં હતાં.૩. શહેરની બહાર ઉત્તર તરફને દરવાજે આવ્યા. પછી ત્યાં ગંગારામ નામે

મલ્લને બોલાવ્યા. ૪. શ્રીહરિએ તેને ઘણા જ હેતથી ભારે માંહેલો સુંદર શિરપાવ આપ્યો. પછી તેમને ભુજ જવાનું કહ્યું અને ત્યાં તેમને સત્સંગની વાતો કરવાની આજ્ઞા કરી. ૫.

તે સમયે સંતોના દસ મંડળ કરીને સત્સંગ કરાવવા મોકલ્યા. તેમાં ચિદ્રૂપાનંદસ્વામીને મુખ્ય કરીને તેમને કચ્છ દેશમાં સરસ રીતે સત્સંગ કરાવવા ફરવાની આજ્ઞા આપી. ૬. બ્રહ્માનંદસ્વામીની સાથે દસ સાધુ મોકલ્યા. તેમને સોરઠ દેશમાં મુમુક્ષુઓને ઉપદેશ કરવા ફરવું એવી આજ્ઞા આપી. ૭. સારા સંત આત્માનંદસ્વામીને વાળાકમાં ફરવાનું કહ્યું. શ્રીગુરુચરણરતાનંદ સ્વામીને હાલાર પ્રદેશમાં ફરવા જવાની આજ્ઞા કરી. ૮. સ્વયંપ્રકાશાનંદ સ્વામીને સરધારની આસપાસના પ્રદેશમાં સત્સંગ કરાવવા ફરવાનું કહ્યું અને કલ્યાણાનંદસ્વામીને દંઢાવ્ય દેશ (મહેસાણા વગેરે ઉત્તર ગુજરાત)માં ફરવા જવા મોકલ્યા. ૯. મોટા ગોવિંદાનંદસ્વામીને ઝાલાવાડ પ્રદેશમાં જવાનું કહ્યું. મુનિશ્રેષ્ઠ વ્યાપકાનંદસ્વામીને સુરત જવાની આજ્ઞા કરી. ૧૦.

સ્વરૂપાનંદસ્વામીને ચરોતરમાં ફરવાનું કહ્યું. મુનિવર સદાનંદસ્વામીને ગોહિલવાડમાં સત્સંગ કરાવવા જવાનું કહ્યું. ૧૧. શ્રેષ્ઠ સંત મોટા સુખાનંદ સ્વામીને કાઠિયાવાડમાં ફરવા કહ્યું. ભાઈ રામદાસજીસ્વામી મોટા યોગી હતા. તેમણે અનંત લોકોનો ભવરોગ ટાળ્યો હતો. ૧૨. તેમને શ્રીહરિએ ગુજરાતમાં ફરવાની આજ્ઞા કરી. અનંતાનંદસ્વામીને ભાલબારામાં ફરવા જવાનું કહ્યું. ૧૩. આનંદાનંદસ્વામીને ડાકોરમાં વિશેષ રહેવાનું કહીને ઝાલાવાડના મોટા શહેરમાં ફરવાનું કહ્યું. ૧૪. જેમ કે લીંબડી, વઢવાણ અને ધ્રાંગધ્રા વગેરેમાં જાવું અને દેશકાળ જોઈને ત્યાં વિચાર કરીને વાત કરવી. ૧૫. આનંદાનંદ સ્વામીને ધીરજવાળા અને ગંભીર જાણીને દેશકાળ જાણવામાં નિપુણ એવા સંતો સાથે આપ્યા. ૧૬.

બ્રહ્માનંદસ્વામી અને મુક્તાનંદસ્વામીએ પોતાના દેશના ગામોમાં ફરીને ઝાલાવાડમાં આનંદાનંદસ્વામીની સાથે રહેવું. કારણકે ત્યાંનાં શહેરોમાં રામાનંદીઓનું બળ ઘણું વધારે છે. ૧૭. રામાનંદી સાધુઓ મોટા રાજાઓની

સાથે મેળ રાખીને તેઓ બધા શસ્ત્રો રાખે છે. ભક્તમાળની વાતો કરીને તેમણે બધી રાણીઓનાં ચિત્તને જીતી લીધાં છે. ૧૮. બધી રાણીઓ ઘણી શાણી છે. મીરાંબાઈની ભક્તિની રીત હૃદયમાં રાખી છે. તેમને ભગવાન રામચંદ્ર ઉપર અપાર ભાવ છે. રામાનંદજીએ (રામાવત સંપ્રદાયના સ્થાપક વિ.સં. ૧૩૫૬ થી ૧૪૬૭) કહ્યું હતું તેમ કરતી રહે છે. ૧૯. રાણીઓ એવું માને છે કે "ક્યારેય સંતોનો દોષ લેવો નહિ, તે બધાને રામચંદ્રરૂપ જાણવા, સંતોની નિર્દોષભાવે સેવા કરવી અને તેમનું ધ્યાન કરવું. ૨૦. મીરાંબાઈએ સંતોની સેવા કરી હતી. અને સંતોને મહાદેવ જેવા માનતા હતા. જ્યારે સંતોને તન અને મન અર્પણ કર્યાં હતાં ત્યારે તેનો તત્કાળ મોક્ષ થયો હતો." ૨૧.

તે રામાનંદી સાધુઓ રાણીઓને કહે છે કે, "તમે બધી રાણીઓ તો સીતાના સમાન છો. ઘણી શાણી છો અને તેથી જ બધા સંતોની સેવા કરો છો. સીતા વિના સંતોમાં આવો ભાવ ન હોય. આવું જ્ઞાન હેત લાવીને કહે છે. ૨૨. તમને રામાનંદી સાધુઓના જેવો બોધ આપતા આવડશે નહિ. અને તેથી રાણીઓને તે ગમશે નહિ. છતાં હું તમને એટલા માટે પ્રેમથી મોકલું છું કે સહુને સાચા સંતોના માર્ગની ખબર પડે. ૨૩.

❋ સંતના દ્રોહની ભયંકરતા :

તમારી રહેણી-કરણી જોઈને તે રામાનંદીઓ તમારો અતિશય દ્રોહ કરશે. તમારા દ્રોહને દેખીને જે અંતર્યામી દયાળુ છે તે તમારા દ્રોહના કારણભૂત એવા જે જે રાજાના રાજ્યનો તત્કાળ વિનાશ કરશે. તમારો દ્રોહ કર્યા વિના તે રાજાને કોઈ જીતી શકશે નહિ. ૨૪-૨૫. યાદવોનું કુળ છપ્પન કોટિનું હતું. તે યાદવોએ ઋષિની મશ્કરી કરી. તે અપરાધને લીધે બધા જ યાદવોનો નાશ થયો. ૨૬.

सोरठा : अधर्म न होव हि नाश, तुमारो द्रोह अति करे विन;
तर्त होव हि विनाश, साचे संत के द्रोहकर...२७
निर्मान शस्त्र तुमार, अधर्म को करहि नाश सब;
एसो संकल्प हमार, इन्द्र वज्र फिरे फिरे न यह...२८

તમારો દ્રોહ કર્યા સિવાય તે દ્રોહી-અધર્મીઓનો વિનાશ નહિ થાય. કારણ કે કોઈ સાચા સંતનો દ્રોહ કરે તો જ તેનો તરત વિનાશ થાય છે. ૨૭. તમારી પાસે નિર્માનીપણાંનું શસ્ત્ર છે તે બધા જ અધર્મનો વિનાશ કરશે અમારો એવો સંકલ્પ છે. ઈન્દ્રનું વજ્ર પાછું પડે પણ અમારો સંકલ્પ ફરશે નહિ. ૨૮. અમે ધર્મનું સ્થાપન કરવા માટે આવ્યા છીએ. જ્યાં સુધી અધર્મનું બળ રહેશે ત્યાં સુધી ધર્મનું સ્થાપન નહિ થાય. કારણ કે અધર્મ હોય તે ધર્મને તરત જ પાછો ઠેલે છે. ૨૯. બાવાઓએ અધર્મમાં ધર્મ દેખાડી દીધો છે. તેને કારણે રાજાઓ તેમને આધીન થઈ ગયા છે. અને ધર્મમાં અધર્મ દેખાડી દે છે તેથી રાજાઓ ધર્મને અધર્મ જાણીને ધર્મનું સેવન કરતા નથી. ૩૦. સંતોને અધર્મરૂપ કહે છે અને અસંતોને ધર્મરૂપ કહે છે. તેથી કદાચ તે અધર્મીઓ તમને બાંધે કે મારે, તોપણ તમારે લગાર પણ તપવું-અકળાવું નહિ. ૩૧.

જ્યાં તપી જવાય છે ત્યાં ઈશ્વર નથી આવતા. અધર્મને ધર્મના ઉપર દયા આવતી નથી. જે રાજાઓ તમારા ઉપર આદરભાવ રાખે છે. તેમાં કાંઈક પૂર્વનું તપ રહ્યું હશે. ૩૨. અને જે તમને ત્રાસ આપશે તેનું કદાચ તપ હશે તોપણ તે તપનો નાશ થશે. કદાચ કોઈ ઈન્દ્રના જેવો રાજા હોય અને તેપણ જો તમને ભૂલથી પણ દુભાવશે તો તેનો નાશ થશે. ૩૩. પરમેશ્વરની શક્તિ જ એવી છે કે જેનાથી ધર્મરાજ તરત જ તમારા દ્રોહીનો નાશ કરશે. જે ધર્મમાં ચાલે તેને ધર્મરાજા ઉત્તમ વર્ણમાં મુખ્ય માને છે. ૩૪. અને અધર્મમાં ચાલતો હોય તો તેને ચંડાળ જાણે છે અને ધર્મમાં ચાલે તેને મહાન ગુણવાન માને છે. બ્રાહ્મણ થઈને કોઈ મનુષ્યની જો હત્યા કરે, તો તે ઉત્પાતને પંચ મહાપાપમાં ગણે છે. ૩૫.

એવા હત્યારાને વિપ્ર નથી માનતા, પરંતુ ચંડાળ કરતાં પણ કરોડગણો વધારે પાપી માને છે. સ્વયં સંત થઈને જો અનીતિ કરે તો ધર્મરાજ તેની સાથે ક્યારેય પ્રેમ રાખતા નથી. ૩૬. પોતે વર્ણાશ્રમી થઈને જો અધર્મ કરતો હોય. તો તેને ધર્મરાજ વર્ણાશ્રમી નથી ગણતા, એવો તેમનો મત છે. ૩૭. જેમાં નીતિ છે, ધર્મ છે, અને જે અદલ રીતે ચાલતો હોય તેને ધર્મરાજ મિત્રના સમાન માને છે અને તેની સાથે પ્રેમ રાખે છે. ૩૮. અનીતિને પાપ કહે અને નીતિને ધર્મ કહે,

એવા રાજા આપોઆપ આવશે કે જે નીતિબહાર પગલું પણ મૂકે નહિ. ૩૯. જે કોઈ નીતિથી બહાર ચાલશે તે ભલે ભૂપોનો પણ મહાન ભૂપ હોય, તેનો કોણ વર્ણ ? કોણ આશ્રમ ? તે બધા તો વર્ણ અને આશ્રમથી બહાર જ કહેવાશે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ સંતોને પ્રદેશોમાં સત્સંગ કરાવવા માટે શિખામણ આપીને મોકલ્યા' એ નામે એક્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૧॥



પૂર છઠ્ઠું : તરંગ - ૮૨

શ્રીહરિએ સંતોને શિખામણ આપીને પ્રદેશોમાં ફરવા માટે મોકલ્યા અને પોતે વડાળ ગામ પધાર્યા

શ્રીહરિ ઉપર કહ્યા મુજબની સંતોને જ્યારે વાત કરી રહ્યા ત્યારપછી સહુને ઘણા જ પ્રેમથી મળ્યા અને કહ્યું, તમારા બધા દ્વારા હજી મારે અગણિત કામ કરાવવા છે. ૧. તમે નિર્ભય થઈને વાતો કરો, પરમેશ્વર મહાન સમર્થ છે, તેઓ તમારા હૃદયમાં બેઠા છે તે તમને વાતો કરવાની પ્રેરણા આપશે. ૨. તમારા શરીરનું બધું વર્તન જે મેં તમને સહુને જે રીતે કહ્યું છે તે રીતે આઠ પ્રકારે સ્ત્રીનો પ્રસંગ તત્પરતાથી ત્યાગ રાખવો. ૩. તે રીતે ધનનો ત્યાગ કરવો. સોનું એ આદિક ધાતુઓનો પણ ત્યાગ રાખવો. અન્ય કોઈ વસ્તુમાં રાગ રાખવો નહિ, કેવળ એક અમારા વચનોને પાળવામાં રાગ રાખવો. ૪.

※ ધર્મની દઢતા અને વાર્તાવિવેક :

નિઃસ્વાદ, નિર્માન, નિઃસ્પૃહ, નિઃસ્નેહ અને નિષ્કામ એ પાંચ વ્રતમાનને સાવધાન થઈને રાખવા. ૫. તમારે જે ધર્મ પાળવાનો હોય તે લોકો આગળ કહેવો. હરિભક્તોને પાળવાના જે ધર્મ હોય તે પણ વિસ્તારથી સમજાવીને સહુને કહેવા. ૬.જે નિમિત્ત લઈને અમે અવતાર ધારણ કર્યો છે તે નિમિત્તને લોકો આગળ વારંવાર કહેવું. સત્સંગ કરે તો અપાર પાપ ટળે અને જેનાથી અમારા સ્વરૂપનો દૃઢ નિશ્ચય થાય, એવી વાતો કહેવી. ૭. નિશ્ચયમાં લેશમાત્ર પણ કાચ્યપ ન રહેવી જોઈએ અને હંમેશાં પ્રકટ ભગવાનનું જ

ભજન કરે એવી વાતો કરવી. બીજું જગતમાં સહુ લોકો પોતપોતાના ઈષ્ટદેવનું નામ સ્મરણ કરતા હોય છે. ૮.

એટલે તેમની નિંદા કરવી નહિ. અને નિંદા નહિ કરો તો જ બધા તમારી સાચી રીત-ભાતને મનમાં ધારશે. જેમાં જેને લોભ કે લાભ માન્યો હોય તે કરતા તેનાં મનમાં કાંઈ ક્ષોભ થતો નથી. ૯. બધી વાત રીત પ્રમાણે કરવી. રીતમાં કોઈપણ કુરીતિ માનશે નહિ. બીજાનું જો આપણે અપમાન કરીએ તો તરત જ અનેક પ્રકારનું દુઃખ આવી પડે. ૧૦. તલવારને મ્યાનમાં રાખીને ચાલે તો તેના ઉપર કોઈ કોપ કરે નહિ. રીત પ્રમાણે સભામાં આવીને જે બેસે તેને કોઈ કાંઈ બોલે નહિ. ૧૧. મ્યાન વિના ખુલ્લી તલવાર લઈને કોઈ આવે તો તરત જ કલેશ થાય. કોઈ શરીરે પહેરેલા કપડાં કાઢી નાખીને નીકળે તો લોકો તેને તરત જ ઘરમાં પૂરી દે છે. ૧૨. કોઈ માણસને શરીરનું પણ ભાન ન હોય, રોગથી ગાંડો થઈ ગયો હોય અને તે જેમ તેમ વર્તે, તો કોઈ તેનો દોષ દેખતા નથી. ૧૩. જે માણસ જાણી જોઈને ગાંડો થાય, વગર વિચારે જેમ તેમ બોલે તો બધા લોકો તેનો દોષ-વાંક કાઢે અને પછી તે ઠેકઠેકાણે માર ખાય. ૧૪. અને જે જાણી જોઈને ગાંડા કાઢે તેની મદદ તો ભગવાન પણ આવીને કરતા નથી. અરે! પ્રકટ ભગવાન વિરાજતા હોય તોપણ તેનાથી દૂર રહે છે. ૧૫.

ભગવાન ન્યાયને સ્વીકારે છે, ક્યારેય અન્યાયને કબૂલ કરતા નથી. ભગવાન તો સદાને માટે એવા છે કે જે નીતિને તરત જ શિરે ચડાવી લે છે. ૧૬. નીતિને નારાયણનું રૂપ કહ્યું છે. જે ધર્મવાળા હોય છે તે નીતિને અનુપમ રીતે ધારણ કરે છે. કસાઈ, ચોર, દારૂડિયો અને વ્યભિચારી તેના જેવો બીજો કોઈ મોટો પાપી ન કહેવાય. ૧૭. તેને દેખીને તેના ઉપર કોઈ દયા લાવતા નથી. એવા જે હોય તે પાપી કહેવાય છે. છતાં તેમનામાં જેટલી નીતિ હોય તેટલી તો ભગવાન પણ ગ્રહણ કરે છે. ૧૮. ભગવાન પણ તેનાં પાપ પ્રમાણે જ દુઃખરૂપ ફળ આપે છે. તેને વિમુખ-વિરોધી જાણીને વધારે

પડતું દુઃખ નથી દેતા. તેવાને અત્યંત પાપી દેખીને, તેના ઉપર મનુષ્યને દયા આવતી નથી. ૧૯. પણ પ્રગટ સંતોની અને ભગવાનની રીત ક્યારેય એવી નથી રહી. તેઓ તો વિશેષ દયાળુ થઈને વર્તતા હોય છે. તેથી જ તેમનું નામ જગત્પાવન કહેવાય છે. તેઓ દયાના સમુદ્ર કહેવાય છે અને સત્યનું ધામ કહેવાય છે. ૨૦.

તમે જેટલા અમારા સંતો છો, તે બધાને ધર્મરૂપ કર્યા છે. એટલે જે લોકો ધર્મરૂપ હશે, તે બધા તમને પોતાના પ્રાણોને તુલ્ય માનશે. ૨૧. અધર્મી લોકો તમને દેખીને ડરાવશે ખરા, પણ તેની સામે તમારે તપી જવું નહિ, અમારી તમને એવી આજ્ઞા છે. શાંતિ રાખશો તો તેનાથી અધર્મીઓનો વિનાશ થઈ જાશે. માટે તમે મારાં વચનમાં વિશ્વાસ રાખો. ૨૨. તમારા જેવા સંતોની રક્ષા કરવા માટે પરમેશ્વર કોઈ રાજાને પ્રેરણા કરશે. તે રાજા તત્પરતાથી તૈયારી કરી રહ્યો છે, તો તમે બધા ભયને તજી દઈને દેશમાં ફરો. ૨૩.

તમે કષ્ટ સહન કરશો, તો તમારા પછી બધા ધર્મવાળા લોકો હવે અત્યંત સુખિયા થાશે. તમારો એવો અનંત પ્રતાપ છે કે તેનાથી મહાન પાપી અધર્મનો નાશ થઈ જાશે. ૨૪. શ્રીહરિ સંતોને ઉપર કહ્યા પ્રમાણે ભલામણ કરીને તરત જ ઘોડેસવાર થયા. કેટલાક સંતોને સાથે લીધા હતા. સહુ જૂનાગઢથી **'વડાળ'** ગામ આવ્યા. ૨૫. તે ગામમાં વૈશ્ય જાતિના અને ઉદાર સ્વભાવના સુતાર રામજીભાઈ નામે હરિભક્ત હતા. તે શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૬. તે દર્શન કરીને ગદ્‌ગદ કંઠ થઈ ગયા. શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. મનમાં ઘણો જ ઉત્સાહ હતો. બધા સંતોને પણ તે પગે લાગ્યા. ૨૭. તેમણે ઢોલ અને ત્રાંસા વગડાવીને શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. એક પલંગ બિછાવી દીધો. તે સમયે શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. ૨૮.

❋ શ્રીહરિની સભાની દિવ્યતા અને મહત્તા :

ગામમાં જેટલા ભાવિક નરનારીઓ હતા, તે બધા દર્શન કરવા આવ્યા. તેમણે એક એક ફૂલહાર જે લાવ્યા હતા તે શ્રીહરિના કંઠમાં પહેરાવ્યો. ૨૯.

અને એક એક શ્રીફળ શ્રીહરિની આગળ ધર્યું. પછી સહુ પ્રેમથી ચરણોમાં નમ્યા અને સરસ રીતે સભામાં બેઠા. ૩૦ શ્રીહરિની અદ્‌ભુત મૂર્તિને જોઈને તે લોકો મનમાં અત્યંત પ્રસન્ન થયા. શ્રીહરિની અલૌકિક રીત દેખીને મનમાં તેમનાં ભગવાનપણાંનો નિશ્ચય થયો. ૩૧. નિશ્ચય કરીને સહુએ શ્રીહરિની આગળ વ્રતમાન-નિયમ ધારણ કર્યાં. તેઓ નિયમધારીને સંસારસાગરના પારને પામી ગયા. પ્રભુ મળી ગયા. હવે બીજું કરવાનું શું રહ્યું ? જૂઠા લોકોથી હવે ડરશું નહિ. ૩૨. જે "સ્વામિનારાયણ" આવું નામ છે તેનું ભજન તેમનાં હૃદયમાં થવા લાગ્યું. શ્રીહરિએ કહ્યું, જે અત્યારે આ સભા બેઠી છે, તેનું ધ્યાન પોતાનાં હૃદયમાં કરવું. ૩૩.

चोपाई :

हम बेठे जेहि सभामांहीं, ब्रह्म सभा जानना हि ताही;
एसे जाने ब्रह्मगति तेहि पावे, भवभटन हि फेर न आवे...३४

यह ब्रह्मसभा चित्त चितवना, ओर चिंतवन दूर सब करना;
हरि विन चिंतवन जीतनो होवे, तितनो काल सब वृथा खोवे...३५

एसे जानी हरि चिंतवन करनो, सब के शिर हे एक वेर मरनो;
हरि भजीके मरनो जोउ, सो मरनो सुफल हे सोउ...३६

જે સભામાં અમે બેઠા હોઈએ તે સભાને બ્રહ્મધામની સભા જાણવી. જે આવું સમજે છે તે બ્રહ્મગતિને પામે છે અને તેને ફરીને ભવ-સંસારમાં ભટકવું પડતું નથી. ૩૪. પોતાનાં મનમાં આ બ્રહ્મસભાનું ચિંતવન કરવું. તે સિવાયના બીજા બધા વિચારોને દૂર તજી દેવા. ભગવાનનાં ચિંતન સિવાયનો જેટલો સમય જાય છે તે બધો સમય નકામો (વૃથા) ખોયો જાણવો. ૩૫. આવું સમજીને ભગવાનનું જ ચિંતન સતત કરવું, સહુએ એકવાર મરવાનું તો છે જને ? ભગવાનનું ભજન કરીને જે મરવું તે મરણ સફળ ગણાય છે. ૩૬.

શ્રીહરિ આટલી વાત કરી રહ્યા ત્યારે રસોઈ તૈયાર થઈ. એટલે ભક્તોના પ્રાણઆધાર પ્રભુ શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ૩૭. શ્રીહરિ થાળ

જમવા બેઠા. સંતોને, દરબારોને તથા પાર્ષદોને પણ જમવા બેસાડી દીધા. કોઈ બાકી રહ્યું નહિ. ૩૮. શ્રીહરિ જમીને તરત જ આવ્યા અને પલંગ ઉપર બેઠા. સંતોને થાળની પ્રસાદી આપી. બધા સંતો તે પ્રસાદને તત્કાળ જમ્યા. ૩૯. પૂજાનો બધો સામાન શ્રીહરિની આગળ મૂક્યો હતો. તેમાંથી હરિભક્તો કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા અને ફૂલોના હાર પહેરાવ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ સંતોને શીખ આપીને પ્રદેશોમાં ફરવા મોકલ્યા અને સ્વયં વડાળ ગામ પધાર્યા' એ નામે બ્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૨॥



પૂર છઠ્ઠું : તરંગ - ૮૩

શ્રીહરિએ ગાલોલ ગામમાં માવા ભક્ત દ્વારા ગામજનોની સેવાનો સ્વીકાર કર્યો.

ભક્તોએ શ્રીહરિની પૂજા કરી. પછી સંતોની પૂજા કરી. કેસરી ચંદન ચરચીને સંતોને ફૂલહાર પહેરાવ્યા. ૧. શ્રીહરિ તૈયાર થઈ ગયા. ઘોડેસવાર થયા. બધા દરબારો પણ તૈયાર થયા હતા. સૌ સત્વરે ચાલતા થયા. ૨. શ્રીહરિ **"થાણાગાલોલ"** નામે ગામમાં આવ્યા. ત્યાં માવાભક્ત નામે એક કણબી હરિભક્ત રહેતા હતા. ૩. શ્રીહરિની સન્મુખ આવ્યા. દર્શન કરીને હેતથી શ્રીહરિના ચરણોમાં પડ્યા. શ્રીહરિની આગળ એક શ્રીફળ ભેટ ધર્યું. ૪.

ગામથી પશ્ચિમમાં એક નદી હતી. તે નદીને પશ્ચિમ કિનારે શ્રીહરિએ ઉતારો કર્યો. આસપાસમાં ત્યાં ઘણા સારાં વૃક્ષ હતાં. તે જગ્યા જોઈને શ્રીહરિ અત્યંત ખુશી થયા. ૫. ભક્તે પલંગ લાવીને બિછાવી દીધો. શ્રીહરિ ત્યાં આવીને તેના ઉપર બેઠા. શ્રીહરિએ જેટલું કહ્યું તેટલું ભક્તે સીધું લાવી આપ્યું. ૬. વર્ણીએ તત્કાળ ભાત બનાવ્યો. માવાભક્ત દૂધ ઘણું લાવ્યા. શ્રીહરિ, સંતો, દરબારો અને પાર્ષદો સહુને જમાડ્યા. કોઈ બાકી રહ્યા નહિ. ૭.

શ્રીહરિ આનંદપૂર્વક પ્રેમથી ઘણું જ જમ્યા. સંતો પણ ખૂબ જ ભાવથી જમ્યા. માવાભક્ત દૂધ પુષ્કળ લાવ્યા હતા. ૮. થોડા દરબારોએ દૂધ લીધું. ઝાઝા ભાગનાને છાશ મગાવવાની ઇચ્છા થઈ. ભક્ત ગામમાં જઈને છાશ લઈ આવ્યા અને શ્રીહરિને તે વાત કહી. ૯. માવાભક્તે શ્રીહરિને કહ્યું, પ્રભુ, મારી વિનતિ સાંભળો. દરબારોએ કોઈએ દૂધ લીધું નહિ. છાશ મગાવીને તેમણે પીધી. ૧૦. ઘણી મહેનતે હું દૂધ લાવ્યો પણ દરબારોને તે કામમાં આવ્યું નહિ. ત્યારે શ્રીહરિએ કહ્યું, અમે અને સંતોએ તમારું લાવેલું દૂધ ખૂબ જ પીધું છે. ૧૧.

દરબારો સાકર નાખ્યા વિના દૂધ ખાય નહિ. તેમની રીત એવી ચાલી આવે છે. ત્યારે ભક્તે કહ્યું, હું દૂધ તો ઘેર ઘેર જઈને માગી લાવ્યો છું, પણ સાકર કોઈના ઘરમાં નથી. ૧૨. સાકર તો વાણિયાની દુકાનમાં હોય, અમારે ઘેર તો પૂરું મીઠું પણ ન હોય. ૧૩. શ્રીહરિએ કહ્યું. આ દૂધ તમે પાછું ઘેર લઈ જાઓ. અમારે માટે લાવેલું દૂધ અમારું કહેવાય, એટલે દૂધ અમારું છે તો તેને ઘેર લઈ જઈને તમે પીવો. ૧૪. દૂધ અમે તમને આપીએ છીએ. તમે તો સંતના જેવા ભક્ત છો. તમે હેતથી તેને ઘેર લઈ જાઓ. અમે તમને આ પ્રસાદના રૂપમાં આપીએ છીએ. ૧૫. ભક્તે કહ્યું, ગામનું દૂધ છે તે હવે ઘેર રખાય નહિ. સાકરની જોગવાઈ ન થઈ એ જ વાંધો પડ્યો છે. ૧૬.

❋ શ્રીહરિએ માવાભક્તની ભાવના પૂર્ણ કરી :

શ્રીહરિએ દરબારોને બોલાવીને કહ્યું, આ દૂધમાં સાકર નથી. અમે હમણાં જ સાકર લાવી આપીએ છીએ. બધા શેર શેર દૂધ પી જાઓ. ૧૭. અમારું વચન જે માનતા હોવ તેઓ આવો. અને ન માનતા હોવ તે પોતાને ઘેર જાઓ. આ માવાભક્ત તો સાધુપુરુષ છે તેમના જીવને દુઃખવવો ન જોઈએ. ૧૮. પછી બધા દરબારો દોડીને આવ્યા. “અમને એકેક શેર દૂધ આપો. આ દૂધમાં સાકરની જરૂર નથી.” આવું બોલીને સહુએ પોતાનું ઠામ આગળ ધર્યું. ૧૯. બધાને એક એક તાંસળી દૂધ ભરી દીધું. અને સહુએ

શ્રીહરિ આગળ જ તે દૂધ પીધું. જેટલું દૂધ હતું તે બધું એક જ પલકવારમાં બધા દરબારોને પાઈ દીધું. ૨૦. ભક્તને શ્રીહરિએ કહ્યું, બીજું દૂધ હોય તો લાવો. ત્યારે ભક્તે કહ્યું, હવે દૂધ નથી. જે દૂધ લાવ્યો હતો તે બધું આપી દીધું. ૨૧. પછી ભક્તે કહ્યું, સહુને પધરામણી કરાવવાની ભાવના છે, તે હવે આપની ઈચ્છા પ્રમાણે થાય. આપની જેવી ઈચ્છા હોય તેમ અમે કરશું. આપની ઈચ્છામાં જ અમે કાયમ સુખી છીએ. ૨૨. શ્રીહરિ કહે, અમે અહીંયાં આવ્યા. તમે અમારી ઘણી જ સેવા કરી-કરાવી છે. તે સેવાનું નામ જ પધરામણી માનોને ? હવે જો તમે કહેતા હોવ તો અમે તમારે ઘેર આવીએ. ૨૩. ત્યારે ભક્તે કહ્યું, મહારાજ ! હું તેમાં કાંઈ ન જાણું. ત્યારે શ્રીહરિએ કહ્યું, જેટલા ઘરેથી તમે દૂધ લાવ્યા હતા તેટલા ઘેર પધરામણીએ જઈએ. ૨૪. શ્રીહરિએ ભક્તને કહ્યું, મશાલ કરાવો. ત્યારે ભક્ત બોલ્યા, મશાલનું કાંઈ કામ નથી. ઉજ્જવળ ચંદ્રમાનો ઉદય થયો છે એટલે તેને અજવાળે ચાલશું. ૨૫. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. બધા વસ્ત્ર જરિયાની પહેર્યાં હતાં. બધા પાર્ષદોને સાથે લીધા. પણ સંતોને અને દરબારોને ગામ બહાર જ રહેવા દીધા. ૨૬.

શ્રીહરિ ગામમાં પધારે છે, એમ જાણીને ઢોલી દોડતો આવ્યો. તેણે ભક્તને હાથ જોડીને ઢોલ વગાડવાનું પૂછ્યું. ૨૭. ત્યારે ભક્તે કહ્યું જેવી તારે ભાવના હોય તેમ કર. આવો અવસર મળે નહિ. સહેજે જ આ રૂડો અવસર આવ્યો છે. આમાં તારા જીવનું હિત છે. હું બીજું કાંઈ જાણું નહિ. ૨૮. તે વખતે એક મશાલી દોડીને આવ્યો. શ્રીહરિની આગળ મશાલ પ્રકટાવી. પછી તેણે ભક્તની પાસે દિવેલ માગ્યું. ત્યારે ભક્તે કહ્યું કે દિવેલની સગવડ થાય તેમ નથી. ૨૯. મશાલીએ ગામધણી દરબારને કહ્યું. તેઓ તો ભક્તની બધી પરિસ્થિતિ સમજતાં જ હતા. એટલે તેમણે બશેર દિવેલ પહોંચાડ્યું અને શ્રીહરિની આગળ મશાલ રખાવી. ૩૦.

ગામધણી શ્રીહરિની પાસે આવ્યા. શ્રીહરિનાં દર્શન થવાથી તેના મનમાં હેત થયું. તેઓ શ્રીહરિના ચરણમાં નમી પડ્યા અને બોલ્યા, આજ મારા

ધન્યભાગ્ય છે કે આપનાં દર્શન થયા. ૩૧. આપ અમારા ગામમાં પધાર્યા. આપે અમને સહુને પાવન કર્યા છે. પછી તે દરબારે શ્રીહરિને પોતાને ભવન પધરાવ્યા. પલંગ બિછાવીને તેની ઉપર બેસાડ્યા. ૩૨. દરબારે છાની રીતે ભક્તને પૂછ્યું, "મારે સન્માનમાં શું કરવું જોઈએ ?" ત્યારે ભક્તે કહ્યું, "તમે શ્રીહરિને ઘેર લાવ્યા છો તે ઘણું છે. હવે કાંઈ સન્માન કરવાનું બાકી રહેતું નથી. ૩૩. અમારા બધા હરિભક્તોની જે રીત છે તે મેં તમને પ્રેમથી કહી. જે ધનાઢ્ય ગૃહસ્થ હરિભક્ત હોય તે પોતાના દિલમાં સ્વયં વિચારી લે. ૩૪.

એક કોરી (આશરે ૧/૩ રૂપિયાની કિંમતનું એક કચ્છી રૂપાનાણું) થી લઈને લાખ સુધી જે કાંઈ આપે તેને શ્રીહરિ સ્વીકારી લે છે. કેટલાક તો સોનેરી વસ્ત્ર અને ઘરેણાં લાવીને પણ હેતથી પહેરાવતા હોય છે. ૩૫. મારા જેવો કોઈ ભક્ત એક શ્રીફળ લાવીને આપે તો તેને પણ પ્રેમથી લઈ લે છે. પ્રેમથી જે કાંઈ જેવું કરે, તેને શ્રીહરિ મેરુના સમાન અપાર માની લે છે. ૩૬.

પછી ગામધણી દરબારે એક સોનામહોર અને શ્રીફળ શ્રીહરિના ચરણોમાં લાવીને ધર્યાં. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો અને થાળ ભરીને સાકર ધરાવી. ૩૭. પછી તેણે પોતાનું મસ્તક શ્રીહરિના ચરણોમાં મૂકી દીધું અને શુભ અવસરને તેણે સુધારી લીધો. તેણે શ્રીહરિને કહ્યું, "મહારાજ ! આપે મને સંભાળી લીધો છે. ૩૮. મારા મનમાં એવો દૃઢ નિશ્ચય થઈ ગયો છે કે મારા અંતકાળે પણ આપ આવીને આવી જ રીતે સંભાળ લઈ લેશો." ૩૯. કરુણાસાગર શ્રીહરિની કરુણા ઊભરાણી અને જેણે જેણે સેવા કરી હતી તેને તેને ઘેર જઈને સહુને કરુણાભીનાં દર્શન દીધાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ ગાલોલ ગામમાં માવાભક્ત દ્વારા ગામજનોની સેવાનો સ્વીકાર કર્યો' એ નામે ત્યાસીમો તરંગ સમાપ્ત ||૮૩||



પૂર છઠ્ઠું : તરંગ - ૮૪

શ્રીહરિએ માવા ભક્તને જે જ્ઞાનવાર્તા કહી તેમાં ભગવાનને ઓળખવાના બે દ્વાર બતાવ્યા.

પધરામણીમાં શ્રીહરિ જે જે ઘેર ગયા તે તે લોકો ખુશ થયા. આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા અને મનમાં ઘણા જ રાજી થયા. ૧. એકેક શ્રીફળ લાવીને તેમણે શ્રીહરિના હાથમાં આપ્યું. કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો અને ચોખાથી વધાવ્યા. ૨. છેલ્લે માવાભક્તને ઘેર શ્રીહરિ પધાર્યા. તેમને જોઈને પ્રસન્ન થયેલા શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ૩. એક પલંગ બિછાવી દીધો હતો. આવીને શ્રીહરિ તેના ઉપર બેઠા. ઘરમાં જેટલા મનુષ્યો હતા તે બધા આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૪. પછી સહુએ શ્રીહરિની પૂજા કરી. એકેક શ્રીફળ લઈને તેમણે શ્રીહરિની આગળ ધર્યું અને કુંકુમનો ચાંદલો કર્યો. ૫.

પછી માવાભક્ત શ્રીહરિની સાથે વાતો કરવા લાગ્યા. તેઓ બોલ્યા, અમને તો એવું દૃઢ સમજાય છે કે આપ સાક્ષાત્ ભગવાન પ્રકટ થયા છો. તેમાં કોઈ પ્રકારનો સંશય નથી. ૬. અમે બીજા લોકો આગળ જ્યારે આપનાં ભગવાનપણાંની વાત કરીએ છીએ ત્યારે તેમને તે વાત તરત માન્યામાં આવતી નથી. પણ તે જ વાતને જ્યારે સંતો કહેવા લાગે છે ત્યારે તેમને તરત મનાય છે. ૭. અમે જ્યારે બીજા લોકો આગળ આપનું નામ લઈએ છીએ ત્યારે તે નરનારી બધાનાં શરીર થડકે છે. ભયથી ધ્રૂજી જાય છે. પણ અમે તો મનમાં એવું માનીએ છીએ કે આપનાં સ્વરૂપને સમજ્યા વિના કોઈનો મોક્ષ થવાનો નથી. ૮. ત્યારે શ્રીહરિ બોલ્યા, આ એક સનાતન કાળની રીત છે. આજની કોઈ નવી રીત નથી. હું તમને પ્રેમથી વાત કહું છું. ૯.

⁕ નિષ્ઠાની દૃઢતાના બે વ્દાર :

ભગવાનને જાણવા-ઓળખવાના બે દ્વાર છે, તેને આખું જગત જાણે છે. કોઈ વજ્રનો કિલ્લો એવો કરાવ્યો હોય કે તે તોપથી પણ તૂટે નહિ. ૧૦. તે કિલ્લામાં જવા માટે કરોડો ઉપાય કરે તોપણ દરવાજા સિવાય ક્યાંયથી

પ્રવેશ થઈ શકે નહિ. એવો હોવા છતાં તે કિલ્લો સિદ્ધપુરુષને અને પંખીને અંતરાય કરી શકતો નથી. ૧૧. તેમ ભગવાનના જે અનાદિકાળના ભક્તો છે તેને સિદ્ધપુરુષ અને પંખી જેવા જાણવા. તેમને અનિશ્ચયરૂપ-સંશયરૂપ કિલ્લો ભગવાન પાસે જતા રોકી શકે નહિ. અર્થાત્ તેમને સંશય ક્યારેય થતો જ નથી. ૧૨.

दोहा : भगवान की सुनत बात ही, तर्त निश्चे हो जाय;
ता बीन जीतने जन ही, संत द्वार हे ताय...१३
दूजे हरिजन द्वार हे, ता बिन द्वार न कोउ;
सत्संग शास्त्र हम कहत संत, तप तीर्थ सब सोउ...१४

જે અનાદિ ભક્તો છે તેને તો ભગવાનની વાત સાંભળતા તરત જ ભગવાનનો નિશ્ચય થઈ જાય છે. અને તે વિના બીજા જે લોકો છે તેને માટે પહેલું દ્વાર સંત છે. ૧૩. બીજો દરવાજો તો હરિભક્તો છે. સંત અને હરિભક્તો સિવાય બીજું કોઈ દ્વાર જ નથી. અમે તો કહીએ છીએ કે, સત્સંગ, શાસ્ત્ર, તપ અને તીર્થ એ બધું સંતો જ છે. ૧૪.

सोरठा : संत सरल जोई चीत, ता पर रुचि होवे सबे;
रुचि विन होय न प्रीत, कोटि करो उपाय कोउ...१५
संत हे सब के मित्र, मित्र होईकर वचन वदत;
त्रिलोक करत पवित्र, गंगा ज्युं करत पवित्र जग...१६

સરલ સ્વભાવના સંતોને દેખીને સહુના મનમાં તેમને વિષે રુચિ થાય છે અર્થાત્ સંતો બહુ ગમે છે. ભલેને કરોડો ઉપાય કરે તોપણ રુચિ વિના હેત થાતું નથી ૧૫. સંતો સહુના મિત્ર છે. અને તેઓ મિત્રભાવે જ વચન કહે છે. જેમ ગંગા જગતને પવિત્ર કરે છે તેમ સંતો પણ ત્રિલોકીને પવિત્ર કરી દે છે. ૧૬.

❋ સંત તથા અસંતના લક્ષણ અને સાધુતાની મહત્તા :

જો પોતે પવિત્ર હોય તો બીજાને પણ તે પવિત્ર કરે છે. પોતામાં જેવા ગુણ હોય તેવા ગુણ તે બીજામાં પણ દેખે છે. ૧૭. બીજામાં અપાર અવગુણ હોય,

તેને સંતો લગાર પણ જોતા નથી. જે અવગુણોને જુએ છે. તેઓ તો અસંત સ્વભાવના હોય છે અને તેવા અસંત ઉપર કોઈને ભાવ થાતો નથી. ૧૮.

કૂતરાં, ભૂંડ, ગધેડાં અને કાગડાં જાતજાતના ખાવા-પીવાના પદાર્થોને તજી દઈને મળનો આહાર કરે છે, તેમ અવગુણ જોનારાને તો એ ચારના સમાન સમજવા. ૧૯. સંત હંસની જેમ સહુમાંથી ગુણ ગ્રહણ કરે છે. પણ તે અસંતમાં હંસના જેવા ગુણ ન હોય તોપણ બગલાની જેમ પોતામાં સંતપણુ દેખાડે છે. સંતો ક્યારેય વજ્રના જેવું કઠોર વચન બોલે નહિ. પણ તેઓ તો અમૃતની ધારા જેવી વચનોની વૃષ્ટિ કરે છે. ૨૦. સંતોની વાત સાંભળવાથી મનમાં તેમનો ગુણ આવે છે. પછી અનંત અવગુણોને દૂર ફેંકી દે છે. સંતોનાં વચન તો જે દોષ હોય તેનો નાશ કરે છે. તે વચન હિતકારી ગુણો શીખવાનો અભ્યાસ કરાવે છે. ૨૧. સંતો બીજાને સુખી કરે એવાં વચન બોલે છે. જો સંત થઈને કડવું વેણ બોલે છે, તો તેને કોઈ સંત તરીકે માનતા નથી. ૨૨.

चोपाई :

संत असंत वचन कही देवे, वचन कबु छपाई न रहेवे;
संत भये संत गुन न आवे, वेर वेर जनकुं त्रास उपनावे...२३

साधुता बिन संत न कहावे, कोटि प्रकार हि बात बनावे;
निष्कपट गुन देखे जामें, जग सब लोभात हे यामें...२४

ઉચ્ચારેલું વચન જ ઉચ્ચારણ કરનાર સંત છે કે અસંત તે કહી દે છે. વચન ક્યારેય છુપાવ્યું છુપાતું નથી. સંત થવા છતાં જો તેમાં સંતના ગુણો ન આવે તો લોકોને વારંવાર ત્રાસ ઉપજાવે છે. ૨૩. ભલેને તે કરોડો પ્રકારની વાતોને બનાવીને કહેતો હોય. પણ સાધુતાના ગુણ આવ્યા વિના કોઈ સંત કહેવાતો નથી. જેમાં નિષ્કપટતાનો ગુણ જોવામાં આવે તેમાં દુનિયાના બધા લોકો લોભાઈ જાય છે. ૨૪.

दोहा : निष्काम निष्कपट ही, शांत गुन रहे धार;
छिद्र न प्रकाशे शत्रु को, सो संत जग आधार...२५

शुभ गुन हरि गुन कहत हे, प्रगट ही मोक्ष हीत;
हरि को अक्षरधाम तेहि, संत एसे शोभीत...२६

જેમાં નિષ્કામપણું હોય, નિષ્કપટપણું હોય અને શાંત ગુણોને જે ધારી રહ્યા હોય તથા જે બીજાની ગુહ્યવાતને જાહેર ન કરતા હોય, આવા સંતો જગતના આધારરૂપ છે. ૨૫. જે શુભ ગુણો છે તે પ્રગટ ભગવાનના જ ગુણ કહેવાય છે અને તે સાક્ષાત્ મોક્ષકારી છે. આવા શુભગુણવાળા સંતો તો ભગવાનનું અક્ષરધામ છે. ૨૬.

सोरठा : शुभ गुन अक्षरधाम, श्रीहरि ताकुं न तजत कबु;
अगणित धरत हे नाम, अवतार सो अनंत लईकर...२७

શુભગુણો જ અક્ષરધામ છે. ભગવાન શ્રીહરિ ક્યારેય તે અક્ષરધામને છોડતા નથી. તે ભગવાન અનંત અવતારોને લઈને અગણિત નામોને ધારણ કરે છે. ૨૭. અંતર્યામી શ્યામસુંદર શ્રીહરિ જ્યાં જેવું કામ હોય ત્યાં તેવો અવતાર ધારે છે અને ત્યાં અનંત પ્રકારના ચરિત્રોને કરે છે. ૨૮.

❋ સાધારણ જ્ઞાનની આવશ્યકતા :

ભગવાન પ્રગટ થાય અથવા અદૃશ્ય થાય તે બધાને ભગવાનનાં ચરિત્ર જાણવા. તેમનું આવવું અને જાવું તે રૂપ ચરિત્ર અકળ છે તે ચરિત્ર કોઈના કળ્યામાં આવતું નથી. ૨૯. ખરેખર તો તેમને આવવાનું કે જાવાનું હોતું જ નથી. તે ભગવાન તો જેવા છે તેવા જ સદાકાળ રહે છે. છતાં તેઓ આવતાં જતાં જે દેખાય છે તેપણ એવાં તેમનાં ચરિત્ર જ છે. ૩૦. ભક્તોને બતાવવાને માટે મહારાજાધિરાજ ભગવાન વારેવારે ચરિત્ર કરે છે. તે ભગવાન તેવા ચરિત્રો કરીને જીવમાં રહેલાં અનાદિયુગનાં અજ્ઞાનને ટાળે છે. ૩૧. **તે ભગવાન જીવનું અજ્ઞાન ટાળવા ધારે તો તેમાં કાંઈવાર લાગતી નથી. અને તેમને જીવનું અજ્ઞાન ટાળવા માટે કોઈ નિયમ હોય તેમ પણ નથી. સંતોના દ્વારા જીવનું અજ્ઞાન ટાળવું, એવું એક નક્કી કરી રાખ્યું છે. ૩૨.**

चोपाई :

आप महिमा जथार्थ जेता, संत से जानेमें आवे तेता;
हरि करे तामें भूल न कोई, एसे समजे एकांतिक सोई...३३

પરમાત્માનો પોતાનો જે મહિમા છે તે યથાર્થરૂપમાં તો સંતો દ્વારા જ સમજી શકાય છે. જે ભગવાન કરતા હોય તેમાં કાંઈ ભૂલ હોય જ નહિ. આવું જે સમજે

તે એકાંતિક ભક્ત કહેવાય છે. ૩૩. દુનિયાના જીવો ભગવાનને ઓળખે કે ન ઓળખે તેનું શ્રીહરિને મન કાંઈ નથી. પરંતુ જીવ જો પ્રગટ હરિને ઓળખે તો તેનું કલ્યાણ થાય અને જે ન ઓળખે તેને અનેક પ્રકારનાં દુઃખો સહન કરવાનાં રહે. ૩૪.

चोपाई :

पके हरिजन की यह रीति, हरि संत सम ओर में न प्रीति;
हरि संत में करे विघ्न जेहि, शत्रु जानी करे दूर हि तेहि...३५
चौद लोक को जो जो सुखा, सत्संग आगे लगे सब लुखा;
एकको एक रंग रहे एसा, दिन दिन चढे खसे नहिं लेशा...३६

સાચા-પાકા હરિભક્તની એ એક જ રીત છે કે તે ભગવાન અને સંતોના જેવું હેત બીજે ક્યાંય રાખે નહિ. ભગવાનનાં ભજનમાં અને સંતોના સમાગમમાં જે વિઘ્ન કરે તેને શત્રુ માનીને દૂર રાખે. ૩૫. ચૌદલોકનાં જે જે સુખ છે તે બધાં સત્સંગની તુલનામાં તદ્દન લૂખા લાગે. સત્સંગનો રંગ કાયમ માટે જેને એકસરખો રહે અને દિનપ્રતિદિન ચઢતો રહે પણ લેશમાત્ર પાછો ન પડે. ૩૬. એવા સંત હોય કે હરિભક્ત હોય, તેનો શ્રીહરિ ક્યારેય ત્યાગ કરતાં નથી. મોક્ષભાગી મુમુક્ષુ જીવ આવું સમજીને સંતોમાં હેત રાખે. ૩૭.

સંતોનાં કે ભગવાન શ્રીહરિનાં જે વચન વિધિને કહેનારા હોય કે નિષેધને કહેનારા હોય, સામાન્ય વચન હોય કે વિશેષ વચન હોય, તે બધાંને પ્રગટ શ્રીહરિના રૂપમાં જ દેખે છે. ૩૮. જે સંતો છે તે ઝીણાં લીખ જેવા જંતુથી લઈને અનંતકોટિ બ્રહ્માંડમાં જે પ્રાણીઓ ભર્યા છે. તે કોઈને ક્યારેય મન, વચન અને કર્મે કરીને ભૂલથી પણ દુઃખવતા નથી. ૩૯. સંતોમાં જે સદ્‌ગુણ હોય છે તેને વાતમાં યથાર્થ રીતે કહે છે. જગતના જીવો જેમ સંતોની મશ્કરી કરે છે તેવી હલકી ક્રિયા સંતો ક્યારેય કરતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ માવાભક્તને જે જ્ઞાનવાર્તા કહી તેમાં ભગવાનને ઓળખવાના બે દ્વાર બતાવ્યા' એ નામે ચોર્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૪॥



પૂર છઠ્ઠું : તરંગ - ૮૫

શ્રીહરિએ માવાભક્તને સ્ત્રી ધનના ત્યાગી ગુરુની વિશેષતા કહી

વળી તે માવાભક્તે હાથ જોડીને શ્રીહરિને ફરીવાર પૂછ્યું, "બધા જ સંતોના ગુણ એકસમાન દેખાતા નથી. તેનું શું કારણ ?" ત્યારે શ્રીહરિ બોલ્યા, "હે ભક્ત ! હું કહું તે વાત સાંભળો. જ્યાં સુધી બુદ્ધિ પરિપક્વ ન થઈ હોય ત્યાં સુધી બધું એકસરખું દેખાય છે. ૨.

सोरठा : जिहाँ लग एक देखाई, विन बुद्धि समजना तांहिं लग;
मोक्ष न होवे ताय, मोक्ष द्वार अटकाई दियेउ...०३

व्यवहारिक जितनी वात, बुद्धि विन नहिं करत कोउ;
तब तेहि सुख पात, विन बुद्धि दुखी सो होत तेहि...०४

જ્યાં સુધી બધું એકસમાન જણાય ત્યાં સુધી તેને બુદ્ધિહીન સમજવો. અને તેવી બુદ્ધિ વિનાની સ્થિતિમાં તેનો મોક્ષ થાય નહિ, તેના મોક્ષનું દ્વાર બંધ રહે છે. ૩. જેટલી વ્યાવહારિક વાતો છે તે વગર બુદ્ધિએ કોઈ કરતું નથી. બુદ્ધિપૂર્વકની વાત કરે છે ત્યારે જ તેને સુખ થાય છે. વગર બુદ્ધિએ કોઈ વાત કરે તો તે તેમાં દુઃખી થાય છે. ૪.

❋ જે શીખે મોક્ષબુદ્ધિ, તેની થાય અંતરશુદ્ધિ :

चोपाई :

सार असार गुन हि जितना, बुद्धि में सहज रहे हे तितना;
ओर बुद्धि जन सिखे अनेका, मोक्ष के काम न आवे एका...०५

मोक्षकी बुद्धि जन शीखे जबहु, सत्संगसे सो आवत हे तबहु;
सत्संग विन मोक्षबुद्धि न आवे, मोक्षबुद्धि विन दुःख न जावे...०६

સાર કે અસાર રૂપ જેટલા ગુણો છે તે બધા બુદ્ધિમાં સહજભાવે રહ્યા છે. મનુષ્ય બીજી બધી બુદ્ધિને અનેક રીતે શીખે છે પણ તે એકપણ બુદ્ધિ મોક્ષના કામમાં આવતી નથી. ૫. મોક્ષ થાય એવી બુદ્ધિ શીખવી હોય તો તે બુદ્ધિ સત્સંગમાંથી આવે છે. સત્સંગ સિવાય મોક્ષબુદ્ધિ આવે નહિ અને તે મોક્ષબુદ્ધિ વિના દુઃખ ટળતું નથી. ૬.

અફીણની જાત મૂળભૂત રીતે ઝેર જ કહેવાય છે, જે તેને ખાય તેના પ્રાણ જાય છે, તેમાં કાંઈ સાર વસ્તુ નથી. તે બાબતને આખું જગત જાણે છે. ૭. અફીણ સાકર કરતાં મોંઘું હોય છે. તોએ લોકો તેને હેતથી ખાય છે. તે લોકોને પ્રિય લાગે છે અને તેમાં સુખી થવાની ભાવના રાખે છે. ૮. પરંતુ પરિણામે અફીણ ખાનારા દુઃખી થાય છે. તે બાબત કોઈ વિચારતા નથી. આવું આ બધું જગત છે. શાસ્ત્રોમાં મોક્ષની વાત કહી છે, તેમ સહુ કહે છે પણ તે ખપ વિના ક્યારેય સમજાતી નથી. ૯.

સાંસારિક સુખ મેળવવા માટે લોકો ક્યારેક શાસ્ત્ર સાંભળે છે. અને તેટલા માટે જ જપ, તપ, તીર્થ, વ્રત કરે છે અને સંસારનાં સુખને માટે જ કેટલાક લોકો દાન, પુણ્ય અને યજ્ઞ કરે છે. ૧૦. સંસારને એક જ તાન રહ્યું છે, ભલે તે પંડિત હોય, પુરાણી હોય કે અન્ય બુદ્ધિમાન મનુષ્ય હોય, સંસારનાં સુખને ભોગવવા માટે જ કેટલાક સાધકો હઠયોગ સાધે છે. ૧૧. ક્યારેય નાશ ન પામે એવું ભગવાનનાં ધામનું સુખ છે. મરણ પછી તે ધામનું સુખ મેળવવું, આવું કોઈ જ ઈચ્છતું નથી. બધા જ સંસારની આવી એકસરખી જ બુદ્ધિ થઈ ગઈ છે. ૧૨.

दोहा : हरि वा साचे संत ही, प्रगट होत जेहि वार;
तेहि मुख सुनत शास्त्र जब, तब जन होत भवपार...१३

ભગવાન અથવા સાચા સંત જ્યારે પ્રગટે ત્યારે તેમનાં મુખથી શાસ્ત્રની વાત સાંભળે ત્યારે મનુષ્ય સંસારના પારને પામે છે. ૧૩. સ્ત્રી અને ધનને રાખનારા એવા અપાર ગુરુઓ હોય છે, તેને શરણે નર નારીઓ સહુ જાય છે પણ તેનાંથી કોઈ સંસાર સાગરને તરી શકતા નથી. ૧૪. શાસ્ત્રોમાં ઠેકઠેકાણે સરસ ત્યાગી ગુરુઓને બતાવ્યા હોય છે પણ તે સારા ગુરુઓને પણ જો સ્ત્રી અને ધનનો જોગ થાય છે તો તે ખરાબ થઈ જાય છે. ઊતરી જાય છે. ૧૫. જે ગુરુ થાય તેને ધન અને સ્ત્રીનો જોગ તો પહેલા જ થવાનો. આ જગતમાં ક્યાંય સ્ત્રી અને ધનના જોગ વિનાનો કોઈ ગુરુ નથી. માટે ત્યાગી ગુરુએ ધન અને સ્ત્રીના જોગરહિત રહેવું જોઈએ. ૧૬.

ચોપાઈ :

धन त्रिया को जोग रहे जेहा, ईश्वर कुं डाग न लगे केहा;
धन त्रिया हे अनल समाना, भस्म करे संग करत माना...१७

अनल मादक विष हि व्याला, परश विन कबु चढे न हाला;
नारी धन देखत चढी जावे, पलक में सुद्ध बुद्ध भुलावे...१८

ધન અને સ્ત્રીનો જોગ સતત રહે, છતાં ક્યાંય ડાઘ ન લાગે એવા તો એક પરમેશ્વર જ છે. ધન અને સ્ત્રી આગ જેવા છે. જે તેના પ્રસંગમાં રહે, તેને તે ભસ્મ કરી નાખે છે. ૧૭. આગ, કેફી દારૂ કે અફીણ અને સાપનું ઝેર મનુષ્યને તેનો સ્પર્શ થાય તો જ તેનું ઝેર ચઢે છે કે તે નુકસાન કરે છે. પણ સ્ત્રી અને ધન એ બે તો દેખતાની સાથે જ તેનું ઝેર ચડી જાય છે અને એક પલક જેટલા સમયમાં તેને જોનારાની સૂધ-બૂધ ભુલાવી દે છે. ૧૮.

તેનું ઝેર ચઢે પછી તેના ઉપર કાંઈ નિયમન રહેતું નથી. તે બંને તરત જ ફજેત કરી મૂકે છે. ઘણા મોટા મોટા ત્યાગી અને ગૃહસ્થોને તે સ્ત્રી અને ધને ફજેત કરી મૂક્યા છે. ૧૯. જે જે ફજેત થયા છે તેના નામ અને સમય (નિમેષ) ત્યાગીજનોને જણાવવાને માટે લખ્યા છે તેની રીત જોઈ-વિચારીને ત્યાગીએ ક્યારેય સ્ત્રી અને ધનના અનુરાગી (આસક્ત) થવું નહિ. ૨૦. પોતાનાં બ્રહ્મચર્યનો ભંગ થાય એવું વચન જો ગુરુએ કહેલું હોય તોપણ તે વચનને માનવું નહિ. એવાં ગુરુવચનનો ત્યાગ કરનારો જ ખરો ત્યાગી કહેવાય છે. ૨૧. જે ત્યાગી સ્ત્રી અને ધનથી દૂર રહેતો હોય તેને જ પૂરો ત્યાગી જાણવો. પરમેશ્વર તો સર્વશક્તિમાન અને સર્વાન્તર્યામી છે એટલે આ અંગે તેમની તો કાંઈ વાત જ ન કરવી. તે પરમેશ્વર બીજાના પણ બધા દોષોને બાળી દે છે. ૨૨. પરમેશ્વરમાં તો આકાશના જેવા નિર્બાધ અને નિર્લેપ રહે તેવા ગુણો છે. તેમને તો તે દોષોનો ડાઘ ક્યારેય લાગતો જ નથી. છતાં પણ દુર્બુદ્ધિ લોકો પરમેશ્વરની પણ હાંસી કરતા હોય છે. તેઓ પોતાના ગુણોને તો તપાસતાં જ નથી. ૨૩. કેમ જે, પોતે તો કાગળ જેવા છે. તે માયારૂપી જળનો યોગ થાતા ઓગળીને ઢીલા થઈ જાય છે. તેવા કાગળની હોડી કરવાથી

તે કોને તારે ? અને તે કેવી રીતે નદીને પાર ઉતારે ? અને પરમેશ્વરની વાત તો અલગ જ છે. કેમજે, તેમની ગતિ, સ્થિતિ, સ્વરૂપ જગતના જીવોથી ભિન્ન જ છે તેને સંસારી જીવ ક્યારેય જાણી-સમજી શકે નહિ. ૨૪.

શ્રીકૃષ્ણ ભગવાને ગોકુળમાં ગોપીઓની સાથે વિહાર કર્યો. ત્યારે ગોપીઓએ શ્રીકૃષ્ણને જાર (પરસ્ત્રીના પ્રેમી) જેવા જાણીને તેમની સાથે પ્યાર કર્યો. ૨૫. ગોપીઓની સમજણમાંથી જારબુદ્ધિ ટાળવા માટે શ્રીકૃષ્ણે બધી ગોપીઓ પાસે દુર્વાસાના નિમિત્તે સારા થાળ કરાવ્યા. ૨૬. ગોપીઓ થાળ કરીને લાવી. ત્યારે શ્રીકૃષ્ણે ગોપીઓને કહ્યું. યમુનાને ઊતરીને સામે કિનારે જાઓ. ત્યાં અત્રિના પુત્ર દુર્વાસા બેઠા છે, તેને જઈને તમે જમાડો. ૨૭. યમુના નદીમાં પાણીનું પૂર છે, એટલે ત્યાં જઈને મારા વચનને મનમાં સંભારીને તેને આવું કહેજો કે, “હે યમુના માતા ! જો શ્રીકૃષ્ણ બાળ બ્રહ્મચારી હોય તો અમને માર્ગ આપો.” પછી ગોપીઓ ત્યાં ગઈ અને યમુનાને તેમ કહ્યું, એટલે યમુનાએ તરત જ ગોપીઓને માર્ગ આપ્યો. ૨૮-૨૯. પછી ગોપીઓ ગઈ અને અનંત ગોપીઓના થાળ દુર્વાસા જમી ગયા. મુનિએ ગોપીઓને કહ્યું, યમુનાને કહેજો કે, “દુર્વાસા જો સદાયના ઉપવાસી હોય તો હે માતા ! અમને માર્ગ આપો.” પછી ગોપીઓએ યમુનાને તેમ કહ્યું, એટલે યમુનાએ તેમને તરત માર્ગ આપ્યો. તેથી ગોપીઓ રાજી થઈ. ૩૦-૩૧. ગોપીઓએ બંને બાબત જોઈ. તેથી તેમણે શ્રીકૃષ્ણને નિષ્કામી જાણ્યા. શ્રીકૃષ્ણનો જેવો પ્રતાપ હતો. તેવો જ પ્રતાપ મુનિમાં પણ દેખ્યો. ૩૨.

શ્રીકૃષ્ણનાં વચનનાં પ્રતાપથી મહારાણી યમુનાજીએ માર્ગ આપ્યો. તે દિવસથી ગોપીઓને સત્યવાત સમજમાં આવી અને તેમણે શ્રીકૃષ્ણને ભગવાન માન્યા. ૩૩. તે પછી તો શ્રીકૃષ્ણનો અનંત પ્રતાપ દેખ્યો. ગોપીઓએ શ્રીકૃષ્ણને અતિશય બળવાન જાણ્યા. ખરેખર તો શ્રીકૃષ્ણ ભગવાને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થો માટે અવતાર ધાર્યો હતો. ૩૪. કંસના જેવા અપાર અસુરોનો વધ કરવાનું મનમાં ધાર્યું હતું અને તેમણે વ્રજવાસીઓને સુખ આપ્યું તથા પાંડવોનો જગતમાં વિજય કરાવ્યો. ૩૫.

રાવણ અને કુંભકર્ણ જેવા અનેક અહંકારી અસુરો જન્મ્યા. તે અસુરોએ સીતાનું અપહરણ કર્યું અને તેમનો અત્યંત અન્યાય દેખ્યો. ૩૬. ત્યારે ભગવાને રામ અવતાર ધારણ કર્યો અને એક પલકવારમાં જ તે અસુરોનો વિનાશ કર્યો. તે રીતે જ હિરણ્યકશિપુને નૃસિંહરૂપ ધારીને માર્યો. ૩૭.

दोहा : असुर को करने वधही, ओर अवतार हि लीन;
करुनारस विस्तार करन, प्रगट भये यह दीन...३८

અસુરોનો વિનાશ કરવા માટે ભગવાને બીજા અવતારો પણ લીધા હતા. પણ અત્યારે તો આ ભગવાન કરુણારસને પ્રસરાવવા માટે પ્રકટ થયા છે. ૩૮. સાધુના ગુણ અને રાજાના ગુણ બંને સંતજનોને સુખ દેવાને માટે જ આ વખતે ભગવાને ધારણ કર્યા છે. પરંતુ તેમાં સાધુતાનો ગુણ મુખ્ય રાખ્યો છે. ૩૯. ઋષભદેવ ભગવાનના પુત્ર જડભરત મહાન સંત થઈ ગયા. તેમના જેવા જ અદ્‌ભુત ક્ષમાવાળા અને અપાર બુદ્ધિવાળા અનંત સંત પ્રકટ થયા છે. ૪૦.

सोरठा : भक्त बोले तेहि वार, बडे बडे संत अवतार जेहि;
गनत न आव हि पार, सो सब के हो बीज तुम...४१
हम जाने अस रीत, तुमारी रीत सो कहो तुम;
तुम कहो सो उचीत, हमारी रीत सो कहे हम...४२

ત્યારે માવાભક્ત બોલ્યા. આજ સુધીમાં ઘણા મોટા મોટા સંતો અને અવતારો થઈ ગયા. તેનો ગણતાં પાર આવતો નથી. પણ તે બધા જ અવતારોનું મૂળ બીજ તો આપ જ છો. ૪૧. અમે આવું સમજીએ છીએ. આપની રીતને આપ કહો. આપ કહો તે જ યોગ્ય ગણાય. અમારી રીત તો મેં કહી દીધી છે. ૪૨.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં ‘ શ્રીહરિએ માવાભક્તને સ્ત્રી-ધનના ત્યાગી ગુરુની વિશેષતા કહી’ એ નામે પંચાસીમો તરંગ સમાપ્ત ॥૮૫॥



પૂર છઠ્ઠું : તરંગ - ૮૬

શ્રીહરિ સરતાનપુરમાં રૂપસીભાઈના ઘેર થાળ જમ્યા

પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. આગળ ઢોલ વાગવા લાગ્યા. ગામના બધા લોકો ખૂબ જ રાજી થયા અને મુખથી "જય જય" "જય જય"નો ઉચ્ચાર કરવા લાગ્યા. ૧. શ્રીહરિ રાજમાર્ગ ઉપર થઈને ગામ બહાર નીકળ્યા. અશ્વને વેગથી ચલાવ્યો અને ગામવાસી લોકો ત્યાં જ રહી ગયા. ૨. શ્રીહરિ મુકામે આવ્યા. પલંગ ઉપર બેઠા. જેટલા સંતો હતા તે બધા આવીને શ્રીહરિની પાસે બેઠા. ૩. તે વખતે બધા સંતો કીર્તન બોલવા લાગ્યા ત્યારે શ્રીહરિ મનમાં ઘણા જ ખુશી થઈને તે કીર્તનોને સાંભળતા રહ્યા. ૪. જ્યારે લગભગ અધરાત થઈ ત્યારે શ્રીહરિ પોઢી ગયા. બધા સંતો પણ મનમાં શ્રીહરિની મૂર્તિનું ચિંતવન કરતાં કરતાં સૂવા લાગ્યા. ૫.

જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો ઊઠ્યા અને "નારાયણ ધૂન" કરવા લાગ્યા. સહુએ જઈને નદીમાં સ્નાન કર્યું અને શ્રીહરિએ પણ હરખાઈને સ્નાન કર્યું. ૬. જે વખતે બધા દરબારો નાહી રહ્યા ત્યારે ભયહારી શ્રીહરિ ચાલવા તૈયાર થઈ ગયા. પૂજા અને તિલક વગેરે બધું કરી લીધું. પછી પરમચતુર શ્રીહરિ ચાલતા થયા. ૭. શ્રીહરિ જ્યારે ઘોડેસવાર થયા ત્યારે દરબારો પણ ઘોડા ઉપર બેઠા. દેરડીનો માર્ગ જોઈને તત્પરતાથી ચાલતા થયા.૮. વાવડી થઈને **થાણા દેરડી** (તા. જેતપુર, જિ. રાજકોટ) આવ્યા. ત્યાં બધા ભક્તોને દર્શન આપ્યા. પછી ત્યાંથી ચાલ્યા. તે **સરતાનપુર** (તા. જસદણ, જિ. રાજકોટ) આવ્યા. ત્યાં નદીને કિનારે સહુએ ટીમણ કર્યું. ૯. ગામમાં ખબર પડી એટલે ગામના ભક્તો બધા દોડીને ત્યાં ગામ બહાર દર્શન કરવા આવ્યા. ત્યાંથી પૂરણકામ શ્રીહરિ ચાલતા થયા તે **દેરડી** ગામ આવ્યા. ૧૦.

ત્યાં રૂપસીભાઈ નામે વણિક ઘણા પ્રેમી અને પાકા હરિભક્ત હતા. શ્રીહરિ પધાર્યા છે એવી વાત સાંભળીને તેઓ એવા તો પ્રેમમગ્ન થઈ ગયા કે તે કહી શકાતું નથી. ૧૧. ગામના જેટલા મનુષ્યો હતા તે બધા રૂપસીભાઈ શેઠના કહ્યામાં રહેતા. તેમણે ઝાંઝ, મૃદંગ અને બીજા વાજિંત્ર લેવડાવ્યા.

સૌ ઉત્સવ કરતાં કરતાં શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૨. શેઠ પોતે જ પદ બનાવીને ગાતા. ઝાંઝ વગાડતા અને નાચતા કૂદતા હતા. તેમના દિલમાં હેત સમાતું નહિ. ૧૩. ફૂલહાર અને શ્રીફળ લઈને બધા આવ્યા હતા. તે સહુએ શ્રીહરિને હાર પહેરાવીને શ્રીફળ આગળ ધરાવ્યા. ૧૪. પછી રૂપસીભાઈ તો બે હાથ જોડીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. અને સોળે ચિહ્નોએ સહિત ચરણોને પોતાની છાતીમાં લીધા. ૧૫.

રૂપસીભાઈ સંતોના ચરણોમાં પડ્યા અને દરબારોને જોઈને તો ગુલતાન થઈ ગયા. તે સહુને "જય સ્વામિનારાયણ" કહીને ભેટ્યા. ૧૬. શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર સોનેરી વસ્ત્ર ધાર્યાં હતાં. તે રીતે જ આભૂષણોને પહેરીને નવરંગી બની ગયા હતા. અશ્વ ઉપરનો બધો સામાન પણ સોનેરી જ ધારણ કર્યો હતો. ૧૭. શ્રીહરિની સાથે જેટલા દરબારો હતા તેમણે પણ તેવી જ શોભાદાર વેષભૂષા ધારણ કરી હતી. શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું અને આગળના ભાગમાં છડીદાર જય જયકાર ઉચ્ચારતો હતો. ૧૮. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. શ્રીહરિ બજારે ચાલ્યા જતા હતા. બધી બજારોને વિચિત્ર રીતે શણગારી હતી, તેની શોભા કહી શકાતી નથી. ૧૯. ગામની જેટલી સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવવા માટે આવી હતી. સહુના હૃદયમાં ઉત્સાહ અત્યંત છાઈ રહ્યો હતો. ૨૦.

પુરજનો ઊંચી ભાવનાથી મંગળમય ધોળ ગાતા હતા. સહુએ મનુષ્ય જન્મનો સર્વોત્તમ લાભ લીધો હતો. રાજમાર્ગ ઉપર જે ઘર હતાં તે બધાના દરવાજે મોતીનાં તોરણ બાંધી દીધાં હતાં. ૨૧. ગામની જનતાને શ્રીહરિએ આ રીતે દર્શન દીધાં. તેનાં દિલમાં ઘણો જ આનંદ થયો. શ્રીહરિનું સ્વરૂપ અને ચોતરફનું સૌંદર્ય જોઈને નરનારી બધા પરસ્પર ઘણા જ વખાણ કરતા હતા. ૨૨. શ્રીહરિને બંને બાજુએ ચામર ઢળતાં હતાં. તે ચામર એટલે માનો, દર્શન કરવાની આશાથી બંને બાજુએ ઉત્સાહવાળા હંસ આવ્યા હોય તેમ લાગતું હતું. પૂર્વ દરવાજેથી બહાર નીકળ્યા. જરિયાની નિશાન ફરકી

રહ્યાં હતાં. ૨૩. ડંકા વાગતા હતા. તેથી આકાશ ગાજી રહ્યું હતું. પવન પણ શીતળ અને સુગંધી ચાલતો હતો. દરવાજાની પાસે સરસ ફૂલવાડી હતી. શીતળ અને ઘાટી છાયા સુંદર હતી. ૨૪.

શ્રીહરિ વિશાળ જગ્યા દેખીને ત્યાં ફૂલવાડીમાં આવીને ઊતર્યા. તત્કાળ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. તે સમયે એક સારો પલંગ લાવ્યા. ૨૫. તેના ઉપર ગાદી તકિયા બિછાવી દીધા એટલે શ્રીહરિ ત્યાં આવીને બેઠા. શ્રીહરિની સમીપમાં જ સભા થઈ. નવો આનંદ બધે પ્રસરી ગયો. ૨૬. પછી તરત જ ત્યાં રસોઈ માટેનું સીધું વગેરે બધું લાવ્યા. ભક્તોના મનોરથ પૂરા કરવા માટે પકવાન બનાવ્યા. ૨૭. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ જમવા ઊઠ્યા. કારણ કે, શ્રીહરિને પોતાના ભક્તો ઉપર ઘણો પ્યાર હતો. એટલે સોનેરી બાજોઠ ઉપર આવીને બેઠા. ૨૮.

જેટલા પકવાન કરાવ્યા હતાં તે બધામાં સાકર વિનાનું એકપણ પકવાન હતુ નહિ. વર્ણી તે બધાનો થાળ ભરીને લાવ્યા. અને શ્રીહરિની આગળ ધરાવ્યો. ૨૯. હરિભક્તોનો શુદ્ધ પ્રેમભાવ દેખીને શ્રીહરિ વખાણ કરતાં કરતાં જમવા લાગ્યાં. ભજિયાં, વડાં અને શાકભાજી વગેરે જે કર્યું હતું તે બધું શ્રીહરિ જમ્યા. ૩૦. શ્રીહરિની જમવામાં જે ચતુરતા હતી તેને ભક્તો વારંવાર જોતા હતા. જેટલાં ભોજન બનાવ્યાં હતાં. તે બધાંને શ્રીહરિ હેતથી જમ્યા. ૩૧. તે દર્શન કરીને ભક્તો ખૂબ જ રાજી થયા. અને બોલતા હતા કે, શ્રીહરિએ બહુ સુખ આપ્યું. કરોડો યજ્ઞ કરવામાં આવે છતાં આટલો સરસ જોગ કોઈને મળે નહિ. ૩૨. એવો જોગ સુખદાયક શ્રીહરિ સહજાનંદ સ્વામીએ આવીને મને આપ્યો છે.

રૂપસીભાઈ શેઠ બોલવા લાગ્યા, મને પોતાનો દાસ માનીને શ્રીહરિ આ વખતે પધાર્યા છે. ૩૩. અત્યારે મને જે લાભ મળ્યો છે તેનો કોઈ પાર રહ્યો નથી. ચાહે તેમ ખાઈએ, ખૂટે તેમ નથી. ભગવાનના જેવો બીજો કોઈ માલ નથી. જે વણિકે આ માલ નથી લીધો. ૩૪. તેણે અપાર ખોટ ખાધી છે. તે આખો જન્મારો હારી ગયા છે. ચતુરાઈથી કેવળ પોતાનું પેટ ભરવામાં જ રહ્યા છે પણ તેઓ પોતાના જીવનું જીવન ખોઈ બેઠા છે. ૩૫. ભગવાનને ભૂલેલા

વણિકો તો બુદ્ધિમાન હોવા છતાં ચિંતામણિ છોડીને કાચના વહાણ ભરવા માંડ્યા છે. તે વણિકો રાજાને અને રાંકને બધાને છેતરે છે પણ આ બાબતમાં તો તે પોતે જ છેતરાઈ ગયા છે તેઓ વિચારીને દેખતા નથી. ૩૬.

તેમને ગુરુ ઠગ મળી ગયા છે. મહાજન જેવા પણ ધુતાઈ રહ્યા છે. અને તેવો જ તેણે વેશ બનાવ્યો છે કે જેને કોઈ કળી શકતું નથી. ૩૭. જીવો ઉપર દયા કરનાર અને જીવોનું પાલન કરનાર માર્ગ અમૂલ્ય છે. તે માર્ગને ઠગ ગુરુઓએ અપનાવી લીધો છે. તેથી તેના વેશમાં બધા ભૂલા પડી જાય છે. ૩૮. કેટલાક વેપારીઓ તો રસાસ્વાદમાં ભૂલા પડ્યા છે અને પ્રસાદમાં લોભાઈ ગયા છે. કોઈને તે અંગે કાંઈ ગમ પડતી નથી. ૩૯.

શ્રીહરિએ વણિક સમાજમાં મને પોતાનો દાસ સમજીને બધી મોહ જાળથી બચાવી લીધો છે. પ્રસાદનો રસાસ્વાદ અને મિથ્યા જીવદયારૂપ પાશ (બંધન)થી મને છોડાવ્યો છે કે જે અતિશય અજ્ઞાનના અંધારાથી ભરપૂર છે. ૪૦. શ્રીસહજાનંદસ્વામીએ મારા ઉપર ઘણી બધી કરુણા કરી છે. જીવો ઉપર દયા કરનારા અને રક્ષક સુખકંદ શ્રીહરિએ મને સુખી કરી દીધો છે. ૪૧. જેટલું મહાજન છે તે સર્વને મેં મર્મભરી વાતમાં કહ્યું "તમારા નામામાં ભૂલ પડી છે અને તમે બધા સરવાળામાં સલવાઈ ગયા છો. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ સરતાનપુરમાં રૂપસીભાઈને ઘેર થાળ જમ્યા' એ નામે છ્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૬॥



પૂર છઠ્ઠું : તરંગ - ૮૭

રૂપસી શેઠે શ્રીહરિની પધરામણી કરાવીને શ્રીહરિ તથા સંતોની પૂજા-પ્રાર્થના કરી

શ્રીહરિ જેટલીવારમાં ભોજન કરી રહ્યા તેટલીવારમાં તો સંતોને અને દરબારોને જમવાની પંગત કરી અને પોતે પીરસવાનો વિચાર કર્યો. ૧.

શ્રીહરિ જે થાળ જમ્યા તે ભાઈ રામદાસજીસ્વામી આદિ સંતોને આપ્યો. સંતોને જમાડી દીધા. પછી પોતે આવીને પલંગ ઉપર બેઠા. ૨. બધા સંતો જમીને તત્કાળ શ્રીહરિની પાસે આવીને બેસી ગયા. ફરીવાર સ્નાન કરવાની ટેવ હોવાથી બધા સ્નાન કરવા ગયા. ૩. બધા સ્નાન કરીને આવ્યા પછી શેઠે પધરામણી કરવાની વાત કહી. ત્યારે શ્રીહરિએ વિવિધ પ્રકારનાં બધાં સોનેરી વસ્ત્ર પહેર્યાં. ૪.

તે સમયે બધા જ શ્રેષ્ઠ સોનેરી સાજથી શણગારેલા અશ્વને લઈને સેવક શ્રીહરિની પાસે આવ્યો. પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ડંકા અને નિશાનો આગળ ચાલ્યાં. ૫. વિવિધ પ્રકારના વાજિંત્રો અલગ અલગ રીતે વાગવા લાગ્યાં. બધું આકાશ ગાજી ઊઠ્યું અને ભક્તોનાં દિલમાં આનંદ છવાઈ ગયો. ૬. સંતો કીર્તન ગાતા ચાલતા હતા અને છડીદાર ઊંચે અવાજે છડી બોલતો હતો અને શ્રીહરિની સાથે જેટલા પાર્ષદો હતા તે બધા હરખાતે હૈયે બંદૂકોના અવાજ કરી રહ્યા હતા. ૭. બંદૂકોને ફોડવા માટે શેઠ એક મણ દારૂ લાવ્યા હતા. આખું ગામ ગરજાવી દીધું હતું. ગામના જે મોટેરા મનુષ્યો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૮.

શ્રીહરિના ઉપર ચિત્રવિચિત્ર રંગનું જરિયાની છત્ર ધર્યું હતું. બંને બાજુ ચામર ઢળતાં હતાં અને શ્રીહરિ થોડું મંદમંદ હસી રહ્યા હતા. ૯. જેટલી સત્સંગી બાઈઓ હતી તે બધી શ્રીહરિના પાછળના ભાગમાં ચાલતી હતી અને શ્રીહરિની અદ્‌ભુત શોભા જોઈને મંગળકારી ધોળ રાગના કીર્તન ગાતી હતી. ૧૦. શ્રીહરિ ગામમાં દાખલ થયા. રાજમાર્ગ ઉપર ચાલ્યા. બજાર ઉપર જેટલા ભવન હતાં અને દુકાનો હતી. ૧૧. તે બધા મકાનો ઊંચા અને વિચિત્ર હતા અને તેમાં વિચિત્ર રીતે અનેક પ્રકારની શોભા કરી હતી. સ્ત્રીઓ શ્રીહરિનાં ઘણા પ્રેમથી દર્શન કરવા માટે ગોખ અને અટારીઓમાં ઊભી હતી. ૧૨.

શ્રીહરિ ગામવાસીઓને દર્શન દેતાં દેતાં મુખ્ય બજારે આવ્યા. ત્યારે ગામના લોકો ગુલાલ ઉડાડવા લાગ્યા. ૧૩. ઘનશ્યામ શ્રીહરિ રૂપસીભાઈ શેઠને ઘેર આવ્યા. તેમણે પોતાને ઘેર વિચિત્ર રીતે સજાવેલો એક મંડપ કરાવ્યો હતો. ૧૪.

જેટલા થાંભલા હતા તે બધાને સોનાનો વરખ લગાવ્યો હતો અને ઊંચે સોનેરી ઉલેચ બંધાવ્યા હતા. તેમજ બિલોરી કાચનાં ઝાડ તેમાં લટકાવી દીધાં હતાં. ૧૫. મંડપની અધવચે સોનેરી હિંડોળો લટકાવ્યો અને તે મંડપનાં જેટલાં દ્વાર હતાં ત્યાં બધે મોતીનાં તોરણ બાંધી દીધાં હતાં. ૧૬. તે મંડપની ચારેબાજુનાં થાંભલાની ઉપરના ભાગમાં સોનાના કળશ મૂકેલા હતા. ૧૭.

શ્રીહરિ મંડપની પાસે આવ્યા. તે જોઈને ખૂબ જ રાજી થયા. અશ્વ ઉપર બેસી રહીને મંડપમાં આવ્યા અને સીધા હિંડોળા ઉપર જ ઊતર્યા. ૧૮. એક હાથમાં મોતી જડેલી છડી હતી અને બીજા હાથમાં રૂમાલ હતો. શ્રીહરિ જ્યારે ત્યાં હિંડોળા ઉપર બેઠા ત્યારે સંતો અને દરબારોની સભા થઈ. ૧૯. ગામના જે આગેવાન મોટેરા ગણાતા તે બધા આવીને ત્યાં બેઠા. ત્યારે વિવિધ પ્રકારના વાજિંત્ર વગાડીને સંતો સારા કીર્તન ગાવા લાગ્યા. ૨૦.

ત્યારે અલગ અલગ પૂજાના ઉપચારોથી ભરેલો સોનાનો થાળ લઈને રૂપસી શેઠ આવ્યા. કેસરથી યુક્ત ઘસેલું ચંદન પણ લાવ્યા હતા. તેની શ્રીહરિના લલાટમાં અર્ચા કરી. ૨૧. શેઠ જ્યારે બીજા અંગો ઉપર ચંદન ચરચવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ પહેરેલા વસ્ત્ર ઉતારી દીધા. તે પછી ફૂલહાર પહેરાવ્યા અને મસ્તક ઉપર ફૂલની પાઘ બંધાવી. ૨૨. ફૂલના તોરા અને ફૂલની કલગી પાઘમાં ભરાવી. કાન ઉપર ફૂલના ગુચ્છ ધાર્યા અને હાથમાં પણ ફૂલનો ગુચ્છ આપ્યો. ૨૩. ફૂલના બાજુબંધ અને ગજરાઓ પણ હાથમાં સરસ રીતે બાંધી દીધાં. પછી તેમણે કપૂરની આરતી કરી. મનોહર મૂર્તિને દિલમાં ધારી લીધી. ૨૪. એક સોનેરી શાલ ઓઢાડી અને સોનેરી પાઘ પણ આપી. ઘણા સારાં કિંમતી કડાં બંને હાથમાં પહેરાવ્યા. ૨૫ પછી ચરણો ઉપર ચંદન ચરચીને ઘણા પ્રેમથી તે ચરણ છાતીમાં ચાંપ્યાં. પછી શ્રીહરિ પાસે માગણી કરી કે આ મૂર્તિ અખંડ અમારા ચિત્તમાં રહે. ૨૬.

✵ રૂપસીભાઈએ અતિ ઉપયોગી પ્રાર્થના કરી :

सोरठा : ओर चिंतवन अनंत, तामें नहिं हे सार कछु;
सो सब दि जरंत, दुःखरूप हे संस्रति करन...२७

मूर्ति बिन चिंतवन जेह, संचित प्रालब्ध करिमाण तेहि;
कारन देह हे तेह, मूर्ति विन न टरत तेहु...२८

બીજું બધું જે અનંત પ્રકારનું ચિંતન છે તેમાં કાંઈ જ સાર નથી તે બધું ઊલટું સળગાવનારું છે અને દુઃખરૂપ-સંસારમાં ભટકાવનારું છે. ૨૭. આપની મૂર્તિનાં ચિંતન સિવાયનું બીજું જે ભૌતિક પદાર્થોનું ચિંતન છે તે તો સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધરૂપ કર્મોથી બનેલું કારણશરીર છે. અને તે મૂર્તિનાં ચિંતન સિવાય ટળતું નથી. ૨૮.

चोपाई :

मूर्ति विन चिंतवन हि जेता, गुणमय दरशात हे तेता;
संचित प्रालब्ध करिमाण जेहा, कारन देह गुणमय हे तेहा...२९
गुण में वर्तत जीय ज्यां लगही, हर्ष शोक रहत तियां लगहि;
मूर्ति को जिय करे चिंतवन जेहु, गुणातीत जो स्थिति हे तेहु...३०

આપની મૂર્તિનાં ચિંતવન સિવાયનું જેટલું કાંઈ સંસારમાં ચિંતવન છે તે સર્વે ગુણમય દેખાય છે અને સંચિત પ્રારબ્ધ અને ક્રિયમાણ એ ત્રણ કર્મો જ ગુણમય કારણ દેહ છે. ૨૯. જ્યાં સુધી જીવ ગુણમય વર્તે છે ત્યાં સુધી તેને હર્ષશોક રહે છે. જે જીવ આપની મૂર્તિનું ચિંતવન કરે છે તે ચિંતવનને જ ગુણાતીત સ્થિતિ કહેવાય છે. ૩૦.

चोपाई :

मूर्ति में जिय वर्तत ज्यां लगहु, गुणमात्र न पिडत त्यां लगहु;
एसो मूर्ति में सुख अनंता, गुण में वर्ते कबु न लहंता...३१
सार में सार मूर्ति जेहि जाने, ताके सुख को न होत प्रमाने;
यह देह को सुखदुःख हि जितनो, अपार समुद्रभर रहे तितनो...३२

જ્યાં સુધી જીવ મૂર્તિમાં રહે છે ત્યાં સુધી તેને કોઈપણ ગુણ પીડતા નથી. એવું મૂર્તિમાં અનંત સુખ રહ્યું છે પણ જીવ જ્યાં સુધી ત્રણ ગુણમય દેહમાં ખૂંત્યો હોય ત્યાં સુધી તે સુખ તેને ક્યારેય મળતું નથી. ૩૧. સારમાં સાર

એક મૂર્તિ છે એમ જે સમજે છે તેનાં સુખનું કાંઈ માપ થઈ શકતું નથી. આ શરીરનાં જેટલા સુખ દુઃખ છે તે બધા તો ભર્યા સમુદ્રના જેવા અમાપ છે. ૩૨.

मूर्ति को देखे सुख हि जबहु, दुःख समुद्र हि तर गयो तबहु;
अंतःकरन रूप नेत्रहि जोहु, सुख को अनुभव होत हे सोहु...३३

જ્યારે મૂર્તિનું સુખ અનુભવમાં આવે છે ત્યારે તે દુઃખના સાગરને તરી ગયો છે. જીવ અંતઃકરણરૂપ નેત્રો દ્વાર તે સુખનો અનુભવ કરે છે. ૩૩. જીવનાં નેત્ર તો અંતઃકરણ કહેવાય છે. બહારના જે ચર્મચક્ષુ છે તેનાથી જીવને પૂરું જ્ઞાન થાતું નથી." એટલું કહ્યા પછી શ્રીહરિએ શેઠ રૂપશીભક્તને એવો વર આપ્યો કે, "તમે અમારી આ મૂર્તિ એક ક્ષણવાર પણ ભુલશો નહિ." ૩૪. પછી રૂપસીભાઈ શેઠે સંતોની પૂજા કરી. ફૂલના હાર પહેરાવીને સહુને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. તે રીતે જ બધા દરબારોની પણ પૂજા કરી. ૩૫. શ્રીહરિની સાથે રહેનારા વર્ણી અને પાર્ષદો જે હતા, તે બધાની પણ પૂજા કરી. તેમણે સંતોની પ્રાર્થના કરતા કહ્યું કે, "અમારા જીવનમાં સત્સંગના વિના જગત અધિક થઈ ન જાય. ૩૬. સંતો ! કેટલાક હરિભક્તોને સત્સંગ કરતાં કરતાં પણ જગત અધિક થઈ ગયું દેખાય છે, એટલે મેં આપની પાસે એવું માંગ્યું છે. ૩૭. જે હરિભક્તો ભગવાન છોડતા ન હોય અને જીવનમાં જગતનાં કામ ધંધાનું કે માન મોટાઈનું ગૌરવ પણ વધારે રહેતું હોય તેને સત્સંગનું સુખ મળતું નથી પણ મનમાં તેને પરિતાપ રહ્યા કરે છે. ૩૮. જે પૂજા અને સેવા કરતો હોય, વારેવારે શ્રીહરિને અને સંતોને જમાડતો હોય, તે હરિભક્ત ભગવાનનાં ધામમાં સર્વોપરિ રહે છે. ૩૯.

सोरठा : सत्संग में जेते संत, हरि वचन रूप हो रहेउ;
हरिजन हि अनंत, ताको रहुँ मैं दास सदा...४०
सत्संग करत करत, मति न होय विपरीत कबु;
पलपल रहत डरत, कोउ गुन न होवु मदरूप तेहि...४१
सत्संग को वोरी माल, वचन से अधिक वरतत जेहि;
तेहि हो जात बेहाल, ज्युं कुकर सरभ भयेउ...४२

સત્સંગના જે સંતો-ભક્તોનું જીવન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે હોય તે સંતો-ભક્તોનો હું સદાને માટે દાસ રહું. ૪૦. સત્સંગ કરતાં કરતાં મારી બુદ્ધિ ક્યારેય વિપરીત થઈ જાય નહિ. તેને માટે હું પળે પળે ડરતો રહું છું કે મને મારા કોઈપણ ગુણનું અભિમાન ન થાય. ૪૧. સત્સંગનો માલ વહોરીને અર્થાત્ સત્સંગના ગુણધર્મો શીખીને જે શ્રીહરિના વચન કરતાં પણ અધિક વર્તે છે તો તે બેહાલ થઈ જાય છે. જેમ કે, કૂતરો ઋષિની કૃપાથી શરભ થયો હતો પણ ઋષિનું પણ માંસ ખાવા ઈચ્છ્યો તેથી હતો એવો કૂતરો બની ગયો. ૪૨.

રૂપસીભાઈ શેઠે સંતોની આટલી પ્રાર્થના કરી પછી તેમણે સંતોને સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કર્યા. ૪૩. શ્રીહરિ તે ભક્તને દેખીને ઘણા ખુશ થયા. તેમને પોતાની પાસે હેતથી બોલાવ્યા અને પોતે જે ફૂલહાર કંઠમાં પહેર્યા હતા તે બધા ઉતારીને તેમને પહેરાવ્યા. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં ' રૂપસી શેઠે શ્રીહરિની પધરામણી કરાવીને શ્રીહરિ તથા સંતોની પૂજા-પ્રાર્થના કરી' એ નામે સત્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૭॥



પૂર છઠ્ઠું : તરંગ - ૮૮

દ્વેષીઓનો ઉલ્લેખ અને ચરિત્રોની વિશિષ્ટતા

ભક્ત રૂપસીશેઠ શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે પુરવાસી નરનારી બધા પૂજાપો લઈને પૂજા કરવા આવ્યા. ૧. પહેલા બધા જ પુરુષોએ, જેની જેવી ભાવના તેને અનુરૂપ પૂજા કરી. ૨. સહુએ એકેક સોનામહોર અને એકેક શ્રીફળ શ્રીહરિની આગળ મૂક્યાં અને એકેક ફૂલનો હાર પહેરાવ્યો. ૩. પછી પુરની બધી સ્ત્રીઓએ આવીને શ્રીહરિની પૂજા કરી. થાળમાં સોનાના ફૂલ હતા. તેનાથી વધાવીને કુંકુમનો ચાંદલો કર્યો. ૪. સહુએ શ્રીહરિની અલૌકિક રીત દેખી. એટલે તે સમયે તેમણે સત્સંગનાં વ્રતમાન-નિયમ

ધારણ કર્યાં. તે લોકોએ જગતના ગુરુઓને જે ગુરુના રૂપમાં સ્વીકાર્યા હતા તે બધા તેમને ધર્મથી વિરુદ્ધ દેખાયા. ૫. નિષ્કામીપણું ઈત્યાદિ સાધુના જે ત્રીશ લક્ષણ શાસ્ત્રોમાં કહ્યા છે તે સત્સંગના બધા સંતોમાં તેમણે જોયા. ૬.

પ્રત્યેક દેશમાં જેટલા મિથ્યા ગુરુ હતા. તે બધા એક થઈ ગયા. તે સિવાય તેમના જેવી રુચિવાળા જગતના જે દુરાચારી નર નારી હતા. ૭. તે બધા ભેળા મળીને તે મિથ્યા ગુરુની સાથે એક થઈ ગયા. પરંતુ જે ધર્મવાળા હતા તેઓ કોઈ તેમની ભેળા ભળ્યા નહિ. કેમ જે, કેવળ સ્વામિનારાયણના સત્સંગનો દ્રોહ કરવા માટે જ તે સહુના મનમાં પરસ્પર આદરભાવ હતો. ૮. કુંડાપંથી, શક્તિપંથી, મારગી, બીજમારગી જે બધા વ્યભિચાર કરનારા હતા. કાંચળિયા, ઉંદરિયા, ખીજડિયા, પ્રણામી, કબીરિયા, મિનડિયા. ૯. નાસ્તિક, મિથ્યાવાદી-બ્રહ્મજ્ઞાની, રામદ્રોહી ઉદાસી, કાનફટા, જંગમી, સેવડા, મિથ્યાવૈષ્ણવ, સંન્યાસી, મિથ્યા વેશીહંસ, મિથ્યાદેશી લેનારા રામાનંદી, પેટના પોષણ માટે જે અતીત થયા હતા, તે બધા સત્ય ધર્મનો દ્રોહ કરવા લાગ્યા હતા. ૧૦-૧૧.

ઉપર જે અનેક નામ કહ્યા, તેમાં જે ધર્મ પાળનારા હતા તેઓ સત્સંગની સાર-સંભાળ રાખતા. જેને સત્સંગમાં આદરભાવ હતો તેનાં બધા પાપ નાશ પામી ગયા. ૧૨. જે ખપ્પર રાખનારા, પાવૈયા, મૂંડા, નાથપંથી અને ગારુડી, અઘોરી અને મેલા કપડાંવાળા એ બધા એક થઈ ગયા. ૧૩. ફકીર જેવો મિથ્યા વેશ રાખીને ઘૂમનારા હતા. જે બધાની બોલી એક સરખી, રીતભાત એકસમાન અને ખરાબ રીત પણ જેની એકસરખી હતી. ૧૪. અધર્મ માર્ગમાં રુચિવાળા અનંત મતપંથી હતા એ બધા મન, કર્મ, વચને સત્સંગનો દ્રોહ કરવા લાગ્યા. ૧૫. તેમાં જે ધર્મ પાળવાની રુચિવાળા હતા તેઓ સત્સંગનો પક્ષ રાખતા. પરંતુ જ્યાં સુધી તેઓ જીવતા રહે ત્યાં સુધી અધર્મી તેની સાથે વેર-ઝઘડો કરતા રહ્યા હતા. ૧૬. પ્રસિદ્ધ ચાર વર્ણ અને ચાર આશ્રમોમાં જે અધર્મીઓ હતા. તેઓ ધર્મવાળા સત્સંગીઓને અધર્મી જાણીને તેમનો દ્રોહ કરવા લાગ્યા. ૧૭. તે અધર્મીઓના સમુદાયમાં પણ કેટલાક ધર્મવાળા હતા. તેઓ સત્સંગનો પક્ષ લેતા હતા. અને તે સમયમાં મોટા મોટા ગુરુઓ અને રાજાઓ હતા તેમાં પણ ઘણા અધર્મ કરતા હતા. ૧૮.

તેમાં પણ કેટલાક ગુરુઓ અને રાજાઓ ધર્મવાળા હતા. તે સત્સંગનો ગુણ ગ્રહણ કરીને પક્ષ રાખતા હતા. ચાર સંપ્રદાય અને બાવન દ્વારામાં જે ગમાર લોકો હતા તે અધર્મમાં ગરકાવ થઈ ગયા હતા. ૧૯. અને તેથી જ તે બધા સત્સંગનો દ્રોહ કરવા લાગ્યા. સંતો અને હરિભક્તો બધા તેને સહન કરતા હતા. તેમાં પણ જેટલા ધર્મવાળા લોકો હતા તે બધા જ સત્સંગનો પક્ષ રાખતા હતા. ૨૦. મોટા ધામ ગણાય છે કે તીર્થો છે તેમાં પણ અધર્મીઓ રહેતા હતા. તે પણ સત્સંગનો દ્રોહ કરતા હતા પણ સંતો અને હરિભક્તો તેને મનમાં લાવતા નહિ. ૨૧. તે તીર્થધામવાસીઓમાં પણ જે ધાર્મિક લોકો હતા તેઓ અધર્મીઓને ડરાવતા-ધમકાવતા હતા. તે જોઈને અંતર્યામી ભગવાન તે પક્ષ રાખનારાનું કલ્યાણ કરતા. ૨૨. એ બધું સામર્થ્ય શ્રીહરિનું હતું. આ વખતે તે ઘણું વાપરે છે. સહુના પ્યારા શ્રીહરિ સત્સંગની રક્ષા બીજા દ્વારા પણ વારંવાર કરતા હતા. ૨૩. એકાંતિક સંતો અને હરિભક્તો શ્રીહરિનાં તે સામર્થ્યને જાણતા હતા. બીજા કોઈને તેની ખબર પડતી નહિ, એટલા માટે હું આ ગ્રંથ (લખું છું.) પ્રગટ કરું છું. ૨૪.

✻ હરિમૂર્તિને અંતરમાં રાખવાની રીત :

શ્રીહરિમાં અનંત સામર્થ્ય છે. તે લખ્યા વિના જણાય નહિ. જે જે અવતાર થયા છે તેની બાબતમાં પણ જેટલું લખ્યું છે તેટલું જ દેખાય છે. ૨૫. ભગવાનની મૂર્તિ અને ભગવાનનાં ચરિત્રો ભિન્ન ભિન્ન નથી. વિશેષ કાર્ય કરવા પ્રકટેલી મૂર્તિ કાર્ય પૂરું થાય ત્યાં સુધી રહે છે, પણ પછી તે દેખાતી નથી. ૨૬.

सोरठा : कार्यमूर्ति जेह, कार्य तितनो करीके तेहि;
अद्रश्य होत हे तेह, चरित्र रूप पीछे रहत तेहु...२७
मूर्ति द्वार करी जोउ, जितनो करे कार्य तेउ;
तितनो कार्य सोउ, चरित्र द्वार सो देखात संतत...२८

જે કાર્ય કરનારી મૂર્તિ છે તે તેટલું કાર્ય કરીને અદૃશ્ય થઈ જાય છે. પણ ચરિત્રરૂપ મૂર્તિ પછી પણ રહે છે. ૨૭. ભગવાન મૂર્તિના દ્વારા જેટલું કાર્ય કરે છે તેટલું જ કાર્ય ચરિત્રો દ્વારા પણ સતત દેખાડે છે. ૨૮.

चोपाई :

मूर्ति सो दृग अंतर सुख देवे, चरित्र श्रवन अंतर सुख रेहेवे;
मूर्ति चरित्र बाहिर ताकुं, चार अंगुर दूर देखात वाकुं...२९
अंतररूप मंदिर एक ठामा, मनोहर मूर्ति को दिव्यधामा;
धाम को मूर्ति कर्त न त्यागा, सो जानत रीत संत बडभागा...३०

શ્રીહરિની મૂર્તિ દૃષ્ટિ દ્વારા અંતઃકરણમાં સુખ આપે છે અને ચરિત્રો કાન દ્વારા અંતઃકરણમાં સુખ આપે છે. મૂર્તિ અને ચરિત્રો, બહાર ચાર આંગળ દૂર રાખીને દેખી, વાંચી શકાય છે. ૨૯. અંતઃકરણરૂપ મંદિર એક સ્થાન છે, તે મનોહર મૂર્તિને રહેવાનું દિવ્યધામ છે. મૂર્તિ છે તે ક્યારેય દિવ્યધામનો ત્યાગ કરતી નથી. તેને તો મોટા ભાગ્યશાળી ઊંચી સ્થિતિના સંતો છે તે જ જાણતા હોય છે. ૩૦.

જે મનુષ્યને કેવળ બાહ્યદૃષ્ટિ જ છે તેને તે અંગે કાંઈ ગમ પડતી નથી. જેના અંતરમાં પ્રગટ શ્રીહરિનું જ્ઞાન હોય છે તેને જ આ વાત સમજાય છે. ૩૧. ભગવાનનાં ચરિત્ર જ્ઞાનની પુષ્ટિને માટે વચ્ચે આટલી વાત કહી દીધી છે. હવે શ્રીહરિની વાત કહું છું તેને સહુ સાક્ષાત્ સાંભળો. ૩૨. બધા ભક્તો જ્યારે શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે સંધ્યા સમય થઈ ગયો હતો. અનેક પ્રકારની મશાલો પ્રકટાવી. અને અનેક પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. ૩૩. મંડપમાં જેટલાં બિલોરી કાચનાં ઝાડ લટકાવ્યાં હતાં. તે બધાંને પ્રક્ટાવ્યાં. ત્યાં શ્રીહરિએ આરતી અને ધૂન વગેરે કર્યાં. ગામના લોકોને ઘણો જ આનંદ આપ્યો. ૩૪. પછી પ્રાણઆધાર ઘનશ્યામ અશ્વ ઉપર બેસીને ગામથી બહાર ઉતારે આવ્યા ત્યારે અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ૩૫. ભક્તોના મનોરથોને, કામનાઓને પૂર્ણ કરનારા એવા ઘનશ્યામ શ્રીહરિ પલંગ ઉપર બેઠા. બધા સંતો પણ તેમની પાસે બેઠા. પછી શ્રીહરિ ઘણા જ ઉલ્લાસથી બોલ્યા. ૩૬.

અમે બધા સત્સંગમાં ફર્યા, દેશવિદેશ જોયા, પણ કાઠીઓ જે રીતે દેશકાળને સમજી શકે છે, તેવી સમજણ લેશમાત્ર પણ બીજા કોઈમાં નથી. ૩૭. કાઠીઓમાં એક ધર્મ સહુથી શ્રેષ્ઠ અને વધારે દેખાય છે કે તેવો બીજા

કોઈમાં નથી, એમ અમે તેમની જ્ઞાતિની સાથે રહીને જાણ્યું છે. ૩૮. કોઈને ગુપ્ત રહેવું હોય તો તેને કાઠીઓ રાખી જાણે છે. તેઓ પુત્ર કરતા પણ વધારે કાળજી રાખીને ગુપ્ત રીતે રહેલાની રક્ષા કરે છે તેને સાચવે છે. ૩૯. પોતાની નાત-જાતનો હોય કે બીજો કોઈપણ હોય, તેની તેમને અરુચિ-અણગમો ન થાય. એવી બધી કાઠીની નાત છે કારણ કે, તેમાં તેઓ અતિશય ધર્મ માને છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'દ્વેષીઓનો ઉલ્લેખ અને ચરિત્રોની વિશિષ્ટતા' એ નામે અઠ્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૮॥



પૂર છઠ્ઠું : તરંગ - ૮૯

સંતોએ શ્રીહરિની મરજી અનુસાર રહેવાનું જાહેર કર્યું.

શ્રીહરિએ સહુ સંતોને કહ્યું, "સહુ સુજ્ઞ સંતો ! સાંભળો. અમારી જેવી મરજી હોય, અમને જેમ સુવાણ થાય તેમ અમે વર્તીએ. ૧. એવું જો તમારે મંજૂર હોય તો અમે સત્સંગમાં રહીએ, જો તે મંજૂર ન હોય તો અમે વનમાં ચાલ્યા જઈએ. આ બાબતમાં કોઈ ફરક નથી. તમે સહુ પ્રસન્ન-ખુલ્લા દિલથી બોલો." ૨. ત્યારે બધા સંતોએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, અમારે ક્યારેય આપની મરજી તોડીને કાંઈ કરવું નથી. ૩. આપની જેવી મરજી હોય તેમ આપને કાયમ રહેવું. અને આપની જે મરજી હોય તે અમને સહુને કહેવી. ૪.

❋ જે હરિમરજીમાં રહે, તે મહા સુખ લહે :

चोपाई :

हमारे खप हे तुमारो सदाई, मरजी त्युं वर्त हि हरखाई;
तुमारी मरजी करे लोप जबहु, तुमारे हम कुं तजना तबहु...०५

અમને સદાને માટે એક આપનો જ ખપ છે. આપની જેવી મરજી હશે તે પ્રમાણે અમે હરખાઈને વર્તશું. જ્યારે અમે આપની મરજીનો લોપ કરીએ ત્યારે આપે અમારો ત્યાગ કરી દેવો. ૫.

અમે અમારું શરીર આપને સમર્પણ કરી દીધું છે. અમે આપને નિશ્ચિતરૂપમાં ભગવાન માનીએ છીએ. આપ કહો તેમ અમે જો ન કરીએ તો અમારા નિશ્ચયમાં ખામી છે, એમ જાણવું. ૬.

चोपाई :

लोक रिझो वा खिजो सबहु, तुमारी मरजी न लोपना कबहु;
लोक की मरजी रखी बहु काला, काल त्रास न तुटे विकराला...०७

जन्म मरन जमपुरी जेहा, चोरासी दुःख अनंत हि तेहा;
तुम न मिले त्यां लग रहेउ, तुम मिले अब टरी सब गयेउ...०८

દુનિયા અમારા ઉપર રાજી રહે કે નારાજ થાય, અમે આપની મરજીને ક્યારેય લોપશું નહિ. દુનિયાની મરજી ઘણા સમય સુધી સાચવી પણ તેનાથી વિકરાળ કાળનો ત્રાસ ટળ્યો નથી. ૭. જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીના અનંત દુઃખ, જ્યાં સુધી આપ મળ્યા ન હતા ત્યાં સુધી તે ટળ્યા ન હતા. હવે આપ મળ્યા છો એટલે તે બધા જ દુઃખ ટળી ગયા છે. ૮. આવી તો અનંત અને અપાર વાતો વારંવાર જોવામાં આવી છે. આપ કદાચ અમે કરેલો આપના ભગવાનપણાંનો નિશ્ચય તોડાવવા ચાહશો છતાં તે નિશ્ચય ક્યારેય તૂટશે નહિ. ૯. કદાચ અમને જીવમાં મતિભ્રમણા થઈ જાય (અમે પાગલ થઈ જઈએ) તોપણ અમે આપને ક્યારેય છોડીએ નહિ. હવે આપ કદાચ અમને અમારી જેવી મરજી હોય તે પ્રમાણે રહેવા ન દ્યો તોપણ અમને આપનો પાકો થયેલો નિશ્ચય ક્યારેય તૂટશે નહિ. ૧૦.

तुमारी मरजी सो ब्रह्मपुर धामा, तुमकुं न छोडे सुंदरश्यामा;
तुमारो नहीं निश्चे जाही, चार वर्न चार आश्रम ताही...११

नाम मात्र तेहि सब कावे, मोक्ष के मग में काम न आवे;
लोक व्यवहार में आवे अर्था, निश्चे विन मोक्ष में हे निरर्था...१२

અમારે માટે આપની મરજી એ જ અક્ષરધામ છે. હે સુંદરશ્યામ ! અમે આપને ક્યારેય છોડીએ નહિ. જે લોકોને આપના સ્વરૂપનો નિશ્ચય ન હોય, ભલેને તે લોકો ચાર વર્ણના કે ચાર આશ્રમના હોય ! ૧૧.

તે બધા નામમાત્રના જ કહેવાય. તે વર્ણાશ્રમ તેને મોક્ષના કામમાં ઉપયોગી ન થાય. હા, લોકવ્યવહારમાં ઉપયોગી થાય. નિશ્ચય વિનાના તે વર્ણાશ્રમ મોક્ષમાં તો નિરર્થક છે. ૧૨.

આપ ભગવાન વિપ્રશ્રેષ્ઠ છો. ધર્મ તો આપનું કુળ છે. આખું જગત તે બાબતને જુએ જાણે છે. છતાં મૂર્ખ લોકો પશુના જેવું બોલતા હોય છે. ૧૩. સૂર્યને અત્યંત તેજસ્વી દેખીને કદાચ દુર્જન લોકો સૂર્યની સામે ધૂળ નાખે તોએ શું ? તેનાથી સૂર્ય કાંઈ મટી જવાનો નથી, તે ધૂળ તો તે નાખનારાની આંખોમાં જ પડતી હોય છે. ૧૪. પૂર્વે પણ જે જે અવતારો થયા છે તેની બાબતમાં પણ દુષ્ટ બુદ્ધિના દુર્જનો તો જેમ તેમ બોલતા જ રહ્યા છે. વારંવાર ધોવા છતાં પણ મળદ્વાર ક્યારેય શુદ્ધ થતો નથી. ૧૫. જેટલા સત્પુરુષો થયા છે તેને દેખીને તેની બાબતમાં દુર્જનો તો ગધેડાં અને કૂતરાંના ભસવા જેવું કર્કશ અને વિરુદ્ધ બોલતા જ રહ્યા છે. ૧૬.

❋ ગુણગ્રાહી દષ્ટિના લાભ :

જેની જેવી જાતિ હોય, જેવા સંસ્કાર હોય, તે બધું બોલવામાં દેખાય આવે છે. જે જે શરીરમાં નિત્ય એવો આત્મા આવે છે ત્યારે તે જે જે આચરણ કરે છે તેમાં તે દેખાય આવે છે. ૧૭. ઊચ્ચવર્ણમાં જન્મ મળ્યા પછી પણ જો તેને માંસ ખાવું ગમતું હોય, તો પૂર્વજન્મમાં તે વાઘ કે દીપડો હશે, એવું તે દેખાડે છે. તેમ મન, કર્મ, વચનથી નીચ આચરણ કરનારો મનુષ્ય કૂતરાં, ભૂંડ, શિયાળ કે બિલાડાની જાતિમાંથી જન્મ્યો હોય તેમ જાણવું. ૧૮.

चोपाई :

सत्पुरुष सो देखीके तेहु, अंतर में जो गुन धरे एहु;
तत्काल शुद्ध होई जावे, मनुष्य के गुन तर्त तेहि आवे...१९
सत्पुरुष में धरे भाव हि जेसा, सो जन में प्राप्त होत हे तेसा;
पुरान में सो प्रसिद्ध हे वाता, नारद सनक की जो विख्याता...२०

સત્પુરુષને જોઈને જેના અંતરમાં તે સત્પુરુષનો ગુણ આવે, તો ગુણ ગ્રહણ કરનારો તત્કાળ શુદ્ધ થઈ જાય છે. અને તેમાં માણસાઈના ગુણો

તત્કાળ આવે છે. ૧૯. સત્પુરુષને જોઈને જે જેવી ભાવના કરે છે તે તેવો થઈ જાય છે. પુરાણોમાં તે નારદ (પૂર્વ જન્મમાં તે દાસીપુત્ર હતા. પરંતુ શુદ્ધ ભાવે સંત સેવ્યા તો દેવર્ષિ થયા.) અને સનકાદિકોની (જય વિજય વૈકુંઠમાં ભગવાનના પાર્ષદ હતા પરંતુ સનકાદિકોનો દ્રોહ કર્યો તો અસુર થઇ ગયા.) તે વાત પ્રસિદ્ધ છે. ૨૦. જે મનુષ્ય સન્માર્ગને જોઈ વિચારીને તેને અનુસરીને ચાલે અને પ્રત્યક્ષ ભગવાનનું ભજન કરે, ભગવાન સિવાય અન્ય કોઈ વ્યસન જેને હોય નહિ, તેને અમે સત્પુરુષ કહીએ છીએ. ૨૧.સંતોએ કહેલી વાત સાંભળીને શ્રીહરિ સંતોના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. તે સમયે જે સંતો શ્રીહરિની સાથે ત્યાં હતા તેમને શ્રીહરિ બાથમાં ભીડીને મળ્યા. ૨૨. પછી શ્રીહરિએ સમગ્ર સંતોને કહ્યું, હવે અમે અમારાં મનમાં નિર્ભય થયા છીએ. અમે જે અક્ષરધામથી આ લોકમાં આવ્યા છીએ તે અમારો દાખડો હવે તમે સહુએ કબૂલ-મંજૂર કર્યો છે. ૨૩.

हरि कहे मेरी एसी रीति, वचन ग्रहे ता पर करुँ मैं प्रीति;
वचन में न आव हि कलाई, यामे डंभ न चले जराई...२४

શ્રીહરિએ કહ્યું, મારી એવી રીત છે કે, જે મારા કહ્યામાં રહે તેના ઉપર મને હેત થાય છે. મારા વચનમાં જે નહિ રહે તે કળાઈ આવશે. તેમાં જરાએ દંભ ચાલશે નહિ. ૨૪. જેમ ઘોડેસવાર ઘોડાને પાટીએ દોડાવે છે અને કુંડાળે નાખે છે ત્યારે તે ઘોડો તેના સવારને વશ રહે છે અને તે જ ઘોડો અમૂલ્ય ગણાય અને યોગ્ય ગણાય છે. ૨૫. હવે આપણે ગઢપુર પહોંચીએ ત્યાં સુધી સહુ સાથે રહો. ત્યાં જઈને આપણે બધો વિચાર કરશું. સત્સંગના હિતનો તપાસ કરીને પછી તેનો તેવો નિર્ધાર કરશું. ૨૬.

શ્રીહરિએ આટલી વાત કરી, તેને સાંભળીને બધા સંતો રાજી થયા. 'હવે સવારે અહીંથી ચાલવું છે' એમ કહીને શ્રીહરિ પોઢી ગયા. ૨૭. સંતો કાંઈક ધ્યાન કરીને પછી થોડીવાર સૂઈ ગયા. સહુને શ્રીહરિને રીઝવવાનું તાન હતું. જ્યારે અરુણોદય થયો ત્યારે સહુ ઊઠ્યા. ૨૮. જ્યારે 'સ્વામિનારાયણ ધૂન' કરવા લાગ્યા ત્યારે વન અને ગગન ગાજવા લાગ્યાં. ધૂન સાંભળીને

દયાળુ શ્રીહરિ તત્કાળ ઊઠ્યા. પછી શૌચવિધિ કરી આવ્યા. ૨૯. સંતો, વર્ણી, દરબારો, પાર્ષદો સહુએ શૌચવિધિ કરી લીધો. પછી તત્કાળ ચાલવાની તૈયારી કરી. ઘુઘરાળા જઈને મુકામ કરવો એમ નક્કી કર્યું. ૩૦.

જ્યારે શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા ત્યારે બધા કાઠી દરબારો ઘણા ખુશી થઈ ગયા. સંતો અને વર્ણીઓ બધાને આગળ ચલાવ્યા. ભાઈ રામદાસ સ્વામીને અને મુક્તાનંદસ્વામીને રથમાં બેસાડ્યા. ૩૧. આનંદાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી અને સ્વરૂપાનંદસ્વામી આદિક બધા સંતો પણ રથમાં બેઠા હતા. તે સમયે શ્રીહરિ હરખભર્યા રસ્તામાં ચાલતા થયા. ૩૨. ગામના લોકોને શ્રીહરિ ઉપર ઘણું હેત થઈ ગયું હતું તેથી સહુ શ્રીહરિને વળાવવા માટે આવ્યા હતા. સર્વે જનો પા કોશ સુધી દૂર પાછળ આવ્યા દેખીને શ્રીહરિ બોલ્યા. ૩૩. ગામના બધા ભક્તો હવે પાછા વળો. કેમ જે દુર્જન લોકો એવું બોલશે કે, 'બધા નાશી ગયા.' ત્યારે ગામવાસી બોલ્યા, અમને દુર્જનો કાંઈ કહી શકશે નહિ. ૩૪. દુર્જનો તો નકટા છે અને નઠારા છે. તે નકામા લોકો અમને શું કહેવાના છે ? દુનિયામાં જેટલા દોષ કહેવાય છે તે બધા તે દુર્જનોમાં ભર્યા હોય છે. ૩૫. નિર્દોષની આગળ દોષવાળા શું કરશે ? અમે કાંઈ તેનાથી ડરતા નથી. ત્યારે સુખદાયક શ્રીહરિએ કહ્યું, દુર્જનની ક્યારેય પણ લાજ જતી નથી. ૩૬.

તદ્દન નાગો રખડતો હોય તેને લાજ શું હોય ? જે કપડાં પહેરતો હોય તેને લાજ શરમ આવે. વેશ્યાના જીવનમાં લાંછન શું ? જે સતી સ્ત્રી હોય તેણે લાજ જાળવવાની હોય છે. ૩૭. મળદ્વાર એટલું હેરાન કરનારું છે કે તેને એકવાર પણ ધોવામાં ન આવે તો બધા કપડાંને અને શરીરને ગંધાતું કરી દે છે. ૩૮. તે રીતે જ જે દુષ્ટ લોકો છે તેનો પણ વારેવારે ઘણો ખટકો રાખવો પડે. ત્યારે શ્રીહરિની વાતને પ્રમાણભૂત માનીને ગામવાસી લોકો ત્યાં ઊભા રહી ગયા. ૩૯. પછી શ્રીહરિએ પોતાનો અશ્વ દોડાવ્યો. જ્યારે તેઓ ઘણા દૂર નીકળી ગયા ત્યારે ગામના ભક્તો શ્રીહરિના ગુણોની વાતો કરતાં કરતાં પાછા વળ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'સંતોએ શ્રીહરિની મરજી અનુસાર રહેવાનું જાહેર કર્યું.' એ નામે નેવ્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૯॥



પૂર છઠ્ઠું : તરંગ - ૯૦

શ્રીહરિએ ઘુઘરાળા ગામમાં વિષયી જીવની વાત કહી.

ભગવાન સહજાનંદસ્વામી **દેવળિયા** ગામ (દેવળિયા-મોટા, તા. બાબરા, જિ. અમરેલી) આવ્યા. પ્રભુ પધાર્યાના ખબર સાંભળીને બધા હરિભક્તો તેમની સન્મુખ દોડીને ગયા. ૧. શ્રીઘનશ્યામ મૂર્તિનાં દર્શન થવાથી સૌના હૃદયમાં ઉપજેલો આનંદ સમાતો નહોતો. સહુ ચરણમાં નમી પડ્યા. અને એકેક નાળિયેર ચરણમાં ભેટ મૂક્યું. ૨. ડંકા વાગતાં હતાં. સોનેરી નિશાન ફરકતા હતા. ગામથી ઉત્તરમાં નદીને કાંઠે ઉતારો કર્યો. ૩. ત્યાં રસોઈ બનાવી. સંતો અને શ્રીહરિ સૌ જમ્યા. તે રીતે જ દરબારો અને પાર્ષદો પણ બધા જમ્યા. ૪. સાકરનો શીરો બનાવ્યો હતો અને બીજી સુંદર પૂરી કરી હતી. પ્રાણઆધાર શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે ગામમાં પધરામણી કરી. ૫. જેટલાં હરિભક્તોનાં ઘર હતાં ત્યાં બધે ફર્યા અને સહુને દર્શન દીધાં. બીજા પણ જે ભાવિક લોકો હતા તેપણ શ્રીહરિને પોતાને ઘરે લઈ ગયા. ૬. સહુ પલંગ ઉપર પધરાવતા. અતિશય ભાવથી પૂજા કરતાં. બાઈ ભાઈ સહુએ પૂજા કરીને અલૌકિક લાભ લીધો. ૭.

પછી શ્રીહરિ ગામથી બહાર આવ્યા. મૂર્તિની અદ્‌ભુત શોભા વર્ણવી શકાતી નથી. શિર ઉપર મોટું છત્ર છવાયેલું હતું તેને દેખીને કરોડો કામની છબી લજાઈ જતી હતી. ૮. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગી રહ્યાં હતાં. ગામવાસી બધા લોકો ગામમાંથી બહાર આવ્યાં. હજી દિવસ છ ઘડી (૨.૨૪ કલાક) બાકી છે એમ જાણીને સુખદાયક શ્રીહરિ મોટા દેવળિયાથી ચાલતા થયા. ૯. ભક્તપ્રતિપાલક દયાળુ શ્રીહરિ **ઘુઘરાળા** ગામ (તા. બાબરા, જિ. અમરેલી) આવ્યા. બધા હરિભક્તો અને ગામલોકો સમાચાર સાંભળીને

તરત સન્મુખ આવ્યા. ૧૦. શ્રીહરિ જ્યારે નજીક આવ્યા ત્યારે હરિભક્તોએ દંડવત્ પ્રણામ કર્યા. લાધાભાઈ સુતાર અને રામ જેબલિયા કાઠી દરબાર સત્સંગી હતા. ૧૧. તેઓ શ્રીહરિના ચરણોમાં પડ્યા. અપાર શ્રીફળ લાવ્યા હતા. બધા ગામલોકો પણ ભાવિક હતા. તે સમયે સહુને આનંદ થયો. ૧૨. બહુજાતના વાજિંત્રો વાગતાં હતાં. ગામની નજીક આવ્યા. ભક્તોના આશ્રયરૂપ શ્રીહરિએ સારી જગ્યા જોઈને ઉતારો કર્યો. ૧૩.

હરિભક્તોએ એક સુંદર પલંગ લાવીને બિછાવી દીધો. સદા સુખદાયક શ્રીહરિ ત્યાં આવીને પલંગ ઉપર બેઠા. ૧૪. મહાન બુદ્ધિમાન સહુ હરિભક્તોએ જે જે સીધું જોઈતું હતું તે લાવી આપ્યું. તરત જ રસોઈ કરાવવા લાગ્યા. ૧૫. ઘુઘરાળાના જે હરિભક્તો હતા તેમણે સહુએ શ્રીહરિની પોત પોતાને ઘરે પધરામણી કરી. જેની જેવી ભાવના હતી તે પ્રમાણે સહુએ પૂજા કરી અને અલૌકિક લાભ લીધો. ૧૬. શ્રીહરિ અને સંતોની અલૌકિક રીતને જોઈને ગામના લોકોને શ્રીહરિના ઉપર ખૂબ જ પ્રેમ થયો. મશાલ કરવાનો સમય થયો ત્યાં સુધી શ્રીહરિ ગામમાં પધરામણીએ ફર્યા. ૧૭. જ્યારે મશાલો પ્રકટાવી ત્યારે શ્રીહરિ સહજાનંદસ્વામી ગામથી બહાર આવ્યા. ઉતારે આરતી અને ધૂન કરી રહ્યા ત્યારે રસોઈ તૈયાર થઈ. ૧૮.

પછી શ્રીહરિ જઈને જમવા માટે બેઠા ત્યારે વર્ણી હેતથી થાળ લાવ્યા. સાકરનો કંસાર કર્યો હતો, તેમજ ભજિયાં અને વડાં પણ સુંદર કર્યાં હતાં. ૧૯. રીંગણાંનું શાક ઘીમાં પકાવ્યું હતું અને તેમાં છેલ્લે દહીં નાખ્યું હતું. શ્રીહરિ તે થાળ ઘણા ભાવથી જમવા લાગ્યા અને સંતોને તથા દરબારોને પણ જમવા બેસાડી દીધાં. ૨૦. શ્રીહરિ છેલ્લે ભાત, સાકર અને દૂધ જમી રહ્યા ત્યારે તત્કાળ હાથ અને મુખ ધોયા. અને રૂમાલ લઈને હાથ લૂછ્યાં. ૨૧. તે પછી મુખવાસ લીધો અને ઘણા જ ઉત્સાહથી સંતોને, દરબારો અને પાર્ષદોને પીરસવા લાગ્યા. ૨૨. જ્યારે સંતો અને દરબારો કંસાર જમી રહ્યા ત્યારે દૂધ અને ભાત પીરસ્યા. તે સંતો અને દરબારો જમી રહ્યા ત્યારે શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. ૨૩. જ્યારે બધા આવીને પોતાની પાસે

બેસી ગયા ત્યારે શ્રીહરિએ સંતોને કહ્યું, તમે બધા પ્રેમથી કીર્તન ગાઓ. બધી સભા ભરાઈને બેઠી છે. ૨૪.

જ્યારે કથા-વાર્તા કરીએ છીએ ત્યારે સભા શૂન્ય જેવી થઈ જાય છે. અને કીર્તન ગવાય છે ત્યારે બધા સાવધાન થઈ જાય છે. એટલો કીર્તનમાં રસ રહ્યો છે. ૨૫. આમ તો કથા, વાર્તા અને કીર્તન ત્રણે એક સમાન જ કહેવાય છે પણ તેને મનમાં ધારી રાખવામાં ન આવે તો જીવને કાંઈ સમાસ-અસર થતી નથી. ૨૬. જીવને વિષયમાં જ એક તાન રહે છે. જ્યાં વિષયનું પોષણ થતું હોય છે ત્યાં જ પ્રેમ કરે છે. પરંતુ જ્યાં વિષયનું ખંડન થતું હોય તેની સાથે કોઈ પ્રેમ કરતું નથી. ૨૭.

ચોપાઈ :

दुःख मात्र कहावत जीतना, विषय मांहिं भरे हे तीतना;
विषय दुःख देखन नहिं देवे, दुःख पावे तोहु दोष न लेवे...२८

एसो हे यामें मोह विपरीता, प्रान जाय तोहु कबु न तजिता;
नाक कान शिर धन खोवावे, तोहु ताको अभाव न आवे...२९

જેટલાં દુઃખ કહેવાય છે તે બધા પંચવિષયમાં ભર્યા છે. વિષયભોગ દુઃખને જોવા દેતા નથી. અને જીવ વિષયથી દુઃખ પામે છે, છતાં તેનો દોષ લેતો નથી. ૨૮. વિષયમાં એવો વિપરીત મોહ છે કે પ્રાણ જાય તોપણ ક્યારેય જીવ વિષયનો ત્યાગ કરતો નથી. નાક-કાન જાય, માથું જાય અને ધન પણ જાય, છતાં વિષયનો અભાવ આવતો નથી. ૨૯.

વિષયીજનો પંચવિષયના જ વખાણ કરે છે. વિષયી જીવનો ઈશક ધન્ય છે કહેતા વખાણવાલાયક છે. કેમજે, જેને વિષયનો ઈશક હોય તે તેના માટે નાક, કાન, મસ્તક અને ધનને ખોવે છે છતાં પણ તેને છોડતો નથી. ૩૦. વિષયીજીવને જન્મ મરણનું દુઃખ, લખચોરાશીનું દુઃખ અને તેનાં કરતાં પણ વધારે જમપુરીનું દુઃખ ભોગવવું પડે છે, વિષયીજીવ વ્યભિચારકર્મ કરવા માટે ચોરી કરે છે અને સંઘને પણ લુંટે છે. ૩૧. આ જગતમાં વારંવાર રાજદંડ ભોગવવો પડે છે છતાં તે વિષયનો અભાવ લેતો નથી. જીવને જેમાં

આસક્તિ થાય છે, તેનો તેને ક્યારેય અભાવ આવતો નથી. ૩૨. જેમકે ચાંડાળીમાં જેને સ્નેહનું બંધન હોય તેને તેના હાથનું ખાવું પડે તોપણ તેનો અભાવ આવતો નથી. ઘણા મોટા મોટા અને ઉત્તમ ગણાતા લોકો પણ તે સ્નેહદોષને લીધે માંસ ભક્ષણ અને દારૂનું પાન કરે છે. ૩૩. એ સિવાયના બીજા નીચકામોને પણ આસક્તિનું બંધન અનેક વખત કરાવે છે. સ્નેહ-આસક્તિ અને વિષયનું એક જ સ્વરૂપ છે,પરંત કહેવામાં અલગ અલગ સ્વરૂપથી કહેવામાં આવે છે. ૩૪.

चोपाई :

सुख में विषय रहे मूर्तिमाना, दुःख में विषय को न रहे ठिकाना;
सो प्रगट देखात हे आई, यामें शंषय कछु न ताई...३५

જ્યારે જીવ સુખની અવસ્થામાં હોય ત્યારે વિષય મુર્તિમાન રહે છે પરંતુ જ્યારે દુઃખની અવસ્થા આવે છે ત્યારે વિષયનું કાંઈ ઠેકાણું રહેતું નથી. આ વાત પ્રત્યક્ષ જોવામાં આવે છે માટે તેમાં કોઈ સંશય નથી. ૩૫.

કોઈ સોળ વરસનો યુવાન પુરુષ હોય અને એક સોળ વરસની યુવતી સ્ત્રી હોય, તે બંનેને સતત દસ દિવસના ઉપવાસ કરાવવામાં આવે અને તે પછી તે બંનેને સાથે સુવડાવવામાં આવે તો તે બંનેને એક માત્ર અન્ન સિવાયના કોઈ અન્ય વિષયની ઇચ્છા રહેતી નથી. એટલે વિષયનું મૂળ-બીજ અન્ન છે, આવું સત્પુરુષો કહેતા હોય છે. ૩૬-૩૭.

શ્રીહરિએ આટલી વાત જ્યારે કરી ત્યારે સહુ સંતોએ તે વાતને સાચી માની. અને સંતોએ કહ્યું, મહારાજ ! આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો, આપ જેમ કહો તેમ અમે કરીએ. ૩૮. આમ કહીને બધા સંતો કીર્તન ગાવા લાગ્યા. શ્રીહરિ પણ મનથી અત્યંત પ્રસન્ન થઈને તે સહુ સંતોની સાથે કીર્તન ગાતા રહ્યા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં ' શ્રીહરિએ ઘુઘરાળા ગામમાં વિષયીજીવની વાત કહી' એ નામે નેવુંમો તરંગ સમાપ્ત ॥૯૦॥



પૂર છઠ્ઠું : તરંગ - ૯૧

ગઢપુર વગેરે ગામના બધા દરબારો શ્રીહરિના દર્શન કરવા માટે બાબરા આવ્યા.

સંતો કીર્તન ગાવા લાગ્યા. અધરાત થઈ ગઈ. પછી શ્રીહરિ પોઢી ગયા અને બધી સભા ઊઠી ગઈ. ૧. જેને જેટલો નિયમ હતો તે સંતો તેટલું ધ્યાનમાં બેઠા. પછી તે સંતો સૂઈ ગયા અને કેટલાક સૂતા જ નહિ. ૨.

અરુણોદય થયો જાણીને બધા સંતો "નારાયણ સુખદાયક...રામકૃષ્ણ ગોવિંદ..."આવી ધૂન કરવા લાગ્યા. ૩. "નારાયણ ધૂન" સાંભળીને શ્રીહરિ ઊઠ્યા. સહુને તૈયાર થવાનું કહ્યું અને પોતે પણ તરત તૈયારી કરી. ૪. સંતો, દરબારો અને પાર્ષદો બધા તરત જ તૈયાર થઈ ગયા. ગામના બધા લોકો દર્શન કરવા આવ્યા. કેટલાક લોકોએ તો સત્સંગનાં વ્રતમાન-નિયમ ધારણ કર્યા. ૫.

❋ બ્રહ્મવિદ્યા તથા મોક્ષની રીત :

અતિ સારરૂપ જાણીને તેણે સત્સંગ ગ્રહણ કર્યો. સત્સંગથી જ સાક્ષાત્ મોક્ષ થાય છે એવું નક્કી કરી લીધું. તેમને જ્યાં ધર્મ ન હોય ત્યાં મોક્ષ ન દેખાયો અને ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય પણ ન જણાયા. ૬. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ચારના વિના કોઈનો મોક્ષ ન થાય, એવો તેમને મનમાં નિશ્ચય થયો. સુખદાયક શ્યામસુંદર શ્રીહરિએ સહુને કહ્યું, હંમેશાં સત્સંગનો જોગ રાખજો. ૭. **સત્પુરુષના જોગ વિના સત્સંગ રહે નહિ.** જાળવણીમાં મહેનત ન કરાય તો શેરડી થાય નહિ. ગુરુ પાસે વિદ્યા ભણ્યા કરે, પણ તેનો અભ્યાસ જો ન રાખે તો તે ભણેલી વિદ્યાનો તરત નાશ થઈ જાય છે. ૮.

સત્સંગનું બીજું નામ બ્રહ્મવિદ્યા છે. વગર આદરભાવે તેનું ઠેકાણું રહે નહિ. જેમાં મોક્ષનો અંકુર દેખાય ત્યાં બ્રહ્મવિદ્યા રહે છે. ૯. જેને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થઈ હોય તેને બધી જ વિદ્યા પ્રાપ્ત થઈ જાણવી. બ્રહ્મવિદ્યામાં અપાર તેજ રહ્યું છે તેના પ્રભાવથી પાપમાત્ર બળીને ભસ્મ થઈ જાય છે. ૧૦.

चोपाई :

हरि विन रुचि ओर में जेता, पापमात्र कहावत तेता;
सत्संग करत पाप नसावे, सत्संग विन कबु न हठावे...११
हरि विन संकल्प होत हे जेते, पाप वासना जानना तेते;
हरिजन को यह मत कहावे, तेहिकर हरिजन नकी परखावे...१२

ભગવાન સિવાયના અન્ય પદાર્થ કે વિષયમાં જેટલી રુચિ રહેતી હોય તે બધું પાપ જ કહેવાય છે. સત્સંગ કરીને તે પાપનો નાશ કરવાનો છે. સત્સંગ કર્યા વિના ક્યારેય તે પાપનો નાશ થાતો નથી. ૧૧. ભગવાન સિવાયના જેટલા સંકલ્પો થાય છે તે બધાને પાપમય વાસના જાણવી. હરિભક્તોનું આવું માનવું છે અને તેના ઉપરથી જ હરિભક્તની ખરી પરીક્ષા થાય છે. ૧૨. સત્સંગની ચોક્કસ વાત કરે, અને તે પ્રમાણે ચોક્કસ વર્તન રાખે, પછી સત્સંગના નિયમોને પાળવાનું મનમાં અભિમાન પણ જરાએ રાખે નહિ, ત્યારે તે હરિભક્તને સર્વોત્તમ કહેવાય છે. ૧૩.

दोहा : आप को करे अपमान कोउ, वैर न करे ता संग;
वैर करे हरिजन होई, तितनो तेहि कुसंग...१४

કદાચ કોઈ પોતાનું અપમાન કરે, છતાં તેની સાથે વૈર બાંધે નહિ અને હરિભક્ત થઈને જો તેની સાથે વૈર બાંધે છે તો તેના સત્સંગમાં એટલો કુસંગ છે એમ સમજવું. ૧૪.

सोरठा : वैर न करे हरिजन, हरिजन को मुख्य धर्म एहि;
हरि को जेसे वचन, तेसे सो वरतन रखत...१५
लोक रहो प्रसन्न, काँ रहो कुराजी सब;
तामें नहिं तेहि मन, मन रखत हरि वचन महिं...१६

હરિભક્ત કોઈની સાથે વૈર રાખે નહિ. કારણ કે નિર્વૈરભાવ જ હરિભક્તનો મુખ્ય ધર્મ છે. જેવું ભગવાનનું આજ્ઞાવચન હોય તેવું જ તે પોતાનું વર્તન રાખતો હોય છે. ૧૫. દુનિયા પોતાના ઉપર પ્રસન્ન રહે કે બધા નારાજ રહે, તે બાબતમાં મનને જવા દેવું નહિ. મનને તો ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તન રાખવામાં જોડી દેવું. ૧૬.

चोपाई :

हरि किये प्रसन प्रसन सब कीने, सब को हित इच्छत सब दीने;
कोई कुं बुरो लगे जिय मांहिं, एसो वचन सो उचरे नाहिं...१७
हरि भजे बुरो करे जो आई, हरिजन सहन सब करे ताई;
सहन सम मोटप नहिं कोउ, ग्रंथ में ठोर ठोर लिखे सोउ...१८

એક ભગવાનને રાજી કર્યા હોય તો માનવું કે સહુને રાજી કર્યા છે. સહુનું હિત ઈચ્છ્યું હોય તો માનવું કે બધું જ આપ્યું છે. કોઈપણના મનમાં ખરાબ લાગે, દુ:ખ થાય, એવું વચન તે બોલે નહિ. ૧૭. ભગવાનનું ભજન કરતા હોય અને કોઈ તેનું બૂરું કરે તો ભગવાનનો ભક્ત તે બધાને સહન કરે. સહનશીલતાના જેવી કોઈ મોટાઈ નથી.એવું બધા શાસ્ત્રોમાં ઠેકઠેકાણે લખ્યું છે. ૧૮.

શ્રીહરિએ આટલી વાત હેતથી કરી. પછી હરખભેર અશ્વ ઉપર બેઠા. શ્રીહરિ 'જય સચ્ચિદાનંદ' કહીને ચાલ્યા અને ગામવાસી લોકો ત્યાં જ ઊભા રહ્યા. ૧૯. અવિનાશી શ્રીહરિ **બાબરા** ગામ (તા. બાબરા, જિ. અમરેલી) આવ્યા. ત્યાં નદીમાં મનને સુખ કરે એવો સરસ એક કુંડ છે. વૃક્ષોની ઘાટી છાયા ઘણી સારી હતી. શ્રીહરિ પ્રસન્ન મનથી ત્યાં નદી કાંઠે ઊતર્યા. ૨૦.

ગામમાં જે હરિભક્તો હતા. તેમને શ્રીહરિ આવ્યાના ખબર મળ્યા. તેથી બધા ભેગા થઈને ત્યાં આવ્યા. હરિભક્તોમાં મુખ્ય વાણિયા જૂઠાભાઈ નામે હતા. ૨૧. તેઓ વાજિંત્રો સાથે લાવ્યા હતા. ગામધણી દરબાર પણ આવ્યા હતા. ગામના બીજા લોકોનો પણ કોઈ પાર ન હતો. બધા આવીને પ્રેમથી શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ૨૨. શ્રીહરિએ ગામધણી દરબારને મીઠા શબ્દોથી બોલાવ્યા. તેથી તેઓ પોતાનાં મનમાં ઘણા જ ખુશ થયા. શ્રીહરિની સાથે જે દરબારો હતા. તેઓ બધા પણ તેમને મળ્યા. ૨૩. દરબારનું નામ જેઠસૂર વાળા હતું. તેમના બધા ભાઈઓ પણ ઘણા વિચક્ષણ હતા. તે સહુ શ્રીહરિનાં પગમાં પડ્યા. બધાએ એકેક શ્રીફળ ભેટ ધર્યું. ૨૪. બધા હરિભક્તો અપાર ફૂલહાર લાવ્યા હતા. તેમણે આવીને તે શ્રીહરિને પહેરાવ્યા. બીજા સંતોને પણ ફૂલહાર પહેરાવ્યા. ૨૫.

મુક્તાનંદસ્વામીને જોઈને દરબાર જેઠસૂર વાળા ખૂબ જ રાજી થયા. મંદ મંદ હસતા હસતા ઘણા જ ભાવથી તેઓ સ્વામીના ચરણોમાં પડ્યા. ૨૬. દરબારે કહ્યું, મુક્તાનંદસ્વામી બહુ મોટા સંત છે. વૈરાગીઓમાં તો તેઓ મુખ્ય ગણાતા. મોટી મોટી જગ્યાઓને પણ તેમણે તજી દીધી. ૨૭. તેમણે સારાં સારાં ખાન-પાન અને વૈભવોને પણ છોડી દીધાં. મોટા મોટા રાજાઓ પણ તેમને પગે પડતા. ચારે સંપ્રદાયનો યોગ છોડીને મોટા પરમહંસ બની ગયા છે. ૨૮. શ્રીમદ્‌ભાગવત, બીજા અઢાર પુરાણો, મહાભારત, વાલ્મીકિ રામાયણ આદિ ગ્રંથોના રહસ્યને જાણનારા, ચારે વેદના અંગો અને સ્મૃતિઓ, તે બધા ગ્રંથોનું જ્ઞાન તેમનામાં વિશાળ છે. ૨૯. વળી તેમણે પ્રમુખ બધાં જ તીર્થોની યાત્રા પણ કરેલી છે. ભગવાનના જેટલા અને જે જે અવતાર થયા છે તે બધાનું રહસ્ય-જ્ઞાન પણ સ્વામી જાણે છે. ૩૦. સ્વામી બધા જ આચાર્યોનાં રહસ્યરૂપ સિદ્ધાંતને જાણે છે. બચપણથી જ ઘણા સુશીલ અને શાણા છે. ગાનવિદ્યાઓમાં કુશળતા ધરાવે છે. તે જ્યારે ગાન કરે છે ત્યારે પ્રત્યક્ષ દેખાઈ આવે છે. ૩૧. મુક્તાનંદસ્વામી આટલા સમર્થ છે છતાં અહીં સત્સંગમાં આવીને ટકી ગયા છે. તેમણે આ સ્વામિનારાયણના સત્સંગમાં સહુથી વિશેષ સાર જાણ્યો છે. આ બધું જોઈને અમને પણ સત્સંગનો ભાર પડે છે. ૩૨.

અમારી કાઠીની નાત બહુ માની કહેવાય છે. તેમનું જે માન-સન્માન જાળવે છે, તેઓ તેને વશ થઈ જાય છે. ૩૩. પણ એક જ વાર નાનું એવું પણ જો અપમાન થઈ જાય તો તેઓ તેના ઘરબારનો પણ ત્યાગ કરી દે તેવા હોય છે. પછી ફરીને તેમને વધારે માન આપવામાં આવે તોપણ એકવાર જે મન તૂટ્યું તે ફરીને સંધાય નહિ. ૩૪. કાઠી જાતિનો એ એક સહજ સ્વભાવ છે. તે કોઈના દાબ્યા દબાય નહિ. એવા કાઠીઓ પણ બધું જ માન મૂકી દઈને હવે બધા આપને માનવા લાગ્યા છે. ૩૫. અમે નિર્દોષભાવથી કહીએ છીએ કે આપનો તે સહુથી મહાન પ્રતાપ છે. મનુષ્યને જ્યારે સહુથી અધિક સામર્થ્ય જણાય છે ત્યારે તેની આગળ તેને ગર્વ ટકતો નથી. ૩૬.

પછી શ્રીહરિએ દરબાર જેઠસૂર વાળાને સારા બુદ્ધિશાળી સમજીને તેમને પ્રસાદીનો ફૂલનો હાર આપ્યો. તે સમયે ગઢપુર અને કરિયાણાથી

અપાર ઘોડેસવારો આવી રહ્યા હતા. ૩૭. 'શ્રીહરિ પધારે છે' એવા સમાચાર ગઢપુરમાં એભલખાચર અને જીવાખાચરને મળ્યા હતા, એટલે તેઓ બંને તરત તૈયાર થઈને ત્યાં આવી રહ્યા હતા. ૩૮. ખંભાળા ગામના દરબાર મોકાખાચર અને માણસિયા ખાચર પણ આવ્યા. ગુંદાવાળા મૂળુ ખાચર પણ આવ્યા. ૩૯. બોટાદ, સારંગપુર, કુંડળ અને કારિયાણીના દરબારો પણ આવ્યા. આ દરબારો દૂરથી આવી રહ્યા છે એમ જાણીને શ્રીહરિ પોતે અશ્વ ઉપર બેસીને આવી રહેલા તે બધા દરબારોની સામે ચાલ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'ગઢપુર વગેરે ગામના બધા દરબારો શ્રીહરિના દર્શન કરવા માટે બાબરા આવ્યા.' એ નામે એકાણુંમો તરંગ સમાપ્ત ॥૯૧॥



પૂર છઠ્ઠું : તરંગ - ૯૨

શ્રીહરિ દરબારોને મળ્યા અને પરસ્પર શ્રેયસ્કર વાતો કહી-સાંભળી

શ્રીહરિ જ્યારે થોડે દૂર ગયા ત્યાં તો દરબારો દોડીને પાસે આવી ગયા અને દંડવત્ કરવા માટે ઘોડા ઉપરથી પોતાના શરીરનો માનો ઘા કરી દીધો! ૧. શ્રીહરિ "હાં "હાં, "હાં એમ બોલતા રહ્યા અને બધા દરબારો દંડવત્-પ્રણામ કરવા લાગ્યા. શ્રીહરિ તરત જ અશ્વ ઉપરથી ઊતરી ગયા અને દરબારોને આદરભાવ આપ્યો. ૨. દરબારો બધા આવીને શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. વિયોગના સંતાપથી બળતા તેઓને શ્રીહરિ બાથમાં લઈને ભેટી પડ્યા. ૩. સહુ મળી રહ્યા ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. અનંત ભુવનોના આધાર શ્રીહરિ તે સવારીની આગળ ચાલતા થયા. ૪.

સુશોભિત પ્રકારનું સોનેરી છત્ર શ્રીહરિનાં મસ્તક ઉપર ધારેલું હતું. સોનેરી સાજથી શણગારેલા અશ્વ ઉપર શ્રીહરિ બેઠા હતા. ૫. શ્રીહરિએ શરીર ઉપર સોનેરી વસ્ત્ર પહેર્યાં હતા. અને ભારે કિંમતી સોનાના ઘરેણાં પણ પહેર્યાં હતાં. એક હાથમાં સુવર્ણની છડી ધારણ કરી હતી અને બીજા હાથમાં ઘોડાની લગામ ગ્રહણ કરી હતી. ૬. દરબાર એભલખાચર અને દરબાર જીવા

ખાચર બંને શ્રીહરિની સમીપે ચાલતા હતા. શ્રીહરિની આગળના ભાગમાં છડીદાર સોનાની છડી હાથમાં લઈને છડી પોકારતો હતો. ૭. જય જય ધર્મધુરંધર મહારાજ !!!!! પ્રકટ થયા છો જીવોના મોક્ષ કાજ ! આવા શબ્દોને મુખથી બોલતો હતો. પછી જ્યાં ઉતારો કર્યો હતો ત્યાં સહુ આવ્યા. ૮.

એક સોનેરી પલંગ બિછાવ્યો હતો. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. દરબારો બધા શ્રીહરિની સમીપે આવીને બેઠા. શ્રીહરિને નીરખીને સહુના ચહેરા ઉપર હરખ છવાઈ ગયો હતો. ૯. જેટલા દરબારો હતા તે સહુને પ્રેમથી શ્રીહરિએ ફૂલના હાર પહેરાવ્યા.

ત્યારે દરબાર એભલખાચર અને જીવાખાચર એ બંનેએ શ્રીહરિને કહ્યું. ૧૦. અમે આપના સમાચાર કોઈ આવતાં જતાં હોય તેમને વારંવાર સવાર સાંજ પૂછતાં રહેતાં હતાં. કોઈ આપનાં દર્શન કરીને હરિભક્તો આવતા, તેઓ અમને તરત જ સમાચાર કહેતા. ૧૧. જે દિવસ આપની ખબર આવે તે દિવસ અંતરમાં ઘણો આનંદ થાતો. પણ તે પછી જ્યાં સુધી બીજા સમાચાર ન આવે ત્યાં સુધી અંતરમાં સંતાપ રહ્યા કરતો. ૧૨. એમ વાટ જોતાં જોતાં પાંચ માસ થઈ ગયા. તે અમને પાંચ વરસ જેવા લાગ્યા. આજ દર્શન દઈને અમારી પ્યાસને આપે મિટાવી. ૧૩. હવે અમને આપના વિના ક્યાંય ગમતું નથી. અંતર ઉદાસ રહે, ખાવું, પીવું, ઓઢવું, પહેરવું તે બધામાંથી અમને રસ ટળી ગયો છે. ૧૪.

કેટલાક લોકો ભક્તના જેવો વેશ રાખે પણ ભક્તિ તો ધન અને નારીની જ કરે. પણ દુનિયા તેને સમજી શકતી નથી. તેને તો પીર-ધર્માત્મા સમજીને માન આપે છે. ૧૫. આ વિસ્તારમાં એવા બે-ચાર પીર છે. તેઓ સદાવ્રત આપતા રહે છે. તેથી જગતના લોકોને પ્યારા લાગે છે એટલે તેઓ તેને ખૂબ જ અન્ન આપે છે. ૧૬. આ દુનિયામાં જે અન્ન આપે છે તેને લોકો 'અન્નદાતા' કહે છે. કોઈ ઊંચ કે નીચ જાતિ દેખતા જ નથી. જે અન્ન આપે તે જ ઊંચી નાત કહેવાય છે. ૧૭. તેની કોઈ નિંદા પણ ન કરે, વિપ્રો અને અંત્યજો સહુ સાથે ફરે. કરોડો મનુષ્યોમાં કોઈક જ એવો મુમુક્ષુ હોય કે જે શાસ્ત્રની વાતને સમજે. ૧૮.

चोपाई :

शास्त्र लोपि के चलत जेहु, ताको मोक्ष न होवत केहु;
मोक्ष को नहिं खप हि जाकुं, एसे जन सो सब हि वाकुं...१९

जग समान करे क्रिया जोउ, जगकुं प्रिय लगत हे सोउ;
श्रीहरि तब बोलत भयेउ, यह जग के करता हे जेउ...२०

ताकी मरजी रखिये एका, यामें जग सब आये अनेका;
शास्त्र सबको सिद्धांत हे एसे, हम चलत हे जोईके तेसे...२१

જે શાસ્ત્રોની મર્યાદાને લોપીને ચાલે છે તેનો કોઈનો મોક્ષ થતો નથી. જેને મોક્ષનો ખપ ન હોય એવા જ તે બધા લોકો હોય છે. ૧૯. જે જગતના જેવી ક્રિયા કરે તે જગતને ગમે છે.' ત્યારે શ્રીહરિએ કહ્યું જે, 'આ સર્વ જગતના કર્તા જે છે તેની એકની મરજી રાખીએ તો તેમાં આખી દુનિયાની અનેક મરજી આવી જાય છે. અને સમગ્ર શાસ્ત્રોનો પણ સિદ્ધાંત એવો છે. અમે પણ તે સિદ્ધાંતને દેખીને ચાલીએ છીએ. ૨૦-૨૧.

शास्त्र विन बुद्धि हे जेति, शास्त्र को करावे लोप हि तेति;
शास्त्र लोप करी चले हि जाहि, हरि के द्रोहि संत कहे ताहि...२२

निज बुद्धि के चले अनुसारा, अंत्ये सो बिगरे व्यवहारा;
शास्त्र विन एक नहिं हे बाता, जिय कुं नहिं आवत समझाता...२३

શાસ્ત્રનાં જ્ઞાન વિનાની જે બુદ્ધિ છે તે તો શાસ્ત્રોક્ત મર્યાદાનો લોપ જ કરાવે છે અને જે શાસ્ત્રોક્ત ધર્મમર્યાદાનો લોપ કરીને વર્તે છે તેઓ તો ભગવાનના દ્રોહી છે, એમ સંતો કહે છે. ૨૨. શાસ્ત્રને માન્યા વિના પોતાનું મનધાર્યું જે કરે છે, તેનો બધો વ્યવહાર અંતે તો બગડે છે. શાસ્ત્રમાં ન કહી હોય એવી એકપણ બાબત નથી. હા, જીવને તે સમજતા આવડતું નથી. ૨૩.

કોઈ એમ બોલે કે અમે શાસ્ત્રોને માનતા નથી, વગર શાસ્ત્રે બધું કરીએ છીએ, પણ તે લોકોને શાસ્ત્રની ગમ જ નથી. સહુનો આધાર શાસ્ત્ર છે. ભૂમિના આધાર વિના કોઈ ચાલી શકતું નથી, તેમ સહુ શાસ્ત્રોથી બંધાયેલા જ છે. ૨૪.

પંખીઓને પણ ભૂમિ આધાર ગણાય છે. તેના આધારથી જ તે ઊડે છે. મહાસાગરમાં જહાજ ચાલે છે તે પણ ભૂમિનો આધાર માનીને જ ચાલે છે. ૨૫. મનુષ્યને તેની પૂરી ગમ નથી, એટલે વગર વિચારે તે બોલતા હોય છે. પરંતુ તત્ત્વવેત્તા જે સિદ્ધ મુનિઓએ લખ્યું હોય છે તે જ ચોક્કસ હોય છે. ૨૬.

सोरठा : समझ विन जियमात्र, चोरासी को सो दुःख सहत;
संत मिले सुपात्र, दुःख समुद्र उद्धारे तेहि...२७
कला देखाई अनंत, भुमि को करे कोउ राज सब;
याकुं न बुद्धि कहंत, जिय उद्धार करे बुद्धि सोउ...२८

જીવમાત્ર વગર સમજે લખચોરાશીનાં દુઃખોને વેઠે છે, સહન કરે છે. તેને જો કોઈ સત્પાત્ર સંત મળી જાય તો દુઃખના સાગરથી તેનો ઉદ્ધાર કરે છે. ૨૭. કોઈમાં અનંત કળાઓ દેખવામાં આવે છે તથા કોઈ આખી પૃથ્વીનું રાજ્ય કરતા હોય તોપણ તેને બુદ્ધિશાળી નથી કહ્યા. પરંતુ જે જીવનો ઉદ્ધાર કરે છે તેને બુદ્ધિશાળી કહ્યા છે. ૨૮.

❋ સુબુદ્ધિ તથા કુબુદ્ધિની વ્યાખ્યા :

चोपाई :

भुमि को राज करे बुद्धि न तेहा, आत्मघाति कवि कहे एहा;
स्वर्ग पाताल करे राज हि जेहु, बुद्धिमान संत कहत न तेहु...२९
ब्रह्मा लग मायिक कहावे, देवमात्र के नयंता रहावे;
प्रभु भजे कि बुद्धि ज्यां लग नाई, त्यां लग कबुद्धि मायिक रहाई...३०

ભૂમિનું રાજ્ય સંચાલન કરે, તે જ ખરી બુદ્ધિ નથી. તેવી બુદ્ધિને તો કવિઓએ આત્મઘાતી કહી છે. સ્વર્ગનું અને પાતાલનું જે રાજ્ય કરે તેને પણ સંતોએ બુદ્ધિમાન નથી કહ્યા. ૨૯. જે બ્રહ્મા દેવમાત્રના નિયંતા છે, તે બ્રહ્મા સુધીનું જગત માયિક કહેવાય છે, જ્યાં સુધી પ્રભુ ભજવાની બુદ્ધિ નથી આવી ત્યાં સુધી માયિક કુબુદ્ધિ રહી છે. ૩૦.

જે સત્પુરુષો છે તે સત્યવાતનો નિશ્ચય કરે છે અને જે અસત્ય વાત હોય છે તેને ફેંકી દે છે. પાતાલ લોકથી લઈને પ્રકૃતિના લોક સુધીના બધા જ

ભોગ ઝેરથી ભર્યા છે. એમ જે માને છે તે બુદ્ધિ અનંત પ્રકારની બુદ્ધિમાં સર્વોપરિ છે. બીજી બુદ્ધિ તો ક્ષણિક છે. તેમાં કેટલાએ કલેશ ભોગવવા પડે છે અને સુખ તો માત્ર સ્વપ્ન જેટલું જ છે. ૩૧-૩૨.

જ્યારે શ્રીહરિએ આટલી વાત કરી ત્યારે બધા દરબારોને તે સાંભળીને સુખ-શાંતિ થઈ. તે પછી પાણીના કુંડમાં પહેલા શ્રીહરિ નાહ્યા. તેઓ નાહીને કુંડમાંથી બહાર નીકળ્યા. ૩૩. તે પછી બધા સંતો કુંડમાં નાહ્યા. તેમના પછી દરબારો નાહ્યા અને છેલ્લે બધા હરિભક્તો નાહ્યા. તે વખતે શ્રીહરિએ કહ્યું. ૩૪. કૂવો, કુંડ કે વાવ કરાવવી, સારા વૃક્ષો રોપવા, તળાવ કે નદીના ઘાટ બંધાવવા, અન્નક્ષેત્ર કે ધર્માદાની જગ્યા બંધાવવી. એ બધા પરમાર્થ માટેના સારા કામ કોઈક કરી રાખે છે. ૩૫. ત્યાં કોઈ ઓચિંતાના સત્પુરુષ આવે, અને તે જો તેમના ઉપયોગમાં આવે, તો તે પુણ્ય કાર્ય કરાવનારાનું કલ્યાણ થઈ જાય છે. તેનું જમપુરીનું દુઃખ ટળી જાય છે અથવા સ્થાવર જંગમ નીચ યોનિમાંથી મુક્તિ મળી જાય છે. ૩૫-૩૬.

તે પરોપકારીને તેના પુણ્યના પ્રતાપથી ઉત્તમ મનુષ્ય શરીર પ્રાપ્ત થાય છે. પ્રભુનું ભજન કરવામાં પ્રેમ થાય છે, પાપ કર્મમાં અણગમો થાય છે અને ભગવાનનાં સ્વરૂપમાં ચિત્ત ચોંટે છે. ૩૭. ભગવાનની કથા કરવી-સાંભળવી, કીર્તન ગાવા, તીર્થો અને વ્રતો કરવા વગેરેમાં રુચિ ઊપજે છે. અને ભાંડ-ભવાઈ વગેરેને જોવાનું ગમતું નથી. ૩૮. ભગવાન અને સંતોના ઉદ્દેશને અનુસાર જે જે કાર્ય થાય તેને જ તેઓ કરે છે. તે સિવાય બીજું કાંઈ તેને લેશમાત્ર પણ ગમે નહિ. અને અધર્મરૂપ બધી જ ક્રિયાઓનો દૂરથી જ ત્યાગ કરી દે. ૩૯. શ્રીહરિએ આટલી વાત કરી તેટલીવારમાં રસોઈ તૈયાર થઈ ગઈ. વર્ણીએ રસોઈ બનાવી હતી. તેઓ શ્રીહરિને બોલાવવા આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં ' શ્રીહરિ દરબારોને મળ્યા અને પરસ્પર શ્રેયસ્કર વાતો કહી-સાંભળી' એ નામે બાણુંમો તરંગ સમાપ્ત ॥૯૨॥



પૂર છઠ્ઠું : તરંગ - ૯૩

શ્રીહરિએ ભોજન કર્યું, બીજાને ભોજન કરાવ્યું અને પધરામણી પહેલા ચાલવાની વ્યવસ્થા કરી

રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે ધર્મકુમાર શ્રીહરિ જમવા ચાલ્યા. અને સોનાના બાજોઠ ઉપર બેઠા. ૧. જેટલાં ભોજન કર્યાં હતાં તેનાં થાળ ભરી ભરીને લાવ્યા. અતિ સુંદર અને રસદાર બધા પાક સાકર વાપરીને કર્યા હતા. ૨. ભજિયાં અને વડાં બનાવ્યા હતાં તેમજ મેંદાની પૂરી કરી હતી. અને રીંગણાનું સુંદર શાક બનાવ્યું હતું. તે બધું શ્રીહરિની આગળ ધર્યું. ૩. શ્રીહરિ ઘણા ભાવથી જમતા હતા. આસપાસમાં બેઠેલા દરબારો દર્શન કરતા હતા. સહુનાં હૃદયમાં ઘણો ઉત્સાહ હતો ત્યારે ગામધણી દરબાર જેઠસૂરવાળા જીવાખાચર પ્રતિ બોલ્યા. ૪.

અમારા આ બાબરા ગામનાં અપાર ધન્યભાગ્ય છે કે આપ ભગવાને અને સંતોએ અહીંયાં આવીને ઉતારો કર્યો છે. શેઠ જૂઠાભાઈ અને સોની નારાયણજી તેમજ બીજા જે જે હરિભક્તો છે. ૫. તેમના પ્રતાપથી આપ શ્રીહરિ અહીં પધાર્યા છો. અને તેને લીધે જ અમે આ બધો લાભ લઈ શક્યા છીએ. આ વખતે આપે એટલી દયા કરી છે કે તેનાથી અમારા પાપોનો અંત આવશે. ૬. ભગવાનને સન્મુખ જેટલાં પગલાં ચલાયા, સંતોને અને ભગવાનને માથું નમાવ્યું, બંને હાથ જોડીને આંખોથી દર્શન કર્યાં, કાનોથી અમે વાતો સાંભળી. ૭. ઘોડાઓને અને બળદોને ઘાસ અપાયું, રસોઈ આપવાનો ભાવ દિલમાં ઠર્યો, પલંગ અને નવાં ગાદી તકિયા ઉપર શ્રીહરિને બેસાડ્યા. ૮. આ બધી ભૂમિ શ્રીહરિ અને સંતો માટે ઉપયોગમાં આવી. વળી, શ્રીહરિ દ્વારા પાપરૂપ રોગ ટાળે એવી વાતો થઈ. અમને બડભાગી કરવા માટે આ બાબરાના હરિભક્તો સારો અવસર જાણીને શ્રીહરિને અહીં લાવ્યા છે. ૯. શ્રીહરિએ દિલમાં કૃપા ધારીને જે રીતે અમને આ રાજ્ય આપ્યું છે તે રીતે આજે આ મોટી કૃપા કરી છે. અને હવે આ શ્રીહરિ મને કાંઈ રોગ પ્રેરીને પણ મારા પાપોનો અભાવ (નાશ) કરાવી દેશે. ૧૦.

જે સમર્થ છે તેને કઠિન બાબત હોય તેપણ સહજ હોય છે અને આપણને સહજ બાબત પણ કઠિન જણાય છે. આ બધું તો જે કરી રહ્યા છે

એવા જગત્કર્તાને આધીન છે પણ આપણને તો જરાય આધીન નથી. ૧૧. તે પરમેશ્વરનાં વચનને જે નથી માનતા, તેને તો તે પરમેશ્વર અંતે પરાણે મનાવે જ છે. એમનું ધાર્યું કરાવ્યા વિના આપણને તે ક્યારેય હવે છોડવાના નથી. ૧૨. દરબાર જીવાખાચર ! હું જેમ સમજું છું તેમ આપની આગળ આ વાત કહી છે. જેને સાક્ષાત શ્રીહરિ સાંભળે છે. ૧૩. મને શાસ્ત્રોનું જ્ઞાન કાંઈ જ નથી. શાસ્ત્રના જ્ઞાન વિના જ્ઞાની આગળ જે બોલવું તે તો આંધળાના ખેલ જેવું છે. ૧૪.

કૃપાળુ શ્રીહરિ થાળ જમી રહ્યા પછી પહેલા એભલ ખાચર અને જીવા ખાચરને થાળની પ્રસાદી આપી અને પછી સહુ દરબારોને પણ આપી. ૧૫. જે જે ગામના દરબારો આવ્યા હતા તેમને નામ લઈ લઈને બોલાવ્યા અને સહુને ઘણાં હેતથી થાળની પ્રસાદી આપી. ૧૬. તે પછી સંતો અને દરબારોને જમાડ્યા અને બધા પાર્ષદો ત્યાં આવ્યા તેમને તથા દરબાર જેઠસૂરવાળા અને તેમના બધા ભાઈઓને પણ શ્રીહરિએ જમવા માટે બેસાડ્યા. ૧૭. શ્રીહરિ પોતે પીરસવા લાગ્યા. સાકરનો શીરો, પૂરી, વડાં, ભજિયાં, રીંગણાંનું શાક અને જે પાક બનાવ્યા હતા તે બધું પીરસ્યું. ૧૮. જ્યારે બધું પીરસાઈ ગયું ત્યારે શ્રીહરિએ સહુને જમવાની આજ્ઞા કરી. તેથી જમવા લાગ્યા. જ્યારે જમીને સહુ તૃપ્ત થયા ત્યારે પ્રેમથી ભાત પીરસ્યો. ૧૯. પછી તેમાં જ્યારે દહીં અને સાકર પીરસ્યાં ત્યારે રંગભીના શ્રીહરિએ રેલમછેલ મચાવી દીધી.

તે જોઈને દરબાર જેઠસૂરવાળા બોલ્યા કે આ રીતના પીરસનારા કોઈને મેં જોયા નથી. ૨૦. ઘરમાં રોજ જમીએ છીએ પણ આટલું ક્યારેય જમાતું નથી. ભોજનમાં એટલો રસ છે કે જમતાં જમતાં શરીરનું ભાન ભૂલી જવાય છે. ૨૧. સાકર, ઘી, દહીં અને દૂધ ઘરે જમીએ છીએ. ઘણી તેમાં મહેનત કરીએ છીએ છતાં તેમાં આટલો રસ આવતો નથી.

દરબારો બધા જમી રહ્યા છે, એમ જાણીને સુખદાયક શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. ૨૨. જમીને આવેલા બધા સંતો શ્રીહરિ પાસે બેઠા. તેમજ બધા દરબારો પણ આવીને બેઠા. તે દિવસની રસોઈ સહુ હરિભક્તોની ભેળી હતી. એટલે બધા હરખભર્યા પૂજા કરવા માટે આવ્યા. ૨૩. કેસરયુક્ત ચંદન ઠામમાં ભર્યું હતું, તે દેખીને શ્યામસુંદર શ્રીહરિ બોલ્યા, જો તમે બધા અહીંયાં

પૂજા કરી લેશો તો પછી અમે ગામમાં તમારે ઘેર નહિ આવીએ. ૨૪. બે વખત પૂજા કરવી તે રીત ન કહેવાય. ત્યારે હરિભક્તોએ હાથ જોડીને પ્રેમથી કહ્યું, રસોઈ જમાડ્યા પછી પૂજા કરવાની રીત તો છે જ, અને ઘેર પધરામણીની પૂજા તો તેથી બીજી જ છે. પરગામના જે હોય તેમણે તો તમે કહ્યું તેમ એકવાર પૂજા કરવાની થાશે અને ગામના હોય તેમણે બે જગ્યાએ પૂજા કરવાની છે. ૨૬. મહારાજ ! આપની પધરામણી ગામમાં કરવા માટે અમારા મનમાં બહુ ભાવ છે. ઉત્સાહથી પૂજા કરવી છે, માટે ગામમાં અમારે ઘેર તો આવવું જ પડશે. ૨૭.

તે સમયે મયારામ ભટ્ટે શ્રીહરિને વિનંતી કરીને કહ્યું, પૂજાની રીત તો બંને જગ્યાએ છે જ. પછી જેવી આપની મરજી. ૨૮. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તો આવો, ચંદન અને પુષ્પો લઈને બંનેથી પૂજા કરો.' પછી હરિભક્તોએ તેમ કર્યું. તેમાં પ્રથમ ચંદનનું પાત્ર લીધું. ૨૯. અને કેસરી ચંદન લલાટમાં ચરચ્યું અને મોટા ફૂલહાર પહેરાવ્યા. પછી સંતોની પૂજા પણ તે પ્રમાણે જ જેને જેવી ભાવના હતી તેવી કરી. ૩૦. પછી દરબારોની પૂજા ફૂલહાર પહેરાવીને કરી. શ્રીહરિની સાથે જેટલા પાર્ષદો રહેતા હતા તેમની પણ પૂજા કરી. ૩૧. ફૂલના હાર પહેરાવીને બીજા બધા હરિભક્તોની પૂજા પણ કરી. તે સમયની સભા ફૂલોથી ખીલેલી ફૂલવાડી જેવી લાગતી હતી. ૩૨. ગામધણી દરબાર જેઠસૂરવાળા ગામમાં ગયા. બજારોને વિચિત્ર રીતે શણગારવાનું કહ્યું. પોતાના દરબારગઢનાં બધાં ભવનોને વિચિત્ર રીતે શણગાર્યાં. ૩૩.

હરિભક્તોએ પણ પોતાના ઘરને વિચિત્ર રીતે શણગાર્યાં. દરવાજાઓમાં મોતીનાં તોરણ બંધાવ્યાં. પછી દરબાર જેઠસૂરવાળાએ તે વખતે સવારીની બધી તૈયારી કરી અને શ્રીહરિને બોલાવવા આવ્યા. ૩૪. બધા સંતો નાહીને આવ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું, થોડા સંતો અમારી સાથે રહો અને બીજા આગળ રસ્તામાં સવેળા ચાલતા થાઓ. ૩૫. કરિયાણામાં જ્યાં બહારનો બુરજ રહ્યો છે ત્યાં રોકાજો. પછી બાઈઓના જેટલા રથ હતા તે બધાને આગળ ચાલતા થવાની રજા આપી. ૩૬. જે બાઈ-ભાઈ હરિભક્ત છડેછડા (ખાલી એકલા) હોય તે બધા રસ્તામાં ચાલતા થાય. અમે તમારી પાછળ આવીએ છીએ. ૩૭. અમારા જે પાર્ષદો છે, ડુંગરજી, ઉમાભાઈ,

નાથભક્ત તે બધા સંઘની સાથે ચાલો. ૩૮. ભાઈ રામદાસજી સ્વામી, મુક્તાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી, સ્વરૂપાનંદ સ્વામી એ બધા રોકાઓ. ૩૯. તમારા બધા શિષ્યોને ચાલતા થવાનું કહો. કોઈએ શિષ્યોને રાખવાના નથી. અહીંયાં બીજું કામ પણ શું છે ? શ્રીહરિનું તે વચન સાંભળીને બધા સંતો ચાલતા થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં ' શ્રીહરિએ ભોજન કર્યું, બીજાને ભોજન કરાવ્યું અને પધરામણી પહેલા ચાલવાની વ્યવસ્થા કરી' એ નામે ત્રાણુંમો તરંગ સમાપ્ત ॥૯૩॥



પૂર છઠ્ઠું : તરંગ - ૯૪

શ્રીહરિ બાબરામાં પધરામણી કરીને કરિયાણા પધાર્યા.

બાબરાના ગામધણી જેઠસૂરવાળા શ્રીહરિને બેસવા માટે એક મોટો હાથી લાવ્યા. તેના ઉપર સોનાની અંબાડી મૂકી હતી અને સોનેરી શણગારોથી તેને શણગાર્યો હતો. ૧. શ્રીહરિ બધા જ સોનેરી વસ્ત્ર પહેરીને હાથી ઉપર બેઠા. અને સર્વ આભૂષણો મોતીનાં પહેર્યાં હતાં. તેની શોભા અપાર બની હતી. ૨. શ્રીહરિએ આનંદાનંદસ્વામીને બોલાવ્યા અને ચામર કરવા બેસાડ્યા. અને બીજા મુક્તાનંદસ્વામીને બેસાડ્યા. સવારી બધી ચાલતી થઈ. ૩. સોનાની છડીને હાથમાં લઈને છડીદાર બોલી રહ્યો હતો કે, 'અનંત ભુવનના નાથ અને જેનો પ્રતાપ દિનપ્રતિદિન અધિક વધી રહ્યો છે એવા શ્રીહરિની જય હો !!' ૪.

જે જે મોટા દરબારો આવ્યા હતા તે બધા સોનાના સાજથી સજેલી પોતાની સવારી લઈને આવ્યા હતા. બધા જ દરબારોએ પણ સોનેરી વસ્ત્ર પહેર્યાં હતાં. ૫. તે સમયે શ્રીહરિની આગળ ડંકા, નિશાન અને અપાર વાજિંત્રો ચાલતાં હતાં. વાજિંત્ર વાગતાં વાગતાં જ્યારે પુરને દરવાજે પહોંચ્યાં ત્યારે હજારો અને લાખો પુરજનો ત્યાં ઊભા હતા. ૬. સહુના હાથમાં ફૂલહાર હતા. તે અપાર હાર શ્રીહરિને અર્પણ કરતા હતા. બજાર ઉપર જેટલા મકાનો હતા તે બધાને ચિત્રવિચિત્ર રીતે શણગાર્યાં હતાં. ૭. દરેક ભવનને દરવાજે

મોતીના તોરણ બાંધેલાં હતાં. ભવનના જેટલા માળ હતા તેના ઉપર પુરની સ્ત્રીઓ આવીને ઊભી હતી. ૮. તે સ્ત્રીઓએ પોતાનાં શરીર ઉપર નવાં ઘરેણાં પહેર્યાં હતા. અને શ્રીહરિને પ્રેમભર્યા ઉત્સાહથી નીરખતી હતી. તે બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને સુંદરશ્યામ શ્રીહરિને વધાવતી હતી. ૯. કેટલીક સ્ત્રીઓ તો સોના રૂપાનાં ફૂલોથી શ્રીહરિને વધાવતી હતી. જેની વાત કહી નથી જાતી. ૧૦.

દરબાર એભલખાચર અને દરબાર જીવાખાચર એ બંને શ્રીહરિની સમીપે ચાલતા હતા. જેટલા ફૂલહાર આવતા હતા તે બધા દરબારોને આપતા હતા. ૧૧. ગામના હરિભક્તો મંગળમય કીર્તન ગાતા હતા અને જે આનંદિત થતા હતા તે કહી શકાતું નથી. આ પ્રમાણે શ્રીહરિ દરબાર જેઠસૂરવાળાના રાજદ્વારમાં આવ્યા. ૧૨. દરબારે પોતાના ભવનમાં શ્રીઘનશ્યામ પ્રભુને પધરાવ્યા અને ત્યાં સુખધામ શ્રીહરિને સોનાને હિંડોળે બેસાડ્યા. ૧૩. ત્યાં આવીને બધા દરબારો બેઠા. વાજિંત્રો તો વાગતાં જ હતાં. દરબાર જેઠસૂરવાળા પૂજાનો સામાન લઈને આવ્યા અને યથાવિધિ શ્રીહરિની પૂજા કરી. ૧૪. જેઠસૂરવાળાના ભાઈઓએ પણ પોતાને ઘેર પધરામણી કરી. સહુએ શ્રીહરિને સોનાના હિંડોળામાં બેસાડ્યા અને વિધિ પ્રમાણે પૂજા કરી. ૧૫. દરબારના જેટલા કામદારો (દીવાન) હતા તેમણે પણ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી. પલંગ ઉપર પધરાવીને ઘણી સારી પૂજા કરી. ૧૬.

તે પછી જે બીજા હરિભક્તો હતા. તેમણે પણ શ્રીહરિની પધરામણી કરી. પલંગ ઉપર શ્રીહરિને પધરાવીને સહુએ પૂજા કરી. અને આરતી ઉતારી. ૧૭. જેના જેવા મનોરથ હતા. શ્રીહરિએ તે બધા પૂર્ણ કર્યા. બીજા જે ભાવિક લોકો હતા તેમણે પણ શ્રીહરિની પધરામણી કરી હતી. ૧૮. શ્રીહરિને મોટા પરમેશ્વર જાણીને બાબરાનાં નાગરિકોએ આ પ્રમાણે ઉત્સાહથી તેમને માન્યા પૂજ્યા. શ્રીહરિ તે પછી ગામ બહાર નીકળ્યા. સુખકારી શ્યામસુંદર હાથી ઉપર બેઠા. ૧૯. ગામથી થોડા દૂર ગયા એટલે વિચાર કરીને શ્રીહરિ હાથી ઉપરથી ઊતરી ગયા અને હરખભર્યા અશ્વ ઉપર બેઠા. પછી સુખદાયક શ્રીહરિએ ગામધણી દરબારને કહ્યું, ૨૦.

ચોપાઈ :

सत्संग पर रखना भाव तुमारे, कल्यान करना सो हमारे;
सत्संग पर रखत भाव जेसा, ताकुं भाव हि फलत हे तेसा...२१

તમે સત્સંગ ઉપર ભાવ રાખજો. અમારે તમારું કલ્યાણ કરવું છે. સત્સંગના ઉપર જેવો ભાવ રાખે તેનું ફળ તેને તેવું મળે છે. ૨૧. તમારાં હૃદયમાં ઘણો ભાવ છે. અને તમે અમારી સાથે બહુ વાતો કરી. આટલું કહીને શ્રીહરિ ચાલતા થયા પણ તે વખતે જેઠસુરવાળાને રસોઈ જમાડવી હતી તે વાત તેમને ભુલાઈ ગઈ. ૨૨. એક ઘડી પછી તે યાદ આવ્યું. તેમણે જૂઠાભાઈને બોલાવ્યા. અને કહ્યું, મારે રસોઈ કરાવીને સહુને જમાડવા હતા પણ મને યાદ ન રહ્યું. એકદમ ભુલાઈ ગયું. ૨૩.

ત્યારે જુઠાભાઈએ દરબારને સમજાવ્યું. અમે (પ્રજા) આપના જ બાળક છીએને ? અમે જે રસોઈ આપી છે તે આપની જ છે, તમે એમ વિચાર કરોને. ૨૪. દરબાર કહે, એમ અમે ન માનીએ. જો તેનો ખર્ચ મારી પાસેથી લઈલો, તો અમારી રસોઈ માનીએ. તે સિવાયનું માનવું તે તો ભૂલ ભરેલું ગણાય. ૨૫. ત્યારે જુઠાભાઈએ દરબારને કહ્યું, આપ બુદ્ધિમાન છો. સાંભળો, આપને જો બહુભાવ હોય તો હું કહું તેમ કરો. ૨૬. હું કરિયાણા જાઉં અને ત્યારે તમારા તરફથી રસોઈ કરાવું. સંતો પણ બધા ત્યાં જ છે જો આપના જીવમાં તે વાત મનાય તો. ૨૭. ત્યારે દરબાર રાજી થયા અને બોલ્યા, અમારો એક માણસ અને તમે બંને જાઓ. અને કહ્યું તેમ કરજો. પછી તેમની સાથે ખરચી પણ આપી. ૨૮. તત્કાળ જ તે બંને ઘોડે ચડ્યા. અને પછી ઘોડાને દોડાવ્યા. હજી શ્રીહરિ કરિયાણા ગામની પાસે પહોંચ્યા હતા, તે સમયે બંને પહોંચી શ્રીહરિને મળ્યા. ૨૯. ત્યારે શ્રીહરિએ કહ્યું, તમે તરત જ કેમ આવ્યા ? શી વાત બની ? અમને સંભળાવો. ત્યારે જુઠા શેઠે બધી વાત કહી સંભળાવી. તેનાથી શ્રીહરિ તેમના ઉપર ઘણું જ પ્રસન્ન થયા. ૩૦.

કરિયાણા ગામના બધા ભક્તોએ શ્રીહરિ પધારે છે, એવા સમાચાર સાંભળ્યા. તેથી બધા દોડીને શ્રીહરિની સન્મુખ આવ્યા અને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ૩૧. કરિયાણાના જેટલા ભક્તજનો હતા, તે બધાને

એક શ્રીહરિમાં જ ભાવ હતો. અને ગામના જેટલા દરબારો હતા તેઓ પણ પૂર્વના મુક્ત હતા અને આ સમયે મનુષ્યરૂપે પ્રકટ્યા હતા. ૩૨. આખા ગામમાં સત્સંગી ન હોય તેવો એકપણ મનુષ્ય ન હતો. એવા બધા ગામવાસી હતા. જ્યારે જ્યારે શ્રીહરિ અહીં પધારતા ત્યારે ત્યારે સહુને ખૂબ જ આનંદ થતો હતો. ૩૩. ગામના લોકો વાજિંત્ર લઈને આવ્યા હતા તે બધા અત્યંત ઉલ્લાસથી વગાડવા લાગ્યા. શ્રીહરિની આગળ નિશાન ચાલતાં હતાં. આગળ જાતા ભગવાન શ્રીહરિ બુરજ હતો ત્યાં પહોંચ્યા. ૩૪.

શ્રીહરિએ બુરજમાં ઉતારો કર્યો. ચારેબાજુ દરબારના ડેરા ઉભા કરાવી દીધાં. જે સોનેરી હિંડોળા લાવ્યા હતા તે બુરજમાં લટકાવી દીધાં. ૩૫. સુખનું મૂળ શ્રીનારાયણમુનિ શ્રીસહજાનંદસ્વામી તે હિંડોળા ઉપર બેઠા. પછી બાબરાથી જે શેઠ જૂઠાભાઈ આવ્યા હતા તેમણે રસોઈ સાંજે કરાવી. ૩૬. શ્રીહરિ, સંતો, દરબારો, પાર્ષદો અને હરિભક્તો જે હતા તે બધાને સારી રીતે જમાડ્યા અને તેનાથી ત્યાં મહાન આનંદ છવાઈ ગયો. ૩૭. બીજે દિવસ સહુને જમાડ્યા પછી સંતોને સત્સંગમાં વિચરણ કરવા વળાવ્યા. અને મુક્તાનંદ સ્વામીને ગઢપુરમાં રહેવાનું શ્રીહરિએ કહ્યું. ૩૮. ભાઈ રામદાસજીસ્વામીને સાથે રાખ્યા. સદ્‌ગુરુ રામાનંદસ્વામીની વાતો તેમની પાસે કહેવડાવવી હતી. મનમાં ઘણો જ ઉત્સાહ હતો. એટલે અહીયાં કરિયાણામાં રહેવાનું કર્યું. ૩૯. નદીને કિનારે શ્રીહરિએ ઉતારો કર્યો, તે શ્રીહરિનાં દિલમાં ભાવી ગયું હતું. પછી એકવાર દરબારને શ્રીહરિએ કહ્યું. અમે અહીંયાં રહીશું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં ‘શ્રીહરિ બાબરામાં પધરામણી કરીને કરિયાણા પધાર્યા’ એ નામે ચોરાણુંમો તરંગ સમાપ્ત ॥૯૪॥



પૂર છઠ્ઠું : તરંગ - ૯૫

શ્રીહરિએ કરિયાણામાં વસંતપંચમીના દિવસે રંગક્રીડા કરી

જે દરબારો શ્રીહરિનાં દર્શન કરવા માટે બાબરા આવ્યા હતા તે બધા દર્શન કરીને પછી પોતપોતાને ગામ ગયા. ૧. ગઢપુરના દરબાર એભલખાચર

અને જીવાખાચર પોતે શ્રીહરિની પાસે રહ્યા અને એ બંનેએ પોતાની સાથે કામકાજ માટે એકેક સેવક રાખ્યો. પોતાના ઘોડાને ગઢપુર મોકલી દીધાં. ૨. વીશ જેટલા પાર્ષદો, જે બધા બંદૂકધારી હતા, તેમને સાથે રાખ્યા. મુકુંદ વર્ણી અને જયાનંદ વર્ણીને પણ સાથે રાખ્યા. ૩. હરિભક્તો તો વારાફરતી એક-બે, એક-બે રોજ આવતા રહેતા. તે ભક્તો ખૂબ જ રસોઈ લાવતા હતા. ગામના દરબારોને પણ શ્રીહરિ પોતાની સાથે જમાડતા. ૪.

શ્રીહરિ કરિયાણામાં માગશર અને પોષ એમ બે માસ સુધી ઘણા જ ઉત્સાહથી રહ્યા. બુરજ ઉપર એક માળ બંધાવ્યો. તેનો એક માળ તો પહેલેથી બાંધેલો હતો જ. ૫. ગોંડલના સત્સંગી કડિયા દેવરાજભાઈને તે બાંધકામ માટે બોલાવ્યા હતા. ભુજના વતની પ્રાગજી દવે નામે એક હરિભક્ત હતા. ૬. તે અઢારે પુરાણોના વક્તા હતા. કાશી સુધીમાં તેમના સમાન કોઈ ન હતા. અને વેદ, મહાભારત તથા અઢાર પુરાણો એ બધાનો સાર ભાગવતપુરાણ છે. ૭. તે ભાગવતને સાંભળવાનો શ્રીહરિએ આરંભ કર્યો. જો કે એકવાર માંડવીમાં સાંભળ્યું હતું. તેને અહીં બીજીવાર વંચાવતા હતા. સત્સંગમાં બધે વિચરણ કરીને અહીંયાં નિવૃત્તિ લીધી. ૮. શ્રીહરિ પ્રાગજી દવેને રોજ પાકું સીધું, એક રૂપિયો અને કાચું દસ શેર દૂધ એટલું આપતા. વક્તા વિપ્ર દરરોજ તેને ગ્રહણ કરતા હતા. ૯.

દવેને કથા કરવામાં અપાર રસ હતો. તેઓ અક્ષરોનું સ્પષ્ટ ઉચ્ચારણ કરતા હતા અને વખત વખત પ્રમાણે દિવસે અને રાતે ગવાતા જે રાગો હોય ૧૦. તેને ગાવાના સમયનું બધું જ જ્ઞાન જાણતા. વખત જોઈને તેની ગાવામાં છાયા લાવતા. બળદેવજીએ જેની નિંદા કરી છે તે સૂત પુરાણીનો આ વિપ્ર અવતાર હતા. તેને શ્રીહરિ જાણતા હતા. કેમજે, જે મનુષ્યનો જીવ જેવો હોય તેને શ્રીહરિ તેવો જ દેખતા. ૧૧-૧૨. પણ તે વાત કોઈને કહેતા નહિ. કારણ કે સામાન્ય જીવને તે મનાય નહિ. શ્રીહરિ જેને એવી વાત સમજ્યામાં ન આવતી હોય તેને દેખાડતા નહીં. ૧૩. જે જીવને જેવો સંકલ્પ થયા કરતો હોય, તે જીવ તેવો થઈ જાય છે. શ્રીહરિ તો તેના ભાવનાત્મક આકારને જુએ છે. જે ક્ષણ ક્ષણમાં પલટાતો રહે છે. ૧૪. બે માસમાં સંપૂર્ણ ભાગવતનાં સાત પારાયણ શ્રીહરિએ કરાવ્યા. તે વિપ્ર પણ એવા વક્તા હતા.

૧૫. પછી વસંતપંચમીનો ઉત્સવ શ્રીહરિએ અહીંયાં કરિયાણામાં કરાવ્યો. કેટલાક સંતો અને હરિભક્તો કરિયાણામાં આવ્યા હતા. ૧૬. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીને તેમનાં મંડળે સહિત અહીં બોલાવ્યા હતા. બીજા પણ સંતોના દસ-બાર મંડળ આવ્યા હતા. હરિભક્તો રંગ બહુ લાવ્યા હતા. ૧૭. શ્રીહરિને બધા વાસંતી વસ્ત્ર પહેરાવ્યા હતા. મંડપ કરીને ત્યાં બેસાડ્યા. મંડપની વચ્ચે શ્રીહરિને માટે બેઠક કરી અને તેની ઉપર પલંગ બિછાવ્યો. ૧૮. પછી તે પલંગના ઉપર આવીને શ્રીહરિ બેઠા. સંતો ઝાંઝ અને મૃદંગ વગાડતા હતા. વસંત વધાવવા માટે કુંભ લાવ્યા. સુવર્ણનો કુંભ વિચિત્ર રીતે શોભાડ્યો હતો. ૧૯. ગુલાલથી બાર પાંખડીઓવાળું કમળ કર્યું. તેના ઉપર કળશ મૂક્યો. વસંતના જે જે ઉપકરણ કહેવાતા હોય તે બધા કળશના મુખ ઉપર મૂક્યા. ૨૦.

તે પછી સંતો વસંતની વધામણીના પદ ગાવા લાગ્યા. હરિભક્તો ફગવા અપાર લાવ્યા હતા. તેમાં ખારેક અને ખજૂરનો તો કોઈ પાર જ ન હતો. ૨૧. મનમાન્યાં શ્રીફળ લાવ્યાં હતાં. રંગનાં ભરેલાં કેટલાક મોટા ઠામ લઈ આવ્યાં. જ્યારે વસંતનો સમય થયો ત્યારે શ્રીહરિ રંગે રમવા તૈયાર થઈ ગયા. ૨૨. કાઠી દરબારોમાં જેટલા હરિભક્તો હતા તે બધા અપરંપાર ત્યાં આવ્યા. તે બધાની સભા એક કરાવી અને સંતની સભા પણ તે પ્રમાણે એક કરાવી. ૨૩. બીજા બધા હરિભક્તો જે આવ્યા હતા તેમની સભા પણ અલગ કરાવી. જે સત્સંગી બાઈઓ હતી. તેમની એક સભા અલગ કરાવી. ૨૪.

કેસરી રંગના કળશ ભરી ભરીને શ્રીહરિ ભક્તોના ઉપર રંગ નાખવા માટે તૈયાર થયા. શ્રીહરિએ નટની જેમ કમરે કછોટો બાંધી લીધો અને હૃદયમાં ઘણો જ ઉમંગ ભર્યો હતો. ૨૫. ભાઈ રામદાસજીસ્વામીએ તે સમયે બની શકે તે રીતે સહુ પ્રથમ રંગ શ્રીહરિના ઉપર નાખ્યો. ૨૬. શ્રીહરિ જ્યાં પાટ ઉપર બેઠા હતા ત્યાં એક કેસરી રંગનું ભરેલું માટલું શ્રીહરિનાં બધા અંગો ઉપર રેડી દીધું અને પછી શ્રીહરિનાં બધાં જ વસ્ત્ર નાખેલા ગુલાલથી ભરાઈ ગયાં. ૨૭. શ્રીહરિની મૂર્તિ રંગમાં રસબસ હતી. રંગની છટા અદ્ભુત બની હતી. પીતાંબર કમરે કસીને બાંધ્યું હતું અને પહેરેલા બધા ફૂલહાર રંગથી ભરાઈ ગયા હતા. ૨૮.

✵ જે મહિમા રાખે, તે દિવ્યસુખ ચાખે :

વળી તે સમયે મુક્તાનંદસ્વામી ઊઠ્યા. કેસરી રંગનું ભરેલું ઠામ લઈને શ્રીહરિનાં અંગ ઉપર ઢોળી દીધું અને ગુલાલ નાખીને મૂર્તિને ભરી દીધી. ૨૯. રંગીલી મૂર્તિનું વર્ણન થઈ શકતું નથી. જે દર્શન કરે તેનાં દિલમાં આનંદ ઊપજતો હતો. પછી શ્રીહરિએ કહ્યું, હવે બધા બેસો, તમારા ઉપર હું રંગ નાખું છું. ૩૦.

કોઈએ ધિંગામસ્તી કરવાની નથી. આ તો સત્સંગની બ્રહ્મસભા છે. જે મનુષ્ય આ સભાનું ધ્યાન કરે અને સહુના ઉપર મહિમા સાથે એકસરખું હેત રહે તો તેને અંત સમયે આવા જ દર્શન થશે અને તરત જ તેને બ્રહ્મમહોલની પ્રાપ્તિ થાશે. આ રંગનો તો એવો લાભ છે. આ રંગ લાગવાથી કોઈ ગેરલાભ થતો નથી. ૩૧-૩૨.

એવું કહીને શ્રીહરિ સંતોની સભા તરફ આવ્યા. કેસરી રંગ નાખી સંતોને રંગમાં રસબસ કરી દીધા. પછી દસ-વીસ રંગથી ભરેલા માટલા મગાવીને દરબારોની સભા તરફ આવ્યા. ૩૩. તે રંગ દરબારોના ઉપર નાખ્યો અને તે રીતે જ ગુલાલ પણ નાખ્યો. જેમાં જેટલી તાકાત (ખમીર) હતી તે પ્રમાણે તેના ઉપર તેટલો રંગ નાખ્યો. ૩૪. તે પ્રમાણે શ્રીહરિએ બીજા હરિભક્તોની ઉપર પણ રંગ-ગુલાલ નાખ્યા. શોભાનો કોઈ પાર રહ્યો નહિ. શ્રીહરિએ કહ્યું, બધી જ વિધવા સ્ત્રીઓએ ક્યારેય રંગનો છાંટો પણ લેવો નહિ. ૩૫. શાસ્ત્રની બાંધેલી આ મર્યાદા છે. તેને કોઈએ ક્યારેય લોપવી નહિ પણ અમે નાખેલાં આ રંગને તો ગંગાજળ જેવો પવિત્ર સમજવો. ૩૬. તેના સિવાયનો કોઈપણ રંગ હોય તેની છાંટ પણ વિધવા સ્ત્રીએ લેવી નહિ. બધા સંતોએ પણ તે રીતે નિયમ રાખવો. તે આ વાત સ્પષ્ટ કહી દીધી છે. ૩૭. અમે એટલા માટે રંગે રમીએ છીએ કે તેનાથી જીવને ચઢેલો જગતનો રંગ નાશ પામે. જેને જગતનો રંગ લાગે છે તેના બધા સુકૃત નાશ થઈ જાય છે. ૩૮.

અમારો રંગ જેને લાગે છે તેને વિષયના રંગનો નાશ થઈ જાય છે. આ વાતને આવી રીતે સમજવી. કારણ કે સત્સંગ તો મોક્ષ કરનારો છે. ૩૯. ઉત્સવનો દિવસ જાણીને અમે અનેક હરિભક્તોનો સમૈયો કરીએ છીએ, સહુને ભેળા કરીએ છીએ. અમે જે જે ચરિત્ર કરીએ છીએ તેમાં ધર્મનું સ્થાપન કરવાનું જ અમને તાન હોય છે. ૪૦. શ્રીહરિએ કહેલી વાત સાંભળીને સહુ

હરિભક્તો તથા દરબારો બોલ્યા. આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. આપની હરેક પ્રવૃત્તિ અધર્મનો નાશ કરનારી છે. ૪૧. જેટલા અધર્મી લોકો છે તે બધા ધર્મને જ અધર્મ કહે છે. પોતાના અપલક્ષણને કાયમ જાળવી રાખવા માટે તેના ગુરુઓ પણ તેને તેવો જ બોધ આપે છે. ૪૨.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ કરિયાણામાં વસંતપંચમીના દિવસે રંગક્રીડા કરી' એ નામે પંચાણુંમો તરંગ સમાપ્ત ।।૯૫।।



પૂર છઠ્ઠું : તરંગ - ૯૬

શ્રીહરિએ કરિયાણાને પોતાનું મનપસંદ ગામ કહ્યું પરંતુ પછી ગઢપુર આવ્યા

શ્રીહરિ રંગ ઉડાડી રહ્યા. પછી પોતે જ ફગવા આપવા લાગ્યા. પ્રથમ દરેકને પોશ ભરી ભરીને આપ્યા પણ પછીથી તો પુષ્કળ-અમાપ આપ્યા. ૧. પહેલાં સંતોને ફગવા આપ્યા, પછી દરબારોને આપ્યા અને હરિભક્તોને આપ્યા. તેના પછી બીજા માણસોને આપ્યા. આ રીતે ઉત્સવ કર્યો. ૨. બાઈઓનો તો જે મોટો સમૂહ હતો, તેને ઘણા હેતથી સહુના ભેળા ફગવા આપ્યા. અને તે પછી શ્રીહરિ સ્નાન કરવા ચાલ્યા. ૩. નદી તો પાસે જ હતી. શ્રીહરિ અને સંતોએ ત્યાં જ સ્નાન કર્યું. બધા દરબારો અને બીજા હરિભક્તો પણ ત્યાં જ નાહવા આવ્યા. ૪. જ્યારે સહુ નદીમાં નાહવા લાગ્યા ત્યારે નદી રંગરંગ થઈ ગઈ. શ્રીહરિની પ્રસાદીરૂપ જે રંગ હતો તેને નદીએ સાગર સુધી પહોંચાડ્યો. ૫. તેનાથી સાગર ખુશખુશાલ થઈ ગયો. તે કહેવા લાગ્યો, 'સુખકંદ શ્રીહરિને ધન્ય છે ધન્ય છે, મને અતિશય કૃતાર્થ કરવા માટે જ આ વખતે શ્રીહરિ રંગે રમ્યા છે.' ૬. ભૂમિએ કહ્યું, "શ્રીહરિએ ધર્મભક્તિને ઘેર જ્યારથી જન્મ લીધો છે. ત્યારથી મને પાવન કરી છે."

શ્રીહરિવર સ્નાન કરી રહ્યા ત્યારે નદીનાં પાણીમાંથી બહાર નીકળ્યા. ૭. શ્રીહરિએ શરીરે જરિયાની વસ્ત્રો પહેર્યાં, વાજિંત્ર વાગતાં હતાં અને પોતાને ઉતારે આવ્યા અને વર્ણીએ રસોઈ તૈયાર કરી ત્યારે ધર્મકુમાર

શ્રીહરિ જમવા માટે બેઠા. ૮. કરિયાણાના દરબારને હરિભક્ત સમજીને શ્રીહરિ તેમની આગળ વચન કહેવા લાગ્યા. આ તમારું ગામ અમે (કાયમ) રહીએ તેવું છે. ૯. પહાડને નજીક અને નદીને કિનારે આ ગામ છે. આવું સ્થાન અમને ગમે છે. તમે બધા ભાઈઓ એક જ છો અને સત્સંગના વિવેકને સમજો છો. ૧૦. અમે બીજાને ક્યારેય કહીએ નહિ. તમે બધા હરિભક્ત છો એટલે કહીએ છીએ. જે મોટા રાજાઓ કહેવાય છે તેમની હકૂમત આ ગામમાં નથી. ૧૧. આ ગામ તમારા કબજામાં છે તેથી અમને તે ગમી ગયું છે.

આ ગામમાં અમે કાયમને માટે પ્રકટ (જાહેર) રહીએ તોપણ અમને કોઈ ઉપાધિ કરી શકે તેમ નથી. ૧૨. અહીં અમે કથા-વાર્તા કરીએ, સમૈયા કરીએ અને કોઈ હરિભક્તો આવે તો તેમને ઘણું સુખ રહે તેવું છે. ૧૩. અને બધા સંતો રાત દિવસ અહીં સુખપૂર્વક ભજન સ્મરણ કરે એનાથી યુગો સુધી સુખી કરે એવી તમારી કીર્તિ થશે. ૧૪. દેશ પ્રદેશમાંથી હરિભક્ત કણબીને બોલાવીને ગામમાં વસાવો. તો તેણે કરેલી ખેતીમાં દસ ગણી ઊપજ આવે. ૧૫. ત્રણ કોશ જેટલી ભૂમિ ઉપર અમે એક સરસ ધામ બનાવીએ. અહીં આ ભૂમિમાં એવું ધામ બનાવીએ કે તેવું બીજે ક્યાંય હોય નહિ. ૧૬.

જે જે મોટા રાજાઓ કહેવાતા હોય છે તેઓ પણ તે ધામને જોઈને ચકિત થઈ જાય. હરિભક્તોનું જ ગામ એવું બનાવીએ કે તેમાં અધર્મ એક રતીભાર પણ રહી શકે નહિ. ૧૭. જો તમારું સદ્‌ભાગ્ય હોય તો બધું એવું બને. અત્યારે જો તમે અમારું નહિ માનો તો પછી કોઈ દિવસ વિચાર કરજો. ૧૮. આગળ ઉપર પોતાના હિતનો વિચાર કરીને શું કહો છો ? તે જોવાનું રહ્યું પણ ગયેલો સમય ફરીવાર આવે નહિ. આ અંગે દરબારોમાં કોઈ કાંઈ સમજ્યા નહિ. તેથી શ્રીહરિએ વાત કરવાનું બંધ કર્યું. ૧૯.

શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે સંતો અને દરબારો એ બધા જમવા બેઠા, તે દિવસ અને રાત કરિયાણામાં રહ્યા. પછી બીજે દિવસ ઘનશ્યામ શ્રીહરિ ગઢપુર જવા ચાલ્યા. ૨૦. તેનાથી દરબાર એભલ ખાચર અને જીવા ખાચર બંને ઘણા જ પ્રસન્ન થયા. તેમણે બંને હાથ જોડ્યા અને પ્રસન્ન મનથી બોલ્યા કે, ‘જે પુરનું અન્નજળ જેના ભાગ્યમાં ખાવા પીવાનું લખ્યું હોય તે અન્નજળ

તેને ખેંચીને ત્યાં લાવે છે, ભલેને કોઈ ચાહે તે દેશ પરદેશમાં જાય !! ૨૨. ગામ, વન અને પર્વતના જે દેવ હોય છે તે ઘણા સમર્થ હોય છે. તે દેવ મનુષ્યને દેશ અને પરદેશમાં ભટકાવે છે પણ તે દેવ ક્યારેય દેખ્યામાં આવતા નથી. ૨૩. તે તે દેવો પરસ્પર પ્રાણીને ખેંચે છે. જે દેવ બળવાન હોય તે ખેંચીને લઈ જાય છે. ભગવાન અને સંતો કોઈ દેવને આધીન નથી. તેમણે તો પોતાનું શરીર પણ હરિભક્તોને અર્પણ કરી દીધું હોય છે. ૨૪.

*** ભગવદ્ભક્તિની મહત્તા :**

दोहा : हरि के भक्त अधिक हे, एक एक से अपार;
बलवंत हि भक्ति जाहि की, तिहाँ रहत निरधार...२५
खान पान बडे शेर में, हरि संत कुं नहिं भाव;
भक्ति धर्म पर भाव तेहि, ताको एहि ठेराव...२६

ભગવાનના ભક્તો તો એક એકથી અધિક બળવાન હોય છે. જેની ભક્તિ વધારે બળવાન હોય ત્યાં ભગવાન સ્થિર થઈને રહે છે. ૨૫. મોટા શહેરોમાં ખાન-પાન, સુખ-સગવડ વધારે મળે છે, પણ ભગવાનને અને સંતોને તેમાં ભાવ નથી. પરંતુ ભક્તિ અને ધર્મ ઉપર જ ભાવ છે. તેમનો તો એ જ ઠરાવ છે. ૨૬.

તે સમયે શ્રીહરિએ તે દરબારોને કહ્યું, તમારું ભાગ્ય અપાર છે. તે જ વધારે બળ કરે છે. ૨૭. પરંતુ તમારા ગામમાં તમે તમારું પોતાનું ચલણ લેશમાત્ર પણ રહેવા દીધું નથી. એકબીજાના દ્વેષને કારણે સિંહની જેમ મોટા પાંજરામાં તમે પુરાઈ ગયા છો. ૨૮. કેમજે, મોટો સિંહ પણ જ્યારે પાંજરામાં પુરાઈ જાય છે ત્યારે તેને આધીન કાંઈ નથી રહેતું. લોઢાનાં પાંજરામાં પુરાઈ ગયા પછી સિંહ જેટલું બળ કરે છે તેને પછીથી તેટલું વધારે દુઃખ સહન કરવું પડે છે. ૨૯. તેનું ખાવાનું પીવાનું પણ સ્વાધીન નથી હોતું. ચાલવું, બેસવું પણ પરાધીન હોય છે. જે સ્વયં પરાધીન હોય તે બીજાનું રક્ષણ શું કરે ? કેમજે, તેનું કાંઈ જ જોર રહેતું નથી. ૩૦. જેટલા દરબારો કહેવાય છે તે બધાનાં શરીર, જીવ, ગામ, ગરાસ અને આજીવિકા જે કાંઈ છે તે બધું અત્યારે પરાધીન થઈ ગયું છે. ૩૧. સ્વયં પરાધીન થઈને જે ખાવું પડે છે. તેનાં જેવું બીજું કોઈ દુઃખ નથી. જે કાંઈ કામ કરવાનું હોય છે તે બુદ્ધિ વિના કશું થાતું નથી. ૩૨.

चोपाई :

निरबंध को जो करे विश्वासा, बंधन मात्र सो करे खुलासा;
केतेक काल से जिय निरबंधा, माया पास में पर्यो हि बंधा...३३

माया से समृथ जीव अपारा, ज्ञान नेत्र बिन भयो अंधकारा;
ज्ञान नेत्र माया किये नाशा, माया को एक रह्यो अभ्यासा...३४

બંધન વિનાનાનો વિશ્વાસ જો હોય તો તે ક્યારેક બંધનને કાપી શકે છે. જીવ સ્વયં નિર્બંધ છે છતાં કેટલાક સમયથી તે માયાના પાશમાં આવી બંધાઈ ગયો છે. ૩૩. જીવ માયા કરતાં ઘણો જ સમર્થ છે પણ તે જ્ઞાનરૂપ નેત્ર વિના અંધકારમાં ફસાયો છે. જીવનાં જ્ઞાનરૂપી નેત્રનો માયાએ નાશ કર્યો છે. તેથી જીવને એક માયાનો જ અભ્યાસ રહ્યો છે. ૩૪.

माया के नेत्र नाश जब होवे, तब ज्ञान नेत्र कर जोवे;
ज्ञान नेत्र हि पावे जबही, निर्बंध होई जावे तबही...३५

निर्बंध भये बिन मोक्ष न होई, कोटि उपाय करे ओर सोई;
निर्बंध को विश्वास हि आनी, ताके वचन लेना मानी...३६

જ્યારે માયાનાં નેત્રનો નાશ થાય ત્યારે જીવ જ્ઞાનનાં નેત્રોથી જોઈ શકે. જીવને જ્યારે જ્ઞાનરૂપી નેત્ર પ્રાપ્ત થાય ત્યારે તે માયાનાં બંધનથી છૂટી જાય છે. ૩૫. માયાનું બંધન તૂટ્યા સિવાય મોક્ષ થાતો નથી, ભલેને બીજા કરોડો ઉપાય કરવામાં આવે ! માટે જે સ્વયં નિર્બંધ છે એવા ભગવાન અને સંતોમાં વિશ્વાસ આણીને તેમના વચન માની લેવા જોઈએ. ૩૬.

અત્યારે અમે ગઢપુર તો આવીએ છીએ પણ જ્યાં સુધી અમારી ઈચ્છા હશે ત્યાં સુધી ત્યાં રહેશું, તે અમારો નિર્ણય છે. ૩૭. અમે તો પરમેશ્વરને આધીન છીએ. બીજા કોઈને આધીન નથી. અમારી યથાર્થ-ખરી જે વાત હતી તે બધી તમને અત્યારે સંભળાવી છે. ૩૮. ત્યારે દરબારોએ હાથ જોડીને કહ્યું, જેને તમે પરમેશ્વર કહ્યા છે તે આપ સ્વયં છો. કાળ, માયા કે કોઈ દેવનું આપના ઉપર કાંઈ જોર ચાલે નહિ. ૩૯. તો અમારા જેવા તો શું લેખામાં ? અમે તો આપ જેમ કહેશો એમ જ કરશું. કેમજે, હે મહારાજ ! આપ તો મહાન ઈશ્વર છો. હે નાથ ! આપ તો એક ભક્તિથી જ બંધાવ છો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ કરિયાણાને પોતાનું મનપસંદ ગામ કહ્યું પરંતુ પછી ગઢપુર આવ્યા' એ નામે છન્નુંમો તરંગ સમાપ્ત ॥૯૬॥



પૂર છઠ્ઠું : તરંગ - ૯૭

શ્રીહરિ ગઢપુર પધાર્યા અને જીવાખાચરના દરબારમાં ઊતર્યા

કરિયાણાથી ચાલેલા શ્રીહરિ જ્યારે **કીડી** ગામ આવ્યા ત્યારે સમાચાર સાંભળીને ગામના બધા જ લોકો ગામની બહાર ત્યાં દર્શન કરવા આવ્યા. ૧. પછી ત્યાંથી તરત ચાલ્યા. **વાવડી** ગામે આવ્યા. વચ્ચે ઘણા ભયંકર વન અને પહાડ આવ્યા. ૨. તે પહાડનું નામ સાલેમાળ હતું. ત્યાં એક શાલ્વ નામે મહાન દૈત્ય રહેતો. જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધાર્યો ત્યારે તે શાલ્વ નામના દૈત્યને આ જગ્યાએ માર્યો હતો. ૩. તે દૈત્ય મહામાયાવી હતો. તેથી તે ત્યાં જ રહેતો હતો અને તે ત્યાં સાલેમાળ પર્વતમાં લાંબો થઈને સૂતો હતો, તેને શ્રીહરિએ જોયો અને કહ્યું, 'આ દૈત્ય છે.' ૪.

(નોંધ : ઈતિહાસમાં શાલ્વ નામના ચાર રાજાઓ લખેલા છે. (૧) ભીમસેને મારેલો, (૨) અંબાવાળો-મહાભારતના યુદ્ધમાં સાત્યકીએ મારેલો (૩) નકલી વાસુદેવ થયેલો જેને શ્રીકૃષ્ણે મારેલો (૪) ગુજરાતનો રાજા - તેને પણ શ્રીકૃષ્ણએ મારેલો.)

શ્રીહરિએ ત્યાં આવીને તેને દર્શન દીધાં. તેનો ઉદ્ધાર કરવાનો મનમાં વિચાર કર્યો, ઉપરાંત મનોમન એવો પણ વિચાર કર્યો હતો કે, આ પહાડની નજીક રહેવું. ૫. જ્યારે શ્રીહરિ વાવડી આવ્યા ત્યારે તે ગામમાં દરબાર સત્સંગી હતા. તે સવારી લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિનાં દર્શન થવાથી તેના બધાં જ દુઃખો ટળી ગયાં. ૬. એક કોશ જેટલે દૂર સામે આવ્યા હતા. તેઓ બધા ઉત્તમ વિવેકને જાણતા હતા. જેવા શ્રીહરિ સમીપે આવ્યા કે દરબાર તરત અશ્વ ઉપરથી નીચે ઊતરી ગયા. ૭. દરબારનું નામ ભાયાભાઈ હતું. તે ગદ્‌ગદ કંઠે આનંદભર્યા હૈયે શ્રીહરિના ચરણોમાં પડ્યા. અને પોતાના વાવડી ગામમાં પધરાવ્યા. ૮. વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતાં હતાં. જેટલાં

સોનેરી શણગાર કહેવાય તે બધાં શ્રીહરિવરે શરીરે ધારણ કર્યાં હતાં. ૯. અશ્વને પણ સોનેરી શણગારોથી સજાવ્યો હતો. મહારાજાધિરાજ શ્રીહરિ તે અશ્વ ઉપર બેઠા. જ્યારે દરબારે શ્રીહરિની ગામમાં પધરામણી કરી ત્યારે આગળના ભાગમાં ચોપદાર છડી પોકારતો હતો. ૧૦.

બજારમાં અપાર લોકો અનંત પ્રકારની પૂજા લઈને ઊભા હતા. જેને જેવો પ્રેમ હતો તે રીતે ભાવથી શ્રીહરિની પૂજા કરતા હતા. ૧૧. દરબારગઢમાં પ્રેમથી પધરાવ્યા. સરસ રીતે પલંગ બિછાવી દીધો હતો. ભવનોને ચિત્ર વિચિત્ર રીતે શોભાડ્યાં હતાં. પછીથી દરબારે શ્રીહરિની પૂજા કરી. ૧૨. અંગો ઉપર કેસરયુક્ત ચંદન ચરચ્યું. ફૂલના હાર કંઠમાં પહેરાવ્યા અને ફૂલના બાજુબંધ ભુજાઓ ઉપર બાંધ્યા. પછી પ્રેમથી આરતી ઉતારી. ૧૩. થાળ ભરીને સાકર શ્રીહરિ આગળ ધરાવી. પછી બંને હાથ જોડીને દરબાર ભાયાભાઈએ પ્રાર્થના કરી. ૧૪. તે ભવનમાં જેટલા જનો હતા તે સર્વએ પૂજા કરી. તે બધા એક એકથી અધિક અને પાકા સારા હરિભક્ત હતા. ૧૫. ત્યાં જેટલી સ્ત્રીઓ હતી તે બધીએ મોતીના થાળ ભરી ભરીને જેના દિલમાં જેવો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિવરને વધાવ્યા હતા. ૧૬.

બધા હરિભક્તો જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ ત્યાંથી તરત જ ઊઠ્યા. આવીને અશ્વ ઉપર બેઠા અને ત્યાંથી તત્કાળ ચાલતા થયા. ૧૭. જલ્દીથી ગઢપુરને માર્ગે ચાલ્યા. સાથે અપાર અશ્વો હતા. તે બધા ઘોડાઓને એકબીજાની આગળ ચલાવતા. કોઈ કોઈની પાછળ રહેવા ચાહતા નહિ. ૧૮. દોડતાં ઘોડાથી ઊડેલી રજથી આકાશ ભરાઈ ગયું હતું. ગઢપુરવાસી લોકો તે રસ્તા તરફ દેખતા હતા. ઊડતી ધૂળને જોઈને પરસ્પર કહેતા કે માનો, ચોક્કસ શ્રીહરિવર આવી રહ્યા છે. ૧૯. તેઓએ મનમાં શ્રીહરિનાં આવવાનો નિશ્ચય કરી લીધો. જેમાં કાંઈ જ ફેરફાર ન હતો. આમ કહીને સહુ શ્રીહરિની સન્મુખ દોડ્યા. પોતાનું ચિત્ત શ્રીહરિની મૂર્તિમાં જોડી દીધું. ૨૦.

દોડતા સહુએ માંડવધાર ગામને પાછળ મૂકી દીધું. એક પછી એક સહુ દોડતા જ રહ્યા. પહેલા સામેથી ચાલ્યા આવતા સંતો મળ્યા. સહુ ઘણાં

જ હેતથી તેમના પગમાં પડ્યા. ૨૧. ત્યાંથી થોડેક દૂર ગયા. ત્યાં શ્રીહરિ મળ્યા. હૃદયમાં ઘણો જ આનંદ થયો. હરિભક્તો હેતથી શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. મનમાં અત્યંત આનંદ છવાઈ ગયો. ૨૨. સહુ ફૂલના હાર લાવ્યા હતા. તે વખતે તે હાર શ્રીહરિને પહેરાવ્યા. તેઓ એક એક શ્રીફળ પણ લાવ્યા હતા. તે શ્રીહરિવરને ભેટ મૂક્યાં. ૨૩. ગઢપુર દરબારગઢમાં જેટલા ડંકા અને નિશાન વગેરે હતાં. તે સિવાય હાથી, ઘોડા, રથ, મ્યાના, સુખપાલ જે કાંઈ સવારીનાં સાધન હતાં, ૨૪. તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યાં હતાં, વાજિંત્ર બધાં જ લાવ્યાં હતાં અને વારંવાર બંદૂકોના અનેક અવાજથી આકાશ વ્યાપ્ત થઈ ગયું હતું. ૨૫.

સારા શણગારેલા હાથીને દેખીને શ્રીહરિ તેના ઉપર બેઠા અને બીજા હાથી ઉપર બ્રહ્મનિષ્ઠ સંતોને બેસાડ્યા. ૨૬. દરબાર એભલખાચર અને દરબાર જીવા ખાચર બંનેને બોલાવ્યા હતા એટલે તેઓ શ્રીહરિને ચામર કરવા માટે હાથી ઉપર બેઠા. ૨૭. જ્યારે સૂર્યાસ્ત થતો હતો ત્યારે સહુ ઉન્મત્ત ગંગા નદીને ઊતર્યા. અને જે મશાલો આવી હતી તે બધી પ્રકટાવી દીધી. ૨૮. કાળાભાઈ, સાંગાભાઈ, લાધાભાઈ, ગોવિંદ, દેવજી, રાજાભાઈ અને જૂઠાભાઈ એ આદિક બધા મશાલીઓએ અપાર મશાલો લીધી હતી. ૨૯. જ્યારે સંધ્યા આરતીનો સમય થયો ત્યારે શ્રીહરિ **ગઢપુર** પહોંચ્યા. ગઢપુરના બધા રાજમાર્ગો દીવાઓ કરીને શણગાર્યા હતા. ૩૦.

પુરવાસી લોકોએ અત્યંત હરખથી પુરને શણગારીને ઇન્દ્રપુરી કરતા પણ અધિક શોભાયમાન કર્યું હતું. પુરના બધા જ નરનારીઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે માર્ગમાં ઊભા હતા. ૩૧. સહુને શ્રીહરિના ઉપર અપાર ભાવ હતો. બધાનાં ચિત્ત પ્રેમરસથી નીતરતા હતા. જેટલી સ્ત્રીઓ હતી તે બધી મોતીથી ભરેલા થાળ લઈને ઊભી હતી. ૩૨. જ્યારે શ્રીહરિ ગઢપુરના દરવાજામાં પ્રવેશ્યા ત્યારે શોભાનો કોઈ પાર રહ્યો ન હતો. જેટલા પુરવાસી હતા તે બધા જ શ્રીહરિને રસ્તામાં પૂજતા હતા. ૩૩. પુરવાસીઓનો અત્યંત પ્રેમ જોઈને શ્રીહરિ તેમની અર્પણ કરેલી પૂજાને સ્વીકારતા હતા. તેનાથી તે ભક્તિભાવવાળા જનોને શ્રીહરિમાં ખૂબ જ પ્રીત થઈ અને તેથી જ તેઓએ

શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારી રાખી. ૩૪. શ્રીહરિની જે પ્રસન્નતા હતી તેને સહુ પુરવાસી બરાબર જાણતા હતા. સહુને શ્રીહરિના ઉપર એવો નિર્દોષ સ્નેહ હતો કે કોઈપણ મનુષ્ય તેમની મરજીને લોપતા નહિ. ૩૫.

શ્રીહરિ દરબાર જીવા ખાચરના દરબારગઢમાં આવ્યા. તેમનું જે ઘણું સારું ભવન હતું તેમાં શ્રીહરિવરને ઉતારો આપ્યો. ૩૬. રાજદ્વારની સમીપમાં જ સારા ભવન જોઈને તેમાં સંતોને ઉતારો આપ્યો. જ્યાં તેઓ સુખેથી ભજન કરી શકે. ૩૭. સંતો વાજિંત્ર વગાડીને રોજ કથા-કીર્તન કરતા. અને ત્યારે આગળ આવીને જેવા લોકો બેસતા તેવી મોક્ષ બાબતની કથા અને વાતો પણ રોજ કરતા. ૩૮. થોડા જ સમયમાં (સં.૧૮૬૩) ફૂલદોલના ઉત્સવનો દિવસ આવતો હતો એટલે દરબાર જીવા ખાચર શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા અને તેમણે બે હાથ જોડીને શ્રીહરિ આગળ કહ્યું. ૩૯. મહારાજ ! ફૂલદોલ નિમિત્તે દેશ પ્રદેશોમાંથી બધા સંતોને અને હરિભક્તોને તેડાવો. સંતો અને હરિભક્તોને આપનાં દર્શન થાય અને અમને તેમનાં દર્શન થાય, તેનાથી અમારાં હૃદયમાં અત્યંત આનંદ થાશે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ ગઢપુર પધાર્યા અને જીવાખાચરના દરબારમાં ઊતર્યા' એ નામે સત્તાણુંમો તરંગ સમાપ્ત ॥૯૭॥



પૂર છઠ્ઠું : તરંગ - ૯૮

શ્રીહરિએ વિવેક શીખવાની વાત કહી અને ફૂલદોલ નિમિત્તે સંતો-ભક્તોને ગઢપુર બોલાવ્યા

ત્યારે શ્રીહરિએ જીવાખાચરને કહ્યું, અમારી એવી રીત છે કે વ્યક્તિગત રીતે તમારે ખર્ચ થાય એવો ઉત્સવ અમે ન કરીએ. ૧. જો તમે કાચી રસોઈ કરાવવામાં સંમત હોવ તો સંતોને બોલાવો. અને તેમાં પણ બીજા હરિભક્તોને ભાવ હોય તો તે બધાની પણ રસોઈ લઈ શકાય. ૨. ત્યારે દરબાર જીવા ખાચરે હાથ જોડીને કહ્યું, જેવી આપની મરજી હશે તેમ અમે કરશું. અમારો

કોઈ અતિ આગ્રહ નથી. આપ જેમ રાજી રહો તેમ કરો. ૩. અમારે જે જે સેવા કરવાની હોય છે તે બધી આપના રાજીપા માટે જ હોય છે. મયૂરધ્વજ અને હરિશ્ચંદ્ર રાજાની જેમ અમે આવો નિશ્ચય કરી રાખ્યો છે. ૪. આપની માયા અપરંપાર છે. ભવ, બ્રહ્મા પણ તેના પારને પામ્યા નથી. જે તમારી આગળ માયા કરવા જાય છે તેને માયા પોતે જ ભરમાવી દે છે. ૫.

ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવો માયામાં ભરમાયા છે. શેષ, નારદ અને સતી જેવા પણ ભરમાયા છે. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ જેવા અતિશય સમર્થ હતા તેના જેવા બીજા નહીં. ૬. રાવણ તથા કુંભકર્ણ ઘણા મહાન હતા. કંસ અને શિશુપાળ અતિ અહંકારી હતા. જરાસંધ અને બાણાસુર બહુ બળવાન હતા. સહસ્રાર્જુન બધા રાજાઓને વશ કરનારા હતા. ૭. અક્રૂરજી પણ નિપુણ ભક્ત હતા પરંતુ તે બધાને આપની માયાએ જીતી લીધા હતા. આપ અનેક પ્રકારનાં ચરિત્રોને કરો. છતાં તે આપની માયા અમને લોપે નહિ. એવી દયા કરો. ૮. આપ થોડી એવી પણ માયાને વિસ્તારો તો ઈશ્વર જેવા પણ તેને જાણી શકે નહિ. તો અમે તો અલ્પજીવ કહેવાઈએ. તે અમે શી ગણતરીમાં ? આપની માયા અમને સત્ય વસ્તુને સમજવા જ ન દે. ૯. અમે હાથ જોડીને આપની પાસે એ વર માગીએ છીએ. તો અમારા ઉપર હેત કરીને તે વર આપો. ત્યારે શ્રીહરિએ પ્રેમથી કહ્યું, અમારી તો એ કાયમની રીત છે કે - ૧૦.

❋ જે રાખે ચરિત્રમાં નિર્દોષભાવ, તેને મળે અલૌકિક લાવ :

चोपाई :

भक्त को जेसो भाव रहाई, चरित्र हम करत हे ताई;
सरल से सरल हे चरित्र हमारे, जेसो पात्र तेहि अनुसारे...११
कल्पवृक्ष हे मूर्ति हमारी, सब जनकुं अतिशय सुखकारी;
विषम कबु भाव नहि हे यामें, भक्त के भाव देखावत तामें...१२

જેવો ભક્તનો ભાવ હોય તે રીતે અમે ચરિત્ર કરીએ છીએ. અમારાં ચરિત્રો સરળથી પણ સરળ છે. જ્યાં જેવું પાત્ર હોય છે ત્યાં તેને અનુસારે જ અમે ચરિત્ર કરીએ છીએ. ૧૧. અમારી મૂર્તિ તો કલ્પવૃક્ષના જેવી છે. જે બધાને અતિશય સુખકારી છે. અમારી મૂર્તિમાં ક્યારેય પણ વિષમભાવ નથી.

પણ જે ભક્તને જેવો ભાવ હોય તેવો તેને અમે ચરિત્રોમાં દેખાડીએ છીએ. ૧૨. અમારી મૂર્તિ તો દર્પણ તુલ્ય છે. જે નિર્મળ દર્પણ હોય છે તેના ગુણ હંમેશાં નિર્મળ જ હોય છે. દર્પણની સામે જેવું બિંબ આવે. તરત જ તેવું પ્રતિબિંબ તેમાં દેખાય છે. ૧૩. જે બુદ્ધિમાન પુરુષ છે તે ક્યારેય પ્રતિબિંબ બાબતમાં દર્પણનો દોષ જોતા નથી. પરંતુ જે મૂર્ખ મનુષ્ય હોય તે દર્પણનો દોષ જુએ છે, પ્રતિબિંબનો દોષ જોતો નથી. તેમ અજ્ઞાની માણસ અમારામાં દોષ જુએ છે. ૧૪. અમે તો આકાશ જેવા છીએ. ઠંડી, ગરમી કે ભેજ, આકાશમાં પોતાના સ્વાભાવિક ગુણ નથી. જેવી ઋતુ હોય તે પ્રમાણે ઋતુના ગુણ આકાશમાં જણાય છે. પણ આકાશ તો સ્વતઃ નિર્લેપ અને નિર્દોષ-નિર્ગુણ છે, સ્વચ્છ છે. તે જ તેનો કાયમનો એકનો એક ગુણ છે. અને એકનો એક જ રહે છે. એમ અમારામાં કંઈ વિકાર-ફેરફાર થતો નથી. ૧૫.

અને તે રીતે જ જે યથાર્થ જ્ઞાની છે તેની સમજણ પણ એકસરખી જ રહે છે. તે અમારા અનેક ચરિત્રોને દેખે છતાં પણ તેની સમજણ સદાય નિરાવરણ (નિર્લેપ, નિર્દોષ) રહે છે. ૧૬. જે જ્ઞાની નિરાવરણ-નિર્લેપ હોય તેનો જે જીવ સમાગમ કરે. અને તેને જ્ઞાની જેવું જ્ઞાન શીખવે તેવું નિષ્પાપ થઈને તે શીખે. ૧૭. તેવા જીવને અમારાં જે ચરિત્ર છે તે નિર્બંધ કરે છે અર્થાત્ માયાના બંધનથી છોડાવે છે. અમારાં ચરિત્ર નિર્બંધ કરનારા છે એવું સંતોની પાસેથી જાણી-સમજી શકાય છે. ૧૮.

સંસાર સંબંધી જ્ઞાન અંધારાથી ભર્યું છે. તેનાંથી અજ્ઞાનના વિકારો ટળતા નથી. અને જેનાં ચિત્તમાં અજ્ઞાનના વિકારો હોય તેમાં ગુણ અને દોષ આવ્યા કરે છે. ૧૯. જ્યાં સુધી બુદ્ધિમાં ગુણ અને દોષ આવતા રહે છે. ત્યાં સુધી ભક્ત શાંતિ નથી પામતો અને તેના જીવનમાં શુક્લ-અજવાળું અને કૃષ્ણ-અંધારું રહે છે. સંસારસંબંધી જ્ઞાન છે તેને કૃષ્ણપક્ષ જાણવો અને અમાયિક જ્ઞાન છે તેને શુક્લપક્ષ જાણવો. અર્થાત્ તે સંસાર તરફનાં જ્ઞાન તરફ જે ઝુકાવ તેને કૃષ્ણપક્ષ જાણવો અને માયાથી રહિત શુદ્ધજ્ઞાન તરફ ઝુકાવ તેને શુકલપક્ષ જાણવો. ૨૦.

सत्संग चंद उर रहे ज्यां लगही, शांति उर में वर्ते त्यां लगही;
कुसंग अंधतम जोग जब होवे, विक्षेप चित्त होई शांतिकुं खोवे...२१
संसारिक सुख में रुचि जेसी, सत्संग में जो होवे तेसी;
ताकुं शांति सदा उर रेहेवे, वेद शास्त्र संत इमि सब केवे...२२

જ્યાં સુધી દિલમાં સત્સંગરૂપી ચંદ્રમા રહે ત્યાં સુધી દિલમાં શાંતિ રહે છે અને કુસંગરૂપી અંધારું દિલમાં જ્યાં સુધી રહે છે ત્યાં સુધી દિલમાં વિક્ષેપ થાય અને શાંતિ રહે નહિ. ૨૧. "જીવને સંસારના સુખમાં જેવી રુચિ રહે છે તેવી રુચિ જો સત્સંગમાં રહે તો તેના દિલમાં શાંતિ કાયમ રહે છે." એમ વેદો, શાસ્ત્રો અને સંતો બધા જ કહે છે. ૨૨. **જે નીતિમાં ચાલે છે તેને સદાય સુખ રહે છે** અને તે સહુને સાક્ષાત્ દેખાય છે. જે અનીતિમાં વર્તે છે તેને અપાર દુઃખ આવે છે. તેમાં કોઈ વિલંબ થાતો નથી. ૨૩. સુખ અને દુઃખ આવે છે તે સહુને પ્રત્યક્ષ દેખાય છે. તેમાં જે વિવેક વિનાનો મનુષ્ય છે તેને દુઃખ રહે છે. કરોડો વરસ સત્સંગ કરે, પણ શીખ્યા વિના વિવેક આવે નહિ. ૨૪.

❋ વિવેકનું ફળ જન્મ-મરણનો નાશ જ છે :

दोहा : सत्संग करनको फल यह, सिखनो प्रथम विवेक;
विवेक न सिखे जांहिं लग, दुःख टले न अनेक...२५
विवेक में रहे सुख अनंत, दुःख कबु आवे नाहिं;
पाताल से पुरुष प्रकृति लग, विचारी देखे ताहिं...२६

સત્સંગ કરવાનું ફળ એ છે કે પ્રથમ વિવેક શીખવો. જ્યાં સુધી વિવેક શિખાય નહિ ત્યાં સુધી અનેક દુઃખ ટળતા નથી. ૨૫. વિવેકમાં અનંત સુખ રહ્યું છે. તેમાં ક્યારેય દુઃખ આવતું નથી. અમે તે પાતાળથી પુરુષ પ્રકૃતિના લોક સુધી વિચારી જોયું છે. ૨૬.

सोरठा : मनुष्य तनकुं पाय, विवेक न सीखे जन;
पुरुष नारी कहाय, वृथा तनकुं सो पाये तेहि...२७
विवेक को फल हे येह, जन्म मरन दुःख व्याधि महा;
छेदी देवे तेह, तब विवेक फल पाये तेउ...२८

મનુષ્યના શરીરને પામીને પણ જે મનુષ્ય જો વિવેક ન શીખે તો તેને પુરુષનો દેહ મળ્યો હોય કે નારીનો દેહ મળ્યો હોય પણ તે નિરર્થક-વૃથા કહેવાય. ૨૭. વિવેકનું સાચું ફળ તો તે છે કે, જન્મ અને મરણના દુઃખરૂપ મહાન વ્યાધિનો કાયમને માટે નાશ કરી નાખે. અને ત્યારે જ તે જીવ વિવેકના ફળને પામ્યો કહેવાય. ૨૮.

રાજપાટ મેળવવું અને ધન એકઠું કરવું, તે વિવેકનું ફળ નથી, તે મનમાં ધારવું. મોક્ષમાર્ગની નીતિ તો કાંઈ ઓર જ છે. તે નીતિ રાજનીતિ કરતા પણ બળવાન છે. ૨૯. મોક્ષની નીતિની તુલનામાં રાજનીતિ તો દૈહિક સુખ આપનારી છે અને દૈહિક સુખમાં પણ કેટલાએ દુઃખ ભર્યાં હોય છે, તેને સમજીને જ્ઞાની પુરુષો દૈહિક સુખને ઈચ્છતા નથી. ૩૦.

જેને સત્સંગ દઢ હોય તેને દેહનિર્વાહ તો સહજ સ્વભાવે થયા કરશે. આવું સમજીને સત્સંગને દઢ કરવો. સંતોનું અને અમારું વિચરણ પણ સત્સંગને દઢ કરાવવા માટે જ હોય છે. ૩૧. અમે વારંવાર જે સમૈયા અને ઉત્સવ કરીએ છીએ અને હરિભક્ત જે આપે છે તેને ગ્રહણ કરીએ છીએ. તે બધામાં અમારે તો સત્સંગ દઢ કરાવવાનું જ તાન રહે. જે બુદ્ધિમાન હોય તેને તે જણાઈ આવે છે. ૩૨. શ્રીહરિએ આટલી હિતકારી વાત કરી અને તે પછી દેશે દેશમાં પત્ર લખાવ્યા. તેમાં સંતોને અને હરિભક્તોને તેડાવ્યા. પછી તે બધા હુતાશનીને દિવસ ગઢપુર આવી ગયા. ૩૩. સંતોએ સંતોની સાથે ઉતારા રાખ્યા. ગૃહસ્થ હરિભક્તોને ગૃહસ્થોને ઘેર ઉતારા આપ્યા. શ્રીહરિનાં વચનનું કોઈ ઉલ્લંઘન કરતા નહિ. ગઢપુરવાસી બધા લોકો એવા હતા. ૩૪. સત્સંગની એવી રીત હતી કે બધા હરિભક્તો ગાંઠના ખર્ચનું ખાતા. તીર્થ કરનારા માણસો જેનું અન્ન ખાય તેને ફળ જાય. આવું સમજતા હતા. ૩૫.

સર્વે શાસ્ત્રની જે આવી રીતિ છે તેને હરિભક્તો દઢતાથી અને પ્રેમથી પાળતા હતા. દેશ પ્રદેશથી જે જે સંતો શ્રીહરિની પાસે આવતા હતા તે ઘણા જ આનંદ અને ઉત્સાહથી આવતા હતા. ૩૬. દરબાર જીવાખાચરના બધા જ ભવન ઊંચી ઊભણીવાળા અને ઉગમણા બારના હતા. શ્રીહરિ ત્યાં આવીને બેઠા. ૩૭. સોનેરી હિંડોળો બાંધ્યો હતો. તેના ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા અને તેના ઉપર શ્રીહરિ બેઠા હતા. શોભાનો કોઈ

પાર ન હતો. ૩૮. શ્રીહરિએ બધા જ વસ્ત્ર કેસરીયા પહેર્યાં હતાં. અપાર ફૂલહાર પહેર્યા હતા. પાઘમાં તોરા ભરાવ્યા હતા. ગુલાબના બાજુબંધ અને ગુચ્છ ધાર્યા હતા. ૩૯. કેસરયુક્ત ચંદનની અર્ચા (આડ)માં ખજૂરીનું ચિત્ર કર્યું હતું અને લલાટ વચ્ચે સરસ કુંકુમનો લાલ ચાંદલો કર્યો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ વિવેક શીખવાની વાત કહી અને ફૂલદોલ નિમિત્તે સંતો-ભક્તોને ગઢપુર બોલાવ્યા' એ નામે અઠ્ઠાણુંમો તરંગ સમાપ્ત ॥૯૮॥



પૂર છઠ્ઠું : તરંગ - ૯૯

સંત ઈશ્વરના સમાન સમર્થ છે, આવો શ્રીહરિએ સત્સંગનો મહિમા કહ્યો

જ્યારે જ્યારે સંતો પરદેશથી આવતા ત્યારે ત્યારે ધર્મકુમાર શ્રીહરિ તેમને મળતા હતા. ૧. પોતે જે ફૂલહાર પહેર્યા હોય, બાજુબંધ બાંધ્યા હોય, તોરા અને ગુલાબના જે ગુચ્છ હોય, તે શ્રીહરિ સંતોને આપતા હતા. ૨. તે સમયે શ્રીહરિની પાસે જે જે ફળ, મેવા અને મીઠાઈ આવ્યા હોય તેને પરદેશથી જે સંતો આવ્યા હોય તેને તે આપતા હતા.૩.

सोरठा : वेर वेर हरि वात, करत हे सब जन प्रति;
संतजनकुं हम चात, एसे न चाहत धाम मम...०४

શ્રીહરિ સહુની આગળ વારે વારે એવી વાત કહેતા કે, 'સંતોને હું બહુ જ ચાહું છું, એટલું તો હું મારા ધામને પણ ચાહતો નથી. ૪.

चोपाई :

धाम में सुख संपत रहे जेता, एक एक संत में हे तेता;
संत संत में न देखत कोई, ईश्वर इच्छा कर रहे हे सोई...०५

जथार्थ देखेमें आवे जोउ, ईश्वर होई एक एक वर्ते सोउ;
सब ईश्वर होई वर्ते जबही, ब्रह्मांड की न रहे स्थिति तबही...०६

ધામમાં જેટલી સુખ અને સંપત્તિ રહી છે તે બધી તો એક એક સંતમાં રહી છે. સંતો સંતો પણ એકબીજામાં આવું સુખ અને સામર્થ્ય છે તેને

જાણી શકતા ન હતા. કેમ જે, આવું ભગવાનની ઇચ્છાથી જ રહ્યું હતું. ૫. સંતોને જેવું છે તેવું સામર્થ્ય યથાર્થરૂપમાં જો દેખ્યા-જાણ્યામાં આવે તો એક એક સંત પરમેશ્વર થઈને વર્તે તેવા સમર્થ છે. અને જ્યારે બધા જ પરમેશ્વર થઈને વર્તે, ત્યારે તો બ્રહ્માંડની એકસરખી સ્થિતિ રહે નહિ. ૬.

એમ સમજીને અમે તેમના સામર્થ્યને છુપાવી રાખ્યું છે. પ્રભુતા-સામર્થ્ય જીરવવું કઠણ છે. સર્વે દોષોમાં મદ ભારે દોષ છે. તેથી લગાર પણ પ્રભુતા જીરવવી કઠણ છે. ૭. **શાસ્ત્રના વચનમાં જે વર્તવું તેને જ મોટી પ્રભુતા સમજવી.** શાસ્ત્રનાં વચનોને લોપીને જે વર્તન કરે છે તેની વાત અગમ નિગમ કહે છે. એવાને કૂતરાં, ભૂંડ અને ગધેડાં જેવા મનમાં માનવા. જે ભગવાનનાં સ્વરૂપની ઉપાસના રાખે તે સહુનો સેવક થઈને વર્તે. ૮-૯.

हरि के दास ताके रहे दासा, हरि विन ओरकी नहीं जेहि आशा;
हरि मानत अति दुल्लभ ताकुं, पल एक दूर रहत न वाकुं...१०

ઉપાસનાવાળા સંત ભગવાનના દાસના પણ દાસ થઈને રહે છે અને ભગવાન વિનાની બીજી કાંઈપણ આશા રાખતા નથી. એવા સંતને ભગવાન સ્વયં દુર્લભ માને છે અને ભગવાન તેનાથી એક પળવાર પણ દૂર રહેતા નથી. ૧૦. જન સમાજ માન આપે કે અપમાન કરે, છતાં સંતો તેના ઉપરનો દયાયુક્ત સ્નેહ છોડતા નથી. કેમજે, એવા સંતોએ તો સર્વ જગતનો ઉદ્ધાર કરવાનું ધાર્યું છે, તેથી સમાજ જો અપમાન કરે તોપણ તે હારતા નથી-મનમાં ધારતા નથી. ૧૧. જ્યારે મેઘ વરસે છે ત્યારે તે સારું કે નરસું સ્થાન જોતો નથી. મેઘ તે પાપીના દોષોને લેશમાત્ર પણ ગણતો નથી. હંમેશાં યોગ્ય સમયે તે વરસે જ છે. ૧૨.

મનુષ્ય પાપી હોય કે ધર્મવાળો, તેને વરસાદ વિના કોઈ સહાય કરનાર નથી. એમ સંત મેઘ સમાન પરોપકારી હોય છે અને જે સમર્થ હોય તે બધી વાતને સમજે છે. અને તેની સમજણ ઘણી મોટી હોય છે. અર્થાત્ તેઓ ઘણા વિશાળ દિલના હોય છે. ૧૩. કોઈ પાપીને પાપ કરતાં કરતાં પણ જો કોઈ દિવસ ઉપરોક્ત સાચા સંત આવીને મળી જાય તો તેના બધાં જ પાપ એક પળવારમાં છૂટી જાય છે. ૧૪. એક બ્રહ્માંડ ભરાય એટલું પાપ કર્યું હોય

અને જે ભગવાનથી વિમુખ રહ્યો હોય તેવા પાપી જીવની આ વાત કહી છે. ૧૫. જ્યારે સાચા સંત મળી જાય, ત્યારે તેઓ જીવને વાત કરે છે અને જેવો તે જીવ અધિકારી હોય તેને જોઈને તે પ્રમાણે વાત કરે છે. પછી તેને સંતો બળવાન (શ્રેષ્ઠ) જ્ઞાન આપે છે. ૧૬.જો અધિકારીને જોયા વિના જ શ્રેષ્ઠ-ભારે જ્ઞાન આપવામાં આવે, તો તેનું અજ્ઞાન તરત ટળતું નથી. માટે તે જીવનો જેવો અધિકાર યાને કે પાત્રતા હોય તેને અનુસારે તેવું જ્ઞાન આપવું પણ શ્રેષ્ઠ અધિકારીની વાટ જોઈ બેસી રહેવું નહીં. ૧૭.

संत वचन के द्वार करीके, हरि उर बसे कोउ मुद भरीके;
तब तेहि तर्त होवे सत्संगा, पाप अनंत पल में होय भंगा...१८
मोक्ष को मारग अभंग रहावे, जिहाँ सत्संग सत्य रहावे;
सत्य सत्संग बिन मोक्ष न होवे, कोटिक तन व्रत तप करी खोवे...१९

સંતોના વચન દ્વારા ભગવાન તે સાંભળનારાના હૃદયમાં પ્રસન્નતાથી વાસ કરે છે. ત્યારે તરત જ તેને સત્સંગ થાય છે. અને એક પળવારમાં જ તેનાં અનંત પાપોનો વિનાશ થઈ જાય છે. પછી તે તરત જ શ્રેષ્ઠ-ભારે વાતનો અધિકારી બની જાય છે. ૧૮. જ્યાં સાચો સત્સંગ રહ્યો છે ત્યાં મોક્ષનો માર્ગ અખંડ રહ્યો છે. વ્રત અને તપ કરીને કરોડો જન્મ ગુમાવે છતાં સાચા સત્સંગ વિના મોક્ષ થાતો નથી. ૧૯. વેદોનો અને પુરાણોનો સિદ્ધાંત આવો છે અને બધા સંતો પણ તેમ જ કહે છે.' શ્રીહરિ આટલી વાત કહી રહ્યા ત્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ. ૨૦.

દરબાર જીવા ખાચરે પકવાનોના જેટલાં નામ સાંભળ્યાં હતાં તેટલાં સાકરનાં પકવાન કરાવ્યા. હુતાશનીનું પર્વ મોટું છે એમ જાણીને તેમણે પોતાની મનમાની રસોઈ કરાવી હતી. ૨૧. શ્રીહરિએ એક પીતાંબર પહેરી લીધું અને જઈને જમવા બેઠા. સુંદર સોનેરી બાજોઠ હતો તેના ઉપર બેઠા. ૨૨. ઊભણીવાળા ઊંચા ભવનની ઓસરીમાં શ્રીહરિ બેઠા હતા. અનંત સોનાના થાળમાં બધાં સરસ પકવાન ભર્યાં હતાં. ૨૩. તે બધાં લાવીને શ્રીહરિની આગળ ધર્યાં. તેની શોભાનું વર્ણન કરતા પાર પમાતો નથી. તે રીતે જ જેટલાં શાક બનાવ્યાં હતાં અને ભજિયાં તથા વડાંનો તો કોઈ પાર ન હતો. તે બધું પણ શ્રીહરિને પીરસ્યું. ૨૪. તે બધું શ્રીહરિ જમવા લાગ્યા. બધી રસોઈનાં વખાણ કર્યાં.

બધા પાક પણ ઘણા સારા થયા છે એમ શ્રીહરિએ જમતા જમતા તે બધું પ્રમાણરૂપ કર્યું. ૨૫. ગોલોક અને અક્ષરધામમાં અપાર મુક્ત બાઈઓ છે. તે બધાને રાધા અને લક્ષ્મીજી અહીં સુંદર રસોઈ બનાવવા માટે લઈ આવે છે. ૨૬.

શ્રીહરિને સંતો ઉપર બહુ હેત હતું. તેવું હેત તો કોઈના ઉપર ન હતું. તેથી રાધા અને લક્ષ્મીજી સમયને જાણી લઈને રસોઈ કરવા આવી જતા. તેમને શ્રીહરિને રાજી કરવાનું જ એક તાન રહેતું. ૨૭. તેથી બધું જ ચાતુર્ય ભેળું કરીને તેઓ સંતોને માટે રસોઈ બનાવતા. બીજા કોઈને તેની ખબર પડતી નહિ. તેઓ દિવ્યભાવે રહેતા એટલે તેમને કોઈ દેખતા નહિ. ૨૮. જ્યારે રાધા અને લક્ષ્મીજી આવે ત્યારે બધી રસોઈનો તાલ બદલાઈ જતો. જમતાં જમતાં કોઈને તૃપ્તિ થાતી નહિ. તેઓ એવી રસોઈ બનાવતા હતા. ૨૯. જે હરિભક્ત બાઈઓને શ્રીહરિના ઉપર જ એક સ્નેહ રહેતો હતો તે ભક્ત બાઈઓના રૂપમાં રાધાજી અને લક્ષ્મીજી રહેતા હતા.

શ્રીહરિ જ્યારે ભોજન કરી રહ્યા, ત્યારે તેમણે તરત જ હાથ ધોયા. ૩૦. દેશદેશના જે હરિભક્તો આવ્યા હતા તે બધાએ થાળ જમવા બેઠેલા શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીજી મહારાજ પણ બધા હરિભક્તોને તેવાં દર્શન દેવા માટે જ તે રીતે થાળ જમવા બેસતા. ૩૧. ખાતાં, પીતાં, નહાતાં, જે જે પોતાની ક્રિયાઓ થતી હોય ત્યારે પણ હરિભક્તો બધા દર્શન કરે, શ્રીહરિને આ રીતે દર્શન દેવાનું તાન રહેતું હતું. ૩૨. **શ્રીહરિ, જીવને ભગવાન સિવાયના જેટલા સંકલ્પો ઊઠે છે તેટલું જીવમાં પાપ રહ્યું છે, એમ સમજતા.** તે બધાં પાપોનું નિવારણ થાય એટલા માટે શ્રીહરિ અતિશય પ્રેમ દેખાડતા હતા. ૩૩. જીવને જો ભગવાનનાં સ્વરૂપમાં તાન વધે તો તે બીજા પાપ કરવાનું ભાન ભૂલી જાય છે. એમ જાણી શ્રીહરિ જીવને પોતાનું તાન વધે એમ જ કરતા હતા. તે જીવા ખાચરના ભવનોની ઓસરી ઘણી લાંબી હતી. તેમાં સંતોને જમાડવા માટે પંગત કરાવી. ૩૪. ત્યારે સંતોને પીરસવાનું દિલમાં ધારીને પ્યારા શ્રીહરિવર પંગતમાં આવ્યા. મૂર્તિને ચરણ પર્યંત કેસરચંદન ચરચ્યું હતું. પ્રભુ અત્યંત પ્રસન્ન મુદ્રામાં હતા. ૩૫.

ગુલાબના હાર, બાજુબંધ, તોરા વગેરે ફૂલના શણગારોથી મૂર્તિ ઘણી જોરદાર રીતે શોભતી હતી. શ્રીહરિ જ્યારે હસતા હસતા પીરસવા લાગ્યા ત્યારે બધા

સંતો “સ્વામિનારાયણ ધૂન” કરવા લાગ્યા. ૩૬. સંતોએ કરેલી “સ્વામિનારાયણ ધૂન” પૂરા દરબારગઢમાં વ્યાપી ગઈ. સંતોને ચંદન ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. ૩૭. ઠેકઠેકાણે અગરબત્તીઓનો ધૂપ કર્યો. તેનો સુગંધ આકાશમાં ઊંચે ચઢ્યો. તેનાથી ખેંચાઈને બધા દેવતાઓ દોડી આવ્યા. ૩૮. ઈન્દ્ર આદિ બધા દેવોની સાથે બ્રહ્મા અને શંકર આવ્યા. તેઓ દિવ્ય વિમાનમાં બેઠા હતા. ત્યાંથી તેમણે ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરી. ૩૯. બધા દેવો વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગાડવા લાગ્યા. શ્રીહરિને અને સંતોને દેખીને તેમને અપાર આનંદ થયો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં ‘સંત ઈશ્વરના સમાન સમર્થ છે, આવો શ્રીહરિએ સત્સંગનો મહિમા કહ્યો’ એ નામે નવ્વાણુંમો તરંગ સમાપ્ત ॥૯૯॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૦૦

હોળીના દિવસે શ્રીહરિ ગંગાસ્નાન કરીને એભલખાચરના રાજદરબારમાં પધાર્યા

ધર્મકુમાર શ્રીહરિ જ્યારે સહુ સંતોને પીરસી રહ્યા ત્યારે વાસુદેવ હરે !!! એમ ઊંચેથી ઉચ્ચાર કર્યો. ૧. દરબારો અને પાર્ષદો, બધાને એક સાથે જમવા બેસાડ્યા હતા. તે સહુ જમવા લાગ્યા ત્યારે ભક્તોના નાથ શ્રીહરિ પીરસવા લાગ્યા. ૨. જમનારા બધા સંતો તૃપ્ત થયા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા રહ્યા. વારંવાર મનુવાર (તાણ) કરીને હેતથી પીરસતા હતા. ૩. સંતો જમી રહ્યા તોપણ શ્રીહરિ બે-ત્રણવાર પંગતમાં ફર્યા. દરબારો અને પાર્ષદોની પંગતમાં પણ તેવી રીતે પીરસવા ફરતા રહ્યા. ૪. શ્રીહરિ પંગતમાં ફરતા હતા છતાં જ્યારે કોઈએ કાંઈ લીધું નહિ ત્યારે તરત જ તે સમયે શ્રીહરિએ હાથ ધોયા. પછી ચરણ ધોઈને પલંગ ઉપર આવ્યા. બધી પંગત જમીને ઊઠી ગઈ. ૫.

ત્યાં દરબારગઢના ચોકમાં એક સુંદર મંડપ કરાવ્યો હતો. તેની વચ્ચે સોનેરી સ્તંભ ઊભા કર્યા હતા. તે બધા સ્તંભોને સુંદર રીતે સજાવ્યા હતા. ૬. સ્તંભને જોડી રાખનારી કમાનો દરેક સ્તંભમાં શોભતી હતી. તે મંડપમાં વિવિધ

પ્રકારના ચિત્રો કર્યાં હતાં અને આખી દેવસભા ચિત્રી હતી. ૭. મંડપ ઊંચે આકાશમાં આંબેલો જણાતો. ચારે દિશાઓમાં મોતીનાં તોરણ બાંધ્યા હતાં. પડખાના સ્તંભોનાં ઉપરાઉપર સુંદર સાત સાત સુવર્ણ કળશ મૂક્યા હતા. ૮. અને તેના ઉપર આકાશમાં પહોંચેલાં સોનેરી નિશાનો ફરકી રહ્યાં હતાં. સોનેરી ઉલેચો પણ સુંદર રીતે બાંધ્યા હતા. ૯. મંડપમાં બિલોરી કાચનાં ઝાડ લટકાવ્યાં હતાં. તેની શોભા સુંદર પ્રકારની બની હતી. મંડપની અંદરના ભાગમાં વિભિન્ન પ્રકારનાં ચિત્રો કર્યાં હતાં. બાગ, બગીચા, વન, પર્વત, સમુદ્ર, નદીઓ, પુરીઓ અને ધામ જેટલા કહેવાય છે તે બધા મંડપમાં ચીતર્યાં હતાં. ચોવીશ અવતારોની બધી લીલાઓ પણ જુદી જુદી ચીતરી હતી. ૧૦-૧૧.

જેટલાં ચિત્ર કર્યાં હતાં તે બધાં સજીવન લાગતાં હતાં. સુંદરજીભાઈ, હીરજીભાઈ, ભગવાનજીભાઈ, જીવરામભાઈ, કુશળ એવા દેવરામભાઈ, નારાયણજીભાઈ અને રાઘવજીભાઈ એ બધા ભુજનગરના વતની હતા. તેમણે સહુએ મળીને એ ચિત્રો ચીતર્યાં હતાં. ૧૨-૧૩. મંડપની અંદર ભૂગોળ અને ખગોળની રચના પણ કરી હતી. તેને જોઈને શ્રીહરિવર તેમનાં ઉપર ઘણું પ્રસન્ન થયા. ૧૪. તે ચિત્રો જ્યારે પૂરા થઈ રહ્યા ત્યારે બધા ચિત્રકારો આવીને શ્રીહરિને પગે લાગ્યા. શ્રીહરિએ તે પ્રત્યેકને એકેક ફૂલહાર પહેરાવ્યો. ૧૫. તે મંડપ બનાવતી વખતે જે મદદમાં સેવા કરનારા હરિભક્તો હતા તેમને શ્રીહરિ ઓળખતા હતા. તે બધાને પણ એક એક પ્રસાદીનો ફૂલહાર પહેરાવ્યો. ૧૬. શ્રીહરિની મરજી પ્રમાણે કેસરયુક્ત ચંદન ચરણોમાં ચરચ્યું. પછી સોળે ચિહ્નોએ યુક્ત ચરણોને સહુએ છાતીમાં અને શિર ઉપર લીધા. ૧૭. મંડપની રચના કરવામાં મુખ્ય કારીગર તો લાલજી સુતાર હતા. એટલે શ્રીહરિ તેમને ઘણા પ્રેમથી બાથમાં લઈને ભેટ્યા. તે રીતે જ બીજા બધાને પણ મળ્યા. ૧૮.

દરબાર જીવાખાચરનો ઘણો જ ભાવ દેખીને શ્રીહરિ ત્યાં આખો એક માસ રોકાયા. શ્રીહરિની જેવી મરજી હોય તે પ્રમાણે તે બંને ભાઈઓ સેવા કરતા હતા. ૧૯. તેમના પુત્રો અને બધો પરિવાર શ્રીહરિની મરજી પ્રમાણે વર્તતો હતો. દરબારના કામદાર જૈન વણિક હતા, તે દરબારની મરજી પ્રમાણે રહેતા હતા. ૨૦. કામદાર શ્રાવક (જૈન)ના બધા ધર્મ પાળતા. શ્રીહરિ અને

સંતોને તે કરતા અધિક નિહાળ્યા. જેમાં શીલવ્રત (બ્રહ્મચર્ય) દેખતા તેને તેઓ સિદ્ધ જાણીને વિશેષ માનતા. ૨૧. દૃઢ શીલવ્રતને દેખીને તે શ્રાવકોમાંથી પણ કેટલાક હરિભક્ત થયા હતા.

એક પહોર (૩-કલાક) દિવસ જ્યારે બાકી રહ્યો ત્યારે શ્રીહરિ ગઢપુર ગામથી બહાર આવ્યા. ૨૨. સંતોને અને હરિભક્તોને, બધાને સાથે લીધા. રંગભીના શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. ઉન્મત્તગંગા નદીમાં જ્યાં પાણીનો મોટો ધરો હતો ત્યાં આવીને નાહ્યા. ૨૩. બધા સંતો કેસરચંદનથી ભરેલા હતા. ત્યારે શ્રીહરિને પણ ચંદન ચરચીને ચંદનમય કરી દીધા. ચંદનમય શ્રીહરિ અને સંતો જળમાં નાહ્યા. એટલે બધું નદીનું નીર પણ કેસરી અને ચંદનમય થઈ ગયું. તે કેસરીચંદનવાળું જળ તે પછી નહાતા હરિભક્તોના શરીર ઉપર લાગ્યું. અને તે જળમાં રહેલા જળજંતુઓ, જળકુકડાં વગેરે પંખીઓ અને વિવિધ પ્રકારના કમળ વગેરેને લાગ્યું તેથી એ બધા કેસરી રંગે રંગાઈ ગયા. ૨૪-૨૫. ગઢપુરની જેટલી સ્ત્રીઓ ઉન્મત્તગંગા નદીમાં જળ ભરવા આવી. તે સહુએ સ્નાન કરીને જે જળ ભર્યું તેપણ કેસરી રંગનું થઈ ગયું હતું. ૨૬. હરિભક્તોએ તે પ્રસાદીનું જળ ગાળીને પોશ ભરી ભરીને પીધું. તે જળપાન કરનારા હરિભક્તોની ભીડ નદીના પ્રવાહમાં અરધા કોશ સુધી દેખાતી હતી. ૨૭.

સંતો અને હરિભક્તો બધા વસંત, હોરી અને ધુમાર રાગનાં પદ ગાવાં લાગ્યાં. તેની એવી અનંત શોભા થઈ કે માનો આ ભૂલોક ઉપર જ "અક્ષરધામ" બન્યું નહોય ! એમ લાગતું હતું. ૨૮. જ્યારે શ્રીહરિએ નાહી લીધું એટલે તરત જ જળમાંથી બહાર આવ્યા. શરીર લૂછીને તત્કાળ કેસરી રંગનો સૂરવાળ પહેરી લીધો. ૨૯. શિર ઉપર કેસરી રંગની પાઘ બાંધી, તેની ઉપર મુગટને અનુસારે છોગું ખોસ્યું હતું. અજબ મરોડદાર અંગ ઉપર શ્રીહરિએ કપૂરના હાર અને બાજુબંધ ધારણ કર્યાં હતા. ૩૦. બધા સોનેરી સાજથી શ્રીહરિના અશ્વને શણગાર્યો હતો. તેના ઉપર શ્રીહરિ બેઠા. તે અશ્વમાં હાથી અને ગરુડનાં જેવું રૂપ સહજ સ્વભાવે રહેતું હતું. ૩૧. વળી તે અશ્વ કોઈ કોઈને તો વિમાનના જેવો દેખાતો હતો. જોનારા બધા લોકોને તે અશ્વ એકસરખો દેખાતો નહિ. શ્રીહરિની મૂર્તિ પણ દર્શન

કરનારાને ભિન્નભિન્ન દેખાતી. કોઈને બાળકના જેવી તો કોઈને તેજસ્વી યુવાનના રૂપે દેખાતી હતી. ૩૨.

તેમજ તે મૂર્તિ ક્યારેક ગૌર (ઊજળી) દેખાતી, તો ક્યારેક શ્યામ દેખાતી હતી. એમ શ્રીહરિ સહુને બહુ દર્શન આપતા હતા. અને સહુને આવા દર્શન થતા હતા તેથી અતિ આનંદને પામતા હતા. ૩૩. શ્રીહરિની આગળ વાજિંત્રો વાગતાં હતાં. પછી શ્રીહરિ પુરમાં આવ્યા ત્યારે બધે આનંદ અને ઉત્સવ અત્યંત છવાઈ ગયો હતો. રાજમાર્ગો સુંદર રીતે શણગાર્યા હતા. ગામના બધા ભક્તો પૂજાનો સામાન લઈને ઊભા હતા. ૩૪. પુરુષો ભેળા પુરુષો અને સ્ત્રીઓના ભેળી સ્ત્રીઓ, જૂથના રૂપમાં પારાવાર લોકો ઊભા હતા. વાસંતી વસ્ત્ર અને આભૂષણ ધારી રહેલા શ્રીહરિને સહુ પ્યારથી પૂજતા હતા. ૩૫. શ્રીહરિ માણેકચોક થઈને એભલ ખાચરના દરબારગઢને દરવાજે આવ્યા. દરબાર એભલખાચરે શ્રીહરિને ઘણા પ્રેમથી દરબારગઢમાં પધરાવ્યા. ત્યાં ચોકમાં એક સારો અને નવો મંડપ કરાવ્યો હતો. ૩૬. મંડપના સ્તંભમાં માણેક જડાવ્યા હતા. ભૂમિ ઉપર એવો મંડપ કોઈએ ક્યારેય દેખ્યો નહિ હોય. તે મંડપમાં જે મુક્તોની સભા કહેવાય છે તે ચિતરાવી હતી. ૩૭.

વળી ભગવાનનાં જેટલાં ધામ, જેટલા ભગવાનના અવતારો અને રાધા તથા રમા આદિક બધી સખીઓ, તેમનાં અપાર ચિત્રો કર્યાં હતાં. ૩૮. સાત પ્રકારના મણિ જેમાં જડ્યા હોય એવા સરસ ઝાડ બનાવ્યાં હતાં. તેને તે મંડપમાં લટકાવ્યાં હતાં અને ચોકમાં પણ મણિઓ જડ્યા હતા. ૩૯. સોનાનો વિચિત્ર મણિઓથી જડેલો હિંડોળો તે મંડપમાં વચ્ચે લટકાવ્યો હતો. ભક્તોનાં ચિત્તને ખેંચનારા શ્રીહરિ આવ્યા અને તે હિંડોળામાં બેઠા. ૪૦. જે જે ધામથી આવ્યા હતા તે બધા સંતો આગળ બેઠા. પછી જે જે સ્થાનમાંથી આવ્યા હતા તે બધા દરબારો આવીને બેઠા. ૪૧. પછી ચારે વર્ણના જે બધા હરિભક્તો હતા તેઓ આવીને બેઠા. તે સમયે શોભા અદ્‌ભુત થઈ હતી. શ્રીહરિનાં સ્વરૂપ સિવાય બીજો કોઈને સંકલ્પ પણ થતો નહિ. ૪૨. જેટલા સંત હરિભક્તો આવીને તે મંડપમાં બેઠા હતા તે આ લોકનું ભાન ભૂલી ગયા. સહુનું ધ્યાન મૂર્તિમાં જ હતું. સહુને રાત અને દિવસ, એકસરખા થઈ ગયા હતા. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'હોળીના દિવસે શ્રીહરિ ગંગાસ્નાન કરીને એભલખાચરના રાજદરબારમાં પધાર્યા' એ નામે એકસોમો તરંગ સમાપ્ત ॥૧૦૦॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૦૧

શ્રીહરિ હોળીના દિવસે એભલખાચરના રાજદરબારમાં થાળ જમ્યા

દરબાર એભલ ખાચરને શ્રીહરિને થાળ જમાડવાનો અપાર ભાવ હતો. પોતાની બંને પુત્રીઓ પાસે સારા પાકો કરાવ્યા. ૧. બરફી, પેંડા, પતાસા, ટોપરાપાક, ગુલાબપાક એ બધા પકવાન સાકર વાપરીને બનાવ્યા. ૨. અમરબાઈ, ઝમકુબાઈ, ગંગાબાઈ તથા રેવાબાઈ વગેરે વિપ્ર બાઈઓ, અમૃતબાઈ, બંને રામબાઈ, ૩. એ બધાએ મળીને પ્રેમરસમાં તરબોળ હૃદયથી થાળ બનાવ્યાં. રાધાજી અને લક્ષ્મીજી પણ આવ્યા. તેઓ તો આ બધું દેખીને વિસ્મિત થઈ ગયા. ૪. સાવિત્રી અને સતી પણ આવ્યા હતા. તેઓ પણ તે બધા પાક જોઈને ગુલતાન થઈ ગયા અને કહેવા લાગ્યા, 'આવો થાળ કોઈને આવડે નહિ. આ થાળ બનાવનારી બધી ભક્ત સ્ત્રીઓ તો અનંત ધામની મુક્ત જ છે.' ૫.

દરબારનાં ભવન તો જે ઊંચી ઊભણીવાળા હતાં ત્યાં શ્રીહરિને બોલાવી લીધા. એક સોનાના બાજોઠ ઉપર બેસાડ્યા અને સોનાનાં થાળમાં પાક ભરી ભરીને લાવ્યા. ૬. જે જે ભોજન જેણે જેણે બનાવ્યા હતા. તે બધાંને બનાવનાર જ પોતાને હાથે લઈને આવ્યા. મોટીબા અને લાડુબા જે ભોજન લાવ્યા હતા તેને શ્રીહરિની આગળ ધરાવ્યાં. ૭. પાક બનાવીને તેનો ઘાટ ફળના જેવો કર્યો હતો. તે ફળ એટલાં બધાં ઝાઝાં હતાં કે તેનો ગણતાં પાર આવે તેમ ન હતું. જેટલાં રસાલ ફળઝાડ કહેવાય છે તે બધાનાં ફળનો ઘાટ પાકમાં કર્યો હતો. ૮. સાકરના મકાઈ ડોડા ચિત્રવિચિત્ર રીતે બનાવ્યા હતા. ત્રણ શિખરવાળાં અને પાંચ શિખર હોય, તેવાં મંદિર પણ સાકરનાં બનાવ્યા હતાં. ૯. વિવિધ પ્રકારના બંગલાઓ અને અનેક પ્રકારના મહેલોનો તો કોઈ

પાર જ ન હતો. તે બધી વસ્તુઓના થાળ અલગ અલગ ભર્યા હતા. તેને દેખીને ધર્મના લાલ શ્રીહરિ પ્રસન્ન થયા. ૧૦.

શ્રીહરિ પહેલા કોરા પાક જમ્યા. પછી સત્સંગી વિપ્ર જે બાઈઓ હતી તે ભોજનના થાળ ભરીને લાવી હતી. ૧૧. પ્યારા શ્રીહરિ પકવાન જમી રહ્યા. તે પછી ભોજન જમવા લાગ્યા. એક પણ ભોજન સુગંધ વિનાનું ન હતું. તે ભોજનોમાં અનેક પ્રકારનું ચાતુર્ય દેખાતું હતું. ૧૨. ભોજનો તો એવા બન્યાં હતાં કે તે જમતાં જમતાં જ બધુ પચી જાય અને જમ્યા પછી પણ દિન પ્રતિદિન અધિક અધિક રુચિ થાય એવા થયાં હતાં. ૧૩. ભક્તવત્સલ ઘનશ્યામ શ્રીહરિ પોતાની મૂર્તિને યાદ રખાવવા માટે "આ ભોજન કોણે બનાવ્યું છે ?" એમ કહીને બનાવનારનું નામ પૂછતા. ૧૪. ત્યાર પછી જમતા જમતા શ્રીહરિ તેમને ઉપદેશની વાતો કરવા લાગ્યા. આ જીવ અનેક યુગોથી માયાનાં બંધનથી બંધાયેલો છે. 'જીવનાં તે બંધનો તોડીને જીવને મુક્ત કરવા' એવું જ બધું ભગવાનને અને ભગવાનના ભક્તને તાન હોય છે. ૧૫.

सोरठा : संत कुं हे यह तान, माया के बंधन दुर करन;
वेद अरु स्मृति पुरान, सब को तान हे एक एहि...१६

સંતોને પણ એ જ તાન હોય છે અને વેદો, સ્મૃતિઓ અને પુરાણો એ બધાને પણ 'જીવને માયાથી થયેલાં બંધનોને દૂર કરવા' એવું જ એક તાન છે. ૧૬.

અત્યારે સ્થાવર જંગમ દેહરૂપે પરિણામ પામીને રહેલી માયા સૌને પ્રગટ દેખાય જ છે. તેમાં માયાથી ભિન્ન ચેતનરૂપ એક તત્ત્વ (પરમાત્મા) રહ્યું છે, જે અણુ અણુમાં પણ અનુપમ રીતે વ્યાપેલું જણાય છે. ૧૭. જ્ઞાનરૂપી ચક્ષુ વિના કોઈ કાળે તે અમાયિક ચેતન તત્ત્વ એવા પરમાત્મા તત્કાળ જાણ્યામાં આવતા નથી. જેમ શેરડીમાં ગુપ્ત રીતે ગોળ, સાકર અને ખાંડ જેવા મીઠા પદાર્થો રહ્યા છે. ૧૮. અને તેમાં અનેક પ્રકારના પકવાન પણ રહ્યા છે. તેમ પરમાત્માને વિશે આખું જગત રહ્યું છે. તેને કોઈ જાણકાર જ સમજી શકે છે. (આ જગતમાં વ્યાપેલા પરમાત્મા દ્વારા) જેને જેવી રુચિ હોય તેવું તે તેમાંથી ફળ પામે છે. ૧૯. તે ફળમાં જ બંધન અને મોક્ષરૂપ ગુણ રહ્યા છે. જેવા ફળને સેવે તેવો ગુણ

જીવમાં આવે છે. પરંતુ જ્ઞાની પુરુષ તે ફળને એકરૂપે (એકસરખા દેખાતા) હોવા છતાં અનેક રૂપમાં દેખે છે અને અજ્ઞાની એક રૂપમાં જ દેખે છે. ૨૦.

જ્ઞાની અને અજ્ઞાનીમાં જમીન અને આસમાન જેટલો તફાવત છે, એમ વેદાદિ શાસ્ત્ર કહે છે. અજ્ઞાની મનુષ્ય વગર સમજે કાંઈ ઓર જ ઠરાવ કરી બેસે છે. અને તેને લીધે તે અજ્ઞાની જીવો ભગવાન, સંતો અને વેદાદિ શાસ્ત્રોના ચોર બને છે. ૨૧. અને તે કારણથી જ જીવો પોતાના ગળામાં જન્મ, મરણ અને લખચોરાશી જેવી ફાંસી નાખે છે, છતાં જીવો તેને તપાસતા પણ નથી. જેને કારણે ઘોર દુઃખથી ભરેલા નરકકુંડની પ્રાપ્તિ કરવા માટે તે જીવોના મન તે પ્રકારે દોડ્યા કરે છે. ૨૨. અનંત શરીરોથી થયેલા અજ્ઞાનથી છૂટવા માટે ભગવાન જીવને મનુષ્યનું શરીર આપે છે. તે મનુષ્ય દેહ મળવા છતાં જે અજ્ઞાન રાખે છે તે જીવને પાપીઓમાં પણ અત્યંત પાપી સમજવો. ૨૩.

શ્રીહરિ પ્રેમથી ભોજન કરતા હતા ત્યારે આટલી વાત કહી. સાકરિયા ચણા અને સાકરિયા એલચી દાણા પણ જમ્યા. જમ્યા વિનાની એકપણ ચીજ બાકી ન રહી. ૨૪. ભક્તોના જેટલા મનોરથ હતા તે બધાને પૂરા કર્યા. કારણ કે ભક્તોના મનોરથોને પૂરા કરવા માટે તો શ્રીહરિએ અવતાર લીધો છે. ૨૫. શ્રીહરિએ ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની સેના તૈયાર કરી. તે આજ સુધી કોઈ દિવસ સાંભળ્યું ન હતું. ૨૬. જેવો પુરુષ હોય તેવા તે સાધન રાખે છે, અને સાધન તે પુરુષના કબજામાં હોય છે અને જેટલા સાધન રાખે તેટલો તેને યશ મળે છે. ૨૭. જે સાધન છે તે પુરુષના ઘરેણાં કહેવાય છે. તે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકારનાં હોય છે. જેટલાં અતિ પરમ અનુપમ સાધન રાખે તેટલો તેનો યશ થાય છે. ૨૮.

❋ સદ્‌ગુણોની મહત્તા અને આવશ્યકતા :

આ લોક અને પરલોકમાં જે કાંઈ ઉત્તમ આભૂષણો કહેવામાં આવે છે. તે બધામાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન એ બધા ઉત્તમ ઘરેણાં છે. ૨૯. ભગવાનનો ભક્ત તે ધર્મ, ભક્તિ આદિ સાધનોને અખંડ રાખે છે, ક્યારેય તેનો વિનાશ થવા દેતો નથી. માટે તે સાધનોને જતન કરીને સાચવવા.

કારણકે પ્રકટ થયેલા ભગવાનને પણ ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનનું રક્ષણ કરવાનું તાન રહે છે. ૩૦.

मोक्ष फल तामें रहे भरपूरा, ता विन फल सो रहत अधूरा;
हरि निश्चे रूप साधनके हे पाये, निश्चे बिन साधन नहीं ठेराये...३१

તે ધર્મ, ભક્તિ આદિ સાધનોમાં મોક્ષરૂપ ફળ ભરપૂર રહ્યું છે અને તે ધર્મ આદિના વિના તો મોક્ષરૂપી ફળ અધૂરું રહે છે. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન એ ચાર તો ભગવાનના નિશ્ચયરૂપ સાધનના ચાર પાયા છે પણ ભગવાનના નિશ્ચય વિના સાધન સ્થિર થતાં નથી. ૩૧.

શ્રીહરિએ આટલી બીજી વાત કહી. તે યાદ રાખવા મેં લખી લીધી હતી. જેને રુચિ હોય તે સાંભળો. જેને રુચિ ન હોય તે ન સાંભળતા. ૩૨. લખ્યા વિનાની એકપણ વાત ટકતી નથી. શ્રીહરિએ તો અનેક વાતો કહી હોય છે. ઘનશ્યામ શ્રીહરિએ કરેલી વાતોથી બ્રહ્મમહોલ અને ગઢપુરધામ ભરાઈ ગયા છે. અથવા બ્રહ્મમહોલથી લઈને ગઢપુરધામ સુધી વાતો કરીને બધુ ભરી દીધું છે એટલી વાતો કરી. ૩૩. શ્રીહરિ જે થાળ જમ્યા તે દરબાર એભલ ખાચરને આપ્યો. એક થાળ સત્સંગી બાઈઓની વચ્ચે આપ્યો. જેને જેટલો જોઈતો હતો તેટલો પ્રસાદ તેણે લીધો. ૩૪. બીજા બધા થાળ સંતોની વચ્ચે આપ્યા. તે તત્કાળ સંતો જમ્યા. શ્રીહરિએ હાથ અને મુખ ધોયા. પછી મુખવાસ લીધો. ૩૫. પછી મણિજડિત હિંડોળા ઉપર આવ્યા અને એભલખાચરે ફૂલનો હાર પહેરાવ્યો. કુંકુમનો ચાંદલો લલાટમાં કર્યો. તુરત કપૂરની આરતી ઉતારી. ૩૬.

દરબાર એભલખાચરે ગદ્ગદ કંઠથી શ્રીહરિની સ્તુતિ કરી, “હે પ્રભુ ! જે પ્રકારે અમારું હિત થાય તેમ અમને કહેજો. ૩૭. આપે ગર્ભવાસમાં અમારું રક્ષણ (જતન) કર્યું હતું તેવું જ અત્યારે પણ કરજો. અમે તો બાળક જેવા ગણાઈએ. એટલે અમને સાર અસારની કાંઈ ખબર નથી. અમે તો આપને જ બધું અર્પણ કરી દીધું છે. ૩૮. અમારા દરબારમાં આપને રહેવા માટેનું સ્થાન જેવી આપની રુચિ હોય તે પ્રમાણે બનાવડાવો અને ત્યાં ભાગવત આદિ અઢાર પુરાણોની કથા વંચાવો. ૩૯. અહીંયા જ રહીને સંતોના સમાજને સાથે લઈને આપ દેશદેશમાં જઈને હવે હરિભક્તોને માટે સમૈયા કરો.” ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિ હોળીના દિવસે એભલખાચરના રાજદરબારમાં થાળ જમ્યા' એ નામે એકસોને પહેલો તરંગ સમાપ્ત ॥૧૦૧॥



પૂર છઠ્ઠું : તરંગ - ૧૦૨

શ્રીહરિએ એભલ ખાચરને સંતોનો મહિમા અને સત્સંગની દૃઢતા કહી

શ્રીહરિ દરબાર એભલખાચરનો નિર્દોષ ભક્તિભાવ જોઈને અતિ રાજી થયા. પછી તેમની આગળ અમૃતના સમાન સરસ વચન કહ્યું. ૧. દરબાર ! તમારા ભાગ્યને ઘણા જ ધન્યવાદ છે અને તમારા પરિવારને પણ ઘણા ધન્યવાદ ઘટે છે. કારણ કે તમને ભગવાનમાં અને સંતોમાં પ્રેમ છે કે જે સારમાં સાર વસ્તુ છે. ૨.

सोरठा : साधन अनंत प्रकार, ताको तान हे यह सब;
संतसे करना प्यार, देह गेहसे अधिक कर...०३
संतसे होवत भाव, श्रीहरिसे पीछे होत तेहि;
भवजल तरन हे नाव, संतजन हे यह भोमि पर...०४

અનંત પ્રકારના સાધનો છે. તે બધા સાધનોનું આ જ તાન (પ્રયોજન) છે કે, સંતોમાં દેહ-ગેહાદિકથી પણ અધિક પ્રેમ રાખવો. અથવા કલ્યાણના સાધન અનંત પ્રકારનાં છે. તેમાં સહુને આદર રહે છે. પણ આ દેહ અને ઘર તેના કરતાં પણ સંતોના ઉપર પ્રેમ વધારે કરજો. ૩. પહેલાં સંતોના ઉપર પ્રેમભાવ થાય છે અને ભગવાનના ઉપર પ્રેમભાવ તો પછીથી થાય છે. આ ભૂમિ ઉપર સંતો છે તે સંસારરૂપી સાગર તરવા માટેનું વહાણ છે. ૪.

દૈત્યો, રાક્ષસો અને અનંત અધર્મીઓ પણ સંતોને નમતા રહે છે. ભવ, બ્રહ્મા, દેવરાજ ઇન્દ્ર અને સમગ્ર દેવો પણ સંતોને નમસ્કાર કરે છે. ૫. જગતમાં જે જે રાજાઓ અને ધનાઢ્ય લોકો છે તેપણ સંતોને દેખે છે ત્યારે મનમાં ઘણો જ પ્રેમ રાખીને વારંવાર તેમને મસ્તક નમાવે છે. ૬.

ચોપાઈ :

संतको मुख्य हे सरल स्वभावा, नेन वचनमें अमृत रखे भावा;
कुटिल वचन उचरे नहिं कबहु, आपको कोउ द्रोह करे जबहु...०७
तोहुं ताको न द्रोह दिल धारे, बालबुद्धि कर ताकुं विचारे;
हरिमें देखे सुख हि एका, मूर्ति विन देखे दुःख अनेका...०८

સંતો તો મુખ્યરૂપમાં સરલ સ્વભાવના જ હોય છે. આંખોમાં અને વાણીમાં અમૃત જેવો ભાવ રાખે છે. કદાચ કોઈ પોતાનો દ્રોહ કરે તોપણ તેઓ ક્યારેય ખરાબ-કડવું વેણ ઉચ્ચારે નહિ. ૭ અને પોતાનાં દિલમાં તેનું અહિત ન વિચારે, તેને બાળબુદ્ધિ સમજીને ભૂલી જાય. સંતો એક ભગવાનમાં જ સુખને જુએ છે અને મૂર્તિના વિના બીજે તો અનેક દુઃખોને દેખે છે. ૮.

तोहुं जनके मोक्षहि हिता, ईतनी जन संग रखे प्रीता;
सो संत पर भये तव प्रीति, त्रिलोक गये तुम हि जीती...०९
जो करनो मुख्य साधन जेही, तुमकुं प्राप्त भये अब तेही;
यामें साधन आये सबही, पीछे कोउ न रहे अबही...१०

તોપણ તે સંતો જીવોનો મોક્ષ કરવા માટે લોકોની સાથે એટલો જરૂર પૂરતો પ્રેમભાવ રાખે છે. તે સંતોના ઉપર તમને પ્રેમ થયો છે માટે તમે તો આખી ત્રિલોકીને જીતી ગયા છો. ૯. પોતાના મોક્ષ માટે જે મુખ્ય સાધન કરવાનું છે તે તો તમને અત્યારે પ્રાપ્ત થઈ ચૂક્યું જ છે. તેમાં બધાં જ સાધન આવી ગયા છે હવે કાંઈ કરવાનું બાકી રહ્યું નથી. ૧૦.

हरि संतको आयो विश्वासा, दुःख मात्र सब भये नाशा;
हरि संत विन मानत जो सुखा, दिन दिन ताकुं होत अति दुःखा...११
मोह करी दुःख सुख करी जाने, सो कबहु संत कुं नहीं माने;
ताको कबहु न होत कल्याना, चोरासी भ्रमत होत हेराना...१२

તમને ભગવાનમાં અને સંતોમાં વિશ્વાસ આવ્યો છે. એટલે તમારાં બધા દુઃખમાત્રનો નાશ થઈ ગયો છે, એમ માનવું. ભગવાન અને સંતોના સિવાય જે સુખ માને છે તેને દિનપ્રતિદિન અત્યંત દુઃખ થાય છે. ૧૧. મોહથી દુઃખમાં

પણ જે સુખ માને છે તે ક્યારેય સંતોને માને નહિ અને તેનું ક્યારેય કલ્યાણ થાય નહિ. તે તો લખચોરાશીમાં ભટકીને હેરાન થાય છે. ૧૨.

તમે તો ઘણા ધન્ય ભાગ્યવાળા છો. તમારા જેવો ભાગ્યશાળી બીજો કોઈ નથી. કારણ કે તમે ભગવાનમાં જ સુખ માનો છો અને દુઃખમાત્રને તરી ગયા છો.૧૩. જગતને અતિ દુઃખરૂપ જાણીને તમે જગતમાં હેત કરતા નથી. તમારા સિવાયના બીજાએ તેમ કરવું અતિશય કઠણ છે. તમે અનુપમ ભક્તજન છો. ૧૪. એવા ભક્તને દેખીને ભગવાન તેને વશ થઈ જાય છે. ભગવાને બલિરાજાનું રાજ્ય તો છળથી લઈ લીધું, પરંતુ પછીથી તેમને આધીન થઈ ગયા. ૧૫.

જેમ સામાન્ય સોનાનું જો કુંદન કરવું હોય તો તેમાં રહેલો ભેળ-વિકાર બાળીને કાઢવો પડે. અને તો જ તેનું અતિ મૂલ્ય થાય છે. અને તેમ ન કરવામાં આવે તો તેમાં વિકાર રહી જાય છે. તેમ જ ભગવાન ભક્તને તાવી જુએ છે. તેને દુઃખ આપીને તેની પરીક્ષા કરે છે. ૧૬. સુવર્ણને થોડુંએ શોધ્યા વિના કુંદન નામ પડે જ કેમ ? સુવર્ણને શોધ્યા વિના તો તેનો ભાવ આવે જ નહિ, વગર શોધેલું સોનું તો બગાડના મૂલ્યમાં ખપે છે. ૧૭. **જગતનાં સુખનો અભિમાની જીવ ભગવાનની તાપણીને સહન કરી શકતો નથી, તેથી તેનાં આંતરિક ત્રિવિધ તાપ શાંત થતા નથી. અને તાપ શમ્યા સિવાય શાંતિ થાય નહિ. એટલા માટે મુમુક્ષુએ ભગવાન અને સંતની સેવામાં રહેવું જોઈએ ૧૮.**

सेवा करे भाग्य तितनो तेहा, तितनो फल सो पाव हि एहा;
समझ विन तितनो दुःख रहाई, प्रसिद्ध देखे में आवत ताई...१९
संसार में दुःख आवे सबही, हरिजन दुःख न मानत कबही;
संत संग न होवे जितनो, हरिजन दुःख मानत तितनो...२०

અને જે સેવા કરે છે તે તેનું તેટલું સદ્‌ભાગ્ય સમજવું. અને તેનું તેટલું ફળ તેને મળશે. સમજણ વિના તો તેને તેટલું દુઃખ રહે છે, તે પ્રસિદ્ધ રીતે દેખાય છે. ૧૯. સંસારમાં દુઃખ તો બધાને આવે જ છે પણ ભગવાનનો ભક્ત તેને ક્યારેય દુઃખ માનતો નથી. જેટલો સંતોનો સંગ ન થાય તેને ભગવાનનો ભક્ત એટલું દુઃખ માને છે. ૨૦.

✵ સત્સંગની નિંદા કરવાવાળાનો ત્યાગ :

हरि संत में रखे दृढ प्रीता, लोक में रखे लोककी रीता;
सत्संग को नियम होय जितना, मुख्य करी दृढ रखे तितना...२१

सत्संग रखि करे व्यवहारा, हरिजन को मुख्य एहि उपचारा;
सत्संग को कोउ बोले घसाता, ताके मुखकी न गमे बाता...२२

ભગવાનનો ભક્ત તો ભગવાન અને સંતોમાં દૃઢ પ્રેમ રાખે છે. લોક વ્યવહારમાં તો લોકની રીતે રહે છે. સત્સંગના જેટલા નિયમ હોય તેને મુખ્ય અને દૃઢ કરીને રાખે છે. ૨૧. સત્સંગ રાખીને જ વ્યવહાર કરે. હરિભક્તને માટે તો તે જ મુખ્ય સાધન (ઉપચાર) છે. જો કોઈ સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તેનાં મુખની વાત પણ સાંભળવી ગમે નહિ. ૨૨.

बुद्धिमान होय विधि समाना, ताको न कबु करे सनमाना;
मुख्य सत्संगकी पक्ष हि जेहु, शिरसाटे ताकुं जेहि रखे तेहु...२३

सत्संगी तुल्य होय तेहि कल्याना, अंतर में सत्संग जानना छाना;
सत्संगी होय सत्संग केरा, पक्ष कुं रखे अतिशय घनेरा...२४

કદાચ કોઈ બ્રહ્માના જેવો બુદ્ધિમાન હોય અને તેપણ જો સત્સંગનું ઘસાતું બોલે તો તેનું ક્યારેય સન્માન કરે નહીં. જેને સત્સંગનો પક્ષ મુખ્ય હોય તેનો શિર સાટે પક્ષ રાખે, તે સત્સંગી નહિ હોવા છતાં તે સત્સંગનો પક્ષ રાખનારનું કલ્યાણ સત્સંગીનાં જેવું થાય છે. અને તેનાં હૃદયમાં છાનો (ગુપ્ત) સત્સંગ રહ્યો છે એમ જાણવું. જે સત્સંગી હોય તે તો સત્સંગનો પક્ષ અતિ ઘણો રાખે. ૨૩-૨૪.

दोहा : नियम न रखे सत्संग के, चेले सत्संगी होई;
पक्ष न रखे सत्संगको, कुसंगी समझना सोई...२५

हरिजन हरिजन संगही, वैर करे लोभ हित;
असुर प्रवेश तेहि जानना, हरिजनकी नहिं रीत...२६

સત્સંગના શિષ્ય સત્સંગી થઈને પણ જે નિયમોને ન પાળે અને સત્સંગનો પક્ષ ન રાખે તો તેને કુસંગી જાણવો. ૨૫. સ્વયં હરિભક્ત થઈને બીજા હરિભક્તની સાથે લોભને લીધે વેર બાંધે તો તેમાં અસુરનો પ્રવેશ થયો

છે એમ જાણવું. હરિભક્ત સાથે વેર બાંધવું તે હરિભક્તની રીત નથી. ૨૬. જે લોભરૂપી અસુર છે તે ન્યાયનું રૂપ લઈ લે છે. તે હરિભક્તનાં હૃદયમાં ઊતરીને પરસ્પર વૈર કરાવી દે છે. ૨૭. જ્યારે હરિભક્તનાં હૃદયમાં અસુર પ્રવેશ કરે ત્યારે જો સંત તેને હેતથી સમજાવવા જાય તો તે સંતનો પણ દોષ-અવગુણ લે છે. ૨૮. જ્યારે હરિભક્તનાં હૃદયમાં અસુર આવીને પેસે છે ત્યારે તે ન્યાય લાવીને પેસે છે અને તેને લીધે પોતપોતાના દોષ દેખાતા નથી. તેથી સ્નેહરૂપી શુદ્ધ સત્સંગનો નાશ થઈ જાય છે. ૨૯.આવે સમયે તેનો સત્સંગ તો પાંદડા વિનાના વૃક્ષ જેવો સોહામણો લાગે. દુષ્ટ દ્રોહરૂપી ઊધઈ જો સત્સંગના મૂળમાં ન લાગી હોય અને સંતનાં વચનરૂપી જળનું સેવન કરે તો સંતરૂપી માળી તે સત્સંગરૂપ વૃક્ષને હર્યોભર્યો કરી દે. પણ જેના સત્સંગરૂપ વૃક્ષના મૂળમાં અવગુણ-અભાવરૂપ ઊધઈ લાગી હોય તે હરિભક્તનો સત્સંગરૂપ વૃક્ષ સમૂળગો સૂકાઈ જાય છે. ૩૦-૩૧.

चोपाई :

बिते रहे हरिजनसे जेही, आपसे अधिक जाने तेही;
एक एकको माहात्म जाने, घसातो वचन मुख नहिं आने...३२

જે હરિભક્તના અપરાધથી ડરતો રહેતો હોય, તે બીજા હરિભક્તને પોતા કરતા શ્રેષ્ઠ જાણે છે. હરિભક્તો તો પરસ્પર મહિમા સમજે અને એકબીજાનું ઘસાતું વેણ મુખથી ક્યારેય બોલે નહિ. ૩૨.

આવું જ્યારે થાય ત્યારે ત્યાં કોઈ અસુરનું કાંઈ ચાલે નહિ, અને કોઈ હરિભક્તમાં તે અસુર પ્રવેશ કરે જ નહિ. જો અભાવ લેવામાં આવે અને કઠોર વચન બોલવામાં આવે તો ત્યાં અસુરનું બળ વધે છે. પછી કોઈ વાતનું કાંઈ ઠેકાણું રહે નહિ. ૩૩. જેને મરણ પર્યંત-આખી જિંદગી સત્સંગ રાખવો હોય એવા બુદ્ધિશાળીએ તો મોટા મોટા જે હરિભક્ત થયા હોય તેની રીત શીખવી જોઈએ. ૩૪ કદાચ કરોડ વરસ સુધી સત્સંગ કરે, પણ જો સત્સંગની રીત શીખવામાં ન આવે તો મોટાઈ આવે નહિ. સત્સંગ કેમ કરવો ? એમ જો પૂછતા હોવ તો હું સત્સંગ કરવાની વાત તમને કહી સંભળાવું છું. ૩૫.


હું જે સત્સંગ શીખવાની વાત કહું છું. તે ત્યાગી અને ગૃહસ્થ સહુને માટેની કહું છું. વગર સમજે ક્યારેય પાર પડાતું નથી. સત્સંગ તો જે સમજે તેનો છે. અને જે સત્સંગને સમજે છે તેનું અંગ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતું જાય છે. ૩૬. આ સત્સંગ કરવો તે વાત તો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. જેણે સત્સંગ કર્યો, તેણે બધું કર્યું, તેને પછી કરવાનું કાંઈ બાકી રહેતું નથી. ૩૭. ખરેખર પરમચિંતામણિ તો સત્સંગ છે. તેના વિના બીજો ચિંતામણિ કોને ગણવો ? જે સદ્‌બુદ્ધિવાળો હોય તેને તેની ખબર પડે છે. બીજાને તો કાંઈ દેખાતું નથી. ૩૮.

પ્રહ્લાદજી અને બલિરાજાના જેવો બીજો કોઈ રાજા કહેવાય નહિ. છતાં તે ત્રિલોકીના રાજાઓ પ્રિયવ્રત જેવા રાજાની આગળ તો કાંઈ લેખામાં નહિ .૩૯. શંકર અને બ્રહ્મા તો પ્રિયવ્રતથી પણ મહાન કહેવાય. પણ શેષજી તો તેમના કરતા પણ અધિક છે. એટલે તેઓ સત્સંગને સહુથી અધિક માનીને સત્સંગ પરાયણ રહે છે. ૪૦. સત્સંગ તો આવો મહાન છે, જે અત્યારે તમને મળી ગયો છે એટલે તમારું ભાગ્ય આથી અધિક શું કહેવું ? પણ આ સત્સંગનો રંગ કાયમ જાળવી રાખવો. અને ક્યારેય સત્સંગ સાથે વેર થાવા દેવું નહીં. ૪૧. જે જીવ મોક્ષભાગી છે, મુમુક્ષુ છે તેને માટે તો આ કથા અમૃત જ છે. દિન પ્રતિદિન જે ચાહીને શ્રદ્ધાથી સાંભળે છે તે મનમાં ખૂબ જ પ્રસન્ન રહે છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષષ્ઠ પૂરમાં 'શ્રીહરિએ એભલ ખાચરને સંતોનો મહિમા અને સત્સંગની દૃઢતા કહી' એ નામે એકસોને બીજો તરંગ સમાપ્ત ॥૧૦૨॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે ષષ્ઠ પૂર સંપૂર્ણ ॥૬॥



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૭

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર સાતમું : તરંગ - ૧

શ્રીહરિ એભલ ખાચરના રાજદરબારમાંથી નીકળ્યા અને અશ્વ ઉપર સવાર થયા

दोहा : श्रीसहजानंदस्वामी के, महिमा को नहि पार;
जिमि चरित्र यह लिखत हे, तीमी रहत अपार...०१
चरित्र लिखत हे एक ही, रहत वार न पार;
अपार के पार न पाव हि, शेष सरिखे हजार...०२

શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિના મહિમાનો કોઈ પાર નથી. હું તેમના ચરિત્રોને જેમ જેમ લખું છું તેમ તેમ તે અપારના અપાર રહે છે. ૧. હું શ્રીહરિનું એક જ ચરિત્ર લખું છું છતાં તે ચરિત્રનો પાર પમાતો નથી. જે અપાર હોય તેનો કોઈ પાર પામી શકે નહીં. ભલેને તે શેષજી જેવા હજારો હોય ! ૨. શ્રીહરિની મૂર્તિ અને તેમના ચરિત્રોને હું જ્યારે કહેવા લાગું છું ત્યારે શ્રીહરિ આ વખતે જ્યાં જ્યાં વિચર્યા છે તે બધા જ ચરિત્રો મને દૃષ્ટિ આગળ દેખાવા લાગે છે. ૩. શ્રીહરિ હિમાલયથી લઈને પૂર્વદેશ અને દક્ષિણ

દેશમાં વિચર્યા. પૂર્વદેશમાં મુમુક્ષુ પુણ્યાત્માઓની સંભાળ લેવા જે વિચર્યા, તે બધાં જ ચરિત્રોની મને સ્ફુરણા થાય છે. ૪.

શ્રીહરિ જગન્નાથપુરીથી લઈને દ્વારકા સુધી વિચરણ કરતા રહ્યા. આમ શ્રીહરિ અસીમ કૃપા કરીને બધા જ મુમુક્ષુ જીવોને દર્શન આપવા વિચર્યા. ૫. શ્રીહરિએ વિચરણ કરતી વેળાએ જેનું અન્ન અને જળ ખાધું-પીધું, જેમની સામે કૃપાદષ્ટિથી જોયું, તે બધા જ પવિત્ર મુમુક્ષુઓ સત્સંગમાં આવવા લાગ્યા. ૬. શ્રીહરિ જે વૃક્ષની છાયામાં બેઠા, જે વૃક્ષનાં ફળફૂલ ગ્રહણ કર્યા, તે બધા વૃક્ષોને પણ સત્સંગનો જોગ થયો. ૭. શ્રીહરિચરિત્રામૃતસાગરનું આ સાતમું પૂર (પ્રકરણ) લખી રહ્યો છું. તેમાં શ્રીહરિ જે સિદ્ધપુર પધાર્યા તે ચરિત્રને મુખ્યપણે લખું છું. ૮.

દરબાર એભલ ખાચરના રાજદરબારમાં શ્રીહરિ સ્થાયી નિવાસ કરીને રહ્યા. તેમના ઘરબારને પોતાના માન્યા અને વિશેષરૂપમાં તેનું જ મમત્વ રાખવા લાગ્યા. ૯. પૂર્વ અને દક્ષિણ ભારતમાં ચોતરફ જે મોટા મોટા રાજાઓ હતા. જેઓ સૂર્યવંશી અને ચંદ્રવંશી કહેવાતા હતા. તેમની ધર્મ પાળવામાં રુચિ પણ ઘણી હતી. ૧૦. તે રાજાઓ જ્યારે પોતાનું રાજ્ય શ્રીહરિને આપવા લાગ્યા ત્યારે તે વાત સાંભળીને જ શ્રીહરિ ત્યાંથી ભાગ્યા. જેના એક રોમકૂપમાં અનંત અક્ષરો અને અનંત બ્રહ્માંડો સમાય જતા હોય છે તે શ્રીહરિ ક્યાંય ન રોકાયા. ૧૧. વ્યાસના જેવા મુનિઓ પણ કહે છે કે, પુરુષોત્તમની આગળ બ્રહ્માંડોનું રાજ્ય પણ લેશમાત્ર છે. તેથી તેમને પૃથ્વીનું ચક્રવર્તીરાજ્ય જે અત્યંત તુચ્છ ગણાતું હોય, તે શી ગણતરીમાં આવે ? ૧૨.

એ પરમેશ્વર જ્યારે મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા હોય છે ત્યારે તેમને કોઈ ઓળખી શકતું નથી. તે રીતે જ તે પરમાત્માનાં આ ચરિત્રોને પણ કોઈ સમજી કે ઓળખી શકતા નથી તે પણ એક અદ્‌ભુત બાબત સમજવી. ૧૩. મનુષ્યાકૃતિ ધરી રહેલા પરમેશ્વરને વાસ્તવમાં ઓળખવા, તે અનંત આશ્ચર્યોમાં એક અત્યંત આશ્ચર્ય છે.

જે સ્વયં મનુષ્ય થઈને પણ પરમાત્માની દેશી કાઢે છે - સ્વયં પોતાને પરમાત્મા કહેવડાવે છે. તે સહુથી અધિક પાપી છે, એમ જાણવું. ૧૪.

તેવા બનાવટી પરમાત્માના જે શિષ્ય થાય છે તે મરીને જમપુરીમાં જાય છે. ધર્મરાજા તો તેવા પાપીનું મોઢુંએ જોવા ચાહતા નથી. તેવાને તો કૃતઘ્નીપણારૂપ પાપ કરનારાને જે નરકકુંડમાં નાખે છે તે જ નરકકુંડમાં નાખે છે. ૧૫. પહેલેથી તે નરકકુંડમાં રહેલા કૃતઘ્નીઓ આવા મિથ્યા ભગવાન અને તેના શિષ્યોને જોઈને કંપી ઊઠે છે. અને તેને પોતાના કરતા પણ વધારે પાપી જાણે છે. કેમજે તેઓ કષ્ટમાં પણ કોટિગણુ અધિક કષ્ટ પામે છે. અને 'ત્રાહી ત્રાહી' પોકારે છે. ૧૬. જે લોકો મનુષ્યને ભગવાન કરી દઈને તેને માને છે, પૂજે છે - તે તો લોઢાના પર્વત થાય છે. તે પર્વતમાં જેટલો લોઢાનો ભાગ છે તે મિથ્યા ભગવાન થયા તેઓનો છે અને જેટલો પાષાણનો ભાગ છે તે તેના શિષ્યો થયા તેઓનો છે. ૧૭.

❋ પ્રગટ શ્રીહરિ તથા સંતોની મહત્તા :

તે નકલી ભગવાન કહેવાતો મનુષ્ય શસ્ત્ર બનીને શિષ્યના પ્રાણોનું હરણ કરે છે. તે આ બાબતને ભગવાનના જે સાચા સંતો હોય છે તે પ્રત્યક્ષરૂપમાં દેખે છે. ૧૮. અને જે પુરુષોત્તમ શ્રીહરિ અક્ષરધામથી સાક્ષાત પધારે છે, તેમની રીત તો કાંઈ જુદી જ છે; જેને બધા વેદો અને પુરાણો ગૌરવથી ગાય છે. ૧૯.

सोरठा : भव ब्रह्मादिक देव, स्तवन करे सो वेर वेर;
करत चरन तेहि सेव, निज के कारन जानीकर...२०
सहस्र वर्ष पर्यंत, हरि प्रसन्न हित तप करत;
तब हरि देह धरंत, मनुष्य में दिव्य होई दरश देत...२१

ભવ અને બ્રહ્મા આદિક દેવો અક્ષરાધિપતિ શ્રીહરિને પોતાનું કારણ સમજીને વારંવાર સ્તુતિ કરે છે અને તેમના ચરણોની સેવા કરે છે. ૨૦. ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા માટે બ્રહ્માદિક દેવો એક હજાર વરસ સુધી તપ કરે છે, ત્યારે તે પ્રભુ ભૂલોકમાં દેહ ધારે છે અને મનુષ્યમાં દિવ્યરૂપ થઈને દર્શન આપે છે. ૨૧.

જે અક્ષરાધિપતિ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે તેમનામાં જ અનંત આકૃતિઓ રહી છે. જ્યાં જેવું કાર્ય કરવું હોય ત્યાં દિવ્યરૂપે રહ્યા થકા જ શરીર ધારણ કરે છે. ૨૨. તે મહાપ્રભુ ધામના મુક્તોને સાથે લાવે છે અને તે મુક્તોને

અન્ય મનુષ્યોનો પ્રસંગ થાય છે ત્યારે તે મહામુક્તોના પ્રસંગ-સત્સંગથી અન્ય મનુષ્યોને અક્ષરાધિપતિનો નિશ્ચય થાય છે. તેમનું સ્વરૂપ ઓળખાય છે. કારણ કે પ્રસંગ-સત્સંગના સિવાય કોઈને તે બાબતની કાંઈ ખબર પડતી નથી. ૨૩. ભગવાન પુરુષોત્તમ શ્રીહરિ પોતે પોતાના મુખથી એમ નથી કહેતા કે, "હું ભગવાન છું તમે બધા મને માનો." કોઈ ભગવાનને ભગવાન જાણીને 'આ ભગવાન છે.' એમ કહે તો વારેવારે બધા લોકો તેમની સાથે લડે છે. ૨૪. જે સ્વયં ભગવાન ન હોય અને તેને કોઈ ભગવાન (હરિ) કહે તો આખા બ્રહ્માંડનું જે પાપ હોય છે તે બધું તેના (કહેનારાના) માથે આવે છે. જે ભગવાનના ભક્ત અથવા દાસ કહેવાય છે તે તો ભગવાનની જ ઉપાસના રાખે છે. ૨૫. આવા જે ભગવાનની ઉપાસનાવાળા ભક્ત છે તેને પાપ લાગતું નથી. તેના તો પાપમાત્ર નષ્ટ થઈ જાય છે. તે તો ભગવાનના નિયમોમાં વર્તે છે અને કપટ છોડીને ભક્તિ કરે છે. ૨૬. ભગવાન તો તલ તલ જેટલીયે ઝીણી બાબતને જાણતા હોય છે. કોઈ કપટ તેમનાથી અછતું રહેતું નથી. તે ભક્ત તો ભગવાનનું ભજન કરે અને ભગવાનના ભક્તને પણ ભગવાનના જેટલી જ પૂજ્યબુદ્ધિથી માને. ૨૭.

सोरठा : हरि जाने में आय, अनंत ऐश्वर्य जुक्त जबे;
जन कु देना बताय, बात सो करना मनाय जिमि...२८
हरि जाने साक्षात, ताकी वात जो करत नहि;
ब्रह्मांड में जितनो कहात, पाप लगत सो शिर तेहु...२९

"ભગવાન અનંત ઐશ્વર્યથી યુક્ત છે." આવું જ્યારે જ્ઞાન થાય ત્યારે તે વાત બીજા લોકો સમજી શકે, તે રીતે જણાવવી જોઈએ. ૨૮. ભગવાનનાં સ્વરૂપનું સાક્ષાત્ જ્ઞાન થયું હોય, તે જો બીજાને ન કહેવા-બતાવવામાં આવે તો બ્રહ્માંડમાં જેટલું પાપ કહેવાય છે તે બધું તે નહિ કહેનારાને શીરે લાગે છે. ૨૯.

ભગવાને કહેલી સત્ય વાતને જે ન માને, અને ઉલ્ટાનું તે સત્ય વાતમાં દોષ કલ્પે. તથા તે સત્યને દોષ યુક્ત કહીને જે બીજાને બતાવે તેને અંતકાળે જમદૂત લેવા માટે આવે છે. ૩૦. અને તેને બમણું દુઃખ દઈને મારતા મારતા જમપુરીમાં પહોંચાડે છે. "હું ભૂલ્યો..! હું ભૂલ્યો..! મેં ભૂલ કરી છે..!"

એમ કરોડોવાર બોલીને માફી માગે છે, ત્યારે તેને નરકના કુંડથી બહાર કાઢે છે. ૩૧. જે જીવ સત્ય વાતને માનતો નથી, તેને કૂતરાં, ગધેડાં અને ભૂંડનો જન્મ લેવો પડે છે અને મિથ્યા બાબતમાં જે સત્યતાનો વિશ્વાસ લાવે છે, તેને ગધેડાની અને ભૂંડની ગતિ પ્રાપ્ત થાય છે. ૩૨.

❋ જે કરે સત્સંગ, તેનું થાય દુઃખ ભંગ :

જે જીવ સત્યને માને નહીં અને અસત્યને સત્ય માને તેને તે બંને વાતે દુઃખ રહે છે. જ્યાં સુધી જીવ ભગવાનથી વિમુખ રહે છે ત્યાં સુધી તેવા વિમુખની કોઈ સહાય કરતા નથી. ભલેને તે આલોકમાં મનમાને તેમ ચાલતો હોય. ૩૩. અને જે આ દુનિયાની રીતને છોડીને વર્તે છે તેને પણ પોતાની નાતી, પરનાતી કે રાજા હોય તે બધા જ દુઃખ દે છે. ૩૪.

चोपाई :

जेसो दोष तेसो दुःख आवे, पापी पल में सो भुली जावे;
सत्संग वीन दुःख को नहीं पारा, महा मुनि तेही कीन निरधारा...३५
महा मुनि सम बुद्धि नहीं ओरा, संसारी जनकु चलना तेही नोरा;
महा मुनि दुःख करे सब हानी, एही बात नहि हे छानी...३६

જેનામાં જેટલો દોષ હોય તેને તેટલું દુઃખ આવે છે, પણ જે પાપી જીવ હોય છે તે પળવારમાં જ તેને ભૂલી જાય છે. એટલા માટે મોટા સત્પુરુષોએ નિર્ધાર કર્યો છે કે ‘‘સત્સંગના વિના દુઃખનો કોઈ પાર નથી.’’ ૩૫. તે મોટા સત્પુરુષોના જેવી બીજા કોઈને બુદ્ધિ હોતી નથી. એટલા માટે સામાન્ય સંસારી જીવે તો તે મહામુનિઓ કહે તેમાં વિશ્વાસ રાખીને તે પ્રમાણે ચાલવું જોઈએ. તે મહામુનિઓ બધા જ દુઃખોનો નાશ કરી નાખે છે. આ વાત કાંઈ છાની નથી. ૩૬.

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ દરબાર દાદાખાચરના ચિત્તમાં આ વાત સમજાય અને સ્થિર થાય એટલા માટે પ્રેમથી વાત કહી. આવી વાતથી અપાર જ્ઞાન મળે છે અને જ્ઞાન વિના કોઈને શાંતિ મળતી નથી. ૩૭.

दोहा : शांति को मूल हि ज्ञान हे, संत मुख पावे जोउ;
असंत अशांति मूल हे, अज्ञान दुःख हि सोउ...३८

સંતોના મુખથી જે મળે છે તે જ્ઞાન શાંતિનું મૂળ છે અને જે અસંત-દુર્જન છે, તે અશાંતિનું મૂળ છે. તેમજ જે અજ્ઞાન છે તે જ દુઃખ છે.' ૩૮. આટલી વાત કરીને પ્રવીણ શ્રીહરિએ ત્યાં દરબાર એભલ ખાચરના રાજદરબારમાં સંધ્યા આરતી કરી. પછી "સ્વામિનારાયણ ધૂન" કરીને ત્યાંથી ઊઠ્યા. ૩૯. શ્રીહરિ આવીને અશ્વ ઉપર બેઠા. તે સમયે અનંત મશાલો કરી અને ભેરી, તુરાઈ તથા રણશિંગું ઈત્યાદિ વાજિંત્રો વાગવાં લાગ્યાં. ૪૦. જેટલી દુકાનોના દ્વાર હતા તે બધાને વિવિધ રીતે શોભાડ્યાં હતાં. એક સરખી પંક્તિમાં દીવાઓ કર્યા હતા અને તેની વચ્ચે વચ્ચે બિલોરી કાચના ઝાડ પણ લટકાવી દીધાં હતાં. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ એભલ ખાચરના રાજદરબારમાંથી નીકળ્યા અને અશ્વ ઉપર સવાર થયા' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર સાતમું : તરંગ - ૨

અન્ય સાધન તથા કર્મની અપેક્ષાએ શ્રીહરિના આજ્ઞાવચનને સંતોએ મુખ્ય માન્યા

શ્રીહરિ બજારમાં આવ્યા. અપાર પુરજનો ઘનશ્યામ શ્રીહરિનાં દર્શન કરવા તેમજ પૂજા કરવા માટે પૂજાપો લઈને ઠેર ઠેર ઊભા હતા. ૧. સંતોનાં અલગ અલગ મંડળ થઈને ઝાંઝ અને મૃદંગ બજાવીને વસંત, હોરી અને ધુમાર રાગના પ્રેમરસભર્યા પદોને ગાતા હતા. ૨. દરેક દુકાનને બારણે મોતીનાં તોરણ બાંધી દીધાં હતાં. અનેક રીતે અપાર શોભા સજાવી હતી. તે શ્રીહરિએ દેખી. ૩. શ્રીહરિ બજારમાં લોકોને દર્શન આપતા ચાલ્યા જતા હતા. વચ્ચે કેટલીક પૂજાઓનો સ્વીકાર કરીને શ્રીહરિ દરબાર જીવા ખાચરના દરબારગઢમાં આવ્યા. ૪.

બિલોરી કાચના ઝાડમાં બધા જ દીવાઓ પ્રકટાવી દીધાં હતાં. વચ્ચે અનુપમ હિંડોળો બાંધ્યો હતો. દેવો અને ઋષિઓના ભૂપ આવા શ્રીહરિ તે

હિંડોળામાં બેઠા. ૫. કેસરયુક્ત ચંદનથી મૂર્તિ છવાયેલી હતી. ફૂલહારનો તો કોઈ પાર ન હતો. કેટલાક હાર તો મસ્તક ઉપર પણ પહેરાવેલા હતા અને બંને ભુજાઓ પણ હારથી ભરાયેલી હતી. ૬. શ્રીહરિને જ્યારે વધારે પડતા હારનો બોજ લાગતો ત્યારે તે હારોને ઉતારીને હિંડોળા ઉપર રાખી દેતા હતા. કેટલાક હારને તો હિંડોળાની દોરડી સાથે બાંધી દેતા અને કેટલાક હારને તો શ્રીહરિ સંતોને અને હરિભક્તોને આપતા રહેતા હતા. ૭. રાતે અને દિવસે એટલા બધા હાર આવતા હતા કે તેની શોભા મુખે વર્ણવી શકાતી નથી. ફૂલના હારોથી તે સભા એવી દેખાતી હતી કે માનો કોઈ ફૂલવાડી ફૂલોથી શોભતી ન હોય ! ૮. સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને વસંત, હોરી અને ધુમારના પદ ગાતા હતા.

ત્યારે શ્રીહરિએ દરબાર જીવા ખાચર અને મૂળુ ખાચર બંને ભાઈઓને બોલાવ્યા અને તેમને આખી સત્સંગસભા બતાવી. ૯. શ્રીહરિ બોલ્યા, ‘દરબાર ! જેને મુક્તિ અને મોક્ષ કહેવાય છે તે આ મૂર્તિમાન સત્સંગસભા છે. જેને આત્યંતિક મુક્તિ કહેવાય છે તે આ સત્સંગસભાનું જ નામ છે એમ તમે જાણો. ૧૦. આ સભાને તમારા હૃદયમાં વસાવી રાખજો. આનાથી જ લખચોરાશીનું ભટકણ ટળશે. જન્મ અને મરણનું દુઃખ પણ આનાથી જ નાશ પામશે અને આ સત્સંગસભાને લીધે જ પ્રાણી જમપુરીમાં પડતા બચી જાય છે. ૧૧. આવી સત્સંગસભાને છોડીને દુનિયાના લોકો ભાંડભવાઈને જુએ છે. પરંતુ સંતોને ભાંડભવાઈમાં હેત થાતું નથી અને હરિભક્તો પણ ભાંડભવાઈમાં પ્રેમ રાખતા નથી. આવી સત્સંગની રીત છે તેને સમજી રાખવી. ૧૨.

दोहा : सत्संग की रखे रीत हि, हरिकु रिझावने हित;
सो सत्संगी जानना, ता विन नहि शोभित...१३

ભગવાનને રાજી કરવા માટે સત્સંગની રીત રાખવી. જે સત્સંગની રીત રાખે છે તેને સત્સંગી જાણવો. અને તે રીત વિના સત્સંગી શોભતો નથી. ૧૩. દુનિયામાં અપાર મતપંથો છે, પણ ક્યાંય આપણા સત્સંગના જેવી રીત નથી. આપણા સત્સંગ સિવાયની બીજી બધી રીતો તો સંસારમાં ભટકાવનારી છે. તે સમજીને દૃઢ કરી રાખવું. ૧૪. પહેલા જેઓ મતપંથમાં તેમના શિષ્ય

થઈને રહ્યા હોય અને પછી આપણાં સત્સંગમાં આવ્યા હોય, તેઓ તે બધાની વાત આપણી આગળ કહે છે. ૧૫. બીજ માર્ગીઓની બધી રીતને અને કુંડાપંથીઓની રીતને તો તમે જાણો જ છો. તેમનાથી કેટલાનો મોક્ષ થયો ? કોઈનો નહિ. ૧૬. સહુ પોતપોતાનામાં મોક્ષ માની બેઠા છે, પણ તેમના સાધનોનું તો કાંઈ ઠેકાણું જ નથી. જેટલાં સચ્છાસ્ત્ર કહેવાય છે તે બધા સાધન કર્યા સિવાય મોક્ષને કહેતા નથી. ૧૭. જે કોઈપણ વાત કહેવાતી હોય તે બધી સાધન કર્યા વિના સિદ્ધ થાતી નથી. અને સાધન સાધનમાં પણ ભેદ તો અનેક રહ્યા હોય છે. બધા જ સાધનોનો એકસરખો નિરધાર નથી હોતો. ૧૮.

સત્સંગ કરવાથી મુમુક્ષુમાં વિવેક આવે છે. વગર સત્સંગે તો કાંઈ ખબર પડતી નથી. મનુષ્ય અને પશુની આંખો તો એકસમાન જ હોય છે. પણ તેની વિક્તિ કરવાના વિવેકમાં ઘણો ભેદ રહ્યો છે. ૧૯. માણસ અને પશુની જીભ અને કાન એકસમાન જ દેખાય છે, પણ તેમાંએ વિવેકથી તો અનેક ભેદ જણાય છે. તેમજ આપણાં શરીરમાં પણ જેટલાં અંગ છે તે બધાની ક્રિયાઓ ઘણી ભિન્ન ભિન્ન પ્રકારની છે. પણ તે વિવેકથી જ દેખાય છે. અને વિવેક તો સત્સંગ કરવાથી આવે છે. ૨૦. આપણાં જે તે અંગો છે તેપણ એકબીજાનું કામ કરી શકતા નથી. અને કોઈ એકપણ અંગ વિના ચાલે તેમ નથી. તે અંગો એકબીજાના પૂરક છે. આવી દુનિયાની રીત છે અને બધુ યોગ્ય સમયે સારું લાગે છે. આ બધાનું યથાયોગ્ય વિવેકરૂપ જ્ઞાન સાચો સત્સંગ કરવાથી આવે છે. ૨૧. જેને નરકમાં જવાનું હોય તેણે ભાંડભવાઈ કરવી-કરાવવી અને જે ભાંડભવાઈ કરાવે છે તેને ક્યારેય ભગવાનનાં ધામની પ્રાપ્તિ થાતી નથી. માટે ભાંડભવાઈ નહીં કરતા સત્સંગ કરવો. ૨૨.

चोपाई :

साधु होय धन त्रिय धारे, ताकुं सेवे जमपुर जम मारे;
धन त्रिय सेवे सो संत न तेउ, सत्संग से आत ओलखने एउ...२३
मांस मदिरा चोरी व्यभिचारा, सत्संगि होइ न करत कोउ वारा;
स्वामिनारायण भजन सो करहि, कुटुंब सहित सो भवजल तरहि...२४

સાધુ થઈને જે ધનને અને સ્ત્રીને રાખે છે, તેવાની જે સેવા કરે છે તેને જમપુરીમાં જમ મારે છે. અને જે સાધુ ધન અને સ્ત્રીને સેવે છે તે સંત જ નથી . એવાની ઓળખાણ સત્સંગથી થાય છે. ૨૩. જે સત્સંગી થાય છે તે દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર એ ચારને ક્યારેય કરતો નથી. તે "સ્વામિનારાયણ" નામનું ભજન કરે છે અને તેના પ્રભાવથી તે કુટુંબે સહિત સંસારરૂપી સાગરને તરી જાય છે. ૨૪.

चोपाई :

सत्संग करीके छपाई जावे, अधर्म ता पर जोर करावे;
कोहु नियम को न रहे ठीकाना, पाप करन सो लगे छाना...२५

સત્સંગી થયા પછી પણ જો તે વ્યસનોથી કે દૂષણોથી દબાઈ જાય છે તો અધર્મ તેના ઉપર જોર લગાવે છે. પછી તેને નિયમોનું કાંઈ ઠેકાણું રહે નહિ. અને છેવટે તે છાની રીતે પાપ કરવા લાગી જાય છે. ૨૫. ગાળ્યા વિનાનું દૂધ અને પાણી પીવા લાગે. વ્યસનોમાં તત્પર (લેલીન) થઈ જાય, અભક્ષ્યનું ભક્ષણ કરે અને અપેયનું પાન કરે. આ બધાં સત્સંગનાં લક્ષણ નથી. ૨૬. એવા હરિભક્ત મુખથી 'સ્વામિનારાયણ'નું ભજન કરે, પ્રેમથી સંતોની સેવા કરે પણ સદાચાર વિના તો તેને ગુણબુદ્ધિવાળા કહેવાય. તે સત્સંગના સમુદાયમાં શોભે નહિ. ૨૭.

તે સમયે ત્યાં બુઢા ધાધલ નામે કાઠી દરબાર બેઠો હતો. તે દરબાર જીવા ખાચરનો સાળો થતો હતો. ઘણો બુદ્ધિશાળી હતો. સ્વયં સત્સંગી હોય એવો દેખાવ કરતો હતો. ૨૮. તેણે બંને હાથ જોડીને શ્રીહરિને કહ્યું, મહારાજ ! આપે કહ્યું કે, "સાધન કર્યા સિવાય ક્યારેય મોક્ષ થાય નહિ." ૨૯. તેના સામા પક્ષે જૈનો (શ્રાવકો) એવું કહે છે કે, "તપ કર્યા વિના મોક્ષ થાતો નથી." આપનાં કહ્યા મુજબ સાધન કરીને મોક્ષ પ્રાપ્ત કરવો અથવા જૈનોનાં કહ્યા પ્રમાણે તપ કરીને મોક્ષ મેળવવો ? પ્રશ્ન એ છે કે તેમાં આપ ભગવાનની વિશેષતા શી આવી ? અને તે રીતે જ જો મોક્ષ મળી જતો હોય તો તેમાં ભગવાનનો પ્રતાપ તો કાંઈ જ રહ્યો નહિ. ૩૦. ઉલ્ટાની હરિ કરતા પણ સાધનમાં મોટાઈ આવી. અને તે તો સંત અને હરિભક્તને દેખાય આવે

એવું છે. જો ભગવાનના પ્રતાપથી જ જીવનો મોક્ષ થાતો હોય તો તે કઈ રીતે ? તેને સ્પષ્ટ વિગતે કરીને આપ બતાવો. ૩૧. મેં મારા મનમાં નિશ્ચય કર્યો છે કે ભગવાન સિવાય આ પ્રશ્નનો ઉત્તર થઈ ન શકે.'

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'દરબાર ! જો તમારા પ્રશ્નનો ઉત્તર કરીએ તો અમે ભગવાન અને ન કરીએ તો ભગવાન નહિ, ૩૨. એવું તમારી બોલી ઉપરથી જણાય છે. તમે સત્સંગી કેવા થયા છો ? તમારો સત્સંગ તો ઉપલક લાગે છે. તમે અમારાં સ્વરૂપનો નિશ્ચય કેવો કર્યો છે ? ૩૩. તમે સંતોને અને હરિભક્તોને પણ પોતાના જેવા (નાસ્તિક) ગણ્યા છે. તમારા જેવો ખળ અમે કોઈને દેખ્યો નથી. જે માણસ વગર વિચારે શંકાઓ કરે છે તેને તો અમે શાપિત બુદ્ધિના કહીએ છીએ. ૩૪. ભગવાનને ભગવાન તરીકે જાણે પણ જો તેને ભગવાનનો વિશ્વાસ જ ન હોય તો તે બીજાને શું સમાસ કરશે ? કેમ જે, પોતાની જેવી સમજણ હોય, તેવું જ તે બીજાને સમજાવે છે. ૩૫. તીવ્ર ઝેર એક રતીભાર પણ હોય તો તેનો સ્પર્શ કરનારાનું પણ તે મોત નિપજાવે છે. એટલે જે તેનો દૂરથી જ ત્યાગ કરે, તે કુશળ-ક્ષેમ રહી શકે છે. ૩૬.

તમે જેટલા સંતો અને સત્સંગીઓ છો તેઓ બધા અત્યારે જ તે પ્રશ્નનો ઉત્તર આપો. આ બુઢા ધાધલનો પ્રશ્ન બ્રહ્માસ્ત્રના જેવો છે કે જે સમગ્ર બ્રહ્માંડનો પ્રલય કરી શકે છે. ૩૭. વેદ, શાસ્ત્રો, બધા પુરાણો, જેટલા અવતારો છે તે અને સમગ્ર મોટા મોટા મુનિઓ, એ બધાનો મોક્ષ કર્મથી જ થાય છે એમ બુઢા ધાધલે ઠેરાવ્યું. ૩૮.

ત્યારે સહુ સંતોએ કહ્યું, "હે પ્રભુ ! અમે આપના આજ્ઞાવચનને જ સાધન માનીએ છીએ. અને તેને જ અધિક જાણીને કરીએ છીએ.૩૯. ઠેરાવ્યું આપ જેવું વચન કહો, તે જ અમારે માટે શ્રેષ્ઠ સાધન છે. કેમજે, અમારે તો બીરબલ જેવું છે. તે શું ? તો બાદશાહને રીંગણા ગમ્યા તો બીરબલે વખાણ્યા. ત્યારે બાદશાહે કહ્યું, 'હમણે વખાણતા અને હવે કેમ નીંદો છો ?' ત્યારે બીરબલે કહ્યું કે, 'અમે તો તમારા દાસ છીએ, રીંગણાના નહીં. તમને ગમ્યું તે અમને ગમ્યું.' એમ હે શ્રીહરિ ! જે આપને પ્રિય છે તે જ અમને

પણ પ્રિય છે. ૪૦. અમને આપનામાં કોઈ જ સંશય નથી. જેમ આપની મરજી હોય તેમ વચનમાં રાખો, પરંતુ અમે ધન અને સ્ત્રીનો જે ત્યાગ કર્યો છે તે આપના વચનનો અમે ત્યાગ કરશું નહીં. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'અન્ય સાધન તથા કર્મની અપેક્ષાએ શ્રીહરિના આજ્ઞાવચનને સંતોએ મુખ્ય માન્યા' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર સાતમું : તરંગ - ૩

કર્મથી મુક્તિને માનવાવાળા મતને શ્રીહરિએ અસત્ આગ્રહવાળા કહ્યા

વળી મુનિઓએ કહ્યું, હે મુનિરાજ ! આપ સાંભળો. સાધન એટલે ક્રિયામાં ઉપયોગી ઉપકરણ કહેવાય. તે સાધન ભગવાનને રાજી કરવા માટેનો એક સાજ-શણગાર છે. ૧. **ભગવાનના આશ્રયને છોડીને હજારો કે કરોડો સાધનો કરવામાં આવે, તે તો બધાં મડદાને શણગાર્યાં જેવા છે.** નાક ન હોય અને "નથ" પહેરવાના જેવા છે. ૨.

सोरठा : साधन अनंत प्रकार, हरिकु तजीके करत जोउ;
निष्फल किये विचार, शून्य हि शून्य सब आंक विन...०३
रखिकें हरिकु एक, जो जो साधन करत जन;
एक एक होत अनेक, आंक रखी शुन्य ज्युं लिख जिमि...०४

અમે વિચારીને જોયું છે કે ભગવાનના આશ્રયને-સ્વરૂપને છોડીને જે અનંત પ્રકારના સાધન કરવામાં આવે છે. તે તો આંકડા વગરના એકલા શૂન્યનાં જેવા નિરર્થક છે. ૩. એક પરમાત્માનો આશ્રય રાખીને મનુષ્ય જે જે સાધન કરે છે તે બધાં સાધન આંકડો લખ્યા પછી કરેલા શૂન્યના જેવા અનેકગણાં ફળને આપનારા થાય છે. ૪.

ત્યારે શ્રીહરિએ કહ્યું, તીખી ધારવાળી તલવારની આગળ મ્યાનનું ખોખું કાંઈ ટકી શકે નહિ. થોડો એવો અગ્નિ પણ મોટા પહાડ જેટલા દારૂનો

એક પળવારમાં જ સંપૂર્ણ નાશ કરી નાખે છે. ૫. ભગવાનનો આશ્રય નારાયણાસ્ત્રનાં જેવો બળવાન છે. પરંતુ જેની બુદ્ધિ શાપિત થઈ ગઈ હોય તે સ્વીકારી શકે નહિ. જે લોકો ભગવાન કરતાં પણ સાધનને અધિક મહત્ત્વ આપતા હોય છે તેઓને કરોડો રીતે સમજાવવામાં આવે છતાં તેઓ માને નહિ. ૬. **જે લોકો ભગવાન કરતાં પણ સાધનોને અધિક માનતા હોય, તેમને શાપિતબુદ્ધિવાળા જાણવા.**

ત્યારે તે શ્રાવકે (જૈન બુઢા ધાધલે) મનમાં વિચાર કર્યો. પછી મનમાં અમુક વાતનો નિર્ધાર કર્યો અને પછી તે શ્રીહરિની સમક્ષ બોલ્યો, ૭. જે શ્રાવકો (જૈન)ની જાતિ હોય છે તે ક્યારેય ભગવાનને માનતી નથી. તે ક્યારેય ભગવાનનું ભજન કરે નહિ અને તે બધા જૈન નહાય-ધોવે પણ નહિ. ૮. જે મળ ત્યાગ કરીને પણ પાણીથી તે અંગની શુદ્ધિ ન કરે, તેને તો જૈનો સિદ્ધપુરુષ માનીને સેવે છે. તેઓ પોતાના પેશાબને પણ પોતાના બધા અંગો ઉપર છાંટે છે. ૯. તે જૈન તો મોત આવે ત્યાં સુધી પાણીનું એક ટીપું પણ પોતાના અંગ ઉપર ક્યારેય લાગવા દેતા નથી. જેટલી જાતના સૂતકો આવે છે તેને પાળતા નથી અને તેમાં દોષની શંકા પણ કરતા નથી. ૧૦. જૈનો કહે છે કે જીવ પ્રાણીમાત્રની હિંસા કરવી નહિ. તેઓ જીવો ઉપર દયા રાખનારા જીવપ્રતિપાલક કહેવાય છે. આવો દયાવાળો બીજો કોઈ ધર્મ કહેવાતો નથી. ૧૧.

તેઓ શીલવ્રત (બ્રહ્મચર્યવ્રત)ને સહુથી અધિક મહત્ત્વ આપે છે. તેનાં જેવું બીજું કોઈ વ્રત માનતા નથી. જૈનોના જે સાધુ હોય છે તે પગમાં પગરખાંને પહેરતા નથી. ૧૨. તેઓ ધન અને સ્ત્રીને રાખતા નથી. અગ્નિને અડતા નથી. લોઢું સુધ્ધાં કોઈપણ ધાતુનો તેઓ સ્પર્શ કરતા નથી. ૧૩. તેઓ પોતાને માટે રસોઈ બનાવતા નથી. કોઈ વાહનમાં બેસતા નથી. પરસ્પર કોઈને ગાળ પણ દેતાં નથી અને કોઈને તાડન કરતા નથી. ૧૪. વાયુ તત્ત્વ પ્રધાન અપાર જીવો મુખના શ્વાસથી નાશ પામતા હોય છે. તે પોતાના શ્વાસથી નાશ ન પામે એટલા માટે જૈનો મુખ આગળ મુમતી બાંધે છે. ૧૫. એક જ વખત તેઓ જમે છે અને આસન ઉપર બેસીને કોઈ ચીજવસ્તુને લેતા-ખાતા નથી. ચાતુર્માસમાં તેઓ ક્યાંય આવતા-જતા નથી

અને ક્યારેય પાણીમાં પગ મૂકતા નથી. ૧૬. તેઓ લીલું કે સૂકું દાતણ ભૂલથી પણ ક્યારેય કરતા નથી. જિંદગીભર ક્યારેય પલંગ ઉપર સૂતા નથી. ૧૭.

તેમનો એવો નિયમ હોય છે કે શ્વેત સિવાયનું કોઈપણ રંગનું વસ્ત્ર તેઓ પહેરતા નથી. બે વસ્ત્ર સિવાય ત્રીજું વસ્ત્ર પહેરતા નથી. માથાના કેશ મુંડાવતા નથી. ૧૮. જૈનો કોઈ દાઢી અને મૂછ રાખતા નથી. પણ તે દાઢી અને મૂછના વાળને સમૂળગા ખેંચી કાઢે છે. વળી રુંવાટાને નાશ કરવાનો ઉપાય પણ તે જાણતા હોય છે. ઠંડુ પાણી પીતા નથી. ૧૯. ચમાર સુધ્ધાંની સહુ કોઈની ભિક્ષા લે છે, પણ મુસલમાનોની ભિક્ષા વર્જ્ય ગણે છે. અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ કરે છે, પણ તે લોકો અત્યારે કોઈ તેટલો ત્યાગ રાખતા નથી. ૨૦. નારીનાં ચિત્રને અડકવું નહિ અને તેને જોવું પણ નહિ. એવી શીલવ્રત-બ્રહ્મચર્યનાં રક્ષણ માટે જૈન મુનિઓએ નવ વાડો કહી છે. ૨૧. તે નવ વાડોને અત્યારે લેશમાત્ર પણ રાખતા નથી.

બુઢા ધાધલ કહે છે કે આપના સંતો તે નિયમોને પાળે છે, એટલી જૈન સાધુઓના કરતા વિશેષતા છે. તેઓ જંતુઓને દૂર કરવા માટે રજ વાળવા રજોણો રાખે છે. તેમને એકલા ચાલવાનો નિષેધ નથી. ૨૨. લીલું કાષ્ઠ કે તૃણ-ઘાસ, તેને જૈન મુનિઓ પોતે કાપતા નથી અને બીજા પાસે પણ કપાવતા નથી. લીલાં ઘાસ ઉપર પગ દઈને તેઓ ચાલતા પણ નથી. આજ સુધી તો તે બધા જૈન સાધુઓ આ પ્રમાણે રહે છે. ૨૩. ચાતુર્માસમાં કંદ, મૂળ, ફળ કે પત્ર ખાવા નહિ, આવું નિયમ રાખે છે. કોઈપણ જાતનો મુખવાસ ક્યારેય ખાતા નથી. ચંદન કે પુષ્પને અંગ ઉપર લગાડતા નથી. ૨૪. જૈન સાધુને કોઈ અગાઉ નોતરું આપે તો તે ત્યાં જમવા જાય નહિ. તેમજ તેમને માટે જ કોઈ રસોઈ બનાવાતી નથી. વળી તેઓ સો કે બસો જેટલા સાધુ ભેળા મળીને ક્યારેય ખાતા નથી. ૨૫. એક એક સાધુ ઘેર ઘેર જઈને ભિક્ષા માગે અને તૈયાર ભોજન જેટલું પોતાને જોઈએ તેટલું અલગ અલગ પાત્રમાં લે છે. ૨૬.

બુઢા ધાધલે કહેલી તે વાત સાંભળીને શ્રીહરિ બોલ્યા, જૈનો તુલસીની માળા (કંઠી) કે તિલક રાખતા નથી માટે તે તો અવૈષ્ણવ કહેવાય. ૨૭. જે વૈષ્ણવમાત્ર છે તે તો જૈનોને ચંડાળથી પણ વધારે ઊતરતા કહે છે અને તે

અવૈષ્ણવો દર્શન કરવા યોગ્ય પણ નથી. ચંડાળ હોવા છતા કેટલાક તિલક-કંઠી પહેરતા હોય છે, પરંતુ જૈનો તો ચંડાલમાંથી પણ ગયા. ૨૮. કેટલાક ચંડાળના જેવા વેષવાળા અને ચંડાળના જેવું પાપ કરનારા હોય તેપણ જો તેઓ મુખથી ભગવાનનું નામ ઉચ્ચારે કે કોઈક કંઠી, માળા અને તિલકને ધારે, ભગવાનની મૂર્તિને માને, ૨૯. કોઈ વખતે પણ સંતોને હાથ જોડીને પ્રણામ કરે, દીનભાવે માથું નમાવે, મનમાં પોતાને અત્યંત પાપી માને અને નવું પાપ કરતાં ધ્રૂજે. ૩૦. એવાનાં પાપ પણ ક્યારેક તો નાશ પામે છે. અને તે પાપ છોડીને સત્સંગ કરે છે.

છતાં જે મનુષ્યો પોતાના સાધનોને સહુથી વધારે માને અને મોક્ષ પણ કર્મથી જ થાય છે એમ જે માને, ૩૧. તેવા જીવોનો મોક્ષ ક્યારેય થાતો નથી. તેવા તો લખચોરાશીમાં ભટકીને હેરાન હેરાન થઈ જાય છે. અને તેની કર્માનુસારે મુક્તિ પણ કોઈ દેવતા, રાજા કે ધનાઢ્યના રૂપમાં થાય છે. ૩૨. આવી જે માયિક મુક્તિ છે તેને પણ કર્મફલપ્રદાતા પરમેશ્વર જ આપે છે. આપણે જેને કર્મફળપ્રદાતા પરમેશ્વર કહીએ છીએ તેને જૈન લોકો કર્મ કહે છે. ૩૩. પોતાનો મત સર્વશ્રેષ્ઠ છે એમ સ્થાપન કરવા માટે કર્મથી અધિક-શ્રેષ્ઠ કોઈ નથી એમ તેઓ કહે છે. ઘણા જ મોટા સમર્થ ઋષિઓ થઈ ગયા. તેમના સમયમાં તેઓ જે ધારતા હતા તે થાતું હતું. (તોપણ તે ભગવાનને માનતા.) ૩૪. પરંતુ જે જે જીવો ભગવાનથી વિમુખ થયા તેમણે કર્મથી જ મુક્તિ છે એવો મત ચલાવ્યો છે. જૈમિનિ અને ગૌતમ ઋષિએ સમજણ અંગે વિચાર કર્યો. એક મતના થઈને તેઓ ગુરુ શિષ્ય બન્યા. ૩૫.

જૈમિનિએ જેટલાં સૂત્રો કર્યા તેમાં તેમણે કર્મથી જ મુક્તિ છે એવું સ્થાપન કર્યું છે. ઋષભદેવ જેવા પરમહંસની રીત જોઈને અરિહંત રાજાએ તેનું અનુકરણ કર્યું. ૩૬. હંસની ચાલે કાગડો ચાલવા ગયો. પણ હંસ તો મોતીનો ચારો કરે છે અને કાગડો તો મળ ખાઈને ખુશી રહે છે. ૩૭. વણિક લોકો મોટા રાજાને પણ ઠગી જાય તેવા હોય છે પણ તે વણિકોને અરિહંત રાજાએ ઠગી લીધા છે. જૈનો ચોરાશી સિદ્ધ માને છે, તેમાં કેટલાક મોટા રાજાઓને પણ લીધા છે. ૩૮. ઋષભદેવના બધા પુત્રોને ઋષભદેવના

જેવા જ લખ્યા છે. તેમનાં સૂત્રો લખીને તેમાં તેઓના ચરિત્રોને લખ્યાં છે. ૩૯. તે પ્રતાપને સાંભળીને ઘણું કરીને જગત જૈન (શ્રાવક) થઈ ગયું. તે સહુ પોતાના મૂળ ધર્મોનો ત્યાગ કરી તે અસત્ય ધર્મમાં આ રીતે આગ્રહ રાખતા થયા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'કર્મથી મુક્તિને માનવાવાળા મતને શ્રીહરિએ અસત્ આગ્રહવાળા કહ્યા' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર સાતમું : તરંગ - ૪

શ્રીહરિએ જીવા ખાચરના રાજદરબારમાં ભવિષ્યના આચાર્ય માટે પૂછ્યું

દરબાર જીવા ખાચરે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, હે મહારાજ ! આપની માયા ઘણી બળવાન છે. આપ કૃપાદૃષ્ટિ કરો કે તે માયા મારામાં ક્યારેય વ્યાપે નહિ. ૧. અમે બધા તો થોડી બુદ્ધિવાળા જીવ કહેવાઈએ. આપ તો સમસ્ત સદ્‌ગુણોના મહાન સાગર છો. નટવર અને નટનાગર આપ અમને બાળકને નભાવજો. ૨. જ્યાં સુધી આપ સમર્થ મળ્યા ન હતા ત્યાં સુધી અમને અસાધ્ય ભવરોગ થયેલો હતો. હવે અમને આપ સાચા ધનવન્તરિ વૈદ્ય મળી ગયા છો, તો તે ભવરોગને હવે ટાળી દેજો. ૩.

કદાચ અમને સદ્ધર્મરૂપ ઔષધ પચે નહિ અને તેની ઊલટી થઈ જાય, તોપણ તે કલ્યાણકારી સદ્ધર્મરૂપ ઔષધી પાતા રહેજો. કદાચ પુત્ર આજ્ઞામાં ન રહે છતાં માતા તે પુત્રનું રક્ષણ કરતી જ રહે છે. ૪. અમારી બુદ્ધિમાં તો આ બધો દુઃખરૂપ સંસાર ભરપૂર રીતે ભર્યો પડ્યો છે. જ્યાં સુધી આપ મળ્યા ન હતા ત્યાં સુધી અમે તે સંસારમાં સાર માનતા હતા. ૫. અમે આ સંસારને જીવનપ્રાણ માન્યો હતો. તેને આપે કૃપા કરીને અસત્-ખોટો કરી બતાવ્યો. પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષના લોક સુધી આ સંસાર અસત્ય-ખોટો છે તેમ કોઈ કહેતું જ નથી. ૬.

અમને જ્યારે આપનો જોગ થયો ત્યારે આપે અમને સંસારને ટાળનારું ઔષધ આપ્યું. હવે આપના ઔષધરૂપ ઉપદેશ વચનો છે તે વારેવારે સંસાર (ભવરોગ)ની ઊલટી કરાવી નાખે છે. ૭. આપ જીવનું જે હિત કરો છો તે જીવને પૂરું સમજાતું નથી. કારણ કે જીવને સંસારનું બંધન અનંતકાળનું છે તે તરત છૂટતું નથી. ૮. જે રીતે જીવ દેહની સાથે જડાઈ ગયો છે, તે રીતે જ સંસારનું બંધન જીવની સાથે જડાઈ ગયું છે. જ્યારે જીવ આવી રીતે સત્સંગ સાથે બંધાઈ જાશે ત્યારે તેને તે સંસારનું બંધન છૂટી જાશે. ૯. હે મહારાજ! આપ અને આપના બધા સંતો તો જીવની તે બધી રીતને જાણો છો. આપ અહીંયા સ્થિર નિવાસ કરીને રહો. હવે અહીંથી ક્યારેય ઉદાસ થશો નહીં. ૧૦.

ત્યારે શ્રીહરિ બોલ્યા, દરબાર, અમને કાયમ રાખવા તે ઘણું કઠણ છે. અમારો એવો સહજ સ્વભાવ છે કે અમે જ્યાં રહીએ ત્યાંના લોકોને વારંવાર વઢતા રહીએ છીએ. ૧૧. **જીવે ભગવાન સિવાયનું જેટલું ઠેરાવ્યું હોય, કરવા ધાર્યું હોય, તે બધાને જ્યારે ઉડાવી દેવામાં આવે ત્યારે જીવને ભગવાન પ્રત્યે ભાવના થાય છે.** જીવને સંસાર તરફ દોડવાનો ભાવ છે અને અમારી તો ભગવાન તરફ જ જોરદાર દોડ છે. ૧૨.

दोहा : संसार कु जानत असत हम, जेसे स्वप्न विलास;
चक्रवृत्ति भये भूप हि, जागे तब भये नास...१३
तेसे हे यह जग सुख, सब लोक प्रजंत;
जिवनो नहि निज हाथ में, मृत्यु से जन न डरंत...१४

કેમ જે, અમે આ સંસારને સ્વપ્નના વિલાસ જેવો અસત્ય જાણીએ છીએ. સ્વપ્નમાં કોઈ ચક્રવર્તી રાજા થાય પણ જાગે ત્યારે તેના સામ્રાજ્યનો વિનાશ થયો જણાય છે. ૧૩. તેવી રીતે બ્રહ્માંડના બધા જ લોક સુધ્ધાં સમગ્ર સુખ સ્વપ્નના વિલાસ જેવા છે. માનવનું જીવવું, તેપણ તેના હાથમાં નથી, છતાં તે મનુષ્ય મૃત્યુથી ડરતો નથી. ૧૪.

સહુ લોકો મનુષ્યને અને દેવોને પણ પોતાની નજર સમક્ષ મરતા જુએ છે. છતાં એ રીતે આપણો કાંઈ નિર્ધાર નથી એમ મરણનો ભય લાવતા નથી. ૧૫.કોઈ અપરાધીને તોપની નાળી આગળ બાંધ્યો હોય અને માત્ર

જામગરી (પલિતો) મૂકવાની જ રાહ હોય, ત્યારે તેની આગળ જો અનંત પ્રકારના ભોજન-પકવાન આપવામાં આવે, તો તેને તેમાં શું સુખ મળે ? ૧૬. તે ખાય તોપણ તેનો સ્વાદ આવે નહિ. એવો જ્યારે સંસારનો પાકો અભાવ થઈ જાય છે તેનું નામ વૈરાગ્ય કહેવાય છે કે જે ભગવાનના ભક્તને સહેજે જ રહેતો હોય છે. ૧૭.

✻ સદ્‌વિચારની આવશ્યકતા :

चोपाई :

जितने ब्रह्मांड कहावत जोई, तितने में जीय के मूल हे सोई;
ब्रह्मांड को जब प्रलय विचारे, प्रलय मोह मात्रकु निवारे...१८
सत्संग अरु कुसंग की रीति, विचार करनो करी मन प्रीति;
विचार करे विन प्रीत न होई, प्रीत विन सबुद्धि होई न कोई...१९
सबुद्धि भये विन संत न सुहावे, संत सोहाये विन मोक्ष न पाये;
सत्संग में संत ओर संत जेहा, ताके धर्म विचारना तेहा...२०

જેટલાં બ્રહ્માંડ કહેવાય છે તેટલામાં જીવને કર્મજન્ય વાસનાનાં મૂળ રહ્યાં છે. જીવ જ્યારે આ બ્રહ્માંડના પ્રલયનો વિચાર કરે છે, ત્યારે તે પ્રલયનો વિચાર મોહમાત્રનું નિવારણ કરી દે છે. ૧૮. પ્રસન્ન મન રાખીને મનુષ્યે સત્સંગ અને કુસંગનો વિચાર કરવો. વિચાર કર્યા સિવાય પ્રીતિ-પ્રસન્નતા થતી નથી અને પ્રસન્નતા વિના કોઈને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થતી નથી. ૧૯. સદ્‌બુદ્ધિ મળ્યા વિના તેને સંતો સોહાતા નથી. સંતો સોહાયા વિના મોક્ષ પ્રાપ્ત થતો નથી. વળી સત્સંગમાં જે સંતો છે તેમના અને જે બીજા સંતો હોય તેમના ધર્મ બાબત પણ વિચાર કરવો. ૨૦.

ત્યારે આપણાં સત્સંગના સંતો અને તે સિવાયના બીજા સંતો હોય, તેમના ધર્મ ભિન્ન ભિન્ન દેખાય છે. સત્સંગ સિવાયના જે બીજા મતો છે તે તો કાગળ પર ચીતરેલા અશ્વના જેવા કથનમાત્ર થઈ ગયા છે. ૨૧. શાસ્ત્રના વચનોના પ્રબળ પ્રમાણો દર્શાવીને સત્સંગ સિવાયના બીજા સંતોને દેખાડી દીધા. કાશી સુધીના બધા ધામોના પંડિતો પણ તે વચનોને સાંભળીને તેને સત્ય જ કહે.૨૨. આપણા સત્સંગની જે રીત કહેવાય છે તે આખા

ભરતખંડમાં દેખાય રહી છે. ઉદ્ધવ સંપ્રદાયના આચાર્ય એવા રામાનંદસ્વામી, સંતો અને હરિભક્તો તથા મંદિર, વર્ણી વગેરે જે કહેવાય છે. ૨૩. તથા ઈષ્ટદેવ, તેમની ઉપાસના, દેવોના સ્વરૂપ વગેરે વિલાયત સુધી છુપાઈને રહેલ છે. બીજા મતોને અને આપણા સંપ્રદાયને જોઈને વિચારવામાં આવે તો આપણા સંપ્રદાય જેવું કોઈ જ દેખાતું નથી. ૨૪. આ આપણા સંપ્રદાયના સંતો સમાન શુદ્ધ કોઈ દેખ્યા નહીં. કેમજે, આપણા સંતોએ વ્યસનો અને કેલમાત્રનો ત્યાગ કરી દીધો છે. ૨૫.

આપણાં સંતોને જેટલો હેય ભાગ-દોષ દેખાડવામાં આવ્યો, તુરંત જ તેમણે તે બધા દોષોનો ત્યાગ કરી દીધો છે. આ બડભાગી સંતોએ હંમેશાં અમારી આજ્ઞાને જ મુખ્ય રાખી છે. ૨૬. અને આપણા આ સંતોએ જેટલા દોષોનો ત્યાગ કર્યો છે તે દોષોને જે મિથ્યા સંતો કહેવાય છે તેમણે તો કળિયુગના ઓઠા હેઠળ પકડી રાખ્યા છે-દોષોને છોડ્યા નથી. ૨૭. કળિયુગના જે સંતો કહેવાય છે તેમણે તો કળિયુગનું શરણું લીધું છે અને ભગવાનના સંતોએ તો ભગવાનનું શરણ મસ્તકે રાખ્યું છે. ૨૮. શાસ્ત્રોક્ત જે ગૃહસ્થના ધર્મ છે તેને ગૃહસ્થ હરિભક્તો તત્પરતાથી પાળે છે. અને આપણા સત્સંગના જે સંતો છે તેમની સેવા પણ તે ગૃહસ્થો તત્પર થઈને કરે છે. ૨૯. તેવા ભક્તોના મૃત્યુ પછી મોક્ષ થયા છે આવું તેમના ગૃહસ્થ સંબંધીઓ જોતા આવ્યા છે.

અને હવે પછી ધર્મવંશી ગૃહસ્થ વિપ્ર સત્સંગના આચાર્ય થશે. ૩૦. આચાર્યોના જે ધર્મ છે તેને યથાર્થ રીતે પાળીને તે આચાર્ય સર્વથી શ્રેષ્ઠ કહેવાશે. પોતાના સમીપ સંબંધ વગરની જેટલી સત્સંગી કે બિનસત્સંગી સ્ત્રીઓ હોય, ૩૧. તે બધી સ્ત્રીઓનો ત્યાગ આચાર્ય ત્યાગી સાધુની જેમ કરશે અને તેનો ક્યારેય સ્પર્શ પણ નહિ કરે અને આચાર્યની ધર્મપત્ની જે હશે તે સ્ત્રીમાત્રનું ગુરુપદ શોભાવશે. ૩૨. પોતાના પતિ આચાર્યની આજ્ઞાથી મુમુક્ષુ સ્ત્રીઓને મંત્રોપદેશ કરશે.તે સમયે દરબાર જીવા ખાચર હાથ જોડીને બોલ્યા,હે મહારાજ ! આપ મારી વિનતિ સાંભળો. ૩૩. આપના જે કુટુંબીઓ કહેવાતા હોય તેમને અમે પૂજ્યપણે માનશું. પણ તેમના સિવાયના બીજા

કોઈ વિપ્ર હોય, તેમને જો આચાર્ય પદે સ્થાપો ૩૪. તો તેમાં અમે ક્યારેય ખુશી નથી. આપના બધાં વચન અમારે માનવા છે. કારણ કે "ધણીનો કોઈ ધણી નથી" અમારી બુદ્ધિ તો આવું કહે છે. ૩૫. ત્યારે શ્રીહરિએ ત્યાં બેઠેલા બધા જ સંતોને અને હરિભક્તોને પૂછ્યું. મયારામ ભટ્ટ, પર્વતભાઈ, મુક્તાનંદસ્વામી, ભાઈ રામદાસજીસ્વામી, ૩૬. અને મુકુંદાનંદ વર્ણી વગેરે સહુ હતા તેમને શ્રીહરિએ જ્યારે આવું પૂછ્યું તે સાંભળીને મયારામ ભટ્ટે કહ્યું, દરબાર જીવા ખાચરે જે કહ્યું તે ખરી વાત છે. ૩૭. પછી મયારામ ભટ્ટે જેવું કહ્યું તેવું જ બીજા બધા ગૃહસ્થો-બાઈ ભાઈઓએ પણ કહ્યું. ૩૮. અને મુક્તાનંદસ્વામી વગેરે સહુ સંતો પણ હાથ જોડીને બોલ્યા, દરબાર જીવા ખાચરે જે કહ્યું છે, તે રીતે જ અમારું સહુનું માનવું છે. ૩૯.

તેમ કરવામાં ઘણું રહસ્ય રહેલું છે. આપણો શુદ્ધ સત્સંગ વધારે શુદ્ધ થશે અને અસુરો જે વાતો કરે છે તે બધી વાતોનો ઉચ્છેદ થઈ જશે. ૪૦. આપણો સત્સંગ અપૂર્વ અને અદ્‌ભુત છે. આ બાબત તો સત્સંગનો કળશ બનશે અર્થાત્ તેમ કરવાથી સત્સંગ ઉપર કળશ ચઢી જાશે. વિશ્વમાં બધે ઉત્સાહ વધશે અને તે બાબત ભવ બ્રહ્માદિ દેવોને પણ રુચે છે. ૪૧. પેશવા આદિ મોટી રાજસત્તાઓ વિપ્રને ભાવનાથી નમે છે. વિપ્ર વિના તો બહુ ગુણો અને સુંદરરૂપ હોય તોપણ તેઓ તેની મોટપ માનતા નથી. ૪૨.

સંતોએ જ્યારે આટલી વાત કહી ત્યારે શ્રીહરિ બોલ્યા, અમને તો એવું સમજાય છે કે આમાં "ધાર્યું તો બધું એક પરમેશ્વરનું જ થાશે." ૪૩. જ્યાં જળ ભર્યું હોય ત્યાં સ્થળ થઈ જાય છે અને જ્યાં સ્થળ હોય ત્યાં ક્યારેક જળ ભરાઈ જાય છે. અમે એવું દેખીએ છીએ કે, "જ્યાં નીતિ હોય છે ત્યાં હંમેશા રાજ્ય હોય છે." ૪૪.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિએ જીવા ખાચરના રાજદરબારમાં ભવિષ્યના આચાર્ય માટે પૂછ્યું' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર સાતમું : તરંગ - ૫

શ્રીહરિએ જીવા ખાચરના રાજદરબારમાં હોળી નિમિત્તે રંગક્રીડા કરી

જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો "સ્વામિનારાયણ ધૂન" કરવા લાગ્યા. તે સાંભળીને શ્રીહરિ ઊઠ્યા. ૧. પૂર્ણકામ શ્રીહરિએ સહુ સંતોને અને હરિભક્તોને સાથે લીધા. અને ઉન્મત્ત ગંગામાં (ઘેલા નદીમાં) નાહવા માટે ચાલ્યા. ૨. સહુ સંતો રસ્તામાં "સ્વામિનારાયણ" નામની ધૂન કરતા કરતા ચાલતા હતા. આ રીતે સહુ ગંગાને કિનારે આવ્યા. ૩. શ્રીહરિ ત્યાં નારાયણ હ્રદમાં-ધરામાં નાહ્યા. તે વખતની શોભા અવર્ણનીય હતી. તેનું વર્ણન કરતાં કોઈ પાર લઈ શકતું નથી. ૪.

શ્રીહરિ નાહીને તરત જ પાણી બહાર નીકળ્યા. સારાં નવાં વસ્ત્ર ઘનશ્યામ શ્રીહરિને પહેરાવ્યા. પછી તુરંત રાજદરબારમાં આવ્યા અને બધો નિત્યવિધિ કર્યો. ૫. વર્ણીએ રસોઈ તૈયાર કરી. ત્યારે ધર્મકુમાર શ્રીહરિ જમવા બેઠા. તે પછી સંતોને અને પાર્ષદોને જમવા બેસાડ્યા. ખુદ શ્રીહરિ તેમને પીરસવા લાગ્યા. ૬. અનંત પ્રકારના પકવાન કર્યા હતા. બધા જ પકવાન વારંવાર પીરસ્યા. જ્યારે શ્રીહરિ "વાસુદેવ હરે !!!" આવું બોલ્યા, ત્યારે સંતો હરખથી જમવા લાગ્યા. ૭. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે પ્રાણઆધાર શ્રીહરિએ પીરસવાનું પૂરું કર્યું. જ્યારે દરબારો અને બીજા બધા હરિભક્તો જમી રહ્યા ત્યારે જીવા ખાચર શ્રીહરિની પાસે આવ્યા. ૮. ઘણા જ ઉલ્લાસથી બે હાથ જોડ્યા અને દાસ ભાવે બોલ્યા, હે મહારાજ ! અમે વિવિધ પ્રકારના રંગ તૈયાર કરીને તેનાં મોટા મોટા ઘણા માટલાં ભર્યાં છે. ૯. ત્યારે શ્રીહરિએ કહ્યું, તમને ભાવ થયો જ હોય તો અત્યારે જ રંગ લાવો. દેશ દેશમાંથી આવેલા બધા હરિભક્ત બાઈ-ભાઈઓ જે આવ્યા છે, ૧૦. તેમને સહુને કોઈ જઈને સંભળાવો કે રંગે રમવા આવે. કોઈ બાકી રહી જાય નહિ. અમારો પ્રસાદીનો રંગ લેવાની સહુને આજે અતિ ઈચ્છા છે. ૧૧.

ત્યારે જઈને સહુ હરિભક્તોને સંભળાવ્યું એટલે બધા જ હરિભક્તો અતિ હરખ ભર્યા તરત ત્યાં આવ્યા. દરબાર એભલ ખાચર પણ તત્કાળ

ત્યાં આવ્યા. તેમના દિલમાં અપાર હરખ ભર્યો હતો. ૧૨. ઢોલ, ત્રાંસા, પડઘમ, ચોઘડિયા, ભેરાઈ, શરણાઈ અને તુરાઈ વગેરે વિવિધ પ્રકારના વાજિંત્રો વાગવા લાગ્યાં. ૧૩. રણશિંગી અને ધૂસા પણ વાગતા હતા. તે બધાનો ધ્વનિ આકાશમાં વ્યાપી ગયો હતો. ત્રિલોકીમાં તે ધ્વનિથી ખબર પડી. તેથી બધા દેવો ત્યાં ઉતાવળા દોડી આવ્યા. ૧૪. જે સંતો હતા. તેઓ તો ઝાંઝ અને મૃદંગ વગાડીને હોરીના પદ ગાતા હતા અને તેને લીધે ઉત્સવ અત્યંત છવાઈ ગયો હતો. ૧૫. વિમાનમાં બેઠેલા દેવો તો તે શોભાને જોઈ જ રહ્યા. બુદ્ધિમાન બધા દેવો તો કેસરી રંગ લઈને આવ્યા હતા. ૧૬. ભવ, બ્રહ્મા અને દેવરાજ ઇન્દ્ર આવ્યા હતા. તેઓ શ્રીહરિનાં દર્શન કરીને પરમ સુખિયા થઈ ગયા. શ્રીહરિ અને બીજા જે સમાધિવાળા હતા તેઓ બધા આકાશની તે રચનાને દેખતા હતા. ૧૭.

દરબાર જીવા ખાચરે જેટલો રંગ બનાવ્યો હતો તે બધો શ્રીહરિની સમીપે લાવ્યા. ગુલાલના મોટા મોટા ટોપલા ભરીને લાવ્યા હતા. તેનો તો કોઈ પાર જ ન રહ્યો. ૧૮. હરિભક્તોમાં પણ જેટલી બાઈઓ અને જેટલા ભાઈઓ હતા તે બધા એક એક ટોપલો ગુલાલ લાવ્યા હતા. તેમજ પ્રત્યેક વ્યક્તિ સાકરનો એકેક હારડો લાવ્યા હતા. તે સહુએ શ્રીહરિને ભેટ મૂક્યા. ૧૯. તે સાકરનો હરેક હાર બશેર બશેર વજનનો હતો. તેને ભગવાન શ્રીહરિએ સ્વયં પહેર્યા. પછી શ્રીહરિએ દરેક સંતને એકેક સાકરનો હાર પ્રસાદીના રૂપમાં આપ્યો. ૨૦.

શ્રીહરિની સાથે રહેલા વર્ણીઓને પણ એકેક હાર આપ્યો. દરબારો અને પાર્ષદો, જે શ્રીહરિની સાથે રહેતા હતા. તેમને પણ એક એક હાર ઉમંગથી આપ્યો. ૨૧. એભલ ખાચરના પરિવારમાં બધાને એકેક હાર આપ્યો. તેમજ જીવા ખાચરનો પરિવાર પણ અપાર હતો. તેમાં પણ સહુને એકેક સાકરનો હાર શ્રીહરિએ આપ્યો. ૨૨. તેમના નજીકના જે સગા-સંબંધીઓ હતા, તે બધાને એકેક હાર આપ્યો. સહુને શ્રીહરિના ઉપર ખૂબ જ પ્રેમભાવ હતો. તેમજ કોઈને પણ સંતોનો અભાવ ન હતો. ૨૩.

તે પછી રંગે રમવા માટે એકબાજુ બધા સંતોના મંડળ રહ્યા અને બીજી બાજુ શ્રીહરિ તથા ઘણા જોરદાર હરિભક્તો રહ્યા. પછી જેટલો રંગ આવ્યો તેમાંથી અરધો રંગ શ્રીહરિએ સંતોને આપ્યો. ૨૪. જેટલા સંતો હતા તે સહુએ કેસરી રંગથી ભરેલો એક એક કળશ શ્રીહરિના શિર ઉપર ઢોળ્યો. તેથી પ્રભુ શ્રીહરિ હસવા લાગ્યા. ૨૫. બધા સંતો લાલ ગુલાલ અપાર લાવ્યા. તે શ્રીહરિનાં અંગો ઉપર નાખ્યો. તેથી શ્રીહરિની મૂર્તિ માનો સાક્ષાત્ વસંત હોય તેવી બની ! ૨૬. નખશિખ રંગથી તરબોળ થયેલી નટવર શ્રીહરિની મૂર્તિ ગુલાલનો પર્વત હોય તેવી લાલ લાલ સોહામણી લાગતી હતી. તેમનાં દર્શન કરવાથી કોઈને તૃપ્તિ થાતી ન હતી. ૨૭. કેસરી રંગના જે માટલાં ભર્યાં હતા તેને ઉઠાવીને શ્રીહરિએ અને હરિભક્તોએ અત્યંત પ્રસન્ન થઈને સંતોના ઉપર તે રંગ નાખ્યો. ૨૮.

બધા સંતો હોરી !!! રે હોરી !!! એમ બોલતા હતા. અને પરસ્પર અત્યંત રંગ ઊડાડતા હતા. આખું આકાશ પણ રંગથી ભરાઈ ગયું હતું. બધા સંતો અને હરિભક્તોના ઉપર બધો રંગ છવાઈ ગયો હતો. ૨૯. જેમ ગોકુળ ઉપર ઈન્દ્ર બારે મેઘ લઈને આવ્યો અને તેણે હેલી મચાવી દીધી તેમ શ્રીહરિએ રંગે રમીને હેલી કરી દીધી હતી. તે શોભાને મુખથી કહી શકાતી નથી. ૩૦. શ્રીહરિ જે રીતે હોળી રમતા હતા. તે રીતે જ બધા સંતો હોરીના પદ ગાતા હતા. જે હરિભક્તો તથા દેવો આવ્યા હતા તે બધા શ્રીહરિના યશ વિના એક પણ બીજો શબ્દ બોલતા ન હતા. ૩૧. બધા જ દેવતાઓ તે વખતે વાજિંત્ર વગાડીને "સ્વામિનારાયણ" નામનું ગાન કરતા હતા. ચૌદે લોકમાં અને બધા જ ધામોમાં સહુ "સ્વામિનારાયણ" નામનું જ ઉચ્ચારણ કરતા હતા. ૩૨.

चोपाई :

स्वामिनारायण नाम को जोउ, कलि में अति महिमा भये सोउ;
अवतार मात्र कहावत जेउ, आप आपके धाम में रहे तेउ...३३
स्वामिनारायण नाम हि तेहा, भक्त सह उचरत भये एहा;
स्थावर जाति कहावत जेति, स्वामिनारायण उचरत तेति...३४

આ કળિયુગમાં "સ્વામિનારાયણ" નામનો મહિમા તો અતિશય વધ્યો છે. પોતપોતાના ધામોમાં રહેલા જે અવતારો છે તે બધા જ પોતાના ભક્તોએ સહિત "સ્વામિનારાયણ" આવા નામને ઉચ્ચારે છે. તેની ધૂન કરે છે અને જેટલી સ્થાવર જાતિ છે તે પણ "સ્વામિનારાયણ" નામનું ઉચ્ચારણ કરે છે ૩૩-૩૪.

पशु पक्षि एह नाम रटे जबही, अंतर सुख अति वर्ते तबही;
एसो नाम को भये प्रतापा, श्रीहरि मुख जपत भये आपा...३५
ओर हरि के जितने नामा, उचरत भये हि सुंदरश्यामा;
स्वामिनारायण नाम में आई, नाम अनंत लिन होत देखाई...३६

પશુઓ અને પક્ષીઓ પણ જ્યારે 'સ્વામિનારાયણ' નામને રટે છે ત્યારે તેમના અંતરમાં અત્યંત સુખ થાય છે. આ નામનો એવો પ્રતાપ છે કે સ્વયં શ્રીહરિ પણ 'સ્વામિનારાયણ' એ નામનો જપ કરે છે. ૩૫. સુંદરશ્યામ શ્રીહરિએ પોતે જ કહ્યું છે કે ભગવાનનાં બીજા જે અનંત નામ છે તે બધા "સ્વામિનારાયણ" નામમાં લીન થઈ ગયા હોય તેમ દેખાય છે. ૩૬.

ભવ, બ્રહ્મા અને દેવરાજ ઈન્દ્ર વગેરે દેવો બધા રંગમાં રસબસ થઈ ગયા. સહુ એવો યશ ગાતા હતા કે આવો રંગોત્સવ તો અમે ક્યારેય દેખ્યો જ નથી. ૩૭. રંગ રમવાનું લગભગ પૂરું થયું ત્યારે દરબાર એભલ ખાચરે શ્રીહરિને પાસે આવી વિનંતી કરીને કહ્યું. ૩૮. મહારાજ, આપ અહીંયા ખૂબ જ રંગે રમ્યા. રંગનો બધો પ્રવાહ ઉન્મત્તગંગા સુધી પહોંચ્યો છે. અંગો ઉપર રંગ લાગી ગયો છે. અને રંગથી બધે કીચડ થઈ ગયો છે. ૩૯. હે પ્રભુ ! અમે પણ અમારા દરબારગઢમાં આટલો જ રંગ તૈયાર કરીને મૂકી રાખ્યો છે. તો આપ સહુ સંતો અને હરિભક્તોને સાથે લઈને ત્યાં પધારો અને રંગે રમો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિએ જીવા ખાચરના રાજદરબારમાં હોળી નિમિત્તે રંગક્રીડા કરી' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ।।૫।।



પૂર સાતમું : તરંગ - ૬

એભલ ખાચરના રાજદરબારમાં રંગક્રીડા કરી, ગંગામાં સ્નાન કર્યું અને શ્રીહરિ જીવા ખાચરના રાજદરબારમાં આવ્યા.

પૂર્ણકામ ઘનશ્યામ શ્રીહરિએ દરબાર એભલ ખાચરની વિનંતી સાંભળી. પોતે રંગમાં રસબસ હતા પણ તરત તેમના દરબારમાં જવા ચાલતા થયા. ૧. સંતો, દરબારો, પાર્ષદો અને બીજા બધા હરિભક્તોને શ્રીહરિએ સાથે લીધા. અનંત વાજિંત્રો વાગી રહ્યાં હતાં. સહુ બજારે ચાલ્યા. ૨. દરબાર રંગથી ભરેલો બંબો ઊભી રાજબજારમાં લાવ્યા. તેથી રંગ લઈને ઊભી બજારે ધર્મકુમાર શ્રીહરિ રંગ ઉડાડીને રંગે રમતા આવ્યા. ૩. બજારમાં વણિકોની દુકાનો ત્રણ ત્રણ માળવાળી હતી. તેમાં ઘણા મનુષ્યો ભરાયેલા હતા. શ્રીહરિ તેમના ઉપર રંગ નાખતા હતા. ૪. શ્રીહરિ એવી રીતે રંગે રમ્યા કે બધી બજારને અને દુકાનોને રંગ રંગ કરી દીધી. તે વેળાએ શ્રીહરિ એભલ ખાચરના દરબારગઢમાં આવ્યા. ૫.

દરબારના ચોક વચ્ચે લીમડાના ઝાડની વેદિકા હતી. ત્યાં આવીને તેના ઉપર શ્રીહરિ ઊભા રહ્યા. દરબાર એભલ ખાચરે જેટલા કેસરી રંગના માટલાં ભરેલા હતા તે બધાને ત્યાં મગાવ્યા. ૬. તેમાંથી અરધો રંગ શ્રીહરિએ સંતોને આપ્યો. પછી શ્રીહરિએ અને સંતોએ રંગની ધૂમ મચાવી દીધી. જેટલા ગૃહસ્થ હરિભક્તો હતા તે બધા શ્રીહરિના તરફ રહ્યા. ૭. બંબામાંથી ભરેલી રંગની પિચકારીઓ એવી તો છૂટવા લાગી કે એભલ ખાચરના બધા ભવન અને બધો દરબારગઢ રંગરંગ થઈ ગયો. ૮. ઢોળાયેલા રંગનો પ્રવાહ બજારમાં થઈને ઉન્મત્ત ગંગા નદીએ જઈ મળ્યો. તે વખતે ગુલાલ પણ પુષ્કળ પ્રમાણમાં ઉડાડ્યો. તેનો પાર રહ્યો નહીં. ૯. દરબારના મકાનોની ઉપરના બધા છાપરાં ગુલાલથી ભરાઈ ગયા. કેટલોક ગુલાલ તો ભવનોની અંદર ભરાઈ ગયો અને ગુલાલથી તો આખો ચોક પણ ભરાઈ ગયો. ક્યાંય ગુલાલનો પાર ન રહ્યો. ૧૦.

લીમડાનાં જેટલાં પાંદડા હતા અને જેટલી ડાળીઓ હતી, તે બધું ગુલાલ ગુલાલ થઈ ગયું. નીચેની વેદિકા પણ ગુલાલમય થઈ ગઈ. તેની

શોભાનું વર્ણન કરતાં આવડતું નથી. ૧૧. ત્યાં રંગ ગુલાલનો ઘણો જ કીચડ થયો. બધા સંતોના ચરણ તેમાં પડતા હતા અને સોળે ચિન્હોએ સહિત રંગભીના શ્રીહરિના ચરણ પણ તે રંગના કીચડમાં પડતાં હતાં. ૧૨. તે વેળાએ વિમાનમાં બેસીને દેવો આવ્યા. તેઓ કેસરી રંગ અને ગુલાલના થાળ ભરી ભરીને શ્રીહરિ તથા સંતોના ઉપર ઉડાડવા લાગ્યા. ૧૩. સોનાની પિચકારીઓમાં ભરી ભરીને કેસરી રંગ ઉડાડતા હતા અને તાલ તથા મૃદંગ આદિ અપાર વાજિંત્રો વાગતાં હતાં. ૧૪. ગાંધર્વો તબલા અને સરોદ વગાડીને હોરીના પદ ગાતા હતા. અપ્સરાઓના અનેક પ્રકારના નૃત્યને લઈને પગમાં પહેરેલા ઝાંઝર વાગતા હતા. ૧૫.

તે બધી દેવજાતિઓ ભવિષ્ય-આગમને દેખીને સર્વોપરિ શ્રીહરિના શુભગુણોને ધર્મવંશે સહિત ગાતી હતી. ૧૬. જ્યારે અપાર રંગ ઊડવા લાગ્યો ત્યારે દેવતાઓના બધા વિમાન રંગમય બની ગયા. દેવાંગનાઓ અને અપ્સરાઓ જે હતી તે બધી રંગથી ભીંજાઈ ગઈ હતી. ૧૭. આકાશનો બધો અવકાશ હતો તે ગુલાલની ડમરીથી ભરાઈ ગયો હતો. તે ગુલાલનો રંગ તો સ્વર્ગમાં દેવોના ભવન સુધી પહોંચી ગયો. ૧૮. શ્રીહરિ અને સંતો જ્યારે રંગ અને ગુલાલથી રમી રહ્યા ત્યારે તે રંગ અને ગુલાલના કીચડને બધા દેવો રસની ખાણરૂપ પ્રસાદ માની, વિમાનમાં ભરીને સ્વર્ગમાં લઈ ગયા. ૧૯. તે રીતે જ બધા હરિભક્તોએ રંગને મહાપ્રસાદ સમજીને લઈ લીધો. શ્રીહરિના ચરણોથી લપેટાઈ ગયેલા ગુલાલનો તો કોઈ પાર જ ન હતો. ૨૦. બધા સંતોએ એક એક પૉશ તે ગુલાલને પ્રસાદી સમજીને ભરી લીધો.

આ પ્રમાણે શ્રીહરિએ અલૌકિક રંગોત્સવ કર્યો. શ્રીહરિના પ્રસાદીરૂપ રંગનો છાંટો પણ જેને અડ્યો હોય, તેની સામે જમદૂતો પણ જોઈ શકતા ન હતા. ૨૧. આ પ્રમાણે જ્યારે શ્રીહરિ રંગક્રીડા કરી રહ્યા ત્યારે ઉન્મત્તગંગાએ સ્નાન કરવા ચાલ્યા. પ્રભુ શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા અને સાથે અપાર સંતો અને હરિભક્તોને લીધા. ૨૨. બધા વાજિંત્રો વાગતાં હતા. સંતો હોરીના પદ ગાતા હતા. શ્રીહરિની મૂર્તિ રંગરસિલી હતી અને તેમની ચંચળ દૃષ્ટિ(ચિતવની) અતિશય સોહામણી લાગતી હતી. ૨૩.

શ્રીહરિએ ગુલાબના હાર, તોરા અને ગુચ્છ ધાર્યા હતા. બાજુબંધ અને પહોંચીના શણગાર પણ ગુલાબના હતા. બીજા હાર તો મસ્તક ઉપર છવાયેલા અને ચારેકોર લટકાવેલા દેખાતા હતા. ૨૪. ફૂલહાર અને રંગમાં મૂર્તિ ગરકાવ હતી. આવી શોભાથી સંપન્ન શ્રીહરિ રાજમાર્ગે ચાલીને ઘેલા નદીએ પહોંચ્યા. ૨૫.

ગઢપુરના દક્ષિણ દરવાજે જ્યાં ઘેલા નદીનો કિનારો છે ત્યાં શ્રીહરિ આવ્યા. તેમના દિલમાં આજે અત્યંત ઉમંગ છવાયેલો હતો. ૨૬. નદીમાં એક મોટો ધરો હતો ત્યાં આવ્યા. સાથે દરબારની સવારી પણ હતી. શ્રીહરિ ત્યાં તરત જ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા અને જઈને પાણીના ધરામાં નાહ્યા. ૨૭. તે વેળાએ બધા સંતો અને હરિભક્તો તે ધરામાં નાહ્યા. ધરો રંગમય થઈ ગયો. તે પાણી દ્વારા રંગ સમુદ્ર સુધી પહોંચી ગયો. ૨૮. શ્રીહરિનો મહાપ્રસાદીભૂત રંગ તો બધા દેવોને પણ દુર્લભ હતો. તે રંગને ઉન્મત્તગંગા વારે વારે પામે છે અને તેનાથી તે મનમાં ઘણી જ પ્રસન્ન રહેતી હતી. ૨૯. ઉન્મત્તગંગાને શ્રીહરિનો સંબંધ રાત-દિવસ સતત રહેતો હતો. તેથી બીજી બધી ગંગાઓ “અમારી જાતની ઉન્મત્તગંગાને શ્રીહરિએ આ વખતે ખૂબ જ પ્રસિદ્ધ કરી છે.” એમ ઉન્મત્તગંગાના વખાણ કરતી હતી. ૩૦.

ભૂમિ ઉપર ગંગા ઘણી જગ્યાએ રહી છે. પણ આવું પ્રત્યક્ષ પરમેશ્વરના સંબંધનું સુખ બીજી કોઈ ગંગાને મળ્યું નથી. જેના જળમાં અક્ષરાધિપતિએ સ્નાન કર્યું છે. એટલે હવે અમે તેની દાસી થઈને રહીએ છીએ. ૩૧. બધી ગંગાઓ આવું બોલતી હતી. બીજી કોઈ ગંગા આ ઉન્મત્તગંગાને તુલ્ય ક્યારેય થશે નહિ. આ ગંગામાં જેણે સ્નાન કર્યું હોય તે મનુષ્યને ધન્ય છે. કારણ કે, આમાં નહાવાથી તે જન્મ અને મરણથી છૂટી ગયા છે. ૩૨. અમે આ ઉન્મત્તગંગાના યશને ઘણા પ્રેમથી સરસ રીતે વારેવારે રાત-દિવસ ગાઈએ છીએ. હવે તો નવસોને નવ્વાણું બધી જ નદીઓ આ ગંગાના યશને ગાશે. ૩૩. ઉન્મત્તગંગા શ્રીહરિનો પ્રસાદીનો રંગ પુષ્કળ (ઢેર) પ્રમાણમાં સમુદ્રમાં લઈ ગઈ. તેથી તે રંગમાં સમુદ્ર પણ નાહ્યો અને સમુદ્રમાં જેટલી નદીઓ આવી હતી તે બધીએ પણ તે પ્રસાદીના રંગમાં સ્નાન કર્યું. ૩૪.

જે ઉન્મત્તગંગામાં રોજ શ્રીહરિ નહાતા હતા ત્યાં આવીને ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ બધા દેવો નહાતા હતા અને તેમની સર્વ પત્નીઓ પણ તે પ્રસાદીના જળમાં નહાતી હતી. ૩૫. તે કારણને લીધે જ આ ઉન્મત્તગંગા ચૌદે લોકમાં પ્રસિદ્ધ થઈ ગઈ. જેને ઘોર પાપોથી છૂટવાની ઈચ્છા હોય તે ઉન્મત્તગંગામાં સ્નાન કરતા રહેતા હતા. ૩૬.

दोहा : जेसो चितवत मन में, तेसो फल हि देत;
धर्म अर्थ काम मोक्ष हि, सहज हि सब ही लेत...३७

આ ગંગામાં સ્નાન કરનારો પોતાના મનમાં જેવો સંકલ્પ કરે તેવું ફળ તેને ગંગા આપે છે. આ ગંગામાં સ્નાન કરવાથી સહુ કોઈ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ફળને સહજમાં પ્રાપ્ત કરે છે. ૩૭.શ્રીહરિ ઉન્મત્તગંગામાં ઘણીવાર સુધી નાહ્યા પછી પાણીમાંથી બહાર નીકળ્યા. બધા સોનેરી વસ્ત્ર પહેર્યા અને મસ્તક ઉપર કલગી ધારણ કરી. ૩૮. શ્રીહરિના અશ્વને પણ બધા જ સોનેરી સાજથી શણગાર્યો હતો. પછી જ્યારે શ્રીહરિ તેના ઉપર બેઠા ત્યારે અદ્‌ભુત શોભા કરી હતી. ૩૯. રાજમાર્ગે ચાલીને સહુને દર્શન આપતા હતા. આગળ વાજિંત્રો વાગતા હતા. આ રીતે શ્રીહરિ જીવા ખાચરના રાજદરબારમાં પધાર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'એભલ ખાચરના રાજદરબારમાં રંગક્રીડા કરી, ગંગામાં સ્નાન કર્યું અને શ્રીહરિ જીવા ખાચરના રાજદરબારમાં આવ્યા' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર સાતમું : તરંગ - ૭

શ્રીહરિ ગઢપુરથી હાલાર દેશ જઈને કચ્છ આવ્યા અને ત્યાં કાળાતળાવ ગામમાં ભાગવતની કથા કરાવી

પછી શ્રીહરિ મંડપ વચ્ચે આવીને ફૂલના હિંડોળા ઉપર બેઠા. ત્યાં સમગ્ર સંતોની સભા થઈ. તે વેળાએ મહાન ઉત્સવ છવાઈ ગયો. ૧. તે વખતે

જીવા ખાચર વિવિધ પ્રકારના પૂજાપાથી ભરેલા સોનાના થાળ લઈને આવ્યા. તેનો ગણ્યે પણ પાર આવતો ન હતો. ૨. તેમનો જેટલો પરિવાર હતો તે બધા પૂજા કરવા આવ્યા. સહુને શ્રીહરિના ઉપર ઘણો જ પ્રેમ હતો. તેમણે સહુ પ્રથમ પૂજા કરી. ૩. શ્રીહરિને બધા સોનેરી વસ્ત્ર પહેરાવ્યા અને તે પછી સહુએ વિવિધ પ્રકારના આભૂષણ પહેરાવ્યા. ૪. વિશાળ બુદ્ધિવાળા જીવા ખાચર કેસરવાળું ઘસેલું ચંદન સોનાના કટોરામાં ભરીને લાવ્યા. તેમણે તે ચંદન શ્રીહરિનાં લલાટમાં ચરચ્યું. ૫. વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો ત્યારે શ્રીહરિ મરક મરક હસતા હતા. સોળે ચિહ્નોથી યુક્ત ચરણોમાં ચંદન ચરચ્યું, અને તે પછી આનંદિત થઈને હૃદય ઉપર તે ચરણો લીધા. ૬.

દરબાર જીવા ખાચરના નાના ભાઈ મૂળુ ખાચર નામે હતા. તેમણે પણ મોટા ભાઈની જેમ જ શ્રીહરિની પૂજા કરી અને તેમના આખા પરિવારે પણ તે રીતે પૂજા કરી. ૭. પછી જે બીજા દરબારો ત્યાં આવ્યા હતા, તેમણે પણ તેમની જેમ જ પૂજા કરી. બીજા બધા હરિભક્તોએ પણ શ્રીહરિની પૂજા કરી. જેને જેવો ભાવ હતો તેણે તેવો લાભ લીધો. ૮. તે પછી કપૂરથી આરતી ઊતારી. જ્યારે બધા શ્રીહરિની પૂજા કરી રહ્યા, ત્યારબાદ ત્યાં બેઠેલા સંતોની અને વર્ણીઓની પણ કેસરયુક્ત ચંદનથી અને પુષ્પોથી પૂજા કરી. ૯. ત્યાર પછી સંતોએ શ્રીહરિની પૂજા કરી. તે સમયે ઘણી અદ્‌ભુત શોભા થઈ હતી. જ્યારે સંતો પૂજા કરી રહ્યા, ત્યારે કેસરી ચંદનથી ચરચેલા અંગવાળા શ્રીહરિ એક એક સંતને પોતાની પાસે બોલાવી બોલાવીને સ્વેચ્છાથી તેમને ભેટ્યા અને બધા હરિભક્તોના મસ્તકે ચરણ મૂક્યા.

તે સમયે પ્રવીણ એભલ ખાચર બોલ્યા. ૧૦-૧૧. હે મહારાજ ! હવે અમારે પણ આ રીતે પૂજા કરવી છે તો અમારા દરબારગઢમાં આપ પધારો. ત્યારે ભક્તવત્સલ અને ભક્તપ્રતિપાલક પ્યારા શ્રીહરિ તત્કાળ જ ઊઠ્યા. ૧૨. એભલ ખાચર તે સમયે ત્યાં સોનેરી સાજથી શણગારેલો હાથી લાવ્યા. તેના ઉપર મોતી અને નંગથી મઢેલી અંબાડી મૂકી હતી. ૧૩. શ્રીહરિ હાથી ઉપર બેઠા. અને એભલ ખાચર પણ ચામર કરવા માટે તત્કાળ જ બેઠા.

લોકો જયજયકારનો ઉચ્ચાર કરવા લાગ્યા. ૧૪. ત્યારે વાજા વાગી રહ્યા હતા. સંતો અને સર્વે હરિભક્તો સાથે હતા. અને મહા ઉત્સવ છવાઈ રહ્યો હતો. એવા થકા શ્રીહરિ રાજબજારમાં ચાલતા હતા. ૧૫. એવી રીતે ધીરે ધીરે એભલખાચરના રાજદરબારમાં આવ્યા અને ધર્મકુમાર શ્રીહરિ ત્યાં હાથી ઉપરથી નીચે ઊતર્યા. ૧૬. ત્યાં સુંદર ફૂલનો અદ્ભુત હિંડોળો બનાવ્યો હતો. સુખકારી ઘનશ્યામ શ્રીહરિ હિંડોળા ઉપર બેઠા. સામેના ભાગમાં આવીને સંતો અને હરિભક્તો બેઠા. અદ્ભુત સભા થઈ જે વર્ણવી શકાતી નથી. ૧૭. દરબાર એભલ ખાચર સોનાના થાળ ભરી ભરીને પૂજાપો લઈને પૂજા કરવા માટે આવ્યા. કેસરયુક્ત ઘસેલું ચંદન સોનાના કટોરામાં ભરીને લાવ્યા. ૧૮.

પહેલા દરબારે સોનેરી વસ્ત્ર અને આભૂષણ શ્રીહરિને પહેરાવ્યાં. લલાટમાં કેસરચંદનની અર્ચા કરી અને વચ્ચે કુંકુમનો લાલ ચાંદલો કર્યો. ૧૯. કેસરયુક્ત ચંદન ચરણોમાં ચરચ્યું અને પછી તે ચરણોને હરખભેર હૈયા ઉપર ચાંપ્યા. દરબાર એભલ ખાચરનો જેટલો પરિવાર હતો તે સર્વોપરિ હરિભક્ત થયો હતો. ૨૦. તેમના બધા પરિવારે પણ દરબાર એભલ ખાચર કરતા પણ વધારે ભાવનાથી પૂજા અને સત્સંગનો અધિક લાભ લીધો. એકબાજુ આપણા સત્સંગના સમસ્ત સંતો અને હરિભક્તોને ગણવામાં આવે અને બીજીબાજુ એભલ ખાચરનો પરિવાર ગણવામાં આવે. તો તેમાં દાસભાવે શ્રીહરિની સેવા કરવામાં તે દરબારના પરિવારને તુલ્ય કોઈ થઈ શકે નહિ. ૨૧.

चोपाई :

धर्म भक्ति किये सेव हि जेसी, नृप परिवार सेव किये तेसी;
अपने राजद्वार हि केरे, हरिकु मालक कीने एरे...२२
हरि कहे त्युं सब हि करही, हरि के वचन शिर पर धरही;
हरि विन ममत न रखे कोई, एसी मति सब की होई...२३
हरि दिये अन्न वसन हि जेसा, परिवार ग्रहण करत भये तेसा;
यामें कोई संशय न करहु, हरिकु रिझावन तान हि सबहु...२४

શ્રીહરિની સેવા જેવી ધર્મપિતા અને ભક્તિમાતાએ કરી હતી તેવી જ સેવા આ એભલ ખાચરના પરિવારે કરી છે. આ બધાએ પોતાના રાજદરબારના માલિક શ્રીહરિને કરી દીધા હતા. ૨૨. શ્રીહરિ જેમ કહે તેમ સહુ કરતા. શ્રીહરિનું હરેક વચન સહુને શિરોધાર્ય હતું. શ્રીહરિ સિવાય બીજે ક્યાંય મમતા ન હતી, એવી સહુની સમજણ હતી. ૨૩. શ્રીહરિ તે પરિવારને જેવા અન્ન વસ્ત્રાદિક આપે તેને તેઓ સહુ ગ્રહણ કરતા. તેમાં કોઈ કાંઈપણ સંશય કરતા નહિ. સહુને શ્રીહરિને રાજી રાખવાનું જ એક તાન હતું. ૨૪.

શ્રીહરિ પણ તે સહુના મનની નિષ્ઠાને તપાસવા માટે તેમને કોઈપણ મકાનમાં એક માસ જેટલું પણ રહેવા દેતા નહિ. ૨૫. દરબાર એભલ ખાચર અને તેનો પરિવારથી ક્યારેય એવું બોલાતું નહોતું કે, "આ અમારું ઘર છે." અને એવું જો ભૂલથી પણ બોલાય જાય તો તરત જ શ્રીહરિ રિસાઈને ત્યાંથી ચાલતા થતા હતા. ૨૬. જ્યારે જ્યારે શ્રીહરિ આવી રીતે રિસાતા હતા ત્યારે તેનું એક જ કારણ હતું કે તે હરિભક્તોને નિજ સ્વરૂપમાં અધિક પ્રેમ કરાવવો. પરંતુ તે વખતે કોઈને પણ કોઈ હેતુ કળ્યામાં આવતો નહીં. શ્રીહરિના એવા અનેક ચરિત્રો છે. ૨૭. જેનામાં શ્રીહરિને પોતાના સિવાય બીજે ક્યાંય પણ રંચમાત્ર હેત દેખાય, તો શ્રીહરિ પોતાનામાં હેત વધે તે માટે સંતોની સાથે તરત જ ચાલી નીકળતા. ૨૮.

તે હુતાશની પછીની રામનવમી અને ભીમ એકાદશી શ્રીહરિએ ગઢપુરમાં રહીને કરી. નિયમની (અષાઢ સુદિ) એકાદશી અને શ્રાવણ વદિ જન્માષ્ટમી પણ ગઢપુરમાં રહીને જ શ્રીહરિએ કરી. ૨૯. શ્રીહરિ એક એકથી ભારે ઉત્સવ કરતા હતા. તેનો લખતા લખતા પણ પાર આવે તેમ નથી. અષાઢી વર્ષ અનુસાર (વિચરણ દરમ્યાન માગસર-પોષ માસમાં કરિયાણા ગામે બે માસમાં સતત વંચાવીને ઉપરા ઉપર ભાગવતની સાત પારાયણ કરાવી હતી. તે ઉપરાંત) વિ.સં. ૧૮૬૧ની હુતાશનીથી લઈને વિ.સં. ૧૮૬૨ની જન્માષ્ટમી સુધી ગઢડામાં ભુજના પ્રાગજી દવે પાસે ભાગવતની કથા સાત વખત કરાવી હતી. ૩૦-૩૧. જ્યારે ભાગવતની એક કથા પૂરી થાય ત્યારે

શ્રીહરિ વક્તાને સો (૧૦૦) રૂપિયા દક્ષિણામાં આપતા. રોજનું પાકું સીધું આપતા અને તેમની પાસે કથાનું તેટલું કામ લેતા કે, ૩૨. આખો દિવસ અને અરધી રાત સુધી નિત્ય કથા કરાવતા. વચ્ચે વચ્ચે બીજા પણ કેટલાક શાસ્ત્ર આવતા, તેને વંચાવતા હતા. ૩૩.

વ્યાસજીનાં રચેલા અને મોટા મોટા આચાર્યોના રચેલા શાસ્ત્રોને કાશી સુધીથી મગાવતા હતા. ૩૪. બધા શાસ્ત્રોનું રહસ્ય શ્રીહરિ ખેંચી લેતા. પછી તે મતમાં એકઆની જેટલું પણ કાંઈ જાણવાનું બાકી રહેતું નહિ. આ પ્રમાણે શ્રીહરિ ગઢપુરમાં જેટલા વર્ષ રહ્યા તેટલા વર્ષ સુધી શાસ્ત્રોની કથા વંચાવતા રહ્યા. ૩૫.

આ રીતે જન્માષ્ટમી સુધી ભાગવત વંચાવ્યું. પછી જન્માષ્ટમીનો ઉત્સવ ઘણો મોટો કર્યો. બધા સંતોને અને હરિભક્તોને બોલાવ્યા. ઉત્સવ પૂરો કરીને તરત જ ગઢપુરથી ચાલ્યા. ૩૬. **"ખંભાળા"** ગામ ગયા. ત્યાંથી **"કોટડા"** આવ્યા અને ત્યાંથી **"સરધાર"** થઈને **"મોડા"** રહ્યા. ૩૭. બધી સવારી સાથે રાખીને હાલાર દેશમાં વિચર્યા. સત્સંગના સૂર્ય જેવા શ્રીહરિએ ગામે ગામ ફરીને હરિભક્તોને દર્શન દીધા. ૩૮.

પછી **જોડિયા** બંદરથી વહાણમાં બેઠા. **માંડવી** આવ્યા. ત્યાં થોડા દિવસ રહ્યા. ૩૯. પછી ભુજની ફરતા ચારેબાજુના હરિભક્તોના જેટલા ગામો હતા તેમાં શ્રીઘનશ્યામ ફર્યા. ક્યાંક એક દિવસ તો ક્યાંક બે દિવસ રહેતા. ૪૦. **કાળાતળાવ** ગામમાં ભીમજી સુતારને ઘેર શ્રીહરિ ઘણા દિવસ રહ્યા અને ત્યાં સંપૂર્ણ ભાગવત વંચાવ્યું. ૪૧. કાળાતળાવમાં જળઝીલણી એકાદશી કરી. પછી શ્રાદ્ધપક્ષમાં રહ્યા અને થોડા નવરાત્રિના દિવસોમાં રહ્યા. (ભાગવત કથા કરાવી તે આ સમયે સમજવી.) અને પછી ત્યાંથી ચાલવાની તૈયારી કરી. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ ગઢપુરથી હાલાર દેશ જઈને કચ્છ આવ્યા અને ત્યાં કાળાતળાવ ગામમાં ભાગવતની કથા કરાવી' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર સાતમું : તરંગ - ૮

શ્રીહરિએ ભુજમાં હીરજીભાઈના સ્વભાવને જોઈને બધાને લોભાસક્તિ બતાવી

શ્રીહરિ કાળાતળાવથી ગામ **'તેરા'** આવ્યા. ત્યાં થોડા દિવસ રહીને પછી **'માનકૂવા'** ગામ આવ્યા. ૧. ત્યાંના ગામધણી દરબાર અદાભાઈએ શ્રીહરિને પોતાને ઘેર રાખ્યા અને સેવા કરીને અલૌકિક લાભ લીધો. ૨. અદાભાઈ ઘણા સારા હરિભક્ત હતા. તેમણે દશેરા અને માણેકઠારી (શરદ) પૂનમ ઘણા જ સ્નેહભાવથી કરાવી અને ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૩. કચ્છ દેશમાં સુતાર અને કણબી હરિભક્ત બહુ હતા. તે સિવાય લોહાણા, વિપ્ર, વાણિયા અને રાજગર પણ હરિભક્તો હતા. ૪.

પછી શ્રીહરિ **ભુજ** આવ્યા. ત્યાંના રાજાએ (મહારાવે) ઘણું સન્માન કર્યું. હીરજીભાઈ અને સુંદરજીભાઈ બંને ભાઈ સુતાર હતા. ૫. તેમણે શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા અને ઘણા દિવસ સુધી સેવા કરી. ભુજ નગરમાં ઘણા હરિભક્તો હતા. તે બધા ઊંચી જ્ઞાતિના અને અપાર હતા. ૬. તે બધા વિપ્ર, નાગર, કાયસ્થ, વાણિયા, લોહાણા, મલ્લ, પરજિયા સોની અને લુહાર વગેરે કારીગરો પણ કેટલાક સત્સંગમાં હતા. ૭. પુરમાં રાજગર હરિભક્તો હતા, તે રોજ ઘણા જ ભાવથી શ્રીહરિની મેવા-મીઠાઈ અને ફૂલહાર લાવીને વારંવાર પૂજા કરતા. ૮. સુંદરજીભાઈ અને ગંગારામ મલ્લ વગેરે બધા હરિભક્તો નિત્ય શ્રીહરિની પાસે ઘણા જ પ્રેમભાવથી આવતા, અને વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિની પૂજા કરતા હતા. ૯.

હીરજીભાઈ સત્સંગી તો ઘણા સારા હતા, પણ તેવી જ રીતે તેના અંતરમાં લોભ ઘણો રહ્યો હતો. કોઈ બીજા હરિભક્ત આવીને ઘણા જ પ્રેમભાવથી સરસ રીતે શ્રીહરિની પૂજા કરતા હોય, ૧૦. ત્યારે તેને દેખીને હીરજીભાઈને મનમાં હરખ ન થાતો, તેમની એવી સહજ પ્રકૃતિ હતી. કોઈ હરિભક્ત શ્રીહરિને માટે કાંઈ ખર્ચ કરે, તે જોઈને હીરજીભાઈથી સહન થતું નહિ. ૧૧. બીજા હરિભક્તો આગળ તેઓ વાત કરતા કે,

તમે બધા બાળક જેવા છો. શ્રીહરિ તો લક્ષ્મીપતિ છે. સમગ્ર વિશ્વને તેઓ જ લક્ષ્મી આદિક આપે છે. ૧૨. તે રીતે તેમના સંતો પણ તેવા જ મહાન છે. તેમને તો ત્યાગ જ રુચે છે. ત્યાગમાં જ તેમનો પ્રતાપ રહ્યો છે. સંતો રસાસ્વાદને તો દુઃખદાયક માને છે. ૧૩. આ સંતો આપણને બધા જ રસ આપે છે. તેમણે આપેલા રસ આપણે તેમને પાછા આપીએ, તેમાં શું વિશેષતા આવી ? ૧૪.

આપણે તેમને કાંઈ આપતા નથી. ભગવાન અને સંતો જ આપણને બધું કાયમ આપે છે. હીરજીભાઈ રોજ બધા હરિભક્તોને આવું કહેતા, તેને એક દિવસ શ્રીહરિ સાંભળી ગયા. ૧૫. વળી હરિભક્તોએ પણ શ્રીહરિની આગળ હાથ જોડીને, હીરજીભાઈ એકે એક હરિભક્તને જેવી રીતે કહેતા હતા તે બધું કહ્યું. ૧૬. શ્રીહરિએ બધી વાત સાંભળી. પછી તરત જ હીરજીભાઈને પોતાની પાસે બોલાવ્યા. અને કહ્યું, તમે ઘણા સારા હરિભક્ત છો અને તેથી જ અમને પોતાને ઘેર રાખ્યા છે. છતાં પણ તમે 'કાંઈ કામકાજ હોય તે કહેજો કે કોઈ વસ્તુ જોઈતી હોય તો કહેજો' એવું પૂછતા જ નથી. અત્યારે તો અમે તમારા મહેમાન થયા છીએ ! ત્યારે હીરજીભાઈ કહે, મહારાજ ! હું રોજ આપને માટે પાણી તો લાવી આપું છું. બીજા કોઈ તે લાવી આપતા નથી. ૧૭-૧૮.

જે સેવા કોઈ ન કરે તેવી સેવાને હું કરું છું. રાત દિવસ જેટલું પાણી જોઈએ, તેટલું હું લાવી આપું છું. ૧૯. બીજી કોઈ વસ્તુ લાવે કે ન લાવે, તેના વિના ચાલશે પણ પાણી વિના એક પળવાર પણ નહિ ચાલે, તે સેવા હું કરું છું. ૨૦. બીજા હરિભક્તો તો પુષ્કળ મેવા વગેરે લાવે છે તે જાણી-સમજીને હું ચૂપ રહું છું. અને બીજા કોઈ રસોઈ જે દિવસ ન લાવે, ત્યારે રસોઈ આપવા માટે તો હું તૈયાર જ છું. ૨૧. અમે બહુ ફૂલણ નથી. જેવું જમતાં હોઈએ તેવું આપીએ. તે અનુસારે રામાનંદસ્વામીનું પણ વચન છે. તે વચનને અમે તેવાં રૂપમાં જ રાખ્યું છે. ૨૨. ત્યારે શ્રીહરિ બોલ્યા, તમે ઘણા પાકા (ગળેલા) હરિભક્ત છો. તમે બજારમાં કોઈ ખાવાની ચીજ દેખો છો ત્યારે તે કોઈ વખત પોતાના બાળકો માટે લાવો છો ? ૨૩. તમને આ સંતો ઉપર બાળકો જેટલોએ ભાવ નથી ? એટલે તમે તો ખરા ગળેલા હરિભક્ત છો. જે તમારા

જેવા ગળેલા હરિભક્ત નથી તે સંતોના માટે મેવા લાવે છે. ૨૪. હવે જ્યારે તમારો સમાગમ તેમને થશે ત્યારે જે કાચા છે, તે તમારા જેવા પાકા થઈ જશે. હવે તો ભગવાન મળી ગયા છે, બીજું શું કરવાનું બાકી છે ? એવું બોલતા બધા શીખી જશે. ૨૫. "ભગવાન બધાને આપે છે." એટલે હવે આપણે કોઈને કાંઈ આપવું નહિ. આવું બોલીને ભગવાનમાં પણ આટલો બધાને આપવારૂપ દોષ છે તે તમે બતાવી દીધો. ૨૬.

પોતાની કમાણીમાંથી દસમો અથવા વીશમો ભાગ ભગવાનને આપવો. આવું જીવે કબૂલ કર્યું છે તે ભાગ પણ શક્તિમાન હોય કે અશક્ત હોય, તેણે સમજીને પ્રેમથી આપવો જોઈએ. ૨૭. આ બાબત શાસ્ત્રમાં કહી છે. અમે શાસ્ત્રના આધાર વિના વાત કહેતા નથી. પ્રસિદ્ધ પાંચ પાપ (સાવરણી, ઘંટી, પાણિયારુ, ખાંડણિયો અને ચૂલો) ગૃહસ્થને રોજ થયા જ કરતાં હોય છે. ૨૮. તે પાપનું નિવારણ જે નથી કરતા, તેને તે પાપ રોજે રોજ દસ ગણું વધે જાય છે. જો આવી બાબત અમે તમને ન બતાવીએ તો તેનું પાપ અમને પણ લાગે છે. ૨૯. જે ભગવાનના થઈને ભગવાનને જ ન આપે, એવા મનુષ્યને તો કૃતઘ્ની કહેવો જોઈએ. ભગવાનના ભક્તનો તો જ્યારથી જન્મ થાય છે ત્યારથી જ તેના તન, મન અને ધન ભગવાનને અર્પણ થઈ ગયા હોય છે. ૩૦.

જે એવું માને છે કે, ભગવાનને ક્યારેય કશું જોઈતું જ નથી. તે તો નિત્ય કસાઈને પણ આપે છે, તે આપણને કેમ નહીં આપે ? જેવી રીત હોય તેવી કહી દેવી જોઈએ. (ઘણા લોભી આવું માને છે અને તેને તેઓ સાચી રીત માને છે અને તે કહેવી જોઈએ એવું માને છે.) ૩૧. હરિભક્ત થઈને પણ આવી ખોટી રીતને જે ન ઓળખે-જાણે, તેવાને તો કોઈ હરિભક્ત માને નહીં. અને તે હરિભક્તને જ બુદ્ધિમાન માનવામાં આવે છે, કે જે શાણપણાથી ભગવાનને માટે જ બધી તન, મન, ધનથી સેવા કરતો હોય. ૩૨. હવે અમારે તમારું લાવેલું પાણી લેવું નથી. જે વાત જેવી હોય તેવી યથાર્થરૂપે કહી દેવી જોઈએ. તેથી કહીએ છીએ કે, 'તમે મોટા હરિભક્ત છો પણ સત્સંગની કોઈ રીત જાણતા નથી. ૩૩. અંતકાળે તો ભગવાનની સાથે જ કામ પડવાનું છેને ? સાચી રીતને જાણ્યા વિના તો ધામ પણ દૂર રહેશે.

જ્યારે સાચી રીત પ્રમાણે ચાલશો ત્યારે તમારા ઉપર ભગવાન રાજી થાશે. ૩૪. જે સંતો અને હરિભક્તો છે તે બધા તમારા લાવેલ અન્ન કે જળ લેશે નહિ.

ત્યારે હીરજીભાઈ બોલ્યા, હે મહારાજ ! હવે આપ મને સાધુ કરી દો. આપ મારાથી દુઃખાઈ ગયા છો. ૩૫. હવે મારે ઘરમાં રહેવું નથી. મેં અત્યારે આવી ટેક-પ્રતિજ્ઞા કરી લીધી છે. પોતાનું શરીર અર્પણ કરી દઉં, તો તેમાં બધું જ આવી જાય. હવે તો તેમાં એક પણ બાકી નથી રહ્યું. ૩૬. ત્યારે શ્રીહરિ બોલ્યા, સહુ હરિભક્તો સાંભળો. જુઓ, આમને તન કરતાં પણ ધન વધારે વહાલું છે. આવો લોભ બળવાન છે. કેમજે, આ બધાનું કારણ લોભ જ છે. ૩૭. લોભની રીત જ એવી છે કે શરીર છૂટે પણ ધન ન છૂટે. સમજુ માણસમાં પણ ઘણી રીત (કુચતુરાઈ) હોય છે. તેથી તેનું ચિત્ત નિર્મળ અને સરલ થઈ શકતું નથી. ૩૮. નિર્મળ ચિત્તવાળાનો સત્સંગ દિન પ્રતિદિન વધારે શોભે છે અને લોભી મનુષ્યના સત્સંગનું અંગ ઘટતા ઘટતા એકદમ ઘટી જાય છે. ૩૯. નિર્મળ મનવાળા હરિભક્તો તો ગંગારામ મલ્લ વગેરે છે. ત્યારે ગંગારામ વગેરે હરિભક્તો મનથી પ્રસન્ન થઈને બોલ્યા જે, 'મહારાજ ! અમે તો અમારું ધન સત્સંગને માટે જ રાખ્યું છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિએ ભુજમાં હીરજીભાઈના સ્વભાવને જોઈને બધાને લોભાસક્તિ બતાવી' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર સાતમું : તરંગ - ૯

હીરજીભાઈના નિમિત્તે શ્રીહરિએ સત્સંગના હિતની વાત કહી

दोहा : श्रीहरि तब बोलत भये, सुन हो सब हरिजन;
सत्संगी ताकुं जानना, सत्संग अर्थ रखे धन...०१
सत्संग कुं ओलखना, सत्संग नहि एक प्रकार;
उत्तम मध्यम कनिष्ठ हि, भेद हे तामें अपार...०२

ત્યારે શ્રીહરિએ કહ્યું, સહુ હરિભક્તો સાંભળો. સત્સંગી તેને જ જાણવો કે, જે સત્સંગને અર્થે ધન રાખતો હોય. ૧. સત્સંગને ઓળખવો.

સત્સંગ એક જ પ્રકારનો નથી. તેમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા અપાર ભેદ હોય છે. ૨. સત્સંગ કરનારા મનુષ્યને અનંત પ્રકારના સ્વાર્થ હોય છે. તે સ્વાર્થ સિદ્ધ ન થાય ત્યારે તેનો સત્સંગ કેવો છે ? તે જણાય છે. ૩. અન્ન, વસ્ત્ર વગેરે તમામનો ત્યાગ કરે એવા ત્યાગીઓ તો અપાર હોય છે. પણ એવા ઉદાર તો કોઈક જ હોય છે, જે પોતાનું શરીર પણ બીજાને માટે જ કરી રાખે. ૪.

चोपाई :

स्वाद त्याग करे पंच प्रकारा, हरि रिझावन एक निरधारा;
ओर जानो न जानो कोई, पुरुष प्रकृति आदिक सोई...०५
ताके सत्संग सो नकि जानो, हरि विन जेहि न ओर ठिकानो;
निष्काम निर्लोभ निस्नेह में सबहु, एसी की एसी रीत रहे जबहु...०६

એવા ત્યાગી તો 'એક ભગવાનને જ રાજી કરવા છે' એવો એક નિર્ધાર કરીને શબ્દ આદિ માયિક પંચવિષયના સ્વાદનો ત્યાગ કરે છે. તેમણે કરેલા ત્યાગને પ્રકૃતિ પુરુષ સુધીમાં કોઈ જાણે કે ન જાણે, તેની તેમને કોઈ પરવા નથી હોતી. ૫. એક ભગવાન સિવાય બીજો કોઈ આશ્રય જેને ન હોય તથા નિષ્કામ, નિર્લોભ અને નિઃસ્નેહ આદિ પંચવ્રતમાનમાં આવીને આવી જ એકસરખી દૃઢતા જ્યારે હોય ત્યારે તેનો સત્સંગ પાકો સમજવો. ૬.

તે શબ્દાદિક પંચવિષયનો વિવેક કરીને એક ભગવાનમાં જ સ્વાદને ઈચ્છે. તે રીતે જ ભગવાનમાં જ સર્વે અર્થ જાણે અને તે પ્રકારે ભગવાનમાં જ લોભ-લાભ માને. ૭. અને એ રીતે જ પાંચેય પ્રકારે ભગવાનમાં જ સ્નેહ રાખે. તે પ્રમાણે જ ભગવાનનાં સ્વરૂપમાં પ્રેમ કરવા માટે માનનો ત્યાગ કરે. ૮.

चोपाई :

निष्काम निर्मान निर्लोभ जोउ, निःस्वाद निःस्नेह रहे सोउ;
सो रखने को फल हे एहा, हरि में तेहि कर करना नेहा...०९
सो रखि ओरमें इच्छत सुखा, सो जनकु टरत न कबहु दुःखा;
श्रीहरिवर हे अंतरजामी, जानत हे जिनकु निष्कामी...१०

નિષ્કામ, નિર્માન, નિર્લોભ, નિઃસ્વાદ અને નિઃસ્નેહ એ પાંચ વ્રતમાન રાખવાનું ફળ એ જ છે કે, તેના દ્વારા ભગવાનમાં હેત કરવું. ૯. તે પાંચ વ્રતમાન રાખીને પછી બીજામાં સુખની જે આશા રાખે છે તેને ક્યારેય દુઃખ ટળતું નથી. ભગવાન તો અંતર્યામી છે. તે જેને નિષ્કામી જાણે છે, ૧૦.

ता पर हरि रिझत वारमवारा, शुद्ध करत सब धोई विकारा;
हरि विन सुख इच्छत नहि जेहा, अनंत सुखकु देत हरि तेहा...११
हरि में सुख रहे हे जेता, कोईके कहे में न आवत तेता;
हरि आकार दृष्टि जब होवे, सो सुख कु जन तब हि जोवे...१२

તેના ઉપર વારંવાર ખૂબ જ રાજી થાય છે. ભગવાન તે ભક્તના બધા જ વિકારોને ટાળીને તેને શુદ્ધ કરી દે છે. જે ભગવાન સિવાયનું બીજું સુખ નથી ઈચ્છતા તેને ભગવાન અનંત સુખ આપે છે. ૧૧. ભગવાનનાં સ્વરૂપમાં જેટલું સુખ રહ્યું છે ,તેટલું કોઈથી વર્ણવી શકાતું નથી. ભક્તની દૃષ્ટિ જ્યારે ભગવદાકારે થઈ જાય છે, ત્યારે જ તે સુખને ભક્ત જુએ છે અર્થાત્ અનુભવે છે. ૧૨.

दोहा : पातल से पुरुष प्रकृति लग, देहाकार रहाय;
ताको त्यागे सुख जब, तब निरावर्ण ताय...१३
सुख त्याग्यो तब जानिये, सदा रहे आनंद;
कोई इच्छा हित जिय में, होवे नहि दुःख द्वंद...१४

પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષ સુધી બધા જ જીવો પોતાને દેહાકારે જ માને છે. જ્યારે દૈહિક સુખોને તજી દે છે ત્યારે તેની દૃષ્ટિ નિરાવરણ થાય છે. ૧૩. દૈહિક સુખને તજી દીધું છે એમ ત્યારે જ જાણવું કે, જ્યારે સદા આનંદમાં રહેવાય; અને કોઈ વિષયાદિકની ઈચ્છાથી જીવમાં દુઃખ કે માન-અપમાન આદિ દ્વંદ્વ થાય નહિ. ૧૪.

આવો વિચાર જે દૃઢ કરે છે તે જ સુખિયો રહે છે, અને તે જ સાચો જ્ઞાનવાન છે. જેને જેટલું દુઃખ હોય તેનામાં તેટલું અજ્ઞાન જાણવું.૧૫. **જે એવું કહેતા હોય કે, સુખ તો ભગવાન જ છે અને ભગવાન વિનાનું જે સુખ છે તે દુઃખ જ છે. આવું સમજનારા ગૃહસ્થ કે ત્યાગી, બાઈ કે ભાઈ બધા સંત જ છે. ૧૬.**

चोपाई :

हरिजन की रीति हे एहा, सत्संग अर्थ करे जो जेहा;
ता उपर प्रसन्न होय भारी, संत हरिजन हरि भयहारी...१७
देनो लेनो सत्संग में जोउ, स्वार्थ हित करनो नहीं कोउ;
देन लेन स्वार्थ हित करही, परस्पर सो लडी मरही...१८

જે કાંઈ કરે તે બધું સત્સંગને માટે જ કરે, એ જ હરિભક્તની રીત છે. આ રીતે જે રહે છે તેના ઉપર ભયહારી ભગવાન, સંતો અને હરિભક્તો બધા જ અત્યંત પ્રસન્ન થાય છે. ૧૭. સત્સંગમાં જે કાંઈ લેવા-દેવાનું હોય તેમાં કોઈએ પોતાનો સ્વાર્થ રાખવો નહીં. જો સ્વાર્થ માટે લેવા-દેવાનું કરશે તો તે બાબતે પરસ્પર લડી મરશે. ૧૮.પછી એકબીજાનો અભાવ લઈને સત્સંગ પરના ભાવનો ત્યાગ કરી દેશે. અને સંતો-હરિભક્તોનો અભાવ-અવગુણ લઈને પછી તે કુસંગી થઈ જશે. ૧૯.

कल्यान विन स्वार्थ हि जेता, त्याग करना हरिजनकु तेता;
ताको सत्संग दिन दिन बढही, सत्संग में सो कबहु न घटही...२०

હરિભક્તોએ એક પોતાના મોક્ષ સિવાયનો જેટલો સ્વાર્થ હોય તે બધો છોડી દેવો જોઈએ. જો સ્વાર્થ છોડે તો તેનો સત્સંગ દિન પ્રતિદિન વધતો જશે અને તે સત્સંગમાંથી ક્યારેય ઘટશે નહિ, પાછો પડશે નહિ. ૨૦.

સત્સંગમાં જયારે કોઈ પોતાનો લૌકિક સ્વાર્થ ધારીને રહે છે ત્યારે પરસ્પર તે સ્વાર્થ સિદ્ધ ન થતા એકબીજાનો જરૂર અભાવ-અવગુણ આવે છે. પછી તો જેટલો લૌકિક સ્વાર્થ હોય તેટલો જ સત્સંગ રહે છે. અર્થાત્ પોતાનો લૌકિક મતલબ સારવા માટે જ સત્સંગ રાખે છે. ૨૧. જયારે સંતોમાં નિર્લોભીપણું દેખાય છે ત્યારે લોકો સત્સંગ કરે છે. પછી તે સંતો સત્સંગમાં અપાર લાભ દેખાડે છે અને કુસંગને દોષનું દ્વાર દેખાડે છે. ૨૨.

चोपाई :

अभाव अति जब आवत ताकुं, तब सत्संग तर्त होत वाकुं;
कुसंग को गुन रहे ज्यां लगही, सत्संग न होवत त्यां लगही...२३

પછી જ્યારે તેને કુસંગનો અતિશય અભાવ આવે છે ત્યારે તરત જ તેને સત્સંગ થાય છે. જ્યાં સુધી મનમાં કુસંગનો ગુણ રહે ત્યાં સુધી તેને સત્સંગ થતો નથી. ૨૩. સામાન્ય માણસને જે સત્સંગ કરાવવો તેમાં તો અનંત પ્રકારની કળાઓ રહી છે. સત્સંગ કરાવતી વેળાએ નારદ, શુક અને સનકાદિકોની ઘણી રીત દેખાડવી પડતી હોય છે. ૨૪. મોટા મોટા રાજાઓ પણ જે રીતે સત્સંગી થયા હોય, તે વાત બધા લોકોને સંભળાવવામાં આવે ત્યારે તેમને સત્સંગ થાય છે. ૨૫. અનાદિથી ચાલી આવતી રીત અને અત્યારના આ સત્સંગની રીત જ્યારે એકસરખી મળતી આવે છે, ત્યારે તેને અત્યંત દૃઢ પ્રેમ સાથે સત્સંગ થાય છે. ૨૬.

सोरठा : करत करत सत्संग, हरि में चोटत मूल जेहि;
सो सत्संग अभंग, रहत हे जूग हि जूग...२७
कष्ट परे कोटि जोउ, मिटे नहि सत्संग जबे;
अधिक उछा रहे सोउ, हरिजन संत शिरोमणि तेहु...२८

સત્સંગ કરતા કરતા જ્યારે તેના મૂળ ભગવાનમાં ચોંટી જાય છે. ત્યારે તેનો સત્સંગ યુગોયુગ સુધી અભંગ રહે છે. ૨૭.કરોડોગણું કષ્ટ આવી પડે તોપણ જ્યારે સત્સંગ ટળે નહિ, ઊલટાનો સત્સંગમાં અધિક ઉત્સાહ રહે, તો તેવા સાધુને સંતશિરોમણિ કહેવાય અને તેવા ગૃહસ્થને ભક્ત શિરોમણિ કહેવાય છે. ૨૮.

સુખદાયક શ્રીહરિ આટલી વાત કરીને ચાલવા તૈયાર થયા, ત્યારે બધા હરિભક્તો દોડીને શ્રીહરિની પાસે આવ્યા અને હાથ જોડીને વિનતિ કરવા લાગ્યા, ૨૯. “હે મહારાજ ! દિવાળી અને અન્નકોટના દિવસો આવી રહ્યા છે. તો આપ અહીં રહીને આપના મનમાં રુચે તે રીતે બંને ઉત્સવ કરો. ઉત્સવમાં જેટલો ખર્ચ થશે, તે બધા સત્સંગીઓ મળીને આપશે.” ૩૦. તે સાંભળીને શ્રીહરિ બોલ્યા, “આ રીતે તો અમે અહીંયા ન રહીએ. જે ગરીબ હરિભક્ત હોય તે તો માંડ પોતાના પેટનું પૂરું કરતા હોય છે. તેને પણ તમે ખર્ચમાં બરોબર ગણો તો તેને લેશમાત્ર સત્સંગ નહિ રહે. સત્સંગને વધારવા માટે તો અમે પ્રેમથી સમૈયાઓ કરતા રહીએ છીએ. ૩૧-૩૨.

चोपाई :

धनाढ्य होय ताको यह कामा, गरीब को कबु न लेना नामा;
गरीब तन करी करे सेवा, श्रद्धा होय ताकुं जो तेवा...३३
हुकम करी करावना जोउ, सत्संग की नहि रीत हे सोउ;
गरीब रखे सत्संग हि जेहु, एसी बरदास रखना तेहु...३४

આ ખર્ચ કરવાનું કામ તો જે ધનાઢ્ય હોય તેનું છે. તે ખર્ચમાં ગરીબ હરિભક્તનું તો ક્યારેય નામ પણ ન લેવું. ગરીબ તો જેવી શ્રદ્ધા હોય તે પ્રમાણે દેહથી સેવા કરે. ૩૩. હુકમ કરીને-ફરજ પાડીને સેવા કરાવવી તે સત્સંગની રીત નથી. જે ગરીબ હોય તેપણ સત્સંગ રાખી શકે તેવી સંભાળ રાખવી જોઈએ. ૩૪.

એક મનુષ્યને સત્સંગ થાય તેનું તો કેટલું બધુ પુણ્ય લખ્યું છે. તે વાત આર્થિક રીતે જે બળવાન હોય તેણે ભૂલવી જોઈએ નહિ. અને તે જો ભૂલી જાય તો તેનું તેને પાપ લાગે છે. ૩૫. ગરીબ હરિભક્તને કોઈ બાબત પરાણે ન કહેવી. તેને તો જે તે રીતે નભાવી લેવો. **જે ગરીબ હરિભક્તને નભાવી લે છે, તેને હરિભક્તોમાં શિરોમણિ જાણવો.** ૩૬. સત્સંગ નિમિત્તે જ્યારે જ્યારે ખર્ચ કરવાનો થાય તે જેટલા ધનાઢ્ય હરિભક્તો હોય તેમણે પોતાને માથે લઈ લેવો. ૩૭. સત્સંગને નિમિત્તે જે ખર્ચ કરે તે હરિભક્ત મુખ્ય છે અને તે આલોકમાં અને પરલોકમાં ક્યારેય દુઃખી નહિ થાય. ૩૮.

सोरठा : सत्संग के कोउ हित, अवसर आवे खरच को जबे;
खरच करे सो निमित्त, धनाढ्य में हे धनाढ्य तेहि...३९
धनाढ्य हरिजन होई, सत्संग निमत्त जान कर;
खरच करे न कोई, शोभा नहीं हे सत्संग में तेहि...४०

સત્સંગના કોઈ હિત માટે જ્યારે ખર્ચ કરવાનો અવસર આવે ત્યારે તે નિમિત્તે જે ખર્ચ કરે છે તે હરિભક્ત જ ધનાઢ્યોમાં પણ ધનાઢ્ય છે. ૩૯. અને જે હરિભક્ત ધનાઢ્ય હોવા છતાં તેવા સત્સંગ નિમિત્તેના કાર્યમાં જાણતા છતાં ખર્ચ ન કરે તો તેની સત્સંગમાં શોભા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'હીરજીભાઈના નિમિત્તે શ્રીહરિએ સત્સંગના હિતની વાત કહી' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર સાતમું : તરંગ - ૧૦

શ્રીહરિએ નિષ્કપટી તથા કપટની વાત કહી અને ભુજમાં દિપાવલીનો ઉત્સવ શરૂ કર્યો

दोहा : पुनि श्रीहरि बोलत भये, हरिजन हि जो होई;
विश्वासघात नहीं करना, मेरो बचन हे सोई...०१
सत्संग कुसंग में सबहु, चलना अदल हि रीत;
अदल चले जन ताहिकी, होवत जग में जीत...०२

વળી શ્રીહરિ બોલ્યા કે, "અમારા આશ્રિત જે હરિભક્ત હોય તેમણે ક્યારેય વિશ્વાસઘાત કરવો નહિ, એવી અમારી આજ્ઞા છે. ૧. સત્સંગમાં અને કુસંગમાં બધા હરિભક્તોએ અદલ-સચોટ રીતમાં ચાલવું. જે ભક્તજન અદલ રીતે રહેતો હોય તેની જગતમાં બધે જીત થાય છે. ૨.

જે સત્સંગી થાય છે, તેનું શુદ્ધ ધર્માચરણ જોઈને મોટા કરોડપતિઓ પણ પોતાના દીકરા કરતાય તે સત્સંગીનો વિશ્વાસ વધારે કરે છે. ૩. આપણાં સત્સંગમાં શુદ્ધ-પવિત્ર સંતોના યોગથી મનુષ્ય શુદ્ધ બુદ્ધિવાળો થાય છે. પરંતુ કેટલાક સત્સંગીઓ પણ ઠગ હોય છે, જે સંતોને ઠગે છે. ૪.

એક કુસંગી બીજા કુસંગીનો વિશ્વાસ કરતા નથી. પોતાનો સગો પુત્ર કે ભાઈ હોય તોપણ તેની તપાસ રાખે છે. માતા, પિતા, પત્ની, પુત્રી અને સગી બહેન સુધ્ધાંનો વિશ્વાસ કરતા નથી. ૫. પરસ્પર મિત્રોમાં કોઈક ઠેકાણે ધન અને સ્ત્રીની બાબતમાં થોડો વિશ્વાસ રાખે છે. અને જેટલા સત્સંગી એવું નામ ધરાવતા હોય તેમનો વિશ્વાસ બધા જ કરે છે. ૬. આજે મૂર્તિમાન ધર્મ સ્વયં પોતાના ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય આદિ પરિવારે સહિત સત્સંગમાં આવીને વસ્યા છે. તેને લીધે સત્સંગની મહત્તા છે. ૭. એક જીવને લીધે જ

આ જે આખું શરીર છે તે સચેતન દેખાય છે. છતાં શરીર દેખાય છે, પણ જીવ દેખાતો નથી. તે જીવ તો બોલવા-ચાલવાની ક્રિયા દ્વારા દેખ્યામાં આવે છે. ૮. તેમ અત્યારે ધર્મદેવ આપણા સત્સંગમાં ધર્મની વૃદ્ધિ કરતા દેખાય છે. ધર્મનો બધો પ્રતાપ એવો છે કે, જે મનુષ્ય જેવો હોય તેને તેવો દેખાય છે. ૯.

સત્સંગમાં જેનું કપટ ચાલે છે, તે ધર્મને લઈને કોઈનાથી તરત જ કળ્યામાં આવતું નથી. પરંતુ જ્યારે તે ધર્મનો ત્યાગ કરે છે ત્યારે અધર્મને પેસવાનો લાગ મળી જાય છે. ૧૦. બાહ્ય કુસંગ કરતા પણ સત્સંગમાં વધારે કપટ કરવાથી તે કપટને લઈને કપટીનું નાક કપાય છે. પછી તે નકટો થઈને દુનિયામાં ફરે છે અને આખું જગત તે કપટીને જાણી જાય છે. ૧૧. એવા નકટાને જગતમાં કોઈ તેના મોઢે બગડેલો કહેતા નથી, પણ તે નકટો મડદા જેવો થઈ જાય છે. એકબીજાની મહોબતથી કોઈ બોલે નહિ. અધર્મ પોતાનું એવું રૂપ ધારે છે. ૧૨. અધર્મીને ખાન-પાનાદિકમાં બહુ કળા આવડતી હોય છે. તે અધર્મી તો વાયુ ભક્ષણ કરીને પણ રહે. તેથી તે સંત હોય તેમને પણ વશ કરી લે. ૧૩.

તે અધર્મી સત્સંગી બનીને સહુથી શ્રેષ્ઠ અને સારામાં સારું વર્તન સત્સંગમાં કરી બતાવે. તેને કોઈ લગાર પણ કળી શકે નહિ. ૧૪. અમારાં જે જે વચન છે તે તલ તલ જેટલાં હોય તોપણ તેને યાદ રાખીને પાળે. અને બધાં વચન મુખથી બોલી બતાવે. તે વચનોને સાંભળીને હરિભક્તોનું ચિત્ત તો મુગ્ધ જ થઈ જાય. ૧૫. અધર્મીની બીજી જે કળાઓ છે તેને પણ કોઈ ઓળખી શકે નહિ. વિવિધ પ્રકારે કથા-વાર્તા અને તપ કરીને સત્સંગમાં જોરદાર રીતે વર્તે. ૧૬. આપણાં સત્સંગમાં જે ત્યાગી અને ગૃહસ્થો છે તેમના એકેએક નિયમ તથા સત્સંગના જેટલા રીતિ-રિવાજ છે, તે બધાને બધું કંઠે કરીને કહે. ૧૭. સત્સંગમાં મોક્ષના ખપવાળાને જે તાન ન હોય તેવો તે સાવધાન થઈને રહે છે, અને સત્સંગમાં એક એવો ધારો છે કે જે વિશેષ વર્તન દેખાડે તે સર્વોપરિ થઈ જાય. ૧૮.

જે સહુથી સરસ રીતે વર્તન રાખતો હોય, તેને અધર્મી કેમ કહેવાય ? કેમ જે, કોઈ ધર્મમાં ચાલતો હોય અને તેને જો અધર્મી કહે, તો તેના જેવો બીજો કોઈ પાપી ન કહેવાય. ૧૯. સત્સંગની આવી (મહિમા લેવાની)

રીત છે કે જેને લીધે કોઈ મહાપાપી મનુષ્ય પણ સર્વોત્તમ થઈ જાય. અંદરનું જે કપટ છે તે કપટ બહાર દેખાતું નથી. એટલે તે જેવો છે તેવો તેને કોણ કળી શકે ? ૨૦. જે અત્યંત કુટિલ અને કપટી હોય છે, તે પોતાના કપટ અને પાપને કળાવા દેતા નથી. અંતર્યામી પરમાત્મા તેનું કપટ કોઈને બતાવી દે છે, છતાં ધર્મવાળો તે મનુષ્ય બીજા આગળ તે કપટીના કપટને ક્યારેય મુખથી કહેતો નથી. ૨૧.

જ્યારે તે સત્સંગમાં કાંઈ ખરાબ કુકર્મ કરે છે ત્યારે તે બધાના દેખ્યામાં આવે છે. પછી જ્યારે તેનો સત્સંગમાંથી બહિષ્કાર કરવામાં આવે છે ત્યારે તેની કોઈપણ જાતની સત્તા કે અધિકાર રહેતો નથી. ૨૨. જે સત્તાધારી અધિકારી હોય તેને બીજો માણસ કઈ રીતે કહે ? કેમ જે, જો કહેવામાં આવે તો તે અધિકારી ન્યાયની વાતને પણ અનીતિ-અન્યાય ઠોકી બેસાડે. જેના હાથમાં અધિકાર હોય છે તે બીજાઓને જ દોષમાં લઈ લે છે - વાંકમાં લઈ લે છે અર્થાત્ તે પોતાનો દોષ સામેવાળાના ઉપર ઓઢાડી દે છે. ૨૩.

એટલા માટે જ અમે બહુ મોટા અધિકારીને સત્સંગ કરાવતા નથી. કેમ જે, કોણ જાણે આગળ જતા તે કેવા નીકળે ? તેઓ તો આખા સત્સંગને ડુબાડે. ૨૪. ધાર્યું તો બધું પરમેશ્વરનું જ થાય છે. બીજાનું ધાર્યું કશું થાતું નથી. છતાં મનમાં ડર લાગે છે, એટલે વારે વારે અમે તપાસ કરતા રહીએ છીએ. ૨૫. ગારુડી(મદારી) સર્પને કરંડિયામાં રાખે, પછી જો સાવધાન ન રહે - ગાફલ રહે તો સર્પ તે ગારુડીને જ કરડે, કાંઈ વાર લાગે નહિ. તે તરત ગારુડીના પ્રાણોને હરી લે. ૨૬. તેવો જ તે અમલદાર - સત્તાધારી વ્યક્તિ અગ્નિની જેમ પોતાનું પરાક્રમ જણાવ્યા સિવાય રહે જ નહિ. અગ્નિ લગાર પણ જે અંગમાં અડે તેટલું ત્યાં તરત જ દઝાડે છે. ૨૭. રાજાઓના પણ જે મોટા રાજાઓ છે તેમણે જ્યાં સુધી સત્સંગ નથી જાણ્યો અર્થાત્ આપણાં સત્સંગમાં નથી આવ્યા ત્યાં સુધી બધા હરિભક્તોને આનંદ-સુખ છે, અને આખી સભા હરિભક્તોના વૃંદની જ થાય છે. ૨૮. અત્યારે આપણી આખી સભા એવી છે કે તેમાં હરિભક્ત સિવાયનો અન્ય કોઈ માણસ નજરમાં આવતો નથી. આ સભાનાં જે દર્શન કરે છે તે મહાન પરમપદને પામે છે. ૨૯.

શ્રીહરિ જ્યારે આટલી વાત કરી રહ્યા ત્યારે સહુ હરિભક્તો શ્રીહરિની સમક્ષ બોલ્યા. તેમાં સહુ પહેલા સુંદરજીભાઈ સુતાર ત્યાં બોલ્યા, ૩૦. “હે મહારાજ ! આપ ભુજ શહેરમાં જેટલા વર્ષ સુધી રહો અને તે વર્ષમાં જેટલા સમૈયા આવે. તે સમૈયા ઉપર જેટલા સંતો અને હરિભક્તો આવે, તેમનો જે ખર્ચ થાય તે બધો આપના પ્રતાપથી હું હરખભેર આપીશ.” ત્યારે ગંગારામ મલ્લ બોલ્યા, “હે મહારાજ ! સમૈયામાં પંદર દિવસનો ખર્ચ હું આપીશ.” ૩૧-૩૨. બીજા જે હરિભક્તો હતા તેમણે પાંચ પાંચ દિવસનો જેટલો ખર્ચ થાય તે બધો આપવાની વાત કહી અને વિશેષમાં ઉપરથી રસોઈ પણ આપશું, એમ કહ્યું. ૩૩. ‘પ્રકટ હરિ ફરીવાર અહીંયા ક્યારે આવે ? અને આપણે તેમની સેવા ક્યારે કરીએ ? ગયો સમય ફરીવાર મળતો નથી.’ આવું હરિભક્તો વિચારતા હતા.

બધા હરિભક્તોનો આટલો બધો ભાવ દેખીને શ્રીહરિ ખૂબ જ રાજી થયા અને પછી બોલ્યા, ૩૪. હવે અમે અહીંયાં સમૈયો કરશું. તે સાંભળીને બધા હરિભક્તો મનમાં ઘણું રાજી થયા. પછી કચ્છ દેશના ચારેબાજુના હરિભક્તોના જેટલા ગામ હતા તેના નામ લખીને યાદી કરી. ૩૫. જે જે ગામમાં હરિભક્તો હોય, તેમાં જે મોટેરા હોય તે બધાના નામ લખ્યા અને પછી તેમને પત્ર લખીને મોકલ્યા. ૩૬. ધનતેરશને દિવસ તો બહારગામના બધા હરિભક્તો આવી ગયા અને સંતો પણ અપાર આવ્યા. સહુ શ્રીહરિને પગે લાગ્યા. ૩૭. સુંદરજીભાઈને ઘેર વિવિધ રચનાવાળો મંડપ કરાવ્યો. તેની વચ્ચે એક સુંદર સિંહાસન ગોઠવ્યું હતું. શ્રીહરિ આવીને તે સિંહાસન ઉપર બેઠા. ૩૮. બધા સંતો અને હરિભક્તો તે મંડપમાં આવ્યા. સભા સંકડાશને લીધે ઘણી ગીચ થઈ હતી. ચારેબાજુ ઉત્સવનું વાતાવરણ છવાયેલું હતું અને સંતો વાજિંત્રો વગાડીને ગાતા હતા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં ‘શ્રીહરિએ નિષ્કપટી તથા કપટની વાત કહી અને ભુજમાં દિપાવલીનો ઉત્સવ શરૂ કર્યો’ એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર સાતમું : તરંગ - ૧૧

શ્રીહરિ થાળ જમ્યા, સહુને જમાડ્યા, પછી સભામાં આવીને બેઠા

ધનતેરશને દિવસ સવારના પહોરમાં બધા સંતો આવ્યા. ઘનશ્યામ શ્રીહરિનાં દર્શન કરીને સહુને અત્યંત આનંદ થયો. ૧. હરિભક્તો વિવિધ પ્રકારના અપાર ફૂલહાર લાવતા હતા. અને તે બધા હાર શ્રીહરિને પહેરાવતા હતા. ૨. શ્રીહરિએ દરેક સંતોને એકેક ફૂલહાર આપ્યો. સંતોને જ્યારે દઈ રહ્યા ત્યાર પછી હરિભક્તોને હાર આપવા લાગ્યા. ૩. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ જમવા માટે ઊભા થયા. ચરણોમાં ચાખડીઓ પહેરીને જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા. ૪.

શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું હતું. બીજું પીતાંબર ઓઢ્યું હતું અને એક હાથમાં રૂમાલ લીધો હતો. પછી આવીને શ્રીહરિ સોનાના બાજોઠ ઉપર બેઠા. ૫. અને ચરણ ધોઈને જમવા બેઠા. જે જે ભોજન વર્ણીએ બનાવ્યા હતા તેને વર્ણી સોનાના થાળમાં ભરી ભરીને લાવ્યા. ૬. ઘેબરનો ભરેલો થાળ શ્રીહરિ આગળ ધરાવ્યો. તેને ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ જમ્યા. તે દિવસે સુંદરજીભાઈએ રસોઈ કરાવી હતી. સાકર વાપરીને જ બધાં પકવાન કર્યા હતા. ૭. બીજા પકવાન પણ ઘણાં જ કર્યાં હતાં. જેનો ગણ્યે પાર આવતો નથી. શાકભાજી પણ અનેક પ્રકારના અને અપાર હતા. તે બધા સોનાના કટોરામાં ભર્યાં હતાં. ૮.

જેટલો હરિભક્તોનો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિ દૂધપાક અને પૂરી જમ્યા. તે રીતે જ ભજીયાં, વડાં, પાપડ અને અથાણા જમ્યા. દહીં, ભાત અને સાકર પણ મનમાન્યા જમ્યા. ૯. "ભોજન ઘણા સારા સ્વાદુ થયા છે." એમ જમતી વખતે ભોજનનાં વખાણ કરતા હતા. પછી અવિનાશી શ્રીહરિએ હાથ-મુખ ધોઈ જળપાન કર્યું અને મુખવાસ લીધો.૧૦. તે પછી શ્રીહરિ બોલ્યા કે, અમારાં દર્શન કરવાં જે સંતો, દરબારો અને પાર્ષદો આવ્યા છે તે બધા હવે પંગતમાં જમવા બેસી જાય. કોઈપણ બાકી રહી જાય નહિ. ૧૧. તે સાંભળીને બધા સંતો આવ્યા. ત્યારે મંડપમાં પંગત કરી. તે સમયે સુંદરજીભાઈ કેસરયુક્ત ચંદન અને ફૂલહાર લાવ્યા.૧૨.

✵ મૂર્તિ વર્ણન :

તે વખતે શ્રીહરિ પંગતમાં આવ્યા. શ્રીહરિએ પીતાંબર પહેર્યું હતું, ચરણોમાં ચાખડીઓ હતી અને મુખથી મરક મરક હસતા હતા. ૧૩.શ્રીહરિ ત્યાં મંડપ વચ્ચે રહેલા સિંહાસન ઉપર બેઠા. સુંદરજીભાઈએ ચરણોથી લઈને મસ્તક સુધી ચંદન ચરચ્યું. ત્યારે મૂર્તિ અદ્‌ભુત શોભી રહી હતી.૧૪. મસ્તક ઉપર ફૂલની ટોપી પહેરાવી. જેમાં ફૂલના સુંદર તોરા લટકતા હતા. લલાટ વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. ૧૫. વિવિધ પ્રકારના ફૂલહાર છાતી ઉપર પહેરાવ્યા. કાન ઉપર ગુચ્છ ધરાવ્યા અને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. ૧૬. ત્યારપછી કપૂરની આરતી કરી, અને નખથી શિખા પર્યંતની મૂર્તિ હૃદયમાં ધારી લીધી. ઘણો જ મહિમા કહીને સ્તુતિ કરી. તે પછી સંતોની પૂજા પણ કરી. ૧૭. લલાટમાં કેસરયુક્ત ચંદનની અર્ચા કરી. એકેક ફૂલહાર પહેરાવ્યો. જ્યારે સંતોની પૂજા પૂરી થઈ ત્યારે શ્રીહરિ પંગતમાં પીરસવા લાગ્યા. ૧૮. ઘેબર તો મોટા મોટા કર્યા હતા. દરેક સંતોને બબ્બે ઘેબર આપ્યા. બીજા પણ જેટલા પકવાન કર્યા હતાં તે બધા એક જ પાત્રમાં પીરસ્યાં. ૧૯. પીરસાઈ ગયા પછી સંતોએ પાત્રમાં પાણીથી પ્રોક્ષણ કર્યું. અને બધા પકવાન, વિવિધ પ્રકારના શાકભાજી વગેરે બધુ ભેળું કર્યું. જે અનેક પકવાન પીરસ્યાં હતા તે બધાને મેળવીને એક જેવા કરી નાખ્યા. ૨૦. તે સમયે ભુજના બધા નાગરિકો દર્શન કરવા આવ્યા હતા. તેમણે સંતોની જમવાની અલૌકિક રીત દેખી તેથી તેઓ અત્યંત આશ્ચર્ય પામ્યા. ૨૧.

चोपाई :

हरि के धाम बिन मुक्त न एहा, सब जन कहत भये हे तेहा;
चौद लोक में संत न एसा, रस के स्वाद यह लेवत न लेशा...२२
रस कु नीरस करीके खाना, याकुं मीले जरुर भगवाना;
भगवान मीले बिन स्वाद न जावे, स्वाद हित जन जत्न करावे...२३

તે બધા લોકો બોલવા લાગ્યા કે, શ્રીહરિના અક્ષરધામ વિના આવા મુક્તો બીજે ક્યાંય નથી. ચૌદલોકમાં આવા સંત ક્યાંય નથી. આ સંતો તો લેશમાત્ર પણ રસાસ્વાદ કરતા નથી. ૨૨. જે રસપૂર્ણ ભોજનને પણ નીરસ

કરીને ખાય તેને જરૂર ભગવાન મળ્યા હોય. ભગવાન મળ્યા વિના સ્વાદ જતો નથી. સ્વાદને માટે જ તો લોકો મહેનત કરતા હોય છે. ૨૩.

જ્યાં સુધી સંતો જમ્યા ત્યાં સુધી ધર્મકુમાર શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા. પછી હાથ-પગ ધોઈને આસન ઉપર આવીને બેઠા. પીરસવામાં શ્રમ લાગ્યો હતો એટલે પોતાનું શરીર દબાવડાવ્યું. ૨૪. સેવામાં નિપુણ ગંગારામ મલ્લ અને પાર્ષદ ડુંગરજી એ બંને પોતામાં જેટલું બળ હતું તેટલું શ્રીહરિનું શરીર દબાવવા લાગ્યા. ૨૫. શ્રીહરિએ કહ્યું, તમારામાં કાંઈ બળ નથી. જે બળવાન હોય તે આવે, ત્યારે ઘણા બળવાન અને યુવાન ચાર મલ્લ ઊઠીને શ્રીહરિને જોરથી દાબવા આવ્યા. ૨૬. તે મલ્લો ઘણું જ બળ કરીને શ્રીહરિનાં પગને દબાવવા લાગ્યા. પોતાના શરીરમાં જેટલું બળ હતું તે બધું કરી જોયું. ૨૭. તે મલ્લોને શ્રીહરિનું શરીર અતિ વજ્રસમાન જણાયું. તેમણે એટલું બધું બળ કરીને દાબ્યું હતું કે, તેમની જગ્યાએ જો કોઈ મનુષ્ય હોય તો તેનું શરીર ભાંગી-તૂટી જાય. ૨૮.

શરીરને દાબીને જ્યારે તે મલ્લ થાકી ગયા ત્યારે શ્રીહરિએ કહ્યું હવે રાખો. તમે તો બહુ જોર કર્યું. અમારા શરીરનો બધો દુઃખાવો મટી ગયો છે. ૨૯. ત્યારે મલ્લોએ બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, તમે નક્કી ભગવાન પ્રગટ થયા છો. કેમ જે, આપનું શરીર દબાવીને અમે પરીક્ષા કરી લીધી છે. તેથી આપ ભગવાન છો એવો નિશ્ચય કરી લીધો છે. ૩૦. તે અમે અમારી વિદ્યાએ કરીને જ જાણ્યું છે. અમે બીજી વાતે કરીને ન માનીએ. હે મહારાજ ! અમારો મોક્ષ થાય એટલા માટે જ તમે આપનું શરીર દબાવડાવ્યું હતું. ૩૧. તે મલ્લોને જ્યારે પાકો નિશ્ચય થઈ ગયો ત્યારે શ્રીહરિએ તેમને વ્રતમાન-નિયમ ધરાવ્યાં. ત્યારપછી સંતો સ્નાન કરવા ગયા હતા તે ભુજ શહેરની બહાર જ્યાં મોટું સરોવર હતું ત્યાં બધા સંતો સ્નાન આદિ કરીને આવી ગયા. ૩૨.

❋ મૂર્તિ વર્ણન :

શ્રીહરિએ તો અહીંયાં જ તત્કાળ સ્નાન કર્યુ. ક્યાં ? તો જ્યાં દ્રાક્ષના વિશાળ મંડપ હતા ત્યાં. પછી શરીર કોરું કરીને ધોતિયું પહેર્યું.

શ્રીહરિનું લલાટ ચંદ્રના તેજ જેવું ચમકતું હતું. ૩૩. શ્રીહરિએ એક ખેસ ઓઢી લીધો. લલાટમાં કેસરયુક્ત ચંદનનું તિલક કર્યું અને જરિયાની પાઘ શ્રીહરિએ મસ્તકે બાંધી. ૩૪. શ્રીહરિએ બંને ભુજાઓ ઉપર મોતીના બાજુબંધ પહેર્યા હતા. છાતી ઉપર મોતીના હાર પહેર્યા અને મોતીના તોરા પાઘમાં ધારણ કર્યા. ૩૫. પાઘમાં શિરપેચ બાંધ્યો હતો, અને તેના ઉપર મોતીની કલગી ધારણ કરી. ચરણોમાં સોનેરી ચાખડીઓ પહેરી અને પ્યારા શ્રીહરિએ હાથમાં મોતીની છડી લીધી. ૩૬. હાથના બંને કાંડામાં સોનાના કડાં પહેર્યા. નંગ જડાઉ પહોંચીઓ પહેરી અને ચરણોમાં જે ઝાંઝર પહેર્યા હતા તેની ઘૂઘરીઓ વાગતી હતી. ૩૭.

રમઝમ રમઝમ ધ્વનિ કરતા શ્રીહરિ સંતોની સભા વચ્ચે આવ્યા અને ખૂબ જ પ્રસન્ન મુદ્રામાં શ્રીહરિ રત્નજડિત સિંહાસન ઉપર આવીને બેઠા. ૩૮. "ધર્મમૂર્તિ ધર્મપ્રદાતા ધર્મકુમારની જય !!! જય !!!" આવું બોલીને બંને ચોપદારો કનક છડી લઈને છડી પોકારતા હતા. ૩૯. વિવિધ પ્રકારના વાજિંત્રો ઉમંગથી વગાડી રહ્યા હતા. તેનો ધ્વનિ અત્યંત થાતો હતો અને બીજા બધા લોકો "જય જય" "જય જય" બોલતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ થાળ જમ્યા, સહુને જમાડ્યા, પછી સભામાં આવીને બેઠા' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર સાતમું : તરંગ - ૧૨

શ્રીહરિએ નાગર જગજીવનને ધર્મમાર્ગની સર્વોપરિતા કહી

કચ્છ દેશના બધા હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવીને બેઠા. સહુ મનમાં ઘણા જ ખુશખુશાલ હતા. ૧. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે પુરજનોએ અનંત પ્રકારના દીવાઓ મંડપમાં કર્યા. ૨. મંડપના ચારેબાજુના દરવાજાઓમાં બબ્બે દીવાઓના ઝાડ પ્રકટાવ્યાં હતાં. તેનો એટલો અપાર પ્રકાશ થયો કે જાણે સૂર્યોદય ન થયો હોય ! ૩. કોઈ ફટાકડાને ફોડતા હતા

તે શ્રીહરિને રુચતું નહિ. આ વાતને બધા હરિભક્તો જાણી ગયા હતા. તેથી તે ફોડવાનું બંધ કરાવ્યું. ૪. જે બપોરિયા કહેવાતા હતા તેને ક્યારેક ક્યારેક કોઈ ફોડતા, અને તેપણ જો કોઈક સમયે ફોડે તો જ તે શ્રીહરિને થોડું થોડું રુચતું. ૫.

ઉપરાઉપર કોઈ ફટાકડાને ફોડે તો શ્રીહરિ તેની તરત જ મનાઈ કરાવતા. તે ફટાકડાંથી સંતો-હરિભક્તોની બ્રહ્મસભામાં વિઘ્ન થાય એવું શ્રીહરિ ક્યારેય થવા દેતા નહિ. ૬. ફટાકડા બ્રહ્મસભા જેવા કહેવાય નહિ. કારણ કે, તે ફટાકડા અંત સમયે કાંઈ જ કામ લાગતા નથી. એટલા માટે જ આવા જેટલા તમાશા કહેવાતા હોય છે તે બધા શ્રીહરિને રુચતા નહિ. ૭. ભગવાનની લીલાનાં કીર્તન ગાતાં ગાતાં તો એક પલકવારમાં જ અરધી રાત વીતી ગઈ. મધ્યરાત્રિના ચોઘડીયા વાગવા લાગ્યા. પછી તરત જ મહારાજાધિરાજ શ્રીહરિ પોઢી ગયા. ૮. પછી બધી સભા ઊભી થઈ અને સહુ હરિભક્તો પોતપોતાને મુકામે ગયા. સંતો પણ પોતાને ઉતારે જઈને બેઠા. અને પોતાના હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. ૯. ધ્યાન કરતાં જ્યારે સવાર થયું ત્યારે ભગવાનનાં નામોનો ઉચ્ચાર કરવા લાગ્યા. જ્યારે "સ્વામિનારાયણ ધૂન" કરી રહ્યા ત્યારબાદ સંતો સરોવરે સ્નાન કરવા ગયા. ૧૦.

ચૌદશને દિવસે ગંગારામ મલ્લે અનેક પ્રકારના પકવાન કરાવ્યા અને સરસ રીતે શ્રીહરિને તે થાળ જમાડ્યો. ૧૧. તે રીતે જ બધા સંતોને પણ જમાડ્યા. કેસરયુક્ત ચંદન શ્રીહરિને ચરચ્યું. અને ફૂલહાર તથા પુષ્પના તોરા લાવીને શ્રીહરિને હરખભેર ધરાવ્યા. ૧૨. જેમ શ્રીહરિની પૂજા કરી તે રીતે જ સંતોની પૂજા પણ તે સમયે કરી. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે અપાર દીવાઓ પ્રકટાવ્યા. ૧૩. મનમાં ઘણું હેત લાવીને શ્રીહરિએ આરતી કરી. પછી ધૂન કરી. "સ્વામિનારાયણ" આવા શબ્દથી આખું ગગન છવાઈ ગયું. ૧૪. જ્યારે શ્રીજીમહારાજ ધૂન કરી રહ્યા ત્યારે સંતો અને હરિભક્તોનો સમાજ મંડપ નીચે સભામાં ખૂબ જ સંકડાશમાં બેઠો હતો. ૧૫. મોટા મોટા ધનાઢ્ય લોકો સારા સારા વસ્ત્ર અને આભૂષણ પહેરીને શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં આવ્યા હતા. શ્રીહરિનાં દર્શન કરી કોઈને શ્રીમંતાઈનો ગર્વ રહ્યો નહીં. ૧૬.

શ્રીહરિ જે મંડપમાં બેઠા હતા ત્યાં આવીને એક અધિકારી (અમલદાર) નાગરે જોયું. તેનું નામ જગજીવન હતું અને તે ભુજના મહારાવનો દીવાન હતો. ૧૭. તે પણ શ્રીહરિની પાસે આવીને બેઠો. તેનાં મનમાં એક મોટી ઘાત રહેલી હતી. તેણે દૃષ્ટિ ફેરવીને તે મંડપ અને સભા દેખી. તેણે આવી સભા ક્યાંય દેખી ન હતી. ૧૮. બધી સ્ત્રીઓ સ્ત્રીઓના સમુદાયમાં બેઠી હતી. અને પુરુષોના સમાજમાં પુરુષો બેઠા હતા. સંતોના મંડળમાં સંતો એક ધ્યાનથી બેઠા હતા. કોઈ પરસ્પર બીજી વાત કરતા ન હતા. ૧૯. સહુ માંહોમાંહિ કીર્તન ગાતા હતા. બધાને શ્રીહરિમાં જ એકતાન હતું. સહુને શ્રીહરિના ઉપર એવું તાન હતું કે, એવું તાન તો તેમને તેમના ઘર પર પણ ન હતું.૨૦. જેટલા હરિભક્તો સંસારી હતા. તે બાઈ-ભાઈ બધા જ શ્રીહરિનાં વચન પ્રમાણે બંધાઈને રહેતા. સગા-સંબંધીનો બધો નાતો તેમણે તોડી નાખ્યો હતો. ૨૧.

તે નાગર જગજીવન કોઈપણ હરિભક્તને પૂછે તો બધાની પાસેથી એક સરખો જ જવાબ મળતો હતો કે, જ્યાં સુધી શ્રીહરિ ઘર-સંસારમાં રાખશે ત્યાં સુધી ઘરમાં રહેશું. ૨૨. હવે પછી શ્રીહરિ જેવી આજ્ઞા કરશે તે પ્રમાણે અમે તત્કાળ કરશું. અમે જ્યારે શ્રીહરિની આજ્ઞામાં રહીએ છીએ ત્યારે અમારા જીવમાં ઘણો જ આનંદ રહે છે. ૨૩. શ્રીહરિની આજ્ઞામાં રહેવાનું આવું સુખ છે, અને બધો સંસાર તો અમને અત્યંત લૂખો-અસાર લાગે છે. શ્રીહરિનું જે કોઈ વચન ક્યારેક લોપાઈ ગયું હોય તો અમારા મનમાં અત્યંત સંતાપ થાય છે. ૨૪. જ્યારે નાગર જગજીવને સહુ બાઈ-ભાઈ હરિભક્તના મુખથી આવી વાત સાંભળી ત્યારે તે દુર્જનનાં મનમાં ઘણી જ બળતરા થઈ. તેણે મનમાં વિચાર્યું, આમાં કાંઈ કરામત (ચમત્કાર, જાદુ) દેખાય છે. ૨૫. 'સહજાનંદ' નામમાં જ લોકોને કંઈક પ્રતાપ જણાય છે. હવે હું ઠેકઠેકાણે સહુનાં નામ સહજાનંદ જ રાખું, તેનાથી તે નામનો પ્રતાપ ઊડી જાશે. ૨૬.

તે દુર્જન જગજીવનની જ એક બહેન હતી. તે ઘણી સારી સત્સંગી થઈ હતી. જગજીવનનું દુષ્ટતાભર્યું આચરણ જોઈને તે બહેન ભાઈનું કશું માનતી નહિ. ૨૭. તે દુર્જન ઉત્તમ નાગર બ્રાહ્મણ હોવા છતાં શક્તિપંથી થયો હતો. ઉપરથી શૈવ હોય તેવો શિવનો અનન્ય ભક્તરાજ દેખાતો હતો. ૨૮. તે દુષ્ટ

જગજીવને શ્રીહરિને કહ્યું, "તમે બ્રહ્મચારીની દીક્ષા લીધી છે અને ભૂપના પણ ભૂપ થઈને બેઠા છો અને તમારી પાસે કાંઈ ગામ-ગરાસ તો છે નહિ, ૨૯. છતાં તમારાં વચનને તમારા જેટલા લોકો છે, તે રાજાની આજ્ઞા કરતાં પણ વધારે માને છે. તમારામાં એવો કયો પ્રતાપ છે, કે તમે બીજા મતો કરતાં પણ પોતાનો મત વધારે સફળતા પૂર્વક ચલાવી રહ્યા છો ? ૩૦. તમારા મતને જોઈને બીજા બધા મત-સંપ્રદાયો અતિ ઝાંખા પડી ગયા છે. તમને કોઈ રાજાએ પૂછતા નથી. તો તમે મને કાંઈ તમારી જે કરામત (જાદુ) હોય તે બતાવો. ૩૧.

ત્યારે શ્રીહરિએ તે નાગર જગજીવનને કહ્યું, "પહેલા તમે અમારા શિષ્ય થાઓ. પછી અમે અમારી કલા-કરામત તમને બતાવીએ. અમે તો અધર્મમાર્ગના જેટલા દોષ છે, તે બધાનો ત્યાગ કરી દીધો છે. ૩૨. જે લોકો ધર્મમાર્ગમાં સરળતાથી ચાલે છે, તેમને અમારામાં કાંઈ બાધ દેખાતો નથી. જે કોઈ અમારામાં શાસ્ત્રની રીતે બાધ દેખાડે તો અમે તેની વાતને પ્રેમથી સ્વીકારી લઈએ છીએ. ૩૩. શાસ્ત્રો અને લોકમર્યાદાથી જે વિપરીત ચાલતા હોય, અને એવી જે બાબત હોય તેનો અમે દૂરથી ત્યાગ કરી દીધો છે. ૩૪.

અને તેને લીધે જ આ અમારો માર્ગ અત્યારે સર્વોપરિ વર્તી રહ્યો છે. વર્ણોની અને આશ્રમોની સારામાં સારી રીતમાં અમે લોકોને પ્રેમ આપીને ચલાવીએ છીએ. ૩૫. જે ધર્મમાં ચાલે છે તે જ અમારા શિષ્ય છે, અને જે ધર્મને તજી દે તેને અમે અમારા શિષ્ય મંડળમાંથી બહાર કરીએ છીએ. જ્યાં સુધી ધર્મમાર્ગનો લોપ નહીં કરે ત્યાં સુધી શુદ્ધમાર્ગ ચાલતો રહેશે. ૩૬. જ્યાં સુધી ધર્મ પાળવાનું ગમે છે, ત્યાં સુધી દિનપ્રતિદિન અમારો મત આગળ વધતો જાશે. તેને કોઈપણ લોપી-રોકી શકશે નહીં. ૩૭. આ ધર્મમાર્ગને લોપવાનો-રોકવાનો મનમાં કોઈપણ સંકલ્પ કરશે તેનો તુરંત ઉચ્છેદ-વિનાશ થઈ જશે એવું અમે નક્કી ઠેરાવ્યું છે. ૩૮.

આ ધર્મમાર્ગને દેખીને જે કોઈ તેને મન, કર્મ, વચને નમી જશે તેની દિન પ્રતિદિન વૃદ્ધિ થાશે. અર્થાત્ વધતાં વધતાં તે એકદમ-અત્યંત વધી જશે. ૩૯. જે રાજા નીતિને માર્ગે ચાલશે તે રાજાની અભિવૃદ્ધિ દિનપ્રતિદિન અધિક થાશે અને જો રાજા અનીતિ કરશે તો ઘટતાં ઘટતાં તે અત્યંત ઘટી જાશે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિએ નાગર જગજીવનને ધર્મમાર્ગની સર્વોપરિતા કહી' એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥

પૂર સાતમું : તરંગ - ૧૩

શ્રીહરિએ આસુરી ઉપદ્રવને સમજીને સંતોની આગળ સાધુતાની મહત્તા જણાવી

શ્રીહરિનાં વચન સાંભળીને તે મહાઅસુર જગજીવને પોતાને ઘેર જઈને અનીતિ (પાપ) આરંભી. ૧. પછી બધા અસુરોએ સંગઠન કરી એક થાવાનો મનમાં નિશ્ચય કર્યો. તેથી અસુર જગજીવને પોતાના જેવા બીજા અસુરો ઉપર પત્ર લખ્યા. ૨. પછી આસુરી બુદ્ધિના વેરાગીઓ દ્વારા તેમણે જેટલું પોતાનું ચાલે તેટલો ધર્મમાર્ગનો-શ્રીહરિનો અપાર દ્રોહ કરવાનું શરૂ કરી દીધું. ૩.

તે વાતને શ્રીહરિએ જાણી. પછી શ્રીહરિએ સમગ્ર સંતોને ભેળા કરીને કહ્યું, "અસુરો ચાહે તેટલો ઉત્પાત કરે, પણ તેને સહન કરવો, તે તમારો ધર્મ છે." ૪. જેટલા સંતોના સનાતન ધર્મ છે, તે બધા શાસ્ત્રોમાં લખ્યા છે. તેને હવે મારે પ્રકટ કરવા છે. કારણ કે, અત્યાર સુધી તે સનાતન ધર્મમાં કોઈ યથાર્થરૂપમાં રહ્યા જ નથી. ૫. આ વેળાએ જો તે ધર્મોને હું પ્રગટ ન કરું, તો મારા પ્રતાપને જગતમાં કોણ જાણશે ? પૂર્વના કોઈ યુગમાં જે ધર્મ કોઈએ પાળ્યા નથી, તેને મારે આ યુગમાં પળાવવા છે. ૬. અસુરોએ ભેળા મળી, વિચારથી એક થઈને, ધર્મને તોડી પાડવાની પ્રતિજ્ઞા (ટેક) લીધી છે. અત્યારે જેટલા સત્તા ઉપર અધિકારીઓ (અમલદારો) છે, તેમાં અસુરોએ પ્રવેશ કર્યો છે. ૭. સાધુતાનું વર્તન રાખીને વગર હથિયારે આપણે તે અસુરોને જીતવા છે. સળગતા અગ્નિના ઉપર ધોધમાર પાણીનો મારો કરવામાં આવે તો અગ્નિ બુઝાઈ જાય છે. ૮.

આકાશ, વાયુ, જળ અને ભૂમિ તે પ્રત્યેકના અનુક્રમે અસંગીપણું, ગતિશીલતા, શીતળતા અને ક્ષમારૂપ અપાર ગુણો છે. તે ગુણોને સંતોએ

ગ્રહણ કરવા. અને આ વેળાએ અસંગી રહીને સંતોએ લોકોને જ્ઞાન આપવાનું છે. ૯. વૃક્ષ, મેઘ અને સાગરના અનુક્રમે પરોપકાર, જીવનરૂપ જળનું દાન અને ગંભીરતારૂપ જે ગુણો છે, તેને સ્વીકારીને સંતોએ સદા આવા ગુણવાન રહેવું. દત્તાત્રેયે ચોવીશ ગુરુઓના સદ્‌ગુણોને લીધા, તો તે મહાન્ જ્ઞાની થયા. ૧૦.

चोपाई :

जामें शुभ गुन रहे जेते, ग्रहन करना साधुकु तेते;
शुभ गुन ग्रहे शुभ गुन आवे, अपकीर्ति तिन से दुर नसावे...११

જેમાં જે શુભ ગુણ દેખાય તેને સંતોએ ગ્રહણ કરી લેવા. બીજાના શુભ ગુણ લેવાથી પોતામાં તે શુભ ગુણ આવે છે, અને તેનાથી અપયશ દૂર ભાગી જાય છે. ૧૧. મનુષ્ય થઈને પણ જેને અપકીર્તિ ગમતી હોય તે માણસની જાતિ ન કહેવાય. જેમ ગધેડાં, ભૂંડ અને કૂતરાંની જાતિ તેના ગુણે કરીને દેખાઈ આવે છે, તેમ અધર્મી તેના દુર્ગુણે કરીને દેખાઈ આવે છે. ૧૨.આ સાધુ છે કે અસાધુ છે તે તો પોતપોતાના ગુણો જ કહી દે છે. સાધુપણું અને અસાધુપણું તો ગુણે કરીને જ જોવું, પણ તેને કહેવું નહીં. મુખથી મૌન રહેવું. ૧૩.

दोहा : साधु के वचन मिष्ट हे, अमृत से अधिकाय;
साधु भये तब सब भये, शुभ गुन मात्र हि आय...१४

સાધુનાં વચન તો અમૃત કરતા પણ અધિક મીઠાં હોય છે. જો આપણે સાધુ થયા, તો બધું જ સિદ્ધ થઈ ગયું ગણાય. કારણ કે, સાધુ થવામાં શુભગુણમાત્ર આવી જાય છે. ૧૪. મોટા પુરુષોએ સંતોના બધા ગુણોને તો બાવના ચંદનના જેવા અતિશય શીતળ પરમ અનુપમ કહ્યા છે. કારણ કે, બાવના ચંદન તો પોતાને કાપનારા કુહાડાની તીખી ધારને પણ બૂઠી કરી દે છે. ૧૫. સંતોનાં વચન શીતળતાને આપે છે અને અસાધુનાં વચન તો આગનાં જેવા હોય છે. સંતો તો અમૃતના સમાન વચનોને વરસાવીને લોકોને નિર્મળ કરી દે છે. ૧૬.

જો સાધુમાં સાધુતાના ગુણો પરિપૂર્ણ હોય તો તેની આગળ અસાધુ પણ સાધુ જેવો થઈ જાય છે, અને તે અસાધુમાં સાધુતાના ગુણ આવી જાય છે. ૧૭. અસાધુ ઝેર જેવા વચન બોલે છે, તેને સાંભળતાની સાથે

આખા શરીરમાં ઝેર વ્યાપી જાય છે. સાધુ પુરુષ અમૃત જેવા વચને કરીને તે ઝેરને ઉતારી નાંખે છે. માટે સાધુએ સંતોના અમૃતમય ગુણોને વારંવાર વિચારવા. ૧૮.વિચાર્યા વિના સાધુતાના ગુણ રહે નહિ. જેટલો વિચાર કરવામાં આવે એટલો કામમાં આવે છે માટે સદ્‌વિચાર કરવો, તે સાધુતામાં ઉપયોગી થાય છે. જ્યારે સાધુતાનો વિચાર કરવામાં આવે છે, ત્યારે તેમાં અપાર સાધુતા આવે છે. ૧૯.

चोपाई :

संतता शीखे संतता पावे, असंतता निकट न आवे;
संतता गुन कु शीखे जाई, गुन मात्र सो शीखे ताई...२०

સાધુતાને શીખે તો સાધુતાને પામે અને પછી અસાધુતા તેની નિકટ પણ આવે નહિ. જેણે સાધુતાનો ગુણ શીખી લીધો તેણે બધા જ ગુણોને શીખી લીધા છે. ૨૦.

संतता गुन न शीखे ज्यां लग हि, कछु गुन न शीखे त्यां लग हि;
सर्वोपरी हे साधु गुन भारी, भगवान शिर हृदय रहे धारी...२१

साधु आगे भगवान हि जेहा, दीनाधीन रहत हे तेहा;
गुन अनंत कहावत जेते, साधुता में लीन होत तेते...२२

જ્યાં સુધી સાધુતારૂપ ગુણને નથી શીખ્યો ત્યાં સુધી માનો તે કોઈ જ ગુણ શીખ્યો નથી, માટે સાધુતા ગુણ સર્વોપરિ છે અને ભગવાન પણ તે ગુણને હૃદયમાં અને શિર પર ધારણ કરી રહ્યા છે. ૨૧. સાધુની આગળ તો ભગવાન પણ દીન આધીન થઈને રહે છે. જેટલા અનંત સદ્‌ગુણો કહેવાય છે તે બધા સાધુતામાં લીન થઈ જાય છે. ૨૨.

સુખરૂપ અક્ષરતત્ત્વ માયાથી પણ પર છે, અને અક્ષરથી પણ પર અનુપમ પુરુષોત્તમ રહ્યા છે. તેવા પુરુષોત્તમ પણ સાધુને જોઈને તેને પોતાનાથી પણ પર માને છે. ૨૩. કેમ જે, સાધુને ભગવાન સિવાય કોઈ વસ્તુ અધિક હોતી નથી. સાધુ તો ભગવાનના ચરણોમાં લપેટાઈને રહે છે. સાધુની દૃષ્ટિમાં ભગવાન સિવાય બીજો કોઈ પૂજ્ય નથી. તેમ જ ભગવાનને પણ સાધુ વિના અન્ય કોઈ પૂજ્ય નથી. ૨૪.

दोहा : भव ब्रह्मा अरु विष्णु हि, इन्द्रादिक देव जोउ;
सिद्ध मुक्त गुन देत हरि, साधु गुन देत न सोउ...२५
साधु भये ताहिकुं, उद्वेग होत नहि चित्त;
हरिमूर्ति रखे चित्त में, रहत हे सबके मित्त...२६

ભવ, બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્રાદિ દેવો તથા સિદ્ધો અને મુક્તો એ બધાને શ્રીહરિ પ્રસન્ન થઈને ગુણો આપે છે, પણ સાધુતારૂપી ગુણને આપતા નથી. ૨૫. જે સાધુ હોય તેનાં મનમાં ક્યારેય ઉદ્વેગ તો આવે જ નહિ. કેમ જે, સાધુ પોતાનાં ચિત્તમાં ભગવાનની મૂર્તિને જ રાખે છે. અને સહુના મિત્ર થઈને રહે છે. ૨૬.

જેમાંથી સંતાપ થતો હોય, સાધુપુરુષ તેનો તત્કાળ ત્યાગ કરી દે છે. તેથી સાધુપુરુષ હંમેશા શાંત રહે છે. એવી વાતો તો ઘણી છે. ૨૭. સાધુ શાંત અને સુખી કહેવાય છે. સાધુના સિવાય બીજા કોઈને સુખ-શાંતિ નથી. સંતોના ગુણ ઘણા બળવાન છે. હવે અમારે સહુને તે સાધુતાના બળવાન ગુણો આપવા છે. ૨૮.શ્રીહરિએ કહેલી વાતને સાંભળીને સંતો મનમાં પ્રસન્ન થઈ ગયા અને હરખભેર બોલ્યા, “હે હરે ! આપ જે વચન કહેશો તેવી જ રીતે અમે બધા સંતો માનશું. ૨૯.

चोपाई :

तुमारो गमतो करना जोउ, एहि संत के गुन हे सोउ;
ओर संत के गुन हे जेते, जियकु मोह करावन तेते...३०

આપના ગમતામાં રહેવું એ જ અમારો સંતોનો ગુણ છે. અને બીજા જે સાધુના ગુણ છે તે તો જીવને મોહ પમાડવા માટે છે. ૩૦. આપનાં વચનો તો પરમ પુનિત છે. આપ જ્યારે જ્યારે રાજી થઈને બોલો છો ત્યારે જેટલા વેદ, શાસ્ત્રો વગેરે કહેવાય છે, તે બધા આપનાં વચનમાં વર્તે છે - આવી જાય છે. ૩૧. આપ જ્યારે જ્યારે અવતાર ધારણ કરો છો ત્યારે ત્યારે ભિન્ન ભિન્ન પ્રકારનાં ચરિત્ર કરો છો. તે ચરિત્રોને જોઈને ભક્તોને રુચિ-પ્રેમ ઉપજે છે અને અસુરોને તે ચરિત્રો ગમતા નથી. ૩૨. અસુરોનો મદ અને માન હરવામાં આપનાં ચરિત્રોનું તાન હોય છે. અસુર સિવાયના

લોકોને આપનાં ચરિત્ર આનંદકારી છે. તે ચરિત્રોને જોઈને કેટલાએ નરનારીઓનો ઉદ્ધાર થઈ જાય છે. ૩૩. આપનાં ચરિત્ર મેઘસમાન છે, અને મનુષ્યરૂપી વૃક્ષમાત્રના જીવનપ્રાણ છે. પણ જવાસાના જેવા જે આસુરી જીવો છે તે આપના ચરિત્રરૂપી વરસાદથી જડ-મૂળમાંથી સૂકાઈ જાય છે. ૩૪.

જવાસાના બીજનો એવો સહજ સ્વભાવ છે, કે તેને વરસાદ રુચતો નથી. તેમ આસુરી જીવો એવા જ હોય છે કે, તેમને સહેજે જ ભગવાન ઉપર વૈર રહેતું હોય છે. ૩૫. અસુરોની અપેક્ષાએ સંતોનો અને ભગવાનનો પ્રતાપ અમાપ દેખાય છે. જેમ રાત કરતા દિવસના ઉપર ભાવ વધારે હોય છે, તેમ અધર્મ કરતા ધર્મ ઉપર ભાવ વધારે રહે છે. ૩૬.

જેમ જેમ અસાધુ વધતા જાય છે, તેમ તેમ સંતોના ઉપર ભાવ વધતો જાય છે. લાખ બગલાની આગળ એક હંસનો દેખાવ વધારે આશ્ચર્યકારી દેખાય છે. ૩૭. કરોડો ગધેડામાં પણ અશ્વનું રૂપ જોવા યોગ્ય હોય છે. અશ્વના દર્શન તો બધા મોટા મોટા રાજાઓ પણ કરે છે. ૩૮. જેવી જેની જાતિ હોય તે પ્રમાણે ગધેડાંને ચાહનારા જુદા જ હોય છે. અને અશ્વના ચાહક તો રાજાઓ હોય છે. કેમ જે, અશ્વ રાજાનાં આંગણે શોભે છે. ૩૯. માનો કે, આંકડાના વૃક્ષોના મોટા વનની વચ્ચે એક જ આંબાનું ઝાડ છે, અને તે આંકડાના બધા જ વૃક્ષોમાં ફળ હોવા છતાં બધા લોકો આંબાના ફળની જ ઈચ્છા રાખે છે. ૪૦. એક જ આંબો હોય તેને દેખીને બધા આંકડાની નિંદા કરે છે. આથી સહજ સ્વભાવે આંકડાએ જ આંબાની સ્તુતિ કરી કહેવાય. ૪૧. તેવી રીતે જે તેવા અસાધુ છે તે બધા જ સાચા સંતોની સ્તુતિ-પ્રશંસા કરે છે. અને તે અસાધુઓ જે કાંઈ મુખથી બોલે છે તે બોલીને પણ સ્વયં સંતોની સ્તુતિ-પ્રશંસા જ કરે છે." ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિએ આસુરી ઉપદ્રવને સમજીને સંતોની આગળ સાધુતાની મહત્તા જણાવી' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર સાતમું : તરંગ - ૧૪

શ્રીહરિએ ભુજમાં અન્નકૂટનો ઉત્સવ કર્યો

દિવાળીના દિવસે ભુજ સિવાયના જે બહાર ગામના હરિભક્તો આવ્યા હતા. તે દિવસે સહુએ મળીને પોતાના તરફથી રસોઈ કરાવી. ૧. હરિભક્તોએ વિવિધ પ્રકારના પકવાન કરાવ્યા હતા. તે બધાને અતિશય ભાવથી સોનાનાં થાળમાં ભર્યા હતા. શ્રીહરિ તે બધા ભોજન જમ્યા. ૨. શ્રીહરિ જ્યારે જમી રહ્યા. તે પછી સંતોની પંક્તિ થઈ એટલે શ્રીહરિ તેમને ઘણા જ પ્રેમભાવથી પીરસવા લાગ્યા. ૩. જ્યાં સુધી બધા સંતો જમી રહ્યા ત્યાં સુધી હરિભક્તોને આનંદ કરાવવા શ્રીહરિ પંગતમાં પીરસતા રહ્યા. ૪. ત્યારે બધા હરિભક્તો કેસરયુક્ત ચંદન લઈને આવ્યા. પછી શ્રીહરિ તે રીતે સંતોને પીરસી રહ્યા ત્યારે આવીને સિંહાસને બેઠા. ૫.

પછી એક એક ગામના ભક્તો ભેળા મળીને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. પહેલા ચંદન ચરચ્યું અને પછી હૃદયના પ્રેમથી ફૂલહાર પહેરાવ્યા. ૬. ફૂલના બાજુબંધ, તોરા અને ગુચ્છ વગેરે શ્રીહરિને પહેરાવ્યા. જેને જેવી ભાવના હતી, તે પ્રમાણે સહુએ શ્રીહરિની પૂજા કરી. ૭. પછી સહુએ કપૂરની આરતી કરી અને શ્રીહરિના ચરણોને છાતીમાં ચાંપ્યા. તે પછી સહુ હરિભક્તોએ સંતોની પૂજા કરી. ૮.

તે આખો દિવસ એ રીતે જ વીતી ગયો. વાજિંત્રો સતત વાગતા જ રહ્યાં. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે અનંત દીવાઓ પ્રકટાવ્યા. ૯. તે મંડપ અપાર શોભતો હતો. તેની શોભાનો કોઈ પાર જ ન હતો. ચારેબાજુ મોતીનાં તોરણ બાંધ્યાં હતાં. મૂર્તિ ભક્તોનાં ચિત્તને ચોરી લેતી હતી. ૧૦. જે ભુજ નગરવાસી નાગરિકો હતા, તે બધા સતત દર્શન કરવા આવતા હતા. તે બધા શ્રીહરિ આગળ ભેટો મૂકતા હતા. તેથી મેવા અને મીઠાઈઓનો કોઈ પાર રહ્યો નહિ. ૧૧. શ્રીહરિ પોતા પાસે જે મેવા અને મીઠાઈઓ આવતી તે કાઠી દરબારોને આપતા. તેઓ રાત દિવસ શ્રીહરિની સાથે ફરતા હતા. તેથી જગદીશ શ્રીહરિ તેમના ઉપર ઘણું જ હેત રાખતા. ૧૨.

શ્રીહરિ કાઠી દરબારોને પ્રેમ આપીને રાજી રાખતા. દસ વીશ જેટલા કાઠી દરબારો શ્રીહરિ સાથે મન બાંધીને કાયમ સાથે રહેતા. ૧૩. દિવાળીનો વળતો દિવસ અન્નકોટનો દિવસ ગણાય. તેથી ભુજનગરના બધા હરિભક્તોએ છપ્પન પ્રકારના ભોજનોના સમૂહથી સારો અન્નકોટ કરાવ્યો. ૧૪. તે સિવાયનાં જેટલી જાતનાં પકવાન કહેવાય તે બધા અનંત પ્રકારે કરાવ્યા. તે એવા કરાવ્યા કે તેનો કોઈ પાર લઈ શકે તેમ નથી. ૧૫. મહામંડપની વચ્ચે સહુએ મળી રંગોળી પૂરાવી. બધાં ભોજનોને ત્યાં લાવીને અન્નકોટ પૂર્યો. ૧૬. કેટલીએ ભાતના શાક અને કેટલીએ ભાતની ભાજી બનાવી હતી. કેટલીએ પ્રકારના કચૂંબર અને વિવિધ પ્રકારના રાયતા લાવીને ધરાવ્યા. ૧૭. જેટલી જાતની ફળીઓ (સીંગો), અને જે જે કંદમૂળ કહેવાતા હોય તે બધાના શાક બનાવ્યા હતા. એકબીજાની સાથે ભળતા આવે એવા ભોજનોને સાથે ધરાવ્યાં. ૧૮. અન્નકોટથી બધો મંડપ ભરાઈ ગયો. વચ્ચે ભાતનો પર્વત કર્યો. જેટલો અન્નકોટ હતો તે પ્રત્યેકના ઉપર એકેક પતાકા મૂકી હતી. ૧૯.

સંતોની પૂજામાં જે વિષ્ણુ (શાલગ્રામ) અને લાલજી આદિક હતા તે બધાને અન્નકોટ જમાડવાને માટે સિંહાસન ઉપર પધરાવ્યા. ૨૦. મંડપની ચારેબાજુ વિવિધ પ્રકારના કેળના અપાર સ્તંભ રોપાવ્યા હતા. અનેક પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં અને તેના ધ્વનિથી બધું આકાશ ગાજી રહ્યું હતું. ૨૧. ભુજના જે મોટા મોટા નાગરિકો કહેવાતા હતા, તે અને રાજા તથા દીવાન વગેરે અન્નકોટનાં દર્શન કરવા આવ્યા. અન્નકોટની રચના દેખીને સહુ ઘણું રાજી થયા. ૨૨. જ્યાં અન્નકોટ ધરાવ્યો હતો ત્યાં સિંહાસનમાં વચ્ચે બાલમુકુંદ અને ભગવાન વિષ્ણુનાં દર્શન કરીને ભુજના મહારાવને વિશેષ ભાવ થયો. ખરેખર "સ્વામિનારાયણ" ભગવાન છે, તેમનું વર્તન અત્યંત નિર્દોષ છે. ૨૩. જે લોકો "સ્વામિનારાયણ"નાં જીવનમાં દોષ જુએ છે તેઓ રૌરવ નામના નરકમાં પડશે. ભગવાન તો હંમેશા નિર્દોષ જ હોય છે. તેમના ઉપર જે દોષ આરોપે છે, ૨૪. તેની માથે આલોક અને પરલોકમાં દોષ રહેશે. પછી તેને જમપુરીમાં અને

લખચોરાશીમાં દેહથી પીડા ભોગવવી પડશે. ૨૫. જે જે બુદ્ધિશાળી લોકો હોય છે, તે બધા જો વ્યવસ્થિતપણે રહેતા હોય તો જે ખુદ ભગવાન હોય તે કુરીતમાં શા માટે ચાલે ? ૨૬.

જે સ્વયં ભગવાન છે તેઓ જે જે પ્રકારના ચરિત્ર કરે છે, તેનું કોઈ મનુષ્ય મુખથી ગાન કરે છે તો તે નિષ્પાપ થઈ જાય છે. ૨૭. જે સ્વયં ભગવાન હોય તેમને કોઈ પાખંડ કહે, તો તે કહેનારો મનુષ્ય ઘોર નરકમાં પડે છે, અને કરોડો યુગ જાય તો પણ તેનું દુઃખ ટળતું નથી. ૨૮. જે સ્વયં ભગવાન ન હોય અને મિથ્યા દંભથી ભગવાન બની બેસે છે તેનું કોઈ પણ લોકમાં ઠેકાણે પડતું નથી. તેના જે શિષ્યો હોય છે તેનું પણ ક્યાંય ઠેકાણે પડતું નથી. તેઓ તો વારેવારે જમદૂતોનો માર ખાય છે. ૨૯.

જે ખરેખર ભગવાન છે તેને કોઈ મિથ્યા કહે છે, તો તેને ફરીવાર ક્યારેય મનુષ્ય જન્મ મળતો નથી. અને તે મહાદુઃખને પામે છે. ૩૦. ભુજના રાજાએ શ્રીહરિની બધી રીત - પ્રવૃત્તિને નિષ્પાપ દેખી. તેથી તેમને શ્રીહરિમાં પૂર્ણ પ્રેમ થયો. પોતાના નાગર દીવાનને કૌભાંડી જાણ્યો, અને તે પછી રાજાએ તેની એક પણ વાત ક્યારેય માની નહિ. ૩૧. રાજાએ ઘણા જ ભાવથી અન્નકોટનાં દર્શન કર્યાં અને તે પછી તેઓ પોતાના નિવાસસ્થાને આવ્યા. જ્યારે નગરજનો દર્શન કરી રહ્યા ત્યારે શ્રીહરિ સ્વયં ભોજન કરવા બેઠા. ૩૨.

❋ મૂર્તિ વર્ણન :

જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે ઘણા જ પ્રેમથી સંતોને જમવા બેસાડ્યા. હરિભક્તો કેસરયુક્ત ચંદન લાવ્યા અને શ્રીહરિની પૂજા કરી. ૩૩. અંગો ઉપર કેસરી ચંદન ચરચ્યું અને તેનાથી મૂર્તિ મહાન મોહક (નવરંગી) બની. શ્રીહરિને ફૂલહાર, ફૂલની ટોપી પહેરાવી અને બાજુબંધ, ગુચ્છ વગેરે પણ ધરાવ્યા. ૩૪. ચારે બાજુ તોરા લટકી રહ્યા હતા અને ફૂલોની ટોપી બધા ભક્તોનાં ચિત્તને ચોરી લેતી હતી. અત્તર અને ચંદનનો સુગંધ એટલો બધો પ્રસર્યો કે આખી સભા સુગંધ સુગંધ થઈ ગઈ. ૩૫.

તે પછી સંતોની પૂજા કરી. ચંદનની અર્ચા કરીને ફૂલહાર પહેરાવ્યા. સૂર્યાસ્ત થવાનો સમય થઈ ગયો હોવાથી શ્રીહરિ ઘણી ઉતાવળથી પીરસવા લાગ્યા. ૩૬. શ્રીહરિએ પંગતમાં ઘેબર પીરસ્યા. તે સિવાયનાં જે ભોજન હતાં તેને સંતો પીરસવા લાગ્યા. પછી "વાસુદેવ હરે !!!!!" બોલાવડાવ્યું ૩૭. અને બધા સંતો જમવા લાગ્યા. દરબારોને અને પાર્ષદોને પણ જમવા બેસાડ્યા હતા. તે સહુને શ્રીહરિ પીરસતા હતા. તે સમયે અનેક દીવાઓ કરાવ્યા. ૩૮. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે હરિભક્તોને જમવા બેસાડ્યા. પંગતમાં જે જે જ્ઞાતિના ભક્તો જમવા બેસતા તે તે જ્ઞાતિના હરિભક્તો તેમને પીરસવા લાગ્યા. ૩૯. હરિભક્તોને જમતાં જમતાં તો અધરાત વીતવા લાગી. બધા સંતો ભજન કરવા લાગ્યા અને શ્રીહરિ પોઢી ગયા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિએ ભુજમાં અન્નકૂટનો ઉત્સવ કર્યો' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર સાતમું : તરંગ - ૧૫

શ્રીહરિ આધોઈ તથા ભચાઉ થઈને ધમડકા પધાર્યા અને બ્રહ્મવિદ્યાનું સ્વરૂપ કહ્યું

શ્રીહરિ ભુજમાં જેટલા દિવસ રહ્યા, તેટલા દિવસમાં ત્યાં પૂરું ભાગવત વંચાવ્યું. તે પછી **આધોઈ** ગામ આવ્યા. ૧. પછી ત્યાંથી શ્રીહરિ **ભચાઉ** આવ્યા. ત્યાં હરિભક્તોને ઘેર એક બે દિવસ રહ્યા. હરિભક્તોને દર્શન આદિનું અત્યંત સુખ આપ્યું. ૨. ભચાઉની આસપાસમાં જેટલા હરિભક્તોના ગામ હતા, ત્યાં બધે ઘનશ્યામ શ્રીહરિ રહી આવ્યા અને પછી **"ધમડકા"** ગામમાં આવ્યા. ૩. ધમડકાના રાજા દરબાર લાધાજી નામે હતા. તેઓ શ્રેષ્ઠ નિષ્કામી હરિભક્ત હતા. તેમને ચાર કુંવર હતા. ૪. તે લાધાજી દરબારને ચોવીશ ગામનું રાજ્ય હતું. તે ભુજના "રા" (મહારાવ) રાજાના ભાયાતોનું રાજ્ય કહેવાતું. તેમના ચારે કુંવરો પરમ સુખરૂપ હરિભક્ત હતા.

હવે તેનાં નામ કહું છું. ૫. આપણાં સત્સંગમાં તેમના જેવા સદાચારી અને નિષ્ઠાવાન્ બીજા કોઈ રાજા ન હતા. તે વાતને આખું જગત જાણતું હતું. તેમાં મોટા કુંવરનું નામ અદાભાઈ હતું. બીજાનું નામ કલ્યાણસિંહજી હતું, ૬. ત્રીજાનું નામ રામસિંહજી અને ચોથાનું નામ રાયધણજી હતું.

શ્રીહરિ પધારે છે તેવા સમાચાર જાણીને દરબાર લાધાજી અત્યંત આનંદથી ગુલતાન થઈ ગયા. ૭. પોતાને ત્યાં જેટલી સવારી હતી તેને તૈયાર કરી. હાથી ઘોડા વગેરેને બધા જરિયાની શણગારોથી સજ્જ કર્યા. કેટલાક રથ અને મ્યાના લીધા. ૮. હાથીના ઉપર સોનાની અંબાડી મુકાવી. ડંકા અને સોનેરી નિશાન જેટલાં હતા તે બધાને તૈયાર કરાવ્યા. ૯. વિવિધ પ્રકારના વાજિંત્રો જેટલાં હતાં તે બધાને સાથે લીધા. શ્રીહરિ આવીને જ્યાં ઊતર્યા હતા ત્યાં બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ તત્કાળ આવ્યા. ૧૦. દરબાર શ્રીહરિ પાસે આવીને ચરણ કમળમાં નમી પડ્યા. દિલમાં પ્રેમ લાવીને આગળ શ્રીફળ મૂક્યું. સુંદર ફૂલહાર પહેરાવ્યો. સુંદર બાજુબંધ અને તોરા ધરાવ્યા. ૧૧. પછી સર્વે બધા સંતોના ચરણોમાં પડ્યા અને પછી દરબારો દરબારો ઘણા જ હરખથી પરસ્પર ભેટ્યા. દરબારના બધા પુત્રો પણ ઘણા જ ભાવથી શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૧૨.

દરબાર લાધાજી શ્રીહરિની પાસે બેઠા અને બંને હાથ જોડીને બોલ્યા, "અમારા આ ગામમાં આપ ભલે પધાર્યા. મારા મનમાં સતત ઝંખના રહેતી હતી. ૧૩. આપ અંતર્યામી દયાળુ છો. આપે મારા અંતરની વાત જાણી લીધી અને વર્ષાઋતુમાં જેમ વરસાદ આવે તેમ આપ પ્રભુ મને દર્શન દેવા પધાર્યા છો. ૧૪. આપણો સત્સંગ છે તે કલ્પવૃક્ષોનું વન છે. તે વન દેશોદેશમાં ફેલાયેલું છે. આપ મેઘની જેમ ઋતુ ઋતુમાં આનંદથી દર્શન આપીને સંભાળ લો છો. ૧૫. તે સત્સંગરૂપી કલ્પવૃક્ષને દર્શન આપી સંભાળ લેવાથી તેના ઉપર તુરંત ફૂલ અને ફળ આવે છે, તેમાં અતિશય રસ હોય છે. તેને ખાવાથી ક્યારેય તૃપ્તિ થાતી નથી. ૧૬. દેશેદેશમાં અને ગામો ગામ તમારા સંતો વિચરણ કરે છે. સંતોને દેખીને જેના હૃદયમાં ભાવ થાય છે, તેમને સંતો તરત જ સત્સંગ કરાવે છે. ૧૭.

જેને આ સંતો ઉપર ભાવ થાય છે, તેના સંચિત અને પ્રારબ્ધ કર્મ, માથા ઉપર લીધેલો બોજ જેમ ઊતરી જાય તેમ તરત જ ઊતરી જાય છે, અને પછી તેને તુરંત સત્સંગ થાય છે. ૧૮. જ્યાં સુધી સત્સંગનો જોગ રહે છે ત્યાં સુધી તેના માથા ઉપર કર્મનો બોજ ચઢતો નથી. જો તે આ સત્સંગના જોગથી દૂર જતો રહે તો ફરી પાછો તે જ કર્મનો બોજ તેને વેંઢારવો પડે છે. ૧૯. સંચિત અને પ્રારબ્ધ એ બંને કર્મ સત્સંગ કરવાથી દૂર રહે છે. તેમજ જન્મમરણરૂપ સંસૃતિનું મહાદુઃખ સત્સંગ કરવાથી સુખેથી ટળી જાય છે. ૨૦. જે વચનરૂપ તાપને સહન કરે તેને માટે સત્સંગનો આટલો પ્રતાપ છે. પૃથ્વીના બધા જે વિકારો-ધાતુઓ છે તે બધાને પણ જ્યારે તપાવે છે ત્યારે જ તે શુદ્ધ થાય છે, પણ તાપ વિના કોઈ સુધરતા નથી. ૨૧. જેવું પ્રકરણ તે અનુસાર બ્રહ્મવિદ્યા અનંત પ્રકારની છે. જે શિલ્પી લોકો કહેવાય છે તે એક શિલ્પને તૈયાર કરવામાં ઘણા બધા ઓજારો સાથે રાખે છે. ૨૨. તે બધા ઓજારોમાંથી જો એક ન હોય તોપણ શિલ્પ બનાવવામાં કસર રહી જાય છે. ગુરુ રામાનંદ સ્વામી આવી વાતો કહેતા. આપ તો બધું સાક્ષાત્ જાણો જ છો. ૨૩.

✵ બ્રહ્મવિદ્યાની ફળશ્રુતિ :

चोपाई :

तब बोले श्रीहरि क्रपाला, ब्रह्मविद्या न आत तत्काला;
ब्रह्मविद्या को करे अभ्यासा, विषय मात्र से होय निरासा...२४

ત્યારે કૃપાળુ શ્રીહરિ બોલ્યા, બ્રહ્મવિદ્યા કોઈને તત્કાળ આવડતી નથી. જે બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરે છે, તે વિષયમાત્રથી નિરાશ થઈ જાય છે. ૨૪. પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષના લોક સુધીમાં જેટલા ભોગ છે, તેમજ દેવો, મનુષ્યો અને દૈત્યોના જે સુખ છે - તેને ઝેર સમાન જાણે છે. ૨૫. ચાહે તેવા વિષમ દેશકાળાદિકના યોગે કરીને પણ તેનું મન ક્યારેય વિપરીત થતું નથી. દેશકાળાદિકની એકની એક રીત કાયમ રહેતી નથી. ૨૬. દેશકાળાદિક તો પળે પળે પલટાતા હોય છે. તેમાં તે ન લોપાય, પછી ભલે સુખ રહે કે દુઃખ રહે. ૨૭. સુખ અને દુઃખ, એ બે તો દેહના ગુણધર્મ છે, સ્વભાવ છે, તેવું દૃઢ રીતે જાણે છે. માત્ર વાચિક જ્ઞાન કામ લાગતું નથી. ૨૮.

चोपाई :

वाचक ज्ञान शीखत हे जेहा, उदर तृप्ति करत हे तेहा;
वाचक ज्ञान से मोक्ष न होवे, कोटि मनुष्य तन धर धर खोवे...२९
लक्ष ज्ञान जब शीख हि जेही, ब्रह्मविद्या पाव हि तब तेही;
ब्रह्मविद्या पाव हि जेहु, क्षण क्षण में न शोक होय तेहु...३०

જે કેવળ વાચિક જ્ઞાન જ શીખે છે તેનાથી તો ઉદરતૃપ્તિ કરી શકે છે, ભલેને કરોડોવાર મનુષ્યનો દેહ ધારણ કરીને ખૂવે પણ વાચિક જ્ઞાને કરીને મોક્ષ ન થાય. ૨૯. પણ જ્યારે ત્રણ શરીરથી આત્માને જુદો બ્રહ્મરૂપ સમજીને ચિત્તવૃત્તિને અખંડ ભગવત્સ્વરૂપમાં સ્થિર કરવારૂપ લક્ષ્ય જ્ઞાન શીખે, ત્યારે તેને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થાય છે અને જેને તેવી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થાય છે તેને ક્ષણે ક્ષણે શોક થાતો નથી. ૩૦.

क्षण क्षण में शोक होत ज्यां लगहि, ब्रह्मसुख दूर हे त्यां लगहि;
ब्रह्मविद्या को सुख हे ओरा, शोक मोह न होय कोउ ठोरा...३१

જ્યાં સુધી ક્ષણે ક્ષણે શોક થયા કરતો હોય ત્યાં સુધી તેને બ્રહ્મસુખ દૂર છે. બ્રહ્મવિદ્યાનું સુખ તો ઓર જ છે. તેને કોઈ ઠેકાણે શોક કે મોહ થાતો જ નથી. ૩૧. બ્રહ્મવિદ્યા એક ચિંતામણિ છે. જેમ કોઈ માણસના હાથમાં ચિંતામણિ આવે. તે માણસને ચિંતામણિના પ્રભાવ-ઐશ્વર્યનો પૂરો ખ્યાલ - જ્ઞાન થાય ત્યારે તેણે શરીર ઉપર માત્ર કૌપીન જ પહેરી હોય તપણ અનેક સારા વસ્ત્ર પહેર્યા હોય તેવું તેને જણાય. ૩૨. શરીર ઉપર એકપણ ઘરેણું પહેર્યું ન હોય તોય પણ બ્રહ્મજ્ઞાનરૂપી ચિંતામણિ ધારનારાને અપાર આભૂષણો પહેર્યા છે તેવું જણાય. તે જેવું મળે તેવું ખાઈ પી લે, છતાં સદા પકવાન ખાધા હોય તેવો તેને સંતોષ રહે. ૩૩. ક્યારેક ઝાડની નીચે વસવાટ મળે તોપણ મોટા મહેલમાં સારી રીતે સૂતો છું તેવું જણાય. પાથરણા તરીકે પૃથ્વી જ હોય છતાં તેને ગાદલાં કરતા પણ અનંતગણુ સુખ મળે છે. ૩૪. હાથી ઉપર બેઠો હોય ત્યાંથી ઉતારીને તેને ગધેડા ઉપર બેસાડે એવો સમય કોઈક દિવસ આવે તોપણ તેનું ચિત્ત વિષમ ન થાય - દુઃખી ન થાય. કેમ જે, તે ઉચિત બ્રહ્મવિદ્યાને પામ્યો છે. ૩૫.

ભેટવાળીને શરીર ઉપર શસ્ત્ર બાંધે અને જો માથું કપાઈ જતું હોય તો તે શસ્ત્ર બાંધ્યાનુ શું પ્રયોજન ? બ્રહ્મવિદ્યા બધી વિદ્યાનો રાજા છે. તે આત્મસુખને માટે શીખવી જોઈએ. ૩૬.

सोरठा : आत्मसुख हरि जानना, ओर हरि के जन;
ता विन सब अनात्मा, विषे में ज्यां लग मन...३७
विषय सुख करने त्याग हि, ब्रह्मविद्या अभ्यास;
हरि में करना राग हि, शीखने को फल हे तास...३८
स्मृति दिन अरु रात, हरि मूर्ति की करावे जेहु;
ब्रह्मविद्या सो साक्षात, हम निश्चे सो किये हे तेहु...३९

તે આત્મસુખ તો હરિ-હરિજન છે. જયાં સુધી વિષયમાં મન રહેતું હોય ત્યાં સુધી બધું અનાત્મા છે. અર્થાત્ જડ-દુઃખરૂપ છે. ૩૭. માયિક વિષયનાં સુખનો ત્યાગ કરવો તે જ બ્રહ્મવિદ્યાનો અભ્યાસ છે. બ્રહ્મવિદ્યા શીખ્યાનું ફળ તો ભગવાનનાં સ્વરૂપમાં સ્નેહ કરવો તે જ છે. ૩૮. જે રાતદિવસ હરિમૂર્તિની સ્મૃતિ કરાવે તે જ સાક્ષાત્ બ્રહ્મવિદ્યા છે. અમે આવી રીતનો નિશ્ચય કરી રાખ્યો છે. ૩૯. આટલી વાત કરીને શ્રીહરિ જયારે તત્કાળ ચાલવા તૈયાર થયા ત્યારે દરબાર લાધાજીએ શ્રીહરિનો હાથ પકડીને તેમને હાથી ઉપર બેસાડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ આધોઈ તથા ભચાઉ થઈને ધમડકા પધાર્યા અને બ્રહ્મવિદ્યાનું સ્વરૂપ કહ્યું' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥

પૂર સાતમું : તરંગ - ૧૬

શ્રીહરિ ધમડકામાં લાધાજીના રાજદરબારમાં ધૂમધામથી પધાર્યા

શ્રીહરિ હાથી ઉપર બેઠા. દરબાર લાધાજીને ઘણો જ આનંદ થયો. પરમઆનંદસ્વરૂપ શ્રીહરિએ તેમને બોલાવ્યા. તેથી તેઓ શ્રીહરિની પાછળ ચામર કરવા માટે બેઠા. ૧. મોટેરા સંતોને રથમાં બેસાડ્યા.

મુક્તાનંદસ્વામીને અને ભાઈ રામદાસજીસ્વામીને સુખપાલમાં બેસાડ્યા. ૨. બ્રહ્માનંદસ્વામી અને આનંદાનંદસ્વામીને મ્યાનામાં બેસાડ્યા. તે બધા શ્રીસહજાનંદસ્વામીના હાથીની પાછળ ચાલવા લાગ્યા. ૩. જ્યારે શ્રીહરિ ચાલ્યા ત્યારે વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતાં હતાં અને તેનો ઘણો જ પડઘો સંભળાતો હતો અને છડીદાર ઊંચે અવાજે છડી બોલતા હતા. આવી રીતે શ્રીહરિની સવારી રસ્તા ઉપર ચાલી જાતી હતી. ૪.

શ્રીહરિ જ્યારે ધમડકા ગામની પાસે આવ્યા ત્યારે ગામના લોકો ઉત્સાહથી સન્મુખ આવ્યા. હાથી ઉપર બેઠેલા શ્રીહરિની તે મૂર્તિનાં સહુએ દર્શન કર્યાં. ૫. સુખના આધાર શ્રીહરિ સોનાની અંબાડીમાં બેઠા હતા. સંતોનાં મંડળ આગળ શોભતાં હતાં. સંતો મૃદંગ વગાડીને કીર્તન ગાતા હતા અને બધે અત્યંત ઉત્સવ છવાઈ ગયો હતો. ૬. બધી સવારી જરિયાની શણગારોથી સોહામણી લાગતી હતી. માનો દેવરાજ ઇન્દ્ર મૂર્તિમાન થઈને આવ્યા હોય તેમ જણાતું હતું. ડંકા અને નોબત ધમ ધમકાર શબ્દ કરીને વાગતી હતી અને સવારીમાં અનેક સોનેરી નિશાનો ફરકતા હતા. ૭. મહાન મંગળકારી તોપો ફૂટતી હતી. ઘોડાઓ ભિન્ન ભિન્ન ચાલથી ચાલતા હતા. તેના પગમાં સોનાના હુલર નામના ઝાંઝર ઘમઘમ વાગી રહ્યા હતા. ૮. ઘોડાઓના માથા ઉપર મોરના આકારની કલગી ઓપતી હતી. મોતીથી ભરેલા મોવડા ઘણા સુંદર લાગતા હતા.

ગામની ચારેબાજુ ઘણા બાગબગીચાઓ હતા. તેમાં વિવિધ પ્રકારના અને મોટા જોરદાર વૃક્ષો ઊભા હતા. ૯. નાળિયેરી, આંબા, કેળ, દાડમી, જામફળી અને નારંગી વગેરે ફળઝાડનો કોઈ પાર ન હતો અને જેટલી જાતના સુગંધી ફૂલ કહેવાય છે તે ચારેબાજુ ખીલી રહ્યાં હતાં. ૧૦. અનેક જાતની દ્રાક્ષના માંડવા કર્યા હતા. તેના ઉપર અલગ અલગ પ્રકારના ઝૂમખા લાગેલા હતા. તે વૃક્ષોના ઉપર અનેક જાતના પક્ષીઓ હતા અને તે વિવિધ પ્રકારના શબ્દો કરીને કિલ્લોલ કરતા હતા. ૧૧.

ધમડકા ગામને ચારેબાજુ કિલ્લો હતો. તેમાં વિવિધ પ્રકારના બુરજ બનાવ્યા હતા. કિલ્લાનાં દરેક કાંગરાને સોનાથી મઢ્યા હતા. ૧૨.

કિલ્લાના દરવાજાઓ ઘણા જ મોટા હતા. તે વિચિત્ર રીતે કર્યા હતા માનો તે ઊંચે આકાશમાં જઈને અડ્યા હતા, અને તેના ઉપર નિશાન ફરકાવી દીધાં હતાં. ૧૩. દરવાજાના બારણા સોનાથી મઢ્યા હતા. દરવાજામાં વિવિધ ચિત્રો કર્યા હતા. અને તે દરવાજાની ઉપર સુવર્ણ કળશ રાખ્યા હતા તે અત્યંત દીપતા હતા. ૧૪. જે દરવાજાની સમીપે શ્રીહરિ આવ્યા ત્યાં મોતીના તોરણ બાંધ્યાં હતાં. અને સોનાનો વરખ લગાવેલા શ્રીફળના તોરણ પણ બાંધ્યાં હતાં. ૧૫.

ગામના અપાર લોકો ત્યાં ઊભા હતા. દરેકના હાથમાં શ્રીફળ હતા અને એક એક ફૂલહાર હતા. ૧૬. જ્યારે શ્રીહરિ નજીક આવ્યા ત્યારે બધા પૂજા કરવા લાગ્યા. ચારે વર્ણના લોકો જે પૂજા લાવતા હતા. તેને પુરુષોત્તમ શ્રીહરિ સ્વીકારતા હતા. ૧૭. શ્રીહરિ જ્યારે ગામની અંદર દાખલ થયા ત્યારે બજારમાં અપાર લોકો ઊભા હતા. જેટલી રાજબજારો હતી તેમાં ઘણી જ શોભા કરી હતી. ૧૮. બધે સુગંધી પાણી છંટાવી દીધું હતું. અપાર કેળના સ્તંભ રોપાવી દીધા હતા. એકપણ સ્તંભ ફળ વગરના ન હતા. તે બધા સ્તંભના થડને કુંકુમથી રંગાવી દીધા હતા. ૧૯. શ્રીહરિ ગામમાં આવ્યા ત્યારે સંધ્યા સમય થઈ ગયો હતો. અનેક મશાલો પ્રકટાવી હતી. દુકાનોમાં અને મકાનોમાં દીવા કર્યા હતા અને બિલોરી કાચના ઝાડ બાંધી દીધાં હતાં. ૨૦. વિવિધ રંગથી રંગેલા ગ્લાસ મૂક્યા હતા. દુકાનોનાં અને મકાનોનાં દ્વારોમાં ચિત્ર કર્યા હતાં, તેમજ મકાનોના અને દુકાનોના દરવાજામાં મોતીના તોરણ બાંધી દીધાં હતાં. ૨૧.

તે મકાનો ત્રણ ત્રણ માળવાળા હતા. તેમાં મોતીના ઉલેચ બાંધ્યા હતા. ઘરના હરેક દરવાજાની વચ્ચે સોનાના કળશ ઉપર શ્રીફળ મૂક્યા હતા. ૨૨. જેટલા મંગળકારી પદાર્થો કહેવાય તે બધા કળશમાં મૂક્યા હતા. 'શ્રીહરિ આવી રહ્યા છે.' આવું લોકોએ જ્યારે સાંભળ્યું ત્યારે દરેક ઘરના ઉપર નિશાન ફરકતા કરી દીધાં હતાં. તે મકાનના બધા જ માળમાં ગામની બધી સ્ત્રીઓ આવીને ઊભી હતી. શ્રીધર્મકુમાર શ્રીહરિને વધાવવા માટે હાથમાં મોતી ભરેલા થાળ લીધા હતા. ૨૩-૨૪. ગામના જેટલા પુરુષો જમીન ઉપર ઊભા હતા, તે દરેક હાથમાં એક એક ફૂલહાર અને

એકેક શ્રીફળ લાવ્યા હતા. ૨૫. શ્રીહરિ જ્યારે એકદમ પાસે આવી જાતા ત્યારે લોકો પૂજા કરતા અને ફૂલના હાર પહેરાવતા હતા અને શ્રીફળ ભેટ મૂકતા હતા. ૨૬. મોતી ભરેલા થાળ લઈને જે સ્ત્રીઓ ઊભી હતી, તે ભક્તિના બાળ શ્રીહરિની મનોહર મૂર્તિનાં દર્શન કરીને તેમને મોતીથી વધાવતી હતી. ૨૭.

શ્રીહરિએ સોનાના તથા મોતીના વિવિધ પ્રકારના અપાર શણગાર ધારણ કર્યા હતા. તે શણગાર અંગો અંગમાં એટલા શોભતા હતા કે તેની શોભાનો કોઈ પાર જ ન હતો. ૨૮. મનોહર મૂર્તિ શ્રીહરિનાં મુખની છબીને દેખીને પુરવાસી લોકો બધા આશ્ચર્યચકિત થઈ ગયા. બધા એકીટશે જોતા હતા, છતાં નેત્ર તૃપ્ત થતાં ન હતાં. ૨૯. મૂર્તિનાં દર્શન કરીને કેટલાક તો એવા ગુલતાન થઈ ગયા કે તેમને પોતાનાં શરીરનું પણ ભાન રહ્યું નહિ. વાજિંત્રોના ધ્વનિથી બધું આકાશ ભરાઈ ગયું હતું. તેની શોભા તો અનહદ થઈ ગઈ હતી. ૩૦.

ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવો વિમાનમાં બેસીને તત્કાળ જ ત્યાં આવ્યા. અને શ્રીહરિના ઉપર કેસરચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરી. ૩૧. બધા દેવો “જય જય” “જય જય” જયજયકારનો ઉચ્ચાર કરતા હતા. અતિશય ભાવભર્યા હૃદયે શ્રીહરિને પગે લાગતા હતા. સમગ્ર દેવોએ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી. પછી દીનભાવે વંદન અને સ્તુતિ કરી. ૩૨. સમાધિનિષ્ઠ એક માનબાઈ નામે ભક્ત સ્ત્રી હતી. તેણે આ બધું પ્રત્યક્ષ જોયું. બીજા પણ કેટલાક મનુષ્યોને દેખાયું. તેથી સહુને ઘણું આશ્ચર્ય થયું. ૩૩. પુરજનોને દર્શન દેતાં ચાલતાં શ્રીહરિને રસ્તામાં થોડો વિલંબ થયો. જ્યારે ચાર ઘડી (૧.૩૬ કલાક) રાત ગઈ ત્યારે શ્રીહરી લાધાજીના રાજદરબારમાં પહોંચ્યા. ૩૪. તેમણે રાજદરબારને વિચિત્ર રીતે સજાવ્યો હતો. આવીને શ્રીહરિએ બધું દેખ્યું. જ્યારે શ્રીહરિ રાજભવનમાં આવ્યા ત્યારે તરત જ હાથી ઉપરથી નીચે ઊતાર્યા. ૩૫.

દરબારનો એક ભવ્ય મોટો મહેલ હતો. તેને સારી રીતે શણગાર્યો હતો. શ્રીહરિને તે મહેલમાં ઉતારો આપ્યો. એક સારો સોનેરી પલંગ બિછાવી દીધો હતો. ૩૬. શ્રીહરિ તે પલંગ ઉપર બેઠા. સંતો, વર્ણી, પાર્ષદો અને

દરબારો સહુને અલગ અલગ ઉતારા કરાવ્યા. ૩૭. વર્ણીએ તરત જ સાકરનો કંસાર કર્યો અને ઘી અને મસાલા નાખીને રીંગણાનું શાક બનાવ્યું. ૩૮. સારા ચોખાનો સુંદર ભાત બનાવ્યો હતો અને દરબાર સાકર અને દૂધ ઘણું લાવ્યા હતા. પછી તરત જ વર્ણી શ્રીહરિને જમવા બોલાવવા આવ્યા. ૩૯. વર્ણી આવ્યા, તેને જોઈને તરત જ શ્રીહરિ ઊઠ્યા. પીતાંબર પહેરી લીધું અને પછી જમવા માટે ચાલ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ ધમડકામાં લાધાજીના રાજદરબારમાં ધૂમધામથી પધાર્યા' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર સાતમું : તરંગ - ૧૭

શ્રીહરિએ ધમડકામાં ગ્રામજનોની આગળ ધીરજની મહત્તા કહી

શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી લીધી. હાથમાં રૂમાલ લીધો પછી ભક્તજન પ્રતિપાલ પ્રભુ 'ચટાક..ચટાક..' એવો ચાખડીઓનો અવાજ કરતાં ચાલ્યા. ૧. પછી પાણીથી હાથ-પગ ધોયા અને રૂમાલથી તેને કોરા કર્યા. પછી શ્રીહરિ સોનાના બાજોઠ ઉપર જમવા બેઠા. ૨. સોનાના થાળમાં ભરેલો કંસાર લાવીને વર્ણીએ શ્રીહરિ આગળ ધર્યો. કંસારમાં ખૂબ જ ઘી પીરસ્યું અને દયાળુ શ્રીહરિ જમવા લાગ્યા. મહાન ચતુર જયાનંદ વર્ણીએ માનો પાકની જેવું શાક બનાવ્યું હતું. તે રીંગણાનું શાક અને પાપડ પણ જમવા લાગ્યા. ૩-૪. કંસાર જમ્યા પછી શ્રીહરિએ દૂધ, ભાત અને સાકર લીધા, તે ઘણા જ ભાવથી જમ્યા. જમી રહ્યા પછી હાથ ધોયા. ૫. પછી મુખ ધોઈને મુખવાસ લીધો. ત્યારે દરબાર લાધાજી શ્રીહરિની પાસે આવીને બેઠા. પછી શ્રીહરિ જે થાળ જમ્યા હતા તે થાળ દરબારને આપ્યો. રાજકુંવરે તે થાળ ઉપાડી લીધો. ૬. લગભગ વીશ જણ જમે તેટલો કંસાર થાળમાં ભર્યો હતો. રાજકુંવરો તે બધો જ કંસાર લઈ ગયા. શાક, પાપડ અને દૂધ જે જમ્યા હતા, તેની પણ વધેલી પ્રસાદી લઈ ગયા. ૭. સંતોએ કંસાર પોતાને

હાથે બનાવ્યો હતો. રસોઈ બનાવવામાં નિર્ગુણાનંદસ્વામી મુખ્ય રહેતા. બીજા વૈષ્ણવાનંદસ્વામી, પરમહંસાનંદસ્વામી, સિતારવાળા સુખાનંદસ્વામી એ બધા રસોઈ બનાવવામાં ઘણા જ ઉત્સાહી હતા. સંતોનું માહાત્મ્ય સમજીને તેઓ રોજ રસોઈ બનાવતા હતા. ૮-૯. એ સંતો અતિશય શ્રદ્ધાવાળા હતા અને રસોઈ બનાવવામાં તેમને બિલકુલ આળસ થતી નહિ.

સંતોને અને દરબારોને કંસાર પીરસાવ્યો ત્યારે પાર્ષદોને અને બીજા બધાને પણ જમવા બેસાડી દીધા. ૧૦. શ્રીહરિને સંતો અને દરબારોના ઉપર ઘણો જ પ્રેમભાવ હતો, તેથી તેમને દર્શન દેવા માટે ત્યાં આવ્યા. પંગતની વચ્ચે આવીને બેઠા. કંસારને હાથમાં રખાવીને પ્રસાદીનો કરાવ્યો. ૧૧. જ્યારે સંતો પીરસી રહ્યા ત્યારે શ્રીહરિવરે પોતે 'વાસુદેવ હરે....' એમ મુખથી ઉચ્ચાર કર્યો અને સહુને જમવાની આજ્ઞા આપી. ૧૨. સંતો અને દરબારો બધા જમવા લાગ્યા. ત્યારે શ્રીહરિ ત્યાંથી ઊઠીને ચાલતા થયા. આવીને પલંગ ઉપર બેઠા. ત્યાં અપાર પુરજનો આવ્યા હતા. ૧૩.

પુરજનોએ શ્રીહરિ આગળ કહ્યું, 'હે મહારાજ ! અત્યારે ઘોર કળિકાળ ચાલી રહ્યો છે. જો આપ અત્યારે પ્રગટ થયા ન હોત તો કોઈ સ્થળે ધર્મ રહેત નહિ. ૧૪. સંતો અને દરબારો બધા જમીને ત્યાં આવ્યા. શ્રીહરિની પાસે બેઠા. ત્યારે દિવ્ય સભા થઈ, ચૌદલોકમાં આવી સભા ક્યાંય ન હતી. ૧૫. સંતોની અલૌકિક રીતને સહુ પુરવાસીઓએ દેખી અને તેનાથી તે સહુને ખૂબ જ પ્રેમ થયો. તેથી જેવું તેમણે જોયું તેવું બોલવા લાગ્યા. ૧૬.

❋ ગર્વ કરવાથી સુબુદ્ધિનો નાશ :

ભગવાનના જેટલા અવતાર થયા તે એક એકથી અધિક હતા. તે બધાએ અદ્‌ભુત ચરિત્રો કર્યાં. જે કોઈ દેવથી કે મનુષ્યથી ક્યારેય થઈ શકે નહિ. ૧૭. દેવોની અને મનુષ્યોની વાત કાંઈ ઓર જ છે. તપોબળથી એકબીજાની મદદ કરે છે. જ્યારે દેવતાઓ શ્રીહરિની આરાધના-તપ કરે છે ત્યારે શ્રીહરિ તેમને સહાયરૂપ થાય છે. ૧૮. અને મનુષ્ય જ્યારે દેવોની આરાધના કરે છે ત્યારે દેવોની સહાયથી તેઓ બુદ્ધિ-શક્તિ પામે છે. પણ જે બુદ્ધિ આવે છે તે લોકરંજન-લૌકિક

સુખ પમાડનારી જ હોય છે. મનુષ્ય દેવો પાસેથી ક્યારેય મોક્ષની બુદ્ધિને પામતો નથી. ૧૯. અન્ય દેવની સહાયથી મનુષ્ય દેવ જેવું સામર્થ્ય દેખાડી શકે છે.

જેમ દીવાન હોય તે રાજાની મદદ લઈને દેશમાં રાજ્ય કરી શકે છે. ૨૦. દીવાન રાજાને ધનનો લોભ બતાવીને રાજાને વશ કરી લે છે. ત્યાં જો દીવાન કૃતજ્ઞી હોય તો રાજાને અને પ્રજાને પરસ્પર સ્નેહવાળા રાખે-પ્રેમ વધારે. ૨૧. સ્વયં દીવાન ક્યારેય ઉદ્ધતાઈ ન કરે. કેમ જે, જેણે જેણે ઉદ્ધતાઈ કરી છે તેના સુખોને તેણે જોયા છે. આવા દીવાનને સહુ કોઈ ઇચ્છે છે. રાજા કે પ્રજા કોઈ તેવા દીવાન ઉપર ક્યારેય ઈર્ષ્યા કરે નહિ. ૨૨. જો દીવાન કૃતઘ્ની હોય તો રાજાને પોતાના કબજામાં રાખે. રાજાનો હુકમ ઉઠાવી લે. કબજે રાખેલા રાજાને માત્ર ખોરાકી જ આપે. ૨૩. પ્રજાને પણ દુઃખ દેવા લાગે. પછી પ્રજા પણ પોતાનુ દુઃખ કોની આગળ કહે ? તે કૃતઘ્ની દીવાન રાજા અને પ્રજા બંનેને ઘણું દુઃખ દે છે. ૨૪. જો કે પછી ધીરે ધીરે તેનું ફળ તો તેને મળી જ રહે છે, અને તે સહુને નજરે દેખાય જ છે; છતાં તે કૃતઘ્નીને સમજાતું નથી. કારણ કે, તે કુપાત્ર છે.' ૨૫.

આટલી વાત જ્યારે ગામલોકોએ કરી ત્યારે શ્રીહરિ બોલ્યા, તમે જે બુદ્ધિશાળી છો તે બધા સાંભળો. જે ધીરજ રાખે છે તે જીતે છે, ધીરજ નથી રાખતા તે દુઃખી થાય છે. ૨૬. મહારાજા ઉગ્રસેન મથુરાના રાજા હતા. તે સ્વભાવથી ઘણા સજ્જન હતા. તેનો પુત્ર કંસ થયો. ૨૭. તે કંસે પોતાના પિતાને રાજગાદીએથી ઉઠાડી મૂક્યા. દીકરો કંસ રાજા થયો અને બાપ ઉગ્રસેનને ઘણું દુઃખ દીધું. ૨૮. તેનું ફળ કંસને તત્કાળ મળ્યું. તે મહાબેહાલ થઈને મરણ પામ્યો. જરાસંઘ રાજા ઘણો બળવાન હતો. તેણે વીસ હજાર રાજાઓને યુદ્ધમાં જીતીને પકડ્યા હતા. ૨૯. અને તેમને ગિરિવ્રજ નામના કિલ્લામાં કેદ કર્યા હતા. તે સમયે શ્રીકૃષ્ણ ભગવાને આવીને તે જરાસંઘને મારવા માટે અનેક કળાઓ રચી. ૩૦. ભીમસેનને હાથે જરાસંઘને મરાવ્યો. પછી તરત જ તે બધા રાજાઓને છોડાવી દીધા.

ભૌમાસુર સોળ હજાર અને એકસો સર્વશ્રેષ્ઠ રાજકન્યાઓનું બળજબરીથી અપહરણ કરી લઈ ગયો હતો. અને તેને વરવાનો મનમાં સંકલ્પ

કરી રાખ્યો હતો. પણ તે બધી કન્યાઓએ ભગવાન શ્રીકૃષ્ણને વરવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો. ૩૧-૩૨. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન દ્વારકામાં હતા. ત્યાં ઈન્દ્રે આવીને કહ્યું, મારી માતાના કુંડળ ભૌમાસુર બળજબરીથી લઈ ગયો છે. ૩૩.

ઈન્દ્રએ આ વાત શ્રીકૃષ્ણને સંભળાવી અને કહ્યું, 'આપના વિના મને મદદ કોણ કરશે ? તેણે કેટલાએ કિલ્લાઓ કરીને સૈન્યશક્તિ વધારી દીધી છે. આપના સિવાય બીજો કોણ તેને જીતી શકશે ? ૩૪. તેને જીત્યા વિના કુંડળ નહિ મળે. આ બાબત તો ઘણી કઠિન છે. જ્યારે ઈન્દ્ર પ્રાર્થના કરીને ગયા ત્યાર પછી ભગવાન ચાલ્યા. ૩૫. સત્યભામાનાં વચન વિના તેનું મૃત્યુ થાય તેમ ન હતું. કારણ કે તેને તેવો વર હતો. તે બાબતને શ્રીકૃષ્ણ ભગવાન જાણતા હતા. એટલે તેમણે સત્યભામાને સાથે લીધા. ૩૬. ભગવાને અનેક પ્રકારે યુદ્ધ કરીને યુદ્ધમાં ભૌમાસુરને માર્યો. બધી કન્યાઓને બંધનથી મુક્ત કરી અને ત્યારે અદિતિનાં કુંડળ પણ લઈ લીધા. ૩૭. પછી તે બધી કન્યાઓને પાલખી જેવા વાહનોમાં બેસાડી બેસાડીને તુરંત દ્વારકા પહોંચાડી. ૩૮. ઈન્દ્રને કુંડળ આપીને ભગવાન દ્વારકાપુરી આવ્યા. એક જ સમયે તે બધી કન્યાઓને પરણ્યા. ૩૯.

सोरठा : धीरज रखे जाहि, अंत्ये होवत जित तेहि;
धीरज न रखत ताहि, अति कष्ट सो लहत तेहु...४०

માટે જે ધીરજ રાખે છે તેની અંતે જીત થાય છે. અને જે ધીરજ ન રાખે, ઉતાવળો થાય, તો તેને ઘણું કષ્ટ સહન કરવું પડે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિએ ધમડકામાં ગ્રામજનોની આગળ ધીરજની મહત્તા કહી' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર સાતમું : તરંગ - ૧૮

ધમડકામાં પ્રબોધનીના ઉત્સવ પર કચ્છના હરિભક્તો આવ્યા

વળી ફરી શ્રીહરિ સંતો અને દરબારોને કહેવા લાગ્યા. જે કોઈપણ કામ હોય તે અમે વગર વિચારે કરતા નથી. ૧.

दोहा : जामे जीतनो फल हि, प्रथम लेत विचार;
विचार बिन करे काम कोउ, तर्त सो जावत हार...०२

सोरठा : अपनी पोंहच विचार, जो जो करत काम जोउ;
सुख सो लहत अपार, उद्धत सुख न लहत कबु...०३
विचार में हे सुख, उद्धत में हे कष्ट महा;
पीछे टले नहि दुःख, कोटि उपाय करे तोउ...०४

જે કામનું જે પરિણામ-ફળ હોય તેને અમે પહેલા વિચારી લઈએ છીએ. વગર વિચારે કોઈ કામ કરવામાં આવે તો તેમાં તરત જ પાછું પડવાનું થાય છે. ૨. જે કોઈપણ પોતાની પહોંચ-શક્તિને વિચારીને કામ કરે છે તેને તેનાથી અપાર સુખ થાય છે. પરંતુ ઉદ્ધતાઈ કરનારાને ક્યારેય સુખ મળતું નથી. ૩. વિચાર કરવામાં સુખ રહ્યું છે અને ઉદ્ધતાઈમાં ઘણું દુઃખ રહ્યું છે, કે જે પછીથી કરોડ ઉપાય કરે તોપણ તે દુઃખ ટળે નહિ. ૪.

શ્રીહરિએ આટલી વાત કરી. ત્યારે મધરાત થઈ ગઈ હતી. પછી શ્રીહરિ પલંગ ઉપર પોઢી ગયા અને બધા સંતો ધ્યાન કરવા લાગ્યા. ૫. પછી જ્યારે અરુણોદય થયો ત્યારે બધા સંતો "સ્વામિનારાયણ ધૂન" કરવા લાગ્યા. જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે સ્વામિનારાયણ...સ્વામિનારાયણ... આવું ઉચ્ચારણ કર્યું. ૬.

શ્રીહરિ બધા સંતોને સાથે લઈને ઉમંગભેર સ્નાન કરવા માટે ચાલ્યા. ગામથી પશ્ચિમ તરફ એક સુંદર નદી વહે છે. ૭. તે નદીએ સહુ આવ્યા અને કિનારે વસ્ત્ર આદિ મૂકીને ઉતારો કર્યો. જાતજાતના વૃક્ષ આદિકે કરીને નદીના બંને કિનારા અતિ સોહામણા લાગતા હતા. ૮. બધી જમીન પથ્થરવાળી હતી. તેથી નદીમાં પણ પથ્થર જ પથરાયેલા હતા. નદી જોઈને શ્રીહરિ મનમાં પ્રસન્ન થયા. પછી જંગલ (શૌચ) જઈને વિધિ પ્રમાણે હાથ પગ ધોયા. પછી રૂમાલથી તેને લૂછ્યા અને શ્રીહરિએ બાવળનું કોમળ દાતણ લઈને તે કર્યું. ૯-૧૦. દાતણ કરીને સ્નાન કર્યુ. સંતોને નાહવા માટે બોલાવ્યા. શ્રીહરિ સંતોની સાથે જ નાહ્યા. ત્યારે બધા દરબારો

શ્રીહરિની સાથે શોભતા હતા. ૧૧. શ્રીહરિ ઘણીવાર સુધી નાહ્યા. સદ્‌ગુરુ રામાનંદસ્વામી પણ અહીં નાહ્યા હતા. ભાઈ રામદાસજીસ્વામી સાથે હતા. તેમણે રામાનંદસ્વામી નાહ્યા હતા તે સ્થળ બતાવ્યું. ૧૨.

શ્રીહરિ ત્યાં ઘણા પ્રેમભાવથી નાહ્યા. પછી પાણી બહાર નીકળ્યા. શરીર કોરું કરીને ઘણા ભારે જરીદાર વસ્ત્ર પહેર્યાં. ૧૩. શ્રીહરિ જેટલી વખત ધમડકા આવ્યા હતા તેટલીવાર અહીં નદીએ નહાયા હતા. શ્રીહરિ ધમડકા ગામમાં પાંચ, દસ કે વીશ દિવસ અથવા મહિનો કે બે મહિના સુધી રોકાયેલ છે. ૧૪. તે સમયે શ્રીહરિના અશ્વને તૈયાર કરીને લાવ્યા. તેના બધા જ શણગાર સોનેરી હતા. શ્રીહરિ તેના ઉપર બેઠા. ૧૫. સારું સોનેરી છત્ર શ્રીહરિને મસ્તકે ધાર્યું હતું. માનો કરોડો ચંદ્રમા ઉદય પામ્યા હોય તેમ ચારેબાજુ અપાર તેજ તેજ અને તેજ છવાઈ ગયું હતું. ૧૬. તે વખતે તત્કાળ પ્રેમીભક્તે શ્રીહરિનાં લલાટમાં કેસરયુક્ત ચંદનની અર્ચા કરી. અને તેના મધ્યમાં કુંકુમનો ચાંદલો કર્યો. મુખની શોભા કરોડો કામના ગર્વને ઉતારે તેવી હતી. ૧૭.

આગળના ભાગમાં છડીદાર છડી પોકારતા હતા. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. શ્રીહરિ જ્યારે પુરમાં આવ્યા ત્યારે હજારો લોકો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. ૧૮. શ્રીહરિની સર્વોત્તમ મૂર્તિનાં દર્શન કરતા પુરજનોને તૃપ્તિ થાતી ન હતી. બધા હાથ જોડીને પગે લાગતા હતા. સહુના મનમાં ઘણું જ હેત રહ્યું હતું. ૧૯. રાજમાર્ગમાં જનસમુદાયને દર્શન આપતા શ્રીહરિ દરબાર લાધાજીના રાજદરબારમાં આવ્યા. ઉતારે આવીને રસોઈ જમ્યા. સંતો અને દરબારો પણ ત્યાં જ જમ્યા. ૨૦. ઘનશ્યામ શ્રીહરિ જ્યારે ચાલવા માટે તૈયાર થયા ત્યારે દરબાર લાધાજી એકદમ સુનમુન થઈ ગયા. અંતરમાં શોક સમાવીને તેઓ તત્કાળ શ્રીહરિની પાસે આવ્યા. ૨૧. દરબાર હાથ જોડીને બોલ્યા, પ્રભુ ! આપ મારી વિનતિને સાંભળો. આપ સદાને માટે સ્વતંત્ર દેવ છો. ક્યારેય કોઈનાં બંધનમાં આવતા નથી. ૨૨.

આપ ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવોને પણ દુર્લભ છો. આપની ગતિ (ઇચ્છા) ને કોઈ જાણી શકે નહિ. અમે તો થોડી બુદ્ધિના છીએ, આપને કઈ રીતે ઓળખી શકીએ ! ૨૩. અમે અલ્પબુદ્ધિના હોવા છતાં

આપને કહીએ છીએ, તો હે નાથ ! કૃપા કરીને આપ તે સાંભળો, જેટલા પ્રદેશમાં આપણો સત્સંગ થયો છે તે બધા હરિભક્તો આપને ખૂબ જ ચાહે છે. ૨૪. મહારાજ ! પ્રબોધિની એકાદશીનો સમય નજીક આવી રહ્યો છે. તે સદ્‌ગુરુ રામાનંદસ્વામીની મહાન્ જન્મતિથિ છે. ૨૫. (સંપ્રદાયના અન્ય ગ્રંથોમાં સદ્.રામાનંદસ્વામીનો જન્મ જન્માષ્ટમીના દિવસે પ્રાતઃકાળમાં લખ્યો છે.) તે દિવસ પ્રેમભાવથી ઉત્સવ અને વ્રત કરવાનો હોય. તે દિવસ ધર્મદેવનો પણ જન્મદિવસ છે, એટલે તે મોટો પર્વનો દિવસ કહેવાય. ૨૬. આપનો દીક્ષા દિવસ અને ગાદી અભિષેકનો દિવસ પણ પ્રબોધિની એકાદશી જ છે, એટલે તે દિવસ કૃષ્ણાષ્ટમી અને રામનવમીના જેવું સહુથી મોટું પર્વ કહેવાય. ૨૭. દેવદિવાળી ભક્તિમાતાનો જન્મદિવસ છે તેપણ ઘણો યોગ્ય સારો દિવસ છે. અમારે કાયમનું સંભારણું રહે તે માટે એક સમૈયો અહીંયા કરો. ૨૮.

શ્રીહરિએ દરબાર લાધાજીના હૃદયનો ઘણો જ પ્રેમભાવ દેખ્યો, એટલે મનમાં વિચાર કર્યો કે દેવદિવાળી સુધી અહીંયા સંતોની સાથે રોકાઈ જઈએ. ૨૯. પછી દરબારને સમૈયો કરવાની હા કહી, તેથી તેમના મનમાં ઘણો જ આનંદ થયો. બધો શોક અને ઉદાસપણું મટી ગયું. પછી કચ્છ દેશના જે હરિભક્તો હતા તે સહુને પ્રબોધિની એકાદશી ઉપર ધમડકા ગામ તેડાવ્યા. ૩૦. જેટલા હરિભક્તોના ગામ હતા તેટલી કંકોતરીઓ તરત જ લખી. પછી શ્રીહરિએ હાથમાં કુંકુમ લીધું અને બધી પત્રિકાઓના ઉપર છાંટી દીધું ૩૧. દસ-વીશ વિપ્રોને બોલાવ્યા. તેમને પાકાં સીધાં અપાવ્યા. અલગ વિભાગ કરીને તેમને પત્રિકાઓ આપી. પત્રિકામાં વિવિધ રીતે બધી વિગત લખી હતી. ૩૨.

જેનાં ઘરમાં કોઈપણ પ્રકારની ઉપાધિ ન હોય તેણે ઉત્સવ ઉપર આવવું. ખાવાની ખર્ચી લઈને આવવું. રસ્તામાં પણ બીજા કોઈ હરિભક્તનું અન્ન ખાવું નહિ. ૩૩. જે બીજા હરિભક્તનું અન્ન ખાશે તેને દર્શનનું ફળ નહિ મળે. આમ શ્રીહરિએ જે વિગત લખી હતી, તે શ્રીહરિનાં વચનને હરિભક્તોએ પ્રેમથી સ્વીકારી લીધાં. ૩૪.

જ્યારે પ્રબોધિની એકાદશીનો દિવસ આવ્યો ત્યારે બધા હરિભક્તો ધમડકા આવ્યા. સવારના પહોરમાં જ બધા આવવા લાગ્યા. તે બધા શ્રીહરિના ચરણોમાં નમી પડતા હતા. ૩૫. ભુજના સુંદરજીભાઈ અને ગંગારામ મલ્લ આવ્યા ત્યારે એક સોનેરી હિંડોળો બનાવીને સાથે લાવ્યા હતા. શ્રીહરિ તે હિંડોળા ઉપર બેઠા. ૩૬. કચ્છના જે હરિભક્તો હતા તે બધાને તે બંને સાથે લાવ્યા હતા. ભક્તોના સંઘ અપાર આવ્યા. વાજિંત્રો વાગી રહ્યા હતા. ૩૭. શ્રીહરિએ ગામમાં ઘેર ઘેર મહેમાન હરિભક્તોને ઉતારા અપાવ્યા હતા. સહુ હરિભક્તો ઉતારો કરીને તરત જ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. ૩૮. હરિભક્તો જ્યારે પાછા દર્શન કરવા આવે ત્યારે શ્રીહરિ તેમને ફરીને પૂછતા કે, 'શું તમને ઉતારો મળી ગયો ?' વારે વારે આવું જ્યારે શ્રીહરિ પૂછતા ત્યારે તે હરિભક્તોને ખૂબ પ્રિય લાગતું હતું. ૩૯. કદાચ કોઈ ખર્ચી લીધા વિના આવ્યા હોય તો તેમને પણ હેત કરીને પૂછતાં કે, જરૂર હોય તો ખર્ચી અહીંથી લઈ જજો. અહીંયાં આવીને કોઈ ભૂખે મરશો નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'ધમડકામાં પ્રબોધનીના ઉત્સવ પર કચ્છના હરિભક્તો આવ્યા' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર સાતમું : તરંગ - ૧૯

પ્રબોધની પૂજાવિધીનું વાંચન કર્યુ અને દેવદિવાળીનો ઉત્સવ મનાવ્યો

ગામધણી દરબાર લાધાજીએ શ્રીહરિ અને સંતોને બેસવા માટે વિચિત્ર મંડપ બનાવ્યો. તે મંડપ આખો સોનેરી હતો. ૧. શિરોહી ઘાટના સોનેરી બધા થાંભલા ઊંચે આભને આંબે એવા બનાવ્યા હતા. તેની શોભા વર્ણવી શકાતી નથી. ૨. મંડપમાં ઉપર મોતીના ઉલેચ બાંધ્યા અને બિલોરી કાચના ઝાડ પ્રત્યેક ખંડે લટકાવી દીધાં. ૩. ઠેર ઠેર વિચિત્ર આકારવાળી કમાનો શોભતી હતી. અને મોટા મોટા દર્પણ પણ જડી દીધા હતાં કે જેમાં આખી સભા દેખાતી હતી. ૪. સોનેરી અને વિચિત્ર આકારવાળો એક હિંડોળો

મંડપની વચ્ચે બાંધી દીધો હતો. તે હિંડોળા ઉપર શ્રીહરિને પધરાવ્યા અને સમગ્ર હરિભક્તોએ ત્યાં શ્રીહરિની પૂજા કરી. ૫.

સહુએ કાર્તિક સુદિ પ્રબોધિની એકાદશીનું વ્રત કર્યું. સર્વ કુશળ સંતો આવીને સભામાં બેઠા. તે સમયે ઉત્સવનો દિવસ જાણીને હરિભક્તોએ બધા સંતોની પૂજા કરી. ૬. સંતો વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગાડીને શ્રીહરિની મૂર્તિનાં કીર્તન ઘણા હેતથી ગાતા હતા. શ્રીહરિનાં દિલમાં પણ ઘણો ઉમંગ હતો, તેથી તેઓ પણ સંતોની સાથે કીર્તન ગાતા હતા. ૭. સહુ દર્શન કરનારાને આનંદ ઉપજાવે એવી શ્રીહરિની મૂર્તિ સહજ હતી. જે ભક્તો એક જ વાર મૂર્તિનાં દર્શન કરતા તોપણ તે મૂર્તિ તેમને ક્યારેય ભૂલાતી નહીં. ૮. શ્રીહરિએ જન્મ ધર્યો ત્યારથી આરંભીને તે સમય સુધી જે જે ચરિત્રો કર્યા હોય તેને તે હરિભક્તો જ્યારે ભેળા થાય ત્યારે પરસ્પર સંભારતા હતા. ૯.

चोपाई :

हरि के चरित्र संभारत जेहि, त्रिविध ताप पिरत नहि तेहि;
जितनी वेर चरित्र भुलावे, तितनी वेर सो ताप तपावे...१०
सो जानी हरिजन वार हि वारा, संत जोग से होत न न्यारा;
संतकुं हरि विन नहि ओर भोगा, तेहि हित हरि को रखत जोगा...११
हरि विन ओर कहावत जेहु, काल चवेना जानत तेहु;
जग में आसक्ति भुले न करही, हरि चरित्र में संत अनुसरही...१२

જે ભક્તો શ્રીહરિનાં ચરિત્રોને સંભારતા, તેને ક્યારેય આધ્યાત્મિક આદિ ત્રિવિધ તાપ પીડતા નહિ. જેટલો સમય ચરિત્રોને ભૂલી જવાય તેટલો સમય તે ત્રિવિધ તાપ સંતાપ કરે છે. ૧૦. આવું સમજીને હરિભક્તો વારંવાર સંતોના જોગમાં રહેતા, પણ તેમનાથી અલગ પડતા નહિ. સંતોને ભગવાન શ્રીહરિ સિવાય બીજા કોઈ ભોગો-વિષયો ન હતા. તેથી સતત શ્રીહરિનો જોગ જ રાખતા હતા. ૧૧. ભગવાન સિવાય બીજું જે કાંઈ કહેવાતું હોય તેને સંતો કાળનું ચવાણું માનતા હતા. સંતો ભૂલથી પણ જગતમાં આસક્તિ કરતા નહિ. તેઓ શ્રીહરિનાં ચરિત્રોને જ અનુસરતા હતા. ૧૨.

જેટલા શ્રીહરિનાં ચરિત્રો છે તે અપાર અમૃતનો સાગર છે. તેને વારંવાર પીવા છતાં તેની ક્યારેય તૃપ્તિ થાતી નથી. ૧૩. શ્રીહરિએ જ્યારથી જન્મ લીધો ત્યારથી નવાં ને નવાં ચરિત્રો કરે છે. તેને દિન પ્રતિદિન સાંભળતાં જ રહો, છતાં તે નવીનનાં નવીન જ રહે છે. ૧૪. શ્રીહરિનાં અનુપમ ચરિત્રોને સંતોએ સંધ્યાવખત થયો ત્યાં સુધી સરસ રીતે ગાયાં. તે વખતે મશાલો બહુ પ્રકટાવી. ૧૫. મંડપમાં બિલોરી કાચના જેટલા ઝાડ લટકાવ્યા હતા. તે વિવિધ રંગના અને વિવિધ પ્રકારના હતા. તે બધાને તે સમયે પ્રકટાવ્યા. ૧૬. મોટો ઉત્સવનો દિવસ જાણીને ત્યારે બીજા દીવાઓ પણ અપાર કર્યા. તે મંડપની વચ્ચે અનુપમ હિંડોળો હતો, તેના ઉપર દેવો અને ઋષિમુનિઓના આરાધ્ય શ્રીહરિ બેઠા. ૧૭. ત્યાં બધા સંતોની સભા ભરાણી. તેવી જ રીતે દરબારોની સભા પણ થઈ. પુરુષોની સભામાં પુરુષો અને સ્ત્રીઓની સભામાં સ્ત્રીઓ, એવી રીતે હરિભક્તોની સભા ઘણી સોહામણી લાગતી હતી. ૧૮. શ્રીહરિની ચારેતરફ રહેલા સંતો-ભક્તોનો સમૂહ, તારાગણ જેવો શોભતો હતો. અને તે સભાની વચ્ચે શ્રીહરિ ચંદ્રમાની જેવા શોભતા હતા. તે શોભા કરોડો કામદેવનાં મનને પણ લોભાવે તેવી હતી. ૧૯.

રાત અરધી ગઈ ત્યાં સુધી શ્રીહરિએ સહુને દર્શન દીધાં અને તે સમયમાં પ્રબોધિની એકાદશીની પૂજાવિધિ વગેરે કથા વંચાવી. ૨૦. તે સાંભળીને બધા હરિભક્તો રાજી થયા અને શ્રીહરિનો અપાર મહિમા સમજાયો. તે એકાદશીએ રામાનંદસ્વામીનો અને ધર્મદેવનો જન્મદિવસ હતો. ૨૧. બંનેનો જન્મ સમય પણ જાહેર સભામાં વંચાવ્યો. હરિભક્તોમાં અને જગતમાં તે જન્મ સમયને પ્રસિદ્ધ કરાવ્યો. જે રામાનંદસ્વામી કહેવાય છે તે ઉદ્ધવનો અવતાર હતા. ૨૨. તેમણે પ્રબોધિની એકાદશીને દિવસે જ શ્રીહરિને દીક્ષા આપી હતી. તેનો બધો વિધિ પણ સભામાં સંભળાવ્યો અને તે એકાદશીને દિવસે જ રામાનંદ સ્વામીએ ઘણા હેતથી શ્રીહરિને પોતાની ગાદીએ બેસાડ્યા હતા. ૨૩. તે બધો વિધિ પણ સભામાં જ્યારે વંચાવ્યો ત્યારે તેને સાંભળીને લોકોને ઘણું આશ્ચર્ય થયું. આવી બધી વિગત સાંભળતા સાંભળતા સવાર થઈ ગયું. આખી રાત વીતી ગઈ તેમાં એકપળ જેટલી પણ વાર ન લાગી. તેવું અનુભવાયું. ૨૪.

જ્યારે અરુણોદય થયો ત્યારે સંતોએ "સ્વામિનારાયણ ધૂન" કરી. પછી સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ સ્નાન કરવા તૈયાર થયા. ૨૫. શ્રીહરિ નદીમાં સ્નાન આદિ કરી આવ્યા. અનુપમ અશ્વ ઉપર સવાર થયા. ઘનશ્યામ શ્રીહરિએ સોનેરી વસ્ત્ર અને સોનાનાં આભૂષણ પહેર્યાં. ૨૬. તે વખતે શ્રીહરિની આગળના ભાગમાં વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. છડીદાર હાથમાં સોનાની છડી લઈને છડી પોકારતા હતા. ૨૭. રાજબજારે થઈને શ્રીહરિ રાજદરબારમાં આવ્યા અને હિંડોળા ઉપર બેઠા. તેટલીવારમાં તો રસોઈ તૈયાર થઈ ગઈ. ૨૮. જ્યારે વર્ણીએ આવીને "થાળ તૈયાર થઈ ગયો છે." એમ કહ્યું ત્યારે શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. આવીને સોનેરી બાજોઠ ઉપર બેઠા. એટલે થાળમાં ભરીને બધા ભોજન લાવ્યા. ૨૯.

ભક્તોનું રક્ષણ કરનારા શ્રીહરિ થાળમાં પીરસેલા દૂધપાક અને પૂરીને જમવા લાગ્યા. ભજીયાં, વડાં અને શાક વગેરે ભોજન ઘણાં જ રસાળ બનાવ્યાં હતાં. ૩૦. વર્ણીએ જેટલાં ભોજન બનાવ્યાં હતાં તે બધા શ્રીહરિ જમ્યા. આ રીતે જમી રહ્યા પછી હાથ અને મુખ ધોયા અને પછી રૂમાલથી લૂછ્યાં. ૩૧. એલચીનો મુખવાસ લીધો ત્યારે હરિભક્તે પૂજા કરી. કેસરયુક્ત ચંદનની અર્ચા લલાટમાં કરી અને તેના મધ્યમા કુંકુમનો લાલ ચાંદલો કર્યો. ૩૨. તે દિવસની રસોઈ માનબાઈએ કરાવી હતી, તેથી શ્રીહરિના થાળની પ્રસાદી તેને આપી. પછી શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા અને બાજુબંધ બાંધ્યા. તેમજ મસ્તક ઉપર તોરા ધરાવ્યા. ૩૩. તે સમયે કપૂરની આરતી કરી અને કુશળતાથી સ્તુતિ કરી કે, "હે હરિ ! આપ જ્યાં જ્યાં જેવી જેવી લીલા કરો તેવી ને તેવી મને અહીંયાં બેઠા દેખાય." ૩૪. આવું માંગ્યું ત્યારે તેને શ્રીહરિએ તેવો વર આપ્યો. અને તે વરને હૃદયમાં દઢ કરી લીધો.

તે પછી સમસ્ત સંતોને જમાડ્યા અને દરબાર લાધાજીએ સંતોની પૂજા કરાવી. ૩૫. આમ કરતાં કાર્તિક સુદિ પૂનમ આવી ગઈ. જેને દેવદિવાળી આવા નામથી કહેવાય છે. તે દિવસ પણ ભારે ઉત્સવ કર્યો અને ઘણાં સારાં પકવાન પુષ્કળ પ્રમાણમાં કરાવ્યાં. ૩૬. પાક તો એટલા બધા કરાવ્યા હતા કે તેનો ગણતાંએ પાર આવતો ન હતો. સુગંધથી ધમધમતાં શાક પણ અપાર

કરાવ્યાં હતાં. ૩૭. જેટલી ભોજનની જાત-ભાત કહેવાતી હોય તેટલાં વડાં, ભજીયાં અને રાયતા વગેરે કરાવ્યું હતું. તે બધાને વિવિધ પ્રકારના કટોરામાં ભરીને સોનાના થાળમાં મૂક્યા હતા. ૩૮. કેટલાક કટોરા સોનાના હતા, કેટલાક રૂપાના હતા અને કેટલાક બિલોરી કાચના હતા. બધામાં ભોજન ભરપૂર ભર્યાં હતાં. ૩૯. શ્રીહરિને સોનેરી બાજોઠ ઢાળીને બોલાવ્યા. શ્રીહરિ તેની ઉપર આવીને બેઠા અને બધા ભોજનને જોવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'પ્રબોધની પૂજાવિધીનું વાંચન કર્યું અને દેવદિવાળીનો ઉત્સવ મનાવ્યો' એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર સાતમું : તરંગ - ૨૦

ધ્રાંગધ્રામાં વૈરાગીઓનો ઉપદ્રવ, રાજાએ સત્સંગનો ગુણ કહ્યો

હરિભક્તોનો ભાવ દેખીને શ્રીહરિ થાળ જમવા લાગ્યા. બધી જ વસ્તુઓને થોડી થોડી જમ્યા. મનમાં ઘણો જ ઉત્સાહ હતો. ૧. વિવિધ પ્રકારનો તે થાળ જ્યારે જમી રહ્યા ત્યારે જગદાધાર શ્રીહરિએ તેની પ્રસાદી ગંગારામ મલ્લને આપી. ૨. હાથ અને મુખ ધોયાં. મુખવાસ લીધો. પછી સંતોને બોલાવીને પંગત કરાવી. ૩. દરબારોને અને પાર્ષદોને પણ બેસાડ્યા. અને શ્રીહરિ તે સહુને પીરસવા લાગ્યા. જે જે પાક બનાવ્યા હતા, તેના થાળ ભરી ભરીને લાવ્યા. ૪. શ્રીહરિ સરસ રીતે પીરસવા લાગ્યા. તેમને સંતોને પીરસવામાં ઘણો પ્રેમ હતો. દરબારો અને પાર્ષદોને પણ બધું પીરસાઈ ગયું ત્યારે શ્રીહરિએ "વાસુદેવ હરે..." એવો ઉચ્ચાર કર્યો. ૫.

તે સમયે સંતો જમવા લાગ્યા. પાત્રમાં જે અપાર ભોજન પીરસેલું હતું તે બધું મેળવીને જમવા લાગ્યા. સહુને શ્રીહરિનાં આજ્ઞાવચનમાં પ્રેમ હતો. ૬. સંતો અને દરબારો જ્યાં સુધી જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પીરસવા માટે પંગતમાં ફરતા રહ્યા. જ્યારે સંતો જમી રહ્યા, કોઈ થોડું પણ ભોજન લેતા ન હતા, ૭. ત્યારે દયાળુ શ્રીહરિએ તત્કાળ જ હાથ-પગ ધોઈ

નાખ્યા અને આવીને હિંડોળા ઉપર બેઠા. દરબાર લાધાજી વિવિધ પ્રકારના પૂજાના ઉપચારો લાવ્યા અને આવીને પૂજા કરી. ૮. કેસરવાળું સુગંધી ચંદન શ્રીહરિનાં લલાટમાં ચરચ્યું. નવા જરિયાની વસ્ત્રો અને બધા મોતીનાં આભૂષણો પહેરાવ્યા. ૯. કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો. શ્રીહરિ મુખથી મરક મરક હસતા હતા. પછી કેસરી ચંદન ચરણોમાં ચરચ્યું અને હરખભેર હૈયા ઉપર તે ચરણ લીધા. ૧૦.

દરબાર લાધાજીનું જેટલું કુટુંબ હતું તે બધું સત્સંગી થયું હતું. તે બધા કુટુંબે શ્રીહરિની પૂજા કરીને મહાન્ અલૌકિક લાભ લીધો. ૧૧. કપૂર પ્રકટાવીને આરતી ઉતારી અને તે સમયે સ્તુતિ કરવા લાગ્યા, “હે હરિ ! બીજી બધી જે સંપત્તિ છે તે ક્યારેક રહે કે ન રહે, ૧૨. પણ અમને સદાકાળ સત્સંગનો જોગ રહે, એવું વરદાન આપો. અમે આવું હાથ જોડીને માગીએ છીએ, તો આપ અમારી વિનતિને સાંભળો. ૧૩. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન જે કહેવાય છે તે આ સત્સંગમાં જ અખંડ રહે છે, બીજે કોઈ ઠેકાણે નહીં. ૧૪. તેમ જ શ્રીહરિના જેટલા જે અવતારો છે, તથા જેટલા તીર્થ, વ્રત, સમગ્ર સંતો અને અપાર હરિભક્તો તે બધા આ સત્સંગમાં જ રહ્યા છે.” ૧૫.

આટલી સ્તુતિ-પ્રાર્થના કર્યા પછી તે સહુએ સંતોની પૂજા કરી. સહુના લલાટમાં ચંદન ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. ૧૬. તે સમયની સભા પ્રફુલ્લિત ફૂલવાડી જેવી હતી. સંતોને એકેક ધોતિયું ઓઢાડ્યું. શ્રીહરિની સાથે રહેતા દરબારો, પાર્ષદો અને વર્ણીઓ, ૧૭. તે બધાની પૂજા દરબાર લાધાજીએ એકસરખી રીતે કરી. બહારગામથી જે હરિભક્તો આવ્યા હતા. તે બધા બીજે દિવસ પોતપોતાને ઘેર ગયા. ૧૮. શ્રીહરિની સાથે રહેલા મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, આનંદાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી વગેરે. ૧૯. જેટલા મોટેરા સંતો હતા તેમનું એક મંડળ કર્યું તેમને રામ, લક્ષ્મણ અને સીતાજી તથા બાલમુકુંદ શ્રીકૃષ્ણ તે બધી મૂર્તિઓને નાના સિંહાસનમાં પધરાવીને પૂજવા માટે પ્રેમથી આપી. અને શ્રીહરિએ ઝાલાવાડના મોટા મોટા ગામમાં ફરવા જવાની આજ્ઞા કરી. ૨૦-૨૧. સંતો ચાલવાની તૈયારી કરતા હતા તેવા અરસામાં ભક્તવર્ય ભોજાભાઈ ગઢવી અગાઉથી ધ્રાંગધ્રા આવ્યા.

ત્યાંના રાજાને સત્સંગની બધી રીત કહી. ૨૨. તે સાંભળીને રાજાના મનમાં સત્સંગના ઉપર અપાર ભાવ થયો. તે બાબતને વૈરાગીએ જાણી.

ભક્તરાજ ભોજાભાઈ ગઢવી બજારમાં ચાલ્યા આવતા હતા. ૨૩. ભોજા ભક્તના હાથમાં માળા હતી. મુખથી ભગવાનનું નામ જપતા હતા. માળાને પારે પારે "સ્વામિનારાયણ...સ્વામિનારાયણ..." બોલતા હતા તે વખતે સામેથી વેરાગી ભેળા થયા. ૨૪. ભોજા ભક્તને હરિભક્ત જાણીને વેરાગીઓ ગાળો દેવા લાગ્યા. ભોજા ભક્તે તેમને બંને હાથ જોડ્યા. ત્યાં ગામના જે સ્ત્રી-પુરુષો હતા તેમણે આ બધું જોયું. ૨૫. તેથી ઘણા પુરજનો ભેળા મળીને વેરાગીઓને રોકવા-વારવા લાગ્યા. ત્યારે વેરાગીઓને ઘણો જ ક્રોધ ચડ્યો અને કોઈક વેરાગીએ તલવાર ખેંચીને કાઢી. ૨૬. સામે બે હાથ જોડીને ભોજાભક્ત ઊભા હતા. તેમના કાંડા ઉપર તલવારનો ઘા કર્યો. તેમના એક હાથનું કાંડું અરધું કપાઈ ગયું. ભેળા થયેલા લોકોએ તેમને રોકી દીધા. ૨૭.

પછી તો બધા વેરાગીઓ ભેળા થઈને પુરના રાજા પાસે ગયા. ઠાકોરજીનાં મંદિરનાં બારણા બંધ કરી દીધાં. રાજાને કહ્યું, અમે મંદિરમાં સેવા નહિ કરીએ. ૨૮. કારણ કે સ્વામિનારાયણનો શિષ્ય એક ગઢવી અહીં આવ્યો છે. તેણે અમારાં ઉપર આરોપ મૂકવા કાંડું કાપ્યું છે. તેને તમે પુરમાં આશ્રય આપ્યો છે. ૨૯. તમે જયારે તેને ધ્રાંગધ્રા બહાર કાઢશો ત્યારે જ અમે અનાજ ખાશું અને ઠાકોરજીની સેવા કરશું. તેને નહિ કાઢો તો અમે ભૂખ્યા મરી જઈશું. ૩૦.

ત્યારે રાજાએ વેરાગીઓ સામે હાથ જોડ્યા અને બોલ્યા, તમે મોટા ટંટાખોર છો. જે સ્વામિનારાયણના શિષ્યો હોય છે તેઓ તો બધા તેમની આજ્ઞાથી બંધાયેલા હોય છે. ૩૧. તેઓ ક્યારેય પોતાનું કે પારકું અંગ કાપે નહિ. કેમ જે, તેમના ગુરુ જે સ્વામિનારાયણ છે તેમની એવી આજ્ઞા છે. ૩૨. તેઓ ગુરુનાં આજ્ઞાવચન ઉપર ક્યારેય પગ મૂકે નહિ. મને ખરેખર તેમનાં વર્તન ઉપર હજી પાકો વિશ્વાસ છે. તમે તમારું પોતાનું માહાત્મ્ય જાણી જોઈને ખોવા બેઠા છો. ૩૩. તમારી એકપણ રીત સંતની નથી. અમને પણ એટલો તો વિવેક આવ્યો છે કે, 'જે સ્ત્રીથી અને ધનથી દૂર રહે તે જ પૂરા સંત કહેવાય.' ૩૪. સંત થઈને જે સ્ત્રી અને ધન બંને રાખે છે તેને

કળિયુગના મળ જેવા કહ્યા છે. તુલસીદાસ ઘણા મોટા ભક્ત થઈ ગયા છે. તેમણે સંતોની રીત પોકારી પોકારીને કહી છે. ૩૫.

તેમાંથી તમારાં જીવનમાં સંતની એકપણ રીત નથી. જો સંતની રીતમાં ચાલતા હોવ તો તે મને બતાવો. હાલમાં તો સ્વામિનારાયણના બધા સંતો જ સંતની રીતે ચાલે છે. ૩૬. સંતની રીતે જે ચાલે તે સંત છે અને જે રીતમાં ન ચાલે તે અસંત છે. આ પ્રમાણે સહુએ સંતોની રીતને કહી છે અને તે પ્રત્યક્ષ દેખાય પણ છે. ૩૭. અમે તો સંતોના દાસ છીએ. સંતોની આગળ 'હજૂર' કહીને ઊભા રહીએ છીએ. અમે સંતોને તન, મન અર્પણ કર્યાં છે અને અસંતથી તો દૂર રહીએ છીએ. ૩૮. વર્ણી અને સાધુના ધર્મ લગભગ એકસરખા કહ્યા છે. બંનેએ આઠ પ્રકારે સ્ત્રીના ત્યાગરૂપ અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળવાનું હોય છે. ૩૯. તે પ્રમાણે જ જે ધનનો ત્યાગ રાખે તે જ સાચા સંત કહેવાય છે. સંતોએ સર્વ વ્યસન અને કેફનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રેમરૂપ ભક્તિ કરવાની હોય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'ધ્રાંગધ્રામાં વૈરાગીઓનો ઉપદ્રવ, રાજાએ સત્સંગનો ગુણ કહ્યો' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર સાતમું : તરંગ - ૨૧

અસંતનો રાજપરિવાર પર પ્રભાવ અને રાજપરિવારને સત્ય જ્ઞાનનો અભાવ

ફરીને ધ્રાંગધ્રાના રાજાએ વેરાગીઓ સાથે વાત કરતા કહ્યું, તમારામાં સાધુતાનું બળ તો બિલકુલ નથી. એકમાત્ર ક્રોધનું બળ રહ્યું છે. ૧. જેટલા મોટા અસુરો પૂર્વે થઈ ગયા છે, તે ટોળેટોળાં તમારામાં આવીને છુપાઈ રહ્યા છે. રાહુ જેમ ચંદ્રનું ગ્રહણ કરે છે તેમ તેમણે તમને પકડ્યા છે. ૨. તમે સાધુ-સંતનો આશ્રમ ગ્રહણ કરીને સંતની રીત છોડી દીધી છે. તમારામાં અસુરોએ નિવાસ કર્યો છે તેથી કુમાર્ગે ચાલવા લાગ્યા છો. ૩. સંન્યાસી, અતીત,

પરમહંસ તેમના તો ધર્મ કેટલા પવિત્ર હોય છે. હવે તો તે નામમાત્ર જ રહ્યા છે. ૪. પરમ પવિત્ર હોવા છતાં તેમાં અસુરોએ પ્રવેશ કર્યો, તેથી માંસ અને દારૂ ખાવા-પીવા લાગ્યા અને અશુદ્ધિના દોષને લેશમાત્ર પણ ગણતા નથી. ૫.

માનવસમાજમાં વિપ્રો ઉત્તમ જાતિ કહેવાય. સહુથી વિશેષ પવિત્રતામાં વિપ્રો પ્રસિદ્ધ છે. પણ તેમાં જ્યારે અસુરોએ પ્રવેશ કર્યો ત્યારે કેટલાક લોકો માંસ અને દારૂને ખાવા-પીવા લાગ્યા છે. ૬. રાજાઓમાં પણ અસુરોનું બળ જ્યારે ઘણું વધી ગયું, ત્યારે તેઓ ઠેરઠેર માંસ અને મદિરાનો ઉપભોગ કરવા લાગ્યા અને તેઓ તેને ક્ષત્રિયોનો પરમ ધર્મ માનવા લાગ્યા. ૭. ક્ષત્રિય રાજાઓમાં જેટલું ઈશ્વરભાવનું તેજ હતું તે દિન પ્રતિદિન નાશ પામવા લાગ્યું. રાજાઓએ નીતિનો માર્ગ તજી દીધો અને તેને અનીતિ કરવાની ચાહના થવા લાગી. ૮. અત્યારે રાજાઓ નામમાત્રના જ થઈ ગયા છે, અને તે અસુરોના પ્રવેશનો પ્રતાપ છે. જ્યાં નીતિ હોય ત્યાં ધર્મ રહ્યો હોય, જે નીતિમાન હોય તે જ સંત છે અને તે જ રાજા કહેવાય છે. ૯. ધ્રાંગધ્રા નરેશ વેરાગીઓ સાથે આટલી વાત કરીને ભોજાભાઈ ચારણની પાસે આવ્યા. અને જે વેરાગીઓનો કુભાવ હતો તે બધો રાજાએ ભોજાભાઈને કહી સંભળાવ્યો. ૧૦.

વાસ્તવમાં તે વેરાગીઓ અડબંગા હતા. પોતાના હિતની વાતને પણ માને તેવા ન હતા. કારણ કે તેમાં અસુરોએ પ્રવેશ કર્યો હતો, તેથી તેમને સાચી વાત ગમતી ન હતી. ૧૧. રાજાએ ભોજાભાઈને કહ્યું, મેથાણ અમારું ગામ છે. ત્યાં પણ હરિભક્તો રહે છે. તેમાં જે પટેલ જ્ઞાતિમાં એક અજા પટેલ છે, ૧૨. તેઓ પાકા સત્સંગી છે. તેમની આગળ વેરાગીઓનું કાંઈ ચાલશે નહિ. એટલે તમને ત્યાં મેથાણ પહોંચાડી દઈએ. પાટો બાંધવો વગેરેનો ખર્ચ અમે અપાવશું.' ૧૩. આવું કહીને રાજાએ ભોજાભાઈને મેથાણ પહોંચાડી દીધા. તેથી ધ્રાંગધ્રામાં વેરાગીઓ થોડા શાંત પડ્યા અને રાજાનો દોષ કાઢ્યો નહિ. ૧૪.

આખા ઝાલાવાડ પ્રદેશમાં લીંબડી અને વઢવાણ વગેરે ગામોમાં જેટલા વેરાગીઓ હતા, તે બધા ભેળા મળીને મેથાણ આવ્યા. ૧૫. ગોપાળદાસ નામે એક ધ્રાંગધ્રાનો વેરાગી આગેવાન હતો. તેણે આપણા સત્સંગનું નામોનિશાન ભૂંસી નાખવાની પ્રતિજ્ઞા કરી હતી. ૧૬.

લીંબડી અને વઢવાણનાં રજવાડામાં તો રાણીઓ જ રાજ્ય કરતી હતી. તેઓ રાજ્યના કામકાજમાં ઘણી હોંશિયાર હતી. કોઈ કામમાં તેઓ લગાર પણ ગાફલ ન રહેતી. ૧૭. રાજ્ય ચલાવવાની જે રીતો કહેવાય તેને તે રાણીઓ બરાબર જાણતી હતી. ઠાકોર તો નામમાત્ર રાજા કહેવાતા અને રાજા કહેવડાવીને તેઓ મનમાં અતિ સંતોષ (આનંદ) માનતા. ૧૮. ઠાકોર-રાજાઓ રાજ્ય કરવામાં તેટલા હોંશિયાર ન હતા, તેથી વેરાગીઓનું ગુજરાન ચાલતું. રાણીઓ કાંઈ સાચા સંતોની રીતને જાણતી ન હતી. એટલે જે માન દઈને બોલાવે તેની સાથે હેતભાવ રાખતી. ૧૯. બધી રાણીઓ ભક્તમાળ સાંભળતી. તેથી તેને ક્યારેય સંતનો અવગુણ-અભાવ આવતો નહિ. મીરાબાઈનું નામ આગળ રાખીને વેરાગીઓ ગામેગામ ફરતા.૨૦. અને સંતોની સેવા કરવાની રીત સંભળાવતા. ભક્તિભાવથી જ મોક્ષ થાય છે એવું બતાવતા. સંતો ધનને અને નારીને રાખે નહિ આવું સાચા સંતનું લક્ષણ ક્યારેય બતાવતા નહિ. ૨૧.

ચોપાઈ :

नारी से पंच हाथ चले दूरा, एसे संत सो जानना पूरा;
अष्ट अंग नारी को तजे संगा, सो संत जानहु शुद्ध अंगा...२२
निर्लोभी निष्कामि रहावे, निर्मानि निःस्वादि कहावे;
निस्प्रेहि रहि हरि गुन गावे, हरि बिन ओर वात न भावे...२३

જે સંતો સ્ત્રીઓથી પાંચ હાથ દૂર ચાલે તેને પૂરા સંતો જાણવા. તેમજ આઠ પ્રકારે સ્ત્રીઓનો સંસર્ગ-સંબંધ ન રાખે, એવા જે સંતો હોય તેને શુદ્ધ વર્તનવાળા જાણવા. ૨૨. નિર્લોભી, નિષ્કામી, નિર્માની, નિઃસ્વાદી અને નિઃસ્નેહી (નિઃસ્પૃહી) એ પાંચ વ્રતમાન પાળીને ભગવાનના ગુણ ગાય અને જેને ભગવાન વિના અન્ય વાત ગમે નહિ. ૨૩. જ્યાં સ્ત્રીઓ સ્નાનાદિ ક્રિયા કરતી હોય, તે સ્થળમાં સંતો પગ ન મૂકે. દરેક રીતે સ્ત્રીનો પ્રસંગ તજી દે, સ્ત્રીઓને કથા-કીર્તન આદિ ક્યારેય ન સંભળાવે. ૨૪. આવી વાતો તો અનંત પ્રકારની છે, જે સંતોના લક્ષણોનો નિર્ધાર કરી આપે છે. જે સંતો હોય છે તે જ સંતોના લક્ષણોને કહે છે. સંતના લક્ષણ જેમાં ન હોય તે તો

પોતાને અને બીજાને પણ ખુવાર કરે છે. ૨૫. મહાત્મા તુલસીદાસે ઠેર ઠેર સંતોની અને અસંતની રીત સ્પષ્ટ કહી છે. છતાં આસુરીબુદ્ધિના જે લોકો છે તે સંતોને અસંત ઠેરાવી દે છે. અને અસંત અત્યારે મિત્ર બની ગયા છે. ૨૬.

આ સમયમાં જેટલા અસંતો છે તે બધા સ્ત્રીઓનો પ્રસંગ વધારે રાખે છે. કારણ કે, નારીને આધીન થઈને નર રહે છે એટલે જેમ નારી કહે તેમ નર કરે છે. ૨૭. અસંતો તત્ત્વ(નારી)ને કબજામાં રાખે છે અને સંસારી ગૃહસ્થ આ અસંતોને માથું નમાવીને વશ રહે છે. તેથી બધા અસંતો નારીના ખરા તત્ત્વને સમજતા થઈ ગયા. ૨૮. આ કળિયુગમાં જેટલા અસંત થયા તે બધા નારીમાં જ મોક્ષ માને છે. સંસાર સાગરને તરવાની નૌકા એટલે ઉદર અને શિશ્નને તૃપ્ત કરવા અથવા તેના સુખને પ્રાપ્ત કરવા તેને જ માને છે. ૨૯. અસંતો પોતાને મુખે બોલે કે "નારી તો રત્નની ખાણ છે" આવું વચન સ્ત્રીઓને અમૃતના સમાન જણાય છે અને તેવા અસંતોને સ્ત્રીઓ પોતાના પ્રાણ અર્પણ કરી દે છે. ૩૦.

પછી તો તેને વશ થઈ ગયેલી સ્ત્રીઓ તે અસંતને પોતાનું તન અને ધન બધું જ આપી દે છે. તે અસંત ગમે તેવું વર્તન કરે તોપણ તે સ્ત્રી તે અસંતનો અભાવ લેતી નથી. અસંતને એવી કળા બહુ આવડતી હોય છે કે તે બીજાને સત્પુરુષનો અભાવ લેવડાવી દે છે. ૩૧. અસંતો મોક્ષમાર્ગને નરક કહે છે અને નરકના માર્ગને અનુપમ મોક્ષરૂપ કહે છે. જેટલા તેવા અસુરોના સંપ્રદાય છે, તે બધા સાચા સંતોને અસંત દેખાડે છે. ૩૨. જેના શુભપુણ્ય હોય તેવા ગૃહસ્થ જ્યારે આવા અસંતોની વાત સાંભળે છે, ત્યારે તત્કાળ તેના હૃદયમાં દુઃખની સંતાપ જ્વાળા સળગી ઊઠે છે. ૩૩. તે પુણ્યાત્માને અમૃત જેવા દેખાતા અસંતના વચન હળાહળ ઝેર જેવા લાગે છે. આવા પુણ્યાત્માને શુદ્ધ માનીને ભગવાન તેનાં અંતરમાં રહીને સાચું જ્ઞાન આપે છે. ૩૪. અસંતો પોતાના મુખથી સ્ત્રીઓને 'માઈ માઈ' કહીને બોલાવે છે, તેને બળવાન જમદૂતો તો જાણતા જ હોય છે. અને સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી જેવી નકારી સ્ત્રીઓ સંતપુરુષને ખુવાર કરી દે છે. ૩૫. ખોટા સંતો સાચા સંતોને પણ પોતા જેવા ખોટા

અને અનીતિવાળા જાણે છે અને તે અસાધુઓ તે સાચા સાધુઓ સાથે પ્રીતિ કરે છે અને તેને પરાણે ખોટા માર્ગમાં ચલવે છે. તેનું તેને ઘોર પાપ લાગે છે. ૩૬.

दोहा : सतपुरुष कुं भुल में, नामत जो तेहि माथ;
भव में डबके खात हि, हरि कबु ग्रहे तेहि हाथ...३७
सतपुरुष कुं भुल में, अन्न वसन दिये पानि;
फल पत्र फूल हि दिये, हरि कर ग्रहे कबु जानि...३८

પરંતુ આવો અસંત પણ તે સંતોને મનમાન્યું ન કરાવે અને જો કયારેક ભૂલથી પણ સત્પુરુષને માથું નમાવી દે તો તો ભવસાગરમાં ડૂબકાં ખાતો હોય તેમાંથી ક્યારેક તેનો ભગવાન હાથ પકડે છે, તેનો ઉદ્ધાર કરે છે. ૩૭. કેમ જે, કોઈ મનુષ્ય સત્પુરુષને ભૂલથી પણ અન્ન, જળ કે વસ્ત્ર આપે છે. ફળ, પત્ર કે ફૂલ આપે છે. તો ક્યારેક તે જાણીને ભગવાન તેનો હાથ પકડી લે છે, તેનો ઉદ્ધાર કરે છે. ૩૮.

જ્યારે ભગવાન પ્રકટ થાય છે ત્યારે અસુરો ઉપાધિ કરે છે પણ ભગવાન જ્યારે અસુરોનું મૂળ જુએ છે અર્થાત્ તેને મૂળિયામાંથી ઉખાડી નાંખવાનો વિચાર કરે છે, ત્યારે તે અસુરો થર થર કંપવા લાગે છે. ૩૯. શ્રીહરિ અસુરોના મૂળને સહેજે જ ઉખેડી નાખવા માટે પોતે પોતાના ચરિત્રોને અને સંત-હરિભક્તોના નિયમોને નિત્ય નવા કરતા રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'અસંતનો રાજપરિવાર પર પ્રભાવ અને રાજપરિવારને સત્ય જ્ઞાનનો અભાવ' એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર સાતમું : તરંગ - ૨૨

અજા પટેલે વૈરાગીઓને તેમનાં દુષ્કર્મ બતાવીને ધમકાવ્યા

ભોજાભાઈ ચારણ શ્રીહરિવરના એકાંતિક શૂરવીર ભક્ત હતા. તેમને મેથાણ ગામમાં રહ્યા જાણીને વેરાગીઓના મનમાં પીડા થવા લાગી. ૧.

ઝાલાવાડના જેટલા ગામોમાં વેરાગીઓ રહેતા હતા. તે બધાએ એક થઈ, સંગઠન કરી પરિયાણ કર્યું કે, 'ભોજા ભક્તને ઝાલાવાડના કોઈપણ ગામમાં ટકવા દેવા નહિ. જો તેમને રહેવા ન દઈએ તો પછી આ પ્રદેશમાં સત્સંગનો પ્રચાર કોણ કરશે ?' ૨-૩. આવો સંગઠિત વિચાર કરીને એક હજાર જેટલા વેરાગીઓ ભેળા મળી મેથાણમાં આવ્યા. તેઓ ટેક લઈને ઉપવાસ ઉપર બેઠા. વેરાગીઓને ત્રણ ઉપવાસ થયા. ૪.

વેરાગીઓના બળને વધતું દેખીને અજા પટેલ ધ્રાંગધ્રા ઠાકોર સાહેબ પાસે ગયા. આ તરફ વેરાગીઓ 'ભોજાભાઈને ગામ બહાર કાઢી મૂકો' એમ કહીને ગામના લોકોને ડારો દીધો. ૫. તેને ગામ બહાર કાઢી મૂકશો, પછી જ અમે બધા અન્ન ખાશું. જો નહિ કાઢી મૂકો તો અમે અત્યારે જ મરી જઈશું. ભોજાભાઈને પણ 'ઘા' થોડો રૂઝાયો હતો. પછી તેમને ગરમ પાણીથી નવડાવ્યા હતા. ૬.

ત્યારે અજાભાઈના ભાઈઓ જે કુસંગી હતા તેમણે પૂંજાભાઈ જે સારા હરિભક્ત હતા તેમને કહ્યું. તથા બીજા એક કાકાભાઈ નામે હરિભક્ત હતા. ૭. તે સિવાયના બે-ચાર વિપ્ર હરિભક્તો હતા. અને બીજા પણ જે કણબી હરિભક્તો હતા. તે બધાને પણ કહ્યું, 'જો ભોજાભાઈને અહીંથી કાઢી નહિ મૂકો, તો વેરાગીઓ તમારે ઘેર આવીને મરી જાશે. (આત્મહત્યા કરશે.) ૮. પછી તો અજા પટેલને અને બીજા બધા સત્સંગીઓને પણ રાજા તરફથી જે દંડ થાશે તે ભરવો પડશે.'

હરિભક્તોને આવો તાપ-ભય બતાવ્યો. હરિભક્તો વિચારવા લાગ્યા કે, 'હવે આપણે શું કરવું ?' ૯. ઉપાધિનો ઘણો આદર વધ્યો અર્થાત્ આ ઉપાધિ યોગ્ય છે એમ સૌએ માન્યું. અને હરિભક્ત સિવાયના જે સ્ત્રી, પુરુષો હતા તથા ગામના જે અસુર હતા તે અસુરના ટોળા ભેળા ભળી ગયા અને તે બધા વેરાગીઓનો પક્ષ લઈને બોલવા લાગ્યા. ૧૦.

આ તરફ ભોજાભાઈ મનમાં વિચાર કરવા લાગ્યા. થોડી બાબતમાં કજિયો (ટંટો) મોટો થઈ જાશે. જાણી જોઈને કજિયો કરવો, એવી શ્રીજી

મહારાજની મરજી નથી. ૧૧. 'જ્યાં કજિયો થાય એવું હોય ત્યાંથી દૂર જતા રહેવું.' આવું શ્રીહરિનું આજ્ઞાવચન છે. જે શ્રીહરિનાં વચન પ્રમાણે વર્તે છે, અંતે તેની મોટાઈ વધે છે. ૧૨. કોઈ હરિભક્ત હોય કે કુસંગી હોય, જો તે જાણી જોઈને ઉપાધી કરે તો દિન પ્રતિદિન અતિ દુઃખી થાય છે. ૧૩. હવે હું એક જ ગામમાં નહિ રહું. પછી ઉપાધિ ક્યાંથી થાય ? હવે તો હરિભક્તોને સુખ થાય એમ મારે કરવાનું છે. ૧૪. આવું કહીને ભોજાભાઈ ચરાડી ગામ ચાલ્યા ગયા. તે પછી મેથાણમાં વેરાગીઓએ માલપૂડાની રસોઈ બનાવી. ૧૫.

માલપૂડાની રસોઈ તૈયાર થઈ અને તે જ વખતે અજા પટેલ મેથાણમાં આવ્યા. "ભોજાભાઈને ગામમાંથી કાઢી મૂક્યા છે અને વેરાગી બધા માલપૂડા ખાવાની તૈયારી કરે છે." ૧૬. આવા સમાચાર સાંભળીને અજા પટેલે પોતાના કુસંગી ભાઈઓને તત્કાળ બોલાવ્યા અને તેમને કહ્યું કે, જે વેરાગીઓ છે તે બધા અહીંયાં શા માટે આવ્યા છે ? ૧૭. એ બધા સત્સંગીના ઉપર (સામે) લાંઘી મરવા આવ્યા છે અને તમે બધા રાજી થઈને તેમના સહયોગી થયા છો. હરિભક્તોની સામે વેરાગીઓ ઉપવાસ ઉપર બેઠા છે. તો હરિભક્તોએ વેરાગીઓનું શું લઈ લીધું છે ? ૧૮. તે બાબતમાં કાંઈ જ તપાસ કર્યા વિના તમે તેમને માલપૂડાની રસોઈ જમાડી રહ્યા છો ? એક તો એણે ભોજાભાઈનો હાથ કપાવ્યો અને ઉપરથી તમે ભોજાભાઈને ગામમાંથી કાઢી મૂકાવ્યા ? ૧૯.

ત્યારે ગામના માલિક તો વેરાગીઓ જ થયાને ? મેં ભોજાભાઈને રાખ્યા હતા અને તમે તેમને કાઢી મૂક્યા. તેમનો વાંક શું હતો, તે તમે વિચારી જોયું ? ૨૦. હવે આ વૈરાગીને કોઈ રસોઈ જમાડે નહીં તેનો તમે સૌ ખ્યાલ રાખો. ગામના પરવાનાવાળા જે સિપાહી હતા તેના દ્વારા તે વૈરાગીઓને તરત જ ત્યાંથી અજા પટેલે કઢાવ્યા.૨૧. અને જેઓએ સત્સંગીનો પક્ષ લીધો નહીં અને કુસંગીનો પક્ષ લીધો એવા ગામના વેરાગીને પણ ત્યાંથી કાઢી મૂક્યા. પછી તે બહારથી આવેલા વેરાગીઓમાં ભળી ગયા. ૨૨. અને પછી અજા પટેલે પોતાના ભાઈઓને કહ્યું, 'તમારી પણ હવે વાત છે ? હવે તમે મારા ભાઈઓ રહ્યા નથી. તમે સત્સંગી ભોજાભાઈની સેવા-બરદાશ ન કરી અને

વેરાગીના દાસ થઈ ગયા.' ૨૩. પછી તે અજા પટેલે વેરાગીઓને પણ ડારો દીધો, 'અમે તમારું શું બગાડ્યું છે ? એક તો તમે ભોજાભાઈનો હાથ કાપ્યો અને અમારે આંગણે આવીને અમારા ઉપર તમે ત્રણ ઉપવાસ કર્યા. ૨૪.

ભોજાભાઈ તો ચારણ જ્ઞાતિના છે. તેઓ તો હરિભક્ત છે, એટલે દારૂ, માંસ, ચોરી અને અવેરી-વ્યભિચાર તેમણે છોડી દીધા છે. ૨૫. અને તેઓ સત્સંગનો પ્રચાર કરે છે. લોકોની પાસે તે ચાર પ્રકારના પાપોનો ત્યાગ કરાવીને 'સ્વામિનારાયણ'ના નામનું ભજન કરાવે છે. ૨૬. તમારા જે શિષ્ય હોય તેની પાસે તે ચાર પાપનો ત્યાગ કરાવો અને તેમની પાસે 'સ્વામિનારાયણ' આવા નામનું ભજન કરાવો. ૨૭. હવે તમે પણ જેટલી જાતના વ્યસન હોય તે બધાનો ત્યાગ કરાવો. ધન અને નારીનો ત્યાગ રાખો. તમારો તો તે ધર્મ છે. ૨૮. પોતે ધર્મને પાળે અને બીજા પાસે જે ધર્મ પળાવે તે ક્યારેય ભગવાનના ચોર થાતા નથી. જે પોતે ધર્મને પાળે નહિ, પણ જે ધર્મ પાળતા હોય તેને જે દબાવે-દ્રોહ કરે, તે તો જમદૂત કરતા પણ વધારે કહેવાય. કેમ જે, જમદૂતો તો જે ધર્મ પાળે તેને સહાય કરતા હોય છે. ૨૯.

અમારો કોઈનો વાંક ન હોય અને તમે બધા કદાચ મરો, તો અમને તેનું પાપ ક્યારેય લાગવાનું નથી. અમે નથી કહેતા કે તમે મરો અને કદાચ તમે મરો, તો મરીને અમને શું કરશો ? ૩૦. અરે..! વગર મર્યે તમે મરેલા જેવા જ થઈ ગયા છો. હવે કાંઈ મરવામાં બાકી રહી ગયું નથી. તમે હરિભક્તોનો દ્રોહ કરો છો, તેને ભગવાન હવે સહન નહિ કરે. ૩૧. **નિર્દોષ માણસને જે પીડે છે તેને ક્યારેય સુખ થાતું નથી.** પ્રહ્લાદનો દ્રોહ તેના પિતાએ કર્યો, તો તેને કેવી સુખ શાંતિ મળી ? ૩૨. જો રાવણે સીતાજીને દુઃખ દીધું તો તેના દિલમાં કેવું સુખ થયું ? વસુદેવ અને દેવકી તે બંનેને કંસે ઘણા દુઃખી કર્યા. ૩૩. તો તે પછી કંસને કેવું સુખ મળ્યું ? એ બધું તમે જાણો જ છો. તમે દુઃખરૂપ કૂવાને દેખીને તેમાં જાણીજોઈને પડો છો. તમે કઈ જાતના જ્ઞાની છો ? ૩૪.

તમે જે ભગવાનની મૂર્તિને પૂજો છો અને તેમની કહેલી વાતને સાચી પણ માનો છો, તે જે પ્રતિમારૂપ ભગવાન છે તે જ અત્યારે મનુષ્યરૂપે

પ્રકટ્યા છે અને સત્સંગમાં વિચરણ કરી રહ્યા છે. ૩૫. બધા તમને ધર્મથી ભ્રષ્ટ થયેલા જાણે છે. પણ તે વાત તમારા માનવામાં આવતી નથી. અજા પટેલની આવી વાત સાંભળીને, જે વેરાગી હોવા છતાં પહેલેથી જ સત્સંગનો દ્રોહ કરતા ન હતા. ૩૬. તેમને સત્સંગ થયો. સંતોની સનાતન શુદ્ધ રીતને પાળવા તત્પર થયા. તેમનું મન પણ ઘણું નિર્મળ થયું. ૩૭. અજા પટેલ ફરીથી તે અસુરી વૈરાગીયોને કહેવા લાગ્યા, જો તમે કોઈ સાધુ-સંત હોવ તો તમારે સત્સંગનો દ્રોહ કરવો જોઈએ નહિ. હું તમે અસંત છો તેવી વાત કરતો નથી પણ એ વાત ચોક્કસ છે કે અધર્મને ભગવાન ક્યારેય સહન કરતા નથી. ૩૮. અમારા સત્સંગના જે કોઈ સંતો કે હરિભક્તો હોય તેમનો ક્યારેય દ્રોહ કરવો નહિ. અને તેવી જો તમે પ્રતિજ્ઞા કરતા હોવ, તો સુખેથી બધા માલપૂડાને ખાઓ. ૩૯. "સત્સંગના સંતો અને હરિભક્તો જે ધર્મસંબંધી વાતો કરતા હોય તેનો ક્યારેય દ્રોહ-વિરોધ કરવો નહિ." આવું તમે મને કાગળમાં લખાણ કરી આપો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'અજા પટેલે વૈરાગીઓને તેમનાં દુષ્કર્મ બતાવીને ધમકાવ્યા' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર સાતમું : તરંગ - ૨૩

શ્રીહરિએ મોટા સંતોને રામાનંદી સાધુના વેશમાં પ્રદેશમાં ફરવા માટે મોકલ્યા

ભગવાન શ્રીહરિની પ્રેરણાથી અનંત બ્રહ્માંડોના બધા જ કામ સહેજે જ થતા હોય છે. તો આ ધ્રાંગધ્રાના ડખા બાબતની વાત ક્યાં મોટી છે ? ૧. શ્રીહરિ અક્ષરધામમાં રહ્યા થકાં જ પ્રત્યેક બ્રહ્માંડમાં ભક્તજનોનું હિત થાય એવા આશયથી અનેક પ્રકારનાં ચરિત્ર કરે છે. ૨. શ્રીહરિ ભક્તોનું હિત કરવા માટે અને અધર્મના-અસુરોનાં મૂળ ઊખેડી નાખવા માટે યુગેયુગમાં વારે વારે અગણિત અવતારોને ધારે છે. ૩.

सोरठा : एसे न भये अवतार, चरित्र में आत देखाई सब;
साम्रथ अबको अपार, ब्रह्मांड ब्रह्मांड भरि रहेउ...०४

પરંતુ આવો અવતાર ક્યારેય થયો નથી. કેમ જે, તે બધું શ્રીહરિનાં ચરિત્રોમાં દેખાઈ આવે છે. આ વખતનું તો એટલું બધું અપાર સામર્થ્ય જણાવ્યું છે કે તેનાથી બ્રહ્માંડોના બ્રહ્માંડ ભરાઈ જાય. ૪.

જેની દૃષ્ટિ દિવ્ય થઈ ગઈ હોય તેને જ આવો અપાર પ્રતાપ દેખાય છે અને જેનાં હૃદયમાં અલૌકિક ભાવના ઉદય થાય છે તેને જ આવા ગ્રંથનો લાભ (ભોગ) પ્રાપ્ત થાય છે. ૫. જેના હૃદયમાં દિવ્યભાવ ઠર્યો ન હોય, એવા લોકોના મનમાં તો આ ગ્રંથ મોહ ઉપજાવે છે. હાથીના જેવું બીજું કોઈ વાહન કહેવાય નહિ. પણ તે તો કોઈ રજવાડાં જેવા મોટા સ્થાનમાં શોભે. ૬. કૂતરાંને હાથીનો મહિમા ન સમજાય, તે તો ભસી ભસીને મરી જાય છે. પણ હાથીને મનમાં કૂતરાની શંકા રહેતી નથી. તે તો હાથીની ઘણી મોટાઈ છે. ૭. તેવી જ આ ગ્રંથની મોટાઈ છે. આ ગ્રંથ તો ચરિત્રોથી ભરેલો સમુદ્ર છે. મને જેટલાં દિવ્યચરિત્રો દેખાયાં તેટલા મેં આ ગ્રંથમાં લખવા લીધાં છે. ૮.

चोपाई :

हरि के चरित्र कहावत जेहा, सब हि दिव्याकार हे तेहा;
मायिक अमायिक भाव हि दोउ, समझमें जो रहे हे सोउ...०९

मायिक कुं फल हे मायिक जेसा, अमायिक कु हे अमायिक तेसा;
समझ तेसे ताकुं आनंदा, एसे यह ग्रंथ को फल रहंदा...१०

શ્રીહરિના જેટલા ચરિત્ર છે તે બધા દિવ્યસ્વરૂપ જ કહેવાય છે. ચરિત્રોમાં માયિક કે અમાયિક, એવા જે ભાવ છે તે તો સમજણને કારણે છે. ૯. જે ચરિત્રોને માયિક સમજે છે, તેને તેનું ફળ માયિક મળે છે અને જે ચરિત્રોને અમાયિક સમજે છે; તેને તેનું ફળ અમાયિક મળે છે. જેવી સમજણ હોય તેવો આનંદ રહે છે. તે રીતે જ આ ગ્રંથના ચરિત્રોની બાબતમાં પણ ફળ રહ્યું છે. ૧૦.

ખીરનાં જેવું કોઈ ભોજન કહેવાય નહિ, પણ તે કૂતરાંને પચતું (રુચતું) નથી. ગ્રંથના શ્રોતા અનેક પ્રકારના હોય છે. જેવી ભાવના હોય તેવા ફળને

તે પામે છે. ૧૧. વનસ્પતિ અઢાર ભાર છે. (૧ ભાર=૨૦,૨૧,૭૬,૦૦૦ સંખ્યાને એક ભાર કહેવાય છે) તે દરેકના ગુણ જુદા જુદા છે. તે બધી જ વનસ્પતિ વરસાદનું પાણી પીવે છે. તે પાણીમાં કાંઈ ગુણ જુદા જુદા નથી. તેમ આ ગ્રંથમાં જે ચરિત્રો લખ્યા છે તેમાં કાંઈ જુદાપણું નથી. પરંતુ તે તેને સાંભળનારાના ભાવ પ્રમાણે ગ્રહણ થાય છે. ૧૨. વૃક્ષની જેવી જાત હોય તેવા ફળ તેમાં થાય છે. જે સુમતિવાળા જ્ઞાની હોય તે એ બધું વિચારીને જોઈ શકે છે. ૧૩.

આ રીતે મેં ગ્રંથના શ્રોતાનો ભાવ કહ્યો. પણ જે ચાલુ પ્રસંગની વાત બાકી રહી છે તે હવે કહું છું. ઉપર કહ્યા પ્રમાણેના અજા પટેલના શબ્દો સાંભળીને જે અડબંગા વેરાગીઓ હતા, તેઓ તો વિચારમાં પડી ગયા. ૧૪. જે સમજણા વેરાગી હતા તે વિચારીને બોલ્યા, જે સત્સંગનો દ્રોહ કરે છે તે ભેખધારી તો ખુવાર થઈ જશે. અને તે ખુવાર ભેખધારી બીજા બધાને પણ ખુવાર કરશે. ૧૫. જે સ્ત્રી અને ધનનો ત્યાગ રાખીને સંતની રીતે ચાલશે, તેની સાથે સ્નેહ સંબંધ રાખવો. પણ જે તેમાં દ્રોહ કરે તેને તો ચંડાળ જાણવો. ૧૬. આપણા કરતા પણ અધિક જે ધર્મને પાળે, તે તો આપણા માટે ઈષ્ટ છે. તેમનાં તો ચરણ ધોઈને જ્યારે પીઈએ ત્યારે જ આપણું કાંઈક સારું થાય. ૧૭. જે નકટા હોય તે ધર્મવાળાની ઠઠ્ઠા મશ્કરી કરે, તેને તો સમજુ-સજ્જનોએ નિર્લજ્જ જાણવા. ૧૮.

ધર્મને જે અધર્મ કરીને કહેવો તે તો અસુર વિના ન હોઈ શકે. જો આ રીતે ધર્મનો દ્રોહ કરતો હોય, તો તે ચાર ધામની યાત્રા કરે તોએ તેને શું સારુ થવાનું ? ૧૯. જે મુખથી અસભ્ય શબ્દ બોલીને ધર્મનો દ્રોહ કરે, તેને તો કાલનેમી અસુર જાણવો. ધર્મદ્રોહીના સમાન બીજો કોઈ પાપી નથી. ધર્મદ્રોહીને તો કસાઈ કરતાં પણ વધારે પાપી ગણવો. ૨૦. શ્રીહરિએ બે- ચાર વૈરાગીનાં અંતરમાં પ્રેરણા કરીને આવું બોલાવ્યું ત્યારે તે બધા વેરાગી ચુપ થઈને સાંભળી રહ્યા. ત્યાં શ્રીહરિએ આવો પ્રતાપ દેખાડ્યો. ૨૧. તે સમયે અજા પટેલનાં મનમાં દયા આવી. પછી બધા ભેખધારીઓને જમાડ્યા. તે સહુ પોતપોતાને ગામ ગયા પણ તે પછી કોઈ હરિભક્તનું નામ લેતા નહિ. ૨૨.

મોટા સંતોના જે મંડળ હતા તેમને ઉપર (તરંગ-૨૦માં) કહ્યા પ્રમાણે શ્રીહરિએ પૂજાસહિત ઠાકોરજીની મૂર્તિઓ આપી અને સહુએ રામાનંદ સંપ્રદાયના સાધુનો વેષ ધારણ કર્યો. ૨૩. નાનું નગારું, ઝાંઝ, મૃદંગ, તુરાઈ, રણશિંગી અને શંખ આદિ આપ્યા. ભગવદ્‌ગીતા અને વિષ્ણુસહસ્ર નામનાં પુસ્તક સહુને પાઠ કરવા-અભ્યાસ કરવા આપ્યા. ૨૪. કમળકાકડીની અને તુલસીની માળા અને કંઠી ગળામાં પહેરાવી. સહુને હીરકોરની ધોતી અને અંગરખા પહેરાવ્યા. ૨૫. સહુ પાસે લોટા રખાવ્યા. સારા રંગેલા તુંબડા પણ રખાવ્યા. તે સંતોને દેખીને મોટા ભૂપ હોય તોપણ મુગ્ધ થઈ જતા. ૨૬.

સંતોએ ભાવનગરમાં ચાતુર્માસ કર્યા. ત્યાંના રાજા આતાભાઈ હતા. તેમણે સંતોને રાજદરબારમાં રાખ્યા. ૨૭. ધન અને સ્ત્રીના દૃઢ ત્યાગી સંતોને દેખીને રાજાએ ચારમાસ સુધી તેમને સાકરના સીધા આપ્યા. અને રોજેરોજ નવી રસોઈ કરાવતા. ૨૮. દશેરાને દિવસ દરબાર આતાભાઈ સંતો પાસે આવ્યા. થાળ ભરીને એક હજાર રૂપિયા ઠાકોરજીને ભેટ ધર્યા અને એક સારી શાલ ઓઢાડી. ૨૯. સાઠ સંતોનું તે મંડળ હતું. તેમાં મુખ્ય આનંદાનંદસ્વામી હતા. રાજાએ લાલરંગથી વસ્ર રંગાવ્યા અને જેટલા સંતો હતા તે સહુને વસ્ર ઓઢાડ્યાં. ૩૦. તે સિવાયના બીજા જે વસ્ર જેને જોઈતા હતા તે પૂછી પૂછીને આપ્યા. ઠાકોરજીને જે રૂપિયા ભેટ ધર્યા હતા તે સંતોએ શહેરના બધા વિપ્રોને અપાવી દીધા. ૩૧.

બીજા મોટા મોટા સંતો માગશર માસમાં ધ્રાંગધ્રા પુરમાં આવીને રહ્યા. ત્યાં રાજાએ તેમનું સન્માન કરાવ્યું અને રામજી મંદિરમાં ઉતારો કરાવ્યો. ૩૨. ત્યાંના ગોપાળદાસ નામે સાધુ હતા તેણે મહેમાન સંતોને ત્રણ દિવસ સુધી દૂધપાક અને માલપૂડા કરીને જમાડ્યા. તેને સાધુઓની રીત મનમાં ઘણી ગમી ગઈ હતી. ૩૩. ચોથે દિવસ સંતો જ્યારે ચાલતા થયા ત્યારે તેઓ "જય સ્વામિનારાયણ" બોલ્યા. સ્વામિનારાયણ નામ સાંભળીને બધા વેરાગીઓને મનમાં મહાદુઃખ થયું. ૩૪.

પછી સંતો મેથાણને માર્ગે ચાલ્યા. મનમાં કોઈની કાંઈ શંકા ન હતી. સહુ ભગવાનનું ભજન કરતા ચાલતા હતા. કોઈ સંત તો ભગવાનનું

કીર્તન ગાતા હતા. ૩૫. જ્યારે ધ્રાંગધ્રાથી પાંચેક કોશ દૂર ગયા હશે ત્યારે વનનો અને પહાડનો ઉજ્જડ માર્ગ આવ્યો. ત્યારે ચોરોનો વેષ લઈને ધ્રાંગધ્રાના વેરાગી ત્યાં આવી પહોંચ્યા. બધાએ ઢાલ અને તલવાર બાંધ્યા હતા. ૩૬. તેઓ દસ-બાર જેટલા હતા. બધા સંતમંડળને તેમણે ચારેબાજુથી ઘેરી લીધું. બધાએ બુકાની (દાઢી અને ગાલ ઉપર આવી જાય તેમ માથે કપડું બાંધવું તે) બાંધી હતી. તે રામજી મંદિરની જગ્યાના છે તેવા તો ઓળખાયા નહિ. ૩૭. વેરાગી માનો ચોર હતા તે રીતે સંતોના બધા કપડાં ઉતારી લીધાં. ઠાકોરજીના સિંહાસન ભાંગી નાખ્યા. કંઠમાંની કંઠી અને માળાઓ તોડી નાખી. ૩૮.

ગોપાળદાસ વેરાગી શેતાન હતો. તેણે સંતોને કોળી પાસે લુંટાવ્યા હતા. પણ તેમના સાથે બે વેરાગીને મોકલ્યા હતા તેમને સંતોએ ઓળખી લીધા હતા. ૩૯. પણ શ્રીહરિએ તરત જ સંતોની સંભાળ લીધી. ઊંટ ઉપર બેઠેલા ગાયકવાડી લશ્કરના જવાન જેવા દેખાય તેવા અસવારો ત્યાં આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિએ મોટા સંતોને રામાનંદી સાધુના વેશમાં પ્રદેશમાં ફરવા માટે મોકલ્યા' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર સાતમું : તરંગ - ૨૪

અજા પટેલ રાજાની પાસે ગયા અને ત્યાં શ્રીજીમહારાજના પ્રતાપનો અનુભવ થયો

શ્રીહરિની અંતઃપ્રેરણાથી જે ઊંટ સવારો આવ્યા હતા. તેમણે સંતોનાં જે વસ્ત્ર લૂંટી લીધાં હતાં તે પાછાં અપાવ્યાં. ૧. તેમણે જે જે સામાન લૂંટ્યો હતો તે બધો ગણી ગણીને પાછો અપાવ્યો. બધા ચોરોને પકડી લીધા અને તેમને ધ્રાંગધ્રા શહેરમાં લઈ ગયા. ૨. ચોર ત્યાંના રાજાને આપ્યા અને કહ્યું કે, આપ આ લોકોના ધણી જો હોવ તો અમે તેને છોડીએ. અને અમે તેમને લશ્કરમાં ન લઈ જઈએ. ૩. આ ચોરોમાં તમારા બે વેરાગી છે અને

તે તમારું નામ લે છે. તેઓ કોળી લોકોને શિષ્ય કરીને તેમને સાથે લઈ લૂંટ કરવા ગયા હતા. ૪.

રાજાના ગુરુ ગોપાળદાસ સાધુ હતા. રાજાએ તેને પોતાની પાસે બોલાવ્યા અને તેમને તે બંને વેરાગી સંતો સોંપી દીધા અને કહ્યું, 'જગ્યાની (રામમહોલની) તમે ઘણી મહત્તા વધારી..!' ૫. આ તમારા શિષ્યોએ તો તમારી લાજ અને નાક કાપી લીધા." રાજાએ આટલું જ વચન કહ્યું. સંતોની સાથે ત્યાં જેવો દગો કર્યો તેનું તેવું ફળ તેમને તરત જ મળી ગયું. ૬. બધા કોળીઓને દંડ કરીને તત્કાળ જ તેને તે ઊંટ સવારોને કબજે સોંપી દીધા.

જે સંતોને લૂંટ્યા હતા તે બધા મેથાણ ગામ આવ્યા અને તેમના કહેવાથી અજા પટેલે કાનોકાન આ વાત સાંભળી. ૭. તે દિવસ મેથાણ ગામના જેટલા હરિભક્તો હતા તેમણે કોઈએ અનાજ ખાધું નહિ. બીજે દિવસ સહુએ અન્ન ખાધું. પછી અજા પટેલ રાજા પાસે ધ્રાંગધ્રા આવ્યા. ૮. "રાજાનું રાજ્ય છોડીને અમે જઈએ છીએ." એમ કહીને રાજા પાસે રજા માગી અને ચાલતા થયા. રાજાએ તેમને પ્રેમથી પાછા બોલાવ્યા. રાજા જઈને એકાંતમાં બેઠા અને ત્યાં અજા પટેલને પોતાની પાસે બોલાવ્યા. ૯. ત્યારે રાજાએ કહ્યું, 'આ વેરાગી સાધુ અમારા ગુરુ છે. તેની સાથે અમારે લાજ-શરમ બંધાયેલી છે. તેને અમે અત્યારે કેમ છોડી દઈએ ? તેમનાં બધાં લક્ષણોને તો અમે જાણીએ જ છીએ, તોપણ અમે તેને સાવ સોનાના છે એમ જણાવીએ છીએ. ૧૦.

શરીરમાં રોગ થાય ત્યારે તે બહુ દુઃખી કરે છે. એક પળવાર પણ શરીર સુખ લેવા દેતું નથી. તોપણ શરીરનો ત્યાગ કરી શકાતો નથી. તેનું રક્ષણ કર્યા વિના ચાલતું જ નથી. ૧૧. તમારા સંતોમાં અપાર ધર્મ રહ્યો છે અને તે મોક્ષનું દ્વાર છે, એમ હું જાણું છું. જ્યાં કામ, ક્રોધ અને લોભ રહ્યા હોય તે નરકના ઉઘાડા દ્વાર છે, એમ પણ હું જાણું છું. ૧૨. તમારા સંતો પાસેથી મને જ્ઞાન મળ્યું છે અને બીજાથી તો અજ્ઞાન મળ્યું છે. છતાં પણ હું અજ્ઞાનને જ્ઞાન સમજીને તેને જ મુખ્ય માની રહ્યો છું. ૧૩. લાજ-શરમ નરકમાં લઈ જાય છે, એવું મને જણાય છે. છતાં મારાથી લાજ-શરમ

છોડાતી નથી. કારણ કે હું પૂરા ખપ વગરનો છું. ૧૪. લોકની રીત જુદી છે અને મોક્ષની રીત પણ જુદી છે. અંતકાળે તો જે બળવાન હશે, તે આવીને જોર કરશે. ૧૫. અંતરમાં જેવો ભાવ હશે તે અંતે ફળીભૂત થાશે. જેટલો જગતનો મિથ્યા ઠરાવ-દુરાગ્રહ હશે તે આ જગતમાં જ રહી જાશે. ૧૬.

❋ ધર્મી તથા અધર્મીની ગતિ :

ધર્મને દેખીને જે તેનો દ્રોહ કરશે, તેનો ક્યારેય મોક્ષ થાશે નહિ. જે ધર્મ દ્રોહી હશે તેને તો અંતકાળે જમદૂત આવશે, અને તેને પકડીને જમપુરીમાં લઈ જાશે. ૧૭. જીવે જેટલું પાપ કર્યું હોય તેથી બમણું દુઃખ તેને ભોગવવું પડે છે. પણ ધર્મદ્રોહીના દુઃખનો તો ક્યારેય અંત જ આવતો નથી. સંતોનો માર્ગ સુખકારક છે અને તે લોકોના ત્રણ પ્રકારના તાપોને હરે છે. ૧૮.

ચોપાઈ :

जन्म मरण जमपुरि चोरासी, सो सब हे दुःख के अति रासी;
संत मिले तत्काल नसावे, इतनोई संत प्रताप रहावे...१९

જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશી એ બધા દુઃખના મોટા રાશિ (ઢગલા) છે. જો સંત મળી જાય તો તત્કાળ તે બધાનો નાશ કરી નાખે છે. સંતોમાં આટલો પ્રતાપ રહ્યો છે. ૧૯. જે લોકો આવા સંતોનું બાનું (વેશ) ધારણ કરીને પછીથી છાની રીતે પાપ કરે છે, તે પાપ તો ક્યારેય છૂપું રહેતું નથી. આખા જગતમાં તે બધું જાહેર થઈ જાય છે. ૨૦. ગુરુ જેટલા અધર્મી થયા છે તેના શિષ્યો તો તેનાથી દસગણા અધર્મી થયા છે. "જેવા ગુરુ તેવા ચેલા" તેથી હવે તે ધર્મના માર્ગે કેમ ચાલશે ? ૨૧. તમે તો અધર્મથી બહાર નીકળી ગયા છો. તે તમારું પૂર્વનું કોઈ મોટું પુણ્ય હશે. પુણ્ય વિના તેમ ન થાય. અમે તો તમને ગુરુ જેવા માનીએ છીએ. ૨૨. તમે જેટલા હરિભક્ત કહેવાઓ છો તે બધા મારા જીવના ગુરુ છો. તમે બધા ધર્મને ધારી-પાળી રહ્યા છો. હરિભક્તો સિવાયનું આખું જગત તો ખુવાર થઈ રહ્યું છે. ૨૩. જો તમે બધા હરિભક્તો ન હોત તો આખું જગત અધર્મમય થઈ જાત. વિપ્રો અને ભેખધારીઓ ધર્મના ધામ કહેવાય. તે લોકો જ અત્યારે અધર્મનાં કામ કરવા લાગ્યા છે. ૨૪. જ્યારે ધર્મનાં ઘરમાં પેસીને અધર્મ રાજ કરવા લાગે છે

ત્યારે ભગવાન પ્રકટ થઈને ધર્મનાં સાજ-સાધનોને અતિ અધિક કરે છે. ૨૫. વેદ અને શાસ્ત્રોના સિદ્ધાંતને શુદ્ધ કરે છે. વર્ણ અને આશ્રમને શુદ્ધ કરે છે. રાજ-રજવાડોઓને પણ શુદ્ધ કરે છે ત્યારે ધર્મ અત્યંત વિશુદ્ધ થાય છે. ૨૬. અધર્મનાં જેટલા દરવાજા છે તે બધાને આ વખતે કબજે કરશે, અને જેમ પ્રજાને સુખ વર્તે તેમ તેને સર્વને શોધી શોધીને શુદ્ધ કરશે. ૨૭. અત્યારે નીતિ પ્રમાણે ચાલે એવા કોઈને રાજા કરશે. હરિભક્તોને સુખી કરવાને માટે અત્યારે શ્રીહરિએ આવો સંકલ્પ કરી રાખ્યો છે. ૨૮.તમે જે કાંઈ કામ કરો તે તમારા ગુરુને પૂછીને કરજો. તેમાં તમારા ગુરુ તમને સહાય કરશે. આ વાત હું તમને હેત છે એટલે કહું છું. ૨૯.

ચોપાઈ :

शिष्य कुं गुरु हे नेत्र समाना, मिचि चले परे कुप निदाना;
गुरु गुरु में फेर अपारा, एक गुरु अंध एक तेज उजारा...३०

ગુરુ છે તે શિષ્યને માટે નેત્રના સમાન છે. નેત્ર બંધ કરીને ચાલે તો તે કૂવામાં પડે છે. પણ ગુરુ ગુરુમાંએ ઘણો ફરક હોય છે. એક ગુરુ અંધ-દૃષ્ટિ વગરના હોય છે, અને બીજા ગુરુ તેજથી અતિશય ઊજળા હોય છે. ૩૦. જેના ગુરુ અપાર તેજસ્વી હોય છે તે ઘણા આગળ વધી જાય છે. પણ જેના ગુરુ અંધ છે તે તો શિષ્યને ક્યારેય કાંઈ જ દેખાડી શકે નહીં. તે તો જ્યાં છે ત્યાંનો ત્યાં જ પડ્યો રહેશે. પાછળથી તેનું કોઈ નામ પણ નહિ જાણે. ૩૧. હરિભક્તોના પ્રતાપે જ ચારે ધામમાં-જગતમાં વરસાદ વરસે છે, અને હરિભક્તોને લીધે જ રાજા અને પ્રજા, સહુને પેટ ભરીને અન્ન મળે છે. ૩૨.

દુનિયામાં જેટલાં સુખ દેખાય છે, તે બધા હરિભક્તોને કારણે જ છે. અને સુખ સિવાયનું જેટલું દુઃખ દેખાય છે, તે બધું અધર્મી લોકોને કારણે જ છે. ૩૩. ભોજાભાઈએ અમને આવી બધી જે વાત કહી છે, તે અમે અમારા જીવમાં સાક્ષાત્ લખી લીધી છે. તેમણે જે કહ્યું તે બધુ અનુભવની સાથે મળે છે. તેનાથી અલગ ક્યારેય બીજું કાંઈ હોતું નથી. ૩૪. અમારા જીવમાં તો સત્સંગ ખૂંતી ગયો છે, પણ ઉપરથી કુસંગમાં મળી રહ્યા છીએ. અધર્મી ગુરુઓનાં મત પ્રમાણે હરિભક્તોને ઉપરછલ્લા ડારા દઈએ છીએ. ૩૫. અમારા હૃદયમાં

ડારો દઈએ તેવી કોઈ વાત નથી. માટે અમારો ડર લેશમાત્ર પણ રાખશો નહિ. જગતમાં જેટલા ધર્મરહિત ગુરુઓ છે તે બધા જીવ વિનાના મડદાં છે. ૩૬.

જેને 'આ મડદું છે આમાં પ્રાણ નથી' 'આ મિયાન જ છે આમાં તલવાર નથી' આવું જ્ઞાન થાય તેમજ અશ્વને જ્યારે ખબર પડે કે આ ભૂત નથી આંકડો છે ત્યારે ભય રહેતો નથી તેમ 'આ લોકો અધર્મી છે' એવી ખબર પડી ગયા પછી બધો ભય નષ્ટ થઈ ગયો છે. ૩૭. તમે બધા હરિભક્તો નિર્ભય રહો. કેમજે, આંકડાથી ઘોડો ભૂત માનીને ખોટો ડરે છે એવા ખોટા ડરથી શું વળે ? કંઈ જ નહીં. તેમ અધર્મી લોકો શું કરી શકશે ? આ રીતે રાજાએ અજા પટેલની ઘણી જ સંભાળ લીધી અને તેને માથે પાઘડી બંધાવી. ૩૮. અજા પટેલની સાથે કાકાભાઈ અને પૂંજાભાઈ પણ આવ્યા હતા. તે બધાને પણ પાઘડી બંધાવી. પછી રાજાએ તેમને પાછા મેથાણ મોકલ્યા. ૩૯. અજા પટેલની સાથે સત્સંગીઓની સંભાળ રાખવા માટે સવાર પણ મોકલ્યા. તે બધું જાણીને વેરાગીઓ ત્રાસી ગયા અને સર્વે ચૂપચાપ થઈને રહ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'અજા પટેલ રાજાની પાસે ગયા અને ત્યાં શ્રીજી મહારાજના પ્રતાપનો અનુભવ થયો' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥

પૂર સાતમું : તરંગ - ૨૫

ગંગાદાસ ખાખી તથા પાર્ષદ ડુંગરજીના નિમિત્તે વૈરાગીઓનો ઉપદ્રવ

ડુંગરજી ભક્ત શ્રીહરિના હજૂરી પાર્ષદ હતા. તે એક વખત પોતાને ગામ (મેથાણ) આવ્યા. ત્યાં એક ગંગાદાસ નામે ખાખી રહેતો હતો. ૧. ડુંગરજીએ તેને પ્રથમ ગુરુ કર્યો હતો. સત્સંગ તો તેમને પછીથી થયો. તેઓ તે ખાખી પાસે બેસવા ગયા. જઈને તેને પગે લાગ્યા. ૨. ખાખી સવારના પહોરમાં હુક્કો પીતો હતો. તળાવને કાંઠે જગ્યા બાંધીને ત્યાં રહેતો હતો. ૩. ડુંગરજીને દેખીને ખાખી બોલવા લાગ્યો. સનાતન ગુરુને છોડીને બીજા સાથે લખણું કર્યુંને ? ૪. ગુરુદ્રોહીનું મુખ એકવાર જોવામાં આવે તો કરોડ

ગૌહત્યા કર્યાનું પાપ લાગે છે. તું મને તારું મોઢું દેખાડીશ નહિ. તારું મોઢું જોતા મને ક્રોધ ચડે છે. ૫.

ત્યારે ડુંગરજી બોલ્યા, મડદાંને તો તજી દેવામાં શ્રેય સમાયું છે. પહેલા તો તમને સારા સંત જાણીને ગુરુ કર્યા હતા. પછી તો તમને ક્રોધ અને તમોગુણની ખાણ દેખ્યા. ૬. મેં તમને સંત જાણીને બહુ સેવા કરી. મહિના મહિનાનો બધો પગાર તમને આપ્યો છે એમ મને દશ વર્ષ સુધીમાં જે કાંઈ પૈસા મળ્યા તે તમને આપતો રહ્યો. ૭. આંબો માનીને સેવા કરી હતી, પણ આંબા જેવા સાચા સંત મળ્યા ત્યારે ખરી ઓળખાણ થઈ અને એમ જણાયું કે, આજ સુધી તો અપાર ઝેર ભરેલા આકડાની જ સેવા કરી. જ્યારે પ્રગટ ભગવાન મળ્યા ત્યારે તે આકડો ખારો લાગ્યો. ૮. આવી અત્યારે મને ખબર પડી કે આ તો ભગવાનથી વિમુખ અને તેમનો દ્રોહી છે. જે પ્રગટ ભગવાનનો દ્રોહ કરે તેનું મુખ જોઈએ તો કરોડો ગૌહત્યા કર્યાનું પાપ લાગે છે. ૯.

ત્યારે તે ખાખી હાથમાં દંડો લઈને ઊઠ્યો. ડુંગરજીને થોડી ગાળો પણ દીધી. તેટલીવારમાં દશ-વીસ કોઈ માણસો આવ્યા અને તેમણે ખાખીને વધારે ઉશ્કેર્યો. ૧૦. તેણે આવીને ડુંગરજીને દંડો માર્યો છતાં ત્યાં ઊભેલા લોકોમાંથી કોઈ કાંઈ બોલ્યું નહિ. ત્યારે ડુંગરજી હસીને બોલ્યા, મેં જે સેવા કરી તેનું ફળ મને અમાપ આપ્યું. ૧૧. તેમણે બીજા લોકોને પણ કહ્યું કે, તમારા પણ આવા જ હાલ થશે. તત્કાળ જ તમને પણ મારા જેવું ફળ આ બાવો દેશે. વળી ડુંગરજીએ કહ્યું કે, જે ભગવાન છે તે જ તમને પહોંચશે. ૧૨. ત્યારે ખાખી તો ભગવાનને પણ ગાળો દેવા માંડ્યો અને લાકડી લઈને ફરીવાર ડુંગરજી પાસે આવ્યો. ત્યારે ડુંગરજીએ તલવાર ખેંચી. ૧૩. બધા લોકો દૂર ખસી ગયા. ખાખીએ લાકડી મારી. ત્યારે ક્ષત્રિય ડુંગરજીને ક્રોધ ચડ્યો અને તેણે તલવારથી તેનો એક હાથ કાપી નાખ્યો. ૧૪.

ગામેગામના વેરાગીઓએ આ વાત સાંભળી. બધા દોડીને ત્યાં આવ્યા. ખાખીનો હાથ કપાઈ ગયો હતો તે સહુએ જોયું. તે ખાખીને ખાટલામાં સુવાડીને ગાયકવાડનું જ્યાં લશ્કર હતું ત્યાં લઈ ગયા. ચોટીલા ગામ જઈને

દુઃખની બૂમ પાડવા લાગ્યા. ૧૬. સર્વે વૈરાગીઓ અરસપરસ જેને જે મનમાં આવે તે બોલવા લાગ્યા. તે વેરાગીઓએ કહ્યું, અત્યારે જે નવો પંથ નીકળ્યો છે તેને મૂળમાંથી ઊખેડી નાખવો છે. એ પંથનું મૂળ “સ્વામિનારાયણ” છે અને મોટું થડ પણ તે એક જ કહેવાય છે. ૧૭. જેટલા મોટા મોટા રાજાઓ અને ગૃહસ્થો છે તે બધા સ્વામિનારાયણને દેખતાની સાથે જ તેને વશ થઈ જાય છે. જગતની જેટલી સ્ત્રીઓ છે તેપણ તેને જ્યારે પોતાની નજરે દેખે છે, ૧૮. ત્યારે તે તેમની પાછળ પાછળ જ હેત-પ્રેમથી ડોલતી ફરે છે. તે સ્ત્રીઓ પોતાના પતિનું કહ્યું પણ માનતી નથી. શું જાણીએ તે કઈ વિદ્યા ભણીને આવ્યા છે ? તે કોઈના કળ્યામાં આવતું નથી. ૧૯.

એક દેવીદાસ (મગનીરામ) નામે સાધુ અતિ સિદ્ધ હતો. તેણે દેવીને વશ કરી હતી. વેરાગીઓમાં તેના જેવો બીજો કોઈ સિદ્ધ ન હતો, પણ તેણે જ્યારે સ્વામિનારાયણને દેખ્યા, ૨૦. ત્યારે તત્કાળ જ મગનીરામ તેમને વશ થઈ ગયો. અને અત્યારે તો તે સ્વામિનારાયણનાં નામની જ માળા ફેરવે છે. પૂર્વ હિંદુસ્તાનમાં અયોધ્યા આદિ નગરોમાં મોટી મોટી જગ્યાઓમાં (દેવસ્થાનો) રહેનારા અને મથુરા તથા વૃંદાવનમાં રહેનારા સંતો દ્વારકાની યાત્રા કરવા ઉત્સાહથી આવે છે. તેઓ જ્યારે સ્વામિનારાયણને જુએ છે. ત્યારે જોતાની સાથે જ તેમના થઈ જાય છે. ૨૧-૨૨.

હજી તો સાત જ વરસ થવા આવ્યા છે. તેટલામાં તો તેણે આખા જગતમાં મૂળ જમાવી દીધા છે. તેમની કરામત-ઐશ્વર્યની આગળ તો મોટા મોટા સિદ્ધો પણ ડરીને ભાગી જાય છે. ૨૩. મુક્તાનંદ અને બ્રહ્માનંદ તે બંને તેમની મોટી ડાળીઓ છે અને બીજા સાધુઓ તેની નાની-મોટી ડાળીઓ છે. નિયમરૂપ ફૂલ તેના ઉપર ફૂલેલા છે. ૨૪. અને મોક્ષરૂપ તેના ફળ છે અને હરિભક્તો તેના પાંદડા છે. તેની કીર્તિ છે તે સુગંધ છે અને તેનો રસ તો એકે એકની-પરસ્પરની ચાહના પ્રેમભાવના છે. ૨૫. આપણા સીતાપતિ રઘુનાથ રામચંદ્રજી આપણા પોતાના થઈને ઉપર રહીને સાધુનો હાથ કપાવવા લાગ્યા છે. ૨૬.

सोरठा : अवतार जे ते रहाय, भव ब्रह्मा विष्णु इंद्र अवर;
जीतने देव कहाय, स्वामिनारायण वश कियेउ...२७

જેટલા અવતારો છે તેમને અને ભવ, બ્રહ્મા, વિષ્ણુ અને ઈન્દ્ર આદિ બીજા બધા દેવોને સ્વામિનારાયણે વશ કર્યા છે. ૨૭. તેમજ નારદ, શુકદેવ અને સનકાદિક મોટા મોટા સિદ્ધોને પણ તેમણે વશ કરી લીધા છે. આજ મોક્ષની જે મોટી ગાદી કહેવાય, તેના ઉપર સ્વામિનારાયણ ચઢી બેઠા છે. ૨૮. અને તેનાથી બીજી જે ધર્મની ગાદીઓ-બાવન દ્વારા, સાતગાદીઓ, ચાર સંપ્રદાયની ગાદીઓ અને મત પંથોની અપાર ગાદીઓ, એ બધાનું તત્ત્વ-સાર પોતાની ગાદીમાં સ્વામિનારાયણે દબાવ્યું છે. તેણે અત્યારે કોઈ મોટી વિદ્યા મેળવી લીધી છે. આ પ્રમાણે વેરાગીઓ જેની સમજમાં જેમ આવે તેમ પરસ્પર બોલતા હતા. ૨૯-૩૦.

આમ તેની સાથે આવું બોલનારા રહેતા હતા. તેથી 'ખરેખર આ કુસંગ છે' આવું તે ગંગાદાસ વેરાગી લેશમાત્ર પણ જાણી શક્યો નહીં. વેરાગીઓ એમ બોલતા કે સ્વામિનારાયણની વિદ્યા હવે ઉઘાડી થઈ જશે, સહુને તેની ખબર પડી જાશે. ૩૧. જે હાથ કપાયો છે ત્યાં તે શું કરશે ? હવે તેવો જ બીજો હાથ તે ક્યાંથી બનાવશે. નવો હાથ કર્યા વિના સ્વામિનારાયણનો આખો પંથ ઊડી જાશે. ૩૨. આ બાબતનું મૂળ હવે નક્કી આપણા હાથમાં આવ્યું છે. પ્રભુ રામચંદ્રજીએ ભેખધારીની મદદ કરી છે. મનમાં આવા બધા વિચારો કરીને તે વેરાગીઓ ત્યાં જે લશ્કર હતું તેના ધણીને જઈને મળ્યા. ૩૩. લશ્કરના ધણી બાબા સાહેબ હતા. તે પ્રભુ (મહારાષ્ટ્રના કાયસ્થોની એક અટક) જાતિના હતા. જે લાંચ આપે તેના તરફી ન્યાય આપતા અને વગર લાંચે કામ ન કરતા. ૩૪. રાજાના જેટલા સચિવો હોય તેમણે કાયદા પણ એવા જ કર્યા હોય કે તેઓ લાંચ લઈ શકે.

વેરાગીઓ હાથ વગરના વેરાગીને સૂબા આગળ લાવ્યા. સૂબાએ તેને જોયો. ૩૫. સૂબાએ જ્યારે તેની વિગત પૂછી ત્યારે વેરાગીઓ બધી ખોટી વાત બકવા લાગ્યા. તેના બોલવા ઉપરથી જ સૂબાએ તેમને તરત ઓળખી લીધા.

અને સૂબાએ તેમને કહ્યું, “તમારું બધું જૂઠું છે, ઢોંગ છે. ૩૬. આમાં તમારો જ વાંક છે અને તમે જ તૂત ઊભું કરીને આવ્યા છો. સ્વામિનારાયણના જેટલા સંતો છે તે કોઈ હથિયાર રાખતા જ નથી. ૩૭. તમારાં જ કોઈ શિષ્યનું આ કામ હશે, સ્વામિનારાયણના શિષ્યનું આ કામ નથી. અમે કોઈ ખોટી વાતને સાંભળતા નથી. જાઓ, પાછા જાવ.” ૩૮. સાચા સંતોના માથે તમે કલંક લગાવ્યું છે, તમે ખોટી વાત લઈને આવ્યા છો તેનો તમારે માથે દંડ પડશે. ૩૯. સુબાએ આવું કહ્યું તેથી વેરાગીની લાજ-આબરૂ ગઈ. બધા ભેળા મળીને મનમાં શોક કરવા લાગ્યા, અને વિચારવા લાગ્યા કે હવે આ બગડી વાત જેમ સુધરે તેવો ઉપાય આપણે કરીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં ‘ગંગાદાસ ખાખી તથા પાર્ષદ ડુંગરજીના નિમિત્તે વૈરાગીઓનો ઉપદ્રવ’ એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર સાતમું : તરંગ - ૨૬

વૈરાગીઓની સૂબા પાસે ખટપટ અને સૂબાએ આનંદસ્વામીને સન્માનિત કર્યા

શ્રીહરિ પળે પળે સત્સંગની સહાય કરતા રહે છે, અને અસુરો વારંવાર છળકપટ અને બળ કરીને સત્સંગને ઉખેડી નાખવા ફરતા હતા. ૧. અપમાનરૂપ ગધેડા ઉપર બેસવું પડે, આવી અસુરોની લાજ વારંવાર જતી હોવા છતાં તે શરમાતા નથી. આવું તો કરોડોવાર થાય છે, છતાં તેઓ ઉત્પાત કરતાં જ રહે છે. ૨. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન પ્રકટ થયા ત્યારે તેમણે પોતાને હાથે અનેક અસુરોને માર્યા, છતાં ત્યારે અસુરોને શરમ આવી નહિ. અને વારંવાર એક પછી એક એમ અન્ય અસુરો આવતા જ રહ્યા. ૩. તે પ્રમાણે જ રામાવતારમાં પણ થયું. અરે ! અનંત અવતારમાં આવી રીતે જ અસુરોનો વારે વારે વિનાશ કર્યો, તોપણ તેનો પાર આવ્યો નથી. ૪.

❋ ભગવત્મહિમા અને મિથ્યા ભગવાનની તુચ્છતા :

चोपाई :

अब अवतार में ओर हि द्वारा, अपमान करावत वार न पारा;
एक एक अवतार को जेता, साम्रथ जो कहावत तेता...०५
जन जन प्रति वावरे अबही, जाने में आवत न वात सबही;
पूरे एकांतिक होवत जेहि, ताके जानेमें आवत तेहि...०६

આ અવતારમાં તો શ્રીહરિ બીજા દ્વારા તે અસુરોનું પારાવાર અપમાન કરાવે છે. એક એક અવતારનું જેટલું સામર્થ્ય કહેવાય છે, તેને આ વખતે શ્રીહરિએ જન જન પ્રતિ વાપર્યું છે. તે બધી વાત જાણી શકાતી નથી. જે પૂરા એકાંતિક ભક્ત હોય છે, તેને જ તે બાબત સમજાય છે. ૫-૬.

આપણા સત્સંગમાં કેટલાક ખળ આવે છે તે શ્રીહરિની દેશી કરવા જાય છે. શ્રીહરિની બધી ક્રિયાઓને શીખીને તેમના જેવો ભાવ દેખાડવા પ્રયત્ન કરે છે. ૭. પરંતુ પાકા હરિભક્તો તેવાને જોઈને તેમને ગધેડાંને તુલ્ય સમજે છે. જે શ્રીહરિના જેવો થઈને શ્રીહરિની દેશી (નકલ) દેખાડે છે, તે તો બધા જ અસુરોનો રાજા છે એમ જાણવું. ૮.

સ્વયં ભગવાન જેવો થઈને જે તેમના જેવો ભાવ બતાવે તે તો મૂર્ખ લોકોના ચિત્તમાં ભ્રમ પેદા કરે છે. હિરણ્યકશિપુ અને રાવણ સહુથી ભારે અને વધારે ભયંકર થયા હતા. ૯. તે તો સ્વયં ભગવાન બની બેઠા હતા. જેને ભગવાન સાથે વૈર હોય તેના કરતા તો આ દૈત્યો વધારે ભયંકર કહેવાય. જે મનુષ્ય હોવા છતાં ભગવાન થવા ચાહે છે, તેને તો કરોડ કૃતઘ્ની સમાન જાણવો જોઈએ. તે અનંત લોકોને લઈને જમપુરીમાં જાય છે. અહીંયાં જગતને ચાહે તેમ ભમાવે પણ પછી તેમનો એવો “છક” રહેવાનો નથી. ૧૦-૧૧. ભલે તેને અત્યારે ભગવાનનો ડર ન હોય પણ પછી તો ભૂંડા હાલ થવાના છે, જેટલી ભગવાનની દેશી (નકલ કરવી) લઈને જે ચાલે છે, તે સહુથી મોટો અસુર છે. ૧૨. આટલી વાત તો મેં ઉપોદ્ઘાતના રૂપમાં કહી છે. પણ હવે જે ઉપદ્રવીઓની વાત બાકી રહી છે તે કહું છું.

વેરાગીઓએ ગાયકવાડ સરકારના દીવાનને કહ્યું, હવે અમે શું કરીએ? ૧૩. અત્યારે તો અમે બધા જૂઠા પડ્યા. પણ હવે સાચા કઈ રીતે થઈએ? તમારા હાથમાં બધી જ બાબત છે. તમે તો ખોટાને પણ સાચા કરો છો. ૧૪. ત્યારે તે સચિવે કહ્યું, આ જગતમાં ધન ચિંતામણિ છે. ધન મરેલાને પણ સજીવ કરે છે. તેના સિવાય બીજો કોઈ ઉપાય નથી. ૧૫. તમારી જગ્યા (સંસ્થા)માં ધન છે. સ્વામિનારાયણના સંતો તો ધનને રાખતા નથી. હવે તમારું મન માનતું હોય તો જઈને ધન લઈ આવો. ૧૬.

❋ આનંદસ્વામીની સાધુતાની સરાહના :

જ્યારે બીજો દિવસ થયો ત્યારે આનંદાનંદસ્વામી ત્યાં આવ્યા. તેમની સાથે બીજા પાંચ સંતો હતા. સહુની પાસે ગીતાની પોથી બાંધેલી હતી. ૧૭. ભાગવતના પંચમસ્કંધ અને એકાદશસ્કંધ તેમજ વાસુદેવ માહાત્મ્ય, એટલી પોથીઓ લઈને આવ્યા. સાથે ઝાંઝ અને મૃદંગ પણ હતા. ૧૮. સમસ્ત સંતોની પાસે બાલમુકુંદ અને શાલગ્રામ વિષ્ણુ પૂજામાં હતા. લશ્કરમાં જેટલા લશ્કરી જવાબદારી સંભાળતા હોય તેમને કારભારી કહેવાતા. ૧૯. સંતોનું સ્વરૂપ જોઈને જ સહુના મનમાં તત્કાળ અપાર આનંદ થયો. પરસ્પર તે બધા લોકો બોલવા લાગ્યા, 'આવા સંત આપણે ક્યારેય દેખ્યા નથી.' ૨૦. બાબા સાહેબ દીવાને સંતોને એકદમ સરળ જાણ્યા. તેથી તેમને ઘણા હેતથી લશ્કરી છાવણીની પાસે જ ઉતારો કરાવ્યો. અને તેણે લશ્કરી મોદીખાનું હતું તેની સંતોને એક ચીઠ્ઠી કરાવી આપી. ૨૧. આ સંતો જ્યાં સુધી લશ્કરની પાસે રહે ત્યાં સુધી કાચું સીધું આપવું. તેમાં પણ સારું પવિત્ર અન્ન આપવું. તેમાં ક્યારેય કોઈ જાતની કસર રાખવી નહિ. ૨૨. અને વળી સંતોને પણ કહ્યું, "જ્યાં સુધી તમારી ખુશી હોય ત્યાં સુધી સુખેથી લશ્કરની છાવણીમાં રહો.

તમારા સંપ્રદાયને ઉખેડી નાખવા માટે અહીંયા અપાર વેરાગીઓ આવ્યા છે. ૨૩. અમે તેમને કહ્યું છે કે, 'તમે જો ધન લઈ આવો તો આ નવા મતને ઉડાવી દેશું. તમે સંતો ભલે આજે અહીંયા આવ્યા, પણ અમારે તો ધનનું જ કામ છે.' ૨૪. તમારો મત ઉખેડી નાખવા માટે બધા વેરાગીઓ આવ્યા હતા. હાથ કપાયેલા ખાખીને પણ સાથે લાવ્યા હતા. તેમણે બધું

તૂત (જૂઠાણું) તમારા ઉપર નાખ્યું છે. ૨૫. વિપ્રોને અને ભેખધારીને જે દંડ કરવો તે જગતમાં ઉપહાસ-મશ્કરી જેવું ગણાય. અમારા રાજ્યમાં એવા દંડની રીત નથી. માટે હે સંતો ! તમને અમે કાંઈ દંડ કરવાના નથી. અને તે ભેખધારીઓ તો હવે ખાલી અમારી પાસે ધન આપવા માટે આવ્યા હતા. એમ જ જાણવું રહ્યું.” ૨૬.

ત્યારે આનંદસ્વામીએ કહ્યું, વિપ્ર અને ભેખધારી જે પોતાનો ધર્મ પાળતા હોય તે દંડ કરવાને લાયક નથી. તેમજ તેમના શરીર ઉપર જે તાડન કરવું-માર મારવો, તેમાં એ દોષ કહ્યો છે. ૨૭. વિપ્ર અને ભેખધારી તેઓ કોઈ પોતપોતાનો ધર્મ પાળતા નથી, એનો ધર્મ તો લોકોનું ધન હરણ કરવાનો છે. ૨૮. જે વિપ્ર અને ભેખધારી નિર્દોષ હોય અને તેના ઉપર જો દોષ નાખવામાં આવે તો યમરાજ તેના ઉપર નિર્દય થઈને ક્રોધ કરે છે. ૨૯. આનંદાનંદસ્વામીએ જ્યારે આવી વાત કહી, તે સાંભળીને સૂબો મનમાં ખુશ થયા. ‘આ સાધુ સાચી વાત કહે છે’ એવું બોલીને તે મનમાં પ્રસન્ન થયા. ૩૦.

સૂબાને નીતિના ઉપર ભાવ હતો. અનીતિ ઉપર તો તે ઝેર વરસાવતા હતા. અનીતિની વાતને તો કાનથી સાંભળતાની સાથે જ તત્કાળ અનીતિવાળાને બેહાલ કરી દેતા. ૩૧. જેટલા ગામધણી ગરાસિયા હતા તે બધાને સૂબા બાબા સાહેબ પોતાને વશ વર્તાવતા હતા. જે અન્યાયી હોય તે તો તેમનાથી થર થર ધ્રૂજતા હતા. અને બાબા સાહેબ ન્યાયવાળાનું નામ ક્યારેય લેતા નહીં. ૩૨. જો સચિવ (દીવાન)ને તેમનું મનમાન્યું - ધાર્યું હોય તેટલું ધન મળી જાય તો તે ન્યાયને પણ અન્યાય કરી દે. કેમ જે, ન્યાય તેનાં મુખમાં જ રહ્યો હોય છે. ૩૩. હુકમ અને બળ, બંને તેની પાસે હતા. બીજા મનુષ્યમાત્ર પરાધીન હતા. માણસ જે જે દેશમાં જઈને રહે, તેણે રાજાને આધીન થઈને જ રહેવું પડે છે. ૩૪. વર્ણાશ્રમમાં જે જે મનુષ્યો રહ્યા છે તે બધાની માથે-ઉપર રાજા જ ગણાય છે. જે રાજા આગળ છળ-કપટ કરીને વર્તન કરે, તો રાજા તેને એક ક્ષણવારમાં જ બેહાલ કરી શકે છે. ૩૫.

चोपाई :

ईश्वर हे भूपन के भूपा, अनंत ब्रह्मांड रहे रोम कूपा;
इनको हि धार्यो होवत सबहु, यामें नहि कछु जूठ हि कबहु...३६

बडे बडे देव कहावत जेहु, ईश्वर के आधिन वर्तत तेहु;
भूप मात्र आधीन हे ताके, मनुष्याकार वर्तत हरि वाके...३७

પરમેશ્વર તો મોટા ભૂપોના પણ ભૂપ છે. અનંત બ્રહ્માંડો તેમના રોમકૂપમાં રહે છે. બધું તેમનું જ ધાર્યું થાય છે. ક્યારેય તે બાબતમાં કાંઈ ખોટું હોતું જ નથી. ૩૬. જે મોટા મોટા દેવતાઓ કહેવાય છે. તેઓ પણ પરમેશ્વરને જ આધીન વર્તે છે. બધા રાજામાત્ર પણ પરમેશ્વરને જ આધીન છે. જ્યારે ભગવાન મનુષ્યરૂપે હોય ત્યારે જે રાજા અજ્ઞાનને લીધે વારેવારે તેમનો અપરાધ કરે તોપણ પરમેશ્વર તેને બાળકના જેવો અજ્ઞાની માનીને તેના દોષોને ગણતા નથી. ૩૭-૩૮. ક્યાં ભગવાન અને ક્યાં રાજા ! તે રાજાનું જોર તો કીડી જેવું ગણાય. તેઓ તો મનુષ્યાકારે હોવાથી મનુષ્યની રીતે ચાલે છે. તેથી ભગવાન કીડી જેવા જીવનો શું રોષ ધરે ? ૩૯.

सोरठा : समर्थ होई करे सहन, हरि की हे यह रीत सदा;
जो यह होय अप्रसन्न, ब्रह्मादिक देव कहा लेख तेहि...४०

हरि को रोम हि एक, अनंत कोटि ब्रह्मांड हुको;
प्रलय करे तेहि छेक, एसे हे महा समर्थ तेहु...४१

પરમાત્મા સમર્થ હોવા છતાં તેઓ બધું સહન કરે છે. આ ભગવાનની કાયમની રીત છે. જો ભગવાન અપ્રસન્ન થાય - રોષ કરે, તો બ્રહ્માદિ દેવો પણ શા લેખામાં ? ૪૦. ભગવાનની એક જ રોમ જેટલી શક્તિ તો અનંતકોટિ બ્રહ્માંડોનો પણ સંપૂર્ણ પ્રલય કરી નાખે. એવા એ પરમેશ્વર મહા સમર્થ છે. ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'વૈરાગીઓની સૂબા પાસે ખટપટ અને સૂબાએ આનંદસ્વામીને સન્માનિત કર્યા' એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર સાતમું : તરંગ - ૨૭

સંતોનો છાવણી પાસે નિવાસ તથા બાબા સાહેબે સંતોનું શુદ્ધ જીવન જોયું

શ્રીહરિ મહાન્ સમર્થ હોવા છતાં પોતાનું સામર્થ્ય છુપાવી રાખે છે. શ્રીહરિનું આ ચરિત્ર મોક્ષ કરનારું છે. તેને જે સમર્થ હોય તે જ પચાવી શકે છે. ૧. એક હજાર કોશના વિસ્તારવાળું સરોવર હોય, પણ જ્યારે પુષ્કળ પ્રમાણમાં વરસાદ વરસવા લાગે ત્યારે સરોવરમાં જેટલો અવકાશ હોય, તેટલું જ જળ અંદર સમાઈ શકે છે. વધારે જળ થાય તો સરોવરને તોડી નાંખે છે. ૨. ભૂમિ ઉપર જેટલું પાણી વરસે છે તેને અનંત નદીઓ પોતામાં સમાવી લે છે, પણ વધારે પડતું પાણી વરસે તો તેને નદીઓ સહન ન થતા, ધારણ કરી શકતી નથી. પછી તે વધારાના પાણીને નદીઓ સમુદ્રમાં પહોંચતું કરે છે. ૩. જેમ જેમ વરસાદ અખંડ અને એકધારો વરસવા લાગે, ત્યારે ભૂમિ તે વરસેલા પાણીને રોકી શકતી નથી, પણ વરસાદનું તે સમગ્ર પાણી સમુદ્ર પી જાય છે અર્થાત્ પોતામાં સમાવી લે છે. ૪.

⁕ ભગવત્ચરિત્ર ભક્તો માટે જ છે :

चोपाई :

समुद्र बढत घटत नहि कबहु, नीर आत अखंड हि तबहु;
तेसे हरि हे अगाध अपारा, ब्रह्मादिक नहि पावत पारा...०५

श्रीहरि प्रगट होत हे जबही, चरित्र करत भक्त हित तबही;
जेसे भक्त की रुचि होवे, तेसे ताको चित्त हि जोवे...०६

भक्त कुं प्रसन्न करना जेहा, ता पर तान रखत एक तेहा;
ओर कुं रुचो न रुचो कोई, भक्त की रुचि सम वर्तत सोई...०७

નદીઓ દ્વારા પુષ્કળ પાણી અખંડ રીતે સમુદ્રમાં ચારેબાજુથી આવે છે પણ ક્યારેય સમુદ્ર વધતો ઘટતો નથી. તે રીતે જ ભગવાન શ્રીહરિ અગાધ અને અપાર છે. તેમના પારને બ્રહ્માદિક દેવો પણ પામી શકતા નથી. ૫. શ્રીહરિ જ્યારે પ્રકટ થાય છે ત્યારે ભક્તોને માટે ચરિત્રોને કરે છે. ભક્તની જેવી રુચિ હોય છે તેને ભગવાન ભક્તના ચિત્તમાં જોઈને, ૬. ભક્તને રાજી

કરવાનું જ એક તાન રાખે છે. બીજા લોકોને તે રુચે કે ન રુચે, તેને ભગવાન ગણકારતા નથી. પોતાના ભક્તની રુચિને અનુસારે જ પોતે વર્તે છે. ૭. તે ચરિત્રોને દેખીને જે અજ્ઞાની હોય છે તે મન ફાવે તેમ બોલે છે. પણ તે બોલનારા લોકોને બાળક સમજીને અથવા પાગલ સમજીને તેના બોલેલાને સુખદાયક ભગવાન અત્યંત સહન કરે છે. ૮.

ચોપાઈ :

सहनशक्ति हरि में हे जेसी, भूमि समुद्र में नहि हे तेसी;
आकाश गुन ग्रहि वर्तत अखंडा, ताको होवन देत न खंडा...०९

ભગવાનમાં જેટલી સહનશક્તિ છે તેટલી સહનશક્તિ ભૂમિમાં અને સમુદ્રમાં પણ નથી. અને ભગવાન તો આકાશના સર્વાધારપણાનો તથા નિર્લેપતાનો ગુણ અખંડ ગ્રહણ કરીને રહ્યા છે. તે ગુણોનો ક્યારેય ભંગ થવા દેતા નથી. ૯. અજ્ઞાની મનુષ્ય ભગવાનનાં વર્તનને - ચરિત્રોને જાણતા નથી, પણ તે ચરિત્રોમાં જ ભક્તજન તો મહા આનંદ માણે છે. ભગવાનનાં ચરિત્રોનો જેટલો રસ છે તે ભક્તોને બધો માણવો જ પડે છે. ૧૦. અને અજ્ઞાની કાયમ બળતા રહે છે. એનું તો અંતર તપે એ જ એને સુખ ! હવે આધારાનંદસ્વામી પ્રસ્તુત કથાને આગળ કહે છે.

આનંદાનંદસ્વામીની સાથે જે સંતો આવ્યા હતા, તે બધા નિત્ય કથા-વાર્તા કરતા હતા. ૧૧. ત્યારે સંતોએ ભાગવતનો પંચમસ્કંધ શરૂ કર્યો. સવારે અને સાંજે તેની કથા વંચાતી. તે પછી સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને અલગ અલગ રીતના કીર્તન ગાતા હતા. ૧૨. જ્યારે સંધ્યા સમય થતો ત્યારે રોજ ધૂન અને આરતી કરતા. અને "રામ, કૃષ્ણ, ગોવિંદ" ઈત્યાદિ નામોની ધૂન બહુ કરતા. ૧૩. તે પછી અધરાત સુધી કથા-વાર્તા કરતા. અને છેલ્લે એક આસન લગાવીને સંતો ધ્યાન કરવા બેસી જતા હતા. ૧૪. ચાર ઘડી સુધી સુતા અને ચાર ઘડી પ્રભાતિયા કીર્તન ગાતા. સતત ભજનમાં જ સમય વિતાવતા. કોઈ ગ્રામ્યવાર્તા કરતા નહિ. ૧૫.

જ્યારે એક પહોર (૩ કલાક) રાત બાકી રહે ત્યારે ફરીને સંતો ધૂન કરતા. આ રીતે સહુ સંતો હંમેશાં વર્તતા. સહુ ભક્તકવિઓના કરેલા

કીર્તન ગાતા. ૧૬. તુલસીદાસ, સૂરદાસ અને નરસિંહ મહેતાના પદોને સહુ ભાવથી ગાતા. કવિ રણછોડના પદોને અને ક્યારેક મીરાંબાઈના પદોને પણ ગાતા. ૧૭. જે અષ્ટછાપના પુષ્ટિમાર્ગીય કવિના પદો હતા તેમને પ્રેમથી ગાતા. મુક્તાનંદસ્વામીનાં અને બ્રહ્માનંદસ્વામીનાં પદોને પણ ક્યારેક ગાતા હતા. ૧૮. કેટલાક કબીરના જેવા જે બ્રહ્મજ્ઞાની કવિ થઈ ગયા છે, તેની અવતારોનું ખંડન કરનારી વાણીને ક્યારેય બોલતા નહિ. ભલેને તે બધા પદોના ગ્રંથ કહેવાતા હોય ! ૧૯. જ્યારે ચાર ઘડી (૧.૩૬ કલાક) રાત બાકી રહે ત્યારે સહુ સંતો જ્યાં શુદ્ધ જળ હોય ત્યાં જઈને સ્નાન કરી આવતા. તે પછી તત્કાળ તિલક વગેરે કરીને દયાળુ સંતો માનસીપૂજા કરતા હતા. ૨૦.

સહુ શાલગ્રામ અને બાલમુકુંદ રાખતા અને પ્રેમથી તેમની પૂજા કરતા. ભગવાનને સ્નાન કરાવીને ચંદન અને તુલસી ચઢાવતા હતા. ઠેકઠેકાણે ધૂપ અને દીવાઓ કરતા. ૨૧. નિવેદ ધરાવીને માળા ફેરવતા "કૃષ્ણ" "નારાયણ" "કૃપાળુ" આવા નામોનું ઉચ્ચારણ કરતા. પછીથી "સ્વામિનારાયણ" એવું નામ ઉચ્ચારતા અને બધા જ સંતો ગીતાનો પાઠ કરતા હતા. ૨૨. કોઈ સંત વિષ્ણુ સહસ્રનામનો પાઠ કરતા તો કોઈ નારાયણ કવચનો પાઠ કરતા હતા. સંતો પોતાને હાથે રસોઈ બનાવીને વિષ્ણુને નૈવેદ્ય કરીને જમાડતા. ૨૩. તે પછી બધા સંતોની પંગત થાતી. સહુ કાષ્ઠના પાત્રમાં જમતા. અલગ અલગ રહેલી પ્રસાદીને જમવાના એક પાત્રમાં ભેળી કરી દેતા. ૨૪. ભોજન ઉપર ચરણામૃતરૂપ જળ છાંટીને ગ્રાસે ગ્રાસે "સ્વામિનારાયણ" નામ મુખથી બોલતા હતા. આ રીતે બધા સંતો ભોજન જમતા હતા. ૨૫. પોતાનું મનધાર્યું ભોજન માગતા નહિ. સહુ સંતોની એકસમાન રીત હતી. કોઈ પંક્તિભેદ કરતા નહિ. સહુને પરસ્પર પ્રેમ હતો. ૨૬.

સૂબો બાબા સાહેબ ઘણા જ વિચક્ષણ હતા. વેરાગીઓ જેને નવો મતપંથ કહેતા હતા તેની રીતને સૂબાએ ઘણા દિવસ સુધી જોઈ અને સંતોના વર્તન અને રીતની વિશેષતાને લખી લીધી. ૨૭. તેણે જે રીતે સંપ્રદાય ચાલ્યો - શરૂ થયો તે લખ્યું તથા શ્રીકૃષ્ણ ભગવાન, પછી ઉદ્ધવજી અને તે પછી

રામાનુજાચાર્ય પર્યંતની પરંપરા લખી. રામાનુજના મત અનુસારે ઉદ્ધવનો અવતાર એવા રામાનંદસ્વામી ગાદીપતિ થયા તેની પણ નોંધ કરી. ૨૮.

✵ સૂબાએ સનાતનધર્મની રીત વિચારી :

શાસ્ત્રોમાં સ્ત્રી અને ધનના ત્યાગની આજ્ઞા કરી છે, પણ તે પ્રમાણે કોઈ રહેતું નથી. પરંતુ આ સંતો તે પ્રમાણે દૃઢ રહે છે તેથી આ સ્વામિનારાયણનો માર્ગ જ સનાતન ધર્મ કહેવાય. ૨૯. અને જે લોકો ધન અને સ્ત્રીને રાખે છે એ જ નવો પંથ છે, એમ સમગ્ર શાસ્ત્રો અને વેદ-પુરાણો, એ બધા પોકારીને કહે છે. ૩૦. સર્વ શાસ્ત્રોનું મંથન કરીને એ સાર તારવ્યો છે કે, "જે મતમાં લોકો ધન અને સ્ત્રીને રાખતા હોય છે તે સનાતનધર્મ નથી, એ જ નવો પંથ છે. મોટા આશ્રમીઓ થઈને પણ જે માંસ ખાતા હોય, દારૂ પીતા હોય, ૩૧. ભાંગ્ય અને ધતૂરા વગેરેને પીવાનું અપાર વ્યસન હોય, દૂધ અને પાણીને ગાળ્યા વિના તથા નકારી વસ્તુ જે પીતા હોય, ભગવાનનો સનાતન દિવ્ય જે એક આકાર છે, તેનું જે અનેક તર્કોથી ખંડન કરતા હોય, ૩૨. ભગવાનની આઠ પ્રકારની પ્રતિમા છે અને સનાતન ભગવાનનો દૃઢ નિશ્ચય કર્યો છે, તેનું જે ખંડન કરે છે અને જે અભક્ષ્યનું ભક્ષણ કરે છે તે બધા જ નવા પંથ છે." એમ સૂબાએ જાણ્યું. ૩૩.

चोपाई :

सत्पुरुष को भयो जब जोगा, अनंत काल को गये तब रोगा;
नर कुं करना नारी को त्यागा, नारी कुं तजनो पुरुष अनुरागा...३४
एही सम सामर्थ नहि हे कोई, बडे बडे अवतार भये सोई;
सर्वोपरी सामर्थ देखाये जबहु, पाखंड ताकुं ठेराये तबहु...३५

જ્યારે સૂબાને સત્પુરુષનો જોગ થયો ત્યારે તેને અનંતકાળનો ભવરોગ મટી ગયો. પુરુષે સ્ત્રીનો ત્યાગ કરવો અને સ્ત્રીએ પુરુષની આસક્તિ છોડવી. એ સમાન કોઈ સામર્થ્ય નથી. ૩૪. ઘણા મોટા મોટા અવતારો થઈ ગયા છે, પણ આ શ્રીહરિના જેવું મહાન સામર્થ્ય (નરનારીની આસક્તિ ત્યાગરૂપ) કોઈએ દેખાડ્યું નથી. જ્યારે સ્વામિનારાયણે સર્વોપરિ સામર્થ્ય દેખાડ્યું છે ત્યારે આ વેરાગીઓએ તેમને પાખંડ ઠેરાવી દીધું છે. ૩૫.

સૌભરીએ ઘણા કાળ સુધી તપ કર્યું હતું પણ એક પળવારમાં જ તેઓ બેહાલ થઈ ગયા હતા. ભવ, બ્રહ્મા અને નારદજી જેવા નારીનાં મુખને દેખીને, ૩૬. પોતે મહાન્ સમર્થ હોવા છતાં ફજેત થયા હતા. આવા તો ગણતા પાર આવે તેમ નથી. જીવાત્માઓના કામનો નાશ કરવા માટે નરનારાયણ દેવ તપ કરે છે. ૩૭. શ્વેતદ્વીપ ધામમાં અપાર નિરન્નમુક્તો રહ્યા છે. તેઓ પણ કામના વિચારને જીતવા અનંત યુગોથી તપ કરે છે. ૩૮.

ઉદ્‌ભિજ્જ, અંડજ, સ્વેદજ અને જરાયુજ એ ચાર ખાણોમાં ભટકતા એકવીશ એકવીશ લાખ જાતિમાં જન્મ લેતા જીવોને તથા ભૂત, પ્રેત, પિશાચ સુધીના બધાને કામદોષ પી ગયો છે. ૩૯.

सोरठा : हरि के भये अब शरन, इतनो ई साधन कियेउ सब;
काम सिंधु गये तरन, नौका हरि के चरण कर...४०

અત્યારે જે જીવો ભગવાનને શરણે થયા છે, તે બધાએ માત્ર એટલું જ (પ્રગટ હરિને શરણે થવારૂપ) સાધન કર્યું છે. તેથી તે બધા નૌકારૂપ ભગવાન શ્રીહરિનાં ચરણોને લીધે કામરૂપ સાગરને તરી ગયા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'સંતોનો છાવણી પાસે નિવાસ તથા બાબા સાહેબે સંતોનું શુદ્ધ જીવન જોયું' એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર સાતમું : તરંગ - ૨૮

આનંદમુનિએ સૂબા પાસે નિષ્કામીપણું કહ્યું તથા વૈરાગીઓ સૂબાને મળ્યા

સદ્‌ગુરુ આનંદાનંદસ્વામીએ બાબા સાહેબ સૂબાને કહ્યું, ભગવાન સ્વામિનારાયણના પ્રતાપે યુવાન નરનારીઓએ પણ કામની ઈચ્છા(રાગ) નો ત્યાગ કર્યો છે. કામેચ્છાની અંતરમાંથી ઊલટી કરી નાખી છે. ૧. કોઈ ભાત ભાતના મિષ્ટાનને જમ્યો હોય, પછી તે જ અન્નની ઊલટી કરે ત્યારે અભાવને લીધે ઊલટી કરેલા અન્નને તે જમી શકતો નથી. તેવું તેમનું ચિત્ત

થઈ ગયું છે. ૨. આ રીતે ઊલટી કરેલા અન્નમાં ફરીવાર ભાવ થતો નથી તેની પેઠે કામમાં ભાવ થતો નથી. કેમજે, તે બધાને કામનું બીજ બળી ગયું છે. તેથી તે કામવિષય સ્વપ્નમાં પણ દેખાતો નથી. આ બધો શ્રીહરિનો પ્રતાપ છે. ૩. જેમ સ્વપ્નમાં ક્યારેક સિંહ કે સાપ દેખાય તો તેને મનમાં કેવો ત્રાસ થાય ? તેવો અતિ ત્રાસ કામ આદિ વિષયનો મનમાં રહે છે. ૪.

આ ભૂમિ ઉપર સ્ત્રીઓનો કોઈ પાર નથી. પણ મીરાંબાઈએ પુરુષને મનમાં અણગમતો કર્યો. જીવનભર લાલજી-કૃષ્ણની સેવા કરી, પણ અન્ય પુરુષને પોતાનું મુખ દેખાડ્યું નહીં અર્થાત્ દૃઢ બ્રહ્મચર્ય પાળ્યું. ૫. વળી એક સુલભા નામે સન્યાસિની થઈ હતી. તે મહા આત્મદર્શી યોગિની હતી. ૬. એ બે સ્ત્રીઓ સિવાયની અન્ય કોઈ ત્યાગી સ્ત્રી થઈ હોય તેવું સાંભળ્યું નથી. સ્વામિનારાયણના સત્સંગમાં તો ગામેગામ તેવી આત્મદર્શી, યોગિની અને ભક્ત સ્ત્રીઓ દેખાય છે. તેઓ સમીપ સંબંધ વગરના જેટલા પુરુષો હોય તે બધાનું ભૂલમાં પણ મોઢું દેખતી નથી. ૭. ભગવાન કૃષ્ણ સિવાયના અન્ય પુરુષમાત્રને તે સ્ત્રીઓ નરકનું દ્વાર સમજે છે. શ્રીકૃષ્ણની પ્રતિમા જે મૂર્તિ, તેની સાથે જ પોતાના ચિત્તને પરોવીને સ્થિર કરી રાખે છે. ૮. જો કે શ્રીહરિ-સ્વામિનારાયણ તો સ્વયં ભગવાન છે, છતાં સ્ત્રી ત્યાગનો નિયમ વજ્ર જેવો કઠોર રીતે પાળે છે. શ્રીહરિનો તેવો અતિશય ત્યાગ અને તેમણે કહેલી કામદોષ અંગેની વાત સાંભળીને તે સાંભળનારા અનેક પુરુષો અને સ્ત્રીઓએ કામમાં અત્યંત દોષ જાણીને કામદોષનો ત્યાગ કરી દીધો છે. સ્વયં શ્રીહરિએ સ્ત્રીઓનો એવો અત્યંત ત્યાગ કર્યો છે કે, તેઓ નારીના લેશમાત્ર ગંધને પણ સહન કરી શકતા નથી. ૯-૧૦.

કોઈ સ્ત્રી પાસેથી નીકળે તોપણ શ્રીહરિ તેની ગંધ સહન કરી શકતા નહીં. ભૂલે પણ નારીની ગંધ આવી જાય તે દિવસે પેટમાં અન્ન ટકતું નહીં, ઊલટી થઈ જતી. ૧૧. જેમ કોઈને ખોરાક સાથે ભૂલથી પેટમાં માખી જતી રહી હોય તો સહેજે જ તરત તેને ઊલટી થઈ જાય છે. તેવો સ્ત્રીનો અભાવ કર્યો હતો. આવો શ્રીહરિનો સહજ સ્વભાવ હતો. ૧૨. ભવ, બ્રહ્મા, નારદ, ચ્યવન, ઋષ્યશૃંગ, સૌભરિ, ઈન્દ્ર અને ચંદ્ર એ બધાને કામદોષથી કલંક લાગેલા જોયા.

તેમજ પરાશર ઋષિ તથા બીજા ઘણાને કામે જીતી લીધા હતા. જેનો ગણતા પાર આવે તેમ નથી. અને તેથી જ કામને અપાર ગર્વ થયો હતો. ૧૩-૧૪.

તે કામને જીતવા માટે શ્વેતદ્વીપવાસી અનંત નિરન્નમુક્તો અનંત કલ્પોથી સતત ઉચિત તપ કરતા રહે છે. ૧૫. તે રીતે જ માયિક ઈન્દ્રિયો-અંતઃકરણથી અગોચર, અવ્યય એવા શ્રીનરનારાયણદેવ ઋષિઓને સાથે લઈને કામને જીતવા માટે બદરિકાશ્રમમાં તપ કરે છે. ૧૬. કામને વશ રાખવા માટે તો નિરન્નમુક્તો થોડું પણ અન્ન ખાતા નથી. ફળ, ફૂલ, કંદ, મૂળ વગેરેને ખાતા નથી. તેમજ દૂધ અને પાણીને પણ ક્યારેય પીતા નથી. ૧૭. બદરિકાશ્રમના ઋષિઓ ક્યારેક ફળ અને મૂળ આદિકને ખાય છે. તે ઋષિઓ નરનારાયણદેવનું અહોનીશ ધ્યાન કરે છે. ૧૮. ભગવાન અને ભગવાનના ભક્તો જે કહેવાય છે તેમને કામ પરાભવ કરી શકતો નથી. કેમ કે, જેણે ભગવાન તથા ભગવાનના ભક્તની સાથે નિવાસ કર્યો છે તેની પાસે કામ આવતો નથી. ૧૯.

કામને ભગવાનનો તાપ લાગે છે. કામને વિષયમાં પ્રેમ તે જ બળ છે. તે સિવાય બીજું કાંઈ બળ નથી. તે પ્રેમ-પ્રીતિમાં અનંત પ્રકારના ભેદ છે અને તેના ગુણ પણ જુદા જુદા છે. ૨૦. જેવો ગુણ વ્યાપે તેવું ચિત્ત થાય છે. બધાનું મૂળ ગુણ જ દેખાય છે. ગુણ, દેશ અને કાળની એક જ નાત-જાત હોય છે. સત્સંગ કરતા રહીએ તો તે બધું દેખાઈ આવે છે. ૨૧. સત્ય પ્રતીતિએ કરીને વારે વારે માયિક ગુણોમાં જ્યારે અતિશય દોષનો વિચાર કરવામાં આવે ત્યારે તે દોષનું યથાર્થ જ્ઞાન થાય છે. વિચાર કરવામાં જેટલી કાચ્યપ રહે છે તેટલો તે દોષનો અભાવ આવતો નથી, અને તેથી જ તે દોષ તેને ફજેત કરે છે. ૨૨.

❋ શ્રીહરિ અને સંત સત્સંગના રક્ષક છે :

ખેતરમાં જ્યારે અન્નનો પાક આવે ત્યારે તેને બધા જ ખાવા ચાહે છે. જો તે ખેતરનો રખેવાળ તત્પરતા રાખે ત્યારે તે બધું અન્ન ઘરમાં આવે છે. ૨૩. તેનું રક્ષણ કરવામાં ધ્યાન ન અપાય અને પશુઓ અને પંખીઓ ખાઈ

જાય તો ઘરમાં પાક ક્યાંથી આવે ? મતપંથીઓના જે ખેતર છે તે રખેવાળ વિના ભેળાઈ રહ્યા છે. ૨૪.

સત્સંગરૂપ ખેતરમાં શ્રીહરિ અને સંતો રાતદિવસ અખંડ રખવાળી કરી રહ્યા છે. તેથી સત્સંગના ખેતરમાં પેસતાં કામ કંપવા લાગે છે. ૨૫. આદરભાવ વિના પ્રેમ થાતો નથી, અને આદરભાવથી જ પ્રેમ થાય છે. સત્સંગમાં કોઈ કામને ક્યારેય આદર દેતા નથી. ઉલટાની તેની ખૂબ જ નિંદા કરે છે. ૨૬.

सोरठा : निंदा सुनीके काम, सत्संग से सो दूर रहत;
आदर पावत जेहि ठाम, ताकुं काम सो जित लेत...२७
काम को जामें राज, मोक्ष न रहत हे ठोर तेहि;
जिय को बिगरत काज, मुमुक्षु वात सो लहत तेहु...२८

તે નિંદાને સાંભળીને કામ સત્સંગથી દૂર રહે છે. જ્યાં કામને આદરભાવ મળે છે ત્યાં કામ સહુને જીતી લે છે. ૨૭. જ્યાં કામનું રાજ્ય હોય છે ત્યાં મોક્ષ રહેતો નથી. કામ જીવનું મોક્ષરૂપ કામ બગાડી નાખે છે, એટલે મુમુક્ષુએ તે વાતને ધ્યાનમાં લેવી જોઈએ. ૨૮.

આનંદાનંદ મુનિનાં મુખથી એટલી વાત સાંભળીને સૂબા બાબાસાહેબને સુખ અને શાંતિ થઈ. પણ જગતના જેટલા અભાગિયા મનુષ્ય હતા, દારૂ પીવામાં અને માંસ ખાવામાં અતિ આસક્તિવાળા હતા, ૨૯. જે ચોરી અને વ્યભિચારમાં સુખ માનનારા હતા; તેમના અંતરમાં ઘણું જ દુઃખ થયું. મોટી મોટી જગ્યા (સંસ્થા)ઓના જે વેરાગીઓ આવ્યા હતા. ૩૦. તે બધા ભેળા થઈને વિચાર કરવા લાગ્યા, “અરે ! સૂબો ફરી ગયો અને આપણું કામ બગાડ્યું. વગર પૈસે આ સાધુએ સૂબાને વશ કરી લીધા. આ સાધુ કરામતમાં ઘણા ચતુર નીકળ્યા. ૩૧. આપણી જેટલી બાબત છે તે બધીને સૂબાએ અધર્મવાળી છે એમ જાણ્યું છે અને નવા પંથ (સત્સંગ)ને તેણે ધર્મવાળો જાણ્યો છે, અને અન્ય મતપંથને અધર્મી માન્યા છે. ૩૨.

તે સાધુએ જે અધર્મની રીત કહી બતાવી છે, તે બધી અત્યારે આપણામાં રહી છે. હવે તેની સમજાવેલી વાતને આપણે ખોટી કઈ રીતે

કરી શકીએ ? સૂબો હવે આપણી વાતમાં ચિત્ત નહીં દે. ૩૩.પરંતુ સૂબો કાંઈ સત્સંગી થયો નથી. તે સાધુઓ જેને છોડાવે છે તે તો એ સુબાને જોઈએ છે. સ્વામિનારાયણના સાધુની વાત સાંભળીને તેનું ચિત્ત એવું થઈ ગયું છે કે ન્યાયની બાબતમાં બધી હા એ હા કહે જાય છે. ૩૪. પણ ન્યાયમાં તેનું પેટ કેટલું ભરાશે, એટલું તે વિચારતા નથી. આપણે જઈને સૂબાને કહીએ કે, ''આ બાબતમાં અમારી સાથે અન્યાય થયો છે.'' ૩૫. હવે આપણે સૂબાના ગળામાં લોભની ફાંસી નાખીએ. લોભ નહિ દેખાડો તો તે આપણા કામથી ઉદાસ થઈ જાશે. લોભ દેખાડ્યા વિના હવે બીજો કોઈ ઉપાય જ નથી. લોભમાં જ વશીકરણ વિદ્યા રહી છે. ૩૬.

જેને અધર્મનો ડર ન હોય, તે શું ઉપાય ન કરે ? અર્થાત્ આપણે કહેશું તેમ સુબો કરશે, પણ આપણે ધર્મી લોકોએ ધર્મ વડે અધર્મને જીતવો જોઈએ. ૩૭. આવું વિચારીને બધા વેરાગી ભેળા થઈને સૂબા પાસે આવ્યા. તે વાત કરવા ગયા ત્યારે સૂબો તેમની સામે ઘૂરકીને બોલ્યો. તે વખતે બધા વેરાગીઓએ હાથ જોડ્યા. ૩૮. અને તે વેરાગીઓ બોલ્યા, હવે તો મારો તોએ તમે અને જીવાડો તોએ તમે. અમને તો એક તમારા ઉપર હેત અને વિશ્વાસ છે. અમે બધા તમારા છોરું છીએ. ૩૯. માતા-પિતા તો સામેથી બોલાવીને બાળકની સહાય કરે છે. બાળક હોય તે કદાચ ભૂલી જાય, પણ માતા-પિતા તેને તજી દે ત્યારે તેની શું ગતિ થાય ? ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'આનંદમુનિએ સૂબા પાસે નિષ્કામીપણું કહ્યું તથા વૈરાગીઓ સૂબાને મળ્યા' એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥

પૂર સાતમું : તરંગ - ૨૯

શ્રીહરિએ આનંદમુનિ દ્વારા સત્સંગની જીત કરાવી

સૂબાએ વેરાગીઓને કહ્યું, શું વિચાર કરીને આવ્યા છો ? તમે બધા તો ધર્મભ્રષ્ટ થયેલા છો અને સાચા સંતો તો આ જ છે. ૧. સ્વામિનારાયણ સત્ય છે, અને તેનો ધર્મ પણ સત્ય છે. તેમજ તેમના બધા શિષ્યો પણ સાચા છે.

બીજા બધા મત તો ખોટા છે. ૨. તમારો જે ધર્મ હોય તે તમે બધા મારી પાસે લખીને લાવો. પછી હું તે બંને ધર્મને દેખું કે, કોણ અસલ (સનાતન) ધર્મ છે અને કોણ નકલ (નવો) ધર્મ છે. ૩. ત્યારે વેરાગી બોલ્યા, સાહેબ ! તમે જે બોલો તે અસલ-સનાતન ધર્મ છે. તમે કહો તે તમારી રીતે સાચું પણ અમારી રીતે અસલ ધર્મ શું છે ? તે અમે કહીએ છીએ. ૪. બીજાને જે અસલ કરીને કહેવા તો તેનો પોતાના ઘરમાં શું નફો ? જેનાથી પોતાને ઝાઝો નફો-ફાયદો થાય, એવી વાત કરવા-વિચારવામાં વિલંબ કરવો જોઈએ નહિ. ૫.

પોતાના ઘરમાં (આવકમાં) કોઈ બાધ આવે જ નહીં, આવી વાત વિચારવી જોઈએ. જેમાંથી અપાર ધનનો લાભ થાય, તે જ સારો અને અસલ ધર્મ છે એમ જાણવું. ૬. અમારા બધાની સમજણ એવી છે કે ધન વિના બધા ઉપદેશ ખોટા છે. બધા લોકો જે જે પ્રવૃત્તિ કરે છે, તે બધું ધન માટે જ કરે છે. આખું રાજ્ય ધન હોય તો જ સોહામણું લાગે છે. ૭. ધન વિના કોઈ વાત થાતી નથી. ધન વિનાના રહેવું અર્થાત્ ધનના ત્યાગી રહેવું તે બધી વાત તો ખોટી છે. તે વાત બુદ્ધિમાનને માન્યામાં ન આવે. ૮. લોકો જેટલી ત્યાગની વાત સમાજમાં કરે છે તે બધી ધનને હરવાની અને કહેવામાત્રની હોય છે. જોગીની વાતને તો જે જોગી હોય તે જ જાણી શકે છે, અને રાજાની સ્થિતિને રાજા જ ઓળખે છે. ૯. કમાન (ધનુષ્ય) જેમ જેમ વધારે જોરથી નમે છે તેમ તેમ તેની દોરી વધારે માર કરી શકે છે. માયા (ધન) પડાવવાના અનેક (દાવ) પેચ હોય છે, તે તો જેને વિવેક હોય તે જ જાણી શકે છે. ૧૦.

જે વાતો યુક્તિ વિનાની હોય છે, તે બધી તો અધર્મમાં ખપે છે. અને જે વાત યુક્તિ સંગત કહેવાતી હોય તે ધર્મમાં ખપે છે - ધર્મ કહેવાય છે. ૧૧. ધર્મને ઉદ્દેશીને જે વાતો કરવામાં આવે તે સહુને સત્ય મનાય છે. ધર્મના ઉદ્દેશ વિના વાતો કરવામાં આવે તેમાં લોભ સ્પષ્ટ રીતે દેખાય છે. ૧૨. અમે તો અમારી બુદ્ધિ પ્રમાણે કહીએ છીએ. ભેખ તો ભગવાનનું ઘર છે. જે લોભથી પર હોય, લોભ વિનાનો હોય, તેવો તો દેશથી પણ પર રહે છે. ક્યાંય જાહેરમાં દેખાતો નથી. ૧૩. જે સંત નિર્લોભી હોય છે તે તો બધા જ ભેખનું જીવન કહેવાય. ભેખધારીઓનો તો પાર લઈ શકાય તેમ નથી. તેમાં કેટલાક

નિષ્કામીપણાના ધર્મને ધારી રહ્યા હોય છે. ૧૪. જે ભેખને ભગવાન વશ હોય એવા ભેખધારી અત્યારે હશે, પણ તેવા ભેખધારી સંતો કોઈ લોકો સાથે પરિચય રાખતા નથી, કારણ કે તેને જગત પાસેથી કોઈ સ્વાર્થ હોતો નથી. ૧૫.

બધા પોતપોતાનો સ્વાર્થ તત્પર થઈને સાધતા હોય છે. હવે મુખ્ય વાત સાંભળો, તમે કહો તેટલું ધન અમે આપીએ. પણ તમે સ્વામિનારાયણને અમારી હાજરીમાં બોલાવો. ૧૬. સ્વામિનારાયણમાં હજારો હુન્નર (કારીગરી) ભર્યા છે. કોઈ તેના પારને પામતા નથી. તેમજ તે કોઈના કળ્યામાં પણ આવતા નથી. આ એક અતિશય આશ્ચર્યની વાત છે. ૧૭. અમારે તો તેમને જોવા છે કે તેમને કેવી કેવી વિદ્યાઓ આવડે છે.

ત્યારે સૂબાએ વેરાગીઓને કહ્યું, તેમના સાધુ અત્યારે અહીંયાં જ આવ્યા છે. ૧૮. તમે તેમને સ્વામિનારાયણની રીત પૂછો. જેવી તેમની રીત હશે તેને તેઓ કહેશે. ત્યારે વેરાગીઓએ કહ્યું, તો તે સાધુને બોલાવો. અમારે તો હવે કિલ્લો રચીને બોલવું છે. ૧૯. અમે તેની સાથે બેસશું. તેમાંથી જે અસલ હશે તે બહાર આવશે. ત્યારે સૂબાએ કહ્યું, અહીંયાં જે સ્વામિનારાયણના સંતો આવ્યા છે. તેમની સાથે વાત કરવાથી તમારું પૂરું કામ નહિ થાય. ૨૦. તે સંતો ગાદીપતિ નથી. તમારે તો ગાદીપતિનું કામ છે. જો તમે એક લાખ રૂપિયા લાવી આપો તો અમે સ્વામિનારાયણને બોલાવીએ, એવું સૂબાએ કહ્યું. ૨૧. ત્યારે વેરાગીઓએ તે લાખ રૂપિયા આપવાની હા કહી. ત્યારે સૂબાએ તત્કાળ તેના જામીન લીધા અને શ્રીહરિને અપાર વિનંતી ભર્યો પત્ર લખ્યો કે, "અમને એકવાર આવીને દર્શન આપો." ૨૨. પત્ર ઉપર માત્ર "સહજાનંદસ્વામી" આવું નામ લખ્યું. તેને કોઈ ગામ કે ઠામ-સ્થાન મળ્યું નહિ - લખ્યું નહિ. કારણ કે શ્રીહરિ કયા દેશ કે ગામમાં રહે છે ? તેવો એક નિર્ધાર હતો નહિ. શ્રીહરિ તો તેવી રીતે જ સતત ફરતા રહેતા હતા. ૨૩.

કારિયાણી ગામમાં તેમના ભક્ત માંચા ખાચર નામે રહે છે, તેમને જઈને પૂછવું કે, "સહજાનંદસ્વામી ક્યાં છે ? તો તેઓ જ્યાં હશે તે ગામ બતાવશે." ૨૪. આમ કહીને પાંચસો સવાર તૈયાર કરાવ્યા અને તેમને શીખવ્યું, કોઈ પૂછે તો કહેજો કે, અમે ભાવનગર જઈએ છીએ. ૨૫.

બાંટવા ગામનો વતની એક બુલેખા નામે જમાદાર તે સૂબાના લશ્કરમાં હતો. તેણે તે વાતને થોડી જાણી. તેથી તે સૂબાને કહેવા ગયો. ૨૬. તેણે સૂબાને કહ્યું કે તમે આ પ્રદેશના સૂબા છો અને તે ઈશ્વરે સૂબાનું પદ તમને આપ્યું છે. એટલી મોટી આ વાત છે. ૨૭.

ચોપાઈ :

स्वामिनारायण ईश्वर रहाना, जाके हाथ हे सब के प्राना;
ताकी करत हे छेड हि जेहा, जडा मूल उड जात हे तेहा...२८

તે ઈશ્વર તો સ્વામિનારાયણ છે કે જેમના હાથમાં સહુના નાડી પ્રાણ રહ્યા છે. તેમને જે છંછેડે છે તે જડમૂળથી ઊખડી જાય છે. ૨૮. તમે મોટા છો માટે આવું કામ કરશો નહીં. આપને મોટા જાણીને જ હું કહું છું. અમારા જૂનાગઢના નવાબ છે, તે વારેવારે સ્વામિનારાયણનું સન્માન કરે છે. ૨૯. અમે મુસલમાનો ક્યારેય કોઈ હિંદુઓને માનીએ નહીં પણ આ એક સ્વામિનારાયણને અમે નમીએ છીએ. બીજા ભેખધારીના જેવા આ નથી. અમે તો તેમને મોટા ઓલિયાપુરુષ કહીએ છીએ. ૩૦. બીજા ભેખધારીઓએ પોતાનો ધર્મ છોડી દીધો છે, અને તેથી તેઓ સ્વામિનારાયણના ઉપર અદાવત (દુશ્મનાવટ) રાખે છે. સ્વામિનારાયણના જે સંતો છે તેઓ કોઈ ધન રાખતા નથી. ૩૧.

અત્યારે આપ બધા વેરાગીઓને દંડો અને તેમની પાસેથી બધું ધન ખૂંચવી લો. ધન આપ્યા સિવાય કોઈ જતા રહે નહિ. આ રીતે તમે બધું કરો. ૩૨. પહેલા તેમની પાસેથી છત્રીશ હજાર રૂપિયા લો, અને તે પછી જ બધાને છોડી મૂકવા, આ પ્રમાણેની બધી વાત જ્યારે નક્કી થઈ ત્યારે વેરાગીઓ ઢીલા પડ્યા. ૩૩.

આવી બધી વાત ચાલતી હતી, તેવા સમયમાં "માળિયામાં લડાઈ શરૂ થઈ છે." એવા સમાચાર આવ્યા. તેથી તે લડાઈમાં જવા માટે, લશ્કર તૈયાર થયું એટલે બધા વિચારો પડી ભાંગ્યા. ૩૪. પછી તો લશ્કર બધું તરત જ માળિયા ગયું. તે વખતે તરત જ વેરાગીઓ પાસે હાલને હાલ પૈસા ચૂકતે કરવા એવા જામીન લીધા. પછી જ્યારે વેરાગીઓએ રૂપિયા લાવી આપ્યા ત્યારે તે

બધા લશ્કરના કબજામાંથી છૂટા થયા. ૩૫. અને વેરાગીઓને કહ્યું, "ક્યારેય આ સંતોનું નામ લેશો નહિ. ધર્મવાળાને તો માનવા-પૂજવા. તમે તમારે ગામ જાઓ. ૩૬. તમારે કોઈ ગામ કે ગરાસ તો નથી. માટે કોઈ કાંઈ વિવાદ કરશો નહિ. તમે વેરાગીઓ ધન અને નારીને રાખો છો અને આ સ્વામિનારાયણના સંતો રાખતા નથી." ૩૭. સૂબાએ આવી વાત તેમને કહી ત્યારે વેરાગીઓ ચાલતા થયા, પણ વેરાગીઓ મનમાં ઘાત-દ્વેષ રાખીને પોતપોતાને સ્થાને ગયા. ૩૮. આ પ્રમાણે શ્રીહરિએ સંતો દ્વારા સત્સંગની ઘણી મોટી જીત કરાવી. તે સાંભળીને હરિભક્તોને ઘેર ઘેર ઘણો જ આનંદ થયો. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિએ આનંદમુનિ દ્વારા સત્સંગની જીત કરાવી' એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર સાતમું : તરંગ - ૩૦

સિદ્ધપુર જનારા સંઘની સાથે શ્રીહરિએ રામગ્રી ગામના સરોવરના કિનારે મુકામ કર્યો

શ્રીહરિના પ્રતાપથી સત્સંગની જીત કરીને આનંદાનંદસ્વામી વગેરે સંતો હરખભર્યે હૈયે જેતલપુર આવ્યા. ૧. મહારાજાધિરાજ શ્રીહરિ ઉપર (તરંગ ૧૫-૨૦ સુધી) કહ્યા પ્રમાણે ધમડકામાં બે માસ સુધી રહ્યા. અને પ્રાગજી દવેની પાસે સંપૂર્ણ ભાગવત વંચાવ્યું. ૨. જ્યારે દેશકાળ કાંઈક સારા થયા. પછી ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ ધમડકાથી ચાલ્યા અને **હળવદ**માં આવીને રહ્યા. ૩. પોષ વદિ એકાદશીને દિવસ સંધ્યા સમયે હળવદ આવ્યા હતા. ત્યાં એક વિપ્ર આવીને શ્રીહરિને મળ્યા. જેમનું મન આનંદથી વિલસી રહ્યું હતું. ૪. તે વિપ્રનું નામ નારાયણજીભાઈ હતું. તે શ્રીહરિને હળવદમાં પોતાને ઘેર લઈ ગયા. તેમણે શ્રીહરિને જગતના કોઈ બીજા પરમહંસ જેવા જાણ્યા હતા, તેથી અત્યારે શ્રીહરિને 'આ સહજાનંદસ્વામી છે' એમ વાસ્તવમાં ન ઓળખ્યા. ૫.

તે દિવસે શ્રીહરિ ધમડકાથી નીકળીને વનને માર્ગે ચાલ્યા આવતા હતા અને ભૂખ બહુ લાગી હતી. રસ્તામાં જોતા જોતા એક ઝાડ આવ્યું. તે લીલા પાંદડાથી ઘણું હર્યું ભર્યું હતું. ૬. કપાસના પાંદડા છે એમ માનીને તે પાંદડાને શ્રીહરિ અતિ ભૂખ લાગી હોવાથી ખાવા લાગ્યા. શ્રીહરિએ પેટ ભરીને તે પાંદડાં ખાધાં, પણ તે પાંદડાં શિંગડિયા વછનાગનાં હતાં. ૭. તેના ઝેરથી તત્કાળ જ કંઠ રુંધાવા લાગ્યો અને આંખો લાલ થઈ ગઈ. આગળ નજીકમાં એક **સુવઈ** (તા. રાપર, જિ. કચ્છ) નામે ગામ હતું. ૮. તે ગામમાં એક સારો વિપ્ર રહેતો હતો. તેનું ઘર જોઈને ત્યાં આવ્યા. તે વખતે શ્રીહરિને પરમહંસના રૂપમાં દેખીને તે વિપ્રની સ્ત્રી ઘરથી બહાર નીકળી. ૯. તેને જોઈને શ્રીહરિએ ઈશારો કર્યો કે, કંઠ રુંધાઈ ગયો છે અને બોલાતું નથી, ત્યારે તે સ્ત્રી ખાટી છાશ લાવી. શ્રીહરિને પરમહંસ જાણીને ખૂબ જ પીવડાવી. ૧૦.

આમ, શ્રીહરિનો કંઠ ખૂલી ગયો. જો બીજો કોઈ જીવ હોય તો દેહ ન રહે, મૃત્યુ થઈ જાય. આ વાતને શ્રીહરિ એક જ જાણતા હતા. અને જ્યારે શ્રીહરિએ કહ્યું ત્યારે બધાના માનવામાં આવ્યું. ૧૧. અને હળવદ ગામના નારાયણ વિપ્રે એકાદશી જાણીને એક શેર પેંડા લાવી આપ્યા. ત્યારે તેમાંથી શ્રીહરિ માત્ર એક પેંડો જમ્યા અને બીજા બધા તે વિપ્રને જ આપી દીધા. ૧૨. શ્રીહરિ તે વિપ્રને ઘેર એક જ રાત રહ્યા. બીજે દિવસ ત્યાંથી ચાલતા થયા તે **ધ્રાંગધ્રા** આવ્યા. ૧૩. ગોપાળદાસ વેરાગીની જગ્યામાં એક રાત રહ્યા. ત્યાં સ્વયં રસોઈ કરીને જમ્યા. પછી ત્યાંથી ચાલી નીકળ્યા. ૧૪. **ગાળા** નામે ગામ (તા. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર) આવ્યા. ત્યાં નદીમાં જ કાકાભાઈ મળી ગયા. ઘનશ્યામ શ્રીહરિ એકલા હતા, શ્રીહરિને જોઈને તેમણે ઓળખી લીધા. ૧૫. કાકાભાઈ દોડીને આવ્યા અને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. હૃદયમાં હરખ સમાતો ન હતો. તેમણે શ્રીહરિને અશ્વ લાવીને તેના ઉપર બેસાડ્યા. ૧૬.

જ્યારે શ્રીહરિ **મેથાણ** ગામની (તા. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર) પાસે આવ્યા ત્યારે દાસભાવવાળા ઘણા હરિભક્તો સામે આવ્યા. ગદ્‌ગદ કંઠથી આનંદિત થઈને તે બધા શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૧૭. બધા હરિભક્તોએ વાજિંત્ર વગડાવીને શ્રીહરિને પુરમાં પધરાવ્યા. ત્યારે ચારેબાજુ મહાન આનંદ

ઉત્સવ છવાઈ ગયો હતો. હરિભક્તો કીર્તન ગાતા હતા. ૧૮. ઉત્સવ કરતા શ્રીહરિને મેથાણપુરમાં પધરાવ્યા અને પૂંજાભાઈને ઘેર ઉતારો કરાવ્યો. ત્યાં શ્રીહરિએ વસંતપંચમી કરી અને ખૂબ જ રંગ ઉડાડ્યો. ૧૯. ગુલાલ ઘણો જ ઉડાડ્યો તેનાથી આકાશ છવાઈ ગયું. ગામના હરિભક્તોએ ઘણો જ લાભ લીધો. ત્યાં રહીને શ્રીજીમહારાજે સિદ્ધપુરમાં સમૈયો કરવા માટેનો નિર્ણય કર્યો. અને સહુને જણાવ્યું કે, ૨૦.

✻ શ્રીહરિએ ઉત્સવમાં જવાનો વિવેક બતાવ્યો :

"દેશે દેશમાં રહેનારા સહુ હરિભક્તોએ મહા વદિ તેરશને દિવસ સિદ્ધપુર આવવું. અમે અને બધા સંતો તે વખતે સિદ્ધપુર આવશું. જેની પાસે જે હથિયાર હોય તે બાંધીને સહુ આવજો. હથિયાર બાંધ્યા વિના કોઈ ન આવતા. ૨૧-૨૨. દસ-વીશ જણા ભેળા મળીને ચાલજો. ક્યારેય કોઈ એકલા ચાલશો નહિ, અને જો કોઈ એકલા ચાલશે તો તે માર્ગમાં લૂંટાઈ જાશે. ૨૩. લૂંટાયા પછી લોકો તેની હાંસી કરશે, માટે પહેલેથી જ તપાસ કરીને ચાલવું. જે લોકો આગળથી તપાસ કરીને ચાલે છે તેમને ક્યારેય વિઘ્ન થતું નથી. ૨૪.

ઘરના મનુષ્યને પૂછ્યા વિના ઉત્સવમાં આવવું નહિ. શરીરનો કોઈ નિર્ધાર નથી. વગર પૂછે આવે તો પાછળથી અનેક પ્રકારની ઉપાધિ થાય. ૨૫. વળી, ખર્ચી લીધા વિના પણ આવવું નહિ. અને રસ્તામાં હરિભક્તનું - પારકું અન્ન ખાવું નહિ. જેનું અન્ન ખવાય તેને પુણ્ય જાય, આવું વેદવચન છે." ૨૬.

આવા પત્રો લખાવીને દેશો દેશમાં મોકલ્યા. તેથી અપાર હરિભક્તો આવ્યા અને મેથાણ ગામમાં સહુ ભેળા થયા. ૨૭. પછી શ્રીહરિ મેથાણથી ચાલ્યા અને **રામગ્રી** ગામ (તા. દસાડા, જિ. સુરેન્દ્રનગર) આવ્યા. બંદૂકોના અવાજ કર્યા. તેનાથી ગામના બધા લોકોને ખબર પડી. ૨૮. ખબર સાંભળીને બધા લોકો સામે આવ્યા. જેવા ખબર સાંભળ્યા કે તરત સહુ દોડ્યા. શ્રીહરિ સંધ્યા સમયે (સાંજે) આવ્યા હતા. ત્યારે દસ-બાર મશાલો કરી હતી. ૨૯. હરિભક્તો શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. મૂર્તિનાં દર્શન કરતાં જ શરીરનું

ભાન પણ ભુલાઈ ગયું. ત્યાં સરોવરને કાંઠે ઉતારો કર્યો અને હરિભક્તો ખૂબ જ પ્રસન્ન થયા. ૩૦. બધો સંઘ પણ ત્યાં આવીને ઊતર્યો. ઘણો શોરબકોર મચી ગયો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, જે જેના ગામના હરિભક્તો હોય તે સહુએ ભેળા એકસાથે ઉતારો કરવો. ૩૧.

રામગ્રી ગામના જીવા પટેલ પાકા હરિભક્ત હતા. તેઓ એક સુંદર નવરંગ-મોહક પલંગ લાવ્યા. તેના ઉપર રેશમનું ગાદલું બિછાવ્યું. ૩૨. તેના ઉપર રેશમનો તકિયો મૂક્યો. પછી તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. શ્રીહરિએ જે જે સામાન જેટલો લાવવાનું કહ્યું તે તે જીવા પટેલ લાવ્યા. ૩૩. હરિભક્તોને જે કાંઈ વસ્તુ જોઈતી હોય તો તે મયારામ ભટ્ટને કાનમાં કહેતા, મયારામ ભટ્ટ શ્રીહરિને કહેતા અને શ્રીહરિ જીવા પટેલને કહેતા હતા. ૩૪. ત્યારે જીવા પટેલ તુરંત તે સામાનને લાવી આપતા અને કોઈ વસ્તુ ન મળે, તોપણ કહેતા. આવી રીત હરેક મુકામમાં રાખી હતી અને આવી રીતથી બધા હરિભક્તોને સુખ અને શાંતિ રહેતા હતા. ૩૫.

જયાનંદ વર્ણી અને મુકુદાનંદ વર્ણી એ બંને શ્રીહરિને મેથાણમાં ભેળા થયા. તે બંને વર્ણીઓ શ્રીહરિની સેવામાં રહ્યા, અને બીજા બધા પાર્ષદો પણ ત્યાં આવીને શ્રીહરિને મળ્યા. ૩૬. વર્ણીએ જીવા પટેલને ઘેર રસોઈ બનાવી. શ્રીહરિ જમવા ઊઠ્યા અને બધા સંઘની સુરક્ષા માટે ચોકીપહેરાનું ખાસ ધ્યાન રખાવ્યું. ૩૭. સાથે બે મશાલો રાખી. બીજી મશાલોને વળાવી દીધી. પછી શ્રીહરિ ગામમાં આવ્યા. લોકોએ મૂર્તિનાં દર્શન કરીને હૃદયમાં આલેખી લીધી. ૩૮. શ્રીહરિએ પીતાંબર પહેર્યું અને બાજોઠ ઉપર આવીને બેઠા. ચરણ ધોયા એટલે તે વખતે વર્ણી થાળ લાવ્યા. ૩૯. સાકરનો કંસાર કર્યો હતો તેને શ્રીહરિ પ્રેમથી જમવા લાગ્યા. જેમાં ઘી ઘણું મેળવ્યું હતું, એવું રીંગણાનું શાક પણ જમવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'સિદ્ધપુર જનારા સંઘની સાથે શ્રીહરિએ રામગ્રી ગામના સરોવરના કિનારે મુકામ કર્યો' એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર સાતમું : તરંગ - ૩૧

સિદ્ધપુર જઈ રહેલા શ્રીહરિ રામગ્રીથી નીકળીને ડુમાણા ગામ આવ્યા

શ્રીહરિ થાળમાં કંસાર જમ્યા. તે પછી દૂધ અને ભાતમાં સાકર નાખીને ઘણું જમ્યા. ૧. જળથી હાથ અને મુખ ધોયા. પછી રૂમાલથી મુખ લૂછ્યું. મુખવાસમાં એલચી અને તજ લીધાં. પછી થાળની પ્રસાદી પાર્ષદોને અપાવી. ૨. જીવા પટેલે આવીને શ્રીહરિની પૂજા કરી. થાળ ભરીને સાકર લાવ્યા અને તેમાં ભેટ-સામગ્રી પણ અર્પણ કરી. ૩. જેવો તેમનો ભાવ હતો તેવી પૂજા તેમણે કરી. તેમણે ઘણો જ લાભ લીધો. પછી તેમણે કપૂરની આરતી ઉતારી. ૪. આરતી કરીને પછી સ્તુતિ કરી. તેમના પુત્રો અને ભાઈઓએ પણ આ બધો પૂજાનો લાભ લીધો, એમ આખા પરિવારે પૂજા કરી. અને પછી આખા પરીવારે શ્રીહરિને પ્રાર્થના કરીને કહ્યું કે, ‘હે હરે ! અમને આપના ચરણોમાં નિવાસ આપજો. ૫.

અત્યારે આપ મળ્યા છો તેથી અમે જગતનાં સુખોની આશા તજી દીધી છે. તે બધામાંથી અમે નિરાશ થઈ ગયા છીએ. અમારી બધાની એકસમાન જ રુચિ રહે કે આપના સિવાય જગતમાં ક્યાંય અમારું ચિત્ત ઠરે નહિ.’ ૬. તેમની વિનતિ શ્રીહરિએ સાંભળીને મનમાં ધારી અને કહ્યું કે, ‘જેમ તમે કહો છો તેમ તમારું મનોવાંછિત થાશે.’ આટલું કહીને દયાળુ શ્રીહરિ તત્કાળ ઊઠ્યા. અને પોતાના મુકામ ઉપર આવ્યા. ૭. પછી જેમાં સત્સંગનું હિત રહ્યું હોય એવી વાતો મધરાત સુધી શ્રીહરિએ કરી. શ્રીહરિએ કહ્યું કે, ‘અમે આવી વાત ન કરીએ તોપણ સદ્‌ગુરુ રામાનંદસ્વામીની જેવી ઇચ્છા હશે તેવું થાશે. ૮.

चोपाई :

निमित्त मात्र सो हम हि रहाई, सब कारन वात हि एसी कहाई;
कारन होई कहे ओर प्रतापा, एसी वात जानना अमापा...०९

अपार को पार न पावे कोई, जाके चरित्र अगाध हि सोई;
भक्तजन कोउ मर्म एह जाने, भेगे रहे ओर नाहिं पिछाने...१०

અમે તો ખાલી નિમિત્તમાત્ર જ છીએ. જે ખરેખર સર્વેના કારણ છે તેમણે જ પોતે આવી વાતો કરાવડાવી. ગ્રંથકાર કહે છે કે, “શ્રીહરિ પોતે સર્વના કારણ હોવા છતાં બીજાના પ્રતાપથી થાય છે.” એમ જે કહેવું, એ વાતને અમાપ-અનુપમ જાણવી. ૯. અપાર એવા પરમાત્માનો કોઈ પાર પામી શકે તેમ નથી. તેમના ચરિત્રો પણ અગાધ છે. કોઈક ભક્તજન જ આ મર્મને જાણે છે. બીજા તો ભેળા રહે તોપણ ઓળખી શકે નહિ. ૧૦.

શ્રીહરિ સમર્થ હોવા છતાં ક્યારેક અસમર્થના જેવા ચરિત્ર કરતા હોય છે. જે ભક્ત કહેવાતા હોય તે પણ ક્યારેક તે શ્રીહરિનાં ચરિત્રોમાં મોહ પામે છે. ૧૧. ભગવાન જ્યારે રામરૂપે થયા ત્યારે તેમનાં ચરિત્રોમાં ગરુડને અને સતીને મોહ થયો હતો. પણ સીતા, લક્ષ્મણ, ભરત અને હનુમાનજીને રામજીમાં મોહ થયો ન હતો. તેઓ સદા નિર્મોહી રહ્યા હતા. ૧૨. વળી ભગવાન જ્યારે શ્રીકૃષ્ણરૂપે થયા ત્યારે બ્રહ્મા અને ઈન્દ્રને તેમનાં ચરિત્ર જોઈને તેમાં મોહ થયો હતો. માટે ભગવાનની ગતિના પારને ક્યારેય કોઈ પામી શકતું નથી. ૧૩.

दोहा : मायिक भाव हि जीतनो, तितनो मोह हि होत;
ज्ञान अर्क उदे होत जब, मोहतम तब हि खोत...१४

જેટલો માયિકભાવ હોય તેટલો મોહ થાય છે. જ્યારે જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થાય છે, ત્યારે મોહરૂપી અંધારાનો નાશ થાય છે. ૧૪. અહીં સુધી ગ્રંથકારે કહ્યું. પહેલા કહી તે રીતની વાત શ્રીહરિ કરી રહ્યા. ત્યારપછી મુક્તાનંદસ્વામીએ કહ્યું, હે મહારાજ ! અધરાત થઈ ગઈ છે. ત્યારે શ્રીહરિ પલંગ ઉપર પોઢી ગયા. ૧૫.

જ્યારે એક પહોર (૩ કલાક) રાત રહી ત્યારે સંતો ‘સ્વામિનારાયણ’ ધૂન કરવા લાગ્યા. શ્રીહરિ ઊઠ્યા અને કહ્યું, સવાર થઈ ગયું છે. હવે સહુ તત્કાળ તૈયાર થાઓ. ૧૬. મેઘના સમાન ગંભીર અને મધુર એવી શ્રીહરિના મુખની સુખદાયક વાણી સહુ હરિભક્તોએ સાંભળી. પછી સહુ તત્કાળ તૈયાર થઈ ગયા. માર્ગ બતાવવા માટે એક ભોમિયો સાથે લીધો. ૧૭. તે વખતે શ્રીહરિને બેસવા માટે જીવા પટેલ દોડીને એક બળદગાડી જોડી લાવ્યા.

તેના ઉપર સુંદર છાંયો કર્યો અને તેના ઉપર જરિયાની ઓઢો ખેંચીને બંધાવ્યો. ૧૮. ગાડીમાં ચારેબાજુ કઠોડો બંધાવ્યો. અને તેમાં એક મોટી ગાદી બિછાવી દીધી. તેના ઉપર એક તકિયો મૂક્યો અને પછી હેતથી શ્રીહરિ તે ગાદિ તકિયે બેઠા. ૧૯. ભક્તનો અપાર ભાવ જોઈને ધર્મકુમાર શ્રીહરિ પ્રસન્ન થયા. પછી તે ગાડુ હાંકવા માટે પણ જીવા પટેલને બેસાડ્યા અને રસ્તામાં ઘણી રમૂજની વાતો કરતા રહ્યા. ૨૦.

બળદોના ગળામાં ઘૂઘરમાળા પહેરાવી હતી. તેનો અવાજ ઘણો સરસ જણાતો હતો. બળદને પણ જરિયાની ઝૂલ ઓઢાડી હતી, અને મોઢે સોનેરી મોવડા બાંધ્યા હતા. ૨૧. હરિભક્તો ચારેબાજુથી ગાડાને ઘેરીને રસ્તામાં ચાલ્યા આવતા હતા. બધા ધોળ રાગના કીર્તન ગાતા રહેતા. વનમાં પણ ઘણો જ આનંદ છવાઈ ગયો. ૨૨. શ્રીહરિ પણ સહુની સાથે ગાતા હતા. સહુના અંગમાં પ્રેમરસ ભર્યો હતો. હરિભક્તોએ તે સમયે બંદૂક, ધનુષ્ય અને તલવાર વગેરે અપાર હથિયારો બાંધી લીધા હતાં. ૨૩. સવારોએ બખ્તર પહેર્યા હતાં તે મતવાલાઓએ મોટી ઢાલો પણ બાંધી હતી. હાથમાં સજાવેલા ભાલા લીધા હતા. તે માનો વીજળી થાતી હોય તેમ ચમકતા હતા. ૨૪. કાઠી અને રાજપૂત બધા જ દરબારોએ મુખ ઉપર કસકાવીને બોકાની બાંધી લીધી હતી. તે સિવાયના પાર્ષદો તથા હરિભક્તો પણ ઘણા હતા. બધા થઈને દસ હજાર જેટલા હશે. ૨૫.

બીજા જે જે દરબારો વચ્ચેથી આવતા હતા તેઓ પણ બધા સવારો, ડંકા, નિશાન વગેરેને લાવતા હતા. અપાર વાજિંત્રો વાગતા હતા. ૨૬. સહુ પોતપોતાના ચિત્ર-વિચિત્ર પ્રકારના તંબૂઓને લાવ્યા હતા અને એકેક ચંદની પણ લાવ્યા હતા, તે બધી વિચિત્ર ભાતોવાળી હતી. ૨૭. સહુ એકેક હાથીને વિવિધ રીતે રંગીને લાવ્યા હતા. શ્રીહરિની સાથે આવી સવારી અત્યંત સોહામણી લાગતી હતી. તેને દેખીને મતપંથીઓ ઝાંખા પડી જાતા હતા. ૨૮. દસ દસ રથ, મ્યાના અને સુખપાલ, સોનેરી સાજથી શણગારેલા અને બધા તાલ રચીને શ્રીહરિને બેસાડવા માટે સહુ લાવ્યા હતા. તેથી શ્રીહરિ તે

બધા વાહનોમાં એક એક દિવસ બેઠા. ૨૯. રસ્તામાં જે જે ગામ આવે, તેનાં નામ શ્રીહરિ પૂછતા હતા. આ ગામમાં વસ્તી કોની છે ? અને હરિભક્તો કેટલા રહે છે ? આવું બધું પૂછતા. ૩૦.

ગામે ગામના લોકો હાથમાં શ્રીફળ લઈને આવતા. શ્રીફળ ભેટ મૂકીને શ્રીહરિવરને પગે લાગતા. તેમને મૂર્તિનાં દર્શન કરીને ઘણી પ્રીતિ થતી. ૩૧. સહુ શ્રીહરિના વખાણ કરતા. આવો બીજો કોઈ મત નથી. ક્યાં સૂર્યનો પ્રકાશ અને ક્યાં પતંગિયું ? સહજાનંદ સૂર્યોદય થવાથી મતપંથરૂપી પતંગિયાનો નાશ સહેજે જ થયો. ૩૨. રાતનો અંધકાર કેવો હોય છે ? કરોડો ઉપાય કરો તોપણ તે ટળે નહિ. ગામે ગામ અગ્નિ પ્રકટાવો, પણ અંધારું તો ઠેકઠેકાણે રહે જ છે. ૩૩. પણ જ્યારે એક જ સૂર્યનો ઉદય થાય, તો તે સૂર્ય રાતને પોતામાં લીન કરી દે છે. પછી પ્રકાશ વિનાનું કોઈપણ સ્થાન રહેતું નથી. તેમ શ્રીહરિએ સૂર્યપ્રકાશ જેમ પોતાનો પ્રકાશ પ્રગટ કર્યો છે. ૩૪. આ સંસારમાં જે ઘુવડ હોય છે તે સૂર્ય ઊગે ત્યારે પોતાની આંખોને બંધ કરી દે છે. તેને સૂર્ય વિઘ્નકારી લાગે છે, અને રાતમાં તો તે ઘણી મોજ કરે છે. ૩૫.

જે અધર્મરૂપી રાત્રી કહેવાય છે તે અધર્મી લોકોને ગમે છે. તે અધર્મીઓ ધર્મરૂપી સૂર્યને દેખીને તેને મનમાં ચાહતા તો નથી, પણ ઉલ્ટાની અદેખાઈ કરે છે. ૩૬. પણ તે ઘુવડનું સૂર્ય આગળ શું ઊપજે ? સૂર્ય તો લાખો યોજન દૂર રહ્યો છે. દેખવામાં તો નજીક જણાય છે માનો એકદમ પાસે હાજર જ ન હોય ! ૩૭. હરિભક્તોને માટે તો શ્રીહરિ પાસે જ છે. તેમના મનોરથોને પૂરા કરે છે. હરિભક્તો જે જે ઉરમાં ભાવના કરે તેવી પૂજા-અર્ચા કે વંદન કરે છે, તેને શ્રીહરિ મનમાં ધારી લે છે. ૩૮.

सोरठा : जितनी आरत जाहि, तितने हे हरि पास तेहि;
कसर जीतनी ताहि, दूर रहत हे तितने तेहु...३९

જેના મનમાં જેટલી આતુરતા હોય છે તેટલા ભગવાન તેને પાસે જ છે. પણ તેમાં જેટલી કસર હોય, તેટલા ભગવાન તેનાથી દૂર રહે છે. ૩૯.

આગળ ચાલતા શ્રીહરિ **ડુમાણા** (તા. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર) ગામ આવ્યા. બધા હરિભક્તો સામે આવ્યા. ત્યાં કુબેરભાઈ અને વશરામભાઈ નામે કણબી હરિભક્તો હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'સિદ્ધપુર જઈ રહેલા શ્રીહરિ રામગ્રીથી નીકળીને ડુમાણા ગામ આવ્યા' એ નામે એકત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર સાતમું : તરંગ - ૩૨

શ્રીહરિ ડુમાણા ગામમાં થાળ જમ્યા તથા સંધ્યા સમયે પધરામણીએ ફર્યા

ડુમાણા ગામના હરિભક્તો શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ઘનશ્યામ પ્રભુની મૂર્તિ જોઈને સહુને મનમાં ખૂબ જ આનંદ થયો. ૧. શ્રીહરિએ ડુમાણામાં પણ સહુના ઉતારા સરોવરને કિનારે કરાવ્યા. મધ્યાહ્નનો સમય થયો ત્યારે ડેરા અને ચંદની વગેરેને ત્યાં તણાવી દીધા, ઊભા કરી દીધા. ૨. બધાની પાસે સીધું હતું તેથી સહુ રસોઈ બનાવવા લાગ્યા. દરબારો પોતપોતાના અશ્વો માટે ઘાસ વેચાતું લાવ્યા. ૩. જે જે ચીજવસ્તુઓની જરૂર પડતી, હરિભક્તો તે બધું વેચાતું લાવ્યા. બધા જ હરિભક્તો શ્રીહરિની આજ્ઞા પ્રમાણે હેતથી રહેતા હતા. ૪.

જેમને શ્રીહરિનું વચન પાળવાનું તાન રહેતું, તે સર્વ હરિભક્તોમાં શ્રેષ્ઠ ગણાતા. ડુમાણા ગામના હરિભક્તોએ શ્રીહરિને માટે પરમ પ્રેમભાવથી થાળ કરાવ્યો હતો. ૫. વર્ણીએ પોતાના ડેરામાં વિવિધ પ્રકારનો સુંદર અને સરસ થાળ કર્યો હતો. જ્યારે થાળ તૈયાર થયો ત્યારે વર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા. ૬. મુકુંદાનંદ વર્ણીને આવેલા જોઈને શ્રીહરિ તરત જ ઊઠ્યા. તેમણે એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢી લીધું અને જમવા ચાલ્યા. ૭. જે રેશમી વસ્ત્ર ઓઢ્યું હતું તેનો રંગ લાલ હતો, અને તેની સોનેરી કોર સુંદર જણાતી હતી. શ્રીહરિએ ચરણોમાં સોનેરી પાદુકા પહેરી હતી અને લટકતી ચટકતી ચિત્તાકર્ષક ચાલથી ચાલતા હતા. ૮. શ્રીહરિએ રેશમી કોરવાળો લાલ રંગનો

રૂમાલ ડાબા હાથમાં લીધો હતો. આવીને સોનેરી બાજોઠ ઉપર બેઠા. સવારે સ્નાન પછી જેની પૂજા કરી હતી એવા ચરણકમળોને બેસીને ધોયા. વર્ણીએ રૂમાલથી તેને લૂછ્યા.

થાળમાં સાકરનો શીરો અને પૂરી બનાવ્યા હતા. વિવિધ પ્રકારના ભજીયાં અને વડાં પણ કર્યાં હતાં. ૯-૧૦. ઘણી ચતુરાઈથી રીંગણાંનું શાક બનાવ્યું હતું. તેનો સુગંધ ચોતરફ ફેલાઈ ગયો હતો. બધા જ ભોજનોને થાળમાં ભરીને લાવ્યા. શ્રીહરિ તે પ્રેમથી જમવા લાગ્યા. ૧૧. શ્રીહરિ નાના કોળિયા (ગ્રાસ) લઈને જમતા હતા. કેટલાક હરિભક્તો પાસે બેઠા હતા. શ્રીહરિવર જ્યારે જમતા હોય ત્યારે હાથને કે હોઠને બહુ એંઠા થવા દેતા નહિ. ૧૨. શ્રીહરિ આઠ દસ કોળિયા ભોજન જમીને પાણી પીતા. ઘાટિલા રૂપેરી ઊજળા શ્રેષ્ઠ ભાતવાળા અબખોરાથી વારે વારે જળપાન કરતા. ૧૩. રૂપાનો ઊજળો લોટો હતો તેને વર્ણી જળથી ભરી રાખતા, અને તેના ઉપર પાણી પીવાનો અબખોરો રાખતા. અને તેના ઉપર ગળણું ઢાંકી રાખતા. ૧૪. લોટાને અધ્ધર રાખવા રૂપાની ઘોડી સાથે રાખતા. ચળકતો આશ્ચર્યકારી જળ ભરેલો લોટો તેના ઉપર રાખતા હતા. ૧૫. સુખધામ શ્યામસુંદર શ્રીહરિને જમતાં જમતાં જળ પીવાની ઈચ્છા થાય ત્યારે ડાબા હાથથી સાન કરતા. ૧૬.

શ્રીહરિ જમતા હોય ત્યારે મુકુંદાનંદ વર્ણી ચતુરાઈપૂર્વક રૂમાલથી માખોને ઉડાડતા. ધીરે ધીરે રૂમાલને હલાવતા. શ્રીહરિની રુચિનો ખ્યાલ રાખતા. ૧૭. જળપાન કરીને ભગવાન શ્રીહરિ પેટ ઉપર હાથ ફેરવતા. એક બે ઓડકાર ખાતા. ભોજન જમતા ભોજનના વખાણ પણ કરતા. આવો શ્રીહરિનો કાયમનો સહજ સ્વભાવ હતો. ૧૮. ભોજન (મિષ્ટાન્ન આદિ) જમ્યા પછી શ્રીહરિ ભાત અને દહીંમાં સાકર નાખીને જમતા. જ્યારે દહીંમાં સાકર નાખતા ત્યારે અંગૂઠા પાસેની તર્જની આંગળીથી સાકર દહીંમાં મેળવીને પછી ચાખતા. પછી દહીં ગળ્યું કે ખાટું જેવું હોય તેવું બોલતા. ઉપરની તર(મલાઈ) સાથેનું દહીં પ્રેમથી જમતા પણ ખાટું દહીં ખાતા નહિ. એવી શ્રીહરિની કાયમની રીત હતી. ૧૯-૨૦. કોઈ ભક્ત માખણ અને સાકર લાવે

તો શ્રીહરિ તેને પ્રેમથી જમતા. પણ કોઈ ખાવાની સરસ વસ્તુને કોઈની પાસે જાણીને મગાવતા નહિ. આવો શ્રીહરિનો સહજ સ્વભાવ હતો. ૨૧.

જ્યારે અણઈચ્છાએ કોઈ વસ્તુ આવે અને લાવનારો જો સારો ભક્ત હોય ત્યારે તે શ્રીહરિ પ્રેમથી જમતા. જો લાવનારો હરિભક્ત ન હોય તો જમતા નહિ. ૨૨. બધા દરબારોએ વીરમગામથી પાકા કેળા મગાવ્યા હતા. અને કેટલીક ધોળી શેરડી મગાવી હતી. તે શ્રીહરિની આગળ લાવીને ધરાવી. ૨૩. બરફી અને પેંડા પણ ઘણા લાવ્યા હતા. તે બધું ત્યારે શ્રીહરિની આગળ ધરાવ્યું. તે દિવસ થોડું થોડું જમ્યા અને જે પ્રસાદીરૂપ મેવા વધ્યા તે જેના હતા તે તેણે લઈ લીધા. ૨૪. અને શ્રીહરિ જે થાળ જમ્યા તેની બધી પ્રસાદી દરબારોને આપી. તરત જ હાથ અને મુખ ધોયા અને મુખવાસ ગ્રહણ કર્યો. ૨૫.

પછી હરિભક્તો પલંગ લાવ્યા તેના ઉપર ગાદી તકિયા બિછાવી દીધા. શ્રીહરિ તેના ઉપર બેઠા અને મહાન્ આનંદોત્સવ છવાઈ ગયો. ૨૬. તે સમયે ગામના બધા હરિભક્તોએ શ્રીહરિને ગામમાં પધારવા માટે પ્રાર્થના કરી. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમે સાંજે આવશું.' ૨૭. પછી ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી પોઢી રહ્યા. તેટલો સમય બધા હરિભક્તો સુખ-શાંતિથી રોકાઈ રહ્યા, પછી ધર્મકુમાર શ્રીહરિ મુખથી મંદમંદ હસતા હસતા ઊઠ્યા. ૨૮. વીરણવાળાના સુગંધથી સુગંધીત કરેલું સુખકારી ઠંડા જળની જળઝારી ભરીને વર્ણી લાવ્યા. તેનો ચારેતરફ અતિ સુગંધ ફેલાઈ ગયો. ૨૯. ત્યારે શ્રીહરિ લઘુશંકા કરવા ગયા હતા. તે પાછા આવ્યા ત્યારે તેમણે બંને હાથ અને મુખ ધોયા. રૂમાલથી લૂછ્યા. પછી રુચિ પ્રમાણે જળપાન કર્યું અને તે વખતે પલંગ ઉપર બેઠા. ૩૦.

આસપાસના જેટલા ગામ હતા. તે હરેક ગામના હરિભક્તો આવ્યા. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે ગામના હરિભક્તો બોલાવવા આવ્યા. ૩૧. શ્રીહરિએ ગામમાં જવાની તૈયારી કરી. ત્યારે દરબાર એક સારો મોટો સુખપાલ લઈ આવ્યા. ત્યાં એભલ ખાચર અને જીવા ખાચર એ બંને સાથે મળીને ત્યાં ડુમાણા ગામ આવ્યા. ૩૨. જરિયાની શણગારોથી સુખપાલને દીપાવ્યો. સુખપાલની કમાનોમાં સારા મોતી લટકી રહ્યા હતા. દરબારોએ

જ્યારે બહુ વિનંતી કરી ત્યારે શ્રીહરિ તે સુખપાલમાં બેઠા. ૩૩. દરબાર એભલ ખાચરે અને જીવા ખાચરે સોનાની દાંડીવાળા અને મોતી ભરેલા ચામર હાથમાં લીધા. માંચા ખાચરે શ્રીહરિના મસ્તક ઉપર છત્ર ધાર્યું. ૩૪. એક સામટા દસ-બાર છડીદાર આવ્યા. તેઓ મુખથી 'જય..જય..જય.. જય...'નો ઉચ્ચાર કરવા લાગ્યા. વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતા હતા, અને તેનો ધ્વનિ બધા આકાશમાં વ્યાપી ગયો હતો. ૩૫.

શ્રીહરિ આવી શોભા સંપન્ન રીતે ગામમાં પધાર્યા. ગામ લોકો ઘણા પ્રેમથી બજારમાં ઊભા હતા. તેઓ શ્રીહરિનાં ચરણોમાં શ્રીફળ ધરીને પગે લાગતા અને મનમાં ઘણા જ હરખાતા. ૩૬. ગામની સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને આવી હતી. તેઓ શુદ્ધ પ્રેમભાવપૂર્ણ રસાળ (દ્રવેલા) હૃદયથી શ્રીહરિને વધાવતી હતી. ૩૭. બધા હરિભક્તોએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. સુખધામ શ્રીઘનશ્યામ પૂર્ણપુરુષોત્તમને અતિશય પ્રેમભાવથી પૂજ્યા. ૩૮. બધા હરિભક્તોએ સાકરના મોટા થાળ ભરી ભરીને શ્રીહરિને ધર્યા. કેસરયુક્ત ચંદન ચરચીને ફૂલના હાર પણ પહેરાવ્યા. ૩૯. શ્રીહરિને પલંગ ઉપર પધરાવીને કપૂરની આરતી ઉતારી. પછી જેને જેવી ભાવના હોય તે પ્રમાણે વિવિધ પ્રકારની ભેટ અર્પણ કરતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ ડુમાણા ગામમાં થાળ જમ્યા તથા સંધ્યા સમયે પધરામણીએ ફર્યા' એ નામે બત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર સાતમું : તરંગ - ૩૩

સિદ્ધપુર જતા શ્રીહરિએ કડી ગામમાં સ્નાન, પૂજા વગેરે નિત્યકર્મ કર્યું

પધરામણીમાં ફરીને શ્રીહરિ ઉતારે આવ્યા, ત્યારે અપાર મશાલો થઈ હતી. જગદાધાર શ્રીહરિ ચંદનીની વચ્ચે પલંગ ઉપર બેઠા. ૧. બધા દરબારોની સભા થઈ. બીજા હરિભક્તો પણ આવીને બેઠા. રાતના દોઢ પહોર (૪.૩૦ કલાક) સુધી કીર્તન ગવાતા રહ્યા. ૨. શ્રીહરિએ સહુને આજ્ઞા કરી,

બધા હરિભક્તો સૂઈ રહો. સૌએ બબ્બે ઘડી જાગીને ચોકી કરવી, આવું નક્કી કર્યુ. ૩. કોઈ અજાણ્યો માણસ દેખાય તો તેને તત્કાળ બહાર કાઢી મૂકવો. સંઘમાં એકબીજાથી અજાણ્યા ઘણા મનુષ્યો છે, માટે સહુએ પોતપોતાના ગામના માણસને ઓળખી લેવા. ૪. જ્યાં સુધી શ્રીહરિની સાથે સંઘ રહ્યો ત્યાં સુધી ચાર-પાંચ પાર્ષદોને સાથે લઈને શ્રીહરિ બે-ત્રણવાર નિત્ય સંઘની ખબર રાખતા. ૫. સંઘને ફરતા જે ચોકી કરતા હોય તેની ત્યાં જઈને તજવીજ કરતા. જે ગાફલ થઈને બેસી રહ્યા હોય તેના હથિયાર છાની રીતે લેવડાવી લેતા. ૬. પછી દિવસે તે હથિયાર જેના હોય તેને પાછા અપાવતા કે જેથી તે ફરીને અસાવધ ન રહે.

જ્યારે રાત દોઢ પહોર (૪.૩૦ કલાક) બાકી હતી ત્યારે શ્રીહરિ તૈયાર થયા. ૭. સંઘ અને દરબારો બધા જ તૈયાર થયા. તે સમયે ચાલવાની નોબત વાગી. શ્રીહરિએ પૂછાવ્યું. બધા તૈયાર થઈ ગયા છેને ? ક્યારેય કોઈએ પાછળ રહેવું નહીં. ૮. ચૂંવાળ દેશમાં ભારે ચોર હોય છે. લગારેય ગાફલ રહીને ચાલવું નહિ. જે લોકો અસાવધાન રહીને ચાલશે તેની ખરચી ચોર લઈ જાશે. ૯. જે લોકો ગાફલ રહીને ચાલશે તેના કપડાં, લોટા જે હશે, તે ચોર લઈ જાશે. પછી શ્રીહરિએ જે ખબડદાર હોય એવા પાર્ષદોને તપાસીને સહુની પાછળ રખાવ્યા. ૧૦. પછી શ્રીહરિ ચાલ્યા. દરેક દરબાર પાસે એકેક મશાલ રાખી હતી. તે રાતે શ્રીહરિ જીવા પટેલના ગાડામાં બેઠા. ૧૧. રાતે શ્રીહરિની આગળના ભાગમાં બે મશાલો લઈને ભોમિયા તરીકે જે ડુમાણા ગામના હરિભક્તને લીધા હતા તે આગળ ચાલતા. ૧૨.

ચાર ઘડી (૧.૩૬ કલાક) દિવસ ચઢ્યો ત્યારે **કડી** શહેર આવ્યું. ત્યાં સ્નાન કરવા માટે શ્રીહરિએ વિચાર કર્યો. ૧૩. કડી શહેરથી ઉત્તર તરફ, ચારેતરફ બાંધેલું એક સારું સરોવર હતું. ત્યાં ધર્મકિશોર શ્રીહરિએ ઉતારો કર્યો. ૧૪. ત્યાં અપાર આંબાના ઝાડ હતા. તેની નીચે બધો સંઘ ઊતર્યો. જ્યારે સહુએ ઉતારા કર્યા ત્યારે શ્રીહરિ સરોવરને કિનારે ગયા. ૧૫. બધા નવાં વસ્ત્ર ઉતારી નાખ્યા. એક ધોતિયું પહેરી રાખ્યું. સત્વરે મસ્તક ઉપર રૂમાલ બાંધી લીધો. ૧૬. અરધું ધોતિયું પહેરેલું અને અરધું ખભા

ઉપર ઓઢેલું, તે રીતે પાણીનો લોટો ભરીને તળાવના પશ્ચિમ કિનારાથી દૂર સુધી શ્રીહરિ જંગલ (શોચ કરવા) ગયા. ૧૭. આવીને પાણી ભરેલો બીજો લોટો લીધો. શુદ્ધ માટી લીધી. તેનાથી બંને હાથ અને ચરણ ધોયા. પછી પાણીથી કોગળા કર્યા. ક્રિયાકુશળ શ્રીહરિએ જમણા કાન ઉપર જનોઈ રાખી હતી. ૧૮.

દાતણ કરીને પછી સ્નાન કર્યું. ત્યાં બધા સંઘે સાથે જ સ્નાન કરી લીધું. શ્રીહરિએ રેશમી પીતાંબર પહેર્યું હતું. સરોવરને કિનારે બધા લોકો શ્રીહરિનાં દર્શન કરતા હતા. ૧૯. શ્રીહરિએ જરિયાની કોરવાળું લાલ રેશમી વસ્ત્ર ઓઢી લીધું હતું. એક સુંદર આંબાની છાયામાં બેસીને શ્રીહરિએ પૂજા કરવાનું વિચાર્યું. ૨૦. તેથી ત્યાં એક સુંદર ચકમો (ઊનનું પાથરણું) બિછાવી દીધો. પછી તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. જેના ઉપર સોનાનો કળશ હતો, આવું છત્ર શ્રીહરિનાં મસ્તક ઉપર ધારેલું હતું. ૨૧. સોનાનાં છત્રની ઝાલર પણ સોનેરી હતી. અને તેમાં બધા મોતી લટકતાં હતાં. છત્રનો દંડ પણ સોનાનો અને વિચિત્ર પ્રકારનો હતો. તેની સુંદર શોભાનું તો વર્ણન જ કરી શકાતું નથી. ૨૨.

શ્રીહરિ પૂર્વ મુખે પૂજા કરવા બેઠા. પૂજા આગળના ભાગમાં રાખી. શ્રીહરિ પૂજા કરવાનો જે વિધિ છે તે સહુ ભક્તોને દેખાડતા. ૨૩. લલાટમાં કેસરી ચંદનનું તિલક કર્યું. તેની વચ્ચે કુંકુમનો લાલ ચાંદલો કર્યો. બે ભુજાઓ ઉપર એકેક તિલક કર્યું અને એક તિલક હૃદય ઉપર કર્યું. ૨૪. બધા જ તિલકોમાં કુંકુમનો ચાંદલો કર્યો. પછી માનસીપૂજા કરી. તે પછી બાહ્ય પૂજા કરવા લાગ્યા. ધૂપ કર્યો, દીવો પ્રકટાવ્યો. ૨૫. પછી ચંદન ઘસી તૈયાર કર્યું. તુલસીપત્ર ધોયા. અને પ્રેમભાવથી શ્રીહરિએ ત્રણવાર આચમન કર્યું. ૨૬. બાલમુકુંદજી અને વિષ્ણુને સ્નાન કરાવ્યું. પાત્રમાં પધરાવીને પ્રથમ સ્નાન કરાવ્યું. પછી ચંદન અને તુલસી ચઢાવ્યા. ૨૭. ફરીવાર ભગવાનને નવડાવ્યા. વસ્ત્રથી લૂછીને ચંદન અને તુલસીપત્ર ચઢાવ્યા. પછી આસન ઉપર પધરાવ્યા. ૨૮.

પછી અનેક પ્રકારના પુષ્પો અને નિવેદ ધરાવ્યું. પછી ઘીની વાટ પ્રકટાવી અને પાંચવાર ઘણા હેતથી ફેરવીને આરતી કરી. ૨૯. પાંચવાર

પ્રદક્ષિણા કરી. પછી ઘણા હેતથી પાંચ સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કર્યા. ૩૦. ભક્તજનોનો ઉદ્ધાર કરવા માટે વિવિધ પ્રકારની સ્તુતિ કરી. ભગવાન વિષ્ણુનું પ્રસાદીભૂત જે નૈવેદ્ય હતું તે શ્રીહરિ પોતે જમ્યા. ૩૧. સંઘના બધા ભક્તોએ પહેલા પૂજા કરી અને પછી ટીમણ (નાસ્તો) કરી લીધું. કડી ગામના હરિભક્તો ખબર સાંભળીને તરત જ ત્યાં આવ્યા. ૩૨. તેઓ આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને હાથ જોડીને વિનંતી કરવા લાગ્યા. ફૂલના હાર પહેરાવ્યા. ઘણા સુગંધીદાર તોરા શિર ઉપર ધરાવ્યા. ૩૩. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. કાન ઉપર ગુચ્છ ધરાવ્યા અને હાથમાં પણ સુગંધભર્યા ગુચ્છ આપ્યા. તે સિવાય સહુ મેવા અને મીઠાઈ લાવ્યા હતા. તે વખતે બધી વસ્તુઓ શ્રીહરિની આગળ ધરી. ૩૪.

કડીગામમાં હરિભક્તોમાં વિપ્ર ઉમેદભાઈ અને ત્રિભુવનભાઈ હતા. તેમજ ભાવસાર દેવચંદ તથા મંગલદાસ નામે સોની સત્સંગી હતા. ૩૫. સ્ત્રી હરિભક્તોમાં કુંવરબાઈ નામે હતા. તેઓ આવીને શ્રીહરિના ચરણોમાં મસ્તક નમાવીને પગે લાગ્યા. એક કૃષ્ણદાસ નામે હરિભક્ત હતા તેણે દૂર રહીને શ્રીહરિનાં દર્શન કર્યા. ૩૬. તે સમયે જે બ્રાહ્મણ હરિભક્તો હતા તેમણે શ્રીહરિ આગળ હાથ જોડીને કહ્યું, આપ જગત્પતિ અને જગદાધાર છો. તેથી અમારે ઘેર પ્રેમથી પધારો. ૩૭. કરોડો ઉપાય કરવામાં આવે તોપણ ગયો સમય ફરીવાર આવતો નથી. તે કારણે અમે આપને કહીએ છીએ કે, મનમાં હેત લાવીને અમારા ઉપર કૃપા કરો. ૩૮.

પછી શ્રીહરિએ તે હરિભક્તોને ઘણા પ્રેમભાવે કહ્યું, 'અમે ગામધણી દરબારના ભાવ વિના કેવળ તમારા કહેવાથી જ ગામમાં આવીએ નહિ.' ૩૯. ત્યારે હરિભક્તોએ હરખભેર કહ્યું, 'અમે ગામધણી દરબારને ખબર જ કરી નથી. હવે અમે જઈને તેમને કહીએ છીએ.' ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'સિદ્ધપુર જતા શ્રીહરિએ કડી ગામમાં સ્નાન, પૂજા વગેરે નિત્યકર્મ કર્યું' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર સાતમું : તરંગ - ૩૪

કડીમાં પુરપતિએ શ્રીહરિને ધામધૂમથી રાજદરબારમાં પધરાવ્યા અને પૂજા કરી

હરિભક્તો ઘણા જ ઉમંગથી પુરપતિ(ગામધણી)ની પાસે ગયા અને તેમને કહી સંભળાવ્યું કે, 'શ્રીહરિ પધાર્યા છે, તેથી અમારે તેમની પધરામણી કરાવવી છે; માટે આપની રજા લેવા અમે આવ્યા છીએ.' ત્યારે પુરપતિએ અતિ ઉત્સાહથી તેમને કહ્યું, 'હું પોતે જ આવીને શ્રીહરિને પુરમાં પધરાવું. આવા શ્રીહરિ જેવા સત્પુરુષ જગતમાં કોઈ નથી. ૧-૨. જેના સદ્‌ભાગ્ય ઉદય થયા હોય તેના પુરમાં જ તેવા સત્પુરુષ પધારે છે. અમે તેમને જાણીએ છીએ. આજ આ પુરનાં અત્યંત સદ્‌ભાગ્ય ઉદય થયા છે.' ૩. પુરપતિએ હરિભક્તોને કહ્યું, તમે જાઓ અને તે શ્રીહરિને રોકો. હું બધી સવારી લઈને આવું છું. હું જ તેમને પુરમાં ધામધૂમથી પધરાવીશ. ૪. મને શ્રીહરિનાં દર્શન કરવાની ઈચ્છા ઘણા દિવસથી હતી. સદ્‌નસીબે આવો બહુ સારો યોગ બનાવ્યો છે. પછી બે હરિભક્તો પુરપતિ પાસે રહ્યા, અને બીજા બધા ઉત્સાહથી શ્રીહરિની પાસે આવ્યા. ૫.

ભક્તજનોએ શ્રીહરિને કહ્યું, પુરપતિની સવારી આવે છે. તેમને આપના ઉપર ભાવના ઘણી જ છે. પછી શ્રીહરિ બે ઘડી થંભી ગયા. તેટલીવારમાં તો તરત જ અપાર સવારી ત્યાં આવી. ૬. પુરપતિ આવીને શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. મૂર્તિનાં દર્શન કરીને તો તેમનું હૈયું આનંદથી ભરાઈ ગયું. તેણે એકલું તેજ...તેજ...તેજ જ દેખ્યું. હૃદયના દૂષિત ઘાટ-સંકલ્પ બધા જ બંધ થઈ ગયા. ૭. બધા શુભ વિચારો આવવા લાગ્યા અને બધા જ અશુભ વિચારો ભાગી ગયા. તેથી તેણે શ્રીહરિને ભગવાન જાણ્યા. પછી તે સુજ્ઞ પુરપતિ હાથ જોડીને બોલ્યા. ૮.

આપનો બહુ પ્રકારનો પ્રતાપ અત્યારે મારા દેખવામાં આવ્યો છે. જે બહુ મોટા મોટા દેવો કહેવાય છે તેપણ આપની આગળ હાથ જોડીને ઊભા છે. ૯. મેં જ્યારે મારાં હૃદયમાં જોયું ત્યારે મને અત્યારે આવું દેખ્યામાં આવે છે.'

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમે તો સાધુ છીએ અને શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરીએ-કરાવીએ છીએ. ૧૦. તેમની નજરમાં-મરજીમાં જેવું આવે, તેવું તેઓ બીજાને દેખાડે છે. શ્રીકૃષ્ણનાં અનંત રૂપો છે, તેઓ જેમ ચાહે તેમ તે સ્વરૂપે વિચરતા રહે છે. ૧૧. અમે તો તેમનું ભજન કરીએ છીએ અને તેમની નજરમાં આવે તે અમે કરીએ છીએ. તેઓ તો પ્રત્યેક બ્રહ્માંડમાં વિચરતા હોય છે, પણ જેનું સદ્ભાગ્ય હોય તેને જ તેમનાં દર્શન થાય છે. ૧૨. ક્યારેક તે શ્રીકૃષ્ણ અમારામાં તેમનો અપાર પ્રતાપ દેખાડે છે. જે જે અવતાર થયા છે, તે સતત આવતા જાતા રહે છે. ૧૩. જ્યારે શ્રીહરિ આવું બોલ્યા ત્યારે તે સાંભળીને પુરપતિએ કહ્યું, 'તમે જ સર્વનું કારણ છો. અમને તો એમ દેખાય છે. ૧૪.

આપની માયા તો અપાર છે. તેને દેખીને બ્રહ્મા અને ઈન્દ્ર પણ ભ્રાંત થયા હતા તથા શિવજીને પણ મોહિનીરૂપ તે માયાને દેખીને હૃદયમાં ભ્રાંતિ થઈ હતી. ૧૫. આપ અમને પાવન કરવા માટે અમારા પુરમાં પધારો. આપના પધારવાથી તો અમારું જીવન અપાર સુખરૂપ થાય, અને હંમેશા શાંતિ ભરપૂર રહે.' ૧૬. પુરપતિ શણગારેલો એક મોટો હાથી લાવ્યા. તેના ઉપર ભારે સોનેરી અંબાડી બાંધેલી હતી. તે અંબાડીમાં શ્રીહરિને બેસાડ્યા અને પુરપતિ સ્વયં ચામર કરવા લાગ્યા. ૧૭. તે સમયે વિવિધ પ્રકારના વાજિંત્રો વાગવાં લાગ્યાં. કેટલાક પુરજનો બહાર આવ્યા. શ્રીહરિની આગળ બધી સવારી ચાલી. તેની શોભા ત્રિલોકીથી ન્યારી બની હતી. ૧૮.

સવારી વિવિધ પ્રકારના ઠાઠ માઠવાળી હતી. સવારીના લોકોએ ઝાંઝરીવાળા ભાલા હાથમાં લીધા હતા. ભાલામાં પંચરંગી પાંચ પાંચ મોટા મોટા ગુચ્છ બનાવીને રાખ્યા હતા. સવારીની સાથે નાની નાની ધજાઓ શોભી રહી હતી. તેમજ જરિયાની વસ્ત્રના નિશાનો પણ ઘોડા ઉપર ફરકતા હતા. ૧૯-૨૦. ડંકા, નોબત, નવરંગી તુરાઈ, રણશિંગી અને ભેરી વગેરે વાજિંત્ર વાગતાં હતાં. છત્રીશ પ્રકારના વિલાયતી વાજિંત્રો પણ તે સમયે વાગતા હતા. ૨૧. દક્ષિણ ભારતમાં જે વાજિંત્રો પ્રચલિત હોય, તેપણ બધા વાગતા હતા. તે બધા સિવાય ઢોલ અને ત્રાંસાની જોડ પણ વાગતી હતી. ૨૨.

શ્રીહરિની સાથે તે સમયે જે દરબારો હતા તે બધા સોનેરી સાજથી શણગારેલા ઘોડા ઉપર બેઠા હતા. દરેક સવારોએ સોનેરી બખ્તર પહેર્યા હતા અને દરેકના હાથમાં ભાલા લીધેલા હતા. ૨૩. જ્યારે પુરપતિએ શ્રીહરિની સવારી દેખી ત્યારે તેને ઘણું જ આશ્ચર્ય થયું. શ્રીહરિ આગળ ચાલ્યા ત્યારે પુરનો દરવાજો આવ્યો. દરવાજાને અપાર ચિત્ર વિચિત્ર રીતે શણગાર્યો હતો. ૨૪. દરવાજાની અંદર શ્રીહરિ દાખલ થયા. આગળના ભાગમાં રાજબજાર દેખી. તેને વિવિધ રીતે શણગારી હતી અને અપાર લોકો ઊભા હતા. ૨૫. બજારમાં ફળ સાથેના કેળના સ્તંભ અપાર રોપ્યા હતા. તે બજાર જ માનો કેળનો બાગ ન હોય ! એવી બની ગઈ હતી. ૨૬. બજારમાં જેટલી દુકાનો હતી તે બધીને સુંદર રીતે શણગારી હતી. શ્રીહરિ જ્યારે પુરમાં પધાર્યા ત્યારે આખા પુરને પણ વિવિધ રીતે શણગાર્યું હતું. ૨૭. દરેક ઘર અને દુકાનોને બારણે મોતીનાં તોરણ બાંધ્યા હતા. વિલાયતી બિલોરી ઝાડ હરેક દુકાને લટકાવ્યા હતા. ૨૮.

જેટલા પુરજનો બજારમાં ઊભા હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરીને ફૂલહાર પહેરાવતા અને વારંવાર મસ્તક નમાવતા. ૨૯. મૂર્તિને જોતાં જ ચિત્ત તેમાં પરોવાઈ જાતું હતું અને તેઓ પરસ્પર વાતો કરતા કે, 'સ્વામિનારાયણનો પ્રતાપ દિન-પ્રતિદિન વધતા વધતા ખૂબ જ વધી ગયો છે. ૩૦. જગતમાં જેટલા મત-મતાંતરના લોકો છે તે બધા સ્વામિનારાયણના વિરુદ્ધ પરાક્રમ કરીને હારી ગયા. જેમાં જેટલું પરાક્રમ-બળ હતું તે પ્રમાણે બધા દેશોદેશમાં વિરોધ કરી ચૂક્યા છે. ૩૧. જંત્ર, મંત્ર, મૂઠ, ચોટના બધા જ પ્રયોગો કર્યા. કાળભૈરવ, વીર વગેરેને પણ પાછળ વળગાડ્યા. પણ તે બધા વિરોધ કરનારાનો જ નાશ થયો. અને સ્વામિનારાયણ તો અખંડ અવિનાશી રહ્યા. ૩૨. માનો સૂર્યને ઢાંકી દેવા માટે વાદળાં, ધુમાડો, વંટોળિયો વગેરે ટોળેટોળા મળીને આવરણ કરે તોપણ તે સૂર્યને ઢાંકી દેવા કરેલા આવરણો સહેજે જ લુપ્ત થઈ જાય છે અને સૂર્ય ક્યારેય તેના ઉપર કોપ કરતો નથી. ૩૩. સૂર્ય તો સદા એકસરખો એક સ્વરૂપે રહીને જ પ્રકાશે છે. તેમ સહજાનંદસ્વામી પણ અનુપમ રીતે એકસરખા પ્રકાશી રહ્યા છે.'

કડી શહેરની જેટલી સ્ત્રીઓ હતી તે બધી ઘરના છજા-છત ઉપર ઊભી હતી. ૩૪. તે સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને લાવી હતી, અને તત્કાળ શ્રીહરિને વધાવવા લાગી. જેને જેવો ભાવ હતો તેવી જ રીતે શ્રીહરિને વધાવતી હતી. ૩૫. આ પ્રમાણે પુરજનોને બજારમાં દર્શન દેતા દેતા શ્રીહરિ રાજદરબારમાં આવ્યા. ત્યાં હાથી ઉપરથી નીચે ઊતર્યા. ૩૬. પુરપતિએ શ્રીહરિની પોતાનાં ભવનમાં પધરામણી કરાવી. શ્રીહરિનો હાથ પકડીને સોનેરી હિંડોળા ઉપર બેસાડ્યા. ૩૭. ત્યાં પૂજા કરવા માટે સોળ પ્રકારના ઉપચારોને સોનાના થાળમાં ભરી ભરીને તે સમયે લાવ્યા. ૩૮. દીવો કર્યો અને ધૂપ કર્યો. ચોતરફ સુગંધ સુગંધ છવાઈ ગયો. પુરપતિએ કેસરયુક્ત ચંદન લીધું અને શ્રીહરિનાં બધા અંગો ઉપર ચરચ્યું. ૩૯. ફૂલના હાર પહેરાવ્યા. મસ્તક ઉપર ફૂલની પાઘ બંધાવી અને સોનાના થાળ ભરી ભરીને ઘણી જ ભેટ ધરી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'કડીમાં પુરપતિએ શ્રીહરિને ધામધૂમથી રાજદરબારમાં પધારાવ્યા અને પૂજા કરી' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર સાતમું : તરંગ - ૩૫

કડીના પુરપતિને હિતોપદેશ, પુરમાં પધરામણી તથા ત્યાંથી કુંડાલ ગામમાં આગમન

કડીમાં પુરપતિ પૂજા કરીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા, હાથ જોડીને વારંવાર સ્તુતિ કરી અને કહ્યું, મારા સંકટને આપ તોડી નાખો. ૧. આપે મને ઘણો મોટો અધિકાર આપ્યો છે પણ તેમાં લેશમાત્ર પણ સ્વાધીનતા નથી. સ્વતંત્રતા વગરની મોટાઈ શું ? તેથી એક પળવાર પણ ક્લેશ મટતો નથી. ૨.

❋ જ્ઞાનથી સુખ અને અજ્ઞાનથી દુઃખ :

सोरठा : श्रीहरि कहे वात, भगवान रखे तेहि सुख रहेउ;
एसे जेहि समजात, सो सुखी हे जन सदा...०३

समज में रहे सुख, बिन समज में हे दुःख महा;
अंतर रहे सदा लुख, अलोकिक समज ही विन...०४

ત્યારે શ્રીહરિએ તેને વાત કરી કે, 'જે ભગવાનને રાખે તેને સુખ રહે છે.' જેને આવું સમજાય છે તે મનુષ્ય સદાય સુખી રહે છે. ૩. સમજણમાં સુખ રહ્યું છે અને ગેરસમજણમાં તો મહા દુઃખ રહ્યું છે. અલૌકિક સમજણ વિના તો અંતર હંમેશા એકદમ લૂખું-શુષ્ક રહે છે. ૪.

चोपाई :

राज के सुख कर सुखी जेते, अति दुःखी संत समझत तेते;
समजन में हे सुख अनंता, राज में लेश न सुख रहंता...०५

સંતો એવું સમજે છે કે રાજ્યનાં સુખથી જે જે સુખી છે, તે બધા અત્યંત દુઃખી છે એમ માનવું. સમજણમાં અપાર સુખ છે અને રાજ્યમાં લેશમાત્ર પણ સુખ રહ્યું નથી. ૫.

શ્રીરામચંદ્રજી ભગવાન હતા. તેમના સંકલ્પથી આ બ્રહ્માંડ થયું છે. આવાં તો અનંત બ્રહ્માંડો છે. તેને ગણતા ગણતા કોઈ પાર આવતો નથી. ૬. રામચંદ્રજીએ રાજ્યનો ત્યાગ કરી દીધો હતો અને તેમને મહાવનમાં અનુરાગ થયો. પ્રહ્લાદ, પ્રિયવ્રત, ઉત્તાનપાદ, ઋષભદેવ, ચિત્રકેતુ આદિક અને પાંચ પાંડવોએ પણ રાજ્યનો ત્યાગ કર્યો હતો. તે વાતને આજ આખું જગત જાણે છે. આ બ્રહ્માંડમાં જેટલા દુઃખ કહેવાય છે તે બધા દુઃખ રાજ્યમાં રહ્યા છે. ૭-૮. સંતોની એવી સમજણ છે કે જેટલો રાજ્યનો અધિકાર થોડો હોય તેટલું સુખ વધારે હોય, **જેટલું સંકોચમાં સુખ છે તેટલું મોટાઈમાં (વિસ્તારમાં) સુખ નથી. ૯.**

चोपाई :

बडे बडे नृप की समज जेहु, तामें सुख अनंत हे तेहु;
भगवान भजना परम हे लाभा, ता विन बडे जानत अलाभा...१०

પૂર્વે જે મોટા મોટા સમજુ રાજાઓ થઈ ગયા. તેની સમજણમાં અપાર સુખ રહ્યું છે. ભગવાનનું ભજન કરવું તે જ સર્વોત્તમ લાભ છે, અને ભજન વિનાની સર્વ વાતને મોટાપુરુષો ગેરલાભ સમજે છે. ૧૦.

કાયમ માટેનો જે સુખનો માર્ગ છે તે અમે તમને બતાવી દીધો છે. રાજ્યનું સુખ તો ઝેરના જેવું છે. ઝેરમાં સુખ ક્યાંથી હોય ? ૧૧. ઝેરમાંથી સુખ શું લેવાનું છે ? ઝેર જેવું રાજ્યસુખ તો અમને આપતાં આવડતું નથી. ફરીવાર ક્યારેય દુઃખ આવે નહિ, એવું સુખ આપતા અમને આવડે છે. ૧૨.

❋ શ્રીહરિની ગામમાં પધરામણી :

दोहा : फेर फेर दुःख आवहि, एसो न हमकुं आत;
दुःख न आवे कबहु, एसे तेहि देत रहात...१३

જેમાં વારે વારે દુઃખ આવે, એવું આપતાં અમને આવડતું નથી. ક્યારેય દુઃખ આવે નહિ, એવું સુખ અમે આપતા રહીએ છીએ.' ૧૩. ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ આટલી વાત કરીને તરત ત્યાંથી ઊઠ્યા. અને આવીને હાથી ઉપર બેઠા. ૧૪. શ્રીહરિની સાથે જે મોટા મોટા ગામધણી દરબારો આવ્યા હતા, તેમને કડીના દરબારે પાનબીડાં આપ્યાં અને તે નૃપ શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. ૧૫.

ત્યાં હરિભક્તોનાં જેટલા ઘર હતા ત્યાં બધે શ્રીહરિ પધરામણીએ ફર્યા. હરિભક્તોએ શ્રીહરિને કેસરી ચંદનની અર્ચા કરી અને ફૂલોના હાર પહેરાવીને પૂજા કરી. ૧૬. જેટલા હરિભક્તો હતા તે બધાએ ઘેરઘેર કપૂરની આરતી કરી. શ્રીહરિનાં ચરણોને છાતીમાં લીધા અને થાળ ભરી ભરીને સાકર અર્પણ કરી. ૧૭. જેના ચરણોમાં સોળ ચિહ્નો રહ્યા છે, તેવા શ્રીહરિની પધરામણી કરાવી ઘરમાં ચરણ પગલા પડાવ્યા અને વળી કોઈક તો તે ચરણતળોને કુંકુમવાળા કરીને ઘરની ભૂમિને તેનાથી અંકિત કરાવતા હતા. ૧૮.

❋ પ્રગટ મૂર્તિના ગુણ, સ્વભાવ અને ઐશ્વર્ય :

બધાએ ચરણોદકને હાથમાં લઈને પીધું. શ્રીહરિએ સહુને પ્રસાદીના રૂપમાં સાકર આપી. જે જે મેવા-મીઠાઈ લાવતા તેને જેમ યોગ્ય લાગે તેમ પ્રસાદીનાં રૂપમાં પાછું આપતા. ૧૯. હરિભક્તો જેવી ભાવનાથી શ્રીહરિની પૂજા કરતા હતા તેવા જ શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થઈને તેમને પ્રેમથી બોલાવતા હતા. શ્રીહરિ જેને હસીને બોલાવતા હતા, તેનો જીવ તો કાંઈ ઓર જ થઈ જતો હતો. ૨૦.

ચોપાઈ :

वचन में रहे अमृत भराई, सजिवन करत रस से बोलाई;
नेन बेन में हे मोह नवेली, नजर देखत जन रहत न फेली...२१

ભગવાન શ્રીહરિનાં વચનમાં અમૃત ભરાઈને રહ્યું છે. શ્રીહરિ પ્રેમથી બોલાવીને બધાને સજીવન કરી દેતા. શ્રીહરિનાં નેણમાં અને વેણમાં નવીન મોહ(જાદુ) રહ્યો હતો. આવી જાદુ ભરી નજરથી જોતા ત્યારે કોઈપણ મનુષ્ય ફેલી રહેતા નહીં. ૨૧. શ્રીહરિએ ધારણ કરેલા વસ્ત્ર, ફૂલના હાર-તોરા વગેરેમાં અપાર ચમત્કૃતિ છે. શ્રીહરિની જે જે ક્રિયાઓ હતી તે લોકોને ફરીને ક્યારેય ભૂલાતી નહિ. ૨૨. શ્રીહરિની હરેક ક્રિયામાં અપાર ચમત્કાર રહ્યો હતો. જે એકવાર શ્રીહરિની ક્રિયા નજરે જોતા તેઓ તેને ક્યારેય ભૂલતા નહીં. જે જીવ જેવો મોક્ષનો ચાહક હોય તેને તેવો ચમત્કાર દેખાતો. ૨૩.

અને આસુરી જીવને તો તેનો જેવો સ્વભાવ હોય તેવું દેખાઈ આવે છે. શ્રીહરિની જે મૂર્તિ છે તે તો એકની એક જ છે પણ તે અનંત પ્રકારે દેખાય છે. ૨૪. પદાર્થ તો એકનો એક જ હોય છે, છતાં કાચનો જેવો રંગ હોય તેવો તે પદાર્થ દેખાય છે; તેમ શ્રીહરિની મૂર્તિ પણ છે. ૨૫. અનંત ભાતના લોકો છે. તેના રંગ-રાગ પણ અનંત પ્રકારના હોય છે. તેથી શ્રીહરિની મૂર્તિ તો એક જ હોવા છતાં જેવું જેનું ચિત્ત હોય તેને તેવી દેખાય છે. ૨૬.

જેમ મણિ મૂળભૂત એક જ રંગનો હોય છે છતાં તેમાં અનેક પ્રકારના બીજા રંગો દેખાય છે. તે મણિ તો એકનો એક જ છે. પણ બીજાના રંગો તેમાં દેખાય છે. ૨૭. તેમ શ્રીહરિની મૂર્તિ એક રીતની જ છે, જેવો જોનારો મનુષ્ય હોય તેવી તે દેખાય છે. આ બાબતને સુજ્ઞ મનુષ્ય મનમાં જાણે છે, બીજાને તો તેમાં ક્યારેય કશી ગમ પડતી નથી. ૨૮.

જ્યારે હરિભક્તોને ઘેર પધરામણી પૂરી થઈ ત્યારે બીજા કેટલાક ભાવિક લોકો હતા તેમણે પણ શ્રીહરિની પધરામણી કરાવી. આ પ્રમાણે શ્રીહરિ પુરજનોને દર્શન દઈને પુરની બહાર આવ્યા. ૨૯. પુરથી થોડેક દૂર આવ્યા. પછી મનમાં વિચાર કરીને હાથી ઉપરથી ઊતરી ગયા. મહાવતની જ્યાં સુધી આવવાની મરજી હતી ત્યાં સુધી હાથી ઉપર આવ્યા અને પછી

તરત જ હાથી ઉપરથી ઊતરી ગયા. ૩૦. પછી સવારીમાં જેવા માણસો હતા, તે બધાને બોલાવીને રાજી કર્યા. મનનાં પ્રેમથી-ઇચ્છા પ્રમાણે તે બધાને મેવા, મીઠાઈ, ફળ અને ફૂલહાર વગેરે આપ્યા. ૩૧.તે સમયે જેના કબજામાં બધી સવારી હતી, તેને બોલાવ્યો અને એક પાઘ અને ભારે માંહેલો દુપટ્ટો આપ્યો. તેથી તે સવારીવાળો ખુશખુશાલ થઈ ગયો. ૩૨. સોનાની છડી લઈને જેટલા ચોપદાર આવ્યા હતા, તે બધાને એકેક બરફીનું ઠામ આપ્યું. તેથી તેઓ બધા મનમાં રાજી થઈ ગયા. ૩૩.

શ્રીહરિવરે ત્યાંથી સહુને રજા આપી અને વ્યવહારકુશળ શ્રીહરિ **કુંડાલ** (તા. કડી, જિ. મહેસાણા) ગામ આવ્યા. ગામમાં કણબી-પટેલ હરિભક્તો હતા. સમાચાર મળતાં તેઓ દોડીને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૪. કલા (કલ્યાણ) પટેલ નામે એક હરિભક્ત હતા. તે પોતાના કુટુંબની સાથે ત્યાં આવ્યા અને મૂળજીભાઈ નામે સુતાર હરિભક્ત હતા. બધા આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૩૫. વાજિંત્ર વગડાવીને શ્રીહરિને લાવતા હતા. શ્રીહરિને સુખપાલમાં બેસાડ્યા હતા. પટેલની વાડીમાં આવીને ઊતર્યા. ત્યાં મોટા ડેરા તણાવીને ઊભા કરાવ્યા. ૩૬. બીજા દરબારોના ડેરા તૈયાર કર્યા. અને સર્વે આંબાને છાયે રહ્યા. આંબામાં મોર એટલો બધો આવ્યો હતો કે આંબા ઝૂકી ગયા હતા અને મોરની પાછળ પાંદડાં પણ દેખાતા નહિ. ૩૭.

વર્ણી અગાઉથી આવીને શ્રીહરિ માટે રસોઈ તૈયાર કરીને થાળ ભરી તૈયાર રાખ્યો હતો. તેથી શ્રીહરિ એક સારું પીતાંબર પહેરીને જમવા બેસી ગયા. ૩૮. મધ્યાહ્નનો સૂર્ય માથે આવી ગયો હતો. દૂધપાક અને પૂરી બનાવી રાખી હતી. ચરણકમળ ધોઈને સુખદાયક શ્રીહરિ જમવા બેઠા. ૩૯. ભજીયાં, વડાં વગેરે બનાવ્યાં હતાં, તેના ઠામ ભરી ભરીને લાવ્યા. સોનેરી બાજોઠ ઉપર બેઠેલા શ્રીહરિ પ્રેમથી તે બધું જમતા હતા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'કડીના પુરપતિને હિતોપદેશ, પુરમાં પધરામણી તથા ત્યાંથી કુંડાલ ગામમાં આગમન' એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર સાતમું : તરંગ - ૩૬

જીવુબાનું વિશુદ્ધ જીવન તથા સત્સંગનું સુખ

વળી, મુક્તાનંદસ્વામી કહે જે, હે ઉત્તમરાજા ! બધા હરિભક્તો અને ભાવિક શ્રોતાઓ તમે હેતથી સાંભળો. હવે હું ફરી શ્રીહરિ જમતા હતા તે વાત કહું છું. ૧. શ્રીહરિ જ્યારે દૂધપાક જમી રહ્યા પછી ભાત અને દહીં લીધાં. તેમાં થોડીક સાકર નાખીને પછી નિપુણ શ્રીહરિ જમ્યા. ૨. ધર્મકુમાર શ્રીહરિ જ્યારે જમી રહ્યા, એટલે તરત જ હાથ અને મુખ ધોયા. પછી મુખવાસ લીધો. ૩. શ્રીહરિ જે થાળ જમ્યા તે બધા દરબારોને આપ્યો અને બીજા બે પાત્રમાં કઢાવીને એક એભલ ખાચરને અને બીજો જીવા ખાચરને પ્રસાદ આપ્યો. ૪.

દરબાર એભલ ખાચરની બે દીકરીઓ જીવુબા અને લાડુબા અપાર ત્યાગી, તપસ્વી અને ઘણા સારા હરિભક્ત હતા. તેઓ પોતાના પિતા એભલ ખાચરની સાથે આવ્યા હતા. ૫. દરબાર જીવા ખાચરની બે દીકરીઓ, અમૂલાબાઈ અને અમરબાઈ નામે હતા. તે બંને બહેનો પણ લાડુબા, જીવુબા જેવા ત્યાગી હતા. તેમને ભગવાન સિવાય બીજે ક્યાંય હેત ન હતું. ૬. તે બંને બહેનો જીવુબા અને લાડુબાનો સમાગમ કરતી અને તે કહે તેમ હંમેશા વર્તતા હતા. અમૂલાબાઈની માતાનું નામ કુંવરબાઈ હતું. ૭. તેમની મોટી બહેન સોનબાઈ નામે હતા. તેની દીકરી રાજબાઈ હતા જેઓ ઘણા નિષ્કામી હતા. રાજબાઈ સંસારસુખથી વૈરાગ્ય પામી, ત્યાગી થઈ ઘનશ્યામ શ્રીહરિનું અતિ ભજન કરતા હતા. ૮. એ પાંચ બહેનો અત્યંત ત્યાગી હતા. તેઓ જ્યાં જાય ત્યાં સાથે જ રહેતા હતા. તેઓ પોતાનો રથ જોડાવીને આવ્યા હતા. બાઈઓમાં તેઓ મોટેરા કહેવાતા હતા. ૯.

તેમાં જીવુબા સાધુ સ્વભાવના હતા. તેમના ઉપર બધી જ બાઈઓને પૂજ્યભાવ હતો. સાંખ્યયોગી અથવા કર્મયોગી (ગૃહસ્થ) જેટલી સત્સંગી બાઈઓ હતી તે બધી જીવુબાને ગુરુ માનતી. જીવુબાના સાધુતાના ગુણને જોઈને બધી બાઈઓ તેમને માનતી-પૂજતી. જીવુબા આખા સત્સંગનું હિત ઈચ્છતા અને

સત્સંગી બાઈઓને ઘણા પ્રેમથી વાતો કરતા. ૧૦-૧૧. કોઈ કુસંગી બાઈઓ પણ જો જીવુબાનાં મુખની વાત સાંભળતી તો સત્સંગ કર્યા વિના જાતી નહીં. શ્રીહરિની જેવી મરજી હોય તે પ્રમાણેની વાતો તેઓ બાઈઓને કરતા. ૧૨.

दोहा : आप में गुन अपार हि, ताकी करत न बात;
ओर सत्संगी के गुन हि, अति करत विख्यात...१३
हरिजन की संभावना, रखत हे देह प्रजंत;
अन्न वस्त्र करी गरिब की, करत रहत हे जतन...१४

જીવુબામાં અપાર સદ્ગુણો હતા પણ તેઓ પોતે તેની વાત ક્યારેય કરતા નહિ અને બીજા સત્સંગીના ગુણો ગાઈને તેને અતિ પ્રસિદ્ધ કરતા હતા. ૧૩. તેઓ જિંદગીભર હરિભક્તોની સાર-સંભાળ રાખતા. કોઈ ગરીબ હરિભક્ત હોય તો તેને અન્ન-વસ્ત્રાદિક આપીને તેની સાર-સંભાળ રાખતા હતા. ૧૪. કોઈ હરિભક્તને પરિવારમાં આગળ પાછળ કોઈ ન હોય કે અન્ન આદિથી દુ:ખી એવો ગરીબ હરિભક્ત હોય તો તેને પોતાની પાસે રાખતા. ૧૫. પોતાના ગરાસની ઊપજ બધી ગરીબ હરિભક્તોને ખવડાવી દેતા અને તેમની પાસે ભગવાનનું ભજન કરાવતા અને તેને ધર્મમાં દૃઢતાથી ચલાવતા. ૧૬.

❋ ધર્મની ગરિમા :

જે કોઈ પણ ધર્મ પાળવામાં ઢીલો હોય તો તરત જ તેને રજા આપી દેતા. ધર્મહીનના ઉપર દયા લાવતા નહિ. કારણ કે આપણા સત્સંગની આવી પ્રથા છે. ૧૭.

चोपाई :

धर्म हिन की रखे बरदासा, सत्संग में बहु होवे विनाशा;
मोक्ष को द्वार खोले हे जोऊ, तर्त बंध होई जावे सोउ...१८

ધર્મભ્રષ્ટની પણ સાર-સંભાળ રાખ્યા કરે તો તેનાથી સત્સંગમાં બહુ મોટું નુકશાન થાય છે. જો ધર્મમાં ઢીલાશ રાખવામાં આવે તો શ્રીહરિએ જે મોક્ષનું દ્વાર ખોલ્યું છે તે તરત જ બંધ થઈ જાય. ૧૮.

धर्म हित खोले मोक्ष हि द्वारा, श्रीहरि धर्मघर धरी अवतारा;
जन्म भये श्रीहरि को जबहुं, धर्मदेव वर मागे हे तबहुं...१९
मेरे वंश को लिये शरन जेहा, जन्म मृत्यु से तरे जन तेहा;
काल कर्म पाप माया जमदुता, ताके न तेहि रहे भयजुता...२०

શ્રીહરિએ ધર્મને માટે તો મોક્ષનું દ્વાર ખોલ્યું છે અને સ્વયં ધર્મને ઘેર અવતાર ધારણ કર્યો છે. શ્રીહરિનો જ્યારે જન્મ થયો ત્યારે ધર્મદેવે, એવું વરદાન માગ્યું હતું કે, ‘જે મારો વંશ કહેતા શ્રીહરિનો આશ્રય કરે તે જન્મ અને મરણથી તરી જાય. કાળ, પાપમય કર્મ, માયા અને જમદૂત તેનો ભય તેમને રહે નહિ.’ ૧૯-૨૦.

જ્યારે ધર્મે આવું વરદાન માગ્યું ત્યારે શ્રીહરિએ પ્રસન્ન થઈને તેમને તે વરદાન આપ્યું. ધર્મને લીધે મોક્ષનો દરવાજો ખૂલો કર્યો અને તેનાથી અમાપ લોકો મોક્ષને પામે છે. ૨૧. જેને શ્રીહરિનો વધારે યોગ રહ્યો છે તે આ બધી વાત જાણે છે. શ્રીહરિ જેટલા ચરિત્રો કરે છે તે એકેય પ્રયોજન વગરના હોતા નથી. ૨૨. શ્રીહરિ જ્યાં જેવું નિમિત્ત હોય ત્યાં દેશકાળાદિ જોઈને તે પ્રમાણે સુખરૂપ ચરિત્ર કરે છે, જેને જોઈને મોટા ભૂપ હોય તેપણ આશ્ચર્યચકિત થઈ જાય છે. ૨૩. શ્રીહરિનાં ચરિત્રોની પ્રશંસા તો દેવો, દૈત્યો અને મનુષ્યો પણ કરે છે, અને સહુ તે ચરિત્રોને સાંભળવા પણ ચાહે છે. શ્રીહરિનાં ચરિત્રોને સાંભળીને જે શ્રીહરિમાં પ્રીતિ કરે છે. તો તેઓ આ સંસારને સહેજે જ જીતી જાય છે. ૨૪.

શ્રીહરિ જમ્યા પછી મુખવાસ લઈને ડેરામાં આવ્યા. ત્યારે હરિભક્તો પલંગ લાવ્યા અને ત્યાં તરત બિછાવી દીધો. ૨૫. શ્રીહરિ જ્યારે પલંગ પર આવીને બેઠા ત્યારે ત્યાં દરબાર માંચા ખાચર, એભલ ખાચર અને જીવા ખાચર આવીને બેઠા. ૨૬. તે સિવાય અલૈયા ખાચર, જેઠસૂર ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર, મોકા ખાચર, બંને માણસિયા ખાચર, વેલા ખાચર, બંને માત્રા ખાચર અને માત્રા ધાધલ, વિસામણ ખાચર, વસ્તા ખાચર, કુંડળના મામૈયા પટગીર, રામ પટગીર અને અમરા પટગીર તથા સારંગપુરના જીવા ખાચર વગેરે પણ આવીને બેઠા. તેમજ જૂનાગઢના ઝીણાભાઈ, ગગાભાઈ,

દાદાભાઈ એ ત્રણેય (ક્યારેક) પૂર્વ દેશના રાજા હતા. ૨૭-૨૯ ગોંડલના હઠીભાઈ ઠાકોર જે મોટા રાજા કહેવાતા હતા. તેઓ પોતાના ભાયાતો જે સત્સંગી થયા હતા તે બધાને સાથે લઈને આવ્યા હતા. ગુજરાત દેશના જે ક્ષત્રિય રાજા ભાડેરમાં રહેતા હતા, તે વાઘસિંહજીભાઈ આવીને ત્યાં બેઠા. અને બીજા પણ જે દરબારો ક્ષત્રિયો અને કાઠીઓ આવ્યા હતા તે બધા ત્યાં આવીને બેઠા. બધા દરબારો, તે બધા રાજાના દીવાનો પણ ત્યાં આવ્યા. તેને પોતપોતાના રાજાની પાસે બેસાર્યા. ૩૦-૩૨. તે બધા ક્ષત્રિય અને કાઠી રાજાઓ જે સત્સંગી થયા હતા, તેમની આગળ શ્રીહરિએ કડી ગામના રાજાનાં સુખની બધી વાત કહી. ૩૩.

❋ સત્સંગની ગરિમા :

चोपाई :

सत्संग बिन नहि सुख कोउ काला, ब्रह्मांडको राज हि मिले विशाला;
दैहिक सुख सो सुख न कहावे, एसो को एसो कबु न रहावे...३४
सत्संग सबंधि सुख हि जेतो, अविचल जाननो सबहु तेतो;
भगवान के चरित्र केना सुनना, युँ करीके दिन निगमना...३५
हरिजन संत समागम करना, तामे ईर्षा मान परहरना;
आदर दियो न दियो कोई, गरजु जियकुं करना सोई...३६

સત્સંગ વિના કોઈને કોઈ કાળે સુખ હોય નહીં. ભલેને આખા બ્રહ્માંડનું વિશાળ રાજ્ય મળ્યું હોય ! જે દૈહિક સુખ છે તેને સુખ કહેવાય જ નહિ. કારણ કે તે સુખ કોઈને ક્યારેય તેવું ને તેવું એકસરખું રહેતું નથી. ૩૪. જેટલું સત્સંગ સંબંધી સુખ છે તે બધું સુખ અવિચળ જાણવું. ભગવાનનાં ચરિત્રોને કહેવા અને સાંભળવા, એ રીતે દિવસ પસાર કરવો. ૩૫. હરિભક્તોનો અને સંતોનો સમાગમ કરવો, તેમાં માન અને ઈર્ષ્યા રાખવા નહિ. સત્સંગ કરવામાં કોઈ માન આપે કે ન આપે પણ જીવે ગરજુ થઈને સત્સંગ કરવો જોઈએ. ૩૬.

સહુનાં જીવનમાં અન્ન અને જળ અનિવાર્ય છે. તે મેળવવા જતાં કોઈ આદર કરે કે ન કરે, તોપણ પ્રયત્નપૂર્વક સહુ કોઈ અન્નને અને જળને

ચાહે છે, તે રીતે જ મોક્ષનો ખપ રાખવો અને આ શીખવું આવશ્યક છે. ૩૭. સોનું માથું કપાવે છે, તે સહુ પોતાની આંખોથી જુએ છે. કેટલાયના શિર કપાઈ ગયા, તોપણ સોના ઉપરનો પ્રેમ ઘટતો નથી. ૩૮. સોનું કોઈનો આદર કરતું નથી. ઊલટાનું તે તો અપાર દુઃખ આપે છે છતાં તે સોનાનો કોઈ અભાવ લેતું નથી. એવી તો અનંત વાતો છે. ૩૯. આપણું આ શરીર જીવને અપાર દુઃખ દે છે. છતાં જીવ શરીરને સુખકારી માને છે. તે રીતે પુત્રો અને પરિવાર પણ કેવળ દુઃખ જ દે છે. ૪૦.

दोहा : दुःख कुं माने हे सुख, तेहिकर अभाव न आत तेहि;
तेसे न लगत दुःख, सत्संग में मानत सुख जेहि...४१
सत्संग में दुःख मनात, मोक्ष को नहि हे खप तेहि;
हमकुं जेसे जनात, वात कही देखाई तीमि...४२

છતાં જીવ તે દુઃખને સુખ માને છે. તેથી જ તે પુત્ર-પરિવારાદિનો અભાવ આવતો નથી. તે રીતે જ જે સત્સંગમાં સુખ માને છે તેને ક્યારેય દુઃખ લાગતું નથી. ૪૧. જેને સત્સંગમાં દુઃખ મનાય છે તેને મોક્ષનો ખપ જ નથી. અમને તો જેવું જણાય છે તેવી વાત કહી દેખાડી છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'જીવુબાનું વિશુદ્ધ જીવન તથા સત્સંગનું સુખ' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર સાતમું : તરંગ - ૩૭

શ્રીહરિ સિદ્ધપુર જતા કુંડાલથી રાજપુર થઈને માથાસૂલ ગામ આવ્યા

ઉપર કહ્યા પ્રમાણે શ્રીહરિએ દરબારોને કલ્યાણકારી વાતો કહી. પછી પોઢી ગયા. અને બે ઘડી સુધી પોઢીને ઊઠ્યા. ૧. કુંડાલ ગામના હરિભક્તો આવ્યા અને હાથ જોડીને બોલ્યા. અમે આપના આશ્રિત-શરણે થયા છીએ માટે અમારે ઘેર પધારો. ૨. જેને જેના ઉપર પ્રેમભાવ હોય તે તેમને

ઈચ્છતા હોય છે. આપ અમારે ઘેર પધારો, એટલો જ અમે લ્હાવો માનીએ છીએ, બીજો કોઈ લહાવો ઈચ્છતા નથી. ૩. હરિભક્તોનો ભક્તિભાવ જોઈને શ્રીહરિ ગામમાં પધરામણીએ જવા તૈયાર થયા. હરિભક્તો સારી સુખપાલ લાવ્યા ત્યારે શ્રીહરિ આવીને તેમાં બેઠા. ૪.

જેની સુખપાલ હતી, તેની જ સવારી હતી. શ્રીહરિની સાથે સહુ તૈયાર થયા. નિશાન, ડંકા, વાજિંત્રો અને ચોપદાર પણ તેના જ હતા. ૫. છત્ર અને ચામર આદિ પણ તેનાં હતા. તે બધા ઉમંગભર તૈયાર થયા. શ્રીહરિ જ્યારે પ્રેમથી ગામમાં પધાર્યા ત્યારે ગામના બીજા બધા મનુષ્યો શ્રીહરિને ભાવે સહિત જોતા હતા. ૬. બધા લોકો આવીને શ્રીહરિને પગે લાગતા હતા. મૂર્તિનાં દર્શન કરતા તેમને ધીરજ રહેતી ન હતી. કેટલાક લોકો આવીને શ્રીફળ ભેટ મૂકતા અને કેટલાક તો ફૂલના હાર લાવીને પ્રેમ સહિત પહેરાવતા હતા. ૭. ગામની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરીને આવી હતી. તેનાથી તેઓ શ્રીહરિને વધાવતી હતી. ગામની રાજબજાર, બધાં મકાનો અને દુકાનો, તેને અનેક રીતે ચિત્રવિચિત્ર કરીને ભાતભાતની શોભા કરી હતી. જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. કેસરયુક્ત ચંદનથી શ્રીહરિની પૂજા કરી. ૮-૯. સુંદર પલંગ બિછાવી દીધો. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. પછી ફૂલના હાર, બાજુબંધ અને તોરા વગેરે ખૂબ જ હેતથી ધરાવ્યા. ૧૦. સાકરના થાળ ભરી ભરીને લાવીને તે ભેટ મૂક્યા. કપૂરથી આરતી ઉતારી. જેના હૈયામાં જેવો ભાવ હતો તેણે તેવો પૂજા કરીને લહાવો લીધો. ૧૧. બીજા ભાવિક લોકોએ પણ ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિને ખૂબ સારી રીતે પધરાવ્યા. ગામના લોકોએ જેને જેવો ભાવ હતો તેવો પૂજા કરીને અલૌકિક લ્હાવો લીધો. ૧૨.

પધરામણી કર્યા પછી શ્રીહરિ પોતાને મુકામે આવ્યા. વાજિંત્રો વાગતાં હતાં. અનેક રીતે બંદૂકોના અવાજ થાતા હતા અને તેનાથી આકાશ ગાજી રહ્યું હતું. ૧૩. પછી ચોગાનમાં પલંગ ઉપર આસન બનાવ્યું હતું ત્યાં આવી શ્રીહરિ બેઠા. ત્યારે સૂર્ય અસ્ત થયો અને વાજિંત્રો ઉત્સાહથી વાગતા હતા. ૧૪. ત્યારે અપાર મશાલો પ્રકટી. શ્રીહરિ ઊભા થઈને ધૂન

બોલાવવા લાગ્યા. ત્યારે બધા હરિભક્તો પણ ઊભા રહ્યા. ૧૫. બધા ધૂનની સાથે હાથની તાળીઓ વગાડતા હતા. તેનો ઘણો અવાજ થાતો હતો. તેની અત્યંત શોભા થઈ. વન, વૃક્ષો અને આકાશ ગાજી રહ્યા હતા. ૧૬. સ્વામિનારાયણ નામની સાથે 'રામકૃષ્ણ ગોવિંદ' 'માધવ મુકુંદ' 'વૃંદાવનચંદ્ર' 'જગવંદ્ય નરનારાયણ' 'નારાયણ હરે, વાસુદેવ હરે' આવા ભગવાનનાં નામોને વારંવાર ધૂનમાં બોલતા હતા. ભગવાન સ્વામિનારાયણના મુખ દ્વારા અપાર અવતારોના નામ, ૧૭-૧૮.

चोपाई :

प्रगट होत लीन होवत ताहिं, एसे जन कुं आत देखाहि;
नाम जो लेवत मूर्ति ताकी, शब्द भेले देखावत वाकी...१९
कबहु एसे देखाई आवे, वार वार नाहिं देखावे;
कबहुक धून्य करत होय आंहि, मूर्ति गगन में देखात जाहि...२०

પ્રકટ થાતા હતા અને લીન થાતા હતા. આવું લોકોને દેખવામાં આવતું. જે અવતારનું નામ શ્રીહરિના મુખથી લેવાતું તે અવતારની મૂર્તિનાં દર્શન તે નામની સાથોસાથ થાતા. ૧૯. ક્યારેક આવું દેખાઈ આવતું પણ વારેવારે ન દેખાતું. ક્યારેક શ્રીહરિ અહીં ભક્તો ભેળા ધૂન કરતા હોય છતાં શ્રીહરિની મૂર્તિ આકાશમાં જઈ દેખાતી. ૨૦. ક્યારેક તો અલગ અલગ દેશના, અલગ અલગ ગામના લોકો ભેળા મળીને સાથે ધૂન કરતા હોય ત્યારે શ્રીહરિની મનોહર મૂર્તિનાં ભવ્ય દર્શન તે ભક્તોને થતા. ૨૧. ક્યારેક તો શ્રીહરિ હરિભક્ત ભેળા આવીને તે ભક્ત જે ક્રિયા કરતા હોય તેની ભેળા તે રીતે જ જાણે ક્રિયા કરતા હોય, એવી શ્રીહરિની મૂર્તિ સાક્ષાત્ દેખાતી. ૨૨.

જ્યારે શ્રીહરિ ધૂન કરી રહ્યા, પછી પલંગ ઉપર બેઠા અને તે ભક્તોના હિત માટેની થોડી વાતો કરી. તે પછી સુખકારી શ્રીહરિ પોઢી ગયા. ૨૩. જ્યારે અરુણોદય થયો ત્યારે કુંડાલ ગામથી ચાલ્યા અને **રાજપુર** (તા. પાટણ, જિ. મહેસાણા) ગામ આવ્યા. સમાચાર મળ્યા ત્યારે ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૪. બેચરભાઈ પાટીદાર અને બીજા વજલજી ઘણા સારા હરિભક્ત હતા. તેઓ શ્રીહરિનાં

ચરણોમાં પડ્યા. ૨૫. તે સમયે ગામના બીજા પણ અપાર લોકો શ્રીહરિની સન્મુખ આવ્યા. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં અને તેનો એકતાર શબ્દ થતો હતો. ૨૬.

તે બધા હરિભક્તોએ ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. લોકોનાં મનમાં ઘણો જ ઉત્સાહ હતો અને તેથી જ તેમણે શ્રીહરિને ઘેર ઘેર પધરાવીને પૂજા કરી. ૨૭. કેસર-ચંદનની અરચા કરીને ફૂલના હાર પહેરાવ્યા. થાળ ભરી ભરીને મેવા અને મીઠાઈઓ અર્પણ કર્યા. ૨૮. જેને જેવો ભક્તિભાવ હતો તેણે તેવી પૂજા કરી. કેટલાક હરિભક્તોએ સારા વસ્ત્ર અને અલંકારો અર્પણ કરીને શ્રીહરિની પૂજા કરી. ૨૯. રાજપુર ગામમાં શ્રીહરિ તથા સંઘે ટીમણ (નાસ્તો) કર્યું. ટીમણ કરીને ચાલતા થયા **માથાસૂલ** (તા. કડી, જિ. મહેસાણા) ગામમાં આવ્યા. ૩૦. ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ત્યાં જોઈતારામ અને મોરારજી નામે બે પાટીદાર ભાઈઓ હતા. ૩૧. એક રવાજી નામે ઘણા જ શૂરવીર ક્ષત્રિય હરિભક્ત પણ હતા. સત્સંગના બળવાળા તે ભક્તો શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. તે સિવાયના ગામના ઘણા લોકો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૨. તે સહુ ગામજનો પ્રેમથી વાજિંત્રોને લાવ્યા હતા. તે અત્યંત સરસ રીતે વાગતાં હતાં. તે સહુ લોકો શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. મૂર્તિનાં દર્શન કરીને આનંદવિભોર થઈ ગયા. ૩૩.

માથાસૂળ ગામની નજીકમાં આવીને શ્રીહરિએ ત્યાં પોતાનો મુકામ કર્યો. ત્યાં બધા દરબારોએ તંબૂ તાણ્યા. ત્યારે તેની શોભા ઘણી જ સારી થઈ. ૩૪. તે તંબૂઓની વચ્ચે શ્રીહરિનો તંબૂ તાણ્યો, જે આકાશ સુધી ઊંચો જણાતો હતો. ત્યારે હરિભક્તો એક સોનેરી પલંગ લાવ્યા તેને સારી રીતે તેમાં બિછાવી દીધો. ૩૫. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. શરીર ઉપર જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં. શ્રીહરિ ખટ્વાંગ રાજાના હાથી ઉપર બેસીને આવ્યા હતા. ૩૬. ગામના બધા હરિભક્તો આવ્યા અને શ્રીહરિ માટે ઘણા જ પ્રેમથી સરસ સાકરનું સીધું જલ્દીથી લાવ્યા. ૩૭. વર્ણી રસોઈ બનાવવા લાગ્યા.

દિવસ બે ઘડી (૦.૪૮ મિનિટ) બાકી હતો. ત્યારે હરિભક્તોએ શ્રીહરિવરને કહ્યું, 'હે નાથ ! આપ અમારા ગામમાં પધારો.' ૩૮. તત્કાળ દરબાર ઝીણાભાઈ પોતાની સુખપાલ લઈ આવ્યા. ત્યારે ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ તે સુખપાલમાં બેઠા. ૩૯. તે સમયે દરબાર ઝીણાભાઈની હાથી સહિત બધી જ સવારી તરત જ તૈયાર થઈને તે સ્થળે હાજર થઈ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ સિદ્ધપુર જતા કુંડાલથી રાજપુર થઈને માથાસૂલ ગામ આવ્યા' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર સાતમું : તરંગ - ૩૮

સિદ્ધપુર તીર્થનો મહિમા અને પ્રગટ શ્રીહરિના સ્વરૂપની નિષ્ઠા

શ્રીહરિ માથાસૂલ ગામમાં આવ્યા. ગામના મનુષ્યો બજારે ઊભા હતા. લોકોને દર્શન કરવાનો ભાવ ઘણો જ હતો, તેનાથી બજારમાં ખૂબ જ ભીડ મચી હતી. ૧. રસ્તામાં પણ લોકો ફૂલહાર પહેરાવતા હતા. શ્રીહરિ હરિભક્તને ઘેર આવ્યા. પલંગ બિછાવેલો હતો. તેના ઉપર જગજીવન શ્રીહરિ બેઠા. ૨. હરિભક્તે અતિશય ભાવથી શ્રીહરિની કેસરચંદનથી અર્ચા કરી. ફૂલના હાર પહેરાવ્યા. પછી કપૂરથી આરતી કરી. ૩. જેને જેવો ભક્તિભાવ હતો તે પ્રમાણે સારા વસ્ત્રો અને આભૂષણો પહેરાવ્યા. સાકરના ભરેલા થાળ લાવીને પ્રેમથી શ્રીહરિની આગળ ધર્યા હતા. ૪. જેટલા ભાવિક જનો હતા તેમણે પણ ઘેર ઘેર શ્રીહરિને પધરાવ્યા. જેને જેવા ઉપચાર મળ્યા તેણે તેવા રૂપમાં શ્રીહરિની પૂજા કરી. ૫.

સંધ્યા સમય થઈ ગયો ત્યારે મશાલીએ મશાલો પ્રકટાવી. જ્યારે બધા ભક્તજનો પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ મુકામ ઉપર આવ્યા. ૬. શ્રીહરિ પલંગ ઉપર ઊભા રહ્યા અને નારાયણધૂન કરવા લાગ્યા. જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા કે, ૭. 'આપણા સંઘમાં કોઈ અજાણ્યા પુરુષ કે સ્ત્રી આવે તો તેની તપાસ રાખવી. બાઈઓએ બાઈને પારખવી અને

પુરુષોએ પુરુષને ઓળખવો. ૮. અને કોઈ અજાણ્યો હાથ આવી જાય તો તેને સંઘમાંથી દૂર કાઢી મૂકવો. મારા આટલા વચનને જરૂર માનજો.' આમ કહીને શ્રીહરિ ઉત્તમ પ્રેમરસથી થાળ જમવા માટે પધાર્યા. ૯. એક પીતાંબર પહેર્યું. હાથ અને ચરણ જળથી ધોયા. સ્વચ્છ રૂમાલથી તેને કોરા કર્યા. પછી શ્રીહરિ સોનેરી બાજોઠ ઉપર બેઠા. ૧૦. વર્ણીએ થાળમાં શીરો અને પૂરી બનાવ્યા હતા. જાતજાતના શાક પણ હતાં. તે બધું થાળમાં ભરીને લાવ્યા. પછી શ્રીહરિ તે જમવા લાગ્યા. ૧૧. શ્રીહરિ વડાં અને ભજીયાંને ભાવથી જમ્યા. શીરો અને પૂરી પણ ભાવથી જમ્યા. આમ જ્યારે ભોજન જમી રહ્યા ત્યારે દૂધ અને ભાત પ્રેમથી લીધા. ૧૨. દૂધમાં થોડી સાકર લીધી. પરમ સ્નેહથી તે જમ્યા. પછી થાળની પ્રસાદી પ્રસન્નભાવથી અને ઘણા જ હેતથી બધા દરબારોને આપી. ૧૩. કરુણાનિધિ કૃપાળુ શ્રીહરિએ હાથ અને મુખ ધોયા. રૂમાલથી હાથ અને મુખ લૂછ્યા. પછી મુખવાસ લીધો. ૧૪.

હરિભક્તો ઘણું દૂધ લાવ્યા કે જે ગામના બધા લોકોએ આપ્યું હતું. શ્રીહરિએ જેટલા ડેરા હતા તેમાં બધે દરબારોને દૂધ અપાવ્યું. ૧૫. પછી શ્રીહરિ અતિ હસતા હસતા પલંગ ઉપર આવીને બેઠા. મનમાં ઉત્સાહ ઘણો હતો. પછી બધા સંતોને સંભારવા લાગ્યા. ૧૬. "સંતો બધા વીસનગરમાં આવી ગયા છે." એવા સમાચાર શ્રીહરિને મળ્યા. બધા રાહ જોઈને રોકાયા છે કે, 'શ્રીહરિ આવીને ક્યારે મળશે ?' ૧૭. સુખધામ ઘનશ્યામ શ્રીહરિ સંતોની વાત સાંભળીને ખૂબ જ આનંદિત થઈ ગયા. પછી સિદ્ધપદ (સિદ્ધપુર) ક્ષેત્રની વાતો કરી કે જે રીતે તે સાક્ષાત્ તીર્થ બન્યું. ૧૮. સિદ્ધપુરનું જેવું માહાત્મ્ય હતું તે બધું વિગત કરીને સહુને કહ્યું. અને તીર્થ કરવાનું ફળ જેવું હોય તેવું વિસ્તારથી સહુને કહ્યું. ૧૯.

સિદ્ધપુર જેવા તીર્થક્ષેત્રમાં જો પુણ્યદાન કરવામાં આવે તો તેનું ફળ કરોડગણું થાય છે. કર્દમ ઋષિના પુત્ર કપિલ ભગવાન થયા. જે સિદ્ધોનાં મહાન સ્થાનરૂપ હતા. ૨૦. કર્દમ ઋષિએ અને દેવહૂતિએ આ સ્થાનમાં ઘણું જ તપ કર્યું હતું. તેમના પુત્રરૂપે ભગવાન કપિલજી અવતર્યા અને તેમણે માતા દેવહૂતિને સર્વોચ્ચ જ્ઞાન આપ્યું હતું. ૨૧. દેવહૂતિએ તે જ્ઞાન સાંભળીને

હૃદયમાં પ્રકટ ભગવાનને ધાર્યા. જેવા પ્રગટ ભગવાન હતા તે મૂર્તિનું ધ્યાન કર્યું અને ભગવાનના અંગોઅંગને પોતાનાં હૃદયમાં તે રીતે ધારી લીધા. ૨૨. જેવી બહાર ભગવાનની મૂર્તિ હોય તેવી અંતઃકરણમાં ધ્યાનથી સ્થિર કરી. જ્યારે તેમને ધારણા પરિપક્વ થઈ, ત્યારે દેહની વિસ્મૃતિ થઈ ગઈ. ૨૩. અઢાર દિવસ સુધી શરીરની વિસ્મૃતિ રહી. પછી તેઓ સરસ્વતીને કિનારે ગયા. તેમનો દેહ સરસ્વતીરૂપ થઈ ગયો. આવી અતિ આશ્ચર્યની બાબત બની. ૨૪. દેવહૂતિ માતાનો દેહ જળરૂપ થઈ ગયો અને જીવ દિવ્યગતિને પામ્યો. તરત જ તેઓ દિવ્યધામમાં ગયા. આ આશ્રમ આવો તપરૂપ છે. ૨૫. આ તપરૂપ આશ્રમ અમને બહુ જ ગમે છે. એકવખત જઈને તેનું સેવન કરીશું ત્યારે હૃદયમાં શાંતિ થાશે. ૨૬. ત્યારે શ્રીહરિનાં વચન સાંભળીને સહુ દરબારો બોલ્યા, મૂર્તિમાં અમને બધું દેખાય જ છે. એટલે મૂર્તિ વિનાનું બીજું બધું અમને ઠીક લાગતું નથી. ૨૭. વિવિધ પ્રકારનાં તપ, વ્રત અને તીર્થ તેમનો તો કોઈ પાર જ નથી. આ મૂર્તિના સાક્ષાત્કાર માટે જે કાંઈ કરવું તે બધું જ સત્ય છે. ૨૮.

चोपाई :

तप व्रत तीर्थ विधि नाना, यह मूर्ति हित करत रहाना;
तप व्रत तीर्थ को फल ईता, प्रगट मूर्ति कबहु मलीता...२९

तप व्रत तीर्थ करे विन कबहु, मूर्ति यह मिलत नहीं हे सबहु;
प्रगट मीले जब मूर्ति आई, मूर्ति कहे त्युं करना ही ताई...३०

આ મૂર્તિનો સાક્ષાત્કાર થાય એટલા માટે જ તપ, વ્રત અને તીર્થ તે અનેક પ્રકારે કરતા રહેવા જોઈએ. વ્રત, તપ અને તીર્થનું ફળ પણ એટલું જ છે કે પ્રકટ ભગવાનની મૂર્તિ ક્યારેક મળી જાય. ૨૯. તપ, વ્રત અને તીર્થો કર્યા સિવાય બધાને ક્યારેય આ મૂર્તિ મળતી નથી. જ્યારે પ્રગટ મૂર્તિ આવીને મળી ગઈ ત્યારે તો તે પ્રકટ મૂર્તિ કહે તેમ જ કરવાનું હોય છે. ૩૦.

मूर्ति को कह्यो न करे जेहा, मूर्ति मीलेको नहि फल तेहा;
मूर्ति मूर्ति को सब वचन जेहि, एक करीके समजत तेहि...३१

જે પ્રકટ મૂર્તિનું કહ્યું ન કરે. તો તેને મૂર્તિ મળ્યાનું કાંઈ જ ફળ નથી. પ્રકટમૂર્તિ અને મૂર્તિના બધા વચનો એક કરીને સમજવા જોઈએ. ૩૧. શ્રીહરિએ દરબારોનાં આવાં વચન સાંભળ્યાં, તેથી તેઓ ખૂબ જ પ્રસન્ન થયા. અને કહેવા લાગ્યા, આવીને આવી સમજણ જેને રહે તેને પાકો હરિભક્ત જાણવો. ૩૨. **ઈષ્ટદેવનાં સ્વરૂપનાં જ્ઞાનને જીવનદોરી સમજવી જોઈએ.** ઈષ્ટદેવની નજર કાંઈક અલગ જ છે. તેઓ તો ધીરે ધીરે ભક્તને નોર ઉપર ચઢાવે છે. ૩૩. બીજા મતોમાં પણ જે સારી રીતો હોય તેને પણ થોડી થોડી ગ્રહણ કરે છે. તેમાં જેટલું જીવન-સત્વ હોય તેટલું ઈષ્ટદેવ ખેંચી લે છે. સત્વવિહીન જે હોય તેને ખેંચીને શું કરવું ? ૩૪. અત્યંત બળવાન હોય તોપણ પ્રાણ વિનાનો સિંહ કેવી રીતે રહે ? તેનો તો કૂતરો પણ થોડોય ભય ક્યારેય માનતો નથી અને સહેજે ખેંચી જાય છે. ૩૫.

મોટાના વિચારોને તો જે મોટા હોય તે જ જાણી-સમજી શકે છે. બીજા થોડી બુદ્ધિવાળા શું જાણી શકે ? સર્વ લોકોનો જેમાં મોક્ષ રહ્યો હોય તે વાત સહુથી ઉત્તમ કહેવાય. ૩૬. જે મોટા હોય તેને ફેરફાર બતાવીને પણ જીવનો મોક્ષ કરવો એવું એક તાન હોય છે અને આ બાબત સિદ્ધાંત છે. આવું તો જે ઓળખતા હોય તે જાણતા હોય છે. ૩૭. પૂરા પરિચય વિનાનો મનુષ્ય અંધ કહેવાય. તેને એ વાત મનાય નહિ. તેને તો સંતો જે હિતની વાત કહે છે તેપણ ક્યારેય સમજાતી નથી. ૩૮. શ્રીહરિ આટલી વાત કહીને પછી પોઢી ગયા. પ્રભાત સમયે ઊઠ્યા. શૌચ(જંગલ) જઈને દાતણ કર્યું. ૩૯. પછી તત્કાળ સ્નાન કર્યું. બધો પૂજાવિધિ પણ કર્યો. પછી ભક્તવત્સલ કૃપાળુ શ્રીહરિએ તત્કાળ જવા માટે તૈયારી કરી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'સિદ્ધપુર તીર્થનો મહિમા અને પ્રગટ શ્રીહરિના સ્વરૂપની નિષ્ઠા' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર સાતમું : તરંગ - ૩૯

ઊંઝા ગામમાં પુરવાસીઓને દર્શન દઈને શ્રીહરિ તળાવના કિનારે ઊતર્યા

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ચંચળ અને ચપળ હરણના જેવી તે અશ્વની ગતિ હતી અને તે રંગે-રૂપે તો નવરંગ-મોહક હતો. ૧. બધો સંઘ અને દરબારો સહુ ચાલવા તૈયાર હતા. કોઈ પાછળ બાકી રહ્યું નહિ. પાર્ષદોને પાછળ રાખ્યા અને પોતે પણ સહુની પાછળ ચાલતા થયા. ૨. ઉત્તર ગુજરાત અને ચુંવાળ (જૂનાં જમાનામાં પાટણ અને કડી વચ્ચેના ૪૪ ગામનો મુખ્યત્વે કોળીની વસ્તીવાળો પ્રદેશ) દેશનો તે સરહદી વિસ્તાર જોઈને શ્રીહરિ ચાલ્યા. ક્ષત્રિય ભક્ત રવાજી, લાલજી અને જાલમજીને ભોમિયાના રૂપમાં સાથે લીધા. ૩. રસ્તામાં હરિભક્તોના જેટલા ગામ આવતા હતા અને હરિભક્તો જ્યાં જ્યાં રહેતા હતા ત્યાં ઘનશ્યામ શ્રીહરિ તેમને દર્શન આપતા. ૪. ગામેગામના જે હરિભક્તો હતા તે શ્રીહરિ આવે છે તેમ સાંભળીને ફૂલહાર લઈને સન્મુખ આવતા અને ફૂલહાર પહેરાવી દર્શન કરતા. ૫.

હરખભેર આવીને શ્રીફળ ભેટ મૂકતા. શ્રીહરિના ચરણોમાં પડતા. શ્રીહરિનું અતિશય સન્માન કરીને તેમજ તેઓ વિવિધ પ્રકારના વાજિંત્ર વગડાવીને, ૬. પ્રેમથી પોતાના ગામમાં શ્રીહરિને પધરાવતા અને ગામના સહુ ભક્તો ભક્તિરસથી ભરપૂર થઈને દર્શન કરતા હતા અને તેઓ શ્રીહરિને ભક્તિભાવથી પોતાને ઘેર પધરાવતા હતા. ૭. જે ભક્તને જેવી ભાવના હોય તેવી તેઓ પૂજા કરતા હતા અને હરિભક્તોને જેવો ભાવ હોય તેવો શ્રીહરિ પૂરો કરતા આવતા હતા. ૮. પાંચ છ કોશ જેટલું ચાલ્યા ત્યારે ત્યાં એક તળાવ આવ્યું. તળાવને કાંઠે થોડીવાર ઊતર્યા. પોતપોતાની પાસે જે હતું તે સહુએ ટીમણ કર્યું. ૯. શ્રીહરિને માટે તો વર્ણીએ હેતથી તરત જ રસોઈ બનાવી લીધી. ભક્તોનાં મનને રાજી કરનારા કૃપાળુ શ્રીહરિએ તરત જ ત્યાં જમી લીધું. ૧૦.

થોડીવાર ત્યાં પોઢી ગયા. પછી તરત જ ચાલવા તૈયાર થયા. શ્રીહરિ ત્યાંથી અશ્વ ઉપર બેઠા. સવારી બધી ચાલતી હતી. ૧૧. ત્યાંથી પાંચેક કોશ

જેટલું ચાલ્યા હશે ત્યારે ત્યાં મુકામ કરવાનું ગામ આવ્યું. તે ગામની પાસે રાત રોકાયા અને બધા ભક્તોએ ત્યાં રસોઈ બનાવી. ૧૨. ત્યાં પહોંચીને વર્ણીએ પણ શ્રીહરિને માટે રસોઈ બનાવી. પછી ત્યાં પુરુષોત્તમ શ્રીહરિ ઘણા જ પ્રેમભાવથી જમ્યા. ૧૩. શ્રીહરિ જમીને તૃપ્ત થયા ત્યારે પ્રસાદીનો થાળ દરબારોને આપ્યો. ભક્તજન પ્રતિપાલક શ્રીહરિએ હાથ અને મુખ ધોયાં અને તે પછી મુખવાસ લીધો. ૧૪. દરબારોએ તંબુઓ તાણ્યા. શ્રીહરિને માટે પણ તંબૂ તણાવી દીધો. તેમાં પલંગ બિછાવ્યો હતો. એટલે શ્રીહરિ ત્યાં આવીને પલંગ ઉપર બેઠા. ૧૫.

બધા દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિની પાસે આવીને બેઠા. બિલોરી કાચના ઝાડ તંબુમાં બાંધીને તેમાં વિવિધ રંગના દીવા કર્યા હતા. ૧૬. પછી શ્રીહરિ દરબારો સાથે વાતો કરવા લાગ્યા, ''અમારે માટે થઈને તમે આટલે દૂર પરદેશમાં આવ્યા છો. જે પરદેશમાં જાય તેઓ વારેવારે પોતાનો દેશ સંભારતા હોય છે. ૧૭. અને વારેવારે પોતાના દેશના સ્વપ્ના પણ આવતા હોય અને તેને લીધે મનમાં ઘણો સંતાપ-વિરહ પણ થતો હોય. તમારા સહુનાં અંતરમાં જેવું હોય તેવું અમને આજે સહુ કહો. ૧૮. કોઈની ક્યારેક બરદાસ-સંભાળ લેવાઈ હોય, અને કોઈક દિવસ ન પણ લેવાણી હોય, ત્યારે તેના મનમાં કોઈપણ રીતે સંતાપ-દુઃખ થાય; ને અંતરમાં સહજ ઉતાપ રહે તો તે અંગે જેમ હોય તેમ કહો. ૧૯.

ત્યારે દરબારો હાથ જોડીને બોલ્યા, અમને નિત્ય નવો ઉત્સાહ રહે છે. દેશનું કે ગામનું સ્વપ્ન આવતું નથી. અમારાં મનમાં તો એક આપનું જ રટણ રહે છે. ૨૦. પછી શ્રીહરિ ત્યાં એક રાત રહ્યા. સવારમાં ઊઠીને ચાલતા થયા. જઈને અશ્વ ઉપર બેઠા અને ત્યાંથી આગળને માર્ગે ચાલતા થયા. ૨૧. શ્રીહરિ રસ્તામાં રમૂજ કરતા કરતા **ઊંઝા** ગામ આવ્યા. ત્યાંના બધા હરિભક્તો સન્મુખ આવ્યા. બીજા પુરવાસી લોકો પણ વાજિંત્ર લઈને આવ્યા. ૨૨. પાટીદાર નારાયણભાઈ, મોરારજી, મૂળજી, વાલજી, શ્યામજી, ગણેશભાઈ, ખુશાલભાઈ એ બધા હરિભક્તો હતા. બ્રાહ્મણ નથુભાઈ અને એક જેકુંવરબાઈ ૨૩. એ આદિક ઊંઝા ગામના બધા હરિભક્તો આવીને

શ્રીહરિના ચરણોમાં પડ્યા. સહુ એકેક શ્રીફળ લાવ્યા હતા. તે શ્રીહરિની આગળ ધર્યાં. ૨૪. એકેક ફૂલનો હાર પણ શ્રીહરિને પહેરાવ્યો અને દર્શન કરીને હરિભક્તો અપાર રાજી થયા.

શ્રીહરિ વસંતઋતુ અને મહા માસની વદિ દશમની તિથિને દિવસે ત્યાં આવ્યા. ૨૫. જેના ઉપર અંબાડી રાખી હતી એવા હાથી ઉપર શ્રીહરિ વિરાજ્યા. શ્રીહરિની મૂર્તિ અને હાથી સોનાના આભૂષણોથી અપાર સુશોભિત થયા હતા. ૨૬. શ્રીહરિ ઊંઝા ગામમાં ચાલ્યા. તેમની સવારી અદ્‌ભુત હતી. આગળના ભાગમાં વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. ૨૭. શ્રીહરિ રાજબજારમાં ચાલવાના છે,એવું જાણીને ઠેકઠેકાણે કેળના સ્તંભ રોપીને બજારને વિચિત્ર રીતે શણગારી હતી. ૨૮. બજારની બંને બાજુએ દુકાનો અને બીજા જે મકાનો હતા. તેમાં મોતીનાં તોરણ બંધાવીને તેને સુંદર રીતે શણગાર્યાં હતાં. ૨૯. જે જે શોભા દેખાતી હતી તે સ્થાનિક પુરવાસીઓએ જ કરી હતી. અવસર જોઈને બિલોરી કાચનાં વિવિધ પ્રકારના ઝાડ ત્યાં બાંધી દીધાં હતાં. ૩૦.

ઊંઝા ગામના જેટલા પુરવાસી હતા, તે બધા જ લોકો બજારમાં આવીને ઊભા હતા. સહુ હાથમાં ફૂલહાર લઈને એકતાર પંક્તિબદ્ધ રીતે ઊભા હતા. ૩૧. ગામના બધા જ લોકોને ઘણો પ્રેમ હતો તેથી શ્રીહરિને અત્યંત ભાવથી સહુ પૂજતા હતા. જ્યારે શ્રીહરિ બજાર વચ્ચે નીકળ્યા, ત્યારે ફૂલહાર લઈ ઊભેલા લોકોને લીધે આખી બજાર ફૂલવાડીના જેવી દેખાતી હતી. ૩૨. હરિભક્તો ઘણો જ ગુલાલ લાવ્યા હતા. તેને તે વખતે લોકો ઉપર ઉડાડતા હતા. પુરવાસી લોકો "જય જય" "જય જય" એમ વારંવાર બોલતા હતા. શ્રીહરિની શોભા જોઈ બધા પરમ આનંદીત થયા હતા. ૩૩. દિવસ દોઢ પહોર (૪.૩૦ કલાક) ચઢ્યો ત્યારે શ્રીહરિ ગામમાં આવ્યા. લોકોમાં ઘણો જ ઉત્સાહ હતો. જરિયાની નિશાન આગળ ચાલતાં હતાં. ચાલી રહેલી શ્રીહરિની સવારી ભવ્ય લાગતી હતી. ૩૪. હાથી અને અશ્વોનો તો કોઈ પાર જ ન હતો. તેના ઉપર બધા ઉદાર સ્વભાવના દરબારો બેઠા હતા. દરબાર માંચા ખાચર શ્રીહરિને ચામર કરતા હતા. ૩૫.

✻ મૂર્તિ વર્ણન :

શ્રીહરિની મૂર્તિ ફૂલોથી ભરાયેલી હતી અને ચંદ્રમાના જેવું મુખ સોહામણું લાગતું હતું. નેત્રો ચંચળ હતા અને મુખ ઉપર મંદ મંદ હાસ્ય હતું. દીપની શિખા જેવી રમણીય નાસિકા હતી. ૩૬. પુરની જેટલી સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને બજારમાં આવીને ઊભી હતી. અને બધી નાની બાળાઓ ભવનના ઝરૂખામાં અને અટારીઓમાં ઊભી હતી. ૩૭. બધી સ્ત્રીઓ મોતી અને કેસરચંદન વરસાવીને શ્રીહરિને વધાવતી હતી. બજારે એકતારના રૂપમાં ઊભેલી સ્ત્રીઓ શ્રીહરિ પર પુષ્પોની વૃષ્ટિ કરીને વધાવતી હતી. ૩૮. ઊંઝાવાસીઓને દર્શન દેતા દેતા શ્રીહરિ પૂર્વ તરફને દરવાજે આવ્યા. સવારી અને સંઘની સાથે શ્રીહરિ ઊંઝામાં તળાવને કિનારે બહાર આવીને રહ્યા. ૩૯. ત્યાં એક મોટો વડ હતો. તેની નીચે શ્રીહરિ ઊતર્યા. હરિભક્તો જે પલંગ લાવ્યા તેના ઉપર શ્રીહરિ બેઠા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'ઊંઝા ગામમાં પુરવાસીઓને દર્શન દઈને શ્રીહરિ તળાવના કિનારે ઊતર્યા' એ નામે ઓગણચાલીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર સાતમું : તરંગ - ૪૦

શ્રીહરિ ઊંઝામાં અનેક સંત તથા હરિભક્તોને મળ્યા અને ગામમાં પધરામણી માટે ફર્યા

શ્રીહરિનો તંબુ તાણીને દરબારોના તંબુ તણાવ્યા. ત્યાં શ્રીહરિ બે રાત રહ્યા. તેટલામાં દેશે દેશના ભક્તોના સંઘ આવ્યા. ૧. સોરઠ, કાઠિયાવાડ, ભાલ, ઝાલાવાડ આટલા પ્રદેશના હરિભક્તો શ્રીહરિની સાથે નિર્ધાર કરીને રહ્યા હતા. ૨. હાલાર, કચ્છ, વાગડ અને વઢિયાર તે પ્રદેશોના દરબારો ભેળા મળીને આવ્યા. ૩. કાનમ, વાકળ, ચરોતર, ભાલ, બારા, આખો ગુજરાત અને દંઢાવ્ય દેશ તે દેશોના હરિભક્તોના સંઘ ત્યાં આવ્યા. ૪.

ઊંઝાના હરિભક્તો ખૂબ જ સેવા કરતા હતા. શ્રીહરિને માટે સુંદર રસોઈ કરાવતા હતા. જુદી જુદી જાતના પાક પણ કરાવતા હતા. ૫.

શ્રીહરિને ખપે એવી રસોઈ વર્ણી બનાવતા, અને જે ખપમાં ન આવે એવી રસોઈ શ્રીહરિ પોતાને હાથે બનાવતા. ૬. શ્રીહરિ સદાય આવી રીત રાખતા માટે વારેવારે હું તેનું વર્ણન નથી કરતો. એક વાર જે રીત દેખાડી દીધી તે રીતને કાયમ માટેની સમજી લેવી. ૭. 'ઈષ્ટદેવ રસોઈ બનાવતા હતા' એમ સેવકે કહેવું તેમાં ઘણો સંકોચ થાય છે. ઈષ્ટદેવને સેવકની રીતે કહેવામાં સેવકને ખુશી થતી નથી. ૮. પરંતુ શ્રીહરિની વાત તો અલૌકિક હોય છે, તેથી તે સાક્ષાત્ સમજમાં આવતી નથી. શ્રીહરિ વર્ણી (બ્રહ્મચારી)નાં રૂપમાં રહ્યા છે એટલે તેઓ સ્વયં રસોઈ બનાવતા. શ્રીહરિની દિવ્યમૂર્તિ તો હરિભક્તોને પ્રેમ કરવા માટેની છે. ચારે વર્ણના જે સમાધિનિષ્ઠ ભક્તો કહેવાતા હતા, ૯-૧૦.

તેઓને જ્યારે થાળ જમાડવાનો ભાવ થાતો, ત્યારે તે ભક્તો થાળ કરતા પણ શ્રીહરિ વર્ણીરૂપમાં તે થાળ જમતા નહિ; પણ ધામમાં જે દિવ્યમૂર્તિ વિરાજે છે, તે તેવા ને તેવા રૂપે આવીને થાળ જમતી. ૧૧. ધામની મૂર્તિ અહીંયાં પ્રગટ થતી ત્યારે કોઈક લોકોને તેનાં દર્શન થાતા. અજ્ઞાની મનુષ્યને તો જે સ્વરૂપ પ્રત્યક્ષ હતું તે જ દેખ્યામાં આવતું. ૧૨. પણ સમાધિવાળા જેટલા ભક્તો હતા તેમને તો જે ધામની મૂર્તિ છે તે થાળ જમતી હોય એવું દેખાતું, તેમાં કોઈ સંશય નથી. ૧૩.

दोहा : धाम की मूर्ति ओर हे, वर्णिरूप मूर्ति हे ओर;
देह व्यवहार हे भिन्नता, सामर्थ्य कर एक हे नोर...१४
एक रूप अनेक, भक्त हित हरि धारत भयेउ;
जाके ऊर विवेक, भाव जेसो देखात तेउ...१५

દેહ વ્યવહારની ભિન્નતાને લઈને આલોકની રીતે ધામની મૂર્તિ અલગ છે અને વર્ણીરૂપ મૂર્તિ અલગ છે, પણ સામર્થ્યની દૃષ્ટિએ તો બંને મૂર્તિ એક જ છે. ૧૪. ભગવાન શ્રીહરિ એકરૂપ હોવા છતાં ભક્તોને માટે થઈને અનેક રૂપોને ધારણ કરે છે. જેની બુદ્ધિમાં વિવેક છે તેને જેવી ભાવના હોય તેવાં દર્શન થાય છે. ૧૫.

મહા વદિ-૧૦ ને દિવસ શ્રીહરિ ઊંઝામાં રહ્યા અને એકાદશીને દિવસ બધા સંતો પણ ત્યાં આવ્યા. ૧૬. જ્યારે દોઢ પહોર (૪.૩૦ કલાક) દિવસ ચઢ્યો ત્યારે સંતો આવે છે, એવી ખબર શ્રીહરિએ સાંભળી. એટલે તેમણે ચરણોમાં ચાખડીઓ પહેરી અને સંતોને સન્માનવામાં પ્રવિણ શ્રીહરિ સન્મુખ ચાલ્યા. ૧૭. શ્રીહરિ બે ખેતર જેટલું ચાલ્યા હશે ત્યાં તો ઘણા સંતો નજીકમાં જ આવી ગયા હતા. શ્રીહરિને દેખતાની સાથે જ સંતો જોરદાર તુરાઈ વગાડવા લાગ્યા. ૧૮.

❋ મૂર્તિ વર્ણન :

શ્રીહરિની સાથે આખો સંઘ પણ આવ્યો હતો. તે વખતે સહુ જય જયકારનો શબ્દ ઉચ્ચારતા હતા. ભક્તોએ શ્રીહરિની મૂર્તિને નખથી શિખા પર્યંત કેસરચંદન ચરચેલું હતું. ૧૯. શ્રીહરિને બાજુબંધ અને અપાર ફૂલહાર પહેરાવેલા હતા. મસ્તક ઉપર ફૂલની ટોપી પહેરી હતી. તેના ઉપર આવીને ભમરાઓ ગાન કરતા હતા. ૨૦. જે મોટા મોટા દેવ કહેવાય છે તેઓ ભમરાનું રૂપ લઈને આવ્યા હતા. લલાટમાં કુંકુમનો મોટો ચાંદલો કર્યો હતો. સંતોનું પાલન કરનારા શ્રીહરિ મંદમંદ હસતા હતા. ૨૧. જમણા હાથમાં રૂમાલ લીધો અને ડાબા હાથમાં લાલરંગની છડી લીધી હતી. સંતો દોડીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. તેમનાં હૈયામાં હરખ સમાતો ન હતો અને કંઠ ગદ્‌ગદ થઈ ગયો. ૨૨. શ્રીહરિ જ્યારે તે સંતોને બાથમાં લઈને ભેટ્યા ત્યારે તેમની આંખોમાં હેતનાં જળ છલકાયા. સહુ પહેલા આવીને મુક્તાનંદસ્વામીને મળ્યા અને પછી ભાઈ રામદાસજીસ્વામીને સ્નેહભાવે મળ્યા. ૨૩. બ્રહ્માનંદસ્વામી, આનંદાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી એ સહુને મળ્યા. અને જ્યારે સુખાનંદસ્વામીને મળ્યા ત્યારે તેમને સમાધિ થઈ ગઈ અને દેહનું અનુસંધાન રહ્યું નહિ. ૨૪. જેટલા સંતો આવ્યા હતા, તે સહુને એક એકને સંભારીને શ્રીહરિ મળ્યા. પાછળ કોઈ બાકી ન રહ્યા. ૨૫.

જે સંતો વીસનગરમાં હતા તે બધા તે દિવસે જ આવ્યા. સંતો ઝાંઝ, મૃદંગ વગાડીને હેતથી ઉત્સવ કરતા હતા. ૨૬. શ્રીહરિને બંને બાજુ

ચામર હતાં. મસ્તક ઉપર છત્ર ધર્યું હતું. તે સમયે છત્ર ઉપરનો સુવર્ણ કળશ ઘણો જ ચમકતો હતો. ૨૭. શ્રીહરિ આગળ ચાલ્યા એટલે તેમની આગળના ભાગમાં સંતો નૃત્ય કરતા હતા. પાછે પગે ચાલીને વસંતના પદ ગવાતા હતા. ૨૮. વાજિંત્ર વગાડીને જે સંતો ગાતા હતા તે બધા પાછે પગલે ચાલીને આવતા હતા.

મુકામ પર એક ઊંચી બેઠક કરી હતી, અને તેના ઉપર પલંગ બિછાવ્યો હતો. ૨૯. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. શ્રીહરિની ઘનશ્યામ મૂર્તિની શોભા બધે છવાઈ ગઈ હતી. દેશો દેશના જે હરિભક્તો આવ્યા હતા તેઓ શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૩૦. તે દિવસ એકાદશીનો છે એમ સમજીને ભક્તો ઘણા જ હેતથી શ્રીહરિની પૂજા કરતા હતા. કેસરયુક્ત ચંદન ચરચીને ફૂલહાર પહેરાવતા અને તે રીતે પ્યારથી સંતોને પણ પૂજતા હતા. ૩૧. સંતોને ફરાળ કરાવવા માટે ભક્તો ઘણા રસદાર કેળા લાવ્યા. જેને જેટલા બરફી અને પેંડા મળ્યા, તેઓ તેને ફરાળ માટે લાવ્યા. ૩૨. જ્યારે મધ્યાહ્ન સમય થયો ત્યારે શ્રીહરિએ ફરાળ કર્યું. તે પછી બધા સંતોને ફરાળ કરવા બેસાડ્યા. પછી શ્રીહરિ સંતોને પીરસવા આવ્યા. ૩૩. પ્રથમ બરફી અને પેંડા પીરસ્યા અને પછી કેળાં આપ્યાં. કેળામાં ઘી અને સાકર પીરસ્યા. પછી સંતો ફરાળ કરવા લાગ્યા. ૩૪.

શ્રીહરિ ત્યાં એકાદશીની રાત રહ્યા. ઘણો જ આનંદ ઉત્સવ થયો. પુરવાસી જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરાવી. ૩૫. હરિભક્તો શ્રીહરિને પલંગ ઉપર પધરાવીને પૂજા કરતા અને પરમ અલૌકિક લાભ લેતા. કેસરયુક્ત ચંદન અંગ ઉપર ચરચતા અને ઉમંગથી ફૂલહાર પહેરાવતા. ૩૬. ધૂપ દીપ કરીને કપૂરની આરતી કરતા. વિવિધ પ્રકારના વસ્ત્રો પહેરાવીને આભૂષણોને પણ ધરાવતા હતા. ૩૭. સાકરના ભરેલા થાળ અર્પણ કરતા. જેને જેવી ભાવના હોય તે પ્રમાણે સહુ પૂજા કરતા હતા. સહુના દિલમાં અત્યંત ઉત્સાહ હતો. ૩૮.

ઊંઝામાં તે સિવાયના જે બીજા ભાવિક પુરજનો હતા, તેમણે પણ શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા. સહુનાં હૈયામાં નવલો સ્નેહ હતો. વિવિધ પ્રકારના

વાજિંત્ર વાગતાં રહેતાં. ૩૯. (ધમડકાના દરબાર) રાયધણજી એક વિચિત્ર પ્રકારની સુખપાલ કરાવીને લાવ્યા હતા. તેથી તે દિવસ ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ તે સુખપાલમાં બેઠા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ ઊંઝામાં અનેક સંત તથા હરિભક્તોને મળ્યા અને ગામમાં પધરામણી માટે ફર્યા' એ નામે ચાલીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર સાતમું : તરંગ - ૪૧

શ્રીહરિએ નારાયણ ધૂન કરી તથા સંતોને સત્સંગના સમાચાર પૂછ્યા

શ્રીહરિ સંધ્યા સમયે ઊંઝા પુરમાંથી પધરામણી કરીને બહાર આવ્યા. ત્યારે અપાર મશાલો કરી હતી. ચોતરફ અતિ શોભા છવાઈ ગઈ હતી. ૧. ત્યાં ઊંચી બેઠક કરી હતી. તેના ઉપર નિજભક્તજનોના મનોરથોને પૂર્ણ કરનારા ઘનશ્યામ શ્રીહરિ ઊભા થયા, અને ઘણા મધુર સ્વરથી ધૂન બોલાવવા લાગ્યા. ૨.

⁕ ધૂન કરવાની રીત અને મહિમા :

સરસવણી ગામના ત્રિકમ ભટ્ટ નામે એક વિપ્ર સત્સંગી હતા. તે પણ શ્રીહરિની સાથે "સ્વામિનારાયણ ધૂન" બોલવા લાગ્યા. ૩. ત્રિકમ ભટ્ટે એક હાથમાં વીણા લીધી અને બીજા હાથમાં કરતાલ લીધી. તે વખતે તેમણે હરખાઈને બંને પગમાં ઘૂઘરા બાંધ્યા. ૪. ત્રિકમ ભટ્ટ અને શ્રીહરિ ઘણી સરસ લાગે તે રીતે ધૂન આગળ બોલતા અને બીજા સંત-હરિભક્તો પાછળથી ઝીલતા હતા. તેઓ સહુ એક સાથે તાળી પાડતા હતા. ૫. બે ઘડી (૪૮ મિનિટ) રાત ગઈ ત્યાં સુધી સ્વામિનારાયણ ધૂન કરી. ધૂન બોલતા જ્યારે વધારે ઉતાવળે બોલાવા લાગે ત્યારે ધૂન બંધ કરે, વળી ફરીવાર ધૂન ઉઠાવતા. ૬. આ રીતે પાંચ-દસ વાર ધૂન બોલાવે, બંધ કરે અને બોલાવે, એમ કરતા. ધૂનનો શબ્દ આકાશમાં ઊંચે સુધી ગાજતો હતો. વન, વૃક્ષ, ભૂમિ અને પાતાળપર્યંત 'સ્વામિનારાયણ ધૂન'નો શબ્દ ગાજતો રહેતો. ૭.

ચોપાઈ :

श्रवण में शब्द परत हे जाहि, ताकी जाकुं रटन रहाहि;
एसे श्रीहरि अंत समे आई, निज धाम में ले जावत ताई...०८

તે ધૂનનો શબ્દ જેના કાનમાં પડે અને તેની જેને રટના લાગી જાય, તો તે ભક્તના અંત સમયે શ્રીહરિ પધારે છે. અને તેને પોતાનાં ધામમાં લઈ જાય છે. ૮. ધૂનનો આવો પ્રતાપ રહ્યો છે, તે તુચ્છ મનુષ્યને તેની ખબર પડતી નથી. જ્યારે શ્રીહરિ ધૂન કરી રહ્યા ત્યારે સહુને 'જય સ્વામિનારાયણ' કહ્યા. ૯. 'જય સ્વામિનારાયણ' કહીને તત્કાળ જ દયાળુ શ્રીહરિ પલંગ ઉપર બેઠા.

સંતો જે પ્રદેશોમાં સત્સંગનો પ્રચાર કરીને આવ્યા ત્યાં સત્સંગનો કેટલો સમાસ થયો છે ? તે શ્રીહરિએ પૂછ્યું. ૧૦. જે ગામમાં નવા હરિભક્ત થયા હોય તે બધાનાં નામ પૂછ્યાં. સંતો મુખથી જે વાત કરતા હોય, તેમાં શ્રીહરિ હાં, 'બહુ સારું, ભલે..ભલે..!' આવા શબ્દ વચ્ચે વચ્ચે બોલતા રહેતા. ૧૧. જ્યારે કોઈ રમૂજની વાત આવે ત્યારે મુખ આડો રૂમાલ દઈને હસતા. મંડળમાં જે મુખ્ય સંત હોય તેને એક એકને બધા સમાચાર પૂછ્યા. ૧૨. જે વાતોમાં ધ્યાન દેવા જેવું હોય તેને શ્રીહરિ યાદ રાખતા હતા. અને તે બાબત ઉપર જરૂર જણાય તો તરત જ પ્રકરણ ફેરવતા. તેમાં વાર લગાડતા નહિ. ૧૩. શ્રીહરિ સંતોનાં અને હરિભક્તોનાં હૃદયમાં વસીને પ્રકરણ ફેરવતા અને તે સંતો તથા હરિભક્તો પણ શૂરવીરતાથી તે પ્રકરણને સ્વીકારી લેતા. ૧૪. તે પ્રકરણ પણ શ્રીહરિ એક મહિને, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત કે આઠ મહિને પ્રકરણ બદલતા રહેતા. ૧૫. અવિનાશી શ્રીહરિ કોઈ વખતે તો નવ મહિને કે દસ, અગિયાર કે બાર મહિને પ્રકરણ બદલી નાખતા હતા અને તે બદલાતા પ્રકરણોમાં પણ સહુને અતિ ઉત્સાહ રહેતો હતો. ૧૬.

ચોપાઈ :

संत हरिजनकु हितके काजा, प्रकरण फेरत रहत महाराजा;
प्रकरण करीके सत्संग सबहु, नव पल्लव होइ वर्तत तबहु...१७

શ્રીહરિ સંતો અને હરિભક્તોનું હિત કરવા માટે પ્રકરણ ફેરવતા હતા. પ્રકરણ ફેરવવાને લીધે બધો સત્સંગ ઘણો નવ પલ્લવિત થઈ વર્તતો હતો. ૧૭.

તળાવમાં નવું નવું પાણી આવ્યા કરતું હોય તો તે તળાવનું પાણી શુદ્ધ રહે છે. બદલાયા વિના એકનું એક જ પાણી તળાવમાં રહે તો તે પાણી દુર્ગંધવાળું થઈ જાય છે. ૧૮. જે ભૂમિ ઉપર લીંપણ થયા કરતું હોય તે ભૂમિ એકદમ શુદ્ધ રહે છે. ચાહે તેવી ભૂમિ હોય તોપણ તે લીંપ્યા વિનાની હોય તો અશુદ્ધ થઈ જાય છે. ૧૯. સાત માળની હવેલી ઘણી રમણીય લાગે છે, પણ એક મહિના સુધી જો તેને વાળીને સાફ કરવામાં ન આવે તો તે મનને ગમે નહિ. ૨૦.

જે માર્ગ ઉપર ધમધોકાર આવવા જવાનું ચાલુ હોય, અનેક ગાડીઓ આવતી જાતી હોય. તે માર્ગમાં જો ખાડા ટેકરાને સમાનમા કરાતા હોય તો તે માર્ગ સારો રહે છે. ૨૧. પણ જો તેમાં ખાડા પૂરાતા ન હોય તો તે માર્ગ ઊબડ ખાબડ થઈ જાય છે. તેમાં મોટા મોટા ખાડા પડી જાય છે. તેમાં ચાલવામાં કોઈને સુખ નથી રહેતું. જે ચાલે તે અતિ દુઃખ પામે છે. આ રીતે તળાવના નીરનું, ભૂમિ લીંપણનું, હવેલીની સફાઈનું અને રસ્તાની મરામતનું દૃષ્ટાંત આપીને એ સમજાવ્યું કે, સંતો-હરિભક્તોમાં પ્રકરણ ફેરવીને જો તેમનું જતન કરવામાં ન આવે તો દૃષ્ટાંતમાં કહ્યું તેમ થાય. ૨૨. આ જગતમાં બુદ્ધિથી અંધ જે રાજા હોય છે, તે પોતાના દેશની સાર-સંભાળ રાખતા નથી. પોતાની પ્રજા અતિશય દુઃખી થાય તોએ તેને કશી ગતાગમ હોતી નથી. ૨૩. પોતાની પ્રજાને રાજા પોતે જ પીડે. તેની આગળ કોઈ કાંઈ કહેવા જાય તો રાજા તે કહેવા આવનારાને દેશનિકાલની સજા કરે. આવા રાજાના બૂરા હાલ થાય છે. ૨૪.

પ્રજાનું દુઃખ દેખીને પ્રજાને માટે થઈને જે રાજા દુઃખ વેઠે છે, તો પ્રજા એવા રાજાને ભાવથી ખૂબ જ ચાહે છે. ૨૫. જો ભાવ હોય તો લોકો સુખી રહે છે. ભાવ હોય તો જ હેત થાય છે. પરસ્પર ભાવ હોય તો પ્રજા ઘણું કમાય છે. ભાવ હોય તો દસગણું કમાઈને આપે છે. ૨૬. રાજાનું દૃષ્ટાંત આપીને આધારાનંદસ્વામી એમ કહેવા માગે છે કે, આ સત્સંગના શ્રીહરિ જ રાજા છે; અને તેઓ સર્વે સત્સંગરૂપ પ્રજાનું સર્વ રીતે કુનેહથી હિત કરી રહ્યા છે. આટલી જે વાત કહી તેને કવિના મુખની જાણવી. અનેક પ્રકરણની જે વાતો હોય તે કવિ વિના સમજાય નહિ. ૨૭. હરેક ગ્રંથમાં વાત તો વિવિધ

પ્રકારની આવતી હોય છે. તેને કહેનારા મુખ ભિન્ન-ભિન્ન હોય છે, એટલે તે ગ્રંથની વાતને એક મુખે કરી શકાતી નથી. ૨૮.

જે સમયે જેની વાત આવે તે સમયે તેનાં વચન કહેવાય છે. કાવ્યની કહેણી પાંચ મુખેથી થતી હોય છે તે કહેણી વારંવાર ગ્રંથમાં આવતી હોય છે. ૨૯. જે શ્રોતા તેના ઉપર ધ્યાન દે તો તેને પાકો શ્રોતા સમજવો. જે વાત કહેનારાના મુખનું અનુસંધાન ન રાખે તો મુખને સમજ્યા વિના વાતમાં સ્વાદ આવે નહીં. ૩૦. (૧) એક કવિમુખ, કાવ્યમાં કવિમુખથી કહેલી વાત મુખ્ય સમજવાની છે. તે કાવ્યમાં અવાંતર બીજા મુખ પણ આવે છે. (૨) શ્રીહરિ જે વાત મુખથી કહે તેને શ્રીમુખની વાત સમજવી. ૩૧. (૩) જે વાત મિત્રના મુખથી કહેવાઈ હોય તેને મિત્રમુખની વાત જાણવી. ૪. જે વાત સખીના મુખથી કહેવાઈ હોય તેને સખીમુખની વાત સમજવી. ૩૨. અને ૫. જે વાત શત્રુના મુખથી કહેવાઈ હોય તે વાતને શત્રુમુખ વાત સમજવી. ગ્રંથમાં એવી તો અનેક વાતો હોય છે તેને પ્રકરણ પ્રમાણે જે ગ્રહણ કરવું તેને વિવેક કહેવાય છે. ૩૩.

અંધ, બહેરો, પાંગળો અને મૂંગો એ બધાની વાણી તો દિગંબર શિવના શરીર ઉપરના આભૂષણોના જેવી છે. લક્ષણોએ કરીને તેનાં રૂપને જે સમજે તે શ્રોતા અજોડ અને શ્રેષ્ઠ છે. ૩૪. કેટલાક કવિની વાણી તો કોયલ અને ચાતકના જેવી અત્યંત મધુર હોય છે, અને કેટલાક કવિ તો કાગડા, ઘુવડ અને ગધેડાના જેવી વાણી ઉચ્ચારે છે. ૩૫. જે સમજુ હોય છે તે તો બોલેલા શબ્દને કાને સાંભળીને તરત જ તેને માપી લે છે. જેટલા સમજણ વિનાના લોકો છે તેને વિવેકની વાત કાંઈ સમજાતી નથી. ૩૬. જેને જેમાં રુચિ હોય તે તેના વિવેકને સમજે છે. જેને જેમાં રુચિ ન હોય તો તે તેને અવિવેક કહે છે. ૩૭.

આ ગ્રંથનો એવો મત નથી. આ ગ્રંથ તો અદ્દલ (સચોટ) વાતને કહે છે. તોલ કરવાના કાંટા ઉપર તોલ કરવામાં આવે તો તેમાં જરા જેટલું પણ સમ-વિષમ (બરાબર કે ઓછું-વધતું) હોય તે દેખાઈ આવે છે. ૩૮. જો અદ્દલ (સચોટ) વાત સમજાય તો શત્રુ હોય તેપણ તે વાતને પ્રમાણ કરે છે. તેમાં જ્યારે એવી કોઈ વાત હોય તો તેને તોલનો કાંટો છુપાવતો નથી. ૩૯.

આ ગ્રંથમાં શ્રીહરિનાં જે ચરિત્રો છે, તે અદ્દલ તોલના કાંટા જેવા છે. તે ચરિત્ર સહુને ગમી જાય તેવાં છે. જો શ્રોતા આંધળો કે બહેરો ન હોય તો..! ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિએ નારાયણ ધૂન કરી તથા સંતોને સત્સંગના સમાચાર પૂછ્યા' એ નામે એકતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર સાતમું : તરંગ - ૪૨

શ્રીહરિ ઊંઝાથી સિદ્ધપુર પધાર્યા અને ત્યાંના લોકોએ સ્વાગત કર્યું

શ્રીહરિ સત્સંગમાં ફરીને આવેલા સંતોને દેશેદેશની વાતો પૂછતા હતા. અરધી રાત સુધી શ્રીહરિ પૂછતા રહ્યા. પછી શ્રીહરિ પોઢી ગયા. ૧. જ્યારે અરુણોદય થયો ત્યારે બધા સંતો 'સ્વામિનારાયણ ધૂન' કરવા લાગ્યા. તે ધૂનનો ધ્વનિ બધે ગાજતો હતો. ૨. ભક્તવત્સલ અને ભક્તપ્રતિપાળ શ્રીહરિએ સ્વામિનારાયણ ધૂન સાંભળી. તેથી તત્કાળ ઊઠ્યા. તેઓ પણ ધૂન કરીને નાહવા ચાલ્યા. ૩. પહેલા જંગલ(શૌચ) જઈ આવ્યા અને તે પછી દાતણ કર્યું. પછી સ્નાન કર્યું. ત્યારે સંતો અને હરિભક્તો સહુ સાથે હતા. ૪. શ્રીહરિએ તે સરોવરમાં ત્રણ દિવસ સુધી સ્નાન કર્યું. સ્નાન કરીને પોતાને ઉતારે આવ્યા.

સુંદર ચાખડીઓ ચરણોમાં પહેરી હતી. ૫. પીતાંબર વસ્ત્ર એક પહેર્યું હતું અને બીજું ઓઢ્યું હતું. પછી બધા જ હરિભક્તોને દર્શન દીધાં. પછી સંતો, વર્ણીઓ અને હરિભક્તોએ પોતપોતાની રસોઈ બનાવી. ૬. ઊંઝા ગામના બધા હરિભક્તોએ સંતોને માટે રસોઈ આપી. શ્રીહરિને માટે સુંદર થાળ બનાવ્યો. એટલે પહેલા શ્રીહરિ જમ્યા. ૭. તે પછી જેટલા સંતો હતા, તેઓ પણ જમવા માટે બેઠા. શ્રીહરિએ આવીને એકવાર પીરસ્યું. તે દિવસે લાડુની રસોઈ બનાવી હતી. ૮. તેથી બબ્બે ત્રણ-ત્રણ લાડુ બધાને આપ્યા. પાર્ષદોને પણ પંગતમાં સહુની સાથે પીરસ્યું. જે દરબાર સાંખ્યયોગનો ધર્મ પાળતા હતા તેમને પણ શ્રીહરિએ પીરસ્યું. ૯. દરબાર એભલ ખાચર અને

દરબાર જીવા ખાચરને શ્રીહરિએ થાળની પ્રસાદી આપી અને બીજા જેટલા દરબારો હતા, તે સહુને બબ્બે પ્રસાદીના લાડુ પહોંચાડ્યા. શ્રીહરિએ અહીંયા ઊંઝામાં આવી લીલા કરી હતી. ૧૦.

આમ બારશનો દિવસ ઊંઝામાં રહ્યા. અને તેરસને દિવસ સુખધામ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. પરમ આનંદમયમૂર્તિ, અવિનાશી અને અત્યંત ઉલ્લાસી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૧૧. શ્રીહરિ ચાલવા તૈયારી કરે છે એવા સમાચાર જ્યારે સાંભળ્યા ત્યારે ગામના પુરુષો અને સ્ત્રીઓ બધા દોડીને શ્રીહરિની પાસે આવ્યા અને ચરણોમાં મસ્તક નમાવ્યા. ૧૨. પછી હાથ જોડીને વિનંતી કરવા લાગ્યા કે આપ અહીંયાં વારંવાર પધારજો. આપનાં દર્શન જ્યારે થાય છે, ત્યારે અમને સમુદ્રના મોજાના જેવું સુખ આવે છે. ૧૩. આપ અહીંયાં ત્રણ દિવસ રહ્યા એમાં અમને અપાર આનંદ થયો. આપ જગતના પતિ છો, જગતના આધાર છો. માટે આવો જ આનંદ ફરીવાર આપજો. ૧૪. પછી શ્રીહરિએ કહ્યું, ‘સિદ્ધપુરમાં સમૈયો કરીને અમે ફરીવાર અહીંયાં આવશું.’ આવું કહીને શ્રીહરિ ઉત્સાહથી ચાલ્યા અને બધા સંઘ પણ શ્રીહરિની સાથે ચાલતા થયા. ૧૫. જ્યારે ત્રણેક કોશ ચાલ્યા ત્યારે વન અને સારી ઘાસવાળી ભૂમિ આવી. શ્રીહરિ સંઘની આગળ ચાલતા હતા. ગાયોનાં ધણનાં ટોળે ટોળાં ત્યાં ઘાસ ચરતા હતા. ૧૬.

❋ ગાયોના વૃંદોનો શ્રીહરિમાં સ્નેહ :

જે વઢિયાર પ્રદેશ કહેવાય છે. ત્યાંના વંશની વઢિયારી (કાંકરેજી) ગાયોના તે ધણ હતા. ગાયોએ આંખોથી શ્રીહરિને દેખ્યા. તેમનાં દિલમાં અપાર હર્ષ થયો અને અત્યંત આનંદવિભોર થઈ ગઈ. ૧૭. ઘાસ ચરતી હતી તે ચરવાનું તત્કાળ બંધ કર્યું. હરેક ગાયોના મોઢામાં ઘાસના કોળિયા ભર્યા હતા. તે બધી ગાયો શ્રીહરિને જોઈને સન્મુખ દોડવા લાગી.૧૮. દસ-વીશ ગોવાળ આડા આવીને ગાયોને રોકવા લાગ્યા. તે ગાયોએ કોઈ ગોવાળને માનો દેખ્યા જ ન હોય તેમ બધી મનમાં અત્યંત આનંદિત થઈને શ્રીહરિની પાસે આવી. ૧૯. ગાયો શ્રીહરિને જોવા લાગી. પૂંછ ઊંચા લીધાં હતાં, હરખ હૈયામાં સમાતો ન હતો. ત્યારે બધી ગાયોએ કાન અને મુખ ઊંચા રાખેલા હતા. ૨૦.

ગાયો હરખના હિંસોરા કરતી હતી. તે બધી ગાયોની આંખો મટકું પણ મારતી ન હતી અને આંખોમાં પાણી ભરાઈ આવ્યા હતા. હર્ષને કારણે તેનાં આંચળમાંથી દૂધના ટીપાં પડવાં લાગ્યાં. ૨૧. આઉમાં દૂધ ભરાઈ ગયું. જાણો પહેલા વેતરની ગાયનું વાછરડું આવ્યું હોય તેટલો આનંદ ગાયોનાં હૈયામાં ભરાઈ ગયો હતો. ગાયો શ્રીહરિની મૂર્તિને જોવામાં તૃપ્તિ પામતી ન હતી. ૨૨. શ્રીહરિ ત્યાં બે ઘડી ઊભા રહ્યા. તે દેખીને ગોવાળોને આશ્ચર્ય થયું. પછી ગોવાળો બોલ્યા, 'અમારી આ ગાયો અમને છોડીને ક્યારેય અમારાથી છૂટી પડે નહિ. ૨૩. ગાયોને અમારા ઉપર હેત એટલું હોય છે કે, તે અમને છોડીને ક્યારેય દૂર જાય જ નહિ. આજ અમે આશ્ચર્ય વાત દેખી. આ ગાયો અમારી રોકી પણ રોકાઈ નહિ. ૨૪. આ ગાયોએ અમને કોઈને દેખ્યા નહિ, અમારો શબ્દ પણ સાંભળ્યો નહિ. લાકડીથી તેમને રોકતા રહ્યા તોપણ ગાયો પ્રેમને લીધે તમારી પાસે આવી. ૨૫.

અમે શ્રીકૃષ્ણ અવતાર સમયની જેવી વાત સાંભળી હતી. તેવી સ્થિતિ આજે અમે સાક્ષાત્ અમારી આંખોથી દેખી છે. ૨૬. પછી જે ગોવાળો હતા તે બધા આવ્યા અને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા અને બોલ્યા કે, આપ સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ અહીંયાં પધાર્યા છો. તે અમે અમારી દૃષ્ટિથી જ દેખીને નિશ્ચય કર્યો છે. ૨૭. ચાહે તેવા કોઈ સિદ્ધ હોય તોપણ અમારી આ ગાયો તેને દેખીને દૂર ભાગે, ક્યારેય કોઈપણ માણસની આગળ આ ગાયો ધીરે નહિ-તેમની આગળ સ્થિર થાય નહિ. ૨૮. દિગંબર કે કપડાવાળા કેટલાએ ખાખી ફરતા હોય છે. મહાસિદ્ધ કહેવાતા હોય છે, શરીર ઉપર વાઘનું ચામડું પહેરનારા હોય છે, તે બધાને દેખીને અમારી આ ગાયો દૂર ભાગી જાય છે. તેની પાસે તો ક્યારેય આવે જ નહિ. વનમાં અમારા સિવાય બીજા કોઈ આગળ આ ગાયો ધીરે - સન્મુખ જોઈને ઊભી રહે, તેવું તો આશ્ચર્ય અમે આજે જ જોયું છે. ૨૯-૩૦.

ગોવાળોનો અતિ શુદ્ધભાવ જોઈને શ્રીહરિએ તેમને નિયમ ધરાવ્યા. દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર એ ચારનો ત્યાગ કરવારૂપ નિયમ આપ્યાં અને 'સ્વામિનારાયણ' નામનું ભજન કરવાનું કહ્યું. ૩૧. શ્રીહરિ જ્યારે

ચાલીને દૂર જતા રહ્યા અને જ્યારે આંખોથી શ્રીહરિ સંપૂર્ણ દેખાતા બંધ થયા, ત્યારે ગાયો ગોવાળોની સાથે ગઈ અને ઉમંગથી ઘાસ ચરવા લાગી. ૩૨. શ્રીહરિ **સિદ્ધપુર**ની પાસે આવ્યા. ત્યારે ત્યાંના હરિભક્તોએ સમાચાર સાંભળ્યા. એટલે સિદ્ધપુરના બધા જ હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૩. સહુએ હાથમાં ફૂલનાં હાર લીધા. કેટલાકે પ્રેમથી શ્રીફળ લીધાં. ઘણા હેતથી હાર પહેરાવ્યા અને પ્રેમભાવથી શ્રીફળ ભેટ મૂક્યાં. ૩૪.

પછી શ્રીહરિના ચરણોમાં પડ્યા અને અતિશય હરખથી ગદ્‌ગદ કંઠ થઈ ગયા. નથુ ભટ્ટ, મયારામભાઈ તથા ઈચ્છાબાઈ એ બધા ભક્તો આવ્યા હતા. ૩૫. ભગવાનજી અને બહેચરજી બંને ચોપદારો હતા. તે શ્રીહરિની ચોપદારીની સેવામાં આવ્યા. ૩૬. ભગવાનજીભાઈ સોમપુરા સલાટ, જે મોટા હરિભક્ત હતા, તેપણ આવ્યા. ૩૭. ઉપર ગણાવ્યા તે બધા સિદ્ધપુરના હરિભક્તો અને તે સિવાયના અપાર પુરવાસી ભાવિક લોકો આવ્યા. એનો કોઈ પાર રહ્યો નહીં. ૩૮. તેઓ અપાર વાજિંત્રો લાવ્યા હતા. વિવિધ રીતે તે વાજિંત્રો વાગતા હતાં. સોનાનાં શણગારોથી શણગારેલા હાથી અને ઘોડાઓને તૈયાર કરી રાખ્યા હતા. ૩૯. પુરવાસી હાકેમ-સરકારી જે મુખ્ય અધિકારી હતા, તેપણ પોતાની સવારી લઈને આવ્યા. સોનાની અંબાડી મૂકેલો અને શણગારેલો એક મોટો હાથી પણ તેઓ લાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ ઊંઝાથી સિદ્ધપુર પધાર્યા અને ત્યાંના લોકોએ સ્વાગત કર્યું' એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥

પૂર સાતમું : તરંગ - ૪૩

હાથી ઉપર બેઠેલા શ્રીહરિની સિદ્ધપુરમાં સવારી નીકળી

જે હાકેમ હતા તે શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. બંને હાથ જોડીને શ્રીહરિને વારંવાર વિનતિ કરી અને પછી તેઓ શુભ રીતે બોલ્યા કે, ૧. 'હે હરે ! આપ અહીંયાં ક્યારેય આવ્યા નથી. આજ પહેલીવાર જ આવ્યા છો.

મહારાજ, આપ તો ભૂમિને પાવન કરવા માટે પ્રકટ થયા છો. ૨. અત્યારે આપની કીર્તિ સાત સમુદ્ર સુધી વ્યાપી રહી છે, અને દિન પ્રતિદિન વધારે વધારે વધતી જાય છે. ૩. તીર્થવાસીઓ બધા વાતો કહેતા હોય છે, તેને અમે કાનથી નિત્ય સાંભળીએ છીએ કે ગિરનાર પર્વતમાં આવીને અત્યારે ભગવાન પ્રકટ થયા છે. ૪.

❋ શ્રીહરિની સર્વોત્તમ ગરિમા :

ધારણા, ધ્યાન અને સમાધિ તે તો મોટા મોટા યોગીઓને પણ દુર્લભ છે. તેઓ અષ્ટાંગયોગને રાત-દિવસ સાધતા રહે છે તોપણ કોઈને સમાધિ આવડતી નથી. ૫. અત્યારે જે લોકો આપનાં દર્શન કરે છે તેમને તત્કાળ જ મહા વિશાળ સમાધિ થઈ જાય છે. જે કોઈ લોક છે તેની બધી વાત અહીંયાં આવીને તરત જ કહે છે. ૬.

चोपाई :

देह ब्रह्मांड की रचना जेती, समाधि करी जन कहत तेती;
जोग अभ्यास किये बिन जेहु, तुमारे दरश से होवत तेहु...०७

अवतार भये वार न पारा, बडे बडे लिये अवतारा;
तीनसे सामर्थ तुम अति धारे, ताके दर्श भये अब वारे...०८

આ દેહ અને બ્રહ્માંડની જેટલી રચના છે, તેને સમાધિ કરીને લોકો કહે છે. અષ્ટાંગયોગનો અભ્યાસ કર્યા વિના પણ માત્ર આપનાં દર્શનથી જ તે બધું થાય છે. ૭. અવતારો ઘણા થયા, તેનો પાર નથી. આપે મોટા મોટા અવતારો ધર્યા છે. પણ આ વખતે આપે તે બધા કરતા વધારે સામર્થ્યને ધારણ કર્યું છે. તેના દર્શન આ વખતે થાય છે. ૮.

આ સમયે આપ પધાર્યા છો તેથી અમારા ભાગ્યનો તો કોઈ પાર નથી. આપ તીર્થને બહાને અહીં પધાર્યા છો તેથી અમને આપનાં દર્શન થયા છે. ૯. આપનો યશ અમે રાત-દિવસ સાંભળીએ છીએ અને અમારું તો હૈયું ભરાઈ જાય છે. અત્યારે આપનાં દર્શન થવાથી અમને શાંતિ થઈ છે. આપે અમારા જન્મને સાર્થક કરી દીધો છે. ૧૦.

આપ સાચા અંતર્યામી છો. આપનાં દર્શન થવાથી મને આટલો ગુણ આવ્યો છે. આપે ચારે વર્ણોનો ઉદ્ધાર કરવા માટે વિપ્ર જ્ઞાતિમાં અવતાર લીધો છે. ૧૧. બધા જ આશ્રમનું મૂળ બ્રહ્મચર્યાશ્રમ છે, એમ ધારીને આપ બ્રહ્મચારી થયા છો. બ્રહ્મચારીમાં વામનજી, નર, નારાયણ અને તે પછી ચોથી મૂર્તિ આપ છો. ૧૨. આપની કળાને હું સહુથી અધિક સમજું છું. સૂર્યની આગળ કરોડો મશાલો કરવામાં આવે તોએ શું ? ૧૩. અવતારની દૃષ્ટિએ આપ સહુ એક છો, તેમાં તલ જેટલો પણ ફેર નથી પણ આપની જેવી મહેર હોય તે પ્રમાણે સામર્થ્યમાં અધિક-ન્યૂન ભાવ રહે છે. ૧૪.

આપ સાચા સંત છો. બીજા કોઈ આપના સમાન સંત નથી. આપ અત્યંત ભક્ત પણ છો અને ઈશ્વર થઈને આપ સહુની રક્ષા પણ કરો છો. ૧૫. આપ સંતોમાં મહાન્ સંત છો અને ભક્તોમાં મહાન્ ભક્ત છો. બીજામાં તો એકપણ ગુણ પૂરો સતત રહેતો નથી, પળપળવારમાં તે ગુણ આવતા જાતા રહે છે. ૧૬. આપમાં સંતના ગુણો અને ભક્તવત્સલતા એ બે ગુણ અખંડ રહ્યા છે અને તેથી જ આપ સાચા સંત છો અને સાચા ભક્ત છો. આપના શુભ ગુણોને દેખીને આખું જગત રાચે છે - શોભે છે. ૧૭.

चोपाई :

जब जब तुम धरत अवतारा, सामर्थ्य को न लहत कोउ पारा;
आपके गुन सम तुमकु जाने, तेहि कर जन न परत ठीकाने...१८
तुमारी क्रिया कहावत जेती, गुनातीत सब से पर तेती;
ताकुं गुनमय करी जो देखे, जमपुरी में सो जात अलेखे...१९
तुममें न रखे ईश्वर भावा, ओरमें कोटिक भाव रखावा;
तेहि कर मोक्ष न होवे ताको, जमपुरी होत निवास हि वाको...२०

આપ જ્યારે જ્યારે અવતારને ધારો છો, ત્યારે આપનાં સામર્થ્યનો કોઈ પાર લઈ શકતું નથી. લોકો પોતાના ગુણ પ્રમાણે તમને જાણે છે, તેથી તેઓ ઠેકાણે પડતા નથી અર્થાત્ તેનો ઉદ્ધાર થાતો નથી. ૧૮. આપની જેટલી ક્રિયાઓ છે તે બધી ગુણાતીત અને સહુથી પર છે. તેને જે ગુણમય માનીને

દેખે છે તે નિશ્ચે જમપુરીમાં જાય છે. ૧૯. આપ પરમેશ્વર હોવા છતાં આપમાં પરમેશ્વરપણાનો ભાવ ન રાખે અને બીજામાં કરોડગણો ભાવ રાખે તેથી તેનો મોક્ષ થાતો નથી. અને તેવાનો તો જમપુરીમાં જ નિવાસ થાય છે. ૨૦.

આપ લોકોના-જીવોના હિતને માટે અવતાર ધારો છો. આપના સમાન અપ્રેરિત હિત કરનારો જીવનો મિત્ર બીજો કોણ હોઈ શકે ? ક્યાં આપ અને ક્યાં જીવ કહેવાય ? છતાં તે જીવ આપની બરાબરી કરવા જાય છે. ૨૧. તે મર્યા પછી કઈ ગતિને પામશે ? તે તો ચંડાળ અને અસુર કરતા પણ વધારે અધમ કહેવાય. કૃતઘ્નીઓમાં ઘોર કૃતઘ્ની અને અસુરોમાં પણ બળવાન અસુર કહેવાય. ૨૨.

ત્યારે શ્રીહરિવરે કહ્યું, 'તમે જેમ કહ્યું તેવું કહેવું તે અમારા મુખથી શોભે નહિ. તેનો જવાબ તો આ સંતો આપશે. હે બુદ્ધિવાન ! હવે તમે આગળ ચાલવાનો પ્રબંધ કરો.' ૨૩. ત્યારે હાકેમે શ્રીહરિનો હાથ પકડ્યો. શ્રીહરિનાં ચરણકમળમાં મસ્તક નમાવ્યું અને પોતાના હાથી ઉપર શ્રીહરિને બેસાડ્યા. પછી પોતે તેમની પાછળ બેઠા. ૨૪. તે વખતે શ્રીહરિએ પોતાના અંગ ઉપર સોનેરી વસ્ત્ર અને સોનાનાં આભૂષણો પહેર્યાં હતાં. કેટલાક શણગાર મોતીના પહેર્યાં હતાં અને કપૂરનાં હાર પહેર્યા હતા. ૨૫. ભાવિક ભક્તોએ શ્રીહરિનાં મસ્તક ઉપર કપૂરનાં તોરા ધરાવ્યા. ભુજાઓ ઉપર કપૂરના બાજુબંધ બાંધ્યા. ૨૬. જેટલા હાથી હતા, તેના ઉપર ચાર ચાર સંતોને શ્રીહરિની આજ્ઞાથી બેસાડ્યા. બીજા સંતોને રથમાં અને મ્યાનામાં બેસાડ્યા. ૨૭. શ્રીહરિએ કહ્યું, 'અમારી આજ્ઞાએ કરીને શહેરની અંદર સવારીમાં કોઈ સંતોએ અશ્વ ઉપર બેસવું નહિ. ૨૮.

⁕ બધા જ તીર્થો સંતોના ચરણમાં છે :

સંતોએ ભૂમિ ઉપર ચાલવું તે રીત ઉત્તમ છે, એમ અમે માનીએ છીએ. ભૂમિ ઉપર ચાલવામાં કોઈ વિઘ્ન નડતું નથી. માટે તેને અમે પરમ પવિત્ર માન્યું છે. ૨૯. ભૂમિ ઉપર ચાલવું તેમાં પોતાનું અને લોકોનું બંનેનું હિત રહ્યું છે. એમ અમે અમારા મનમાં સમજીએ છીએ. સંતો ભૂમિ ઉપર જેટલા ચરણો મૂકે છે, તેટલા પાપોનો નાશ થાય છે. ૩૦.

चोपाई :

संत के चरण करी प्रतापा, तीर्थ अनंत होत निष्पापा;
तीर्थ सन्मुख संत चलत जबहु, सन्मुख तीर्थ आवत तबहु...३१
संत के चरण करत निवासा, होईके मन परम हुलासा;
संत चरण प्रताप अनूपा, जीय मात्रकु करे पावन रूपा...३२

સંતોના ચરણોના પ્રતાપે અનંત તીર્થો પણ નિષ્પાપ થાય છે. સંતો જ્યારે તીર્થોમાં જાય છે ત્યારે તીર્થો સંતોની સામે ચાલીને આવે છે. ૩૧. તીર્થો મનમાં અત્યંત આનંદિત થઈને સંતોના ચરણોમાં નિવાસ કરે છે. એવો સંતોના ચરણોનો પ્રતાપ અજોડ છે. તે ચરણ જીવમાત્રને પાવન કરી દે છે.' ૩૨.

આમ કહીને શ્રીહરિ ચાલતા થયા. તેની શોભા એવી બની હતી કે તેનો કોઈ પાર ન રહ્યો. ડંકા, નોબત અને બીજા જે વાજિંત્રો ભૂમિ ઉપર હતા. ૩૩. તે બધા સવારીમાં આગળ ચાલવા લાગ્યા. તે વાજિંત્રો વિવિધ પ્રકારનો ધ્વનિ કરતા હતા. સવારીમાં જેની સાથે જે અધિક શોભે તેમ જણાય તેને તેની સાથે ચલાવતા હતા. ૩૪. હરિભક્તો ઘણો જ ગુલાલ લાવ્યા હતા. તે સમયે તે ગુલાલ ઉડાડતા હતા. બધા દરબારો જે હાથી, ઘોડા, રથ, મ્યાના, સુખપાલ લાવ્યા હતા. તે બધાને સોનેરી સાજથી શણગાર્યા હતા. તે જોઈને પુરના લોકો ઘણા ખુશ થાતા હતા. બધી સવારી સોનેરી થઈ જવાથી ઘણી શોભતી હતી. પણ આસુરી લોકોનાં મન ઘણા ક્ષોભ પામ્યા. ૩૫-૩૬. જે દૈવી લોકો હતા તે તો સવારીની શોભા જોઈને પોતાના મનમાં અત્યંત રાજી થયા, જે મુખે કહી શકાય તેમ નથી. ૩૭.

જે નિષ્પાપ બુદ્ધિવાળા વેરાગીઓ હતા, તેઓ તો તે શોભાને જોઈને આનંદથી નાચવા લાગ્યા. પણ જે અભાગિયા હતા તેઓ તો ગધેડાની જેમ ભૂંકવા લાગ્યા, નિંદા કરવા લાગ્યા. ૩૮. તે ગધેડા જેવા લોકોને જોઈને અમલદારે-હાકેમે કહ્યું, તેઓ તો ધેનુકાસુરના વંશના છે. ભૂંકવાનો શબ્દ કરીને તેઓ તો પોતાનો દ્વેષ જણાવે છે. અત્યારે તેઓ રાખ ચોળી રહ્યા છે તોપણ રાખનો આ અસુર કેટલો કેફ જણાવે છે. સ્મશાનની રાખ લઈને નખશિખ શરીરે લેપ કર્યો છે. બીજું તેમની પાસે કાંઈ છે નહીં તોપણ કેફ જણાવે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'હાથી ઉપર બેઠેલા શ્રીહરિની સિદ્ધપુરમાં સવારી નીકળી' એ નામે ત્રેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર સાતમું : તરંગ - ૪૪

શ્રીહરિ સિદ્ધપુરવાસીઓને દર્શન દેતા મુકામ પર આવ્યા

સિદ્ધપુરના અમલદાર હાકેમ શ્રીહરિનાં મસ્તક ઉપર પ્રેમભાવથી વારંવાર ચામર કરતા હતા. ૧. દરબાર એભલ ખાચર પોતાના હાથી ઉપર બેઠા અને એક બાજુએ અત્યંત ઉત્સાહથી ચામર કરતા હતા અને બીજી બાજુ દરબાર જીવા ખાચર ચામર કરતા હતા. ૨. સરસ્વતી નદીના પશ્ચિમ કિનારે સિદ્ધપુર નામે મહા શહેર છે. તેમાં લોકોની ભીડ ઘણી જ રહેતી. શહેરને ચારેબાજુ કોટ હતો. ૩. શ્વેત પ્રકાશને ધારી રહેલો તે કોટ જાણે ચાંદીના જેવો હોય તેવો શોભી રહ્યો હતો. વિવિધ પ્રકારના મોટા મોટા સોનેરી કાંગરા તેની ચારેતરફ હતા. ૪. ચોતરફ મોટા બુરજોના ઉપર ઘણી શક્તિશાળી તોપો ગોઠવવામાં આવી હતી. બધી તોપોનાં ભયાનક મુખ ફાડેલા દેખાતાં હતાં. તે દેખીને શત્રુઓને ઘણો જ ભય લાગતો હતો. ૫.

શહેરના જેટલા દરવાજા હતા તે બધા વિચિત્ર પ્રકારના અને ઊંચે આસમાનમાં અડ્યા હોય તેવા દેખાતા હતા. દરવાજાને ફરતા સોનેરી સ્તંભ હતા. ૬. તેના છજાઓ અને કળશ સોનાના હતા. ઉપરના ભાગમાં સોનેરી નિશાન ફરકતાં હતાં. તેના બારણાં વિચિત્ર અને સોનેરી હતાં અને સોનેરી કમાનો સોહામણી લાગતી હતી. ૭. મોતીથી મઢેલા સોનેરી નાળિયેરના તોરણ હરેક દરવાજે બાંધેલા હતા. છજાઓની ઉપર બેઠેલા પોપટ, મેના, કોયલ અને મોર સુંદર રીતે બોલતા હતા. ૮. મોર વગેરે પંખીઓ શ્રીહરિનાં આગમનને સાંભળીને વારંવાર નાચી રહ્યા હતા. તે કોટની પાછળના ભાગમાં ચારેતરફ મોટી ખાઈ કરેલી હતી. તેમાં પાતાળિયું પાણી બારે માસ રહેતું હતું. ૯.

સિદ્ધપુર શહેરની ચારેબાજુ વિવિધ પ્રકારના સારા બાગો અને બગીચાઓ હતા. તેમાં જાત જાતના જે વૃક્ષ હતા તેનો તો કોઈ પાર ન હતો. વૃક્ષોની અને પુષ્પોની જેટલી જાતો કહેવાય છે તે બધી શહેરની ચારેતરફ હતી. ૧૦. તે વૃક્ષોના ઉપર જે પંખીઓ રહેતા હતા તે બધા શ્રીહરિવરને દેખીને પોતપોતાની જાતિના શબ્દોને પરસ્પર બોલવા લાગ્યા. ૧૧. શ્રીહરિ વનની અને પુરની જેટલી રચના હતી તે બધી જોતા આવતા હતા. જેના ઉપર શ્રીહરિની દૃષ્ટિ પડી તે બધા કૃતાર્થ થઈ ગયા. ૧૨.

શ્રીહરિ હાથી ઉપર બેઠા હતા. આગળ ઘણા ચોપદારો હતા. એક એક ચોપદાર વારંવાર “જય જય” “જય જય” કારની વાણી મુખથી બોલતા હતા. ૧૩. શ્રીહરિ સિદ્ધપુર નગરના દરવાજામાં આવ્યા. પુરના લોકોનો કોઈ પાર ન હતો. હાથમાં ફૂલના હાર લઈને લોકોના ટોળે ટોળાં ઊભાં હતાં. ૧૪. જેટલી રાજબજારો હતી, તેમાં સુગંધી કેસરનું પાણી છંટાવ્યું હતું. ઠેકઠેકાણે કેળના સ્તંભો રોપાવીને બજારોને સુંદર બનાવી હતી. ૧૫. કેળના સ્તંભોમાં કેળાની લૂમો લટકતી હતી તથા સ્તંભોને કુંકુમથી રંગ્યા હતા. વૃક્ષોના ઉપર પોપટ અને મેના પોતાની જાતિના શબ્દ કરી રહ્યા હતા. ૧૬. દસ દસ કેળની વચ્ચે એક એક નાળિયેરી રોપી હતી. વૃક્ષો ફળવાળા હતા તેથી વિચિત્ર બાગ બનાવ્યો હોય તેમ જણાતું હતું. ૧૭. ઘાટી વાદળાની ઘટા ઉપસી આવી હોય તેમ માનીને તેના ઉપર મોર નાચવા લાગતા હતા.

બજારમાં દુકાનો અને મકાનો જે હતા તે બધા ઘણા ઊંચા અને માળ બદ્ધ હતાં. ૧૮. મકાનોના જે માળ હતા તેના બધા થાંભલા એકસરખા પંક્તિબદ્ધ હતા. તેમાં સોનેરી ચિત્રો કર્યાં હતાં. મકાનોનાં અને દુકાનોનાં દરવાજા વિચિત્ર ભાતોવાળા કરાવ્યા હતા. ૧૯. પંચરંગી મોતીથી ગૂંથેલા તોરણ દરવાજામાં બાંધી દીધાં હતાં. દરવાજામાં જ સોનેરી મંગળમય કળશ સ્થાપેલા હતા, અને તેના ઉપર મંગળમય બધો સાજ સજાવ્યો હતો. ૨૦. પ્રત્યેક કુંભના ઉપર એક એક શ્રીફળ મૂક્યું હતું. અપાર ધૂપ અને દીપ પણ કર્યા હતા. જમીન ઉપર આઠ પાંખડીના કમળ કરીને તેમાં વિવિધ રંગ ભર્યા હતા. ૨૧. અને તેના ઉપર તે કુંભનું સ્થાપન કર્યું હતું. ત્યાંની

બજારોની શોભા આ રીતની કરી હતી. શ્રીહરિ જ્યારે પધારતા હતા, ત્યારે યોગ્ય સ્થળે વિવિધ પ્રકારના મોતી ભરેલા ઉલેચ બાંધ્યા હતા. ૨૨. જરિયાની ધજાઓ અને પતાકાઓ છજાઓના ઉપર પંક્તિબદ્ધ રીતે ઊભી કરી દીધી હતી. અખિલેશ્વર શ્રીહરિ જ્યારે સિદ્ધપુરમાં પધાર્યા ત્યારે આખું નગર સુવર્ણમય બનીને ખીલી ઊઠ્યું હતું. ૨૩. દુકાનોમાં અને ભવનોમાં બિલોરી કાચનાં ઝાડ લટકાવી દીધાં હતાં. તેમાં વિચિત્ર પ્રકારના રંગ હતા, તેનાથી અદ્‌ભુત શોભા બની હતી. ૨૪.

શ્રીહરિ જ્યારે સિદ્ધપુરની મુખ્ય બજારમાં આવ્યા ત્યારે બંદૂકોના અપાર અવાજ થયા. તેનાથી આકાશ ગાજી ઊઠ્યું. તે સાંભળીને અપાર દેવતાઓ આવ્યા. ૨૫. ભવ, બ્રહ્મા, ઈન્દ્ર, ચંદ્રમા, બાર સૂર્યો અને તેત્રીશ કોટી બધા દેવો હતા. તેઓ બધા વિમાનમાં બેઠા હતા. ૨૬. કેસરયુક્ત ચંદન અને અનેક પ્રકારના પુષ્પોને તેઓ લાવ્યા હતા. શ્રીહરિ જ્યારે રાજબજારમાં આવ્યા ત્યારે દેવોએ ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરી. ૨૭. ફૂલના હાર લઈ લઈને પુરવાસી લોકો જે ઊભા હતા તેઓ અત્યંત પ્રેમથી શ્રીહરિની પૂજા કરતા હતા. ૨૮. પુરની જે સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને મકાનોના ગોખ અને અટારીઓમાં ઊભી હતી. જ્યારે શ્રીહરિ રાજમાર્ગ ઉપર આવ્યા ત્યારે તે સ્ત્રીઓએ શ્રીહરિને મોતીથી વધાવ્યા. ૨૯.

❋ મૂર્તિનું અલૌકિક આકર્ષણ :

શ્રીહરિની સુંદર મૂર્તિના દર્શન કરી લોકોને તૃપ્તિ થાતી ન હતી. દર્શનનાં સુખમાં સહુ બધું ઘરનું કામ ભૂલી ગયા. ઘનશ્યામ શ્રીહરિને સહુ એકીટશે જોઈ રહ્યા હતા. ૩૦. શ્રીહરિ રાજમાર્ગ ઉપર ધીરે ધીરે આવતા હતા અને હજારો લોકો દર્શન કરતા હતા. જેનાં હૃદયમાં જેવી ભાવના હોય તે પ્રમાણે તેઓ બધા પૂજા કરતા હતા. ૩૧. શ્રીહરિ જ્યારે બજારમાં આવ્યા ત્યારે ત્યાં મોતી અને પુષ્પો જે શ્રીહરિને વધાવવા ઉછાળ્યા હતા તે પથરાઈ ગયા હતા. તે રાજમાર્ગ તો એવો સોહામણો લાગતો હતો, કે જાણે મોતી અને ફૂલોની નદી ન બની ગઈ હોય ! ૩૨. બજારમાં જે મહાજનો હતા તે

સહુએ શ્રીહરિની પૂજા કરી. જે લોકો શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા તે બધા અતિ પ્રેમમગન થઈ ગયા. ૩૩.

શ્રીહરિ સિદ્ધપુર નગરમાંથી પૂર્વ દરવાજે બહાર નીકળ્યા અને સરસ્વતી નદીને કિનારે ઉતારો કર્યો. ત્યાં મોટા મોટા આંબલીનાં વન હતા. ત્યાં ઘણા ડેરાઓને ઊભા કર્યા. ૩૪. ડેરાઓનું કોઈ જાણે બીજું જ નગર વસી ગયું હોય એવી તેની શોભા થઈ ગઈ હતી. તેમાં શ્રીહરિનો તંબુ સહુથી ઊંચો હતો. ૩૫. તેના ઉપર બે સોહામણા સુવર્ણ કળશ હતા, બંને કળશ ઘણા મોટા હતા. વિચિત્ર ભાતવાળો પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર શ્રીહરિ બેઠા. ૩૬. શહેરના અધિકારી હાકેમ શ્રીહરિને ઉતારે પહોંચાડીને પછી તે શહેરમાં સવારી લઈને ચાલ્યા ગયા. ૩૭. શ્રીહરિએ હાકેમને અપાર ફૂલહાર આપ્યા. તેઓ જ્યારે ચાલતા થયા ત્યારે એક થાળ ભરીને મીઠાઈ પણ આપી. ૩૮. સવારીમાં બીજા પણ જે મોટા મોટા દુર્ગરક્ષક અધિકારીઓ આવ્યા હતા તેમને શ્રીહરિએ પોતે મીઠાઈના પાત્ર ભરીને આપ્યા. ૩૯. શ્રીહરિએ મુખવાસનાં પાનબીડાં પણ એકે એકને આપ્યા. તેનાથી સહુ ઘણા જ ખુશ થયા અને પછી બધા શહેરમાં ગયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ સિદ્ધપુરવાસીઓને દર્શન દેતા મુકામ પર આવ્યા' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર સાતમું : તરંગ - ૪૫

શ્રીહરિ સિદ્ધપુરમાં પાંચ દિવસ રહ્યા, સંતોને જમાડ્યા અને પધરામણીએ ફર્યા

શ્રીહરિએ સરસ્વતીને કિનારે ઊતારો કર્યો. પછી નદીમાં સ્નાન કરવા તૈયાર થયા. તે સમયે સંતોને અને હરિભક્તોને બધાને સ્નાન કરવા માટે બોલાવ્યા. ૧. સરસ્વતી નદીમાં જઈને સ્નાન કર્યું. ત્યાં જે બ્રાહ્મણો આવ્યા. તેમને ઘણા સ્નેહભાવથી દાન આપ્યા. ૨. જે દરબારો હતા તેમની પાસે

એક એક સોનામહોર તીર્થના બધા બ્રાહ્મણોને અપાવી. તેથી બધા બ્રાહ્મણો ઘણા રાજી થયા. ૩. મોટું તીર્થ જાણીને રાજાઓએ એકેએક બ્રાહ્મણને સીધું આપ્યું. વિપ્રોએ તે સીધું ભાવથી લીધું, તે સીધામાં એક શેર (લગભગ ૫૦૦ ગ્રામ) ઘી અને એક શેર સાકર આપી હતી. ૪. જ્યારે શ્રીહરિ સરસ્વતી નદીમાં તીર્થસ્નાન કરી રહ્યા ત્યારે પાછા ઉતારે આવ્યા.

સિદ્ધપુરમાં શ્રીહરિ પાંચ દિવસ રહ્યા. તે દેશના જે હરિભક્ત વિપ્રો હતા. ૫. તે સંતોને માટે ઘણા જ પ્રેમથી રસોઈ બનાવી દેતા હતા. પાંચ દેશના હરિભક્તોએ એક એક દિવસ નક્કી કરીને એક એક રસોઈ કરાવી હતી. ૬. પહેલે દિવસ ગુજરાત-અમદાવાદ અને આસપાસના પ્રદેશના હરિભક્તોએ બધાએ ભેળા મળીને રસોઈ કરાવી. સાકરનું સીધું અપાવ્યું. ૭. શ્રીહરિને અને સંતોને પ્રેમથી જમાડ્યા. ખૂબ જ સરસ રીતે પૂજા કરી. જેને જેવો મનોરથ હતો તેણે તે રીતે પૂરો કર્યો. ૮. નાનાભાઈ ભટ્ટ, જે મેવાડા વિપ્ર કરજીસણ ગામમાં રહેતા હતા. તે રસોઈ બનાવવામાં મુખ્ય રહેતા. ૯. પહેલી રસોઈમાં તેમણે મોતીચૂરના લાડુ બનાવ્યા હતા. પછી બીજે દિવસ ચરોતર-વડતાલની આસપાસના હરિભક્તોએ રસોઈ દીધી. ૧૦.

બીજી રસોઈમાં જલેબી કરી અને તેમાં ભાઈ રામદાસજીસ્વામી મુખ્ય રહ્યા હતા. ત્રીજી રસોઈ કાઠિયાવાડ-ગઢપુરની આસપાસના હરિભક્તોની હતી. ૧૧. તેમાં મુખ્ય કારિયાણીના માંચા ખાચર હતા. રસોઈમાં દૂધપાક અને માલપૂડા કર્યા. ચોથી રસોઈ બધા ઝાલાવાડ-સુરેન્દ્રનગરની આસપાસના હરિભક્તોની કરી હતી. ૧૨. તેમાં મેથાણના અજા પટેલ મુખ્ય રહ્યા હતા. અને રસોઈમાં બરફી કરી હતી. તે જોઈને ઘનશ્યામ શ્રીહરિ રાજી થયા. ૧૩. પાંચમી રસોઈ કચ્છ-ભુજની આસપાસના હરિભક્તોએ બનાવડાવી હતી. રસોઈમાં અતિશય પ્રેમભાવથી તેમણે વિવિધ પ્રકારના ઘેબર કરાવ્યા હતા. ૧૪. તે રસોઈમાં સુંદરજીભાઈ સુતાર અને ગંગારામ મલ્લ મુખ્ય રહ્યા હતા. જેમણે શ્રીહરિને ઘણીવાર પ્રસન્ન કર્યા હતા. ૧૫.

સુખનિધિ શ્રીહરિ સરસ્વતી નદીમાં ચાર દિવસ નાહ્યા, અને બિંદુ સરોવરમાં એકવાર જઈને નાહ્યા હતા. ૧૬. સંતોને અને હરિભક્તોને

સાથે લઈને શ્રીહરિ અતિ ઉમંગભેર નાહ્યા હતા. હાથી, ઘોડા, રથ, મ્યાના તે બધાને સવારીમાં લઈ ગયા હતા. વાજા વગડાવીને ગયા અને આવ્યા. આ રીતે પુરવાસી લોકોને બધાને દર્શન દીધાં. આમ, ચાર દિવસ સુધી પુરના હરિભક્તોએ ઘણા ઉત્સાહથી શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરી હતી. ૧૭-૧૮.

જે રાજભવન કહેવાય છે તેમાં હાકેમ અધિકારી રહેતા હતા, તેણે શ્રીહરિની પધરામણી પોતાને ઘેર કરાવી. કેસરયુક્ત ચંદન અને બીજા પૂજાના ઉપચારો પૂજા કરવા માટે અપાર લાવ્યા હતા. ૧૯. વેદાદિશાસ્ત્રોમાં જે વિધિ કહ્યો છે તેને અનુસારે ધૂપ, દીપાદિ કર્યા અને તે સમયે નૈવેદ્ય અર્પણ કર્યું. ૨૦. અનેક પ્રકારના વસ્ત્રો અને આભૂષણો પણ લાવ્યા હતા. તે બધું શ્રીહરિવરને સમર્પણ કર્યું. શ્રીહરિનાં અંગો ઉપર કેસરચંદન ચરચ્યું અને ઉમંગથી ફૂલહાર પહેરાવ્યા. ૨૧. બાજુબંધ, તોરા, ગુચ્છ પણ ધરાવ્યા. જરિયાની દુશાલો ઓઢાડ્યો. એક સોનેરી મોટું સિંહાસન (તખત) હતું તેના ઉપર શ્રીહરિને બેસાડ્યા. ૨૨.

चोपाई :

कपुर की लेकर आर्ति उतारी, सब अवतार जाने अवतारी;
स्तुति कीने कर जुग हि जोरी, तुम बडे मति हमार हि थोरी...२३
एक की एक मति रहे सदाई, तुमसे अधिक ओर कोउ न मनाई;
सामर्थ देखावो न देखावो, तुम विन मन ओर करे न ठेरावो...२४

दोहा : तुमारी सामर्थी लईकर, केतेक होत भगवान;
अरुचि रहे सदा ताईकी, देखावे माया अति आन...२५

કપૂરથી આરતી ઉતારી પછી સર્વ અવતારોના અવતારી જાણીને બંને હાથ જોડીને સ્તુતિ કરી. તેમણે કહ્યું કે, આપ તો ખૂબ મોટા છો અને અમારી બુદ્ધિ થોડી છે. ૨૩. મહારાજ ! મને આપનાં સ્વરૂપમાં કાયમ એકસરખી મતિ-સમજણ રહે, મારા મનમાં આપના કરતા કોઈ અન્ય અધિક ન મનાય. આપ કોઈ સામર્થ્ય બતાવો કે ન બતાવો પણ મારું મન આપના સિવાય બીજા કોઈમાં ઈષ્ટદેવનો નિશ્ચય ન કરે. ૨૪. આપની પાસેથી કાંઈક સામર્થ્ય

મેળવીને કેટલાક લોકો ભગવાન થઈ બેસે છે, પણ મને તેવા ભગવાનની સદા અરુચિ રહે. ભલેને તેઓ બીજી કોઈ મોટી માયાને દેખાડે. ૨૫.

આપના જેવી મૂર્તિ દેખાડે, આપના જેવી જ બોલ-ચાલ જણાવે, અને હાવભાવ પણ આપના જેવા જ ભલે બતાવે પણ મને તેનો સદા અભાવ રહે. ૨૬. આપના સિવાય અન્ય કોઈ ભગવાન છે એમ આપ શ્રીમુખથી કહો, તોપણ મારી મતિ ફરે નહિ અને આપનાં સ્વરૂપમાં મારી મતિ સદા એકસરખી રહો. એવી કૃપા રાખજો. ૨૭. આ સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી અને ભાઈ રામદાસજી બંને સંત સદા ત્રિકાળદર્શી છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનને કહી શકે છે. ૨૮.

આપનાં સંતમંડળમાં સંતદાસ પણ તેવા જ ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાત કહી શકે છે. સ્વરૂપાનંદસ્વામી અને વ્યાપકાનંદસ્વામી પણ સાક્ષાત્ ઈશ્વરના જેવા સંત છે. ૨૯. હું સમજું છું કે તે સંતોમાં પણ આપનું જ સામર્થ્ય છે. યોગ્ય સુપાત્રને આપ સામર્થ્ય આપો છો. આપ ભૂલથી પણ ક્યારેય કુપાત્રને સામર્થ્ય આપતા નથી. ૩૦. છતાં પણ જે અતિશય કુપાત્ર જીવો છે તે આપની દેશી (અનુકરણ) કાઢીને ચાલે છે. જેણે આપનો ભય છોડી દીધો છે, પછી તે તો શું ઉત્પાત ન કરે ? ૩૧. આપની ઓથ લઈને કોઈ જીવોની હિંસા કરતો હોય તો તે કોઈના ઓળખ્યામાં આવતો નથી. અને જે અત્યંત કુપાત્ર જીવ હોય છે તે તો પોતાનું વર્તન સહુથી અધિક દેખાડે છે. ૩૨.

અંતર્યામી પરમાત્મા સિવાય બીજો કોઈ મનુષ્ય ક્યારેય તે કુપાત્રની માયાને કળી શકતો નથી. તે મનુષ્ય જ્યારે પોતાની માયા કરે છે ત્યારે તેમાં તત્કાળ કોણ મોહ ન પામે ? ૩૩. જ્યારે સરસ્વતીએ માયા રચી ત્યારે ઈશ્વર ગણાતા બ્રહ્મા પણ મોહથી આંધળા થઈ ગયા હતા. બ્રહ્મા તો વેદમૂર્તિ કહેવાય. તેમના સમાન કોઈ સમર્થ નથી છતાં પણ તેમ થયું. ૩૪.

चोपाई :

श्रीहरि कहे अहंकार हि जोउ, कोई वात को न रखना सोउ;
एक दीन के हरिजन कहाये, स्वामिनारायण मुख जे रहाये...३५

ताके होईके वर्तना दासा, मन क्रम वचने परम हुलासा;
उपर से ओरा अंतर से ओरा, नाहिं वर्ते समर्थ होई जोरा...३६

ત્યારે શ્રીહરિએ કહ્યું, કોઈપણ જાતનો અહંકાર રાખવો નહિ. સત્સંગી થયા તેને હજી એક જ દિવસ થયો હોય, મુખથી 'સ્વામિનારાયણ' જે બોલતો હોય, તેવા ભક્તના મન, કર્મ અને વચને પરમ આનંદથી દાસ થઈને રહેવું. ઉપરથી કાંઈ જુદું વર્તન અને અંદરથી કાંઈ જુદું વર્તન, એમ જે ન વર્તે તે તો ઘણા સમર્થ હોય છે. ૩૫-૩૬.

दोहा : समर्थ त्युं गरीब अति, कोउ कहे कटुक वचन;
जुक्ती से न पीरे ताहीकु, आकाश ज्युं वर्ते तन...३७
दाव पेच नहि कोउ पर, मित्र होई वर्ते आप;
ज्युं ज्युं शुभ गुन आव हि, त्युं त्युं वर्ते अमाप...३८

જેમ વધારે સામર્થી હોય તેમ વધારે ગરીબ થઈને રહેવું. કોઈ કડવું વેણ કહે તોપણ યુક્તિએ કરીનેય તેને પીડવા નહીં. અને આકાશની જેમ દેહથી નિર્લેપ વર્તવું. ૩૭. કોઈની ઉપર દાવ-પેચ રાખે નહીં. સ્વયં મિત્ર થઈને વર્તે અને જેમ જેમ શુભગુણ આવે તેમ તેમ અમાપ નિર્માની વર્તે. ૩૮.

આવા ભક્તને સત્સંગ કરતા કરતા ક્યારેય કોઈ જાતનું વિઘ્ન આવતું નથી. કદાચ કોઈ આવીને અપમાન કરે તોપણ તેનો મિત્ર કરતા પણ વધારે ગુણ ગ્રહણ કરે. ૩૯. જે અંતર્યામી મળ્યા છે, તેના ઉપર જ ધ્યાન-વૃત્તિ રાખે. તે અંતર્યામી પ્રકટ પ્રભુ અત્યારે સાક્ષીરૂપે સર્વમાં રહીને તલતલ જેટલુંય જાણે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ સિદ્ધપુરમાં પાંચ દિવસ રહ્યા, સંતોને જમાડ્યા અને પધરામણીએ ફર્યા' એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર સાતમું : તરંગ - ૪૬

શ્રીહરિએ સિદ્ધપુરમાં ચોરાશી કરી, રુદ્રમાળ તથા બિંદુ સરોવરને પાવન કર્યું પછી છઠ્ઠે દિવસે ઊંઝા પધાર્યા

શ્રીહરિએ પાંચમે દિવસ સિદ્ધપુરમાં વિપ્રોને બોલાવ્યા. સરસ્વતી નદીને કિનારે બ્રાહ્મણોની મોટી ચોરાશી કરાવી. ૧. નાના મોટા બધાને જણ દીઠ શેર સાકર અને શેર ઘી આપ્યું. વળી ફરીવાર પણ વગર માપે ઘી આપ્યું. આવી રીતે ચોરાશી કોઈએ નહોતી કરી. ૨. સરસ્વતીને કિનારે એક કોશ જેટલા વિસ્તારમાં અપાર વિપ્રો, બાઈ-ભાઈ ભેળા થયા. જેને જેવો ભાવ હતો તેવી રીતે ઘી ઠારીને લાડુ બનાવ્યા. ૩. શ્રીહરિએ વિવિધ પ્રકારના તેજાના લાડુમાં નખાવ્યા. છતાં વિપ્રો જમવા બેઠા ત્યારે ઉપરથી છૂટી ધારે ઘી પિરસાવીને જમાડ્યા. ૪. જ્યારે ચાર ઘડી દિવસ બાકી હતો ત્યારે બધા વિપ્રો જમી રહ્યા. જમતા જમતા તેમની પૂજા કરી અને એક એક રૂપિયાનું દાન આપ્યું. ૫.

શ્રીહરિએ વિપ્રોમાં પણ જે મુખ્ય હતા, તે વિપ્રને પાસે બોલાવીને સુવર્ણના સાજથી શણગારેલો એક અશ્વ દાનમાં આપ્યો અને તે સિવાય બીજા વસ્ત્ર તથા આભૂષણોનું પણ દાન કર્યું. ૬. પછી વિપ્રોએ પોતાની જ્ઞાતિને સમૂહમાં જમવા માટે રાંધવાના મોટા ત્રાંબાના વાસણ માગ્યા, તે પ્રમાણે શ્રીહરિએ તેમને વાસણો ઘણા પ્રેમથી લઈ અપાવ્યા. ૭. કેટલાક વિપ્ર બટુઓને યજ્ઞોપવીત અપાવી અને કેટલાક કન્યાદાન પણ કરાવ્યા. વિપ્રો ખૂબ જ પ્રસન્ન થયા અને શ્રીહરિને તે વિપ્રો આશીર્વાદ આપવા લાગ્યા કે, ૮. તમારી કીર્તિ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામો. તમારી કીર્તિ કોઈ દિવસ લગારેય ખંડિત નહિ થાય. હવે, આ ભૂમિ રહે ત્યાં સુધી આપની કીર્તિ રાત-દિન વધતી રહો. ૯. ત્યાં રહેનારા મઠધારી અતીતોને બોલાવીને શ્રીહરિએ જમાડ્યા. જે અગિયાર રુદ્રો કહેવાય છે, તેનું સિદ્ધપુરમાં મોટું સ્થાન છે. ૧૦.

તે રુદ્રમાળ નામે આખા દેશમાં પ્રસિદ્ધ છે. ત્યાં શ્રીહરિએ જઈને દર્શન દીધા. તે રુદ્રમાળને એકના ઉપર બીજો એમ ઉપરાઉપર અગિયાર માળ છે. ૧૧. તે રુદ્રમાળ વિશ્વકર્માએ કર્યો છે. તે વિના એ કોઈથી બની

શકે નહિ. બિંદુ સરોવરના પાણીમાં કર્દમ ઋષિ તપ કરી રહ્યા હતા. ૧૨. અને તેમના સિવાયના બીજા અનેક સિદ્ધો ત્યાં તપ કરતા હતા. તેને શ્રીહરિ જાણતા, પણ બીજાને તેની ખબર ન હતી. ૧૩.

સંતોને અને હરિભક્તોને લઈને શ્રીહરિએ બિંદુ સરોવરમાં સ્નાન કર્યું અને તત્કાળ જ તે સિદ્ધોનો ઉદ્ધાર થયો, તે સહુએ દેખ્યું. ૧૪. કર્દમ ઋષિ અને બીજા અનંત સિદ્ધોને બદરિકાશ્રમ મોકલ્યા. તે પર્વતભાઈ જેવાને પ્રકટ દેખાયું. ૧૫. સિદ્ધપુરમાં જે જે હરિભક્તો આવ્યા હતા. તેઓ પોતપોતાના દેશના ભેળામળીને સંતોની અને શ્રીહરિની પૂજા કરવા અનુક્રમે આવ્યા. ૧૬. તે બધા હરિભક્તો કેસરવાળું ચંદન અને ફૂલહાર શ્રીહરિને વારંવાર ચઢાવતા હતા. તેમજ વિવિધ પ્રકારના વસ્ત્રો અને આભૂષણોને અપાર હેતથી અર્પણ કરતા હતા. ૧૭. જેને જેવો મનોરથ હતો તેણે તેવો લાભ લીધો. પ્રસાદીનાં કેસરચંદન તો બ્રહ્માદિક દેવોને પણ દુર્લભ છે. ૧૮. તેવું પ્રસાદીનું કેસરચંદન લઈને હરિભક્તો સંતોની પૂજા કરવા લાગ્યા. ફૂલના હાર લાવીને પ્રત્યેક સંતને એક એક હાર પહેરાવતા અને એક એક વસ્ત્ર ઓઢાડતા હતા. ૧૯.

ગાનકળામાં જે સંતો કુશળ હતા. તેઓ ઝાંઝ અને મૃદંગ વગાડતા વગાડતા વસંત તથા હોરીના પદ ગાતા. તેમજ ધુમાર આદિ રાગોને ગાતા હતા. ૨૦. નિત્ય આનંદ ઉત્સવ છવાઈ જતો. પુરના લોકોની ભીડ સતત રહેતી હતી. લોકો અનેક પ્રકારના પ્રશ્ન કરતા અને ત્યારે શ્રીહરિ તેનો તેવો ઉત્તર કરતા. ૨૧. પ્રશ્ન પૂછનારાનો જેવો ભાવ હોય તેવો શ્રીહરિ બરાબર સમજી લેતા. પછી તેને ઉત્તરમાં કોઈ શંકા ન થાય એવો ઉત્તર શ્રીહરિ કરતા હતા. ૨૨. શ્રીહરિ સ્વયં અંતર્યામી છે. તેથી પ્રશ્ન હોય તેવો યથાર્થ ઉત્તર આપતા હતા. જેટલા પંડિતો અને પુરાણીઓ આવતા હતા. તેઓ શ્રીહરિનાં મુખથી પ્રશ્નના ઉત્તર સાંભળીને ગુલતાન થઈને પાછા જાતા હતા. ૨૩. જેનાં મનમાં જેવો અભિપ્રાય હોય તેને તેવો પ્રત્યુત્તર શ્રીહરિ કહેતા હતા, તેથી તેઓ આશ્ચર્ય પામીને જતા હતા. ૨૪. તે પ્રશ્ન પૂછનારા બધા લોકો શ્રીહરિને "આ ચોક્કસ અંતર્યામી છે" એવું જાણતા. અને બોલતા કે આ કળિયુગમાં સર્વનું કારણ એવા ભગવાન પ્રકટ થયા છે. ૨૫.

❋ શરણાગતિની મહત્તા :

सोरठा : अपनो भाग्य अपार, घर बेठे दर्शन भयेउ;
मिले न कोउ वार, भाग्य बिन कोटि जन्म लग...२६
याके भये शरन, ताके भाग्य को पार कहा;
छूट गये जन्म हि मर्न, लखचोराशि जमपुरि दुःख...२७

આપણાં અપાર ભાગ્ય છે કે આપણને ઘેર બેઠા ભગવાનનાં દર્શન થયા છે. ભાગ્ય વિના તો કરોડ જન્મ વીતી જાય તોપણ ભગવાન ક્યારેય મળે નહિ. ૨૬. જે લોકો આ પ્રભુને શરણે થયા છે તેના ભાગ્યનો તો શું પાર કહેવો ? જે શરણે ગયા છે તેઓ તો જન્મ, મરણ, લખચોરાશી અને જમપુરીના દુઃખથી છૂટી ગયા છે. ૨૭.

चोपाई :

आपन शरन नहि होत ज्यां लगही, जन्ममरण न छूटत त्यां लगही;
जन्म मरण छूटे बिन कबहु, चोरासी न छूटत त्यां लग तबहु...२८

જ્યાં સુધી આપણે આ શ્રીહરિને શરણે નહિ જાઈએ ત્યાં સુધી જન્મ મરણથી છૂટશું નહિ. અને જ્યાં સુધી જન્મ મરણથી છૂટીએ નહીં, ત્યાં સુધી ક્યારેય લખચોરાશીથી છૂટાશે નહિ. ૨૮. શ્રીહરિનો સાક્ષાત્ પ્રતાપ દેખીને લોકો અરસપરસ આવી વાતો કરતા હતા. શ્રીહરિ સિદ્ધપુરમાં પાંચ દિવસ રહ્યા. અલૌકિક સમૈયો થયો. ૨૯. અને જ્યારે સંધ્યા સમય થતો ત્યારે "સ્વામિનારાયણ ધૂન" કરતા. ધૂનની સાથે તાલ અને મૃદંગ આદિ વાજિંત્રો વાગતા. શ્રીહરિનાં દર્શન કરતા ઘણો જ ઉમંગ થાતો હતો. ૩૦. શ્રીહરિએ તે દિવસ મધરાતે અને સવારે દોઢ પહોર ધૂન કરી હતી.

શ્રીહરિ છઠ્ઠે દિવસ ત્યાંથી નીકળવા તૈયાર થયા. આવ્યા ત્યારે જે રીતે બધી સવારી આવી હતી તેવી જ જતી વેળાએ પણ બધી સવારી બની હતી. ૩૧. શણગારેલા હાથીને લઈને હાકેમ આવ્યા હતા. હાથી ઉપર સોનાની બનાવેલી અંબાડી મૂકી હતી. હાકેમે આવીને પ્રાર્થના કરી. ૩૨. શ્રીહરિને હાથી ઉપર બેસાડ્યા. સ્વયં હાકેમ શ્રીહરિને ચામર કરતા હતા. શ્રીહરિની સાથે જે સવારી હતી અને સંઘ હતો, તે બધા સિદ્ધપુર શહેર

વચ્ચેથી ચાલ્યા. ૩૩. સંતો અને હરિભક્તોની રીત (વર્તન) દેખીને પુરવાસી લોકોનાં મનમાં ઘણો જ પ્રેમ થયો. શ્રીહરિ જ્યારે રાજમાર્ગ ઉપર આવ્યા ત્યારે ત્યાં હજારો પુરવાસી લોકો ઊભા હતા. ૩૪. શ્રીહરિ જ્યારે સિદ્ધપુર શહેરમાંથી ચાલ્યા ત્યારે પુરવાસી લોકો ઉદાસ થઈ ગયા. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં અને શ્રીહરિના ઉપર પુષ્પ વૃષ્ટિ થતી હતી. ૩૫.

પુરવાસીઓને દર્શન આપતા શ્રીહરિ શહેરની બહાર નીકળી ગયા. પા કોશ (લગભગ ૧ કિ.મી.) જેટલું ચાલ્યા હશે પછી શ્રીહરિ હાથી ઉપરથી નીચે ઊતરી ગયા. ૩૬. હાકેમ વિનયથી હાથ જોડીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા અને બોલ્યા કે આ સિદ્ધપુર ધામ આપનું જ છે. ફરીવાર આવીને મને દર્શન આપજો. ૩૭. શ્રીહરિએ હાકેમને પ્રેમથી બોલાવીને રાજી કર્યા. પછી શ્રીહરિ પ્રેમમગન થઈને ત્યાંથી ચાલ્યા અને **ઊંઝા**માં આવીને રાત રહ્યા. ૩૮. ત્યાં આવીને બધા સંઘે રસોઈ બનાવી. પછી શ્રીહરિ, સંતો અને સહુ હરિભક્તો પ્રસન્ન મનથી જમ્યા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિએ સિદ્ધપુરમાં ચોરાશી કરી, રુદ્રમાળ તથા બિંદુ સરોવરને પાવન કર્યું પછી છઠે દિવસે ઊંઝા પધાર્યા' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર સાતમું : તરંગ - ૪૭

શ્રીહરિ વીસનગર પધાર્યા તથા ભક્તોને સત્સંગનું સુખ આપ્યું

શ્રીહરિ સવારે ઊંઝાથી ચાલ્યા **વિસનગર** આવ્યા. ત્યાંના બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧. વ્યાસ મોતીરામ, વિપ્ર બળદેવ, દોશી દયારામ, શાહ જેચંદ, શાહ ઝુમખરામ, સોની પીતાંબર, ગણેશ, અંબારામ, ભાવસાર વનમાળી, હરિભાઈ, પાનાચંદ, પીતાંબર એ આદિક હરિભક્તોના ટોળે ટોળા આવ્યા. તે બધા આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૨-૪. તે હરિભક્તો એકેક ફૂલહાર લાવ્યા હતા. તે ઘણા પ્રેમથી

શ્રીહરિને પહેરાવ્યા. સહુએ એકેક શ્રીફળ લાવીને શ્રીહરિ આગળ ધર્યાં. સહુનાં હૃદયમાં આનંદ છવાઈ ગયો હતો. ૫. હરિભક્તો સિવાયના બીજા લોકો પણ અનંત આવ્યા. ગણતાં ગણતાં તેનો અંત આવતો નથી.

પુરમાં રહેતા સરકારી અમલદાર પણ સવારી લઈને આવ્યા. ૬. જેટલા ડંકા, નિશાન અને વાજિંત્ર હતા તે બધુ લાવ્યા હતા. રણશિંગુ, ભેર, તુરાઈ, ત્રાંસા, ઢોલ એવા બધાં વાજિંત્રો નિરંતર વાગતાં જ હતાં. ૭. શ્રીહરિની સાથે જે રાજાઓ હતા તે અંબાડીવાળો હાથી લાવ્યા. શ્રીહરિ આવીને તે હાથી ઉપર બેઠા અને તે રાજા જ હરખભેર ચામર કરવા લાગ્યા. ૮. તે હાથીને સોનાના શણગારોથી સજાવ્યો હતો, અને તેવી જ સજાવેલી અંબાડી તે હાથીના ઉપર મૂકી હતી. તે અંબાડીના ઉપર સોનાના દસ કળશ સોહામણા લાગતા હતા. ૯. અંબાડીને સોનાની છ થાંભલીઓ હતી. તે વિચિત્ર પ્રકારથી શોભાડી હતી. છજાની ઉપર બે સોનાનાં કમળ ઘણા જ શોભતા હતાં. ૧૦.

શ્રીહરિ તે હાથી ઉપર બેઠા. સ્વરૂપનાં ઉપર અત્યંત શોભા ધારણ કરી હતી. સુગંધથી ભરેલુ કેસરયુક્ત જે ચંદન, તે શ્રીહરિનાં લલાટમાં હેતથી ચરચ્યું હતું. ૧૧. શ્રીહરિએ જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં. સુવર્ણના બધા શણગાર ધાર્યા હતા, મોતીના તોરા અને મોતીના હાર તે વેળાએ અંગો ઉપર ધાર્યા હતા. ૧૨. આ રીતે શ્રીહરિ ચાલતા થયા અને દરવાજા પાસે આવ્યા. ગામને ફરતો સારો કોટ હતો. કોટમાં વચ્ચે વચ્ચે બુરજ હતા. ૧૩. વિચિત્ર પ્રકારના કાંગરા હતા અને બધા દ્વાર પણ વિચિત્ર હતાં. તે દ્વાર તો ઊંચે આસમાન સુધી હતાં. તેની શોભાનો કોઈ પાર ન હતો. ૧૪. તેના બારણા-કમાડ સોને મઢેલાં હતાં. દરવાજામાં મોતીનાં તોરણ બાંધ્યાં હતાં. દરવાજાનો ઘાટ ઘણો સુંદર હતો. તેના જેવો ઘાટ બીજે કોઈ પુરમાં ન હતો. ૧૫.

કોટની બહારના ભાગમાં પાણી ભરેલી ખાઈ સોહામણી લાગતી હતી. વિસનગર પુર એવું સોહામણું હતું. તેને શ્રીહરિ જોઈ રહ્યા હતા. ૧૬. પુરને ફરતા ચોતરફ અપાર બાગ અને બગીચાઓ વિવિધ પ્રકારના હતા. જાત જાતના વૃક્ષો તેમાં હતા, તેનાથી તે બાગ બગીચાઓ અતિશય

શોભતા હતા. ૧૭. જાતજાતના પંખીઓ જે ત્યાં હતા, તે શ્રીહરિને દેખીને હરખભેર કલરવ કરવા લાગ્યા. તેનાથી વન અને વૃક્ષો પડછંદાથી ગાજી રહ્યા હતા. ૧૮. શ્રીહરિ રાજમાર્ગમાં આવી ગયા. તેમાં અપાર શોભા કરી હતી. જેટલા મંગળમય પદાર્થો કહેવાય છે તે બધા બજારમાં સજાવીને રાખી દીધા હતા. ૧૯. જેવી સિદ્ધપુરમાં શોભા કરી હતી તેવી જ અહીંયાં પણ કરી હતી. જેટલા પુરજનો હતા તે બધા બજારમાં આવીને ઊભા હતા. ૨૦.

એક સામટા લોકો આવી જવાથી ઘણી ઘાટી ભીડ થઈ હતી. સહુએ ઘરનાં કામ અધૂરાં પડ્યાં મૂક્યાં હતાં. શ્રીહરિનાં દર્શન કરવા માટે મન પ્રસન્ન કરીને સહુ ઊભા હતા. ૨૧. બધા જ લોકોએ હાથમાં ફૂલહાર લીધા હતા તે શ્રીહરિ નજીક આવે ત્યારે પહેરાવતા હતા. સહુ ગુલાલના થાળ ભરી ભરીને લાવ્યા હતા. તેને ધર્મના લાલ પધાર્યા છે તેના ઉત્સાહમાં ઉડાડવા લાગ્યા. ૨૨. ગામની બધી સ્ત્રીઓ મકાનના ગોખમાં અને અટારીઓમાં મોતીના થાળ ભરી ભરીને ઊભી હતી. ત્યારે પાર ન આવે તે રીતે શ્રીહરિને વધાવતી હતી અને અપાર પુષ્પોની વૃષ્ટિ કરતી હતી. ૨૩. કેસરચંદનનો વરસાદ કરીને પુરવાસી લોકો આનંદ માણતા હતા. શ્રીહરિ બજારમાં ધીરે ધીરે આગળ વધતા હતા અને લોકો “જય જય” એમ એકધારા બોલતા હતા. ૨૪. વીસનગરના મહાજનોએ દુકાનોને વિચિત્ર રીતે સજાવી હતી. શ્રીહરિ પધારે છે તેમ સાંભળીને તો બધામાં આનંદ વ્યાપી ગયો હતો. ૨૫.

જેનાં મનમાં જેવો ભક્તિભાવ હોય તે પ્રમાણે સૌ શ્રીહરિને પૂજતા હતા. ઘનશ્યામ શ્રીહરિની સવારીને જોઈને તો સહુનાં દિલમાં ઉત્સાહ ઊભરાતો હતો. ૨૬. કેટલાંક સંતો હાથી ઉપર બેઠા હતા. કેટલાક રથમાં અને કેટલાક મ્યાનામાં બેઠા હતા. ૨૭. કેટલાક સુખપાલમાં બેઠા હતા અને બીજા ભૂમિ ઉપર ચાલ્યા આવતા હતા. સહુના લલાટમાં કેસરચંદનની અર્ચા હતી અને ફૂલહાર પહેર્યા હતા. ૨૮. જે પાર્ષદો શ્રીહરિની આગળ ચાલતા હતા તે બધા બંદૂકોના અવાજ કરતા હતા. બંદૂકોનો અવાજ તો એટલો બધો જોરદાર થાતો હતો કે તેનાથી તો બધું ગગન ગાજી ઊઠતું હતું. ૨૯.

જેટલા ચોપદાર શ્રીહરિની આગળ ચાલતા હતા તે બધા મુખથી ‘‘જય જય’’ ‘‘જય જય’’ના શબ્દો બોલતા હતા.

શ્રીહરિ પુરજનોને આ રીતે દર્શન દઈને પૂર્વ તરફને દરવાજે પ્રેમથી આવ્યા. ૩૦. દરવાજાની પાસે જ એક શિવાલય હતું. તે ભીમનાથ એવા નામે પ્રસિદ્ધ હતું. તે જગ્યામાં આવીને શ્રીહરિવર ઊતર્યા. તે સ્થાન શ્રીહરિના મનમાં ગમી ગયું. ૩૧. સંતો, વર્ણીઓ અને સંન્યાસીઓ બધા જ તે શિવાલયની જગ્યામાં ઊતર્યા. શ્રીહરિની સાથે જેટલા પાર્ષદો હતા તે બધાનો પણ ત્યાં ઊતારો કરાવ્યો. ૩૨. દરબારો અને અન્ય હરિભક્તો હતા તે બધા તે જગ્યાથી બહાર ઊતર્યા. શ્રીહરિ વીસનગરમાં ત્રણ દિવસ રહ્યા. હરિભક્તોએ શ્રીહરિની બહુ સેવા કરી. ૩૩. નવીન નવીન પકવાન કરાવીને શ્રીહરિને અને સંતોને જમાડ્યા. ઘેર ઘેર શ્રીહરિ અને સંતોની પધરામણી કરી, પૂજા કરી, જેનું વર્ણન થાતું નથી. ૩૪. શ્રીહરિનાં અંગો ઉપર કેસરયુક્ત ચંદનની અર્ચા કરતા. હૃદયમાં ઉમંગ ઘણો ભર્યો રહેતો. વિવિધ પ્રકારના ફૂલના શણગાર શ્રીહરિને ધરાવ્યા જેનો કોઈ પાર ન રહ્યો. ૩૫.

કપૂરની આરતી ઉતારીને સ્તુતિ કરતા હતા. મેવા અને મીઠાઈના થાળ ભરી ભરીને તત્કાળ શ્રીહરિની આગળ ધરતા હતા. ૩૬. જેને જેવી સંપત્તિ હોય તે પ્રમાણે તેઓએ પૂજા કરી. અને જેને જેવી ભાવના હોય તેવા તે શ્રીહરિને સમર્પિત થયા. ૩૭. ભક્તોએ કેસરચંદન લઈને પ્રેમથી સંતોની પણ પૂજા કરી. સરસ રીતે ફૂલના હાર પહેરાવીને વસ્ત્ર ઓઢાડ્યા. ૩૮. પ્રતિવર્ષ ચાતુર્માસમાં પાળવાના વિશેષ નિયમો-વ્રતો તે બધા શ્રીહરિએ સહુને સરસ રીતે કહ્યા. ૩૯. ચાંદ્રાયણ વ્રત ભિન્ન ભિન્ન રીતે જેમ કરાતું હોય, તેના અનંત પ્રકાર તેપણ કહ્યા. બીજા વ્રતોનો નિર્ણય કહ્યો અને નિત્યાનંદ મુનિને મુખે તે બધું વંચાવ્યું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં ‘શ્રીહરિ વીસનગર પધાર્યા તથા ભક્તોને સત્સંગનું સુખ આપ્યું’ એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર સાતમું : તરંગ - ૪૮

શ્રીહરિના ચરિત્રોનું પુનઃ વિહંગાવલોકન કર્યું

વડનગરના હરિભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરી. દિલની સર્વોચ્ચ પ્રેમભાવનાથી તેમણે શ્રીહરિને પોતાના પુરમાં પધરાવ્યા. ૧. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ ગઢપુરમાં કેટલાક દિવસ રોકાઈને દરબાર દાદા ખાચરને જે વડનગરની લીલાની વાત કહી હતી, તે વાતને હવે કહું છું. ૨. શ્રીહરિ જે વરસમાં સ્વધામ પધાર્યા હતા તે સમયે બધા સંતો ગઢપુરમાં રહ્યા હતા. અને સહુને ઘણો જ શોક થયો હતો. ૩. અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી બંને આચાર્યોને શ્રીહરિના દત્તપુત્ર સમજીને, તેમને પણ શ્રીહરિનાં ચરિત્રો સંભળાવ્યાં હતાં. ૪.

જે નિમિત્તે શ્રીહરિનો અવતાર થયો હતો તેની તો કોઈને લગારેય ખબર જ નથી. જે દુર્વાસાના શાપથી ધર્મદેવ પ્રકટ થયા હતા. ૫. તે રીતે જે નિમિત્તે ભક્તિદેવી પ્રકટ થયા હતા અને બંનેએ મળીને ઘણુ તપ કર્યું, તે રીતે જ અનંત મુનિઓએ દેહ ધર્યા, બીજા મુક્તો પણ અનંત આવ્યા. ૬. આ ગ્રંથના આરંભમાં તે બધી વાત કહી છે. હરિભક્તો આગળ તે બધી વાત સાક્ષાત્ પ્રસિદ્ધ કરી છે. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીને શ્રીહરિએ જે વાત કહી હતી તે બધી વાત યાદ રાખી છે. ૭. શ્રીહરિનો પ્રાદુર્ભાવ અને તે પછીના અગિયાર વરસના ચરિત્ર, રામપ્રતાપજી મહારાજ અને સુવાસિની બાઈ જાણતા હતા. ૮. ઈચ્છારામભાઈ પણ કાંઈક જાણતા હતા. તેઓ જે જાણતા તે કહેતા હતા. સુવાસિનીબાઈ પણ હરિભક્ત બાઈઓ આગળ તે હરિચરિત્રોની વાતો કહેતા. ૯.

આ દેશમાં શ્રીહરિએ જે ચરિત્ર કર્યા તેને જીવુબાઈ તેમને કહેતા હતા. જીવુબાઈ, રાજબાઈ અને લાડુબાઈ, ૧૦. એ ત્રણેયે શ્રીહરિના ચરિત્રોને બહુ યાદ રાખ્યા હતા. અને જે દિવસથી શ્રીહરિ લોજપુરમાં આવીને રહ્યા હતા. મુક્તાનંદસ્વામીની સાથે જે રીતે રહ્યા હતા. તે સમયે જેવી મૂર્તિ હતી. ૧૧. સત્સંગમાં જેવું હેત રાખતા હતા, તે બધા ચરીત્રોને

તે રીતે જ યાદ રાખ્યા હતા. સદ્‌ગુરુ રામાનંદસ્વામીને મળવા માટે શ્રીહરિ જે રીતે તલસતા હતા ને જેવો પ્રેમભાવ હતો. ૧૨. જે રીતે શ્રીહરિએ ભુજ પત્ર લખ્યો અને મુક્તાનંદસ્વામીની પાસે પણ પત્ર લખાવ્યો હતો. તે પત્ર મયારામ ભટ્ટને આપ્યા અને તેઓ ભુજ ગયા. ૧૩. શ્રીહરિનો પત્ર વાંચીને સદ્‌ગુરુ રામાનંદસ્વામી જેવા પ્રસન્ન થયા, તેમણે ભુજના હરિભક્તોને જે વાત કહી, તે બધું મનમાં યાદ રાખ્યું છે. ૧૪. સદ્‌ગુરુ રામાનંદસ્વામી પીપલાણા ગામમાં આવ્યા અને સ્વામીએ શ્રીહરિને દર્શન કરવા ત્યાં પીપલાણા બોલાવ્યા. ૧૫.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ જે રીતે પ્રેમથી દીક્ષા આપી. અનેક રીતે સારો ઉત્સવ કર્યો. શ્રીહરિનું સહજાનંદસ્વામી આવું નામ રાખ્યું. ૧૬. પછી તે વખતે જેતપુરમાં આવ્યા. ઘણા સ્નેહે કરીને સ્વામીએ શ્રીહરિને પોતાની ગાદી ઉપર સ્થાપ્યા અને પછી શ્રીહરિ અતિશય પ્રતાપી દેખાયા. ૧૭. ત્યારે રામાનંદસ્વામીએ સહુને કહ્યું હતું કે, સંતો અને હરિભક્તો, બાઈઓ અને ભાઈઓ, એ બધાને સ્વયં શ્રીહરિ જેમ વરતાવે તે પ્રમાણે બધા સંતો અને હરિભક્તોએ વર્તવું. ૧૮.

चोपाई :

देश काल जानत बहु रीति, हरि संग करना परम प्रीति;
नारी धन अरु रसास्वादा, सो देखी कबहु न होत अहलादा...१९
हमारे वचन करि मोक्ष सो हिता, हम बाँधत तामे परम प्रीता;
तोहु आकाश गति आपे रहाये, तामें रहीकर लोप न पावे...२०

આ શ્રીહરિ દેશકાળની ઘણી જ રીતિને સારી રીતે જાણે છે. માટે આ પ્રગટ ભગવાનના સ્વરૂપમાં પરમ પ્રીત કરવી. આ શ્રીહરિ સ્ત્રી, ધન અને રસાસ્વાદને દેખીને ક્યારેય રાજી-ખુશી થતા નથી. ૧૯. આ શ્રીહરિને અમારા વચને કરીને જ સહુના મોક્ષને માટે મેં પરમ પ્રીતિએ કરીને આ સત્સંગમાં બાંધ્યા છે તોપણ આકાશની જેમ પોતે નિર્લેપ રહ્યા છે. અંદર રહીને પણ તેઓ લેપાતા નથી. ૨૦.

આ દુનિયામાં જે સ્ત્રી માત્ર છે તેને આ શ્રીહરિ મા અને બહેનને તુલ્ય સમજે છે. નાની બાલિકા હોય કે રૂપાળી યુવાન સ્ત્રી હોય તે સહુને એકસરખી સમજે છે ૨૧. છતાં તે સ્ત્રીની સાથે એકાંતમાં રહેતા નથી. આવા નિયમોને દૃઢતાથી પાળે છે.' જ્યારે શ્રીહરિને જેતપુરમાં ગાદી સોંપી ત્યારે સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ આટલી વાત કરી હતી. ત્યારપછી સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ સ્વધામ જવાનો સંકલ્પ કર્યો. ૨૨.

તેમણે જે મહાકાલજ્વર કહેવાય છે તેને ગ્રહણ કર્યો. તે પછી ફરેણી ગામ આવ્યા. અને ત્યાં પોતાને રહેવાનો જે સંતઆશ્રમ હતો ત્યાં આવીને તેમાં રહ્યા. ૨૩. ત્યાં સ્વામીએ ભૌતિક દેહનો ત્યાગ કરવાનો લાગ જોઈને તેને છોડી દીધો. શ્રીહરિ તેમની પાછળ રહ્યા-અનુગામી થયા અને બધા સત્સંગે તેમને માન્ય રાખ્યા. ૨૪. સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં કાર્ય - ઉત્તરક્રિયામાં જે સંતો અને હરિભક્તો હતા તેમણે શ્રીહરિને સ્વામીની ગાદી ઉપર બેસાડીને માન્યા-પૂજ્યા. ૨૫.

પ્રથમ સંતોએ પૂજા કરી અને પછી હરિભક્તોએ પૂજા કરી. પછી મનમાં અતિ પ્રેમમગ્ન થઈને સર્વે દેવોએ શ્રીહરિની પૂજા કરી. ૨૬. આવી બધી વાતો, તે ધર્મકુળ આવ્યું ત્યાં સુધીની હતી તેને રાજબાઈ, મોટીબા, લાડુબા વગેરે ત્યાગી બાઈઓ ધર્મકુળને સાક્ષાત્ કહેતી હતી. અને શ્રીહરિએ જે રીતનાં ચરિત્ર કર્યાં તેને પણ કહેતી હતી.(અને ધર્મકુળ પરીવારજનો શ્રીહરિના ત્યાંના ચરિત્રો અહીં સર્વને કહેતા હતા.) ૨૭. શ્રીહરિએ સત્સંગમાં આવીને અનંત ચરિત્ર કર્યાં છે તેનો પાર પમાય તેમ નથી. તે લખવા માંડીએ તોપણ કેટલા લખાય ? મુક્તાનંદસ્વામીએ દાદા ખાચર વગેરેને આ રીતે વાત કહી. ૨૮.

✵ મુક્તાનંદસ્વામીની અંતિમ ઇચ્છા :

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીનો દેહ જ્યાં સુધી રહ્યો, ત્યાં સુધી શ્રીહરિનાં ચરિત્રોને તેઓ કહેતા હતા. દેહનો કાળ નજીક આવ્યો, છતાં શ્રીહરિનાં ચરિત્રોને કહેવાનો ભાવ તો રહેતો જ હતો. ૨૯. ધર્માખ્યાન ગ્રંથને દેહ પડતાં પડતાં પણ રચતા રહ્યા. તે પૂરો ગ્રંથ ગઢપુરમાં રચ્યો. સૂતાં સૂતાં

ગ્રંથને શુદ્ધ કરતા હતા. ૩૦. ગ્રંથનો લખેલો કાગળ હાથમાંથી વારંવાર પડી જાતો હતો. છતાં તે કાગળને છોડતા ન હતા. તે સમયે નિત્યાનંદસ્વામી નામે સુખધામ અને વિદ્વાન સંત ત્યાં આવ્યા. ૩૧. તેઓ શ્રીહરિના સદ્‌ગુણોનું પાત્ર હતા. શ્રીહરિની બધી ઈચ્છાઓને સમજતા હતા. જ્યારે શ્રીહરિ સ્વધામ પધાર્યા ત્યારે તે નિત્યાનંદસ્વામીને પોતાની પાસે રાખ્યા હતા. ૩૨. બીજા શ્રીહરિનાં જે સેવકો મુકુંદાનંદ બ્રહ્મચારી આદિ હતા. તેઓ પાસે બેઠા હતા. પછી શ્રીહરિ નિત્યાનંદસ્વામી અને ગોપાળાનંદસ્વામી એ બેની આગળ બોલ્યા. અમારા બે પુત્ર અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી છે, તેમની તેમને સર્વે રીત શીખવાડવારૂપ સેવા કરજો. ૩૩-૩૪. આપણા સત્સંગની જેટલી રીત છે તે બધી તે બંનેને શીખવજો. સત્સંગિજીવન નામે જે અમારો ગ્રંથ છે તે બંને ભાઈઓને પ્રેમથી ભણાવજો. ૩૫.

સંતો અને હરિભક્તો સહુ બંને આચાર્યોની સેવા કરજો. મંદિર અને હરિભક્તોના માલિક તે બંને છે. આવી વાત તમારે તેમને કહેવી. ૩૬. તે બંનેમાં પરસ્પર હેત રહે તેટલા માટે દેશ વિભાગના બે પત્ર લખ્યા છે. તે બંને આચાર્યોમાં જે વિરોધ કરાવશે, તે બધી જગ્યાએ વિમુખ છે. ૩૭. બંને ભાઈઓમાં જે હેત રખાવશે તે અમારા છે, અને જે કુસંપ કરાવશે તે અમારા નથી. અમારી આવી મરજી છે, તેને તમારે સહુએ દિલથી માનવું. ૩૮.

શ્રીહરિએ એટલું તે બંને મોટેરા સંતોને કહ્યું. અને પછી બંને આચાર્યોને કહેવા લાગ્યા, તમે બંને ભાઈ છો એટલે તમારે પરસ્પર હેત રાખવું. પરસ્પર હેત રાખવાને માટે તો મેં તમને બંનેને મારા પુત્ર કર્યા છે. ૩૯. તમારા બંને ભાઈઓમાં જે કોઈ ભેદભાવ રાખશે તેના અંતરમાં સુખ નહિ રહે. એમાંય જે જાણીને ભેદભાવ રાખશે તેના વંશનો ઉચ્છેદ થઈ જશે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિના ચરિત્રોનું પુનઃ વિહંગાવલોકન કર્યું' એ નામે અડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર સાતમું : તરંગ - ૪૯

અવાંતર ચરિત્ર તથા શ્રીહરિનો વડનગરમાં પ્રવેશ

શ્રીહરિનાં ચરિત્રોને કહેવામાં અનુક્રમ રહ્યો નથી. કહેવામાં ક્યાંય કસર રહી હોય તો હું અવાંતર (બાકી રહી ગયેલું વચમાં કહેવું) ચરિત્ર પણ કહું છું. ૧. આ ગ્રંથના વિષયની વારંવાર પુષ્ટિ કરવા માટે ચરિત્રોમાં પણ અવાંતર ચરિત્રો ઊંચા પ્રેમરસથી પૂર્ણ કરીને કહુ છું. ૨. શ્રીહરિનો જેવો અભિપ્રાય હતો તેને મુક્તાનંદસ્વામી જાણતા હતા અને મુક્તાનંદસ્વામીનો અભિપ્રાય નિત્યાનંદસ્વામી જાણતા હતા. ૩. શુકાનંદસ્વામી શ્રીહરિનો અભિપ્રાય જાણતા હતા, પણ તેઓ મુક્તાનંદસ્વામી આગળ બોલી શકતા નહિ. બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિની મરજીને લીધે તે સમયે જૂનાગઢ રહ્યા હતા. ૪.

चोपाई :

गोपाल मुनि जोगींद्र कहावे, श्रीहरि के गुन पात्र रहावे;
मुक्त मुनि कु ममत जेतो, सत्संग पर रहेउ तेतो...०५

ગોપાળાનંદસ્વામી યોગીરાજ કહેવાય. શ્રીહરિનાં સદ્‌ગુણોનું પાત્ર હતા અર્થાત્ તેમના કૃપાપાત્ર હતા. મુક્તાનંદસ્વામીને સત્સંગ ઉપર જે મમત્ત્વ રહેતો. તેવો મમત્ત્વ ગોપાળાનંદસ્વામીને પણ હતો. ૫.

તે સ્વયં બધું જાણતા હતા પણ સમય આવ્યે બોલી શકતા નહિ. નિત્યાનંદસ્વામી ઘણા સમર્થ હતા. એટલે વિચારીને મુક્તાનંદસ્વામીની આગળ બોલ્યા, ૬. આપની જેવી મરજી હશે તે રીતે હું તેમાં રસ લઈને કામ કરીશ. આપ કૃપા કરીને મને કહો. હું તેમાં લેશમાત્ર પણ ફરક પડવા નહિ દઉં. ૭. તે સાંભળીને મુક્તાનંદસ્વામી રાજી થયા. પોતાના બંને હાથ નિત્યાનંદસ્વામીનાં શિર ઉપર મૂક્યા અને સ્વામી બોલ્યા, નિત્યાનંદસ્વામી, તમે હવે સાંભળો. ૮.

આ દેહનો કાળ સમીપે આવી ગયો છે. મનમાં હજી અભિલાષાઓ રહી જાય છે. તે મારી ઈચ્છાઓને તમારે પૂર્ણ કરવી કે જેને હું અધૂરી છોડીને જાઉં છું. ૯. બીજા અવતાર થયા છે તેમ શાસ્ત્રોમાં સાંભળ્યું છે, પણ આવો

અવતાર કોઈ થયો નથી. જેની બુદ્ધિ જડતાવાળી હોય તેને તે સમજાય નહિ. કારણ કે પૂર્વનાં તેનાં દારુણ પાપ રહી ગયા હશે. ૧૦.

બુદ્ધિમાં પાપ ભરાઈ ગયાં હોય છે, તેથી આંખોથી ભગવાન શ્રીહરિને દેખે છે, પણ તેને પૂરું સમજાતું નથી. તેવા લોકોનાં પાપનો જે રીતે નાશ થાય, તેવી તમારે તપાસ કરવાની છે. ૧૧. શ્રીહરિએ આ વખતે પ્રકટ થઈને ઘણો શુદ્ધ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તાવ્યો છે. જેને ચાર (દારૂ, માટી, ચોરી અને અવેરી) બાબતમાં રુચિ ન હોય, તેને મોક્ષમાં રુચિ ઉત્પન્ન થાય છે. ૧૨. નીતિ પ્રમાણે ચાલે તે ધર્મ છે, અને અનીતિથી જે ચાલે તે અધર્મ છે. નીતિનું રાજ્ય સ્થિર રહે છે, અને નીતિ ઘણો મોટો ધર્મ છે એમ સમજવું. ૧૩. શ્રીહરિને નીતિ રુચે છે. અનીતિ રુચતી નથી. જેને અનીતિ રુચે-ગમે છે તેને સંસારનો ભય રહે છે. ૧૪.

सोरठा : नीति हे धर्म को राज, अनीति सो अधर्म राज रहेउ;
अधर्म को बिगर हि काज, नीति राज जा महिं जबे...१५
नीति में हे सुख शांति, अनीति में दुख दरियाव रहेउ;
टरत नहि कोउ भाँति, हरि की रुचि हे तेहि कर...१६

નીતિ છે તે ધર્મનું રાજ્ય છે અને અનીતિ અધર્મનું રાજ્ય છે. જ્યારે નીતિનું રાજ્ય જામે છે ત્યારે અનીતિરૂપ અધર્મનું કામ બગડે છે. ૧૫. નીતિમાં સુખ છે, શાંતિ છે. અનીતિમાં તો દુઃખનો દરિયો ભર્યો છે. નીતિમાં શ્રીહરિની રુચિ છે, તે કારણથી તેમાંથી સુખ અને શાંતિ કોઈ રીતે ટળતા નથી. ૧૬.

चोपाई :

तुमारे करना नीति को थापा, अनीति जानना महापापा;
हरिजन मात्र कहावत जेते, नीति में चलवना तेते...१७

તમારે નીતિનું સ્થાપન કરવાનું છે, અને અનીતિને મહાપાપ સમજવાનું છે. જેટલા હરિભક્તો કહેવાય છે, તે બધાને તમારે નીતિને માર્ગે ચલાવવાના છે. ૧૭. શ્રીહરિનો જેટલો પ્રતાપ છે, તે બધો બંને દત્તપુત્રોમાં સ્થાપ્યો છે. જે શુદ્ધ આચાર્યપદ છે તે ભગવાન શ્રીહરિએ બંનેને આપ્યું છે. ૧૮.

જે આ ઉદ્ધવ સંપ્રદાય કહેવાય છે, તેના તે બંનેને આચાર્ય સ્થાપ્યા છે. ઉદ્ધવ સંપ્રદાયના આ આચાર્યો જે રીતે સર્વોપરિ રહે તે રીતે તમારે કરવાનું છે. ૧૯.

મારાં મનમાં આટલી ઈચ્છા રહ્યા કરે છે, તમારે મારાં તે વચનને માનવાનું છે. મને તમારો વિશ્વાસ છે, કારણ કે મને તમે ચતુર્મુખ બ્રહ્મા જેવા દેખાઓ છો. ૨૦. શ્રીહરિના પ્રતાપથી કોઈ અન્ય વિદ્વાન શાસ્ત્રાર્થમાં તમને જીતી શકે તેમ નથી. હું એ દઢપણે સમજું છું કે બીજો કોઈ વિદ્વાન તમારા લેખામાં-તુલનામાં આવી શકે તેમ નથી. ૨૧. આપણા આચાર્યને કોઈ લોપવા-પીડવા આવે તો તમારે ધર્મથી અને નીતિથી તેના મૂળ ઉખેડી નાખવા. ધર્મવાળા અને નીતિવાળા સંતોને સાથે રાખીને ચાલવું અને ધર્મકુળનું સ્થાપન કરવું. ૨૨. ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું, આપે જેમ કહ્યું, તેમ હવેથી હું કરીશ. પછી મુક્તાનંદસ્વામીએ તેમને ધર્માખ્યાન આપ્યું અને કહ્યું, તમે નિપુણતાથી આ ગ્રંથને શુદ્ધ કરજો. ૨૩.

चोपाई :

युँ कहि अंतरदृष्टि मुनि कीने, ब्रह्मांड से वृति संकेल हि लीने;
आपे सो स्वछंद रहाई, हरि की इच्छा में वर्तत ताई...२४

सत्संग भये ता दीन से, निज इच्छा त्यागे दूर;
हरि की इच्छा वर्तत भये, अति समर्थ हि ऊर...२५

આટલું કહીને મુક્તાનંદસ્વામીએ અંર્તદષ્ટિ કરી લીધી. આખા બ્રહ્માંડમાંથી વૃત્તિ સંકેલી લીધી. પોતે તો સ્વતંત્ર જ હતા. શ્રીહરિની ઈચ્છા પ્રમાણે જ રહેતા હતા. ૨૪. જ્યારથી સત્સંગ થયો ત્યારથી મુક્તાનંદસ્વામીએ પોતાની ઈચ્છાને દૂર તજી દીધી હતી. તેઓ શ્રીહરિની ઈચ્છા પ્રમાણે જ રહેતા હતા. આત્મબળની દષ્ટિએ સ્વામી અતિશય સમર્થ હતા. ૨૫.

દેહમાંથી વૃત્તિ સંકેલી લીધી. હૃદયમાં વૃત્તિને સ્થિર કરી દીધી. પછી તે વૃત્તિમાં શ્રીહરિની મૂર્તિ આવીને પ્રકટ થઈ. ૨૬. લોકોનો ઉદ્ધાર કરનારા સ્વામી તત્કાળ જ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીરથી પૃથક થઈ ગયા. એક મૂર્તિનું જ અવલંબન રાખ્યું. ૨૭. જેવો મૂર્તિનો પ્રકાશ હતો તેવો પ્રકાશ તે

વખતે દેહનો થયો. પછી તે મૂર્તિમાં નિવાસ કર્યો અને ભૌતિક દેહથી જુદા પડી ગયા. ૨૮. પછી શ્રીહરિની સાથે દિવ્ય વિમાનમાં બેઠા. તે વિમાનની સાથે બીજા વિમાનો પણ અનંત આવ્યાં હતાં. મેં આ રીતે મુક્તાનંદસ્વામીની વાત કહી છે.

હવે શ્રીહરિ જે રીતે સ્વયં સાક્ષાત્ સત્સંગમાં-દેશમાં વિચર્યા તે વાતને કહું છું. ૨૯. શ્રીહરિ વીસનગરથી ચાલ્યા એટલે તે પછી **વડનગર**માં આવ્યા. ગામમાં જેટલા હરિભક્તો રહેતા હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૦. તેમના નામ હું કહું છું તેને તમે બધા હરિભક્તો સાંભળો. વિપ્ર ઉજમરામ, મુગટરામ, સદાશિવ, વનમાળી અને બેચરજી ઈત્યાદિ પુરુષો બ્રાહ્મણ હરિભક્તો હતા. અને જેઠીબાઈ, હોલીબાઈ, ફૂલબાઈ, ઝુમખબાઈ આદિ સ્ત્રીઓ અપાર હરિભક્ત હતી. તે સિવાય ભાવસાર હરિભક્ત પણ ઘણા સારા હતા. ૩૧-૩૨.

તે ઉગરચંદ અને હેમચંદ બંને હતા. તે બધા શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. તે સિવાય ગામના અપાર ભક્તો આવ્યા. તે બધા વિવિધ પ્રકારના ફૂલહાર લાવ્યા હતા. ૩૩. ફૂલહાર શ્રીહરિને પહેરાવીને પગે લાગ્યા. દર્શન કરીને સહુ આનંદથી ભાવવિભોર થઈ ગયા. દિવસ બે ઘડી બાકી હતો ત્યારે શ્રીહરિ ત્યાં વડનગર આવ્યા હતા. ૩૪.

સવારીમાં ભક્તો અંબાડીવાળો હાથી લાવ્યા હતા. શ્રીહરિ તે હાથી ઉપર બેઠા. બધો સાજ સોનેરી હતો. શ્રીહરિ તે અંબાડીમાં બેઠા ત્યારે ઘણું શોભતા હતા. ૩૫. શ્રીહરિએ પોતાનાં અંગો ઉપર સોનેરી વસ્ત્રો અને આભૂષણો પહેર્યાં હતાં. જ્યારે સવારી ગામ તરફ ચાલી ત્યારે નવરંગ-મોહક મૂર્તિ અદ્ભુત જણાતી હતી. ૩૬.

કેટલાક સંતો હાથી ઉપર બેઠા હતા. કેટલાક રથમાં, કેટલાક મ્યાનામાં અને કેટલાક સુખપાલમાં બેઠા હતા. ૩૭. શ્રીહરિને ચામર કરવા માટે અલૈયા ખાચર બેઠા હતા. જ્યારે એકદમ ગામને નજીક આવ્યા ત્યારની અલૌકિક શોભા વર્ણવી શકાતી નથી. ૩૮. પુરની રક્ષા માટેનો કોટ ચારેબાજુએ હતો. તેમાં ઘણા મજબૂત બુરજ હતા. અને વિચિત્ર પ્રકારના દરવાજાઓ હતા. ૩૯.

ત્યાં સમીપમાં જ મોટું એક સરોવર હતું. પાકા પથ્થરથી તેના ઘાટ બાંધેલા હતા. તેમાં પગથિયા ઘણા સુંદર હતા. તે સરોવરને લીધે વડનગર શહેર ઘણું શોભતું હતું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'અવાંતર ચરિત્ર તથા શ્રીહરિનો વડનગરમાં પ્રવેશ' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર સાતમું : તરંગ - ૫૦

ધામધૂમથી વડનગર પહોંચીને શ્રીહરિએ મુકામ કર્યો, પછી સ્વયં જમ્યા તથા સંતોને જમાડ્યા.

શ્રીહરિ વડનગરને દરવાજે જ્યારે આવ્યા ત્યારે તે પુરની ફરતે ચારેબાજુએ અપાર બાગ અને બગીચાઓ શોભતા હતા. ૧. વિવિધ પ્રકારના વૃક્ષોથી વન ખીલેલાં હતાં. તે વૃક્ષોના ઉપર જાતજાતના પંખીઓ બોલીને કિલ્લોલ કરી રહ્યા હતા. ૨. તે શબ્દોથી વન ગાજી રહ્યું હતું. શ્રીહરિ જ્યારે આવ્યા અને પુરમાં પ્રવેશ કર્યો, ત્યારે બધી જગ્યાએ અતિ શોભા છવાઈ ગઈ હતી. ૩. જેટલા રાજમાર્ગો હતા તે બધાને ચિત્ર-વિચિત્ર રીતે શણગાર્યા હતા. તેમાં કેળના ઝાડ રોપાવ્યા હતા અને બિલોરી કાચના ઝાડ લટકાવીને બધાંને પ્રકટાવ્યાં હતાં. ૪.

શ્રીહરિ બજારે ચાલ્યા આવતા હતા ત્યાં અપાર મશાલો કરી હતી. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં અને તેનો ધ્વનિ બધા આકાશમાં વ્યાપી ગયો હતો. ૫. તે બધો ધ્વનિ સાંભળીને જેટલા દેવો હતા તે બધા વિમાનમાં બેસીને ત્યાં આવી પહોંચ્યા. કેસરી ચંદન અને દિવ્ય પુષ્પો લાવ્યા હતા તેની શ્રીહરિ ઉપર ઝડી વરસાવવા લાગ્યા. ૬. દેવો બધા વાજિંત્રો વગાડવા લાગ્યાં અને અપ્સરાઓનો સમાજ ત્યાં નાચવા લાગ્યો. બજારમાં જેટલા લોકો ઊભા હતા તે બધા ફૂલહાર લઈને આવ્યા હતા. ૭. તે અપાર ફૂલહાર શ્રીહરિને પહેરાવવા લાગ્યા અને સમગ્ર લોકોને શ્રીહરિનાં ઉપર ઘણું ભારે હેત થયું. પુરની જેટલી સ્ત્રીઓ હતી તે બધી ગોખમાં અને અટારીઓમાં ઊભી હતી. ૮.

જયારે શ્રીહરિ સમીપે આવતા હતા ત્યારે થાળમાં ભરેલા મોતીથી તે સ્ત્રીઓ તેમને વધાવતી હતી. શ્રીહરિની સુંદર મૂર્તિનાં દર્શન કરીને બધા જ નર અને નારીઓ મુગ્ધ થઈ ગયા. ૯.

શ્રીહરિની સવારી બજારમાં ધીરે ધીરે ચાલી. હજારો લોકો "જય જય" "જય જય" આવો શબ્દ ઉચ્ચારતા હતા. એક સો જેટલા ડંકા અને તેટલાં જ નિશાન શ્રીહરિની આગળના ભાગમાં ચાલતાં હતાં. ૧૦. જરિયાની સાજથી શણગારેલા અશ્વોનો કોઈ પાર જ ન હતો. તે અપાર અશ્વો અશ્વોના સમુદાયમાં જ ચાલતા હતા, અને તેમાં વિવિધ પ્રકારની ચાલ બતાવતા હતા. ૧૧. વાજિંત્રોની ભેળાં વાજિંત્રો વાગતાં હતાં. એમ સવારી આગળ ચાલતી હતી. હરિભક્તોના સમુદાયમાં સહુ હરિભક્તો ચાલતા હતા, અને અત્યંત ઉમંગભેર કીર્તન ગાતા હતા. ૧૨.

તે સમયે પુરના જેટલા હરિભક્તો હતા. તે અપાર ગુલાલ લાવ્યા હતા. અતિશય હરખભર્યા તેઓ સવારીના ઉપર ગુલાલ ઉડાડતા હતા. ૧૩. હાથી ભેળા હાથી ચાલતા, રથોમાં રથ, મ્યાનાના સમૂહમાં મ્યાના અને સુખપાલની ભેળી સુખપાલ ચાલતી હતી. ૧૪. જેટલા વાહન હતા તે બધાને સોનેરી સાજથી શણગારીને સુવર્ણમય કરી દીધાં હતાં. તેમાં એટલી બધી શોભા કરી હતી કે તેને દેવો અને મનુષ્યો, બધા જ વખાણતા હતા. ૧૫. જે મતો નીતિભ્રષ્ટ હતા, તેઓ અનીતિ કરવા લાગ્યા. જ્યારે નીતિથી પરિપૂર્ણ સન્માર્ગ જાહેર થયો. ત્યારે સમાજમાં તેનું માન કે પ્રતિષ્ઠા રહી નહિ, ૧૬.

✵ નીતિભ્રષ્ટની દુર્દશા અને નીતિમાનનો મોક્ષ :

નીતિભ્રષ્ટ મતોના કેટલાક લોકો પેટ ભરવા માટે જાત જાતના વેષ કરવા લાગ્યા. છતાં તેના પેટ ભરાતા નહિ. તેના અપલખણ જોઈને લોકો તેની નિંદા કરતા હતા. ૧૭. જે નીતિભ્રષ્ટ મતો હતા, તેના અનુયાયી લોકો વ્યસનોથી અને ફેલથી ભરપૂર થઈ ગયા. અને તેઓ દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર જેવા પાપોને પોતાના ઈષ્ટ માનીને કરવા લાગ્યા. ૧૮. તે નીતિભ્રષ્ટ મતવાળા લોકો ગાંજો અને માજમને ખાવા-પીવા લાગ્યા,

અને નીતિના માર્ગે ચાલવાનું છોડી દીધું; અને જે સજ્જનો નીતિને માર્ગે ચાલતા હતા તેનો દ્રોહ કરવા લાગ્યા. ૧૯. સજ્જનોનો દ્રોહ કરવાથી તેમનો વિનાશ થયો. તેમાં કલ્યાણની તો કોઈ આશા જ ન રહી. જેને વ્યસન કરવા હોય કે ફેલ કરવા હોય, આવા લોકો તેમનો સંગ કરતા હતા. ૨૦. જન્મ, મરણ, લખચોરાશી અને જમપુરીનો જેને સ્વાદ લેવો હોય, તે અનીતિ ભર્યા મતનો જઈને સંગ કરે અને તેવાને જ તેમાં રુચિ થાય છે. ૨૧.

चोपाई :

मोक्ष को अंकुर लेश हि जाहि, नीति में रुचि करत हे ताहि;
व्यसन फेल को करत अभावा, दुखदाई जानत सो रहावा...२२
नीतिरूप हे हरि को रूपा, सत्संग ताकुं जानना अनूपा;
न्यायरूप जीय हे जाके, सत्संग पर प्रीत रहत हे वाके...२३
अन्याय चलन में रुची जाकुं, मूर्तिमान पाप कहत हे ताकुं;
मोक्षभागी कहावत जेता, सुसंगत में रुचि करत हे तेता...२४

જેના હૃદયમાં મોક્ષ મેળવવાનો અંકુર-મુમુક્ષુપણાનો અંકુર લેશમાત્ર પણ હોય તો તેઓ નીતિમાર્ગમાં રુચિ કરતા. વ્યસન અને ફેલનો અભાવ રાખતા. અને તે બધું દુઃખદાયી છે તેવું સમજતા. ૨૨. નીતિરૂપ માર્ગ ભગવાનનું સ્વરૂપ છે, અને તેને જ અનુપમ સત્સંગ જાણવો. જેનો જીવ ન્યાયસંગત છે તેને જ સત્સંગના ઉપર પ્રીતિ રહે છે. ૨૩. જેને અન્યાયને માર્ગે ચાલવાની રુચિ હોય છે તેને મૂર્તિમાન પાપ કહેવાય છે. જે જીવ મોક્ષભાગી કહેવાય છે તે જ સત્પુરુષના સમાગમમાં રુચિ કરે છે. ૨૪.

શ્રીહરિની નીતિ જોઈને જે નીતિમાન લોકો હતા, તેમને હેતે કરીને શ્રીહરિ ઉપર ભાવ થયો. અને શ્રીહરિની રીતને અલૌકિક જાણી. ૨૫. સહુ લોકોને દર્શન દેતાં દેતાં શ્રીહરિ પુરની બહાર આવ્યા અને સરોવરને કિનારે વિશાળ જગ્યા હતી તેમાં મુકામ કર્યો. ૨૬. ત્યાં કોઈ એક બ્રાહ્મણે પોતાના મોક્ષને માટે ધર્મશાળા કરાવી હતી. તે બ્રાહ્મણે શ્રીહરિને વિનંતી કરીને તે ધર્મશાળામાં ઉતારો કરાવ્યો. ૨૭. શ્રીહરિ, સંતો, વર્ણી અને

પાર્ષદો બધા તે ધર્મશાળામાં સાથે ઊતર્યા. જેણે પોતાના મોક્ષને માટે ખર્ચ કર્યો હતો, તેની આજે સાર્થકતા પ્રસિદ્ધ રીતે થઈ. ૨૮. સરોવરને કિનારે બધા દરબારોના ડેરા ખેંચીને ઊભા કર્યા. તે સરોવરને કિનારે વિવિધ જાતિના બધા વૃક્ષો હતા. ૨૯. બીજા બધા હરિભક્તો જઈને તે વૃક્ષોની નીચે ઊતર્યા. શ્રીહરિનો મુકામ ત્યાંથી સમીપમાં જ હતો.

હરિભક્તો શ્રીહરિને માટે એક પલંગ લાવ્યા. તેના ઉપર ગાદી અને તકિયો બિછાવી દીધો. ૩૦. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. હરિભક્તોનાં મનમાં ભક્તિભાવ છવાયેલો હતો. હરિભક્તોને જેવી ભાવના હતી તે પ્રમાણે વર્ણીએ સ્વયં શ્રીહરિને માટે રસોઈ બનાવી. ૩૧. હરિભક્તોનો એવો ભાવ હતો તેથી શ્રીહરિને માટે સાકરનો કંસાર બનાવ્યો. શ્રીહરિવરની રુચિ જેટલી હતી તેટલું તેમાં ઘી લીધું. ૩૨. દયાળુ શ્રીહરિએ પોતાને હાથે પોતાનો થાળ પીરસ્યો અને પછી પોતે જમવા બેઠા. રીંગણાને ઘીમાં પોતે તળી લીધા હતાં, પછી પોતે નિપુણતાથી જમવા લાગ્યા. ૩૩. ભજીયાં અને વડાં બનાવી રાખ્યાં હતાં. તેને પ્રેમથી જમ્યા. જમીને જ્યારે પૂર્ણ તૃપ્ત થયા ત્યારે દૂધ અને ભાત જમવા માટે લીધા. ૩૪. તેમાં ઉપરથી વર્ણીએ સાકર આપી. તે જમ્યા પછી શ્રીહરિએ ચળુ કર્યું. પાણી લઈને હાથ અને મુખ ધોયાં. પછી રૂમાલ લઈને હાથ-મુખ લૂછ્યાં. ૩૫. ભક્તજનોનાં મનને રંજન કરનારા દયાળુ શ્રીહરિએ તે પછી તત્કાળ મુખવાસ લીધો. શ્રીહરિ જે થાળ જમ્યા, તે દરબાર અલૈયા ખાચરને પ્રસાદીનાં રૂપમાં આપ્યો. ૩૬.

ત્યાં જેટલા સત્સંગી વિપ્રો હતા, તેમણે સંતોને અને વર્ણીઓને માટે પ્રેમથી સાકરનો કંસાર બનાવ્યો હતો. ૩૭. પછી બધા સંતોને જમાડવા માટે બોલાવીને પંગત કરાવી. શ્રીહરિ ઘણા પ્રેમથી હરખભેર પીરસવા લાગ્યા. ૩૮. શ્રીહરિ જમણા હાથમાં રૂપેરી ડંકો (હાથાવાળો મોટો વાટકો) લઈ, તે ભરી ભરીને આપવા લાગ્યા અને સંતોના પાત્રને ભરી દેવા લાગ્યા. ૩૯. જ્યારે સંતોને અને પાર્ષદોને કંસાર પીરસી રહ્યા, તે પછી ધાર કરીને ઘી પીરસવા લાગ્યા. તે પાત્ર ભરાઈને ઘી નીચે ઢોળાય ત્યાં સુધી પીરસતા હતા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'ધામધૂમથી વડનગર પહોંચીને શ્રીહરિએ મુકામ કર્યો, પછી સ્વયં જમ્યા તથા સંતોને જમાડ્યા.' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર સાતમું : તરંગ - ૫૧

બીજા દિવસે શ્રીહરિ જમ્યા અને સહુને જમાડ્યા તથા હરિભક્તોએ પૂજા કરી

હરિભક્તોનો જેવો પ્રેમભાવ હોય, તેવું શ્રીહરિ સંતોને પીરસતા હોય છે. શ્રીહરિએ સંતોને પીરસ્યું તેનાથી સહુ હરિભક્તો રાજી થયા, અત્યંત આનંદ વ્યાપી ગયો. ૧. જ્યારે સંતો કંસાર જમી રહ્યા, ત્યારે તેમને ભાત પીરસ્યો. પછી દૂધ, સાકર મેળવીને ઘણા હેતથી પીરસ્યું. ૨. જ્યારે સંતો જમીને ઊઠ્યા તે પછી દરબારોને જમવા બોલાવ્યા. શ્રીહરિ અત્યંત ભાવથી તેમને કંસાર પીરસવા લાગ્યા. ૩. જ્યારે કંસાર પીરસી રહ્યા, ત્યારે તેમાં શ્રીહરિ ઘી પીરસવા લાગ્યા. ઘી જ્યારે કંસારમાં પડે ત્યારે દરબારો "હાં" "હાં" એમ બોલે, પણ શ્રીહરિ ઘીની ધાર કરતા સાંભળતા જ નહિ. ૪. દરબારો જ્યારે કંસાર જમી રહ્યા ત્યારે તેમણે થોડો થોડો ભાત લીધો. તેમાં જેને જેટલું ભાવે તેટલું દૂધ, સાકર શ્રીહરિએ પીરસ્યું. ૫.

દરબારો જમીને પોતાને મુકામે ગયા. સુંદરશ્યામ શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. વડનગર પુરના હરિભક્તો જમીને આવ્યા, ત્યારે તેમને શ્રીહરિએ પ્રેમથી હસીને બોલાવ્યા. ૬. શ્રીહરિના કહેવાથી હરિભક્તો પાસે બેઠા, અને સહુને ઘણો જ આનંદ થયો. શ્રીહરિની સાથે જે સંતો હતા તેઓ બધા આવીને બેઠા. ૭. શ્રીહરિના મહિમાના ગરબી રાગનાં કીર્તન સંતો અરધી રાત સુધી ગાતા રહ્યા. તેનાથી સરોવર અને બધું વન તેના પડછંદાથી ગાજતાં રહ્યાં હતાં. ૮. સલકી ગામના કોળી ઠાકોર દયાળજી અને આદરજ ગામના રતુ ખાંટ ઠાકોર કહેવાતા હતા. તે બંને પાકા હરિભક્ત થયા હતા. તેના પ્રદેશમાં બધે તે બંનેની ઘણી ધાક હતી. અમદાવાદથી સિદ્ધપુર સુધી તેની

સારી વગ હતી. ૯-૧૦. તેમનો કોઈ માણસ પણ જો સાથે હોય તો કોઈપણ તોફાની કે ચોર તેનું નામ લઈ શકે નહિ. તે બંને શ્રીહરિની સાથે રહ્યા અને ઘણા ઉત્સાહથી સંઘની ચોકી કરતા. ૧૧. તે બંનેએ શ્રીહરિની અને સંઘની એવી સેવા કરી કે તેનાથી શ્રીહરિ તેના ઉપર બહુ રાજી થયા. શ્રીહરિ વારેવારે તેને બોલાવીને મોજના રૂપમાં ફૂલહાર આપતા હતા. ૧૨. શ્રીહરિ તેને બોલાવીને નિત્ય પ્રસાદી આપતા. પણ તે એવા ભક્ત હતા કે તેમને પ્રસાદની પણ આશા હતી નહિ. ૧૩. તે એવા અનન્ય ભક્ત હતા કે શ્રીહરિના બોલાવ્યા વિના પણ આવતા. એક મોક્ષની ઇચ્છા રાખતા. બીજી કોઈ આશા રાખતા નહિ. ૧૪. શ્રીહરિ તેમને કહેતા તમે સાથે છો ત્યાં સુધી આ બધા દરબારો સુખેથી રહ્યા છે. તમે આ વખતે ઘણી સારી સેવા કરી છે. ૧૫.

આટલું કહીને શ્રીહરિ પલંગ ઉપર પોઢી રહ્યા. અને સંતો ધ્યાન કરીને શ્રીહરિનાં ચરણકમળમાં તલ્લીન થઈ રહ્યા. ૧૬. ભાઈ રામદાસજી વૃદ્ધ સંત હતા. તેમને હરિભક્તોના ઉપર ઘણો જ પ્રેમભાવ હતો. તેમણે બ્રાહ્મણ હરિભક્તોને બોલાવીને કહ્યું, શ્રીહરિનો કોઈ નિર્ધાર નહીં કે સવારે ચાલવા બાબતે શું નિર્ણય લે ? ૧૭. આવતીકાલે જે રસોઈ કરવાની હોય તે રાતમાં જ કરી નાંખો. તેમાં તમારું ધાર્યું થાશે અને તેમાં સેવાનો લાભ ઘણો મળશે. ૧૮. મોટા સંતે જે કહ્યું તેને બધા હરિભક્તોએ માન્યું. બધા વિપ્ર હરિભક્તોએ સાથે મળીને રાતે જ સાકરનાં લાડુ બનાવી દીધા. ૧૯. ભજીયાં, વડાં અને પૂરી પણ બનાવી નાખી. શાક અને ભાત પણ કરીને મૂકી દીધા.

સવાર થયું સંતો “સ્વામિનારાયણ ધૂન” કરવા લાગ્યા. ૨૦. ધૂન સાંભળીને ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ તત્કાળ ઊઠ્યા અને ત્યારે જ બોલ્યા, બધા સંતો તૈયાર થઈને ચાલતા થાઓ. હવે બહુ મોડું કરશો નહિ. ૨૧. ત્યારે બધા સંતો ચાલવા તૈયાર થયા. તે સાંભળીને તે વેળાએ હરિભક્તો ત્યાં આવ્યા. અને શ્રીહરિને બે હાથ જોડીને કહ્યું, મહારાજ ! અમારી વિનંતીને આપ સાંભળો. ૨૨. પુરના જેટલા હરિભક્તો છે, તે બધા આખી રાત કોઈ સૂતા નથી. આપ બે દિવસ અહીંયાં રહો, તો અમારા ઘણા ભાગ્ય ગણાય. બધા હરિભક્તોને આપને અહીં રાખવામાં બહુ પ્રેમ છે. ૨૩.

આખી રાત અમે રસોઈ બનાવી છે. આપ પોઢી ગયા હતા એટલે અમે વાત કરીને આપની આજ્ઞા લઈ શક્યા નથી. ત્યારે શ્રીહરિએ કહ્યું, હવે તો વાત થઈ ગઈને ! માટે ચાલી નીકળવામાં હવે અમારું જોર રહ્યું નથી. ૨૪. સંતો રસોઈ જમી લે, ત્યાં સુધી તો અમે હવે સહેજે જ રહેશું. ઠીક છે, હવે સંતો અને હરિભક્તો સહુ સરોવરમાં નાહવા ચાલો. ૨૫.

પછી શ્રીહરિ તે સરોવરને ઉત્તર કાંઠે ચાલીને આવ્યા. શૌચવિધિ કરીને પછી દાતણ કર્યું. ૨૬. જઈને સરોવરમાં નાહ્યા અને સરોવરના ઘણા વખાણ કરવા લાગ્યા કે, "આ સરોવરનાં ધન્ય ભાગ્ય છે કે આવા મહાન સંતો આવીને નાહ્યા. ૨૭. આ સરોવર બંધાવીને તૈયાર કરવામાં ખરચેલું કરોડોનું ધન આજે બધું લેખે લાગ્યું છે. કરોડોનું ધન મળી શકે છે, આવા સંત ક્યારેય મળી શકે તેમ નથી". ૨૮.

✵ જ્યારે થશે દિવ્યમતિ, ત્યારે મળશે દિવ્યગતિ :

અહીંયાં રહેવાનો આપણે કોઈ નિર્ધાર કર્યો ન હતો. અણધાર્યા જ સ્નાન કરવા આવ્યા. અનંત સંતો અને હરિભક્તો, અહીં નાહ્યા છે. આનાથી વધારે હવે કાંઈ બાકી રહ્યું નથી. ૨૯. દેવ અને તીર્થ જે કહેવાય છે તે બધું આમાં આવી ગયું છે. સત્સંગનો મહિમા એટલો છે કે તેને કોઈ માયિક મનુષ્ય જાણી શકતા નથી. ૩૦.

ચોપાઈ :

प्रोक्ष भये अवतार हि जेते, सत्संग में प्रगट रहे अब तेते;
हरिजन संत को भाव हि जोई, एसे हरिजन संत हे सोई...३१
सत्संग में दिव्य नेन भये जाके, अलोकिक रीत देखात हे वाके;
सत्संग में जेहि अब आवा, ब्रह्मगति सो निश्चे पावा...३२

જે પરોક્ષ અવતારો થઈ ગયા છે, તે અત્યારે સત્સંગમાં પ્રગટ રહ્યા છે. હરિભક્તોને અને સંતોને જેવો ભાવ છે, તેવા જ આ હરિભક્તો અને સંતો છે. ૩૧. જેને સત્સંગમાં દિવ્ય દૃષ્ટિ થઈ છે, તેને આ અલૌકિક રીત દેખાય છે. અત્યારે જે સત્સંગમાં આવ્યા છે, તે બધા ચોક્કસ દિવ્યગતિને પામ્યા છે. ૩૨.

चोपाई :

ब्रह्मांड के सुख की भई अरुचि, हरिपद में भई जेहि रुचि;
ब्रह्मगति कहत हम ताकुं, मायिक जन नहि लहत वाकुं...३३
मायिक जन देखत हे नेना, ताकुं नहि परत सुखचेना;
ईतनी वात कर रहे जबही, नाईके बाहिर आये तबही...३४

જેને બ્રહ્માંડનાં સુખમાં અરુચિ થઈ હોય, અને ભગવાનનાં ચરણોમાં રુચિ-પ્રીતિ થઈ હોય, તેને અમે બ્રહ્મગતિ કહીએ છીએ. માયાનો મનુષ્ય તે ગતિને પામતો નથી. ૩૩. માયિક ભાવવાળો મનુષ્ય માયિક દૃષ્ટિથી દેખતો હોય છે, તેને ક્યાંય સુખ કે શાંતિ મળતી નથી.'' જ્યારે આટલી વાત કહી ત્યારે સરોવરમાં સ્નાન કરીને બહાર આવી ગયા. ૩૪.

પ્યારા શ્રીહરિએ શરીર કોરું કરીને એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. જ્યારે ઉતારે આવ્યા ત્યારે વર્ણીએ રસોઈ તૈયાર કરી હતી. ૩૫. શ્રીહરિએ દેવપૂજા વગેરે કર્મ કરી લીધું. દેવને નૈવેદ્ય પણ ધરાવી દીધું. પછી સ્વયં શ્રીહરિએ જમી લીધું, અને સંતોને પણ જમવા બેસાડી દીધા. ૩૬. બધા દરબારો અને પાર્ષદો જમ્યા. પાછળ કોઈ જમ્યા વિના રહ્યું નહિ. વર્ણી જમ્યા અને બધા વિપ્રો પણ જમ્યા. તેથી પુરના બધા હરિભક્તો રાજી થયા. ૩૭. તે સમયે હરિભક્તો કેસરયુક્ત ચંદન અને ફૂલહાર લાવ્યા. તેમણે ઘણા પ્રેમથી શ્રીહરિનાં અંગો ઉપર કેસરચંદનની અર્ચા કરી. ૩૮. પછી ફૂલહાર પહેરાવ્યા. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા અને તોરાઓ ધરાવ્યા. ઘણી ભવ્ય શોભા બની. કપૂરથી આરતી કરી. ૩૯. જેની જેવી ભાવના હતી તેણે તેવાં વસ્ત્ર અને આભૂષણો ધરાવ્યાં. અલૌકિક લાભ લીધો. આવો લહાવો કોઈ લઈ શક્યું નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'બીજા દિવસે શ્રીહરિ જમ્યા અને સહુને જમાડ્યા તથા હરિભક્તોએ પૂજા કરી' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ।।૫૧।।



પૂર સાતમું : તરંગ - ૫૨

શ્રીહરિ વડનગરથી ધામધૂમીપૂર્વક પ્રાંતીજ ગામ પધાર્યા

હરિભક્તોએ શ્રીહરિની પ્રેમથી પૂજા કરી. સંતોની પૂજા પણ કરી. કેસરચંદનની અર્ચા કરી. વસ્ત્ર ઓઢાડ્યાં. ૧. અને ફૂલહાર પહેરાવ્યા. મહિમા સમજીને વર્ણીઓને પૂજ્યા અને બધા દરબારોને પણ પૂજ્યા. ઘણો ઉત્તમ લ્હાવો લીધો. ૨. જેનાં દિલમાં જેવું હેત હતું તેણે તેવી પૂજા કરી. જે હરિભક્ત વિપ્રો સાથે હતા તેમની પણ પૂજા કરી. ૩. જ્યારે પૂજા પૂરી થઈ ત્યારે હરિભક્તો શ્રીહરિની આગળ આવ્યા. બંને હાથ જોડીને અને મસ્તક નમાવીને સહુએ વારેવારે વિનતિ કરી. ૪.

चोपाई :

तुमारो तव संत को जोउ, समागम जब होवत सोउ;
तब जिय रहत आनंद अपारा, दुर रहे बढत ताप संसारा...०५
दरशन में परम हे लाभा, दरशन विन दिन लगत अलाभा;
हरिजन सब विनति किये जेहु, श्रीहरिवर उर धर लिये तेहु...०६

“હે મહારાજ ! આપનો અને આપના સંતોનો સમાગમ જ્યારે રહે છે, ત્યારે જીવમાં અપાર આનંદ રહે છે; અને જ્યારે તે સમાગમ (દૂર રહે છે) નથી રહેતો. ત્યારે જીવમાં સંસારનો સંતાપ ઘણો જ વધે છે. ૫. આપ સહુનાં દર્શન થાય છે તે મોટો લાભ છે, અને જે દર્શન વિનાના દિવસો તો નુકશાનીમાં જતા હોય તેવું લાગે છે.” હરિભક્તોએ આવી જે વિનતિ કરી તેને શ્રીહરિવરે સાંભળી અને તેને મનમાં ધારી લીધી. ૬.

જ્યારે સવારી તૈયાર થઈને આવી, ત્યારે શ્રીહરિ હરખભેર ઊઠ્યા. દરબાર સોમલા ખાચર અંબાડી સાથેનો જે ગજરાજ (મોટો હાથી) લાવ્યા. તે ઘણો સોહામણો હતો. ૭. તે વેળા શ્રીહરિ તે હાથી ઉપર બેઠા. બધા ભક્તજનો ‘જય જય’ ‘જય જય’નો ઉચ્ચાર તે વખતે કરવા લાગ્યા. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતા હતા અને શ્રીહરિ તે સ્થળેથી ચાલતા થયા. ૮.

શ્રીહરિ પુરની વચ્ચે થઈને ચાલ્યા. અનંત લોકો દર્શન કરવા માટે ઊભા હતા. પુરજનોને શ્રીહરિના ઉપર ઘણું જ હેત થયું. નરનારીનો બધો સમાજ વિચાર કરવા લાગ્યો. ૯. "હવે ફરીને દર્શન ક્યારે પામશું ? દર્શન વિના દિવસ કઈ રીતે જાશે ?" આ રીતે બધા વિચાર કરતા હતા, અને આંખોમાંથી આંસુ વહેતાં હતાં. ૧૦.

શ્રીહરિ વડનગર પુરથી બહાર આવ્યા. પુરના લોકોને પાછા વાળ્યા. ત્યાંથી શ્રીહરિ **પ્રાંતીજ** (જિ. સાબરકાંઠા) ગામ આવ્યા. હરિભક્તો તો વાટ જોઈ જોઈને થાકી ગયા હતા. ૧૧. સાબરમતી નદીને ઊતરીને શ્રીહરિ ઉતાવળા ઉતાવળા પહોંચ્યા. ખબર સાંભળીને તત્કાળ બધા આબાલવૃદ્ધ હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૨. શ્રીહરિનાં દર્શન કરીને સહુને આનંદ થયો. ફૂલહાર પહેરાવીને પરમ આનંદને પામ્યા. ૧૩. વિવિધ પ્રકારનાં વાજિંત્ર લાવ્યાં. શ્રીહરિને પુરમાં પધરાવ્યા. બજારને વિચિત્ર કરી તેમાં અનંત દીવા કર્યા. ૧૪. શ્રીહરિ સંધ્યા સમયે આવ્યા હતા. તેથી મશાલો અનંત કરી હતી. જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં અને ભક્તોએ શ્રીહરિને હાથી ઉપર બેસાડ્યા. ૧૫. જરિયાની સાજથી હાથીને શણગાર્યો. અંબાડી પણ જરીથી શણગારી હતી. સોનેરી દાંડીવાળું ચામર લઈને દરબાર સોમલા ખાચર ચામર કરતા હતા. ૧૬.

પુરવાસી બધા લોકો બજારમાં ઊભા હતા. બજારમાં કેળના સ્તંભ એટલા રોપ્યા હતા, કે તેનો ગણ્યે પાર આવે તેમ ન હતું. ૧૭. બજારમાં સોનાના કળશ સ્થાપ્યા હતા. તેની અપાર શોભા કરી હતી. મકાનો અને દુકાનોના જેટલા દરવાજા હતા, ત્યાં મોતીનાં તોરણ બાંધ્યાં હતાં. ૧૮. લોકો હાથમાં ફૂલહાર લઈને જે ઊભા હતા, તે શ્રીહરિને તે વખતે પહેરાવતા હતા. પુરની બધી સ્ત્રીઓ મોતીથી ભરેલા થાળ હાથમાં લઈને ઊભી હતી. ૧૯. તે મોતીથી શ્રીહરિને વારંવાર વધાવતી હતી. મૂર્તિનાં દર્શન કરીને તેમને ઘણો જ પ્રેમરૂપ ભક્તિભાવ ઊપજતો હતો. કેટલીક સ્ત્રીઓ તો અટારી અને ગોખમાં ઊભી રહીને મૂર્તિના અનેરા રૂપ અને છટાને નીરખતી હતી. ૨૦.

લોકોને દર્શન દેતાં દેતાં શ્રીહરિ પુરની બહાર આવ્યા. સારી જગ્યા જોઈને મુકામ કર્યો. શ્રીહરિને માટે અને દરબારો માટે, જે ડેરા સાથે હતા, તરત જ તે ખડા કરાવી દીધા. ૨૧. પુરના જે હરિભક્તો હતા તે એક સારો નવરંગ પલંગ લઈ આવ્યા. તેના ઉપર ગાદી-તકિયા બિછાવી દીધા. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. ૨૨. પ્રાંતીજ ગામના હરિભક્તોમાં મયારામ, કાશીરામ અને જોષી ગોવિંદરામ આદિક બ્રાહ્મણો સારા સત્સંગી હતા. ૨૩. શાહ નથુ, પીતાંબર, એક તુલજારામ, પારેખ ભગવાનભાઈ એ બધા દૃઢ ટેકવાળા હરિભક્તો હતા. ૨૪. માધવજી, સાકળચંદ અને કંસારા ગોપાળજી, શાહ બુલાખીદાસ, બારોટ ફતાજી, ૨૫. નવલબાઈ, ઈચ્છાબાઈ, રૂપાળીબાઈ, ફૂલબાઈ એ બધા હરિભક્તોએ મળીને રસોઈ બનાવડાવી. ૨૬.

વર્ણીએ શ્રીહરિને માટે તરત ખૂબ જ પ્રેમભાવથી રસોઈ બનાવી, અને સંતોને માટે બ્રાહ્મણોએ રસોઈ બનાવી. ૨૭. જ્યારે વર્ણી બોલાવવા આવ્યા ત્યારે શ્રીહરિ તરત જ ઊઠ્યા. પીતાંબર પહેર્યું અને આવીને બાજોઠ ઉપર બેઠા. ૨૮. ભક્તજન પ્રતિપાલક શ્રીહરિએ લોટામાં પાણી લઈને તત્કાળ ચરણકમળ ધોયા. વર્ણીએ જેટલા ભોજન કર્યાં હતાં, તે બધા થાળમાં ભરી ભરીને લાવ્યા. ૨૯. હરિભક્તોના ઉપર રહેલા સ્નેહભાવથી શ્રીહરિ ભાવથી ભોજન જમ્યા. સાકરનો કંસાર અને પૂરી બનાવી હતી. વડાં અને કેળાંના ભજીયાં કર્યાં હતાં. ૩૦. ભોજનમાં કંસાર જ્યારે જમી લીધો. પછી દૂધ અને ભાત લીધો. દૂધમાં સાકર થોડી લીધી. તે જમીને ચળું કર્યું. ૩૧. હાથ અને મુખ ધોઈને મુખવાસ લીધો. તેનો સુગંધીદાર શ્વાસ આવતો હતો.

તે પછી સંતો, દરબારો અને પાર્ષદોને જમવા માટે બોલાવ્યા.૩૨. તે બધા આવ્યા અને તેમની પંગત ત્રણ અલગ અલગ ભાગમાં કરી. શ્રીહરિ સંતોને પીરસવા લાગ્યા. ૩૩. તેમના પછી દરબારોની પંગતમાં પીરસ્યું અને તે પછી હરખભેર પાર્ષદોને પીરસ્યું. પછી સંતો જમવા લાગ્યા. શ્રીહરિ વારંવાર તે પંગતોમાં પીરસવા ફરતા રહ્યા. ૩૪. જેને જેટલી રુચિ હોય તેને તેટલું શ્રીહરિ પીરસતા હતા. જ્યારે સહુ કંસારને જમી રહ્યા ત્યારે પ્યારા

શ્રીહરિએ ભાત અને દૂધ પીરસ્યાં. ૩૫. દૂધમાં સાકર "ના" "ના" એમ કહેવા છતાં આપી. બધા ઘણા તૃપ્ત થઈ ગયા છે, એમ જાણીને શ્રીહરિએ પાણીથી હાથ ધોયા. ૩૬.

પછી શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. હરિભક્તોને ઘણો જ આનંદ થયો. તે પછી હરિભક્તોએ કેસરયુક્ત ચંદન લઈને જગદ્વંદ્ય શ્રીહરિની પૂજા કરી. ૩૭. કેસરચંદનની અર્ચા કરીને ફૂલહાર પહેરાવ્યા. વિવિધ પ્રકારના વસ્ત્ર અને આભૂષણો ધરાવ્યાં. તે પછી આરતી ઉતારી. ૩૮. અનેક પ્રકારે સ્તુતિ કરી. ત્યારબાદ સંતોની પૂજા કરી. બધાને વસ્ત્ર ઓઢાડ્યાં અને સહુએ અલૌકિક લાભ લીધો. ૩૯. ઝાંઝ અને મૃદંગ વગાડીને સંતો કીર્તન ગાવા લાગ્યા. તે વેળાએ મહાન ઉત્સવ છવાઈ ગયો. હરિભક્તો તો બધા ગુલતાન થઈ ગયા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ વડનગરથી ધામધૂમીપૂર્વક પ્રાંતીજ ગામ પધાર્યા' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર સાતમું : તરંગ - ૫૩

શ્રીહરિ પ્રાંતીજ, ઉનાવા, મેઉ અને લાંઘણજ ગામ જઈને વિજાપુર ગામ આવ્યા

શ્રીહરિ ભક્તોને દર્શન આપતા હતા અને અધરાત થઈ ગઈ. પછી સભાને રજા આપીને પોતે પલંગ ઉપર પોઢી ગયા. ૧. સંતો શ્રીહરિનું ધ્યાન કરવા બેઠા, અને જે દિવસે પ્રકટ મૂર્તિએ જેવા ચરિત્ર કર્યાં હોય અને તેના જે દર્શન કર્યાં હોય, તેવી મૂર્તિ ચિંતવતા. ૨. શ્રીહરિ રોજ નવા નવા ચરિત્રોને કરતા. શ્રીહરિ પ્રકટ થયા તે દિવસથી લઈને કરેલાં ચરિત્રોનું ચિંતવન સંતો પોતાનાં ચિત્તમાં નિત્ય કરતા. ૩.

❋ જે રાખે ચરિત્રમાં દિવ્યભાવ, તેને મળે દિવ્ય લાવ :

સંતો શ્રીહરિનાં સ્વરૂપનું અને ચરિત્રોનું ચિંતવન કરવામાં અલૌકિક સુખ માનતા. તે સિવાય પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષ સુધીનું બધું

દુ:ખરૂપ માનતા હતા. ૪. સંતો શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરતા કરતા સોળ ચિહ્નો સહિત દિવ્ય ચરણકમળને ચિંતવતા હતા. અને વ્યોમ ચિહ્નનું ચિંતવન કરતા તેમાં લીન થઈ જતા. ૫. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો જે વ્યોમમાં લીન થયા હતા તેમાંથી બહાર નીકળ્યા. તેમણે “સ્વામિનારાયણ ધૂન” શરૂ કરી. આખું આકાશ અને બધું જગત ગાજી ઊઠ્યું. ૬. ભગવાન શ્રીહરિએ તે ધૂનનો શબ્દ કાનથી સાંભળ્યો. તરત જ સ્વયં ઊઠ્યા. સંતો જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિ સ્નાન કરવા ઊઠ્યા. ૭. સંતોને અને દરબારોને સાથે લઈને સરોવરમાં અત્યંત ઉમંગથી નાહ્યા. નાહીને ફરી પોતાને મુકામે આવ્યા. ત્યાં દેવોની પૂજાનો બધો વિધિ કર્યો. ૮.

તે પછી તત્કાળ તૈયાર થયા. દયાળુ શ્રીહરિ સુખપાલમાં બેઠા. વિવિધ પ્રકારના વાજિંત્રો આગળ વાગી રહ્યાં હતાં, અને હરિભક્તને ઘેર જવા ચાલ્યા. ૯. જેટલાં હરિભક્તોના ઘર હતાં, ત્યાં સહુએ પોતાને ઘેર શ્રીહરિના ચરણકમળની પધરામણી કરાવીને પરમ અલૌકિક લાભ લીધો. ૧૦. હરિભક્તોએ શ્રીહરિનો બહુ લાભ લીધો. આવો સમય ક્યારેય આવ્યો ન હતો. અનંત અવતાર થઈ ગયા છે, એમ સાંભળ્યું તો છે; પણ આ અવતાર તો અતિશય બળવાન થયો છે. ૧૧. આ અવતાર જેવો થયો છે તેવું તેટલું લખી શકાતું નથી.

શ્રીહરિનો પ્રતાપ અનંત અને અપાર છે. યથાર્થપણે દેખી શકાતો નથી. ૧૨. પાત્રમાં જેટલો અવકાશ હોય તેટલું પાણી અંદર ભરી શકાય છે, ચાહે તેટલાં પાત્રમાં પાણી ભરી લેવામાં આવે છતાં સાગરનું પાણી ક્યારેય ઘટતું નથી. સાગર તો અગાધ જ રહે છે. ૧૩.ભગવાન શ્રીહરિનું સ્વરૂપ અને ચરિત્રો તો સાગરના જેમ અપાર છે. આકાશનો પાર કોઈ લઈ શકે તેમ નથી, તેમ કવિ ચરિત્રોનાં કાવ્યનો ભલે બહુ વિસ્તાર કરે; પણ ચરિત્ર તો તેવા ને તેવા અપાર રહે છે. ૧૪.

सोरठा : हरि मूर्ति हे अतर्क, तर्क करेमें न आत केहु;
ब्रह्मा भव करे तर्क, अनंत कल्प सो वित गयेउ...१५

ભગવાનની મૂર્તિ અતર્ક્ય-કલ્પનાથી બહાર છે. તે માનવનાં તર્કમાં આવી શકતી નથી. અરે ! ભવ અને બ્રહ્માને પણ તર્ક-કલ્પના કરતા કરતા અનંત કલ્પ વીતી ગયા છે. ૧૫. ભવ અને બ્રહ્માની આગળ બીજા જીવો તો અત્યંત તુચ્છ કહેવાય છે. મેરુની મહત્તા આગળ અણુની કાંઈ ગણતરી નહિ. એ પ્રમાણે જ સમગ્ર લોકો દેખ્યામાં આવે છે. ૧૬. અણુની આગળ લોકાલોકની વાત કરવી તે કઈ રીતે મનાય ? એ રીતે જ અણુ જેવા મનુષ્યો લોકાલોક પર્વત જેવા શ્રીહરિના ચરિત્રોને સમજી શકે કે ન સમજી શકે. ૧૭.

चोपाई :

अलोकिक दृष्टि पाव हि जेहा, ताकुं चरित्र यह बढाव हि नेहा;
मायिक जन जो कहावत जेता, उद्वेग होव हि सुनी दिल तेता...१८

જેને અલૌકિક (દિવ્ય) દૃષ્ટિ પ્રાપ્ત થઈ હોય, તેને આ ચરિત્રોથી શ્રીહરિમાં હેત વધશે. પણ જે મનુષ્ય માયાથી ઘેરાયેલો હશે, તેને તો આ ચરિત્રોને સાંભળીને દિલમાં ઉદ્વેગ થાશે. ૧૮. ભગવાનનાં બધા જ ભક્તોએ એક એવો વિવેક રાખવો કે શ્રીહરિનાં આ દિવ્ય ચરિત્ર માયિક મનુષ્યની આગળ ક્યારેય કહેવા નહિ. માયિક મનુષ્ય તો માયિક વાતોને જ લેશે, અને તેને માયિક પદાર્થોમાં જ સુખ-શાંતિ થાશે. ૧૯.પાત્રને જોઈને જ શ્રીહરિનાં ચરિત્રો કહેવા. જે સત્પાત્ર હશે તેને આ શ્રીહરિનાં ચરિત્રોથી સુખ અને શાંતિ થાશે. સુખ થાય તેવું (મિષ્ટ) અન્ન રોગીને તો પૂરી તપાસ કરીને જ દેવું. ૨૦.

चोपाई :

मायिक जन हे जग में जेही, असाध्य रोगवंत हे तेही;
मायिक जन पढे जीतनो जाई, इतनो असाध्य रोग जानना ताई...२१

सुमति जन कु शुभ ग्रंथ जीतना, अति समास हि करत तीतना;
कुमति जन ज्युं पढ हि पुराना, मोक्षमग होव हि शत्रु समाना...२२

જગતમાં જે માયિક-માયાથી ઘેરાયેલો મનુષ્ય છે, તે તો માનો અસાધ્ય રોગથી ઘેરાયેલો છે. તે માયિક મનુષ્ય જેટલા શાસ્ત્ર વાંચશે, તેટલો અવળો

અર્થ લેવાથી તેનો અસાધ્ય રોગ વધશે. ૨૧. જે મનુષ્ય સુમતિ-નિર્દોષ બુદ્ધિ વાળો છે. તે જેટલા સચ્છાસ્ત્રોને વાંચશે તેટલો તેને સમાસ-સારો ફાયદો થાશે અને દુર્બુદ્ધિ મનુષ્ય જેટલાં પ્રાચીન શાસ્ત્રોને વાંચશે, તેટલો તેને મોક્ષમાર્ગ શત્રુ સમાન લાગશે. ૨૨.

દુર્બુદ્ધિ પુરુષ તો શાસ્ત્રના શુદ્ધ અર્થનો અનર્થ કરીને દેખાડે છે, અને જે મુમુક્ષુ મોક્ષને માર્ગે ચાલ્યા હોય છે; તેને પણ ભરમાવી દે છે. તે કુમતિ-દુર્બુદ્ધિનો તો ક્યારેય મોક્ષ થાતો જ નથી. એમ બધા સુમતિ-શુદ્ધ બુદ્ધિવાળા સત્પુરુષો કહે છે. ૨૩. જે કુમતિ-દુર્બુદ્ધિ મનુષ્ય છે, તે કદાચ જપ, તપ, વ્રત, તીર્થ અને દાન અનંત પ્રકારના કરે, અનંત યજ્ઞ કરે, અપાર અન્નનું દાન કરે, રોજ અનંત ગાયોનું દાન કરે, પણ તે કુમતિ પ્રકટ ભગવાનને ભજે નહિ. ૨૪-૨૫. કુમતિ ભગવાનનો પોતે હોય છતાં બધા દેવતાઓની પ્રતિમાઓને કલ્પિત કહે, પણ આ બાબતને એટલે કે આકારનું ખંડન કરવું તેને શાસ્ત્રો મહાપાપરૂપ કહે છે; પરંતુ બધા કુમતિ મનુષ્યોની માન્યતા આવી હોય છે. ૨૬. તે કુમતિ મનુષ્યો પણ અનંત પ્રકારના છે. તેમની માન્યતા ભિન્ન ભિન્ન પ્રકારની છે. તેને પોતાનાં શરીરનું પોષણ કરવામાં જ પ્રેમ હોય છે અને તે અંગેનું જ્ઞાન અનંત પ્રકારે કથે છે. ૨૭.

જેનાં દિલમાં કાંઈ જ ભગવાનનો ભય ન હોય, તેને કુમતિ-દુર્બુદ્ધિ અસુર જાણવો. ભગવાનના ગુણો તો અનંત છે, વેદો અને પુરાણો પણ તેનો પાર પામી શકતા નથી. ૨૮. તેમાં જે દોષ કલ્પે છે, તેમને કુમતિ-દુર્બુદ્ધિ મનુષ્ય માનવો. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ ઉત્તમ રાજાને-દરબાર દાદાખાચરને સાક્ષાત્ વાત કહી. ૨૯. હવે શ્રીહરિનાં ચરિત્ર જ્યાંથી કહેવાના બાકી રહ્યા છે, તેને સંભારીને ત્યાંથી મુક્તાનંદસ્વામી દાદા ખાચરને કહેવા લાગ્યા. પ્રાંતીજના હરિભક્તો અને બીજા લોકોને રાજી કરીને શ્રીહરિ ચાલ્યા. ૩૦. પછી અવિનાશી શ્રીહરિ **ઉનાવા** ગામ આવ્યા. હરિભક્તો ઉત્સાહથી સન્મુખ આવ્યા. ત્યાં પટેલ રામદાસ, વાલદાસ અને કાનદાસ, કે જેઓ શ્રીહરિનાં ચરણોમાં દાસભાવે ભક્તિવાળા હતા. ૩૧. બાજીભાઈ,

અમથાભાઈ, બારોટ રઘાભાઈ અને જીવાભાઈ તથા એક મયાબાઈ વગેરે અપાર હરિભક્તો હતા. ૩૨. તેમણે શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. પૂજા કરીને વિવિધ પ્રકારના મેવા જમાડ્યા. અને તેમના જેટલા મનોરથ હતા તે બધાને શ્રીહરિએ પરિપૂર્ણ કર્યા. ૩૩.

પછી શ્રીહરિ ઉનાવા ગામથી **મેઉ** ગામ (તા.જિ.મહેસાણા) પધાર્યા. અપાર હરિભક્તો સન્મુખ આવ્યા. ભૂખણ (ભૂષણ) ભાવસાર અને સુંદરદાસ નામે સત્સંગી ત્યાં રહેતા હતા. ૩૪. તુલસીદાસ તથા મયારામ વગેરે અપાર હરિભક્તો હતા. શ્રીહરિએ તે બધા હરિભક્તોને અનંત સુખ આપ્યું અને તેમને અતિ કૃતાર્થ કર્યા. ૩૫. શ્રીહરિ મેઉથી **લાંઘણજ** (તા.જિ. મહેસાણા) ગામ આવ્યા. ત્યાંના બધા હરિભક્તો સન્મુખ આવ્યા. ત્યાં એક રામ નામના ભાવસાર અને ઝુમખરામ નામે નાગર હરિભક્ત હતા. ૩૬. એકનું નામ નારાયણ હતું અને બીજાનું નામ ગણેશ હતું. સોની નાગરદાસ અને ભાઈચંદ નામે હતા. તેમજ એક સોનબાઈ નામે સ્ત્રીભક્ત હતા. ૩૭.

તે હરિભક્તોએ શ્રીહરિની ઘેર પધરામણી કરાવીને શ્રીહરિનાં સ્વરૂપ સંબંધી સુખ મેળવ્યું. વળી જેને જેવું હેત હતું તે પ્રમાણે તે હરિભક્તોએ શ્રીહરિની વિવિધ રીતે પૂજા કરી. ૩૮. લાંઘણજથી શ્રીહરિ ચાલ્યા **વિજાપુર** ગામ (તા. વિજાપુર, જિ. મહેસાણા) આવ્યા. ત્યાંના જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૯. દલવાડી પ્રાગજી અને પીતાંબર સાંકળા, તથા વજીબાઈ, વખતબાઈ અને જેઠીબાઈ. ૪૦. વગેરે હરિભક્તો હતા. તે સહુએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. સહુએ ભાવ પ્રમાણે પૂજા કરી. ફૂલહાર પહેરાવ્યા અને થાળ ભરીને મોતીથી વધાવ્યા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ પ્રાંતીજ, ઉનાવા, મેઉ અને લાંઘણજ ગામ જઈને વિજાપુર ગામ આવ્યા' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ।।૫૩।।



પૂર સાતમું : તરંગ - ૫૪

શ્રીહરિ માણસા પુરમાં ધામધૂમથી પધાર્યા

શ્રીહરિ વિજાપુરથી નીકળીને તે વેળાએ **વિહાર** ગામ (તા. વિજાપુર, જિ. મહેસાણા) આવ્યા. ત્યાંના બધા હરિભક્તો સન્મુખ આવ્યા. સહુને અપાર આનંદ થયો. ૧. ભૂલાભાઈ ત્રવાડી અને એક પીતાંબરભાઈ હતા. માનકુંવરબાઈ અને તેની બહેન કુંવરબેન ૨. તેમજ ખુશાલદાસ પટેલ, જીવણદાસ, જેઠીદાસ, કલ્યાણદાસ, સુતાર જગાભાઈ, હેમરાજ ભાવસાર, રૂપાભાઈ ભાવસાર, ચાવડા ખુશાલજી એ બધા હરિભક્તોએ સામે આવીને શ્રીહરિના દર્શન કર્યા. ૩-૫. તે સહુએ ઘણા જ ભાવથી શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા, વિવિધ ઉપચારો લઈને પૂજા કરી, અપાર મેવા મીઠાઈ જમાડ્યા. ૬ .

શ્રીહરિ વિહારથી નીકળીને **ગેરિતા** ગામ (તા. વિજાપુર, જિ. મહેસાણા) આવ્યા. ગામના જેટલા હરિભક્તો હતા તે બધા ઘણા ભાવથી શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને સહુને પરમ આનંદ થયો. ૭. પટેલ હરિભાઈ ઘણા પ્રેમી ભક્ત હતા. ચૌહાણ જલાજી, ભાવસાર ગણેશભાઈ અને મોતીભાઈ, ૮. તથા એક સાંકળીબાઈ એ આદિક ઘણા જ હરિભક્તો હતા. તે સહુએ ઘણા જ ભાવથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૯. સહુએ ઘણા પ્રેમથી શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. સરસ રીતે વિવિધ પ્રકારે શ્રીહરિની પૂજા કરી. ભાવપૂર્વક મેવા અને મીઠાઈ જમાડ્યા અને ઘણો જ અલૌકિક લાભ લીધો. ૧૦.

ત્યાંથી નીકળીને શ્રીહરિ **માણસા** (તા.વિજાપુર, જિ.મહેસાણા) ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો કહેવાતા હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૧. માણસાના ક્ષત્રિય ઠાકોર સાહેબ પોતાની સવારી લઈને આવ્યા. ડંકા, નિશાન અને વાજિંત્ર જે હતા તે બધા વગડાવતા આવ્યા. ૧૨. હાથી, ઘોડા, રથ, મ્યાના અને સુખપાલ આદિ વાહનો તથા પાયદળ અને ગામના બધા જ આબાલવૃદ્ધ લોકો આવ્યા. ૧૩. જેટલી સવારી હતી તે બધી સોનેરી સાજથી શણગારેલી હતી. ઠાકોર સાહેબ

શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. શ્રીહરિએ તેમને ઘણા પ્રેમથી બોલાવ્યા. ૧૪. તેઓ શ્રીફળ લાવ્યા હતા, તે શ્રીહરિનાં ચરણોમાં મૂક્યું અને સાકર ભરેલો થાળ પણ શ્રીહરિની સન્મુખ પ્રેમથી મૂક્યો. ૧૫.

પિથુજી અને અણદાભાઈ બંને ભાઈ સારા સત્સંગી હતા, અને ઠાકોર સાહેબના સંબંધી હતા. તેઓ શ્રીહરિનાં ચરણોમાં મસ્તક મૂકીને પગે લાગ્યા. ૧૬. અંબારામ પંડ્યા અને સાંકળચંદ શેઠ, દુલજીબાઈ, મોટીબા એ બધા પ્રેમથી પગે લાગીને પાસે બેઠા. ૧૭. સુતાર ગંગારામ, ભાવસાર પીતાંબર, વનમાળી એવે નામે એક બીજા હતા, એક પટેલ ભગાભાઈ, ૧૮. એ બધા અપાર હરિભક્તો પ્રેમથી શ્રીહરિની સન્મુખ આવ્યા. સરોવરને કાંઠે પલંગ બિછાવ્યો અને તેના ઉપર સુખદાયક શ્રીહરિ બેઠા. ૧૯. માણસાના દરબારે શ્રીહરિને ઘણી વિનંતી કરીને સુખકારી શ્રીહરિને પુરમાં પધરાવ્યા. ઠાકોર સાહેબ શણગારેલો અંબાડીવાળો હાથી લાવ્યા હતા. ૨૦.

હાથી ઉપર શ્રીહરિને બેસાડવા માટે ઠાકોર સાહેબે ઘણી વિનંતી કરી. તેમનો ઘણો જ ભાવ દેખીને જગદીશ મુનિપતિ હાથીની અંબાડીમાં બેઠા. ૨૧. ઠાકોર સાહેબ અને પિથુભાઈ, બંને શ્રીહરિની પાછળ હરખથી ચામર કરવા માટે બેઠા. ઠાકોર સાહેબે બીજા વિવિધ પ્રકારના વાહનોમાં બધા સંતોને બેસાડ્યા. ૨૨. શ્રીહરિવર પુરમાં પધાર્યા ત્યારે વિવિધ પ્રકારના વાજિંત્રો વાગી રહ્યાં હતાં. શ્રીહરિની સાથે જે દરબારો હતા, તેઓ પોતપોતાના હાથી ઉપર બેઠા હતા. ૨૩. હરિભક્ત દરબારોમાં ગોંડલના ઠાકોર હઠીભાઈ મોટા રાજા હતા. તેઓ જામસાહેબના ભાયાતોમાં મોટા કહેવાતા અને તેમનું રાજ્ય પણ મોટું હતું. ૨૪.

ઠાકોર હઠીભાઈ અત્યંત સરલ સ્વભાવના થઈને શ્રીહરિની સાથે રહ્યા હતા, તેને દેખીને બીજા બધા દરબારો ઘણું આશ્ચર્ય પામતા હતા. ૨૫. શ્રીહરિનો આવો પ્રતાપ જોઈને અને અનુપમ સામર્થ્ય વિચારીને દેશના બીજા બધા રાજાઓ પણ આવીને શ્રીહરિના ચરણોમાં પગે લાગતા હતા. ૨૬.

શ્રીહરિની સવારી અત્યંત અનુપમ અદ્‌ભુત હતી. ચોપદારો ઊંચેથી "જય જય" "જય જય"નો ઉચ્ચાર કરતા કરતા આગળ ચાલતા હતા. ૨૭.

પુરનાં દરવાજામાં સવારી આવી. દરવાજો વિચિત્ર રીતે સજાવ્યો હતો. મોતીના સારા તોરણો દરવાજામાં બાંધી દીધાં હતાં. ૨૮.

શ્રીહરિ જ્યારે પુરમાં પધાર્યા. ત્યારે બજારોને વિચિત્ર રીતે શોભાડી હતી. હાથમાં ફૂલહાર લઈ અપાર પુરજનો ઊભા હતા. ૨૯. બજારમાં કેળના સ્તંભ રોપાવ્યા હતા. દુકાનોને અને મકાનોને વિચિત્ર રીતે શણગાર્યા હતાં. દુકાનોનાં અને મકાનોનાં દરવાજામાં મોતીનાં તોરણ બાંધી દીધાં હતાં. ૩૦. મંગળમય વસ્તુઓથી સજાવેલા સુવર્ણના કળશ બધે મૂકેલા હતા. ઠેકઠેકાણે ધૂપ અને દીપ પ્રકટાવ્યા હતા. આખું પુર સુગંધથી ધમધમી રહ્યું હતું. ૩૧. બિલોરી કાચના જાતજાતના અપાર ઝાડ બધી દુકાનોમાં લટકાવી દીધાં હતાં. પુરની જેટલી સજાવટ હતી, તેને શ્રીહરિ જોતા આવતા હતા. ૩૨.

શ્રીહરિની સવારીની શોભા આગળ નગરની શોભા તો ઝાંખી લાગતી હતી. શ્રીહરિની સુંદર સવારી એટલી ભવ્ય હતી કે, તેને દેખીને લોકોનાં મન આનંદિત થઈ જાતા હતા. ૩૩. લોકો કેસરયુક્ત ચંદનની અર્ચા કરીને ફૂલના હાર પહેરાવતા હતા અને જેટલા ફૂલના હાર આવતા હતા; તે હાર શ્રીહરિ સંતોને અને દરબારોને આપતા હતા. ૩૪. બધી સવારી ફૂલોમાં ગરકાવ થઈ ગઈ હતી. એ સમયે આખી બજાર જાણે ફૂલોનો બાગ જાણે ફૂલ્યો નહોય ! તેવી બજાર બની હતી. ૩૫. પુરની બધી સ્ત્રીઓ ગોખમાં અને અટારીઓમાં આવી ઊભી હતી. શ્રીહરિને વધાવવા માટેના મોતીના થાળ ભર્યા હતા. અને શ્રીહરિને વધાવતી હતી. ૩૬.

ઘનશ્યામ શ્રીહરિની મનોહર મૂર્તિને આંખોથી દેખીને પુરની સ્ત્રીઓને તૃપ્તિ જ થાતી નહિ. એવી મૂર્તિની શોભા સુંદર બની હતી. ૩૭. બધી શોભાનું મૂળ શ્રીહરિની મૂર્તિને જ લોકો દેખતા હતા. તેનાં દર્શન કરીને લોકોનાં હૃદયમાં આનંદના પૂર ઊભરાયાં અને મનમાં સહુને સુખ અને શાંતિ થઈ. ૩૮. શ્રીહરિ દર્શન દેતા દેતા બજારે ચાલ્યા આવતા હતા, ત્યારે હરિભક્તોએ ઘણા જ હેતથી શ્રીહરિને ઘેરઘેર પધરાવ્યા. ૩૯. તે ભક્તો કેસરચંદન લાવીને પૂજા કરતા હતા. સારા વસ્ત્ર અને આભૂષણ પહેરાવીને કપૂરથી આરતી કરતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ માણસા પુરમાં ધામધૂમથી પધાર્યા' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥

પૂર સાતમું : તરંગ - ૫૫

શ્રીહરિ માણસાથી પલિયજ અને ખોરજ થઈને કરજીસણ પધાર્યા

માણસાના ઠાકોર સાહેબે શ્રીહરિને રાજદરબારમાં પધરાવ્યા. ભાવભર્યા હૃદયથી સોનાનાં સિંહાસન ઉપર બેસાડ્યા. ૧. કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિનાં અંગોમાં અર્ચા કરી. ફૂલોના હાર પહેરાવ્યા અને નવરંગી શાલ ઓઢાડી. ૨. ઠાકોર સાહેબે સંતોને સ્ત્રી-ધનનાં ત્યાગી જાણીને ઘણા જ ભાવ સાથે તે કેસર ચંદનથી પૂજ્યા. ૩. ફૂલહાર પહેરાવ્યા. વારંવાર ચરણોમાં નમસ્કાર કર્યા. બધા જ સંતોને પ્રેમભાવથી એકેક વસ્ત્ર ઓઢાડ્યું. ૪. શ્રીહરિની સાથે જેટલા વર્ણીઓ રહેતા તેમને પણ કેસરયુક્ત ચંદનની અર્ચા કરીને ફૂલહાર પહેરાવ્યા અને પીતાંબર ઓઢાડ્યું. ૫.

શ્રીહરિની સાથે જેટલા દરબારો હતા, તે બધાને ભગવાનનાં પાર્ષદ માનીને તેમની પણ કેસરચંદનથી પૂજા કરી અને ફૂલહાર પહેરાવ્યા. ૬. હૃદયના ઘણા જ સ્નેહભાવથી દરબારોને એકેક પાનબીડું આપ્યું. સાકરના થાળ ભરીને લાવ્યા હતા, એટલે તેને તત્કાળ ત્યાં વહેંચવા લાગ્યા. ૭. અને પોશ ભરી ભરીને સાકર આપી. આ રીતે તે માણસાના રાજાએ પૂજા કરી. આ પ્રમાણે ઠાકોર સાહેબ જ્યારે પૂજા કરી રહ્યા, ત્યારે બંને હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા. ૮.

चोपाई :

अनंत कोटि ब्रह्मांड के करता, साधु रुप होई रहत फिरता;
पालन पोषण करत जग केरा, कुंजर से किरी लग हि वेर वेरा...०९

यह जग उत्पन्न भये जा दिनसे, पोषण करत रहत ता दिनसे;
ताको नहि अभिमान हि लेशा, अति समर्थ हि हो तुम एसा...१०

હે હરે ! આપ અનંત કોટી બ્રહ્માંડના કર્તા છો. અત્યારે સાધુરૂપે માનવ સમાજમાં વિચરી રહ્યા છો. કીડીથી લઈને હાથી સુધીના સમસ્ત જગતનું આપ પાલન-પોષણ વારે વારે કરી રહ્યા છો. ૯. આ જગત જ્યારથી ઊપજ્યું છે ત્યારથી આપ તેનું પોષણ કરતા રહો છો. છતાં આપને તેનું જરાએ અભિમાન નથી. એવા આપ અતિ સમર્થ છો. ૧૦.

આપના આવા પ્રતાપને જે જાણતા નથી તેવા લોકો આ જગતમાં મૂઢ કહેવાય છે. અને તે મૂઢ લોકો આપની અને આપના સંતોની મશ્કરી કરતા હોય છે. ૧૧. પણ કીડીના ઉપર તોપનો મારો શું કરવો ? એમ આપ વિચાર રાખો છો. તેથી આપ તેને પશુના સમાન બુદ્ધિવાળા માનીને તેના શબ્દને કાન ઉપર ધારતા નથી. ૧૨.

✵ શ્રીહરિનો પ્રતાપ :

ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવો પણ આપની આગળ તો નિર્જીવ હોય, એવા અમે તેમને જાણીએ છીએ. ૧૩. ભવ (શિવ)થી અધિક સમર્થ કોઈ નથી. તેનો પ્રતાપ અનંત અપાર છે. પણ તે બધું આપના પ્રતાપથી જ છે, એમ વેદો ઉચ્ચારે છે. ૧૪.

सोरठा : ब्रह्मा जग उपजात, तुमारे सो प्रताप कर;
इन्द्र करत वर्षात, सब प्रताप तुमारे लखी...१५
तुमारे हे आधिन, तिहाँ लग तुम सम कहत तेहु;
जब तेहि होत स्वाधिन, निंदा करन हो जात तेहि...१६

આપના પ્રતાપથી જ બ્રહ્મા સર્વ જગતની ઉત્પત્તિ કરે છે, ઈન્દ્ર જે વૃષ્ટિ કરે છે, તેપણ આપના પ્રતાપથી જ છે. ૧૫. જ્યાં સુધી તે દેવો આપને આધીન રહી આજ્ઞાનુસાર કાર્ય કરે છે. ત્યાં સુધી તો તેઓને અમે આપના સમાન કહીએ છીએ, પણ જ્યારે તેઓ સ્વાધીન-સ્વતંત્ર થાય ત્યારે નિંદાને પાત્ર બની જાય છે. ૧૬.

जो जो करो चरित्र तुम जबहु, चितवत मोक्षरुप होत सबहु;
भाग त्याग नहि यामें लेशा, अति समर्थ हो तुम हि एसा...१७

આપ દિવ્ય કે માનુષી જે જે ચરિત્ર કરો છો, તે બધાં ચરિત્રોનું ચિંતવન કરવાથી જીવનો મોક્ષ થાય છે. તે ચરિત્રોમાં સારાં નરસાંનો-ત્યાગભાગનો લેશ પણ નથી. કેમ જે, આપ એવા અતિ સમર્થ છો. ૧૭. તે આપના ચરિત્રોમાં જો કોઈ ત્યાગ-ભાગ કરે તો તે કદાચ અતિ સમર્થ હોય, તોપણ તેને વેદો અસુરની જાતિ કહે છે. તેવા લોકોને મોક્ષનું ઠેકાણું મળતું નથી. ૧૮. વારે વારે તેઓ ભવભટકણમાં ફર્યા કરે છે. તેનો ક્યારેય સંસારના કષ્ટથી નિવેડો આવતો નથી. હે મહારાજ ! એવાનો સંગ અમને ક્યારેય ન થાય, એવો વર અમે અત્યારે આપની પાસે માગીએ છીએ. ૧૯.

ત્યારે શ્રીહરિવરે તેમને કહ્યું, હે નૃપ ! તમે ખરેખર કૃતાર્થ થઈ ગયા છો. જે જગતના સામાન્ય મનુષ્ય હોય તેને અમારો જોગ ક્યારેય થતો નથી. ૨૦. જેને હરિભક્તોનો અને સંતોનો જોગ થાતો નથી, તેઓ તો પાંખડીના જેવા દેખાય છે. અસુરોના સંગે કરીને તો તેમની બુદ્ધિ અતિશય વિપરીત જ રહે છે. ૨૧. અસુરોનો સંગ કુમતિનું કારણ છે, અને સંતોનો પ્રસંગ સુમતિનું કારણ છે. અસુરનાં બીજ કામ, ક્રોધ અને લોભ છે તે કુમતિમાં રહ્યા છે. ૨૨. અહીંયાં બીજ કહો કે ગુણ કહો તે એક જ જાણો. તેમાં ભિન્નતા ન માનો. શ્રીહરિએ આટલી વાત કહી તેને ઠાકોર સાહેબે સાચી માની લીધી. ૨૩.

પછી પ્યારા શ્રીહરિ ચાલતા થયા ત્યારે હાથી ઉપર બેઠા અને પુરની બહાર આવ્યા. ત્યારે બધા હરિભક્તો પણ ત્યાં બહાર આવ્યા. ૨૪. ત્યાંથી શ્રીહરિ ચાલ્યા. **પલિયજ** ગામ આવ્યા. ત્યાંના જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. તેના નામ કહું છું. ૨૫. જોષી ઝુમખરામ, જેઠો ભટ્ટ અને ગંગાબાઈ વગેરે આવ્યા અને શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૨૬. શ્રીહરિને હાથ જોડીને પગે લાગ્યા. પોતાને ઘેર પધરામણી કરીને કેસરયુક્ત ચંદનથી પૂજા કરી અને અલૌકિક લાભ લીધો. ૨૭. ફૂલના હાર પહેરાવ્યા. વિવિધ પ્રકારનાં પકવાન જમાડ્યાં. આરતી ઉતારીને પછી સ્તુતિ તથા વંદન કર્યાં. ૨૮. હરિભક્તો હાથ જોડીને જેવો વર માગતા શ્રીહરિ તેમને તેવો વર આપતા. તે ગામમાં ઘનશ્યામ શ્રીહરિ એક રાત રહ્યા અને રસોઈ જમ્યા. ૨૯.

સંતો, દરબારો અને પાર્ષદો સહુ જમ્યા. પછી બીજે દિવસ અવિનાશી ત્યાંથી નીકળ્યા. **ખોરજ-ડાભી** ગામ (તા. કલોલ, જિ. મહેસાણા) આવ્યા. સુખરાશી શ્રીહરિએ હરિભક્તોને દર્શન દીધાં. ૩૦. તે ગામના જેટલા હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા હતા. ડાભી ગોદડજી, કેશાજી, ગોકળજી, ચેનજી, ૩૧. શંભુજી, વેરાગી બાળકદાસ કે જે ખૂબ ઉત્સાહથી સત્સંગી થયા હતા. તરગાળા ગોવિંદજી, શેઠ શકરાજી, ૩૨.

વહતજી, સુંદરજી, પટેલ બેચરદાસ, લાલમિંયા નામે એક હરિભક્ત હતા. જે પોતાના ધર્મમાં રહીને શ્રીહરિનું ભજન કરતા હતા. ૩૩. એ બધા ઘણા ઉત્તમ હરિભક્તો હતા. તે બધા શ્રીહરિને પગે લાગ્યા. તે સહુએ વિનતિ કરીને મુરારી શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૩૪. જેની જેવી ભાવના તે પ્રમાણે સહુએ શ્રીહરિની પૂજા કરી.

શ્રીહરિ ત્યાંથી નીકળીને **કરજીસણ** (તા. કડી, જિ. મહેસાણા) ગામ આવ્યા. ૩૫. ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સામે આવ્યા. નાનાભાઈ ત્રિવેદી (તરવાડી) જે ભટ્ટ મેવાડા હતા. ૩૬. પટેલ ગોવિંદભાઈ, સોનબાઈ, ઝુમાબાઈ, રળિયાતબાઈ, જીવીબાઈ, ઈચ્છાબાઈ, પટેલ કસળાજી, બીજા પણ અપાર હરિભક્તો હતા તે બધા શ્રીહરિના ચરણોમાં પડ્યા અને તેમણે ફૂલના હાર પહેરાવ્યા. ૩૮. હાથ જોડીને વિનંતી કરી અને ગામમાં પધરાવીને દરેક ઘેરે પધરામણી કરી. તે તે ઠેકાણે કેસરચંદન લઈને પૂજા કરી. ૩૯. વિવિધ પ્રકારે સરસ પાક કરાવીને જમાડ્યા અને સોનાના ઘરેણાં અને સોનેરી વસ્ત્રો પહેરાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ માણસાથી પલિયજ અને ખોરજ થઈને કરજીસણ પધાર્યા' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર સાતમું : તરંગ - ૫૬

શ્રીહરિ ડાંગરવા ગામથી વડુ તથા ઓલા થઈને અડાલજ પધાર્યા

શ્રીહરિ કરજીસણથી ચાલ્યા. **ડાંગરવા** (તા.કડી, જિ. મહેસાણા) ગામ આવ્યા. ત્યાંના બધા હરિભક્તો સામે આવ્યા. સહુના હૃદયમાં આનંદ છવાઈ ગયો હતો. ૧. પટેલ વેણીદાસ અને વ્રજલાલભાઈ તથા ડાભી અમરાજી, અગરાજી, છાલુજી, પ્રતાપજી, ઉમેદજી, માનાજી, જોષી પુરુષોત્તમ અને પીતાંબર એ બે વિપ્ર, જતનબા, વખતબા, રતનબા, રામબા, લખુબા એ આદિ ઘણા જ હરિભક્તો હતા. ૨-૪. બધા આવીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ફૂલોના હાર લાવીને પહેરાવ્યા. વિનંતિ કરીને ગામમાં પધરાવ્યા. વિવિધ પ્રકારના વાજિંત્રો વગડાવ્યાં. ૫.

તેમણે રાજમાર્ગો વિચિત્ર રીતે સજાવ્યા હતા. હજારો પુરજનો રસ્તામાં ઊભા હતા. બધા શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા હતા. પૂજા કરવા માટે ફૂલહાર લાવ્યા હતા. ૬. ગામની જે બધી સ્ત્રીઓ હતી, તે મોતીના થાળ ભરીને ઊભી હતી. હાથી ઉપર સોનેરી વિચિત્ર અંબાડી મૂકી હતી. ૭. સોનેરી આભૂષણો વગેરેથી હાથી અત્યંત શોભતો હતો. તેના ઉપર શ્રીહરિ બેઠા હતા. તેમણે સોનેરી વસ્ત્રો તથા આભૂષણો ધારણ કર્યાં હતાં. ૮. શ્રીહરિની સાથે જે હાથી અને અશ્વ વગેરે વાહન હતા. તે બધા સુવર્ણમય સાજથી શોભતા હતા. મ્યાના અને રથ વગેરે જે હતા તે પણ બધા સુવર્ણમય અને સુશોભિત હતા. ૯. ડંકા અને નિશાન વગેરે પુષ્કળ પ્રમાણમાં હતું. શોભાનો તો કોઈ પાર ન રહ્યો. પુરમાં કે વનમાં શ્રીહરિ જ્યાં ચાલતા હતા ત્યાં અખંડ શોભા બની રહેતી હતી. ૧૦.

આ સમયે શ્રીહરિની સાથે જેવી શોભા હતી તેવી બીજા કોઈ ગામમાં ન હતી. લોકો ફૂલહાર લઈને ઊભા હતા તે શ્રીહરિને પહેરાવતા હતા. ૧૧. કેટલાક કેસરી ચંદનથી પૂજતા હતા, કે જે ઘણા ભાવવાળા હતા. સ્ત્રીઓ મોતીના થાળ ભરીને આવી હતી. તેઓ પ્રેમથી ધર્મના લાલ શ્રીહરિને વધાવવા લાગી. ૧૨. હરિભક્તોએ સુખધામ ઘનશ્યામ શ્રીહરિને

ઘેરઘેર પધરાવ્યા. કેસરી ચંદન લઈને ભાવથી પૂજવા લાગ્યા. ૧૩. મોતીના થાળ ભરી ભરીને વારંવાર શ્રીહરિને વધાવ્યા. પ્રેમથી આરતી ઉતારી અને ફૂલહાર પહેરાવ્યા. ૧૪. હરિભક્તોએ ઘણા જ પ્રેમથી વિવિધ પ્રકારના પકવાનોના થાળ ભરીને શ્રીહરિની સાથે જે હતા તે સંતો, દરબારો અને પાર્ષદોને ખૂબ જ જમાડ્યા. ૧૫.

જેને જેવો ભક્તિભાવ હતો, તેમને તે પ્રમાણે શ્રીહરિએ સુખ આપ્યું અને હરિભક્તોએ ઘણો લાભ લીધો, જે બીજા કોઈ હરિભક્તોએ આવો લાભ લીધો ન હતો. ૧૬. ડાંગરવામાં એક રાત રોકાઈને સવારે શ્રીહરિ ચાલતા થયા. હરિભક્તોને ઘનશ્યામ શ્રીહરિના ઉપર હેતનો પાર ન હતો. ત્યાંથી **વડુ** ગામ (તા. કડી, જિ. મહેસાણા) આવ્યા. સહુ ગામના હરિભક્તો સામે આવ્યા. ૧૭. ગોહિલ માનાજી, ઉમાજી, બારોટ કાનજી, પટેલ પુરુષોત્તમ, તેના ભાઈ જેરામભાઈ. ૧૮. તેઓ ત્રણ ભાઈ હરિભક્ત હતા. તે બધા સન્મુખ આવ્યા હતા. તુલસી, અમીચંદ અને વજેરામ એ આદિક ઘણા હરિભક્તો તે ગામના હતા. ૧૯. બધા આવીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા, અને સહુએ શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા. બધાએ બહુ પ્રકારનો વિનય કરીને ધર્મકુમાર શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૨૦.

શ્રીહરિનાં દર્શન કરવાથી ગામના બધા જ લોકોને ઘણો ભાવ થયો. શ્રીહરિને ઘેર ઘેર પધરાવીને મનભાવતા ઉપચારોથી પૂજા કરી. ૨૧. હરિભક્તોએ કેસરયુક્ત ચંદન ચરચીને ફૂલના હાર પહેરાવ્યા, અને વિવિધ પ્રકારના મેવા લાવ્યા હતા. તે શ્રીહરિને ઘણા જ પ્રેમભાવથી જમાડ્યા. ૨૨. જેનો જેવો ભાવ હતો તે પ્રમાણે હરિભક્તોએ ઘણા જ પ્રેમભાવથી સંતો અને દરબારોએ સહિત શ્રીહરિને જમાડ્યા. ૨૩. જે ભક્તોના જેવા મનોરથ હતા, તેને તેવા રૂપમાં શ્રીહરિએ પૂર્ણ કર્યા. શ્રીહરિ વડુ ગામથી ચાલ્યા. આગળ **ઓલા** ગામ (તા. કલોલ, જિ. મહેસાણા) આવ્યા. ૨૪. તે ગામના જે હરિભક્તો હતા તે અને બીજા બધા પણ શ્રીહરિની સન્મુખ આવ્યા. તેઓ જાતજાતના વાજિંત્રોને લાવ્યા હતા. ૨૫.

બધા આવીને ચરણોમાં પડ્યા. ચારે વર્ણના મનુષ્યો હતા. તેમણે અપાર હેતથી ફૂલના હાર પહેરાવ્યા. ૨૬. જે હરિભક્તોના નામોને હું જાણું છું તે કહું છું. ઘણા ગામ છે તે ગામે ગામના નામનો પાર કોઈ લઈ શકે નહિ. ૨૭. પટેલ શ્રીધરદાસ, અવિચળદાસ, વેણીદાસ, પીતાંબર, નરોત્તમ અને ૨૮. એક વણારસી એ આદિક બધા હરિભક્તોએ અપાર વિનય કરીને ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૨૯. ગામના બધા જ લોકોનાં મનમાં ઘણો જ ભક્તિભાવ હતો. એટલે જ્યારે શ્રીહરિ ગામમાં પધાર્યા ત્યારે બધા રાજમાર્ગોને સ્વચ્છ કરીને વિચિત્ર રીતે શણગારી દીધા. ૩૦.

દરેક મકાનના જે દરવાજાઓ હતા, તેમને વિચિત્ર રીતે શણગાર્યા. દરેક દરવાજે વિવિધ પ્રકારના મોતીનાં તોરણ બાંધી દીધાં. ૩૧. હાથી ઉપર સોનાની અંબાડી મૂકી હતી. તેમાં શ્રીહરિ બેઠા અને દરબાર સુરા ખાચરે હાથમાં ચામર લીધું, અને ચતુરતાથી તે ચામર કરવા લાગ્યા. ૩૨. ગામના અપાર મનુષ્યો પૂજા કરવા હાથમાં ફૂલહાર લઈને ઊભા હતા. શ્રીહરિ જ્યારે બજારમાં પોતાની આગળ આવે ત્યારે તે તે લોકો પૂજા કરતા હતા. ૩૩. ગામની જે સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરીને શ્રીહરિને વધાવવા માટે રાહ જોઈને ઊભી હતી. પ્રેમ ભક્તિવાળી તે સ્ત્રીઓ શ્રીહરિ આગળ આવે ત્યારે ઘણા જ પ્રેમથી વધાવતી હતી. ૩૪. હરિભક્તોએ તો શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા. જેને જેવી ભાવના હતી તે પ્રમાણે પૂજા કરી. અંગ ઉપર કેસરી ચંદન ચરચ્યું અને ઉમંગથી ફૂલહાર પહેરાવ્યા. ૩૫.

મોતીના થાળ ભર્યા હતા, એટલે તેનાથી વધાવ્યા અને વિવિધ પ્રકારના મેવા જમાડ્યા. અત્યંત પ્રેમથી કપૂરની આરતી ઉતારી અને અતિ હરખભર્યે હૈયે સ્તુતિ કરી. ૩૬. હરિભક્ત સિવાયના ગામના જે ભાવિક લોકો હતા, તેમણે પણ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરીને અલૌકિક લાભ લીધો. જે પધરામણી ન કરાવી શક્યા, બાકી રહી ગયા તે પસ્તાયા. ૩૭. ઓલા ગામમાં શ્રીહરિ રાત રોકાયા. બીજે દિવસ ત્યાંથી ચાલ્યા.

અડાલજ ગામ (તા. જિ. ગાંધીનગર) આવીને ત્યાં એક જ રાત રોકાયા. ૩૮. અડાલજમાં એક વાવ છે. ભૂમિ ઉપર એવી બીજી વાવ કદાચ ન હોય, તેમાં શ્રીહરિ નાહ્યા અને તે વાવને તીર્થરૂપ કરી. આમ તો શ્રીહરિ વારંવાર આવીને તે વાવમાં નાહ્યા છે. ૩૯. જેણે તે વાવ બનાવડાવી હતી, શ્રીહરિએ તેનો મોક્ષ કર્યો. તે પુણ્યાત્માને સત્સંગમાં જન્મ ધરાવીને દિવ્યગતિ આપી. ૪૦.

❋ આ વાવ કોણે બનાવી હતી ? અને કેવી રીતે સત્સંગમાં જન્મ આપ્યો ? :

ઓળા ગામના ક્ષત્રિય સંગ્રામજીતની બહેન રૂપકુંવરબા હતા. સૌ તેને રૂડબા નામથી બોલાવતા. તેના મામા અડાલજ ગામ રહેતા. તેમના લગ્ન અડાલજના વાઘેલા રાવ વિરસિંહ સાથે થયા હતા. પરંતુ તે નાની ઉંમરમાં જ અચાનક સ્વર્ગે સિધાવ્યા. પછી રૂપબા અડાલજમાં જ મામા ભેગા રહેતા. તેઓ અતિ રૂપવાન હોવાથી રૂપબા ઉપર દિલ્લીના બાદશાહને મોહ થયો. અને તેણે લગ્નની માંગણી કરી.

ત્યારે રૂપબાએ કહ્યું, ‘પ્રથમ મારે મારા પતિના સ્મરણાર્થે એક વાવ બંધાવવી છે. તેનો ખર્ચો તમે આપો. પછી હું તમારી સાથે પરણીશ.’ નવાબના ખર્ચે વાવ બાંધવાનું શરુ થયું. ચાર વર્ષ કામ ચાલ્યું. બળદગાડા વડે પથ્થર લવાતા. તેના ઉંજામણના એક લાખ રૂપિયા થયા એવું સંતોએ લખ્યું છે. (ગુજરાત વિશ્વ કોશમાં-પાંચ લાખ રૂપિયાનો ખર્ચો લખ્યો છે.) સં. ૧૫૦૨ મહા સુદ-૫ ને દિવસ વાવ પૂર્ણ થઈ. પછી તેની ઉપર એક શીલાલેખ લખાવી રૂડબાએ પરણવા આવેલા નવાબને પડતો મૂકી વાવમાં જળસમાધિ લીધી હતી.

પછી એકવાર મહારાજ સંતો સહિત અડાલજની વાવે આવ્યા. નિષ્કુળાનંદસ્વામી તે વાવમાં પાણી ભરવા ગયા. ત્યારે તે વાવમાં આરસના પથ્થર ઉપર તે વાવ કરનારનું લખાણ કરેલ. તેને સ્વામીએ વાંચ્યું. પછી મહારાજ પાસે વાત કરી કે, ‘આ વાવની કરનારી બાઈએ લખાણ કર્યું છે તે વાંચવા જેવું છે.’ ત્યારે મહારાજ કહે, “તમે વાંચો, હું સાંભળું.” પછી નિષ્કુળાનંદસ્વામીએ વાંચવા માંડ્યું. એમાં એવું લખેલું હતું કે, ‘આ વાવ ઘણા રૂપિયાનો ખર્ચ કરીને મેં બંધાવી છે તે મારી મોટપ સારુ, કે મારી કીર્તિ સારુ,

કે મારું નામ રહે તે સારુ મેં બંધાવી નથી, પણ મારા કલ્યાણ સારુ બંધાવી છે. પણ મારી હયાતીમાં મને કોઈ મોટાપુરુષ મળ્યા નથી. પણ પાછળથી કોઈ કાળે કોઈ મોટાપુરુષ કે ભગવાન પ્રગટ થાય, ને તે આ વાવનું પાણી પીને મારા જીવનું કલ્યાણ કરે એ જ મારી અરજી છે."

એવું લખાણ સાંભળીને શ્રીજીમહારાજે અતિ પ્રસન્ન થયા. પછી આગળ સાધુ જતા હતા તેમને પાછા બોલાવીને મહારાજે કહ્યું, " સર્વે સંત આ વાવમાં નહાવો ને પાણી પીઓ." એમ કહીને પોતે પણ વાવમાં નહાવા પેઠા. તે ત્રણ-ચારવાર ઓરા આવે ને આઘા જાય ને તરતા જાય, એમ ઘણી વાર સુધી નાહીને બહાર નીકળ્યા. ને એ સર્વે સંત પણ નાહ્યા. પછી એ વાવનું પાણી મહારાજે પીધું ને સંતે પણ પીધું. પછી એ વાવના ઓટલા પર શ્રીજીમહારાજ સભા કરીને એમ બોલ્યા, "કે આ વાવ કરનારી બાઈનું કલ્યાણ તો થયું પણ આ વાવમાં કામ કરવા મજૂર આવ્યા હશે, બળદે પાણા ચઢાવ્યા હશે, કોઈ કીડી, મકોડી મરી હશે, તે સર્વેનું કલ્યાણ થાઓ." એમ શ્રીજીમહારાજ એ સર્વે સભાને સાંભળતા બોલ્યા. અને એ રૂડબાઈ જ બીજા જન્મે કુશળકુંવરબાઈ થયા અને મહારાજે તેનું કલ્યાણ કર્યું.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ ડાંગરવા ગામથી વડુ તથા ઓલા થઈને અડાલજ પધાર્યા' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર સાતમું : તરંગ - ૫૭

શ્રીહરિ અડાલજથી મોટેરા પધાર્યા અને ત્યાં લીલા કરી

શ્રીહરિએ બધા દરબારોને તે અદ્‌ભુત વાવ દેખાડી. જેટલા પગથિયાં દેખાતાં હતાં તેના ઉપર જઈને ચરણકમળ મૂક્યાં. ૧. વાવના પગથિયાંની બાજુમાં એક કચેરીખાનું હતું. તેમાં શ્રીહરિએ સભા કરી. અનંત ધામના મુનિવર્યો બધા સાથે હતા. ૨. તે કચેરી ખાનાની વચ્ચે ગોળાકારે વિચિત્ર કઠોડો કરેલો હતો. ભાવિક ભક્તોના ભાવોને પૂરા કરવા ત્યાં આવીને

શ્રીહરિ બેઠા. ૩. કઠોડાને નજીક જ પાણી હતું. એટલે શ્રીહરિ તેમાં નાહ્યા. કરોડો બ્રહ્માંડોના અમીર-શાસક હોવા છતાં શ્રીહરિ સરલતાથી સંતોની રીતે વિચરી રહ્યા છે. ૪. કરોડો બ્રહ્માંડના કર્તા તો પ્રકૃતિ અને પુરુષ કહેવાય છે. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવો તો બ્રહ્માંડના ઈશ્વર કહેવાય છે. ૫.

તે દેવોની આગળ ચક્રવર્તી રાજા અતિશય તુચ્છ ગણાય છે. ચક્રવર્તી રાજાની આગળ અન્ય રાજાઓ અતિ તુચ્છ કહેવાય છે. ૬. અન્ય રાજાની આગળ બીજા મનુષ્ય અત્યંત તુચ્છ કહેવાય છે. મનુષ્યની તુલનામાં પશુઓ અને પંખીઓ અતિ તુચ્છ લાગે છે. ૭. પશુઓ અને પંખીઓની તુલનામાં વૃક્ષો અત્યંત તુચ્છ ગણાય છે, અને વૃક્ષોની તુલનામાં જેટલા પથ્થર છે તે કાંઈ લેખામાં આવતા નથી. ૮. પથ્થરમાં પણ માણેક, મોતી, હીરા, પારસમણિ અને ચિંતામણિ ઘણા શ્રેષ્ઠ છે. કારણ કે મોટા મોટા રાજાઓ પણ તે ઝવેરાતને મેળવવા ચાહે છે. પણ તે ધાર્યા મળતા નથી. ૯. વૃક્ષોમાં પણ કલ્પવૃક્ષને મોટા રાજાઓ અને દેવો ઈચ્છે છે. પંખીઓમાં ગરુડ અને હંસની જાતોને મોટા રાજાઓ કાયમ રાતદિન ચાહે છે. ૧૦.

પશુઓમાં જે કામધેનુ છે, તેને દેવો અને રાજાઓ ચાહે છે. મનુષ્યોમાં પણ જે સારા બુદ્ધિમાન હોય તેને મોટા રાજાઓ ઈચ્છે છે. ૧૧. રાજાઓમાં પણ જે નીતિમાં કુશળ કહેવાતા હોય, જે અઢાર પ્રકારના વ્યસનોથી અને પ્રમાદથી દૂર રહેતા હોય, ગમે તેવા ભારે માયિક પંચવિષયમાં જે લેશમાત્ર પણ મોહ ન પામતા હોય. ૧૨. પ્રજાને સુખી દેખીને જે સુખ માનતા હોય એવા રાજાઓને પૃથ્વી કહે છે કે હું ચાહું છું અને તેવા રાજાઓને અનુપમ માનું છું. ૧૩. જે રાજા દેવોનું સન્માન-પૂજન કરતો હોય, યજ્ઞ, દાન અને તપ કરતો હોય, તીર્થોનું સેવન કરતો હોય, તેવો રાજા આ જગતમાં દુર્લભ છે. ૧૪. વગર અપરાધે અને વગર વાંકે જે રાજા પ્રજાના ઉપર કોપ કરતો હોય છે, આવો જે રાજા તે જો પ્રજાનો વિનાશ ઈચ્છતો હોય, તો તેને દેખીને તો ભૂમિ પણ કંપી ઊઠે છે. ૧૫. અને કહે છે કે જો રાજા પ્રજાને દુભવે છે તો હું અન્ન અને બીજનો નાશ કરું છું. જો પ્રજાનો નાશ થતો હોય તો મને ક્યાંય ચેન પડતું નથી. ૧૬.

❋ બધાને સામર્થ્યના દાતા એક શ્રીહરિ છે :

चोपाई :

श्रीहरिवर हि समर्थ अपारा, मेरे हित धरेउ अवतारा;
ताकी मर्जि बिन देव हि जोई, करनेकु समर्थ नहि कोई...१७
अक्षर प्रजंत निरजीव कहावे, हरि मर्जि से समर्थ रहावे;
ओर देव भूपति रहे जेते, हरि आगे निरजीव हे तेते...१८

શ્રીહરિવર મહાન સમર્થ છે, તે મારે માટે તો અવતાર ધારણ કરે છે. તેમની મરજી વિના તો કોઈ દેવ પણ કાંઈ કરવાને સમર્થ નથી. ૧૭. અરે, અક્ષરપર્યંત પણ બધા નિર્જીવ જેવા છે. તે બધા તો શ્રીહરિની મરજીથી જ સમર્થ રહ્યા છે. બીજા બધા દેવો અને જે રાજાઓ છે, તેપણ ભગવાનની આગળ તો નિર્જીવ જેવા જ છે. ૧૮.

નિર્જીવના ઉપર કોપ શું કરવો ? બધા નિર્જીવ જેવા થઈને જ પેટ ભરે છે. જ્યારે તેની ચેતનાને ભગવાન ખેંચી લે, ત્યારે કોઈ કાંઈ કરવાને સમર્થ રહેતું નથી. ૧૯. શ્રીહરિ આવા અતિ મહાન સમર્થ છે, છતાં સામાન્ય માણસથી ડરીને ચાલતા હોય છે. જેનું જેટલું સામર્થ્ય હોય છે તેટલું તેનાથી ડરીને ચાલે છે. ૨૦.સહુનાં સામર્થ્ય કરતાં પ્રકટ શ્રીહરિનું સામર્થ્ય અધિક છે. તેને કોઈ અલ્પ જીવ જાણી શકતો નથી. જે સમર્થ હોય છે તે જ તેને જાણી શકે છે. ૨૧.

चोपाई :

समर्थ होई सहन गुन जीतनो, हरि को गुन समजना इतनो;
समर्थ होई सहन नहि करना, तुछ जन को गुन एहि गनना...२२

જે સામર્થ્યવાન હોય તેમાં જેટલો સહન કરવાનો ગુણ હોય તેટલો શ્રીહરિનો ગુણ સમજવો. અને જે સમર્થ થઈને સહન કરે નહિ તો તે તુચ્છ મનુષ્યનો ગુણ છે એમ સમજવું. ૨૨. તેવા તુચ્છ જીવની મોટપ કદાચ મેરુ પર્વતના જેટલી હોય, તોએ શું ? મૃત્યુ પછી તેનું કાંઈ ઠેકાણું રહેતું નથી. હિરણ્યકશિપુ અને પ્રહ્લાદની રીતને વિવેકી મનુષ્યો પ્રેમથી દેખી શકે છે. ૨૩.

જે સહન કરે છે તે પ્રહ્લાદ છે. તેનું નામ યુગો સુધી અમર રહે છે. તેની જેમ બલિરાજાનું નામ પણ રહ્યું છે. વામનજીએ તેને ઘણું દુઃખ દીધું, છતાં બલિએ સહન કર્યું હતું. ૨૪. જેણે જેટલું દુઃખ સહન કર્યું છે, તેને પરમાત્માએ તેથી અધિક સુખ આપ્યું છે. એવા શ્રીહરિ જે મહાસમર્થ છે, તેમણે આ વખતે અવતાર ધારણ કર્યો છે. ૨૫.

શ્રીહરિ અડાલજથી નીકળ્યા. **મોટેરા** ગામ (તા.જિ.ગાંધીનગર)માં આવ્યા. તે ગામના બધા હરિભક્તો ત્યાં સન્મુખ આવ્યા. ૨૬. પટેલ પુરુષોત્તમદાસ અને ભૂદરદાસ મહાન ઉત્તમ ભક્ત હતા. એ આદિક ત્યાં ઘણા જ હરિભક્તો હતા. ૨૭. બધા આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. સહુએ ફૂલના હાર શ્રીહરિને પહેરાવ્યા. બધાના મનમાં ઘણો જ ઉત્સાહ હતો. શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૨૮. મોટેરામાં જે લોકો રહેતા હતા. લગભગ બધા જ હરિભક્તો હતા. ઘેર ઘેર શ્રીહરિવરની પધરામણી કરીને પ્રેમથી પૂજા કરી. ૨૯. અંગ ઉપર કેસરી ચંદન ચરચ્યું. ઉમંગથી ફૂલના હાર પહેરાવ્યા. મોતીના થાળ ભરી ભરીને વધાવ્યા અને મેવા, મીઠાઈ તથા ફળ જમાડ્યા. ૩૦.

શ્રીહરિ જમ્યા, સંતો અને દરબારોને જમાડ્યા. આમ શ્રીહરિ હરિભક્તોનાં મનમાં આનંદ કરાવતા હતા. હરિભક્તોના મનમાં જેવો ભાવ હતો, તેવો ભાવ શ્રીહરિએ પૂરણ કર્યો. ૩૧. હરિભક્તોએ ગામની વચ્ચે સંતોને માટે હરિમંદિર કર્યું હતું. શ્રીહરિ ત્યાં આવીને તેમાં ઊતર્યા હતા. મંદિર દેખીને ખૂબ જ ખુશી થયા. ૩૨. મોટેરા ગામ સાબરમતીને ઉત્તર કિનારે ઘણા સમયથી સ્થિર રહ્યું છે. નદીનો કાંઠો ઘણો ઊંચો છે તેનાથી ગામ ઘણું સોહામણું લાગે છે. ૩૩. શ્રીહરિ તે ગામની રચના જોઈને અંતરમાં વિશેષ પ્રસન્ન થયા. ગામને દેખીને પોતે બોલ્યા. આ ગામ તો અમારે રહેવાને લાયક છે. ૩૪. જે ગામ નદીને કિનારે હોય તે અમને બહુ ગમે. ભક્તોના નિવાસરૂપ શ્રીહરિ એમ બોલ્યા કે કોઈ વખત અહીંયાં આવીને અમે રહેશું. ૩૫.

શ્રીહરિ જઈને નદીમાં નાહ્યા. સંતો, દરબારો અને બીજા હરિભક્તો સહુ તે વખતે સાથે હતા. બહુ ભાતે જળક્રીડા કરી. તે બધું વર્ણન કરી શકાતું નથી. ૩૬. શ્રીહરિની સાથે જે ભક્તો હતા, તેમણે તે જળક્રીડા દેખી હતી તે ભક્તો તેને ભૂલી શકતા નહિ. તેને જોવા માટે તો સર્વે દેવતાઓ પણ આવ્યા હતા. ૩૭. દેવોએ કેસરયુક્ત ચંદન વરસાવ્યું અને અપાર ફૂલો પણ વરસાવ્યા. તે વૃષ્ટિને દેખીને બધા મનુષ્યો તેને વારંવાર વખાણે છે. ૩૮. દેવતાઓ વિમાનમાં બેઠા. શ્રીહરિ જળક્રીડા કરતા રહ્યા હતા, અને અનંત અપ્સરાઓ મળીને નાચ અને ગાન કરતી હતી. ૩૯. વિવિધ પ્રકારના વાજિંત્રો વગાડીને ગાંધર્વો ગાન કરવા લાગ્યા. શોભા એટલી સરસ થઈ હતી, કે આ શોભા **'न भूतो न भविष्यति'** એમ બધા કહેતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ અડાલજથી મોટેરા પધાર્યા અને ત્યાં લીલા કરી' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર સાતમું : તરંગ - ૫૮

શ્રીહરિ મોટેરાથી શ્રીનગર થઈને સાબરમતી નદીએ આવ્યા તથા વિવેકનું સ્વરૂપ કહ્યું

શ્રીહરિ મોટેરા ગામમાં પધાર્યા છે, એવા સમાચાર શ્રીનગર (અમદાવાદ)ના હરિભક્તોને મળ્યા. તેથી શ્રીનગરના બધા હરિભક્તો મનમાં ખૂબ જ હર્ષ પામીને મોટેરા આવવા લાગ્યા. ૧. સહુએ ફૂલહાર, તોરા, બાજુબંધ, ફૂલની પછેડી, ટોપી, છડી અને ગુચ્છ વગેરે લીધું. ૨. શ્રીનગરથી મોટેરા સુધી હરિભક્તોની લાંબી એક હાર-કતાર થઈ. શ્રીહરિ મોટેરામાં બેઠા હતા, ત્યારે ઘણા જ હેતથી શ્રીનગરના હરિભક્તો આવ્યા. ૩. જે જે ભક્ત આવતા હતા તે બધા શ્રીહરિને પગે લાગતા હતા. તેમના મનમાં ઘણો જ ઉમંગ હતો. બધા ઘણા પ્રેમથી શ્રીહરિની પૂજા કરતા હતા. ૪.

કોઈક હરિભક્ત ફૂલહાર પહેરાવતા હતા, અને કોઈ પ્યારથી બાજુબંધ બાંધતા હતા. તો કોઈ ફૂલની પછેડી ઓઢાડતા હતા, તો કોઈ ભક્ત ફૂલની ટોપી હેતથી મસ્તકે ધારણ કરાવતા હતા. ૫. કોઈ મસ્તક ઉપર તોરા ધરાવતા હતા, તો કોઈ કાન ઉપર ગુચ્છ ધરાવતા હતા. વળી કોઈ સુજ્ઞ ભક્ત હાથમાં ગુચ્છ આપતા હતા. કોઈ હાથમાં ફૂલોની છડી આપતા, એ શ્રીહરિ તેને ઘણા ભાવથી લેતા હતા. ૬. કોઈ ભક્ત ફૂલનો પંખો લાવીને શ્રીહરિને પવન નાખતા હતા. કોઈ લાવીને ફૂલનો શેહરો ધરાવતા હતા, તો કોઈ હરખથી ફૂલનો દડો આપતા હતા. ૭.

કોઈ હરિભક્ત શ્રીહરિની આગળ બરફી અને પેંડા ભાવથી આપતા હતા. ત્યાં મંદિરની આગળ એક લીંબડાનું ઝાડ હતુ. તેની છાયામાં એક ગાડું રખાવ્યું હતું. ૮. ગાડા ઉપર પલંગ બિછાવ્યો હતો. શ્રીહરિ તે પલંગ ઉપર બેસતા. વસંતી શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. લીંબડાની ઉત્તર તરફ પાસે જ બેઠક કરાવી હતી. ૯. શ્રીહરિની સાથે જે સંતો અને દરબારો રહેતા હતા. તેઓ તે જગ્યાએ સભા કરીને બેઠા અને બીજા જેટલા હરિભક્તો ત્યારે હતા તેમની પણ સભા ભરાઈને ત્યાં બેઠી. ૧૦.

સ્ત્રીઓની સભામાં સ્ત્રીઓ બેસતી અને તેઓ પ્રેમથી ભગવાનનાં કીર્તન ગાતી હતી. પુરુષોની સભામાં પુરુષો હરિકીર્તન કરતા હતા. તેનો ધ્વનિ આકાશને અને ભુવનને ગજાવી દેતો હતો. ૧૧. મોટેરાના બધા હરિભક્તોએ લાડુની રસોઈ બનાવડાવી હતી. વર્ણી શ્રીહરિને માટે જે રસોઈ બનાવતા હતા ત્યાં જઈને શ્રીહરિ જમી લેતા હતા. ૧૨. હરિભક્તો ઘણા પ્રેમી હતા. શ્રીહરિ ભાવથી જમતા હતા. ગંગાબા થાળ કરતા. તેને શ્રીહરિ ત્યાં જઈને જમી આવતા. ૧૩. હરિભક્ત વિપ્રોમાં અનેક સ્ત્રીભક્તો અતિ પ્રેમભક્તિવાળા હતા. પણ ગંગાબાના જેવો થાળ કોઈથી થાતો નહિ, એમ સહુ હરિભક્તો જાણતા. ૧૪. શ્રીહરિ બીજા થાળ અનંત જમતા. છતાં ગંગાબાનો થાળ તો જમતા જ. કારણ કે પોતે ભક્તજન પ્રતિપાલક છે, અને તેમને પૂર્વજન્મમાં થાળ જમવાનું બિરુદ આપ્યું હતું તે વરદાનને

વિચારીને જમતા હતા. ૧૫. મોટેરા ગામમાં શ્રીહરિ એક રાત રહ્યા. પછી બીજે દિવસ તૈયાર થયા. શ્રીનગરના હરિભક્તોના હિતને માટે પોતે સાક્ષાત્ **શ્રીનગર** પ્રતિ ચાલતા થયા. ૧૬.

✻ સ્નેહ તથા વિવેકનું કારણ મહિમા છે :

શ્રીહરિ બાદશાહની વાડી-શાહીબાગ પાસે આવીને સાબરમતી નદી ઊતર્યા. ત્યાં સંતો અને હરિભક્તો સાથે નદીમાં નાહ્યા અને ચારઘડી (૧.૩૬ કલાક) સુધી જળક્રીડા કરી. ૧૭. સંતો, વર્ણીઓ, દરબારો, પાર્ષદો અને હરિભક્તો એ બધા શ્રીહરિની સન્મુખ નાહતા હતા. શ્રીહરિ થોડા ઉપરવાસમાં હતા. ૧૮. અતિ માહાત્મ્ય અને વિવેકવાળા તેમજ જેમને સંતોનો મહિમા હતો તેવા દરબારો અને હરિભક્તો સંતોને આગળના ભાગમાં રાખીને નાહતા હતા. ૧૯. જેને સંતોનો બહુ મહિમા ન હતો અને મનમાં બહુ વિવેક પણ ન હતો, તેઓ સંતોને પાછળ રાખીને નાહતા હતા. ૨૦. શ્રીહરિ વિવેકની વાત બહુ કરતા, તોપણ તેવાઓને મનાતી નહિ. દરબાર માંચા ખાચર અને પર્વતભાઈ અને તેમના જેવા જે હરિભક્તો હોય, તેઓ સંતોનું માહાત્મ્ય જાણતા અને તેને લીધે જ તે હરિભક્તો શ્રીહરિને બહુ વહાલા લાગતા. **જેને શ્રીહરિ, સંતો અને હરિભક્તો વ્હાલા હોય તેનાં હૃદયમાં માહાત્મ્ય રહે છે.** ૨૧-૨૨.

चोपाई :

संत हरिजन के भार न जाकुं, माहात्म बिन समजना ताकु;
फल पत्र बिन वृक्ष हि जेसे, ताके सत्संग जानना तेसे...२३
विवेक नेत्र रहे उर जाके, संग करनेकु न ईछत ताके;
माहात्म विन लुक्ष हि ज्ञाना, अमृत में जनुं विष रहे छाना...२४

જેને સંતોનો અને હરિભક્તોનો થોડોએ ભાર ન હોય તેને માહાત્મ્ય વિનાનો જાણવો. ફળ અને પાંદડાં વિનાના વૃક્ષના જેવો તેનો સત્સંગ જાણવો. ૨૩. તેવો તો જેનાં હૃદયમાં વિવેકરૂપી નેત્રો રહ્યા હોય છે, તેનો સંગ કરવાનું પણ ચાહતો નથી. જે માહાત્મ્ય વિનાનું લૂખું જ્ઞાન છે, તે જેમ અમૃતમાં છુપાઈને ઝેર રહ્યું હોય તેવું જાણવું. ૨૪.

તેવા મહિમા વિનાના લૂખા જ્ઞાનવાળો હરિભક્ત તો પોતાની પ્રકૃતિને મળતા આવે, એવા સંત અને હરિભક્તને ભગવાન જેવા કહે અને તે સિવાયનાને વિમુખ કહે. ૨૫. આવી જેની બોલી હોય તેને સત્સંગમાં કુસંગ જાણવો. ધ્યાનની અને જ્ઞાનની ઓથે જે પોતાનો રંગ ચઢાવતો હોય છે, તે પણ સત્સંગમાં કુસંગ છે. ૨૬. તે પોતાનો પ્રતાપ દેખાડવા સારુ અનાજ ખાવાનું પણ તજી દે. સ્વયં ધ્યાનમાં બેસી રહે અને રાતદિવસ આંખોને ખોલે નહિ. ૨૭.

આવું પોતાના જેવું જેને તાન (આડંબર) ન હોય તે બધાને કપટી કહે છે, અને પછીના દિવસોમાં તેને માન વધે છે. અને જે પોતાના સમાન હોય તેને સિદ્ધ માનીને પૂજે છે. ૨૮. તેની પ્રકૃતિનું જો કોઈ ખંડન કરે, તો આ સત્સંગમાં મહાપાપ છે. એમ કહે અને તે ખંડન કરનારાને મહા પાપરૂપ માને અને તેની સાથે અંતરથી ક્યારેય મળે નહિ. ૨૯. એવો માની મનુષ્ય ભગવાનની પાસે જ રહેતો હોય, તોપણ તે કરોડ ગાઉ ભગવાનથી દૂર છે એમ જાણવું. જ્યાં સુધી પોતાના દોષ ઓળખાય નહિ, ત્યાં સુધી તે પોતાને બીજા સહુ કરતા અધિક માને છે. ૩૦. આવું માનવું તે શ્રીહરિવરનો મત નથી. તેમજ શુકજી તથા ઉદ્ધવજીનો પણ તે મત નથી. ભગવાનના પ્રતાપથી કદાચ કોઈ મોટી સિદ્ધગતિને પામે. ૩૧.

चोपाई :

हरिजन संत सत्संग में जेते, नाने मोटे कहावत तेते;
ता संग वर्ते दास अति होई, मन क्रम बचन करीके सोई...३२
मुख पर जेसे पीछे हि तेसे, सत्संग में बडे जानना एसे;
जाको जेसो घटे सनमाना, ताको आपे देत रहे माना...३३
धर्म संबंधी लोभ हि काजा, बोली न देखावे कोईको अकाजा;
हरिजन संत को करे अपमाना, सिद्धसे सिद्ध होय ज्ञान हि वाना...३४

તોપણ સત્સંગમાં જે હરિભક્તો કે સંતો, નાના મોટા કહેવાતા હોય તે સહુની સાથે મન, કર્મ, વચને કરીને નિર્માનીપણે અતિ દાસભાવે વર્તે. ૩૨.

અને વ્યક્તિ હાજર હોય ત્યારે તેની સમક્ષ જેવા શબ્દ બોલે, તેવા જ શબ્દ તે વ્યક્તિ હાજર ન હોય ત્યારે પણ બોલે, તેવાને સત્સંગમાં મોટા માનવા. જેનું જેવું સન્માન કરવું ઘટતું હોય તેવું તેને માન પોતે દેતા રહે. ૩૩. ધર્મસંબંધી લોભને માટે પણ કોઈનું અનુચિત બોલીને ક્યારેય અકાજ જાહેર કરે નહિ. કોઈ હરિભક્ત કે સાધુનું અપમાન કરનારો કદાચ કોઈ મોટો સિદ્ધ કહેવાતો હોય કે જ્ઞાની કહેવાતો હોય. ૩૪.

તોપણ તેને સંત કે સત્સંગી ન માનવો. કારણ કે તે અપમાન કરનારાને મૃત્યુ પછી ઘોર નરકની પ્રાપ્તિ થાય છે, અને જે સંતો અને હરિભક્તો કહેવાય છે; તે બધા શ્રીહરિને બહુ જ વહાલા છે. ૩૫. જેને માટે ભગવાન શ્રીહરિએ અવતાર લીધો છે. અક્ષરધામ છોડીને તેઓ અત્યારે આલોકમાં રહ્યા છે. તે રીતે જ સંતો અને હરિભક્તો પણ આ વખતે આવ્યા છે. તેમને તેઓ તુચ્છ કરીને દેખાડે છે. ૩૬.

કોઈ એક કે બે સંત કે હરિભક્તની અપાર મોટપ કહે, અને બીજામાં અપાર ગુણ હોય તોપણ તેને નહિ ગણીને તેના તુચ્છ ગુણોને જાહેર કરે, ૩૭. અને બીજાના જેટલા શુભ ગુણ હોય તે બધાને દોષરૂપ કહેતો ફરે તેને તો રઘુનાથદાસના જેવો સમજવો. ભલેને પછી તે સમાધિવાળો રહ્યો હોય. ૩૮. ઉપર કહ્યા પ્રમાણેની વાત સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ દરબાર દાદાખાચરને કહી. અને પછી શ્રીહરિ જે ગંગામાં (સાબરમતીમાં) સ્નાન કરતા હતા, તે વાતને આગળ કહેવા લાગ્યા. ૩૯. શ્રીહરિ નદીમાં સ્નાન કરીને જળથી બહાર નીકળ્યા. શ્રીનગર શહેરમાં જવાનું હતું એટલે બધા જ જરિયાની વસ્ત્ર પહેર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ મોટેરાથી શ્રીનગર થઈને સાબરમતી નદીએ આવ્યા તથા વિવેકનું સ્વરૂપ કહ્યું' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર સાતમું : તરંગ - ૫૯

શ્રીનગરમાં ભક્તોએ શ્રીહરિનું સ્વાગત કર્યું તથા શ્રીહરિ નગરમાં પધાર્યા

શ્રીહરિની સાથે જે દરબારો હતા તેમણે હાથી, રથ, અશ્વ, મ્યાના અને સુખપાલ વગેરેને સોનેરી સાજથી શણગાર્યા. ૧. દરબાર જીવા ખાચર પોતાના હાથી ઉપર સોનાની અંબાડી સજીને અતિશય પ્રેમથી તૈયાર કરીને લઈ આવ્યા. ૨. તેમણે શ્રીહરિને અતિશય વિનંતિ કરીને તે હાથી ઉપર બેસાડ્યા. પછી પોતે પોતાના હાથમાં ચામર લઈને શ્રીહરિને મસ્તકે ચામર કરવા લાગ્યા. ૩. બીજા દરબારોના જે હાથી હતા. તે હાથીઓને સુવર્ણના સાજથી શણગાર્યા હતા. શ્રીહરિની આજ્ઞા લઈને તેના ઉપર સંતોને બેસાડ્યા. ૪. અને કેટલાક સંતોને રથમાં બેસાડ્યા. કેટલાકને મ્યાના અને સુખપાલમાં બેસાડ્યા અને કેટલાક સંતો હરખથી પગપાળા ચાલ્યા. પગથી ચાલવામાં તેઓ ઘણો ઉત્સાહ માનતા હતા. ૫.

શ્રીહરિ અને સંતોને વાહનમાં બેઠેલા જોઈને ભક્તોને મનમાં વિશેષ આનંદ થાતો હતો. સત્સંગનો અત્યંત અભ્યુદય થયો જાણીને મુખથી 'જય જય' 'જય જય' એવો ઉચ્ચાર કરતા હતા. ૬. જે સંતો વાહનો ઉપર બેઠા હતા, તેઓ પણ પગે ચાલવામાં જ સુખ માનતા હતા. દરબારો તો સંતોને પરાણે વાહનમાં બેસાડીને નવો અલૌકિક લાવ લઈ રહ્યા હતા. ૭.

દરબારો અલૌકિક રીત જાણતા હતા. સંતોના ઉપર અધિક પ્રેમ રાખતા હતા. જ્યારે સંતો વાહનમાં બેસતા ત્યારે દરબારો પોતાને ધન્યભાગ્ય માનતા હતા. ૮. જ્યારે શ્રીહરિ શ્રીનગર શહેરને નજીક પહોંચ્યા ત્યારે પુરવાસી ભક્તો તેમને સન્મુખ આવ્યા. મોટા મોટા શાહુકારો સામે આવ્યા હતા. આવનારાનો તો કાંઈ પાર જ ન હતો. ૯. રથ અને ઘોડા જોડેલી બગી (ચારટ)માં તેઓ આવતા હતા. કેટલાક તો ઘોડે બેસીને આવ્યા હતા. તે સહુ લોકો શ્રીહરિને અત્યંત ધર્મવાળા જાણીને પગે લાગતા હતા. ૧૦.

શહેરના જે સૂબા હતા તેપણ પોતાના સવારી લઈને આવ્યા અને શ્રીહરિને મોટા ઈશ્વર જાણીને પગમાં પડ્યા. ૧૧. શાહુકારો અને સૂબો વગેરે જે આવ્યા હતા તે બધા શ્રીફળ લાવ્યા હતા. સહુ શ્રીહરિને ફૂલહાર પહેરાવીને ભેટના રૂપમાં શ્રીફળ મૂકતા હતા. ૧૨. સામૈયું આવ્યું ત્યારે શ્રીહરિ હાથી ઉપરથી નીચે ઊતર્યા. બધી જાતની નીતિને સમજીને સૂબાનું સન્માન કર્યું અને આંબલીનાં ઝાડ તળે છાયામાં બેઠા. ૧૩. ત્યાં સુંદર બિછાના ગોઠવ્યા હતા. મોટી સભા કરી. જેને જ્યાં ઘટે તેને ત્યાં યોગ્ય રીતે બેસાડ્યા. ૧૪.

❋ ચારિત્ર્યની મહત્તા :

સંતોની સભા જોઈને સૂબાએ હાથ જોડીને કહ્યું, હે ધર્મપુત્ર હરિ ! “આ સંતો આ દુનિયાના નથી. ૧૫.

सोरठा : यह लोक के तुम नाहिं, यह लोक के न भूप एहि;
बाई भाई शिष्य रहाहि, वैकुंठ लोकसे आये हे जनुं...१६
यह लोक में विचरत हो अबहु, अलोकिक वर्तन हे सबहु;
सो देखीके यह लोक के लोका, करत भये अंतर में शोका...१७

આપ અને આ દરબારો, કોઈ આ મનુષ્યલોકના નથી. આપના શિષ્યો, જે સ્ત્રી-પુરુષો છે તે બધા માનો વૈકુંઠ લોકમાંથી જ આ દુનિયામાં આવ્યા છે. ૧૬. ભલે અત્યારે બધા આલોકમાં વિચરો છો, પણ બધાનું વર્તન અલૌકિક છે. તે વર્તનને દેખીને આ દુનિયાના મતપંથી માણસો મનમાં અફસોસ કરવા લાગે છે. ૧૭.

અન્ય મતપંથના જે સંસારી લોકો છે, તે બધા ધર્મ વિરુદ્ધ આચરણ કરે છે. તેઓ ધર્માચરણને દેખીને અશાંતિ પામે છે. તેઓને તો અધર્મને જોઈને આનંદ રહે છે. ૧૮. જે ચાર વર્ણના લોકો કહેવાય છે તે નરનારી ચોરી અને વ્યભિચારને કરે છે. અને તેમાં તો કોઈને પરસ્પર ઈર્ષ્યા થાતી નથી. એકબીજાનું હિત થાય તેવું તે બધા વર્તે છે. ૧૯. મા, બેન, દીકરી અને પત્નીની સાથે સહુ કૂતરાં અને ભૂંડના જેવું વર્તન કરે છે. રાજા તેને વારેવારે દંડ દે છે અને કમાયેલા બધા ધનને ખુવાર કરે છે. ૨૦.

જે લોકો વધારે ધન ખર્ચે છે તેનો તેને મનમાં વધારે ગર્વ રહે છે. વેદ, પુરાણો અને ધર્મશાસ્ત્રો એવાને નારકી જીવો કહે છે. ૨૧. ગામોગામ પુરાણો વંચાય છે અને તેમાં આવતું નરકનું વર્ણન સહુ પોતાને કાને સાંભળે છે. જેવો અધર્મ કરે તેને તેવો અતિ ત્રાસ દેવામાં આવે છે તે દેખાડ્યું છે.૨૨. આ જગતમાં જે વધારે અધર્મ કરે છે, તેના પ્રાણ રાજા હરી લે છે. અને ઘણા તો તેના અધર્મના સ્વભાવને જો રોકવામાં આવે તો તે પાપી લોકો આપઘાત કરીને મરે છે. ૨૩. પોતાના સ્વભાવને વશ થઈને જે વર્તે છે, તેઓ તો ભૂંડા હાલ થઈને મરે છે. તેમ છતાં તે લોકોને પોતાના પાપ સ્વભાવનો અભાવ આવતો નથી. એવો આલોકનો સ્વભાવ છે. ૨૪. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, જે શાસ્ત્રોક્ત ધર્મમર્યાદા પ્રમાણે ચાલે છે, તે જ મનુષ્ય છે અને જે ધર્મમર્યાદાને લોપે છે તે તો પશુ કહેવાય છે. આ સંતો તે વાત દેખાડી દે છે. વળી, શ્રીહરિએ રાજાને કહ્યું, ૨૫.

दोहा : अज्ञानी के वचन कु, सहन करे एक संत;
तेहि कर संत सबसे अधिक, सहन न करे सो असंत...२६
संत हे शांत अतंत, बावने चंदन से अधिक;
निष्कलंक हि रहंत, सो देखि जन शुद्ध होत तेहि...२७

આ અજ્ઞાનીઓનાં દુર્વચનોને એક સંતો જ સહન કરે છે. એટલે જ સંતોને સહુથી વધારે શ્રેષ્ઠ કહ્યા છે, અને જે સહન ન કરે તે અસંત છે. ૨૬. સંતો તો બાવના ચંદન કરતા પણ અધિક શાંત છે, અને તેઓ નિષ્કલંક રહે છે. તેને જોઈને લોકો શુદ્ધ થાય છે. ૨૭. કપડું ચાહે તેવું મેલું હોય પણ તેને ચોખ્ખા પાણીથી ધોવામાં આવે તો તે કપડાને શુદ્ધ નીર શુદ્ધ કરી દે છે. તેમ આ બાબતને ચતુર માણસો જાણે છે કે, આવા સંતોના સમાગમથી જ જન્મ અને મરણનું દુઃખ છૂટી જાય છે. ૨૮.

ત્યારે સૂબાએ કહ્યું, અમારું અપાર સદ્‌ભાગ્ય છે કે, આ વખતે અમને આપનાં દર્શન થયાં. સદ્‌ભાગ્ય વિના આવો યોગ મળતો નથી. હવે અમારા ભવરોગના દુઃખો નહિ રહે. ૨૯.

चोपाई :

तुम तुमारे प्रभु संत जेहा, भव दुःख रोग टालन हो तेहा;
तीर्थ वर्त जप तप जज्ञ दाना, याको फल सो ईतनो रहाना...३०

तुम तुमारे संत जो मीले आई, साधन सब हि ता मांहि रहाई;
ईनको करना न द्रोह कोउ वारा, ताकी सेवा पर रखना प्यारा...३१

सेव से प्रसाद ताको होय जबहु, संसार की अरुचि होवे तबहु;
तब तुमारी मूर्ति रहे जेहि, अंतर में चोंट जावे तेहि...३२

હે પ્રભુ, આપ અને આપના જે સંતો છે, તેઓ જીવોના ભવરોગના દુઃખોને ટાળનારા છે. તીર્થ, વ્રત, જપ, તપ, યજ્ઞ અને દાન એ બધાનું ફળ પણ એટલું જ છે કે, ભવરોગના દુઃખોને ટાળવા. ૩૦. આપ અને આપના આ સંતો જે અત્યારે અમને મળ્યા છે, તેમાં મોક્ષનાં બધાં જ સાધન આવી ગયા છે. તેમનો ક્યારેય દ્રોહ કરવો ન જોઈએ, અને તેમની સેવામાં પ્રેમ રાખવો જોઈએ. ૩૧. સેવા કરવાથી જ્યારે તે સંતોનો રાજીપો મળે ત્યારે જ સંસારની અરુચિ થાય છે. અને જેને સંસારમાં અરુચિ થાય છે, તેને જ આ આપની પ્રકટ રહેલી મૂર્તિ અંતરમાં ચોંટી જાય છે. ૩૨.

આપના ભક્તોને તે બાબતનું જ્ઞાન છે. પણ બીજા સંસારી જીવોમાં તો અજ્ઞાન જ ભર્યું છે. અવિનાશી આપે તે અજ્ઞાનનો નાશ કરવા માટે તો આ અવતાર ધારણ કર્યો છે. ૩૩. આ ભારત ભૂમિનાં ધન્યભાગ્ય છે કે, આપ વારંવાર આ ભારત દેશમાં વિચરણ કરતા રહો છો. જે લોકો તમારા દર્શન કરે છે, તેમને આ સંસારનું ભટકણ રહેતું નથી. ૩૪. તેનું જ્ઞાન જે લોકોને અજ્ઞાની ગુરુ મળી ગયા છે તેમને નથી. અજ્ઞાની ગુરુને તો પોતાનું પેટ ભરવાનું જ કામ હોય છે, પણ તેમાં શિષ્યનું તો તે ભૂંડું કરે છે. ૩૫. આપે કોઈ મુમુક્ષુ જીવને છોડી દીધા નથી, અને તેનાથી અજ્ઞાની ગુરુઓના બૂરા હાલ થયા છે. આપ ક્ષમા રાખીને જેટલું ચાલો છો, તેટલું પાખંડી ગુરુઓ વધારે દુઃખ પામે છે. ૩૬.

શ્રીહરિનાં દર્શન કરવા માટે શહેરમાંથી ઘણા લોકો આવ્યા હતા. એક કોશ (૩ કિ.મી.) જેટલા વિસ્તારમાં તે લોકો ઊભા હતા. નગરમાંથી વિવિધ

પ્રકારના વાજિંત્રો આવ્યાં હતાં. ૩૭. સૂબાએ કહ્યું, હવે આપ ચાલો. એક પહોર (૩ કલાક) દિવસ ચઢી ગયો છે. પછી ઘણો તડકો થઈ જાશે. આપ વિચક્ષણ છો, તે બાબતને જાણો જ છો. ૩૮. શ્રીહરિ હાથી ઉપર બેઠા. સૂબાને પણ તેના ઉપર બેસાડ્યા. ચોપદાર હાથમાં સોનાની છડી લઈને નેકી પોકારતા હતા. ૩૯. મોતીરામ, કુબેરસિંહ અને ત્રીજા તેના એક ભાઈ હતા. એ બધા શ્રીહરિની આગળ છડી પોકારતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીનગરમાં ભક્તોએ શ્રીહરિનું સ્વાગત કર્યું તથા શ્રીહરિ નગરમાં પધાર્યા' એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર સાતમું : તરંગ - ૬૦

શ્રીહરિ શ્રીનગરમાં હાથી ઉપર બેસીને ધામધૂમથી માણેકચોક સુધી પધાર્યા

શ્રીહરિ હાથી ઉપર બેસીને શહેર તરફ ચાલ્યા. હાથી અને અશ્વોનો કોઈ પાર ન હતો. તે સમયની શોભા વર્ણવી શકાતી નથી. ૧. રથ, અશ્વ અને વેલો અપાર હતી. બગી, મ્યાના અને સુખપાલનો કોઈ પાર ન હતો. સવારીની રચના બહુ પ્રકારે સરસ કરી હતી. ૨. જેનો જેવો અધિકાર હોય તે પ્રમાણે બધી સવારી વ્યવસ્થિત ચાલતી હતી. શ્રીહરિના ઉપર તો ફૂલહારની વૃષ્ટિ થતી હતી. તેનો પાર જણાતો ન હતો. ૩. રાજ્ય તરફથી રસ્તાઓમાં અને રાજબજારોમાં પાણી છાંટી દીધું હતું. તેથી લગાર પણ રજ ઊડતી ન હતી અને સહુને શ્રીહરિનાં દર્શન ત્યારે જ થઈ શકતા. ૪.

શ્રીનગર શહેરના હરિભક્તો અને બીજા કેટલાક ભાવિક લોકો, તે સમયે વસંતના દિવસો જાણીને ગુલાલના થાળ ભરી ભરીને લાવ્યા હતા. ૫. શ્રીહરિની સન્મુખ દૂર ગુલાલ ઉડાડતા હતા. બધી સવારી ગુલાલથી ઢંકાઈ ગઈ હતી. માનો બધો માર્ગ તો રંગાઈ જવાથી રંગમય થઈ ગયો હતો અને

ફૂલોની વૃષ્ટિ થવાને લીધે માર્ગ ફૂલોથી ભરાઈ ગયો હતો. ૬. રસ્તાની બંને બાજુએ અનેક બાગો હતા. તેમાં નાળિયેરીના ઝાડની કતારો ઊભી હતી. અનંત જાતના ફળ અને ફૂલ ખીલી રહ્યાં હતાં. તેની અદ્‌ભુત શોભા વર્ણવી શકાતી નથી. ૭. તે બાગોમાં અનેક જાતના પંખીઓ રહેતા હતા. તેમાં કોયલ બોલતી હતી. તે ઘણી રળિયામણી લાગતી હતી. મોર, પોપટ, મેના અને ચકોર પક્ષી એટલો સુંદર ધ્વનિ કરતા હતા કે, તેનાથી લોકોનું ચિત્ત આકર્ષાતુ હતું. ૮. શ્રીહરિ આવી રહ્યા છે. એવું દેખીને મોર કળા કરીને ઠેકઠેકાણે નાચતા હતા. નવા મેઘના વાદળા માનો ચઢી આવ્યા હોય તેવી તે મોરોની સવારી દેખાઈ રહી હતી. ૯. તે સમયે વિવિધ પ્રકારની વાનરજાતિ શ્રીહરિને દેખીને ખુશ થઈ ગઈ. તેથી તે ઝાડવે-ઝાડવે નાચવા કૂદવા લાગ્યા. અને શ્રીહરિની આગળ ખૂબ સ્નેહભાવ દેખાડવા લાગ્યા. ૧૦.

ફળાઉ વૃક્ષોની અને ફૂલઝાડની ડાળીઓ ફળથી અને ફૂલોથી અત્યંત ભરી દેખાતી હતી. પવનથી હલતી ડાળીઓ માનો શ્રીહરિને પ્યાર કરીને બોલાવતી હતી. ૧૧. શ્રીહરિએ હાથમાં ફૂલોની છડી લીધી હતી અને કાન ઉપર ગુલાબના ગુચ્છ ધારણ કર્યા હતા. ગુલાબના તોરા જરી વીંટેલા હતા. તેને દેખીને લોકોને પ્રેમ વધતો હતો.૧૨. માર્ગની બાજુમાં જેટલા ફૂલબાગ હતા. તે હરેકમાં એક એક સારો બંગલો વિચિત્ર રીતે સજાવેલો હતો. ૧૩. તે બંગલામાં પણ શ્રીહરિનાં દર્શન કરવા માટે અપાર મનુષ્યો ઊભા હતા. બંગલાઓમાં બિલોરી કાચનાં ઝાડ લટકાવ્યાં હતાં અને તેમાં હાંડીઓનો તો કોઈ પાર ન હતો. ૧૪. બંગલાઓમાં દસ અને ચોવીશ અવતારોનાં ચિત્ર હોય, એવા મોટા કાચના તકતા ઠેકઠેકાણે રાખેલા હતા. ૧૫. તે બધા અવતારો માનો આ ઠેકાણે પોતાનું કારણ જાણીને અવતારી એવા શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા હોય તેમ લાગતું હતું. તેનું વર્ણન કર્યે પાર આવતો નથી. ૧૬.

શ્રીહરિ શ્રીપુર (અમદાવાદ) નગરને દરવાજે આવ્યા. વિચિત્ર પ્રકારે દરવાજાઓને સજાવ્યા હતા. શ્રીનગરને ચારેબાજુએ જાણે ચાંદીના

આકારનો સફેદ વિશાળ કોટ હતો. બાર કોશ જેટલા વિસ્તારમાં તે ગોળાકારે ફેલાયેલો હતો. ૧૭. સાબરમતી નદી શ્રીનગરથી પશ્ચિમમાં વહે છે. તે સાબર ગંગાને પૂર્વે કિનારે શ્રીનગર અમરાવતીના જેવું શોભી રહ્યું છે. ૧૮. સાબરમતી નદીની સોનેરી રેતી સૂર્યના કિરણોમાં ઝગમગતી હતી. કોટના દરેક કાંગરાને સોનાનો વરખ લગાડ્યો હતો. ૧૯. કોટના દરેક બુરજ ઉપર મોટી મોટી તોપો ચઢાવી હતી, તેને દેખીને શત્રુઓ ધ્રૂજી જાતા હતા. કોટની એવી અદ્‌ભુત રચના હતી. ૨૦. શ્રીહરિની બધી સવારી દિલ્લી દરવાજે આવી. શ્રીહરિએ જ્યારે શ્રીનગરમાં પ્રવેશ કર્યો ત્યારે રાજબજારો અત્યંત શોભાડી હતી. ૨૧.

દુકાનોનાં જેટલા મકાનો હતાં તે બધા બજારકાંઠે જ હતાં. તેના જેટલાં દરવાજા હતા, તેને ચિત્ર-વિચિત્ર રીતે શણગાર્યા હતા. ૨૨. ગજમોતીના તોરણો તે દરવાજાઓમાં બાંધી દીધાં હતાં. છજાઓના ઉપર અનુક્રમે ત્રણ ત્રણ સુવર્ણકળશ ગોઠવ્યા હતા. ૨૩. અને તે કળશના ઉપર ઠેકઠેકાણે કળા કરેલા સોનાના મોર મૂકેલા હતા. તે મોરના ઉપર મીનાકારીનો એવો તો રંગ ચઢાવ્યો હતો, કે જાણે સાચા મોર શ્રીહરિના દર્શન કરવા માટે આવ્યા નહોય! ૨૪. દુકાનોના અને મકાનોના જે થાંભલા હતા તે બધા એકસરખા અને એક હાર્યમાં હતા. અને ત્રણ, ચાર, પાંચ કે સાત માળ સુધી ઊંચા ઊભા દેખાતા હતા. ૨૫. તે થાંભલાના ઉપર સોનાનો વરખ લગાડ્યો હતો. તે ઘણા વિચિત્ર લાગતા હતા. બિલોરી કાચના ઝાડ ત્યાં લટકાવ્યાં હતાં. અને તેનાથી તે વિચિત્ર રંગાયેલા દેખાતાં હતાં. ૨૬.

બજારોમાં નાળિયેરી અને કેળનાં ઝાડ રોપાવી દીધાં હતાં. તે ઝાડ ફળોથી છવાયેલાં હતાં. શ્રીહરિએ તે ઝાડને દેખ્યાં. ૨૭. જેટલા શ્રીનગર શહેરના મનુષ્યો હતા, તે બધા બજારમાં આવીને ઊભા હતા. બાળકો, યુવાનો અને વૃદ્ધો બધા જ સારા વસ્ત્ર અને આભૂષણોને પહેરીને આવ્યા હતા. ૨૮. સહુના હાથમાં ફૂલહાર લીધેલા હતા. તેને શ્રીહરિના ઉપર ઉછાળીને વરસાવતા હતા. કેટલાક લોકો તો કેસરયુક્ત ચંદન લાવીને

દૂરથી જ પૂજા કરતા હતા. ૨૯. જેનો જેવો ભક્તિભાવ હોય તે રીતે તેઓ સહુ પૂજા કરતા હતા. જેટલી શ્રીનગરની સ્ત્રીઓ હતી તે બધી મોતીના ભરેલા થાળ લઈને આવી હતી. ૩૦. મનનાં નિશ્છળ ભાવથી તે સ્ત્રીઓ શ્રીહરિને વધાવતી હતી. તે મકાનોના બધા જ માળ આ રીતે ભરાયેલા હતા. સહુ વારંવાર શ્રીહરિનાં મુખારવિંદનાં દર્શન કરતા હતા અને લગાર પણ આંખનું મટકું મારતા નહિ. ૩૧.

શ્રીહરિની શોભા એટલી તો દીપતી હતી કે માનો મૂર્તિધારીને શૃંગાર રસ આવ્યો નહોય ! કરોડો શૃંગારરસની શોભા શ્રીહરિની આગળ શોભતી નહિ. ૩૨. શ્રીહરિનાં સ્વરૂપમાં અપાર શોભા રહેલી છે. અને બીજી શોભા તો શ્રીહરિની શોભાથી પ્યારી લાગે છે. બીજામાં તો શોભા આવતી જાતી રહે છે, પણ શ્રીહરિમાં તો શોભા અખંડ અને એકસરખી રહે છે. ૩૩. શ્રીહરિની જે મૂર્તિ છે, તે તો જેવું જેનું ચિત્ત હોય તેને તેવી ભાસે છે. બીજામાં તો જેટલો ચમત્કાર હોય છે, તેટલું તે લોકોનું મનોરંજન કરે છે. ૩૪. પરંતુ તે ચમત્કાર તો શ્રીહરિની મૂર્તિને લીધે છે. તે વાત સુજ્ઞ લોકો જ જાણે છે. જ્યારે શ્રીહરિ તેમાંથી ચમત્કાર તાણી લે ત્યારે તે જીવ મરેલા જેવો થઈ જાય છે. ૩૫.

चोपाई :

अनंतकोटि ब्रह्मांड समेता, श्रीहरि हे ताके जो नीकेता;
अनवयवितरेक कला हे यामें, गज पर बेठे श्रीहरि तामें...३६

અનંતકોટિ બ્રહ્માંડોએ સહિત શ્રીહરિ તે પ્રાણીઓનું આશ્રય સ્થાન છે. તે શ્રીહરિમાં અન્વય અને વ્યતિરેકપણે રહેવાની અમાપ કળાઓ રહી છે કે, જે હાથી ઉપરની અંબાડીમાં બેઠા છે. ૩૬. અતિશય અવ્યક્ત એવા શ્રીહરિને મનુષ્યબુદ્ધિવાળા મનુષ્ય જેવા જ દેખતા હતા. જેને અવ્યક્ત એવા પણ શ્રીહરિ પરખાઈ જાય તે મોક્ષ ગતિને પામી જાય. અને બીજા તો માથું કૂટતા રહે છે, ને જમપુરીમાં જાય છે. શ્રીહરિ આંખોની સમક્ષ આવીને દર્શન આપે છે છતાં જે અભાગિયા હોય તેને શ્રીહરિ પરખાતા નથી. ૩૮.

દર્શનની ઝડી મચાવતા શ્રીહરિ બજારમાં આવતા હતા. શ્રીહરિ તે રાજમાર્ગ ઉપર ભદ્ર સુધી આવ્યા, અને પછી ત્યાંથી માણેકચોક તરફ વળી ગયા. ૩૯. તે સમયે હિમાશેઠ નગરશેઠ કહેવાતા હતા. તેમણે શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિ શ્રીનગરમાં હાથી ઉપર બેસીને ધૂમધામથી માણેકચોક સુધી પધાર્યા' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર સાતમું : તરંગ - ૬૧

શ્રીહરિએ શ્રીનગરના સત્સંગને સુખ આપ્યું તથા ગામડી ગામના ભક્તોની વાત સાંભળી

હિમાશેઠે અત્યંત ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી. ફૂલના હાર પહેરાવ્યા નવી શાલ પણ ઓઢાડી. ૧. કેસરયુક્ત ચંદનની અર્ચા કરીને કુંકુમનો ચાંદલો કર્યો. સોનાના ફૂલોથી વધાવ્યા. પછી મોતીના થાળ ભરી ભરીને ફરીવાર વધાવ્યા. ૨. હિમાશેઠ જે શીલવ્રત રાખતા તેને ઈશ્વર જાણીને પૂજતા. શીલવ્રતવાળા ઉપર ઘણું હેત રાખતા, અને તેને જ સાક્ષાત્ ઈશ્વર જાણતા. ૩. શ્રાવકોનો ધર્મ અહિંસારૂપ જાણીને તેને પાળતા છતાં યોગ્ય સમયે નહાતા-ધોતા, તેમને મલિન ધર્મ ક્યારેય ગમતો નહિ. ૪. જે ઋષભદેવ ભગવાન થઈ ગયા છે, તેમની પ્રતિમાને સુજ્ઞ હિમાશેઠ માનતા. તેમના પુત્ર જે ભરતજી થયા હતા તેમને અધિક કરી માનતા હતા. ૫.

શ્રીહરિમાં પણ તેવા ગુણ દેખીને હિમાશેઠ ઘણો પ્રેમ કરતા હતા. પછી જ્યારે શ્રીહરિ હિમાશેઠના ઘેરથી ચાલ્યા ત્યારે નવાવાસમાં આવ્યા. ૬. ધર્મના લાલ શ્રીહરિ નવાવાસના વિશાળ ચોકમાં ઊતર્યા. ચોકમાં વિશાળ ચંદની તણાવી અને પછી તેમાં સભા કરાવીને બેઠા. ૭. લીંબડાના ઝાડ નીચે સિંહાસન કરીને તેના ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા. શ્રીહરિ આવીને

તેના ઉપર બેઠા અને બધી સવારીને વિદાય આપી. ૮. ત્યાંના સૂબા આવીને પગે લાગ્યા. તેમનાં મનમાં ઘણો જ ઉત્સાહ હતો. શ્રીહરિએ તેમને થાળ ભરીને પેંડા પ્રસાદના રૂપમાં આપ્યા. ૯. દીવાનને બોલાવીને પણ પ્રસાદ આપ્યો. બીજા બધાને પણ ફૂલના હાર આપ્યા. તે પ્રમાણે જ પાનબીડાં અને જેને જેમ યોગ્ય હોય તેમ પ્રસાદ પણ આપ્યો. ૧૦.

જે મોટા શેઠ શાહુકારો હતા તેમને પણ ફૂલહાર અને પ્રસાદમાં પેંડા, પાન આપ્યા. તે બધા પોતપોતાને ઘેર ગયા. આ બાજુ સહુને માટેની રસોઈ તૈયાર થઈ. ૧૧. વર્ણી શ્રીહરિને બોલાવવા માટે આવ્યા. મધ્યાહ્નનો સમય થઈ રહ્યો હતો. જ્યાં રસાળ રસોઈ બનાવી હતી, ત્યાં શ્રીહરિ ઉઠીને તત્કાળ ચાલી આવ્યા. ૧૨. એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. ચરણોમાં ચાખડીઓ પહેરી. ચરણોમાં નૂપુર વાગતા હતા. ૧૩.

ઘનશ્યામ સુખધામ શ્રીહરિ સોનાના બાજોઠ ઉપર બેઠા. પહેલા પાણીથી બંને ચરણો ધોયા. પછી રૂમાલથી તેને લૂછ્યાં. ૧૪. વર્ણીએ બરફી અને પેંડાનો થાળ કર્યો હતો. તે લાવીને ધરાવ્યો. ઘણા સરસ શાક પણ બનાવ્યા હતાં. તેને સોનાના કટોરામાં ભરીને ધરાવ્યા. ૧૫. શ્રીહરિ તે બધું જમવા લાગ્યા. ત્યારે સંતોની પંગત પણ કરાવી દીધી. દરબારોને અને પાર્ષદોને બોલાવ્યા, તેઓ સહુ આવીને બેસી ગયા. ૧૬.

શ્રીનગરના બધા જ હરિભક્તોની ભેળી રસોઈ કરાવી હતી. ગંગાબાએ ભારે થાળ બનાવ્યો હતો. તેમણે બનાવેલા ભોજનોનો ગણવાથી પણ પાર આવતો નહિ. ૧૭. તેમણે શ્રીહરિવરને જેવા રુચતા તેવાં બધાં ભોજન બનાવ્યા હતા. જેનો લખતા કે ગણતા પાર આવે તેમ નથી. ગંગાબા બ્રહ્માંડમાં જેટલા ભોજન કહેવાય છે, ૧૮. તે બધાને બનાવવાની રીત જાણતા હતા. તેમને રસોઈ બનાવવામાં ખૂબ પ્રેમ અને શ્રદ્ધા હતા. જે રસોઈ જ્યારે બનાવાતી હોય તેનો સમય પણ વિધિએ સહિત તેઓ જાણતા હતા. ૧૯. તેઓ બાળપણમાં જે શીખ્યા હતા તે શ્રીહરિની સેવામાં

ઉપયોગી થાતું હતું. કેટલાક ગોસ્વામીના શિષ્યો તે રસોઈ બનાવવાનો બધો સમય જાણતા હતા. ૨૦.

चोपाई :

भगवान कु घटित हे सब बाता, याकुं नहि बंधन रहाता;
निरबंध बंधन न आवत केहि, प्रीत विन रस न मान तेहि...२१

બધી બાબત ભગવાનને માટે યોગ્ય છે, તેમને કાંઈ બંધન કર્તા નથી. જે પ્રભુ નિર્બંધ છે, તે કોઈના બંધનમાં આવતા નથી. પરમાત્માને પ્રેમભક્તિ સિવાય કોઈ બાબતમાં રસ જણાતો નથી. ૨૧. ભગવાન સિવાયના જે જે આત્માઓ છે તેમજ મુક્ત અને સિદ્ધપર્યંતના જે હોય, તેમણે જે જે રસનો વધારે જોગ થાય તેને પૂરા રોગરૂપે માનવા જોઈએ. ૨૨.

सो सिद्ध रहे मुक्त हि साचे, रस में लोभाय तितने काचे;
श्रीहरि अग्या में वर्ते जितना, सिद्ध मुक्त समझना तितना...२३

અને તેને જે રોગ માને છે તે સિદ્ધો અને મુક્તો સાચા છે, અને જે રસમાં લોભાઈ જાય છે તે કાચા છે. જેટલા શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વર્તે છે, તેટલાને જ સિદ્ધ અને મુક્ત સમજવા. ૨૩.

શ્રીહરિ જ્યારે તે પીરસેલો થાળ જમી રહ્યા ત્યારે દહીં અને ભાત જમવા લાગ્યા. જ્યારે દહીં અને ભાત જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોયા. ૨૪. હાથ તથા મુખ ધોઈને શ્રીહરિએ મુખવાસ લીધો. તે પછી સંતોને સુખ આપવા માટે શ્રીહરિ પંગતમાં પીરસવા આવ્યા. ૨૫.

જે જે વિધવિધ પકવાન ભોજન બનાવ્યાં હતાં, તે બધાને લઈને શ્રીહરિ સંતોને, દરબારોને અને પાર્ષદોને પીરસવા લાગ્યા ૨૬. કરુણાસાગર શ્રીહરિ જ્યાં સુધી સંતો જમતા હતા ત્યાં સુધી વારંવાર પંગતમાં ફરીને પીરસતા રહ્યા. ૨૭. જ્યારે કોઈ કાંઈ લેતા ન હતા, ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. પછી અત્યંત પ્રસન્ન થઈને શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. ૨૮. જ્યારે બધા સંતોએ જમી લીધું ત્યારે શ્રીહરિ થોડીવાર પોઢી ગયા, અને સંતો માળા ફેરવવા આવીને બેઠા. જેટલો નિયમ હતો તે પ્રમાણે સંતોએ માળા ફેરવી. ૨૯.

પછી બધા સંતો મધ્યાહ્ન પછીનું સ્નાન કરવા ગયા. બધા સંતો સાબરમતીમાં સ્નાન કરીને આવ્યા. તે સમયે શ્રીહરિ સભા કરીને બેઠા હતા. ૩૦.

શ્રીનગરવાસી ભક્તો ફૂલના હાર, ગુચ્છ, તોરા અને બાજુબંધ પુષ્કળ લાવતા હતા. ખાસ કરીને ગુલાબના અને ચંપાના હાર આવતા હતા. પૂરી મૂર્તિ ફૂલોથી છવાઈ ગઈ. ૩૧. જૂઈ, ચમેલી, ગુલદાવદી અને મોગરાના પુષ્પોના હાર અપાર આવતા હતા. શણગારના હાર અને બીજા અપાર ફૂલ ભિન્ન ભિન્ન જાતિના સુગંધવાળા હતા. ૩૨. ફૂલના પંખા, ટોપી, ઘણી જાતની પછેડી, છડી, શેહરા એ બધા જાતજાતના આવતા હતા. જ્યારે હજારો હાર આવતા ત્યારે શ્રીહરિ તે હારોનો વરસાદ સંતોના ઉપર કરતા હતા. ૩૩.

જે હરિભક્તોએ તે દિવસ રસોઈ આપી હતી તે બધા કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પાસે આવ્યા. તેમાં જેટલા ગામડી ગામના હરિભક્તો શ્રીહરિની પાસે આવ્યા. ૩૪. તેઓ બે હાથ જોડીને બોલ્યા, હે હરિ ! આપ અમને ભૂલી ગયા છો. પ્યારા રામાનંદસ્વામી તો કેરી પાકવાના સમયે અમારે ગામ વારે વારે આવતા હતા. ૩૫.

જેતલપુર, ગામડી, આ શ્રીનગર, વીસનગર, વડનગર, પ્રાંતિજ, કઠલાલ, મેઉ, ઉનાવા, વિજાપુર, વેલાલ અને કણભા સુધીના એ બધા ગામોમાં સદ્‌ગુરુ રામાનંદસ્વામી વરસમાં એકવાર તો આવતા જ હતા. હવે આપ શ્રીહરિ તો અમારે માટે દુર્લભ થયા છો. વરસમાં એકવાર પણ અમારે ગામ આવતા નથી. ૩૬-૩૭. આપના ભક્તો અનેક છે, પણ અમારે માટે તો (ઇષ્ટદેવ) આપ એક જ છો.

આપે પ્રકટ થઈને તો અમને તદ્દન વિસારી જ દીધા છે. ૩૮. હવે અમે કોની આગળ જઈને અમારા દુઃખનો પોકાર કરીએ ? દિલમાં અમારો કયો દોષ એવો આવી ગયો છે કે, આપ અમારું એક તલભાર પણ સાંભળતા નથી ! ૩૯. ભક્તોના આવા શબ્દો સાંભળીને શ્રીહરિ તેમની પાસે પ્રસન્ન મુખથી બોલ્યા, અહીંયાં રાત રહીને તુરંત સવારમાં જ તમારે ગામ "ગામડી" આવશું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિએ શ્રીનગરના સત્સંગને સુખ આપ્યું તથા ગામડી ગામના ભક્તોની વાત સાંભળી' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥

પૂર સાતમું : તરંગ - ૬૨

શ્રીહરિનું પૂજન તથા ધૂન-કીર્તન દ્વારા અક્ષરધામનું વર્ણન કર્યું

શ્રીનગર (અમદાવાદ)ના જે હરિભક્તો હતા, તેમણે સહુએ શ્રીહરિની પૂજા કરી. તેમાં સહુ પ્રથમ નથુ ભટ્ટ પૂજા કરવા આવ્યા અને તે પછી બીજા બધા વિપ્ર આવ્યા. ૧. કાશીરામ, ગણપતરામ, વૈદ્ય અંબારામ એ બધા નાગર બ્રાહ્મણો એક પછી એક આવ્યા. ૨. વિપ્રોમાં શ્રીમાળી, મોઢ, ઔદિચ્ય, વાલમ, ભટ્ટ મેવાડા એ બધા ભિન્ન ભિન્ન પરિવાર અને ઉપજાતિવાળા વિપ્રો પૂજા કરવા આવ્યા. નારાયણ, મહાદેવ અને હરિભાઈ વગેરે વિપ્રો આવ્યા. ૩-૪.

હીરાચંદ, ઈચ્છારામ, રણછોડ, ત્રિકમ, બેચર, ગોવિંદ, ગોકુલ, દોલતરાય, મોહનલાલ ચોકસી એ બધા ચોકસી હરિભક્તો અપાર હતા. તે બધા ત્યારે પૂજા કરવા આવ્યા. પુરુષોત્તમ સોની અને તેના જે ઘણા પુત્રો હતા તે, ૫-૬. બીજા એક હીરાચંદ સોની, સહુએ શ્રીહરિને ભક્તિભાવથી પૂજ્યા. શેઠ લાલદાસ (બંને), રણછોડદાસ, ૭. એ આદિક વણિક હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. કણબી પટેલ દામોદર, માણેકચંદ, વજેરામ, બંને ગંગારામ, રતનજી એ સહુ શ્રીહરિની પૂજા કરી રહ્યા. તે પછી બધા નવાવાસના ભક્તો પૂજા કરવા આવ્યા. ૮-૯. તે પછી શાહપુરના બધા હરિભક્તો પૂજા કરવા આવ્યા. તેઓએ પ્રેમથી હરિની પૂજા કરી. શહેરની જે બધી પોળો છે તે દરેકમાં બે, ત્રણ કે ચાર તો હરિભક્તો રહેતા જ હતા. ૧૦.

શંભુદાસ નામે એક ભારે સત્સંગી હતા. તેમના જેવા જ તેના ચાર પુત્રો સત્સંગી હતા. તેમણે ઘણા જ ભાવથી શ્રીહરિની પૂજા કરી. કેસરયુક્ત ચંદન ઘણું જ લાવ્યા હતા. ૧૧. તેમણે સોનેરી વસ્ત્રો અને સોનાનાં કેટલાક

ઘરેણાં પણ શ્રીહરિને પહેરાવ્યાં. કેટલાક કપૂરના હાર ધરાવ્યા અને મોતીની કેટલીક માળા પણ પહેરાવી. ૧૨. કપૂરથી આરતી કરી ધૂપ અને દીપ વગેરે પણ કર્યા. વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતાં રહ્યાં. આ રીતે શ્રીહરિની પૂજા કરતા આખો દિવસ વીતી ગયો. ૧૩. તે પ્રમાણે કેસરયુક્ત ચંદનથી વારંવાર સંતોની પૂજા કરી. વસ્ત્રો લાવીને ઓઢાડ્યાં અને બહુ ફૂલહાર પહેરાવ્યા. ૧૪. તે રીતે જ બધા વર્ણીઓની પૂજા પણ કેસરચંદન ચર્ચીને કરી. જેનાં દિલમાં જેવો ભાવ હતો તે પ્રમાણે સહુ હરિભક્તોએ લાભ લીધો. ૧૫. શહેરમાં નવા નવા ફૂલ અને વિવિધ પ્રકારના ફળ મળતા હતા. જાતજાતના મેવા પણ મળતા હતા. તેને હરિભક્તો લઈ આવતા અને શ્રીહરિની આગળ ધરાવતા હતા. ૧૬.

❋ ધૂનના સમયે દિવ્યાનુભૂતિ :

સંધ્યા સમય થવા આવ્યો છતાં પૂજા તો અખૂટ જ રહી. અપાર મશાલો થઈ. બિલોરી કાચના ઝાડ અપાર બાંધ્યાં હતાં. ૧૭. શ્રીહરિ 'સ્વામિનારાયણ ધૂન' કરવા લાગ્યા. સંતો અને હરિભક્તો પણ તે ધૂનને પછીથી ઝીલવા લાગ્યા. જ્યારે શ્રીહરિ પ્રથમ ધૂન બોલતા ત્યારે તેમનું મુખારવિંદ અત્યંત પ્રકાશ કરી રહ્યું હતું. ૧૮. બંને હાથમાંથી પણ પ્રકાશના કિરણો છૂટવા લાગ્યા. અંગોમાં અતિશય ઉજાસ થવા લાગ્યો. જ્યારે ઘણું ઘણું તેજ છૂટવા-પ્રસરવા લાગ્યું. ત્યારે બીજા બધાં તેજ ઝાંખા પડવા લાગ્યાં. ૧૯. સૂર્યનાં તેજની આગળ જેવો ચંદ્રમા લાગે તેવાં બીજા બધા તેજ થઈ ગયાં હતાં. આમ જ્યાં સુધી શ્રીહરિ ધૂન કરતા રહ્યા, ત્યાં સુધી અત્યંત તેજ છવાયેલું રહ્યું. ૨૦.

જ્યારે શ્રીહરિએ તે ધૂન બંધ કરી એટલે તરત જ તે તેજ શમી ગયું. વાર લાગી નહિ. તે તેજને દેખીને સહુને ઘણું જ આશ્ચર્ય થયું. કોઈ એમ કહેતા હતા કે ભવ અને બ્રહ્મા દર્શન કરવા આવ્યા હતા. તેમનું તે તેજ દેખાતું હતું. ૨૧. અને કોઈ વળી એમ બોલતા કે, દેવોના વિમાન આવ્યા હતા. અરે ! સૂર્ય અને ચંદ્રમા આવ્યા હતા, તેમના સિવાય આવું તેજ હોય નહિ. આ રીતે સહુ દેખનારા સંદેહો - તર્કોને કરતા હતા. ૨૨. ત્યારે શ્રીહરિએ લોકોને પૂછ્યું,

તમે લોકો શું વાતો કરો છો ? ત્યારે તે લોકોએ શ્રીહરિની આગળ બધી તેજની વાત કહી બતાવી. ત્યારે શ્રીહરિએ તે સહુને તેનો ઉત્તર કહ્યો. ૨૩.

"અમે જ્યારે ધૂન બોલવા લાગ્યા ત્યારે અમને આ દુનિયાની સ્મૃતિ રહી નહિ, અમને લાગ્યું કે જાણે અમે અક્ષરધામમાં છીએ અને આ સભા પણ ત્યાં અક્ષરધામમાં જ દેખાણી. ૨૪. પણ જ્યારે અમે ધૂન કરી રહ્યા-પૂરી કરી ત્યારે અમને આ જગતની સ્મૃતિ થઈ, અને ધામની વાત ભુલાઈ ગઈ. એટલે તે બાબત તો આવી રીતે થઈ હતી. ૨૫. અપાર દેવતાઓ દેખાયા. તેઓ વિમાનમાં બેસીને વિચરતા હતા. અમારી પૂજા કરતા હતા. માનો તેઓ અમારી પ્રાર્થના પણ કરતા હતા. ૨૬.

સહુ હરિભક્તોએ આવી વાત સાંભળી. તેમણે તે તેજ તો પ્રત્યક્ષ દેખ્યું જ હતું. એટલે બધા હરિભક્તો શ્રીહરિને "આ સાક્ષાત્ પુરુષોત્તમ છે." એમ સમજવા લાગ્યા. ૨૭. "દુર્લભ હરિજન સંગ" એવા અર્થનું પદ શ્રીહરિએ ગવડાવ્યું. ત્યારે સહુ સંતો અને હરિભક્તો ઘણા ઉમંગથી અને પ્રેમથી તે પદને ગાવા લાગ્યા. ૨૮. જ્યારે તે પદ ગાવાનું પૂરું થયું, ત્યારે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી મૃદંગ લાવ્યા; અને બ્રહ્માનંદસ્વામી આદિ ગાયક સંતો ઘણા ઉમંગથી ઝાંઝ લાવ્યા. ૨૯.

પછી શ્રીહરિએ આજ્ઞા કરી, તેથી સહુ સંતો વસંતનાં પદ ગાવા લાગ્યા. તે પદોમાં શ્રીહરિનું તેજોમય અક્ષરધામ ગાયું, અને તે ધામમાં અતિશય તેજોમય મુક્તોનો વાસ છે એવું ગાયું. ૩૦. તે પદમાં બધો જ સાજ-સામાન તેજોમય કહ્યો. મહારાજાધિરાજ શ્રીહરિને પણ અતિશય તેજોમય કહ્યા. વસ્ત્રો, આભૂષણ, ખાન, પાન, પુષ્પો અને ફળ બધું જ તેજોમય રહ્યું છે એમ કહ્યું. ૩૧. હાથી, અશ્વ, રથ, વિમાન, મણિમય મહેલ, ત્યાંની વૃક્ષોની બધી જ જાતિઓ જે કહેવાય છે તે બધાં અત્યંત તેજોમય અને સોહામણાં કહ્યાં. ૩૨. ત્યાંના પશુ, પંખી જે કહેવાતા હોય, પર્વત અને ત્યાંની ભૂમિ જે બધું હોય, વિવિધ પ્રકારનાં જે વાજિંત્રો વાગતાં હોય તે સમગ્ર તેજોમય અને અપાર

સોહામણાં કહ્યાં. ૩૩. જે વસંતઋતુ કહેવાય છે તે ત્યાં સદાને માટે વર્તે છે અને તેજોમય રંગ ગુલાલ વગેરે સદા ઊડતા રહે છે એમ કહ્યું. ૩૪.

चोपाई :

दिवस रात नहि तिहाँ कोई, आनंदमय काल वर्तत सोई;
एक एक पर हेत अतंता, क्षण क्षण रहत वृद्धि करंता...३५
एक एक को बहुत विश्वासा, कोईको कबहु न वर्तत त्रासा;
एक एक को हित करत हंमेशा, कुटिल तिहाँ नि करत प्रवेशा...३६

તે ધામમાં દિવસ અને રાત આવો કોઈ ભેદ નથી. આનંદમય કાળ જ નિરંતર વર્તે છે. ત્યાંના નિવાસીઓને પરસ્પર એકબીજા ઉપર અત્યંત હેત હોય છે અને તે પ્રતિક્ષણ વધતું રહેતું હોય છે, આવું તે પદોમાં ગાયું. ૩૫. ત્યાં દરેકને પરસ્પર વિશ્વાસ છે, કોઈને પણ ક્યારેય કોઈથી ત્રાસ વર્તતો નથી. ત્યાં અન્યોન્ય હિત કરનારા જ હમેશાં રહે છે, કોઈ કુટિલનો તો પ્રવેશ જ નથી." એમ ગાયું. ૩૬.

અહીંયાં જેટલા કુટિલ - ખળ હોય છે, તેને સત્સંગ થાતો નથી. કદાચ કુટિલ માણસ સત્સંગમાં આવી જાય. તોપણ તેનાં અંતરમાં તો કુસંગ રહે જ છે. ૩૭. કુટિલ માણસ સત્સંગી થયા પછી પણ બીજા હરિભક્તોનો દ્રોહ કરે છે, અને જે કુટિલ હોય તે બીજા કુટિલનું હિત કરતો રહે છે. અને તેને પરસ્પર મોહ પણ હોય છે. તેથી તેઓ કોઈ અક્ષરધામમાં જઈ શકતા નથી. ૩૮. જેટલા કવિ સંતો હતા, તથા જેનું જેવું અંગ હતું. તેવાં પદ તે સંતો બોલ્યા. તે સાંભળીને શ્રીહરિ બહુ રાજી થયા. ૩૯.

सोरठा : सप्तम पूर रहे एह, चिंतामणि कल्पवृक्ष सम;
पूरण भये तेह, वांछित फल मिले सुनत तेहि...४०

આ શ્રીહરિચરિત્રામૃતસાગરનું સાતમું પૂર તો ચિંતામણિ અને કલ્પવૃક્ષનાં જેવું છે તે અહીં પૂરું થાય છે. જે તેને સાંભળે તેને મનવાંછિત ફળ મળે છે. ૪૦.


दोहा : संवत ओगणिश पनरहि, जेष्ठ वदि दशमि जोउ;
सप्तम पूरे पूरे भये, वांछित फल प्रद सोउ...४१
सुने सुनावे जन जेहि, अंतर शुद्ध हि होई;
सत्संग बीज वृद्धि होवहि, हरिपद फल लहे सोई...४२

વિક્રમ સંવત ૧૯૧૫ના જેઠ વદિ ૧૦ દશમને દિવસ આ સાતમું પૂર પૂર્ણ થયું છે, તે શ્રોતા વક્તા સહુને માટે ઈચ્છિત ફળ આપનારું છે. ૪૧. જે કોઈ શ્રીહરિના આશ્રિત આ પૂર (ગ્રંથ) ની કથાને સાંભળે કે બીજાને સંભળાવે, તો તે બંનેનું અંતઃકરણ શુદ્ધ થાશે અને સત્સંગનું બીજ વૃદ્ધિ પામશે અને છેલ્લે તે હરિપદ ફળને પામશે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તમ પૂરમાં 'શ્રીહરિનું પૂજન તથા ધૂન-કીર્તન દ્વારા અક્ષરધામનું વર્ણન કર્યું' એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે સપ્તમ પૂર સંપૂર્ણ ॥૭॥



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૮

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર આઠમું : તરંગ - ૧

મંગલાચરણ તથા પ્રાતઃસમયમાં શ્રીહરિનું શ્રીનગરથી પ્રસ્થાન

✵ ગ્રંથકારનો નિજ અનુભવ :

दोहा : श्रीहरिकृष्ण कृपाल तुम, भक्ति धर्म के लाल;
कृपा करहु मम उपरी, दीनजन हि प्रतिपाल...०१
तुमारे चरित्र लिखत में, विघ्न आव हि जेहि वार;
विघ्न विनायक साहिता, करत रहो कर प्यार...०२

આપ શ્રીહરિકૃષ્ણ મહારાજ કૃપાળુ છો. માટે દીનજનોનું રક્ષણ કરનારાં અને ભક્તિધર્મના પુત્ર એવા આપ મારા ઉપર કૃપા કરો. ૧. હું આપના ચરિત્રોને લખું છું. તેમાં જ્યારે કોઈ વિઘ્ન આવે ત્યારે વિઘ્નવિનાયક સ્વરૂપ આપ મારા ઉપર પ્યાર રાખીને મને સહાય કરતા રહો. ૨. અસુરો વારંવાર અનંત પ્રકારના વિઘ્ન કરતા રહે છે. તેઓ મારા કાર્યથી વિરુદ્ધ જેટલું પરાક્રમ કરે છે તેને આપ તરત જ નિવારી દો છો. ૩. આપ સહજાનંદસ્વામી એક જ મારા સહાયક છો. આપનાં બળથી જ મને બળ છે, એટલો મને આનંદ છે. ૪.

આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ મારી ઘણી સહાય કરે છે. તેઓ વારંવાર મને ધીરજ આપે છે. અને પોતે આ કાર્યમાં થતા અનંત વિઘ્નોને નિવારે છે. ૫.

શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ બીજી અમદાવાદ ગાદીના આચાર્ય છે. પોતાના ભાઈ રઘુવીરજી મહારાજ આ હરિચરિત્રામૃતસાગર ગ્રંથ કરાવી રહ્યા છે તેનો તેમના ઉરમાં અતિ આનંદ છે. ૬. તે બંને આચાર્યોની પ્રસન્નતા જોઈને સત્સંગમાં જેટલા સંતો, હરિભક્તો છે તે બધા પ્રસન્ન થયા છે. અને તેને કારણે આ ગ્રંથની અતિ વૃદ્ધિ-સમૃદ્ધિ થઈ છે. ૭. જગતમાં સત્સંગ સિવાયનો જેટલો આનંદ કહેવાય છે તે તો દુઃખોને અને માન-અપમાનરૂપી દ્વંદ્વોને જ આપે છે. પરંતુ શ્રીહરિ મને તેનાથી બચાવી લે છે. ૮. નહિંતર આ દુનિયા તો એવી છે કે, જેમાં મોટો કોટ જાણીને જેની ઓથ લીધી હોય તે પ્રથમથી જ દુઃખ દે અને તે આશ્રય લીધેલો કોટ જ વ્યક્તિને કચરી નાંખે. એવું બનતું હોય છે. પરંતુ ૯.

सोरठा : तुमारो एहि प्रताप, हित करी बोलावे सब;
सामर्थ एहि अमाप, शत्रु सो मित्र होई रहत...१०
एसी रीत अपार, विघ्न से लेत निवार कर;
सो जानत जेहि विचार, विन विचार न गम परत...११

આ તો આપનો જ પ્રતાપ છે કે, બધા મને પ્રેમથી બોલાવે છે. જે શત્રુ હોય તે પણ મિત્ર થઈને રહે એ તો આપનું જ અપાર સામર્થ્ય છે. ૧૦. એવી અપાર રીતે આપે મને વિઘ્નથી બચાવી લીધો છે, તે જેને સમજણ હોય તેને વિચારવામાં આવે છે અર્થાત્ જણાય છે, વગર વિચારે તો કાંઈ ગમ પડતી નથી. ૧૧. શ્રીહરિજી મહારાજનાં ચરિત્રોનો તો કોઈ પાર નથી. થોડાં જ લખ્યા છે તો પણ અપાર છે, અદ્‌ભુત છે અને સારરૂપ છે. ૧૨. મનુષ્યનું આ શરીર તો ક્ષણભંગુર છે. તેમાંય તે દૈવાધીન છે. છતાં તેનાથી જેટલાં લખી શકાય તેટલાં શ્રીહરિનાં ચરિત્રોને હું લખું છું. ૧૩. **ઓગણસાઠ્ય વરસની ઉંમરે ગ્રંથ લખાવાનો આરંભ કર્યો, ત્યારે વિક્રમ સંવત્ ઓગણીશસોને ચૌદના જેઠ સુદિ આઠમનો દિવસ હતો.** ૧૪. આયુષ્ય તો દૈવને આધીન રહે છે. ઘડી કે પળનો પણ નિર્ધાર નથી. તેવી સ્થિતિમાં મેં આ અપાર

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનો આરંભ કર્યો છે. ૧૫. પાંચ ભૂતોનું આ શરીરરૂપ નાવ છે. તેમાં વેપારી જેવો જીવ બેઠો છે. તે નાવ દૈવને આધીન રહી છે. તે જ્યાં સુધી શ્રીહરિ આ નાવ ચલવશે ત્યાં સુધી આ કાર્ય થશે. ૧૬.

અનેક વિઘ્નોનું નિવારણ કરીને શ્રીહરિએ ચરિત્રામૃતસાગરના મધ્ય સુધી તો ઘણા પ્રેમથી મને પહોંચાડ્યો છે. હવે શ્રીહરિનાં જીવનનાં અર્ધાં ચરિત્ર કહેવાનાં બાકી રહ્યા છે. ૧૭. જો શ્રીહરિ સાનુકૂળ હોય, તો બધા દેવતાઓ સાનુકૂળ થાય છે. એટલે વિઘ્નવિનાયક ગજાનન ગણપતિ દેવ અને મરુત્સુત હનુમાનજી મહારાજ, એ બંને મારા બધાં જ વિઘ્નોનું નિવારણ કરી દે છે. ૧૮. દેવો અને મનુષ્યો, બધા શ્રીહરિને જ આધીન રહે છે. જ્યાં સુધી શ્રીહરિ કૃપાદૃષ્ટિ કરતા રહેશે, ત્યાં સુધી શ્રીહરિનાં ચરિત્રોને હું લખતો રહીશ. ૧૯. મેં શ્રીહરિની મૂર્તિનાં જેવાં દર્શન કર્યાં છે તથા ઉત્સવ પ્રસંગે અને અન્ય ચરિત્ર કરતી વેળાએ જેવા દર્શન કર્યાં છે. ભક્તજનોનું હિત કરવા માટે પ્રેમથી દેશોદેશમાં શ્રીહરિ જેવી રીતે વારંવાર વિચર્યા છે. ૨૦. પ્રગટ શ્રીહરિની મૂર્તિને મેં જેવી જોઈ છે તેવી મૂર્તિ મારા હૃદયમાં રાખીને તેને સંભારીને તે બધા ચરિત્ર હું લખું છું. અને વળી, મને જેવા ચરિત્ર હૃદયમાં દેખાય છે તેવા જ લખું છું. ૨૧.

सूर्य विन ज्युं नेत्र हि एहा, कछु समर्थ नहीं देखन तेहा;
मूर्ति विन तेसे चरित्र हि एका, लिखने समर्थ होत न अनेका...२२

જેમ સૂર્યના સિવાય આપણી આંખો કાંઈ દેખવા સમર્થ થતી નથી. તેમ શ્રીહરિની મૂર્તિની સ્મૃતિ સિવાય, ભલેને તે અનેક ચરિત્રો હોય તો પણ શું ? તેમાંથી એક પણ ચરિત્રને હું લખવા માટે સમર્થ થતો નથી. ૨૨. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ જ્યારે ઉત્તમરાજા-દરબાર દાદાખાચરના ઉપર અતિ કૃપા કરી ત્યારે તેમણે શ્રીહરિનાં જન્મથી લઈને જેટલા ચરિત્રો હતા તે બધા જ ચરિત્રો કહ્યાં છે. ૨૩. તે પરમ પવિત્ર ચરિત્રોને હું આપણા સત્સંગમાં બધા હરિભક્તોના હિત માટે લખું છું. જેને શ્રીહરિનાં દર્શન ન થયા હોય તેને માટે તો આ ચરિત્રો પ્રકટ દર્શન તુલ્ય છે. ૨૪. અને જેને દર્શન થયાં હોય છે, તેમને આ ચરિત્રો સાક્ષાત્ સ્મૃતિ રૂપ છે અને પરમ અનુપમ અને

પ્રકાશરૂપ છે. જે ભક્તને હરિચરિત્રોને સાંભળવાનો ખપ હોય તેને માટે તો આ ગ્રંથમાં લખેલાં ચરિત્ર જીવનરૂપ છે અને અમૃત તુલ્ય છે. ૨૫. જેને મોક્ષ મેળવવાનો લેશમાત્ર પણ ખપ ન હોય છતાં જો તે સાંભળશે તો તેને જેવું ચિંતવશે તેવું ફળ મળશે. ભૂલમાં પણ આ ચરિત્રોના શબ્દો જેના કાન ઉપર પડશે તે લખચોરાશીમાં હેરાન નહીં થાય. ૨૬. આ જગતમાં જે મનુષ્યો પશુના જેવા હોય છે તેઓ તો દુઃખમાં પણ સુખ માને છે. તેમને જ્યાં સુધી સુખનું જ્ઞાન નથી હોતું ત્યાં સુધી તેઓ દુઃખમાં જ સુખ માને છે. ૨૭.

दोहा : सत्संग विन जन जितने, बुद्धिवंत हि कहात;
इहाँकी बुद्धि ज्यां हि लग, तिहाँ लग दुःखि रहात...२८
पाताल से प्रकृति लग, जियकुं मिले भोग;
तिहाँ लग भय कहत हे, मिटत नहि महारोग...२९

સત્સંગ વિનાના જેટલા મનુષ્યો છે, તે બુદ્ધિમાન કહેવાતા હોય તો પણ તેને જ્યાં સુધી અહિંયાની લૌકિક બુદ્ધિ હોય છે ત્યાં સુધી તે દુઃખી જ રહે છે. ૨૮. પાતાલથી લઈને પ્રકૃતિપુરુષના લોક સુધીમાં જીવને જ્યાં સુધી ભોગ સુખ મળતા રહે છે ત્યાં સુધી તેને માટે ભય કહ્યો છે અને તેનો આ સંસારનો જન્મ, મૃત્યુ, યમયાતના અને લખચોરાશીનો મહારોગ મટવાનો નથી. ૨૯.

सोरठा : जन्म मृत्यु महा रोग, सत्संग विन सो मिटत नहीं;
अल्प देखि यह भोग, जन सो सत्संग करत नहीं...३०
चोरासि दुःख अपार, जमपुरि दुःख न पार कहत;
सत्संग विन कोउ वार, दुःख को ज्ञान न होत कबु...३१

જન્મ મરણ જેવો તે મહારોગ સત્સંગના વિના મટતો નથી. થોડા એવા પણ લોકભોગને દેખીને મનુષ્ય તેમાં ફસાઈ જાય છે અને સત્સંગ કરતા નથી. ૩૦. લખચોરાશીનું દુઃખ અપાર છે. જમપુરીનાં દુઃખોનોએ કહેતા અંત આવતો નથી. સત્સંગના વિના કોઈ કાળે જીવને ક્યારેય દુઃખોનું જ્ઞાન થાતું જ નથી. ૩૧. આ વાત સાંભળીને ઉત્તમ રાજાએ સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીને કહ્યું, (પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, પંચમ, ષષ્ઠ અને સપ્તમ પૂર સુધીમાં સમાયેલા ચરિત્રોની કથા કહી છે.) શ્રીહરિએ કૃપા કરીને

જે ચરિત્રો કર્યાં છે તે આપે મને વિગત કરીને બધા કહ્યા છે. તે સાંભળવાથી મારાં અંતઃકરણમાં ઘણી શાંતિ થઈ છે. ૩૨-૩૩. હે મુક્તાનંદ મુનિ ! શ્રીહરિએ મને જેવા સુખ આપ્યા છે. તેને તેવા રૂપમાં બધું જ આપ જાણો છો. શ્રીહરિએ અમારા ઘરમાં રહીને જે સુખ દીધા છે તે સુખમાંથી હું થોડાં સુખને પણ ગણી શકતો નથી. ૩૪.

શ્રીહરિ મારા સિવાયના બીજા જે હરિભક્તો છે તેમને ઘેર જઈને રહ્યા અને તે ભક્તોને જે સુખ આપ્યું કે જેનો કોઈ પાર રહ્યો નથી. જેવા સંતો અને હરિભક્તો હતા તે સહુને તેવાં જ સુખ આપ્યાં છે. ૩૫. જે સંતો અને હરિભક્તો છે તે બધા એક એકથી અધિક દેખાય છે. હે મુક્તમુનિ ! જે ભક્તોને જેવું સુખ શ્રીહરિએ આપ્યું છે. તે બધી વાત આપે મને સંભળાવી છે. ૩૬. તે વાતો સાંભળીને મને અપાર સુખ થયું છે. ભગવાનની વાતોના વિના તો લગારેક પણ સુખ રહેતું નથી. ગામ, ગરાસ, ધન, પુત્ર અને પત્ની, એ બધાને દેખીને તો મને ભારે દુઃખ ઉપજે છે. ૩૭. શ્રીહરિનાં ચરિત્રો સિવાયના જેટલા રસ છે તે તો મને હળાહળ ઝેર જેવા લાગે છે. હવે આપનું શરીર જ્યાં સુધી ટકે ત્યાં સુધી મને પ્યારથી શ્રીહરિચરિત્રામૃતનું પાન કરાવો. ૩૮. શ્રીહરિએ દર વરસે જ્યાં જઈને જે કોઈ ઉત્સવ કે સમૈયા જેટલા કર્યા હોય તે બધા મને આપ સરસ રીતે અનુક્રમે પ્રેમથી કહો. હવે મને બીજે ક્યાંય પ્રેમ આસક્તિ થાતા નથી. ૩૯.

ત્યારે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ શ્રીહરિનાં અનુપમ અને નવાં નવાં ઘણા લલિત ચરિત્ર કહ્યાં. તે સાંભળીને દરબાર દાદા ખાચર ઘણું રાજી થયા. ૪૦. સાતમાં પૂરમાં છેલ્લે કહ્યું તે પ્રમાણે શ્રીહરિ **શ્રીનગર-અમદાવાદ**માં આનંદથી એક રાત રોકાયા. પછી બીજે જ દિવસ સવારમાં ચાલવા તૈયાર થયા ત્યારે બધી સવારી આવી. ૪૧. તે સમયે ધમડકાના દરબાર રાયધણજી શણગારેલો હાથી લઈને આવ્યા. હાથીના ઉપર નંગ જડિત સોનાની અંબાડી મૂકી હતી. ૪૨. શ્રીહરિ આવીને તે હાથીની અંબાડીમાં બેઠા. દરબાર રાયધણજી શ્રીહરિની પાછળ ચામર કરવા માટે બેઠા અને વાજિંત્રો આગળ વાગતાં હતાં અને શ્રીહરિ શ્રીનગરની બજાર તરફ ચાલ્યા. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'મંગલાચરણ તથા પ્રાતઃસમયમાં શ્રીહરિનું શ્રીનગરથી પ્રસ્થાન' એ નામે પ્રથમ તરંગ સમાપ્ત ॥૧॥



પૂર આઠમું : તરંગ - ૨

શ્રીહરિ શ્રીનગરથી ગામડી ગામ પધાર્યા, ત્યાં હરિભક્તોએ શ્રીહરિને માન્યા-પૂજ્યા

શ્રીહરિ હાથી ઉપર બેઠા. બીજા દરબારોએ પોતપોતાના હાથી ઉપર બધા સંતોને પણ બેસાડ્યા. ૧. શ્રીહરિએ જે ભપકાથી શ્રીનગરમાં પ્રવેશ કર્યો હતો તેવા જ દબદબાથી જ્યારે રાજમાર્ગ ઉપર શ્રીહરિ નીકળ્યા ત્યારે નગરજનો દર્શન કરવા દોડી આવ્યા. ૨. આખા શહેરના બધા જ લોકો કોઈ પાર ન આવે એટલા ફૂલના હાર લાવ્યા. અને તે શ્રીહરિને તથા સંતોને પ્યારથી પહેરાવવા લાગ્યા. ૩. નગરની નારીઓ મોતીના થાળ ભરીભરીને મકાનોમાં ઊંચા માળ ઉપર ઊભી હતી તે શ્રીહરિને મોતીથી વધાવવા લાગી. ૪. શ્રીહરિની સાથેની બધી સવારી બધા સોનેરી સાજથી સોહામણી લાગતી હતી. અનંત વાજિંત્રો વાગતા અને ચોતરફ "જય જય" "જય જય" આવા શબ્દો સંભળાતા હતા. ૫.

અવિનાશી શ્રીહરિ કાંકરિયા સરોવર તરફને (રાયપુર) દરવાજેથી શહેર બહાર નીકળ્યા. કાંકરિયા સરોવરે આવ્યા અને તેમાં ઘણા જ ઉલ્લાસથી નાહ્યા. ૬. સંતો તથા બધા હરિભક્તો પણ તેમાં નાહ્યા. સરોવર પાકા પથ્થરથી બાંધેલું હતું, તેથી તેનો કિનારો ઘણો જ રમણીય દેખાતો હતો. નજીકમાં આંબલીનાં ઝાડનો કોઈ પાર ન હતો. ૭. તે ઝાડનો છાયો ઘણો ઘાટો હતો. શ્રીહરિ તે છાયામાં ઊતર્યા. જેટલામાં આંબલીનાં ઝાડ હતા ત્યાં શ્રીહરિ બધે પગે ચાલીને ફર્યા. ૮. કાંકરિયાને પૂર્વ કિનારે અને દક્ષિણ કિનારે વારે વારે બહુવાર ફર્યા છે. આનંદકારી શ્રીહરિએ ઘણીવાર બંધૂકના અવાજ કરાવી રમૂજ કરતા હતા. ૯. પછી શ્રીહરિ કાંકરિયાથી

જ્યારે ચાલ્યા ત્યારે હાથી ઉપર બેઠા અને સ્થાનિક જે હરિભક્તો હતા તેમને બધાને ત્યાંથી પાછા વળ્યા. ૧૦. શ્રીહરિ ત્યાંથી પહેલા વટવા થઈને **ગામડી** ગામ (તા. દસક્રોઈ, જિ. અમદાવાદ) તરફ આવ્યા. તે ગામના જેટલા હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૧. તે મોટા પાટીદાર હતા. શહેરના મોટા જમીનદાર ગણાતા. તેઓ વ્રજલાલ, બાપુજી, શંભુદાસ, કાકુજી, ૧૨. મકનદાસ, રઘુનાથદાસ, રણછોડદાસ, જેઠાભાઈ અને સવદાસ એ આદિક અપાર હરિભક્તો ગામડી ગામમાં રહેતા હતા. તે બધા ફૂલહાર પહેરાવીને શ્રીહરિને પગે લાગ્યા. ૧૩-૧૪. પછી તેઓ બધા હરિભક્તો હરખભર્યે હૈયે બોલ્યા, અમને પોતાના શરણાગત જાણીને આપે અમારા ઉપર બહુ કૃપા કરી છે. ૧૫.

બધા હરિભક્તોનો ભાવ જોઈને શ્રીહરિ ઘણું રાજી થયા. એક રાત રહેવાનું ઠેરાવીને પછી પ્રભુ ગામ તરફ ચાલ્યા. ૧૬. ઘણા હરખાએલા તે ગામડીના બધા હરિભક્તો સારા વાજિંત્ર લાવ્યા અને અતિ આનંદિત થઈને વગાડતા હતા. અંબાડીવાળા હાથીના ઉપર બેસીને શ્રીહરિ આવ્યા હતા. ૧૭. શરીર ઉપર સોનેરી વસ્ત્રો અને સોનાના અલંકારો પહેર્યા હતા. ચોપદાર "જય જય" ના શબ્દ સાથે નેકી પોકારતા હતા. ગામડીની ચારે બાજુ આંબાના અને રાયણનાં પુષ્કળ ઝાડ શોભી રહ્યા હતાં. ૧૮. તેનાં અપાર વનના વન ઊભા હતા. કાંકરિયા તળાવથી ચાલ્યા અને જ્યારે શ્રીહરિ ગામડી ગામના દરવાજે આવ્યા તે સમયે ભક્તોએ ઘણી જ શોભા કરી હતી. ૧૯. સોનેરી નાળિયેરનો મોટો હારડો કરીને ગામને દરવાજે ઊંચે બાંધ્યો હતો. શ્રીહરિ ગામમાં પ્રવેશ્યા. બધે અદ્‌ભુત અને અપાર શોભા કરી હતી. ૨૦.

ગામના રાજમાર્ગોમાં પાણી છંટાવીને તેને એકદમ સ્વચ્છ કરાવ્યા હતા. બહુ કેળના સ્તંભ બધે રોપાવીને તેના થડને કુંકુમથી રંગાવી નાખ્યા હતા. ૨૧. તેમાં વચ્ચે નાળીયેર સોતી નાળીયેરીઓ રોપાવી હતી. દુકાનો અને બીજા જે મકાનો બજારને કાંઠે હતા તે, બધા સુંદર લાગતાં હતાં. ૨૨. તેના દરવાજાઓને ચિત્ર વિચિત્ર રીતે શણગાર્યા હતા. અને તેમાં મોતીનાં

તોરણ બાંધ્યાં હતાં, વળી બિલોરી કાચનાં ઝાડ ભાત ભાતનાં અને જાતજાતનાં બધે લટકાવી દીધાં હતાં. ૨૩ મંગળકારી સુવર્ણ કળશ ઉંબરામાં જ મૂકી સ્થાપી દીધા હતા. ગામના ભક્તો ઘણો ગુલાલ લાવ્યા હતા તે મનને ભાવે તે રીતે ઉડાડતા હતા. ૨૪. ગામના જે બીજા લોકો હતા તે બધા બજારમાં આવીને ઊભા હતા. સહુએ હાથમાં ફૂલહાર લીધા હતા. તે બધા મનના પ્યારથી શ્રીહરિને પહેરાવતા હતા. ૨૫.

મકાનોની અગાસીમાં ગામની સ્ત્રીઓ મોતીથી ભરેલા થાળ લઈને ઊભી હતી. તે શ્રીહરિ નજીક આવે ત્યારે મોતીથી વધાવતી હતી. ૨૫. શ્રીહરિ ગામમાં પધાર્યા, તેનાથી ખૂબ જ ખુશી થયેલા ગામ લોકો ટોળે ટોળાં મળીને મંગળમય કીર્તનોને ગાતા હતા. ૨૬. ગામમાં સહુને દર્શન દઈને શ્રીહરિ ગામની બહાર આવ્યા. અને ત્યાં બહાર જ મુકામ કર્યો. સંતો માટેનું જયાં મંદિર હતું ત્યાં સરસ રસોઈ તૈયાર કરાવી. ૨૭. શ્રીહરિને માટે શંભુદાસને ઘેર વર્ણીએ ઘણા જ પ્રેમથી રસોઈ બનાવી હતી. ૨૮. જયારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે વર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા. એટલે ભક્તોનાં મનને આનંદ આપનારા દયાળુ શ્રીહરિ તે સમયે ત્યાં જમવા માટે ચાલ્યા. ૨૯. શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી હતી. હાથમાં રેશમી કોરવાળો રૂમાલ લીધો હતો. ત્યારે શંભુદાસ ભક્તને ઘેર પધાર્યા, તેમનું ઘર ઉત્તરાદા બારનું હતું. ૩૦.

તે મકાન બે માળનું હતું. તેમાં શ્રીહરિ જઈને ઉપરને માળે બેઠા. સોનેરી બાજોઠ ઉપર શ્રીહરિ બેઠા ત્યારે વર્ણી તત્કાળ ભોજનોથી પીરસેલો થાળ લાવ્યા. ૩૧. સાકર વાપરીને સારા લાડુ બનાવ્યા હતા. તેમાં ઘણી રીતે ઘી નાખ્યું હતું. ભજિયાં, વડાં અને ઘણી જાતનાં શાક બનાવ્યાં હતાં. ગણવાથી પણ તેનો પાર આવતો નહિ. ૩૨. થાળમાં ઘણી જાતના ભોજનોને દેખીને શ્રીહરિ હસ્યા. પછી આનંદ અને ઉલ્લાસથી જમ્યા. હરિભક્તોનો ઘણો જ ભાવ દેખ્યો તેથી શ્રીહરિ વારંવાર તેના વખાણ કરતા હતા. ૩૩. જયારે શ્રીહરિ બધાં ભોજન જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોયાં. મુખવાસ લઈને ચાલ્યા. સંતોના મંદિરમાં આવ્યા. ૩૪. સંતો, દરબારો અને પાર્ષદો, સહુને બેસાડીને ત્યાં જમાડ્યા.

રંગોળી પૂરીને સરસ ચોક બનાવ્યો હતો. કેળના સ્તંભ રોપાવીને બગીચો બનાવ્યો હતો. ૩૫. અગરબત્તીનો સારો ધૂપ કર્યો હતો. તેનાથી ચારે તરફ તે અતિ સુગંધ પ્રસરી ગયો હતો. કેસરયુક્ત ચંદન અને ફૂલહાર લાવ્યા હતા. ભક્તોએ હરખભેર પહેલા શ્રીહરિની પૂજા કરી. ૩૬. જેટલા હરિભક્તો હતા તે સહુએ સાથે મળીને રસોઈ આપી હતી. એટલે તે બધાએ આવીને પૂજા કરી અને ફૂલહાર પહેરાવ્યા. ૩૭. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. પ્રેમથી સહુએ આરતી ઉતારી અને પછી કેસર ચંદન ચરચેલાં ચરણ કમળને પોતાની છાતીમાં ચાંપ્યાં. ૩૮. કેસરી ચંદન ચરચીને સંતોની પૂજા પણ કરી. અને વિવિધ પ્રકારના જે ફૂલહાર લાવ્યા હતા તે બધાને પહેરાવ્યા. ૩૯. બધા દરબારોને પણ શ્રીહરિના પાર્ષદ જાણીને, તેમની પણ પૂજા ઘણા ભાવથી કરી. સમસ્ત હરિભક્તોનાં હૃદયમાં ઘણો જ ઉત્સાહ ભર્યો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ શ્રીનગરથી ગામડી ગામ પધાર્યા, ત્યાં હરિભક્તોએ શ્રીહરિને માન્યા-પૂજ્યા' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર આઠમું : તરંગ - ૩

ગામડીના હરિભક્તોની પ્રાર્થના તથા શ્રીહરિની પ્રસન્નતા

સંતો જમવા બેઠા હતા અને હરિભક્તો સંતોની પૂજા કરવા ગયા. ત્યારે શ્રીહરિએ તે હરિભક્તોને કહ્યું, પૂજા કરવામાં વાર શું કામ લગાડો છો ? પૂજા કરીને બહાર નીકળો. મારે સંતોને લાડુ પીરસવા છે. ૧. હું જ્યારે પીરસું છું ત્યારે સંતો પ્રસાદીનું માહાત્મ્ય સમજીને લાડુને જમે છે. તમને સહુને તેની ખબર નથી ? ૨. પંગતમાં બેઠેલા સંતો જ્યારે પૂરું જમે નહિ, ત્યારે મારા મનમાં બહુ દયા ઊપજે છે. આવા અત્યંત ત્યાગી સંતોને દેખીને હું હરખાઈને પીરસું છું. ૩. જ્યારે તે બધા હરિભક્તો સંતોની પૂજા કરીને પંગતમાંથી બહાર નીકળ્યા ત્યારે ધર્મકુમાર શ્રીહરિ સંતોની પંગતમાં જઈને પીરસવા આવ્યા. ૪. બધા જ સંતોને શ્રીહરિએ બબ્બે લાડુ આપ્યા. શ્રીહરિની મૂર્તિ

દર્શનીય બની હતી. ચરણોમાં ચાખડીઓ પહેરી હતી. ઝાંઝર પહેર્યાં હતાં. મૂર્તિ ફૂલોથી ગરકાવ-છાઈ હતી. ૫. આનંદાનંદસ્વામી હાથમાં ફૂલનો પંખો લઈને શ્રીહરિની પાછળ પાછળ ચાલતા અને પવન નાખતા હતા. પંખામાંથી સુગંધ ઘણો પ્રસરતો હતો. ૬. બધા સંતોને ફૂલહાર પહેરાવ્યા હતા. કેસર ચંદનની અર્ચા કરી હતી. તેનો સુગંધ પણ ફેલાતો હતો અને અગરબત્તીના ધૂપનો સુગંધ પણ બધે વ્યાપી ગયો હતો. ૭.

चोपाई :

फूलबाग ज्युं सोहत ताई, संत की जो पंक्ति रहाई;
अंत समे दरशे यह जेही, यह भव में न आव हि तेही...०८

સંતોની પંગત તો ફૂલોના બાગ જેવી દીપી ઊઠી હતી. કોઈના અંતકાળે જો આવા સંતો અને શ્રીહરિનાં દર્શન યાદ આવે તો તેને આ સંસારનો ફેરો ટળી જાય. (એવી અદ્‌ભુતતા જણાતી હતી.) ૮. આવો દર્શનનો પ્રતાપ છે, એમ શ્રીહરિ વારેવારે કહેતા. આ પ્રમાણે જ્યારે સંતો જમી રહ્યા. કોઈએ લગારેય લાડુ લેતા ન હતા, ૯. ત્યારે શ્રીહરિ પોતાની પાટ ઉપર આવી ગયા. ત્યાં બેઠા પછી શ્રીહરિને હાથ અને ચરણ ધોવરાવ્યા. વીરણના (સુગંધીવાળાના) બે પંખા લઈને બંને વર્ણી શ્રીહરિને પવન નાખતા હતા. ૧૦.

મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી, એ બે તો શ્રીહરિની સેવા અખંડ કરતા હતા. જે બીજા વર્ણીઓ શ્રીહરિની સેવા કરતા તે ક્યારેક આવતાં જતાં રહેતા. ૧૧. જ્યારે સંતો જમીને ઊઠ્યા ત્યારે શ્રીહરિ ગામથી બહાર આવ્યા. ત્યાં અનેક પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને ઘણો જ મહોત્સવ વ્યાપી ગયો હતો. ૧૨. નદીના કિનારા ઉપર તંબુઓ તાણ્યાં હતાં. દરબારોના ઘણા તંબુઓ પણ છવાઈ ગયા હતા. ૧૩. શ્રીહરિ પોતાના તંબુમાં આવીને પલંગ ઉપર બેઠા. તંબુ અતિશય વિશાળ હતો. તેમાં બધા સંતો પણ સમાઈ ગયા હતા. ૧૪.

એક હજાર થાંભલાવાળી અત્યંત વિશાળ ચંદની હતી. તેને હરિભક્તોની સભા કરવા માટે તત્કાળ ઊભી કરાવી. ૧૫. ચંદનીની ચારે બાજુ કિનારાના જે થાંભલા હતા તેના ઉપર સુવર્ણ કળશ મૂક્યા હતા. અને બહારના ભાગમાં સહુકોર સુંદર મોતીનાં તોરણ બાંધી દીધાં હતાં. ૧૬. ચંદનીના અંદરના

ભાગમાં અનેક બિલોરી કાચના ઝાડ બાંધી દીધાં હતાં. તેની વચ્ચેના ભાગમાં સોનાનું સિંહાસન ગોઠવ્યું હતું. ૧૭. શ્રીહરિ આવીને તે સિંહાસન ઉપર બેઠા. પણ તે પહેલા નદીએ નાહીને આવ્યા હતા. શ્રીહરિની સાથે જેટલા ધામના મુનિવરો-સદ્‌ગુરુ સંતો રહ્યા હતા તે બધા પણ શ્રીહરિની સાથે ત્યાં નદીમાં નાહ્યા હતા. ૧૮. જેટલા હરિભક્તોના સંઘ શ્રીહરિની સાથે હતા તે બધા પણ ત્યાં શ્રીહરિની સાથે નદીમાં નાહ્યા હતા.

પછી સંતોની અને હરિભક્તોની તે સભા થઈ. બધા દરબારો આવીને તે સભામાં બેઠા. ૧૯. ગામડીના જે હરિભક્તો હતા, તે બધા વિવિધ પ્રકારની પહેરામણી લાવ્યા. નરનારી હરિભક્તો બધા ઘણા દિવસથી મનમાં ભારે મનોરથો કર્યા કરતા હતા. ૨૦. સહુએ ઘણી પહેરામણી કરી. ચંદન ચરચ્યું. વિવિધ પ્રકારના ફૂલહાર ધરાવ્યા. ફૂલોની જ બનાવેલી ટોપી, બાજુબંધ, તોરા, ગુચ્છ ધરાવ્યા. અને ચિત્તચોર શ્રીહરિને ફૂલની પછેડી ઓઢાડી. ૨૧. ઉમંગ ભર્યા ભક્તોએ આરતી કરી. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં રહ્યાં. બંને હાથ જોડીને સહુએ સ્તુતિ-પ્રાર્થના કરી અને બધી જ મનોભાવના પૂર્ણ કરી લીધી. ૨૨.

❋ શ્રીજી સંતમાં જે કરે હેત, તે તરે કુટુંબ સમેત :

પછી સહુ હરિભક્તોએ કહ્યું, હે નાથ ! અમારા ઘરબાર કે જે કાંઈ છે તેને આજથી આપ પોતાના જાણજો. અમારે લાયક જે કાંઈ કામ-સેવા હોય તે અમને કહેજો, અમારી પાસે કરાવજો. ૨૩. હરિભક્તોનાં વચન સાંભળીને શ્રીહરિ ઘણું રાજી થયા અને બોલ્યા. હરિભક્તોએ એવી રીત રાખવી જોઈએ કે જેથી તેમને ભગવાનમાં અને સંતોમાં પ્રેમ થાય. ૨૪.

दोहा : जेसे कुल कुटुंब में, प्रीति करत संसार;
हरि संत में करना तिस विध, तर्त होवे भवपार...२५
हरि में प्रीति ओर हे, संत में प्रीति हे ओर;
ओर प्रीति हरिजन में, जानना जन सब मोर...२६

સંસારના લોકો જેમ કુળમાં અને કુટુંબમાં હેત-પ્રેમ રાખે છે. તેમ ભગવાનના ભક્તોએ ભગવાનમાં અને સંતોમાં હેત-પ્રીત રાખવા. કારણ કે

તેનાથી તુરંત સંસારને તરી જવાય છે. ૨૫. મારા બધા ભક્તોએ જાણી રાખવું કે, ભગવાનમાં જે પ્રીતિ તે જૂદી છે, સંતોમાં જે પ્રીતિ છે તે જૂદી છે અને હરિભક્તોમાં પ્રીતિ છે તે પણ જૂદી છે. ૨૬.

सोरठा : निष्काम रखिके भाव, प्रीति करना हरिजन सबे;
तामें न होय कुभाव, रस सहित हे प्रीति यह...२७
देव जानीके एह, जो जो करनि सेव तेहि;
बढे अधिक तब नेह, मायिक भाव घटि जात तरत...२८

સહુ હરિભક્તોએ નિષ્કામભાવ રાખીને હેતપ્રીત રાખવા. જેમાં ક્યારેય કુભાવ ન થાય એ જ રસ સહિતની પ્રીતિ કહેવાય છે. ૨૭. દેવ જેવી ભાવના રાખીને જે જે સેવા કરવામાં આવે તેમાં અધિક સ્નેહ વધે છે અને માયિક ભાવ તરત જ ઘટી જાય છે. ૨૮.

બાળકની જે માતા અને પિતા હોય છે તે બાળકોની ઘણી સેવા કરે છે. રાત-દિવસ તેના મળ મૂત્રને ધૂવે છે પણ તેમાં ક્યારેય અભાવ આવતો નથી. ૨૯. માણસ જેમ રોજ પોતાના શરીરના મળને ધૂવે છે છતાં તેને પોતાનાં શરીરનો ક્યારેય અભાવ આવતો નથી. દેહ તે આત્મા નથી. દેહ અનાત્મા છે છતાં તેને આત્મા માની લીધો છે. તેથી જીવને દેહ પર સદા ભાવ રહે છે, દેહનો અભાવ આવતો નથી. ૩૦. જો શરીરમાં પોતાપણું ન હોય તો હેતુ-હિતૈષીપણું મનાય નહિ. આત્મા શરીરને પોતાની સાથે એકરસ થયેલું માને છે. અને તેથી જ આત્મા શરીરને પોતાનો હેતુ-અત્યંત હિતૈષી જાણે છે અને તે કારણથી જ જીવને શરીરનો અભાવ આવતો નથી. ૩૧.

સૃષ્ટિની રચના માટે પરમેશ્વરે સહુને માયાથી-સ્નેહના બંધનથી બાંધી દીધા છે. માયાને એવી વજ્રસાર કરી છે કે તે કોઈ દિવસ છોડાવી પણ છૂટતી નથી. ૩૨. જો પોતાનું મૂળ સ્વરૂપ વિચારે કે હું આત્મા છું તો તેવી માયા-સ્નેહનું બંધન શ્રીહરિ અને સંતમાં થાય. દેહમાં હેત છે તે પોતાનું મૂળભૂત હેત નથી. જે કોઈ ભાગ્યશાળીને જ દેખાય છે. ૩૩. આ સમયે તમારું મહાન ધન્ય ભાગ્ય છે કે તમને યોગ્ય રીતે સત્સંગમાં સ્નેહ થયો છે.

તમારા જેવા હરિભક્તોને માટે જ અમે સત્સંગમાં આવીને રહ્યા છીએ. ૩૪. અત્યારે જેટલા પ્રદેશમાં સત્સંગ છે ત્યાં બધે સ્થળે વિચરણ કરીને અમે જોયું છે કે સત્સંગીઓ સમજણમાં એક એકથી અધિક છે. તે અમને પર્વતભાઈએ કહ્યું છે. ૩૫. જેવું પર્વતભાઈએ અમને કહ્યું છે, તેવા જ હરિભક્તો અમને દેખાય છે. અત્યારના સત્સંગીઓનો શુદ્ધભાવ જોઈને જ અમે આ સત્સંગમાં ટકી રહ્યા છીએ. ૩૬. વનમાં એકાકી ફરવું તે અમને ગમે પણ મનુષ્યની અશુભ ક્રિયાઓને જોઈને અમારું મન અતિ મુંઝાય છે. ૩૭.

એક ઘડીવારમાં કે પળવારમાં મરી જવાનું હોય છે પણ જીવને મરવાનો સંકલ્પ પણ થાતો નથી. જીવ મુર્ખાઈમાં એવા ઘાટ ઘડી રાખે છે કે મરીને ભૂત કે પ્રેત થવાય. ૩૮. આ જીવે એવા અપાર દેહ અને કુટુંબીઓને કર્યા છે અને અનેક યોનિઓમાં અપાર દુઃખોને ભોગવ્યા છે. ૩૯. શુકદેવજી જ્યારે વનમાં ચાલ્યા ત્યારે તેણે વ્યાસમુનિને તે દુઃખો કહ્યા છે અને વળી એમ પણ કહ્યું છે કે ગર્ભવાસનું દુઃખ તો નરકયાતના કરતા પણ કરોડગણું વધારે છે. ૪૦.

सोरठा : संसार को रखे संग, ताकु होत संसार पुनि;
करनो सदा सत्संग, संसार को संग निवृत्ति करन...४१
संसार संग करे त्याग, वन में बेठे जाई कर;
हरिपद होय अनुराग, अनंत दुःख छुटत तबे...४२

જો નિરંતર સંસારમાં રચ્યા પચ્યા રહી તેનો સંગ કરશો તો ફરીવાર સંસારમાં જ આવવું પડશે, તેનાથી છુટાશે નહિ. એટલા માટે સદા સત્સંગ રાખવો કેમજે તે સત્સંગ સંસારની નિવૃત્તિ કરનારો છે. ૪૧. વનમાં જઈને બેસે અને સંસારની આસક્તિનો ત્યાગ કરી દે. પછી ભગવાનનાં ચરણકમળમાં પ્રેમ થાય અને તેનાથી અનંત દુઃખોથી મુક્તિ મળે છે. ૪૨

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'ગામડીના હરિભક્તોની પ્રાર્થના તથા શ્રીહરિની પ્રસન્નતા' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર આઠમું : તરંગ - ૪

શ્રીહરિએ ગામડીના ભક્તોને સત્સંગનો પ્રતાપ કહ્યો

શ્રીહરિએ જે વાત કહી તેને સાંભળીને ગૃહસ્થ હરિભક્તોએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું કે અમારી શી ગતિ થાશે ? ૧. અમે તો રાત દિવસ સંસારમાં જ રચ્યા પચ્યા રહીએ છીએ. અમારે એક આપનો દૃઢ આશરો છે, તે સિવાય અમે બીજું કાંઈ જાણતા નથી. ૨.

ત્યારે ધર્મકુમાર શ્રીહરિ બોલ્યા, અમે બધા વનમાં ફર્યા છીએ. વનમાં જ્યારે માણસનાં મનના વિચારો બદલી જાય, ત્યારે ત્યાં તેને કોણ ટોકે ? ૩. પૂર્વે પ્રિયવ્રત રાજા એકાંકી વનમાં જઈને મેરુ પર્વતમાં તપ કરતા હતા. ત્યાંથી તેને બ્રહ્માજી સંસારમાં ખેંચી લાવ્યા. ૪. અને તેમને ઘણું જ્ઞાન આપ્યું. તે બધી વાત ભાગવત પંચમ સ્કંધમાં છે. ઋષ્યશૃંગ, ચ્યવન અને સૌભરિ ઋષિ, એ મહાન સમર્થ હતા. એકાકી વનમાં બેઠા હતા. વનમાં પણ જ્યારે વિષયનો જોગ થયો ત્યારે તેમનાં મનમાં સંસારનો રોગ પેઠો. ૫-૬. તત્કાળ તેમને તપથી પાડી દીધા અને સંસારમાં હેત-પ્રીત કરતા થઈ ગયા. તે ત્રણેને તપમાં જેવી નિષ્ઠા હતી, તેના કરતાં વધારે સંસારમાં ચોંટી ગયા. ૭. એટલા માટે જ સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ કહ્યું છે કે, સત્સંગના સમાન બીજું કોઈ વન નથી. આજે આપણા સત્સંગમાં જેવી સમજણ છે તેવી સમજણ ચૌદ લોકમાં ક્યાંય નથી. ૮.

ભવ, બ્રહ્મા અને નારદના સમાન સમર્થ આખા બ્રહ્માંડમાં કોઈ ન ગણાય. ઈન્દ્ર, ચંદ્ર અને પરાશર પણ સર્વોપરિ સમર્થ હતા. ૯. પણ તેમને જ્યારે વિષયનો જોગ થયો ત્યારે તેમની બુદ્ધિ એક પળવારમાં ફરી ગઈ. કોઈ સામાન્ય મનુષ્ય પણ જેવું વર્તન ન કરે તેવું વર્તન કરવા લાગ્યા. એવી એમની બુદ્ધિ બદલાઈ ગઈ. ૧૦. ભવ, બ્રહ્માદિ જેવા જે સમર્થ હોય તેની નબળી વાત કોણ કહી શકે ? પરંતુ વ્યાસજીએ તો પોતાને મુખે તે બધી વાતો પ્રસિદ્ધ કરી છે. કેમજે, જ્યારે સૌથી સમર્થ વ્યાસ મુનિ થયા ત્યારે તેમણે હૃદય ખોલીને પોતાનાં મુખથી બધી વાતોને કહી છે અર્થાત્ શાસ્ત્રમાં લખી છે. ૧૧. કોઈ વ્યાસજી જેવા સમર્થ મહાપુરુષના જેવું વર્તન દેખાદેખીથી કરે,

તો તેને કરોડો કલ્પ સુધી નરકવાસ ભોગવવો પડે છે. જેટલા ધર્મો છે તે દૃઢ નિયમ રાખ્યા સિવાય પાળી શકાતા નથી. ૧૨.

સમર્થ મોટા પુરુષનું શ્રેષ્ઠ આચરણ હોય તેને મસ્તકે ચઢાવવું. પણ તેમનું અયોગ્ય આચરણ હોય, તો તેનો ત્યાગ કરી દેવો, આવું જે વર્તે તે મોક્ષભાગી જીવ કહેવાય છે. ૧૩. પિતાનો જે શ્રેષ્ઠ માર્ગ હોય તે માર્ગે જે ચાલે તે સપૂત કહેવાય પણ જે નીચ માર્ગે ચાલે તો તે કપૂત કહેવાય છે. પાપ માર્ગે ચાલનારાનો મોક્ષ ક્યારેય થાતો નથી પણ તે નરકના ગર્તમાં ખૂંતી જાય છે. ૧૪. જેટલા સત્સંગી એવું નામ ધરાવનારા હરિભક્તો છે, તે બધાએ **અમારાં વચનમાં રહેવું એને જ વનમાં જઈ તપ કરવા કરતા પણ શ્રેષ્ઠ તપ જાણવું.** ૧૫. જીવને આ બ્રહ્માંડનું કેટલીએ વાર વારે વારે સુખ મળ્યું છે જેનો ગણતા પણ પાર આવતો નથી, છતાં જીવને ક્યારેય તૃપ્તિ થઈ નથી. ૧૬.

❋ બ્રહ્માંડોના સુખથી પણ સત્સંગની મહત્તા અધિક :

चोपाई :

अनंत कोटि ब्रह्मांड को सुखा, सत्संग आगे कहत सब लुखा;
सत्संग से मिलत फल भारी, कबहु न होवत फेर भिखारी...१७
सत्संग करे में परे दुःख जेता, आनंद में निगमना तेता;
मिथ्या संसार सुख के हिता, कोटि दुःख जन करत सहिता...१८

અનેક કોટિ બ્રહ્માંડનાં બધાં સુખ સત્સંગનાં સુખ આગળ એકદમ લૂખા કહેવાય છે. સત્સંગથી એવું ભારે ફળ મળે છે કે ફરીને ક્યારેય ભિખારી થવું પડતું નથી. ૧૭. સત્સંગ કરવામાં જેટલું કાંઈ દુઃખ પડે તેને આનંદમાં ને આનંદમાં હસતે મોઢે પસાર કરવું. કારણ કે મનુષ્ય સંસારના મિથ્યા સુખને માટે તો કરોડો દુઃખને સહન કરે છે ત્યારે સત્સંગ માટે કેમ નો થાય ? ૧૮. પ્રહ્લાદજીને તેના પિતાએ સત્સંગ માટે જે દુઃખ આપ્યું હતું તે બધું તેમણે સહન કર્યું હતું. જ્યારે ખુદ ભગવાને આવીને બલિ રાજા પાસે રાજ્ય માંગ્યું ત્યારે બલિરાજાએ પણ સત્સંગને માટે જ રાજ્યનો ત્યાગ કર્યો. ૧૯. બલિએ પોતાના શરીરે સહિત રાજ્ય વગેરે બધું તજી દીધું ત્યારે ભગવાન પોતે તેને

વશ થઈ ગયા હતા. પ્રહ્લાદજીએ પોતાના શરીરને જ્યારે તણખલા જેવું ગણ્યું ત્યારે તેમણે ભગવાનને વશ કરી લીધા. ૨૦.

વિભીષણને તેના ભાઈ રાવણે જ્યારે દુઃખ દીધું ત્યારે તેણે સત્સંગને માટે બધું જ સુખે સહન કર્યું. સત્સંગ કરનારા ઋષિઓના ઉપર છાપો મારીને રાવણે તેમના હાડકા વગેરે અવશેષોનો પર્વત કરી દીધો હતો. ૨૧. સત્સંગને માટે થઈને પારાવાર વાનરો મરાયા. સીતાનું અપહરણ રાવણે જે કર્યું હતું તે પણ સત્સંગનો નાશ કરવા માટે જ કર્યું હતું. ૨૨. વર્ણો અને આશ્રમોના જે ધર્મો છે તે, અને યજ્ઞ-યાગાદિકના જે વિવિધ વિધાનો છે તે ભગવાન નારાયણે બ્રહ્માને શુદ્ધરૂપમાં આપ્યા હતા. પરંતુ રાવણે તે બધું અશુદ્ધ કરી દીધું. ૨૩. રાવણે હિંસામય ક્રિયાઓને પ્રમાણ કરી નાંખી. એમાં વર્ણાશ્રમના ધર્મ, યજ્ઞ અને શ્રાદ્ધ વગેરેને રાવણે અધિક હિંસામય કરી નાંખ્યા. તે બધી ક્રિયાને ભગવાને અહિંસામય બનાવી. ૨૪. ભગવાન રામરૂપે પ્રકટ થયા અને સીતાને નિમિત્તે તેમણે અતિશય પાપરૂપ તે રાવણનો નાશ કર્યો. ૨૫. વળી રાવણના પુત્ર ઈન્દ્રજિત વગેરે જે હતા, તેમને પણ પાપમય દેખીને ભગવાને તેમનો નાશ કર્યો. ૨૬.

બ્રહ્માના પુત્ર વિપ્રવર પુલસ્ત્ય નામે ઋષિ હતા. રાવણ તેનો પુત્ર થયો કે જે મૂર્તિમાન પાપરૂપ હતો. ૨૭. વસુદેવ, દેવકી અને બીજા બધા યાદવો, તેમણે સત્સંગને માટે થઈને ઘણા દિવસ સુધી અતિ દુઃખ વેઠ્યું. ૨૮. ગોકુળવાસી ગોવાળો અને ગોપીઓ, તે સહુને સત્સંગના હિતૈષી જાણીને કંસે અગિયાર વરસ સુધી તેમને ઘણું દુઃખ દીધું. ૨૯. પૂતના અને તૃણાવર્ત આદિ અત્યંત ક્રૂર અસુરોએ ઉપરાઉપર આવીને એક એકથી અધિક વિનાશક પરાક્રમ કર્યા, પણ શ્રીકૃષ્ણે ગોકુલવાસી તે સહુને ઉગારી લીધા. ૩૦. ઈન્દ્રયાગના ભંગ નિમિત્તે ઈન્દ્ર ગોકુળનો વિનાશ કરવાનું ધારીને આવ્યો. અને ભગવાનનું મનુષ્ય ચરિત્ર જોઈને તેમને જોવા માટે બ્રહ્માએ પોતાની માયા રચી, પણ તેઓ પોતાની માયામાં પોતે ભૂલા પડ્યા. ૩૧.

हरिजन सम जग में न केहा, निश्चल हरि से कियेउ नेहा;
संसार में रही रहे तिनसे न्यारे, सत्संग विन ओर रखे न प्यारे...३२

हरिजन मरि जावत हरिधामा, प्रगट दरश देत सुंदर श्यामा;
सत्संग करनको फल हि जेता, तब हि माहालम परत तेता...३३

આ સંસારમાં અત્યારે હરિભક્તોના સમાન બીજું કોઈ નથી. કારણ કે તેમણે ભગવાનનાં સ્વરૂપમાં અવિચળ સ્નેહ બાંધ્યો છે. સંસારમાં રહ્યા થકાં તેનાથી હરિભક્તો ન્યારા રહે છે અને સત્સંગ વિના બીજે ક્યાંય હેત રાખતા નથી. ૩૨. જ્યારે હરિભક્તો દેહ છોડે છે ત્યારે તેઓ ભગવાનનાં ધામમાં જાય છે અને સુંદરશ્યામ પ્રભુ તેમને સાક્ષાત્ દર્શન આપે છે. સત્સંગ કરવાનું જે ફળ છે તે તો ત્યારે કહેતા અંત સમયે માલૂમ પડે છે. ૩૩.

આ દુનિયાનું જે અનંત અને અપાર દુઃખ છે તે પછીથી લગારેક પણ રહેતું નથી. ગર્ભવાસનું દુઃખ પણ અપાર હોય છે તે ગર્ભમાંથી બહાર આવ્યા પછી રહેતું નથી. ૩૪. તેમ આ સંસારમાં જે દેહના દુઃખો હોય છે તે ભક્તજન ધામમાં જાય છે ત્યારે મટી જાય છે અને અત્યંત સુખ થાય છે. શ્રીહરિ આટલી વાત કહી રહ્યા ત્યારે હરિભક્તોએ સંતોની પૂજા કરી લીધી. ૩૫. હરિભક્તોએ સંતોને કેસરચંદનની અર્ચા કરી. ફૂલહાર પહેરાવ્યા. એકેક વસ્ત્ર ઓઢાડ્યું. વર્ણીઓને અને પાર્ષદોને પણ સંભારીને તેમની પૂજા કરી. ૩૬.

શ્રીહરિએ આ વખતે હરિભક્તોને અપાર સુખ આપ્યું છે. અવતારો તો અનંત થઈ ગયા છે. પણ ક્યારેય આવું સુખ હરિભક્તોને આપ્યું નથી. ૩૭. કળિયુગનું અતિશય બળ છે એમ જાણીને શ્રીહરિએ ઘણી કરુણા કરી છે. શ્રીહરિ પ્રસન્ન થઈને હરિભક્તોને ઘેર ઘેર ગયા અને તેમની પાસે પોતાની પૂજા કરાવીને સ્વીકારી. ૩૮. શ્રીહરિ દરેક હરિભક્તોના ઘેર થાળ જમ્યા. વિવિધ પ્રકારના મેવા અને મીઠાઈ જમ્યા. ભક્તનાં જેવું રૂપ ધારીને આ અવતાર સર્વોપરિ જણાવ્યો છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિએ ગામડીના ભક્તોને સત્સંગનો પ્રતાપ કહ્યો' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર આઠમું : તરંગ - ૫

ચોસર ગામમાં શ્રીહરિની ધામધૂમથી પધરામણી

ચોસર ગામમાં પાટીદાર હરિભક્તો હતા. તે હરિભક્તો અને ભવાનીદાસ ગોસાઈ, એ બધા શ્રીહરિની પાસે આવ્યા. ૧. સહુએ પગે લાગી હાથ જોડીને વિનંતી કરી. આપ અમારે ગામ પધારો અને ત્યાં થાળ જમો. ૨. મુકામ અહીંયાં રાખો અને રસોઈ જમવા સહુ ત્યાં આવો. સંતો અમારી સાથે આવીને ત્યાં રસોઈ બનાવે. ૩. શ્રીહરિએ આનંદાનંદસ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું તમે હરિભક્તોની સાથે જાઓ. રસોઈ કરાવજો. વર્ણીઓને પણ સાથે લઈ જાઓ. પછી તેઓ પચાસ સંતોને અને વર્ણીને લઈને હરિભક્તોની સાથે ચોસર ગામ ગયા. ૪. શ્રીહરિએ તે સંતોને પોતાના ચરણ આપ્યા. ત્યારે સહુ સંતો રાજી થયા. સહુએ ચોસર ગામમાં જઈને તત્કાળ રસોઈ બનાવી. હરિભક્તોએ બધો સામાન તૈયાર રાખ્યો હતો. ૫. ગોસાઈના મઠમાં રસોઈ બનાવી. તે જગ્યા ઘણી વિશાળ હતી અને ચોક મોટો હતો.

જ્યારે હરિભક્તો **ચોસર**થી બોલાવવા આવ્યા ત્યારે શ્રીહરિ ઊઠ્યા. ૬. અને બધા સોનેરી સાજથી શણગારેલો અશ્વ લાવ્યા. શ્રીહરિ તે અશ્વના ઉપર બેઠા. શ્રીહરિએ બધા વસ્ત્ર અને ઘરેણાં સોનેરી સજ્યાં હતાં. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગી રહ્યાં હતાં. ૭. ચોપદાર "જય જય" એવો ઉચ્ચાર કરતા હતા. બંદૂકોના અપાર અવાજ થાતા હતા. તે સમયે બધા દરબારો પણ ઘોડે સવાર થઈને શ્રીહરિની સાથે ચાલ્યા. ૮. બધા સંતો પણ સાથે ચાલ્યા. ઉમંગથી અને પ્રેમથી ધોળ રાગના કીર્તન ગાતા હતા. કેટલાક તો વસંતના અને હોરીના પદ પણ ગાતા હતા. ૯.

મુક્તાનંદસ્વામી આદિ સંતો ઝાંઝ અને મૃદંગ બજાવતા હતા. ચોસરના હરિભક્તો ગુલાલ લાવ્યા હતા તેને ધર્મના લાલ શ્રીહરિ ઉડાડતા હતા. ૧૦. ચોસરના જેટલા હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા. સહુ શ્રીફળ લાવ્યા હતા. તેને મૂકીને સૌ પગે લાગ્યા. ૧૧. શ્રીહરિને ગામની વચ્ચે પધરાવ્યા. બધી બજારો વિચિત્ર કરાવી હતી. અનેક પ્રકારના ફૂલ વેર્યાં હતાં અને

ઘરના દરવાજે તોરણ બંધાવ્યાં હતાં. ૧૨. બજારમાં અપાર લોકો ઊભા હતા. જેનો કોઈ પાર ન હતો. તેમણે ઘણા જ પ્રેમથી શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા. ૧૩. કેટલાક ભક્તોએ કેસરયુક્ત ચંદન છાંટ્યું. શ્રીહરિ અને સંતોનાં દર્શન થવાથી હૃદયમાં પ્રેમ સમાતો ન હતો. ૧૪.

શ્રીહરિ સંધ્યા સમયે ગામમાં આવ્યા હતા. ઠેકઠેકાણે બિલોરી કાચના ઝાડ બાંધીને દીવા કર્યા હતા. ૧૫. તે સિવાય અપાર મશાલો કરી હતી. તેનાથી દિવસના જેવું અજવાળું થયું હતું. ગામની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરીને શ્રીહરિને વધાવતી હતી. ૧૬. ગામના બધા લોકોને દર્શન આપતાં આપતાં, કેટલાકની પૂજાને સ્વીકારતા શ્રીહરિ હરિભક્ત ભવાનીદાસભાઈને ઘેર પધાર્યા. ૧૭. તેણે પોતાના ઘરને સુંદર રીતે શણગાર્યું હતું અને તેમાં જાત જાતના દીવા કર્યા હતા. નવરંગ-મોહક પલંગ બિછાવી દીધો હતો. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. ૧૮. સહુ પહેલા હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરીને પોતાનાં મનના બધા મનોરથો પૂર્ણ કરી લીધા. હરિભક્તો જ્યારે પૂજા કરી રહ્યા ત્યાર પછી રસોઈ જમવાની તૈયારી થઈ. ૧૯.

જ્યારે શ્રીહરિ આવીને બાજોઠ ઉપર બેઠા, ત્યારે વર્ણી થાળ ભરીને લાવ્યા. સાકર નાખીને સુંદર લાડુ બનાવ્યા હતા. સુખદાયક ઘનશ્યામ શ્રીહરિ તે જમવા લાગ્યા. ૨૦. વડાં અને ભજિયાં સુંદર બનાવ્યાં હતાં. તેને શ્રીહરિ ભાવથી જમ્યા. જાતજાતના શાક કર્યાં હતાં. પાપડ અને અથાણું પણ પ્રેમથી ધરાવ્યું હતું. ૨૧. તે બધું શ્રીહરિ જમ્યા. પછી દૂધ, ભાત અને સાકર લીધાં. બધું જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે પ્રાણઆધાર શ્રીહરિએ હાથ તથા મુખ ધોયાં. ૨૨. સુગંધીદાર મુખવાસ લીધો. ચરણોમાં ચાખડીઓ પહેરી. એક પીતાંબર પહેર્યું હતું અને બીજું ઓઢ્યું હતું. ૨૩. મસ્તકે રૂમાલ બાંધ્યો હતો. હરિભક્તોને અને ગોસાઈને થાળની પ્રસાદી આપી. હરિભક્તોએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા અને થાળમાં ભરેલા મોતીથી તેમને વધાવ્યા. ૨૪. કપૂરથી આરતી ઉતારી અને શ્રીહરિની મનોહર મૂર્તિને હૃદયમાં ધારી લીધી. ભવાનીદાસના પુત્રનું નામ અમથાભાઈ હતું. ૨૫. તેણે પણ શ્રીહરિની પૂજા કરી. ફૂલહાર પહેરાવ્યા. મસ્તક ઉપર ચરણ કમળ લીધાં અને પોતાનો જન્મ

સુધારી લીધો. ૨૬. પછી તેણે બંને હાથ જોડીને વિનંતી કરતા શ્રીહરિને કહ્યું, હે ધર્મકિશોર પ્રભુ ! આપ વરસમાં એકવાર અહીં જરૂર પધારો. ૨૭. અમને અહીંયાં આપનાં દર્શન જ્યારે થાય છે ત્યારે હૃદયમાં ઘણી શાંતિ થાય છે. ત્રણ પ્રકારના જે ભયંકર તાપ છે, તેનું દુઃખ પણ લગારેય રહેતું નથી. ૨૮.

❋ સંતમાં રહી સાક્ષાત, શ્રીહરિ કરે છે વાત :

चोपाई :

तुमारे संत को यह प्रतापा, निश्चे तव कर मोह दिये कापा;
तुमारे सबंध विन सुख हि जेता, सब हि मोह बतायेउ तेता...३०
वात में प्रत्यक्ष देत देखाई, एसो प्रताप तामें रहाई;
संत हरिजन द्वार तुम बाता, जन जन प्रति करत साक्षाता...३१

આપની દૃષ્ટિ અમૃતરૂપ છે. તેનાથી અમને અનુપમ સુખ થાય છે. આપ આવીને જે દિવસે મળ્યા છો તે દિવસથી અમને સંસારનાં બધાં સુખ ઝેર જેવા થઈ ગયા છે. ૨૯. તમારો જ્યારે વિયોગ થાય છે ત્યારે સુખ રહેતું નથી. તમે મળ્યા એટલું જ હવે અમને સુખ મનાય છે. તમારા સિવાય બીજું કોઈ સુખ મનાતું નથી. આપના સંતોનો એવો પ્રતાપ છે કે આપનાં સ્વરૂપનો નિશ્ચય કરાવીને મોહને કાપી નાખ્યો છે. તેમણે આપના સંબંધ વિનાના જેટલા સુખ છે તે બધાં જ સુખ મોહરૂપ બતાવી દીધા છે. ૩૦.

અને સંતો વાતોમાં જ તે પ્રત્યક્ષ બતાવી દે છે. એવો પ્રતાપ સંતોમાં રહ્યો છે. સંતો અને હરિભક્તો દ્વારા આપ જન જન પ્રત્યે સાક્ષાત્ વાતો કરો છો. ૩૧. આપનાં ચરિત્રોના મહિમાને તો આપના ભક્તો જ સમજી શકે છે. બીજા લોકો તો આંખોથી દેખે છતાં માને નહીં. અને તેને લીધે જ તેમનું મોક્ષરૂપી કામ બગાડે છે. આપ તો જેવા છો તેવાને તેવા જ રાજાધિરાજ છો. કામ તો તે જીવોનું બગડે છે. ૩૨. જીવોના દોષો સામે જો આપ જુઓ તો ફરીવાર ક્યારેય અવતાર ધરો જ નહિ. જીવોમાં એટલા દોષ છે, જે પ્રત્યક્ષ રીતે દેખાઈ આવે છે. ૩૩.

जन अवगुन तुम गिनत न जबहु, अवतार वेर वेर धरत हो तबहु;
मोक्ष भागि तव लेवत शरना, अभागिजन दोष रहत धरना...३४

આપ જ્યારે જીવોના દોષોની સામે દેખતા નથી ત્યારે વારંવાર અવતાર ધારો છો. તેમાં જે મોક્ષભાગી જીવ હોય છે તે આપનું શરણું લે છે. પણ જે અભાગિયા જીવ છે તેઓ તો દોષોને જ ધારતા રહે છે અર્થાત્ અવગુણ લેતા રહે છે. ૩૪. જે મૂર્ખ મનુષ્ય સૂર્યની સામે ધૂળ ઉડાડે છે તો તે ધૂળ તેની જ આંખોમાં પડે છે. ધૂળ નાખવા છતાં સૂર્ય તો તેવોને તેવો જ રહે છે તેને તેની કાંઈ વિપરીત અસર થાતી નથી. શ્યામ સુખદાયક આપ સૂર્યના સમાન છો. આ રીતે લોકો આપનો વિરોધ કરે છે, તે તેમને જ હાનિકારક છે. ૩૫.

આટલું બોલીને હરિભક્તો ચરણોમાં નમી પડ્યા અને એક શણગારેલો અશ્વ અર્પણ કર્યો. શ્રીહરિ તે અશ્વ ઉપર બેસીને સંતોની પાસે આવ્યા. આનંદોલ્લાસથી સંતોની પંગત થઈ હતી. ૩૬. બધા દરબારો પંગત કરીને બેઠા. તેમાં બધા પાર્ષદોને પણ બેસાડ્યા હતા. શ્રીહરિ ત્યાં આવીને અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. પછી બંને હાથ ધોયા. ૩૭. સાકર નાખીને કરેલા લાડુ પહેલા સંતોની પંગતમાં પીરસ્યા અને તે પછી દરબારોને અને પાર્ષદોને પીરસાવ્યા. ૩૮.

જ્યારે બધાને પીરસાઈ ગયું ત્યારે શ્રીહરિ "વાસુદેવ હરે..." એમ બોલ્યા. પછી સંતો વગેરે સહુ પ્રેમથી જમવા લાગ્યા. જ્યાં સુધી સહુ જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા. ૩૯. એકવાર દૂધ સાકર પીરસીને રેલમછેલ કરી મૂકી. પછી ભાત પીરસવા ફર્યા અને સંતો વગેરેને જમાડવાનો યજ્ઞ જય જયકાર ધ્વનિ સાથે પૂર્ણ કર્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'ચોસર ગામમાં શ્રીહરિની ધામધૂમથી પધરામણી' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર આઠમું : તરંગ - ૬

ગામડીમાં સંતોનું કીર્તનગાન તથા કવિઓની રુચિની વાત

ચોસર ગામમાં એક શિવાલય હતું ત્યાં જઈને અવિનાશી શ્રીહરિ બેઠા. સંતો જ્યારે જમી રહ્યા ત્યારે તેઓ પણ શ્રીહરિની પાસે આવીને બેઠા. ૧.

શિવજીના પૂજારી જે ગોસાઈ હતા તે પૂજાપાનો થાળ ભરીને લાવ્યા. શ્રીહરિને કેસરયુક્ત ચંદનની અર્ચા કરીને સારો મોટો હાર પહેરાવ્યો. ૨. ભુજાઓ ઉપર ફૂલના બે બાજુબંધ બાંધ્યા અને મસ્તક ઉપર ફૂલોનો ખૂંપ (પરણવા જતાં વરને પહેરાવવાનો ફૂલોનો એક શણગાર) ધરાવ્યો. ૩. બંને હાથમાં ફૂલની પહોંચીઓ પહેરાવી. સુંદર ભરાવદાર ફૂલોના નૂપુર બંને ચરણોમાં બાંધ્યા. ૪. પછી કપૂરની આરતી પાંચવાર ઉતારી. આરતીના પ્રકાશમાં શ્રીહરિના ઉજ્જ્વળ સ્વરૂપનાં દર્શન કર્યાં. શિવના સ્વરૂપોમાં શિરોમણિ આવા નીલકંઠવર્ણીને તે ગોસાઈએ પરમસુખનું ધામ જાણ્યા. ૫.

ગોસાઈને શ્રીહરિનાં સ્વરૂપમાં શંકર અને દત્તાત્રેય દેખવામાં આવ્યા. તેનાથી તેણે પોતાના મનમાં કૃતાર્થપણુ માન્યુ અને પછી સંતોની પૂજા કરવા લાગ્યા. ૬. ચંદન ચર્ચીને સંતોને ફૂલના હાર પહેરાવ્યા અને ભવાનીદાસે બધા સંતોને અને વર્ણીઓને વસ્ત્ર ઓઢાડ્યાં. તેથી તેમણે પોતાનાં જન્મને સફળ માન્યો. ૭. જ્યારે સહુની પૂજા થઈ રહી ત્યારે ચોપદારે નેકી પોકારી. પછી શ્રીહરિ ચાલવા માટે તૈયાર થયા. ત્યારે દરબારોની બધી સવારી ત્યાં આવી. ૮. શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. બધા સંતો ચાલતા થયા. જ્યાં મુકામ હતો ત્યાં ગામડી ગામે સહુ આવ્યા અને ચંદનીમાં આવીને સહુની બેઠક કરાવી. ૯. ચંદનીમાં બિલોરી કાચના અપાર ઝાડ લટકાવીને તેમાં દીવા પ્રકટાવ્યા હતા. તેની શોભાનો કોઈ પાર રહ્યો ન હતો.

તે વખતે સંતો મૃદંગ, ઝાંઝ, સરોદ અને સિતાર વગેરે વાજિંત્રોને તાલબદ્ધ રીતે પ્રેમથી વગાડવા લાગ્યા. ૧૦. પછી મુક્તાનંદસ્વામીએ ભગવત્પ્રેમથી સરસ રીતે વસંત અને હોરીનાં પદ ગાયા. મુક્તાનંદસ્વામી જ્યારે ગાન કરતા ત્યારે તેનાં મુખ ઉપર ભક્તિભાવનો રંગ ઉપસી આવતો હતો. ૧૧. બ્રહ્માનંદસ્વામી તો મેઘને દેખીને જેમ મોર હર્ષિત થઈ ટહુકે છે તેમ આનંદ ઉલ્લાસથી ગાતા અને પ્રેમાનંદસ્વામી જ્યારે ગાન કરતા હોય ત્યારે શ્રીહરિ પણ તેમની સાથે તાન તોડતા હતા. ૧૨. દેવાનંદસ્વામી જ્યારે ગાન કરતા ત્યારે તે તે રાગ તેની શક્તિએ સહિત મૂર્તિમાન આવીને પ્રગટ

થાતા હતા. ૧૩. જ્યારે તેઓ આલાપ કરતા હોય ત્યારે તે રાગ આલાપની છાયામાં છુપાઈ જતો, તેના જે જ્ઞાતા શ્રોતા હોય, તે જાણી શકતા હતા પણ સામાન્ય માણસને તેની ખબર પડતી નહિ. ૧૪. નિષ્કુળાનંદસ્વામી જ્યારે કીર્તન ગાતા હોય ત્યારે તેને સાંભળીને શ્રોતાઓ સંસારથી ઉદાસીન થઈ જાતા અને તેમને વનવાસ કરવાનું ગમતું હતું. ૧૫. તેઓ પોતાના કીર્તન ગાનમાં જેટલું માયિક સુખ છે તેને સળગતા અગ્નિના જેવું દેખાડતા અને કીર્તનનાં પ્રત્યેક ચરણમાં સાંસારિક દુઃખોને અધિક અધિક લાવીને દેખાડતા હતા. ૧૬.

❋ કવિની રુચિ કાવ્યમાં દેખાય છે :

જે સંતનો જીવ જેવો હોય- જેવી રુચિ હોય તે પ્રમાણે જ તેમણે પોતાના ગ્રંથમાં ગાન કર્યું હોય છે. ગ્રંથમાં બધી રુચિ દેખાઈ આવે છે. તેમાં લેશમાત્ર પણ રુચિ છૂપી રહેતી નથી. ૧૭. શ્રીહરિમાં, સંતોમાં અને સત્સંગમાં જે સંતને જેવો ભાવ હોય તે તેમનાં કાવ્ય-કીર્તનોમાં દેખાઈ આવતો. પ્રાચીન ગ્રંથો (કીર્તનો) તો અનંત અને અપાર છે. અને તેમાં વચન પણ અનંત છે. ૧૮.

ભૂતકાળમાં જે જે લોકો જેવા થઈ ગયા તેમના વચનોમાં શ્રીહરિની મૂર્તિ તેમની સમજણ પ્રમાણે રહી છે. તેના વચન જ્યારે જોઈએ-વિચારીએ ત્યારે મૂર્તિના તેમાં દર્શન થાય છે. ૧૯. તે કાવ્યમાં તેનો ગુણદોષમય વિસ્તાર પણ રહે છે અને તેનો આકાર-પ્રભાવ તેમાં પ્રલય પર્યંત રહે છે. જીવ અને દેહના ગુણો ભિન્ન ભિન્ન રહ્યા છે. જીવ અમર છે અને દેહ નાશવંત છે. ૨૦.

જીવ અને દેહ, એ બંને ભિન્ન હોવા છતાં તેમને જે એક કહે છે તે અજ્ઞાનીમાં શ્રેષ્ઠ છે અને તેવા અજ્ઞાનીનો જે સંગ કરે છે તે ઘોર નરકમાં પડે છે. ૨૧. સંતોનું કીર્તન ગાન સાંભળીને શ્રીહરિ ઘણું ખુશ થયા અને બોલ્યા, જેની જેવી બુદ્ધિ હોય તે તેવું રહસ્ય કહી દેખાડે. ૨૨. સાંભળનાર પાત્ર જેવું હોય તે પ્રમાણે શબ્દનું ફળ થાય છે. તે અંગે વિચક્ષણ પુરુષ વિચારી જુએ છે. જે કવિની જેવી રુચિ હોય તે પોતાનાં કાવ્ય-ગ્રંથમાં તેવો ભાવ લાવે છે. ૨૩.

જે કવિની રુચિ, ભાવના જેવી હોય છે તે તેના કાવ્ય-ગ્રંથમાં આવ્યા વિના રહે જ નહિ. જેમ આ ભૂમિનો જે રાજા હોય તે જ્યારે દેશને પોતાને

વશ કરે છે. ૨૪. ત્યારે તે પોતાની રુચિ-ભાવનાને અનુસારે તે દેશમાં ધર્મનું સ્થાપન કરે છે. જે પોતાની રુચિ અને ભાવ સાથે બીજાની રુચિ-ભાવ મળે નહિ, તેને ઉખાડી નાખે છે. ૨૫.

તે બુદ્ધિમાન પોતાની રુચિને અનુકૂળ હોય તેટલો ધર્મ રાખે છે અને પોતાનો રોફ સ્થાપિત કરે છે, ત્યારે તેનું મન આનંદ પામે. ૨૬. રાજા, ભગવાનના અવતાર, ધર્માચાર્ય, સદ્‌ગુરુ અને કવિ, એ બધા પોતાની રુચિને અનુસારે પોતાના દેશમાં સિદ્ધાંત ચલાવે છે. ૨૭. ત્યારે જ તે બધાનાં મનમાં શાંતિ થાય છે અને તેઓ પોતાના જન્મને પણ ત્યારે જ સફળ માને છે. તેને તેના વિના શાંતિ થાતી નથી. ૨૮. ભૂમિ ઉપર જે મનુષ્ય દેહ પામે તે તેની જેવી રુચિ હોય તે પ્રમાણે તેઓ પોતાનો પ્રતાપ(સક્કો) સ્થાપે છે. કારણ કે જીવમાત્રનો સ્વભાવ જ એવો છે કે તે પોતાની રુચિ પ્રમાણે પોતાનો રોફ રાખે. ૨૯. જે ધર્મ કે અધર્મ પ્રવર્તાવ્યો હોય તે સક્કા (પ્રતાપ) વિના કોઈ ઈચ્છે નહીં, તેમાં પ્રવર્તે નહીં. તેની બુદ્ધિ ઘટિત-યોગ્ય છે કે અઘટિત-અયોગ્ય છે તે તેના પ્રભાવ ઉપરથી જ માલૂમ પડે છે. ૩૦.

સક્કો, લેખ કે પરાક્રમ-પ્રતાપ, તે એક જ છે. ગ્રંથમાં જોવાથી વિવેક આવે છે. વિવેકનાં વચન ધર્મરૂપ છે, સુખદાયી છે અને અનુપમ મોક્ષરૂપ પણ છે. ૩૧. વિવેક વિનાનાં વચન ભારે દુઃખમય છે અને સર્પના ઝેર જેવા ભયંકર છે. દુઃખતા ઉપર કોઈ ડામ દે કે હળાહળ ઝેર ખવડાવે, ૩૨. સિંહ કે સાપની પાસે દંશ દેવડાવે, છતાં અવિવેકીને પોતાના દોષનો અભાવ આવતો નથી. અવિવેકી વાંકમાં આવે અને પછી જો તેને શૂળીએ ચઢાવવામાં આવે તો પણ તે તેનાં મનમાં રાજી રહેતો હોય છે. ૩૩. જેટલી જાતનાં દુઃખ કહેવાય છે તે બધા દુઃખ તેને આપવામાં આવે તોયે તે મનમાં રાજી રહેતો હોય છે. માણસ ન્યાયને અને અન્યાયને જાણે છે પણ તેણે કરીને તેના ઉપાયો ચાલતા નથી. ૩૪. તે છૂટવા માટે ઉપાય-પ્રયત્ન કરે છે. જેવું દુષ્કર્મ કર્યું હોય તેવો દંડ પણ ભરે છે. જે શુભ કર્મ કરે છે તેને મોજ મળે છે અને જે અશુભ કર્મ કરે છે તે રોજ માર સહન કરે છે. ૩૫.

કર્મ કરીને જે તેનો તપાસ રાખતા નથી તેવાનો સત્વરે વિનાશ થાય છે. રાજા દ્વારે આ લોકમાં અને ધર્મરાજા દ્વારે પરલોકમાં તેના કર્મ અનુસારે પરમાત્મા ફળ આપે છે. ૩૬. ખરો રાજા તો તે કહેવાય છે જે નીતિને અનુસારે ચાલતો હોય અને જે યુગના બધા જ ધર્મોને જાણતો હોય તેમજ દેશકાળનો વિચાર કરતો હોય. ૩૭. અને તે રાજા વિવેકી મનુષ્યોને પાસે રાખીને વારંવાર વિચાર કરે. અનેક રીતે તપાસ કરે, પણ ક્યારેય માણસની હિંસા કરે નહિ. ૩૮. યુદ્ધના સમયમાં તો વિવેક રહેતો જ નથી. તે ભાગી જાય છે. ક્રોધ, માન અને લોભ જન્મ ધરે છે અને તેનાથી બધે અંધાધૂંધી રહે છે. ૩૯. હરિભક્તે જાણે અજાણે પણ ક્યારેય રાજાના કાયદાનો ભંગ કરવો નહિ. તો ભગવાન તે ભક્તની રક્ષા કરે છે.' આ પ્રમાણે કહીને શ્રીહરિ સહુને ફરીને કહેવા લાગ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'ગામડીમાં સંતોનું કીર્તનગાન તથા કવિઓની રુચિની વાત' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર આઠમું : તરંગ - ૭

શ્રીહરિ ગામડીથી જેતલપુર જવા માટે ચાલતા થયા

ભગવાનની એક વાતમાં અનેક અર્થ રહ્યા હોય છે. સાંભળનાર જેવું પાત્ર હોય તે પ્રમાણે વિચાર કરીને વાત લે છે. ૧. ભગવાનની વાતોનો જેવી રીતે અર્થ ગ્રહણ કરે છે તેવું તેને ફળ મળે છે. શ્રીહરિનાં વચનોને અને ચરિત્રોને કલ્પતરુ અને ચિંતામણિના જેવા કહ્યા છે. ૨. વ્રજની ગોપીઓ અને ગોવાળોએ શ્રીકૃષ્ણમાં જેવો ભાવ રાખ્યો હતો તેવું તેમને ફળ મળ્યું હતું. આ વાત આખા જગત્‌માં પ્રસિદ્ધ છે ૩. પૂતના, તૃણાવર્ત અને કંસાદિક અનેક અસુરો તથા રાવણ અને હિરણ્યકશિપુ જેવી તેમની ભાવના હતી તે પ્રમાણે અનેક વિધ ફળ પામ્યા છે. ૪. શ્રીહરિએ આટલી વાત કરી. તે સમયે ત્યાં જેતલપુરના હરિભક્તો આવ્યા.

બધા પાટીદાર હરિભક્તો હતા. ફૂલહાર અને શ્રીફળ લઈને આવ્યા હતા. ૫. શ્રીહરિને હાર પહેરાવીને શ્રીફળ ભેટ ધર્યા અને ચરણ કમળને છાતીમાં લીધા. ગંગાદાસ, આશજી અને જીવણદાસ આદિ ઘણા પાટીદારો, ૬. આશારામ, ઉગ્રચંદ એ આદિક વિપ્રો આવ્યા. અને જેટલા સુતાર હરિભક્તો હતા તે સર્વે આવ્યા તથા વાલાભાઈ આદિ ક્ષત્રિય ભક્તો પણ ઘણા દર્શન કરવા આવ્યા હતા. તેમાં પાટીદારો અને વિપ્રોએ હાથ જોડીને શ્રીહરિની આગળ ઘણી વિનંતી કરીને શ્રીહરિને કહ્યું, મહારાજ ! અમારી પ્રાર્થના સાંભળો. ૭-૮.

આવતી કાલે હુતાશની છે અને પરમ દિવસે ફૂલદોલનો ઉત્સવ છે. તે આપ અમારે ગામ જેતલપુર આવીને કરો. અમને સેવાનો એટલો લાભ આપો. ૯. બધા સંતો અને હરિભક્તો સાથે રહ્યા છે તો હે હરિ ! હવે આપ ઉમંગથી પધારો. અમને સહુને ઘણા દિવસનો ભાવ છે. તો હે નાથ ! તે અમારા ભાવને હવે આપ પૂર્ણ કરો. ૧૦. વારે વારે આવો જોગ આવે નહિ. અમે બધું વિચારીને કહીએ છીએ. ગામના બધા પાટીદારો અને જે અમારા ગામના મુખી કહેવાય છે, ૧૧. તે સહુએ અમને અહીં આપને બોલાવવા મોકલ્યા છે અને તેટલા માટે જ અમે આપને આગ્રહ કરીને કહીએ છે. ઉત્સવના ત્રણ દિવસનો જેટલો ખર્ચ છે તે બધા પાટીદારો આપશે. ૧૨. અનાજ, ઘાસ અને બળતણ માટેનાં લાકડાં, તેનો કોઈ પાર નથી. આપ ત્યાં આવશો, તેમ જાણીને બધું તૈયાર રાખ્યું છે. ૧૩.

જેતલપુર સદ્‌ગુરુ રામાનંદસ્વામીનું ગામ છે, અને તેઓ ઘણી વાર અહીં આવ્યા છે. ગામમાં સ્વામીની જગ્યા (મંદિર જેવું સ્થાન) પણ છે, માટે આપ આ સમયે દયા કરો. ૧૪. તળાવને કાંઠે રાજાનો કિલ્લો છે, તેમાં બધા દરબારો આવીને ઊતરશે અને આપ અને સંતો મહોલમાં ઊતરજો. ૧૫. તળાવ આખું ભર્યું છે. સહુ નાહી શકે તેવું સારું છે, આપ નિર્ધાર કરીને કહો, એટલે અમે અત્યારે જ જેતલપુર જાઈએ. ૧૬. ત્યારે શ્રીહરિવરે કહ્યું, જો ભાઈ રામદાસસ્વામી કહે તો હું તમારે ગામ આવું. અમારામાં વૃદ્ધ એ સ્વામી છે. વૃદ્ધ કહે તેમ અમે બધાને ચલાવીએ છીએ. ૧૭. જો વૃદ્ધનું કહ્યું કરીએ તો લોક આપણો ઉપહાસ ન કરે. વૃદ્ધની બધી ક્રિયા પ્રતિષ્ઠિત-આદરણીય

હોય છે અને અમને તે સર્વ શ્રેષ્ઠ લાગે છે. ૧૮. આત્માનંદસ્વામી અને સદ્‌ગુરુ રામાનંદસ્વામીને સ્થાને અમે એમને માનીએ છીએ. જ્યાં સુધી રામદાસસ્વામી સત્સંગમાં બેઠા છે ત્યાં સુધી અમને કોઈ બાબતમાં ઉદ્વેગ આવતો નથી. ૧૯. વૃદ્ધ કહે તેમ કરીએ તો તેમાં સુખ થાય છે અને જે ન માને તેને દુઃખ આવે છે.'

તે સાંભળીને હરિભક્તો હસવા લાગ્યા. આપનાથી કોઈ વધારે વૃદ્ધ હોય તેમ અમે દેખતા નથી. ૨૦. પ્રાચીન વેદો જેને કહે છે તે દ્વિજકુળમાં અત્યારે આપ પ્રકટ્યા છો. અમે આપના સિવાય બીજા કોઈને આદિ જાણતા નથી એટલે આપ કહો તેમ કરીએ.' ૨૧. પછી હરિભક્તો ભાઈ રામદાસજીસ્વામી પાસે ગયા અને શ્રીહરિનું મંતવ્ય તેમને કહી સંભળાવ્યું. સ્વામી શ્રીહરિની રીત જાણતા અને દેશકાળની નીતિને પણ જાણતા હતા. ૨૨. છતાં તેઓ શ્રીહરિની પાસે આવ્યા. જો કે તે દાસનો ધર્મ પણ છે. શ્રીહરિની ઈચ્છા પૂછી લીધી અને તે શ્રીહરિનાં નેત્રના ઈશારામાં જ સમજી ગયા. ૨૩. પછી સ્વામીએ હરિભક્તોને કહ્યું, 'તમારી સહુની ભાવના અજોડ છે. તેથી અમે બધા જેતલપુર આવશું. એવું તમે નિશ્ચિત જાણો.' ૨૪.

તે હરિભક્તો ખૂબ જ ખુશી થયા અને બોલ્યા, 'આપે અમારા ઉપર મહાન્ કૃપા કરી છે. હવે અમે અમારે ગામ જાઈએ છીએ. ત્યાં જઈને સહુને ખબર આપીએ.' ૨૫. શ્રીહરિએ તે હરિભક્તોને ફૂલહાર આપ્યા અને બીજાને પ્રસાદીના નાળિયેર આપ્યા. ૨૬. એક આશારામ વિપ્ર ત્યાં ગામડી રોકાયા. બીજા બધા હરિભક્તો ગયા. ગામમાં સહુને ખબર આપ્યા. ગામના બધા લોકો ખૂબ જ રાજી થયા. ૨૭. શ્રીહરિએ વિપ્ર આશારામને જોયા એટલે તેમને પૂછ્યું, 'તમે મનમાં શું વિચારીને એકલા રોકાયા છો ?' ૨૮. ત્યારે તે વિપ્રે હાથ જોડીને કહ્યું, 'પ્રભુ ! આપ મારી વિનંતી સાંભળો. અમે આપને બોલાવવા માટે આવ્યા અને આપે અમારે ગામ આવવાનું વચન કહ્યું. ૨૯. પછી આપને છોડીને અમે બધા જતા રહીએ તે બોલાવવા આવ્યાની રીત નથી. હે સ્વામી ! બહુનામી ! અમે તો આપના બાળક છીએ. છતાં અમે આવી રીત રાખી છે. ૩૦.

चोपाई :

रीत जाने विन रस न रहाये, अमृत वात नीरस होई जाये;
रस मात्र जो तुम में रहाये, ओर रस नीरस कहाये...३१

રીતને સમજ્યા વિના રસ-પ્રેમ ન રહે. અમૃતમય વાત પણ નીરસ થઈ જાય, રસમાત્ર અત્યારે આપમાં રહ્યા છે. આપને છોડીને બીજા બધા રસ તો નીરસ કહેવાય છે.’ ૩૧.

આમ વિનોદ કરતાં રાત ઘણી થઈ ગઈ, પછી જગદીશ્વર શ્રીહરિ પોઢી ગયા. બીજા બધા સંતો ધ્યાન કરવા લાગ્યા. જ્યારે સવાર થવા આવ્યું, ૩૨. ત્યારે તત્કાળ સંતો સ્વામિનારાયણ ધૂન કરવા લાગ્યા. પછી સંતો સ્નાન કરવા ગયા. શ્રીહરિ પહેલા શૌચ (જંગલ) જઈ આવ્યા હતા અને પછી દાતણ કરીને નહાયા. ૩૩. દેવો અને ઋષિઓના અધિપતિ શ્રીહરિએ એક અનુપમ પીતાંબર પહેર્યું અને એક ઓઢી લીધું. ચાખડીઓ પહેરીને પોતાને ઉતારે આવ્યા અને સુખદાયક સ્વયં પાટ ઉપર બેઠા. ૩૪.

વર્ણીએ પૂજાની બધી તૈયારી કરી. શ્રીહરિએ શાલગ્રામ અને બાલમુકુંદ લાલજીની પૂજા કરી. ધૂપ અને દીપ વગેરે કરીને પછી આરતી કરી. સ્વયં કુશળતાથી ભક્તરૂપ બની ગયા. ૩૫. નૈવેદ્ય અર્પણ કરીને તૈયાર થઈ ગયા. તેટલી વારમાં તો બધી સવારી તૈયાર થઈ આવી ગઈ. દરબાર સોમલા ખાચર હાથીને શણગારીને લાવ્યા. તેના ઉપર સોનાની અંબાડી મૂકી હતી. ૩૬.

શ્રીહરિ તે હાથીના ઉપર બેઠા. બધા સોનેરી વસ્ત્ર ધારણ કર્યાં. અંગ ઉપર સોનાનાં ઘરેણાં પહેર્યાં અને મોતીના હાર ધાર્યાં. ૩૭. મસ્તક ઉપરથી તોરા લટકતા મૂક્યા અને પાઘ ઉપર શિરપેચ બાંધ્યો. તેના ઉપર કલગી મૂકી. શ્રીહરિની છબી દર્શન કરવા લાયક થઈ. ૩૮. ભુજાઓ ઉપર જડાઉ બાજુ બાંધ્યા અને કાંડામાં જડાઉ કડાં પહેર્યાં. લલાટમાં કેસરી તિલક કર્યું, તેથી તે ઝગમગ ઝળકી રહ્યું હતું. ૩૯. બીજા જેટલા હાથી હતા તેના ઉપર સંતોને બેસાડ્યા અને કેટલાંક સંતોને મ્યાનામાં, રથમાં અને સુખપાલમાં બેસાડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ ગામડીથી જેતલપુર જવા માટે ચાલતા થયા' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર આઠમું : તરંગ - ૮

શ્રીહરિ અદ્‌ભુત સવારી સાથે જેતલપુર પહોંચ્યા અને મહેલમાં મુકામ કર્યો

શ્રીહરિ ગામડીથી જેતલપુર જવા માટે માર્ગમાં ચાલ્યા ત્યારે વાજિંત્રો વાગતાં હતાં. ચોપદારો નેકી પોકારતા હતા અને બંદૂકો ફૂટી રહી હતી. ૧. આકાશ ગાજવા લાગ્યું. તેના ધ્વનિથી ત્રિલોકીમાં બધે ખબર પહોંચ્યા. તેથી ભવ, બ્રહ્મા અને ઇન્દ્ર આદિ બધા દેવો પોતાના વિમાનોમાં બેસીને ત્યાં આવ્યા. ૨. પાતાળમાં રહેતા શેષજી, તેમની સાથે રહેલા બધા દેવો અને દેવીઓ તથા બલિરાજા પોતાના સૈન્યની સાથે સૌ સૌના વાહનોમાં બેસીને આવ્યા. ૩. આકાશમાં અને ભૂમિ ઉપર ક્યાંય દેવતાઓ સમાતા નહિ, એટલા બધા આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને સહુને અથાગ આનંદ થયો. ૪.

✵ શ્રીહરિની સવારીની અલૌકિકતા :

चोपाई :

उपरा उपरि असवारी रहेउ, भूवि से असमान लगेउ;
असवारी रहे देव की जेता, सबमें श्रीहरि सोहत तेता...०५

ભૂમિથી લઈને આકાશ સુધી બધી દેવતાઓની સવારી ઉપરાઉપર થઈ ગઈ હતી. દેવતાઓની જેટલી સવારી હતી તે સહુમાં શ્રીહરિ શોભી રહ્યા હતા. ૫. જેટલી સવારી હતી તેટલાં સ્વરૂપ શ્રીહરિએ ધાર્યાં હતાં. અને આવી રીતે **જેતલપુર** પધાર્યા. જેતલપુરવાસી બધા જ લોકો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૬. સહુએ હાથમાં વિવિધ ફૂલહાર લીધા હતા. તે તે સમયે સહુ શ્રીહરિને પહેરાવવા લાગ્યા. ભૂમિ ઉપર શ્રીહરિની જે મૂર્તિ હતી તેની પૂજા લોકો કરતા હતા. ૭. એમ શ્રીહરિની મૂર્તિની પૂજા જે ભૂમિ ઉપર

થાતી હતી, તેનાથી બધી જ મૂર્તિઓની પૂજા પણ થાતી હતી, એવો પ્રતાપ શ્રીહરિએ દેખાડ્યો. તેનાથી બધા જ લોકો ઘણો આનંદ પામ્યા. ૮.

हरि कुं आश्चर्य नहीं यह बाता, एसे चरित्र अनंत रहाता;
गुपचुप तोहु रखत दबाई, भूल में कबु आत देखाई...०९

શ્રીહરિને માટે આ વાત આશ્ચર્યરૂપ ન હતી. કારણ કે આવાં ચરિત્ર તો અનંત રહેલા છે. તો પણ છાની રીતે દબાવી રાખતા હતા, છતાં ક્યાંક ભૂલથી દેખાઈ જતા હતા. ૯. આવું સ્વરૂપ મનુષ્યોને માટે તો આશ્ચર્યરૂપ હતું. શ્રીહરિનું સામર્થ્ય અલૌકિક અને અનુપમ દેખાતું હતું. આસુરી લોકો આવો પ્રતાપ દેખતા હતા છતાં તેમનું પાપ ટળતું ન હતું. ૧૦. કેટલાક આંધળા, બહેરા, પાંગળા અને મૂંગા, એવા વિકલાંગોને સત્સંગ થાતો પછી તેવા બહુ લોકો શ્રીહરિનાં સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરીને શ્રીહરિના ધામમાં ગયા છે. ૧૧. પણ કેટલાક સર્વાંગ સંપૂર્ણ શરીરવાળાને સત્સંગ થાતો નહિ, કારણ કે શ્રીહરિની બાબત તો ઘણી ઊંચી અને આશ્ચર્યકારી છે. કેટલાક તો ભાગવત આદિ સચ્છાસ્ત્રોને ભણતા હતા છતાં તેઓને સત્સંગ ન થયો અને જડ જ રહ્યા. ૧૨.

મથુરાના યાજ્ઞિક વિપ્રોની (ઋષિઓની) પત્નીઓને સત્સંગ સમજાયો પણ તે ઋષિઓ તો કુસંગમાં જ રહ્યા. તેઓ વેદોને અને પુરાણોને ભણ્યા હતા, છતાં તે કાંઈ કામ લાગ્યું નથી. તેઓ તો પગ હોવા છતાં અપંગ રહ્યા. ૧૩. જે અભણ સ્ત્રી-પુરુષો હોય છે તેને અપંગ કહેવાય, પણ તેમને સત્સંગ થયો, આ બધી વાત આશ્ચર્યકારી છે. ૧૪. જેને સત્સંગ થાય છે તેમને માટે વેદો અને પુરાણો વગેરે બધું છે. પણ જેને સત્સંગ થાતો નથી. તેને માટે કોઈ શાસ્ત્ર નથી. ૧૫. વેદો, પુરાણો અને અનંત શાસ્ત્રો, એ બધા સત્સંગ કરવા માટેના ઉપકારક છે. પણ જે લોકો સત્સંગથી વિપરીત ચાલે છે. તેમને માટે તે વેદાદિ શાસ્ત્રો કશા કામમાં આવ્યા નહીં. ૧૬. જે વેદાદિશાસ્ત્રોને ભણ્યા હોવા છતાં જેટલો સત્સંગ નથી કરતા, તેને તે શાસ્ત્રો તેટલા પેટ ભરવાના કામમાં આવે છે. જેને સત્સંગ થયો છે તે લોકોના ધન્ય ભાગ્ય છે અને એટલા જ લોકો સાચા અર્થમાં મનુષ્ય છે. ૧૭.

सत्संग पर रखे भाव हि जेहा, सत्संग रूप जानना तेहा;
सत्संग पर नहीं भाव हि जाहि, मनुष्य तन आये न वाहि...१८

જે સત્સંગ ઉપર ભાવ રાખે છે તેઓને સત્સંગરૂપ જાણવા. જે લોકોને સત્સંગ ઉપર ભાવ નથી. માનો તેને મનુષ્યનું શરીર મળ્યું જ નથી. ૧૮. ભગવાનના ભક્તોનો જે મત છે તે મેં અહીંયા કહી બતાવ્યો છે. શ્રીહરિની આવી સુંદર સવારી જોઈને બધા જ લોકા ઘણું આશ્ચર્ય પામ્યા. ૧૯. શ્રીહરિ જેતલપુરને ઉગમણે દરવાજે આવ્યા. ત્યાં ગામના લોકોનો કોઈ પાર ન હતો. અપાર વાજિંત્રો વાગતાં હતાં અને પુષ્કળ ગુલાલ ઉડાડતા હતા. ૨૦.

શ્રીહરિ જયારે ગામમાં પધાર્યા ત્યારે બધી બજારોને વિચિત્ર રીતે શણગારી હતી. કેળના સ્તંભ બજારમાં લાવીને રોપ્યા અને ફૂલ સાથે તેની સુંદર શોભા કરી હતી. ૨૧. બજાર કાંઠે મકાનો હતા. તેમાં જે દુકાનો હતી. તેના જેટલા દરવાજા હતા તે બધાને વિચિત્ર રીતે શણગાર્યા હતા. ૨૨. દરવાજામાં પંચરંગી અને વિવિધ પ્રકારના મોતીના તોરણ બાંધ્યાં હતાં. વિચિત્ર પ્રકારના શણગારેલા સોનાના કળશ સ્થાપ્યા હતા અને તેના ઉપર સોહામણા શ્રીફળ મૂક્યાં હતાં. ૨૩. અને તેને અત્યંત સુગંધી પુષ્પોના હાર પહેરાવ્યા હતા. તે શોભી રહ્યું હતું. દુકાનોમાં બિલોરી કાચના ઝાડ બાંધ્યાં હતાં અને તે બિલોરી ઝાડ તો હરેક મકાનમાં બાંધ્યાં હતાં. ૨૪.

જેને જેવી ભાવના હતી તે પ્રમાણે તેણે શોભા-સજાવટ કરી હતી. શ્રીહરિ બજારમાં ચાલ્યા આવતા હતા અને દયા કરીને લોકોને દર્શન આપતા હતા. ૨૫. લોકો ફૂલહાર લાવીને માનો તેનો વરસાદ કરતા હતા અને દેવતાઓ પણ ફૂલ અને ઘણી ભાતના કેસર ચંદનની ઝડી વરસાવતા હતા. ૨૬. તે વખતે ત્યાં કેસર ચંદન અને ગુલાલનો તો કીચડ થઈ ગયો હતો. ધર્મના લાલ શ્રીહરિ પધારતા હતા તેથી ગામના ભક્તો અને બધા દેવો પણ સુશોભિત થઈ ગયા હતા. ૨૭. અપાર દેવાંગનાઓ આકાશમાં રહીને જ નાચ કરતી હતી. તેણે બધી જાતના શણગાર પહેર્યા હતા અને

પગના ઘૂઘરા વાગી રહ્યા હતા. ૨૮. ગામની જે સ્ત્રીઓ હતી તે બધી થાળમાં મોતી ભરી ભરીને મકાનના માળ ઉપર ચડીને શ્રીહરિવરને વધાવવા માટે ઊભી હતી. ૨૯. ઘનશ્યામ શ્રીહરિ જ્યારે નજીક આવતા હતા ત્યારે તેમને વધાવીને પૂર્ણ કામ થાતી હતી. જેના મનમાં જેવો મનોરથ રહ્યો હતો તેને તે પ્રમાણે શ્રીહરિએ પૂર્ણ કર્યા. ૩૦.

બહુનામી શ્રીહરિ ભક્તોના મનોરથોને પૂર્ણ કરતા કરતા ગામ બહાર આવ્યા. ગામના પશ્ચિમ દરવાજા આગળ સંતોનું મંદિર હતું. ૩૧. ત્યાં બજારથી દક્ષિણ તરફના ભાગે શ્રીહરિ થોડીવાર ઊભા રહ્યા. તે સ્થળ જોઈને શ્રીહરિ મનમાં ઘણું રાજી થયા. પછી ઘણી સરસ રીતે પોતે બોલ્યા કે, ભવિષ્યમાં કોઈ સમયે આ જમીનને જેટલી કરવી હોય તેટલી થઈ શકે છે. આટલી જગ્યા ઘણી જ પવિત્ર છે અને મને તો તે તેજોમય દેખાય છે.' ૩૨-૩૩. આટલું બોલીને શ્રીહરિ ચાલતા થયા.

આગળના ભાગમાં વિશાળ કોટ દેખાયો. તે ઘણો જ આકાશમાં ઊંચો હતો. ચારે બાજુ મજબૂત બુરજ હતા. ૩૪. તેનો એક દરવાજો બંધ રાખ્યો હતો. તેમાં ઘણી વિચિત્ર રીતે શોભા કરી હતી. દ્વારમાં પેસતા જ આગળ એક વાવ હતી. તેના ઉપર ચાલતા ખૂબ જ જાળવવું પડતું હતું. ૩૫. જાણી જોઈને તેનું ચલાણ વિકટ કર્યું હતું. કોઈ દિવસ શત્રુ તેમાં પ્રવેશી શકે નહિ. તેવો આશય હતો. કાંગરાઓથી કોટ સુંદર લાગતો હતો. ઉપરના તે કાંગરા જાણે કોઈ રાજાનું સૈન્ય હંમેશા ઊભું ન હોય ! તેમ જણાતા હતા. ૩૬.

શ્રીહરિએ તે બધું જોયું અને પછી મહોલમાં આવ્યા. મહોલ દેખીને રાજી થયા અને તરત જ ત્યાં ઉતર્યા. ૩૭. મહોલની ત્રણે દિશાઓમાં બધા સંતો ઊતર્યા. ઉત્તર તરફના ભાગમાં તો સારું તળાવ હતું. તે સંપૂર્ણ પાણીથી ભરેલું હતું. ૩૮. શ્રીહરિ મહોલની ઉપર ચઢ્યા. જ્યાં છત્રી હતી ત્યાં સુધી ગયા. દરબારોનો બધો સમાજ પણ શ્રીહરિની સાથે જ ચઢ્યો. ૩૯. ત્યાંથી આખું ગામ દેખ્યું. બધું વન જોયું. પશ્ચિમ તરફની ફૂલવાડી દેખી. જ્યારે દિવસ ચાર ઘડી (૧.૩૬ કલાક) ચઢ્યો હતો ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ અદ્‌ભુત સવારી સાથે જેતલપુર પહોંચ્યા અને મહેલમાં મુકામ કર્યો' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર આઠમું : તરંગ - ૯

જેતલપુરમાં શ્રીહરિ થાળ જમ્યા તથા ગંગાદાસ પટેલે પૂજા કરી

શ્રીહરિ છત્રી ઉપર બેઠા અને સંતો તેની આગળ સભા ભરીને બેઠા. પછી સંતોએ વાજિંત્રોની સાથે વસંતના અને હોરીના પદ ગાયાં. ૧. મહોલની અગાસી ઉપર ચંદની ખેંચીને સરસ છાંયો કર્યો હતો. બિલોરી કાચના ઝાડ તેમાં લટકાવ્યાં હતાં. તેનાથી ઘણી અદ્‌ભુત શોભા થઈ હતી. ૨. પાટીદારોએ બધી સવારીને કોટમાં ઉતારો કરાવ્યો. તેને માટે તંબુ તણાવી દીધા હતા. એટલે તેની શોભા તો વિચિત્ર બની હતી. ૩. સંતોને માટે રસોઈ ગામનાં મંદિરમાં તૈયાર કરાવી હતી. પ્રેમથી ઘણા પકવાન કર્યાં હતાં. શ્રીહરિને માટે પણ રસોઈ ત્યાં કરી હતી. ૪.

શ્રીહરિ માટેની રસોઈ જ્યારે તૈયાર થઈ ત્યારે બ્રહ્મચારી બોલાવવા આવ્યા. તે બ્રહ્મચારીને જોયા એટલે તુરંત પ્રાણાધાર શ્રીહરિ ઊઠ્યા. ૫. ચરણોમાં ચાખડીઓ પહેરી હતી અને માથે ઉમાભાઈએ છત્ર ધારણ કર્યું હતું. બધા સંતોને સાથે બોલાવી લીધા. આગળ વાજિંત્રો વાગતાં હતાં. ૬. ચોપદાર હાથમાં સોનેરી છડી લઈને આગળ આગળ 'જય જય' 'જય જય'નો ઉચ્ચાર કરતા હતા. અને શ્રીહરિ ગુલાલ ઉડાડતા જાતા હતા તેથી રંગભીના શ્રીહરિ રંગમાં રસબસ થઈ ગયા હતા. બધા જ વસ્ત્રો રંગાઈ ગયાં હતાં. ૭. તે સમયે ઝાંઝ અને મૃદંગ બજાવીને સંતો ધુમારનાં પદ ગાતા ગાતા ચાલ્યા. ધર્મના લાલ શ્રીહરિએ ઝોળીમાં ગુલાલ લીધો હતો અને તેને ઉડાડતા ચાલ્યા આવતા હતા. ૮. સંતો હોરી હે...!! હોરી હે...!! એવી વાણી બોલતા હતા. પાણીમાં તૈયાર કરેલો કેસરી રંગ ખૂબ જ ઉડાડતા હતા. જેતલપુર ગામથી લઈને મહોલ સુધી રસ્તામાં કેળના ઝાડ બંને બાજુએ લગાવી દીધાં હતાં. ૯.

કેળનાં ઝાડની વચ્ચે વચ્ચે ફળ સાથેની નાળિયેરીઓ પણ રોપેલી હતી, તે ઘણી સુંદર લાગતી હતી. મોર, પોપટ અને કોયલોના સમૂહો ઝાડ ઉપર બેસીને કલરવ કરીને શોભતા હતા. ૧૦. પંખીઓ શ્રીહરિને દેખીને ખુશખુશાલ થઈ ગયા અને પોતાની જાતિના વિવિધ શબ્દોને બોલવા લાગ્યા. તે સાંભળીને ભગવાન શ્રીહરિએ ભાઈ રામદાસસ્વામીને કહ્યું, 'આ બધા પંખીઓનું તો કલ્યાણ થઈ ગયું.' ૧૧.

❋ સંતદર્શનનું ફળ, થાય સદા અચળ :

चोपाई :

संत के दरश करत कर भावा, मुक्त जनु कोउ लोक से आवा;
मुक्त विन इहाँ आवे न कोई, युँ मन में हम जानत सोई...१२

કારણ કે, બધા ભાવનાથી સંતોનાં દર્શન કરે છે. માનો કે કોઈ ધામનાં મુક્તો આવ્યા ન હોય ? અને હા...મુક્ત વિના તો અહીંયા કોઈ આવે જ નહીં. આવું અમે મનમાં જાણીએ છીએ. ૧૨.

दोहा : हम डारत गुलाल ही, संत की उपर जोउ;
पशु पंखि वृक्ष लगत अंग, देव देह धर हि सोउ...१३
कर हि सो सत्संग हि, मनुष्य तनकुं पाय;
एसो हे संत को दरश हि, हम जानत रहाय...१४

અમે સંતોના ઉપર જે ગુલાલ નાખીએ છીએ તે બીજા કોઈ પશુ, પંખી કે વૃક્ષોના અંગ ઉપર પણ પડે છે. તેથી તેઓ બીજા જન્મમાં દેવનાં શરીરને પામશે. ૧૩. પછી તેઓ કાળાંતરમાં મનુષ્ય દેહને પામશે અને સત્સંગ કરશે. સંતોનાં દર્શનનો આવો પ્રતાપ છે તે હું જાણું છું. ૧૪.

ત્યારે ભાઈ રામદાસસ્વામીએ બે હાથ જોડીને કહ્યું, 'મહારાજ ! તે તો આપ આવીને પ્રકટ થયા છો. તેનો બધો પ્રતાપ છે. ૧૫. આપ પ્રગટ થયા છો, તેથી શું ન થાય ? જેવો સંકલ્પ કરો તેવું બધું થાય. જ્યારથી આપ આવીને અમને મળ્યા છો ત્યારથી તે બધું હું ચોક્કસ જાણું છું.' ૧૬. શ્રીહરિ આ પ્રમાણે વિનોદની વાતો પ્રેમથી કરતા કરતા સંતોના મંદિરમાં આવ્યા. ત્યાં જે વિપ્રો રસોઈ બનાવતા હતા તેમને પોતે દર્શન આપ્યાં. ૧૭.

તે વિપ્રોને બોલાવ્યા અને પ્રત્યેકને એકેક ફૂલહાર આપ્યો અને તેમને રાજી કર્યા. અમારાં દર્શનનો લોભ રાખ્યા વિના જ જે તમે બધા સંતો માટે રસોઈ બનાવો છો. ૧૮. તે સેવાનું ફળ તો દર્શન કરતા પણ ભારે છે. તેમાં લગારેક પણ ખોટું નથી. દર્શન કરવા માટે તો લોકો કરોડો ભેળા મળે છે, પણ રસોઈ બનાવીને સંતોને જમાડનારા તો બહુ થોડા હોય છે. ૧૯. રસોઈ આપનારા લોકો તો હજારો મળે, પણ રસોઈ બનાવનારા ધાર્યા મળતા નથી. માટે રસોઈ તૈયાર કરીને જે આવા સંતોને જમાડવા, ૨૦.

❋ જ્યારે અપેક્ષા છૂટે ત્યારે એકતા રહે :

चोपाई :

तामें द्वेष न होवे जाकुं, प्रसन्न मन अति रहे वाकुं;
सो संत सबमें शिरोमणि कावे, अपमान होवे तोहु मग्न रहावे...२३

अंतरसुख होय अनुभव पाको, एक को एक रंग रहे वाको;
बाहिर के सुखे सुखिया जेता, अति दुःखिया हम मानत तेता...२४

તેમાં તો કરોડો યજ્ઞ કરવાનું ફળ રહ્યું છે. જ્યાં આવા સંતો હોય ત્યાંની આ વાત છે. **ઠેર ઠેર આવા સંતો મળતા નથી. કાયમ ભેળા રહેવાથી મહિમા ઓછો થઈ જાય છે. ૨૧. જ્યાં પરસ્પર એકબીજાને કાંઈ અપેક્ષા રહેતી ન હોય ત્યાં સાથે રહે, તોપણ હેત રહે છે. શિરોમણી સંત કોને કહેવાય ? તો કોઈ એકની પૂજા ઘણા ભાવથી કરે અને બીજાની પૂજા સહજ સ્વભાવે સામાન્ય રૂપમાં કરે,** ૨૨. છતાં તેમાં જેને દ્વેષ ન થાય, અભાવ ન આવે અને મનથી અત્યંત પ્રસન્ન રહે, તો તેવા સંત સહુમાં શિરોમણિ કહેવાય. તે તો અપમાન થાય તો પણ પ્રસન્ન રહે, ૨૩. કેમજે, જેને આત્માના સુખનો પાકો અનુભવ હોય તેનો રંગ તો કાયમ એક સરખો જ રહે છે અને જે બહારનાં સુખથી જેટલા સુખીયા હોય એટલાને તો અમે અત્યંત દુઃખિયા માનીએ છીએ. ૨૪.

दोहा : बाहिर के सुख कर सुखि जो, बडे अति संत भये जाहि;
ब्रह्मांड को मिले सुख हि, तोहु अति दुःखि ताहि...२५

બાહ્ય સુખથી જે સુખી જણાતા હોય એવી રીતે કોઈ મોટા સંત થયા હોય અને તેમને આખા બ્રહ્માંડનું સુખ મળે તોપણ તે અત્યંત દુઃખી જ છે. ૨૫.

કેમ જે, બીજાના સુખથી જે સુખી છે તેને સુખનો માર્ગ જ મળ્યો નથી. પાયા વિનાનું મકાન કદાચ સોનાનું હોય તોએ શું ? તેમાં ક્ષણે ક્ષણે ભય રહેવાનો જ. ૨૬. પાયા વિનાની મહેલાત કદાચ સ્ફટિક મણિની હોય, તોએ શું ? જેને જીવવાનો લોભ હોય તે કોઈ તેને ચાહે નહિ. ૨૭.

सोरठा : असल संत की रीत, प्रतिष्ठा यह ब्रह्मांडहु कि;
मिले दुःखि होय चित्त, कोटि बिछुं लगे जनुं रोम महिं...२८

અસલ સંતની સમજણ કેવી હોય ? તો સાચા સંતોની તો એવી રીત છે કે આખા બ્રહ્માંડની પ્રતિષ્ઠા, માન મોટાઈ મળે તો તે ચિત્તમાં એટલા દુઃખી થાય કે જાણે રોમે રોમમાં કરોડો વીંછી લાગ્યા હોય (ડંસતા હોય) ! ૨૮.

શ્રીહરિ આટલી વાત કહીને રસોઈ જમવા માટે પધાર્યા અને સંતોને કહ્યું 'મેં જે વાત કહી છે, તેનો વિચાર કરજો. કોઈ બાબતનો કાચો નિર્ધાર રાખવો નહીં.' ૨૯. જ્યાં વર્ણીએ રસોઈ બનાવી હતી ત્યાં પરમ દયાળુ ચિત્તચોર શ્રીહરિ આવ્યા. જળથી સ્નાન કર્યું અને કૃપાળુએ અંગને લૂછીને કોરું કર્યું. ૩૦. શરીર કોરું કરીને એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. ચાખડીઓ પહેરીને આવ્યા. પછી બાજોઠ ઉપર બેઠા. ત્યારે બ્રહ્મચારી ભોજન લઈને આવ્યા. ૩૧. થાળ ભરીને પકવાન લાવ્યા હતા. ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ જમવા લાગ્યા. ભક્તોનો જેવો ભાવ હતો તે પ્રમાણે સુખદાયક ઘનશ્યામ શ્રીહરિ જમ્યા. ૩૨. તે દિવસ ગંગાદાસની રસોઈ હતી. શ્રીહરિ જે પકવાન જમ્યા હતા તે પ્રસાદી ગંગાદાસને આપી. બરફી, પેંડા, પતાસા, એ બધાં ભોજન શ્રીહરિ જમ્યા. ૩૩. શાકભાજી અને પકવાન વગેરે જે કાંઈ કર્યું હતું તે બધું શ્રીહરિ જમ્યા. જ્યારે બધા ભોજન જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ અને મુખ ધોયાં. ૩૪. હાથ લૂછીને મુખવાસ લીધો.

પછી અતિશય પ્રસન્ન થકાં શ્રીહરિ ઊઠ્યા. રંગોળી પૂરીને સુંદર ચોકને સજાવ્યો હતો. કેળના સ્તંભ રોપાવીને બાગ બનાવ્યો. ૩૫. એક એક ચોખંડાં ભાગમાં એક એક મુનિને પાટલા ઉપર બેસાડ્યા. બાજુમાં એક પાટ ઢાળીને તેના ઉપર શ્રીહરિને બેસાડ્યા. પછી ભક્તો પૂજાનો બધો ભારે સામાન લઈને ત્યાં આવ્યા. ૩૬. પટેલ ગંગાદાસ અને તેમનો બધો

પરિવાર શ્રીહરિની પૂજા કરવા આવ્યો. સહુનાં હૃદયમાં આનંદ છવાઈ ગયો હતો. ૩૭. કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિનાં અંગ ઉપર ઘણા જ પ્રેમભાવથી ચરચ્યું. પછી જ્યારે ફૂલોના હાર પહેરાવ્યા ત્યારે મૂર્તિ ફૂલોમાં ગરકાવ થઈ ગઈ હતી. ૩૮. ફૂલથી ભરપૂર મૂર્તિ, માનો ફૂલોના બાગમાંથી આવી હોય. શ્રીહરિ આવાં દર્શન સંતોને માટે વારંવાર દેતા. ૩૯. સોનેરી વસ્ત્રો અને સોનાનાં ઘરેણાં થાળ ભરીને લાવ્યા હતા. પછી તે ભક્તોએ શ્રીહરિને મોતીથી વારંવાર વધાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'જેતલપુરમાં શ્રીહરિ થાળ જમ્યા તથા ગંગાદાસ પટેલે પૂજા કરી' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર આઠમું : તરંગ - ૧૦

ગંગાદાસ પટેલે શ્રીહરિની પૂજા કરીને વર માગ્યા અને સંતો વગેરેને જમાડ્યા

શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુની આરતી કપૂરથી કરી. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં અને લોકો "જય" "જય"નો ધ્વનિ કરતા હતા. ૧. પછી તેમણે બે હાથ જોડીને પ્રાર્થના સ્તુતિ કરતા કહ્યું, દોરડાં ઉપર ચાલતા નટનું ધ્યાન જેમ દોરી ઉપર જ હોય છે તેમ **મારું મન આપની મૂર્તિમાં એકાગ્ર રહે અને હવે તે મૂર્તિ સિવાય અન્ય કોઈ જગ્યાએ ઠરે નહીં.** ૨.

सोरठा : सार में सार हि जोउ, यह मूर्ति रहो चित्त मम;
सार न लगे अब कोउ, यह वर मागत वेर हि वेर...०३

સારમાં સાર એવી આપની આ મૂર્તિ મારા ચિત્તમાં રહો. આપનાં સ્વરૂપ વિના અન્ય કોઈ વસ્તુમાં મને સાર ન જણાય, આવો વર હું વારંવાર આપની પાસે માગું છું. ૩. આપણા સત્સંગમાં સંતો અને હરિભક્તો અપાર છે, તે બધા દિવ્ય જ છે. દુર્વાસાના શાપને કારણે બધા મનુષ્ય થયા છે. ૪.

चोपाई :

संत हरिजन में मनुष्य हि भावा, कबहु न आवे एहि स्वभावा;
मनुष्य तन को स्वभाव हे ओरा, मुक्त तदपि चलत तेहि नोरा...०५
मनुष्य स्वभाव देखीके मोई, विभ्रांति तामें होवे न कोई;
दिव्य भाव मोय रहे सदाई, यह वर मागत हूँ ताई...०६

મારો એવો સ્વભાવ ક્યારેય ન બને કે મને સંતોમાં અને હરિભક્તોમાં મનુષ્યભાવ થાય. મનુષ્યદેહનો સ્વભાવ કાંઈક જૂદો જ છે કે મુક્ત હોવા છતાં મનુષ્યના નોરમાં જ ચાલે છે. ૫. સંતોનો કે હરિભક્તોનો મનુષ્ય સ્વભાવ જોઈને મારા મનમાં ક્યારેય ભ્રાંતિ થાય નહિ. મને સદાય દિવ્યભાવ જ રહે, એ વરને હું માગું છું. ૬.

આપણા આ સત્સંગ સિવાય કદાચ કોઈ અન્ય પરમેશ્વર જેવો થઈને આવે, મરેલાને તરત જીવાડે, મનમાની માયા-ધન આપે, તો પણ તે જીવનું નુકશાન કરનારો મનાય પણ પરમેશ્વર ન મનાય. ૭. કદાચ તે વધારે વધારે પ્રતાપ દેખાડે તો પણ મને તે કાળનેમિ જેવો અસુર દેખાય. કોઈ ઈશ્વર હોય પરંતુ આ સત્સંગથી વિમુખ કરે તેવા હોય તોય હું તેનું મુખ ન દેખું. ૮.

इतनो वर दियो प्रभु सोई, तव जन को रहुँ दास हि होई;
लेन देन करत कोउ वारा, हरिजन संग रहे अधिक प्यारा...०९

હે પ્રભુ ! હું આપના ભક્તનો દાસ થઈને રહું, એવું વરદાન આપો. હરિભક્તોની સાથે ક્યારેય લેણદેણનો પ્રસંગ આવે, તો પણ મને હરિભક્તો સાથે વધારે પ્રેમ રહે. ૯. લેણદેણના વ્યવહારમાં ક્યારેય અવગુણ અભાવ આવી જાય તો તે પિતા અથવા પુત્રનું માથું કપાવે છે. લોભરૂપી માયાનું કામ જ એવું છે કે તે બુદ્ધિને વિપરીત કરી નાંખે છે. ૧૦.

ઈશ્વર ઈશ્વરમાં પણ માયા અને લોભના પક્ષને માટે કુહેત થાય છે. માયા અને લોભ જ્યારે તેને છેતરે છે ત્યારે ઈશ્વરને પણ ઈશ્વરનોય પક્ષ રહેતો નથી. (દા.ત; બાણાસુરના પ્રસંગે શંકર અને વિષ્ણુ વચ્ચે ઝઘડો થયો હતો. વગેરે...) ૧૧. આ લોક માયિક છે અને દેહ પણ માયિક છે, જ્યાં સુધી જે કોઈ તેમાં વર્તે છે ત્યાં સુધી, આ બધું મિથ્યા હોવા છતાં

તેને તેનો જ પક્ષ રહે છે કારણકે દેહભાવવાળાને સહેજે જ માયા ઢાળમાં ઢળવી દે છે. ૧૨. પરમેશ્વર, સંતો અને હરિભક્તો ને માટે નરનાટ્ય (મનુષ્યભાવ) તો એક ખેલ છે. માટે જ્યારે જેવાં વાજાં વાગતાં હોય તેવો તાલ મેળ કરી લે છે. ૧૩. "આટલું યોગ્ય છે અને આટલું અયોગ્ય છે." પરમેશ્વરમાં એવો કોઈ બાધ નથી. આકાશ વિનાની કોઈ વસ્તુ નથી. અર્થાત્ સર્વે વસ્તુ આકાશમાં જ રહી છે છતાં પણ તે અતિ નિર્લેપ જ છે. એમ સર્વમાં પરમેશ્વર રહે છે અને સર્વે પરમેશ્વરમાં રહે છે છતાં પરમેશ્વર આકાશની જેમ અતિ નિર્લેપ, નિર્બાધ જ છે. ૧૪.

જે જેટલો શુદ્ધ છે, તેટલો તે નિર્બાધ કહેવાય અને જેટલો જે અશુદ્ધ છે તેને તે બધું બાધરૂપ કહેવાય. ૧૫. વર્ણના અને આશ્રમના જે ધર્મ છે તે તો યુગને અનુસારે રહે છે. તેના મર્મને હું જાણતો નથી આપની જેવી ઈચ્છા હોય તેમ હું કરું છું. ૧૬. જે વર્ણાશ્રમના ધર્મથી બહાર છે તેઓ તો તેમના મતને અનુસારે વર્તે છે. કેટલાએ મત વર્ણાશ્રમથી બહાર છે. તેથી તેમનું વર્તન વિપરીત હોય છે. ૧૭.

દરેક પોતપોતાનાં મતને શુદ્ધ માનતા હોય છે અને બીજાનાં મતને અર્થાત્ ધર્મને અશુદ્ધ કહેતા હોય છે, પણ મારી બુદ્ધિ એવી ક્યારેય ન થાય. હું બે હાથ જોડીને આપની પાસે તે માગું છું. ૧૮. જે અતિ શુદ્ધ વર્ણાશ્રમનો આચાર છે તેમાંથી કોઈના સંગે કરીને પણ મારી બુદ્ધિ ચલિત ન થાય. બહાર અને આંતરિક, બધી રીતે મને એક સરખો સત્સંગનો જ રંગ રહે." ૧૯. આવી ગંગાદાસભાઈ પટેલની સ્તુતિ પ્રાર્થના સાંભળીને તે સમયે શ્રીહરિએ હસીને ગંગાદાસ પટેલને તે વર આપ્યો અને કહ્યું, 'તમે ઘણું માગી લીધું. માગવામાં ઘણા પ્રવીણ છો.'

શ્રીહરિ કહે, અત્યારે સત્સંગ સિવાય જગતમાં ધર્મ તો કહેવા માત્રનો જ રહ્યો છે. ૨૦. ક્યાં વર્ણ અને ક્યાં આશ્રમ ? તેમનામાં તો ઉપરથી દેખાવમાત્રનો ધર્મ રહ્યો છે. અરે ! ઉપરથી ધર્મ રહે ત્યાં સુધી પણ સારું છે. કેમ જે, તેનાથી તેનો વ્યવહાર ભ્રષ્ટ થતો નથી. ૨૧. ધર્મસ્મૃતિમાં એમ કહ્યું છે કે, ઉપરથી ધર્મ

પાળતો હોય તો તેમાં અંદરથી ધર્મ પ્રકટી શકે છે અર્થાત્ તેનામાં ધર્મ આવી શકે છે. અને જે લોકો વર્ણાશ્રમની બહાર વર્તનવાળા છે તેમને તો એક પોતાના મતને સ્થાપવાનું જ તાન રહે છે. ૨૨. શુદ્ધ નીતિની વાતોને કહી દેખાડે અને તેવી બુદ્ધિ (સમજણ) બીજાને શીખવાડી પણ દે. નીતિ દેખીને લોકો તેનો વિશ્વાસ કરવા લાગે, પછી તેમાં પોતાના મતનો પાસ (અસર-સ્પર્શ) બેસાડી દે છે. ૨૩. મનુષ્યનું હૃદય તો સફેદ કપડા જેવું છે. જેના સંસર્ગમાં રહે, તેવું થઈ જાય. બીજા બધા તેના પાસ-સંસર્ગ બદલાઈ જાય. સફેદ કપડામાં ગળી નાખી હોય તો તે ક્યારેય બદલાય નહિ. ૨૪. વર્ણાશ્રમના મત સિવાયના બીજા મત તો ગળીના પાસ જેવા છે. તેને બીજા પાસ લાગતા નથી. તેને ગમે તેવો સારો સંપ્રદાય મળે તો પણ તે ભળે નહીં. ૨૫. જે સોનાના જેવા જીવ હોય છે તેનો રંગ બદલાતો નથી. ભલે ઘાટ બદલાઈ જાય પણ સુવર્ણની જાતિ બદલાતી નથી. ૨૬.

❋ શ્રીહરિ તથા સંત ચિંતામણિ સમાન છે :

કાટ વગરના લોઢાને જો પારસમણિનો જોગ થાય તો તે લોઢાનું કાંચન થઈ જાય છે. ૨૭. ચિંતામણિ જ્યારે મળે ત્યારે એવો નિયમ નથી રહેતો. જેવું ચિંતવે તેવું તત્કાળ ફળ આપે છે. અને ચિંતવ્યા વિના તો ક્યારેય ફળ આપે નહીં. ૨૮. જે બાવના ચંદન છે તે મલયાચળમાં થાય છે. તેનો પવન આંકડાને, ખાખરાને, ચાહે તેને લાગે, તે ચંદન થઈ જાય છે. ૨૯. પણ તે બાવના ચંદનની અસર પથ્થરને કાંઈ થાતી નથી. પથ્થર તો જેવો હોય તેવો જ રહે છે. અસલ જે મલયાગર ચંદન છે તેનો ગુણ તો અતિશય શીતળ હોય છે. ૩૦. આગના સમાન અતિશય તપાવેલી તેલની કડાઈ હોય તેમાં જો થોડું જ મલયાગર ચંદન નાંખવામાં આવે તો તે બધું જ તેલ અત્યંત ઠંડુ થઈ જાય છે. ૩૧.

चोपाई :

पारस मलियागर कहे जेही, साचे संत की रीति कहे तेही;
चिंतामनि कल्पवृक्ष समाना, हरि अवतार कहे विधि नाना...३३

મલયાગર ચંદનનું જ્યાં ઝાડ હોય, તેને જો તીખી ધારવાળો કુહાડો મારીને કાપવાની કોશિશ કરવામાં આવે, તો તે કુહાડાની ધાર તરત જ બૂઠી થઈ

જાય છે, પણ ઝાડ કપાતું નથી, એવી તેમાં શીતળતા રહી છે. ૩૨. પારસમણિ અને મલયાગર ચંદનને ઠેકાણે સાચા સંતની રીત કહી છે અને અનેક પ્રકારે ભગવાનના અવતારોને ચિંતામણિ તથા કલ્પવૃક્ષને સમાન કહ્યા છે. ૩૩.

અવતારોમાં ચમકનો ગુણ રહ્યો છે. લોઢાના જેવા લોકો ભગવાનના અવતારોમાં ખેંચાય છે. લોઢું અચેતન હોવા છતાં તેમાં ચમકનો ગુણ તેના જોગથી આવે છે. ૩૪. બાવના ચંદન અને ચમકના જેવા ગુણો ભગવાનના અવતારોમાં રહ્યા છે. એક નિશ્ચિત સિદ્ધાંત છે કે કાર્યના કરતાં તેના કારણમાં સામર્થ્ય વધારે રહ્યું હોય છે. ૩૫.

જેટલા દષ્ટાંત અને સિદ્ધાંત કહેવાય છે તેનાથી શ્રીહરિમાં જે અતિશય ગુણો રહ્યા છે તેને ચિત્તમાં ઉતારવાના છે. શ્રીહરિમાં એવું સામર્થ્ય રહ્યું છે કે તે દષ્ટાંત વિના ચિત્તમાં ઉતરે નહીં. ૩૬. શ્રીહરિએ આટલી વાત કહી પછી ગંગાદાસ પટેલે સંતોની પૂજા કરી. કેસરયુક્ત ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા. ૩૭. પછી સહુ સંતોને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. પૂજા થઈ ગયા પછી શ્રીહરિએ પકવાન લીધાં, સંતોનાં વખાણ કરતા કરતા સંતોની પંગતમાં પીરસવા લાગ્યા. ૩૮.

सोरठा : एसे जो संत हि एक, जेंमावत जन भाव कर;
जज्ञ तेहि भये अनेक, एसे जानत हम संत एहि...३९

શ્રીહરિ એમ બોલ્યા કે, 'આવા એક સંતને જો કોઈ પૂજ્ય ભાવથી જમાડે છે તો તેને અનેક યજ્ઞોનું ફળ મળે છે એમ અમે આ સંતોનો મહિમા જાણીએ છીએ.' ૩૯. પછી શ્રીહરિ "વાસુદેવ હરે..!!!" એમ બોલ્યા. તેથી સંતો દરબારો અને પાર્ષદો, સહુ જમવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'ગંગાદાસ પટેલે શ્રીહરિની પૂજા કરીને વર માગ્યા અને સંતો વગેરેને જમાડ્યા' એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર આઠમું : તરંગ - ૧૧

શ્રીહરિ સંતોના મંદિરમાં થાળ જમીને મહેલમાં પધાર્યા

✵ જેને સંત મળે તેને જ હરિ મળે છે :

શ્રીહરિ સંતોને ઘણા હેતથી પીરસતા હતા. **એકલા જપ, તપ અને વ્રતથી ભગવાન મળતા નથી, તેમજ કેવળ તીર્થ કરવાથી પણ ભગવાન મળતા નથી. ભગવાન તો આ બધું કરવાથી રાજી થાય છે તેથી મળે છે.** ૧.

दोहा : कोटि जुग जप तप करे, तीर्थ करे तेहि प्रकार;
हरि मिलनेको घाट एक, ब्रह्मचर्य रखे निरधार...०२

सोरठा : प्रथम आपके संत, हरि मिलावत कृपा कर;
भाव होवत अतंत, संत में जो प्रथम तेहि...०३

पीछे मिलत हे आप, भक्त वत्सलता लाई कर;
एसे दुर्लभ हे अमाप, सुलभ होत तब मनात नहीं...०४

એક ભગવાનને જ મળવાનો ઘાટ રાખીને કરોડો યુગ સુધી જપ, તપ કરે અને તે જ પ્રકારે તીર્થ કરે, અને બ્રહ્મચર્યને સારધાર રાખે ત્યારે...૨. ભગવાન કૃપા કરીને પહેલા પોતાના સંતોનો મેળાપ કરાવે છે. અને તેને તે સંતોમાં જો પ્રથમ અત્યંત ભાવ થાય તો પછી આપ ભગવાન ભક્તવત્સલતા લાવીને તેને મળો છો. ભગવાન આટલા બધા દુર્લભ છે. તેથી જ તે જ્યારે સહજમાં મળે છે ત્યારે માનવામાં આવતું નથી. ૩-૪.

चोपाई :

मनाये हरि तेहि पुन्य अपारा, इनसे अधिक कोउ रहे न बारा;
हरि मिले अधिक रहे ओरा, हरि संत न ता पर करत दोरा...०५

જેને પ્રકટ ભગવાન મનાય છે, ઓળખાય છે તેના પુણ્યનો કોઈ પાર નથી. ભગવાન ઓળખાયા, તે પછી તેનાથી કાંઈ વિશેષ જાણવાનું બાકી રહેતું નથી. ભગવાન મળ્યા પછી પણ જેને બીજામાં અધિક ભાવ રહેતો હોય, તો ભગવાન અને સંતો તેને માટે દોડા કરતા નથી. ૫.

ચિંતામણિ મળ્યા પછી પણ જો કોઈને કાચના ટુકડાનો મોહ રહેતો હોય, તો તેને કાંઈ સમજણ નથી, એમ જાણવું. ભગવાન મળ્યા ત્યારે

અક્ષરધામ પર્યંત બધું મળી ગયું જ છે. ૬. આવી બધી વાતો સદ્ગુરુ મુક્તાનંદસ્વામીએ પોતાની સમક્ષ બેઠેલા હરિભક્તોને કહી હતી. હરિભક્તો પણ ઘણા જ ઉલ્લાસથી તે વાતોને સાંભળતા અને અમૃત કરતાં પણ તે વાતોને વિશેષ જાણતા. ૭. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા રહ્યા. દરબારોને પીરસીને તેમનો આનંદ વધારતા હતા, કારણ કે તેઓ ઘર અને દેશ છોડીને સાથે આવ્યા હતા. ૮. મેવા કે મીઠાઈ જેટલું આવતું તે બધું શ્રીહરિ દરબારોને આપતા. દરબારોને રોજ રોજ નવો પ્રેમ રહે તેમ શ્રીહરિ ભાવ દેખાડતા હતા. ૯. દરબારો પણ પ્રેમભાવથી શ્રીહરિ સાથે એવા જોડાઈ (ચોંટી) ગયા હતા કે, તેમને પોતાના ગામ અને ગરાસ બધું ખોટું થઈ ગયું હતું. શ્રીહરિ તેમને ઘેર જવાનું નિત્ય કહેતા, છતાં તેઓને શ્રીહરિને છોડીને ઘરે જવાનો ભાવ થાતો નહિ. ૧૦. મહિનો, બે મહિના કે વરસ સુધી દરબારો શ્રીહરિની પાસે રહેતા છતાં ક્યારેય ઉદાસ થાતા નહિ. જેને જેવા વસ્ત્ર જોઈતા હોય તેવા તેને શ્રીહરિ આપતા રહેતા. ૧૧.

શ્રીહરિ સહુને રાતદિવસ જે જમાડતા હતા, તે વાત તો પૂરી કહી શકાતી નથી. કરોડો વાતોમાં એક વાત ચોક્કસ છે કે બધી વાતોનું માપ કરી શકાતું નથી. ૧૨. શ્રીહરિની વાતો-ચરિત્રો અમાપ છે. તેને માપમાં લાવવા તે તો શેષના જેવા અનંત, પોતાનું જેટલું બળ હોય તે વાપરીને કહે, તો પણ બધું કહેવા સમર્થ થાતા નથી. ૧૩. અને વળી, તે કરોડો કરોડ યુગ સુધી કહેતા રહે તોએ પાર ન આવે એટલા બધા હરિચરિત્રો છે. તો પછી હવે તે ચરિત્રોનો નિર્ધાર કોનાથી થાય ? ૧૪.

सोरठा : हरि चरित्र हे कहन, मन जेतो वेग जुग हि जुग;
करत रहे हि निश दन, तोहु अमाप अमाप रहत...१५
आयुष्य विद्युत सम, कहत कहत कितनो कहे;
मकाम न आवे दम, केहेनो सो सबहि कहि रहेउ...१६

યુગો યુગ મનના જેટલા વેગથી રાત દિવસ શ્રીહરિનાં ચરિત્રોને કહેતા રહીએ તો પણ તે અમાપના અમાપ જ રહે છે. ૧૫. વીજળીના ઝબકારા જેવું ચંચળ આયુષ્ય છે. તેમાં કહી કહીને કેટલું કહી શકાય ? જ્યાં સુધી શ્વાસનો

અંત ન આવ્યો ત્યાં સુધી કહેવાના હતા તે બધાય ચરિત્રો તે કહેનારાઓ કહેતા રહ્યા છે તોય પાર આવ્યો નથી. ૧૬.

શ્રીહરિનાં ચરિત્રોને કહેવા માટે તો ઘણા મોટા મોટા કવિઓએ કવિતાની (ગ્રંથની) શરૂઆત કરી, પરંતુ ભગવાનની ઈચ્છા હતી તેટલું તેઓ દોડ્યા, એટલે કે એટલું જ લખી શક્યા. પણ તે ચરિત્રોમાં જ લીન (પૂર્ણ) થઈ ગયા એટલે કે ચરિત્રો લખતાં જ ધામમાં ગયા. ૧૭. હું પણ જ્યાં સુધી શ્રીહરિ ચાલવા દેશે, ત્યાં સુધી આ ચરિત્રોને લખવાનું કામ ચલાવીશ. કેમજે, તેમાં આપણી કોઈ ઈચ્છા કામ લાગતી નથી. શ્રીહરિની ઈચ્છા જ તેમાં બળવાન રહે છે. ૧૮. હું તો આવું જાણીને આ **'હરિચરિત્રામૃતસાગર'** ગ્રંથ લખી રહ્યો છું. હે ભગવાન ! આપ જેટલી આપની ઈચ્છા હોય તેટલું મારી પાસે લખાવજો.

હવે ચાલું કથા કહું છું. લીંબડાની નીચે ચોતરો હતો અને તેનાં ઉપર પાટ મૂકેલી હતી. એટલે જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ આવીને પાટ ઉપર બેઠા. સંતો હાથ મુખ ધોઈને જ્યારે શ્રીહરિ પાસે બેઠા ત્યારે શ્રીહરિ આનંદ ઉલ્લાસથી ચાલતા થયા. ૧૯-૨૦. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. શ્રીહરિને અને સંતોને ચંદન ચરચ્યું હતું. બધા ફૂલના હારથી ઢંકાઈ ગયા હતા. તેમાં શ્રીહરિની શોભા તો વિશેષ હતી. ૨૧. શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ અને નૂપુર પહેર્યાં હતાં. તેનું ચિંતવન લોકોના ચિત્તને ચોરી લેતું હતું. શ્રીહરિ જેના તરફ નજર ભરીને દેખતા હતા, તેના નાડી અને પ્રાણ ખેંચાઈ જતા હતા. ૨૨.

શ્રીહરિ ચાલતાં ચાલતાં જ્યારે ગામને દરવાજે આવ્યા ત્યારે માથા ઉપર પાણી ભરેલા બબ્બે ઠામ મૂકીને દસ વીશ પાણિયારી સ્ત્રીઓ સામે મળી. તેમને દેખીને શ્રીહરિ બોલ્યા, 'તમે સહુ માથા ઉપર પાણી ભરેલા ઠામ લઈને આવો છો અને તમારામાંથી કોઈએ હાથ પણ લગાડ્યો નથી. આવી કળા તમે કઈ રીતે શીખી છે ? તે જેમ હોય તેમ વાત અમને કહો.' ૨૩-૨૪. ત્યારે તે સ્ત્રીઓ બોલી, 'સીતાજીના હુકમથી મહાવીર હનુમાનજી અમારા ઠામને અધ્ધર રાખે છે.' ૨૫. તે સાંભળીને શ્રીહરિ હસ્યા અને કહ્યું, 'આ વાત તમે હવામાં અદ્ધર બનાવી નાંખી છે પણ જ્યારે હનુમાનજી ક્યારેક ખેલ કરે ત્યારે તમારી ગતિ કેવી થાય ?' ૨૬.

આવું બોલીને શ્રીહરિ તો આગળ ચાલતા થયા. થોડાક જ દૂર જઈને શ્રીહરિએ ઐશ્વર્યથી તે સ્ત્રીઓના માથા ઉપરથી તે ઠામોને તરત પાડ્યા અને બધાં ઠામ ફૂટી ગયા. ૨૭. બધા વસ્ત્ર પલળી ગયા અને તે સ્ત્રીઓ પોતપોતાને ઘેર ગઈ. હોળીનો તે દિવસ હતો. તેથી ગામ લોકો બોલ્યા, બરાબર થયું છે. ૨૮. સ્ત્રીઓનાં માથા ઉપર રહેલા ઠામ આ રીતે ક્યારેય ફૂટે નહિ. તે દિવસે જ એ ફૂટ્યા. કાંઈ ભૂલ થઈ હોય તો એકના જ ઠામ ફૂટે, બધાનાં ઠામ આ રીતે એક સામટા ન ફૂટે. ૨૯. તે સ્ત્રીઓએ શ્રીહરિની અને સંતોની મર્યાદા ન રાખી. એક પછી એક એમ બધી સ્ત્રીઓ સામે ચાલી આવી. પછી તો કોઈ એક મર્યાદારૂપ પુરુષ છે તેણે બધી સ્ત્રીઓનાં ઠામ ફોડી નાખ્યા. ૩૦. ગામના લોકો જ્યારે આવી વાતો કરતા હતા ત્યારે સ્ત્રીઓના મનમાં પણ ઘણો શોક થયો. પણ તે પછીના દિવસોમાં ગામની સ્ત્રીઓ જ્યારે પાણી ભરીને આવતી હોય અને સામેથી શ્રીહરિ અથવા સંતો આવતા દેખાય ત્યારે તે સ્ત્રીઓ બજારમાં એક કોરે ઊભી થઈ રહેતી હતી.

પછી શ્રીહરિ મહોલમાં આવ્યા અને થોડીવાર પોઢી ગયા. ૩૧-૩૨. મહોલની વચ્ચેના જે બે ખંડ છે તેમાં દક્ષિણ તરફના ખંડમાં શ્રીહરિ પોઢતા હતા. ઉત્તર તરફના ખંડમાં પાર્ષદો રહેતા. જે કાયમ શ્રીહરિની સેવા કરતા. ૩૩. ત્યાં જે નવરંગ-મોહક પલંગ બિછાવ્યો હતો તેના ઉપર શ્રીહરિ પોઢતા હતા. ત્યાં દક્ષિણ દિશામાં અને પશ્ચિમ દિશામાં બે ગોખ હતા. ક્યારેક શ્રીહરિ આવીને તે ગોખમાં બેસતા હતા. ૩૪. તે ગોખમાં ક્યારેક બેસીને ફૂલના હારને વારે વારે લેતા હતા. કેમ જે, પોતાને ગામથી ભક્તો દર્શન કરવા આવતા ત્યારે ફૂલના હાર લઈને આવતા. ૩૫. મધ્યાહ્ન (બપોર) નમી ગયા, બે ઘડી ગઈ ત્યારે શ્રીહરિ નાહવા ચાલ્યા. મહોલને નીચલે માળે જે ઉત્તર તરફનો ભાગ કહેવાય છે, ૩૬. ત્યાં મહોલના અધવચ્ચેના ભાગમાં સુંદર કઠોડો છે ત્યાં થોડીવાર બેઠા. તળાવ બધું પાણીથી ભર્યું હતું. ૩૭.

વિપ્ર આશારામને શ્રીહરિએ બોલાવીને પૂછ્યું, 'અહીંયાં પાણી કેટલું ઊંડું છે ? અમે તળાવમાં નાહવા જાઈએ ?' ૩૮. ત્યારે તે વિપ્રે હાથ જોડીને કહ્યું, 'પહેલા હું જઈને જોઈ આવું. પછી આપ નહાઓ, એમ કરવું તે ઠીક છે. ૩૯.

પાણી માપવાની દોરી લાવો, અહીંયાં રહીને જ જોઈ લઈએ.' ત્યારે કોઈ ભક્ત તરત જ દોરી લઈ આવ્યા. હરખથી પાણી માપીને જોયું. ૪૦. તળાવમાં બે માથોડા પાણી ઊંડું હતું. ઉપર કાંઈક લીલ છવાઈ ગઈ હતી. શ્રીહરિ ઊભા થયા. કછોટો વાળ્યો, કાળીયનાગનું દમન કરવાનું હોય તેમ ચાલ્યા. ૪૧. શ્રીહરિ તળાવમાં કૂદી પડ્યા. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. જેટલા સંતો ત્યાં હતા તે બધા તળાવમાં ઊતરીને સ્નાન કરવા લાગ્યા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ સંતોના મંદિરમાં થાળ જમીને મહેલમાં પધાર્યા' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર આઠમું : તરંગ - ૧૨

શ્રીહરિએ દેવ સરોવરમાં સ્નાન કર્યું તથા મહેલ પાસે સભા કરી

શ્રીહરિ ક્યાંય નદી કે સરોવરમાં ઝાઝું પાણી દેખે ત્યારે સમયને અનુસારે તેમાં સ્નાન અવશ્ય કરતા હતા. ૧. શ્રીહરિ તળાવમાં નહાતા હતા ત્યારે બધા હરિભક્તો પણ જઈને આનંદથી નહાવા લાગ્યા. ૨. ત્યારે શ્રીહરિ સહુને સાવધાન કરવા તાળી પાડીને બોલ્યા, 'આજ હુતાશનીનો દિવસ છે, સહુ વિચારીને સ્નાન કરજો. ૩. અમારી દેખાદેખીએ આવીને કોઈએ નહાવું નહિ. અસંખ્ય લોકો ભેળા થયા છે, તેમાંથી કોઈ ડૂબી જાય તો તેની ખબર પણ નહિ પડે. ૪. હું સંતોને અને હરિભક્તોને સહુને કહું છું. સહુ મારું કહેવું સાંભળો. બાળકો, વૃદ્ધો, યુવાનો, બધા જ નરનારીઓ સહુ વિચારીને અત્યારે તળાવને કાંઠે રહી સ્નાન કરો. ૫.

કોઈ ડૂબી જાય તો તે મરી જાય, એવો ભય સહુએ રાખવો. વગર વિચારે કોઈ પગલું ભરવું નહિ, અમને નાહવાનો ઉમંગ તો ઘણો છે, પણ કોઈ પાણીમાં ડૂબીને મરી જાય, એવો ડર વારંવાર રહ્યા કરે છે. ૬. બધા લોકો જ્યારે હેમખેમ પાણી બહાર નીકળે ત્યારે અમારું દિલ ખુશ થાય. તમે બધા ઢીંચણ સુધીનાં પાણીમાં નહાઓ. જેમાં કાંઈ વિઘ્ન આવે નહિ. ૭.

કોઈ વિઘ્ન આવે નહિ, એમ કામ કરવું, અમને વિઘ્નનો ડર ઘણો રહે છે. વિઘ્ન થાય એવું કોઈ કામ ભૂલથી પણ ક્યારેય કરતા નથી. ૮. જ્યારે કાંઈ વિઘ્ન આવે છે ત્યારે અમારું મન ઉદાસ થઈ જાય છે. જ્યારે કોઈ વિઘ્ન થાય ત્યારે અમારો બધો જ ઉત્સાહ નષ્ટ થઈ જાય છે. ૯.

ચોપાઈ :

विघन होय एसो काज हि जोउ, आगे से हम करत न कोउ;
तामें विघ्न जो आवे कबहु, धिरज रखि सहन करत सबहु...१०

જેમાં વિઘ્ન થઈ શકતું હોય તેવું કામ અમે ક્યારેય પહેલાથી જ કરતા નથી અને કદાચ તેમાં કોઈ વિઘ્નો આવે તો ધીરજ રાખીને તે સર્વે સહન કરીએ છીએ. ૧૦. શ્રીરામચંદ્રજી અને શ્રીકૃષ્ણજી ભગવાન હતા, તેમાં કોઈ સંશય નથી. તેમનાં વચનથી જ અનંત કોટી બ્રહ્માંડોની રચના થાય છે. ૧૧. જેમનું નામ એકવાર પણ લીધું હોય તો તેને દરવાજે જમદૂત પણ આવી શકતા નથી. આવો પ્રતાપ તે પરમેશ્વરનો છે. તેમને ત્યાં વિઘ્ન કરવા કોઈ આવી શકે ? ૧૨.

दोहा : समर्थ होई किये सहन तेहि, सब नाडि जाके हाथ;
समर्थ होई करना सहन हि, तेहि कर सबके नाथ...१३

જેના હાથમાં આખા જગતના નાડી પ્રાણ છે, એવા તે પ્રભુ સમર્થ હતા, તો પણ તેમને સહન કરવું પડ્યું છે. તે પરમાત્મા સમર્થ થઈને પણ બધું સહન કરે છે, એટલા માટે જ તેમને સહુના નાથ-જગન્નાથ કહેવાય છે. ૧૩. તે વાત સાંભળીને જેમ શ્રીહરિએ કહ્યું તેમ જ તે સમયે સહુ હરિભક્તોએ કર્યું. તળાવમાં કાંઠે પાણીમાં બેસીને સહુ મુખથી ભજન કરતા હતા. ૧૪. સંતો તળાવને કાંઠે બેસીને વસંતના અને ધુમારના પદોને ગાતા હતા. શ્રીહરિ તો તળાવની વચ્ચે પાણીમાં જઈને આનંદથી નાહતા હતા. ૧૫.

ભાઈ રામદાસજીસ્વામી અને મુક્તાનંદસ્વામી, એ બંને મોટા મોટા તુંબડાને તરવા માટે આધાર રાખીને શ્રીહરિની પાસે રહ્યા હતા. ૧૬. શ્રીહરિએ આ રીતે તળાવમાં જળક્રીડા ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી કરી. તળાવની ચારે બાજુએ દર્શન કરવા માટે હરિભક્તોની ઘણી જ ભીડ થઈ

હતી.૧૭. કેટલાક ઊભા હતા અને કેટલાક બેઠા હતા. પૂર્વ કિનારા તરફ સ્ત્રીઓ ઊભી હતી. શ્રીહરિ જ્યારે પાણીમાં ડૂબકી મારતા હતા ત્યારે ઘણીવારે પાણીમાંથી મુખ બહાર કાઢતા હતા. ૧૮. ભાઈ રામદાસજીસ્વામી બોલ્યા, 'હવે તળાવમાંથી બહાર નીકળીએ, થાક લાગી જશે. વિચાર કરીને નહાવું જોઈએ. હજી આવતી કાલે ફૂલદોલનો ઉત્સવ કરવાનો છે અને મન માન્યો રંગ ઉડાડવાનો છે. ૧૯. થાક લાગશે તો તે કેમ ઊતરશે ? મને તો એટલો વિચાર રહ્યા કરે છે. એટલા માટે હાથ જોડીને કહું છું કે આપે આજ થોડીવાર જ નાહવું જોઈએ.' ૨૦.

પછી શ્રીહરિએ પાણીમાંથી બહાર નીકળી શરીર લૂછીને કોરું કર્યું અને સારા વસ્ત્ર પહેર્યાં. શ્યામ સુંદર શ્રીહરિ મહોલથી દક્ષિણ પશ્ચિમ કાંઠા તરફ તળાવમાંથી બહાર નીકળ્યા. ૨૧. તળાવને કાંઠે જે લોકો બેઠા હતા તે બધા "જય જયકાર" બોલતા હતા. પછી શ્રીહરિ જ્યારે તળાવથી બહાર આવ્યા ત્યારે સહુ હરિભક્તોએ સ્નાન કર્યું. ૨૨.

✵ પ્રગટ શ્રીહરિ તથા સંતના મહિમાની અધિકતા :

चोपाई :

तदपि शास्त्र को श्रवन जाकुं, कछुक समझेमें आवे वाकुं;
प्रोक्ष में माहात्म जितना रहावे, प्रत्यक्ष में जो इतना आवे...२४

શ્રીહરિની અને સંતોની સાથે સ્નાન કરવા જેવું તો બીજું કોઈ મોટું ભાગ્ય ન કહેવાય. શાસ્ત્રો પરાત્પર પરમાત્માનું અપાર માહાત્મ્ય કહે છે, પરંતુ તે હરિ જ્યારે મનુષ્યરૂપે પ્રકટ થઈને મળે છે ત્યારે લગાર માહાત્મ્ય રહેતું નથી. ૨૩. તેમ છતાં જેને શાસ્ત્ર શ્રવણનો અભ્યાસ હોય તેને કાંઈક તો સમજ્યામાં આવે છે. પરોક્ષનું જેવું માહાત્મ્ય જીવને મનાય છે એટલું પ્રત્યક્ષમાં જો મનાય, ૨૪.

दोहा : साधन मात्र ताहिके, पुरे भयेउ तत्काल;
उपरांत रह्यो न करनो, जेहि मिले धर्म लाल...२५
प्रत्यक्ष कहे सो करना, इतनो करनो रहाय;
इतनो न करे जेहि नर, सत्संग न रहे ताय...२६

તો તેના સાધનમાત્ર તત્કાળ જ પૂરા થઈ ગયા. તે ઉપરાંત તેને હવે કાંઈ કરવું રહ્યું નથી. કેમ જે, એને પ્રકટ ધર્મપુત્ર ભગવાન મળી ગયા છે. ૨૫. પછી તો તેણે એટલું જ કરવાનું રહે છે કે, એને પ્રત્યક્ષ ભગવાન જેટલું કરવાનું કહે તેમ કરવું. પરંતુ બીજું કાંઈ કરવાનું રહેતું નથી. એ ખરી રહસ્ય વાત છે અને જે મનુષ્ય એટલું પણ કરી શકતો નથી તેને સત્સંગ નહીં રહે એમ કહી શકાય છે. ૨૬.

ગંગાદાસ, ભિખારીદાસ અને કાકુભાઈ, તેમણે શ્રીહરિને ફૂલવાડીમાં પધરાવ્યા. બોરસડીના ઝાડ નીચે છાયામાં શ્રીહરિ બેઠા. તે પાટીદારોએ ફૂલવાડી શ્રીહરિને પ્રેમથી કૃષ્ણાર્પણ કરી દીધી. ૨૭-૨૮. તેનું લખાણ (દસ્તાવેજ) કરીને શ્રીહરિના હાથમાં આપ્યું અને ચરણકમળમાં તે સહુએ મસ્તક નમાવ્યા. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમે સહુએ અમને અહીંયાં સહુ પહેલા જમીનદાર કરી દીધા છે. ૨૯. આ વાડીમાં જે વસ્તુ ઉત્પન્ન થશે તે સંતોના ઉપયોગમાં આવશે. હવે કોઈ સંત સાજા-માંદા થાશે તો તેમને અમે અહીંયા સાજા થાય ત્યાં સુધી કાયમ રાખશું. ૩૦.

ફળફૂલ અને શાકભાજી, આમાં ઘણા થાશે. માંદા સાધુઓનો નિર્વાહ આનાથી થાશે. રાતદિવસની આની દેખભાળ રાખે, ખેતીમાં કાંઈ કસર ન રાખે એવો કોઈ ખેડૂત હોવો જોઈએ. ૩૧. જેને સંતોના ઉપર હેત હોય અને વાડીને જે બગડવા ન દે, એવા ખેડૂતને ખેતી કરવા આ વાડી આપવી.' ૩૨. આટલી વાત ત્યાં કરીને શ્રીહરિ તત્કાળ ઊભા થયા અને મહોલની જગ્યામાં આવ્યા. ત્યાં આસોપાલવ નીચે બેઠક કરાવી. ૩૩. ચોતરાની ઉપર પલંગ બિછાવ્યો. ત્યાં આવીને પલંગ ઉપર શ્રીહરિ હરખથી બેઠા. બધા સંતો આવીને બેઠા અને વસંત તથા હોરીના પદ ગાવા લાગ્યા. ૩૪. શ્રીહરિએ અંગ ઉપર વસંતી વસ્ત્ર પહેર્યાં. મનમોહક અને પ્રિયતમ શ્રીહરિ કેસરિયા બની ગયા. જે જે હરિભક્તો કહેવાતા હતા તે બધા થાળ ભરી ભરીને ગુલાલ લાવ્યા હતા. ૩૫. જે જે ભક્ત ગુલાલનો થાળ લઈને આવતા તેને શ્રીહરિ તરત જ પોતાના હાથમાં લઈને ઉડાડી નાખતા હતા.

તે સમયની બધી સભા લાલ લાલ થઈ ગઈ અને લાલ થઈ ગયેલી ભૂમિ પણ શોભવા લાગી હતી. ૩૬. આખો મહોલ લાલ થઈ ગયો. એટલો ગુલાલ ઉડાડ્યો કે બધા વૃક્ષો અને પંખીઓ પણ લાલ લાલ થઈ ગયા. ૩૭. લાલ કમળનું સરોવર જે રીતે શોભે તે રીતે બધી સભા શોભતી હતી અને તેને દેખીને લોકોને પ્રેમભાવ ઉત્પન્ન થાતો હતો. ૩૮.

सोरठा : हरि संत अरु हरिजन, ताकी सभा नहीं लोक कोउ;
हरि को जिहाँ विचरन, अहुनिश सभा होत तिहाँ...३९
जाको पुन्य अपार, सो बेसत यह सभा महिं;
भव ब्रह्मा इंद्र उचार, कहत रहत सो वेर वेर...४०

શ્રીહરિ, સંતો અને હરિભક્તોની સભા જેવી સભા બીજા કોઈ લોકમાં હતી નહીં. શ્રીહરિ જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં અહોનિશ આવી દિવ્ય સભા થાતી હતી. ૩૯. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવો વારંવાર કહે છે કે જેને આ સભામાં બેસવાનું મળે છે તેનાં પુણ્યનો તો કોઈ પાર જ નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિએ દેવ સરોવરમાં સ્નાન કર્યું તથા મહેલ પાસે સભા કરી' એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર આઠમું : તરંગ - ૧૩

શ્રીહરિએ વિવિધ નામની ધૂન બોલાવી અને ભક્તોને સમજણ આપી

શ્રીહરિ જ્યારે પલંગ ઉપર બેઠા ત્યારે સંધ્યા સમય થઈ ગયો હતો. અપાર મશાલો થઈ અને વિશાળ સભા ભરાણી. ૧. જે કોઈ લોકો સભાને દેખે તેમને અપાર આશ્ચર્ય થાતું હતું. શ્રીહરિ સિવાય બીજી કોઈ વાત જ ત્યાં બોલાતી ન હતી. ૨. મંડપના થાંભલાઓનો તો કોઈ પાર ન હતો. મંડપને વિચિત્ર રીતે શણગાર્યો હતો. બિલોરી કાચનાં વિચિત્ર ઝાડ અપાર પ્રકટાવ્યાં હતાં. ૩. મહોલમાં પણ તેવા ઝાડ પ્રકટાવ્યાં હતાં.

શ્રીહરિ ઊભા થઈને ધૂન બોલાવવા લાગ્યા. ત્યારે બધી સભા પણ ઊભી થઈ ગઈ અને સૌ ધૂન બોલવા લાગ્યા. ૪. શ્રીહરિ ધૂનમાં હાથથી

તાળી પાડતા ત્યારે બધા હરિભક્તો અને સંતો પણ તેમજ તાળી પાડવા લાગ્યા. તેની અદ્‌ભુત શોભા બની હતી. ૫. શ્રીહરિ, "રામકૃષ્ણ ગોવિંદ, જય જય હરિ" એમ બોલતા. "નારાયણ હરે હરે" એમ પણ સુમધુર સ્વરે ગાતા હતા. ૬. "માધવ મુકુંદ" "વૃંદાવનચંદ" "સ્વામિનારાયણ સર્વસુખકંદ" "નરનારાયણ નવલવિહારી" "ગોલોકમાં દિવ્ય સ્વરૂપે રહેલા, ૭. ગોકુળ-વૃંદાવન ધામમાં રહેનારા, નંદજીને પૂર્ણકામ કરનારા, "ગોવાળો, ગોપીઓ અને ગાયોને નિત્ય અનંત આનંદ આપનારા. ૮. જે વખતે જે જે વિઘ્ન આવ્યા તેમાં સ્વયં રક્ષક થયા હતા. પાંડવોને સહાયતા બહુ કરી, અનંત વિઘ્નોથી તેમને બચાવ્યા. ૯.

યાદવોનો ઉદ્ધાર કર્યો, કૌરવોનો સંહાર કર્યો, આવી રીતે ધૂન વગેરેમાં ભગવાને જે જે અવતારમાં જે જે ચરિત્રો કર્યાં હોય, ૧૦. તેને દિવ્ય સમજીને જે ગાય છે તેને ભગવાન જમપુરીથી બચાવી લે છે. કેમ જે, જમપુરીમાંથી ઉદ્ધાર કરવા માટે તો અનંત અવતારોનાં ચરિત્ર કહ્યાં હોય છે. ૧૧. (આટલા માટે જ શ્રીહરિ વિવિધ ઐશ્વર્ય પ્રતાપપૂર્ણ ચરિત્રોને અને નામોને ધૂનમાં બોલતા હતા.) એક જાતના ભોજનથીએ ભૂખ તો ટળી શકે છે, તેમાં કાંઈ કસર રહેતી નથી. છતાં જુદા જુદા સ્વાદવાળા ભોજન બનાવાય છે અને લેવાય છે. તેના ગુણ પણ ઘણા અલગ પ્રકારના હોય છે. (તેમ એક જ નામ-ચરિત્રથી પણ કલ્યાણ તો થઈ શકે છે, પરંતુ સર્વે અવતારોના નામ-ચરિત્રોના ગુણોનો સ્વાદ કાંઈક ઓર જ હોય છે.) ૧૨.

જેવું ભોજન, તેવાં તેમાં સ્વાદ, અને તેવો તેમાં ગુણ, એટલા માટે જ ભોજન વિવિધ ભાતનાં બનાવાય છે. ૧૩. તાજા અને તરત બનાવેલા ભોજનમાં જેવો સ્વાદ આવે છે તેવો બીજામાં આવતો નથી. તેમ અવતારોની બાબતમાં તેવી રીતે દેખાય છે. આમ, સર્વે અવતારોના અવતારી એવા પ્રકટ શ્રીહરિનું મહત્ત્વ સમજવું. ૧૪. અવતારોમાં કાંઈ ભેદ નથી પણ ચરિત્રોમાં બહુ ભેદ રહ્યા છે, તેવું પુરાણોમાં છે. એટલા માટે જ વેદો 'નેતિ નેતિ' કહે છે. ૧૫. જેને જે અવતારનો યોગ થયો હોય તેને માટે તે સર્વોપરિ છે. પતિવ્રતા નારીને જેમ એના પતિનો જ પક્ષ રહે છે તેમ તેવી ટેકવાળા

ભક્તને પણ પોતાને મળેલા જે ઈષ્ટદેવ હોય તેનો જ પક્ષ રહે છે. આવો જ લૌકિક-અલૌકિક નિર્ધાર જણાય છે. ૧૬.

❋ મોક્ષ માટે પ્રગટની મહત્તા :

એકની એક વાત હોય તોપણ તેમાં દેખનારાના અને સાંભળનારાના ભેદે દેખવામાં અને સાંભળવામાં ઘણા જ ભેદ રહે છે. સારી રીતે દેખી-વિચારીને સત્ય જાણવું જોઈએ. ખરા પરીક્ષક વિના પારખી શકાતું નથી. ૧૭. જે સહુના પરીક્ષક અને સાક્ષી છે, તેને ઓળખનારા તો બહુ થોડા મનુષ્યો હોય છે. જેમ કે, હીરો હીરાથી જ વિંધાય છે. બીજા કરોડ ઉપાય કરે તો પણ કામ થાય નહિ. તેમ તેવા ઉચ્ચકોટીના ભક્તો જ ભગવાનના અવતારને ઓળખે છે. અથવા હીરો હીરાથી વેંધાય છે તેમ ભગવાન વતે જ ભગવાન ઓળખાય છે. ૧૮.

चोपाई :

श्रीहरि होवत प्रगट जबहि, आप दिये ज्ञान मनात तबहि;
ओर जन देवे ज्ञान हि जेहु, आप गुन तामें लावे तेहु...१९

જ્યારે શ્રીહરિ પ્રત્યક્ષ પ્રમાણ પ્રકટ્યા હોય અને તેઓ પોતાના સ્વરૂપનું સનાતન જ્ઞાન જ્યારે આપે છે ત્યારે તે મનાય છે અને જે બીજા જ્ઞાન આપે છે, તેમાં તો તેઓ પોતાના ગુણ ભેળવી દે છે. તેથી મનાતું નથી. ૧૯. દર્પણના જેવી જે સ્પષ્ટ વાત કહેતા હોય તે તેના વર્તનમાં દેખાય છે. પોતે ભગવાનનો મહિમા જે રીતે સમજતા હોય તે રીતે તે સર્વોપરિ માને. ૨૦. બીજા જે ભગવાનનાં સ્વરૂપનો મહિમા કહેતા હોય તેમાં ખામી દેખાડે. તેઓ તો પાતાળથી લઈને અક્ષરપર્યંત સહુમાં ખામી દેખાડતા રહે છે. ૨૧. એવી વાતો તો શ્રીહરિનાં મુખે શોભે. કેમ જે, પોતે સર્વ અવતારોનું કારણ છે, પણ શ્રીહરિની દેખાદેખીથી જે બોલતા હોય છે તેઓ તો અવતારોના ચોર થાય છે. ૨૨. તે સર્વના માલિક પ્રકટ પ્રભુ ભૂમિ ઉપર વિચરે છે. જેના હાથમાં આપણો મોક્ષ છે. તેનાં ચરિત્રો કહેવાને જીવ અધિકારી નથી છતાં તેને ચરિત્રો કહેવાની હોંશ બહુ હોય છે. ૨૩. ભલે, પ્રકટના જેવી વાત કરવી બહુ રસાળ લાગે છે અર્થાત્ બહુ ગમે છે, **પણ પ્રકટ ભગવાન વિના**

તત્કાળ મોક્ષ થતો નથી. આ પ્રકટ સર્વાવતારી શ્રીહરિનાં પ્રાકટ્ય પહેલા બીજા પણ અપાર અવતાર થઈ ગયા છે, તેનો કંઈ પાર આવે તેમ નથી. ૨૪.

दोहा : प्रगट कुं जन माने जबे, तब तेहि प्रसन्न होत;
एसे केना विवेक तेहि, विवेक विन बात विगोत...२५

માણસ જ્યારે પ્રકટ ભગવાનને માને ત્યારે તેઓ ખૂબ પ્રસન્ન થાય છે. એવું કહેવું તે વિવેક છે. અને તમે એમને ન માનશો એમ કહેવું તે અવિવેક છે. વિવેક વિના વાત વગોવાય છે. ૨૫. જેને જે વખતે જે અવતારનો જોગ થયો હોય, તે અવતારના ચરિત્રો સમજવા અને તે બધાં ગાન કરવા યોગ્ય છે. તેમ જાણી ગાઈએ તો સહુને પ્રકટ સર્વાવતારી શ્રીહરિમાં તાન થાય છે. ૨૬.

सोरठा : उपासना जाकु जेह, भगवान के अवतारहु कि;
प्रतिपादन करना तेह, प्रगट पर भाव सो करे तबे...२७
ओरकुं रखियें सत, आपकुं माने सत तबे;
ओरकुं कैये असत, तब सो कहे असत कर...२८

જે ભક્તને ભગવાનના જે અવતારની ઉપાસના હોય તેનું પણ આપણે પ્રતિપાદન કરવું અને તે પછી જ તે ભક્ત પ્રકટ શ્રીહરિનાં સ્વરૂપમાં ઉત્તમ ભાવના કરે. ૨૭. બીજાને તમે માન આપીને તેના મંતવ્યને સાચું કહેશો તો તે આપણું પણ સાચું માનશે. જો તમે બીજાને અસત્ય કહેશો તો તેઓ તમારું પણ અસત્ય કહેશે. ૨૮. કોઈ બીજાને પૂજ્યના રૂપમાં પોતાની વાણીથી કહે તો તે પોતાની વાણી જ પોતાને પૂજાવે છે. દોષ અને ગુણ, બંને વાણીમાં જ રહ્યા છે. તે વિવેકથી તપાસે નહિ, તો દેખાય નહિ. ૨૯.

પોતાની વાણીમાં જે દોષ જેટલો હોય તેને તે જો ઓળખે તો તે તેટલો ઉત્તમ ભક્ત કહેવાય. ભગવાનના અવતારોનાં ચરિત્રોનું જે ખંડન કરે છે તે તો પાકા અસુર છે. ૩૦. જેને ભગવાનના પ્રકટ અવતાર મળ્યા હોય એવા ભક્તો તો અનંત અને અપાર થયા છે. તેની રીત જોઈને ચાલવું. તેના ઉપર પગ દઈને-ઉલ્લંઘીને ચાલવું નહિ. ૩૧. જે અવતારનો જોગ જેને થયો હોય, તેણે તેના ચરિત્રોને દેખ્યા છે અને લખ્યા છે. તેમાં જેને જે અવતારનો જેટલો પ્રતાપ દેખાયો, તેટલો તે પ્રતાપ પ્રેમથી લખ્યો હોય છે. ૩૨.

ભગવાનનાં સ્વરૂપનો પ્રતાપ દેખાયો, જાણ્યો હોય તેને જો ગુપચુપ છુપાવી રાખે અને લખીને પ્રસિદ્ધ ન કરે તો તેને કરોડો બ્રહ્માંડના વિનાશનું અમાપ પાપ દિન પ્રતિદિન લાગે છે. ૩૩. જેને લખતા ન આવડતું હોય તે જો લખે. શાસ્ત્રનાં વચનોનો બાધ આવે તેની ખબર ન પડે અને લખે, નિર્બાધ રીતને ન જાણતા હોય છતાં જે લખે, તેને માથે પણ તેટલું જ કરોડો બ્રહ્માંડોના વિનાશનું પાપ લાગે છે. એટલે જેને લખતા ન આવડતું હોય તેણે તો મુખથી જ ગુણ ગાવા. પરંતુ લખવાનો હરખ રાખવો નહીં. ૩૪.

ચોપાઈ :

मुख से चरित्र को करे गाना, ता उपर रिझत भगवाना;
प्रगट करना गान हि जोउ, सद्य सो मोक्षदायि हे सोउ...३५

જે મુખથી ચરિત્રોને ગાય છે તેના ઉપર પણ ભગવાન રાજી થાય છે. તેમાં એટલો વિશેષ છે કે, પ્રકટ ભગવાનનાં ચરિત્રોનું ગાન તત્કાળ મોક્ષ કરે છે. ૩૫. જો કે, બધા અવતારોના ભક્તને પણ આવું જ તાન હોય છે. કારણ કે, મનુષ્યમાત્રને પોતપોતાના ઘરનું તાન હાલ પણ રહેતું જ હોય છે. ૩૬. અને તે બુદ્ધિશાળી ભક્ત જાણવો કે જે પોતાના ઘર-ઉપાસ્ય-ઈષ્ટદેવ ઉપર તાન રાખે છે, જેને પોતાના ઘર તરફ તાન ન હોય તે તો અંતે હેરાન થાય છે. ૩૭. ત્યાં દષ્ટાંત : જેમ ત્રિશંકુએ પોતાના મૂળ ગુરુને છોડીને બીજા ગુરુ કર્યા, તો તે હજી સુધી અધ્ધર-અધવચ્ચે લટકે છે. તેને આખું જગત જાણે છે. ૩૮. શ્રીહરિએ ધૂન કરી રહ્યા પછી ઉપર કહી તેવી વાત કરી હતી. કારણ કે સભામાં જાતજાતના અને ભાતભાતના લોકો બેઠા હતા. તેના સામે નજર રાખીને તે વાત કહી હતી. ૩૯. સભામાં જે સંતો અને હરિભક્તો બેઠા હતા, તેઓ બધા આવી વાતને સાંભળીને ખૂબ જ રાજી થયા અને પોતાની સમજણમાં જે કાંઈ કસર હતી તે બધી સહજમાં ટળી ગઈ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિએ વિવિધ નામની ધૂન બોલાવી અને ભક્તોને સમજણ આપી' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર આઠમું : તરંગ - ૧૪

શ્રીહરિએ પોતાના તીવ્ર વૈરાગ્યની અને હિમાલય યાત્રાની વાત કહી

જ્યારે અરધી રાત થઈ ત્યારે શ્રીહરિ મહોલમાં પોઢી ગયા. બધા સંતો ધ્યાનમાં બેસી ગયા. સવાર થયું ત્યારે ઊઠ્યા. ૧. સંતો ગુલતાન થઈને સ્વામિનારાયણ ધૂન કરવા લાગ્યા. ત્યારે ધૂન સાંભળવા માટે ભગવાન શ્રીહરિ ઊઠીને ગોખમાં આવીને બેઠા. ૨. જે ધૂન બોલાતી હતી તેમાં જે સંત ધૂન બોલતા નહિ, તેને શ્રીહરિએ ઓળખી લીધા હતા. જ્યારે ધૂન પૂરી થઈ ગઈ ત્યારે શ્રીહરિએ ભાઈ રામદાસજીસ્વામીને કહ્યું. ૩. હું અત્યારે તમને જે પ્રશ્ન કહું છું, તે બધા જ સંતોને પૂછું છું. એમ જાણવું. તેનો ઉત્તર તમારે સહુએ વિચાર કરીને આપવાનો છે. ૪.

❋ શ્રીહરિ અને હરિનામની એકતા :

चोपाई :

हरि के नाम प्रसिद्ध हि जेते, धुनि में हम गुंथे हे तेते;
गुंथे विन गान में न आवे, गान करेसे प्रीत उपजावे...०५
हरि के नाम में हरि के स्थाना, मूर्त्तिमान हि आत देखाना;
नाम विन मूर्ति स्थान चरीता, देखे में आवे किस रीता...०६

ભગવાનનાં જે પ્રસિદ્ધ નામ છે, તેને અમે ધૂનમાં બરાબર ગૂંથી લીધાં છે. ગૂંથ્યા વિના તે ગાવામાં આવે નહીં. ગાવાથી તેમાં પ્રેમ ઊપજે છે. ૫. ભગવાનનાં નામમાં ભગવાનનું સ્થાન મૂર્તિમાન આવતું હોય તેમ દેખાય છે. નામ વિના ભગવાનની મૂર્તિ, તે તે સ્થાન અને ચરિત્ર કઈ રીતે દેખી શકાય ? ૬.

નામ બોલ્યા સિવાય મૂર્તિમાન ભગવાનનું ધ્યાન કેમ થઈ શકે ? નામ બોલવાથી નુકશાન શું થાય છે ? ન બોલવાથી લાભ કેટલો થાય છે ? ૭. તમે સહુ પોતપોતાનું જે મંતવ્ય હોય, તે કહેજો. નહિ કહો તો મને ચેન નહિ પડે. વધારે લાભ લેવા માટે તો તમે સુખ સગવડભર્યું ઘર છોડીને આવ્યા છો. ૮. જેને નામ લેવાનો ખપ નથી અથવા જે લોકલાજથી નામ લે છે તેને અંતે ઘણું નુકશાન થવાનું છે. જે ત્યાગી થઈને સુખે સૂતા રહે, તો તેને

ફરીને સંસારમાં રાગ ઉત્પન્ન થશે. ૯. જે લાભ માનતા હોય છે તે લાભ ઉઠાવતા હોય છે. સંત તો પ્રેમથી તે લાભ ઉઠાવતા હોય છે. જે ભગવાનનું ભજન કરવા આવ્યા હોય અને પછી તેને ભજન કરવામાં નુકશાન મનાય છે. ૧૦. સત્સંગમાં આગળ વધીએ આવા આશયથી આવ્યા હોય અને પછી તેણે ઘટવાનો આરંભ કર્યો હોય તેવું જણાય છે. તે કઈ રીતે સમજે છે ? અને તેને શું કહેવું ? સત્સંગની લાજ-મર્યાદા તો તજી દીધી હોય છે. ૧૧.

दोष आवत बडे संत कुं जबहु, भ्रष्ट मति हो जात हे तबहु;
कोउ संत को न गमत स्वभावा, रात दिन बोलत अभावा...१२

જ્યારે મોટા સંતમાં દોષ સૂઝે, અવગુણ આવે, ત્યારે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. પછી તેને કોઈ સંતનો સ્વભાવ ગમતો નથી. રાત દિવસ અભાવની જ વાત કરતો રહે છે. ૧૨.

તોય મનમાં શાંતિ પામતો નથી. તે એવો અપરાધી થઈ જાય છે. સંતો તેનું રક્ષણ કરતા હોય છે તો પણ તેને પાપનો વ્યાધિ (રોગ) વધતો જ જાય છે. ૧૩. અંત્યે તે વિમુખ થઈ જાય છે. અને જગતમાં તે ફજેત થઈ જાય છે. બીજા કોઈ લોકો તેને આદર દેતા નથી, તેથી તે મનમાં દુઃખી થઈને મરે છે. ૧૪. જો કે તેણે થોડા દિવસ સત્સંગ તો કર્યો હતો પણ છેલ્લે તેની ગતિ કેવી થાય ? આ મારા પ્રશ્નનો ઉત્તર પોતાનું ખોટું ડહાપણ છોડી દઈને શુદ્ધ બુદ્ધિથી કરો. ૧૫. જ્યારે મન બદલાઈ જાય ત્યારે તમારું પણ ઠેકાણું રહે નહિ. પોતાને અને બીજાને એક સમાન ગણીને મારા પ્રશ્ન નો ઉત્તર કરો. ૧૬. પૂર્વે મોટા મોટા ઋષિઓ થઈ ગયા છે. સ્મૃતિગ્રંથ લખનારા પણ એવા જ હતા. જ્યારે મન બદલાઈ ગયું ત્યારે એકદમ જુદા જ થઈ ગયા હતા. કોઈની એક સ્થિતિનું ઠેકાણું રહ્યું ન હતું. ૧૭.

हरि अग्या को करत हे भंगा, तेहि कर बदल जात हे अंगा;
संत को अभाव लेत तेहि करीके, सत्संग में सो टके न फरिके...१८

ભગવાનની આજ્ઞાનો લોપ થાય એટલે પછી અંગ બદલાઈ જાય છે. પછી તે સંતોનો અભાવ-અવગુણ લેવા માંડે છે અને તેથી ફરીને સત્સંગમાં તે ટકી શકતો નથી. ૧૮.

❋ સદ્.શ્રીમુક્તાનંદસ્વામીની સાધુતા :

खपवंत निज भुल विचारे, संतकुं नमि देत तेहि वारे;
संतकुं नमे वारमवारा, खप अंतर में होय जो लगारा...१९

જેને ખપ હોય છે તે પોતાની ભૂલનો વિચાર કરે છે અને તે યોગ્ય સમયે સંતો આગળ નમી જાય છે. હૃદયમાં લગારેક પણ ખપ હોય તો તે સંતો આગળ વારંવાર નમે છે. ૧૯. **રાત દિવસ સંતોની સાથે રહે, પણ જે નમે નહિ, તે કુજાતિ કહેવાય. મુક્તાનંદસ્વામીના સમાન કોઈ સંત નથી. હું તેમને સર્વશ્રેષ્ઠ સાધુ જાણું છું.** ૨૦. તેમનું અંગ માહાત્મ્ય(મહિમા)નું છે. દિન પ્રતિદિન તે મહિમાનું અંગ વધતું જ જાય છે. આપણા સત્સંગમાં જે સંતો અને હરિભક્તો છે તેમને તેઓ પોતાના પરમમિત્ર માને છે. ૨૧.

કોઈનામાં તેમને ન્યૂન અધિક ભાવ હોતો નથી. સહેજે જ એવો તેમનો બળવાન સ્વભાવ છે. પોતાના ઉપર કોઈ ખાર રાખે તો પણ તેઓ સહુનું હિત કરવા તેમના ઉપર પ્રેમ રાખે છે. ૨૨. જેનો જે દોષ હોય તેનું ફળ તેને મળતું હોય છે તેમ સ્વામી પોતે નિરંતર એવો ખ્યાલ રાખતા રહે છે. સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ તેમનું જેવું અંગ બાંધ્યું છે તે અંગનો રંગ નવોને નવો રાખે છે. ૨૩. **અમે જે નિયમ તેમને આપ્યા છે તેને અમારું સ્વરૂપ માનીને તેવાને તેવા નિયમોને પાળતા રહે છે.** તે અંગે મનમાં કાંઈ માન મોટાઈ નથી. માનો તેઓ સત્સંગમાં હમણાં જ ન આવ્યા હોય ! તેમ વર્તે છે. ૨૪.

સંતોના સમાગમ કરવા માટે અમને બહુ જ તાણ થઈ. પછી જ્યારે અયોધ્યામાં રહ્યા ત્યારે સંતોને જ સારરૂપ માન્યા. ૨૫. યોગાભ્યાસ કર્યા વિના વૈરાગ્ય ટકતો નથી. આવી વાત અમે જ્યારે સાંભળી ત્યારે સવારના પહોરમાં જ ઘરનો ત્યાગ કરી દીધો. ૨૬. વિશાળ સરયૂ નદીના પ્રવાહને ઊતરીને અમે ઉત્તર દિશામાં ચાલ્યા. ફરીને ક્યારેય ઘેર આવવું નથી, આવો નક્કી નિર્ધાર કર્યો હતો. ૨૭. માતા અને પિતા, તે બંનેએ તો પહેલા જ દેહત્યાગ કરી દીધો હતો. રામપ્રતાપજી અને ઇચ્છારામજી, એ બે ભાઈ જ હતા. ૨૮. રામપ્રતાપજી મોટા ભાઈ હતા. તેઓ અમને ઘણા લાડ લડાવતા. તેઓ સગાસંબંધમાં જ્યાં જાતા ત્યાં અમને સાથે લઈ જાતા હતા. ૨૯.

ઘણીવાર અમને દેશ-પ્રદેશમાં લઈ ગયા હતા. તેઓ અમારી સંભાળ ખૂબ જ રાખતા. અમારા વિના ક્યારેય જમવા બેસતા નહિ. તેમને એટલો બધો અમારા ઉપર પ્રેમભાવ હતો. ૩૦.

તેઓ જો અમને એક દિવસ પણ ન દેખે, તો એક પલક જેટલા સમયને પણ કલ્પ જેટલો માનતા. અમારા નાના ભાઈ ઈચ્છારામ મહાન્ શાંત સ્વભાવના અને સુખસ્વરૂપ હતા. ૩૧. અમે જ્યારથી બંને ભાઈઓને છોડી દીધા છે, ત્યારથી ફરીને ક્યારેય સંભાર્યા નથી. પ્રથમ અમે હરદ્વાર ગયા. ત્યાં શિવજીનાં દર્શન કર્યાં. ૩૨. ત્યાં ગંગાસ્નાન કરીને ચાલ્યા. નારદના તપોવનમાં આવ્યા. જે વનમાં ધ્રુવજીએ તપ કર્યું હતું તે વન જોયું. જ્યાં કોઈ મનુષ્ય રહેતા જ નહિ. ૩૩. નૈમિષારણ્યના સરોવરમાં સ્નાન કર્યું. વળી ત્યાંથી ફરીને ચાલ્યા. લક્ષ્મણજીના મંદિરે આવ્યા. તેનાં દર્શન કરીને ઘણા રાજી થયા. ૩૪. લક્ષ્મણઝૂલામાં ગંગા પાર કરી. પછી હરખભેર વનમાં ચાલવા માંડ્યા. વન જોઈને મનમાં અત્યંત આનંદ રહેતો. જો શહેર જોઈએ તો તે અમને અતિશય ગંદુ લાગતું હતું. ૩૫.

ઉત્તર દિશામાં ચાલતા ચાલતા અમે હિમાલય પર્વતને દેખ્યો. જ્યાં કેદારનાથનું મંદિર છે, ત્યાં અમે આવ્યા. ૩૬. ત્યાંથી પછી અમે તત્કાળ બદરીનાથ આવ્યા. અન્નકોટનાં દર્શન ત્યાં કર્યાં અને થાળનો પ્રસાદ અમે જમ્યા. ૩૭. અન્નકોટ કરીને તે મંદિરના પટ જ્યારે બંધ થયા અર્થાત્ દર્શન બંધ કરી દીધા ત્યારે તે પૂજારી વર્ણીની સાથે અમે જોશીમઠમાં આવીને કેટલોક સમય રહ્યા. ૩૮. મંદિરથી બાર કોશ જેટલે દૂર નીચેના ભાગમાં તે વર્ણી પૂજારીનો રહેવાનો મઠ હતો. ત્યાં અમે મનમાં વિચાર કર્યો અને બરફથી ઢંકાયેલા હિમાલય તરફ ચાલવા લાગ્યા. ૩૯. સૂર્ય અને હિમાલય, બંને મૂર્તિમાન થઈને કોઈને ખબર ન પડે તેમ અમારી સેવા કરતા રહ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિએ પોતાના તીવ્ર વૈરાગ્યની અને હિમાલય યાત્રાની વાત કહી' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર આઠમું : તરંગ - ૧૫

શ્રીહરિએ બદ્રિકાશ્રમમાં રંગક્રીડાની વાત કરી, પછી થાળ જમીને સહુને પીરસવા લાગ્યા

શ્રીહરિ ફરી આગળની વાત કહેવા લાગ્યા. આ વાત એવી કલ્યાણકારી છે કે, જે સાંભળે છે તેને ક્યારેય જમપુરીમાં જવાનું થતું નથી. ૧. હિમાલયે જઈને નરનારાયણ દેવને અમારા આવવાના સમાચાર કહ્યા. તેથી કેટલાક મુક્તોને સાથે લઈને નર ઋષિ હરખભેર અમારી સન્મુખ આવ્યા. ૨. તેઓ એકદમ અમારી પાસે આવીને અમને હેતથી ભેટ્યા. બીજા જે અપાર મુક્તો હતા તેઓ આવીને અમારા ચરણોમાં પડ્યા. ૩. અમે પણ તેમને સિદ્ધ અને મુક્તો સમજીને હેતથી મળ્યા. જ્યારે અમે નારાયણ ઋષિની પાસે આવ્યા ત્યારે તેઓ અમારી સન્મુખ આવ્યા. ૪.

તત્કાળ જ અમે તેમનાં ચરણકમળોમાં પડ્યા. દયાળુ પ્રભુએ અમારા હાથ પકડ્યા અમને ઊભા કરીને ભેટ્યા. ભગવાન નર અને નારાયણે અમારો એકેક હાથ પકડ્યો અને હેત કરીને બંનેની વચ્ચે રાખ્યા. ૫. અમારો જમણો હાથ નારાયણ ઋષિએ પકડ્યો હતો અને નર ઋષિએ ડાબો હાથ પકડ્યો હતો. પછી તેમણે ઘણા હેતથી અમારા હાથને મુખથી ચુંબન કર્યું. ૬. તે બદરીવન અત્યંત સોહામણું હતું. એવી શોભા ભૂમિ ઉપર ક્યાંય નથી. પશુ, પંખી અને વૃક્ષો માનો બધા દિવ્ય દેહધારી હોય ! એવા લાગતા હતા. ૭.

માયિક પંચવિષયનો એક પણ સંકલ્પ બદરિકાશ્રમમાં થતો નહિ. કારણ કે, ભગવાન નારાયણ ઋષિનો એવો સંકલ્પ છે કે ત્યાં સહુએ ભગવાનની પૂજા-સેવા જ કરવી. ૮. જેના અંતઃકરણમાં જેવો ભાવ હોય તેવા ભગવાન નારાયણને સહુ હૃદયમાં ધારતા. અને વિવિધ પ્રકારે ભાત ભાતની તેમની પૂજા સહુ રાત દિવસ તેવી રીતે કરતા હતા. ૯. અમે ત્યાં હતા ત્યારે ફૂલદોલના ઉત્સવનો સમય આવ્યો. દેવતાઓ વિમાન લઈને આવ્યા હતા. જેનો કોઈ પાર ન હતો. તેઓ વિવિધ પ્રકારનો રંગ લાવ્યા હતા. તેથી અમે નરનારાયણ ભગવાનની સાથે રંગે રમ્યા. ૧૦.

ભગવાન નરનારાયણને અમે રંગી દીધા. કેસરી ચંદન જેવા કરી દીધા. નર ઋષિએ યોગકળાથી વિવિધ પ્રકારનો રંગ બનાવ્યો. ૧૧. તેને નારાયણ ઋષિની પાસે લાવ્યા. રંગ દેખીને તેઓ ઘણા ખુશી થયા. તેમણે અમને કહ્યું, 'જુઓ તો ખરા ! આ રંગ કેવો થયો છે ?' ૧૨. આમ કહીને નરનારાયણ ઋષિએ અમારા ઉપર રંગ નાખ્યો અને બીજા બધા ઋષિઓએ પણ આવીને અમારા ઉપર રંગ નાખ્યો. પછી અમે પણ રંગનો કુંભ લીધો. ૧૩. અમે પણ નરવીર નારાયણની મરજી જોઈને એક એક રંગભરેલો કળશ ઉમંગભેર નરનારાયણ ભગવાનના મસ્તક ઉપર રેડી દીધો. ૧૪. તેમણે અમારા ઉપર ગુલાલ નાખ્યો અને અમે તેમના ઉપર નાખ્યો. સંભાર્યા જેવો એક અલૌકિક ખેલ મચી ગયો. મુનિઓ પણ પરસ્પર રંગ નાખતા હતા. ૧૫.

ગાંધર્વો વિવિધ પ્રકારના વાદ્યો વગાડતાં હતાં. તથા ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવતાઓ રંગના કુંભ ભરીને બધા મુનિઓના ઉપર નાખતા હતા. ૧૬. નરનારાયણ ઋષિને અમારા ઉપર રંગ નાખવાનું ખાસ તાન રહેતું હતું અને તેથી જ મુનિઓને અને દેવતાઓને પણ અમારા ઉપર રંગ નાખવાનું અધિક તાન રહેતું હતું. ૧૭. અમે તેમની મરજી જાણી ગયા હતા. અમે સવારથી જ ભારે રંગે રમ્યા અને રંગભર્યું પાણી પણ ઘણું ઉડાડ્યું. ૧૮. જ્યારે બપોર નમી જવા આવ્યા ત્યારે રંગની રમત બંધ કરી. જઈને માનસરોવરમાં નાહ્યા. બધું સરોવર રંગરંગ કરી દીધું. ૧૯.

દેવાંગનાઓ અને બધા દેવો જે હતા, તે બધા પણ ત્યાં નાહ્યા. આ રીતે સર્વે રંગખેલ કરીને નાયા તેને લઈને બધુ સરોવર રંગ રંગ થઈ ગયું.૨૦. અમે બદરિકાશ્રમમાં છ માસ રહ્યા. ધ્યાન કરવાનો અભ્યાસ ત્યાં શીખ્યા. અમને નારાયણ ઋષિએ હરખાયને કહ્યું, 'યોગના આઠે અંગ તમને આવડશે. અમે આપની મોટાઈને જાણીએ છીએ. હરેક કલ્પમાં અમે અહીંયાં આવીને સુખદ તપ કરીએ છીએ. ૨૧-૨૨ તપને અમે આપનું સ્વરૂપ માનીએ છીએ. તેનાથી અમને અપાર આનંદ રહે છે. આપનો સર્વોપરિ મત જોઈને અમે તપથી વધારે કોઈ આનંદ માનતા નથી. ૨૩. આપ અમને દર્શન દેવા માટે પધાર્યા છો. બધા તીર્થો પણ મનમાં પ્રસન્ન થઈને આપનાં દર્શન ઈચ્છે છે.

પૂર્વ અને દક્ષિણ ભારતમાં યોગ, યજ્ઞ, તપ અને વ્રત કરનારા બધા મુમુક્ષુઓ તથા કેટલાક વન અને વૃક્ષો પણ આપનાં દર્શનની રાહ જુએ છે. ૨૪. રૈવતાચળ (ગિરનાર) દર્શન ચાહે છે અને ઉદ્ધવજી પણ રાત દિવસ આપનું ધ્યાન કરતા રાહ જોઈ રહ્યા છે. કેટલાક ધામના મુક્તો પણ આપનાં દર્શનને ચાહે છે. ૨૫.

પશ્ચિમ ભારતના બધા મુમુક્ષુ લોકો આપના આશ્રિત થશે. આપ તો અક્ષરધામના પતિ છો. તેથી તે સર્વે તમારા અક્ષરધામમાં જાશે. ૨૬. પરમેશ્વરની ઈચ્છાથી ગિરનારના વાયવ્ય કોણથી એક બુદ્ધિશાળી રાજા આવશે. તે સારું રાજ્ય સ્થાપશે. ૨૭. સારા રાજ્ય સિવાય ભૂમિ ઉપર કોઈ હરિભક્ત થઈ શકે નહિ. આપ ત્યાં જાશો ત્યારે તે રાજા આપની ઈચ્છા અનુસાર, ૨૮. ત્યાં જે અસુરો રહ્યા હશે, તેઓ તે રાજાને દેખીને ચૂપચાપ બેસી રહેશે. જે અન્યાય કરશે તે રાજાને હાથે મરશે. ૨૯. હરિભક્ત હોય કે કુસંગી, જે અન્યાયથી રહેશે તેનો તે મિત્ર નહિ થાય. જેનાથી જેટલો અન્યાય થઈ જાશે, તેની પાસે તે અન્યાયને કબૂલ કરાવશે. ૩૦. સિંહ અને બકરી, બધાને સાથે રાખશે. એકબીજાનું કોઈ નામ નહિ લે. જે ન્યાયથી ચાલશે, તેનો તો તે દાસ થઈ જાશે અને જે અન્યાય કરશે તેને માટે તો તે જમદૂતની ફાંસી જેવો હશે. ૩૧. જે મનુષ્ય જેટલો અન્યાય કરશે તેને તેટલો તે દંડ કરશે. જે માણસ જેવો ગુનો કરશે તેને માટે તેવો દંડ લખી રાખશે. ૩૨. જેણે અપરાધ કર્યો હોય તે પોતાને મુખે તે અપરાધને કબૂલ કરે, પછી તેને માથે દંડ ઠેરાવવામાં આવશે. આ વખતે જેવો અવતાર થયો છે તેવો જ તે ઘણો બુદ્ધિશાળી રાજા આવશે. ૩૩.

જ્યોતિષ શાસ્ત્રમાં વરસનો જેવો રાજા હોય તેવો જ બધો સમાજ આવતો હોય છે અને વરસનું ફળ પણ તેવું જ અપાતું હોય છે. અવતારમાં પણ તેવું જ કારણ હોય છે. ૩૩. એટલી વાત અમને નારાયણ ઋષિએ બદ્રિકાશ્રમમાં કહી હતી. અને અત્યારે નારાયણ ઋષિએ જેમ કહ્યું હતું તેમ અમે બધું કરતા રહ્યા છીએ. તે ઋષિએ જેવાં વચન કહ્યાં હતાં, તેવું જ બધું પરિણામ અમે દેખતા આવીએ છીએ. ૩૪. શ્રીહરિએ જેતલપુરમાં

જાગીને ધૂન ન બોલતા સંતો આગળ આટલી વાત કરી. પછી જેતલપુરના દેવસરોવરમાં સ્નાન કરી આવ્યા.

જે ભિખારીદાસ પટેલ હતા તેમણે અહીંયાં સારી રસોઈ કરાવી. ૩૫. વર્ણીએ અપાર પકવાન બનાવ્યા. શ્રીહરિ પ્રેમભાવથી ત્યાં જમવા પધાર્યા. શ્રીહરિ ખૂબ જ ભાવથી જમ્યા. કારણ કે તે હરિભક્ત પણ એવા એકાંતિક ભક્ત હતા. ૩૬. જેતલપુર ગામના બીજા હરિભક્તોએ અનેક પ્રકારે રંગ કર્યો હતો. અને તે રંગના હોજ ભર્યા હતા. રંગે રમવાનો મનમાં ઘણો જ ઉમંગ હતો. ૩૭.

શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે સંતોની પંગત કરાવી. ત્યાં સર્વે ચોકમાં રંગોળી પુરાવી હતી અને કેળના સ્તંભ રોપ્યા હતા. ૩૮. સર્વે દરબારો અને સર્વે પાર્ષદો આવીને બેઠા. તેમને પણ સંતોની સાથે શ્રીહરિએ જેને જેમ ઘટે તેમ જમવા બેસાડ્યા. અને પોતે પીરસવા લાગ્યા. ૩૯. જે પકવાન બનાવ્યાં હતાં તેને શ્રીહરિએ પંગતમાં ફરીને પીરસી દીધાં. તે વખતે પંગતમાં સંતો ધૂનની ધૂમ મચાવી રહ્યા હતા. ત્યારે શ્રીહરિએ સ્વમુખે "વાસુદેવ હરે...!!" એવો જોરથી શબ્દોચ્ચાર કર્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિએ બદ્રિકાશ્રમમાં રંગક્રીડાની વાત કરી, પછી થાળ જમીને સહુને પીરસવા લાગ્યા' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર આઠમું : તરંગ - ૧૬

દેવોએ સંતોના ભાગ્યની પ્રશંસા કરી તથા શ્રીહરિએ રંગક્રીડા કરી

જ્યારે શ્રીહરિ પંગતમાં પીરસી રહ્યા અને "વાસુદેવ હરે" બોલીને સહુને જમવાની આજ્ઞા કરી. તે વેળાએ બધા સંતો તત્પર થઈને જમવા લાગ્યા. ૧. શ્રીહરિએ કહ્યું, સંતો ! ખૂબ જમજો. રંગે રમવાનું છે. ભૂખ્યા રહીએ તો રમાય નહિ. રમતની રંગરેલ કરવી છે. ૨. આવું બોલીને શ્રીહરિએ રાજી થઈને સંતોને જમાડ્યા. શ્રીહરિનાં અમૃત જેવા વચન અનંત આનંદ વધારે છે. ૩.

સંતો ભોજન જમી રહ્યા ત્યારે ભાત પીરસવા લાગ્યા. પછી શ્રીહરિ એક ધારાથી દૂધ અને સાકર પીરસવા લાગ્યા. ૪. દહીં અને દૂધની તો રંગરેલ મચાવી દીધી. પાત્ર ભરાઈને છલકાઈ ગયાં. શ્રીહરિ પ્રસન્ન થઈને પંગતમાં એટલું ફર્યા કે, તે સમયે દેવ સર્વે આકાશમાં આવીને દર્શન કરતા હતા. ૫.

દેવો એવું બોલતા, મુનિઓ ધન્ય ભાગ્યશાળી છે. તેમના ઉપર શ્રીહરિ ઘણીવાર રીઝ્યાં છે. આ વખતે મુનિઓએ બહુ લાભ લીધો છે, પહેલા ક્યારેય આટલો લાભ લીધો હોય તેવું અમે દેખ્યું સાંભળ્યું નથી. ૬. તે દુર્વાસાનો શાપ અમને પણ વારેવારે થાય કે જેનાથી રાતદિવસ શ્રીહરિની સાથે રહેવાનું મળે. આવા પુણ્યનો યોગ અમારે ક્યાંથી થાય ? ૭. ધ્રુવથી લઈને બ્રહ્મા સુધીના જે સર્વે અમે દેવો થયા છીએ, તે બધા અમે પોતપોતાના લોકમાં રહીએ છીએ. અમને સારાં સારાં ખાન પાન અને વિમાન વગેરે ભોગ મળ્યા છે પણ અમને ત્યાં શ્રીહરિનો જોગ નથી મળ્યો. ૮.

❋ દેવતાઓએ સંતોના ભાગ્યના વખાણ કર્યા :

રસ વિનાના જે ભોજન હોય તેને કેવા કહેવાય ? એવા અમારા અનંત પ્રકારના ભોગ અમને (પ્રભુપ્રસાદ વિના) નીરસ લાગે છે. આ સંતોના જેવા દિવસ અમે ક્યારે પામશું ? અમે તો હવે “સંતોના જેવા દિવસ અમને મળે” એમ રાત દિવસ વર માગ્યા કરીએ છીએ. ૯.

चोपाई :

इतनो भाग्य हमारे अपारा, दरश करत हम वारमवारा;
प्रताप एतो मुनि को रहाये, जेहि हित हरि यह लोक आये...१०
हमारो पुन्य नहीं हे एसा, श्रीहरि मिले जेंवावे तेसा;
मुनिकुं जेंवाय मिलत वेरवेरा, मुख से वात कहा कैये घनेरा...११
पंचविषय मुनि किने जो हरामा, तब सुख देवत सुंदर शामा;
पंचविषय अभिलाख ज्यां लगहि, जोग हरि को न रहत त्यां लगहि...१२

હા, એક રીતે અમારા અપાર ભાગ્ય છે કે “અમે વારેવારે શ્રીહરિનાં દર્શન કરી શકીએ છીએ.” અને એ પ્રતાપ પણ મુનિવરોનો જ છે કે જેને માટે શ્રીહરિ આ માનવ લોકમાં પધાર્યા છે. ૧૦. અમારું એવું પુણ્ય નથી કે

અમને શ્રીહરિ ભેટે અને જમાડે, મુનિઓને તો શ્રીહરિ વારંવાર જમાડીને વારંવાર ભેટે છે, મુખથી તો ઝાઝી વાત શું કહીએ ? ૧૧. આ સંતોએ માયિક પંચવિષયોને હરામ કર્યા છે અને ત્યારે જ શ્યામસુંદર શ્રીહરિ તેમને આવું સુખ આપે છે. જ્યાં સુધી પંચ વિષયનાં સુખની ઈચ્છા રહ્યા કરે ત્યાં સુધી શ્રીહરિનો આવો જોગ ન રહે. ૧૨. પંચવિષયોને તજી દઈને ગોપીઓ ભગવાનમાં લેલીન થઈ ગઈ હતી અને ભગવાન ગોપીઓની સાથે જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી દિન પ્રતિદિન તેમને સુખ આપતા રહ્યા હતા. ૧૩. તે ગોપીઓને ઘરરૂપી મોટો ઝૂડ જ્યારે વળગ્યો ત્યારે ભગવાને કંસને મારવાનું બહાનું કાઢીને અક્રૂરની સાથે ત્યાં ગયા. ૧૪.

सोरठा : कला हे हरि में अपार, ताकुं कोउ न कल सकेउ;
कला अनंत भंडार, कले न आवे देव हुके...१५
जेतो प्रताप देखावे, क्रपा करीके आप हरि;
देखे में तितनो आवे, माया ईश्वर अक्षर लग हि...१६

ભગવાનમાં અપાર કળાઓ રહી છે. તેને કોઈ કળી શકતું નથી. તેઓ અનંત કલાઓના એવા ભંડાર છે કે તેમને અમે દેવતાઓ પણ કળી શકતા નથી. ૧૫. ભગવાન પોતે કૃપા કરીને જેટલો પ્રતાપ દેખાડવા ચાહે છે તેટલો જ પ્રતાપ દેખ્યામાં આવે છે. તે માયા, ઈશ્વર અને અક્ષર સુધી સર્વને માટે એમ જ સમજવું. ૧૬.

દેવતાઓ જ્યારે આટલું બોલી રહ્યા ત્યારે બધા સંતો અને દરબારો વગેરે જમી રહ્યા. જ્યારે બધા જ હરિભક્તો જમીને આવ્યા ત્યારે શ્રીહરિએ પોતાની કમરે ભેટ કસીને બાંધી. ૧૭. અત્યંત છેલછબીલા અને નટવર બનેલા એવા શ્રીહરિએ હાથમાં પિચકારી લીધી અને રંગીલા બની ગયા. બધા મુનિઓએ પણ પિચકારી લીધી. ત્યારે હરખ વધારે તેવા વાજિંત્રો વાગવા લાગ્યાં. ૧૮. દેશે દેશના કેટલાક હરિભક્તો જેતલપુર પગપાળા આવ્યા હતા અને કેટલાક વાહન લઈને આવ્યા હતા. તેમને અરધો અરધો કોશ જેટલે દૂર મુકામ કરાવ્યો હતો. તોએ તેઓ વનમાં ક્યાંય સમાતા ન હતા. ૧૯.

પાતાળથી પ્રકૃતિના લોક સુધીના મોટા મોટા અનંત દેવો-ઈશ્વરો આવ્યા હતા. તેઓને તે ટાણે ધીરજ ન રહી તેથી સહુએ તત્કાળ મનુષ્યના રૂપ લઈ લીધા. ૨૦.

સુખકારી શ્રીહરિએ રંગની પિચકારી ભરી અને સહુને રંગે રમવાની આજ્ઞા કરી. પિચકારીઓની અત્યંત ઝડી શરૂ થઈ ગઈ. હોજનો રંગ ખૂટવા લાગ્યો. ૨૧. રામદાસજીસ્વામીએ જોગકળા અજમાવી. દેવ સરોવરનું પાણી તે રંગના હોજમાં ખેંચી લીધું. પણ દેવસરોવર તો સમુદ્રની જેમ ભર્યું હતું. તે તરત ખૂટે તેમ ન હતું. ૨૨. શ્રીહરિએ એક પહોર સુધી પિચકારીથી રંગ છાંટ્યો. જેમ ગોકુળ ઉપર ઇન્દ્ર તૂટી પડ્યો હોય તેમ શ્રીહરિએ રંગ વરસાવ્યો. બધી ભૂમિ અને આકાશ રંગમય થઈ ગયા. ૨૩. પશુ, પંખી, વન અને વૃક્ષો, જે હતા તે બધાં રંગમાં માનો ડૂબી ગયાં હતાં. પછી ગુલાલ લઈને ઉડાડવાને માટે શ્રીહરિએ પ્રેમથી ઝોળી બનાવી લીધી. ૨૪. સંતો, દરબારો, હરિભક્તો અને દેવતાઓ જે આવ્યા હતા તે બધાએ ઝોળી બનાવીને તેમાં હરખાયને ગુલાલ ભરી લીધો. ૨૫.

પરસ્પર ગુલાલ ઉડાડવા લાગ્યા. કોઈને શરીરનું ધ્યાન રહ્યું નહિ. રંગ ખેલ ઘણો મહાન્ થયો. સહુ હો...હો...એમ પોકાર કરતા હતા. ૨૬. અપાર ગુલાલ ઊડતો હતો. તે બ્રહ્માના લોક સુધી ઊંચે ચઢી ગયો. તે એટલો અપરમપાર ઊડતો હતો કે કોઈને કોઈની ગમ પડતી ન હતી. ૨૭. જમીન ઉપર ગુલાલ એટલો બધો પથરાઈ ગયો કે તેનું વર્ણન કરતા મને આવડતું નથી. કૃપાળુ પ્રભુએ ગુલાલ એટલો બધો ઉડાડ્યો કે બધા આકાર ગુલાલ જેવા થઈ ગયા. ૨૮.

❋ શ્રીહરિની અલૌકિકતાથી સર્વત્ર અલૌકિકતા :

चोपाई :

होरी रमने हरि भये जबहु, अनंत मूर्ति धर लिये तबहु;
जाकु जेसो भाव रहाये, तिस विध ताकु रंग रमाये...२९
अलोकिक रमत देखाये जाकुं, तर्त समाधि हो गये ताकुं;
अलोकिक मूर्ति अलोकिक रंगा, अलोकिक संत देखाये संगा...३०

अलोकिक नृपति हरि संग जेते, देखेमें सो आयेउ तेते;
अलोकिक हरिजन बाई भाई, अलोकिक हाथी घोडे देखाई...३१
अलोकिक वन पंखि देखाये, आकाश लग तेज रहे छाये;
सूर्य आगे जिमि चंद्र आकारा, भक्त आगे तिमि देव अपारा...३२

શ્રીહરિ જ્યારે હોળી રમવા લાગ્યા ત્યારે તેમણે અનંત રૂપ ધારી લીધા જેને જેવો ભાવ હતો તેને તે રીતે શ્રીહરિએ રંગે રમાડ્યા. ૨૯. જેને તે દિવ્ય રંગખેલ દેખાડ્યો તેને તો તરત જ સમાધિ થઈ ગઈ હતી. તેમને શ્રીહરિની મૂર્તિ અલૌકિક (દિવ્ય) દેખાણી. તે જ રીતે રંગ પણ અલૌકિક દેખાણો. અને સંતો પણ શ્રીહરિ સંગે અલૌકિક દેખાણા. ૩૦. અને શ્રીહરિ સંગે જે રાજા હતા તે પણ સર્વે અલૌકિક દેખ્યામાં આવ્યા. હરિજન બાઈભાઈ, હાથી, ઘોડા તે પણ અલૌકિક દેખાણા. ૩૧. અને વનના પંખીઓ પણ અલૌકિક દેખાણા. અરે, આકાશ સુધી બધું જ અલૌકિક દેખાયું. બધે તેજ તેજ તેજ છવાઈ ગયું હતું. સૂર્યની આગળ જેમ ચંદ્રમા ઝાંખો પડી જાય છે તેમ શ્રીહરિના ભક્તો આગળ તે બધા અપાર દેવો ઝાંખા પડી ગયા હતા. ૩૨.

કેટલાક દેવો તો ભક્તોની આગળ ચંદ્રમાની આગળ જેવા તારાઓ દેખાય તેવા દેખાતા હતા. જ્યારે શ્રીહરિ હોળી રમી રહ્યા. ત્યારે દેવસરોવરમાં નાહવા ચાલ્યા. ૩૩. શ્રીહરિ, સંતો અને બધા હરિભક્તો, બધા જ તે સરોવરમાં નાહ્યા. સ્વર્ગ અને પાતાળના દેવો પણ સ્નાન કરવા આવ્યા. સરોવરનું પાણી રંગરંગ થઈ ગયું. ૩૪. શ્રીહરિ જ્યારે નાહી રહ્યા એટલે તરત જ પાણીમાંથી બહાર આવ્યા. શરીર કોરું કરીને વસ્ત્ર પહેર્યાં. પછી પ્યારા શ્રીહરિ આસોપાલવની નીચે આવીને બેઠા. ૩૫.

તે સમયે વિમાનમાં બેસીને દેવો આવ્યા. તેમણે કેસરી ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરી. તે દેવોએ સરોવરના પાણીથી કુંભ ભરી લીધા. કેટલાક તો ત્યાં રહીને જ પાણી પીવા લાગ્યા. ૩૬. જમીન ઉપર રંગ અને ગુલાલનો કીચડ થઈ ગયો હતો. કરોડો ઉપાય કરે તોએ તે શ્રીહરિ અને સંતોનાં ચરણોની રજ ક્યાંથી મળે ? ૩૭. રંગનો તે કીચડ જેને જેટલો હાથ આવ્યો, તેટલો તે બધા દેવો વિમાનમાં પોતાની સાથે લઈ ગયા. ૩૮. જેટલા હરિભક્તો આવ્યા હતા

તે બધા પ્રસાદીનો રંગ અત્યંત આદરભાવથી લઈ ગયા. તે રંગ પાતાળ લોક સુધી પહોંચ્યો. ૩૯. જેનાં શરીર ઉપર તે પ્રસાદીના રંગનો છાંટોએ પડ્યો હોય તો તેઓ તત્કાળ જ જન્મ, મરણ અને લખચોરાશીથી છૂટી ગયા અને તેની બધી જ પીડાઓ શમી ગઈ, એમ જાણવું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'દેવોએ સંતોના ભાગ્યની પ્રશંસા કરી તથા શ્રીહરિએ રંગક્રીડા કરી' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર આઠમું : તરંગ - ૧૭

સંતો-હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી તથા હરિભક્તોએ પોતાને ગામ પધારવાની પ્રાર્થના કરી

જ્યાં આસોપાલવનું ઝાડ હતું ત્યાં વિચિત્ર રીતે ફૂલોથી ફૂલદોલ-હિંડોળો બનાવ્યો હતો. તેના ઉપર શ્રીહરિ બેઠા. ૧. જેતલપુરમાં જે મોટા જમીનદાર પાટીદારો હતા તે બધા સત્સંગી થયા. તે સહુને શ્રીહરિના ઉપર ખૂબ જ હેત હતું. ૨. તેમણે કેસરયુક્ત ચંદન, ફૂલના અપાર હાર અને બીજા પૂજાપાથી ભરેલા થાળ લાવ્યા અને આગળ આવીને હાથ જોડીને તેઓ ઊભા રહ્યા. ૩. શ્રીહરિએ કહ્યું, આવો, તમે તો બહુ સેવા કરી. તમારા ગુણોને શું કહેવા, બધા સંતોને અને હરિભક્તોને તમે તો બહુ જ રાજી કર્યા છે. ૪.

ભિખારીદાસ આદિ હરિભક્તો પૂજા કરવા લાગ્યા. પૂજા વિધિપૂર્વક કરી. અંગો ઉપર ચંદન ચરચીને ઘણો જ લહાવો લીધો. ૫. ફૂલના હાર, બાજુબંધ, ટોપી, બધું પહેરાવ્યું. તેનાથી મૂર્તિ સરસ ઓપવા લાગી. કપૂરની આરતી ઉતારી અને મૂર્તિને હૃદયમાં ઉતારી લીધી. ૬. સહુએ સ્તુતિ કરી અને વર માગી લીધા અને બોલ્યા કે "હે હરિ, આપે અમને મહાન્ ભાગ્યશાળી કરી દીધા છે. અમને પોતાના દાસ જાણીને દર વરસે એકવાર અહીંયા આવો અને સારો ઉત્સવ કરો. ૭. હે સુખદાયક ! અમે આપના શિષ્ય ભક્તો છીએ, એમ માનીને એટલું વરદાન આપો. અમારા જે બાળ-બચ્ચા છે તે બધા આપના જ

સેવક છે એમ જાણો. ૮. અમારી બુદ્ધિ-ભાવના હંમેશા આપમાં રહે, હે સુખકારી ઘનશ્યામ ! અમને આવો વર આપો. આપ મનમાન્યું એક સારું મંદિર અહીંયાં કરો. અમે બધા સેવામાં હાજર રહેશું. ૯. આપની સેવામાં અમને પ્રેમ છે. એટલા માટે આપ આટલું વરદાન આપો.” પછી શ્રીહરિએ તેમને તે વરદાન આપ્યું અને તે હરિભક્તોને પોતાના કરી લીધા. ૧૦.

પછી તે બધા હરિભક્તોએ સંતોની પણ પૂજા કરી. તેમને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. જે બધો સોનેરી પોશાક હતો તે તો શ્રીહરિને પહેલા જ અર્પણ કરી દીધો હતો. ૧૧. બધા જ દેશોમાંથી હરિભક્તો આવ્યા હતા. તેમણે વિચિત્ર સોનાનાં આભૂષણો ધરાવ્યાં હતાં. લોકો “જય જય” “જય જય”નો ઉચ્ચાર કરતા હતા. એમ સહુએ પોતાનાં જન્મને સફળ કરી લીધાં. ૧૨. તે બધા ભક્તોએ પણ સર્વ સંતોની પૂજા કરી. કેસર યુક્ત ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા અને એકએક વસ્ત્ર ઓઢાડ્યું. ૧૩. તે બધા દેશદેશના હરિભક્તો શ્રીહરિને હાથ જોડીને કહેતા હતા કે “ધર્મકિશોર આપ અમારે ગામ ચોક્કસ પધારો. ૧૪. આપ એક વાર તો પધારો. રાત દિવસ અમારા મનમાં તે ઈચ્છા રહ્યા કરે છે. આપની ચરણરજથી અમારા ઘરબાર અને બધું પવિત્ર થાય ને !” ૧૫.

કેટલાક બિનસત્સંગી લોકો પણ એમ બોલે છે કે “તમારા સ્વામિનારાયણ ભગવાનને તમે અહીં તેડાવો. અમે અમારે ઘેર તેમની પધરામણી કરીને જે બનશે તે તેમની સેવા કરશું. ૧૬. તમે બધા તેમને ભગવાન કહો છો. જો અમે હવે તેમને ઓળખીએ તો અમે પણ ભગવાન માનીએ. તમે જેવા માણસ છો તેવા અમે પણ માણસ છીએ. અમને કેમ ન ઓળખાય ? ઓળખ્યા વિના તેમને અમે ભગવાન કેમ માનીએ ? ૧૭. તમને જે સ્વામિનારાયણમાં ભગવાનપણાનો નિશ્ચય થયો છે. તે અમારા જાણ્યામાં કેમ નથી આવતા ? તેમાં અમને આ મોટો સંશય થાય છે કે, આ જ ભગવાન કેમ ? તેનું શું કારણ હશે ? ૧૮. જેટલા વિષયમાત્ર છે તે બધાને તમે મહાન્ પાપ રૂપ કહો છો. પણ તે વિષય વિના તો તમારે પણ ચાલતું નથી. તો તમે ત્યાગ શું કર્યો છે ? તે અમને કહો. ૧૯. અમારા કરતા તમે કઈ વાતે ત્યાગ વધારે રાખ્યો છે ?

તે અમને સમજવામાં આવતું નથી. તમે વાત કરીને અમને સમજાવો કે જે રીતે તમને સ્વામિનારાયણમાં ભગવાનપણાનો નિશ્ચય થયો હોય. ૨૦.

જેમ અમને સાંભળતા પ્યારી લાગે તેમ સારી રીતે વિચારીને વાત કહો તો તે અમને ગમશે. પ્યારી વાત વિના પ્રેમ ન થાય. તે ભલે સાચી હોય તો પણ તેમાં ચિત્ત લાગતું નથી. ૨૧. જો વિવેકથી વાત કરતા આવડે, તો જેને ખપ ન હોય તેને પણ ખપ ઊપજાવી દે. બધી જ વાતોનાં મૂળમાં વિવેક રહ્યો છે. વિવેક વિના વાત કરીએ તો એક પણ માણસ માને નહીં. ૨૨. બધા જ વાતની રીત જાણતા હોય છે. રીત હોય તો પ્રીત કોણ ન કરે ? સિંહ તથા સર્પ સમાન કોઈ પ્રાણી ક્રૂર ન કહેવાય. માણસને દેખતાની સાથે જ તે ખાવા દોડે. ૨૩. પણ દિનરાત તેની જે સેવા કરે છે તેને તે બચાવે છે. ભગવાન અને સંતોની આગળ તો જીવ અતિશય અજ્ઞાની જ છે. ૨૪. જ્ઞાની પુરુષની આગળ અજ્ઞાનીનું જોર કેટલું ચાલે ? દેખતા માણસની આગળથી ભાગીને આંધળો કેટલેક જઈ શકે ? ૨૫.

સાચા સોનાની આગળ ખોટા સોનાનું એક વાલ જેટલુએ ન ચાલે. (છ ચોખા ભારની એક રતી, ત્રણ રતીનો એક વાલ, સોળ વાલનો ગદિયાણો, બે ગદિયાણાનો ૧-તોલો) જ્યારે અગ્નિમાં તપાવીને પરીક્ષા કરવામાં આવે ત્યારે ખોટાના ભૂંડા હાલ થાય છે. ૨૬. આકડાને આંબો માનીને કોઈ માણસ તેને પ્રેમથી સાચવે, પાણી પાય, અતિશે માન આપે, પણ ત્યાં મુદ્દાની વાત એ છે કે તેને ક્યારેય કેરીનો રસ ખાવા મળે નહિ." ૨૭. ત્યારે શ્રીહરિએ તે હરિભક્તોને કહ્યું, તમારે ગામ સંતો આવશે. તેઓ જ તેમની સાથે વાત કરશે અને સમજાવશે. તે સંતો પાસેથી સમજણની વાત લેશે. જો સાચી વાતને તેઓ નહિ માને, તો તેનું ફળ તેમને મળશે. ૨૮. જે કુસંગી લોકો છે તેઓ કોઈ એક પણ નિયમ રાખતા નથી અને સત્સંગીને તથા સંતોને નિયમમાં જ ચાલવું છે. તેમને નિયમ બહાર ક્યાંય એક પગ મૂકવો નથી. ૨૯.

❋ નિયમમાં રહેવાવાળાની ગરિમા :

चोपाई :

सत्संग के नियम हे जेते, पाप से उद्धार करन हे तेते;
नियम सोई हे संत को संगा, नारद शुक सनकादि अभंगा...३०

पाताल से अक्षर लग हि जोउ, नियम सोपान रचे हम सोउ;
नियम ऊपर चलावे जेहा, काल कर्म माया भय न तेहा...३१
नियम महिं भय आत न केहु, पाप जम दूर रहत हे तेहु;
एसो हे नियम को प्रतापा, प्रताप न जाने तेहि महा पापा...३२

આપણા સત્સંગના જે નિયમો છે તે બધા પાપોથી ઉદ્ધાર કરનારા છે. અને જે નિયમ પાળવા, તે જ ખરો નારદ શુક સનકાદિક સંતોનો સમાગમ છે. ૩૦. પાતાળથી અક્ષર પર્યંત અમે નિયમોની સીડી બનાવી છે. જે લોકો નિયમોમાં ચાલે છે તેને કાળ, કર્મ અને માયાનો કોઈ ભય રહેતો નથી. ૩૧. નિયમોમાં રહેનારા કોઈને પણ કોઈ પણ પ્રકારનો ભય આવતો જ નથી. અરે, બધા પાપો અને જમદૂતો પણ તેનાથી દૂર રહે છે. નિયમોને પાળવાનો આવો પ્રતાપ છે. તેને જાણતા નથી તે જ મહાપાપ છે. ૩૨.

संत हरिजन कुं नमे जन जेहि, सबुद्धिमान मानना तेहि;
गुनबुद्धि हि जानना ताहि, ईश्वर संत तेहि करत सहाहि...३३
गुनबुद्धिवंत जन कुं जोई, हमकुं प्रीति उपजत सोई;
गुनवंत को गुन जोईके रखना, जेसे गुन तेसो पारखना...३४

જે મનુષ્ય સંતોને અને હરિભક્તોને નમતો રહે છે તેને શુભ બુદ્ધિ વાળો જાણવો. જે સંતોમાં અને સત્સંગીમાં ગુણ બુદ્ધિવાળો હોય છે, તેને પરમેશ્વર તથા સંતો સહાયતા કરે છે. ૩૩. ગુણબુદ્ધિવાળો જે મનુષ્ય હોય છે તેને દેખીને તો અમને પણ તેના ઉપર પ્રેમ થાય છે. ગુણવાનના ગુણોને જોઈ રાખવા. તેનામાં જેવા ગુણ હોય તેવા તેને પારખવા. ૩૪.

શ્રીહરિ જ્યારે આટલી વાત કરી રહ્યા ત્યારે શ્રીહરિની પૂજા કરવા માટે સંતો ત્યાં આવ્યા. કેસરયુક્ત ચંદનનો કટોરો ભર્યો હતો અને ફૂલહારોનો તો કોઈ પાર જ ન હતો. ૩૫. સહુ પહેલા ભાઈ રામદાસજીસ્વામી આવ્યા. તેમણે શ્રીહરિને કેસરી ચંદનની અર્ચા કરી. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો અને તત્કાળ ફૂલહાર પહેરાવ્યા. ૩૬. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. ફૂલની ટોપી પહેરાવી. કાન ઉપર ગુચ્છ ધરાવ્યા. અને ચરણોમાં નૂપુર બાંધ્યા. ૩૭. અને તે પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી,

આનંદાનંદસ્વામી, આત્માનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી અને સંતદાસજી, એ આદિ અનંત સંતોએ શ્રીહરિની ફૂલના શણગારો પહેરાવીને પૂજા કરી. ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'સંતો-હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી તથા હરિભક્તોએ પોતાને ગામ પધારવાની પ્રાર્થના કરી' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર આઠમું : તરંગ - ૧૮

શ્રીહરિએ સંતોની પૂજા કરી, ઉત્સવની પ્રશંસા કરી તથા સત્સંગના ઉત્કર્ષની વાત કરી

સંતો શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું, હવે મારે તમારી સંતોની પૂજા કરવી છે. ૧. તમને અમારી પૂજા કરવાનો જેવો ભાવ છે તેવો અમારે પણ તમારી પૂજા કરવાનો ભાવ છે. ૨.

सोरठा : हमारे नहीं हे मान, मोटप को लवलेश उर;
मोटप होवे हान, एसी मोटप न रखत हम...०३

અમારાં મનમાં મોટાઈનું લેશમાત્ર પણ માન નથી. જેનાથી નુકશાન થાય એવી મોટપને અમે રાખતા નથી. ૩. અમારા જે વિચારો છે તેને કોઈ કળી શકતું નથી. લોકો પોતાની સમજણ પ્રમાણે આપમેળે અમને ધારી લે છે, પછી તે લોકો અમને જેવા ધારે છે તેવું તેમને ફળ મળે છે. ૪.

❋ ઈશ્વરોની મહત્તા પણ સંતની સેવા-પૂજાથી છે :

શ્રીરામચંદ્રજી અને શ્રીકૃષ્ણજી જે પ્રકટ થયા હતા. તેમના જેવો બીજો કોઈ અવતાર કહેવાય નહિ. તે અવતારો સર્વોપરિ હતા તેમ મુનિવરોએ ઠેર ઠેર કહ્યું છે. ૫. તે બંને અવતાર અનંત બ્રહ્માંડોમાં પૂજ્ય છે, તેમ વેદો અને પુરાણો વગેરે કહે છે. તેમણે મુનિઓને વારંવાર પૂજ્યા હતા. એવું શાસ્ત્રોમાંથી ઘણું જ સાંભળવા મળે છે. ૬.

ईश्वर होई न पूजे संत कबहु, शास्त्र में हम न सुने हे अबहु;
ईश्वर होई न पूजे केहु, एसो वचन एक कहो तेहु...०७
संतकुं पूजे नहीं ईश्वर होई, ताकुं ईश्वर हम कहत न कोई;
सतकुं पूजे सो ईश्वर साचे, पूजे नहीं सो जानत तेहि काचे...०८

પરમેશ્વરે સંતોને ક્યારેય ન પૂજ્યા હોય એવું અમે આજ સુધી શાસ્ત્રોમાં ક્યાંય સાંભળ્યું નથી. પરમેશ્વર કોઈને પૂજે નહિ, એવું વચન કોઈ શાસ્ત્રમાં હોય તો એક તો બતાવો ? ૭. પરમેશ્વર જો સંતોને ન માને - પૂજે, તો અમે તેને પરમેશ્વર ક્યારેય કહેતા નથી. જે સંતોને પૂજે તે જ પરમેશ્વર સાચા છે અને જે ન પૂજે તે કાચા-ખોટા છે. ૮.

काचे कुंभ कछु काम न आवे, संत न पूजे सो एसे कहावे;
तेसे ईश्वर नहीं हें हमहि, दृढ करी वात सो जानो तुमहि...०९
जिय को विचार सो अल्प कहावे, जाने नहि जिनसे मोटप आवे;
ईश्वर गुन आवनके द्वारा, संत हम मानत प्रान हमारा...१०
संत पूजवे की बुद्धि न जेहु, ईश्वर हम न कहत कबु तेहु;
हमारे जिय को मत हे एहि, संत कुं पूजना मोटप हे तेहि...११

કાચો ઘડો કોઈ કામમાં ઉપયોગી ન થાય, જે સંતોને ન પૂજે તે પણ કાચા ઘડા જેવા જ કહેવાય. સંતોને માને-પૂજે નહિ, એવા પરમેશ્વર અમે નથી, આ બાબતને તમે ચોક્કસ માનજો. ૯. જીવના વિચારો તો ટૂંકા હોય છે. જેનાથી મોટપ મળે છે તેવી વાતને તે સમજતો નથી. પરમેશ્વરના ગુણો આવવાના દ્વારરૂપ સંતોને અમે અમારા પ્રાણ માનીએ છીએ. ૧૦. સંતોને પૂજવાની જેને ભાવના (બુદ્ધિ) ન હોય, તેને અમે ક્યારેય પરમેશ્વર કહીએ નહિ. અમારા હૃદયનો એવો સિદ્ધાંત છે કે સંતોની પૂજા કરવી, તે જ ખરી મોટપ છે.' ૧૧.

શ્રીહરિનો જે આવો ઉત્તમ સિદ્ધાંત છે તેને સાંભળીને સૌ સંતો ચૂપ રહ્યા. જ્યારે બધા જ સંતો શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ સંતોની પૂજા કરવા લાગ્યા. ૧૨. કેસર યુક્ત ચંદનનો કટોરો ડાબા હાથમાં લીધો. પછી સહુ પહેલા સ્વામી રામદાસજી સંતની પૂજા કરી. ૧૩. બધા અંગો ઉપર ચંદન ચરચ્યું. ફૂલોના હાર પહેરાવ્યા. મસ્તક ઉપર ફૂલની ટોપી પહેરાવી. અને

ભુજાઓ ઉપર બાજુબંધ બંધાવ્યા. ૧૪. પછી તે રીતે જ મુક્તાનંદસ્વામીની પૂજા કરી. આ રીતે શ્રીહરિએ મનમાં પ્રસન્ન થઈને બધા સંતોની પૂજા કરી. ૧૫.

શ્રીહરિ હરખભેર સંતોને મળ્યા-ભેટ્યા. સંતોને ચરચેલું ચંદન પોતાનાં અંગ ઉપર ચોંટ્યું. તેનાથી ઘણા ખુશ થયા અને બોલ્યા, ઉત્સવ ઘણો સારો થયો. ૧૬. આવો ઉત્સવ પહેલા ક્યારેય થયો નથી. આનાથી અમે ખૂબ જ ખુશી થયા છીએ. ઉત્સવ નિર્વિઘ્ન પૂરો થયો છે. આજ સુધી આવો નિર્વિઘ્ન ઉત્સવ કોઈ થયો નથી. ૧૭. બીજા ઘણા લોકો પણ દેખાદેખીથી ઉત્સવ કરે છે, પણ તેમાં વિઘ્ન બહુ થતાં હોય છે. તેમાં ધર્મનિયમનો લેશ પણ રહેતો નથી અને ભવાઈથી પણ વધારે પ્રપંચ કરતા હોય છે. ૧૮. જેટલા ફેલી, અધર્મી, વ્યસની અને વ્યભિચારી કહેવાય છે તે બધા પુરુષો અને સ્ત્રીઓ ભેળા મળે છે અને તેને ઉત્સવ કહે છે. ૧૯. તેવા ઉત્સવો તો દેશે દેશમાં થતાં હોય છે અને તેવા લોકો તીર્થોમાં ખાસ કરીને ફરે છે. પુરુષો અને સ્ત્રીઓ તીર્થોને મિષે ઘરથી બહાર નીકળી જાય છે. ૨૦.

તીર્થનું નિમિત્ત કહે, પણ અંદરનો હેતુ કાંઈ જુદો જ હોય છે. તીર્થયાત્રામાં ઘણો જોરદાર પ્રેમભાવ જણાવે છે. તેમના ભાવની આગળ તો સાચા નિર્દોષ હરિભક્તોનો ભાવ પણ કાંઈ સોહાતો નથી. ૨૧. **તીર્થોનું અને ઉત્સવનું ફળ તો એટલું જ છે કે જેનાથી આત્મશુદ્ધિ થાય. જીવ દેહના સંગથી દેહરૂપ થઈ ગયો છે. ૨૨. દેહાસક્તિથી દેહ દ્વારા જે પાપ કરવામાં આવે છે તે દેહના દુઃખ તેની સાથે આત્માને પણ ભોગવવા પડે છે. પાપ કરીને જીવ જેટલું સુખ ભોગવે છે તેને તે સુખ કરતા કરોડગણું વધારે દુઃખ ભોગવવું પડે છે.** ૨૩. દેહના મદથી જે કુમાર્ગે ચાલે છે, અને જાણીને સન્માર્ગને તજી દે છે, તેને દુઃખનો કોઈ પાર આવતો નથી. કારણ કે, હજી પણ તે પાપને પ્યારા માનીને વધારે પાપ કરતો જ રહે છે. ૨૪. જેને પાપમાર્ગમાં ચાલવાનો ઘણો ઉત્સાહ હોય, ભગવાનના ભક્તે તેવા માણસોના સંગનો ત્યાગ કરવો જોઈએ. અને તેવાને કોઈપણ પ્રકારનો ઉપદેશ પણ કરવો નહિ. ૨૫.

જે શાસ્ત્રની આજ્ઞા ન માને, સંતો અને હરિભક્તોની મર્યાદામાં ન રહે, તેને માણસ માનવો જ નહિ. તેનું અનિયંત્રિત જીવન તો કૂતરાં-ગધેડાંના

જેવું કહેવાય. ૨૬. તે કોઈ તીર્થો ગધેડાં કે કૂતરાં જેવાને માટે નથી કર્યાં. તે તીર્થમાં પાપ કરનારાઓનું હિત કરવા માટે તીર્થમાં કરેલું પાપ વજ્રલેપ થાય છે. ૨૭. **શાસ્ત્રોનો અને તીર્થોનો તો એ મત છે કે જે દૃઢ બ્રહ્મચર્યવ્રત રાખીને તીર્થોની યાત્રા કરે છે તેને જ તીર્થ ફળીભૂત થાય છે.** ૨૮.

❋ સાધુતા તથા બ્રહ્મચર્યની મહત્તા :

जप व्रत तप जज्ञ दान अपारा, सत्संग करना वारमवारा;
ब्रह्मचर्य नियम रखे विन तेहा, फलिभूत कबु न होवत एहा...२९
संत एक कुं जेंवावे जेहु, कोटि जज्ञ फल किये हे तेहु;
संत दरश पाव धरे जेता, कोटि जज्ञ फल सबमें कहे तेता...३०

અપાર જપ, તપ, વ્રત, યજ્ઞ, અપાર દાન અને વારંવાર કરેલો સત્સંગ, એ બધા સાધન બ્રહ્મચર્યના નિયમ રાખ્યા સિવાય કરવામાં આવે તો તે ક્યારેય ફળીભૂત થાતા નથી. ૨૯. જો એક સંતને જમાડવામાં આવે તો કરોડ યજ્ઞનું ફળ તેને મળે, તેમ કહ્યું છે અને સંતોનાં દર્શન કરવા કોઈ ચાલીને જાય છે તો તેને પગલે પગલે કરોડ યજ્ઞનું ફળ કહ્યું છે. ૩૦.

બ્રહ્મચર્ય રાખ્યા વિના શાસ્ત્રોક્ત ફળ મળતું નથી. જે શુભ કર્મ કરે છે તેનાથી જગતમાં તેની કીર્તિ વધે છે અને શુભકીર્તિ મળે તેટલો તેનો લાભ છે. પરંતુ જેટલાં પાપ કર્યા હોય તે બધાં તો તેને ભોગવવા પડે છે. ૩૧. જે જે ધર્મકાર્યનું જે જે ફળ કહ્યું હોય છે, તે બ્રહ્મચર્યાદિ નિયમોને પાળ્યા વિના તે ફળ તેને મળતું નથી. વાડ કર્યા વિનાના ખેતરની ખેતીમાં નુકશાન થયા વિના રહે જ નહિ. ૩૨. ખેતીનું ધ્યાન રાખ્યા વિના કાંઈ જ બચે નહિ. ખેતીને ગધેડાં આવીને ભેળવી દે. વાડ વિનાના જેટલા ખેતર હોય તેને ગધેડાંના મુખ્ય સ્થાન ગણવા. ૩૩. તે સિવાયના બીજા જે હરાયા પશુઓ હોય તે પણ વાડ વિનાના ખેતરને ખાધા વિના ક્યારેય છોડે નહિ. મજબૂત વાડ કરી હોય તો પણ પાકને પંખી ખાધા વિના રહે નહીં. ૩૪. એટલા માટે પાકવાળા ખેતરમાં તો સાચવનારો એક માણસ જોઈએ અને તો જ તે ખેતરમાં પ્રવેશ કરતા પંખીને ભાળે અને તેને રોકે. તેમજ ઇંદ્રિયો અને મન, તે પંખીઓનું ટોળું છે. એમ જાણવું. ૩૫.

જો હરિભક્તોનો અથવા સંતોનો સમાગમ રહેતો હોય અને શ્રીહરિનાં ચરિત્ર જો અખંડ સંભળાતા હોય તો સત્સંગરૂપ ખેતર સચવાય. નિયમોના વિના તો તે અનંત દુઃખ આપે છે. ૩૬. અમે જે દિવસથી સત્સંગમાં આવ્યા છીએ. તે દિવસથી મોક્ષનો અધિકાર અમારામાં ઠર્યો છે. ૩૭. કૃપાળુ સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ અમને દેખીને તુરંત સત્સંગની ધર્મધુરામાં અમને જોડી દીધા છે. ૩૮. અમે ઉંમરમાં નાના હતા છતાં સત્સંગના વિશાળ વ્યવહારને અમારે શિરે મૂકી દીધો. અમે સ્વામીના આજ્ઞાવચન રૂપી બંધનથી બંધાઈ ગયા છીએ. ૩૯. સ્વામી ઉદ્ધવનો અવતાર હતા. આ વખતે તેમનાં વચનથી અમે ધર્મ અને ભક્તિને ઘેર પ્રકટ થયા છીએ. અને તેમનાં વચનથી જ સત્સંગમાં રહ્યા છીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિએ સંતોની પૂજા કરી, ઉત્સવની પ્રશંસા કરી તથા સત્સંગના ઉત્કર્ષની વાત કરી' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર આઠમું : તરંગ - ૧૯

ગુજરાત તથા ચરોતરની ગોકુળ તથા વૃંદાવનથી પણ શ્રેષ્ઠતા કહી

શ્રીહરિ જેતલપુરમાં બે દિવસ રહ્યા. પછી ત્યાંથી ચાલવાની તૈયારી કરી. હરિભક્તોને અને બીજા સંતોને વળાવ્યા. પણ પાંચ સંતોને પોતાની સાથે લીધા. ૧. એભલ ખાચર આદિક જે દરબારો હતા તેમને બધાને પૂછ્યું, હવે તમારે સહુને પોતાને દેશ, ગામ, ઘેર જવાનું છે ને ? ૨. ત્યારે દરબાર એભલ ખાચરે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, અમારે ઘેર જવાની ઉતાવળ (દોડ) નથી. જેને ઉતાવળ હોય તે ભલે જાય. ૩. આપ શ્રીહરિવર ધર્મપુત્ર છો. અમારા મનોરથોને, કામનાઓને પૂર્ણ કરનારા છો. હરિભક્તોના સમુદાયવાળા સત્સંગનાં જે મોટા ગામ હોય તે અમને બતાવો. ૪. અમે હાથી-ઘોડા, મ્યાના, પાલખી કે રથ જે કાંઈ લાવ્યા છીએ તેને ઘેર મોકલી દઈએ, એટલે સાથે બીજી કાંઈ ઉપાધિ રહે નહિ. ૫. બધું સાથે હોય તો

સત્સંગનું સુખ રહેતું નથી. તેમાં તો અનંત દુઃખ રહ્યું છે. **જે મનુષ્ય મોહને આધીન હોય છે તે દુઃખમાં સુખ માને છે.** ૬.

આપ મળ્યા છતાં જો મોહ રહેતો હોય, તો તેના સમાન આંધળો મનુષ્ય કોઈ ન કહેવાય. ચિંતામણિઓના પણ ચિંતામણિ એવા આપ કૃપા કરીને મળ્યા છો. હવે કાંઈ બાંકી નથી રહ્યું. ૭. ચિંતામણિને છોડીને જે કાચના ટુકડાને ચાહે તેને અમે સમજદાર-વિવેકી માનતા નથી. બધાં સુખ આપના જ હાથમાં છે. તે આપને છોડી દઈને બીજે બાથ ભરે તેના સમાન બીજો મૂર્ખ કોણ કહેવાય ? કે જે અમૃતને છોડીને ઝેરને ખાવા દોડે છે ? તે સમયે શ્રીહરિએ હરખભર્યે હૈયે દરબાર જીવા ખાચરને કહ્યું, તમે હવે ઘેર જાઓ. કારણ કે તમે સુખી ગણાઓ છો. ૮-૯. હવે રામનવમી નજીકમાં આવે છે એટલે તેનો ઉત્સવ અમારે આ પ્રદેશમાં કરવો છે. અમે રામનવમી ગઢપુરમાં ઘણીવાર કરી છે. વારા ફરતી બધે કરવાની ઈચ્છા છે. ૧૦.

ભગવાનના ઉત્સવ કરવાથી હરિભક્તોને તેમાં સત્સંગની અતિશય ખુમારી ચઢે છે. ગુજરાત અને ચરોતરના જેવો બીજો કોઈ દેશ ચાર ધામમાં ક્યાંય નથી. ૧૧. વૃંદાવન અને ગોકુળ જેવા સોહામણા છે તેના કરતાં પણ આ બે દેશ અધિક સોહામણા છે. ગોલોકવાસી જે મુક્તો છે એ જ ગોપ, ગોપીઓ કહેવાય છે. અને વૃંદાવન અને ગોકુળ એટલી વ્રજભૂમિ કહેવાય છે. તેમાં ગોલોકવાસીએ જન્મ લીધો હતો, તેણે કરીને તે વ્રજભૂમિ શોભતી હતી. ૧૨-૧૩. ગોવર્ધન પર્વત, બધી ગાયો, બધા વૃક્ષો, ફૂલોના બાગ, પશુઓ, મૃગલાઓ, વિવિધ પ્રકારના પંખીઓ એ બધા શ્રીકૃષ્ણમાં પ્રેમને લીધે ગોલોકમાંથી વ્રજભૂમિમાં જન્મ્યા હતા. ૧૪. મહારાણી યમુનાજી પણ ગોકુળમાં આવ્યા હતા. બધા દેવો યાદવકુળને ઉત્તમ જાણી તેમાં જન્મ્યા. ૧૫.

ભૂમિનું હિત કરવાને માટે તે શ્રીકૃષ્ણએ તે ભૂમિને બ્રહ્માદિક દેવો પાસે મોકલી. જ્યારે તે બ્રહ્માદિકના વિનય-વિવેકને ચિત્તમાં ધરી અર્થાત્ પ્રાર્થનાને સાંભળી ત્યારે ભગવાન પોતે મથુરાપુરીમાં પ્રકટ થયા. ૧૬. માતા દેવકી અને પિતા વસુદેવને અદ્ભુત ચતુર્ભુજરૂપે દર્શન દીધાં. પોતે કંસનો

વિનાશ કરવાનો હતો તેથી તત્કાળ બાળસ્વરૂપ થઈ ગયા. ૧૭. પિતા વસુદેવે બાલપ્રભુને ગુપચુપ ગોકુળમાં પહોંચાડ્યા. ત્યાં નંદરાણી યશોદાને ખબર ન પડે તે રીતે લાલાને તેની શય્યામાં રાખી દીધા. ૧૮. યશોદાને બાળપુત્રીનો જન્મ થયો તેની પણ ખબર માયાના પ્રભાવથી ન રહી. સવારમાં જ્યારે સાવધાન થયા ત્યારે તેણે પોતાની શય્યામાં લાલાને-કૃષ્ણને દેખ્યા. ૧૯. નંદરાયને ઢળતી ઉંમરે અદ્‌ભુત બાળલાલની પ્રાપ્તિ થઈ. ગોકુળમાં અપાર આનંદ થયો. વ્રજની ગોપીઓ મંગળમય ગીત ગાવા લાગી. ૨૦.

બધી ગોપીઓ લાલાનું મુખ જોવા આવી. તે સમયે સહુએ જન્મનો ઉત્સવ કર્યો. સર્વે દેવો વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. બધા તાનમાં આવીને ગાન કરવા લાગ્યા. ૨૧. દેવતાઓ હરખ ભર્યે હૈયે કેસર યુક્ત ચંદન અને નંદનવનનાં ફૂલ લાવ્યા. તેમણે ઘણા જ હર્ષથી ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરી. તે દેખીને ગોવાળો પણ આશ્ચર્યથી ચકિત થઈ ગયા. ૨૨. નંદજીએ બહુજાતનાં દાન આપ્યાં. બ્રાહ્મણોને ગાયો અને સુવર્ણ આપ્યું. જેટલા માગણ જાતિના લોકો આવ્યા તે બધાને મનભાવતાં દાન આપ્યાં. ૨૩. ખુદ ભગવાન જ પુત્ર બનીને આવ્યા હતા તેથી ઘરમાં સમૃદ્ધિનો કોઈ પાર ન રહ્યો. કેમ જે, ત્યારે સમૃદ્ધિની દેવી લક્ષ્મીજી પોતે પણ આવ્યા. તેથી નંદનું ભવન અદ્‌ભુત દેખાતું હતું. ૨૪. પૂતના આદિ અપાર અસુરો આવ્યા. ભગવાને તેમનો તત્કાળ નાશ કર્યો. કારણ કે તેમણે એવું સામર્થ્ય ધારણ કર્યું હતું. ૨૫.

ગોવાળો, ગોપીઓ, ગાયો અને વનનો નાશ કરવા માટે જેટલા અસુરો જેટલી વાર આવ્યા તે બધાને મારી તેનો ચૂરો કરી નાખ્યો. ૨૬. કાલીય નાગે આવીને યમુનાને ઝેરી કરી નાખી હતી. તેને જોઈને, જાણીને તેનું દમન કર્યું અને યમુનામાંથી તેને કાઢી મૂક્યો. ૨૭. ભગવાને ગોવાળોનો અને ગોપીઓનો ભાવ જોયો. પછી તેને અનુરૂપ થઈને તેમને ઘણો જ લાભ આપ્યો કે જેવો અત્યારે તમે સહુ લાભ લઈ રહ્યા છો. ૨૮.

શ્રીકૃષ્ણ ભગવાને અગિયાર વરસ અને બાવન દિવસ સુધી અનંત ચરિત્રો કર્યાં. પરંતુ અત્યારે સર્વ હરિભક્તોને જેવી સમજણ છે તેવી સમજણ તે વખતે

તે સર્વને થઈ ન હતી. ૨૯. કેટલીક ગોપીઓએ શ્રીકૃષ્ણને એક રમણીય કામી પુરુષનાં રૂપમાં જાણ્યા. તેમને પરબ્રહ્મના રૂપમાં ન ઓળખ્યા. તેમણે ઘણીવાર પરબ્રહ્મરૂપે દર્શન તો આપ્યાં હતાં. આશ્ચર્યકારી વાત ઘણી વખત કહી હતી. ૩૦.

ગોપીઓ વગેરે વ્રજવાસી શ્રીકૃષ્ણનાં ચરિત્રમાં આશ્ચર્ય દેખતા પણ તુરંત તેને ભૂલી જાતા. અને વળી, શ્રીકૃષ્ણને બાળકના બાળક દેખતા હતા. કેટલાક નવીન આશ્ચર્ય પણ દેખાડ્યાં હતાં. જે બધાને વ્યાસમુનિએ પણ લખ્યા નથી. ૩૧. પ્યારા શ્રીકૃષ્ણે પોતાનું પરબ્રહ્મરૂપ સહુને ઘણીવાર બતાવ્યું હતું. કારણકે, તેમના બધાના જીવોને શુદ્ધ કરવાના હતા. જ્યારે ગોપીઓનાં મનમાંથી શ્રીકૃષ્ણ પ્રત્યે કામીપણાનો ભાવ ન ટળ્યો ત્યારે શ્રીકૃષ્ણ મથુરા ચાલ્યા આવ્યા. ૩૨. કંસને મારીને પછી કુબજાને પવિત્ર કરી. ઉજ્જૈન જઈને વિદ્યા ભણ્યા અને દક્ષિણાના રૂપમાં ગુરુપુત્રને લાવી આપ્યો. ૩૩. પછી જ્યારે પાછા મથુરા આવ્યા ત્યારે પ્રિય ભક્ત ઉદ્ધવને બોલાવ્યા. ગોપીઓના વિરહજ્વરને ઉતારવા રાજા જેવા ઉદ્ધવને ગોકુળમાં મોકલ્યા. ૩૪. ગોપીઓ તો તેને અક્રૂર માનીને આવી. પણ ઉદ્ધવનો વેષ તો શ્રીકૃષ્ણના જેવો હતો. ગોપીઓએ ઉદ્ધવજીને ઓળખીને એકાંતમાં બેસાડ્યા. ત્યારે ઉદ્ધવજી ગોપીઓનું માહાત્મ્ય સમજીને બોલ્યા, ૩૫.

શ્રીકૃષ્ણે જે કહ્યું હતું તે બધું જ્ઞાન ગોપીઓને કહ્યું, નંદના પત્ની યશોદાની સાથે પણ વાતો કરી અને કહ્યું કે શ્રીકૃષ્ણ તમને રોજ યાદ કરે છે. ૩૬. શ્રીકૃષ્ણે ગોપીઓની સાથે જેટલી રહસ્ય ભરી વાતો કરી હતી તે બધી ઉદ્ધવજીને યોગ્ય પાત્ર સમજીને જેટલા દિવસ ઉદ્ધવજી રહ્યા ત્યાં સુધી ગોપીઓએ કહી. ૩૭. ગોપીઓએ રહસ્ય ભરી વાતો જેમ જેમ કહી તેમ તેમ ઉદ્ધવજી પવિત્ર થઈ ગયા અને તેને સમાધિ થઈ ગઈ. ૩૮.

સમાધિમાં ઉદ્ધવજીને ગોકુળ અને ગોલોક એક દેખાયા. બધા ગોકુળવાસી પણ દિવ્યદેહમાં દેખાયા. કોઈ મનુષ્ય દેખાણા નહીં. ૩૯. પશુ, પંખી, વૃક્ષો, ગોવર્ધન પર્વત અને યમુનાનો કિનારો દિવ્ય દેખાયો અને ત્યાં બધે ભગવાનનાં દિવ્ય ચરિત્રો પણ દેખાયાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ્ પૂરમાં 'ગુજરાત તથા ચરોતરની ગોકુળ તથા વૃંદાવનથી પણ શ્રેષ્ઠતા કહી' એ નામે વીશમો તરંગ સમાપ્ત ।।૧૯।।

પૂર આઠમું : તરંગ - ૨૦

શ્રીહરિએ ત્યાગી ગૃહી સ્ત્રી પુરુષ બધા માટે સત્સંગની રીત કહી

શ્રીહરિએ પરોક્ષપણે જે વાત કહી, તેનાથી ભક્તજનો સત્સંગનો પ્રતાપ અધિક જાણતા હતા. ૧. સંતોના આવા ધર્મોને તો કોઈ યુગમાં સાંભળ્યા ન હતા. ધર્મ તો ઘણા જ કહ્યા છે પણ તેને કોઈએ પૂરેપૂરા વર્તનમાં લીધા નથી. ૨. જ્યારે ભગવાને અવતાર ધાર્યો હોય અને ત્યારે જે ભક્તો હોય, તેના આ રીતના ધર્મ પૂર્વે ક્યારેય હતા નહિ. ભલે ગ્રંથમાં કહ્યા હોય પણ તેને વર્તનમાં કોઈએ પૂરેપૂરા લીધા ન હતા. ૩. જ્યારે જ્યારે પૂર્વે અવતારો થયા હતા ત્યારે તેમના ભક્તો પણ ઘણા થયા હતા. પણ આ સમયની જેમ કોઈ અવતાર પોતાના ભક્તને અંત સમયે આવીને તેને તેડી ગયા હોય તેવું બહુ દેખાતું નથી. ૪. હા, જ્યારે ભગવાન રામચંદ્રજી સ્વધામ પધાર્યા ત્યારે અયોધ્યાપુરીના બધા જ ભક્તોને વિમાનમાં બેસાડીને સ્વર્ગમાં લઈ ગયા હતા. ૫.

શ્રીરામચંદ્રના પ્રતાપી જીવનમાં આટલો પ્રતાપ વાલ્મીકિ ઋષિ લખી ગયા છે. બીજું સુદ્યમ્ન નામે એક રાજા હતો તે અગસ્ત્યમુનિના શાપથી, ૬. અદ્‌ભુત ગજેન્દ્ર થયો હતો. એક સમયે તે ગજેન્દ્ર હરખાઈને મોટા સરોવરમાં પાણી પીવા આવ્યો. ત્યારે એક કાળરૂપ ઝૂડ તેના ઉપર ધસી આવ્યો. ૭. ગજેન્દ્રનો પગ પકડ્યો, તેને તેણે છોડ્યો નહિ. ગજેન્દ્ર ઝૂડની સાથે દેવોના એક હજાર વરસ સુધી યુદ્ધ કરીને થાકી ગયો. તેને મોત નજીકમાં દેખાયું. ૮. ભગવાન સિવાય અન્ય કોઈ આધાર દેખાયો નહિ. દેવોમાં પણ નજર કરી. છેવટે તે ગજેન્દ્ર શ્રીહરિને શરણે ગયો. ભગવાને તેને પોતાનો શરણાગત જાણ્યો. પછી સુખદાયક પ્રભુ ગરુડ ઉપર બેસીને તેની પાસે આવ્યા. ૯. ભગવાન ચતુર્ભુજ હતા. દરેક હાથમાં આયુધ હતા. આવીને તુરંત સુદર્શન ચક્રથી ઝૂડનું માથું કાપી નાખ્યું. ૧૦.

ગજેન્દ્રનું બંધન છૂટી ગયું. તેણે ભગવાનની બહુ જ પ્રાર્થના કરી. પછી ભગવાનનાં ચરણોનો સ્પર્શ કર્યો અને તત્કાળ જ શરીર છોડી દીધું. ૧૧. તે ગજેન્દ્ર ચતુર્ભુજધારી ભગવાનનો પાર્ષદ બનીને વૈકુંઠમાં ગયો. હૂહૂનામે જે ગાંધર્વ હતો તે દેવલમુનિના શાપથી મહાન્ વિકરાળ ઝૂડ (મગર) થયો હતો. ઘણા વરસ સુધી શાપનું દુઃખ ભોગવતો રહ્યો. પછી તેને ગજેન્દ્રના જોગથી ભગવાનનો જોગ થયો. ૧૨-૧૩. સુદર્શન ચક્રથી મોત થયા પછી તે દેવ બનીને દેવલોકમાં ગયો. ઉપર જે કથા કહી તેના કરતા અત્યારે સત્સંગનો પ્રતાપ અધિક છે. ૧૪.

❋ અવતારની સાથે સંતનો મહિમા :

सोरठा : संत हे तिनसे अपार, सामर्थ को नहि पार तेहि;
जेते भये अवतार, एक एक जिय में रहे तेहु...१६

चोपाई :

एक एक में सामर्थ हे भारी, ब्रह्मांड नये रचे कछु नहीं वारी;
संकल्प याके कहावत जेते, साचे सिद्ध रूप हे तेते...१७
ताके सामर्थ कहावत जेता, अवतारने दब रखे हे तेता;
अवतार विन न दबाय एही, भव ब्रह्मा की गनति न तेही...१८

હરિભક્તોને અત્યંત સમર્થ સમજીને તેમના ઉપર મનમાં ઘણો પ્યાર રાખીએ છીએ અને તેટલા માટે જ અમે સત્સંગમાં વારંવાર ફરતા જ રહીએ છીએ. ૧૫. સંતોમાં તો સામર્થ્ય હરિભક્તો કરતા પણ અપાર છે. જેટલા અવતારો થયા છે તે બધા એક એક જીવમાં રહ્યા છે. ૧૬.

એક એક સંતમાં એટલું બધું ભારે સામર્થ્ય છે કે તેઓને કોઈ નવું બ્રહ્માંડ રચવું હોય તો પણ રચી શકે છે અને તેમાં કાંઈ વાર લાગે તેમ નથી. તેમનાં બધાં સંકલ્પો સત્ય-સિદ્ધ થાય તેમ છે. ૧૭. સંતોનું જે સામર્થ્ય છે તેને તો અવતારે દબાવી રાખ્યું છે. અવતાર સિવાય તે સામર્થ્ય દબાય તેવું નથી. તેમની આગળ ભવ બ્રહ્માદિકની તો ગણતરી જ નથી. ૧૮.

દેવલોકનું સુખ ઘણું ભારે હોય છે પણ માંસ અને મદિરાથી રહિત શુદ્ધ યજ્ઞ કરે ત્યારે જીવ તેનો અધિકારી થાય છે. જપ, તપ, દાન અને તીર્થ

આદિ જે સાધન છે તે પણ બ્રહ્મચર્ય રાખીને વારંવાર કર્યા હોય, ૧૯. તો મન ચાહ્યું ભોગ સુખ મળે છે પણ ત્યાં ભગવાનને ભજવાનું જ્ઞાન રહેતું નથી. સ્વર્ગના સુખનો પણ પ્રલય સમયે તો નાશ થાય જ છે અને પછી તેને સૂક્ષ્મદેહમાં નિવાસ કરીને રહેવું પડે છે. ૨૦ તેટલા માટે જ સ્વર્ગનાં સર્વે સુખોને નરકના ખાડા જેવાં મોક્ષધર્મમાં કહ્યાં છે. જે પ્રાકૃત માયિક બુદ્ધિનો મનુષ્ય હોય તે તો આ વાતને સાંભળીને ખિજાઈ જાય છે. ૨૧. પાતાળથી લઈને બ્રહ્માના લોક સુધીના જે સુખ ભગવાનના સંબંધે રહિત હોય છે, તેને પ્રાકૃત સુખ કહેવાય છે અને જેને આવી સમજણ દૃઢ હોય, ૨૨.

रीति विन करे वात अपारा, रीतिवंत ताकुं जाने गमारा;
रीति पढे विन रीति न आवे, गमे तेसे मुक्त हि कहावे...२३

તે જો રીતને સમજ્યા વિના તેવી ઘણી વાતોને કરે, પણ રીતને જાણનારો જે હોય છે તે તે વાત કરનારાને ગમાર-અજ્ઞાની માને છે. રીત શીખ્યા વિના ન આવડે, ભલેને તે પછી મોટા મુક્ત પુરુષ કહેવાતા હોય ! ૨૩.

કરોડો માણસ ભેળા થયા હોય ત્યારે ત્યાં યથાર્થ રીતિને જાણનારા તો એક કે બે જ નીકળે. જો તેને ભગવાનનો જોગ થાય તો તે દિવ્ય ચક્ષુવાળો રીત જાણનારો કહેવાય. ૨૪. જેને ભગવાન મળ્યા હોય તેણે વિશેષ રીતિ રાખવી પડે. જો રીત ન હોય તો તેને મૂર્ખ કહેવાય. તેનાથી સત્સંગમાં લેશ પણ સમાસ થાય નહિ. ૨૫. ભગવાન જે સમાસ કરે, પ્રતાપ જણાવે, તેની વાત અહીં કહેવી નથી. તેમની બે રીતોને જોઈને સમાસ-પ્રતાપ જોવામાં આવતો નથી. ૨૬. ભગવાન તો સત્સંગમાં સમાસ કરે, પ્રતાપ જણાવે અને કુસંગમાં પણ સમાસ કરે પ્રતાપ જણાવે. સંતોની પાસે રહીને જે સમાસ થાય તેવી રીત શીખવી જોઈએ. ૨૭. **જેની ક્રિયાને દેખીને સત્સંગીઓ રાજી થતાં હોય, સત્સંગીઓને પ્રેમ થાતો હોય, તે સંતને અપાર ગુણયુક્ત જાણવા. ભગવાન પણ તે સંતને વશ વર્તતા હોય છે.** ૨૮.

चोपाई :

संत अरु हरिजन भये जेहा, हरि में प्रीत होय शिखने तेहा;
शिखे विन कबहु प्रीत न होवे, कोटि जन्म सत्संग में खोवे...२९

प्रथम हरिजन संत हि संगा, तामें प्रीत सो करना अभंगा;
तुच्छ स्वभाव पदार्थ हीता, प्रीत न तुटे कोई कर रीता...३०

સંતોએ અને હરિભક્તોએ ભગવાનમાં પ્રેમ થાય. એવું શીખવું. સત્સંગમાં કરોડ જન્મ વિતાવે તો પણ શીખ્યા વિના ક્યારેય ભગવાનમાં પ્રેમ થાય નહિ. ૨૯. પહેલા તો હરિભક્તોએ સંતોની સાથે અતૂટ અખંડ પ્રેમભાવ રાખવો. કોઈ તુચ્છ સ્વભાવ કે તુચ્છ પદાર્થને માટે કોઈ પણ રીતે પ્રેમ તૂટવો જોઈએ નહિ. ૩૦.

કામ, ક્રોધ, લોભ, રસાસ્વાદ અને માન પ્રાકૃતબુદ્ધિવાળા દેહાભિમાનીને હેરાન કરે છે. જ્યારે તે પાંચ દોષ મનુષ્યમાં પ્રવેશ કરે છે ત્યારે મુક્ત જેવા પણ સૂધ બૂધ ભૂલી જાય છે. ૩૧. માણસમાં એવા ગુણો તો રહ્યા જ છે પણ તે પાંચ દોષ વિશેષ રૂપમાં પ્રવેશે ત્યારે તેનું બાહ્ય કે આંતરરૂપ કેવું થઈ જાય ? તેનો અભ્યાસ બહુ પહેલાથી જ કરવો જોઈએ. તેને લગતા કોઈ પણ નિયમનું ઉલ્લંઘન કરાય નહિ. ૩૨. કોઈ મુક્ત હોય, સિદ્ધ હોય, બ્રહ્માના સમાન હોય, શુકદેવજી અને સનકાદિકોના જેવા હોય, પણ તેઓ જ્યાં સુધી આ પ્રાકૃતિક-માયિક શરીરમાં રહ્યા હોય ત્યાં સુધી કોઈ પણ પ્રકારે ઉન્મત્ત થઈને ફરવું નહિ. ૩૩. માયિક શરીરમાં રહીને જે સિદ્ધ દશાને પામ્યા હતા તે જો નિયમોને પાળતા ન રહ્યા તો પોતાની સ્થિતિમાંથી ભ્રષ્ટ થઈ ગયા હતા. મન, ઈન્દ્રિયો નિયમમાં હોય તો પણ જેટલા ત્યાગી છે તેમણે પોતાનું બ્રહ્મચર્યવ્રત દૃઢ રાખવું. ૩૪. તથા નિષ્કામશુદ્ધિ ગ્રંથને કવચની જેમ સુરક્ષા માટે અનુસરવું અને ધર્મામૃત ગ્રંથનું રાત દિવસ પાન કરતા રહેવું. ૩૫. પોતાના શરીરને તે બે ગ્રંથમાં કહેલા વચનોને આકારે વર્તાવવું અને તેમ કરવાથી તેને લગારેય વિઘ્ન આવી શકે નહિ. છતાંએ તેણે રાતદિવસ પરિપક્વ રીતે સંત સમાગમનો અભ્યાસ કરતા રહેવું. ૩૬.

दोहा : मन को धार्यो होवे जिहाँ, तिहाँ तितनो कुसंग;
नियम प्रमाने वर्ते जो, सो हे संत सत्संग...३७
गृहस्थ के नियम में गृहस्थकुं, वर्तनो ततपर होइ;
सत्संगी सत्संगी को, समागम करे सोइ...३८

જયાં જેટલું મનનું ધાર્યું વર્તી શકાતું હોય ત્યાં તેટલો કુસંગ જાણવો અને જે નિયમ પ્રમાણે વર્તે તે જ સંત છે અને એનો સમાગમ કરવો એ જ સત્સંગ છે. ૩૭. ગૃહસ્થોએ ગૃહસ્થોના નિયમોમાં તત્પર થઈને વર્તવું. અને સત્સંગીએ સત્સંગીનો સમાગમ કરતા રહેવું. ૩૮. સ્ત્રીઓ સ્ત્રીઓના સમાજમાં કાયમ સત્સંગનો અભ્યાસ કરતી રહે. જેને મન, કર્મ અને વચનથી સત્સંગ હોય છે. ૩૯. અને **સત્સંગના નિયમોને જે દઢપણે પાળે છે તેવા ભક્તને અંત સમયે આ મૂર્તિ આવીને દર્શન આપશે જ.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ્ પૂરમાં 'શ્રીહરિએ ત્યાગી ગૃહી સ્ત્રી પુરુષ બધા માટે સત્સંગની રીત કહી' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર આઠમું : તરંગ - ૨૧

શ્રીહરિએ સત્સંગમાં હરિભક્તો પ્રત્યે કૃપાપત્ર લખાવ્યો

दोहा : तुमारो संग सो अभय हे, उत्तम एहि सत्संग;
ता विन देशकाल कर, फरि जावत हे अंग...०२

ગઢપુરના દરબાર જીવા ખાચર બંને હાથ જોડીને શ્રીહરિ પ્રત્યે બોલ્યા, અમે નિર્ભયના સંગને છોડીને ભય ઊપજે એવી પ્રવૃત્તિમાં પડતા નથી. ૧. આપનો સંગ-સંસર્ગ તે નિર્ભયપણું છે અને સત્સંગ તે સર્વોપરિ છે. તેના સિવાય તો દેશ-કાળની વિપરીતતાથી મનુષ્યનું અંગ-રુચિ, પ્રકૃતિ બદલાઈ જાય છે. ૨. અક્રૂરજી મહાન્ ભક્ત હતા. વંદન ભક્તિમાં તે મુખ્ય હતા. જયારે દેશકાળ વિષમ આવ્યા તેણે તેનું ભક્તપણું ટાળી દીધું. ૩. બળદેવજી શેષનો અવતાર હતા. અંતર્યામી અને અપાર એવા શ્રીકૃષ્ણમાં પણ સ્યમંતક મણિને લીધે તેમને વિશ્વાસ ન રહ્યો અને અંત સુધી વિયોગી જેવા રહ્યા. ૪. કોઈ મહાન્ ઈશ્વર સમાન હોય છતાં જો તેઓ માયિકદેહમાં આવ્યા હોય તો તે પણ પ્રાકૃત ચરિત્ર કરે છે. વળી નારદજી તો ભગવાનનું મન કહેવાતા. તેમણે અનંત મુમુક્ષુઓનો મોક્ષ કરાવી દીધો છે. ૫.

તેઓ તો પ્રહ્લાદ, પ્રિયવ્રત અને ધ્રુવજી જેવાના પણ ગુરુ કહેવાતા હતા. તેઓ માયિક વસ્તુઓને મળનો પણ મળ માનતા હતા. ૬. તેમનાં જીવનમાં લેશમાત્ર પણ કપટ ન હતું. અને તેથી જ તેમના ઉપદેશને સાચો માનતા હતા. પણ તેઓ થોડાક પ્રાકૃત માયાના મોહરૂપ સ્વભાવમાં ફસાયા તો તેમને તેવા દેશકાળ વ્યાપ્યા અને ખામી કહેવાણી. ૭.

ભવ, બ્રહ્મા અને ઈન્દ્ર આદિ જગતના ઈશ્વર કહેવાતા, છતાં તેઓ જો પ્રાકૃત-માયિક સ્વભાવથી વિષયમાં લલચાયા, તો તેનાથી તેમની વિષયી જીવના જેવી બુદ્ધિ થઈ ગઈ અને કલંક લાગ્યાં. ૮. અમને આપનો આટલો બધો જે યોગ રહે છે તે અમારે માટે અલભ્ય લાભ કહેવાય. અમે તો રાત દિવસ માયાના ગુણોમાં રહીએ છીએ. એટલે એક સરખી સમજણ રહેતી નથી. ૯. અમે આપને એક પરમેશ્વર માનીએ છીએ અને આપનાથી પર કોઈ બીજાને માનતા નથી. ગામ, ગરાસ, તન અને ધન, જે કાંઈ છે તે બધું આપનું આપેલું જ અમે ભોગવીએ છીએ. ૧૦.

તેમાં એક રતીભાર પણ ખોટું (કુડું) નથી. તેને અમે જે ‘અમારું’ કહીએ છીએ તે અમારું પૂરું અજ્ઞાન છે. અમે આપનું શરણ લીધું છે પણ અમે આપને કાંઈ આપ્યું નથી. ૧૧. આપ જ્યાં સુધી અમારે ઘેર રહેશો ત્યાં સુધી અમે મન, કર્મ અને વચનથી સેવા કરતાં રહીશું. આપની સેવામાં જેટલું ઉપયોગી થશે તેટલું અમે ખુશીથી આપશું. ૧૨. આપનું છે અને આપને આપીએ છીએ, તેમાં કાંઈ અમે વિશેષતા દેખતા નથી. પણ વિશેષતા તો તે છે કે અમે આપનું દીધેલું ખાઈએ છીએ. તે અમે જાણીએ છીએ. ૧૩.

હે નાથ ! આપે જ અમને અંતઃકરણ, ઇંદ્રિયો અને દેહ, બધું આપ્યું છે. હવે તેનું દિનરાતનું ભરણ પોષણ પણ આપના જ હાથમાં છે, આપને જ તે કરવાનું છે. ૧૪. હાથીથી લઈને કીડી સુધીનું ભરણ પોષણ આપ જ કરો છો અને જેને પગ પણ નથી તેવાઓનું પોષણ પણ આપ જ કરો છો. ૧૫. બીજા તો કેવળ નિમિત્ત માત્ર કહેવાય છે, પણ તે આપ કરો છો, તેને ક્યારેય પોતાને શિરે લેતા નથી. આવી આપની અદ્‌ભુત રીત છે. આપ જ્યારે જણાવો છો ત્યારે અમને તેની ખબર પડે છે. ૧૬.

❋ **બ્રહ્મરૂપ રહેવાની મહત્તા :**

ત્યારે શ્રીહરિ થોડું હસીને બોલ્યા, **"પરમેશ્વરનું બધું છે." એમ લોકો બોલે તો છે, પણ તેમાં ઘણો ફરક રહે છે. પરમેશ્વરને બધા જ લોકો જાણે છે. પણ પરમેશ્વરને માટે તેનાથી કાંઈ થાતું નથી.** ૧૭. કદાચ પ્રત્યક્ષ પરમાત્મા એમ માગે કે, "મને તમારો દીકરો આપો" તો તેનાથી કોઈ મનમાં અપાર રાજી ન થાય ઉલ્ટાના પરમેશ્વરથી વિમુખ થઈ જાતા વાર ન લાગે. ૧૮. પરમેશ્વરને સહુ જાણે છે, તેમાં કાંઈ સંદેહ નથી, પણ મનુષ્યને પ્રાકૃત-માયિક સમજણ મુખ્ય રહી જાય છે. હરિભક્તોમાં પણ પરમેશ્વરનું સર્વ રીતે પૂરું જ્ઞાન ધરાવનારા કોઈક જ શૂરવીર હોય છે. ૧૯. જીવ જ્યાં સુધી આ માયિક શરીરમાં રહ્યો છે ત્યાં સુધી સમજણમાં ફરક રહે છે. જ્યારે જીવ દેહને પોતાનું રૂપ માનતો બંધ થઈ જશે ત્યારે તેને ખરી અજોડ સમજણ પ્રાપ્ત થાશે. ૨૦. માટે આજે સત્સંગમાં એક સુંદર કાગળ લખીએ. જે અમારા આશ્રિત સંત હરિભક્તો બાઈ ભાઈ કહેવાય છે. ૨૧.

चोपाई :

प्राक्रत देह यह जिय के जेहा, जिय को स्वरुप न मानना तेहा;
अक्षर शुद्ध स्वरुप हे अपना, एसो स्वरुप जिय को चिंतवना...२२
अक्षर भावना जिय में लाई, चिंतवन करना चित्त में ताई;
अक्षर भाव जब जिय में आये, प्राक्रत भाव तब दुर बहावे...२३
अक्षर में हरि रहे हे सदाई, दिव्य मूर्ति अलोकिक जाई;
सत्संग में विचरीत मूर्ति जेहि, एकी एह जिय में रहे तेहि...२४

તેમણે જીવ જે માયિક શરીરમાં રહ્યો છે તેને ક્યારેય પોતાનું રૂપ માનવું નહિ. પોતાનું સ્વરૂપ તો શુદ્ધ અને અક્ષરરૂપ છે, એવું જીવે કાયમ ચિંતન કરવું. ૨૨. જીવે પોતાનાં સ્વરૂપમાં અક્ષરબ્રહ્મની ભાવના કરવી અને તે સ્વરૂપનું ચિત્તમાં સતત ચિંતન કરવું. જ્યારે જીવમાં તે અક્ષર બ્રહ્મભાવ આવીને સ્થિર થાય ત્યારે પ્રાકૃત-માયિક ભાવ દૂર થઈ જાય છે. ૨૩. અક્ષરમાં શ્રીહરિ સદાય રહ્યા છે. એ જ દિવ્ય, અલૌકિક મૂર્તિ જે છે તે જ આ સત્સંગમાં વિચરે છે અને તે જ એક મૂર્તિ જીવમાં રહી છે. ૨૪.

દેહ અને દેહના સંબંધીઓ અત્યંત વિજાતીય (એકદમ જુદા જ) છે. દેહના મરવાથી જીવ મરતો નથી. છતાં જીવને દેહ અને દેહના સંબંધીઓમાં જે સ્નેહનો તાર છે તે છૂટતો નથી. ૨૫.

दोहा : मिथ्या स्वार्थ मानीके, अज्ञान रुप भये आप;
सत्य में करे तिस विध, होई जावे सो अमाप...२६

જીવ દેહ ગેહાદિમાં મિથ્યા સ્વાર્થ માનીને અજ્ઞાનરૂપ થઈ ગયો છે. જો સત્ય સ્વરૂપ પરમેશ્વરમાં તેવી રીતે કરે તો જીવ પોતે ન માપી શકાય તેવો મહાન્ થઈ જાય છે. ૨૬. **હરિભક્તને તો કોઈનો ભય નથી. પણ સાચી સમજણ નથી હોતી, તેથી બુદ્ધિમાં તુચ્છતા રહે છે. ભયથી મુકાઈને નિર્ભય થાવું એ જ સમજણનું મહા પ્રબળ કામ છે.** ૨૭. સમજણને અભાવે માણસ હીરાને અને કાંકરાને સરખા ગણે છે. હરિ હીરા સમાન છે, માન અને માયા કાંકરા સમાન છે. **જીવને જો માન ન મળે તો તે પરમેશ્વર રૂપ હીરાને પણ ફેંકી દે છે. માટે સમજણ તો જોઈએ જ.** ૨૮.

સત્સંગની મોટપ અપાર છે. આવો સત્સંગ ફરીને વારંવાર મળતો નથી. ભવ અને બ્રહ્મા જેવા જગતના ઈશ્વરો પણ આવા સત્સંગને વારેવારે માગે છે. ૨૯. જીવ જગતના નોરમાં (રીતમાં) જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી તેને નરકયાતના અને લખચોરાશી ક્યારેય મટવાના નથી. જગતનો નોર (રીત) બહુ કાળ સુધી રાખ્યો. પરંતુ તેમાં ઠાલેઠાલા અનંત યુગ વીતી ગયા. ૩૦.

જ્યાં સુધી જીવ ભગવાનનો ભક્ત નહિ થાય ત્યાં સુધી જીવ જેવો છે તેવોને તેવો સદા જીવ જ રહેશે. ક્યાં કીડાનું સુખ અને ક્યાં બ્રહ્માનું સુખ ? તેમાં તો બહુ ફેર છે છતાં જીવ તો કીડાની સ્થિતિમાં પણ ઘણું જ સુખ માને છે. ૩૧. તેની બુદ્ધિ કેવી કહેવાય ? ભક્ત સિવાયના લોકો તો કીડા જેવા જ દેખાય છે. જે હરિભક્ત (સત્સંગી) ન થયા હોય તેવા લોકો ઘણું પુણ્ય કરીને પણ, ૩૨. બ્રહ્માના લોકનું સુખ જ પામે છે અને બ્રહ્માનું સુખ મળે તોપણ તે કીડાના કીડા જ રહે છે. ભગવાન સિવાય બીજું સુખ મનમાં જ્યાં સુધી ગમે છે ત્યાં સુધી તેનો કીડાનો સ્વભાવ મટે નહિ. ૩૩.

હરિભક્તોને બ્રહ્મરૂપ કરી દેવા માટે જ અમારું સત્સંગમાં વિચરણ છે. તે સિવાય બીજો કોઈ ઘાટ-સંકલ્પ અમારા મનમાં નથી અને તેટલા માટે જ અમે ક્યાંય સ્થિર થઈને એક સ્થાનમાં રહેતા નથી. ૩૪. **અમે જેટલા ચરિત્ર કરીએ છીએ તે સર્વે નિજાશ્રિતોને બ્રહ્મરૂપ કરવા માટે જ કરીએ છીએ.** બીજા કોઈ જાણે કે ન જાણે પરંતુ તમે તો અમારા આશયને જાણજો જ કે, શ્રીહરિ અમને બ્રહ્મરુપ કરવા માટે જ ચરિત્ર કરે છે. કીડા જેવા આ આશયને ન જાણે તેનાથી શું થવાનું છે ? ૩૫. **જે હરિભક્ત અમને જેવા જાણશે તેને તેવું સુખ મળશે.** અમારા આ કાગળને હરિભક્તોએ પ્રાણના જેવો પ્રિય કરી રાખવો. ૩૬.

જેને કીડો મટી જવું હોય, જે ખળ અને કુટિલ ન હોય અને જેને હરિભક્તોનો સ્વભાવ રુચતો હોય, એવો જેનો સ્વભાવ હોય તેને સત્સંગી કરવો. ૩૭. જે અતિશય કુટિલ હોય અને તે જો સત્સંગમાં આવે તો પછી તે મનમાં ધારે તેટલો સત્સંગીનો દ્રોહ કરે છે. ૩૮. જે હરિભક્ત હોય છે તે તો નિશ્ચય ભગવાનના ધામને પામે છે પણ જે કુટિલ હોય તે નરકમાં પડે છે અને તેને દુઃખનો કોઈ પાર રહેતો નથી. ૩૯. કુટિલ મનુષ્ય અપાર દુઃખને દેખીને જો કુટિલતાને તજી દે છે અને પોકાર કરીને વિનંતી કરે છે તો હરિભક્ત તેનો ઉદ્ધાર કરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિએ સત્સંગમાં હરિભક્તો પ્રત્યે કૃપાપત્ર લખાવ્યો' એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર આઠમું : તરંગ - ૨૨

શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે વહેલાલ ગામ પધાર્યા

વહેલાલ ગામના અમીન પાટીદાર જેસંગભાઈ ઘણા સારા ભક્ત હતા તે શ્રીહરિની પાસે આવ્યા અને હાથ જોડીને બોલ્યા. ૧. હે હરિ ! અમે આપના દાસ છીએ. રાત દિવસ આપને ચાહિએ છીએ. આપ અમારે ગામ પધારો અમને આપના સિવાય બીજું કાંઈ ગમતું નથી. ૨. અમને આપના ઉપર

હેત અપાર છે પણ આપની આગળ અમારું કાંઈ જોર ચાલે નહિને ! આપ ભક્તોના પ્રાણઆધાર છો. એટલે અમે તો દાસભાવે વિનંતી કરીએ છીએ. ૩. હે શ્રીહરિ ! વરસમાં એકવાર અમારે ઘેર વહેલાલ પધારો. આપ દયાનિધિ છો. તો અમને દીનભક્ત જાણીને અમારા ઉપર દયા કરો. ૪. જેસંગભાઈએ આનંદથી ગદ્ગદ થઈને શ્રીહરિનાં ચરણોમાં પોતાની પાઘ ઉતારીને મૂકી.

ત્યારે ભાઈ રામદાસસ્વામી શ્રીહરિની આગળ હાથ જોડીને બોલ્યા. મહારાજ ! મારી પણ એવી જ વિનંતી છે. આપ વહેલાલ પધારો. ૫. ગઢપુરમાં દરબાર એભલ ખાચરનું ઘર જેવું હરિભક્ત છે તેવું જ જેસંગભાઈનું આખું ઘર છે. તેઓ આપનાથી કોઈ બાબતને અધિક માનતા નથી. તેઓ તો આપને જ માલિક માને છે. અને પોતે મહેમાનની જેમ ઘરમાં રહે છે. ૬.

જેસંગભાઈ એવી તમારામાં વૃત્તિ રાખે છે કે, જેનાથી તે મન, કર્મ, વચને આપના થઈને જ રહે છે. જેતલપુર અને ગામડી ગામમાં જેવા હરિભક્તો છે, ૭. વડનગર, વીસનગરમાં જેવા હરિભક્તો છે, કરજીસણ અને ડાંગરવામાં જેવા હરિભક્તો છે, ૮. તથા મોટેરા અને વહેલાલના હરિભક્તો પણ આપનાં 'વેચાણ' થઈને રહેવાનો દૃઢાવ કરીને રહ્યા છે. તેમજ ડભાણ, નડિયાદ અને ઉમરેઠના હરિભક્તો પણ તેવા જ પાકા દૃઢ સત્સંગી છે. ૯. વડતાલ, બોચાસણ, બામણગામ અને કલાલીમાં અમીનોનો સત્સંગ છે. સરસવણી અને ઈટોલામાં પણ પાકા અને શૂરવીર હરિભક્તો છે. ૧૦. તેવા જ હરિભક્તો નાથભક્ત આદિ વડોદરામાં છે. દોરામાં કાશીરામભાઈ સારા સત્સંગી છે, સુરતમાં શેઠ ભાઈચંદભાઈ વણિક હરિભક્ત છે. ૧૧. તેમની સાથે હેતવાળા જે સુરતના બીજા હરિભક્તો છે તે પણ ભાઈચંદભાઈ જેવા જ ટેકવાળા છે. મોરજમાં ગોકુળ ગઢવી અને બુધેજમાં હઠીભાઈ સારા હરિભક્ત છે. ૧૨.

ગુડેલ ગામમાં ઘણા શૂરવીર અને ક્ષત્રિય કુળના યશસ્વી જીભાઈ નામે બળિયા હરિભક્ત છે. ૧૩. ઊંટવાડામાં જોઈતા પગી અને પીપળીમાં દરબાર દાદાભાઈ ક્ષત્રિય હરિભક્ત શ્રેષ્ઠ અને અજોડ છે. ૧૪. કમિયાળામાં સિંહા વણાર અને દરબાર દેહાભાઈ, અપાર પ્રેમીભક્ત ગઢવી ખેમરાજ

તથા આવરદાસ. ૧૫. અને વળી, ઓધવજી નામે એક વણિક, એ બધા મહાન પ્રેમીભક્તો રહે છે. અહો ! જુદી જુદી જ્ઞાતિમાં જન્મેલા મહાન પ્રેમી ભક્તોના આ નામ છે. ૧૬. નાની-મોટી બંને બોરુમાં શાહ રાઘવજી અને સોની હીરાભાઈ ઘણા સુખી અને સારા સત્સંગી છે. પચ્છમ ગામમાં વિપ્ર ઉદ્ધવજી અને જેરાજ તથા દેવજી એ બે કણબી સારા ભક્તો છે. ૧૭. ગાંફમાં ભાલ પ્રદેશના રાજા ગણાય છે તે દરબાર મનુભા, વિપ્ર વસ્તા રાવળ, કણબી લવજીભાઈ એ બધા સારા હરિભક્તો છે. ૧૮.

ધોલેરા બંદરમાં દરબાર પૂંજાભાઈ અનુપમ અને શિરોમણિ સત્સંગી છે. પોતાનું તન, ધન, ગામ, ગરાસ બધું જ તેમણે ભગવાનનાં ચરણોમાં તત્કાળ અર્પણ કરી દીધું છે. ૧૯. અંબરીષ રાજાના જેવા તેઓ આત્મનિવેદી ભક્ત છે. ભગવાનની સેવામાં તેણે પોતાનું શરીર ઘસી નાખ્યું છે. અન્ન જળ ભગવાનને અર્પણ કરીને લે છે. પ્રસાદી કર્યા વિના વસ્ત્ર પણ શરીર ઉપર ધારતા નથી. ૨૦. રાતદિવસ ભગવાનની સેવાના જ ઘાટ-સંકલ્પ કરે છે. તે સિવાયના બધા ઠાઠમાઠ તજી દીધા છે. તેમના ધર્મપત્ની પટરાણી પણ એવા જ ભક્ત છે. તેમનાં મનમાં પણ ભગવાન સિવાયનો અન્ય સંકલ્પ થાતો નથી. ૨૧. તે દરબારના બહેન અજુબા નામે છે. તે પણ ભગવાનના અનન્ય ભક્ત છે. ભગવાન સિવાયના બીજા સુખોને તેમણે હરામ કર્યા છે. શ્રીહરિ અને સંતોના નિવાસ માટે ધોલેરામાં સારું મંદિર કરાવવા ચાહે છે. ૨૨. દરબાર પૂંજાભાઈ, તેમના રાણી અને બહેને તીવ્ર તપ શરૂ કરી દીધું છે. દૃઢ બ્રહ્મચર્યવ્રત રાખીને શરીરને એકદમ સૂકવી નાખ્યાં છે. ૨૩. દેશેદેશમાં આવા અપાર હરિભક્તો છે જેનો ગણે પાર આવે તેમ નથી. વ્યવહારમાં સમર્થ હોય કે દુર્બળ હોય, સત્સંગમાં તો એક એકથી સહુ અધિક છે. ૨૪.

જેસંગભાઈએ પાઘ ઉતારી મસ્તક શ્રીહરિના ચરણમાં ધર્યું. ત્યારે શ્રીહરિએ પોતાનાં બંને ચરણકમળ જેસંગભાઈના મસ્તક ઉપર મૂક્યા અને રાજીપામાં ફૂલના હાર આપ્યા. ૨૫. શ્રીહરિ વહેલાલ ગામ જવા તૈયાર થયા. બધા સંતોને સાથે લીધા. સૂર્યદર્શન કરવા આવ્યા ત્યારે સવારના પહોરમાં

ઘનશ્યામ શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૨૬. બધા દરબારો શ્રીહરિની સાથે રહ્યા. બધી સવારી (લશ્કર વગેરે) પોતપોતાને ઘેર મોકલી દીધી. શ્રીહરિએ જે કહ્યું તે પ્રમાણે દરબારોએ અશ્વ જ સાથે રાખ્યા. ૨૭. તો પણ એક સો જેટલા સવારો રહ્યા હશે. ડંકા, નિશાન અને કાંઈક વાજિંત્ર પણ રાખ્યા હતા. તે સમયે આશારામ અને ઉગરચંદ ભાઈ ટીમણ લઈને ગામ બહાર આવ્યા. ૨૮. બે ગાડા ભરીને સુખડીના લાડુ કરાવ્યા હતા. બપોરે જ્યાં સહુ જમ્યા ત્યાં સુધી તે બંને ગાડાં ને સાથે લીધાં હતાં. ૨૯. લગભગ સાંજ સમયે **વહેલાલ** ગામ પહોંચ્યા. ગામના બધા હરિભક્તો સામે આવ્યા. શ્રીફળ અને ફૂલહાર હાથમાં લીધા હતા. સહુના હૃદયમાં આનંદ છવાયેલો હતો. ૩૦.

ગામમાંથી ઘણી જાતનાં અપાર વાજિંત્ર લાવ્યા હતાં. તે સહુ અલગ અલગ રીતે વગાડતા હતા. મનમાં પ્રેમભાવ હોવાથી સહુ કીર્તન ગાતા હતા અને ગુલાલ ઉડાડીને તો તેની ધૂમ મચાવી દીધી હતી. ૩૧. બધા હરિભક્તો પાસે આવીને ફૂલના હાર પહેરાવીને દંડવત્ પ્રણામ કરતા હતા. ચરણકમળ આગળ શ્રીફળ ધરતા હતા અને સહુની આંખોમાં હેત ઊભરાતું હતું. ૩૨. તે વેળાએ શ્રીહરિએ બધા વસ્ત્રો સોનેરી પહેર્યાં હતાં અને વિચિત્ર અલંકારો પણ પહેર્યાં હતાં. અશ્વને પણ સોનેરી વસ્ત્ર અને આભૂષણોથી શણગાર્યો હતો. ૩૩. તે સમયે અશ્વની શોભા એટલી સરસ જણાતી હતી કે માનો દેવલોકમાંથી એવું કોઈ વિમાન આવ્યું હોય ! કોઈ તો એમ પણ કહેતા હતા કે મૂર્તિમાન ગરુડજી આવ્યા છે. તે અશ્વ પોતાની જાતિનો શબ્દ (હણહણાટ) કરી રહ્યો હતો. ૩૪.

શ્યામસુંદર શ્રીહરિ અશ્વ ઉપર સવાર હતા. ડાબા હાથમાં લગામ લીધી હતી અને જમણા હાથમાં રૂમાલ હતો તેને મુખ આડે વારે વારે રાખતા હતા. ૩૫. લલાટમાં કેસરચંદન ચરચ્યું હતું અને તેના મધ્યમાં કુંકુમનો ચાંદલો કર્યો હતો. સુંદર જરિયાની પાઘમાં મોતીના તોરા લટકાવ્યા હતા. ૩૬. ગામને દરવાજે આવ્યા. ચોપદાર છડી બોલતા હતા. અપાર વાજિંત્રો વાગતાં હતાં. બંદૂકોના અપાર અવાજ થતા હતા. ૩૭. જ્યારે સૂર્યાસ્ત થયો

ત્યારે અપાર મશાલો કરી. રાજબજારને વિચિત્ર રીતે શોભાડીને તેમાં એક કતારમાં અનેક દીવાઓ કર્યા હતા. ૩૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે વહેલાલ ગામ પધાર્યા' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર આઠમું : તરંગ - ૨૩

શ્રીહરિ જેસંગભાઈના ઘરે ઉતર્યા અને ત્યાગી મહિલાઓનું ભક્તિમય જીવન

શ્રીહરિ પધારે છે એવું સાંભળીને વહેલાલ ગામના ભક્તોએ કેળના સ્તંભ લાવીને બજારમાં ઠેક ઠેકાણે રોપી દીધા. ૧. ઊભી રાજ બજારે કેળનો બાગ બનાવી દીધો. વચ્ચે વચ્ચે ગુલાબના છોડ રોપ્યા અને નાળિયેરીના રોપાઓની હાર કરી દીધી. ૨. ગામને દરવાજે અને દુકાનોને દરવાજે મોતીનાં તોરણ બંધાવી દીધાં. જેટલી બજારો હતી ત્યાં બધે બિલોરી કાચના ઝાડ પ્રકટાવી દીધાં. ૩. આખી બજારમાં વિવિધ પ્રકારના ધૂપ કર્યા. જ્યારે શ્રીહરિ આવ્યા ત્યારે ધૂપનો અપાર સુગંધ બધે પ્રસરી ગયો હતો. ૪.

શ્રીહરિની વિચિત્ર પ્રકારની સવારી બજારમાં ચાલતા ઘણી સોહામણી લાગતી હતી. ડંકા અને જરિયાની જે નિશાન હતાં તે બધાં સવારીમાં આગળના ભાગમાં ચાલતાં હતાં. ૫. ગામના અપાર લોકો વૃદ્ધ, જુવાન અને બાળકો બજારમાં ઊભા હતા. ત્રણ ત્રણ માળના મકાનો બજારે જે હતાં તેમાં છેલ્લા માળ સુધી પણ લોકો બધા દર્શન કરવા માટે ભરાઈ ગયા હતા. ૬. જ્યારે અખિલેશ્વર શ્રીહરિ પધાર્યા ત્યારે ગામના બધા લોકો હાથમાં પૂજાનો સામાન લઈને આવ્યા. તેમણે સોનેરી અને સુંદર વસ્ત્ર તથા આભૂષણ પહેર્યાં હતાં. તેથી આખું ગામ સુવર્ણમય ખીલી રહ્યું હતું. ૭. ચારે વર્ણના જે ઉત્તમ પુરુષો હતા તે બધા હાથમાં ફૂલહાર લઈને આવ્યા હતા. તે સહુ સુંદર રીતે શોભતા હતા. ૮. ઉત્તમ જાતિની જે સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ અને હાર લઈને બજારમાં ઊભી હતી.

શ્રીહરિની આગળના ભાગમાં સર્વે સંતો કીર્તન બોલીને ઉત્સવ કરતા હતા. ૯. ભગવાનનાં ધામમાં જેવો ઉત્સવ થતો હોય તેવો ઉત્સવ તે વેળાએ વહેલાલ ગામમાં થાતો હતો. ગામના લોકો "જય જય" "જય જય"નો ધ્વનિ કરતા હતા અને પુષ્પોની વૃષ્ટિ કરતા હતા. ૧૦. કેટલાક લોકો તો કેસરી ચંદન લાવીને વરસાવતા હતા. જેને જેવો ભાવ હોય તે પ્રમાણે પૂજા કરતા હતા. શ્રીહરિ જે પુષ્કળ હાર આવતા હતા તે ઘણા પ્રેમથી સંતોને દરબારોને અને પાર્ષદોને આપતા હતા. ૧૧. જેઓ મસ્તક ઉપર ચામર કરતા હતા તે વર્ણીને બોલાવીને પણ હાર આપતા. પાઘ ઉપર બે છોગાં મૂક્યાં હતાં, એટલે માનો મણિજડિત મુગટ બનાવ્યો હોય તેવી શોભા બની હતી. ૧૨.

❋ મૂર્તિ વર્ણન :

दोहा : नटवर मूर्ति घनशाम की, शोभा को नहीं पार;
तेज हि तेज अपार हि, छुटत भये तेहि वार...१३
कोटि काम छबि जोईके, लजित हो गये तेह;
पुरवासि छबि देखीके, पूरण भये सो नेह...१४

ઘનશ્યામ શ્રીહરિની મૂર્તિ નટવરના સમાન હતી. તેની શોભાનો કોઈ પાર ન હતો. તે સમયે મૂર્તિમાંથી તેજ તેજ અને તેજ જ અપાર પ્રમાણમાં છૂટતું હતું. ૧૩. શ્રીહરિની સુશોભિત છબી જોઈને કરોડો કામદેવ પણ લજ્જિત થઈ જતા હતા. ગામવાસી ભક્તો તો તે છબીને જોઈને સ્નેહથી પરિપૂર્ણ થઈ ગયા. ૧૪.

ગામની સ્ત્રીઓ જે હતી તેમણે ઘણા જ સ્નેહભાવથી ફૂલહાર પહેરાવીને થાળમાં ભરેલાં મોતીથી શ્રીહરિને વારંવાર વધાવ્યા. ૧૫. શ્રીહરિ અત્યંત પ્રસન્ન મન હતા. ગામના લોકોને દર્શન દેતા દેતા સવારીએ સહિત અમીન જેસંગભાઈને ઘેર આવ્યા. ૧૬. અમીનને મકાનો ઘણા હતા. રાજદરબાર જેવા વિશાળ અને સાત માળ સુધીના તે ભવ્ય હતા. તેમાં ઘણી જાતનાં સોનેરી ચિત્ર કરાવ્યાં હતાં. ૧૭. શ્રીહરિને તે ભવ્ય ભવનમાં ઉતારો આપ્યો. શ્રીહરિ ત્યાં આવીને પલંગ ઉપર બેઠા. દરબારોને પણ જેમ ઘટે તેમ યથાયોગ્ય ઉતારા આપ્યા. ભવનની પાછળના ભાગમાં અશ્વોને બંધાવ્યા. ૧૮.

સંતો અને વર્ણીઓ પણ યથા ઘટિત મકાનોમાં ઊતર્યા. અમીનના અંતઃપુરમાં બધી ત્યાગી બાઈઓ ઊતર્યા. ૧૯. જીવુબા (જયા-મોટીબા), લાડુબા (લલિતા) અને રમાબાઈ ત્યાગી બાઈઓમાં મુખ્ય હતા. અમરબા અને અમૂલાબા પણ તેવા જ ત્યાગી હતા. તેમ છતાં તેઓની આગળ પણ જયાદિ હંમેશા મુખ્ય ત્યાગી રહ્યા હતા. ૨૦. ઉપર ગણાવેલા પાંચે બાઈઓને ભગવાનની સેવા અને ભજન કીર્તનનું એક સરખું તાન રહેતું હતું. તેઓ પોતાના નિયમોને વ્યવસ્થિત પાળીને યથાઘટિત શ્રીહરિની અને સંતોની સેવા કરતાં હતાં. ૨૧. બીજી જે ત્યાગી બાઈઓ હતી તે ઉપર કહેલી પાંચ બાઈઓને ગુરુ માનતી. તે પાંચમાં પણ જીવુબા સહુના મુખ્ય ગુરુ હતા. તેઓ સાધુતાના ગુણોના ભંડાર હતા. ૨૨.

चोपाई :

ध्यान में रहत सदा लेलीना, मूर्ति विन न रहत पल छीना;
कृष्ण की मूर्ति उर बिच धारी, सेवा करत न निकसत बारी...२३
नवधा भक्ति करत दिन राती, मूर्ति लडाव भाँति हि भाँति;
अंतर अंतःपुर माने ताई, तामें मोहोल बडे रचे जाई...२४

તે બધા ત્યાગી બાઈઓ ભગવાનનાં ધ્યાનમાં સદા લેલીન-તલ્લીન રહેતા. એક પળવાર-ક્ષણવાર પણ મૂર્તિ વિના રહી શકતા નહિ. શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિને હૃદયમાં ધારીને તે બહેનો એવી પ્રેમથી સેવા કરતા હતા કે તેમના હૃદયમાંથી ભગવાન ક્યારેય બહાર નીકળતા જ નહિ. ૨૩. રાતદિવસ નવ પ્રકારે ભક્તિ કરતા. અનેક રીતે મૂર્તિને લાડ લડાવતા. પોતાના અંતઃકરણને તે બાઈઓ અંતઃપુર માનતા. તેની અંદર એક વિશાળ મહોલની કલ્પના કરતા. ૨૪. ચૈતન્યનો મહોલ રચતા. તેમાં અપાર તેજ રહ્યું હોય. સેવાના જેટલા પ્રકાર હોય, જે જે ઉપચાર સાધન હોય, તે બધાનો આકાર દિવ્ય રહેતો. ૨૫. તે ત્યાગીબાઈઓ નિત્ય ભાવથી ભોજન બનાવીને ભગવાનને જમાડતા અને અત્યંત ઉત્સાહથી કેસર ચંદને ચરચતા હતા. ૨૬.

જે ત્યાગી બાઈઓ જીવુબાની પાસે રહેતા, જીવુબા તેને એકાદ માસ હૃદયમાં ભગવાનનું ધ્યાન કરવાનું શીખવતા. ૨૭. જીવુબાના વચનથી જે બાઈઓ ધ્યાન કરતા તેને હૃદયમાં પ્રકાશ દેખાતો અને તે પછી તે પ્રકાશમાં

શ્રીકૃષ્ણના ધામને પામતા હતા. ૨૮. જે ધ્યાન કરીને ધામમાં જાતા તે બ્રહ્મમહોલમાં પહોંચતા. ત્યાં રાધા અને લક્ષ્મીથી યુક્ત શ્રીકૃષ્ણ ભગવાન રહે છે. ત્યાંની શોભા એવી અનંત છે કે તે જીભથી કહી શકાતી નથી. ૨૯. જે સ્થાનમાં રાધા તથા લક્ષ્મીજી રહે છે ત્યાં તેમની સખીઓના અનેક મંડળ રહ્યાં હોય છે. હંમેશા તેઓ ગાન તાન કરતા હોય છે અને ત્યાં કામનો તો પ્રવેશ જ થાતો નથી. ૩૦.

શ્રીકૃષ્ણને ઈશ્વરભાવથી સહુ સેવે છે અને પોતાના અંતર્યામી આત્મા તેઓ છે એમ સાક્ષાત્કાર કરીને લાભ લે છે અને તેને સુખના સાગર તેઓ માને છે. કામને તો દુઃખદાયક શત્રુ માને છે. ૩૧. અને કામની રાત-દિવસ નિંદા કરે છે. જે સ્ત્રીના મનમાં કામવાસના હોય છે તે તો કૂતરી, ભૂંડણ, શિયાળ અને ગધેડીની જાતિની કહેવાય. જે સ્ત્રીનાં હૃદયમાં કુમતિ કામ રહ્યો હોય,૩૨. અને જેને કામે કરીને સુખ મનાયું હોય તે સ્ત્રીને તો નાક, કાન વિનાની જાણવી અને જેનાં મનમાં કામનો સંકલ્પ પણ થાતો હોય તો તેને શ્રીકૃષ્ણનાં દર્શન પણ થાતા નથી. ૩૩.

શ્રીકૃષ્ણમાં તો જુદા પ્રકારનો જ કામ છે. તે કેવા પ્રકારનો ? તો તેઓ તો ભક્તને બ્રહ્મસ્વરૂપ કરવા માગે છે, એ જ એમાં કામના છે. તેઓ બ્રહ્મસુખનાં એક લેશમાત્રે કરીને મિથ્યામાં સત્યને હરખથી ભરી રહ્યા છે. ૩૪. બ્રહ્માથી લઈને કીટ સુધીના જીવો પોતાનાં શરીરમાં અનંત સુખ માને છે. પણ તેમને બ્રહ્મમાં અત્યંત સુખ રહ્યું છે એવું મનાવવાને માટે તુચ્છ લૌકિક ભાવોમાં આવું સુખ રચ્યું છે. ૩૫. જીવો સમુદ્રની આગળ એક બિંદુ જેવા તુચ્છ માયિક સુખમાં ડૂબી ગયા છે. તે લૌકિક સુખને છોડાવવાને માટે તેમાં અનંત ભાગોમાં દુઃખ મૂક્યું છે. ૩૬. આ તો પ્રસંગથી બીજી વાત કહી. હવે શ્રીહરિની વાત કહું છું. વહેલાલમાં અમીનના મહેલ જેવા મકાનમાં જે હિંડોળો બાંધ્યો હતો તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. ૩૭. જ્યાં શ્રીહરિ ઊતર્યા હતા તે ભવનની આગળ મંડપ બાંધ્યો હતો. તે અનુપમ મંડપમાં અદ્‌ભુત રૂપાળા સોનેરી થાંભલા કર્યા હતા. ૩૮. અને બિલોરી કાચના ઝાડ બાંધી દીધા અને તરત જ તેને પ્રકટાવી દીધાં. ભવનમાં લટકાવેલા બધા ઝાડ

પણ પ્રકટાવી દીધાં. ૩૯. ભવનના દરવાજા, ગોખ વિવિધ પ્રકારના ઝરુખા અને મંડપના અનેક દરવાજા, બધે જ મોતીનાં તોરણ બાંધી દીધાં હતાં.૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ જેસંગભાઈના ઘરે ઉતર્યા અને ત્યાગી મહિલાઓનું ભક્તિમય જીવન' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર આઠમું : તરંગ - ૨૪

વહેલાલ ગામમાં શ્રીહરિ થાળ જમીને સંતો વગેરેને પીરસવા આવ્યા

બધા સંતો શ્રીહરિની સમીપ આવીને બેઠા. ત્યારે દરબારો પણ શ્રીહરિની સમીપ આવીને બેઠા. તેમની અદ્‌ભુત શોભા છવાઈ રહી. ૧. તે સમયે અમીન જેસંગભાઈએ હાથ જોડ્યા અને હરખથી શ્રીહરિ આગળ બોલ્યા, મહારાજ ! મારા જે બધા મનોરથો હતા તે આપે આજ અહીં આવીને પૂર્ણ કર્યા છે. ૨. હરિભક્તોનું હિત કરવા માટે આપ બ્રહ્મમહોલથી પધાર્યા છો. તેમાં બીજા પણ કેટલાએ ભાગ્યશાળી પવિત્ર આત્માનું કામ સુધરી જશે. ૩. તે નરનારીઓનાં ભાગ્યને પણ ધન્યવાદ ઘટે છે કે જેણે ભાવનાથી આપનાં દર્શન કર્યાં. અને જેણે એકવાર પણ આપનું પૂજન કર્યું છે તેનો હરિભક્તોની સમીપમાં વાસ થશે. ૪.

❋ શ્રીહરિની સર્વોત્તમ મહિમા :

चोपाई :

अबको महिमा तुमारो जोउ, अनंत मुख वर्णन न होउ;
अब वेर तुमकुं न जाने जेहा, तेहि सम अधम जग में न केहा...०५
अनंत अवतार को सामृथ जेता, अब वेर लईके आये तेता;
एसो सामृथ न सुने केहु, अब तुम प्रगट किये जो एहु...०६

આ સમયનો આપનો મહિમા અનંત મુખોથી પણ કહી શકાતો નથી. આ વેળાએ જે આપને ઓળખી શકે નહિ, તેના સમાન અધમ આ જગતમાં કોઈ નથી. ૫. અનંત અવતારોનું જે સામર્થ્ય છે, તેને આ વખતે લઈને આપ આવ્યા છો. આ સમયે જે સામર્થ્ય આપે પ્રકટ કર્યું છે તેવું સામર્થ્ય અમે ક્યારેય સાંભળ્યું પણ નથી. ૬.

કળિકાળ ઘણો કઠોર છે. તેમાં પહેલા તો વિપ્રોએ ધર્મના નિયમોને તોડ્યા. જે રાજા સર્વોપરિ કહેવાય છે, તેણે શંકરાચાર્યના મતને સ્વીકાર્યો. ૭. શંકરાચાર્યનો મત ઘણો શ્રેષ્ઠ ગણાય, અને તે શંકરસ્વામી ઘણા શુદ્ધ હતા. બ્રહ્મ સિવાયના વિષય સુખને તેમણે કાકવિષ્ઠા જેવું કહ્યું હતું. ૮. પણ જે લોકો શંકરાચાર્યના મતને સ્વીકાર્યા પછી પણ બ્રહ્મ સિવાયના અન્ય સુખને ચાહે છે. ભલે તેઓ વેદોને અને પુરાણોને ભણ્યા હોય પણ જો વિષયી થઈ જાય, તો તેને કાગડાં કરતા પણ મલિન જાણવા. ૯. તેવા લોકો વિષયમાં બ્રહ્મની ભાવના કરીને વિષય ભોગનો લાભ લે છે. બ્રહ્મરૂપ થઈને હંમેશા પાપ કરતા રહે છે અને મુખે બોલે છે કે બ્રહ્મને લેશમાત્ર પણ દોષ લાગતો નથી.૧૦.

જગતમાં આવા જે વિપ્રો બ્રહ્મજ્ઞાની થયા છે. તેમાં શંકરાચાર્યનો જે મત હતો તે ન રહ્યો. શંકરમત તો બ્રહ્મને સમજવા માટેનો છે, તેના મત પ્રમાણે તો કોઈની મતિ વિષય દેખીને ભૂલ્યે પણ ક્યારેય ડગે જ નહિ. ૧૧. જે ભાગ્યશાળી જીવ પાપ, વ્યસન અને બધા જ ફેલનો ત્યાગ કરે છે તેને જ બ્રહ્મજ્ઞાન થાય છે. બ્રહ્મચર્ય વ્રત પાળવું તે બ્રહ્મનું રૂપ છે અને તેવો શંકરાચાર્યનો મત અનુપમ છે. ૧૨.

दोहा : ब्रह्म होई परब्रह्म की, उपासना करनि सेव;
सत्य बह्म सो जानना, ओर असत्य हि टेव...१३

જે પોતે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના-સેવા કરે,તેને સાચો બ્રહ્મરૂપ જાણવો. અને બીજા બધા તો ખોટા છે અને ખોટી ટેવવાળા છે. ૧૩. સત્યનું બહાનું લઈને જે પાપ કરે છે તે તો કુટિલ છે અને ધર્મરાજા તો જમપુરીમાં તેની પાસેથી તલતલનો હિસાબ કરીને દુઃખ દે છે. ૧૪. કળિયુગમાં ચાર વર્ણના અને ચાર આશ્રમના જે મનુષ્ય કહેવાય છે તેમણે જ્યારે પોતપોતાના ધર્મને તજી દીધા ત્યારે ધર્મપુત્ર આપ પ્રકટ થયા છો. ૧૫. જેટલા મત-સંપ્રદાયો છે તે બધાને કળિયુગે જીતી લીધા છે. વર્ણોની પણ એ ગતિ કરી નાખી છે કે કોઈ વટાળનો તો બાધ ગણતું જ નથી. ૧૬. વટાળનો બાધ જે રાખે છે તે પણ ઉપરથી લોક દેખાવ પૂરતો જ હોય છે. જ્ઞાતિનો અને સમાજનો થોડો ભય રાખતા હશે, પણ મનમાં તો કાંઈ ભય રાખતા નથી. ૧૭. કેવી વિચિત્રતા છે ? હિંદુ કોઈ અસ્પૃશ્યને અડે

તો અભડાય, પણ અભડાયેલો તે માણસ પછીથી મુસલમાનને અડે તો શુદ્ધ થઈ જાય ! આવા લોકોએ મળીને શુદ્ધિનું માપ કર્યું છે પણ તેવામાં તો કળિયુગનો પ્રવેશ છે. એમ જાણવું. ૧૮. ઝાડે જઈને પાણી ન લેવું, યવનોને અડીને સ્નાન ન કરવું, જેટલા સૂતકો છે તેને ક્યારેય પાળવા નહિ, એ બધું કળિયુગના પ્રવેશને લીધે છે. ૧૯.

એવી વાતો તો અનંત છે અપાર છે. આપે પ્રકટ થઈને તે લોકોને બતાવી છે. ધર્મનો લોપ કરવો તે કાંઈ સામર્થ્ય કહેવાતું નથી. બુદ્ધિએ કરીને તો લોકો આખા દેશને કબજે કરે છે. ૨૦. કોઈ ત્રિલોકીનો રાજા થાય તો એ શું ? એવા તો ઘણા રાજા થઈ ગયા છે. સ્વયં ધર્મ પાળે અને બીજા પાસે ધર્મ પળાવે, આવા લોકો તો દેવોમાં પણ દુર્લભ હોય છે. ૨૧. જેનામાં જેટલી શક્તિ હોય કે જેટલો અધિકાર હોય તેણે તેટલા લોકોને ધર્મમાં રાખવા. કોઈ બ્રહ્માના જેવો ભૂપ હોય તો પણ તે ધર્મ પળાવનારા જેવો ન કહેવાય. તો બીજાની સામર્થી શું ગણતરીમાં આવે ? ૨૨. ધર્મનો લોપ કરવા માટે તો બધા તૈયાર થાય છે, પણ ધર્મને રાખવો-પાળવો, તે મોટું સામર્થ્ય કહેવાય. જે વર્ણ અને આશ્રમ કહેવાય છે તેને એકાકારે કરવા. ૨૩. આવો આગ્રહ કેટલાક લોકો રાખે છે અને તેઓ યુક્તિએ કરીને આગળ પગલાં મૂકે જાય છે.

ત્યારે શ્રીહરિવરે કહ્યું, એક પરમેશ્વરનું જ ધાર્યું બધું થાય છે. ૨૪. **આ દેહ છે તે જીવને માટેનું બ્રહ્માંડ છે અને જીવનું રાજ્ય આ દેહ પૂરતું જ છે. એટલે દેહને ધર્મ નિયમમાં રાખવો અને પોતાના કલ્યાણનું કામ સાધી લેવું. ૨૫. જીવ જગતમાં એકલો જ આવ્યો છે અને પાછો તે એકલો જ જવાનો છે. તે સગા સંબંધી અપાર હોવા છતાં કોઈ જીવની સાથે જવાના નથી.** ૨૬.

सोरठा : ईश्वर के भये शरण, एसे जो हरिजन तेहि;
ताकुं जन्म हि मरण, लख चोराशि न रहे तेहु...२७

જે જીવ પરમેશ્વરને શરણે ગયા એવા જ હરિભક્તો છે તેનાં જ જન્મ, મરણ અને લખચોરાશી ટળે છે. ૨૭. શ્રીહરિએ આટલી વાત કરી. તે સમયે બધી રસોઈ તૈયાર થઈ ગઈ એટલે મુકુંદાનંદ વર્ણી ત્યાં આવ્યા. ૨૮.

તેમણે બે હાથ જોડીને કહ્યું, મહારાજ, થાળ તૈયાર છે જમવા માટે પધારો. તરત જ સંતોની અને દરબારોની પંગત થશે. આપ જમી લો. એટલે પછી પીરસતા ફાવે. ૨૯. ત્યારે શ્રીહરિએ કહ્યું, સંતો, દરબારો અને પાર્ષદો, બધા પંગતમાં બેસી જાઓ. હું હમણાં જ જમીને સહુને પીરસવા આવું છું. ૩૦.

આમ કહીને શ્રીહરિ તત્કાળ ચાલતા થયા. એક હાથમાં રૂમાલ લીધો હતો. ચરણોમાં ચાખડીઓ પહેરી હતી, તેની ઘૂઘરીઓ ઘમઘમ સંભળાતી હતી. ૩૧. શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું હતું અને બીજું ઓઢી લીધું હતું. નિપુણતાથી સોનાના બાજોઠ ઉપર આવીને બેઠા. પાણીથી ચરણ ધોયા. ૩૨. અને રૂમાલથી ચરણને લૂછીને પ્રેમથી કોરા કર્યા. ભોજનોનો થાળ પીરસ્યો. સાકર નાખીને કંસાર બનાવ્યો હતો. તેમાં તાજું ઘી ઘણું નાખ્યું હતું. ૩૩. પાતળી અને નાની રોટલી કરી હતી તેને ઘીમાં ખૂબ બોળી હતી. તે સિવાય બીજાં શાકભાજી પણ ઘણાં કર્યાં હતાં. તે બધું શ્રીહરિ જમતા હતા, તે સહુને ગમતું હતું. ૩૪. વડાં, ભજિયાં, પાપડ, ખારેક અને કેરીનાં અથાણાં, અને તેમાં આથેલી દ્રાક્ષ, એવા બધા અથાણાં પીરસ્યાં હતાં. ૩૫. ભાત ભાતના મેવા સોનાના કટોરામાં ભરીને થાળમાં મૂક્યા હતા. બધું સરસ થયું છે. એમ રસરીત જણાવીને શ્રીહરિ તે બધું જમ્યા. ૩૬.

જેટલું લાવીને પીરસ્યું હતું તે બધું ભોજન શ્રીહરિ જમ્યા. દૂધ અને ભાતમાં સાકર નાખીને તે પછી જમ્યા. ૩૭. શ્રીહરિ જે જમ્યા તે બધો થાળ દરબારોને અપાવ્યો. વિવિધ પ્રકારના બધા મેવાઓને દેખીને દરબારો વિસ્મિત થઈ ગયા. ૩૮. સૂરાખાચર, મોકા ખાચર, એભલ ખાચર અને જીવા ખાચર, એ બધા દરબારોનો સમાજ એકઠો થયો હતો, તે બધા પ્રસાદ મળવાથી અત્યંત પ્રસન્ન થયા. ૩૯. જમ્યા પછી શ્રીહરિએ હાથ અને મુખ ધોયા. મુખવાસ લીધો. પછી પંગતમાં પીરસવા આવ્યા ત્યારે સંતો "સ્વામિનારાયણ ધૂન" કરતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'વહેલાલ ગામમાં શ્રીહરિ થાળ જમીને સંતો વગેરેને પીરસવા આવ્યા' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર આઠમું : તરંગ - ૨૫

વહેવાલમાં શ્રીહરિની પધરામણી, મુક્તમુનિ તથા પર્વતભાઈની સમજણ

શ્રીહરિએ અત્યંત પ્રેમથી કંસાર પીરસ્યો. એક ટંકે જેટલું જમી શકાય તેટલો કંસાર સંતોના પાત્રમાં ભરી દીધો. ૧. વહેલાલમાં રંગપાંચમ સુધી રોકાયા હતા. એટલે કેસરી રંગના મોટા માટલાંઓ ભર્યાં હતાં. ખૂબ જ રંગ ઉડાડ્યો અને રંગે રમવાથી શ્રીહરિની મૂર્તિ નવરંગ-મોહક બની ગઈ હતી. ૨. જેસંગભાઈએ શ્રીહરિની પૂજા કરી એવી કોઈએ કરી ન હતી. શ્રીહરિને સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં પહેરાવ્યાં. ૩. કેસરયુક્ત ચંદન ચરચ્યું અને ફૂલહાર તો એટલા બધા પહેરાવ્યા કે તેનો ગણ્યે પાર આવે તેમ ન હતું. ૪. કપૂરથી આરતી ઉતારી. તેમના પરિવારે પણ પૂજા કરી. સંતો, વર્ણીઓ અને બધા દરબારો, સહુની પૂજા કરીને વસ્ત્ર ઓઢાડ્યાં. ૫. સહુએ શ્રીહરિને પોતાનું ઘર મનાવીને રાખ્યા હતા અને તેઓ સહુ મહેમાનની જેમ રહ્યા હતા. જેસંગભાઈ તો ઘણા બુદ્ધિમાન અને હરિભક્તોમાં શિરોમણિ હતા. ૬.

બધા હરિભક્તોએ ઘણા જ હેતથી શ્રીહરિની ઘેરઘેર પધરામણી કરી. થાળ જમાડ્યા અને પૂજા પણ કરી. ૭. જેને જેવી ભાવના હોય તેવી તે પૂજા કરતા. સુખપાલમાં બેસાડીને હરિભક્તોએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા હતા. ૮. શ્રીહરિની સાથેના સંતો, વર્ણીઓ, દરબારો અને પાર્ષદો, તે બધાની પૂજા પણ સામર્થ્ય પ્રમાણે કરી. શ્રીહરિ ભક્તોની ભાવનાનું ધ્યાન રાખતા. ૯.

ખર્ચ કરવાની જે ભાવના હોય તેનાથી અરધું ખર્ચ કરવા દેતા. અને તેમ કરવાથી ભક્તની શ્રદ્ધા જીવનપર્યંત ટકતી. આવો ખ્યાલ શ્રીહરિ બહુ જ રાખતા. ૧૦. નિર્મળભાવથી ભક્તજન જ્યારે વારંવાર કહેતા તેમના ઘેર શ્રીહરિ ચરણકમળ આપતા હતા અર્થાત્ પધરામણી કરી દેતા. કોઈ લોકલાજે કહેવા આવે તો શ્રીહરિ તેને ઘેર ચાહીને જાતા નહિ. ૧૧. **જેનાં હૃદયમાં ભક્તપણું હોય અને શ્રીહરિને દેખીને ઘણો જ પ્રેમ વધતો હોય, તેને ઘેર હરખથી જાતા. પ્રેમવાળાને શ્રીહરિ ઓળખી લેતા.** ૧૨. **પ્રેમીભક્ત ભલે નિર્ધન હોય, તો પણ શ્રીહરિ તે ભક્તને કુબેર કરતા પણ ધનવાન ગણતા અને**

જે વ્યવહારમાં કુબેરથી પણ વધુ ધનપતિ હોય, પણ જેને ભક્તપણાની ખુમારી ન હોય, ૧૩. તો તેને શ્રીહરિ રાંક અને કંગાળ માનતા. તેની સોનાની સેવાને પણ નમાલી માનતા. દુર્બળ ભક્ત જો મનના ભાવથી ડોડી કે માત્ર કરમદાને આપે તો જાણે દસ દિવસથી જમ્યા ન હોય તે રીતે ભૂખ્યા થઈને જમતા. શ્રીહરિ જેમાં પ્રેમ અને શ્રદ્ધા દેખે અને જેમાં કુટિલતા ન દેખે, ૧૪-૧૫.

તેવા ભક્તના જાણે કે બંધનમાં હોય તેમ પોતે નિર્બાધ હોવા છતાં વર્તતા હતા. અને મકાનની ચાર દિવાલોની અંદર જેમ આકાશ બંધાઈ જાય છે તેમ અવિનાશી શ્રીહરિ તે ભક્તની ભાવનામાં બંધાઈ ગયા હોય એવા દેખાતા હતા. ૧૬.

दोहा : प्रेम रु श्रद्धा दोरी में, श्रीहरि रहत बंधाय;
दोरि तुटे जब दोईकी, तब अलग होई जाय...१७
प्रेम श्रद्धा जिहाँ होय बहु, हरि संबंध हि जोउ;
तेहि ठोर हरि जानना, हरि विन न एसे होउ...१८

પ્રેમ અને શ્રદ્ધા, બે દોરીઓ છે. તે બે દોરીથી શ્રીહરિ બંધાઈ રહે છે. જ્યારે તે બંને દોરીઓ તૂટી જાય છે ત્યારે શ્રીહરિ તેનાથી છૂટા પડી જાય છે. ૧૭. જ્યાં પ્રેમ અને શ્રદ્ધા પુષ્કળ પ્રમાણમાં હોય ત્યાં ભગવાનનો સંબંધ હોય જ અને જ્યાં તેવો સંબંધ હોય ત્યાં ભગવાન પણ હોય જ. કારણ કે ભગવાન વિના તેમ બને નહિ. ૧૮. **જ્યાં ભગવાન હોય છે ત્યાં હરિભક્તોમાં સુહૃદયતા હોય છે અને હૃદય કઠોર હોતું નથી. એકેએક પરસ્પરનું હિત કરવા ચાહે છે. ૧૯. જ્યાં લેશમાત્ર છળ કે કપટ ન હોય, કોઈનાં મનમાં મલિનતા ન હોય, અને કોઈ પરસ્પર માયાજાળ રચતા ન હોય ત્યાં કળિયુગનો પ્રવેશ પણ ન થાય.** ૨૦. એકબીજાથી કાંઈ ચોરી ન રાખે, છાનું ન રાખે, એકહૃદયના થઈને સહુ વરતે. કોઈ વાતે મારું તારું ન કરે. હૃદયમાં હંમેશા સુખ અને શાંતિ વરતે. ૨૧.

ધર્મ અને નિયમ પાળવામાં શૂરવીર રહે, અને બધાં શુભ લક્ષણોથી ભરપૂર રહે. વગર સંબંધે ભારે ગાઢ સંબંધ હોય તેમ હંમેશા નર અને નારીઓ વરતે. ૨૨. સૂર્ય જેમ એક કળાવાળો સરખો જ રહે છે તેમ હરિભક્ત કાયમ

એક સરખી રીતે ડાયા થઈને વર્તતા રહે છે. શિયાળો, ઉનાળો અને ચોમાસા, જેવા ત્રણ કાળમાં જેવો સમય હોય તેમ તત્પર થઈને વરતે. ૨૩.

જો સત્સંગમાં અસુર આવી જાય તો તે કોઈના કળ્યામાં આવે નહિ. શ્રીહરિનાં સ્વરૂપનું તાન જે જાણતા હોય તે તરત જ તે અસુરને ઓળખી જાય છે. ૨૪. શ્રીહરિના તાન (ઇચ્છા)ને જાણવું તે સૌ કોઈથી જાણી શકાતું નથી. ભાઈ રામદાસસ્વામી જેવા સંત અને મુક્તાનંદસ્વામીના જેવા બળિયા સંત, ૨૫. ભાઈ આત્માનંદસ્વામી પણ એવા જ છે. તેઓ શ્રીહરિનાં તાનને જાણતા. તાનથી ન્યૂન કે અધિક રહેતા નહિ. શ્રીહરિનાં તાનમાં જ દિવસ વિતાવતા. ૨૬. ભગવાનનાં તાનથી કોઈ અધિક તાન દેખાડે તો તે સિંહ થવા આવેલા માણસની કમાણીને યાને કે આશયને સંતો તરત ઓળખી લે છે. મુક્તાનંદસ્વામીના બધા જ કાવ્ય-કીર્તનોમાં ભગવાનમાં મન રાખવાનું અને તેમાં જ તાન રાખવાનું તાન રહેતું. ૨૭. ભગવાન ન હોવા છતાં કોઈ ભગવાનનો દેખાવ કરીને આવે, અનંત ચમત્કાર દેખાડે, તો પણ મુક્તાનંદસ્વામી તો તેને બાજીગરના જેવો સમજે અને તેને વિમુખ તરીકે જ માને. ૨૮.

❋ પર્વતભાઈની સર્વોપરિ નિષ્ઠા કહી :

માનો કોઈ કપટ કરીને આવે, ભગવાન શ્રીહરિના જેવું બોલે, તેમની દેશી કાઢે-અનુકરણ-નકલ કરે, તો પણ શ્રીહરિના કોઈ નાના ચાલાક એવા સંત પણ લેશમાત્ર તેમાં લલચાય નહિ. ૨૯. હરિભક્તોમાં એક પર્વતભાઈ એવા હોંશિયાર ભક્ત થયા. તેમને શ્રીહરિના સિવાય ભગવાનના અનેક અવતાર દેખવામાં આવ્યા. ૩૦.

सोरठा : हरि कहे में हुं तेह, तोहुं न डगे मन लेश कबु;
अवतार सबहि जेह, पर्वतभाई के पीछे हि फिरत...३१

તેમને શ્રીહરિએ ખુદ કહ્યું, “તે અવતારો છે તે હું છું.” તો પણ તેઓ ક્યારેય લેશમાત્ર પણ ડગ્યા નહિ. જે અવતારો હતા તે બધા પર્વતભાઈની પાછળ પાછળ જ ફરતા. ૩૧. પર્વતભાઈ ખેતરમાં જઈને ખેતી કરતા. ત્યારે અવતારો બધા પાછળ પાછળ ફરતા. આવું પાંચ વર્ષ સુધી

એમનમ રહ્યું હતું. ૩૨. ત્યારે “તમે અવતારોને માનતા કેમ નથી ?” એમ કહીને શ્રીહરિ તેમને પાંચ વર્ષ સુધી વઢતા રહ્યા. જ્યારે શ્રીહરિ વઢે, ત્યારે પર્વતભાઈ હસે. પણ ક્યારેય તેઓ શ્રીહરિનો અવગુણ લેતા નહિ. ૩૩.

ચોપાઈ :

बोत बढत तब बोलत तेहा, सब कारण तुम मिले हो एहा;
कारण में कारण रहे अनंता, तुमारो पार हि कोउ न लहंता...३४
हम हे जीव एक मति वारे, तुमारे सामृथ को नहीं पारे;
विधि गये माया में मुझाई, गोकुल जब तुम विचरे जाई...३५
एक तरु के थड से जोउ, डारे पात फल अनंत हि होउ;
सो सब नहीं बाथ में आवे, तरु विस्तार अपार रहावे...३६

જ્યારે શ્રીહરિ વધારે વઢ્યા ત્યારે તેઓ બોલ્યા, સર્વ અવતારોનું કારણ આપ મને મળી ગયા છો. અનંત કારણનાં પણ કારણ તમે છો. આપનો પાર કોઈ લઈ શકે તેમ નથી. ૩૪. અમે તો જીવ છીએ. એક સામાન્ય બુદ્ધિવાળા છીએ. આપનાં સામર્થ્યનો તો કોઈ પાર નથી. જ્યારે આપ ગોકુળમાં હતા ત્યારે આપની લીલાને દેખીને ખુદ બ્રહ્મા પણ મુંઝાઈ ગયા હતા. ૩૫. એક વૃક્ષના થડમાંથી જ નાની મોટી ડાળીઓ, પાંદડાં અને ફળ વગેરે અનંત થાય છે, વૃક્ષનો વિસ્તાર ઘણો હોવાથી તે બધાં એક બાથમાં ન આવી શકે. ૩૬.

જો એક થડને જ બાથ ભરવામાં આવે તો તેમાંથી કોઈ બાકી ન રહે. અમારે તો તમે એક જ થડ મનાયા છો. તો આપમાં જ અમારે બધા આવી જાય છે. ૩૭. મેં મારા મનમાં વજ્રસાર દૃઢ નિશ્ચય કરી લીધો છે કે કોઈ કરોડ ભુજાવાળા ભગવાન આવે. તોપણ અમે આપનું સામર્થ્ય દેખેલું છે તેથી તમારાથી વિશેષ કોને ગણીએ ? ૩૮. હું મનમાં જેવો ઘાટ-સંકલ્પ કરું છું કે તરત જ આપ મને તેવાં દર્શન આપો છો. હું તો આપના સિવાય બીજી કોઈ વાત જ બોલતો નથી. પણ ઘણા હરિભક્ત થયા છે છતાં તેને ભોળપણ રહે છે, ૩૯. **તેથી મૂળ કારણ એવા આપને છોડીને કાર્યની પાછળ દોડે છે. કેમ જે, જીવની તો આ રીતની સમજણ છે. પરંતુ જ્યારે આપની પૂર્ણ કૃપા થાય છે ત્યારે જ આપનાં સ્વરૂપમાં અમારી એક સરખી મતિ-સમજણ રહે. ૪૦.**

दोहा : सामृथ तुमारे अपार हि, देखत न आवे पार;
अनंत कोटि ब्रह्मांड हि, एक रोम रहे द्वार...४१
ब्रह्मा अनंत ब्रह्मांड में, एक एक से अपार;
तुमसे सामृथ ताहि को, देखेमें न आवत पार...४२

આપનું સામર્થ્ય તો અપાર છે. દેખવા પ્રયત્ન કરીએ છીએ છતાં તેનો પાર આવતો નથી. આપનાં એક રોમકૂપમાં અનંતકોટિ બ્રહ્માંડો રહ્યા છે. ૪૧. અનંત બ્રહ્માંડ છે, તેમાં બ્રહ્માઓ પણ અનંત છે. તેઓ એક એકથી અપાર સમર્થ છે. તેઓ બધા તમારાથી જ સામર્થ્ય પામ્યા છે તેનું પણ સામર્થ્ય દેખ્યે પાર આવતું નથી. ૪૨. **તે બ્રહ્માદિકને આપેલું સામર્થ્ય તે બધું જ તમારું છે પરંતુ હાલ તે તમારામાં દેખાતું નથી, પણ તે આપનું જ છે તે વાત મુખે કહી શકાતી નથી. કેમ જે, જે અપાર હોય તેને વાત કરીને કહેવું તે બની શકે નહીં !** ૪૩. ચિંતામણિમાં બહારથી એક પણ પદાર્થ દેખાતો નથી. છતાં બધા જ પદાર્થ તેમાં રહ્યા છે, તે સમય આવે ત્યારે બધા દેખાય છે. ૪૪.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'વહેવાલમાં શ્રીહરિની પધરામણી, મુક્તમુનિ તથા પર્વતભાઈની સમજણ' એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર આઠમું : તરંગ - ૨૬

શ્રીહરિ ધામધૂમથી કણભા ગામ પધાર્યા

શ્રીહરિએ વહેલાલમાં જેસંગભાઈને સત્સંગનું અપાર સુખ આપ્યું. પછી ત્યાંથી ચાલ્યા અને **કણભા** ગામ આવ્યા. ૧. તે ગામના બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. તેઓ ફૂલહાર લાવ્યા હતા. તે તરત જ પહેરાવી દીધા. ૨. ભક્તરાજ નાથભક્ત અને ઉમાભાઈ એ બે હરિભક્તો શ્રીહરિની સેવામાં તત્પર રહેતા હતા, તેમનું આ ગામ હતું. ૩. પટેલ ઝવેરીદાસ આદિ બીજા હરિભક્તો ઘણા હતા. તે બધા શ્રીહરિની પાસે આવ્યા અને ચરણકમળમાં પડ્યા. ૪. સહુ ભક્તોએ બે હાથ જોડીને શ્રીહરિને વારંવાર

અપાર વિનંતી કરી. હરિભક્તોનો અપાર ભાવ દેખીને શ્રીહરિ મનમાં રાજી થયા અને બોલ્યા. ૫. અમારા બે હજૂરી સેવક નાથભક્ત તથા ઉમાભાઈનું આ ગામ કહેવાય છે. તેમાં જઈને અમારે આજ રહેવું છે અને સદ્‌ગુરુ રામાનંદસ્વામી પણ અહીંયા આવીને રહ્યા છે. ૬.

આવું કહીને શ્રીહરિ ગામમાં જવા ચાલ્યા. આગળ જાતજાતના વાજિંત્રો વાગતાં હતાં. ચોપદાર નેકી પોકારતા હતા. સંતો બધા શ્રીહરિની આગળ ચાલતા હતા. ૭. ડંકા અને નિશાન સહુની આગળ ચાલ્યાં. સવારી અત્યંત ભવ્ય લાગતી હતી. શ્રીહરિ જ્યારે ગામને દરવાજે આવ્યા ત્યારે ગામના અપાર લોકો સામે આવ્યા. ૮. સહુ એકેક ફૂલહાર અને એકેક નાળિયેર લાવ્યા હતા. સહુ પ્રેમથી શ્રીહરિની પૂજા કરતા અને બધા સેવાની રીતને જાણતા હતા. ૯. શ્રીફળની ભેટ મૂકીને ફૂલહાર પહેરાવતા હતા. પછી પ્યારથી ચરણોમાં નમી પડતા હતા. શ્રીહરિએ શરીર ઉપર સોનેરી વસ્ત્રો પહેરીને સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. ૧૦. અશ્વને પણ સોનેરી સાજથી શણગાર્યો હતો. તેનાં માથા ઉપર ભારે કલગી શોભતી હતી. ગામની રાજ બજારને વિચિત્ર સાજથી શણગારી હતી. ૧૧.

રાજબજાર ઉપર જે મકાનો હતાં અને જે દુકાનો હતી. તેના દરવાજા વિચિત્ર રીતે શણગાર્યા હતા અને તેમાં મોતીનાં તોરણ બાંધી દીધાં હતાં. ૧૨. કેળાની લૂમ સાથેની કેળો પ્રત્યેક દરવાજે રોપાવી હતી અને તેના થડ કુંકુમથી રંગાવ્યા હતાં. હરેક દરવાજે ધૂપ અને દીવા કર્યા હતા. ૧૩. દરેક દરવાજે બિલોરી કાચનાં ઝાડ બંધાવી દીધાં હતાં. બીજી પણ એવી સરસ શોભા કરી કે જે કહી શકાતી નથી. ૧૪. જેટલા પુરજનો હતા, તે બધા બજારે આવીને ઊભા હતા. જાતજાતના અલંકાર સહુએ પહેર્યા હતાં. અને હાથમાં પૂજાનો સામાન લીધેલો હતો. ૧૫. ત્રણ માળવાળા ભવન હતાં. તેમાં બધા એકદમ ઘટ્ટ થઈને ઊભા હતા. તેમનાં હૃદયમાં નવીન પ્રેમ ઊભરાતો હતો જે કહી શકાતો નથી. ૧૬.

શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું. આખું છત્ર સોનેરી અને ઘણું મતવાલું હતું. ઉપર વિચિત્ર પ્રકારનો સુવર્ણ કળશ હતો અને રત્નજડિત દંડો પણ સોહામણો હતો. ૧૭. તે છત્રની કોરે મોતીની સાથે ઘૂઘરીઓ હતી અને

નાના નાના જરીના ફૂમતા (ગુચ્છા) છવાયા હતા. તેથી તે છત્ર તારામંડળે સહિત આકાશના જેવું શોભતું હતું. તેમાં રહેલી ટપકીઓ તારાના જેવી શોભતી હતી. ૧૮. પાઘમાં ભવ્ય છોગાં ભારે સોહામણાં લાગતાં હતાં. છોગામાં અપાર મોતી જડ્યાં હતાં અને તેમાં મોતીના તોરા લટકતા હતા. તેને દેખીને ભક્તોનાં મનને તૃપ્તિ થાતી ન હતી. ૧૯. કાનોમાં કુંડળ અને ગુચ્છ વિરાજતા હતા. મસ્તકે શિરપેચમાં કલગી અત્યંત ભવ્ય લાગતી હતી. મુખકમળ તો પૂર્ણ ચંદ્રના સમાન હતું. તે સખાઓની સાથે શ્રીહરિ મંદમંદ હસતા હતા. ૨૦. ચંચળ નેત્ર માછલીના જેવા હતા. નાસિકા દીવો અને મણિના સમાન હતી. બંને હોઠ પાકા ઘિલોડાં જેવા સોહાતા હતા. નાસિકા રૂપી પોપટ જાણે ઉડીને ત્યાં આવ્યો ન હોય ! એવું લાગતું હતું. ૨૧.

હલતા કુંડળ સુંદર બંને કપોળને જ્યોતિ દ્વારા ઝગમગાવી રહ્યા હતા. શ્રીહરિની બંને બાજુએ ચામર ઢોળાતાં હતાં. તેની મણિજડિત દાંડી સેવકના હાથમાં શોભતી હતી. ૨૨. પ્રેમપૂર્ણ હૃદયવાળા ભક્તો વારંવાર ફૂલના હાર પહેરાવતા હતા. ઉત્તમ જાતિની જે સ્ત્રીઓ હતી તે બધી, ૨૩. મોતીના થાળ ભરી ભરીને વધાવતી હતી અને ઓવારણાં લેતી હતી. આ પ્રમાણે પુરજનોને દર્શનદાન આપતા ભગવાન શ્રીહરિ ગામ વચ્ચે ચાલ્યા આવતા હતા. ૨૪. કણભામાં આવો મહાન્ ઉત્સવ થયો જે વર્ણવી શકાતો નથી. પછી હરખભર્યા શ્રીહરિ પટેલ ઝવેરીદાસને ઘેર આવીને ઊતર્યા. ૨૫. જ્યારે શ્રીહરિ પધાર્યા ત્યારે ઝવેરીદાસે બધાં ભવનોને શણગારી દીધાં હતાં. શ્રીહરિ માટે જે પલંગ બિછાવ્યો હતો તેના ઉપર આવીને ઉલ્લાસથી મહાપ્રભુ બેઠા. ૨૬.

ત્યાં શ્રીહરિએ વાત કહી, આ કણભાના બધા ભક્તો ઘણા જ ભાવિક છે. કોઈને પણ અભાવ નથી. માટે આ કણભા વહેલાલ ગામ જેવું જ છે. ૨૭. શ્રીહરિની સાથે જે દરબારો હતા તેમને બધાને સારા ઉતારા અપાવ્યા અને સંતોને પણ ખાલી ભવનમાં ઉમંગથી ઉતારો કરાવ્યો. ૨૮. દરબારોને જે કાંઈ સામાન જોઈતો હતો તે બધો તરત જ મગાવી દીધો. તેમનો ભાવ દેખીને બધા દરબારો ઘણા રાજી થયા. કારણ કે ભક્તો બહુ શ્રદ્ધાવાળા હતા. ૨૯. રસોઈ બનાવવા માટે સીધું સામાન લાવ્યા. સંતો હરખભેર રસોઈ બનાવવા લાગ્યા.

સીધામાં ઘી અને સાકર ઘણું લાવ્યા હતા. તે જોઈને તે વખતે શ્રીહરિ થોડું હસ્યા. ૩૦. આનંદભર્યા શ્રીહરિ બોલ્યા, શ્રદ્ધા ટકે એવી સેવા કરજો. ત્યારે હરિભક્તોએ હાથ જોડ્યા અને બોલ્યા, ગામના ભક્તોને આવો ભાવ છે, એટલે તેઓ લાવ્યા છે. ૩૧.

❋ સંતોના વર્તનના વખાણ :

चोपाई :

तुम तुमारे संत हि जोउ, कोउसे कछु न मागत कोउ;
विन मागे जन देवत लाई, तामें संकोच रखत हो ताई...३२

हरि इच्छा अन्न आवत जेसा, तामें आनंद करत तेसा;
संतोषवान रहत सदाई, देह पोषण को न करत उपाई...३३

हरि भजना भजावना ओरा, ता पर तान रखत मन दोरा;
गाम गाम जावत हो जाई, हरि भजवे को तान रहाई...३४

આપ અને આપના સંત ક્યારેય કોઈની આગળ કાંઈ માગતા નથી. ભક્તો વગર માગે લાવી આપે છે. છતાં તમે તેમાં સંકોચ રાખો છો. ૩૨. હરિઈચ્છાએ જેવું અન્ન આવે તેમાં આનંદ માનો છો. સદા સંતોષી રહો છો. દેહ પોષણને માટે કાંઈ ઉપાય કરતા નથી. ૩૩. સ્વયં ભગવાનનું ભજન કરવું અને બીજા પાસે ભજન કરાવવું, તેના ઉપર મનને દોડાવીને તાન રાખો છો. આપ જે ગામેગામ જાઓ છો તે પણ ભગવાનને ભજવા-ભજાવવાનું તાન છે, એટલા માટે જ છે. ૩૪.

છતાં અભિમાની અને અજ્ઞાની લોકો આપ સહુને અભિમાની જાણીને આપનું અપમાન કરે છે. અને પોતે તો વિષયરૂપી નદીમાં તણાયા જાય છે. તેમને બીજો કોઈ સહાય કરનાર નથી. ૩૫. **છતાં આપ તે અજ્ઞાનીઓને જો તેઓ શરણે આવવારૂપ નાવને આવીને પકડે છે તો તમે તેને બચાવી લો છો. આપની મોટાઈનો તો કોઈ પાર નથી. તે ગમાર જીવો દેખતા નથી.** ૩૬. **જે કોઈ લોકો, આપનું, આપના સંતોનું કે હરિભક્તોનું જાણી જોઈને અપમાન કરે છે તે ઘોર નરકમાં પડે છે.** ૩૭.

જે લોકો સદ્‌બુદ્ધિવાળા છે, ભલે શરીરથી તે મુસલમાન જેવા હોય અને

તેનો દેહનો રસ્તો જૂદો હોય પણ તે આપની અદલ નીતિને દેખીને અહિંયા અંતરમાં શાંતિનો અનુભવ કરે છે. ૩૮. જે મનુષ્યોને કુળ કુટુંબનું અભિમાન છે. શાસ્ત્રજ્ઞાનનું અને ધનનું અભિમાન છે, ભરપૂર જુવાનીના જોરના કેફથી તેને નશા જેવું અભિમાન હોય છે. તેથી તે અભિમાની માણસ સત્સંગનો દ્રોહ કરે છે. અને વર્ણાશ્રમમાં રહેલા જે વિવેકી જન છે તે સત્સંગને સત્ય કહે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ ધામધૂમથી કણભા ગામ પધાર્યા' એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર આઠમું : તરંગ - ૨૭

શ્રીહરિએ બ્રહ્મનિષ્ઠ ગુરુ વગેરેની વાત કહી

ભક્તવત્સલ, ભક્તપ્રતિપાલક, દીનબંધુ, કૃપાળુ આવા ઘનશ્યામ શ્રીહરિએ સહુ હરિભક્તોને હેતથી કહ્યું, ૧. તમે બધા ધન્યભાગ્ય શાળી છો. કારણ કે તમને આ સત્સંગ મળ્યો છે. સત્સંગના વિના અભિમાની લોકો તો નિરંતર દુઃખને ભોગવે છે. ૨. આ દુનિયામાં જે લોકો કુમાર્ગે ચાલે છે તે કેવું સુખ લે છે ? તો નાક કાન અને માથું તરત કપાવે છે, કાં રાજાનો દંડ ભરે, અફીણ ખાઈને કૂવામાં પડે છે. કાં તો દેશ છોડીને ભાગી જાય છે, કાં તો ગળે ફાંસો ખાઈને ક્યારેક મરે છે, આ રીતે અપમૃત્યુ થાય છે. કુમાર્ગે ચાલનારા માણસો આવા સુખ લે છે. ૩-૪.

❋ સાચા ગુરુના લક્ષણ :

આવા અનેક દુઃખ છે, તેનો ગણ્યે પાર આવતો નથી. આ દુઃખો લોકોમાં પ્રસિદ્ધ દેખાય છે. તે લોકો આ બધા દુઃખોને સાક્ષાત્ દેખે છે, છતાં તેને લેશમાત્ર પણ ત્રાસ થાતો નથી અને તોય નિરંતર કુમાર્ગે ચાલે છે. ૫. જે આચાર્યો છે, ગુરુઓ છે, જે સંપ્રદાયો છે, તેઓ કુમાર્ગે જતા લોકોને રોકતા નથી. જો તે બધાને પોતાને જ કુમાર્ગ રુચતો હોય ત્યારે તેઓ શિષ્યોને કઈ રીતે રોકી શકે ? ૬. આચાર્ય અને ગુરુઓમાં પણ અપાર ફેલ ભર્યા હોય છે.

તે બધા ગમારો ફેલ કરવા માટે બ્રહ્મ બની જાય છે. પરંતુ જે ફેલ કરતા હોય તે ક્યારેય બ્રહ્મ બની શકે નહિ. ગુરુ થઈને બીજાના જન્મને પણ નિરર્થક કરે છે. ૭. **જે સ્વયં બ્રહ્મચર્ય રાખે અને બીજાને બ્રહ્મચર્યવ્રત રખાવે એવા જે ગુરુ છે તે બ્રહ્મ કહેવાય છે. ફેલ, નશો અને બીજા જે વ્યસન કહેવાય છે તેને ગુરુ કરે નહિ અને બીજાને કરવા દે નહિ.** ૮. કોઈ પણ પ્રકારની હિંસા પોતે કરે નહિ અને બીજા પાસે કરાવે નહિ. એવા જે ગુરુ હોય તે જ બ્રહ્મરૂપ કહેવાય છે. **ભક્તિ, ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યરૂપ સદ્‌ગુણોથી જે ભરપૂર હોય અને અંતઃશત્રુઓને જીતવામાં જે શૂરવીર હોય એવા ગુરુને બ્રહ્મરૂપ જાણવા.** ૯.

ચોપાઈ :

दिन रात हरि सबंध हि ज्ञाना, कथा कीर्तन करत रहाना;
तामे त्रप्ति कबहु न पावे, दिन दिन चढाव अधिक रखावे...१०

રાત દિવસ ભગવાન સંબંધી જ્ઞાન કહેતા હોય તથા કથા, કીર્તન કરતા રહેતા હોય અને કથાવાર્તા કે જ્ઞાનવાર્તાથી જે ક્યારેય તૃપ્ત ન થાતા હોય, દિન પ્રતિદિન તે માર્ગે આગળ વધતા જતા હોય, આવા ગુરુને બ્રહ્મરૂપ માનવા. ૧૦.

જેમ કામી અને લોભી માણસને પોતાની કામનાના વિષયથી અને લોલુપતાથી તેના વિના એક ક્ષણમાત્ર પણ તૃપ્તિ થાતી નથી. તેમ જે ગુરુ હરિચરિત્રોનાં સાગરમાં જ ઝૂલતો રહે છે. પણ તેમાંથી બહાર નીકળતો નથી. અને તેમાં ક્યારેય એક પળવાર પણ તૃપ્તિ પામતા નથી. ૧૧. જેમ માછલી સમુદ્રમાં ખેલ કરતી આનંદમાં અખંડ તલ્લીન રહે છે. જો તે તેમાંથી પળવાર પણ બહાર નીકળે તો તેને લગાર પણ આનંદ રહેતો નથી. તેમ સાચાગુરુ હરિગુણગાનમાંથી પળવાર પણ બહાર નીકળતા નથી. ૧૨. **બ્રહ્મસ્થિતિમાં આવા તો અનેક ચિહ્નો છે કે જે બ્રહ્મનિષ્ઠ પુરુષ ભગવાન સિવાય બીજી કોઈ વાત મુખથી ઉચ્ચારતો જ નથી.** ૧૩. શુકદેવજી, સનકાદિકો અને શિવજી શુદ્ધ બ્રહ્મસ્થિતિને પામ્યા છે. જડભરત, કપિલજી અને દત્તાત્રેયજી શ્રેષ્ઠ કહેવાય છે. ૧૪. તેમનો જીવનમાર્ગ જોવો, જે ગ્રંથોમાં પ્રસિદ્ધ લખ્યો હોય છે. જેને મનમાં ચાહના હોય તેઓ બ્રહ્મદશાને ગ્રહણ કરે છે. ૧૫.

કોઈ મુખથી બોલે હું બ્રહ્મ છું. તેમ કોઈ બ્રહ્મ થઈ જાતું નથી. તેના મર્મને તો કોઈ સદ્‌બુદ્ધિવાળો ચતુર માણસ જ સમજી શકે છે. દુર્બુદ્ધિ મનુષ્યનો તો તે માર્ગ જ નથી. ૧૬. કુબુદ્ધિ મનુષ્યને તો બ્રહ્મ બનીને પાપ કરવા છે અને સત્સંગને દેખીને તેના ઉરમાં તાપ થાય છે. સત્સંગને દેખીને જેનાં મનમાં સંતાપ થાતો હોય એવા જે ગુરુ, આચાર્ય અને પંડિતો, ૧૭. અને અન્ય મત જે બીજા અનેક કહેવાય છે કે જે સત્સંગને દેખીને ઈર્ષ્યા લાવે છે એવા સર્વેમતો, ગુરુઓ, પંડિતો અને ધર્માચાર્યોને પાખંડી જાણવા. ૧૮. સાચા મતો, સાચા આચાર્યો, સાચા ગુરુઓ અને સાચા પંડિતો પૂર્વે જે થયા છે તે બધા સત્સંગ ઉપર તાન રાખતા હતા. ૧૯. તેઓ ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યરૂપ ચારેય જે કલ્યાણના સાધનો, તેનાથી બહાર વર્તતા નહિ. ક્યારેય નશો, વ્યસન કે ફેલને કરતા નહિ. અને દેહાત્મભાવનો ત્યાગ રાખતા. ૨૦.

પાતાળથી લઈને પ્રકૃતિપુરુષના લોક સુધીના જે જે પંચવિષય કહેવાય છે તે બધાને તેઓ કાકવિષ્ઠા સમાન માનતા. અને ત્યારે જ મુમુક્ષુ લોકો તેમના મતને સાચો માનતા. ૨૧. જેઓ સન્માર્ગે ચાલતા હોય તે જ સત્પુરુષ કહેવાય છે. જેઓ ક્યારેય ચોરી કે વ્યભિચાર જેવા પાપોને ન કરતા હોય, તે બધાને લોકો સત્પુરુષ કહે છે. ૨૨. જેઓ માંસ અને મદિરા (દારૂ)ને તજી દેતા હોય અને ભગવાન સિવાય બીજા કોઈમાં જેને રાગ-આસક્તિ ન હોય, ભગવાન સિવાયના બધાને કાળના કોળિયા ગણતા હોય, તેમને કુશળ સત્પુરુષ જાણવા. ૨૩. **પાતાળથી લઈ પ્રકૃતિપુરુષના લોક સુધીના જે મહત્ત્વપૂર્ણ ભોગો રહેલા છે તેમાં જેટલા મોટા ભોગ હોય તેટલો મોટો તેને રોગ જાણે. તેમને લોકો સત્પુરુષ માને છે.** ૨૪.

दोहा : हरि विन भोग जो जितने, विष से अधिक हि जेह;
सत्य हि समझे तेहि विध, सत्पुरुष सत्य एह...२५

सत्पुरुष सत मग प्रथम, चले आप हि जोउ;
पीछे चलावे शिष्य कु, सत्पुरुष सत सोउ...२६

ભગવાન સિવાયના જે જે ભોગ છે તે બધા ઝેરના કરતા પણ વધારે ખતરનાક છે, એવું જે સત્ય, તેને જે સમજતા હોય તે ખરા સત્પુરુષ છે. ૨૫.

જે ગુરુ પ્રથમ પોતે સન્માર્ગે ચાલે અને પછી પોતાના શિષ્યોને સન્માર્ગે ચલાવે, તે જ ખરા સત્પુરુષ છે. ૨૬. શ્રીહરિએ આટલી વાત કરી તે સમયે રસોઈ તૈયાર થઈ ગઈ. પછી પ્રસન્નતાથી જમવા ઊઠ્યા. જ્યાં રસોઈ તૈયાર કરી હતી ત્યાં આવ્યા. ૨૭. એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. લોટામાં પાણી ભરીને આપ્યું. તેનાથી હાથ અને ચરણ ધોયા. ૨૮. રૂમાલથી હાથ અને ચરણ લૂછ્યા અને સોનેરી બાજોઠ ઉપર હરખભેર બેઠા. વર્ણીએ જેટલાં ભોજન બનાવ્યાં હતાં તે બધાં થાળમાં ભરીને આગળ ધરાવ્યાં. ૨૯. ભક્તોના જીવનરૂપ શ્રીહરિ ભાવથી જમવા લાગ્યા. ભક્તોનાં મનને રાજી રાખવાના વિવેકને જાણનારા શ્રીહરિ જમતા જમતા એવું બોલ્યા કે રસોઈ ઘણી સારી થઈ છે. આવી તો ક્યારેય થઈ નથી. ૩૦.

સાકર નાખેલો શીરો ઘણો સરસ થયો હતો અને તેમાં ઘણા તેજાના-મસાલા નાખ્યા હતા. કાજુની કળીઓ, ચારોળી અને દ્રાક્ષના દાણા વગેરે આખા નાખ્યા હતા. ૩૧. નાળિયેરના કોપરાનો ભૂકો રવામાં નાખીને સાકરનો શીરો માખણના જેવો સફેદ બનાવ્યો હતો. તે શ્રીહરિએ ભાવથી લીધો. ૩૨. મેંદાની પૂરી તો એટલી સુંદર થઈ હતી કે માનો રવાદાર ખાજા ન હોય ! હાથમાં લેતાની સાથે જ પોચી પૂરી તૂટી તાર તાર થઈ જાતી હતી. ૩૩. જેમાં સૂતરફેણીનો ભ્રમ થઈ શકતો હતો. એવી પૂરીને શ્રીહરિ જમ્યા. વડાં અને ભજિયાં તો બે ચાર જાતનાં કર્યાં હતાં. તે પ્રમાણે અથાણું પણ ઘણું હતું. ૩૪. જુદી જુદી જાતના શાકભાજી બનાવ્યાં હતાં. તે વર્ણવી શકાતા નથી. શ્રીહરિ જે વખતે તે ભોજન જમી રહ્યા, પછીથી દૂધ અને ભાત પ્રેમથી લીધા. ૩૫.

સુખધામ શ્રીઘનશ્યામ પ્રભુએ તેમાં સાકર નખાવી. જ્યારે બધું જમી રહ્યા ત્યારે હાથ ધોયા. ૩૬. પછી મુખવાસ લીધો. રૂમાલથી હાથ કોરા કર્યા. પછી દયાળુ શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી અને પલંગ ઉપર આવીને બેઠા. ૩૭. તે પછી જે સંતો, દરબારો, પાર્ષદો અને બીજા હરિભક્તો હતા તેની પંગત કરાવી અને તેમને સુખ દેવા શ્રીહરિ પોતે પીરસવા માટે આવ્યા. ૩૮. પીતાંબર મસ્તકે ઓઢ્યું હતું અને રૂમાલને કમરે બાંધ્યો હતો. આવા પરિધાનમાં શ્રીહરિ થાળમાં ભરેલો શીરો લઈને પંગતમાં પીરસવા લાગ્યા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિએ બ્રહ્મનિષ્ઠ ગુરુ વગેરેની વાત કહી' એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥

પૂર આઠમું : તરંગ - ૨૮

કણભામાં ઝવેરીદાસે શ્રીહરિની પૂજા કરીને સ્તુતિ-પ્રાર્થના કરી

શ્રીહરિ સંતો વગેરેને પીરસવા માટે પંગતમાં ફરતા હતા ત્યારે બધા સંતો "સ્વામિનારાયણ ધૂન" બોલતા હતા. તેની શોભા અત્યંત ભવ્ય લાગતી હતી. ૧. હરિભક્તોએ કેસર ચંદનાદિથી શ્રીહરિની પૂજા કરી. ફૂલના હાર પહેરાવીને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યાં હતાં. ૨. તે પછી કેસરયુક્ત ચંદનથી સંતોને પૂજ્યા. બધા જ સંતોને એકેક ફૂલહાર પહેરાવ્યો. ૩. શ્રીહરિએ કહ્યું, સંતો ધૂન કરે છે તે બહુ શોભે છે. જેનાં અનંત ભાગ્ય હોય તેને કાને આ ભગવાનની ધૂનનો શબ્દ પડે છે. ૪. દરબારોને અને પાર્ષદોને પણ પીરસી રહ્યા ત્યારે "વાસુદેવ નારાયણની જય" એમ જય બોલ્યા. જ્યાં સુધી સંતો અને દરબારો જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા. ૫.

સંતો શીરો જમી રહ્યા તે પછી સંતો ભાત પીરસવા લાગ્યા. સાકર સાથે દૂધ શ્રીહરિએ પીરસ્યું. ૬. દૂધ પીરસ્યા પછી દહીં આપ્યું. ધર્મ-નિયમમાં નિપુણ સંતો એક ટાણું જમતા હતા. દહીં અને દૂધ પીરસીને તો રંગરેલ મચાવી દીધી. શ્રીહરિ પીરસતા હોય ત્યારે ઘણા સોહામણા લાગતા હતા. ૭. અક્ષરધામના મુક્તો જેવા જ આ સંતોને શ્રીહરિ પીરસે છે. જો એમ ન હોય તો આવો જોગ હોય નહિ. જે રૂડી બુદ્ધિવાળા હોય તે ભક્તો વિચારી જુએ. ૮.

જગતમાં જે રૂડી બુદ્ધિવાળા મનુષ્યો છે તેમને શ્રીહરિ, સંતો અને હરિભક્તોની રીત અલૌકિક લાગે છે અને તેમની વાત સાંભળતા જ શ્રીહરિ, સંતો-ભક્તોમાં પ્રીતિ કરે છે. ૯. સંતો જે વાતોને કરે છે તેને તે રૂડી બુદ્ધિવાળા છે તે અમૃતરસની જેમ પીવે છે. જ્યારે સંતોની વાત અંતઃકરણમાં ગમે છે ત્યારે તે તરત જ સત્સંગ સ્વીકારે છે. ૧૦.

❋ પાખંડ ધર્મની ઓળખ :

અન્ય મતપંથમાં જે વિપ્રો સુબુદ્ધિમાન હતા, તે બધા આપણા સત્સંગને શરણે થયા. અને હરખભર્યા ભાવથી શ્રીહરિ તથા સંતોની સેવા કરવા લાગ્યા. ૧૧. જ્યારે તે વિપ્રોને પૂરો સત્સંગ થયો ત્યારે તેમણે પાખંડી મતપંથોને ખોટા જાણ્યા. કેમજે, ધર્મ, ભક્તિ અને જ્ઞાન જેમાં ન હોય તેમાં વૈરાગ્ય ક્યારેય હોય નહિ. ૧૨. મોક્ષના દ્વાર સમાન એ ધર્માદિક ચાર તે જે મતમાં તૂટી ગયા હોય તે મતને પાખંડ જાણવો. કેમજે, બારણું જ ન હોય તેમાં અધર્મ પ્રવેશી જાય છે અને સદ્‌ગુણને લૂંટી લે છે. ૧૩.

અધર્મ સત્સંગનો દ્વેષ કરે છે. અને તે અધર્મ છે તે ધર્મનું રૂપ લઈ લે છે અને ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્યનો વેષ પણ અધર્મ ધારી લે છે. ૧૪. પછી જે ધર્મના વેષમાં રહેલો અધર્મ હોય છે તે સારા સત્સંગથી ઓળખાય છે. જે સાચો સત્સંગ છે તે સૂર્યરૂપ મહાન છે, તે સત્સંગરૂપી સૂર્ય વિના અધર્મ ઓળખાય નહિ. ૧૫.

સંતો જમી રહ્યા છે એમ જાણીને ધર્મપુત્ર સુખદાયક શ્રીહરિએ કરચરણ ધોયા. પછી પોતાનો જ્યાં પલંગ હતો ત્યાં આવ્યા અને થોડીવાર પોઢી ગયા. ૧૬. સંતો જ્યારે જમીને ઊઠ્યા. ત્યારે પોતાને આસને આવ્યા. ત્યાં સહુ બેઠા અને થોડીવાર ધ્યાન કરવા લાગ્યા. ૧૭. જ્યારે ધ્યાન કરી રહ્યા ત્યારે સ્નાન કરવા માટે ગામથી બહાર ગયા. તેઓ સ્નાન કરીને તત્કાળ પાછા આવ્યા. શ્રીહરિની પાસે સહુ સભા કરીને બેઠા. ૧૮. વર્ણી, દરબારો અને પાર્ષદો જે હતા તે બધા આવીને બેઠા. તે વખતે ઝવેરીદાસ પટેલ વિવિધ પ્રકારનો પૂજાનો સામાન થાળમાં ભરીને લાવ્યા. ૧૯. ઘણા ઉમંગથી વાજિંત્રો વાગવાં લાગ્યા. તે સાંભળીને ગામના બધા ભક્તો ઉત્સાહથી ત્યાં આવ્યા. પછી જ્યારે શ્રીહરિ સ્નાન કરીને ત્યાં આવ્યા. એટલે તે સારા પલંગ ઉપર બેઠા. ૨૦.

ભક્તોએ કેસરયુક્ત ચંદન લીધું. ઉત્સાહથી તે શ્રીહરિને ચરચવા લાગ્યા. મનમાં જેવી ભાવના હતી તેને અનુસારે કેસર ચંદન ચરચ્યું. ૨૧. તે પ્રમાણે જ ફૂલહાર પહેરાવ્યા અને મનભાવ્યા બાજુબંધ ભુજાઓ ઉપર બાંધ્યા.

મસ્તક ઉપર મોટી સોનેરી પાઘ બંધાવી અને તેના ઉપર મોતીના તોરા લટકાવ્યા. ૨૨. બંને કાન ઉપર ગુલાબના ગુચ્છ મૂક્યા અને બંને હાથમાં પણ ગુલાબના ગુચ્છ આપ્યા. હાથમાં ફૂલની છડી આપી અને લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. ૨૩. ચરણોમાં કેસરચંદન ચરચ્યું. પછી તે ચરણોને હરખથી પોતાની છાતી તથા મસ્તક ઉપર છાપ્યાં. તે રીતે જ ઝવેરીદાસના પુત્ર, ભાઈઓ-બધા પરિવારે શ્રીહરિની પૂજા કરી. ૨૪. કપૂરની આરતી કરી. નખથી શિખાપર્યંત મૂર્તિ હૃદયમાં ધારી લીધી. પછી બંને હાથ જોડીને સ્તુતિ કરી અને પ્રાર્થના કરી કે, આપના ચરણોમાં અમારી બુદ્ધિ રહે. ૨૫. કળિયુગનું અને કુસંગનું બળ ઘણું છે. એવી સ્થિતિમાં અમને સત્સંગ થયો છે. તો આપની પાસે અમે માગીએ છીએ કે અમને સત્સંગનો રંગ દિન પ્રતિદિન ચઢતો જ રહે. ૨૬.

હે પ્રભુ ! આપે બહુ કૃપા કરી છે. તે આ કળિકાળને મધ્યે આપ પધાર્યા છો. હું સંસાર સાગરમાં ડૂબી રહ્યો હતો ત્યાં કૃપા કરીને આપે મને બચાવી લીધો છે. ૨૭. લખચોરાશીમાં ખૂબ જ ભટક્યો. જમપુરીમાં પણ પાર નહિ એટલો ભમ્યો છું. હવે આપે મને ઉગારી લીધો છે અને મારું જન્મ-મરણનું બધું દુઃખ આપે ટાળી દીધું છે. ૨૮. આપે મારા ઉપર જે ઉપકાર કર્યો છે તે બીજા કોઈ દેવથી થઈ શકે નહિ. માતા અને પિતાના જેવો બીજો કોઈ હેતુ-હિત કરનાર ન કહેવાય. પણ આપે જે ઉપકાર કર્યો છે તે અન્ય કોઈ કરી શકે તેમ નથી. ૨૯. પ્રાણીમાત્રના શરીરને તેની માતાના ઉદરમાં જળના બિંદુમાંથી આપ ઉત્પન્ન કરો છો. જેની જેવી જાતિ હોય તેવો તેના દેહનો આકાર રચો છો. તેવા દેહ લખચોરાશીમાં અનંત છે. ૩૦.

આપનું સામર્થ્ય અમર્યાદિત છે. પથ્થર, સુવર્ણ વગેરે અને હીરા, માણેક, મોતી ઈત્યાદિ જેનો ગણવાથી પણ પાર આવતો નથી. તે બધાની આપ રચના કરો છો. તમારા સામર્થ્યનો કોણ નિર્ધાર કરે ? ૩૧. પ્રગટ કે અપ્રગટ કેટલીએ અપાર આકૃતિઓ આપે રચી છે. આપ અને આપની માયા એકરૂપ છો. પરંતુ આપનું અનુપમ મોક્ષદાયકરૂપ તો તેથી અલગ જ છે. ૩૨. જે કોઈના તર્કમાં ક્યારેય આવતા નથી, એવા આપ અત્યારે અમને પ્રકટ

થઈને મળ્યા છો. આપ સ્વયં પોતાની કલ્પનામાં પણ નથી આવતા. એવો આપનો મહિમા રહ્યો છે. ૩૩.

કોઈ ચાહે તેવા તર્ક કરે પણ પાર લઈ શકાય નહિ, તેવી મૂર્તિ આપ છો તે અમને મળ્યા છો. આ મૂર્તિમાં જ બધા તર્કો શમી જાય છે, એવો નિશ્ચય (ઠેરાવ) અત્યારે અમે કર્યો છે. ૩૪.

चोपाई :

यह मूर्ति कुं छोडिके जेते, जो जो तर्क हि करना तेते;
ताको कबहु न आवे पारा, सबके फल मूल तुम हो प्यारा...३५
तुम बिन चिंतवन करना जितना, भ्रमना मन समझत हे तितना;
तुम विन चिंतवन चित्त हमारा, करे नहीं अब कोउ वारा...३६

આપની આ મૂર્તિનો આશ્રય છોડીને જે જે તર્ક કરવામાં આવે છે, તેનો ક્યારેય પાર આવતો નથી. હે પ્રિય ! પ્રભુ, સહુનું ફળ અને મૂળ આપ જ છો. ૩૫. આપના વિના અન્ય ચિંતવન કરવું, વિચાર કરવો, તેને મારું મન ભ્રમણા, ભ્રાંતિ માને છે. એટલે હવે મારું ચિત્ત ક્યારેય આપના સિવાય બીજું કાંઈ ચિંતવશે નહિ. ૩૬.

ઉપર કહ્યા પ્રમાણે જ હું વર માગું છું. તેને આપ દિલમાં ધારીને, હૃદયમાં ધારીને ઉદાર દિલથી આપો. બીજા દેવો તો અપાર છે પણ કોઈને મેં આપના સમાન સમર્થ દેખ્યા નથી. ૩૭. આપનું સામર્થ્ય મેં પિંડમાં અને બ્રહ્માંડમાં દેખ્યું છે. જે મનુષ્ય આપને છોડીને બીજે દોડે છે તેને આપ છોડી દો છો. ૩૮.

सोरठा : सत्संग हे वज्र हि कोट, मन क्रम वचन करना तेहि;
धर्म में रखनि न खोट, धर्म हृदय हे भुवन मम...४०

ઝવેરીદાસે આટલી સ્તુતિ પ્રાર્થના કરી. તેનાથી શ્રીહરિ પ્રસન્ન થયા. જે હાર પહેર્યા હતા તે બધા ઉતારીને તેમને આપ્યા અને કહ્યું, હંમેશા સત્સંગ દૃઢ રાખજો. ૩૯. સત્સંગ વજ્રનો કિલ્લો છે. તેના આશરામાં મન કર્મ અને વચનથી રહેવું. ધર્મ પાળવામાં ખોટ પડવા દેવી નહિ. ધર્મ મારું ઘર છે. ધર્મ મારું હૃદય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'કણભામાં ઝવેરીદાસે શ્રીહરિની પૂજા કરીને સ્તુતિ-પ્રાર્થના કરી' એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥

પૂર આઠમું : તરંગ - ૨૯

શ્રીહરિ ડભાણમાં રાયજીભાઈના ઘરે પાંચ દિવસ રહ્યા

પટેલ ઝવેરીદાસે શ્રીહરિની પૂજા કર્યા પછી સંતો, વર્ણીઓ, દરબારો અને પાર્ષદો, એ બધાની પૂજા કરી અને ફૂલહાર પહેરાવ્યા. ૧. સંતોને અને વર્ણીઓને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ત્યાં શ્રીહરિ રાત રહ્યા અને સવારે ત્યાંથી ચાલ્યા. ૨. **ડભાણ** ગામ આવ્યા. બધા હરિભક્તો શ્રીહરિની સામે આવ્યા. ઘનશ્યામ શ્રીહરિનાં દર્શન કરીને બધા ચરણોમાં નમી પડ્યા. ૩. બધા ફૂલહાર અને શ્રીફળ લાવ્યા હતા. શ્રીફળ ચરણોમાં ભેટ મૂકીને ફૂલહાર પહેરાવી દીધા. ૪. ડભાણમાં રાયજીભાઈ આદિ પાટીદાર અને મયારામ આદિ કેટલાક વિપ્રો ઘણા બુદ્ધિશાળી હરિભક્તો હતા. ૫. જોઈતાભાઈ સુતાર આદિ બધા હરિભક્ત થયા હતા. તે હરિભક્તો અને પુરજનો બધા શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને દર્શન કરીને ઘણા રાજી થયા. ૬.

ઢોલ, ત્રાંસા, તુરાઈ, રણશિંગા અને ભેરી આદિ વાજિંત્રો વગડાવીને શ્રીહરિને પુરમાં પધરાવ્યા. પુર અને બજારો વિચિત્ર રીતે શણગાર્યા હતા. ૭. બજારોમાં કેળાની લૂમોવાળા કેળના સ્તંભ અપાર રોપાવ્યા હતા અને કેળનાં થડને કુંકુમથી રંગ્યા હતા. દરેક દરવાજે મોતીના તોરણ બાંધ્યાં હતાં. ૮. બજારને કાંઠે જે ભવનો હતાં તેના દરવાજાઓ વિચિત્ર રીતે સજાવ્યા હતા. બરાબર સંધ્યા વખતે પુરમાં આવ્યા હતા, તેથી મશાલો અને દીવાઓ અપાર પ્રકટાવ્યા હતા. ૯. બજારમાં જે દુકાનો હતી તેમાં બિલોરી ઝાડ લટકાવ્યાં હતાં. બજારે અપાર લોકો હાથમાં ફૂલહાર લઈને ઊભા હતા. ૧૦. બજાર કાંઠે ત્રણ ત્રણ માળના મકાનો હતા, તેમાં લોકો ભરાઈને દર્શનની રાહ જોતા ઉભા હતા. સહુના હાથમાં પૂજાનો સામાન હતો અને સારા સુંદર વસ્ત્ર સહુએ પહેર્યા હતાં. ૧૧.

તે સમયે શ્રીહરિની સાથે પણ ઘણી મોટી અને સુંદર સવારી હતી. બધા દરબારો સોનેરી વસ્ત્ર અને અલંકારોથી સજ્જ હતા અને તેવી જ રીતે તેમના બધા અશ્વોને પણ શણગાર્યા હતા. ૧૨. દરેક અશ્વનાં માથા ઉપર સોનાના મોર હતા. અને તેના ઉપર સોનાની કલગી હતી. પગમાં ઝાંઝર ઝળકી રહ્યા હતાં. ૧૩. જે તાલમાં વાજિંત્રો વાગતાં હતાં તે રીતે અશ્વ નાચતા હતા. તેના ઝાંઝર પણ "ઘમ ઘમ" થતાં હતાં. મનમાં ઘણો જ ઉત્સાહ હતો. ૧૪.

શ્રીઘનશ્યામ મહારાજ જેના ઉપર બેઠા હતા તે અશ્વ અજોડ હતો. બધો સોનેરી સાજ પહેરાવ્યો હતો. મોતીનું જડાઉ કામ તેમાં કર્યું હતું. ૧૫. શ્રીહરિનો તે અનુપમ અશ્વ બધા અશ્વોથી આગળ હતો. તેનો દેખાવ અદ્‌ભુત હતો. તેની તુલનામાં વિમાન, ગરુડ કે હાથીએ શું ? ૧૬. છેલછબિલો નટ જે રીતે દોરડા ઉપર છટાથી ચાલતો હોય તેમ અશ્વ પણ છટાદાર પગલાં રાખતો હતો. બીજા લોકોને તો તેની લગારેય ગમ પડે નહિ. ૧૭. એક જ દોરડાં ઉપર બે નટ સામસામે આવે, પરસ્પર અંગને અડ્યા સિવાય સહજમાં જ છટાથી પસાર થઈ જાય. ૧૮. તેમ નટના નાચવાની છટામાં શ્રીહરિનો અશ્વ ચાલતો હતો. શ્રીહરિના અશ્વના નાચને ધારીને બીજા નર્તકો પણ તેને અનુસરીને નાચતા હતા. ૧૯. બ્રહ્માંડમાં જેટલું નૃત્ય કહેવાય છે તે બધું શ્રીહરિના અશ્વ પાસેથી શીખેલું જ હોઈ શકે છે. અને અશ્વમાં જે નૃત્યકલા છે તે આખા બ્રહ્માંડમાં ક્યાંય નથી. ૨૦. નૃત્યના જેટલા ભેદ ઉપભેદ છે તે બધા એકત્ર કરીને જ આ એક અશ્વને બનાવ્યો છે. તે અશ્વ ઉપર શ્રીહરિ બેઠા હતા અને બજારે ચાલ્યા આવતા હતા. ૨૧.

તારાઓને મધ્યે જેમ ચંદ્રમા શોભતો હોય છે તેમ સવારીની વચ્ચે શ્રીહરિ સુશોભિત જણાતા હતા. શ્રીહરિની આગળ ચોપદાર છડી પોકારતા હતા. તે બધી શોભા અદ્‌ભુત અને અજોડ બની હતી. ૨૨. બંને સોનેરી ચામર શ્રીહરિનાં મસ્તક ઉપર ઢળી રહ્યાં હતાં. બજારમાં આવી ને જેટલા લોકો ઊભા હતા તે બધા શ્રીહરિને ફૂલહાર પહેરાવતા હતા. ૨૩. કેટલાક લોકો તો કેસરચંદન લઈને શ્રીહરિને વધાવતા હતા અને પુરની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને વધાવતી હતી. ૨૪. શ્રીહરિની આગળના ભાગમાં

પાર્ષદો બંદૂકના અવાજ કરતા હતા. જેટલા સંતોનાં મંડળ હતા તે આગળ ચાલતા હતા. ૨૫. સંતો ઝાંઝ અને મૃદંગ બજાવીને ઉત્સવ કરતા હતા. પ્રેમથી કીર્તન ગાતા હતા તેનો આનંદ હૃદયમાં સમાતો ન હતો. ૨૬.

ડંકા, નિશાન અને વિવિધ પ્રકારના વાજિંત્રો આગળ ચાલતાં હતાં. તેના અવાજથી આકાશ ગાજી રહ્યું હતું. ૨૭. શ્રીહરિ આ રીતે પુરજનોને દર્શન આપતા, સહુના ઉપર કૃપા દૃષ્ટિ ફેરવતા, અને પૂજાનો સ્વીકાર કરતા કરતા ઊભી બજારે ચાલ્યા આવતા હતા. ૨૮. રાયજીભાઈ પટેલે બે હાથ જોડીને શ્રીહરિને અપાર વિનંતી કરીને પોતાને ઘેર તેમનો ઉતારો કરાવ્યો. પોતાનું ઘર સુંદર રીતે શણગાર્યું હતું. ૨૯. સોનેરી પલંગ બિછાવ્યો હતો. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. તેમનાં બીજા પણ કેટલાક ઘર હતાં. તેમાં સંતોને ઊતાર્યા. ૩૦. વર્ણી, દરબારો અને પાર્ષદોને પણ ઉતાર્યા અને અશ્વોને સારી જગ્યાએ બંધાવ્યા. ત્યારે બધા દરબારો ઘણા ખુશી થયા. ૩૧. ત્યાગી બાઈઓના જે રથ હતા તેમને અલગ જગ્યાએ ઉતારો કરાવ્યો. જેની જે રીતે સંભાવના કરવી જોઈએ તેવી રીતે બધી વ્યવસ્થા કરી. ૩૨. બાઈઓની સંભાવના (સેવા-સગવડતા) જે કરવાની હોય તે બધી બાઈઓ કરતી હતી.

ઘણી જ સુંદર રસોઈ બનાવી હતી. એટલે શ્રીહરિવર પ્રથમ પ્રેમથી જમ્યા. ૩૩. પછી સંતો અને દરબારો વગેરેને જમાડ્યા. આ રીતે શ્રીહરિ ડભાણ ગામમાં પાંચ રાત રહ્યા. પછી ગંગારામભાઈ આદિ નડિયાદ શહેરના બધા હરિભક્તો, ૩૪. કાકરખાડ(પાટી)ના મોટા મોટા પાટીદારો, અમીનો, દેસાઈ પાટીદારો, જે રાજા જેવા કહેવાતા હતા, ૩૫. તેમાં પણ જે સારા બુદ્ધિશાળી હતા. તેઓ બધા શ્રીહરિનાં દર્શન કરવા આવતા હતા. તેઓ જ્યારે દર્શન કરવા આવતા ત્યારે અપાર ફૂલહાર લાવતા હતા. ૩૬. રોજ નવા નવા મેવા અને મીઠાઈઓને તેઓ લાવતા. ફૂલહાર પહેરાવીને ભેટ મૂકતા. ૩૭. મોટા મોટા બારોટ, જે સારા જમીનદાર હતા. તેમાં જે સદ્‌બુદ્ધિશાળી હતા તે બધા પ્રેમથી શ્રીહરિનાં દર્શન કરવા આવતા. ૩૮. સાઠોદરા નાગર ઘણા બુદ્ધિમાન હતા. તેઓ પણ શ્રીહરિ પ્રકટ થયા છે એમ જાણીને દર્શન કરવા આવતા હતા. ૩૯.

વીસનગરા નાગરોને પણ શ્રીહરિના ઉપર ઘણો ભાવ હતો. તેઓ પણ રોજ દર્શન કરવા આવતા અને વિવિધ પ્રકારના મેવા વગેરે લાવતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ ડભાણમાં રાયજીભાઈના ઘરે પાંચ દિવસ રહ્યા' એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર આઠમું : તરંગ - ૩૦

શ્રીહરિ નડિયાદ પધાર્યા તથા અધર્મીઓની રીતનું વર્ણન કર્યું

ગંગારામ નાગરે એક દિવસ સુંદરવર ઘનશ્યામ શ્રીહરિને નડિયાદમાં પધરાવ્યા. ૧. શ્રીહરિ સંતો, દરબારો અને પાર્ષદોને સાથે લઈને **નડિયાદ** શહેર પાસે આવ્યા. વાજિંત્રો વાગતાં હતાં. ૨. નડિયાદ શહેર જોવાનો ભાવ દરબારોને ઘણો હતો. તેમનાં મનમાં ઉત્સાહ પણ ઘણો હતો. દરબારોના તે ભાવને પૂરો કરવા માનો શ્રીહરિ નડિયાદ આવ્યા હતા. ૩. નડિયાદના બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ મનમાં ઘણા ખુશ હતા. તે બધાએ હાથમાં ફૂલહાર લીધા હતા. ૪. સહુને શ્રીહરિ ઉપર ઘણો જ ભાવ હતો. સહુએ ફૂલહાર પહેરાવ્યા. ભક્તો જે શ્રીફળ લાવ્યા હતા તે બધા શ્રીહરિની આગળ ભેટ ધર્યા. ૫.

કેટલાક ભક્તો મેવા અને મીઠાઈ લાવતા શ્રીહરિ તેને સ્વીકારી લેતા. પ્રત્યેક દરબારને સંભારીને તે મેવા અને મીઠાઈ આપતા. સુખકારી શ્રીહરિ ક્યારેય કોઈને ભૂલી જાતા નહિ. ૬. ઘણા મોટા માણસો પણ શ્રીહરિની સન્મુખ આવ્યા. કારણ કે તે સહુને શ્રીહરિના ઉપર ઘણો જ પ્રેમભાવ હતો. તેઓ વિવિધ પ્રકારના વાજિંત્ર લાવ્યા હતા. તે વાગતા હોય ત્યારે ઘણા પ્રિય લાગતા હતા. ૭. રથ, બગી, મ્યાના વગેરે વાહન પણ સામે લાવ્યા હતા. મોટેરા સંતોને તેમાં બેસાડ્યા. શ્રીહરિ તો અશ્વ ઉપર બેઠા હતા. સોનેરી સાજથી શણગારેલા તે બંને અત્યંત સોહામણા લાગતા હતા. ૮. શ્રીહરિની સાથે જેટલા અશ્વ હતા તે બધા સોનેરી સાજથી શણગારેલા હતા.

દરબારોએ પણ સોનેરી વસ્ત્રો અને સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. તેથી શ્રીહરિ સોનેરી મહારાજાધિરાજ થયા હતા. ૯. સવારી સાથે શ્રીહરિ જ્યારે નડિયાદના દરવાજે આવ્યા ત્યારે લોકોની ભીડ ઘણી જ થઈ હતી. બધા લોકો ફૂલહાર લઈને આવતા. તે બધા અપાર હાર શ્રીહરિને પહેરાવતા હતા. ૧૦.

દર્શન કરનારા બધા લોકો ભાવથી બંને હાથ જોડતા. ચરણોમાં માથું નમાવતા. શ્રીહરિની અલૌકિક રીતને જોઈને બધા લોકો શ્રીહરિના ઉપર પ્રેમભાવ વધારવા લાગ્યા. ૧૧. લોકો મતપંથની બધી રીતને તો જાણતા જ હતા. સત્સંગ સિવાય બધું વિપરીત દેખાતું. બધા આશ્રમીઓના ધર્મને પાળતા હોય તેવો બધા વર્ણના લોકો ઉપરથી વર્તાવ કરતા હતા. ૧૨. બગલાની રીત પ્રમાણે ઉપરથી તો બધા ઊજળા દેખાતા. પણ અંદરના ભાગમાં અપરંપાર અધર્મ ભર્યો હતો. ૧૩. બધા વર્ણ અને આશ્રમના લોકો એકમતના હતા. તેમની બધાની રુચિ પણ એક સરખી જ હતી. તેઓ ઉપરથી તો ધર્મને રાખતા, પણ અંદરથી ધર્મને ફેંકી દીધો હતો. ૧૪. જે મતપંથના હોય તેનું પહેલું લક્ષણ છે ફેલ કરવો તે. અને ફેલ કરવાને માટે જાણી જોઈને તેવાને ગુરુ કરે છે. ૧૫. નિત્ય નવા ફેલ કરવા, તેને જ મતપંથીઓ મુક્તિ માને છે. આ યુગમાં તે બધા ગુરુ અને શિષ્યનો એક સરખો મેળ થઈ ગયો છે. ૧૬.

❋ સાચા બુદ્ધિવાનના લક્ષણ :

વેદોનો અને શાસ્ત્રોનો જે શુદ્ધ મત છે તે મતને શ્રીહરિએ સત્સંગમાં પ્રવર્તાવ્યો છે. વર્ણ અને આશ્રમના જે ધર્મ નિયમ છે તે નિયમ વિનાના કોઈને સત્સંગમાં રાખતા નહીં. ૧૭. જે બુદ્ધિમાન લોકો છે તે તો એવું માને છે કે સત્સંગે કરીને જ આ લોક કાંઈ શોભી રહ્યો છે. જે લોકો અધર્મમાર્ગે ચાલે છે તેની વાત હું નથી કહેતો. તેવા અધર્મીઓના બધા મતો કાંઈક જુદા જ હોય છે. ૧૮. જે રીઢા-પાકા અધર્મીઓ છે તેઓ તો સત્સંગને જ પાપરૂપ કહે છે અને જેની બુદ્ધિમાં ધર્મ રહ્યો હોય છે તેઓ તો અધર્મીઓને પાછા પાડી દે છે. ૧૯. તેઓ સત્સંગનો પક્ષ લઈને અધર્મીઓને દબાવે છે. આવા સદ્‌બુદ્ધિવાળા જે હોય છે તેમને શ્રીહરિ તો હરિભક્તોને તુલ્ય ગણે છે. ૨૦.

चोपाई :

सबुद्धिमान कहावत जेते, अंतर में जानत भये तेते;
सत्संग के प्रताप करीके, इंद्र सो वर्षत मुद भरीके...२१

જેઓ સદ્‌બુદ્ધિમાન કહેવાય છે તેઓ હવે અંતરમાં જાણતા થઈ ગયા છે કે ઈન્દ્રદેવ હરખથી જે વરસાદ વરસાવે છે તે સત્સંગના પ્રતાપથી જ વરસાવે છે. ૨૧. વર્ષાઋતુમાં જ્યારે વરસાદ વરસાવવામાં ઈન્દ્ર જેટલું મોડું કરે છે, ઓછો કરે છે, ત્યારે બુદ્ધિશાળી લોકો એવું માને કે અધર્મીઓનાં પાપને લીધે જ વરસાદ મોડો તથા ઓછો થાય છે અને આ લોકમાં જે કાંઈ સુખ શાંતિ દેખાય છે તે સત્સંગના પ્રતાપથી જ છે. ૨૨. મરકી (મહામારી, પ્લેગ, ગાંઠિયોતાવ) આદિનો જ્યારે ઉપદ્રવ થાય છે. તે પણ અધર્મીઓના પાપથી જ થાય છે એમ માને છે. પણ જે અધર્મી લોકો છે તેઓ તો તેને ઊલટું કહે છે. પણ તેનાં વચનને સદ્‌બુદ્ધિવાળા લોકો તો કાને સાંભળતા નથી. ૨૩.

સત્સંગમાં સદાચારનો જેવો વિવેક છે તેવો જ દેશમાં ત્યારે નવો અંગ્રેજ રાજા થયો. કાયદા સિવાય તે કાંઈ વાત જ કરતો નથી. એવો તે રાજા પરમવિવેકી થયો છે. ૨૪. જેટલા અધર્મી લોકો છે તે બધાએ આ રાજા (અંગ્રેજ)ના ડરથી કુકર્મોને-દુરાચારોને તજી દીધા છે. અને તેઓ બધા ભયયુક્ત વર્તવા લાગ્યા. ૨૫. ભયને લીધે ભલે કુકર્મોને તજી દીધા છે પણ તેના હૃદયમાં તો અધર્મ ભરપૂર રહ્યો જ છે, એવા લોકો જ્યારે મરે છે ત્યારે તે જમપુરીમાં જાય છે. ૨૬.

જે વર્ણ અને આશ્રમના લોકો, વર્ણ અને આશ્રમના નિયમોને, રીતોને છોડી દે છે, તે લોકો પણ જ્યારે મરે છે ત્યારે તેમને નરકકુંડમાં દુઃખ સહન કરવા પડે છે. ૨૭. સદ્‌બુદ્ધિવાળા ડાહ્યા મનુષ્યો છે તે બધું ચોક્કસ રીતે સમજે છે એટલે તેઓ ધર્મને લોપતા નથી અને સત્સંગમાં હેત રાખતા થયા છે. ૨૮. પશુઓની અનેક જાતિ છે. તે અપાર પશુઓ પોતપોતાની જાતિમાં નિર્વાહ કરે છે. પશુઓ પોતપોતાની જાતિના વિષયમાં બંધાયેલા રહે છે. તેમને પરજાતિનું બંધન નથી. ૨૯. ઝીણા કીડાથી લઈને હાથી સુધીના અનંત

પ્રાણીઓ દેખાય છે. તેના સંબંધો પરમેશ્વરે બાંધ્યા છે. તેના તે કાયદાને ક્યારેય લોપતા નથી. ૩૦. જે પશુઓ અને પંખીઓ કહેવાય છે તે બધા એક નિયમ (કાયદા) પ્રમાણે રહે છે. જેનો જે આહાર પરમેશ્વરે કર્યો છે તે પ્રમાણે તે ગુજારો કરે છે. ૩૧. વૃક્ષો અને વેલીઓ જેટલી કહેવાય છે તે સહુ પોતાના નિશ્ચિત સમય પ્રમાણે કોળે છે, ફૂલે છે અને ફળે છે. આવી વાતોનો કોઈ અંત જ નથી. સમયના નિયમ બહાર કોઈ દેખાતું નથી. ૩૨.

જે ડાહ્યા મનુષ્યોને વર્ણ અને આશ્રમનું જ્ઞાન છે, તેઓ અને વેદાદિ શાસ્ત્રો, બધા મનુષ્યોને સ્વચ્છંદતાથી અટકાવે છે. તેઓ કહે છે કે તમે મનુષ્ય છો તો તમારા ધર્મને પાળો. ક્યારેય જાતિભ્રષ્ટ થાવું નહિ. ૩૩. જેને મન ઉપર કાબૂ ન રહે અને વધારે બળવાન ઈચ્છા થાય ત્યારે તેની એક સરખી સમજણ રહેતી નથી. પછી તે નાત, જાત અને કુળ, એ બધાની મર્યાદાને તોડીને મનચાહ્યા વિષયોનો સ્વાદ લેવા માંડે છે. ૩૪.

અને તે વિષયના વધારે પડતા વેગવાળાને કદાચ કોઈ રોકે, ભલે તે માતા, પિતા, બંધુ કે ગુરુ રોકનારા હોય, તો વિષયના વેગવાળો તે મનુષ્ય તે રોકનારાને પણ મારી નાખે છે. તેવા જે વિષયી નરનારીઓ છે તે રાજાના ભયથી પણ ડરતા નથી. ૩૫. જેને સત્સંગ નથી એવા લોકોની બધી જ રીતને બુદ્ધિમાન ડાહ્યા મનુષ્યો પ્રેમથી દેખે છે. રાજાના ભયથી તે બધા અધર્મી લોકો પ્રસિદ્ધ રીતે અનીતિ-અધર્મ ક્યારેય કરી શકતા નથી. ૩૬.

માણસને પાપમય વિષયથી રોકવા માટે મોટા મોટા આઠ કોટ (દિવાલો) કર્યા છે. વેદ, શાસ્ત્ર, કુળ, કુટુંબ, જાતિ, પરજાતિ, ગુરુ અને રાજા, તે રોકનારા છે પણ એ આઠને નહિ ગણીને તે મલિન લોકો વિષયોને ભોગવે છે. ૩૭-૩૮. પાતાળથી લઈને બ્રહ્માના લોક સુધી નિયમોનો કોટ કર્યો છે, તેને લોકો ઉલ્લંઘન કરે છે તે મોટી ખોટ છે. તોય મર્યાદાને પાળતા નથી, ઉલ્લંઘન કરે છે. ૩૯. તે ધર્મ મર્યાદાનું પાલન કરાવવા માટે ધર્મકુમાર શ્રીહરિ કળિયુગમાં પ્રકટ થયા છે. તે અત્યારે સત્સંગ કરાવીને મુમુક્ષુઓને શરણે લઈને અનેક જીવોનો ઉદ્ધાર કરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ નડિયાદ પધાર્યા તથા અધર્મીઓની રીતનું વર્ણન કર્યું' એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥

પૂર આઠમું : તરંગ - ૩૧

શ્રીહરિ ગંગારામ નાગરના ઘરે પધાર્યા અને પંચવ્રતમાનની વિશેષતા કહી

શ્રીહરિનાં અને સંતોના દર્શન કરીને નડિયાદના અપાર સદ્‌બુદ્ધિવાળા સજ્જનો પરસ્પર સત્સંગની કીર્તિ ગાતા હતા. ૧. જેણે ધર્મ રાખવો હોય અને મોક્ષ પ્રાપ્ત કરવો હોય તેણે સત્સંગને શરણે જઈને સત્સંગ કરવો જોઈએ કારણ કે સત્સંગ, એક નિર્ભય કોટ (કિલ્લો) છે. ૨. સત્સંગ સિવાયના બીજા મતપંથના જે કોટ છે તેમાં તો મોટા મોટા ફાંકાં (ગાબડાં) પડી ગયા છે અને હજી જે કાંઈ કોટ રહ્યો છે તેમાં નવાં ફાંકાં પડ્યા જ કરે છે. ૩. મતપંથમાં જેઓ રહ્યા છે તેઓ તે ધર્મના કોટમાં છિદ્ર કરવા લાગ્યા છે. જેણે તે ધર્મના કોટની રક્ષા કરવી જોઈએ તે ધર્મગુરુઓ જ સહુ પહેલા કોટમાં ગાબડાં પાડવા માંડ્યા છે. ૪.

❋ સત્સંગ તથા પંચવ્રતમાનની મહત્તા :

કામ, લોભ, રસાસ્વાદ, સ્નેહ અને માન-ક્રોધ તે પાંચ અંતઃશત્રુઓ છે. ગુરુઓએ તે પાંચને તો શિષ્ય કરીને આશ્રય આપ્યો છે અને પોતાની સેવા કરવામાં તેને મુખ્ય કર્યા છે. ૫. નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ અને નિઃસ્નેહ, એ જે પાંચ શિષ્યો હતા. તેમને તે ગુરુએ કાઢી મૂક્યા છે અને અત્યારે તે પાંચે સત્સંગમાં આશ્રય કરીને રહ્યા છે અને હરખભેર સત્સંગની સેવા કરવા લાગ્યા છે. ૬.

અત્યારે સત્સંગમાં જે ગુરુઓ છે તેમણે તે નિષ્કામ આદિ પાંચ નિયમોને મિત્ર કરીને રાખ્યા છે. નિષ્કામ આદિ જે પાંચ નિયમ-વ્રતમાન છે તે મહાન્ યશસ્વી છે. ૭. સત્સંગના નિયમરૂપી કોટમાં, એ પાંચ નિયમ-વ્રતમાન

રહ્યા હોય છે, એટલે સત્સંગનો કોટ ક્યારેય ડગે નહિ. એ પાંચ વ્રતમાન-નિયમોને લીધે સત્સંગનો કોટ અત્યારે નિર્ભય છે, તે ક્યારેય ડગે એવો નથી. ૮. નિષ્કામ આદિ પાંચ વ્રતમાન-નિયમરૂપ અદ્વિતીય યોદ્ધા છે. તેથી કામાદિ અંતઃશત્રુઓનો બોધ લાગે નહીં અર્થાત્ પ્રવેશ થઈ શકે નહીં. કામને જમપુરીમાં લઈ જનારો પૂરો અંતઃશત્રુ જાણીને નિષ્કામ વ્રતમાન તેનાથી દૂર રહે છે. ૯. જ્યાં ક્રોધ હોય ત્યાં નિર્માન વ્રતમાન ન રહે, ત્યાંથી ભાગીને તે દૂર રહે છે. જ્યાં લોભ હોય ત્યાં નિર્લોભ વ્રતમાન રહે નહિ. તે તો લોભથી દૂર જઈને વસે છે. ૧૦.

જ્યાં રસાસ્વાદ હોય ત્યાં નિઃસ્વાદ વ્રતમાન રહે નહિ. પણ જ્યાં ભગવાનનો સ્વાદ હોય ત્યાં જોરાઈએ રહે છે. જ્યાં સ્નેહ હોય ત્યાં નિઃસ્નેહ વ્રતમાન રહે નહિ. તે તો તેનાથી દૂર જ ભાગી જાય છે. ૧૧. જ્યાં માનરૂપ દોષ હોય ત્યાં નિર્માન વ્રતમાન રહે નહિ. એ પાંચ અંતઃશત્રુઓ અને પાંચ વ્રતમાન-નિયમો ક્યારેય એક સાથે ભેળા રહે નહિ. જેમ રાત અને દિવસ ભેળા દેખાતા નથી તેમ સત્સંગ અને કુસંગ એક સાથે સોહાતા નથી. ૧૨. જે સમાજમાં સત્સંગ દેખાય છે ત્યાં નિષ્કામ વ્રતમાન આદિ સત્સંગના મિત્રો આવીને રહે છે. કારણ કે તે પાંચ વ્રતમાન ધર્મરૂપ છે અને મોક્ષરૂપ છે. ૧૩. જ્યાં કુસંગ દેખાય છે ત્યાં કામ આદિ પાંચ અંતઃશત્રુઓ રહેતા હોય છે કારણ કે તે પાંચ અધર્મરૂપ અને પાપરૂપ છે. ૧૪. જેવું દેખાતું હતું તેવું લોકો પરસ્પર બોલતા હતા.

પછી તે લોકો કેસરયુક્ત ચંદન આદિ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરતા હતા. ૧૫. નડિયાદમાં ઘણા મોટા માણસો પણ સત્સંગી થયા હતા. તેમણે બજારોને સુંદર રીતે શણગારી હતી. ઠેકઠેકાણે કેળના સ્તંભ રોપાવી દીધા હતા. ૧૬. નડિયાદમાં અપાર ભાવિક લોકો હતા. તેઓ સાર અસારના વિવેકવાળા હતા. ત્યાં પ્રત્યેક વર્ણના લોકો ટોળાં મળીને પોતપોતાના સમાજમાં ઊભા હતા.૧૭. સ્ત્રીઓનો સમુદાય એકત્ર થયેલો દેખાતો હતો. ચાર ચાર અને પાંચ પાંચ માળના ભવનો માણસોની ભીડથી ભર્યા હતા. વિવિધ પ્રકારના સોનેરી વસ્ત્ર અને અપાર ઘરેણાં પહેરીને બધા આવ્યા હતા. ૧૮.

સ્ત્રીઓ ભવનોને હરેક દરવાજે અને ગોખમાં મોતીના થાળ ભરીને ઊભી હતી. જ્યારે શ્રીહરિ નજીક આવતા ત્યારે તે સ્ત્રીઓ પ્રેમથી તેમને મોતીથી વધાવતી હતી. ૧૯. લોકો કેસરવાળા ચંદનમાં કસ્તૂરી મેળવતા. પ્રથમ તે ચંદનથી શ્રીહરિની પૂજા કરતા અને પછી ગુલાબના હાર પહેરાવતા. તે કેસરી ચંદનમાં અત્તરનો પણ કોઈ પાર ન હતો. ૨૦.

પુરુષો ફૂલના હાર પહેરાવતા હતા. શ્રીહરિ આ પ્રમાણે નડિયાદની બજારમાં ચાલ્યા આવતા હતા. રસ્તા ઉપરની દુકાનોના અને મકાનોના દરવાજામાં મોતીનાં તોરણ બાંધેલાં હતાં. ૨૧. મકાનોના દરવાજાઓ તો વિચિત્ર પ્રકારના હતા. તેમાં જાતજાતના બિલોરી ઝાડ બાંધેલાં હતાં. જેની દુકાનમાં ઝાઝી સમૃદ્ધિ હોય તેની સજાવટ પણ તેવા રૂપમાં જ કરી હતી. ૨૨. કેટલાક લોકો તો ગુલાલ લઈ આવ્યા. તે ઉડાડવાથી બધી બજાર લાલ લાલ થઈ ગઈ. ફૂલવાડીમાં જેવા ફૂલ ખીલેલા હોય તેવી રીતે જ બધી બજાર ફૂલોથી શોભતી હતી. ૨૩. સવારીના આગળના ભાગમાં ડંકા અને નિશાનોની શોભા અદ્‌ભુત લાગતી હતી. ઢોલ અને ત્રાંસા વગેરે જે વાજિંત્ર વાગતાં હતાં તે પણ સુંદર લાગતા હતા. ૨૪. આકાશથી પાતાળ સુધી તે શબ્દો ભરાઈ ગયા હતા. તે સાંભળીને બધા દેવો વિમાનમાં બેસીને આવ્યા અને બધું આકાશ વિમાનોથી છવાઈ ગયું. ૨૫.

કેસરચંદન અને ફૂલોને વરસાવવા લાગ્યા. અપ્સરાઓ પ્રેમથી નાચતી હતી. તેમજ દેવાંગનાઓ ગીત ગાતી હતી. ૨૬. દેવો વાજિંત્ર વગાડતાં અને ભવ બ્રહ્મા અને દેવરાજ ઇન્દ્ર આદિક તો મુખથી જયજયકાર કરતા હતા. ભૂમિ ઉપરના લોકોમાં તો કોઈને તેની ગમ પડતી નહિ. ૨૭. શ્રીહરિની આગળના ભાગમાં સંતો હતા. તેઓ ઝાંઝ અને મૃદંગ વગાડતા હતા. બધા પાર્ષદો સંતોની પાછળ ચાલતા હતા. આ રીતે અપાર શોભા થઈ હતી. ૨૮. શ્રીહરિની સાથે જે પાર્ષદો હતા તેઓ તો વારંવાર બંદૂક ફોડતા આવતા હતા. નગરમાં દેસાઈઓના મોટા મોટા ભવનો સાત સાત માળવાળા આકાશમાં અડ્યા હોય તેવા દેખાતા હતા. ૨૯. તેમાં સોનેરી ચિત્રો કર્યાં હતાં અને બારણાઓમાં તથા ગોખમાં મોતીનાં તોરણ બાંધેલાં હતાં. મોર, પોપટ અને

મેનાનાં ટોળાં છજા ઉપર બેસીને અત્યંત આનંદભર્યા બોલતાં હતાં. ૩૦. હર્ષના આવેશમાં કોયલો જે બોલતી હતી તેનાથી બધાં મકાનો ગાજી ઊઠતાં હતાં. બજારમાં ચાલતા શ્રીહરિએ તે બધું દેખ્યું અને તે મોટા ભવનોમાંથી ઘણી પૂજા આવતી હતી. ૩૧.

દેસાઈ લોકો તે ભવનોમાંથી બહાર નીકળીને બજારમાં આવ્યા. પ્યારથી શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. સુગંધી ચંદન ચરચીને ઘણા ફૂલહાર પહેરાવ્યા. ૩૨. તેમણે બધા સંતોની પણ પૂજા કરી અને એક એક હાર પહેરાવ્યો. વળી એક સોનાનો થાળ મેવાથી ભરીને શ્રીહરિને અર્પણ કર્યો. ૩૩. શ્રીહરિને પ્રકટ ભગવાન માનીને ખૂબ જ સન્માન કર્યું. તે વેળાએ શ્રીહરિની મૂર્તિ અત્યંત શોભતી હતી. દર્શન કરનારા દેવોનાં અને માનવોનાં મન તેમાં લોભાઈ જાતાં હતાં. ૩૪.

શ્રીહરિની સવારી જે કહેવાતી હતી તે બધી માનો સોનાથી બની હોય તેવી અત્યંત શોભતી હતી. શ્રીહરિના મસ્તક ઉપર જે છત્ર ધાર્યું હતું તેને જોઈને કરોડો કામની છબી (શોભા) લજ્જિત થઈ જાતી હતી. ૩૫. બંને બાજુ સોનેરી ચામર ઢળી રહ્યાં હતાં. ચોપદાર આનંદથી નેકી પોકારતા હતા. મૂર્તિની છટા એટલી મહાન્ ભારે હતી કે જોતાની સાથે નરનારીઓને સમાધિ થઈ જાતી હતી. ૩૬. મનુષ્ય પોતાના મનને સરલ શુદ્ધ કરીને જો દર્શન કરે તો તે મૂર્તિ ચિત્તમાં ચોંટી જાય છે, ફરી ક્યારેય ભૂલાતી નથી. ૩૭. ખાવું પીવું વગેરે બાહ્ય ક્રિયામાં અને સ્વપ્નમાં પણ તે મૂર્તિ અખંડ દેખાય છે. અખંડ મૂર્તિને દેખતા હોય એવા આપણા સત્સંગમાં છે તે કહી શકાતુ નથી. ૩૮. પુરવાસીઓને દર્શન દેતા કરુણાનિધિ શ્રીહરિ નાગર ગંગારામભાઈને ઘેર પધાર્યા. આવીને પલંગ ઉપર બેઠા. ૩૯. સંતોને અને દરબારોને, બધાને ઉતારા અપાવ્યા. રસોઈ તૈયાર થઈ એટલે શ્રીહરિ પ્રથમ જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ ગંગારામ નાગરના ઘરે પધાર્યા અને પંચવ્રતમાનની વિશેષતા કહી' એ નામે એકત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર આઠમું : તરંગ - ૩૨

શ્રીહરિ થાળ જમ્યા તથા ગંગારામે સપરિવાર શ્રીહરિની પૂજા કરીને સ્તુતિ કરી

શ્રીહરિ ભોજન જમ્યા. જેટલા નામથી ભોજન કહેવાય છે તે બધાં બનાવ્યાં હતાં. તેનાં નામ બોલીને ગણી શકાય તેમ નથી. એટલા બધાં વિવિધ પ્રકારનાં કર્યાં હતાં. ૧. દાળ, લીલોતરી શાક, રાયતું, જાત જાતના કર્યાં હતાં જગતમાં જેટલી જાતના બનાવાતા હોય તે બધાં કર્યાં હતાં. ૨. ભજિયાં, વડાં, રાયતું, એ જેટલા પ્રકારનાં અને જે રીતે બનાવાતા હોય તે બધા કર્યાં હતાં. કઢી પણ વિવિધ રીતે કરી હતી. તેના પ્રકારને ગણી શકાય તેમ નથી. ૩. દુનિયામાં જેટલા બનાવી શકાતા હોય તે બધા મિષ્ટાન્ન વગેરે ભોજન બનાવ્યાં હતાં. ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય બધા પ્રકારનાં હતાં. ૪.

શ્રીહરિને સોનેરી બાજોઠ ઉપર બેસાડ્યા. સોનાનાં થાળમાં બધાં ભોજન પીરસ્યાં. સોનાના કટોરાઓનો કોઈ પાર નહોતો. જેમાં ભરી ભરીને અપાર ભોજન અર્પણ કર્યાં હતાં. ૫. તે બધાં ભોજન વગેરેના બનાવનારાની શ્રદ્ધા જોઈને શ્રીહરિ ઘણા ખુશ થયા. મિષ્ટાન્ન વગેરે ભોજન કોણે બનાવ્યાં છે ? એમ બનાવનારાંના નામ પૂછ્યાં. ૬. જે ભક્તોએ ભોજન બનાવ્યાં હતાં તે બધાને શ્રીહરિની સન્મુખ લાવીને બેસાડ્યા. તેમની પાસે તે તે મિષ્ટાન્ન આદિના નામ બોલાવરાવ્યા અને બધાને એક-એક પ્રસાદીનો ફૂલહાર આપ્યો. ૭. બધાં ભોજનોનાં નામ લેવડાવ્યાં. બધું પૂછીને ભક્તોનો આનંદ વધાર્યો. શ્રીહરિએ કહ્યું, ભોજનનાં નામ જાણ્યા વિના જમવું તે તો માત્ર પેટ ભરાય એટલું ફળ કહેવાય. ૮.

✵ ધ્યાન માટે અભ્યાસની આવશ્યકતા :

જ્યારે ભોજનનું નામ જાણીને જમાય ત્યારે ખરેખર પૂરુ જમ્યા કહેવાય અને જે નામ જાણીને ભોજન જમે છે, તેનો આનંદ તેને આવે છે. ૯. આવો જ આનંદ મૂર્તિમાં આવે છે. પણ જ્યારે ધ્યાન કરીએ ત્યારે આનંદ પામીએ. ધ્યાનના આનંદ વિના જે ધ્યાન કરવું તેમાં તો મન અનેક જાતના વિચિત્ર તરંગમાં રાચવા માંડે છે. ૧૦.

જીવમાં જ્યારે મૂર્તિની તીવ્ર સ્ફૂરણા થાય ત્યારે તે જીવમાં મૂર્તિની એકતા કરી દેવી. જેમ લોઢું ગરમ હોય, ત્યારે તેને હાથથી પકડાય નહિ. પણ સાણસી જેવું સાધન હોય તેનાથી તત્કાળ તે પકડી શકાય. તેના વિના ક્યારેય પકડી શકાય નહિ. તેમ જે જે કામ સિદ્ધ કરવું હોય ત્યારે મેળાપ કર્યા સિવાય તે થાય નહીં અર્થાત્ લોઢારૂપી આત્મા તીવ્ર સ્ફૂરણારૂપી તાપમાં જ્યારે તપે ત્યારે શ્રદ્ધારૂપી સાણસીથી આત્માને પકડીને મૂર્તિ સાથે મેળાપ કરાવી દેવો. ૧૧-૧૨. મીઠા વિનાનાં શાકભાજી ચાહે તેવી કુશળતાથી કરવામાં આવે અને તેમાં પુષ્કળ ઘી નાખવામાં આવે, છતાં તે સૌને સ્વાદવિહીન તદ્દન ફિક્કું લાગે. તીવ્રશ્રદ્ધા વિના ગમે તેવી કુશળતાથી કરવામાં આવેલું ધ્યાન પણ ફિક્કું લાગે છે. ૧૩. અનેક પ્રકારનાં રસની વિગત જીભ સિવાય કરી શકાય નહિ. રૂપની વિગત આંખ સિવાય બીજી ઈન્દ્રિયથી થાય નહિ. ૧૪. ગંધની વિગત નાસિકા ઈન્દ્રિય કરે, શબ્દની વિગત કાન કરે, સ્પર્શના વિભાગને ત્વચા કહી શકે. તે બધી ઈન્દ્રિયોને પોતપોતાના એક એક વિષયનું જ જ્ઞાન છે. ૧૫. પાંચે જ્ઞાનેન્દ્રિયોનાં કાર્ય જુદા-જુદા છે. તે બધા એક જ શરીરમાં રહે છે અને જેનું જે કાર્ય હોય તે કરે છે. ૧૬. સર્વે ઈન્દ્રિયોમાં બહારની મૂર્તિ અથવા અંદરની મૂર્તિ, તેનું જ્યારે ધ્યાન કરવાનું હોય ત્યારે તેમાં નેત્રની વૃત્તિ મુખ્ય કહેવાય. તે નેત્રની વૃત્તિમાં મૂર્તિ ચોંટાડવી જોઈએ. ૧૭.

नेत्र वृत्ति को रूप हे आहारा, रूप देखे विन रहे न लगारा;
मूर्ति विन रूप न देखनो कोउ, एसे करनो अभ्यास हि सोउ...१८
अभ्यास करत सिद्ध हि होवे, अभ्यास करे विन सिद्ध न होवे;
अल्प वात कोउ शिखना जोउ, अभ्यास करे विन सिद्ध न होवु...१९

નેત્રવૃત્તિનો આહાર રૂપ છે. તે નેત્ર રૂપને જોયા વિના લગારેક પણ રહી શકે નહિ. એટલે મૂર્તિ સિવાય કોઈ બીજા રૂપને દેખે જ નહિ, એવો નિરંતર અભ્યાસ કરવો જોઈએ. ૧૮. અભ્યાસ કરવાથી તે કાર્ય સિદ્ધ થાય છે. અભ્યાસ કર્યા સિવાય સિદ્ધ થાય નહિ. કોઈ થોડી નાની બાબતને પણ શીખવી હોય તો અભ્યાસ કરવો પડે છે, તેના વિના તે બાબત સિદ્ધ થાય નહિ. ૧૯. માણસ જેવી બાબતનો અભ્યાસ કરે છે

તેવી બાબત તે સિદ્ધ કરે જ છે. માટે અભ્યાસમાં આતુરતા પૂરી જોઈએ. કેમ જે, આતુરતા વિના અભ્યાસ અધૂરો રહે છે. ૨૦.

અમને અહીં લાવવાની જો આતુરતા હતી તો અમે અહીંયાં આવ્યા છીએ. આતુરતાનો જેવો વેગ હોય તેવાં મૂર્તિનાં દર્શન થાય છે. ૨૧. આ પુરમાં અમે જ્યારે આવ્યા ત્યારે અમે સૌમાં આતુરતાના દર્શન કર્યાં. તેવી તત્પરતા વિના તો અમે આવ્યા છતાં સૌના હૃદય લુખાં રહી જાય છે. અને આવો સુયોગ ફરીવાર તો પછી ક્યાં મળે ? ૨૨. બીજા સંયોગો તો અપાર થાતા હોય છે પણ આવો સુયોગ ક્યારેય થયો નથી.' આટલી વાત જ્યારે કરી રહ્યા ત્યારે શ્રીહરિવર જમીને પરવાર્યા. ૨૩.

શ્રીહરિ જે થાળ જમ્યા તેની પ્રસાદી દરબારોને આપી. પછી નિપુણતાથી હાથ અને મુખ ધોયાં. ત્યારબાદ મુખવાસ લીધો અને ગંગારામભાઈએ પૂજા કરી. ૨૪. કેસરવાળું ચંદન ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. ફૂલોની ટોપી પહેરાવી. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. ૨૫. શાલ, દુશાલો અને પાઘ, તેમજ સોનાનાં બધાં ઘરેણાં સોનાના થાળમાં મૂકીને આગળ ધર્યાં. ૨૬. ગંગારામના ભાઈ મોહનલાલ હતા. તેઓ ગંગારામ કરતા પણ વધારે પ્રેમી હતા. તેમણે પણ શ્રીહરિનાં એક એક અંગને ધારીને પ્રેમથી પૂજા કરી. ૨૭. મોહનલાલ ઘર સંસારથી ઘણા ઉદાસ રહેતા. ધ્યાન કરવાનો અભ્યાસ કરતા. શ્રીહરિનાં ધ્યાનની વૃત્તિએ કરીને તેઓ શ્રીહરિની પાસે જ રહેતા હતા. ૨૮. તેમના એક બહેન હતા તે પણ તેમના જેવા જ એકાંતિકભક્ત હતા અને તેમને સત્સંગની અત્યંત ખુમારી રહેતી. બંને ભાઈઓને સત્સંગ પણ તેણે જ કરાવ્યો હતો. એવા મહાન તેમના રેવાબેન હતા. ૨૯. તેમણે સોના-રૂપાનાં ફૂલોથી શ્રીહરિની પૂજા કરીને પછી મોતીના થાળ ભરી ભરીને દયાળુ શ્રીહરિને વધાવ્યા. ૩૦. પછી આરતી ઉતારીને સ્તુતિ-પ્રાર્થના કરી. અને શ્રીહરિનાં ચરણકમળને હૃદયમાં ધારી લીધાં. તે પછી ગંગારામ અને મોહનલાલે શ્રીહરિનાં રસાળ ચરણકમળોને કેસરી ચંદન પૂરી રીતે લગાવ્યું. પછી ઘણા જ પ્રેમથી તે ચરણોને છાતી ઉપર ચાંપ્યા. અને કહ્યું કે, અમે આપની પાસે એટલું જ માગીએ છીએ કે અમને આ ચરણકમળમાં નિવાસ આપજો. ૩૧-૩૨.

અમારું ચિત્ત આપના સિવાય બીજે ક્યાંય રહે નહિ. ચિત્તનો તો એવો સ્વભાવ છે કે તે જ્યાં ત્યાં ઠેકઠેકાણે ચોંટી જાય છે. હવે તો સહુથી અધિક સારરૂપ આપ અમને મળી ગયા છો. ૩૩. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, તમે જે કહ્યું તે જ ખરો સાર છે. જે અસારમાત્ર છે તે તમને આવરણ નહિ કરે. મનુષ્યનાં ચિત્તમાં તો આખું બ્રહ્માંડ ભર્યું છે. દેખવામાત્રમાં જ તે બધું આવીને ખડું થઈ જાય છે. ૩૪. જે સ્વચ્છ વસ્તુ છે તેનો સ્વભાવ જ એવો હોય છે કે જેવો સંકલ્પ કરે તેવો અંતરમાં દેખાય છે. જ્યાં સુધી સંકલ્પોની નદીનો પ્રવાહ ચાલતો રહે ત્યાં સુધી તે સંકલ્પેલી બધી વસ્તુઓ દેખાતી રહે. ૩૫. જ્યારે તે સંકલ્પોનો પ્રવાહ તૂટી જાય ત્યારે ચિત્તમાં કાંઈ દેખાય નહિ. સંકલ્પ અને ચિત્ત વિના મૂર્તિ દેખાય નહિ. કેમ જે, મૂર્તિને જોવાના તો આ બે દ્વાર છે. ૩૬. સારરૂપ અને અસારરૂપ સંકલ્પને જાણવા માટે ચિત્ત બનાવ્યું છે. અને પાંચ જ્ઞાન ઈન્દ્રિયો છે તે જીવાત્માની પરમમિત્ર છે. ૩૭.

પણ તે ઈન્દ્રિયોને મૂર્તિરૂપી અમૃત અને માયિક પંચવિષયરૂપી ઝેર બંને દેખાય છે, માટે હરિભક્તોએ ચિત્તથી વિવેક કરીને તે વિષયરૂપ વિષનો ત્યાગ કરવો. અને મૂર્તિરૂપ અમૃતનું પાન કરવું. કેમ જે, **મૂર્તિરૂપ અમૃતરસને જોઈને જે પીવે છે તે હરિભક્ત ભાગ્યશાળી છે.** ૩૮. શ્રીહરિ જેવી વાત કહે તેવી વાત કહેતા કોઈ બીજાને આવડે નહિ. બીજા શરીરો તો ઘણી જાતના છે પણ **પરમેશ્વરે જીવને જે મનુષ્ય દેહ આપ્યો છે તે કેવળ સંસાર સાગરને તરવા માટે જ આપ્યો છે.** ૩૯. જે જે પાંચ વિષય કહેવાય છે તેને ઝેરરૂપ જાણવા. અનંત જન્મથી જીવ તે વિષયરૂપી ઝેરને ખાતો જ આવ્યો છે. હવે આ વખતે તેણે અમૃતરસ પીવાનો છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ થાળ જમ્યા તથા ગંગારામે સપરિવાર શ્રીહરિની પૂજા કરીને સ્તુતિ કરી' એ નામે બત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર આઠમું : તરંગ - ૩૩

સંતોના ભોજનની રીતના બાબતમાં પ્રશ્ન અને તે વિષય પર શ્રીહરિનું કથન

નાગર ગંગારામ વગેરેએ શ્રીહરિની પૂજા કરીને સંતોની પણ પૂજા કરી. તે વાતને હવે હું કહું છું. તમે નિપુણ ભક્ત શ્રોતાઓ તે સાંભળો. ૧. પોતાનાં મકાનની આગળ સુંદર મંડપ બનાવ્યો હતો. તેમાં કેળના સ્તંભ રોપાવીને ફૂલનો બાગ કરી દીધો હતો. ૨. બિલોરી ઝાડ બંધાવીને તેને રંગોથી વિચિત્ર કર્યા હતાં. ત્યાં પાંચ રંગ બનાવીને તેનાથી સુંદર રંગોળી પૂરી હતી. ૩. જેટલા સંતો હતા તેટલા ખંડ-ખંડ પ્રત્યે બાજોઠ મૂક્યા. તેમજ બધા રાજાઓ માટે અને બધા પાર્ષદો માટે પણ બાજોઠ મૂક્યા. ૪. એટલે તેમાં સંતો, દરબારો અને પાર્ષદો પોતપોતાનાં સમુદાયમાં બેઠા. તેની શોભા અદ્‌ભુત બની હતી જે વર્ણવી શકાતી નથી.

મંડપની વચ્ચે સિંહાસન શોભતું હતું. ત્યાં આવીને શ્રીહરિ તે સિંહાસને બેઠા. ૫-૬. બંને ભાઈઓએ હાથમાં કેસરચંદન લીધું અને હરખભેર પૂજા કરવા લાગ્યા. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં અને તેનાથી બધું આકાશ ગાજી ઊઠ્યું હતું. ૭. નડિયાદ ગામના જે મોટા માણસો કહેવાતા હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરવા ત્યાં આવ્યા હતા. ત્યાં અગરબત્તીનો ધૂપ કર્યો હતો, તેનો અનુપમ સુગંધ બધે વ્યાપી ગયો હતો. ૮. તેઓએ પ્રથમ કેસરયુક્ત ચંદન ચરચ્યું અને તે પછી ફૂલના હાર સહુ સંતોને પહેરાવ્યા. સંતોને અને પાર્ષદોને વસ્ત્ર ઓઢાડ્યાં. યથાયોગ્ય રીતે તે પૂજા કરી. ૯. શ્રીહરિએ પંગતમાં સહુને સૂતરફેણી પીરસી. બધા સંતોએ પ્રેમથી તે લીધી. જ્યાં સુધી પંગતમાં ભોજન પીરસાતા હતા. ત્યાં સુધી સહુએ 'નારાયણ' નામની ધૂન લગાવી. ૧૦.

જુદાં જુદાં ભોજન જે પીરસ્યાં હતાં, તેનો ગણવાથી પણ પાર આવે તેમ ન હતું. જ્યારે બધાં ભોજન પીરસાઈ રહ્યાં. ત્યારે શ્રીહરિ "વાસુદેવ હરે" આમ ઊંચેથી બોલ્યા. ૧૧. સંતોએ બધા ભોજન એક પાત્રમાં લીધાં. જુદા જુદા રસને એક કરી દીધાં. અલગ અલગ અનંત આકાર હતાં તે મેળવી

દેવાથી એકરૂપ થઈ ગયાં અને તેમાં પાણી નાખવાથી તે ભોજન અનુપમ થઈ ગયાં. ૧૨. સંતોની તે ભોજન કરવાની રીત જોઈને પુરજનોને અપાર આશ્ચર્ય થયું. આમ રસાસ્વાદમાં પ્રેમ તજી દેવો તે સામાન્ય જીવથી કેમ બની શકે ? સામાન્ય જીવથી ન જ બની શકે. ૧૩. જે ગણવાથી પણ પાર આવે નહિ એટલા જુદા જુદા ભોજનો તૈયાર કર્યાં. તેનો તો સ્વાદ જ લેવાનો હોય છે. સ્વાદ વિના તેમાં બીજો સાર શું હોય છે ? ૧૪. તે બધું દેખીને પુરજનો પરસ્પર બોલતા હતા અને સંતો હરેક કોળિયો 'સ્વામિનારાયણ' આવું નામ બોલીને જમતા હતા. ૧૫.

જેને જેટલો આહાર હોય તે પ્રમાણે પીરસાતું ભોજન સંતો લેતા, પણ **મનગમતું ભોજન ફરીને માગતા નહિ. ૧૬. જમતાં જમતાં ક્યારેય એક પણ ભોજનને પડ્યું મૂકતા નહીં. એવો વિવેક રાખતા. જ્યાં સુધી જમતાં હોય ત્યાં સુધી તેઓ પરસ્પર વાતો કરતા નહિ.** ૧૭. એકબીજાનું એઠું કોઈને આપતા નહિ. એઠું લેવું-દેવું તે અનાચાર છે, એમ તેઓ જાણતા. પાણી પીવાનું પાત્ર ક્યારેય મોઢે માંડતા નહિ. ૧૮. પોતાને પીતા વધેલું પાણી બીજા સંતને પીવા આપતા નહિ. પંગતમાં નાના મોટા જે બધા સંતો બેઠા હોય. ૧૯. બધા જ સંતો જમી રહ્યા છે એમ જોયા પછી મોટા સંત હાથ ધોતા. આવો વિવેક જે ન રાખે, તેને 'અવિવેક થઈ રહ્યો છે' એમ દેખાડે. ૨૦. સંતોના આચારમાં જે વિવેક કે અવિવેક થતો હોય તેને ક્રિયા કરતી વખતે ઘણા સંતો બતાવતા. જ્યાં સુધી શરીરનું ભાન હોય ત્યાં સુધી "ખાવું પીવું" વગેરે ક્રિયામાં સંતો વિવેક રાખતા હતા. ૨૧. જ્યાં સુધી શરીરમાં કોઈ રોગ થયો ન હોય ત્યાં સુધી કોઈ સંત બીજા સંતોથી જુદા બેસીને જમતા નહિ. સંતો પરસ્પર આવો વિવેક રાખતા અને જે આવો વિવેક ન રાખે તે અવિવેકી દેખાતા હતા. ૨૨.

અવિવેકીને માથે બીજો કોઈ દોષ નહિ પણ તે 'વિવેક હીન છે' આવું કહેવાય તે પણ ઘણું છે ને ! ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય આદિ સુશોભિત ગુણવાળા વૃદ્ધ સંત હોય, ૨૩. તેમની આગળ બીજા કોઈ વિવેકી સંત ઊંચે

આસને ક્યારેય બેસતા નહિ. જેનાં વિવેકરૂપી નેત્ર ફૂટી ગયા હોય તેઓ મન ફાવ્યું વર્તતા હોય છે. ૨૪. મનફાવ્યું વર્તન કરનારા સંતોમાં સોહે નહિ, આવું સમજીને સંતો બધી જ બાબતમાં વિવેક રાખતા હોય છે અને તેથી જ તેઓ અત્યંત શોભે છે. ૨૫. સંતોમાં વિવેક દેખીને નડિયાદના મોટા મોટા માણસોએ સંતો જ્યારે જમી રહ્યા ત્યારે પ્રશ્ન પૂછ્યો. ૨૬. તેઓએ બે હાથ જોડીને શ્રીહરિને પૂછ્યું, મહારાજ ! અમારાં મનમાં એક સંદેહ થયો છે, તો આપ તેને ટાળી દો. ૨૭.

અમને આ બધા સંતો અલૌકિક દેખાયા છે. અતિશય વિવેકવાળા પણ છે, પણ આ સંતોએ ભોજન બગાડી નાખ્યું. ૨૮. અમારાં ગામમાં જગતના જેટલા સંન્યાસીઓ, પરમહંસો, બ્રહ્મચારીઓ, વૈરાગી આવે છે. ખાખીથી વધારે ત્યાગી તો કોઈ ન કહેવાય. કેટલાક તો શરીર ઉપર વસ્ત્ર પણ ન રાખતા હોય એવા જગતમાં જે ત્યાગી કહેવાતા હોય છે, તે બધા જ આવે છે. ૨૯. જૈનોના સાધુ મહાન ત્યાગી ગણાય છે, તે બધા ઘેર ઘેરથી અન્ન માગી લાવે છે અને ભોજનને અલગ અલગ રાખીને જમે છે. તેઓ ક્યારેય આ સંતોની જેમ ભોજનને બગાડી નાંખતા નથી. ૩૦. અન્નને ભેળું કરી બગાડી નાંખીને જ જમવાનું હોય તો અલગ અલગ ભોજન બનાવવાનું પ્રયોજન શું? ભોજનોનું અને મેવાનું ફળ એ જ છે કે તેને જુદું જુદું જમવું. ૩૧. જ્યારે અલગ અલગ ભોજન જમવામાં આવે, ત્યારે અંતરમાં અપાર સુખ વર્તે છે. બધું ભેળું કરીને જમવામાં આવે છે ત્યારે તેમાં ભોજનનો કાંઈ સ્વાદ આવતો નથી. ૩૨. સ્વાદ વિનાનું કરીને જે ખાવું કે ખાધું તે ન ખાધા બરાબર જ છે. અપાર મતપંથો છે તેમણે રસાસ્વાદનો લગારેય ત્યાગ કર્યો નથી. ૩૩.

સ્વાદ વિના જે જીવવું તે વૃથા કહેવાય છે. સુખમાત્ર સ્વાદમાં જ રહ્યાં છે. જેવો મનુષ્યનાં શરીરમાં સ્વાદનો લાભ છે એવો તે સિવાયના બીજા કોઈ શરીરમાં નથી. ૩૪. અમે સાંભળ્યું છે કે પાતાળથી લઈને દેવલોક સુધી સ્વાદ વિનાનું બધું ખાવા પીવાનું ન્યૂન-હલકું ગણાય છે. ભૂમિ ઉપર અનેક મતપંથ છે, અને વર્ણાશ્રમમાં આ બાબતે બધાની સમજણ એક સરખી જ છે. ૩૫. પણ આપની સમજણ એટલી જુદી પડે છે કે અન્નદેવને

આપ બગાડીને ખાઓ છો. લોકો સ્વાદ લેવા માટે તો ધન ખરચે છે અને આપ તે સ્વાદને ધૂળ ધાણી કરી નાખો છો. ૩૬. સંતોમાં બીજી બધી જ બાબતમાં વિવેક રહ્યો છે, આ તો આટલું અમારે નજરે આવ્યું તે કહ્યું. અમારાં બોલવામાં કાંઈ ભૂલ હોય તો આપ વાત કરીને બતાવો. ૩૭.

તે વેળાએ શ્રીહરિ બોલ્યા, તમે બધા ઘણા બુદ્ધિમાન છો. અને શાસ્ત્રોને જાણો છો. જે બોલ્યા છો તે ઠીક બોલ્યા છો. ૩૮. તમારા જેવા બુદ્ધિમાન અમે બીજા કોઈને દેખ્યા નથી. કાનથી સાંભળ્યા હતા પણ અહીંયાં સાક્ષાત્ આવ્યા એટલે દેખ્યા છે. ૩૯. જેને જેવો સંગ રહેતો હોય, તેની બુદ્ધિ તેવી થાય છે અને તેમાં તેવો રંગ લાગે છે. નિયમોને પાળ્યા સિવાય કોઈ એક પણ સ્વાદ રહેતો નથી. ૪૦. લોકોની સમજણ અલગ છે અને સત્સંગની સમજણ પણ અલગ જ છે. બંનેનો ક્યારેય નોર મળવાનો નથી. કારણ કે તે પરસ્પર એકબીજાને દોષરૂપ છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'સંતોના ભોજનની રીતના બાબતમાં પ્રશ્ન અને તે વિષય પર શ્રીહરિનું કથન' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર આઠમું : તરંગ - ૩૪

શ્રીહરિએ પંચવિષયના ભોગની બાબતમાં વિસ્તૃત વાત કહી

શ્રીહરિએ તે લોકોની આગળ ફરીને વાત કહી, તમે બુદ્ધિમાન છો, એટલે સાંભળો, તમે જેમાં સ્વાદ માનો છો તે તો નક્કી નરક જ છે. ૧. જ્ઞાનીનો મત જુદો છે અને અજ્ઞાનીનો મત પણ જુદો છે. અજ્ઞાનીને સ્વાદ લેવાનું જ એક જ્ઞાન છે. આગળ શું થશે, તેનો ખ્યાલ નથી. ૨. **પણ જ્ઞાની મનુષ્ય તો આગળ અને પાછળ, બંને બાજુનો ખ્યાલ રાખે છે. લાભ અને હાનિનો વિચાર કર્યા સિવાય તે સ્વાદ લેતો નથી. ૩. જે જ્ઞાની પુરુષ શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણ રસનો સ્વાદ લે છે તે સંસારના બધા જ રસને વિઘ્નરૂપ જાણે છે એટલે તેને તે રસ મનમાં ઝેર સમાન લાગે છે. ૪.**

ચોપાઈ :

संसार को स्वाद लेवत जेहा, जन्म मरण भुक्तत हे तेहा;
त्यागि होई रस को करे भोगा, ताको नाश होई जावे जोगा...०५

જે લોકો સંસારનાં સુખનો રસ માણે છે. તેમને જન્મ-મરણનું દુઃખ ભોગવવું પડે છે. ત્યાગી થઈને જે રસનો ભોગ કરે તેને ભગવાનનો યોગ નાશ પામે છે. ૫. માછલું વધારે રસાસ્વાદ કરે છે તો તરત જ તે પ્રાણ ગુમાવે છે. જે હરણ શબ્દ સાંભળવામાં આસક્ત થાય છે તે તરત જ પોતાના પ્રાણ ખોવે છે. ૬. ભમરો ગંધમાં અતિ લોભાય છે તો કમળની સાથે તેનો પણ વિનાશ થાય છે. પતંગિયું અગ્નિનું રૂપ જે સમયે જુએ છે ત્યારે જરાક જોતાની સાથે જ પ્રાણને ખોઈ બેસે છે. ૭. હાથીની સ્પર્શ ઈન્દ્રિય બળવાન છે, તેથી કરીને તે તરત ખાડામાં પડે છે અને જીંદગીભર કેદ ભોગવે છે. એક એક ઈન્દ્રિય બળવાન હોય છે તેણે કરીને પણ ઉપરોક્ત તેઓ તરત પ્રાણ ખોવે છે. જ્યારે મનુષ્યને તો પાંચેય ઈન્દ્રિયો બળવાન હોય છે, એટલે તેને મોક્ષમાર્ગમાંથી નિશ્ચિત પછાડી દે છે. તે વિષયોને ભોગવતા તેનો અંત આવતો નથી. અનંત જન્મથી જીવ વિષયના સ્વાદને ભોગવતો આવે છે છતાં, ૮-૯.

તેમાંથી ક્યારેય તૃપ્તિ થાતી નથી. તે પાતાળથી દેવલોક સુધી જોઈ લીધું છે. અને **ભગવાનનું ભજન કર્યા વિના તો વારંવાર જન્મ મરણ અને લખચોરાશીમાં ફરવાનું તથા, ૧૦. અપાર નરકકુંડોની યાતના ભોગવવાની થાય છે. તેનો વિચાર જે જીવ નથી કરતો તેના સમાન બીજો કોઈ પાપી નથી,** એમ બધા શાસ્ત્ર કહે છે. ૧૧.

✵ જે ચાખે શ્રીહરિનો સ્વાદ, તે ક્યારેય ન થાય બરબાદ :

ચોપાઈ :

हरि में अधिक सुख जानन हिता, जग में अल्प हि सुख रचिता;
अल्प में सो गये बंधाई, बंधन छुटन हित रचे ताई...१२

ભગવાનનાં સ્વરૂપમાં અપાર સુખ રહ્યું છે. તે જણાવવા માટે ભગવાને સંસારમાં થોડુંક સુખ રચ્યું છે. પણ જીવ તો તે થોડાં સુખમાં પણ બંધાઈ ગયો છે. તે બંધનથી છૂટવા માટે તો તે સુખો રચ્યા છે. ૧૨.

दोहा : एक एक से सुख अधिक हि, देखत देखत ताहि;
जाना हरि के धाम में, शुद्ध मत एह रहाहि...१३

અહીંથી લઈને ઠેઠ અક્ષરધામ સુધી ઉત્તરોત્તર અધિક સુખ જોતા જોતા શ્રીહરિના અક્ષરધામમાં જાવું, તે જ સાચો સિદ્ધાંત છે. ૧૩. તે સિવાયની બધી જ સમજણ સર્વ પ્રકારે બંધનરૂપ છે. વેદોને અને પુરાણોને ભણે, તો પણ આવી સમજણ ન હોય તો તેનું જ્ઞાન અંધારિયા કૂવા જેવું છે. ૧૪. વ્યાસમુનિરૂપ ભગવાનનો અવતાર ઘણો સમર્થ કહેવાય. તેમણે લાખ શ્લોકનું મહાભારત રચ્યું અને સત્તર પુરાણો રચ્યાં. છતાં તેમનાં મનમાં અશાંતિ રહી. સંતોષ ન થયો. ૧૫. દેવતાઓનું મહત્ત્વ કહ્યું, વ્રત, તપ, દાન અને યજ્ઞોનું મહત્ત્વ કહ્યું. તેનાથી જીવનો કોઈ કલ્પે મોક્ષ ન થાય, જેવી લોકોની રુચિ રહે, તેવું લખ્યું. ૧૬. પંચવિષયમાં સુખ વધારે દેખાડ્યું. એટલે તે વિષયોમાંથી મન ક્યારેય છૂટે નહિ. તે વિષય સુખમાં તો અપાર દુઃખ રહ્યું છે. એવું ક્યાંય વધારે લખ્યું નહીં. ૧૭. વિષયી મનુષ્યને આનંદ થાય, એવું વર્ણન ઠેકઠેકાણે કર્યું. તે દેખીને તો વ્યાસજીને મનમાં બળતરા થવા લાગી અને દેહનો ત્યાગ કરવા તૈયાર થયા. ૧૮. એવામાં ભગવાનની ઇચ્છાથી નારદજી ત્યાં સમ્યાપ્રાસ આશ્રમમાં આવ્યા. તેમણે વ્યાસજીના હૃદયને દેખ્યું. પછી અનંત પાપોનો નાશ કરનારા પરમપવિત્ર ભગવાનનાં ચરિત્રો છે એવું તેમને સમજાવ્યું. ૧૯.

જેમાં મોટા મોટા હંસ નહાય એવા તીર્થો આપે રચ્યા નથી. પણ કાગડા જેવા વિષયી મનુષ્ય નહાય એવા તીર્થો આપે કર્યા છે. ૨૦. અને તેનાથી જ આપનાં અંતઃકરણમાં અસંતોષની આગ લાગી છે, તો તે આગને ઓલવનારા તો ભગવાનનાં ચરિત્રો જ છે. હવે આપ ભગવાનનાં તે ચરિત્રોને કહો, અને તેમાંથી આપનાં હૃદયમાં અપાર આનંદ થાશે. ૨૧. હરિનાં ચરિત્ર વિનાના તમારા તે લખાણોને તો સુજ્ઞજનો કાકતીર્થ કહે છે. કેમ જે, વિષયી લોકોને વિષયરૂપ નરક દુઃખ આપવા માટે હરિચરિત્રથી રહિત તે ગ્રંથો રચાયા છે. ૨૨. શ્રીકૃષ્ણથી કોઈ પર નથી. તેમના અનંત અવતારો થઈ ગયા છે. તેમનાં જન્મ, કર્મ અને ચરિત્રોનાં સમાન બીજું કાંઈ પવિત્ર નથી. ૨૩. જીવ વિનાનો દેહ જેમ મડદું કહેવાય, તેમ ચરિત્ર વિનાના ગ્રંથ પણ નિષ્પ્રાણ જ કહેવાય.

આ ભૂમિ ઉપર રહેલા પ્રકટ ભગવાન અને ભગવાનના જે તીર્થધામો રહ્યાં છે, ૨૪. જ્યાં જ્યાં ભગવાન વિચર્યા હોય, અને જે જે ક્રિયાઓ કરી હોય તેમને દિવ્ય કહેવી. તેનાથી તે જ ક્ષણે હૃદયમાં શાંતિ થઈ જાશે. ૨૫.

જેને ભગવાનનો સંબંધ થયો હોય તેવા મનુષ્ય, વૃક્ષ, વન, પશુ, પક્ષી, નદી અને સરોવર ઈત્યાદિ, સહુથી પવિત્ર ગણાય. ૨૬. જેને ભગવાનનો સંબંધ છે એવા જે ઉપર કહ્યાં, તેની આગળ દેવલોકને પણ નરકતુલ્ય કહ્યાં છે. જે જે આગળના દેવલોકો છે તે બધા અપાર દુઃખરૂપ છે. ૨૭. મુમુક્ષુ જીવનું મન બીજા વિષયોમાંથી સમૂળું ઊખડીને ભગવાનનાં સ્વરૂપમાં ચોંટે, એવો મનમાં વિચાર કરીને હવે ભાગવતપુરાણની રચના કરો. ૨૮. જે ભગવાનનું ભજન કરતા નથી તે સંસારમાં સુખ માને છે અને તેઓ મરીને જમપુરીમાં જાશે, ત્યાં તેને જમ અનંત દુઃખ દેશે. ૨૯. ત્યાં જમપુરીમાં સ્ત્રી પુત્ર કે પરિવારરૂપ સંસાર, કાંઈ પણ સહાય કરી શકતા નથી. અનંત કલ્પો સુધી નરકના કુંડમાં અનંત જીવો દુઃખ ભોગવતા હોય છે. ૩૦.

આ જગતમાં જીવ વિષયનાં અલ્પ સુખને જે ભોગવે છે તેનાં ફળનાં રૂપમાં જીવને મેરુ સમાન મોટું દુઃખ ભોગવવું પડે છે. જ્યારે તે નરકયાતનાના દુઃખમાત્ર ભોગવી રહે છે અને ત્યાર પછી તેને ફરીવાર લખચોરાશીમાં ભટકવાનું શરૂ થાય છે. ૩૧. એકવીશ એકવીશ લાખ વખત જન્મ લેવા-મરવાની તે ચાર ખાણ કહેવાય છે. તેમાં જીવની ઘણી ભૂંડી ગતિ થાય છે. વારંવાર જન્મ અને મરણ થાય છે. ભાગવતમાં તે બાબતનું ઘણું વર્ણન કરજો. ૩૨. એકવીશ લાખ દેહને એક ખાણમાં ધારવાનાં હોય છે. જીવાત્માઓને શ્રીકૃષ્ણનું ભજન કર્યા વિના તે એક ખાણમાં જ કરોડો કલ્પ સમય વીતી જાય છે. ૩૩. શ્રીકૃષ્ણનો જન્મ મથુરામાં થયો. પછીથી તેઓ ગોકુળમાં આવ્યા. વાસુદેવ, દેવકી, નંદજી અને યશોદા, તેમણે પુત્ર માનીને ઘણા લાડ લડાવ્યા. ૩૪. કંસ આદિ દૈત્યોના સ્વભાવને ભાગવતમાં કહેવા. જેનાથી તેનો સહુને અભાવ આવે. ભગવાને ગોપીઓ અને ગોવાળોને સુખ આપ્યું. તેમના સમાન બીજો કોઈ ભાગ્યશાળી કહેવાય નહિ. ૩૫. જે દેવરાજને ઈન્દ્રપદ ભગવાને જ આપ્યું છે. તે અભિમાનથી મલિન થયેલો ઈન્દ્ર ક્રોધ કરીને ગોકુળ ઉપર

મેઘ લઈને ચઢી આવ્યો. ભગવાને બ્રહ્માને પણ પોતાના સમાન સામર્થ્ય આપ્યું હતું. તેને બધું નિપુણતાથી લખવું. ૩૬. દેવોમાં જે સામર્થ્ય છે તે પણ શ્રીકૃષ્ણ ભગવાને જ આપ્યું છે. અનંતકોટિ બ્રહ્માંડ પણ શ્રીકૃષ્ણને જ આધીન છે. ૩૭. કૃષ્ણ વિનાનું સુખ તો મડદાને શણગાર્યા જેવું છે. મડદાની શોભા શી હોઈ શકે. ૩૮. તે પુરાણમાં ચાર પ્રકારના પ્રલયની વાત વારંવાર કહેવી. સાક્ષાત્ શ્રીકૃષ્ણ અને તેમનું જે ધામ, તેનું વર્ણન કરવું. ૩૯. એક કૃષ્ણ સિવાય જેનું જેનું નામ છે તે બધાનો વિનાશ થાય છે. જે સમર્થ દેવો કહેવાય છે તે પણ શ્રીકૃષ્ણનાં શરણ સિવાય કોઈ બચતા નથી. ૪૦. એવું પુરાણ કરો કે, કૃષ્ણ સિવાય અન્ય કોઈ સમર્થ નથી. એટલે મનુષ્ય જ્યારે ભગવાનમાં ચોંટે ત્યારે તેનું કલ્યાણ થાય. ૪૧. આટલું કહીને તે નારદ પ્રસન્ન મનથી ચાલ્યા ગયા. વ્યાસજી શ્રીકૃષ્ણ ચરિત્રરૂપી મોટા ધરામાં ડૂબી ગયા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિએ પંચવિષયના ભોગની બાબતમાં વિસ્તૃત વાત કહી' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર આઠમું : તરંગ - ૩૫

નડિયાદથી નીકળી શ્રીહરિ ડભાણ તથા ટુંડેલ થઈને પીજ ગામ પધાર્યા

શ્રીહરિવરનાં મુખની વાત સાંભળીને તે બધા આગેવાન મોટા માણસોએ મનમાં જાણ્યું કે ખરો સ્વાદ તો એક સંતો જ લે છે. ૧. જે વાતને લોકો અપાર સુખરૂપ માનીને સુલટ ગણતા હતા. તે વાતને શ્રીહરિએ ઉલટાવીને અત્યંત દુઃખ રૂપ મનાવી દીધી. ૨. શ્રીહરિએ ગીતાના શ્લોક (૨/૬૯) થી સંયમની વાત કહીને દિવસને રાત કરી દેખાડી અને રાતનો દિવસ કરી દેખાડ્યો. અર્થાત્ - જે વિષય ભોગમાં જગતના લોકો જાગે છે તેમાં સંયમી પુરુષ વિષયથી વિમુખ રહીને સૂતો છે અને જે આત્મકલ્યાણના સાધનમાં જગત સૂતું છે તેમાં સંયમી સાવધાનપણે સાધન કરતો જાગે છે. ૩. પછી તે મોટા માણસોએ શ્રીહરિને કહ્યું, આપની વાત સાચી છે. અને બધી સમજણ પણ

સવળી (સુલટ) છે. આપે અહીંયા પધારીને અમને દર્શન દીધાં અને અમને પાવન કર્યાં. ૪. આપ આ સમયે પ્રકટ થયા અને બધા જનસમુદાયને કૃતાર્થ કર્યો. ખરેખર તેને ધન્યવાદ ઘટે છે. આપ જ્યાં પ્રકટ્યા તે સ્થાન અને જેનાથી પ્રકટ થયા તે માતાપિતા, તેમને અનેકશઃ ધન્યવાદ ઘટે છે. ૫.

આપના વિપ્રકુળને પણ અમે ધન્ય ધન્ય કહીએ છીએ. જે અભાગિયા લોકો છે તે આ વેળાએ આ બાબતને જાણતા નથી. આપે અન્ય મતપંથ કરતા સત્સંગને પર-શ્રેષ્ઠ કર્યો છે અને તેની આગળ બધા કુમાર્ગીઓનું તેજ ઊતરી ગયું છે. ૬. સત્સંગરૂપી સૂર્યના ઉદયને જોઈને કુમાર્ગીઓ ઘોર અંધારા જેવા થઈ ગયા છે. આપ જ્યારે આ ભૂમિ ઉપર પ્રકટ થયા છો તે દિવસથી સત્સંગનો ઉદય થયો છે. ૭. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, એ ચાર અત્યારે સત્સંગમાં મૂર્તિમાન રહ્યા છે. આ બધો આપનો જ પ્રતાપ છે. અત્યારે આપ પ્રકટ થયા છો, તેનું અમે "ભલે પધાર્યા" આવા શબ્દથી સ્વાગત કરીએ છીએ. ૮.

જેટલા મિથ્યા વર્ણ તથા આશ્રમ, તથા મિથ્યા ગુરુ, મિથ્યા મતપંથ, મિથ્યા ભક્તિ, મિથ્યા ધર્મ, મિથ્યા જ્ઞાન-વૈરાગ્ય, મિથ્યા ગ્રંથ, મિથ્યા સંપ્રદાય કે જેઓએ શુદ્ધ રીતિ છોડી દીધી છે, ૯-૧૦. અને જે શુદ્ધ અને અશુદ્ધ એટલે કે સાચા અને ખોટા આચાર્ય રહ્યા છે તે સર્વને સત્સંગ દ્વારા તમે પ્રકટ ઓળખાવ્યા છે. આપ કોઈને મિથ્યા કહેતા નથી. આપની શુદ્ધ રહેણી-કહેણી જ અન્યને મિથ્યા કરી દે છે. ૧૧. અમૂલ્ય રેશમી વસ્ત્ર આગળ મેલા હલકા કપડાની કિંમત આપોઆપ થઈ જાય છે. મણિજડિત મહેલની આગળ ઘાસના ઝૂંપડાની કિમત શું ? ૧૨.

એક મનુષ્ય અમૃત જેવા ભોજનનો આહાર કરે છે અને બીજો મનુષ્ય ખડધાન્ય ખાય છે, તે બંને કેવા સામર્થ્યને પામે ? તેમ પાખંડ મતની ગતિ થઈ છે. ૧૩. ચિંતામણિની સમતા કાચનો ટુકડો કેમ કરે ? ગરુડની તુલનામાં માખીનું મહત્ત્વ શું ? આવી જ રીતે અમે સત્સંગની તુલનામાં અન્ય મતને દેખીએ છીએ. ૧૪. બાવળનું ઝાડ ક્યારેય કલ્પવૃક્ષની સમાનતા કરી શકે નહિ. આપનાં દર્શન થવાથી હવે અમને તેનું આવું જ્ઞાન થયું છે. ૧૫.

ઈન્દ્ર સહુના હિતનો વિચાર કરીને ચોમાસામાં વરસાદ કરે છે પણ તેનાથી જવાસો સહેજે જ સુકાઈ જાય છે. ૧૬.

❋ સત્સંગરૂપી સૂર્યની ભવ્યતા :

જ્યાં સુધી સૂર્યનો પ્રકાશ હોય ત્યાં સુધી પતંગિયાનું તેજ દેખાય નહિ. દીવો, મશાલો અને તારાનું તેજરૂપ દૈવત રાત હોય ત્યાં સુધી જ હોય છે. ૧૭. સંપૂર્ણ ભૂમંડળનું અંધારું દીવા વગેરેથી ટળતું નથી. તેને માટે તો સૂર્ય જ શક્તિમાન છે. તેમ જ્યારે સૂર્યરૂપ આપ પ્રકટ થયા છો ત્યારે લોકોનું અજ્ઞાન રૂપ અંધારું ટળ્યું છે. ૧૮. સૂર્ય ચાર પહોર એટલે દિવસે જ પ્રકાશ કરે છે પણ બાકીના ચાર પહોર એટલે રાતે તો અંધારું જ રહે છે. પણ અત્યારે આપનો જે જ્ઞાનરૂપ પ્રકાશ પ્રકટ થયો છે તે કરોડો કલ્પ સુધી નાશ નહિ પામે. આ વેળાએ આપે સંકલ્પ સત્ય કર્યો છે. જે આપના સંકલ્પને મિથ્યા કરવા ધારશે તે ફરીવાર દુનિયામાં કોઈની નજરે નહિ ચડે, અર્થાત્ તેનો નાશ થાશે. ૧૯-૨૦.

સહુની દોરી આપના હાથમાં છે. હે નાથ! આપ સહુના કરતા વિશેષ સમર્થ છો. હે કૃપાળ! આપનાં મુખની વાણી સાંભળીને તત્કાળ અમને આપ મહાન્ સમર્થ દેખાયા છો. ૨૧. જે ચિંતામણિ, કલ્પવૃક્ષ અને અનંત સૂર્ય કહેવાય છે આપની આગળ તેની ગણતી શું ? તેમના કરતા આપનું સામર્થ્ય અપાર છે. અમે તો તે લેશમાત્ર જ આપની આગળ કહ્યું છે. ૨૨. આપે જે અમારા ઉપર કૃપા કરી છે. અમે તો અત્યારે તેની જ વાત કહી છે.'

પછી શ્રીહરિએ તેમને શુદ્ધ બુદ્ધિવાળા જાણીને પ્રસાદીના ફૂલહાર આપ્યા. ૨૩. તે પછી પુરના જે હરિભક્તો હતા, તેમણે આવીને પોતપોતાના ભાવ પ્રમાણે શ્રીહરિની પૂજા ઘણા હેતથી કરી. ૨૪. સંતો, વર્ણીઓ, પાર્ષદો અને દરબારો, એ સહુની પૂજા કરી અને જે સત્સંગી સ્ત્રીઓ હતી તેમણે શ્રીહરિની પૂજા ભક્તિભાવથી કરી. ૨૫. સ્ત્રી ભક્તોએ કેસર ચંદન ચરચ્યું અને મોતીના થાળ ભરી ભરીને તેનાથી ભક્તવત્સલ ભક્તપ્રતિપાલક પૂર્ણબ્રહ્મ શ્રીહરિને પ્રેમથી વધાવ્યા. ૨૬. જે ભાવિક ભક્તો હતા તેમણે બધાએ આવીને પૂજા કરી અને અલભ્ય લાભ લીધો કે એવો બીજો કોઈ લાભ ગણાય નહિ. ૨૭.

પછી શ્રીહરિ તૈયાર થયા. બધી સવારી ત્યાં આવી અને ધર્મકુમાર શ્રીહરિ અત્યંત પ્રસન્ન મનથી અશ્વ ઉપર બેઠા. ૨૮. અનંત પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. ચોપદાર મુખથી નેકી પોકારતા હતા. મસ્તક ઉપર અમૂલ્ય છત્ર ધારણ કર્યું હતું. તેની શોભા અજોડ બની હતી. ૨૯. રાજાધિરાજ શ્રીહરિ રાજબજારે નીકળ્યા ત્યારે બધા નગરજનો દર્શન કરવા આવ્યા. શ્રીહરિમાં અપાર સ્નેહવાળી બધી સ્ત્રીઓ તો એમ જ વિચાર કરતી રહી કે શ્રીહરિ આવીને તરત જ ચાલી નીકળ્યા છે. ૩૦. શ્રીહરિ જ્યારે નગરથી બહાર નીકળ્યા ત્યારે બધા તે નગરજનોને પાછા વાળ્યા.

મહારાજાધિરાજ શ્રીહરિએ અશ્વને ઘણા વેગથી દોડાવ્યો અને **ડભાણ** ગામમાં પધાર્યા. ૩૧. શ્રીહરિ ડભાણમાં એક રાત રહીને ચાલતા થયા. આગળ પીજનો માર્ગ પૂછીને પકડ્યો. થોડેક દૂર ચાલ્યા એટલે ત્યાં એક નાનું તળાવ દેખાયું. ૩૨. શ્રીહરિ સંતોની સાથે તે તળાવમાં નાહ્યા. તળાવને ચોતરફ ઘણા કૂવા હતા. ત્યાં બેસીને પૂજા વિધિ કરી લીધો.

વૃક્ષ નીચે બેસીને શ્રીહરિએ ટીમણ કર્યું. ૩૩. ત્યાં એક સરેરાનું નાનું ઝાડ હતું. શ્રીહરિવર તેની નીચે બેઠા. બધા ટીમણ કરી રહ્યા એટલે ત્યાંથી ચાલતા થયા. ૩૪. શ્રીહરિ **ટુંડેલ** ગામ (તા. નડિયાદ, જિ.ખેડા) આવ્યા. ગામના ભાવિક ભક્તો સામે આવ્યા. બધા શ્રીહરિવરનાં ચરણોમાં પડીને પગે લાગ્યા. આનંદકારી મહાપ્રભુ ગામમાં આવ્યા. ૩૫. ડંકા, તુરાઈ ઈત્યાદિ જે વાજિંત્રો હતાં તે બધા વાગતાં હતાં. જગમાલ પગી બે ભાઈ હતા. તેમણે શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૩૬. તેમણે ભાવથી પૂજા કરીને ફૂલના હાર પહેરાવ્યા. થાળ ભરીને સાકર આગળ ધરી અને આરતી ઉતારી. ૩૭. જગમાલ પગીના પિતા જીવા પગી હતા. તે શ્રીહરિના પગમાં પડ્યા. શ્રીહરિએ તેમને હેતથી બોલાવ્યા. ત્યાં એટલો જ સત્સંગ હતો. ૩૮. શ્રીહરિ ટુંડેલથી ચાલ્યા અને **પીજ** ગામ આવ્યા. ત્યાં વિપ્રો અને પાટીદારો હરિભક્ત હતા. ૩૯. તે બધા ભક્તો ફૂલહાર અને શ્રીફળ લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. બધા શ્રીહરિનાં ચરણોમાં પડીને પગે લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં ‘ નડિયાદથી નીકળી શ્રીહરિ ડભાણ તથા ટુંડેલ થઈને પીજ ગામ પધાર્યા’ એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥

પૂર આઠમું : તરંગ - ૩૬

શ્રીહરિ પીજ પધાર્યા તથા શ્રીહરિની મૂર્તિનું નખશિખ વર્ણન

પીજ ગામના હરિભક્તો વિપ્રો અને પાટીદારોએ શ્રીહરિની સન્મુખ જઈને ફૂલહાર પહેરાવ્યા તથા શ્રીફળ ભેટ મૂક્યાં. ૧. વિપ્ર હરિભક્તો મોઢ હતા. પહેલા તે વિપ્રોના નામ કહું છું અને પછી પાટીદારોના નામ યોગ્ય સ્થળે કહું છું. ૨. ઈચ્છારામ, પીતાંબર, દુર્ગેશ્વર, દાજીભાઈ, રાયજીભાઈ, વનમાળી, બાપુભાઈ અને વીરેશ્વર એ આદિ વિપ્રો હતા. ૩. અને પાટીદારોમાં ઝવેરદાસ, કહાનદાસ, ભગવાનદાસ, ગણેશજી, જાદવજી, ભાઈજી, પૂંજાભાઈ, ૪. અને માધવદાસ, એ આદિક પીજ ગામના પાટીદારોમાં મુખ્ય હતા. હરિભક્તો તો અપાર હતા. કેટલાક તો મોટા મોટા જમીનદાર હતા. ૫. જીજીભાઈ નામે એક બારોટ હરિભક્ત હતા. તેઓ સત્સંગની ટેક (નિયમ અને નિશ્ચયરૂપ ટેક)ને દૃઢ કરીને રાખતા હતા. સત્સંગની શુદ્ધ રીતને દેખીને બીજા સુતાર અને સોની સારા સત્સંગી થયા હતા. ૬.

બીજા પણ ઘણા ભાવિક પાટીદારો હતા. તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. તેઓ ઢોલ, ત્રાંસા, ભેરી, રણશિંગુ અને ભૂંગળ આદિ વાજિંત્રોને લાવ્યા હતા. ૭. સહુએ ઘણી જ ભક્તિપૂર્ણ ભાવનાથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. શ્રીહરિ ગામને દરવાજે જ્યારે પધાર્યા ત્યારે દરવાજાને વિચિત્ર રીતે શણગાર્યો હતો. ૮. વરખ ચોંટાડીને શ્રીફળને સોનાનાં કર્યાં અને તેમાં પંચલહેરી (પવનથી ફરકતા પાંચ પલ્લવવાળા) તોરણ કર્યાં. તેમજ એકલા આસોપાલવના તોરણ કર્યાં. તે બધાં દરવાજે બાંધ્યાં હતાં. ૯. એક વડાદરા વિપ્ર હરિભક્ત મોરારજી નામે હતા તેઓ ઉડાડવા માટે ગુલાલ લઈ આવ્યા, તેને જોઈને મહારાધિરાજ શ્રીહરિ પ્રસન્ન થયા. ૧૦

❋ મૂર્તિનું વર્ણન :

શ્રીહરિએ પોતાના અંગો ઉપર ચિત્રવિચિત્ર પ્રકારનો સોનેરી સાજ ધારણ કર્યો હતો. તે રીતે બધા સોનેરી સાજથી અશ્વને પણ શણગાર્યો હતો. તેનાં તેજનો કોઈ પાર ન હતો. ૧૧. શ્રીહરિનાં મસ્તક ઉપર સોનેરી છત્ર વિરાજમાન હતું. તેમાં જડેલા મણિઓને જોઈને કરોડો સૂર્ય લજ્જિત થતા હતા. શ્રીહરિની બંને બાજુએ જે બે ચામર ઢળતાં હતાં, માનો તે બંને બાજુએ બે હંસ ઊડતા ન હોય ! તેમ જણાતું હતું. ૧૨. સુંદર સોનેરી પાઘ બાંધી હતી તે છોગાને લીધે છટાદાર બની હતી. મણિજડિત અને સુંદર અત્યંત ઉદાર શિરપેચ પાઘમાં બાંધ્યો હતો. ૧૩. તેમાં અજબ અને મરોડદાર વાંકી કલગી ઝૂકી રહી હતી. વળી ચિત્તને ખેંચે તેવા મોતીના બે તોરા પણ ઝૂકી રહ્યા હતા. ૧૪. ગાલ પાસેના ભાગમાં ચંચળ અને અમૂલ્ય એવા કુંડળ શોભતાં હતાં. તે કુંડળ મણિજડિત હોવાથી અજોડ હતાં અને તેજને લીધે ઝગમગ ઝગમગ ચમકી રહ્યાં હતાં. ૧૫.

બંને કાનના ઉપર ગુલાબના ગુચ્છ સોહામણા લાગતા હતા. સુંદર અને વિશાળ લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું હતું. ૧૬. પૂર્ણચંદ્રના જેવું મુખ છબીદાર હતું અને મરક મરક હસતું ઉદાર જણાતું હતું. કમળની પાંખડી, ખંજન અને હરણની આંખ, તે સહુનાં જેવાં શ્રીહરિનાં ચંચળ નેત્ર માછલીનાં જેવા ચપળ હતાં. ૧૭.

વાંકી મરોડદાર ભૃકુટિ ઈન્દ્ર ધનુષને આકારે અત્યંત સુશોભિત હતી. દીવાની ચગ, પોપટની ચાંચ અને તલના ફૂલ જેવી અને નમણી, અનુપમ (અમૂલ્ય) નાસિકા રમણીય હતી. ૧૮. પાકાં ઘિલોડાના જેવા હોઠની શોભાની ઉપર નાસિકા રૂપી પોપટ માનો લોભાઈને તાકી રહ્યો હોય, તેમ લાગતું હતું. દાડમની કળીઓના જેવા દાંતનું અપાર તેજ ઝગમગ ઝગમગ ઝળકી રહ્યું હતું. ૧૯. હોઠરૂપી બિંબફળ (ઘિલોડાં)ના રસને ચોરનારી રસના (જીભ) થી અમૃત જેવા મધુર વચનોને થોડા બોલતા હતા. નમણી ચિબુક (નીચલા હોઠની નીચેનો સહેજ ખાડાવાળો દાઢીથી ઉપરનો ભાગ) અત્યંત દીપી રહી હતી. શંખના જેવો કંઠ ભરાવદાર હતો. ૨૦.

છાતી સિંહના જેવી વિશાળ હતી અને કમર પણ સિંહના જેવી જ સુશોભિત હતી. ઉદર (પાણીના) ધરા જેવું શીતળ હતું. તેમાં ત્રિવળી પડતી હતી. ઊંડી ગોળ નાભિ હતી. ૨૧. ઘુંટણ સુધીના લાંબા બાહુઓ બાજુબંધથી ઓપતા હતા. સોનાનાં કડાં અને સાંકળાં તેમાં શોભતાં હતાં. નંગજડિત સોનાની પહોંચીનું ચમકતું તેજ વીજળીનાં જેવું દીપતું હતું. ૨૨. દસે આંગળીઓમાં જડાવ વીંટીઓ પહેરી હતી. હાથની હથેળીઓ કમળના જેવી દેખાતી હતી. બંને સ્તન શ્યામ મણિની જાણે ખાણ ન હોય ? તેવા હતા. છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન અને ભૃગુલાંછન, ઓપતાં હતાં. ૨૩. કંઠમાં પહેરેલો ભારે કૌસ્તુભ મણિ એટલો બધો તેજસ્વી હતો કે તેના ઉપર કરોડો સૂર્ય વારી (ન્યૌછાવર) જતા હતા. પીંડી, ઘુંટણ અને સાથળ અનુપમ હતા અને ચરણકમળ તો પરમ રસ (પ્રેમ) ભર્યાં હતાં. ૨૪. જમણા ચરણમાં સ્વસ્તિક, અષ્ટકોણ, કમળ, ધ્વજ, અંકુશ, જવ, જાંબુ, વજ્ર અને ઊર્ધ્વરેખા એ નવ ચિહ્ન હતાં. ૨૫. અને ડાબા ચરણમાં મત્સ્ય, ત્રિકોણ, ધનુષ્ય, ગોપદ, કળશ, વ્યોમ અને સુંદર અર્ધચંદ્ર એ સાત ચિહ્નો શોભતાં હતાં. ૨૬.

શ્રીહરિનાં ચરણની આંગળીઓના બધા નખમણિ અર્ધચંદ્રને આકારે શોભતા હતા. તેમાં તેજ તો એટલું અનંત હતું કે તે ક્યારેય વધતું ઘટતું નહિ. ૨૭. શ્રીહરિનાં અંગરૂપી ચંદ્રને જોઈને આકાશમાં રહેતો ચંદ્ર ક્યારેય નજીક આવતો જ નહિ, પણ તે તો બે લાખ યોજન (૨૪ લાખ કિ.મિ.) જેટલે દૂર રહેતો. ૨૮.

❋ ભક્ત જ ભગવાનને ઓળખી શકે છે :

ચરણોની આંગળીઓના બધા જ નખ રાતા, ઊપડતા અને ગોળ હતા. જમણા ચરણના અંગૂઠાના નખમાં ત્રણ ઊભી રાતી રેખાઓ હતી. તે ત્રણે અમૂલ્ય રેખાઓ ગંગા યમુના અને સરસ્વતીનું મૂળ છે, તેમ સૂચવતી હતી. શ્રીહરિનાં અંગમાં જે જે ચિહ્ન છે તે તે બધાં ઈશ્વરના નિવાસ સ્થાનરૂપ છે. ૩૦.

चोपाई :

अनंत कोटि ब्रह्मांड के करता, भरण पोषण करे ताकुं हरता;
एसे ईश्वर के रहे समुहा, कोउ न जानत वात ए गुहा...३१

श्रीहरि आपे जनावत जेहु, ताके जाने सो आवत तेहु;
अति भक्त एकांतिक रहेउ, हरि विन अवर हि बडता गयेउ...३२
श्रीहरि सामृथ आपको सबहि, तेसे भक्त कुं देखावत तबहि;
पात्र विन सामृथ हरि केरा, ओरकुं देखात नहीं कोउ वेरा...३३

અનંતકોટી બ્રહ્માંડોના કર્તા, તથા ભરણ, પોષણ કરનારા અને પ્રલયને કરનારા એવા ઈશ્વરોનો સમૂહ શ્રીહરિની મૂર્તિમાં રહે છે. તે અત્યંત ગુપ્ત વાત છે, તેને કોઈ જાણતું નથી. ૩૧. શ્રીહરિ જેને તે જણાવે તેને જ તેની ખબર પડે છે. જે ભગવાનનો અત્યંત એકાંતિક ભક્ત હોય, જેને ભગવાન સિવાય અન્યનું મહત્વ ન હોય, ૩૨. તેવા ભક્તને ભગવાન પોતાનું બધું જ સામર્થ્ય દેખાડે છે. યોગ્ય પાત્ર સિવાય અન્યને ભગવાન પોતાનું સામર્થ્ય ક્યારેય બતાવતા નથી. ૩૩.

શ્રીહરિ અનંત ભક્તોને સેવા આપે છે. જે જેવું પાત્ર હોય તેને તેવી સેવા કહે છે. શ્રીહરિ જે અશ્વ ઉપર બેસે છે તેના સામર્થ્યનો કોઈ પાર નથી. ૩૪. **અક્ષર જેવા પણ શ્રીહરિની સેવા ચાહે છે, પણ તેમને એમની પાસે રહેવાનું મળતું નથી.** રાધિકાજી અને લક્ષ્મીજી જેવાને પણ સેવા માટે થઈને પરસ્પર ઈર્ષ્યા રહેતી હોય છે. ૩૫. તેઓ જ્યારે શ્રીહરિવરને ખૂબ જ રિઝાવે ત્યારે તેમને તેઓ સેવા આપે છે. આવી તો આશ્ચર્યકારી વાતો ઘણી છે, તે સંભારીને હું કેટલી લખું ? ૩૬. જેમ આકાશનો પાર પમાય નહિ, તેમ આશ્ચર્યકારી અપાર વાતોનો પાર પામી શકાતો નથી. એક તલ જેટલીએ તે વાતને હું જ્યારે લખું છું ત્યારે હૃદયમાં શાંતિ થાય છે. ૩૭.

શ્રીહરિની સાથે જે દરબારો હતા. તેઓએ પણ સોનેરી શણગાર પહેર્યા હતા. તેમના અત્યંત વેગવાળા અશ્વો પણ સોનેરી સાજથી શણગાર્યા હતા. ૩૮. શ્રીહરિ પીજ ગામમાં આવ્યા. અપાર લોકો દર્શન માટે ઊભા હતા. તેમનાં મનમાં ઘણું જ હેત હતું. બધાના હાથમાં ફૂલહાર હતા. ૩૯.

તેમણે બધાએ વિચિત્ર શણગાર પહેર્યા હતા અને બજારોને પણ વિચિત્રરીતે શણગારી હતી. શોભાનો તો કોઈ પાર જ ન હતો. હવે તેમાંથી થોડીક વાત કહું છું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ પીજ પધાર્યા તથા શ્રીહરિની મૂર્તિનું નખશિખ વર્ણન' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર આઠમું : તરંગ - ૩૭

પીજમાં ઝવેરીદાસ પટેલના ઘરે શ્રીહરિએ મુકામ કર્યો, ત્યાં થાળ જમ્યા અને સંતો વગેરેને જમાડ્યા

શ્રીહરિ પીજ ગામની બજારમાં આવતા હતા ત્યારે બધા ભક્તજનો અત્યંત પ્રસન્ન મનથી દર્શન કરીને ફૂલહાર પહેરાવતા હતા. ૧. ફળ સાથેના અપાર કેળના સ્તંભ લાવીને બજારમાં રોપી દીધાં હતાં અને તેનાં થડને કુંકુમથી રંગી દીધાં હતાં. ૨. કેસરનો રંગ કરીને તે પાણી બજારોમાં છંટાવ્યું હતું. તેના ઉપર કુંકુમ વેરાવીને વિવિધ પ્રકારના ફૂલ રસ્તા ઉપર બિછાવી દીધાં હતાં. ૩. ભગવાન શ્રીહરિ પધાર્યા ત્યારે બજાર કાંઠે જેટલાં ભવન હતાં અને જેટલી દુકાનો હતી, તેના દરવાજાઓને સુંદર રીતે શણગારી દીધા હતા. ૪. તે ભવનો અને દુકાનો ત્રણ ત્રણ ચાર ચાર માળની હતી. તેના બધા દરવાજા અને ગોખને પણ સુંદર રીતે શણગાર્યા હતા. ૫.

દરવાજામાં મોતીનાં તોરણ બાંધ્યાં હતાં. છજાઓ ઉપર બેઠેલા મોર, કોયલ, કબૂતર, પોપટ અને મેના વગેરે પક્ષીઓ પોતપોતાની જાતિના શબ્દ કરતા હતા. ૬. અગાસી ઉપરના જેટલા કઠોડા હતા તેના ઉપર સોનાના કળશની પંક્તિ કરી દીધી હતી. શ્રીફળ, આંબાનાં પાન અને બીજી પણ બધી મંગળરૂપ ગણાતી વસ્તુઓને, ૭. બજારમાં ગોઠવી દીધી હતી. અને લોકો બોલતા હતા કે, શ્રીહરિ ક્યારે પધારશે ? જમીન ઉપર અને મકાનોના બધા જ માળ ઉપર લોકો હાથમાં પૂજાપો લઈને ઊભા હતા. ૮. ગામની જે બધી સ્ત્રીઓ હતી તે મોતીના થાળ ભરીને ઉભી હતી. અને શ્રીહરિ જ્યારે આવ્યા ત્યારે હૃદયના પ્રેમથી વધાવતી હતી. અને છાતી ઉપર ફૂલના હાર પણ પહેરાવતી હતી. ૯. ડંકા અને નિશાન સવારીની આગળ ચાલતાં હતાં.

સવારીની આગળના ભાગમાં વાજિંત્ર વાગતાં હતાં. ગામ અને ગગન, બધું ગાજી રહ્યું હતું. ૧૦.

શ્રીહરિની આગળ સંતો ચાલતા હતા. ગામના ભક્તો હરખભેર દર્શન કરતા હતા. તેઓ અત્યંત પ્રેમમગન થઈને શ્રીહરિનાં યશનાં કીર્તનોને ગાતાં હતાં. ૧૧. તેમની સાથે ઝાંઝ અને મૃદંગ વાગતાં હતાં. દિવ્ય ઉત્સવ છવાઈ ગયો હતો. પાર્ષદો બંદૂકોના અવાજ કરતા હતા અને મહારાજાધિરાજ શ્રીહરિ ધીરે ધીરે આવી રહ્યા હતા. ૧૨. શ્રીહરિની આગળ ચોપદાર સોનાની છડી હાથમાં લઈને 'જય જય...જય જય' આવા શબ્દોને બોલી રહ્યા હતા. અને બધા લોકો પ્રશંસા કરી રહ્યા હતા. ૧૩. વિચિત્ર પ્રકારનાં બિલોરી ઝાડને વિવિધ રંગના બનાવીને દુકાનોમાં અને ભવનોમાં બાંધ્યાં હતાં. આવી સુંદર શોભા કરી હતી. ૧૪. શ્રીહરિ પાટીદાર ઝવેરીદાસને ઘેર પધાર્યા. મનમાં ઘણા જ પ્રસન્ન હતા. તેઓ આવીને પલંગ ઉપર બેઠા. ૧૫.

સંતોને ઉતારો આપ્યો અને બધા દરબારોને પણ ઉતારો કરાવ્યો. પછી તત્કાળ કંસારની રસોઈ તૈયાર કરાવી. ૧૬. વર્ણીએ શ્રીહરિને માટે રસોઈ કરી. શ્રીહરિ ત્યાં જમવા માટે પધાર્યા. સોનેરી બાજોઠના ઉપર બેઠા. એક પીતાંબર પહેર્યું હતું. ૧૭. અને બીજું પીતાંબર ઓઢી લીધું હતું. ભક્તજનોને આનંદ આપનારા શ્રીહરિએ નિપુણતાથી હાથ પગ ધોયા. પછી રૂમાલથી ચરણોને લૂછ્યા. ૧૮. સાકર નાખીને કંસાર કર્યો હતો. તે સોનાના થાળમાં પીરસીને વર્ણી લાવ્યા. કાજુની કળીઓ, દ્રાક્ષ, ચારોળી, બદામ, કોપરું. ૧૯. ઈત્યાદિ જેટલા મેવા કહેવાય છે તે બધા કંસારમાં મેળવ્યા હતા. અને જેટલું જોઈએ તેટલું ઘી પણ કંસારમાં નાખ્યું હતું. ૨૦.

ભજિયાં, વડાં, પૂરી અને જે લીલોતરી શાક બનાવ્યાં હતાં તે બધા લાવીને થાળમાં ધરાવ્યાં. લીલી તુવેરના દાણા અને લીલા વાલના દાણા તત્કાળ ઘીમાં તળીને સરસ મસાલેદાર કર્યા હતા. અને વટાણા પણ તેમજ તળ્યા હતા. તે બધું શ્રીહરિ જમ્યા. પાપડ અને ઘણી જાતનાં સરસ અથાણાથી થાળ ભર્યો. તથા બીજા બહુ વિધ ભોજનોથી બીજા થાળ ભર્યા. ૨૧-૨૨. ભાવથી બનાવેલા ભોજનને શ્રીહરિવર ઘણા જ હેતથી જમ્યા અને મનમાં

ખૂબ જ આનંદિત થયા. જ્યારે બધાં ભોજનોને જમી રહ્યા ત્યારે પ્રેમથી દહીં અને ભાત જમવા લીધા. ૨૩. જ્યારે શ્યામસુંદર શ્રીહરિ તે જમવા લાગ્યા ત્યારે તેમાં સાકર પણ મેળવી. જમ્યા પછી થાળની પ્રસાદી દરબારોને આપી અને એક થાળ સંતોએ માગીને લીધો. ૨૪. શ્રીહરિએ હાથ અને મુખ ધોયાં રૂમાલથી તે કોરાં કર્યાં. પછી સુંદર મુખવાસ લઈને સંતોની પંગત કરાવી. ૨૫.

સુંદર મંડપ સજાવ્યો હતો. તેમાં સંતોને બેસાડ્યા. દરબારો અને પાર્ષદોને પણ તે જ મંડપમાં જમવા બેસાડ્યા હતા. ૨૬. ભક્તિભાવમાં પ્રવીણ ઝવેરીદાસ પટેલે કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પૂજા કરી. ફૂલના હાર પહેરાવ્યા. ૨૭. તે પછી આવીને સંતોને પણ કેસરચંદન ચરચ્યું, ફૂલના હાર પહેરાવીને પૂજ્યા. તે પ્રમાણે જ દરબારોની પણ પૂજા કરી. ૨૮. ઘણી સરસ રીતથી પાર્ષદોને પણ પૂજ્યા. સહુના ઉપર તેમને ઘણો જ નિર્મળ પ્રેમ હતો. શ્રીહરિ ચાખડીઓ પહેરીને કંસાર પીરસવા માટે આવ્યા. ૨૯. પછી જમણા હાથમાં ડંકો લીધો હતો અને ડાબે હાથે થાળનો કાંઠો પકડ્યો હતો. ફૂલોથી ભરી મૂર્તિ ચિત્તને ખેંચતી હતી. એવા શ્રીહરિ કંસારનો ડંકો (હાથો જડાવેલો મોટો વાટકો) ભરી ભરીને પીરસતા હતા. ૩૦.

પુષ્પોનો સુગંધ અપાર હતો. બધો મંડપ સુગંધથી મહેંકી રહ્યો હતો. તે સુગંધને લેવા માટે અપાર ભમરાઓ મંડપમાં આવી ગયા હતા. તેનો તો કોઈ પાર રહ્યો ન હતો. ૩૧. ભમરાઓ મધુર સ્વરે ગાન કરીને શ્રીહરિના ઉપર ઘણું હેત જણાવતા હતા. જેમ વિપ્રો સામવેદનું ગાન કરતા હોય તેમ પ્રેમભર્યા ભમરાઓ ગાન કરતા હતા. ૩૨. શ્રીહરિએ તે વખતે કહ્યું, બીજા બ્રહ્માંડોમાં રહેનારા ઋષિઓ ભમરાનું રૂપ લઈને આવ્યા છે. તેઓ આ સંતોનો મહિમા બહુ જાણે છે. તેનું વર્ણન કરતા ભમરાઓ પાર પામતા નથી. ૩૩. તે જમવાને સમયે સંતો "નારાયણધૂન" બોલતા હતા. માનો ધૂન દ્વારા તેઓ પ્રેમ રસને વરસાવતા હતા. પ્રાણોના આધાર શ્રીહરિ જ્યારે સંતોને પીરસી રહ્યા તે પછી દરબારોની પંગતમાં પીરસવા લાગ્યા. ૩૪. દરબારોને પીરસતા શ્રીહરિ રમૂજ કરતા હતા અને સહુને પ્રેમથી બોલાવતા હતા. નવી ને નવી શ્રીહરિ રમૂજ કરતા હતા. તેથી દરબારો હંમેશા આનંદથી ભર્યા રહેતા હતા. ૩૫.

"દરબારોનાં જેવું કોઈનું સદ્‌ભાગ્ય નથી." એવું દેવો અને મુનિઓ વારંવાર બોલતા. શ્રીહરિએ દરબારોને ઘણું જ સુખ આપ્યું. કરોડો વર્ષ સુધી કહીએ તો એ તેનો પાર આવતો નથી. ૩૬. જેણે તે સુખ દેખ્યું હોય તે જ તેને જાણી શકે છે. તે સુખને મુખથી તો કહેતાએ આવડતું નથી. કોઈ તે સુખને કહેવા માંડે તો તે સુખનો એક લેશમાત્ર પણ ગ્રંથમાં સમાઈ શકે તેમ નથી. ૩૭. એક હજાર શેષ પોતાના એક એક હજાર મુખથી બોલે અને તે જો કોઈ લખવા માંડે, તો પણ લખી શકાય નહિ. આટલું સુખ દરબારોને શ્રીહરિએ આપ્યું હતું. એટલે તે દરબારો આવા ભાગ્યશાળી હતા. ૩૮. ધર્મકુમાર શ્રીહરિ બધા જ દરબારોને પીરસીને પછી પાર્ષદોના ઉપર પ્રેમ રાખીને તે વિનોદ રસની સાથે પીરસવા લાગ્યા. ૩૯. જ્યારે બધું પીરસી રહ્યા ત્યારે શ્રીહરિ ઊંચે અવાજે "વાસુદેવ હરે...." એવું બોલ્યા. ત્યારે સંતો અને દરબારો વગેરે સહુ સાકરનો કંસાર જમવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'પીજમાં ઝવેરીદાસ પટેલના ઘરે શ્રીહરિએ મુકામ કર્યો, ત્યાં થાળ જમ્યા અને સંતો વગેરેને જમાડ્યા' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર આઠમું : તરંગ - ૩૮

સંતોની કથા-વાર્તાનો પ્રતાપ કહ્યો અને પછી સભા થઈ

શ્રીહરિવરે સંતોને ઘણા હેતથી પીરસ્યું. જ્યાં સુધી સંતો જમતા હતા ત્યાં સુધી પોતે પંગતમાં ફરીને પીરસતા રહ્યા. ૧. સંતની રુચિ જોઈને જોઈએ તેટલું આપતા. સંતો એક વાર જ જમતા અને જમતા ત્યારે જેટલું જોઈએ તેટલું લેતા હતા. ૨. પ્રાણ આધાર શ્રીહરિ સંતો જમી રહ્યા ત્યારે હરિભક્તોને સુખ આપવા માટે આવીને પલંગ ઉપર પોઢી ગયા. ૩. સંતોએ પચ્ચીસ માળા ફેરવીને ધ્યાન ધર્યું. અને મુક્તાનંદસ્વામીએ સરોદ અને સિતાર લઈને કીર્તન ગાન શરૂ કર્યું. ૪. આવી તો કાયમની રીત હતી. વારેવારે કહેવાથી કાંઈ

પાર ન આવે. જ્યારે પૂરતો સમય હોય ત્યારે સંતો વાજિંત્ર લઈને સંગીત સાથે કીર્તનગાન કરતા. ૫. તેમાં કોઈ વાર તો ઝાંઝ અને મૃદંગ બજાવતા. પ્રેમરસથી ભર્યો એવો સરસ ઉત્સવ કરતા. કોઈક દિવસ તો સરોદ અને દોકડ વગાડીને સંતો ગાન કરતા. જે વર્ણન કરી શકાતું નહિ. ૬.

જે કોઈ મનુષ્ય સંતોનું કીર્તન ગાન પ્રેમથી સાંભળતા તેઓ ફરીને વિષયમાં પ્રેમ કરતા નહિ. કોઈ પણ માણસ સંતોના મુખથી કથા, કીર્તન કે વાતોને સાંભળતા. ૭. તેને સંસારમાં અભાવ આવી જાતો હતો. ફરીવાર તેને સંસારની ચાહના રહેતી નહિ. શ્રીહરિએ સંતોને તેવું દૈવત (તેજ) આપ્યું હતું અને તેને લીધે જ તત્કાળ લોકોને સંસારનો અભાવ થઈ જાતો હતો. ૮. પાતાળથી લઈને બ્રહ્માના લોક સુધીની તે સંસારની ગાંઠ વજ્રસાર રહી છે. તે અનંત કાળથી રહેલી સંસારની ગાંઠ કપાય તેવી નથી. એટલી બધી દૃઢ છે. ૯.

કાળ અત્યંત બળવાન કહેવાય છે, તે પ્રકૃતિ અને પુરુષનો પણ લય કરાવી દે છે અને તેને લીધે જ સંસારની જે ગાંઠ છે તે ક્યારેય નાશ પામતી નથી. ૧૦. **સંસારની આવી ગાંઠ હોવા છતાં જે લોકો સંતોની વાતોને સાંભળતા તેમને તે ગાંઠ તત્કાળ ટળી જતી. કારણ કે સત્સંગનો એવો પ્રતાપ છે, તેને દેખીને બ્રહ્મા આદિને પણ આશ્ચર્ય થાતું.** ૧૧.

જેઓ અત્યંત પાપી આવા વિષયી લોકો છે તે જ અધર્મની રખવાળી કરે છે. તેઓ તો સત્સંગના પ્રતાપને દેખીને મનમાં બળી મરતા હતા. ૧૨. જે પાપી લોકો હતા તેઓ અધર્મનું રાજ રાખવા માટે જેટલું પોતાનું ચાલે તેટલા ઉપાય કરીને અને પોતાનું હિત બગાડીને પણ મહેનત કરતા હતા. ૧૩. શ્રીહરિએ આ ભૂમિ ઉપર પોતાનો અપાર પ્રતાપ પ્રગટ કર્યો કે સત્સંગનાં શુભ વર્તનથી જ તે પાપી લોકો ધીરે ધીરે બળી જાતા હતા. ૧૪. શ્રીહરિએ ભૂમિ ઉપર સત્સંગનું એવું સામ્રાજ્ય પ્રવર્તાવ્યું કે દુષ્કર્મ કરનારા બધા જ અધર્મીઓને "કેદ" કરાવી દીધા. ૧૫. આ બધો શ્રીહરિનો જ પ્રતાપ છે, તેને લોકો દેખે છે, કહે છે, સાંભળે છે, તો પણ તેઓ ભૂલી જાય છે. જેનાં પૂરા પાપ હોય એવા તે લોકો સત્સંગને "આ સત્ય છે" એમ કહી શકતા નથી. ૧૬. જે લોકો ગૌહત્યા કરે છે, જે કસાઈ આદિ છે.

તેમાં પણ જે ઘણું સમજી શકે એવા બુદ્ધિમાન હોય છે તેઓ પોતાને પાપી માને છે. તેઓ તીર્થમાં અને પવિત્ર પર્વના દિવસે કોઈ પણ પ્રકારનું પાપ કરતા નથી. સાત (છ ?) દિવસ સુધી પેટને માટે થઈને પાપ કરતા હશે પણ તેઓ એક દિવસ (રવિવાર)ને તો પરમાત્માને માટે કાઢે છે. ૧૭-૧૮. તેઓ દેશ-વિદેશમાં ઘૂમતા રહે છે છતાં તેમાં ભૂલ પડવા દેતા નથી. પાપી હોવા છતાં જો આટલા નિયમને રાખતા હોય તો પરમાત્મા તેને મદદ કરે છે. ૧૯. તેઓ (ઈસાઈ વગેરે) પરમાત્માને દિલમાં ધારીને બહુ પ્રકારે પ્રાર્થના કરતા હોય છે. તેઓ બોલે છે કે "અમારા અપરાધ (ગુનાઓ) તો અપાર છે. વળી દિનપ્રતિદિન તે અનંત ગુનાઓને કરીએ છીએ. ૨૦. આપનાં દિલમાં જે વસે તે કરજો. હું તો તમારે શરણે આવ્યો છું. મને જે યોનિમાં નાખો છો તેના સ્વભાવ પ્રમાણે હું વર્તું છું. ૨૧. જેવા દેશમાં દેહ મળે છે તે દેશના બધા ગુણ તેમાં પ્રાપ્ત થાય છે. તે તે દેશનાં આચરણને લઈ લે છે. તે સમયે તેને કોઈ તે આચરણ છોડવાનું કહેતું નથી. ૨૨.

આ દુનિયામાં ઉપર કહ્યા તેવા પણ લોકો છે કે જે સત્સંગના ઉપર અતિશય ભાવના રાખે છે. સત્સંગની બધી શુભ રીતને દેખીને તે બધા સત્સંગના ઉપર અત્યંત પ્રેમભાવ રાખતા થયા છે. ૨૩. જે લોકો પાપીઓને મધ્યે પણ ઘોર પાપી છે. બધા જ વર્ણાશ્રમથી જે બહાર છે, પણ તેઓ સત્સંગના ઉપર પ્રેમ રાખતા થયા છે તો શ્રીહરિએ તેમનાં બધાં જ પાપોને ધોઈ નાખ્યાં છે. ૨૪. તે લોકોએ શ્રીહરિની સામે હાજર થઈને બે હાથ જોડીને વિનંતી કરી દીધી કે હે મહારાજ ! અમે તો અપાર પાપ કરીએ છીએ પણ અત્યારે સત્સંગના જેવું ક્યાંય કોઈ નથી. ૨૫. "અમને સત્સંગ રુચે-ગમે છે" એટલો અમને સત્સંગ છે. પણ સત્સંગ સિવાયના બીજા લોકો જે છે તેને તો અમે ગમાર જાણીએ છીએ. ૨૬. જેમણે સત્સંગ સ્વીકાર્યો છે, એટલાને જ અમે મનુષ્ય જાણીએ છીએ. સત્સંગ વગરના મનુષ્ય તો ઘણા ડાહ્યા હોય તો પણ અમે તેમને કૂતરાં અને ભૂંડના સમાન ગણીએ છીએ. ૨૭.

તે ડાહ્યા કહેવાતા લોકો પણ ઉપરથી દેખાવ પૂરતા વર્ણાશ્રમના ધર્મને પાળે છે. સ્વયં વિપ્ર હોવા છતાં અત્યંત નીચ કર્મ કરે છે. વિષયની વાસનાને

આધીન થઈને ચાંડાળીને પણ પૂજતા ફરે છે. ૨૮. વિપ્ર થઈને પણ જે ચાંડાળીને પૂજે છે, તેવા વિપ્રને તો ચંડાળ કરી દેવા છે. તેવા શુદ્ધ કહેવાતા પાપી વિપ્રને ચંડાળ કરી દેવામાં પાપ થાતું હોય તો તેનાથી અમે એક તલભાર પણ ડરતા નથી. ૨૯. જેટલા છૂપાઈને પાપ કરે છે અને વળી વર્ણાશ્રમીઓ કહેવાય છે તેમને અમે ચંડાળના જેવા માનીએ છીએ. પણ તેને ક્યારેય વર્ણાશ્રમી માનતા નથી. ૩૦. જે વર્ણાશ્રમના ધર્મને શુદ્ધ રીતે રાખતા પાળતા હોય તેતો સહુને દેખ્યામાં આવે છે અને તેવા ધર્મવાળાની તો અમારે હવે સહાયતા કરવી છે. ૩૧. અને તેટલા માટે જ અમારું રાજ્ય થયું છે. જે ખોટા છે તેમને અમારે સાચાથી જુદા પાડી દેવા છે. જે સાચા છે તેના ઉપર અમારું કાંઈ જોર ચાલતું નથી. જે ખોટા છે તેના ઉપર જ અમારો અતિ આગ્રહ છે. ૩૨.

જે ખોટા છે અસત્ય છે, તે ભલે મનુષ્ય, પશુ કે વૃક્ષ પણ હોય, તેનું બીજ પણ અમારે રહેવા દેવું નથી. અસત્યનો વંશ પણ રહેવા દેવો નહિ, એવું અમારે તાન છે અને સત્યને અમારે પ્રમાણભૂત કરી દેવું છે. ૩૩. અમારું રાજ્ય સત્યની સ્થાપના માટે જ થયું છે. ગામ, ગરાસ કે ધનનું અમારે કાંઈ કામ નથી. અમે ધનની તો ખાસડાથી પૂજા કરીએ છીએ. પછી બીજા લોકોને આપી દઈએ છીએ. ૩૪. સાચાને તો અમે માથે ચડાવીને રાખીએ છીએ. સત્યને જ અમે ગામ, ગરાસ અને ધન માનીએ છીએ. ખરું રાજ્ય અમે તેને જ માનીએ છીએ કે જેમાં સત્યના રક્ષણ ઉપર તાન રહેતું હોય. ૩૫. જેને ફેલ અને વ્યસનો ઉપર વેરભાવ હોય તેને અમે અમારા શ્રેષ્ઠ મિત્ર માનીએ છીએ. જે નીતિને જાણી દેખી શકે છે અને અનીતિને માર્ગે ચાલે નહિ, તેની સાથે અમે પ્રેમ રાખીએ છીએ. ૩૬.

ત્યારે તેમને શ્રીહરિએ કહ્યું, તમારી આવી સમજણ (મતિ) જો હોય તો સત્યની રક્ષા કરવા માટે તમે ભૂમિ ઉપર રહો. ૩૭. સત્ય વિના ભૂમિ શોભતી નથી. અસત્યથી શું કામ થાશે ? અસત્યથી તો ઘણો ક્લેશ જ થવાનો છે. કોઈ માણસને સુખ મળવાનું નથી. ૩૮. બુદ્ધિમાન ડાહ્યા માણસોને જોઈને સંતો આવી વાતો કહેતા. અને તે વાત તે લોકોને તરત જ માન્યામાં આવતી. પછી તેઓ સત્સંગના વ્રતમાન-નિયમોને ધારીને

સત્સંગી થાતા હતા. ૩૯. સંતો સ્નાન કરીને આવ્યા ત્યારે શ્રીહરિ જાગ્યા. સુંદર સભા થઈ અને હરિભક્તો તે વખતે પૂજાપો લઈને આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'સંતોની કથા-વાર્તાનો પ્રતાપ કહ્યો અને પછી સભા થઈ' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર આઠમું : તરંગ - ૩૯

સત્સંગનો અદ્‌ભુત પ્રતાપ કહ્યો તથા પીજમાં ભક્તોને ઘરે પધરામણી કરી

શ્રીહરિવર અને સંતોને માટે જેટલા હરિભક્તોએ થાળ-રસોઈ કરાવી હતી તે બધા ભેળા મળીને પૂજા કરવા આવ્યા. ૧. હૃદયમાં ધીરજ રાખીને સહુએ કેસરયુક્ત ચંદન લાવીને પહેલા તે શ્યામ સુંદર શ્રીહરિને શરીરે ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. ૨. જેને જેવી ભાવના હતી તે પ્રમાણે સહુએ પૂજા કરી. હૃદયમાં ઘણો જ ઉત્સાહ ભર્યો હતો. પછી સહુએ કપૂરથી આરતી ઉતારી. ૩. તે ભક્તોનાં ઘરના મનુષ્યો જે હતા તે બધાએ પણ પૂજા કરી અને અતિ પરમ સ્નેહથી શ્રીહરિનાં ચરણ કમળને પોતાની છાતીમાં ચાંપ્યાં. ૪.

પછી તે સહુએ બંને હાથ જોડીને સ્તુતિ કરી. "હે મહારાજ ! અમારી બુદ્ધિ(ભાવના) સત્સંગમાંથી ક્યારેય ઘટે નહિ. જે લોકો અધર્મીઓને મદદ કરનારા છે તેઓ તો ધર્મપાળનારાને બહુ જ ડારો દે છે. ૫. તે અધર્મી લોકો પોતાનું જેટલું ચાલે તેટલા ઉપાય કરીને ધર્મવાળા અમને દેહનાં દુઃખ આપે છે. તે વિમુખો ભક્તોને બંદીખાને પણ નાખી દેવા સુધીના પ્રયત્નો કરે છે. ૬. તે અધર્મીઓને રાજ્યનો અને અધિકારનો ભારે મદ હોય છે અને અમને આપના યોગનું બળ રહે છે. આપની અપાર મોટપને દેખીને પણ તે અધર્મીઓને કાંઈ જ ડર લાગતો નથી. ૭. પ્રહ્લાદજીએ આપને રાજી કરવા માટે કેટલાએ દુઃખોને સહન કર્યાં હતાં. પ્રહ્લાદ તો ત્રિલોકીના રાજકુમાર હતા. તેમને સમૃદ્ધિનો તો કોઈ પાર ન હતો. ૮. તેના પિતાએ જ તેને દુઃખ

દીધું હતું. પ્રહ્લાદ પાંચ વરસના હતા, છતાં ઘણા જ હોંશિયાર હતા. તેણે આપના શરણનો ત્યાગ કર્યો નહિ. અને તેથી અધર્મીનો તરત જ વિનાશ થયો. ૯. ભૂમિ ઉપર પ્રહ્લાદજીના જેવા બીજા પણ અપાર ભક્તો થઈ ચૂક્યા છે. તેમણે સત્સંગને શિર સાટે રાખ્યો હતો. હે પ્યારા ! અમારા મનમાં પણ તે ભક્તોની જેમ જ શિર સાટે સત્સંગ રહે. ૧૦.

ચોપાઈ :

तन धन जाय वतन हि जावे, सत्संग सबसे अधिक रहावे;
कुल कुटुंब ताको होय त्यागा, सत्संग में रहे सदा अनुरागा...११
तन धन मिले हे नहीं पारा, कुल कुटुंब मिले हे अपारा;
सत्संग एसो न मिले कोउ वेरा, जन्म मृत्यु टालन भव फेरा...१२

પોતાનું શરીર જાય, ધન જાય અને વતન પણ જાય પણ અમારો સત્સંગ સહુથી વિશેષ રહે. ભલે કુળ અને કુટુંબનો ત્યાગ થાય પણ અમને સત્સંગમાં સદા અનુરાગ-પ્રેમ રહેવો જોઈએ. ૧૧. શરીર, ધન, વતન, કુળ અને કુટુંબ, એ બધું તો અનેક વાર અપાર મળ્યું છે. પણ જન્મ, મરણ અને સંસારના ફેરાને ટાળનારો આવો સત્સંગ આજ સુધી ક્યારેય મળ્યો નથી. ૧૨.

જ્યારથી બ્રહ્માંડની રચના થઈ ત્યારથી આરંભીને આજ સુધી એવા પ્રમાણ મળે છે કે મુમુક્ષુઓને આવો સત્સંગનો જોગ થયો હોય તેવું ક્યારેય કાનથી સાંભળ્યું નથી. ૧૩. **અત્યાર સુધીમાં બ્રહ્માંડના અપાર કલ્પ વીતી ગયા છે અને હજી પણ અનેક કલ્પો જાશે, પણ આવો સત્સંગનો જોગ ક્યારેય નહિ થાય.** ૧૪. કેટલીય વાર ભગવાનના કેટલાએ અવતાર થઈ ગયા અને ત્યારે ત્યારે લોકોએ સત્સંગ કર્યો છે પરંતુ અત્યારે તો અપાર લોકોનો ઉદ્ધાર થયો છે માટે આ વખતના જેવો પ્રતાપ તે કહેવાય નહીં. ૧૫. આજે સત્સંગ કરોડો સૂર્યના સમાન શોભી રહ્યો છે. પરંતુ અધર્મીરૂપી ઘુવડ જે અજ્ઞાની છે તેમને આવો સત્સંગ ક્યારેય દેખાતો નથી. ૧૬.

આવા બ્રહ્માંડનું રાજ્ય જાતાએ આવો સત્સંગ મળતો નથી. કરોડ વખત મસ્તક કપાય તો પણ તે સોંઘુ છે અને સત્સંગ મળવો તે તેના કરતાં અતિ મોંઘો છે. ૧૭. અત્યારે અમારી જેવી સમજણ છે, તે પ્રમાણે સત્સંગ રહે તો સંસારના પારને પામી જઈએ. અમે વારંવાર આટલું જ માગીએ છીએ.

મોક્ષમાર્ગે ચાલવામાં આ દેહ જ અપાર વિઘ્નરૂપ છે. ૧૮. દેહ જો વિપરીત હોય તો જીવને દુઃખી જ કરે અને તેવી સ્થિતિમાં આવી દઢ સમજણ રહે નહિ. આવા તો અનંત વિઘ્ન આવી શકે છે. તે વિઘ્ન જો જીવને આવે ૧૯. અને વિષમ વાયુના રોગનો જ્યારે જોગ આવે ત્યારે તે સત્સંગને અને હરિભક્તોને વગોવે છે. પછી હરિભક્તો અને સંતો તેને અયોગ્ય સમજીને વિમુખ કરી દે છે. ૨૦. હે પ્રભુ, આવે સમયે તો આપ જ તેને સહાયતા કરો છો. કારણ કે પછી તો તેને આપના સિવાય અન્ય કોઈ આધાર રહેતો નથી. હૃદયની વાતને આપ જેટલી જાણો છો તેટલી બધી વાતને બીજા કોઈ જાણી શકતા નથી. ૨૧. બીજા બધા તો પોતપોતાની બુદ્ધિ પ્રમાણે સમજતા હોય છે. અલૌકિક બુદ્ધિ તો એક આપમાં જ છે." ત્યારે શ્રીહરિ બોલ્યા, સંતો અને હરિભક્તો જ અલૌકિક છે. ૨૨.

चोपाई :

देहिक दोष कछु देखिके ताके, अभाव न लेना कबहु वाके;
अभाव जो लेवत हे जाके, तितनो फल सो भोगवत ताके...२३

संतो કે હરિભક્તોના દેહના-બહારના દોષને દેખીને તેમનો અવગુણ ક્યારેય લેવો નહિ. જે મનુષ્ય જેટલો જેનો અભાવ લે છે તેને તેટલું દુઃખરૂપ ફળ ભોગવવું પડે છે. ૨૩. **અભાવ તો બ્રહ્માગ્નિ છે, સહુને બાળી નાખે, જે જે તેનો સ્પર્શ કરે, લીલું હોય કે સૂકું, તે કોઈને ગણકારે નહિ. કારણ કે બ્રહ્માગ્નિનો સહજ સ્વભાવ જ એવો છે. માટે અભાવ ક્યારેય લેવો નહીં.** ૨૪. સત્સંગનાં પાંચવ્રતમાન-નિયમોને જે દઢ કરીને રાખતા હોય તેને જ સંત અને હરિભક્ત જાણવા, જે તે પાંચ નિયમોને ન રાખે તે વિમુખ છે એમ જાણવું. ૨૫. તેઓ નિયમ ભંગનું પ્રાયશ્ચિત કરે ત્યાં સુધી તેની સારી આશા રાખવી, તેને વિમુખ ન કહેવા, તેને ઠીક કરવા માટે સતત પ્રયાસ કરવો. ૨૬. કળિયુગનું બળ તો અપાર છે. સમુદ્રની વેળ-ભરતીના જેવું છે. થોડીક પણ ગફલત રાખે તો તે પૂર તેને તાણ્યા વિના રહે જ નહિ. ૨૭. મોટા મોટા જહાજ પણ જો નાંગળ્યા વિનાના હોય તો ભરતીનું પૂર તેને તાણીને દૂર લઈ જાય છે. પછી તેને ઠેકાણે લાવવા ઘણું કઠિન થઈ પડે છે. ૨૮.

બહુ લાંબા કાળથી ભવસાગરમાં ભટકતા રહ્યા. લખચોરાશીમાં વિશાળ દુઃખ સહન કર્યા. પછી સત્સંગ થયો એટલે ભવસાગરને કાંઠે આવ્યા એમ જાણવું અને જેને સત્સંગ નથી થયો તેઓ તો તે ભવસાગરમાં જ રહ્યા છે. ૨૯. જ્યાં સુધી ભવસાગરનું દુઃખ દેખાતું નથી ત્યાં સુધી તો તેને ઘોર અંધારું જ છે. ભલે તેઓ વેદ અને પુરાણોને ભણ્યા હોય, તેમનું ઘોર અજ્ઞાન અંધારું ટળતું નથી. ૩૦.

અપાર તીર્થ, વ્રત, જપ અને તપને કરે, તો પણ તેઓ ભવસાગરથી બહાર નીકળી શકતા નથી. **ભવસાગરથી બહાર નીકળવાનું એક જ દ્વાર છે. અને તે છે સત્સંગ. તો સત્સંગ કરવાનું વિચારવું.** ૩૧. **સત્સંગ કર્યા સિવાય કરોડો ઉપાય કરે, તો પણ તેઓ ભવસાગરમાં જ રહે છે.** પાતાળથી લઈને બ્રહ્માના લોક સુધીના ભોગ સુખ મળે તો પણ ભવનો રોગ મટતો નથી. ૩૨. મહાપ્રલય સુધીનો બધો ભવ કહેવાય છે. અને ત્યાં સુધી કાળનું બળ રહેતું હોય છે. ઠેઠ ત્યાં સુધી જે નજરને પહોંચાડે છે તેઓ જ ભવસાગરથી છૂટવાનો ઉપાય કરે છે. ૩૩.

અજ્ઞાનનું ઘોર અંધારું, તે બહુ મોટો તિમિર નામે રોગ છે. જે સત્સંગ કરે છે તે તેનું નિવારણ કરી શકે છે. સત્સંગથી તે રોગનો નાશ થાય છે. વાર લાગતી નથી. સત્સંગ વિનાનું તો બધું ખારું લાગે છે. ૩૪. ભવસાગર તો કાયમનો ખારો ને ખારો જ છે, આવો નિત્ય અભ્યાસ રાખવો. અભ્યાસ વિના સત્સંગ રહે નહિ. ને દેહનો અભ્યાસ બધું ફેરવી નાખે છે. ૩૫. ઈન્દ્રિયો, અંતઃકરણ અને પંચ વિષય, એ બધું માયાનું જ કાર્ય છે, એ બધાને જ્યારે સત્સંગી કરવામાં આવે ત્યારે જીવને અતિ સુખ આવે છે. ૩૬. માટે ઈન્દ્રિયો અંતઃકરણ આદિને ફોસલાવીને સત્સંગના નિયમોમાં રાખવા. તે બધાને વિષયોથી પાછા વાળીને મોક્ષરૂપ આહાર આપવો. ૩૭.

શ્રીહરિએ જ્યારે આટલી વાત કહી ત્યારે બધા હરિભક્તો ઘણું રાજી થયા. પછી તેઓ સંતોની પૂજા કરવા લાગ્યા. ૩૮. કેસરયુક્ત ચંદનની અર્ચા કરીને સંતોને ફૂલહાર પહેરાવ્યા. અને સહુએ વર્ણી અને પાર્ષદો સુધ્ધાંને એક

એક વસ્ત્ર ઓઢાડ્યું. ૩૯. જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. અને ચંદન ચરચીને પૂજા કરી અને ફૂલહાર પહેરાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'સત્સંગનો અદ્ભુત પ્રતાપ કહ્યો તથા પીજમાં ભક્તોને ઘરે પધરામણી કરી' એ નામે ઓગણચાલીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર આઠમું : તરંગ - ૪૦

શ્રીહરિ કેરિયાવી ગામ થઈને ઉત્તરસંડા ગામ પધાર્યા

જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિને ઘણા જ ભાવથી પૂજ્યા. સાકરના થાળ ભરી ભરીને અર્પણ કર્યા. અને શ્રીહરિને ઘણા પ્રેમથી ખૂબ સાકર જમાડી. ૧. કોઈ ભક્તે બરફી અને પેંડા જમાડ્યા. તો કોઈએ ઘણા જ હેતથી વિવિધ પ્રકારના મેવા લાવીને શ્રીહરિને જમાડ્યા. તે કેટલુંક લખી શકાય ? ૨. હરિભક્તોએ સંત,વર્ણી અને પાર્ષદોને યાદ કરી કરીને ઘણા જ પ્રેમથી પૂજ્યા. આ ભૂમિ ઉપર હરિભક્તોએ એવો અલૌકિક લાભ લીધો. ૩. પીજ ગામમાં કપિલેશ્વર મહાદેવનું દેવાલય જ્યાં હતું. ત્યાં શ્રીહરિ આદરભાવથી પધાર્યા. મંદિરની અંદર જઈને મહાદેવજીનાં દર્શન કર્યાં. ૪. તે ઘણી સારી જગ્યા જોઈને ધર્મકુમાર શ્રીહરિ ત્યાં એક ઘડીવાર બેઠા. ત્યાં નિર્મળ સ્વચ્છ પાણી જોઈને સ્નાન કર્યું અને મંદિર કરાવનારને મોક્ષ આપ્યો. ૫.

ગામના લોકોને અપાર દર્શન દઈને પ્યારા શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા. ત્યાં આરતી અને ધૂન કરી. ઘણી મશાલો પ્રકટાવી. ૬. અધરાત સુધી સંતોએ અને સહુએ કીર્તન ગાયાં. ગામના ભક્તોને ઘણો જ આનંદ કરાવ્યો. તે પછી પ્રાણ આધાર શ્રીહરિ પોઢી ગયા. સવાર થયું ત્યારે ઊઠ્યા. ૭. સંતોએ ઊઠીને ધૂન કરી. પછી શ્રીહરિએ સંતોને ચાલવાની આજ્ઞા આપી. પરમ દયાળુ શ્રીહરિ તરત જ અશ્વ ઉપર બેઠા અને ચાલતા થયા. ૮. બધી સવારી સાથે ચાલી. શ્રીહરિએ ભક્તોને ઘણા જ ઉત્સાહી કર્યા. જ્યારે સહુ ગામની બહાર આવ્યા. ત્યારે હરિભક્તોને બધાને પાછા વાળ્યા. ૯. આગળ ચાલતા કેરિયાવી

ગામની પાસે આવ્યા. તે ગામમાં સારા એકાંતિક દાસત્વભક્તિ કરનાર બે હરિભક્ત હતા. તે બંને પૂરબિયા ક્ષત્રિય માસિયાઈ ભાઈ હતા. ૧૦.

તેઓ ત્યાં ગોસાઈના મઠમાં રહેતા હતા. સારા પ્રસિદ્ધ સત્સંગી હતા. તે બંનેની રીત ઘણી શુભ અને શુદ્ધ દેખીને ગોસાઈ તેમની ઘણી જ સારસંભાળ રાખતા હતા. ૧૧. કેસરીસિંહ અને માનસિંહ નામના તે બંને અત્યંત શૂરવીર અને નિષ્કામી હતા. કેરિયાવીના જે પાટીદારો હતા તે બધા આ બંનેને સત્સંગી દેખીને અને તેમની રહેણી-કરણી દેખીને સત્સંગ ઉપર ભાવ રાખતા થયા હતા. એટલે તે બધા પાટીદારો અને ગામના ઘણા ભાવિક લોકો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૨-૧૩. સહુ શ્રીહરિને જગદાધાર જાણીને પગે લાગ્યા અને ફૂલહાર પહેરાવ્યા. શ્રીફળની ભેટ મૂકી. ૧૪. કેસરીસિંહ અને માનસિંહે શ્રીહરિને **કેરિયાવી** ગામમાં પધરાવ્યા. શ્રીહરિ અને સંતોને તેમણે જમાડ્યા. અને પોતાનો મનોરથ પૂરો કર્યો. ૧૫.

શ્રીહરિને પલંગ ઉપર પધરાવ્યા. કેસરચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા અને પછી આરતી ઉતારી. ૧૬. સંતો, વર્ણી, પાર્ષદો અને દરબારોને એ સહુને સુંદર અદ્ભુત રીતે પૂજ્યા. ગોસાઈ પણ ઘણા ભાવિક હતા. તેમણે શ્રીહરિની પૂજા કરી. ૧૭. ત્યાં ગલાભાઈ નામે એક પાટીદાર હતા. તેઓ પોતાના અંતરમાં સત્સંગને પ્યારો રાખતા હતા. પછી તેમણે જાહેરપણે સત્સંગ સ્વીકાર્યો. ત્યાર પછી તેમના કુટુંબને પણ સત્સંગ થયો. ૧૮. સત્સંગ થયા પહેલા તેણે શ્રીહરિની જે પૂજા કરી, તેનું ફળ તેને પછીથી પ્રાપ્ત થયું. ત્યાંથી શ્રીહરિ ચાલ્યા, આગળ જતા **ઉત્તરસંડા** ગામ આવ્યું. ૧૯. ઉત્તરસંડામાં નરહરિદાસ નામે પાટીદાર ઘણા શૂરવીર સત્સંગી હતા. જ્યારથી તેમને સત્સંગ થયો ત્યારથી તેને સત્સંગનો કેફ બહુ હતો. ૨૦.

જે લોકો શ્રીહરિથી વિમુખ હોય, સત્સંગ ઉપર જેને આદરભાવ ન હોય, તે કદાચ ભલેને રાજા જેવા કહેવાતા હોય, પણ જેને સત્સંગ ન હોય, તો તેવા મનુષ્યને નરહરિભાઈ પટેલ પશુને તુલ્ય ગણતા હતા. ૨૧. કુસંગીની વાતને તો ક્યારેય કાનથી સાંભળતા જ નહિ. હૃદયમાં પ્રકટ ભગવાનને ધારી રાખતા. તેનો આવો ભારે બળિયો સત્સંગ દેખીને ગામમાં જે બુદ્ધિમાન

ડાહ્યા માણસો નરનારીઓ હતા, ૨૨. તેઓ પણ સત્સંગ ઉપર ભાવ રાખતા હતા. સ્ત્રી, ધન અને રસાસ્વાદમાં લોલુપ આવા પાખંડી ગુરુઓથી દૂર રહેતા હતા. ૨૩. જે લોકો વ્યસનોના નશામાં ભરપૂર રહેતા હોય અને તે પ્રમાણે ભગવાનમાં જોડાયા ન હોય. ભગવાનની મૂર્તિની પૂજા પણ પેટ ભરવા માટે અને કાંઈક લોકલાજથી કરતા હોય, ૨૪. આવી રીતના જે ગુરુ હોય તેને પાખંડી કહેવાય. જેને કોઈ પણ બાબતનું નિયમ ન હોય અને જે મળે તે ખાવા લાગતા હોય. ૨૫.

ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, એ શુભ ગુણ જેમાં લેશમાત્ર પણ ન હોય, જે હંમેશા ગાંજો પીતા હોય, તેવાને પાખંડી ગુરુ કહેવાય. ૨૬. સ્મશાનમાંથી રાખ લાવીને જે પોતાના શરીર ઉપર લગાવે, નિરંતર નગ્ન ફરતા રહે, તેને પાખંડી ગુરુ કહેવાય. ૨૭. પહેરવાના કપડાં કાઢી નાખે પણ ધન અને નારીને તજે નહિ. આવા પાખંડી ગુરુ શોભતા હોય છે કેમજે, આંધળી દુનિયા તેને સિદ્ધ કહે છે. ૨૮. દુનિયાના (પશુતુલ્ય) લોકોને કાંઈ નિયમ નથી હોતા, તેમજ તેના જેવા ગુરુને પણ કોઈ નિયમ નથી હોતા. એટલે આંધળા ગુરુના આંધળા ચેલાઓ, નિયમ વિનાના હોવાથી બંને સાથે જ નરકમાં પડે છે. ૨૯. જે નિયમ નથી પાળતા તેને માથે લખચોરાશી અને જન્મ મરણ રહે છે. જે ગુરુ શાસ્ત્ર દૃષ્ટિથી દેખે છે તેઓ બધું જાણે છે, પણ જે ગુરુ (અજ્ઞાનથી) આંધળા છે તેઓ તે બાબતને જાણતા નથી. ૩૦.

જેને સત્સંગનો જોગ બહુ રહેતો હોય, એ હરિભક્ત આવી વાતો કરે છે. કેમજે જેને સત્ય અસત્યનું જ્ઞાન થયું હોય તેવા સુજ્ઞ જે હોય તે જ આવી વાત કરી શકે છે. ૩૧. અને આ જગતમાં જેને સત્ય અને અસત્યનો વિવેક હોય તેને તરત જ સત્સંગ થાય છે. તે ઉતરસંડાના પાટીદાર નરહરિદાસને એવું સાંભળ્યું કે, શ્રીહરિ પધારે છે. ૩૨. તેઓ તરત જ શ્રીહરિની સન્મુખ આવ્યા. બીજા જે હરિભક્તો અને ભાવિક લોકો હતા તે બધા શ્રીહરિની સામે આવ્યા. ૩૩. બધાએ ફૂલહાર અને શ્રીફળ લીધાં હતાં. શ્રીહરિની પાસે આવીને સહુ ચરણમાં નમી પડ્યા. પ્રેમથી ફૂલહાર પહેરાવીને શ્રીફળની ભેટ મૂકી. ૩૪. લોકો વિવિધ પ્રકારના વાજિંત્ર લાવ્યાં હતાં, તેથી તેઓ તે

વાજિંત્રોને વગાડવા લાગ્યા. બધા ભક્તો ઘણા પ્રેમથી સરસ રીતે શ્રીહરિ અને સંતો વગેરેને ગામમાં લઈને ચાલ્યા. ૩૫.

શ્રીહરિવર ઉત્તરસંડા ગામને દરવાજે આવ્યા. બધાં અંગો ઉપર સોનેરી શણગાર ધારણ કર્યાં હતાં અને બધા અશ્વોને પણ સોનેરી સાજથી શણગાર્યા હતા. આથી તે બધા સુંદર પ્રકારની શોભાને ધારી રહ્યા હતા. ૩૬. જ્યારે બધા ગામમાં આવ્યા ત્યારે શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી છત્ર હતું અને બંને બાજુએ સોનેરી ચામર ઢળી રહ્યાં હતાં. ૩૭. ગામને દરવાજે શ્રીફળનાં તોરણ બાંધ્યાં હતાં તેમજ બધા રાજમાર્ગોને પણ સુંદર રીતે ઘણા શણગાર્યા હતા. ૩૮. બજારને કાંઠે જે મકાનો અને દુકાનો હતી, તેના બધા દરવાજાઓને વિચિત્ર રીતે રંગાવી દીધા હતા. ૩૯. બિલોરી કાચના ઝાડ બંધાવીને કેળના સ્તંભ રોપાવી દીધા હતા અને ગામના બધા લોકો આવીને બજારમાં ઊભા રહ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ કેરિયાવી ગામ થઈને ઉત્તરસંડા ગામ પધાર્યા' એ નામે ચાલીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર આઠમું : તરંગ - ૪૧

નરહરિદાસના ઘરે રહેલા શ્રીહરિ તથા સંત વગેરે બધા જમ્યા અને નરહરિદાસે શ્રીહરિની પૂજા કરી

ઉત્તરસંડા ગામમાં પધારેલા શ્રીહરિવરને જોઈને ગામવાસી બધા લોકો ખૂબ જ રાજી થયા અને સહુએ ભાવથી દર્શન કર્યાં. ૧. બજારકાંઠેની દુકાનો અને બીજા મકાનો ત્રણ ચાર માળવાળા ઊંચાં હતાં, તેને ચિત્ર વિચિત્ર રીતે શોભાડ્યા હતા. તેની શોભાનું વર્ણન કરી શકાતું નથી. ૨. મકાનો અને દુકાનોને દરવાજે મોતીના તોરણ બાંધ્યાં હતાં. ગામ લોકો નવાં વસ્ત્ર અને ઘરેણાં પહેરીને જેટલી ભૂમિ હતી તેમાં બધા ઊભા રહ્યા હતા. ૩. જે લોકો ફૂલહાર લઈને ઊભા હતા તે બધા હાર શ્રીહરિને પહેરાવતા હતા. સ્ત્રીઓ મોતીથી ભરેલા થાળ લઈને ઊભી હતી. તે શ્રીહરિ પાસે આવે ત્યારે ઘણા જ પ્રેમભાવથી મોતીથી વધાવતી હતી. ૪.

શ્રીહરિની સાથે જે ડંકા અને નિશાન હતા તે સવારીની આગળના ભાગમાં ચાલતા હતાં અને શ્રીહરિની આગળ તો સંતો હતા, તે બધા કીર્તન બોલતા આવતા હતા. ૫. ઝાંઝ, મૃદંગ અને બીજા વાર્જિંત્ર વાગતાં હતાં. પુર અને આકાશ, બધું ગાજી રહ્યું હતું. પુરવાસી બધા લોકો ગુલાલ લાવ્યા હતા. તેને તેઓ તે સમયે તત્કાળ ઉડાડવા લાગ્યા. ૬. પાર્ષદો બંદૂકના અવાજ કરતા હતા. છડીદાર "મહારાજાધિરાજને ઘણી ખમ્મા..." એમ છડી બોલતા હતા. શ્રીહરિવર નરહરિદાસ પટેલને ઘેર આવ્યા. ૭. ત્યાં નવરંગ (મોહક) પલંગ બિછાવી દીધો હતો. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. સંતો, વર્ણી, પાર્ષદો અને દરબારો જે હતા તે સહુને ઉતારા અપાવ્યા. ૮. જે રીતે જેની સેવા કરવી જોઈએ તે પ્રમાણે બધી સેવા કરાવી. પછી ખૂબ જ સરસ રીતે રસોઈ કરાવી. તેમાં પ્રેમભાવથી સાકર નાખીને કંસાર કરાવ્યો. ૯.

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ. ભવનની આગળના ભાગમાં સુંદર ચોક હતો. તેમાં વિચિત્ર પ્રકારનો સુંદર મંડપ કરાવ્યો હતો. ૧૦. હરિભક્તોને જેવી ભાવના હતી તે પ્રમાણે તે મંડપની રચના કરી હતી. બિલોરી કાચના વિચિત્ર ભાતોવાળા ઝાડ તેમાં બાંધ્યાં હતાં અને જ્યારે રાત થઈ ત્યારે તેમાં દીવા પ્રગટાવ્યા હતા. ૧૧. તે મંડપમાં સંતો અને હરિભક્તોની સભા થઈ હતી. ઝાંઝ અને મૃદંગ વગાડીને ત્યાં પહેલા ગોડીનાં પદ ગાયાં અને તે પછી આરતી કરી અને ધૂન કરાવી. ૧૨.

શ્રીહરિએ ખૂબ જ પ્રેમરસ ભરી અને સુંદર રીતથી ધૂન બોલાવી. શ્રીહરિ પોતે પ્રેમથી "રામ કૃષ્ણ ગોવિંદ" આવા નામોને ઉચ્ચારતા હતા. ૧૩. વિવિધ પ્રકારનાં વાર્જિંત્રો જ્યારે વાગવાં લાગ્યાં ત્યારે તે સાંભળીને ગામના બધા માણસો ત્યાં આવ્યા. તે સહુએ શ્રીહરિની પરમ અલૌકિક રીતને દેખી. ૧૪. આ જગતમાં અપાર મતપંથો છે. જેનો ગણતાએ પાર આવે તેમ નથી. તેનાથી આખું જગત ભરાઈ રહેલું છે અને તેના આચાર્યનો તો કોઈ પાર જ નથી. ૧૫. સત્સંગની અદ્‌ભુત રીતને દેખીને તો તેમણે જે પહેલા મત પંથીઓની રીત દેખી હતી તેને ઊલટી કર્યાની જેમ કાઢી નાખી.

સત્સંગની તુલનામાં બીજા બધા તો કૂતરાં અને ભૂંડના જેવા લાગતા હતા. ૧૬. ઉતરસંડાના ગામવાસી લોકો મનમાં વિવેક રાખીને જે પરસ્પર વાતો કરતા હતા. તે બધી વાત તો અહીંયા કહી શકાય તેમ નથી. ૧૭. શ્રીહરિ જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે થાળ જમવા ઊઠ્યા. તેમણે એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢી લીધું. હાથ અને પગ ધોયા. રૂમાલથી તેને કોરા કર્યાં. પછી આવીને સોનાના બાજોઠ ઉપર જમવા બેઠા. વર્ણી ભોજનનો થાળ લાવી રહ્યા હતા. ૧૮-૧૯.

વિવિધ પ્રકારના ભોજનોથી ભરેલા અપાર થાળ લાવ્યા. સાકર નાખીને કંસાર બનાવ્યો હતો. અને તેમાં ઘણી જાતના તેજાના નાખ્યા હતા. ૨૦. જે નાખવું જોઈએ તે પ્રમાણે અંદર ઘણું સુગંધીદાર ઘી નાખ્યું હતું. એનાથી તે ભોજન સુગંધીત થઈ ગયું અને તે સુગંધ બધે વ્યાપી ગયો હતો. શ્રીહરિવર ભોજન જમવા લાગ્યા. તેઓ મનમાં ખૂબ જ પ્રસન્ન હતા. તે વર્ણવી શકાતું નથી. ૨૧. શ્રીહરિ બોલ્યા, ભોજન એક એકથી સરસ થયાં છે. શ્રીહરિ વડાં અને ભજિયાં પ્રેમથી જમ્યા. બહુ પ્રકારના લીલવા તળીને વઘાર્યા હતા. ૨૨. કેટલીક ભાજી અને શાક કર્યાં હતાં. કેટલાક પાક અને રસદાર અથાણાં બનાવ્યાં હતાં. બધામાં ખૂબ જ મશાલા નાખ્યા હતા. ૨૩. થાળમાં જેટલા ભોજન પીરસ્યાં હતાં તે બધાને શ્રીહરિ જમ્યા. પછી દૂધ ભાત અને સાકર જમ્યા. પછી થાળની પ્રસાદી દરબારોને આપી. ૨૪. એક થાળ પાર્ષદોને અને એક થાળ સંતોને પ્રસાદીનો આપ્યો. શ્રીહરિએ હાથ અને મુખ ધોયા પછી સંતોની પંગત કરાવી. ૨૫.

તે સમયે બધા પાર્ષદો અને દરબારો પણ આવીને પંગતમાં બેઠા. ત્યારે શ્રીહરિ હરખભેર આવીને પંગતમાં પીરસવા લાગ્યા. ૨૬. ડંકો (પકડવાના હાથાવાળો મોટો વાટકો) ભરી ભરીને સાકરનો કંસાર પીરસ્યો. જ્યારે બધું પીરસી રહ્યા ત્યારે શ્રીહરિએ "જય...વાસુદેવ હરે !" એમ ઉચ્ચાર કર્યો. ૨૭. સંતો મહિમાભાવથી જમતા હતા શ્રીહરિ પણ પ્રેમભાવથી પીરસતા હતા. હરિભક્તોને અલભ્ય લાભ આપ્યો, કારણ કે આવો સુયોગ વારે વારે મળતો નથી. ૨૮. હરિભક્તો કહેતા કે શ્રીહરિ, સંતો, હરિભક્તો અને બધા દરબારો,

બધાનો આવો જોગ ફરીવાર થવો તે ઘણો દુર્લભ છે અને એમ સમજીને જ બધા હરિભક્તો સરસ રીતે અલભ્ય ભોજન બનાવડાવતા હતા. ૨૯.

શ્રીહરિ અને સંતો અલભ્યમાં અલભ્ય છે એમ હરિભક્તો માનતા હતા. આવા શ્રીહરિ અને સંતોનો સંબંધ જે ભોજનને થયો હોય તેણે કરીને તે ભોજનને હરિભક્તો અલભ્ય માને છે. ૩૦. ભગવાન શ્રીહરિના યોગ વિનાના ભોજન કદાચ સોના જેવા મૂલ્યવાન હોય તો પણ તેને હરિભક્તો ઝેર જેવા ગણતા અને તેને લીધે જે હરિભક્તો કહેવાય છે તે બધા શ્રીહરિની મૂર્તિની આગળ ભોજનનો થાળ ધરાવે છે. ૩૧. તેમાં પણ જે આત્મનિવેદી ભક્તો છે તે ભગવાનને અર્પણ કર્યા સિવાયના અન્ન, જળ, પત્ર, ફળ, ફૂલ, મૂળ, અમૂલ્ય વસ્ત્ર, આભૂષણ કે વાહન, ૩૨. વગેરેને ઉપયોગમાં લેતા નથી એટલા જ માટે તે આત્મનિવેદી ભક્તો શ્રેષ્ઠ છે.

જ્યારે સંતો અને દરબારો જમી રહ્યા ત્યારે શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. ૩૩. સંતો અને દરબારો વગેરે જ્યારે જમીને ત્યાં આવ્યા ત્યારે અદ્‌ભુત અને અવર્ણનીય સભા ભરાણી. ગામના જે ઘણા ભાવિક ભક્તો હતા તેઓ પણ પોતાને ઘેર જમીને ત્યાં આવ્યા. ૩૪. નરહરિદાસ પટેલ પૂજાનો સામાન લઈને આવ્યા. કેસરયુક્ત ચંદનનો કટોરો ભર્યો હતો. કેટલાએ ફૂલહાર અને અપાર વસ્ત્ર લાવ્યા. ૩૫. શ્રીહરિને માટે પહેલાથી સોનાના ઘરેણાં કરાવી રાખ્યાં હતાં અને કેટલાએ સોનેરી વસ્ત્ર પણ બનાવડાવ્યાં હતાં. તેમનાં હૃદયમાં ઘણો જ ઉત્સાહ છવાયેલો હતો. એટલે કેસરયુક્ત ચંદન શ્રીહરિનાં અંગો ઉપર ચરચ્યું. ૩૬.

લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. ફૂલના હાર પહેરાવ્યા. શિર ઉપર ફૂલની ટોપી પહેરાવી અને તેની સાથે ફૂલના તોરા લટકતા રાખ્યા. ૩૭. સુંદર તાજા ગુલાબના બે ગુચ્છ કાન ઉપર ધરાવ્યા અને તેવા જ બે ગુચ્છ બંને હાથમાં આપ્યા. ભુજાઓ ઉપર ફૂલના બાજુ બાંધ્યા. ૩૮. કાંડાંમાં ફૂલના કડાં પહેરાવીને ફૂલની પછેડી ઓઢાડી દીધી. ચરણોમાં ફૂલના ઝાંઝર બાંધ્યા. પછી ચરણોને દૂધથી ધોઈને કેસરચંદન ચરચ્યું. તે ચરણોને છાતીએ ચાંપ્યાં. હૃદયમાં હરખ સમાતો નહિ અને તે સ્થિતિમાં પ્રેમથી આરતી ઉતારી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'નરહરિદાસના ઘરે રહેલા શ્રીહરિ તથા સંત વગેરે બધા જમ્યા અને નરહરિદાસે શ્રીહરિની પૂજા કરી' એ નામે એકતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર આઠમું : તરંગ - ૪૨

ઉત્તરસંડા ગામમાં નરહરિદાસને સેવાનું વરદાન આપ્યું

શ્રીહરિવરની જ્યારે આરતી પૂરી થઈ ત્યારે નરહરિદાસના જેટલા સંબંધીઓ હતા તે બધાએ મળીને શ્રીહરિની પ્રેમથી પૂજા કરી. ૧. તે વખતે વાજિંત્રો વાગતાં હતાં. શ્રીહરિ ઘણા રાજી થાય તે રીતે સહુએ સ્તુતિ કરી. પછી નરહરિદાસ બે હાથ જોડીને બોલ્યા, ૨. હે હરે ! અમારા ગામવાસી બધા લોકો હરિભક્ત બને. આપ અમારા ઉપર પ્રસન્ન થઈને અમને તે વરદાન આપો. ૩. સદા કાળ આપની સેવા હું કરું એવી મારી મતિ કાયમ રહે અને અમારો પરિવાર પણ સદા આપની સેવા કરતો રહે. ૪.

* શ્રીહરિ તથા સંતની સેવાની ગરિમા :

આપની અને આપના સંતોની સેવાને તો બ્રહ્મા આદિ દેવો પણ ચાહે છે. રિદ્ધિ, સિદ્ધિ અને ઐશ્વર્ય જે કહેવાય છે તથા ધ્રુવ આદિ જે પદ કહેવાય છે તે બધાં સેવા વિના મળતા નથી અને તે બધાં આપનાં પદ-અક્ષરધામ આગળ તો અત્યંત તુચ્છ ગણાય છે. જપ, તપ, તીર્થ, દાન અને યજ્ઞ આદિ અનેક કલ્યાણકારી સાધન સેવા કર્યા વિના સફળ થાતા નથી. ૫-૬.

चोपाई :

धर्म भक्ति वैराग्य हि ज्ञाना, सेव विन फलत न सुने काना;
श्रवर्णादिक साधन हि चारी, सेव विन न फलत कोउ वारी...०७

तुमारी तव संत की जोउ, सेव विन प्राप्ति न मिलत सोउ;
शिष नमाई जोडना हाथा, पत्र फल फूल देना नाथा...०८

अन्न जल वसन देना हिता, ए आदिक अनेक जोग्य रीता;
संत जोग्य संत सेवा करना, बाध करे सो सेवा पर हरना...०९

ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન પણ સેવા વિના સફળ થાય છે એવું અમે ક્યારેય કાને સાંભળ્યું નથી. અને શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સાક્ષાત્કાર એ ચાર સાધન પણ સેવા કર્યા વિના ક્યારેય સફળ થાતા નથી. ૭. તે સેવા કોની કરવી ? તો આપ અને આપના સંતોની સેવા કર્યા વિના કોઈ પ્રાપ્તિ થાતી નથી. માટે સેવા કરવી. શું સેવા કરવી ? તો જેમ કે - માથું નમાવવું અને હાથ જોડવા. પત્ર, પુષ્પ, ફળ, જળ, અન્ન અને વસ્ત્ર એ આદિક બધી વસ્તુઓ હેત-ભાવથી આપવી અને સંતોને જે યોગ્ય હોય તેવી સેવા કરવી, જે બાધ આવે એવી હોય તે સેવા ન કરવી. ૮-૯.

પ્રકટ એવા આપની અને આપની મૂર્તિની જે યોગ્ય હોય તેવી સેવા અમે કરીએ. જે સેવા કરીએ તે વિવેક રાખીને કરીએ. અમે આપની પાસે એવી સેવાને નિત્ય માગીએ છીએ. ૧૦. જે કોઈ સંત દેહે કરીને દુઃખી હોય, વૃદ્ધ હોય, પ્યારા સંતોને દેહમાં ક્યારેય આસક્તિ ન હોય તેથી મોઢેથી ભલે કોઈને કોઈવાર સેવા કહેતા ન હોય કે, મારી સેવા કરો. ૧૧. એવા સંતની સેવા કરવી તે સુખરૂપ છે. તેમનું માથું અને વાંસો દબાવવો, તે ઉત્તમ અને અજોડ સેવા છે. **તેમાંય કોઈ પદાર્થને માટે જ હરિભક્તો સાથે જે હેત ન રાખતા હોય, તે પવિત્ર સંત ગણાય. ૧૨. તથા તે બુદ્ધિમાન સંત ભગવાનના ભક્ત માનીને જ તેની સાથે હેત રાખે છે. ધર્મમાં દૃઢતાથી વર્તવું તેનું જ નામ સત્સંગ છે.** ૧૩. પોતપોતાના ધર્મને સાચવીને સેવા કરવી જોઈએ. અમને ભાઈ રામદાસજીસ્વામીએ જે કહી છે તેવી સેવા અમે ચાહીએ છીએ. ૧૪.

ભાઈરામદાસજીસ્વામીએ અમને સેવા કરવાની બધી રીત હેતથી શીખવી છે. અને સત્સંગનું જ્ઞાન પણ અમને આપ્યું છે. ૧૫. જે સંતો અને ભક્તો પરસ્પર સાથે રહે છે તેઓ પરસ્પર જે વાત કરે છે, એ વાતથી સંતનો જેટલો પાસ લાગ્યો હોય તે તો તરત જ ઓળખાઈ આવે છે જે, સંતના સમાગમની કેટલી અસર થઈ છે ? ૧૬. આપણા સત્સંગમાં

જેટલી બાઈઓ રહી છે તે બધી ધર્મમાં દઢતાથી રહે છે. તેઓ તત્કાળ સંતના ગુણોને જાણી લે છે. તેમનામાં ઘણી વિશાળ બુદ્ધિ હોય છે. ૧૭. સંતો માર્ગે ચાલતા હોય, તેને આંખ ઉપરથી તે તત્કાળ ઓળખી લે છે. દુનિયાના જે સદ્ભાવ કે દુર્ભાવ જેટલા રહ્યા હોય છે તેને આંખો જ સૂચવી દે છે. ૧૮. આપમાં જે અપાર ઐશ્વર્ય રહ્યું છે તેને બાઈઓ વારંવાર કહે છે. જેટલો પ્રતાપ અને ધર્મ સંતમાં હોય છે. ૧૯. તેની વાતોને પરસ્પર બાઈઓ કહેતી હોય છે.

અને જેમાં જેવો ગુણ દેખાય છે તેનો નિશ્ચય એક દિવસમાં થઈ શકતો નથી. વરસ કે બે વરસ સુધી જ્યારે તેનું ધ્યાન રાખવામાં આવે, ૨૦. ત્યારે તે સારી મોળી વાત બહાર નીકળે છે કે, સંતોમાં આ અસંત લબાડ જેવું વર્તન કરે છે. શુદ્ધ સત્સંગને રાખવામાં જો પ્રેમ હોય તો તે પોતાના મોક્ષને માટે સર્વે શુદ્ધ રીતે વર્તે છે. ૨૧. અત્યારે આપણા સત્સંગમાં જે આશ્રિત રહ્યા છે તે બધાને શુદ્ધ વર્તનનું જ એક તાન રહે છે. આંખ રજકણને લગારેય સહન કરે નહિ, જ્યારે તે રજકણ બહાર નીકળે ત્યારે જ નેત્રને અપાર શાંતિ થાય છે. ૨૨. નેત્રને માટે જે હિતકર હોય તે નેત્રમાં જ રહી શકે છે. અને જો નેત્રને માટે હિતકર ન હોય તો તે નેત્ર ઘણું દુઃખ પામે છે. સત્સંગને સર્વે ભક્તો નેત્રની સમાન રાખે છે. કોઈ પણ ગાફલપણે ક્યારેય વર્તતા નથી. ૨૩. બધા હરિભક્તો સર્વાંગે સત્સંગ શુદ્ધ રાખે છે. નખથી શિખા પર્યંતના અંગો જેવા કે, આંખ, નાક, કાન, મસ્તક, મુખ, કંઠ અને મણિબંધ એ બધામાં સત્સંગને ભૂષણ તરીકે સાચવી રાખે છે. ૨૪.

ત્યારે શ્રીહરિ બોલ્યા, ભાવિક ભક્તો, તમે બધા સાંભળો. સહુથી શ્રેષ્ઠ સેવા છે, તે તમે માગી છે એટલે હું પ્રસન્ન મનથી તે સેવા તમને સહુને આપું છું. ૨૫. તે સાંભળીને હરિભક્તો રાજી થયા. તેમણે સંતોની પૂજા કરી. કેસરચંદન ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. ૨૬. હરિભક્તો ઘણા નિપુણ હતા. તેમણે વર્ણીની પૂજા કરી અને તે પછી પાર્ષદોની અને દરબારોની પણ પૂજા કરી. સહુને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ૨૭. ઉત્તરસંડા ગામમાં

બોચાસણવાળા કાશીદાસભાઈના ફઈબા આદિ ઘણા હરિભક્તો હતા. તેમણે શ્રીહરિની પધરામણી પોતાને ઘેર કરીને અતિશય ભાવથી શ્રીહરિને પૂજ્યા. ૨૮. તેમનું નામ રાઈબા હતું. તેઓ પાકા હરિભક્ત હતા અને ઉત્તરસંડામાં રહેતા હતા અને બીજી પાટીદાર જે બાઈઓ હતી તે ઘણી જ ભાવિક હરિભક્ત હતી. ૨૯.

તેમણે ત્યારે ઘણા ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી. તેમનો સત્સંગ ઘણો દૃઢ હતો. બીજા પણ ઘણા પાટીદારો ભાવિક હતા. તેમણે પણ દિવ્યભાવથી શ્રીહરિને પૂજ્યા. ૩૦. બરફી અને પેંડાના થાળ ભરી ભરીને આપ્યા. સહુએ અલૌકિક લાભ લીધો. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ચોપદાર મુખેથી છડી બોલતા હતા. ૩૧. સંતો, વર્ણી અને પાર્ષદો સહુને સાથે લીધા હતા. આગળના ભાગમાં મશાલો પ્રકટાવી હતી. એ પ્રમાણે શ્રીહરિ ઉત્તરસંડા ગામમાં પધરામણીએ ફર્યા. ૩૨. શ્યામસુંદર શ્રીહરિએ ચાખડીઓ પહેરી હતી. અંગ ઉપર અલૌકિક શોભા ધારી હતી. ગામવાસી બધા જ ભક્તોને પ્રસન્ન કરીને શ્રીહરિ ઉતારે પાછા આવ્યા. ૩૩. આવીને પલંગ ઉપર બેઠા. સંતો ઉત્સવ કરવા લાગ્યા. ઝાંઝ અને મૃદંગ વગાડતા હતા. તેનાથી આકાશ અને ભૂમંડળ ગાજી રહ્યાં હતાં. ૩૪.

શ્રીહરિ અને સંતોની અલૌકિક રીતને દેખીને ઉત્તરસંડાના લોકોને ખૂબ જ આનંદ થયો. ગામના જેટલા ખેડૂતોએ ખેતીમાં શેરડી કરી હતી. તેઓ શ્રીહરિ અને સંતોને માટે શેરડી ઘણી કાપી લાવ્યા. ૩૫. પછી શ્રીહરિએ સહુ સંતોને શેરડીના પાંચ પાંચ સાંઠા આપ્યા. પછી વર્ણીઓને પણ આપ્યા. તે પછી પાર્ષદોને બોલાવી લીધા. ૩૬. જે પાર્ષદો હતા તે થોડા વૃદ્ધ અને ઘણી ધીરજવાળા હતા. કોઈ પણ પદાર્થને માટે અજ્ઞાનતાથી ક્યારેય ઉતાવળા થાતા નહિ. ૩૭. તેમનાં મનમાં હંમેશા સંતોષ રહેતો. મનને કાબૂમાં રાખતા. અજાયબી ભરી જય વિજયની વાત નિત્ય કહેતા હતા. ૩૮.

તેવા પાર્ષદોની ધીરજ દેખીને શ્રીહરિ અતિશય રાજી થયા અને તેમને જાણીને દરેકને ત્રણ ત્રણ શેરડીના સાંઠા આપ્યા. ૩૯. પાર્ષદોને સંતોના ઉપર

ઘણું હેત હતું, તેથી કોઈ પાર્ષદ ઈર્ષ્યા કરતા નહિ. બધા મુક્તાનંદસ્વામીનો ગુણ ગ્રહણ કરતા રહેતા. તેથી સ્વામી જેવા સ્થિર ચિત્તવાળા થયા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'ઉત્તરસંડા ગામમાં નરહરિદાસને સેવાનું વરદાન આપ્યું' એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર આઠમું : તરંગ - ૪૩

શ્રીહરિ ધૂમધામથી નરસંડા ગામમાં પધાર્યા

શ્રીહરિવરે દરબારોના બધા માણસોને બોલાવ્યા અને જેને જેટલી જોઈએ તેટલી શેરડી આપી. ૧. જે ખેડૂતો શેરડી લાવ્યા હતા અને બીજા જેટલા બેઠા હતા, બધાને હેતથી શેરડી આપી. ૨. ખેડૂતો નવો તાજો સાકરના જેવો અપાર ગોળ લાવ્યા. શ્રીહરિ તે ગોળને પ્રેમથી જમ્યા. તે સંતોને અને વર્ણીને બધાને આપ્યો. ૩. બધા પાર્ષદોને અને બધા દરબારોને તે ગોળ આપ્યો. અહીં બેઠા બેઠા જ બધાને ગોળ આપીને ગામના ભક્તોને શ્રીહરિએ રાજી કર્યા. ૪. પછી જ્યારે અધરાત થવા આવી ત્યારે સુખદાયક શ્રીહરિ પોઢી ગયા. બધા સંતો ધ્યાન લગાવીને બેસી ગયા. તે થોડીક વાર સંતો પોઢી રહ્યા. ૫.

પછી જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો "નારાયણ ધૂન" કરવા લાગ્યા. જ્યારે સંતો ધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિવર તૈયાર થઈ ગયા. ૬. બધા દરબારો તૈયાર થયા. સહુએ પોતાના અશ્વોને શણગારી દીધા હતા. જ્યારે બધા સંતો અને વર્ણી તૈયાર થયા ત્યારે પાર્ષદો પણ તૈયાર થઈ ગયા હતા. ૭. સવારીની આગળ વાજિંત્રવાળા હતા. ડંકા અને નિશાન પણ ચાલ્યાં. જ્યારે બધા વાજિંત્રો વાગવા લાગ્યા ત્યારે ગામના લોકો દર્શન કરવા આવ્યા. ૮. શ્રીહરિ પ્રેમભાવથી રાજ બજારે ચાલ્યા ત્યારે દર્શનાર્થી લોકો બજારમાં ભરાઈને ઊભા હતા. ચારે વર્ણના બધા લોકો ત્યાં દર્શન માટે ઊભા હતા. ૯. શ્રીહરિને લોકો જગત્પતિ અને જગદાધાર જાણીને વારંવાર હાથ જોડીને પગે લાગતા અને બોલતા મહારાજ ! ફરીવાર પધારજો, આપના વિના

અમારા દિવસો નહીં જાય. ૧૦. શ્રીહરિ જ્યારે પુરની બહાર આવ્યા ત્યારે પુરવાસી લોકોને ત્યાં ઊભા રાખ્યા. પરમ પ્રવીણ શ્રીહરિએ સહુને "જય સચ્ચિદાનંદ" કહ્યા અને પછી ચાલતા થયા. ૧૧. રસ્તામાં શ્રીહરિ દરબારોની સાથે મનોવિનોદની વાતો કરતા હતા. સહુનાં હૃદયમાં અતિશય ઉમંગ ભર્યો હતો. રસ્તાની બાજુમાં આંબાના અપાર ઝાડ દેખાતાં હતાં. આંબાનાં અપાર વન ઊભાં હતાં. ૧૨. જાતજાતના પંખીઓ મધુર શબ્દો બોલી રહ્યાં હતાં. તે પંખીઓના કલરવથી તે વન અતિ શોભતાં હતાં. તે બધા જ વૃક્ષોના ઉપર સુંદર ફળ આવેલાં હતાં. ૧૩. વનમાં ઠેકઠેકાણે વાનરોનાં ટોળાં ફરતાં હતાં તે શ્રીહરિને દેખીને પોતાની જાતિના શબ્દો બોલતા હતા. ૧૪.

આગળ ચાલતા શ્રીહરિ **નરસંડા** ગામ આવ્યા. ત્યાંની તલાવડીમાં સંતો, વર્ણી, દરબારો અને પાર્ષદોની સાથે શ્રીહરિએ સ્નાન કર્યું. ૧૫. નરસંડાના હરિભક્તોને "શ્રીહરિ પધાર્યા છે" આવા ખબર મળ્યા, એટલે તેઓ શ્રીહરિની પાસે આવ્યા અને ગામના બીજા ભાવિક લોકો પણ આવ્યા. ૧૬. શ્રીહરિની પાસે જે હરિભક્તો આવ્યા હતા. તેમણે શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા તથા અપાર શ્રીફળ ભેટના રૂપમાં મૂક્યાં. તેઓ ગદ્ગદ કંઠ થઈને ચરણોમાં નમી પડ્યા. તે સહુના નામ હવે કહું છું. જીજીભાઈ અને પ્રભુદાસ વગેરે પાટીદાર હરિભક્ત હતા. ૧૭-૧૮. કાશીદાસ, મૂળજીદાસ, ઉત્સાહી હરિભક્ત બાજીભાઈ, કુબેરદાસ, પૂંજાભાઈ, કૃષ્ણદાસ, શરદગીરી ગોસાઈ, ૧૯. દ્વારકાદાસ, લાલદાસ, વાલાભાઈ, કાળીદાસ, ગલાભાઈ, મકનદાસ, ભવાનભાઈ, પૂંજાભાઈ, ૨૦. ખેડાવાળ હરિભક્ત વિપ્ર નરભેરામ, નરસંડામાં રહેતા હતા તે બરગત નામે એક વિપ્ર અને મોઢ વિપ્ર ઈચ્છારામ, ૨૧. વિપ્ર સાંઈબા નામે હતા તે શ્રીહરિની સેવા કરવાથી અમૃતબાઈ કહેવાતા.

હવે પાટીદાર બાઈઓના નામ આ ઠેકાણે લખું છું, રળિયાતબા, વખતબા, જીજીબા, એક નાથીબા. હવે દેવજાતિના (ચારણ) જે હરિભક્તો હતા તેમના નામ કહું છું, ૨૩. જેમ કે કંકુબા અને મધુબા બંને અને ધુનિ બા, બીજા મધુબા અને ભઈબાબહેન પણ હતા. તે સિવાયના પાટીદાર હરિભક્તો

તો અપાર હતા. તેના નામ લખે પાર આવે તેમ નથી. ૨૪. તે કુબેરદાસ, મૂળજીભાઈ અને ધર્મદાસ, એ બધાએ મળીને શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૨૫. ગામનો દરવાજો અને બજારોને વિચિત્ર રીતે શણગારી હતી. શ્રીહરિ પધાર્યા છે એમ જાણીને તે ભક્તોના હૃદયમાં આનંદ છવાઈ ગયો હતો. ૨૬.

શ્રીફળના તોરણ લાવીને દરવાજે બાંધી દીધાં. દર્શનાર્થી લોકો ત્યાં દોડી આવ્યા. બજારમાં પણ અપાર લોકો ઊભા હતા. ૨૭. બધી બજારોમાં કેળના સ્તંભ રોપી દીધા હતા. તેના થડને કુંકુમથી રંગી નાખ્યાં હતાં. તે સ્તંભનો ગણવાથી પણ પાર આવે તેમ ન હતું. ૨૮. બજારમાં જે દુકાનો હતી અને બીજા જે મકાનો હતાં. તે ત્રણ ત્રણ માળ સુધીનાં ઊંચા હતાં. તેના બધા દરવાજાઓને વિચિત્ર રીતે શણગાર્યા હતા. ૨૯. શ્રીહરિ ત્યાં પહેલી વાર જ પધાર્યા હતા. તેથી તે દરવાજાઓમાં મોતીના તોરણ બાંધી દીધાં હતાં. બજારમાં બિલોરી ઝાડ બાંધ્યાં હતાં. આ રીતે ત્યાં અપરમપાર શોભા કરી હતી. ૩૦.

વિચક્ષણ બધા લોકો ફૂલના હાર લઈને મકાનના ત્રણ માળ સુધી ભરાઈને ઊભા હતા. ગામની બધી સ્ત્રીઓ પણ મોતીના થાળ ભરીને રાહ જોતી ઊભી હતી. ૩૧. ગામના બધા લોકોએ સારા ચિત્ર વિચિત્ર વસ્ત્ર પહેર્યાં હતાં. શ્રીહરિની બધી સવારી પણ અનેક રીતે શણગારેલી હતી. ૩૨. ડંકા અને નિશાનો સુંદર હતાં. તે સહુની આગળ ચાલીને વિચિત્ર શોભાથી છવાઈ રહ્યાં હતાં. સવારીની આગળના ભાગમાં વાજિંત્રો વાગતાં હતાં. તેનાંથી ગામ અને ગગન ગાજી રહ્યાં હતાં. ૩૩. હરિભક્તો ગુલાલ લાવ્યા હતા. તે મનમાં આનંદિત થઈને ઉડાડવા લાગ્યા. ગુલાલથી જમીન, મકાનો અને આકાશ બધું લાલ લાલ થઈ ગયું હતું. ૩૪. શ્રીહરિની આગળ સહુ સંતો ચાલતા અને પ્રેમભાવથી ઉત્સવ કરતા હતા. સંતો ઝાંઝ અને મૃદંગ વગાડતા હતા અને પાર્ષદો બંદૂકોના અવાજ કરતા હતા. ૩૫.

લોકો શ્રીહરિને ફૂલહાર પહેરાવતા હતા. તેનો કોઈ પાર રહ્યો ન હતો. ફૂલહારનો તો માનો વરસાદ થતો હતો. જેમ અષાઢી મેઘ હેલી મચાવે, એવી સ્થિતિ થઈ હતી. ૩૬. ગામની સ્ત્રીઓ મોતીના થાળ લઈને જે આવી હતી તે શ્રીહરિને મોતીથી વધાવતી હતી અને મૂર્તિનાં દર્શન થવાથી થયેલો આનંદ

હૃદયમાં સમાતો ન હતો. ૩૭. શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે અશ્વ બધા સોનેરી સાજથી શણગાર્યો હતો. તે શણગારોમાં મોતી જડ્યાં હતાં. અને તે રીતે જ શ્રીહરિએ પણ શણગાર ધારણ કર્યાં હતાં. ૩૮. શ્રીહરિએ બધાં જ સોનેરી વસ્ત્રો અને સોનાના અલંકારો અંગો ઉપર ધાર્યાં હતાં. વળી તે બધામાં મોતી જડ્યાં હતાં. તેથી તે ચિત્ર વિચિત્ર લાગતાં હતાં. ૩૯. મોતી જડિત શિરપેચ બાંધીને તેના ઉપર મોતી જડિત કલગી રાખી હતી. પાઘના પેચ ઘણા સુંદર હતા અને તેમાં મોતીનાં તોરા લટકતા રાખ્યા હતા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ ધૂમધામથી નરસંડા ગામમાં પધાર્યા' એ નામે ત્રેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર આઠમું : તરંગ - ૪૪

ધ્યેયસ્વરૂપનું વર્ણન, શ્રીહરિનું ઉતારે પધારવું અને ભોજન ગ્રહણની વાત

શ્રીહરિનાં મસ્તક ઉપર મોતીનું છત્ર હતું અને મોતી જડિત ચામર બંને બાજુએ ઢળી રહ્યાં હતાં, તેની શોભા અતિશય છવાઈ ગઈ હતી. ૧. કાનમાં મોતીનાં કુંડળ હતાં તેનાથી ગાલ અતિશય સુંદર લાગતા હતા. ભવ્ય વાંકી ભ્રૂકુટિ પણ સુંદર લાગતી હતી. ૨. તે વિશાળ લલાટમાં ઘણું સારું કેસરયુક્ત ચંદન ચરચ્યું હતું અને વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો. મુખ પૂર્ણચંદ્રના સમાન હતું. તે કરોડો સૂર્યના સમાન ઝળકી રહ્યું હતું. ૩. દીવાની ચગ જેવી અથવા મણિના જેવી નાસિકા હતી. તેમજ કમળની પાંખડી જેવા નેત્ર, માછલી અને ખંજનના જેવા ચંચળ હતાં. જમણે ગાલે નાસિકાને નજીક રહેલું તિલનું ચિહ્ન નીલમણિના સમાન હતું. ૪. બંને કાન સુંદર શોભાદાર હતા. દેખનારાના મનને અત્યંત ખુશ કરી દેતા હતા. જેટલા સુંદર શબ્દ કહેવાય છે તે બધાનું સ્થાન તે શ્રવણ-કાન કહેવાતાં હતાં. ૫.

શ્રીહરિનાં નેત્ર સમસ્ત રૂપનું ધામ-આશ્રય સ્થાન છે અને ગંધમાત્રનું સ્થાન શ્રીહરિની નાસિકા છે. વળી તેમની રસના-જીભ છે તે રસમાત્રની ખાણ છે. ૬.

ડાબા કાનમાં સુંદર શ્યામ બિંદુ છે તેમાં મહામાયા નિવાસ કરીને રહે છે અને નાસિકાને નજીક જમણે ગાલે જે તિલ છે તે મહાપુરુષને રહેવાનું ઠેકાણું છે. ૭. **શ્રીહરિની જે નખશિખ મૂર્તિ છે તે રૂપ અને રસ આદિની ખાણ છે. તે નખશિખ સ્વરૂપનું જે ધ્યાન કરે છે, તેનાં ચિત્તમાં તે સ્વરૂપ ચોંટી જાય છે.** ૮. અનંત બ્રહ્માંડોનું જે રૂપ સૌંદર્ય છે તેને શ્રીહરિ પોતાનાં અંગોમાં ધારણ કરી રહ્યા છે. જેટલા મોક્ષભાગી જીવ છે, તેમને જ તે સર્વે શોભા-સૌંદર્યનાં દર્શન થાય છે. ૯. જે સામાન્ય બીજા મનુષ્ય છે તેઓ તો પોતાની બુદ્ધિને અનુસારે તેને દેખે છે. **જ્યારે જેના ઉપર સંતોની કૃપા થાય છે ત્યારે તેને જ તેવી અલૌકિક બુદ્ધિ પ્રાપ્ત થાતી હોય છે.** ૧૦.

ચોપાઈ :

संत क्रपा विन कोटि प्रकारा, अलोकिक मति न होत कोउ वारा;
वा हरिजन की क्रिया जेति, निरदोष मति देखे तेति...११
हरिजन कुं निरदोष जो देखे, अलोकिक मति सो होते विसेखे;
सत्संग बिन करे उपाय अपारा, तीर्थ व्रत करे वार न पारा...१२

સંતોની કૃપા વિના કરોડો પ્રકારે ઉપાય કરે તો પણ જીવને ક્યારેય તેવી અલૌકિક બુદ્ધિ મળતી નથી. તેવી જે બુદ્ધિ છે તે હરિભક્તોની બધી જ ક્રિયાઓને નિર્દોષ દેખે છે. ૧૧. જે બુદ્ધિ હરિભક્તોને નિર્દોષ દેખે છે તે વિશેષપણે અલૌકિક થાય છે. સત્સંગ સિવાયના અપાર ઉપાય કરે, તીર્થ અને વ્રત આદિકને પણ અપાર કરે, ૧૨.

કરોડો પ્રકારે જપ અને તપ કરે, અપાર દાન અને યજ્ઞ કરે, વેદો, પુરાણો, બધી સ્મૃતિઓ, મનમાં પ્યારથી વાંચે વિચારે, ૧૩. જગતમાં જેટલું ચાતુર્ય છે, તેને સિદ્ધિની જેમ શીખતો રહે, પણ એક સત્સંગ કર્યા વિના તે શીખે તો પણ શીખાશે નહીં. ૧૪. **તીર્થ, વ્રત, તપ, યજ્ઞ, જપ, અનેક પ્રકારના દાન એ બધું કરવાનું મુખ્ય ફળ એ જ છે કે સત્સંગ કરવો.** ૧૫. વેદો, પુરાણો અને બધી સ્મૃતિઓ એ બધાને વાંચી ભણીને અતિશય બુદ્ધિ માન થવું જોઈએ. ચોસઠ કળાઓને શીખીને ચાતુરી મેળવવી, ૧૬. પણ તે બધાનું ખરું ફળ તો સત્સંગ કરવો, તે જ છે તથા સમસ્ત અધર્મમાત્રનો

ત્યાગ કરવો. અને વ્યસન, નશો અને ફેલને જે શીખે છે તે તો અધર્મનો માર્ગ કહેવાય છે. ૧૭.

✵ જે રાખે સત્સંગનું તાન, તે બને છે મહાન :

सत्संग विन ओर तान हि जेता, ब्रह्मांड को सुख सब पावना तेता;
प्रधानपुरुष सम समर्थ होना, यह मग चित्त रात दिन प्रोना...१८
तिहाँ लग हरि को अलोकिक सुखा, देखेमें न आवत रहत लुखा;
सत्संग भये जानत तेहि बाता, ओरकुं नहीं आवत समझाता...१९

જેને સત્સંગ સિવાયનું બીજું તાન રહેતું હોય, બ્રહ્માંડનું સર્વે સુખ પ્રાપ્ત કરવાનું તાન રહેતું હોય, મહા પુરુષના સમાન સમર્થ થવાનું તાન રહેતું હોય અને એવા માર્ગમાં જેનું ચિત્ત રાત દિવસ પરોવાયેલું રહેતું હોય, ૧૮. તો ત્યાં સુધી તેને ભગવાનનાં સ્વરૂપનું અલૌકિક સુખ દેખાતું નથી અને તેનું મન હંમેશા લૂખું રહે છે. અને આ વાત તો જેને સત્સંગ થાય છે તેને જ સમજાય છે, બીજાને તે બાબત સમજમાં આવતી નથી. ૧૯.

જે સત્સંગી થયા હોય તેને કોઈ "તે તો માર્ગ ભૂલ્યા છે" એમ કહે, તો તેને તો પશુના તુલ્ય સમજવા. પશુઓને કોઈ પણ પ્રકારનું નિયમ હોતું નથી. તેમ નિયમ વિનાનો મનુષ્ય પણ તે પશુ જેવો જ કહેવાયને ? ૨૦. શ્રીહરિ પોતાના ભક્તોને અને બીજા સહુને આ રીતે દર્શન દેતા દેતા ગોસાઈજીના મઠમાં પ્રેમથી આવ્યા. સુંદર જગ્યા જોઈને ત્યાં ઉતારો કર્યો. સરસ એક પલંગ બિછાવી દીધો. ૨૧.

શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. સહુએ ખુશી થઈને ત્યાં સંત સભા કરી. વડ આદિ વૃક્ષોની સુંદર છાયા હતી તેમાં સંતોએ ઉતારો કર્યો. ૨૨. દરબારો અને પાર્ષદો, સહુએ ઉતારો કર્યો. જેને જે વસ્તુની આવશ્યકતા હતી તેને બધું અપાવ્યું. પરમ દયાળુ શ્રીહરિએ તે વિશાળ જગ્યાને દેખી, તેનાથી મનમાં પ્રસન્ન થયા. ૨૩. તળાવને કાંઠે એક સુંદર વડલો હતો. તે સભા કરવાને માટે યોગ્ય હતો. હરિભક્તોએ તે વડલે હિંડોળો બાંધ્યો. પછી શ્રીહરિ ત્યાં જઈને હિંડોળા ઉપર બેઠા. ૨૪. ત્યાં બધા સંતો અને હરિભક્તોની

સુંદર સભા થઈ. સંતો કીર્તન ગાવા લાગ્યા અને તે વેળાએ મહાન ઉત્સવ છવાઈ ગયો. ૨૫. જેટલી સભા હતી. તેમાં બેઠેલા બધા ફૂલમાં ગરકાવ થઈ ગયા હતા. તે જાતજાતના ફૂલો જેમાં ખીલ્યા હોય, એવો કોઈ ફૂલબાગ ન હોય ? તેમ દેખાતા હતા. ૨૬. તળાવને કિનારે સભા કરી. તેની શોભા અદ્‌ભુત બની હતી. હરિભક્તોમાં ઘણો જ ઉમંગ હતો એટલે તે દિવસ બધાને ઘણો જ આનંદ પૂર્ણ રહ્યો. ૨૭. ધરમદાસ પટેલ આદિ બધા હરિભક્તોએ ગોસાંઈજીની જગ્યામાં ઘણા જ પ્રેમથી સુંદર રસોઈ બનાવડાવી. ૨૮. સાકર નાખેલા ચૂરમાના લાડુ બનાવ્યા. તેમાં મનચાહ્યું ઘી નાખ્યું. ચારોળી આદિ તેજાના નખાવ્યા. તેનાથી તે લાડુ ઘણા સુગંધી થયા હતા. ૨૯. વડાં અને ભાતભાતનાં ભજિયાં બનાવ્યાં અને જાતજાતના શાક બનાવ્યાં. ભાજી અને વિવિધ પ્રકારના રાયતાં કર્યાં અને તે રીતે જ સુંદર લીલવા પણ કર્યાં હતાં. ૩૦.

જ્યારે બધી રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ચાખડીઓ પહેરીને ચાલ્યા. ગામમાં જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા. ૩૧. એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું, ચાતુર્યથી હાથ અને પગ ધોયા. રૂમાલથી હાથ પગ લૂછ્યા. પછી આવીને સોનાના બાજોઠ ઉપર બેઠા. ૩૨. વર્ણીએ જેટલાં ભોજન બનાવ્યાં હતાં તે થાળમાં ભરી ભરીને લાવ્યા. શ્રીહરિ જમવા લાગ્યા. 'રસોઈ ઘણી સ્વાદુ થઈ છે' એવું જમતા જમતા બોલ્યા. ૩૩. શ્રીહરિ ઘણા સ્નેહભાવથી જમ્યા. જેટલાં ભોજન બનાવીને પીરસ્યાં હતાં તે બધાં શ્રીહરિ જમ્યા. છેલ્લે દહીં અને ભાત લીધાં. ૩૪. દહીંમાં સાકર મેળવી. જેટલી રુચિ હતી તેટલું જમ્યા. જમી રહ્યા પછીનો થાળ દરબારોને આપ્યો. એક થાળ સંતોને આપ્યો. ૩૫. એક થાળ પાર્ષદોને આપ્યો. એક થાળ ગોસાઈને આપ્યો અને એક થાળ ચારણને આપ્યો કે જે પાકા એકાંતિક હરિભક્ત હતા. ૩૬.

શ્રીહરિવરે જમીને હાથ ધોયા. તે પછી મુખવાસ લીધો. પછી ખૂબ જ આનંદોલ્લાસથી ત્યાં સંતોની પંગત કરાવી. ૩૭. બધા દરબારો અને પાર્ષદો આવીને પંગતમાં બેસી ગયા. તેમની સરસ પંક્તિ થઈ ત્યારે સહુ ધૂન બોલવા લાગ્યા. ૩૮. જે હરિભક્તોએ રસોઈ કરાવી હતી તે બધા કેસરયુક્ત ચંદન

લઈને આવ્યા. ચંદનની અર્ચા કરીને શ્રીહરિની પૂજા કરી. પછી ફૂલહાર પહેરાવ્યા. ૩૯. તે રીતે જ સંતોને પણ ચંદન ચરચીને પૂજ્યા અને ફૂલહાર પહેરાવ્યા. તે પછી બધા પાર્ષદોને અને દરબારોને પણ પૂજ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'ધ્યેયસ્વરૂપનું વર્ણન, શ્રીહરિનું ઉતારે પધારવું અને ભોજન ગ્રહણની વાત' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર આઠમું : તરંગ - ૪૫

નરસંડાના ભક્તજનોએ પ્રત્યેક ઘરે શ્રીહરિની પધરામણી તથા પૂજા કરી

શ્રીહરિ સંતોની પંગતમાં પીરસવા આવ્યા. બંને હાથમાં લાડુ લીધા. પ્રત્યેકને બબ્બે લાડુ આપ્યા. ૧. રેશમી કોરવાળો રૂમાલ મસ્તકે બાંધી લીધો. ફૂલહાર તો તેના ઉપર હતા. તેનાથી મૂર્તિ અત્યંત શોભતી હતી. ૨. શ્રીહરિ દરબારોને અને પાર્ષદોને પણ પીરસવા લાગ્યા. જ્યારે લાડુ પીરસાઈ ગયા ત્યારે "વાસુદેવ હરે !..." એમ શ્રીહરિએ બોલીને જમવાની આજ્ઞા કરી. ૩. "લાડુ લ્યો... લાડુ લ્યો..." આવું બોલતા. શ્રીહરિ પંગતમાં ફરતા રહ્યા. જેને જેટલા જોઈએ તેટલા લાડુ પીરસતા હતા. ૪. રાજાધિરાજ શ્રીહરિ "લાડુ લ્યો... લાડુ લ્યો" એમ બોલતા બોલતા એક એક જમનારા સંત પાસે ગયા. જ્યાં સુધી સંતો જમ્યા ત્યાં સુધી શ્રીહરિ બોલતા બોલતા ફરતા રહ્યા. ૫. સંતો અને દરબારો જમીને તૃપ્ત થયા ત્યારે શ્રીહરિ પલંગ ઉપર આવીને બેઠા. પીરસવા માટે ફરવાથી અપાર શ્રમ થયો હતો તેથી શ્રીહરિ થોડીવાર પોઢી ગયા. ૬. શ્રીહરિને સંતોના ઉપર બહુ જ સ્નેહભાવ હતો અને તેથી જ ભાવે કરીને શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા હતા. શ્રીહરિ બોલતા કે સંતોની આટલી સેવા કરવાની અમને ટેવ પડી ગઈ છે. ૭.

चोपाई :

संत की करे हम सेव सदाई, इतनो लाभ हम मानत ताई;
संत सेवे अपार हि लाभा, सेव विन दिन मानत अलाभा...०८

साधन सो कहे बहुत भाँती, समय समय के जाती जाती;
ताको फल हे संत की सेवा, संत सेवे हरि रीझे ततखेवा...०९
धर्म रखि संत सेवे जबही, फलिभूत सद्य होत हे तबही;
धर्म विन करे साधन कोटी, मिलत न प्राप्ति ताको मोटी...१०

અમે સંતોની હંમેશા સેવા કરીએ છીએ, જેટલી સંતોની સેવા થાય તેટલો અમે લાભ માનીએ છીએ કેમજે, સંતોની સેવા કરવાથી જ અપાર લાભ થાય છે. સેવા વિનાનો દિવસ ગયો હોય તો તેને અમે નુકશાન માનીએ છીએ. ૮. સમય સમય પ્રમાણે જાતજાતના કલ્યાણનાં સાધન ઘણી રીતનાં કહ્યાં છે. સાધન માત્રનું ફળ છે સંતોની સેવા અને સંતોની સેવા કરવામાં આવે તો ભગવાન તુરંત રાજી થાય છે. ૯. ધર્મમર્યાદા રાખીને જો સંતોની સેવા કરાય તો તે સેવા તત્કાળ ફળીભૂત થાય છે. ધર્મમર્યાદાને રાખ્યા વિના કરોડો સાધન કરવામાં આવે તો તેને યથાર્થ (મોટું) ફળ મળતું નથી. ૧૦.

શ્રીહરિએ પોઢતી વેળાએ આટલી વાત એટલા માટે કરી કે સહુ હરિભક્તો તેને યાદ રાખે. તે વખતે ત્યાં જે હરિભક્તો બેઠા હતા તેમણે તે વાતને મનમાં ધારી લીધી. ૧૧. તે વાતને સાંભળીને સંતો તેનું મનન કરીને તે વિચારરૂપ ઉપાયને પાકો કરી રાખતા. તે વખતે બધા સંતો મધ્યાહ્ન પછીનું સ્નાન કરીને પાછા આવ્યા. ૧૨. ત્યાર બાદ શ્રીહરિ તળાવને કિનારે આવ્યા. હિંડોળા ઉપર બેઠા. તે સમયે ત્યાં વિવિધ પ્રકારના બધાં વાજિંત્રો વાગવાં લાગ્યાં. ૧૩. બધા સંતોની સભા ભરાણી. વર્ણીઓ આવ્યા. દરબારો પણ આવીને બેસી ગયા. પાર્ષદો સહુ આવ્યા અને શ્રીહરિની સેવામાં ખડે પગે ઊભા રહ્યા. ૧૪. જે હરિભક્તોએ રસોઈ આપી હતી તે બધા અરજ કરવા આવ્યા. પોતાના ઘરને પાવન કરવા માટે બહુ પ્રાર્થના કરી. ૧૫.

હરિભક્તોનો ઘણો જ ભાવ જોઈને શ્રીહરિએ ચરણમાં ચાખડીઓ પહેરી અને તરત જ ચાલવા લાગ્યા અને તે સમયે જ ગામમાં આવ્યા. ૧૬. સહુ પહેલા ધર્મદાસ પટેલને ઘેર આવ્યા. વિવિધ પ્રકારના વાજિંત્રો ઘણાં વાગી રહ્યાં હતાં. ઘરની આગળ મંડપ કરાવ્યો હતો અને તેને વિવિધ રીતે શણગાર્યો હતો. ૧૭. મનમાં જેવી ઉમેદ હતી તે પ્રમાણે તેને પૂર્ણ કરીને

અવસર સુધારી લીધો. શ્રીહરિને પલંગ ઉપર પધારાવ્યા અને થાળ ભરી ભરીને બધી પૂજા લાવ્યા. ૧૮. બધા સંતોએ આવીને ત્યાં સભા કરી. બધા દરબારો પણ ત્યાં રાજીપે બેઠા. વર્ણીઓ પણ સભામાં બેઠા. તે સંતોની સભા ઘણી શોભતી હતી. ૧૯. સુગંધીમાન કેસરયુક્ત ચંદન હરિભક્તો લાવ્યા અને તે શ્રીહરિનાં લલાટમાં ચરચ્યું. તેને મધ્યે કુંકુમનો લાલ ચાંદલો કર્યો. ૨૦.

ચંદનયુક્ત કેસર બધા અંગો ઉપર ચરચ્યું. તે પછી ફૂલહાર પહેરાવ્યા. ઘણા જ પ્યારથી હાથમાં બાજુબંધ બાંધ્યા. ૨૧. ફૂલના ગજરા અને પહોંચી ધરાવી અને મસ્તકે ફૂલની ટોપી પહેરાવી. ટોપીના ઉપર તોરા અને કલગી પણ કરી હતી. અને ગુલાબના ગુચ્છ કાન ઉપર ધરાવ્યા. ૨૨. સોનાનાં જડાઉ બે કુંડળ કાનમાં પહેરાવી દીધાં. સોનાનાં બે ઝાંઝર બંને ચરણોમાં પહેરાવ્યા. ૨૩. બંને ચરણોને દૂધમાં ધોયા, એમ વિધિ પ્રમાણે પૂજા કરી. કેસરીચંદન ચરણોના ઉપર ચરચીને પછી પ્રેમરસમાં તરબોળ થયેલા તે ભક્તોએ તે ચરણોને પોતાની છાતી ઉપર ચાંપ્યાં. ૨૪. વારંવાર "જય જયકાર" કરીને કપૂરથી આરતી ઉતારી. બંને હાથ જોડીને પ્રેમથી વારંવાર સ્તુતિ કરી. ૨૫.

હે પ્રભુ ! મારી મતિ હંમેશા સત્સંગમાં જ રહે, પણ બીજે ક્યાંય જાય નહિ. હું આપની પાસે આટલું જ માગું છું તો આપ કૃપા કરીને મને તે વર આપો. ધર્મદાસે આવું કહ્યું. ૨૬. ધર્મદાસના જે કુટુંબીઓ હતા તેમણે પણ ઘણા જ સ્નેહ ભાવથી શ્રીહરિની પૂજા કરી અને અલૌકિક લહાવો લીધો. ૨૭. ઘણી નિપુણતાથી સંતોને અને વર્ણીઓને ચંદનની અર્ચા કરીને ફૂલના હાર પહેરાવ્યા. આ રીતે ઘણા પ્રેમભાવથી તે પૂજા કરી. ૨૮. સંતોને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. તે વર્ણી પણ સંતોની ભેળા જ આવી ગયા. ગામમાં જેટલાં હરિભક્તોનાં ઘર હતાં ત્યાં બધે શ્રીહરિની પધરામણી કરી. ૨૯. ધર્મદાસે જેવી પૂજા કરી. તેમના જેવી બીજા હરિભક્તોએ પણ પૂજા કરી.

નરસંડામાં જે વિપ્ર હરિભક્તો બાઈ-ભાઈ હતા. ૩૦. તે સહુએ પણ શ્રીહરિની પૂજા કરી. મનની કોઈ ઇચ્છા બાકી ન રહેવા દીધી. મનનાં ઘણા જ પ્રેમ ભાવથી સહુએ શ્રીહરિને ઘેર ઘેર પધરાવીને જમાડ્યા. ૩૧.

પોતપોતાના ભાવ પ્રમાણે સહુએ વસ્ત્ર પણ ઓઢાડ્યાં. જે સેવા કરી, તે બધી કહી શકાતી નથી. આ તો સંક્ષેપથી કહું છું. કરેલો બધો વિધિ તો લખી શકાતો નથી. ૩૨. હરિભક્તોએ અપાર સેવા કરી હતી. તેનો ચોક્કસ નિર્ધાર કોણ કરી શકે ? હરિભક્તોની સેવા કરતા તો શ્રીહરિ કરોડગણો વધારે ઉપકાર કરતા હોય છે. ૩૩. જેના હૃદયમાં શુદ્ધ વિવેક રહ્યો હોય છે તેને બધું યથાર્થ રૂપમાં દેખાય છે. તે શુદ્ધ વિવેક વિના દેખાતું નથી. ભગવાન શ્રીહરિ તો કલ્પ્યામાં પણ ન આવે એવા ઉપકાર કરે છે. ૩૪.

જે પરમાત્મા અલક્ષ્ય-અકલ્પ્ય છે, તેની વાતને કોઈ વિચારતા નથી અને એટલે જ તેઓ સંસારમાં ભટક્યા કરે છે. સંતોની વાતો સાંભળી સાંભળીને આ જગતમાં જે સત્સંગી થયા છે, ૩૫. તે બધા શ્રીહરિએ કરેલા અનંત ઉપકારોનો રાત દિવસ વિચાર કરતા હોય છે અને તેથી જ તે હરિભક્તો શ્રીહરિની સેવા કરતા હોય છે, તેમ છતાં પણ તે ભક્તો તે સેવાને અલ્પ માનતા હોય છે. ૩૬.

નરસંડા ગામમાં ચારણ જાતિના જે બાઈ-ભાઈ સત્સંગી હતા તેમણે પણ શ્રીહરિની પોતાના દરેક ઘરમાં પધરામણી કરીને પૂજા કરી હતી. ૩૭. તેમણે કેસરચંદનની અરચા કરીને ફૂલહાર પહેરાવ્યા. પ્રેમથી આરતી કરીને બહુ પ્રકારે સેવા કરી. ૩૮. વારંવાર થાળ કરાવીને શ્રીહરિને ઘણા પ્રેમથી જમાડ્યા. અમૂલ્ય વસ્ત્રો અને શાલ ઓઢાડી. આ રીતે તેમણે બહુ લાભ લીધો. ૩૯. તે ગામમાં જે જે ભાવિક લોકો હતા તેમણે શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા અને પ્રેમમગન થઈને સહુએ પૂજા કરી હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'નરસંડાના ભક્તજનોએ પ્રત્યે 'ઘરે શ્રીહરિની પધરામણી તથા પૂજા કરી' એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર આઠમું : તરંગ - ૪૬

શ્રીહરિ નરસંડાથી વડતાલની નજીક પહોંચ્યા તથા દરબારોએ આશ્ચર્ય જોયું

શ્રીહરિ ઉતારે આવ્યા. તે સમયે યોગ્ય અવસર સમજીને ભાવિક હરિભક્તો શેરડી ઘણી લાવ્યા. ૧. તે સિવાય તાજો બનાવેલો ગોળ પણ લાવ્યા અને શ્રીહરિ આગળ તે ગોળ ધરાવ્યો. ત્યારે શ્રીહરિએ સંતો, વર્ણી, અને પાર્ષદોને તે શેરડી અને ગોળ હરખભેર આપ્યા. ૨. ગામના હરિભક્તો જે હાજર હતા તેમને પણ શ્રીહરિએ શેરડી અને ગોળ આપ્યા. તે સહુ પહેલા શ્રીહરિ જમ્યા અને આ રીતે ત્યાં શેરડી ઉત્સવ કર્યો. ૩. અહીંયાં નરસંડામાં શ્રીહરિ એકરાત રહ્યા. હરિભક્તોને અતિશય સુખ આપ્યું. તે વાત પૂરી કહી શકાતી નથી. અહીંયાં તો તે બીજ માત્ર જ કહી છે. ૪. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતોએ ધૂન બોલવાનું શરૂ કર્યું. તે વેળાએ બધા જ સંતો ઊઠી ગયા. “નારાયણ ! હરે !” એવું નામ બોલતા હતા. ૫.

મનમાં ઘણો જ પ્રેમ કરીને “રામ કૃષ્ણ ગોવિંદ !” એવા અપાર નામ લેતા હતા. વર્ણી, પાર્ષદ કે હરિભક્ત, ધૂન વખતે કોઈ સૂઈ રહેતા નહિ. ૬. ક્યારેય કોઈ પ્રમાદ કરીને સૂઈ રહેતા નહિ. જો સૂઈ રહે તો તેને બધા “નાદાર” કહેતા. નાના મોટા બધા સંતો એવું વર્તન રાખતા કે ધૂન વખતે કોઈ સૂવે નહિ. ૭. સભા સમયે અને કથામાં બધા તત્પર રહેતા. પોતાનાં આસન ઉપર કોઈ બેસી રહેતા નહિ. બધા સંતોને એક જ તાન હતું. વર્ણી અને પાર્ષદો પણ સંતોના જેવા જ હતા. ૮. શું ભોજન કરવામાં કોઈ પ્રમાદ કરે છે ? નથી કરતા. તેવી જ વાત ધૂન, ભજન અને કથા વાર્તામાં યાદ રાખતા હતા. જ્યારે પોતાનું પેટ છૂટી જાય - ઝાડા થઈ જાય ત્યારે વરસાદ હોય, ટાઢ હોય, તડકો હોય, ૯. તો તેમાં લેશમાત્ર પણ પ્રમાદ કરાતો નથી. તે સમયે તે ક્રિયા કરવામાં હંમેશા તત્પર રહેવું પડે છે. જ્યારે કોઈએ વચનનું બાણ માર્યું હોય ત્યારે તેને તે લગારેક પણ સહન થાતું નથી. ૧૦.

તે રીતે જ સંતો ભગવાનનું ભજન કરવામાં લેશમાત્ર પણ પ્રમાદ કરતા નહિ. નિત્ય સેવા કરવી, ભજન ભક્તિ કરવી, કથા-વાર્તા અને

કીર્તન ગાવા, ૧૧. તેમાં સંતો દિન પ્રતિદિન ઘણો જ આદરભાવ રાખતા. ક્યારેય પ્રમાદને આવવા દેતા નહિ. જે સંતોને ભગવાનનાં સ્વરૂપનું દૃઢ અને યથાર્થ જ્ઞાન હતું તેઓ તો પ્રમાદને શત્રુના સમાન માનતા. ૧૨. જેને ભગવાનને રાજી કરવાનું તાન ન હોય તેની રીત તો વિપરીત હોય છે. તેઓ પ્રમાદને જ પોતાનો હેતુ-હિતકારી માને અને સંતોની સાથે તેનું ચિત્ત મળે નહિ. ૧૩. અમૂલ્ય સત્સંગ મળ્યો હોવા છતાં તે વગર દુઃખે દુઃખિયો રહે છે. અનંત દુઃખથી છૂટવાનું સાધન તો સત્સંગ જ છે. એટલે એવું બીજું કયું સ્થાન છે કે જ્યાં જઈને દુઃખથી છૂટી શકાય. ૧૪. આવું સમજીને બધા સંતો પ્રમાદને અને મોહને ક્યારેય રાખતા નહિ. સંતો અત્યંત સમર્થ અને બળવાન હતા. ધૂન કર્યા પછી સ્નાન કરવા ચાલ્યા. ૧૫.

પરમ દયાળુ શ્રીહરિ તત્કાળ ચાલ્યા. જંગલ (શૌચ) જઈ આવીને દાતણ પાણી કર્યા. સંતો અને દરબારોની સાથે તળાવમાં નાહ્યા. ૧૬. શ્રીહરિ જ્યારે નાહી રહ્યા ત્યારે તરત જ પાણીથી બહાર નીકળ્યા. શરીર કોરું કરીને એક પીતાંબર પહેર્યું અને બીજું પીતાંબર ઓઢી લીધું. ૧૭. ચરણકમળમાં ચાખડીઓ પહેરી. પછી પ્યારા શ્રીહરિ ઉતારે આવ્યા. ત્યાં તત્કાળ દેવાર્ચન કર્યું. બાળમુકુંદની સેવા પૂજા કરી. ૧૮. સેવા કરીને શ્રીહરિએ નીકળવાની તૈયારી કરી. બધી સવારી પણ તૈયાર જ હતી. સમગ્ર સંતો ચાલવા તૈયાર થયા. તે વેળાએ શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૧૯. શ્રીહરિ ગામની બજારે નીકળ્યા ત્યારે ગામવાસી અપાર લોકો આવી ઊભા હતા. પ્રસન્ન મનથી સહુ દર્શન કરતાં પણ શ્રીહરિ ચાલ્યા એટલે સહુ દુઃખી થઈ ગયા. ૨૦.

ભક્તજનો સહુ હાથ જોડીને શ્રીહરિવરને કહેવા લાગ્યા. આપે અમારી સાથે પ્રીત કરીને તરત જ તોડી નાખી છે પણ અમારાથી તે પ્રીત તોડી શકાતી નથી. અને તેને કારણે જ અમે બધા દુઃખી થયા છીએ. ૨૧. માનો, અમે આપની સાથે અત્યારે જ ચાલી નીકળીએ. અમને આ ઘર અને કુટુંબ પરિવાર બધું ખારું થઈ ગયું છે. અમે જે કાંઈ રસ માન્યો છે તે બધાને તો આપ લઈને ચાલતા થયા છો. ૨૨. હવે તો ગામ અને ઘરબાર બધું ઊજડ લાગે છે. આપની સાથે અમને પૂરો પ્યાર થયો છે. આપનાં વચનમાં રહીએ છીએ અને તે વચનને આધારે જ

શરીરમાં પ્રાણ ચાલી રહ્યા છે. ૨૩. પુરવાસી લોકો જ્યારે આવું બોલતા હતા. ત્યારે શ્રીહરિએ તેમની સાથે હેતે કરીને વાત કહી, તમે બધા કહો છો તે રીતે જેને સત્સંગમાં હેત-પ્રીત થઈ હોય, માનો તે લોકો અત્યારે જગતને જીતી ગયા છે. ૨૪.

दोहा : अनंत हि साधन करीके, ताको फल हे एह;
सत्संग में करना प्रीत अचल, जिमि निज कुटुंब देह...२५
कुटुंब देह मिथ्या जानना, सत्संग करना जाहि;
मिथ्या न जाने ताहिकुं, विघ्न करत हे आहि...२६

અનેક સાધન કરીને તેનું ફળ એ લેવાનું છે કે જેવી પોતાના કુટુંબમાં અને દેહમાં છે તેવી પ્રીત સત્સંગમાં અચળ કરવી. ૨૫. જેને સત્સંગ કરવાનો હોય તેણે પોતાના દેહને અને કુટુંબને મિથ્યા જાણવું જોઈએ. જો તેને મિથ્યા જાણવામાં ન આવે તો તે તેમાં જરૂર વિઘ્ન કરે છે. ૨૬. નરસંડા ગામવાસી ભક્તોની સાથે આટલી વાત કરીને શ્રીહરિ સત્વરે ત્યાંથી ચાલતા થયા. જ્યાં ગામની બહાર સંતો કીર્તન ગાતા હતા ત્યાં આવી પહોંચ્યા. ૨૭. તે ગામના બધા હરિભક્તોને શ્રીહરિએ ત્યાં ઊભા રાખ્યા અને પોતાના અશ્વને આગળ ચલાવ્યો. એટલે આગળ જાતા વડતાલને નજીક આવ્યા. ૨૮. શ્રીહરિ **વડતાલ**ની પાસે આવી ગયા ત્યારે ગઢપુરના દરબાર એભલખાચર તથા જીવાખાચર અને બીજા જે દરબારો ક્યારેય વડતાલ આવ્યા ન હતા પણ શ્રીહરિની સાથે સત્સંગમાં બહુ ફરતા હતા. ૨૯. તે બધાએ અપાર વૃક્ષોને અને તેના ઘાટાં વનને જોયા. તેથી તેઓ ખૂબ જ ખુશ થઈ ગયા. શોભાનો કોઈ પાર ન હતો. વૃક્ષો એક એકથી અધિક સુંદર લાગતા હતા. તેવી રીતે જ પક્ષીઓ પણ દેખાયાં. ૩૦. શ્રીહરિ તે ભૂમિમાં પધાર્યા તેને દેખીને જે વૃક્ષો અને તેના વન હતાં તે બધા આનંદથી ખીલી ઊઠ્યાં. તે વૃક્ષ કે વન બધા "સ્વામિનારાયણ" આવો શબ્દ બોલી રહ્યા છે. ૩૧.

તે વન ફરતા જેટલા પશુઓ અને પંખીઓ હતા તે પણ "સ્વામિનારાયણ" શબ્દને ઉચ્ચારી રહ્યા છે. તે જોઈને બધા દરબારોને આશ્ચર્ય થયું અને બોલ્યા કે આવી વાત તો ક્યાંય અને ક્યારેય સાંભળી કે દેખી નથી. ૩૨. ભાગવતમાં એવી વાત સાંભળી હતી કે શુકદેવજી અને વ્યાસ, બંને વન અને વૃક્ષો દ્વારા

પરસ્પર બોલ્યા હતા. તે વાત અહીંયાં પ્રત્યક્ષ દેખાણી. આ પ્રદેશના જેવો બીજો કોઈ દેશ નથી. ૩૩. જો શ્રીહરિ આપણને અહીં લાવ્યા ન હોત તો આવું આશ્ચર્ય આપણને દેખવા મળત નહિ અને બીજાની કહેલી વાત ક્યારેય સાચી મનાત નહિ. એવી વાત બધી અહીં પ્રત્યક્ષ દેખી. ૩૪.

❋ શ્રીહરિની સર્વકારણતા :

ત્યારે તે બધા દરબારોની આગળ પર્વતભાઈ બોલ્યા, તમે બધા શ્રીહરિની સાથે રહો છો પણ હજુ તમને શ્રીહરિનાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન નથી. **આ વન, વૃક્ષ, પશુ અને પંખીઓમાં તમને જે અત્યંત દૈવત દેખાય છે,** ૩૫. **તે બધું દૈવત આ મૂર્તિનું છે. આપણા સત્સંગમાં અનેક આશ્ચર્ય રહ્યા છે. તે બધામાં આ મૂર્તિ વિના કોઈનામાં દૈવત નથી.** દરબારો, તમે આવો વિવેક સમજો. ૩૬.

दोहा : आश्चर्य हि ब्रह्मांड में, जेते अगाध हे जोउ;
सब हि हे यह मूर्त्ति को, मूर्त्ति विन नहीं कोउ...३७
जो जो जोना आश्चर्य, नित नित नये अपार;
यह मूर्त्ति को देखना, हरिजन दृढ निरधार...३८

અરે ! આ બ્રહ્માંડમાં પણ જે જે અગાધ આશ્ચર્ય રહ્યાં છે, તે બધાં આ મૂર્તિનાં જ છે. મૂર્તિનાં વિના બીજા કોઈના નથી. ૩૭. નિત્ય નવા, એવા અપાર આશ્ચર્ય દેખાય છે. તે બધા આ મૂર્તિનાં જ છે, એમ બધા હરિભક્તોએ દઢ પણે નિર્ધારિત સમજી રાખવું. ૩૮. શ્રીહરિની ઇચ્છા વિના કોઈ આશ્ચર્ય દેખાય નહિ. જે દિવસથી આ સ્વરૂપ (મૂર્તિ) અમને મળ્યું છે ત્યારથી અમે તેમ સમજીએ છીએ. ૩૯. જ્યારથી અમને સત્સંગ થયો છે ત્યારથી આરંભીને અમને આ મૂર્તિનો રંગ લાગ્યો છે અને આ મૂર્તિને સહુનું કારણ માનીએ સમજીએ છીએ. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ નરસંડાથી વડતાલની નજીક પહોંચ્યા તથા દરબારોએ આશ્ચર્ય જોયું' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર આઠમું : તરંગ - ૪૭

વડતાલના સત્સંગી પરિવારોના નામ કહ્યા

"શ્રીહરિ આવે છે" એવું સાંભળીને વડતાલવાસી બધા જ લોકો સન્મુખ આવ્યા. કારણ કે બધા જ લોકો હરિભક્ત થયા હતા. ૧. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પર્યંત સમગ્ર મનુષ્યો આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. તેને ગણવામાં આવે તો પણ પાર આવે તેમ ન હતું. ૨. હરિભક્તોમાં પાટીદાર મુખ્ય હતા. તે એટલા બધા હરિભક્ત થયા હતા કે તેમની ગણતરી થઈ શકે તેમ ન હતું. ૩. તે ભક્તો એકએકથી સરસ અધિક સત્સંગી થયા હતા. જેમ પોતાનાં કુળ અને કુટુંબ ઉપર ભાવના હોય તેમ વડતાલના પાટીદારોને શ્રીહરિ તથા સંતોના ઉપર હરખભરી અતિ ભાવના હતી. ૪. તેઓ બધા ફૂલહાર લાવ્યા હતા. તે શ્રીહરિને અને સંતોને પહેરાવી દીધા. જે શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ ભેટ ધર્યાં અને વારંવાર પગે લાગ્યા. ૫.

વર્ણી, દરબારો અને પાર્ષદો, સહુને હાર પહેરાવ્યા. કોઈ બાકી રહ્યા નહીં. પાટીદારોમાં કુબેરદાસ અને કિશોરદાસ મુખ્ય સત્સંગી હતા. ૬. તેમના પરિવારના જે સત્સંગી થયા હતા, તેમના નામ પણ કહું છું. તેમાં કુબેરદાસને આઠ પુત્ર હતા અને બે પુત્રીઓ હતી. ૭. તેમાં મોટા પુત્રનું નામ બેચરદાસ હતું. દાજી અને રાયજી, તે બે તેથી નાના અને સુખી હતા. તે પછીના ભાઈજી, રણછોડદાસ, કહાનદાસ, વ્રજલાલ અને મૂળજી, એ આઠ પુત્ર હતા. મોટીબાઈ અને રૂપબાઈ બે પુત્રીઓ હતી. દસેની માતાનું નામ કહળબાઈ હતું. એ બધા જ સારા સત્સંગી હતા. ૮-૯.

તેમાં બેચરદાસના પુત્ર ડુંગરભાઈ થયા અને ડુંગરભાઈના રામદાસ જેઠો અને ગોવિંદજી એ ત્રણ પુત્ર થયા. ૧૦. તે કુબેરદાસના બધા જ પૌત્રો સારા હરિભક્ત થયા. એક એકથી અધિક સત્સંગ અત્યારે પણ રાખે છે. દાજીભાઈને વાલજી નામે એક જ પુત્ર હતો. તેણે પણ સત્સંગની દૃઢ ટેક રાખી હતી. ૧૧. રાયજીભાઈના પુત્ર અજુભાઈ, જોરાભાઈ, જીજીભાઈ, લલ્લુભાઈ અને દાદાભાઈ હતા. ઘણો મોટો પરિવાર હતો. કેટલા નામ લખવા. ૧૨.

જોરાભાઈના પુત્રનું નામ તુલસીદાસ હતું. ભાઈજીના પુત્રના નામ હવે કહું છું. ૧૩. એક હરિભાઈ અને બીજા કૃષ્ણદાસ હતા. હરિભાઈને એક પુત્રી હતી. કૃષ્ણદાસને ઇચ્છાભાઈ અને શંકરભાઈ એ બે પુત્ર હતા. ૧૪. રણછોડદાસ સારા હરિભક્ત હતા તેને એક પુત્ર મીઠાભાઈ હતા. શંકરભાઈ અને હરિદાસ એ મીઠાભાઈના બે પુત્ર હતા. ૧૫. કહાનદાસને દેસાઈભાઈ અને વસ્તાભાઈ, એ બે પુત્ર હતા. વસ્તાભાઈને ભગાભાઈ નામે શુદ્ધમનવાળો એક પુત્ર હતો. ૧૬.

કિશોરદાસને જીવાભાઈ, વેરી ભાઈ, ગોપાળજી, કાકુભાઈ અને ખુશાલભાઈ એ પાંચ પુત્ર હતા. બધા જ સારી રીતે સત્સંગને દૃઢ પણે રાખતા હતા. ૧૭. એ બધા પરિવારને સત્સંગની તુલનામાં બીજું કાંઈ અધિક ન હતું. બધો પરિવાર એવો દૃઢ સત્સંગી થયો હતો. દાદાભાઈ અને જેસંગભાઈ તે કિશોરભાઈ બીજાના પુત્ર હતા. ૧૮. દાદાભાઈને ભાઈબા અને ધોરીભાઈ બે પુત્ર હતા. ભાઈબાના પુત્ર દ્વારકાદાસ અને ધોરીભાઈને મોતીભાઈ તથા ઝવેરભાઈ નામે બે પુત્ર હતા. ૧૯. જેસંગભાઈને જીવાભાઈ, દલાભાઈ અને શામળદાસ એમ ત્રણ પુત્ર હતા. તેમાં દલાભાઈને ભીખાભાઈ અને ભવાનભાઈ બે પુત્ર હતા. ભીખાભાઈના પુત્ર હાંહજી (આશજી) અને વેણીભાઈ હતા. ૨૦. શામળદાસને પ્રાગદાસ અને લલ્લુભાઈ નામે બે પુત્ર હતા. થોભણદાસના લાલદાસ અને જોરાભાઈ પુત્ર હતા. ૨૧. લાલદાસના પુત્ર દ્વારકાદાસ અને ગોપાળ નામે હતા. મથુરભાઈ અને જેઠાભાઈ, એ બે જોરાભાઈના પુત્ર હતા. ૨૨.

થોભણદાસના પુત્ર વાસણજી, નરોત્તમદાસ અને નૃસિંહદાસ હતા. નરોત્તમદાસના પુત્ર ત્રિકમજી હતા અને નૃસિંહદાસના પુત્ર રણછોડભાઈ હતા. ૨૩. આ બધા એક જ ઘરનો પરિવાર હતા. બધા જ શ્રેષ્ઠ હરિભક્ત થયા હતા. ભાઈજીભાઈ નામે હરિભક્ત હતા તેને ગલાભાઈ, દલાભાઈ અને ગિરધર એ ત્રણ પુત્ર હતા. ૨૪. તેમાં દલાભાઈને પ્રભુદાસ, ગોવિંદ અને વાલદાસ, એવે નામે ત્રણ પુત્ર હતા. તે સારા હરિભક્ત થયા હતા. ૨૫. રાયજીના પુત્ર મૂળજીભાઈ હતા અને તે મૂળજીભાઈને

રામદાસ, મથુરભાઈ અને ત્રિકમભાઈ એ ત્રણ પુત્ર હતા. ૨૬. વસનદાસને કહાનદાસ અને ધર્મદાસ નામે બે પુત્ર હતા. તે ઈટોલદાસ નામે થઈ ગયા હતા તેના પરિવારમાં કહેવાતા હતા. ૨૭. એ બધા પરિવારના પરિવાર સારા હરિભક્ત થયા હતા. તેઓ દિન પ્રતિદિન શ્રીહરિ અને સંતોના ઉપર અધિક અધિક પ્રેમભાવ રાખતા હતા. ૨૮.

વિપ્રોમાં બે જણ સત્સંગી થયા હતા. એક વનમાળીભાઈ અને બીજા મહેતા ડાહ્યાભાઈ, વનમાળીની પુત્રીનું નામ અવલબાઈ હતું. અવલબાઈના પુત્રનું નામ હરિશંકર હતું. ૨૯. ગોસાઈમાં એક જ હરિભક્ત હતા. તેનું નામ નારાયણગિરિ હતું. તેના શિષ્ય માનગિરિ અને શંકરગિરિ ગૃહસ્થ કહેવાતા. ૩૦. તેમના સંબંધી જે ગોસાઈ હતા તે "મોગરી" વગેરે ગામોમાં રહેતા હતા. તેમાં જે રૂડી બુદ્ધિવાળા હતા તેઓ સત્સંગના ઉપર ઘણો સદ્‌ભાવ રાખતા હતા. ૩૧.

વડતાલમાં શેઠ રાયજી વણિક ઘણા પાકા સત્સંગી હતા અને તેમના બહેન અચરજબાઈ પણ તેવા જ દૃઢ હરિભક્ત થયા હતા. ૩૨. હવે ભાયા પગીના પરિવારના નામ લખું છું. ભાયા ભાઈને શંકર, સુંદર, દલો અને જોબન, એ ચાર પુત્ર હતા. ૩૩. શંકરના પુત્ર ખોડાભાઈ અને ભવાનભાઈ હતા. સુંદરપગીના પુત્ર ઓધારજી હતા. જોબનના પુત્ર જગમાલ અને અમરસિંહ હતા. એ બધા ઘણા સારા હરિભક્ત હતા. ૩૪. રળિયાતબા અને સૂરજબા, એ બે જોબન પગીની પુત્રીઓ હતી. તે બંનેએ સંસારના સુખનો ત્યાગ કરીને સાંખ્યયોગનું જીવન સ્વીકાર્યું હતું અને જીવનભર શ્રીહરિનું ભજન કર્યું હતું. ૩૫. જોબન પગીની 'મા' વખતબા પણ ઘણા શ્રેષ્ઠ સત્સંગી થયા હતા. તેણે શ્રીહરિની ઘણી જ સેવા કરી હતી અને ઘરબાર વગેરે શ્રીહરિને અર્પણ કરી દીધું હતું. ૩૬.

બીજા એક વેણા પગી હતા તેને જુહાજી, ખોડો અને સુરતો, એ ત્રણ પુત્ર હતા. જુહાજીના પુત્રનું નામ વાલો હતું અને જુહાજીની 'મા'નું નામ અવલબા હતું. ૩૭. તે વખતબા (જોબનપગીના મા) ની બહેન હતા. તેમનો સત્સંગ સર્વોત્તમ હતો અને તેમણે શ્રીહરિને વારંવાર રાજી કર્યા હતા. ૩૮. બોઘા પગીના પુત્ર વખતો પગી હતા. તે સારા સત્સંગી હતા. ઉજમ અને ઓધાર, એ બે

વખતા પગીના પુત્ર હતા. ૩૯. એક રામસિંહ પગી અને તેના પુત્ર અવલસિંહ, એ બધાએ અનીતિ છોડી દીધી હતી અને ઘણા સારા સત્સંગી થયા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'વડતાલના સત્સંગી પરિવારોના નામ કહ્યા' એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર આઠમું : તરંગ - ૪૮

બાકી રહેલા હરિભક્તોના નામ કહ્યા તથા શ્રીહરિએ વડતાલપુરમાં પ્રવેશ કર્યો

ભગવાન શ્રીહરિનાં શ્રેષ્ઠ ભક્તો વડતાલમાં થયા. તેના નામ ઉપર કહ્યા. તેમાંથી બાકી રહી ગયા છે તેને હવે હું કહું છું. ૧. વડતાલમાં દાલાભાઈ અને કાળાભાઈ નામે બે સગાભાઈ પગી સત્સંગી હતા. તેમની બહેનો અમરબા અને જીવીબા, એ બધા શુભ અને શુદ્ધ વર્તન રાખનારા ઉત્તમ સત્સંગી હતા. ૨. એક અન્ય કરણા પગી સત્સંગી હતા. તેના પુત્ર વિક્રમ પગી અને દીપા પગી હતા. તેમાં વિક્રમના પુત્ર હમીર અને રાયજી હતા. ૩. દીપા પગીના પુત્ર ઝાલા પગી હતા. તે સિવાય એક દેવકરણ પગી, ધર્મનિષ્ઠ આશજીપગી, ગુમાનજી અને આહકરણ પગી સારા સત્સંગી હતા. ૪.

સુરસિંહજીના પુત્ર ખોડા પગી અને બહેચરપગી હતા. એક મંગળ પગી અને થોભણ પગી હતા. થોભણના પુત્ર નથુ પગી અને નથુના પુત્ર પથુપગી હતા. ૫. હવે જે સુતાર હરિભક્તો થયા હતા તે બધાના વંશે સહિત નામને કહું છું. તેમાં વાસણ, ભવાન અને રઘુ એ ત્રણ ભાઈ હતા. ૬. તેમાં વાસણના પુત્ર, નારાયણ, રણછોડ અને ગોપાળ એ ત્રણ હતા. ભવાનના પુત્ર જાદવ અને ખુશાલ હતા. ખુશાલની 'મા' વ્રજબાઈ હતા. ૭. એ બધા સુતાર હરિભક્તો શ્રીહરિની સેવા બહુ જ કરતા હતા. તે વર્ણવી શકાતી નથી. શ્રીહરિ વડતાલમાં જેટલી વખત આવ્યા તેટલી વખત આ સુતાર હરિભક્તોએ શ્રીહરિને પોતાને ઘેર ઉતાર્યા હતા. ૮.

તે બધી વાતો આગળના ચરિત્રોમાં કહેવાશે. અહીંયા બધું કહી શકાતું નથી. તેમનો એક ભાણેજ હતો. જેને ભાણો કહીને બોલાવતા હતા. ૯. તેણે શ્રીહરિની સેવા ઘણી કરી હતી. હિંડોળાના સ્તંભને તે રંગ કરી દેતા, તેમજ શ્રીહરિ જ્યારે ગામની બહાર બેઠક કરતા ત્યારે કઠોડાને પણ રંગી દેતા હતા. ૧૦. તે સિવાય પૂંજો, લાલો અને અમીદાસ એ ત્રણ ભાઈ પણ ઘણા સારા સત્સંગી થયા હતા. એટલા સુતાર હરિભક્તોના નામ કહ્યા. હવે લુહાર હરિભક્તોના નામ કહું છું. ૧૧. અમીદાસ, લાલદાસ અને ગણેશ, એ ત્રણે કાયમના સારા સત્સંગી હતા. વળી નરસિંહ અને રામજી નામે વાળંદ હરિભક્તો હતા. તેમણે શ્રીહરિની ઘણી જ સેવા કરી હતી. ૧૨. એક કરશન નામે માળી સત્સંગી હતો તેણે શ્રીહરિને સુંદર ફૂલહાર બનાવીને ખૂબ જ પહેરાવ્યા હતા. ૧૩. વડતાલમાં હરિભક્તો ઘણા હતા પણ નામ તો થોડાના જ લખાયા છે. બધા નામ લખવા ધારીએ તો પણ લખી શકાય તેમ નથી. અખૂટ હરિભક્તોનું આ ગામ છે. ૧૪.

બાપુજી નામે એક હરિભક્તે હાથ જોડીને શ્રીહરિને **વડતાલ** ગામમાં પધરાવ્યા. વિવિધ પ્રકારના જે વાજિંત્રો વાગતાં હતાં તેનો ધ્વનિ ઘણો જ થઈ રહ્યો હતો. ૧૫. વડતાલને અત્યંત શણગાર્યું હતું. તેની શોભા વર્ણવી શકાતી નથી. પૃથ્વી ઉપર તો અનેક ધામ છે પણ તે બધા વડતાલરૂપી સૂર્યની આગળ દીવા જેવા કહેવાય. ૧૬. વડતાલના પૂર્વ દરવાજાની સમીપે એક નિર્મળ જળથી ભરેલું સરોવર છે. તે સરોવરની પાળની ચારે બાજુ વિવિધ પ્રકારના અનેક વૃક્ષ હતા. તે બહુ સારા લાગતા હતા. ૧૭. તે વૃક્ષોના ઉપર ઘણી જાતના પંખીઓ રહેતાં હતાં. તે પક્ષીઓ જાતજાતના શબ્દો બોલતા હતા. તે વૃક્ષોના ઉપર જે વાનર બેઠા હતા તે પોતાની જાતિના શબ્દોથી તે વૃક્ષોને ગજવી દેતા હતા. ૧૮. શ્રીહરિને દેખીને તો તે વાનરો ખુશ ખુશાલ થઈ ગયા. તે એટલું બધું નાચવા કૂદવા લાગ્યા કે તે કહી શકાતું નથી. તેમને શ્રીહરિને રિઝવવાનું જ તાન હતું, માનો ફરી આવો અવસર ક્યારે આવશે ? ૧૯.

શ્રીહરિનાં દર્શન સારી રીતે કરી શકાય એવા ભાવથી કેટલાક મનુષ્યો પણ તે ઝાડ ઉપર ચડી-ભરાઈ બેઠા હતા. સહુ શ્રીહરિને આદરભાવથી હાથ જોડીને મસ્તક નમાવતા હતા. ૨૦. સહુને શ્રીહરિના ઉપર બહુ ભારે હેત હતું તેથી બધા ગામથી બહાર આવી ગયા હતા. શ્રીહરિ જ્યારે ગામના દરવાજાની સમીપે આવ્યા હતા ત્યારે તેની શોભા ઘણી રીતે સજાવી હતી. ૨૧. જેટલા રાજમાર્ગો (બજારો) કહેવાતા તે બધાને વિચિત્ર રીતે શણગાર્યા હતા. બજારોને કાંઠે જેટલી દુકાનો અને મકાનો હતા, ૨૨. તેના બધા દરવાજાઓને વિચિત્ર રીતે સજાવ્યા હતા અને મોતીનાં તોરણ ત્યાં બાંધી દીધાં હતાં. બજારમાં કેળના સ્તંભ રોપાવ્યા હતાં અને બિલોરી ઝાડ તો પાર વગરના બાંધ્યાં હતાં. ૨૩. પ્રત્યેક દરવાજા આગળ સુશોભિત સુવર્ણ કુંભ સ્થાપન કર્યાં હતાં. મકાનોના જેટલા માળ હતા તે બધામાં દર્શનાર્થી લોકો ભીડમાં ઊભા હતા. ૨૪.

જે પુરુષો હતા તેમણે સહુએ હાથમાં ફૂલહાર લીધા હતા અને સ્ત્રીઓ મોતીના થાળ હાથમાં લઈને રાહ દેખતી ઊભી હતી. ૨૫. શ્રીહરિ બજારમાં આવ્યા. અપાર સવારી શોભતી હતી. તે વેળાએ ડંકા અને જરિયાની નિશાન આગળ આગળ ચાલતાં હતાં. ૨૬. જેટલા વાજિંત્રો હતાં તે બધા સવારીમાં આગળ વાગતાં હતાં. જેટલા સંતો હતા તે બધા શ્રીહરિની આગળના ભાગમાં ચાલતા હતા. ૨૭. શ્રીહરિની આગળ જે પાર્ષદો હતા તે બધા બંદૂકોને ફોડતા હતા. ચોપદાર છડી બોલતા હતા. તેની શોભા પણ અનેરી બની હતી. ૨૮.

❋ શ્રીહરિની અલૌકિકતા :

શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે અશ્વને પણ બધા સોનેરી શણગારોથી શોભાડ્યો હતો. અશ્વના ઉપર જેટલા સોનાનાં ઘરેણાં હતાં તે વર્ણવી શકાતા નથી. ૨૯. બધા જ અશ્વોના માથા ઉપર કલગી હતી. બધાના પગમાં ઝાંઝર પહેરાવ્યા હતા. તે ઠમકતા પગમાં રહેલા ઝાંઝરના ઘમઘમાટથી વાતાવરણ અદ્‌ભુત બની ગયું હતું. ૩૦. બધા દરબારોએ પણ પોતાના શરીર ઉપર સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. અને તેવા જ ઘરેણાં મહારાજાધિરાજ શ્રીહરિએ પહેર્યાં હતાં. શ્રીહરિની મૂર્તિનો રંગ તો કાંઈક ઓર જ હતો. જો કોઈ તે મૂર્તિને ચિંતવે તો તુરંત તેનું ચિત્ત ચોરાઈ જાતું હતું. ૩૧.

શ્રીહરિએ પોતાનાં સ્વરૂપ ઉપર જે વસ્ત્રાભૂષણ ધાર્યાં હતાં તે લોકોના મનને ખેંચી લેતાં હતાં. જે કોઈ પણ નરનારી, તે મૂર્તિને એકવાર પણ દેખે તો મૂર્તિ ચિત્તમાં ચોંટી જાતી હતી. જે ક્યારેય બહાર નીકળતી નહિ. ૩૨.

ચોપાઈ :

मूर्ति में एसो प्रताप रहाये, जड कुं चैतन करत हे ताये;
कोई में प्रीत होवे नहीं जाकुं, एसेकुं प्रीत करावत वाकुं...३३

તે મૂર્તિમાં કાંઈ એવો પ્રતાપ રહ્યો હતો કે તે જડને પણ ચેતન કરી દેતી હતી. જે મનુષ્યને ક્યાંય હેત ન થાતું હોય તેવાને પણ મૂર્તિ હેત-પ્રીત કરાવી દેતી હતી. ૩૩. શ્રીહરિનાં મસ્તક ઉપર અમૂલ્ય છત્ર હતું કે જેની તુલના કોઈની સાથે થઈ શકતી નહિ. બંને પડખે બે ચામર મસ્તકના ઉપર ઢળી રહ્યાં હતાં. ૩૪. શ્રીહરિનું મુખારવિંદ એટલું શોભતું હતું કે કરોડો સૂર્ય ચંદ્ર તેમાં લોભાઈ જાતા હતા. શ્રીહરિનાં મુખમાં શીતળતા એટલી હતી કે કરોડો ચંદ્રની શીતળતા પણ તેની સમાનતા કરી શકતી નથી. ૩૫. તેમનાં હરેક અંગમાં એટલો બધો પ્રકાશ હતો કે તેની આગળ કરોડો સૂર્યનું તેજ અલ્પ દેખાતું હતું. દર્શન કરનાર મનુષ્યની પાત્રતા પ્રમાણે તેવાં દર્શન થાતાં હતાં. ૩૬.

શ્રીહરિ બજારમાં આવતા હતા ત્યારે બધા જ પુરુષો અત્યંત સ્નેહભાવથી તેમને ફૂલહાર પહેરાવતા હતા. ૩૭. ગામની જેટલી સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને ઘણા જ સ્નેહભાવથી રસભર્યા વચન બોલીને શ્રીહરિને વધાવતી હતી. તે બોલતી હતી કે, ૩૮. આ વડતાલ ધામ આપનું જ છે. તે આપના પધારવાથી ઘણું શોભી રહ્યું છે. હરિભક્તોને સુખ આપનારું આવું બીજું કોઈ ધામ નથી. ૩૯. દેશદેશના હરિભક્તો જ્યારે અહીં વડતાલ આવે છે ત્યારે તેમનાં મન દર્શન કરીને અત્યંત પ્રસન્ન થાય છે અને આ ગામના લોકો પણ તે ભક્તોનાં દર્શન કરીને પ્રસન્ન થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'બાકી રહેલા હરિભક્તોના નામ કહ્યા તથા શ્રીહરિએ વડતાલપુરમાં પ્રવેશ કર્યો' એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર આઠમું : તરંગ - ૪૯

શ્રીહરિએ રામનવમીનો ઉત્સવ કરવા માટે વડતાલના હરિભક્તોની સંમતિ લીધી અને સત્સંગમાં પત્ર લખાવ્યા

ભગવાન શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિને વડતાલના મુખી બાપુજીભાઈ હાથ જોડી વિનંતી કરીને પોતાને ઘેર લઈ ગયા અને ત્યાં ઉતારો કરાવ્યો. ૧. સુંદર પલંગ બિછાવી દીધો. તેના ઉપર મહારાજાધિરાજ શ્રીહરિ બેઠા અને સંતો તથા દરબારોને સત્વરે ઉતારા આપ્યા તથા દરબારોના ઘોડાને બંધાવ્યા. ૨. વિક્રમ સંવત્ ૧૮૬૨ની સાલ હતી. ચૈત્ર સુદિ રામનવમીનો ઉત્સવ-સમૈયો વડતાલ કરવો છે, એવું વિચારીને શ્રીહરિ વડતાલ આવ્યા હતા. ૩. જાણી જોઈને પાંચ દિવસ અગાઉ આવ્યા હતા.

પછી મયારામ ભટ્ટને પૂછીને સમૈયો કરવાનું મનમાં નિર્ધાર્યું. ૪. ગામના જે મુખી પટેલ કહેવાતા તેમને સૌ પ્રથમ બોલાવ્યા. સુંદર પગી અને જોબનપગી એ બંને ભાઈઓને બોલાવ્યા. નારાયણગિરિ ગોસાઈને ૫. અને સારા બુદ્ધિમાન વિપ્ર વનમાળીને પણ બોલાવ્યા. ગામમાં એક મુખ્ય વણિક હતા તેને પણ ભગવાન શ્રીહરિએ બોલાવ્યા. સહુ આવ્યા ત્યારે શ્રીહરિએ તે ગામના આગેવાનો આગળ વાત કરી. ૬. જો તમે દેહ સેવા કરીને મદદ કરો. તો અમે અહીંયા વડતાલમાં એક સમૈયો કરીએ. જો બધા આગેવાનોની ઈચ્છા હોય તો સમૈયો સારો થાય. ૭. સૌની ઈચ્છા ન હોય તો લોકોને સુખ ન થાય. એટલા માટે તમને સહુને બોલાવીને પૂછીએ છીએ. અમે સાધુ છીએ અને તમે બધા જમીનદાર છો. અમારું અહીંયાં લગાર પણ ઊપજે નહિ. ૮. **જીવનો મોક્ષ કરવો તે અમારું કામ છે. તેમાં તમારું ક્યારેય કાંઈ ચાલે નહિ. જીવને જન્મમરણથી છોડાવવા, એટલું કામ અમને આવડે છે.** ૯. લખચોરાશીનું દુઃખ ઘણું ભારે છે. તે જીવને વારંવાર આવે છે. વળી જમપુરીનું દુઃખ તો અપાર છે. એક હજાર યુગ સુધી કહેતા રહીએ તો પણ તેનો પાર પમાય તેમ નથી. ૧૦.

જીવને તે દુઃખથી છોડાવવા માટે અમે આજે પ્રકટ થયા છીએ. **સમૈયા કરવાનું પ્રયોજન પણ જીવનો ઉદ્ધાર કરવો અને દૃઢ કરીને ધર્મને રાખવો**

એટલું જ છે. ૧૧. લોકો ધર્મે રહિત જે ભક્તિ કરે છે તે તેટલી સફળ થાતી નથી. ધર્મને પાળ્યા વિના તીર્થ યાત્રા કરે કે કરોડો વ્રત કરે, પણ તેને તેનાં યથાર્થ ફળ રૂપ મોટી પ્રાપ્તિ થાતી નથી. ૧૨. ફૂટી ગયેલા વાસણમાં થોડુંએ પાણી રહેતું નથી. જો તેને સાંધવામાં આવે તો પાણી રહે. સાંધ્યા વિના તો એકલો ક્લેશ જ રહે છે. ૧૩. તે રીતે જ ધર્મને રાખ્યા સિવાય કોઈ પણ મનુષ્ય જે જે કામ કરે, તે સફળ થાતું નથી, તે રહસ્ય સિદ્ધાંતની વાત છે. ૧૪.

❋ લૌકિક-અલૌકિક ધર્મના ભેદ:

કોઈ પણ મનુષ્ય જો ધર્મ પ્રમાણે ચાલતો હોય તો તેને તેમાં ક્યારેય દુઃખ આવતું નથી. તે ધર્મ આ ભૂમિ ઉપર બે રીતે રહ્યો છે એક લૌકિક અને બીજો અલૌકિક. ૧૫. વર્ણાશ્રમનો જે ધર્મ છે તે લૌકિક કહેવાય છે. તે વર્ણાશ્રમના અનેક પ્રકારના ધાર્મિક કર્મ કરવામાં આવે તો તે કરનારાને દેવલોકની પ્રાપ્તિ થાય છે. ૧૬. તીર્થ, વ્રત, જપ અને તપ કરવું. યજ્ઞ, યોગ અને દાન કરવું. કૂવા કરાવવા, વાવો બંધાવવી, સદાવ્રત કરવા, એ આદિક જે સાધનો, ૧૭. અને ધર્મશાળા બંધાવવી, સારા રસ્તા કરાવવા, ઠેકઠેકાણે પાણીના પરબ કરાવવા, તે બધા લૌકિક ધર્મ કહેવાય છે. તે કરનારાને મરણ પછી આ લોકનું સુખ મળે છે. ૧૮.

चोपाई :

भगवतनिष्ठ धर्म हि जेता, अलोकिक धर्म कहावत तेता;
तेहि धर्म कर हरि को धामा, सद्य हि पावत नर अरु वामा...१९
लोकिक धर्मनिष्ठ होवे जेहु, भगवतनिष्ठ अंत्ये होवत हि तेहु;
लोकिक धर्म में श्रद्धा न जाहि, अलोकिक धर्म न पाव हि ताहि...२०

જે ધર્મ ભગવન્નિષ્ઠ-ભગવાનના સંબંધવાળો હોય તેને અલૌકિક ધર્મ કહેવાય છે. તે ભાગવત ધર્મના આચરણથી પુરુષ હોય કે સ્ત્રી હોય, તુરંત ભગવાનનાં ધામને પામે છે. ૧૯. જે લૌકિક ધર્મમાં નિષ્ઠાવાળો છે તે અંતે જાતા ભગવન્નિષ્ઠ ધર્મવાળો થઈ જાય છે પણ જેને લૌકિક ધર્મમાં શ્રદ્ધા ન હોય તે ક્યારેય તે અલૌકિક ભગવન્નિષ્ઠ ધર્મને પામતો નથી. ૨૦.

શુભ ધર્મશાસ્ત્રોનો આવો સિદ્ધાંત છે અને અમારો મત પણ તે પ્રમાણે જ રહ્યો છે. જે મનુષ્ય જેટલી ધર્મની બરદાશ-સંભાળ રાખે છે તેટલા તેના દુઃખોનો નાશ થાય છે. ૨૧. શ્રીહરિનાં આવાં વચનોને સાંભળીને ગામના બધા મુખી ઉલ્લાસથી બોલ્યા. આપ જેમ કહો, તેમ અમે કરશું, તેમાં અમે લગારેય પાછી પાની કરશું નહિ. ૨૨. મહારાજ ! આપને તો અનંત બ્રહ્માંડો વશ છે, આપ એવા બળવાન અને સમર્થ છો. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવો પણ આપની સેવા ચાહે છે. ૨૩. તે સેવા તેમને કોઈ કાળે મળતી નથી. આપ તો એવા પરમ દયાળુ છો તે અમને સેવા આપી રહ્યા છો. શ્રીહરિ તે સહુનાં વચનોને સાંભળીને તેમના ઉપર અતિ રાજી થયા. ૨૪. પછી શ્રીહરિએ રામનવમીના ઉત્સવ ઉપર વડતાલ આવવાના પત્રો દેશેદેશમાં લખ્યા. સહુ હરિભક્તો સમૈયો કરવા વડતાલ આવજો પણ ઘરમાં ક્લેશ થાય, તે રીતે આવશો નહિ. ૨૫.

મોક્ષને માર્ગે ચાલવામાં અસુર દ્વેષ કરે છે. તે દ્વેષરૂપી અસુર માતા, પિતા, ભાઈ અથવા પત્નીમાં નિશ્ચિત પ્રવેશ કરે છે. ૨૬. જેને સત્સંગનું બળ હોય તે અસુરને કાંઈ ગણકારતો નથી. તે ગમે તે રીતે છળ કરીને પણ પોતાનું કામ સુધારી લે છે. ૨૭. **જો પોતાના જીવનું હિત કરવું હોય તો તે સત્પુરુષ વિના કોઈ કરી શકતું નથી. સંતો તો જીવના ખરા મિત્ર છે.** તેમને સારી રીતે સમજી લેવા જોઈએ. ૨૮. સંસારમાં જેટલા સંબંધી છે તે બધા કાંઈ હરિભક્ત થયા હોતા નથી. તે લોકો તો સંસારને જ હિતકારી માને છે અને મોક્ષમાર્ગને લગારેક પણ સમજતા નથી. ૨૯. ગુરુએ સંસારનું જ્ઞાન જો મેળવ્યું હોય તો તેવા ગુરુથી ક્યારેય અજ્ઞાન ટળે નહિ. જે ગુરુને જેવું જ્ઞાન હોય, તે તેના શિષ્યને તેવું બતાવે. ૩૦.

જગતના સંતો અને વિપ્રો જે છે તે જગતને જ પ્રિય કરી બતાવે છે. વેદ અને પુરાણોને ભણવાથી શું સિદ્ધિ થશે ? જો જગતમાં આસક્તિ જ કરવી હોય ૩૧. તેવા લોકોથી જન્મ અને મરણ છૂટતા નથી. તેઓ તો મરીને જમપુરીમાં જ જાય છે. સત્પુરુષ મળ્યા વિના તે અંગે જગતમાં બધાં કાંઈ જાણતા હોતા નથી. ૩૨. જેને પોતાના આત્માનું કલ્યાણ કરવું હોય તેવા હરિભક્તે જગતની વાસનાવાળા લોકોની પાછળ પાછળ ચાલવું નહિ.

દયાળુ શ્રીહરિએ આવો મોક્ષકારી પત્ર લખાવીને તત્કાળ જ હરિભક્તોને ગામેગામ પહોંચાડી દીધો. ૩૩.

વર્ણી રસોઈ કરતા હતા તે તૈયાર થઈ ત્યારે સુખકારી શ્રીહરિ તે જમવા માટે ચાલ્યા. ત્યાં જઈને જળથી હાથપગ ધોયા અને પછી સુવર્ણના બાજોઠ ઉપર બેઠા. ૩૪. સુવર્ણના થાળમાં જે ભોજન ભર્યાં હતાં તે બધા શ્રીહરિની આગળ ધરાવી દીધાં. સાકર નાખીને કંસાર કર્યો હતો. તેને શ્રીહરિ જમ્યા. ૩૫. દૂધપાક, પૂરી અને વડાં પણ કર્યાં હતાં. ભજિયાં અને શાક તથા ભાજી વગેરે પણ બનાવ્યાં હતાં. શ્રીહરિ બધું ભાવથી જમ્યા. તે સમયે સહુ ભરપૂર આનંદ માણતા હતા. ૩૬. શ્રીહરિ દહીં ભાત અને સાકર, ભોજન કરી રહ્યા પછી જમ્યા. તે પછી હાથ અને મુખ ધોઈને થોડું જળપાન કર્યું. ૩૭. રૂમાલથી હાથ અને મુખ લૂછીને મુખવાસ લીધો. પછી સંતોની પંગત કરવાની આજ્ઞા કરી. ૩૮. ત્યાં આખા ચોકમાં રંગોળી પૂરી હતી. તેમાં સંતો, દરબારો અને પાર્ષદોની પંગત બેઠી. તેની શોભા વર્ણવી શકાતી નથી. ૩૯. જેટલા સંતો હતા તેટલા પાટલા મૂક્યા હતા. તેના ઉપર બેસીને સંતો "સ્વામિનારાયણ ધૂન" કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિએ રામનવમીનો ઉત્સવ કરવા માટે વડતાલના હરિભક્તોની સંમતિ લીધી અને સત્સંગમાં પત્ર લખાવ્યા' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥

પૂર આઠમું : તરંગ - ૫૦

સંતોની સેવાનું મહત્ત્વ, પોતાના દોષની તથા સંતોના ગુણોની વિચારણા કરી

વડતાલના બાપુજી પટેલે ઘણા જ પ્રેમથી કેસરયુક્ત ચંદનથી શ્રીહરિની પૂજા કરી અને ફૂલહાર પહેરાવ્યા. ૧. તોરા અને ગુચ્છે સહિત ફૂલની ટોપી મસ્તકે પહેરાવી. ફૂલના બાજુબંધ ધરાવ્યા. મૂર્તિ ફૂલોથી ભરપૂર રહી હતી. ૨. તે જ કેસરચંદન લઈને સંતો, પાર્ષદો અને દરબારો, સહુને પૂજ્યા.

તે પછી સહુને ફૂલહાર પહેરાવ્યા. ૩. સંતો જ્યાં બેઠા હતા તે તરફ અગરબત્તીનો ધૂપ કર્યો, પંગત અનુપમ રીતે શોભતી હતી. તેમાં શ્રીહરિ પીરસવા આવ્યા. ૪. કંસાર ઘણો જ સરસ થયો હતો. તે ડંકા ભરી ભરી આનંદોલ્લાસથી સહુને આપતા હતા. જમનારા અને રસોઈ આપનારા જેવા પ્રેમી ભક્ત હતા તેવા જ શ્રીહરિ પીરસનારા હતા. ૫. જ્યારે શ્રીહરિ બધું પીરસી રહ્યા ત્યારે "વાસુદેવ ! હરે !!..." આમ બોલ્યા. સહુ જમવા લાગ્યા. જેટલી જાતના ભોજન કર્યા હતા, તે બધા લગારે લગાર બધી વાનગીઓ શ્રીહરિ પીરસતા હતા. ૬. શ્રીહરિએ સંતોને કરોડો વાર પીરસ્યું છે, છતાં સંતોને પીરસવાની ઈચ્છા શ્રીહરિને નિત્ય નિત્ય ઘણી બધી રહેતી હતી. સંતોને વારંવાર પીરસવામાં શ્રીહરિ સૌથી વધારે મોટાઈ માનતા હતા. ૭.

चोपाई :

संत की सेव करना नित तामें, हरि मोटप अति मानत यामें;
संत की सेव सम मोटप न कोउ, चौद लोक राज मिल हि तोउ...०८
वैकुंठ लोक को सुख नहीं एसा, संत की सेवा करना तेसा;
संत सेव सम पदार्थ जेहा, तिनसे अपर नहीं कोउ तेहा...०९

તેમાંય સંતોની જે નિત્ય સેવા કરવી તેમાં શ્રીહરિ અત્યંત મોટપ માનતા હતા. ચૌદ લોકનું રાજ્ય મળે તો પણ સંતોની સેવા જેવી તે મોટપ કહેવાય નહિ, એવું માનતા. ૮. સંતોની સેવા કરવામાં જેવું સુખ છે તેવું સુખ તો વૈકુંઠ લોકનું સુખ પણ નથી. સંતોની સેવાને સમાન બીજું કોઈ પદાર્થ નથી. ૯. આવું સમજીને જે સંતોની સેવા કરે છે તેના ઉપર શ્રીહરિ તત્કાળ પ્રસન્ન થાય છે. સંતોની સેવા કર્યા પછી જે મનુષ્ય કોઈ અન્ય માયિક પદાર્થને ઈચ્છે છે, ૧૦. તો તેને પશુના જેવો પામર જાણવો. તે ક્યારેય જન્મ મરણથી છૂટતો નથી.

માનો તેણે અપાર કલ્પવૃક્ષને સેવ્યા છતાં તલભાર પણ તેણે પશુબુદ્ધિ છોડી નહિ. ૧૧. જેમ કોઈ આંધળાને પારસમણિ મળે અને તેને કૂવામાં ફેંકી દે, તેવું એને થયું. અને સંતોની સેવા કરીને પણ સંતોના ગુણોને જે ન શીખી શકે, તો તેને સંતો પશુ જેવો ગણે છે. ૧૨. સંતોમાં ગુણ સહુથી અધિક છે,

તે શીખ્યા વિના આવડતા નથી. પણ પશુના જેવી જેની પ્રકૃતિ હોય, એવો મનુષ્ય કરોડ વરસ સુધી સંતોની સાથે રહે તો પણ તેમાં કોઈ ફરક પડતો નથી. ૧૩. પશુના જેવા સ્વભાવ-ગુણોને છોડવા માટે તો સંતોની સેવા કરવાની હોય છે. સંતોમાં પણ જ્યારે કુસંગ ઘૂસી જાય તો તરત જ તે કુટેવોને શીખવી દે છે. ૧૪. સાત માળવાળા મકાન ઉપર આધાર વિના ક્યારેય ચડી શકાતું નથી, સીડીનો આધાર લેવો પડે છે પણ જો તેવા ઊંચા મકાન ઉપરથી નીચે પડવું હોય તો તેમાં આધાર લેવાની જરૂર રહેતી નથી. ૧૫. ઊંચે ચઢવું તે કઠણ કામ છે પણ નીચે પડવું, તે કઠણ નથી. માટે જે હોંશિયાર-વિચક્ષણ મનુષ્ય હોય તેને ઊંચે પહોંચવા માટે સંત સમાગમ રુચે છે. ૧૬.

ચોપાઈ :

संत सेव में लाभ हे जेसा, वारमवार तपासना तेसा;
संत के दास हि होये जबहु, संत के गुन उर आवे तबहु...१७
संतवेश धरे गुन न आवे, संत गुन सिखे संत कहावे;
संतवेश धरि गुन न सिखावे, संत मात्र सो नाम रहावे...१८

સંતોની સેવામાં જેવો લાભ થાતો હોય તેની તપાસ વારંવાર કરવી જોઈએ. જ્યારે સંતોના દાસ થઈને રહીએ ત્યારે આપણામાં સંતોના ગુણ આવે છે. ૧૭. ખાલી સંતોનો વેશ ધારવાથી જ સંતોના ગુણ આવતા નથી. જે સંતોના ગુણોને શીખે છે તે સંત કહેવાય છે. જે સંતનો વેશ ધારીને પણ સંતના ગુણોને શીખતા-શીખવતા નથી તો નામમાત્રના જ સંત કહેવાય છે. ૧૮. **જે સંતો ભેળા-સાથે રહેતા હોય અને એકબીજાની મર્યાદા(ભાર) રાખતા હોય અને એક એકનો ગુણ અપાર બોલતા હોય, આવા સંતોના ગુણોને વારંવાર શીખવા.** ૧૯. જેને લીધે સંતોને આપણા ઉપરનું હેત તૂટી જાય એવો કોઈ અવગુણ રાખવો નહિ. જીવમાં જે અવગુણ રૂપ દોષ રહ્યા હોય અને તેને જો સંતો દેખાડે તો તેને તજી દેવા. ૨૦.

✵ જાણે દેહને કુસંગ, ત્યારે થાય સત્સંગ :

જીવમાં જે દોષરૂપ અવગુણ રહ્યા હોય છે તે આપમેળે-પોતાને ક્યારેય દેખાતા નથી. મનુષ્યમાત્રનો એવો સ્વભાવ છે કે તેમાં કરોડો અવગુણ રૂપ

દોષ રહ્યા હોય છે. ૨૧. દેહ, ઈંદ્રિયો અને અંતઃકરણ, એ જે બધા છે તે જીવની સાથે એકરૂપ થઈને લાગી ગયા છે. તે બધા કુસંગરૂપ છે. દોષ અને અવગુણોથી ભરેલા મહાકૂવા જેવા છે. ૨૨. છતાં જીવ દેહને પોતાનો હેતુ-હિતૈષી માને છે. કુટુંબ અને પરિવારે સહિત સૌને હિતકારી ગણે છે. ભગવાનથી અને સંતોથી વધારે પડતો રાગ જેમાં રહેતો હોય છે. ૨૩. તે બધાને દોષરૂપ જ કહેવાય છે. સંતોની કૃપા થાય તો તે બધું સ્પષ્ટ દેખાય છે. જીવને જ્યાં સુધી દેહમાં દોષ નથી દેખાતા ત્યાં સુધી તે જીવને મોક્ષમાર્ગમાં અનંત વિઘ્નો થઈ શકે છે. ૨૪.

જો જીવને દેહમાં ગુણ મનાતો હોય તો તેણે કરીને જન્મ, મરણ, યમયાતના અને લખચોરાશીના દુઃખો વારંવાર આવ્યા જ કરે છે તે ટળતા નથી. ૨૫. **જીવને જેટલો દેહનો ગુણ મનાતો હોય તેટલો તે કુસંગ છે,એમ જાણવું. જ્યારે દેહનો અભાવ આવે ત્યારે તેને સત્સંગ થયો જાણવો.** ૨૬. દેહ અપાર કુસંગ છે. તે નખથી શિખા સુધી મલિન છે. તેનો બરાબર વિચાર કરવો કે જેનાથી સ્વપ્નમાં પણ દેહનો ગુણ ન મનાય જાઈ. ૨૭. આપણામાં દોષ દેખીને કોઈ સંત આપણને જો દોષવાળા કહે તો મનમાં અધિક પ્રસન્ન (મગન) રહેવું. જે દેહથી સદા અસંગી રહેતા હોય તેને પક્વ સંત જાણવા. ૨૮.

पर को देह ज्युं बाँधे मारे, ताको दुःख न लगत लगारे;
तेसे निज तन पर हि मानी, वरतना दृढ संत जन ग्यानी...२९
सो पको पायो संतता केरो, सिखना संत से वेर हि वेरो;
देह स्वभाव हि आवे जितनो, अति दोष समझना तितनो...३०

જેમ કોઈ પારકા શરીરને મારે અથવા બાંધે તો તેનું દુઃખ થોડુંએ લાગતું નથી. તેવી જ રીતે પોતાનાં શરીરને પારકું માનીને વર્તે છે એ જ પક્વ જ્ઞાની સંત જાણવા. ૨૯. તે સંતપણાનો (સાધુતાનો) પાકો પાયો છે તેને વારંવાર સંતો પાસેથી શીખવો. જીવમાં જેટલો દેહનો સ્વભાવ આવે છે. તેટલો તેમાં વધારે દોષ છે એમ જાણવું. ૩૦. તેને શત્રુના જેવો વિશાળ જાણીને દોષનો તત્કાળ ત્યાગ કરવો. પોતાને પોતામાં જેટલા ગુણ મનાય છે તે બધાને દોષરૂપ સમજવા. ૩૧.

आपमें गुन दोष रुप देखावे, तितनी तामें साधुता रहावे;
सब साधन में साधन हे भारी, साधु होना समझी विचारी...३२
ब्रह्मविद्या कहावत जेति, सर्वोपरि साधु होना तेति;
भेख लिये देश रही जात दुरा, तेहिकर संत गुन रहत अधुरा...३३

પોતામાં રહેલા ગુણમાં પણ જ્યારે દોષ બુદ્ધિ થાય છે ત્યારે તેમાં તેટલી સાધુતા રહી છે એમ જાણવું. બધા જ સાધનોમાં ભારે સાધન એ છે કે જે સાધુતા આવે. માટે સમજી વિચારીને સાધુતાસંપન્ન સાધુ થાવું. ૩૨. સર્વોપરિ સાધુ થાવું એ જ બ્રહ્મવિદ્યા કહેવાય છે. ભેખ લેતા બહારથી દેશ બહુ જ દૂર રહી જાય છે, પરંતુ અંતરમાં જો તેની આસક્તિ રહે છે તેણે કરીને તેની સાધુતા અધૂરી રહી જાય છે. ૩૩.

જ્યારે બુદ્ધિની મલિનતાને તજે ત્યારે બધા સંતો તેના ઉપર રીઝે છે. જેના ઉપર સંતો રીઝે છે તે જ સાચો સંત કહેવાય છે. અને જ્યાં સુધી સંતો રીઝતા નથી ત્યાં સુધી તે કાચો રહે છે. ૩૪. સંતો રાજી થાય એવું હંમેશા શીખવું જોઈએ. એવા ગુણ સદા શીખવામાં જ સાધુતા આવીને રહે છે. ખાધા સિવાય ક્યારેય ભૂખ ભાંગતી નથી. ગુણ શીખ્યા વિના ગુણ આવતા નથી. તેમ રાજી કર્યા વિના રાજીપો મળતો નથી. અને રાજીપો મળ્યા વિના સાધુતા આવતી નથી. એવું રાત દિવસ બધા સંતો કહેતા હોય છે. ૩૫. શ્રીહરિએ આટલી વાત તો ભોજન પીરસતા પીરસતા કરી. તે સાંભળીને બધા સંતો ખૂબ જ ખુશી થયા અને તેમણે પોતાના આત્માને તે વચનોને આકારે કરી દીધો. ૩૬.

બધા સંતો ઘણા સમર્થ હતા. શ્રીહરિનાં આજ્ઞાવચનને આકારે દેહથી પર વર્તતા અને મનથી વિચાર પણ તેને અનુસારે જ કરતા. ૩૭. એ જ શ્રવણ, એ જ મનન, એનો એજ નિત્ય નિદિધ્યાસ સંતો જ્યારે કરતા ત્યારે અતિશય પરમ ઉલ્લાસ થતો હતો. આ જ રીતે સંતોનું સાક્ષાત્ પ્રકટ વર્તન હતું. ૩૮. સંતો વિવિધ પ્રકારનાં ભોજનોને જમ્યા. પછી તેમને પૂછ્યું, સંતો શું જમ્યા ? પણ સંતોને તેની કાંઈ ખબર રહી હતી નહીં. એવા સંતો શ્રીહરિની વાતમાં ને મૂર્તિમાં તણાઈ ગયા હતા. ૩૯. શ્રીહરિ જે વાત કહેતા હતા, તેમાં જ બધી સ્મરણ શક્તિ લીન રહી હતી. કારણ કે તે વાત અમૃત કરતા

પણ વધારે સરસ હતી. એટલે સંતોની સ્થિતિ આવી થઈ હતી. તે પછી સહુ સંતો જમીને ઊઠ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'સંતોની સેવાનું મહત્ત્વ, પોતાના દોષની તથા સંતોના ગુણોની વિચારણા કરી' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર આઠમું : તરંગ - ૫૧

દાદાભાઈનો થાળ અને રસોઈ તથા સત્સંગમાં મર્યાદાનું મહત્ત્વ

બીજે દિવસ ગોસાઈ નારાયણગિરિએ શ્રીહરિને માલપૂડા દૂધપાકની રસોઈ કરાવીને જમાડ્યા. ૧. નારાયણગિરિએ શ્રીહરિને પોતાના મઠમાં પધરાવીને ઘણી વાર જમાડ્યા હતા. ખૂબ જ ભાવથી કેસરચંદનની અર્ચા કરીને તેમણે પૂજા પણ કરી હતી. ૨. ઘણી વાર પાટ ઉપર પધરાવ્યા હતા અને હિંડોળા ઉપર બહુ ઝુલાવ્યા પણ હતા. ફૂલના હાર પહેરાવીને તોરા, બાજુબંધ અને ગુચ્છ પણ ધરાવ્યાં. ૩. ચરણોમાં કુંકુમ લગાવીને બધા મઠમાં ચરણ-પગલા પડાવ્યા. આમ શ્રીહરિને વારંવાર મઠમાં પધરાવીને તેમણે અપાર લાભ લીધો હતો. ૪. ભાઈ રામદાસજીસ્વામી આદિ ઘણા સંતોને તેમણે વારંવાર મઠમાં ઉતાર્યા હતા. તેમને સત્સંગ ઉપર ઘણો પ્યાર છે, એમ જાણીને કેટલીએ વાર શ્રીહરિ પણ તેમના મઠમાં રહ્યા હતા. ૫. જેટલા ભણનારા સંતો કહેવાતા હતા તેઓ બધા વારંવાર મઠમાં રહ્યા હતા. ગોસાઈ નારાયણ ગિરિને શ્રીહરિ અને સંતોના ઉપર અપાર હેત હતું. તેથી તેઓ પોતાનું મન ક્યારેય સત્સંગથી જરાય જૂદું રાખતા નહિ. ૬.

❋ વડતાલવાસી જેસંગભાઈના સદ્‌ગુણ :

ત્રીજે દિવસ જેસંગભાઈએ વિવિધ પ્રકારની રસોઈ આપી. હરિભક્તો એક એકથી વધારે પોતાના ઘરને શણગારતા હતા. અને શ્રીહરિને પોતાને ઘેર તેડાવતા. ૭. તેમ જેસંગભાઈએ શ્રીહરિને ઘેર પધરાવી શ્રીહરિનાં અંગો ઉપર કેસરયુક્ત ચંદન ચરચ્યું. ઉમંગથી ફૂલહાર પહેરાવ્યા. ઘણા ભાવથી

શ્રીહરિને જમાડ્યા અને હૃદયમાં હેતનો તો કોઈ પાર ન હતો. ૮. તેમણે ઘણા પ્રેમપૂર્ણ ભાવથી બધા સંતોની પૂજા કરી. તેઓ સેવાની બધી રીતને જાણતા હતા. તેઓ એક પલક વાર પણ સંતોથી છેટે જાતા નહિ અને પોતાનાં ચિત્તની વૃત્તિને શ્રીહરિની મૂર્તિમાં જોડી રાખતા હતા. ૯.

"સ્વામિનારાયણ" નામના સ્મરણ સિવાયનો એમનો એક શ્વાસ પણ જાતો નહિ. તેઓ સંતોના ચરણોની રજને વારંવાર મસ્તક ઉપર ચઢાવતા હતા. ૧૦. વળી તે ચરણરજમાં વારંવાર આળોટતા હતા. તેમણે કાયમને માટેનું એવું (આળોટવાનું) નિયમ રાખ્યુ હતું. તેઓ એવા બળિયા સત્સંગી હતા કે કોઈની લોકલાજથી દબાતા નહિ. ૧૧. દેહમાં પ્રાણ રહે ત્યાં સુધીની તેમણે સત્સંગની ટેક લીધેલી હતી. તે જેસંગભાઈને દલાભાઈ અને શામળભાઈ એવે નામે બે પુત્ર હતા. ૧૨. તેમણે કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિને ઘણીવાર સુધી પૂજ્યા. ફૂલના હાર પહેરાવીને વારંવાર પગે લાગ્યા. ૧૩. તેમણે શ્રીહરિનાં ચરણોને પોતાનાં માથા ઉપર ઘણી વાર લીધાં હતાં. અને શ્રીહરિવરે તેમને ઘણી વાર પ્રસાદીના ફૂલહાર આપ્યા હતા. ૧૪. દલાભાઈ જ્યારે સંતોને દેખતા ત્યારે વારંવાર પગે લાગ્યા કરતા, પણ ક્યાંય કોઈ અતિ અસત્પુરુષ દેખાઈ જાય તો તેઓ તેમની સામે ક્યારેય જોતા નહિ. ૧૫.

શામળભાઈને સત્સંગનાં હિતનું તાન રહેતું. તેઓ ક્યારેય કુસંગના વખાણ કરતા નહિ. તેમની આવી રુચિ જિંદગીભર રહી. ૧૬. જેસંગભાઈના મોટાભાઈ દાદાભાઈ હતા. ચોથે દિવસ તેમણે રસોઈ કરાવી. સાકર વાપરીને સુંદર લાડુ કરાવ્યા. ૧૭. તેની સાથે વડાં, ભજિયાં અને અનેક પ્રકારના શાક કરાવ્યાં. આમ વિવિધ પ્રકારનાં ભોજન કરાવ્યાં. તેમણે પોતાના આંગણામાં ઘણો જ શોભે તેવો રમણીય મંડપ કરાવ્યો. ૧૮. કેળના સ્તંભ રોપાવીને બાગ બનાવ્યો અને વિવિધ પ્રકારના ફૂલ ઝાડ પણ રોપાવ્યાં. બિલોરી કાચનાં ઝાડ બંધાવ્યાં. અને જેટલી જાતના થઈ શકતા હતા તેટલી જાતના રંગથી તેને રંગાવ્યા. ૧૯. વિચિત્ર પ્રકારના ચોક પુરાવ્યા. અને તેમાં અલગ અલગ ખંડ પાડ્યા અને એક એક ચતુષ્કોણ ખંડમાં તેટલા પાટલા મૂક્યા કે શ્રીહરિની સાથે જેટલા સંતો રહેતા હતા. તે બધા ત્યાં બેસી શકે. ૨૦.

બધા દરબારો અને પાર્ષદો જે હતા તે પ્રમાણે તેમના માટે પણ તેટલા પાટલા મુકાવ્યા. વાજિંત્રો વગાડીને શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. શ્રીહરિએ ચાખડીઓ પહેરી હતી. ૨૧. શ્રીહરિ આવીને મંડપની અધવચ્ચે વિચિત્ર સોનાના બાજોઠ ઉપર બેઠા. શ્રીહરિ જ્યાં સુધી થાળ જમતા રહ્યા ત્યાં સુધી બીજા બધા મંડપની બહાર જ બેઠા હતા. ૨૨. ભોજનના થાળ ઘણા જ પ્રેમથી પીરસ્યા હતા. તે બધા જ થાળ પ્રેમથી લાવીને શ્રીહરિની આગળ ધર્યા. તે સમયે ગામના બધા ભક્તજનો દર્શન કરવા આવ્યા. તેઓ એટલા બધા આવ્યા કે ચોકમાં ક્યાંય તેમનો સમાવેશ થયો નહિ. ૨૩. બધાં ભોજન અન્નકોટની જેમ ધરાવ્યાં હતાં. એટલે શ્રીહરિ તેને પ્રેમથી જમવા લાગ્યા. દાદાભાઈની જેવી ભાવના હતી તે પ્રમાણે શ્રીહરિ ભોજનોને જમ્યા. ૨૪. જેટલાં ભોજન બનાવ્યાં હતાં તે બધાને શ્રીહરિ હેતથી જમ્યા. તે જમી રહ્યા એટલે તરત જ મુખ અને હાથ ધોયા. ૨૫.

હાથ અને મુખને રૂમાલથી લૂછ્યાં. પછી મુખવાસ લીધો. પછી શ્રીહરિએ તે થાળ અત્યંત આનંદોલ્લાસથી દરબારોને આપ્યો. ૨૬. શ્રીહરિએ તત્કાળ સંતોની પંગત કરાવી. સંતોની મર્યાદા જાળવીને દરબારો પાટલા ઉપર બેઠા નહિ. ૨૭. શ્રીહરિએ દરબારોને ઘણીવાર સુધી સમજાવીને કહ્યું કે તમે પાટલા ઉપર બેસીને જમો. તમને કોઈ બાધ નહિ લાગે. છતાં દરબારો અગાધ બુદ્ધિમાન હતા, એટલે તેમણે તે બાબતનું શ્રીહરિનું વચન પણ માન્યું નહિ. ૨૮. શ્રીહરિની સાથે જે પાર્ષદો રહેતા હતા તેઓ પણ સંતોની મર્યાદા રાખતા હતા. તેઓને કાયમનો જોગ ઘણો રહેતો હોવા છતાં બોલવા ચાલવા વગેરેમાં પાર્ષદો ક્યારેય સંતોની મર્યાદા લોપતા નહિ. ૨૯. કોઈપણ વ્યક્તિ એવી ક્રિયા ન કરતી કે જેનાથી સંતો નારાજ થાય. રાત દિવસ શ્રીહરિની સાથે સહુ રહેતા. એટલે સહુને તેમનો પણ ઘણો ભય રહ્યા કરતો. ૩૦.

શ્રીહરિ અહોનિશ એવી વાતો કરતા કે, અમારે સમાગમે કરીને રીસ(રોષ)નો ત્યાગ કરવો. હરિભક્તોને કે સંતોને કોઈએ ડારો દેવો નહિ. અમે ક્યારેય અજાણથી ડારો દઈએ છીએ. ૩૧. કદાચ કોઈને કાંઈ કહેવું હોય તો હાથ જોડીને બધું કહેવું. તમને જે શસ્ત્ર બંધાવ્યા છે તે સંતોની અને

હરિભક્તોની રક્ષાને માટેના છે. ૩૨. શસ્ત્રના મદમાં આવીને કોઈને ક્યારેય દુભાવવા નહિ, **હું વારે વારે કહું છું કે "કોઈ ઝેર ખાય કે આગથી સળગી મરે, એમ કરવું તે શ્રેષ્ઠ છે પણ કોઈ સંતોને કે હરિભક્તોને જે લગારેક પણ દુઃખવે છે તે સારુ નથી. કેમ જે, તેને એટલું દુઃખ ભોગવવું પડે છે કે તેનો ક્યારેય પાર આવતો નથી. અમે તેમની સામે ક્યારેય દેખતા પણ નથી.** તમારું બધું કૃત્ય તમે જાણો. ૩૩-૩૪. શ્રીહરિ આવી વાતો વારંવાર કરતા અને પોતે પણ સંતોના અપરાધથી ધ્રૂજતા રહેતા. જેને મોક્ષનો લેશમાત્ર પણ ખપ નથી, તેવા મનુષ્ય આ અમૃતરૂપ ઉપદેશને માનતા નથી. ૩૫. જે મનુષ્ય શ્રીહરિની વાતને માનતા નહિ. તેવાને તો શ્રીહરિ તરત જ રજા આપતા. શ્રીહરિની આવી રુચિ જોઈને તે દરબારો, પાર્ષદો સંતોથી ડરતા રહેતા. ૩૬.

જે પાર્ષદો મહિમા સમજતા હતા તે પાટલાં ઉપર બેઠા નહિ. તે દેખીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. ૩૭. દાદાભાઈ કેસરચંદન લઈને આવ્યા. શ્રીહરિનાં અંગો ઉપર તે ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. ૩૮. દાદાભાઈના પુત્રો, ભાઈબાભાઈ અને ધોરીભાઈ, બંનેએ શ્રીહરિની પૂજા કરી. અને બે ફૂલહાર પહેરાવ્યા. ૩૯. વળી તે જ સમયે સંતો, દરબારો અને પાર્ષદોની પણ પૂજા કરીને ફૂલના હાર પહેરાવ્યા. અને અલગ અલગ પંગતમાં અગરબત્તીના ધૂપ કર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'દાદાભાઈનો થાળ અને રસોઈ તથા સત્સંગમાં મર્યાદાનું મહત્ત્વ' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર આઠમું : તરંગ - ૫૨

ઉત્સવ કરવા માટે બધા સંત-હરિભક્તો આવ્યા અને શ્રીહરિએ સંસ્કારની વાત કહી

શ્રીહરિ સહુ પ્રથમ સંતોની પંગતમાં પીરસવા આવ્યા. સરસ બનાવેલા લાડુ જ્યારે પીરસવા લાગ્યા ત્યારે ત્યાં આનંદમય વાતાવરણ થઈ ગયું હતું. ૧.

સામસામી બેઠેલી બંને પંક્તિમાં એક સાથે પ્રત્યેક સંતને બબ્બે લાડુ આપ્યા. એક જમણે હાથે જ ઝટઝટ લાડુ આપ્યા હતા. ૨. શ્રીહરિએ ડાબો હાથ કમરે રાખ્યો હતો. સંપૂર્ણ મૂર્તિ ફૂલમાં ગરકાવ હતી. સંતો પણ ફૂલોથી ભર્યા હતા. તે સ્થળે કેસરનો સુગંધ પ્રસરી રહ્યો હતો. ૩. અદ્ભુત શોભા થઈ હતી. સંતો એક તારમાં "નારાયણ ધૂન" બોલતા હતા. એ બધું મુખથી વર્ણવી શકાતું નથી. ૪.

❋ પ્રગટ હરિ તથા સંત જમે, તે જ સાચો બ્રહ્મયજ્ઞ છે :

જે સત્સંગી બાઈઓ હતી તે થોડે દૂર મકાનમાં બેઠી હતી અને શ્રીહરિની અલૌકિક રીતને દેખીને મંગળમય ધોળ રાગના કીર્તન પ્રેમથી ગાતી હતી. ૫. માનો કોઈ દિવ્ય યજ્ઞ થતો હોય એવી સુંદર શોભા બની હતી. તેવા કરોડો યજ્ઞની જે શોભા કરી હોય તે પણ આ શોભાની તુલનામાં તો ફિક્કી લાગે, તેવી શોભા હતી. ૬. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવોએ જ્યારે આ દિવ્ય શોભા દેખી ત્યારે તત્કાળ તેમને પણ સમાધિ થઈ ગઈ. આ શ્રીહરિનું અને સંતો વગેરેનું ભોજન અને પૂજન તો બ્રહ્મમય યજ્ઞ કહેવાય. આનાથી ઉત્તમ કોઈ સારરૂપ વસ્તુ ન કહેવાય. ૭.

જેમાં પ્રત્યક્ષ શ્રીહરિ જમતા હોય, વળી બ્રહ્મવેત્તા સંતોને સ્વયં પીરસતા હોય, આનાં જેવો બીજો કોઈ મહાન યજ્ઞ ન હોઈ શકે, ભલેને બ્રહ્માંડ જેટલું ધન તેમાં ખર્ચાતું હોય ! ૮. બ્રહ્માંડમાં જે બધી શોભા છે તે આ શોભાની સમાનતા કરી શકે નહિ. શ્રીહરિએ જેને જ્ઞાનદૃષ્ટિ આપી હોય તેને આ બધું દેખાતું હોય છે. ૯. જે મનુષ્ય સ્વયં માયિક હોય તે તો તેને માયિક જ દેખે છે. તે મહિમા લેશમાત્ર પણ જાણતા નથી. ભગવાન આ લોકમાં તેવા માયિક લોકોને માટે અવતાર ધરીને ક્યારેય આવતા નથી. ૧૦.

જ્યારે શ્રીહરિ સંતોને પીરસી રહ્યા ત્યાર પછી દરબારોને પીરસવા લાગ્યા અને તેના પછી પાર્ષદોને પીરસ્યું અને "વાસુદેવ હરે !!! જય !!!!" એમ જય બોલાવીને જમવાની આજ્ઞા કરી. ૧૧. સહુ જમતી વેળાએ કોળિયે કોળિયે "સ્વામિનારાયણ" "સ્વામિનારાયણ" નામ બોલતા હતા. બધા જમનારા સંતો એવા શોભતા હતા કે જેવા મોતીનો ચારો લેતા હંસ શોભતા હોય ! ૧૨.

જ્યાં સુધી સંતો જમતા રહ્યાં ત્યાં સુધી શ્રીહરિ હરિભક્તોને રાજી કરવા માટે પંગતમાં વારંવાર પીરસવા ફરતા રહ્યા. ૧૩. પછી સંતો જમી રહ્યા છે એમ જાણીને શ્રીહરિએ હાથ અને ચરણ ધોયા. અને તેને રૂમાલથી લૂછીને ઉતારે આવ્યા. ૧૪. પછી બીજે દિવસ આઠમ હતી એટલે જોરાભાઈ તથા થોભણભાઈએ ભાઈ રામદાસસ્વામીની આજ્ઞા લઈને ખૂબ જ ધ્યાન દઈને સારી રસોઈ કરાવી. ૧૫.

જેને રસોઈ દેવાની હોય તે પહેલા ભાઈ રામદાસજીસ્વામીને પૂછતા. અને સ્વામી શ્રીહરિને પૂછતા. પછી જેવી શ્રીહરિની ઈચ્છા હોય તે પ્રમાણે આજ્ઞા કરતા હતા. ૧૬. સાતમેં દિવસ જ્યારે સંધ્યા સમય થયો ત્યારે દેશદેશમાંથી બધા સંતો આવ્યા. બધા આવેલા સંતોને શ્રીહરિ ભેટતા-મળતા. હરખભર્યા બધી વાતો પૂછતા હતા. ૧૭. જેટલા સંતોના મંડળ આવતા તેમાં હરેકને જે દેશમાં મુમુક્ષુઓ જેવા હોય તે બધા સમાચાર પૂછતા. ૧૮. જે વર્ણાશ્રમના ધર્મ કહેવાય છે તેમાં લોકો કેવી રીતે રહે છે, તે પૂછતા. રાજા અને બીજી પ્રજા તો અનંત હોય પણ તેમાં તે સહુને ધર્મપાળવાની રુચિ કેવી છે અને કોને છે ? તે બધું પણ પૂછતા. ૧૯. સંતો પણ જેવું વૃતાંત દેખીને આવ્યા હોય તેવી બધી વાતો શ્રીહરિને કહેતા. જેણે કરીને જગત આખું ગુજારો કરે છે એવી ગ્રામ્ય વાતો તો અનંત અપાર છે. શ્રીહરિ તે ગ્રામ્ય વાતોને ક્યારેય પૂછતા નહિ અને કદાચ કોઈ ભૂલથી કહે, તો તેને ત્યારે જ અટકાવી દેતા. કેમજે, હરિભક્તો અને સંતોના મુખથી ગ્રામ્યવાર્તા થાય તે શોભે નહિ. ૨૦-૨૧. સંતો અને હરિભક્તો તો હંસ જેવા કહેવાય છે. સત્સંગ છે તે માનસરોવર છે અને તેમાં જે શ્રીહરિનાં ચરિત્ર રહ્યા છે, તે મોતી છે. ૨૨.

હંસરૂપ સંત-હરિભક્તોએ રાત દિવસ હરિચરિત્રરૂપ મોતીનો ચારો કરવો. આવી વાતો શ્રીહરિ બહુ પ્રકારે ભાવથી કરતા. જે ભક્તો જેવો અભ્યાસ કરતા તેની બુદ્ધિ અને આત્મા તેવા થતા. ૨૩. મનુષ્યનું શરીર ધાર્યું છે એટલા માત્રથી જ મનુષ્ય નથી થવાતું, શુભ જ્ઞાન અને સદાચારનો અભ્યાસ કરે, ત્યારે તે મનુષ્ય થાય છે. તેમાં પણ જે બુદ્ધિથી જડ હોય છે

તેને સુધારવા પ્રયત્ન કરીએ છીએ છતાં તેઓ સુધરતા નથી. ૨૪. જે બુદ્ધિમાન હોય તે જો જડબુદ્ધિ મનુષ્યને આજ્ઞામાં વર્તાવે તો તે તેટલો ઉપયોગમાં આવે છે અને બળદની જેમ કામ કરતો રહે છે. ૨૫.

સોનું હોય તો શું થયું ? તેમાં જો ઘાટ ન હોય તો તે શોભતું નથી. મનુષ્ય, પશુ, પક્ષી, કાષ્ઠ, પથ્થરની બધી જાતો જેવા સંસ્કાર આપો, જેવું ઘડતર કરો તેવા થાય છે. ૨૬. અન્ન, અનંત પ્રકારની ઔષધીઓ, વસ્ત્ર, બહુપ્રકારના ઠામ-વાસણ, ઘી, સાકર અને ગોળ પર્યંત પદાર્થો સુધારવાથી સુધરી શકે છે. ૨૭. ગુરુ અને શિષ્ય, રાજા અને અનંતપ્રકારની પ્રજા એ બધા જો સુધર્યા ન હોય, સંસ્કારી ન થયા હોય, તો તે કેવળ નામમાત્રના કહેવાય છે. ૨૮. જેટલા વર્ણાશ્રમીઓ કહેવાય છે તે બધાને સંસ્કારે કરીને સુધાર્યા ન હોય તો તે બધા મનમાની અનીતિ કરે છે અને બધા પરસ્પર દુઃખી થાય છે. ૨૯. જગતમાં જે વિપ્ર, ગુરુઓ અને રાજા છે, તે જો સંસ્કારી ન હોય, સુધરેલા ન હોય, તો ઘણાં દુઃખી થાય છે.

વિપ્ર અને ગુરુ જો સન્માર્ગમાં ન હોય તો સંસ્કારી રાજા તે બંનેને સુધારે છે. તેના શુદ્ધમતને જોઈને તે પ્રમાણે તેને રાખે છે. ૩૦. રાજા જો સન્માર્ગને ભૂલે તો સંસ્કારી ગુરુ અને વિપ્ર તે રાજાને સુધારે અને પવિત્ર રાજાના શુદ્ધમાર્ગ પર ચલાવે. વિપ્ર, ગુરુ અને રાજાને જો પરસ્પર હેત હોય તો એક બીજાને મિત્રભાવે સત્ય વાતને મનાવે. ૩૧. જો હેત ન હોય તો તેને કરોડો ઉપાય કરે પણ કોઈ માને નહિ કેમજે, બળજબરીથી કોઈને માન્યામાં આવતું નથી. ધર્મ રાખીને હિત-હેત કરવું. ધર્મના વિના તો કરોડ ગણું હિત કે હેત હોય તો પણ તેનો ત્યાગ કરવો. ૩૨. કારણકે, વિપ્ર, ગુરુ, રાજા અને પ્રજા એ કોઈ ધર્મવિના સુખી થાતા નથી. એક બીજાનું હિત કરવાનું ધારે અને તેમાં ક્યાંય અધર્મવંશને જરા પણ રાખે નહિ. ૩૩. કદાચ પોતાનો પુત્ર હોય, તે જો ક્યારેક અધર્મમાં ચાલે તો પિતા તેને પણ દંડ આપે. પુત્ર જો પિતાનું કહ્યું ન માને તો પિતાએ ગુરુને કહેવું. ૩૪. અને ગુરુના કહેવાથી પણ જો તે નિયમમાં ન આવે તો તેણે રાજાને કહેવું. પછી તે રાજા સામ, દામ, દંડ અને ભેદ એ ચાર ઉપાયે કરીને તેને ધર્મમાર્ગમાં ચલાવે. ૩૫.

અને તે ચાર ઉપાયે કરીને પણ માને નહીં તો પછી તે મનુષ્યને કેદમાં પૂરી રાખે. આવું જ્યારે કરે, ત્યારે બધા પ્રાણીઓ ધર્મમર્યાદામાં રહે છે. અમે સુખી થવાની આવી રીત પ્રમાણ તરીકે માની છે. ૩૬.

શ્રીહરિએ આટલી વાત કહી. પછી મહાન ભાગ્યશાળી બાપુજી ભાઈએ ગામથી પશ્ચિમ તરફ જે બાગ હતો તેમાં સહુ સંતોને ઉતારો કરાવ્યો. ૩૭. સુંદર મંડપ કરાવીને ઘણી સરસ છાયા કરાવી દીધી હતી. મંડપને નજીકમાં જ કૂવો જોઈને શ્રીહરિ અપાર પ્રસન્ન થયા. ૩૮. જેટલા સંતો આવ્યા હતા તે બધા ત્યાં ઊતર્યા. તે બાગમાં એટલી સુંદર શોભા કરી હતી કે જે કહી શકાય તેમ નથી. ૩૯. જોરાભાઈએ શ્રીહરિને પ્રસન્ન કરવાને માટે બધા હરિભક્તોને ઊતરવા માટે એક બીજો સારો મંડપ કરાવ્યો હતો. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'ઉત્સવ કરવા માટે બધા સંત-હરિભક્તો આવ્યા અને શ્રીહરિએ સંસ્કારની વાત કહી' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર આઠમું : તરંગ - ૫૩

ઉત્સવ પર ઘણા હરિભક્તો આવ્યા, ત્યારે પૂર્વ દિશામાં આંબલા નીચે સભા કરી

મહારાજાધિરાજ શ્રીહરિનાં દર્શન કરવા માટે દેશદેશના હરિભક્તો ન કહી શકાય તેટલી મોટી સંખ્યામાં આઠમને દિવસે આવી ગયા. ૧. મંગળમય ધોળ રાગનાં કીર્તન ગાતાં ગાતાં હરિભક્તોના ટોળે ટોળાં આવતા હતા. તેમનાં હૃદયમાં હેત સમાતું ન હતું. શ્રીહરિ તેને દેખતા હતા. ૨. બધા ભક્ત પુરુષો દંડવત્ પ્રણામ કરીને શ્રીહરિનાં ચરણોમાં પડતા હતા. ભક્ત સ્ત્રીઓ ઘણા જ પ્રેમભાવથી નીચે બેસીને પગે લાગતી હતી. ૩. સ્ત્રીઓના સમુદાય ભેળા પુરુષ દર્શન કરવા આવતા નહિ અને પુરુષોના સમુદાયની ભેળી સ્ત્રીઓ દર્શન કરવા આવતી નહિ. ભીડ અમાપ હતી છતાં સહુ પોતપોતાની રીતે ચાલતા હતા. ૪. સહુનાં મનમાં શ્રીહરિને પ્રસન્ન કરવાનું જ એક તાન રહેતું હતું. તેથી જ સહુ

ડાયા થઈ સાવધાનીથી વર્તતા હતા. સહુ શ્રીહરિને ફૂલહાર પહેરાવતા હતા. તેનો ગણવાથી પણ કોઈ પાર આવતો ન હતો. ૫.

એક ઘડી (૨૪ મિનિટ) જેટલા સમયમાં તો શ્રીહરિની મૂર્તિ ફૂલોમાં દેખાતી બંધ થઈ જાતી હતી. જ્યારે હારોનો ભાર વધી જતો હતો ત્યારે તે હાર પ્રસાદીનાં રૂપમાં શ્રીહરિ સંતોના ઉપર ફેંકતા. ૬. અને સંતો તે હારને લઈ માથે અડાડીને હરિભક્તોના ઉપર વારંવાર ફેંકતા હતા. સહુ હરિભક્તો તે હારને અનુક્રમે વહેંચી લેતા હતા. કોઈ ક્યારેય ધીંગામસ્તી કરતા નહિ. ૭. જેના ભાગે હાર ન આવે તેને શ્રીહરિ ધ્યાનમાં રાખતા. પછી જ્યારે હાર આવે ત્યારે તે ભક્તને તે હાર આપતા હતા. તે દેખીને હરિભક્તોને હેત ઘણું વધતું હતું. ૮. ક્યારેક શ્રીહરિ બાઈઓની સભા તરફ પણ હાર ફેંકતા હતા. કારણ કે હરિપ્રસાદીની આશા સહુને રહેતી હતી. જે શ્રીહરિનાં માહાત્મ્યને જાણતા હતા તેમને શ્રીહરિ ફૂલની પ્રસાદી આપતા હતા. ૯. જે હરિભક્તો માહાત્મ્ય સમજતા હતા તેઓ તો તે પ્રસાદીના હારને કાયમ દર્શન કરવા રાખી મૂકતા હતા. જે હરિભક્તો સહુ પ્રથમ આવ્યા હતા તેમને ગામમાં હરિભક્તોને ઘેર ઉતારા આપ્યા હતા. ૧૦.

ગામમાં ચારે વર્ણના ભક્તોનાં જે મકાનો હતાં તેમાં શ્રીહરિએ પ્રેમથી હરિભક્તોના ઉતારા કરાવ્યા હતા. વડતાલ ગામના ભક્તો પણ સત્સંગની બધી રીતને જાણતા હતા. ૧૧. ગામમાં હરિભક્તોનાં જે મકાન હતાં તે જ્યારે મહેમાનોથી ભરાઈ ગયા ત્યારે વધારે આવેલા ભક્તોને ગામ બહાર ઉતારા કરાવ્યા. કેટલાક હરિભક્તો જોરાભાઈના બાગમાં આવીને ઊતર્યા. ૧૨. વડોદરાના નાથભક્ત આદિ ભાઈઓ અને બાઈઓ હરિભક્ત ઘણા આવ્યા. ૧૩. અને સુરતના બધા હરિભક્તો પણ જેસંગભાઈના બાગમાં ઊતર્યા. કેમજે, ત્યાં ઘણી વિશાળ જગ્યા હતી. ૧૪. ડભોઈથી જે કરુણાશંકરભાઈ આદિ બધા વિપ્ર હરિભક્તો આવ્યા હતા, જે રાજકાજમાં બધા હોંશિયાર હતા, ૧૫. તેઓ દાદાભાઈના બાગમાં ઊતર્યા હતા. જે જે હરિભક્તો આવ્યા તેઓ સુખી થયા. ૧૬.

વડતાલ ગામને ફરતા જે જે બાગ હતા તેમાં બહારથી જે હરિભક્તો આવ્યા, તેમને ઉતાર્યા હતા. બુવા ગામના જે પાટીદાર હરિભક્તો હતા, ૧૭. તે બધા મોટા અમીન કહેવાતા હતા. કાનદાસ, ગુલાબભાઈ, ધ્રુવભાઈ અને ત્રિભુવનભાઈ, એ બધા હરિભક્તોમાં મુખ્ય ગણાતા હતા. ૧૮.

❋ દીનાનાથ ભટ્ટના સદ્‌ગુણ :

દીનાનાથ પંડિત રાજદરબારોમાં સન્માન પામેલા આમોદ ગામના ઘણા સારા વિદ્વાન હતા. તેમને અમીનોના પહેલા સત્સંગ થયો હતો. તેઓ પ્રેમથી અમીનોની સાથે આવ્યા હતા. ૧૯. પરમ દયાળુ શ્રીહરિ તેમને દેખીને તત્કાળ અતિશય ખુશી થયા. તેમણે સંતોની સેવા ઘણી જ કરી હતી, તેથી શ્રીહરિને તેમના ઉપર બહુ હેત હતું. ૨૦. પંડિત દિનાનાથજી વિપ્રોના જે સદાચારમય ધર્મ કહેલા હતા, તેમાં શુદ્ધ રીતે રહેતા હતા. તેઓ મિતભાષી અને ઘણા ગુણવાન હતા. અનંત શાસ્ત્રોના ભંડાર જેવા હતા. ૨૧.

તેઓ અઠ્યાસી હજાર ઋષિઓના મતને જાણતા. શાસ્ત્રોના શબ્દોમાં તો બહુ શાણા-કુશળ હતા. કાવ્ય, અલંકાર અને કોષગ્રંથોને પણ સારી રીતે ભણેલા અને તેના જાણકાર હતા. ૨૨. જ્યોતિષ શાસ્ત્રના બધા મતોને જાણતા. વેદ અને સ્મૃતિઓને તો જાણે હમણા જ ભણીને આવ્યા ન હોય ! પુરાણોના શબ્દોમાં પણ તેમને શ્રીહરિ જેટલું પૂછતા તેટલું જ તેઓ બોલતા. ૨૩. પૂછ્યા વિના તેઓ ક્યારેય બોલતા નહિ. તેથી બીજા બધા લોકો તેમને પંડિતના રૂપમાં ઓળખતા નહિ.

તેઓ કાંઈ શ્રીહરિના સ્તોત્ર રચીને લાવ્યા હતા. તેને જ્યારે જાહેરમાં બોલ્યા ત્યારે સહુને તેઓ વિદ્વાનનાં રૂપમાં દેખાયા. ૨૪. તેમનામાં ઉપરથી કોઈ હરિભક્તના ચિહ્ન બહુ દેખાતા ન હતા. તેમની સહજ સ્વભાવે પ્રકૃતિ ઘણી શાંત હતી. ૨૫. તેમના દિલમાં જેવી સમજણ હતી તે પ્રમાણે તેમણે સ્તોત્રોમાં શ્રીહરિને અનંતકોટી બ્રહ્માંડોના કારણનાં પણ કારણ કહ્યા હતા. ૨૬. જેનાથી કોઈ પર નથી, જેનાથી કોઈ વધારે સમર્થ નથી, જેઓ અત્યારે સંતમંડળને મધ્યે વિરાજી રહ્યા છે, શોભી રહ્યા છે. આવું વર્ણવ્યું હતું. ૨૭.

શ્રીહરિએ પંડિત દીનાનાથને દેખ્યા. તેમને ફૂલનો હાર આપ્યો. તે ગુણવાન પંડિત છે એમ સમજીને તેને વર્ણીની સાથે ઉતારો આપ્યો. ૨૮. તેમની સાથે જેટલા વિદ્યાર્થીઓ હતા તે બધાને પણ વર્ણીની સાથે જમવાનું કહ્યું. કરાળી (કલાલી)ગામના અજુભાઈ અમીન પાટીદાર હતા. તેમનું કુટુંબ ઘણું મોટું હતું. ૨૯. તેઓ બધા શ્રીહરિની પાસે આવ્યા. તેઓ ઘણા જ ઉત્સાહથી શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ગામમાં જ્યારે વધારે પડતી ભીડ થઈ ત્યારે શ્રીહરિ ગામ બહાર આવ્યા. ૩૦. ગામની ચારે બાજુ ફર્યા. સભા થાય એવું કોઈ સ્થાન ન દેખ્યું. જેટલા કૂવાઓ અને બાગો કહેવાતા હતા. તે બધા ગામથી પા પા કોશ સુધી દૂર હતા અને દેશદેશના જે હરિભક્તો આવ્યા હતા તે બધા ભરપૂર ત્યાં ઊતર્યા હતા. નડિયાદના અને પેટલાદના જે મોટા મોટા વેપારીઓ હતા, ૩૧-૩૨. બીજા ગામના પણ જે વેપારીઓ વેપાર કરતા હતા. તેમણે બધાએ આવીને ત્યાં દુકાનો કરી દીધી હતી. શ્રીહરિએ તે બધી દુકાનોને દેખી. ૩૩. તે દુકાનો કરનારા વેપારી પણ ઘણા ડાહ્યા હતા. તેઓ પોતપોતાના ચોકિયાતોને લાવ્યા હતા. હરિભક્તોને જે સામાન જોઈતો હોય તે ધન આપવાથી તરત મળતો હતો. ૩૪.

ગામના પૂર્વ દરવાજા સામે જે તળાવ છે, તેના તરફ શ્રીહરિની દૃષ્ટિ ગઈ. તળાવને કાંઠે એક દેવળ હતું. શ્રીહરિ ભક્તોને દર્શન દેવા માટે તે દેવળ ઉપર બેઠા. ૩૫. ત્યાંથી પૂર્વ તરફ આગળ દૃષ્ટિ કરી ત્યારે ત્યાં ઘણા મોટા આંબલાના ઝાડ દેખ્યા. તે મોટા વડલાના જેટલા વિસ્તારમાં અને ઘણી ઘાટી છાયા વાળા હતા. ૩૬. શ્રીહરિવરે તે બધું જોયું, મનમાં ઘણો આનંદ થયો. તે આંબલા સભા કર્યા જેવા છે એવું ધારીને તે વખતે જ ત્યાં ગયા. ૩૭. તેની આસપાસમાં બીજા પણ વિવિધ પ્રકારના વૃક્ષ હતા. ત્યાં કોઈનું વાવેતરવાળું ખેતર નહિ હોવાથી કોઈનું કાંઈ લગારેય બગડે તેમ પણ ન હતું. ૩૮. તળાવ તરફની જમીન આંગણા સમાન સ્વચ્છ હતી. ગાયોના ધણ જેટલા હતા તે ત્યાં બપોરે બેસતા હતા, તેની તે બેઠક હતી. ૩૯. તે સ્થાનની શોભા તો વૃંદાવન કરતા પણ અપાર બની હતી. શ્રીહરિએ તે સ્થળ જોતાની સાથે જ ત્યાં બેઠક કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'ઉત્સવ પર ઘણા હરિભક્તો આવ્યા, ત્યારે પૂર્વ દિશામાં આંબલા નીચે સભા કરી' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર આઠમું : તરંગ - ૫૪

મર્યાદાનું ગૌરવ તથા નિષ્કામધર્મનું મહત્ત્વ

વડતાલ ગામના હરિભક્તોએ શ્રીહરિને બેસવા માટે એક અનુપમ હિંડોળો બાંધ્યો અને તેમાં ગાદી તકિયા વગેરે મૂક્યા. ૧. તે ગાદી તકિયા તો કીનખાબના કર્યા હતા અને સુરતના હરિભક્તો લાવ્યા હતા અને સોનેરી તારના ગુચ્છ ગૂંથીને તકિયામાં લટકાવ્યા હતા. ૨. તકિયાની બંને બાજુએ બે સુશોભિત દર્પણ મૂક્યાં હતાં. ભક્તોના ચિત્તને ખેંચનાર મૂર્તિસ્વરૂપ જેનું છે આવા શ્રીહરિ તે ગાદી ઉપર બેઠા. ૩. ત્યાં જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધાની સભા થઈ હતી. સહુ મનમાં પ્રસન્ન હતા. કારણ કે સહુને બેસવાની જગ્યા ખુલ્લી મળી હતી. ૪. તે અપાર સંતો સંતોના સમુદાયમાં બેઠા અને વારંવાર શ્રીહરિનાં સ્વરૂપનું ચિંતવન કરતા હતા. દંડી સંન્યાસીઓ પોતાનો દંડ લઈને સંન્યાસીઓના સમુદાયમાં બેઠા હતા. ૫.

વર્ણીઓ વર્ણીના સમૂહમાં બેઠા. સંતો અને વર્ણીઓએ તિલક કરીને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો. તેનાથી શોભા અત્યંત વધી હતી. ૬. વિપ્રો ભેળા વિપ્રો, દરબારો (રાજાઓ)ની ભેળા દરબારો (રાજાઓ), વૈશ્યોની સાથે વૈશ્યો અને શૂદ્રોની સાથે શૂદ્રો બેઠા. ૭. અન્ય પુરુષ કોઈ મુખ ન દેખે તે રીતે સ્ત્રીઓના સમુદાયમાં હરિભક્ત સ્ત્રીઓ બેઠી. તે બધા જે બાઈ-ભાઈ હરિભક્તો હતા. તેઓ શ્રીહરિની મૂર્તિ સિવાય બીજું કાંઈ જોતા જ ન હતા. ૮. બીજા તીર્થોમાં અપાર વર્ણ સહુ ભેળા મળી જતા. પણ આપણા સત્સંગમાં જેવી મર્યાદા છે તેવી બીજા કોઈ તીર્થમાં મર્યાદા રાખતા ન હતા. ૯. તીર્થોમાં જે પુરુષ સ્ત્રી વિનાના હોય છે તે ભ્રષ્ટ થયા વિના રહેતા નથી. તેમ જ જે સ્ત્રીઓ પુરુષ વિનાની હોય છે તે પણ તીર્થોમાં ભ્રષ્ટ થઈને જ આવે છે. ૧૦.

નિયમ-વ્રતમાન સિવાય મર્યાદા રહેતી નથી એમ મોક્ષભાગી લોકો કહે છે. જે લોકોને નરકમાં જાવું હોય તે એકેય નિયમને રાખતા નથી. ૧૧. માણસ ઘેર હોય ત્યારે સમાજનો ભય રહેતો હોય છે. ક્યારેક કુટુંબની લાજ શરમ પણ આડી આવે. પણ નિયમ વિનાના મનુષ્ય જ્યારે તીર્થમાં જાય છે ત્યારે લાજ-શરમને ઘરને દરવાજે જ મૂકતા જાય છે. ૧૨. તેમાં પણ ભક્તમાળ ગ્રંથ(નાભાદાસકૃત)માં કહેલું ભક્તોનું માહાત્મ્ય જેણે સાંભળ્યું હોય તે સ્ત્રી જાતિ તો માહાત્મ્યને ઓથે નિઃશંક થઈ જાય છે. ૧૩.

એટલા માટે શ્રીહરિ હરિભક્તોને વારંવાર કહેતા કે કોઈએ "ભક્તમાળ" ગ્રંથ સાંભળવો નહિ. તે ઘણા કપટથી ભર્યો છે. ૧૪. જેમ કસાઈ બકરાંને લીલું ઘાસ દેખાડી તે કતલ કરવા ખવરાવે છે. આમ કતલ કરવા માટે લીલું ઘાસ ખવડાવાય છે. ૧૫. જે મુમુક્ષુ હોય તેને તો ધર્મ પ્રિય લાગે છે. ધર્મ વિના મોક્ષ થાતો નથી. આવો બધા ભક્તનો સિદ્ધાંત છે. ૧૬.

✵ નિષ્કામધર્મની મહત્તા અને આવશ્યકતા :

બીજા ધર્મ તો અનંત છે અપાર છે. કહેતા કહેતા તેનો પાર આવતો નથી. પણ તેમાં નિષ્કામ ધર્મ ઉત્તમ છે. તેના વિના કોઈ ધર્મ શોભતો નથી. ૧૭.

चोपाई :

निष्काम विन धर्म कहावत जितना, फलिभूत न होवत तितना;
हमारे हरिजन जितने होउ, निष्काम रखना मुख्य हि सोउ...१९
निष्काम धर्म दृढ करने हीता, वेर हि वेर समैया करीता;
विविध चरित्र हम करत जेहा, देश देश प्रति जाई के तेहा...२०

નાક વિનાનું મુખ જેવું શોભે તેમ નિષ્કામ ધર્મ વિનાનો ધર્મ બુચો જાણવો. અત્યારે અમારો સિદ્ધાંત પણ એવો જ છે. નિષ્કામપણું જ સર્વ સારમાં સાર અને સર્વોપરિ છે. ૧૮. નિષ્કામપણા સિવાયનો જેટલો ધર્મ છે તે ક્યારેય સફળ થાતો નથી. માટે અમારા જેટલા હરિભક્તો છે તે સહુએ નિષ્કામપણાને મુખ્ય રાખવું. ૧૯. તે નિષ્કામ ધર્મને દૃઢ કરવાને માટે જ અમે વારંવાર સમૈયા

કરીએ છીએ. અમે દેશ પરદેશમાં જઈને જે વિવિધ પ્રકારનાં ચરિત્ર કરીએ છીએ તે પણ, ૨૦. નિષ્કામપણારૂપ ધર્મને દૃઢ કરવાને માટે જ છે. અમે અનેક પ્રકરણોને વારેવારે જે ફેરવીએ છીએ તે પણ નિષ્કામતા માટે જ છે.

અમે કામ દોષનું અપાર બળ દેખ્યું છે કે, જેણે ભવ અને બ્રહ્મા સુધીનાને તેણે ખુવાર કરી દીધા હતા. ૨૧. ઈન્દ્ર, ચંદ્ર અને નારદમુનિને પણ કામે ઘેરી લઈને પરાસ્ત કરી દીધા હતા. અને તેટલા માટે જ અમે બહુ તપ કર્યું કે જે મનુષ્યથી ક્યારેય થઈ શકે નહિ. ૨૨. શિવજીના જેવા કોઈ યોગી નહિ. યોગીઓમાં તેઓ સર્વોપરિ કહેવાય. યોગનાં જેટલાં અંગ છે તે બધાં શિવજીમાં સહજ રીતે રહ્યાં છે. ૨૩. અતિ શક્તિશાળી એવા શિવજીની તુલનામાં તો બીજા યોગીઓ ઘણા પ્રાકૃત કહેવાય. સનકાદિકો, કપિલજી અને દત્તાત્રેય, તેઓ સમર્થ યોગી કહેવાય, ૨૪. અને નરનારાયણ દેવ તો સમગ્ર યોગીઓના સ્વામી કહેવાય. તેઓ સંપૂર્ણ નિષ્કામ ધર્મને પાળે છે. તેઓ યોગેશ્વર અને અંતર્યામી કહેવાય છે. ૨૫.

શ્વેતદ્વીપમાં શ્રીવાસુદેવ નારાયણ મુખ્ય યોગેશ્વર કહેવાય છે. તેઓ બધા તત્પર થઈને તપ કરે છે. તેમને તપ કરવામાં રુચિ રહે છે. ૨૬. શ્રીકૃષ્ણ ભગવાન અગિયાર વરસ સુધી વ્રજમાં વિચર્યા. જન્મથી આરંભીને અનેક યોગ ઐશ્વર્ય બતાવ્યા. ૨૭. જે જે ચરિત્ર કર્યાં તે ભક્તજનને ધ્યાન-ચિંતન કરવા માટે કર્યાં છે. તેમણે નંદજીને અને યશોદાજીને પોતાનાં સ્વરૂપ સંબંધથી અતિશય સુખ આપ્યું. ૨૮. ગોવાળો, ગોપીઓ, ગાયો અને વાછરડાં, એ બધાને પણ ઘણું જ મન ચાહ્યું સુખ આપ્યું. વન, પર્વત, સરોવર અને નદીઓ, એ બધાને પણ ઘણો જ આનંદ આપ્યો. વૃંદાવનમાં રહેલા પશુ, પક્ષી, તૃણ, લતા અને ગુલ્મ વગેરેને, મહા મુક્તોને પણ દુર્લભ એવી દિવ્ય પ્રાપ્તિ કરાવી હતી. ૩૦.

ઉદ્ધવજીના જેવા બીજા કોઈ ભક્ત નહિ. ભગવાન કહે છે કે ઉદ્ધવ મારા સ્વરૂપ કરતા એક અણુ જેટલા પણ ન્યૂન નથી. તે ઉદ્ધવજીએ વૃંદાવનમાં એકવાર તૃણ, ગુલ્મ, લતા અને ઔષધિમાંથી કોઈ એક જન્મ માગ્યો હતો. ૩૧. "આ ગોપીઓના ચરણની રજ મારા મસ્તક ઉપર પડે તો હું પૂરો

કૃતાર્થ થાઉં.” એવું માગ્યું હતું. ભગવાને ગોપીઓને એવો પ્રતાપ આપ્યો હતો. અને બ્રહ્માએ પણ ઉદ્ધવજી જેવું જ કહ્યું હતું. ૩૨.

आसामहो चरणरेणुजुषामहं स्यांवृंदावने किमपि गुल्मलतौषधीनाम्।
या दुस्त्यजं स्वजनमार्यपथं च हित्वा, भेजुर्मुकुन्दपदवीं श्रुतिभिर्विमृग्याम्॥
– भाग. १०/४७/६१

अहो ! भाग्यमहो ! भाग्यं नन्दगोपव्रजौकसाम् ।
यन्मित्रं परमानंदं पूर्णं ब्रह्मं सनातनम् ॥ भाग.१०/१४/३२

ભગવાને ગોપીઓને વારંવાર દિવ્ય ભાવ દેખાડ્યો, તો પણ તેમને પૂરું માહાત્મ્ય ન સમજાયું. તેમને દિવ્યભાવ ઘણો દેખાડ્યો તો પણ તે ગમાર અણસમજુ જ રહી. ૩૩. તે વખતે હરિ ઈચ્છાથી યમુનાને સામે કિનારે દુર્વાસા મુનિ આવ્યા. ગોપીઓએ જ્યારે તેમને ભોજન જમાડ્યા, ત્યારે શ્રીકૃષ્ણનું માહાત્મ્ય સૂઝ્યું. ૩૪.

જ્યારે પરમાત્મા મનુષ્યાકારે પ્રકટ હોય છે ત્યારે યથાર્થરૂપમાં ઓળખી શકાતા નથી. ભગવાન પોતે કાંઈક યથાર્થ રૂપમાં જ્ઞાન આપે છે તોય થોડું અજ્ઞાન રહી જાય છે. ૩૫. અક્રૂરજીને યમુનાજીના જળમાં શ્રીકૃષ્ણ ભગવાને વારંવાર દિવ્ય દર્શન આપ્યાં હતાં પણ પછી જ્યારે દ્વારકામાં આવ્યા ત્યારે તે અક્રૂરજીએ ભગવાનની સાથે જ કપટ કર્યું હતું. ૩૬. **લોભ અને કામમાં ઘણું બળ રહ્યું છે. તે ભગવાનનાં સ્વરૂપના નિશ્ચયને છેદી નાખે છે. એટલા જ માટે લોભનો અને કામનો જાણી જોઈને ક્યારેય વિશ્વાસ કરવો નહિ.** ૩૭.

કોઈ ઘણો બુદ્ધિમાન મનુષ્ય પણ જો લીલાગર ભાંગને પીવે અથવા દારૂને પીવે તો તે પછી તેની બુદ્ધિનું કાંઈ ઠેકાણું રહેતું નથી. એટલે કામ અને લોભ દોષનું એવું બધું છે. ૩૮. ભગવાનનો ભક્ત હોય અને જે જાણી જોઈને ઝેરને ખાય તો તે નિશ્ચિત મરી જ જાય છે. તેમાં કોઈ સંદેહ નથી. કારણ કે ભગવાને તેની રચના જ તેવી કરી છે. ૩૯. એટલા માટે જ નિષ્કામપણાના ધર્મને દૃઢ કરીને રાખવો. નિષ્કામ ધર્મ હશે તે કામ લાગશે. બીજા કોઈ કામ લાગશે નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'મર્યાદાનું ગૌરવ તથા નિષ્કામ ધર્મનું મહત્ત્વ' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર આઠમું : તરંગ - ૫૫

અંતરદૃષ્ટિનું મહત્ત્વ કહીને શ્રીહરિ જોરાભાઈના ઘરે થાળ જમ્યા

શ્રીહરિવરે સહુ હરિભક્તોને કહ્યું, નિષ્કામ ધર્મને સહુ દૃઢપણે પાળજો. તેમાં કોઈ ગાફલ રહેશો નહિ. ૧. બીજા જપ અને તપ વગેરે અનેક સાધનોને ભલે કરો પણ નિષ્કામ વ્રતમાન જેવું કોઈ અન્ય તપ નથી. જ્યાં સુધી નિષ્કામપણું નથી ત્યાં સુધી આપણે સહુ ભેળા થયા છીએ તેનું ફળ શું ? ૨. કોઈ કામભોગનો સંકલ્પ કરે, તે સંકલ્પની સાથે જ તુરંત કામ ઊપજે છે. વડનું બીજ ઘણું નાનું હોય છે પણ તે નાના બીજમાંથી જ વટવૃક્ષનો વિસ્તાર ઘણો જ થાય છે. ૩. વનસ્પતિ અનેક છે પણ તે બીજ વિના ક્યારેય થાતી નથી. બીજને માટી અને પાણીનો જોગ થતાની સાથે જ બીજમાંથી અંકુર ઉત્પન્ન થાય છે. ૪. ધર્મ વિનાના જેટલા સંકલ્પ ઉદય પામે છે તે બધાને ઝેરના જેવા સમજીને તત્કાળ જ તેનો નાશ કરી નાખવો સારો છે. તેમાં ઝાઝું બળ કરવું પડતું નથી. ૫.

વડનો અંકુર નાનો હોય ત્યાં સુધીમાં તેને તરત જ ઉખાડી શકાય છે. જો તે અંકુર છ માસનો થઈ જાય તો પછી મોટા મનુષ્યથી પણ તે ઉખેડી શકાય નહિ. ૬. અને વડ જો પાંચ વરસનો થઈ જાય પછી તેને હાથીના બળથી પણ ઉખેડી શકાય નહિ. તેમ જ કામ ક્રોધ અને લોભ, તેનો સંકલ્પ ઘણો બળવાન છે. ૭. બીજા બધા સંકલ્પો તો બ્રહ્માંડમાં સૃષ્ટિની જેમ રાત દિવસ થયા જ કરે છે. જીવ અપાર સૃષ્ટિ કરતા રહે છે અને કાળ તેના નિયત સમય પ્રમાણે તેનો નાશ કરતો જ રહે છે. ૮. માયાના ત્રણ ગુણ છે તે ભગવાન સિવાયના નિત્ય નવા વિવિધ ઘાટ ઘડે જ જાય છે. જેટલા ઘાટ સંકલ્પ અસત્ હોય તેને સત્સંગે કરીને ઓળખવા અને પછી તેનો ત્યાગ કરવો. ૯.

ભગવાન સિવાયના બીજા જેટલા ઘાટ-સંકલ્પો થાય છે તેના ફળરૂપે જન્મ મરણ રૂપ આ સંસૃતિ થાય છે તે સમજુ મનુષ્યે જોવું. જ્યારે સત્સંગ કરવામાં આવે છે ત્યાર પછી તેને જ્યારે અંતર્દૃષ્ટિ થાય છે ત્યારે બધું દેખાય છે. ૧૦. અંતર્દૃષ્ટિ વિના તો આંધળા જેવું કહેવાય. તે વિના સંકલ્પ સૃષ્ટિ લેશમાત્ર દેખાતી નથી. જીવ અહીંયા જેવા સંકલ્પ કરે છે તેવું તેને પછીથી સુખ દુ:ખરૂપ પરિણામ ભોગવવાનું હોય છે. ૧૧. એવા ભોગ તો અનંત પ્રકારના મળે છે. જો જીવ અધર્મ કરે છે તો તેને તે પ્રકારનું ફળ મળે છે. તેટલા માટે સત્સંગ કરીને અધર્મ માર્ગને જાણી લેવો. પછી તે અધર્મ માર્ગને તજી દઈને આગળ ચાલવું. ૧૨.

* સત્સંગ તેમજ સમજણની મહત્તા :

दोहा : सत्संग सम नहीं सार कोउ, ब्रह्मांड में जितनो सार;
सो सब तेहि नकल हे, युँ देखना वारमवार...१३

સત્સંગના સમાન કોઈ સાર (તથ્ય, તત્ત્વ) નથી. બ્રહ્માંડમાં બીજે ક્યાંય જે સાર દેખાય છે તે તો સત્સંગની નકલમાત્ર છે. આમ વારંવાર વિચારવું-દેખવું. ૧૩. બ્રહ્માંડમાં જેટલો સાર મનાય છે તેટલી તેને કાચ્યપ કહેવાય છે. જ્યારે એવી કાચ્યપ ન રહે ત્યારે એનું નામ પરિપક્વ સત્સંગ થયો કહેવાય. ૧૪. **બીજા વિચારાને નિરર્થક કરીને દિન-પ્રતિદિન સત્સંગમાં જ અધિક સાર મનાય એવો વિચાર કરવો.** ૧૫.

અને તેનું જ નામ સત્સંગ છે અને બીજી વાસનાથી છૂટીને એવું સત્સંગનું અંગ કરવું જે હું પરમ હિત માની સહુને કહું છું. ૧૬. દિન પ્રતિદિન સત્સંગ વધારે થાય. સત્સંગ વિનાની સાર વસ્તુ જણાતી હોય તો પણ તેને અસાર માનવી. આવું વારંવાર શીખવું અને પ્રેમથી કથા, કીર્તન એવી રીતે કરતા રહેવા. ૧૭. જગતમાં જેટલા વિષય કહેવાય છે. ભલે તે વધારેમાં વધારે સુંદર હોય, પણ તે વિષય સત્સંગમાં ઉપયોગી થાતા નથી. તે વિષય તો અત્યંત વિઘ્નરૂપ છે એમ સમજવું. ૧૮. ખરા હરિભક્તની બધી સમજણ આવી હોય છે અને તેણે કરીને જ તે હરિભક્તનો મોક્ષ થાય છે. શ્રીહરિ આટલી વાત કરી રહ્યા ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ હતી. ૧૯.

શ્રીહરિ ઘણા જ પ્રેમભાવથી સરસ રીતે જમવા માટે ગામમાં આવ્યા. શ્રીહરિ જ્યારે સહજ સ્વાભાવિક ગતિથી આગળ ચાલતા હતા ત્યારે બધા પાર્ષદોને સાથે રહેવા માટે દોડવું પડતું હતું. ૨૦. શ્રીહરિની આગળના ભાગમાં વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. સહુ જોરાભાઈને ઘેર આવ્યા. તેમણે ઘણો સુંદર મંડપ બંધાવ્યો હતો. ૨૧. મંડપની નીચે સુંદર બાગ કરાવ્યો હતો. કેળના સ્તંભો લાવીને રોપાવ્યા હતા. સ્તંભોને સોનાનો વરખ લગાવ્યો હતો. લટકતી કેળાની લૂમોને પણ સોનાનો વરખ લગાડીને સોનેરી કરી હતી. ૨૨.

તેમાં શિલ્પીએ બહુ પ્રકારના અને ઘણી જાતના પક્ષીઓને પણ કર્યાં હતાં. તે પક્ષીઓ બબ્બેની જોડીમાં બનાવ્યાં હતાં. દેખનારાને ખરેખર સાચા હોય તેમ જણાતું હતું. ૨૩. મોર, પોપટ, મેના અને ચકોર કર્યાં હતાં. તેમજ હંસ, કોયલ, ચકવા, ચકવી અને કબૂતરોને ઝાડ ઉપર બેઠા હોય તેવા કર્યાં હતાં. ૨૪. તે બધા પક્ષીઓ પોતપોતાની જાતિના શબ્દ કરતા હતા. તેમાં એટલી બધી ચતુરતા કરી હતી કે શ્રીહરિ તેને ઘણીવાર સુધી જોઈ જ રહ્યા. ૨૫.

આખા ચોકમાં રંગોળી પૂરી હતી. તેમાં વિવિધ રંગ વાપર્યા હતા. તેમાં સોનાનો બાજોઠ મૂક્યો. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. ૨૬. આખા મંડપમાં બીલોરી ઝાડ બાંધી દીધાં હતાં. તેનું તેજ વિચિત્ર રીતે ઝગમગાટ જ્યોતિ કરતું હતું. ૨૭. મંડપ કમાનોવાળો કર્યો હતો. ઠેરઠેર કમાનો હતી. બધા તે વળાંકના ભાગોમાં સોનાનો વરખ ચોંટાડ્યો હતો. ૨૮. શ્રીહરિ મંડપની બહાર આવ્યા. જળથી સ્નાન કર્યું. અંગ કોરું કરીને જરકસી કોરવાળું પીતાંબર પહેર્યું. ૨૯. તેવું જ બીજું પીતાંબર ઓઢી લીધું. નિપુણતાથી સોનાની ચાખડીઓ પહેરી લીધી. ચરણમાં સોનાનાં ઝાંઝર પહેર્યાં હતાં તેમાંની ઘૂઘરીઓ ઘણી વાગી રહી હતી. ૩૦.

હાથના કાંડામાં સોનાના વળદાર કડાં પહેર્યાં હતાં અને પ્યારા શ્રીહરિએ હાથમાં રેશમી રૂમાલ લીધો હતો. મંડપની વચ્ચે આવીને બેઠા. સુંદર સોનાનો બાજોઠ ઢાળ્યો હતો. ૩૧. ત્યારે વર્ણી ભોજનથી ભરેલો થાળ લાવ્યા. સાકર વાપરીને પુષ્કળ પકવાનો કર્યાં હતાં. જેટલી જાતના પાક હતા

તેટલા તેના ભરેલા થાળ લાવ્યા. ૩૨. અન્નકોટ કરતા પણ ઝાઝા અને બધા ભલાં સરસ થાળ બનાવ્યાં હતાં. બપોરનો સમય વીતવા લાગ્યો હતો ત્યારે શ્રીહરિ પ્રેમથી બધું જમતા હતા. ૩૩. એક એક ચીજનાં નામ લઈને શ્રીહરિ ભાવથી જમતા હતા. શ્રીહરિએ કહ્યું, મોક્ષ નિમિત્તે જેટલો ખર્ચ થાય તેટલું ધન મળ્યું પ્રમાણ કહેવાય. ૩૪. આખા બ્રહ્માંડ જેટલું ધન વાપરીને કોઈ કરોડો યજ્ઞ કરાવે તો પણ તેને આવો સમય આવતો નથી. હરિભક્ત હોય તેણે આ વાત સત્ય જ જાણવી. ૩૫.

જે લોભી હોય તેનાથી આવો ખર્ચ થાય નહિ. લોભી તો વિચારી જોઈને ધન ખર્ચે છે. જો લાખ રૂપિયા ખર્ચ કરવાનું થાય તો મડદા જેવો જ થઈ જાય. ૩૬. લાખનું કામ પચીશ રૂપિયા વાપરીને પૂરું કરે. એનો જગતમાં ક્યારેય જશ થાતો નથી. ધન ભેળું કરીને પણ જે ખર્ચ કરે નહિ તે મરેલાની જેમ જીવે છે. ૩૭. **જેનું કમાયેલું ધન વિપ્ર કે સંતના મુખ સુધી ભોજનનાં રૂપમાં થોડુંએ ક્યારેય પહોંચતું નથી તો તે મરણ પછી ભૂત-પ્રેતના જન્મને પામીને અતિશય દુઃખને પામે છે.** ૩૮.

ભગવાન ઋષભદેવના પુત્ર ભરત હતા. નવખંડ ધરતીના તે અધિપતિ હતા. તેનાથી કોઈ વધારે સમર્થ ન હતું. ૩૯. તેની પાસે પુષ્કળ ધન હતું. હાથી અને અશ્વોનો તો કોઈ પાર જ ન હતો. ભરતની સંપત્તિ આગળ બીજાની સંપત્તિનો શું ભાર ? છતાં પણ તત્કાળજ તે સંપત્તિ તેમણે તજી દીધી હતી. ૪૦. તે ભરત જો મૃગમાં આસક્ત થયા તો તેમને તુરંત મૃગ થવું પડ્યું હતું. તેમ જે મનુષ્ય ધનને આધીન થાય છે તે ધનરૂપ થઈ જાય છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'અંતરદૃષ્ટિનું મહત્ત્વ કહીને શ્રીહરિ જોરાભાઈના ઘરે થાળ જમ્યા' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ।।૫૫।।



પૂર આઠમું : તરંગ - ૫૬

પ્રગટના સંબંધનું તથા નિર્દંભતાનું મહત્ત્વ કહ્યું

દયાળુ શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે થાળની પ્રસાદી દરબારોને આપી. પોતે મુખવાસ લીધો અને તત્કાળ સંતોની પંગત કરાવી. ૧. જોરાભાઈ કેસરયુક્ત ચંદન અને ફૂલહાર લઈને આવ્યા. શ્રીહરિનાં અંગો ઉપર ચંદન ચરચ્યું અને ફૂલના હાર પહેરાવ્યા. ૨. ફૂલની ટોપી પહેરાવી. તેમાં ફૂલના તોરા લટકાવ્યા. પછી આરતી ઉતારીને સ્તુતિ કરવા લાગ્યા. ૩. અમારો બધો પરિવાર કાયમને માટે સત્સંગની મર્યાદા(નોર)માં રહે અને તેમને ક્યારેય કુસંગમાં રુચિ થાય નહિ. હે પ્રભુ, અમે આટલું હાથ જોડીને માગીએ છીએ. ૪.

ત્યારે શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થયા અને બોલ્યા, તમારી બધાની સમજણ સત્સંગની મર્યાદાવાળી થાશે. પછી જોરાભાઈના જે પુત્રો હતા તેમણે શ્રીહરિની પૂજા કરી. ૫. તેમણે શ્રીહરિનાં ચરણોમાં કેસરચંદન ચરચ્યું અને પછી સહુએ તે ચરણોને પોતાની છાતી ઉપર ચાંપ્યા અને માથે મુકાવ્યા. પછી સંતોની પૂજા પણ કરી. ૬. સંતોને પાટલા ઉપર બેસાડ્યા. કેસરયુક્ત ચંદન ચરચ્યું. એક એક ફૂલહાર પહેરાવ્યો અને ચારે તરફ અગરબત્તીનો ધૂપ કરાવ્યો. ૭. તે રીતે જ તેમણે દરબારોની પૂજા પણ કરી. કોઈ દરબાર પાટલા ઉપર બેઠા નહિ. તે રીતે જ પાર્ષદોની પૂજા કરી. પછી શ્રીહરિ નિપુણતાથી પીરસવા લાગ્યા. પ્યારથી સંતોની પંગતમાં પીરસ્યું. પછી દરબારોને પણ પીરસ્યું. ૮. જ્યારે પાર્ષદોને પણ પીરસી દીધું પછી જ "વાસુદેવ હરે.." એમ બોલ્યા. સંતોને જમવાની જે રીત હતી તે રીતે જમવાની આજ્ઞા આપી. ૯. શ્રીહરિવરની જે આજ્ઞા છે તેમાં અનંત રસ રહ્યો છે. એવું સમજીને સહુ સંતો જમવા લાગ્યા. કોઈને ક્યારેય મનમાં ક્ષોભ થતો ન હતો. ૧૦.

"શ્રીહરિએ જેનો જેવો ને જેટલો આહાર નિર્મિત કર્યો હોય તે પ્રમાણે સહુ પ્રેમથી આહાર કરે છે." આવું સમજીને સહુ સંતો શ્રીહરિનાં આજ્ઞા વચનમાં વર્તતા હતા. ૧૧. **તે વચનમાં વર્તવાને લીધે જ સંતોની મોટાઈ ઘણી થઈ હતી.** નરનારી બધા જ મનુષ્યો સંતોની પ્રશંસા કરતા હતા.

શ્રીહરિની આજ્ઞામાં રહેવું તેના જેવું બીજું કોઈ મોટું તપ કહેવાતું નથી. ૧૨. કોઈ અપાર તપ કરે, ક્યારેય અન્ન ખાય નહિ, પણ તેનાથી ભગવાન રાજી થાતા નથી. કારણ કે તે મનમુખી કહેવાય છે. ૧૩. એવા તો અનંત મનમુખી લોકો અપાર તપ કરતા હોય છે અને અનંત સત્યવાદી પણ હોય છે કે જે હરિશ્ચંદ્રના જેવી ટેક ધારી રહ્યા હોય છે. ૧૪. ચ્યવન ઋષિ જેવા અનંત તપસ્વીઓએ પોતાનાં શરીર ઉપર રાફડો થઈ જાય તેવું તપ કર્યું હતું, પણ તેમને પ્રકટ શ્રીહરિનાં વચન પાળવાનું આવું સુખ મળ્યું ન હતું. ૧૫. શરીર ઉપર માટીના રાફડા થઈ જાય, આવું તપ કરતા કરોડો ચતુર્યુગ વીતી જાય તો પણ તેમને આવો પ્રકટ શ્રીહરિનો જોગ થાતો નથી. ૧૬.

❋ પ્રગટના યોગની મહત્તા ::

चोपाई :

प्रगट हरि को जोग हि जेहा, एक पलक जेहि होत हि तेहा;
कोटि वर्ष करे तप महा भारी, तेहि सम नहीं आवत कोउ वारी...१७
तोहु पलक जोग अधिक कहावे, प्रगट हरि को माहात्म युँ रहावे;
घडी पोहोर दिन भर हि जेहु, जाकुं प्रगट दरश भये तेहु...१८
ताको महात्म कहे नहीं आवे, देह गुन देखे नहीं देखावे;
देह गुन देखे डंभी जन जे ते, एकांति करीके माने तेते...१९

જે કોઈને એક પલકવાર પણ પ્રકટ શ્રીહરિનો યોગ થયો હોય તો તેની મહત્તાને તુલ્ય તો કરોડો વર્ષ પર્યંત કરેલું મહાન ભારે તપ પણ ક્યારેય થઈ શકતું નથી. ૧૭. ઊલટું એક પલક વાર થયેલો શ્રીહરિનો યોગ તે તપ કરતા વધારે કહેવાય છે. આવું પ્રકટ શ્રીહરિના યોગનું અપાર માહાત્મ્ય રહ્યું છે. જે ભક્તને એક ઘડી, એક પહોર કે એક દિવસ પ્રકટ શ્રીહરિનાં દર્શન થયાં હોય, તેનું માહાત્મ્ય તો કહી શકાતું જ નથી. દેહના ઉપરના ગુણ દેખવાથી તે માહાત્મ્ય સમજાતું નથી. જે દેહના ગુણોને દેખે છે તે તો દંભીજનોને એકાંતિક ભક્ત માને છે. ૧૮-૧૯.

પ્રકટ ભગવાનનો યોગ જેને સ્વપ્નમાં પણ ન થયો હોય એવા લોકો પણ જો દંભ કરીને ચાલે તો પ્રકટને મળ્યા હોય તેના કરતા પણ કરોડગણા

વધારે પૂજાય છે. ૨૦. જગતની રીત આવી જ હોય છે. તે ક્યારેય પ્રકટમાં પ્રીતિ કરતા નથી. જે દંભી હોય છે તે પ્રકટ હરિને મળેલામાં પણ દોષ દેખાડે છે. ૨૧. જેમ સાકર નાખેલું દૂધ ઘણું શુદ્ધ અને સારું હોય, તેના જેવું બીજું કોઈ સરસ કહેવાય નહિ. સ્વાભાવિક રીતે જ લોકોને તે દૂધના ઉપર ભાવ રહે છે. એવો તેનો સહજ સ્વભાવ રહ્યો હોય છે. ૨૨. પણ જે દંભી હોય છે તે તે દૂધને દેખીને તેમાં ભ્રાંતિ પેદા કરે, જ્યારે ભ્રાંતિ થાય ત્યારે ભ્રાંતિવાળો મનુષ્ય તે દૂધને ઝેર જ દેખે, તે દૂધ શુદ્ધ હોવા છતાં ભરમાયેલો શાણો માણસ તેને ખાય નહિ. ૨૩. જ્યાં સુધી શ્રીહરિ પ્રકટ વિરાજતા હોય ત્યાં સુધી દંભીનું કાંઈ ઊપજે નહિ પણ જ્યારે શ્રીહરિ અંતર્ધાન થયા તે પછી તો દંભીઓનું જ રાજ્ય રહ્યું. ૨૪. કોઈ ખળ પુરુષ જ્યારે અતિશય દંભ કરે છે, ત્યારે તેને દેખીને લોકો આ કોઈ અલક્ષ (અલેખ) તત્ત્વ છે એમ કરીને તેમને બહુ જ માને છે. ૨૫.

કોઈ નિશ્છળ મનુષ્ય નિર્દંભપણે સરલ થઈને રહે, દસ વીશ કે ત્રીશ વર્ષ સુધી તે પ્રકટ શ્રીહરિની સાથે રહેલ હોય, તો પણ જે દંભી છે તે તેને ક્યારેય ગણતા જ નથી. ૨૬. દંભી અને નિર્દંભી, એ બંનેને સ્વભાવ મળતો આવે તો પરસ્પર માને પૂજે, પણ જો સ્વભાવ મળતો ન આવે તો દંભી મનુષ્ય નિર્દંભીને ગણે નહિ. ૨૭. આ તો પ્રાકૃત(સામાન્ય) મનુષ્યની રીત છે, જ્યારે સાથે રહેવાનું થાય ત્યારે ખબર પડે છે. જ્યાં સુધી માણસ પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે ત્યાં સુધી તેની સાથે કોઈને પ્રીત થાતી નથી. ૨૮. અપ્રાકૃત-અલૌકિક સમજણવાળા મનુષ્ય સત્સંગની પ્રકૃતિને અનુસરીને વર્તે છે અને સત્સંગની પ્રકૃતિ તો સનાતન પરંપરાથી ચાલી આવી રહી છે. ૨૯. અંદર મન પરોવીને તેને ઓળખવી. ઓળખ્યા સિવાય ક્યારેય હેત વધે નહિ. હેતમાં જેટલી શુષ્કતા રહે તેટલો તેમાં કળિનો પ્રવેશ જાણવો. ૩૦.

જ્યારે હૃદયમાં આવીને કળિયુગ રહ્યો હોય ત્યારે પરસ્પર તે વૈર જગાવી દે છે. જો તે ભગવાનના દૃઢ ભક્ત હોય તો તેઓ ધર્મ-નિયમમાં દૃઢપણે વર્તે છે. ૩૧. જ્યારે ભગવાન પ્રકટ ન હોય ત્યારે એક બીજાનું મનમાં

ખરાબ વિચારવા લાગે. તેમાં કોઈનું સારુ વિચારીને વખાણ કરે ત્યારે બીજો ખરાબ હોય તે તેને રોકે છે. પાછળથી તે સમયે આવું વર્તન તત્કાળ થવા લાગે છે. ૩૨. તેમાં જે સરળ દિલના હોય તેને તો આવો ક્લેશમય એક દિવસ પણ કરોડો કલ્પ જેવો દુઃખરૂપ થઈ જાય છે. તે ભક્ત તો શ્રીહરિનાં ચરિત્ર સાંભળીને જીવન નિર્વાહ કરે છે. તેના જીવનમાં તે સિવાય બીજો કોઈ આધાર હોતો નથી. ૩૩. જે અત્યંત સ્વચ્છ મનના અને સરલ ચિત્તના હોય તેમને માટે જ આ ગ્રંથ મેં રચ્યો છે. જે દંભી, ખળ, કપટી અને કુટિલ હોય તેને માટે મેં આ શ્રીહરિચરિત્ર (લીલા) લખ્યાં નથી. ૩૪. આ ગ્રંથ દંભી અને ખળ પુરુષને માટે તો ઝેરના સમાન છે. તેને માટે તો હું ચોખા દાણા કરીને કહું છું. દંભી લોકોની સમજણ જ કાંઈ અલગ હોય છે, અને તે આ ગ્રંથ કરતા પણ વધારે જોર કરે તેવી હોઈ શકે છે. ૩૫. આ ગ્રંથ તેવાઓને માટે કાંઈ કામનો નથી. જેઓ છાના રુસ્તમ કહેવાતા હોય, તેઓ આ ગ્રંથ કરતા પણ પોતાનું જ્ઞાન વધારે છે એમ બતાવે અને દુનિયાને ભ્રાંતિમાં નાખી દે તેવા જ હોય. ૩૬.

જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પ્રેમથી પીરસતા રહ્યા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ પ્રેમથી હાથ ધોઈ નાખ્યા. ૩૭. જોરાભાઈએ ઘણા ભાવથી ઘનશ્યામ શ્રીહરિને પોતાના ઘરમાં પધરાવ્યા. ચરણોમાં કાંઈક ભેટ ધરીને અલૌકિક લાભ લીધો. ૩૮. ઘરમાં જેટલા મનુષ્ય હતા તે બધા જ સત્સંગી થયા હતા. તેથી શ્રીહરિ તે સહુને દેખીને ખૂબ જ પ્રસન્ન થયા. ૩૯. પછી શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા અને હરિભક્તોનાં હિતને માટે અને સંતોને ધ્યાન કરવા માટે થોડીવાર પોઢી ગયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'પ્રગટના સંબંધનું તથા નિર્દંભતાનું મહત્ત્વ કહ્યું' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર આઠમું : તરંગ - ૫૭

હિંડોળા પર બેસીને શ્રીહરિએ કીર્તન ગાન કરાવ્યું તથા વાતો કરીને ધૂન કરાવી

બે ઘડી (૪૮ મિનિટ) શ્રીહરિ પોઢી ગયા. પછી જ્યારે ઊઠ્યા ત્યારે ઘણા અમૂલ્ય વસ્ત્ર પહેર્યાં અને અશ્વ ઉપર સવાર થયા. ૧. તે વેળાએ પડઘમ, ત્રાંસા, ભેરી, ભૂંગળ વગેરે બહુ જાતના અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ભક્તજનોથી ઘેરાયેલા શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલ્યા. ૨. છડીદારે હાથમાં સોનાની છડી લીધી હતી અને આગળ ચાલીને "જય જય" "જય જય" એમ જયજયકાર કરતા હતા. બજારમાં ભક્તોની ભીડ ઘણી હતી. ૩. ચારે તરફથી શ્રીહરિના ઉપર અપાર ફૂલહારની વૃષ્ટિ થાતી હતી. આંબલે પહોંચ્યા ત્યાં સુધીમાં એટલા હાર આવ્યા કે તેનો ગણ્યે પાર આવતો ન હતો. ૪. શ્રીહરિ આંબલે આવીને હિંડોળા ઉપર બેઠા. તે સમયની સભાનું વર્ણન કરવું અતિ અશક્ય છે. જેટલા સંતો હતા અને જેટલા હરિભક્તો હતા તે બધા જ આવીને સભામાં બેઠા હતા. ૫.

ગરબી રાગનાં કીર્તન શ્રીહરિએ ગવડાવ્યાં. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીનાં રચેલાં પદ અનેક પ્રકારનાં હતાં, ૬. અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે કૃષ્ણાવતારમાં ભગવાને જન્મથી આરંભીને એટલા બધાં ચરિત્રો કર્યાં કે જેનો પાર પામી શકાતો નથી. ૭. શ્રીહરિ અને શ્રીકૃષ્ણ, વસ્તુ ગતે એક જ છે પણ નામથી ભિન્ન જણાયા હોય છે. વર્ણ અને જન્મસ્થાન ભિન્ન હોવા છતાં ધામમાં તે એક જ મૂર્તિ ધારીને રહ્યા છે. ૮. પરમાત્મા યુગે કરીને તો એક જ છે. એટલા માટે જ તેમનું નામ પણ હરિકૃષ્ણ જ કહેવાય છે. તે ભગવાનનાં જેવાં ચરિત્રોનું ગાન કરવું હોય તેને એક સમજીને કવિ ગાન કરે છે. ૯. જે સમયે જેવું કાર્ય આવ્યું હોય તે સમયે તેવું રૂપ પરમાત્માએ ધારણ કર્યું હોય છે છતાં પરમાત્મા પોતાનાં મૂળ સ્વરૂપનો ત્યાગ કરતા નથી. જ્યાં જેવું પ્રયોજન જણાય ત્યાં પરમાત્મા તેવો અવતાર ધારણ કરે છે. ૧૦.

ભગવાનમાં યોગૈશ્વર્ય અનંત રહ્યું છે. વ્યાસમુનિ જેવા પણ તેનો પાર પામી શકતા નથી. જો તેનો પાર લઈ શકાય, અંત પામી શકાય તો તે ઐશ્વર્યોને અનંત અમાપ કેમ કહી શકાય ? એટલે ભક્તો પણ તે ઐશ્વર્યોને અનંત કરીને સમજે-જુએ છે. ૧૧. માયિક ઈન્દ્રિયો કે અંતઃકરણથી તે યોગૈશ્વર્યોનો પાર પામી શકાતો નથી અને ભગવાન તો તે માયિક ઇંદ્રિયો આદિથી ન્યારા જ છે. માટે આવું સમજીને કવિજનો જેટલું જાણે છે તેટલું જ ભગવાનનાં ગુણોનું ગાન કરે છે. ૧૨. શ્રીહરિ તો અગાધ સમુદ્રની જેમ નિત્ય અમાપ જ છે. સૂર્ય પોતાના તીક્ષ્ણ કિરણોથી સતત સમુદ્રનું પાણી ખેંચે છે, છતાં સમુદ્રનું પાણી અરધા તલ જેટલુંએ ઘટતું નથી. ૧૩. અનંત અને અપાર નદીઓ રાત દિવસ સમુદ્રમાં પાણીના પ્રવાહને લીન કરે છે છતાં તે સમુદ્ર ભરાતો નથી. ૧૪. ચોમાસામાં સતત દસ દિવસ સુધી વરસાદની હેલી જામે ત્યારે નદીઓ અને સરોવરો ભરાઈ જાય છે પણ સમુદ્રમાં પાણી ક્યારેય વધતું નથી. ૧૫.

❋ શ્રીહરિચરિત્રની ભવ્યતા તથા અપારતા :

એ રીતે સમુદ્ર અમાપ છે શ્રીહરિ તો તેના કરતાં પણ વધારે અમાપ છે. કવિઓ આવું કહેતા હોવા છતાં તેમને ભગવાનનું માપ કરતા આવડતું નથી. માટે તેઓ તેમને અનંત કહે છે. ૧૬. જેમ આકાશ નિર્બંધ છે. પાત્ર જેટલું પહોળું કે ઊંડું હોય તેટલું આકાશનું માપ થાય છે છતાં આકાશ તો અત્યંત અમાપ જ રહે છે. તેમ ભગવાન પણ કોઈનાં બંધનમાં આવતા નથી. ૧૭. શ્રીહરિનાં એવાં જે ચરિત્રો છે તેનું ગાન બધા હરિભક્તો કરતા હોય છે અને જ્યારે સંતો તે ગાતા હોય છે ત્યારે સહુ હરિભક્તો તેને સાંભળતાં હોય છે. ૧૮. સંતોને જ્યારે શ્રીહરિનો જેવો મહિમા કહેવો હોય ત્યારે તેવા અવતારનું નામ લઈને મહિમા કહે છે અને તેનાથી જ શ્રીહરિનો મહિમા અગાધ છે તેમ સમજાય છે. ૧૯. શ્રીહરિના મહિમાને કહેવો અને તેને સાંભળવો, એ બે સિવાય બીજામાં કોઈને રસ હોતો નથી. બીજા જે રસમાત્ર છે તે તો શ્રીહરિનાં ચરિત્રોની તુલનામાં, ૨૦. સાકરની તુલનામાં જેમ મીઠું તુચ્છ છે, તેનાથી પણ તે બીજા રસો અતિ તુચ્છ છે. આવું સમજીને સંતો રાત દિવસ શ્રીહરિનાં ચરિત્રોનું ગાન કરતા રહે છે. ૨૧.

જે ભક્તો શ્રીહરિનાં ચરિત્રરસના ભોગી થયા છે તેમનાં બધા જ દુઃખોનો નાશ થઈ ગયો છે. અને જે સુખમાત્ર કહેવાય છે તે બધાં જ શ્રીહરિનાં ચરિત્રોમાં આવીને રહ્યાં છે. ૨૨. આ હરિચરિત્રોથી ઊંચું અન્ય કોઈ સુખ નથી, એમ ભવ અને બ્રહ્માદિક બધા દેવો પણ કહે છે. યોગ અને તપનું પણ ખરું ફળ એ છે કે શ્રીહરિનાં ચરિત્રોમાં સ્નેહ કરવો. ૨૩.

चोपाई :

हरि के चरित्र में भये जेहि नेहु, साधन अनंत पूरे भये तेहु;
ताको नाम हि मोक्ष कहावे, भव भटकन बहोरी नहीं आवे...२४

दोहा : हरि के अक्षरधाम में, हरि के चरित्र हि जोउ;
हरिजन कुं करना इतनो, अखंड हि सुननो सोउ...२५
श्रवन करी हरि मूर्ति, जीय संग रखत हि जोर;
पलक न करत दूर हि, अवर स्नेह दिये तोर...२६

જેને શ્રીહરિનાં ચરિત્રોમાં પૂર્ણ સ્નેહ થયો હોય તેનાં અનંત સાધન પૂરા થઈ ગયા છે, એમ જાણવું અને તેનું જ નામ મોક્ષ કહેવાય છે. શ્રીહરિનાં ચરિત્રોમાં સ્નેહ કરનારાને ફરીવાર ભવભટકણ રહેતું નથી. ૨૪. ભગવાન શ્રીહરિનાં અક્ષરધામમાં જઈને પણ ભગવાનના ભક્તે શ્રીહરિનાં ચરિત્ર અખંડ સાંભળવાના છે, એટલું ભગવાનના ભક્તે કરવાનું છે. ૨૫. શ્રીહરિનાં ચરિત્રોને સાંભળ્યા પછી શ્રીહરિની મૂર્તિમાં જીવને બળપૂર્વક જોડી દેવાનો છે. તેને એક પલક વાર પણ દૂર થવા દેવાનો નથી અને બીજી બધી વાસનાને તોડી દેવાની છે. ૨૬.

શ્રીહરિની મૂર્તિમાં એવો રસ રહ્યો છે કે તેમનાં ચરિત્રોને સાંભળતા મન તૃપ્ત થાય નહિ. જેમ ચકોર પક્ષી ચંદ્રમા સિવાયની અન્ય કોઈ વસ્તુને દેખતા નથી તેમ મૂર્તિરસનો ભોગી ભક્ત બીજાની સન્મુખ દેખતો જ નથી. ૨૭. પોતાના ભક્તોનું હિત થાય એમ જાણીને શ્રીહરિ વાતો કરતા હતા. તે સમયે સહુ શાંત થઈ જતા અને એકાગ્ર ચિત્ત થઈને બધા તે વાતને મનમાં ધારી લેતા હતા. ૨૮. શ્રીહરિએ સંતોનું અને હરિભક્તોનું હિત કરવા માટે પોતાના પ્રાદુર્ભાવથી લઈને પોતાના વર્તનની અલૌકિક વાત જેવી હતી તે બધી કહી. ૨૯.

આવી વાત કોઈને ક્યારેય આવડે નહિ તે રીતે હેત કરીને વાત કહી. આવી વાત તો વેદોથી પણ પર કહેવાય. તે સાંભળીને તો બધા વેદો પણ આશ્ચર્ય પામતા. ૩૦. માતા પિતાની સાથે ઘરમાં રહીને જેવાં ચરિત્ર કર્યાં હતાં તે પણ બધા કૃપા કરીને કહ્યાં. આ ચરિત્રો હરિભક્તોને માટે પરમ મંગળકારી છે, એમ જાણી-વિચારીને તે કહ્યાં. ૩૧. વનમાં જ્યાં જ્યાં જઈને ફર્યા અને ત્યાં અતિશય દારુણ તપ કર્યું. જે રીતે બદરિકાશ્રમ ગયા. ઘણા પ્રેમથી નરનારાયણ પ્રભુ મળ્યા, ૩૨. તે બધી વાત પ્રેમથી કહી.

જે રીતે અષ્ટાંગ યોગને શીખ્યા. જ્યારે જ્યારે ઘણું બધું દુઃખ થયું હતું, તે હનુમાનજીએ આવીને ટાળ્યું હતું. હનુમાનજીએ ભગવાન રામચંદ્રની જે રીતે રક્ષા કરી હતી તે રીતે જ શ્રીહરિની પણ રક્ષા કરી હતી. તે બધું કહ્યું. શ્રીહરિ સર્વકારણના પણ કારણ છે છતાં આવી વાત કરતા હતા. ૩૩-૩૪. જે ભક્તોને શ્રીહરિનાં સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો હતો, તે ભક્તો આવી વાતો સાંભળે છતાં તેમને ક્યારેય મોહ થાતો નહિ. તે ભક્તો તો આવી વાતોને શ્રીહરિનાં ચરિત્રોનાં રૂપમાં જાણતા અને આ વાતો તો સાક્ષાત મોક્ષ કરનારી - હિતકારી છે એમ માનતા. ૩૫.

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે અપાર મશાલો પ્રકટાવી. સહુ સંતો આરતી બોલવા લાગ્યા અને તે પછી ધૂન કરવા લાગ્યા. ૩૬. શ્રીહરિ ઊભા થઈને તે ધૂન કરવા લાગ્યા. મહાન શોભાના નિધિરૂપ એવી તે શ્રીહરિની મૂર્તિ અત્યંત મનોહર લાગતી હતી. ૩૭. ધૂન કરતા કરતા નૃત્ય કરતા હોય તેમ લટકો કરીને ભક્તોનાં ચિત્તને ચોરી લેતા. વાંકી ભ્રૂકુટિના મરોડને દેખતા ભક્તોનાં મનને તૃપ્તિ થાતી નહિ. ૩૮. આવી “નારાયણધૂન” કરતા કરતા રાતના ત્રણ કલાક વીતી ગયા. છતાં તે સમય બધા ભક્તોને “ધૂન”ના આનંદમાં એક પલક જેટલો જણાયો. ૩૯. ધૂન કરતાં હરિભક્તોને જ્યારે દેહનું ભાન ન રહ્યું ત્યારે શ્રીહરિએ ધૂન બંધ કરી. સહુ ધ્યાનમાં ગુલતાન થઈ ગયા હતા. અને તેથી જ અખંડ ધૂન કરતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'હિંડોળા પર બેસીને શ્રીહરિએ કીર્તન ગાન કરાવ્યું તથા વાતો કરીને ધૂન કરાવી' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥

પૂર આઠમું : તરંગ - ૫૮

શ્રીહરિના પ્રતાપની તથા સમાધિનિષ્ઠ ભક્તોની વાત કહી

શ્રીહરિએ ઊભા રહીને ધૂન કરાવી. તે પૂરી કરીને જ્યારે નીચે બેઠા ત્યારે સમગ્ર ભક્તજનોએ એકતાર અવાજે "જય સ્વામિનારાયણ" કહ્યા. ૧. તે વેળાએ જેટલા વૃક્ષો હતા તેમાંથી પણ તેવો જ "જય સ્વામિનારાયણ" અવાજ સંભળાયો. શ્રીહરિનો આવો અપાર પ્રતાપ સાંભળીને સહુભક્તોને ઘણું આશ્ચર્ય થાતું હતું. ૨. ધૂન બોલતી વખતે જે ભક્તો મુર્તિમાં તલ્લીન થઈ ગયા હતા તેમને શ્રીહરિ બોલાવીને પાછા દેહમાં લાવ્યા. ૩. અત્યંત પ્રેમી બધા સંતો "ગોવિંદ" "રામ" "નંદલાલ" "ઋષિવર" "વર્ણી" આવા આવા નામ બોલીને ધૂન કરતા હતા. ૪. શ્રીહરિએ ધીર ગંભીર અવાજે તેના એકેએકના નામ લઈને બોલાવ્યા ત્યારે તેઓ દેહભાનમાં આવ્યા. પછી તેમને ફૂલહાર પહેરાવ્યા. ૫.

જેના ઘરબાર વગેરે અમદાવાદમાં હતા એવા હીરાચંદ અને ઈચ્છારામ, બંને સગાભાઈ હતા. તેઓ બંને અપાર સમાધિવાળા હતા. ૬. ઈચ્છારામના પુત્ર આશારામ નામે હતા. તેઓ રાત દિવસ સમાધિમાં રહેતા. હીરાચંદને ગોવિંદ અને ગોકુળ નામે બે પુત્ર હતા. ૭. બંને ભારે સમાધિવાળા હતા. શ્રીહરિની હૃદયમાં ધારણા કરતા એટલે તેમને સમાધિ થાતી. તેમના ઘરમાં જેટલી બાઈઓ હતી તે બધી જ સમાધિવાળી હતી. ૮. સોરઠ પ્રદેશના ભાઈઓ અને બાઈઓ જેટલા સત્સંગી હતા. તેઓ અપરમપાર સમાધિવાળા હતા. તેમને શ્રીહરિનાં દર્શન થતાની સાથે જ સમાધિ થાતી. ૯. તે ભક્તો- પર્વતભાઈ, ગોવર્ધનભાઈ, ભીમભાઈ, રાજાભાઈ, મયારામ ભટ્ટ, મેરામ માંજરિયા, આનંદથી ભરપૂર રહેતા ગોવિંદરામ, ૧૦ લખમણ, વાલજી,

ઝીણાભાઈ, બારોટ લાડકીબાઈ, પીપલાણાના નરસિંહ મહેતાની પુત્રી લાડકીબાઈ એ બધા સમાધિમાં જ રહેતા. ૧૧.

શ્રીહરિ જે પ્રદેશમાં વિચરણ કરતા હોય અને જે દિવસ જે ચરિત્ર કર્યું હોય, તે બધું તેઓ ઘેર બેઠા દેખતા અને કોઈ હરિભક્ત પૂછે તો તેની વાતોને કહેતા. ૧૨. તે રીતે હાલાર પ્રદેશના હરિભક્તો પણ સમાધિવાળા અપાર હતા. જેમ કે રત્નાભાઈ, ડોસાભાઈ, મૂળજીભાઈ, વગેરે શ્રીહરિને અખંડ ધારી રહ્યા હતા. ૧૩. વળી કચ્છ દેશના હરિભક્તો સુંદરજીભાઈ સુતાર, ગંગારામ મલ્લ, રવજી સુતાર, ૧૪. માનકૂવા ગામના ક્ષત્રિય દરબાર અદાભાઈ, ઉત્તમ સમજણવાળા લાધીબાઈ નામે કાયસ્થ વગેરે હતા. ૧૫. બંધિયા ગામના ક્ષત્રિય દરબાર મૂળુભાઈ અને જેહાજી, વણિક ભક્ત ડોસોશેઠ, ૧૬. ધમડકા(કચ્છ) ગામમાં માનબાઈ ઘણા જ સમાધિનિષ્ઠ હતા. શ્રીહરિ કોઈ અન્ય પ્રદેશમાં ગયા હોય, ત્યાં જે ચરિત્ર કરતા હોય. ૧૭. તેને તેઓ ઘેર બેઠા દેખતા હતા. તેને નિરાવરણદૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી.

વાળાક પ્રદેશમાં (પીઠવડી ગામના) મૂળાના ભાઈ ભગાભાઈ કહેવાતા હતા, ૧૮. તેમજ ઠવી ગામમાં કાઠી જ્ઞાતિની બે બાઈઓ પાકા સાંખ્યયોગી હતા. તેઓ સમાધિવાળા હતા અને તેમને શ્રીહરિની મૂર્તિ અખંડ દેખાતી હતી. ૧૯. કાઠિયાવાડ પ્રદેશમાં કરિયાણા નામે ગામ છે, ત્યાં કાઠી જ્ઞાતિના મીણબાઈ નામે ઘણી ઊંચી સમજણવાળા એક સ્ત્રીભક્ત હતા. ૨૦. જ્યારે શ્રીહરિ વનવિચરણ કરતા હતા ત્યારે મીણબાઈને ઘેર બેઠા શ્રીહરિનાં દર્શન થતાં હતાં. પોતાના ઘરના જે મનુષ્ય હતા તે સહુની આગળ શ્રીહરિની વાતોને આગળથી જ કહેતા. ૨૧. ખૂબ જ ઘાટા ઊંડાવનમાં, મોટા પર્વતોમાં, ભયંકર હાથીઓના ટોળામાં અને જંગલી ગાયોના સમૂહમાં શ્રીહરિ ફરતા હોય તે વાત કહેતા. ૨૨. જ્યાં રોઝ અને ગેંડાઓનો પાર ન હોય, કસ્તૂરી મૃગ અપાર ફરતા હોય, સિંહોના ટોળાં પણ જ્યાં ફરતા હોય, તેની વચ્ચે નાના બટુક બ્રહ્મચારીને ફરતા દેખતા. તે વાત પણ સહુને કહેતા. ૨૩. કોઈ કોઈ દિવસે તો જેવી મૂર્તિનાં દર્શન થાય, જે સ્વરૂપ વનમાં વિચરતું હોય, ચરણોમાં સોળ ચિહ્ન અને છાતીમાં સોહામણું શ્રીવત્સનું ચિહ્ન, તેની વાત પણ કહેતા. ૨૪.

ભૃગુ લાંછન જે છાતીમાં દેખાતું હોય, શંખના જેવો કંઠ, ઘુંટણ સુધી લાંબી ભુજાઓ, દીવાની ચગ (શિખા) જેવી નાસિકા, ૨૫. નાસિકાથી જમણી બાજુ ગાલ ઉપરનો સુંદર તલ કે જે કાંતિથી રાતો દેખાતો હોય છે, કમળની પાંખડીનાં જેવા નેત્ર, ૨૬. પૂર્ણચંદ્રના જેવું મુખ, પાકાં ઘિલોડાં જેવા હોઠ, શોભતું મંદમંદ હાસ્ય અને તત્પરતાથી જે તપ કરતા હોય તે સ્વરૂપનું વર્ણન કરીને કહેતા. ૨૭. મસ્તક ઉપરના અનુપમ કેશ, અઢાર વરસની આસપાસની ઉંમર, મહાન મનોહરરૂપ, જેનું ચિંતવન કરતા કોઈ તૃપ્ત થતા નહિ, આવી વાત પણ કહેતા. ૨૮. વનમાં જે પશુઓ અને પંખીઓ રહેતા હતા. તેઓ પણ એકીટશે મૂર્તિને ચિંતવતા હતા. અને તેઓ શ્રીહરિની રાત દિવસ ચોકી કરતા હતા. કેમજે, આ મહાસમર્થ છે. એમ તે પશુજાતિને પણ ઓળખાણ પડી હતી. ૨૯. તેઓ મનમાં એમ જાણતા હતા કે સમર્થ ન હોય, તો વનમાં કોઈ જીવ એકલો ફરી શકે નહિ. શ્રીહરિ જે વૃક્ષ નીચે બેસતા તે વૃક્ષ પણ અતિ પ્રસન્ન રહેતા. ૩૦. સરોવર, નદી, પર્વત વગેરે સહુ શ્રીહરિની સેવા કરવાનું ચાહતા હતા. આ પ્રમાણે શ્રીહરિ જ્યાં સુધી વનમાં વિચર્યા ત્યાં સુધી મીણબાઈ તેમને નિરંતર દેખતા હતા. ૩૧.

પછી શ્રીહરિ જ્યારે તે કરિયાણા ગામમાં આવ્યા અને લીમડાના વૃક્ષની નીચે આવીને બેઠા. બે ત્રણ સંતો સાથે હતા. મીણબાઈએ તેમને તરત દેખ્યા. ૩૨. અને તરત જ વર્ણીરૂપ શ્રીહરિને ઓળખી લીધા. વનમાં દેખ્યા હતા તે આ દયાળુ છે. શ્રીહરિવરને દેખતાની સાથે જ તે પછી તરત જ તેઓ સત્સંગી થયા. ૩૩. જ્યારે તેમને મોટી બા(જીવુબા) નો સત્સંગ થયો ત્યારે તરત જ તેમણે સાંખ્યયોગીનો ધર્મસ્વીકારી લીધો કહેતા સાંખ્યયોગી બની ગયા. તેમજ ગઢપુરના જે મોટી બા હતા, તેમણે જ્યારે શ્રીહરિની વાત સાંભળી, ૩૪. એટલે તે વાતને હૃદયમાં ધારી લીધી. અને તે જ સમયે તેમને સમાધિ થઈ ગઈ. તેમને હૃદયમાં અપાર તેજ દેખાયું તે તેજનો કોઈ સામો પાર દેખાતો ન હતો. ૩૫.

चोपाई :

अलोकि मूर्ति देखेउ तामें, तेज को वार न पार हि यामें;
अक्षर में रहे महा शक्ति जेति, राधा रमादि अपार हि तेति...३६

दोहा : निज जीय को जो रुप हि, तेहि संग भय तदरुप;
इहाँको रुप गये बदलके, एसे देखाये अनूप...३७
आश्चर्य भये सो देखिके, आश्चर्य देखे अपार;
जीय को स्वरूप दिव्य हि, मानत भये तेहि वार...३८

તે અપાર તેજમાં દિવ્યમૂર્તિનાં દર્શન થયા. અને તે મૂર્તિમાં પારાવાર તેજ હતું. અને અક્ષરધામમાં જે રાધા અને રમા આદિ અપાર મહાન શક્તિઓ રહી છે, ૩૬. તેમણે પોતાના આત્મસ્વરૂપને પણ તે શક્તિઓની સાથે અભિન્ન અનુભવ્યું અને આ લોકનું ભૌતિક રૂપ પણ માનો બદલાઈ ગયું હોય તેમ અનુભવ્યું. આવું અનુપમ દૃશ્ય દેખાયું. ૩૭. તે જોવાથી તેમને આશ્ચર્ય થયું. બીજા પણ અપાર આશ્ચર્યોને દેખ્યાં. ત્યારથી તેઓ પોતાના આત્માના સ્વરૂપને દિવ્ય માનવા લાગ્યા. ૩૮.

આ દેહમાં રહેલો જીવ માનો કાંઈ જુદો જ થઈ ગયો હોય તેમ અનુભવાયું. જાણે કે કાંઈ વાત બની જ નથી એ રીતે નાના થઈને મોટીબા સત્સંગ કરવા લાગ્યા. ૩૯. આ પ્રમાણે જીવુબાને સત્સંગનો અત્યંત અદ્‌ભુત પ્રતાપ પ્રત્યક્ષ જણાયો. પોતે નિર્દોષ હરિભક્ત થયા અને બીજી અનંત બાઈઓને પણ પોતાને સમાન નિર્દોષ હરિભક્ત કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિના પ્રતાપની તથા સમાધિનિષ્ઠ ભક્તોની વાત કહી' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર આઠમું : તરંગ - ૫૯

ઠગોથી સાવધાની તથા સાચા સંતોની મહત્તા

શ્રીહરિ વડતાલમાં હિંડોળા ઉપર બેસીને હરિભક્તોને વાતો કહેતા હતા કે કોઈ અજાણ્યો હરિભક્ત હોય તેનાથી મનમાં ડરતા રહેવું. ૧. હરિભક્તોનો વેશ લઈને અપાર ઠગો આવતા હોય છે, તો ભૂલથી પણ તેમનો ક્યારેય લગારેય વિશ્વાસ કરવો નહિ. ૨. કોઈ સંતનું કે હરિભક્તનું નામ લે,

કોઈ જાણીતા ગામનું નામ લે, કોઈ બધા જ ધર્મને અને નિયમોને બોલી બતાવે, છતાં તેનો વિશ્વાસ કરવો નહિ. ૩. કોઈ સંત અથવા હરિભક્ત આવીને કહે કે તેઓ ઓળખે છે, તો તે વાતને સાચી માનવી પણ અજાણ્યાનો ક્યારેય વિશ્વાસ કરવો નહિ. ૪. અહીંયાં જે કોઈ સત્સંગી બાઈ ભાઈ હરતા ફરતા હોય તેમણે પોતાની પાસે ધન રાખવું નહિ, કારણ કે તમે ધનની ગાંઠ છોડો અને બાંધો એમ લ્યો અને મૂકો તેથી તે જાણીને લઈ જ જાશે. ૫.

કેટલાક તો બ્રાહ્મણ જાતિના કહેવાતા હોય, તેવા પણ ચોરીની કળા કરે છે. તીર્થોમાં તો એવા ઘણા લોકો આવતા હોય છે. તે કપડાને અને પગરખાને ચોરી જાતા હોય છે. ૬. તે ઠગ લોકો તો સોના અને ચાંદીના ઘરેણાંને તાકતા ફરતા હોય છે. શાહુકારના જેવા થઈને ફરતા હોય, તે ઠગને કોઈ ઓળખી શકતા નથી. ૭. જાણ્યા સિવાય કોઈને કાંઈ કહી શકાય નહિ. એટલા માટે આપણે પોતે સાવધાની રાખવી જોઈએ. આ વડતાલ ગામના નાના મોટા જેટલા પગી છે, ૮. તે બધા હરિભક્તોની ખૂબ જ સંભાળ રાખે છે. હૃદયના ઉલ્લાસથી સહુએ આવી સેવાનો-બરદાશ રાખવાનો નિયમ રાખ્યો છે. અને તેથી જ બધા પરદેશમાંથી આવેલા હરિભક્તોના સંઘોને ગામથી બહાર પણ ઉતારા કરાવ્યા છે. ૯. છતાં તમારે સહુએ તેમને ભરોસે ન રહેવું. કારણ કે સમૈયામાં અનેક લોકો આવે છે. તેથી ગાફલપણામાં તો વિઘ્ન જ થાય. અને પછીથી કોટી વિચાર કરીને જુએ તોપણ, ૧૦.

મુશ્કેલી આવ્યા પછી સાવધાની કાંઈ કામ લાગતી નથી. પ્રથમથી જ જે સાવધાની રાખવામાં આવે તે ઉપયોગી બને છે. જે બાળકોને સાથે લઈને દર્શન કરવા આવ્યા હોય તેમણે તે બાળકોને પણ સાચવવા. તેમને ક્યાંય એકલા પડવા દેવા નહિ. ૧૧. જો છોકરાં ક્યાંક છૂટા પડી જાય તો પછી તે હાથ ન આવે. ઠગ લોકો તો ઝાઝા માણસોનો ભીડો દેખીને કાંઈ લેવા માટે જ ફરતા હોય છે. ૧૨. અમારી એવી આજ્ઞા છે કે નાના બાળકોના શરીર ઉપર રતીભારનું પણ ઘરેણું કોઈએ ભૂલથીએ ક્યારેય પહેરાવવું નહિ. ૧૩. જ્યારે તમે પોતાને ઘેર પાછા જાઓ ત્યારે પોતાની રીત પ્રમાણે

વિચારીને રહેજો. અત્યારે તો અમે તમારા હિતને માટે કહીએ છીએ. ૧૪. અગાઉથી જે વાત કહી હોય તે ઉપયોગમાં આવે અને તેથી જે વિચક્ષણ મનુષ્ય હોય તે ક્યારેય ગાફલ રહે નહિ. ૧૫.

અમે કહેલી આટલી વાત સાંભળ્યા પછી પણ જે ગાફલ રહશે, તેને કાંઈ ન કાંઈ વિઘ્ન થાશે જ, પણ તેમાં અમારો કાંઈ વાંક દોષ નથી. ૧૬. તીર્થોમાં વર્તવાની રીત તો અમે વારંવાર કહેલી જ છે. અમે જ્યારે સિદ્ધપુર તીર્થમાં ગયા હતા ત્યારે સહુને આવી વાત કહી જ હતી. ૧૭. છતાં પણ જે ગાફલ રહે તેને કાંઈક તો ચોરી વગેરેથી વિઘ્ન-નુકશાન ક્યારેક થાય જ છે. અમે જેતલપુરમાં જ્યારે આવ્યા અને ત્યાં ફૂલદોલનો ઉત્સવ કરવાનું ધાર્યું, ૧૮. ત્યારે જે હરિભક્તો બાઈ ભાઈ આવ્યા હતા તેમને આ બધી વાત અમે કહી સંભળાવી હતી. જેણે તે વાતને સમજી રાખી હોય તેને તે ઉપયોગી થાય. ૧૯. જે મનુષ્ય ભોજન ખાય તેની ભૂખ જાય, વગર ખાધે ભૂખ ક્યાંથી જાય ? અમારી વાતને યાદ રાખ્યા વિના ઉપયોગી ક્યાંથી થાય? અને તે વાતને જે યાદ રાખે તેને તેનાથી ઘણું સુખ મળે છે. ૨૦. આંખો હિતકારી વસ્તુને કહી દેખાડે છે, તે રીતે જ બીજા જ્ઞાનેન્દ્રિયો અને અંતઃકરણ પણ સત્ય વસ્તુને કહી દેખાડે છે. તેમાં લગારેક પણ દોષ નથી. ૨૧.

પરંતુ જ્યારે આ જીવ મોહને વશ થઈ જાય છે, ત્યારે મોહ જીવની બુદ્ધિને ફેરવી નાખે છે અને જ્યારે જીવ મોહને આધીન થઈ જાય છે એટલે તરત જ તે પરાધીન થઈ જાય છે. ૨૨. મોહ એવી ચીજ છે કે તે પોતાના પરમ હિતેચ્છુ મિત્રની સાથે વેર કરાવે છે, તે પ્રસિદ્ધ રીતે દેખાય જ છે અને પોતાના હિતને દેખ્યું હોય છતાં ભુલવી દે છે કેમજે, મોહનું તો કામ જ એવું છે. ૨૩. કામ, ક્રોધ, લોભ અને અહંકાર એ બધા મોહના જેવા જ નઠારા છે, એ બધા દોષો જીવના પરમ હિતકરનારા મિત્ર બનીને, તેનાં મોક્ષરૂપ હિતને બગાડે છે. ૨૪. કામ, ક્રોધ, લોભ અને મોહને ઓળખવા માટે મુમુક્ષુએ નિત્ય સત્સંગ કરવો. કારણ કે સત્સંગ વિના તે કામાદિ ઓળખાતા-જીતાતા નથી. ૨૫.

✵ સંતને જાણે નિર્દોષ, તે સમજ મેળવે વિશેષ :

જે સંત ચતુરશિરોમણિ હોય છે, **જેને મોક્ષ સિવાય અન્ય કાંઈ લોભ હોતો નથી, તેવા સંતને કામ, ક્રોધ, લોભ અને મોહ, એ દોષો ક્ષોભ પમાડી શકતા નથી.** ૨૬.

सोरठा : स्वार्थ विन करे बात, जीय करत विश्वास तेहि;
मात तात जो रहात, स्वार्थ तामें मनात मुख्य...२७
संत विन जग में जन, स्वारथ विन नहीं देव लग;
जीय नहि समझत मन, तेहि कर कामादिक वृद्धि होत...२८

તેઓ સ્વાર્થ વિનાની વાત કરતા હોય છે, તેથી જીવ તેમનો વિશ્વાસ કરે છે અને માતા પિતા વગેરેમાં સ્વાર્થ જ મુખ્ય હોય છે. એવું તેમને માનવામાં આવે છે. ૨૭. એક સંતોને બાદ કરતા જગતના જેટલા જીવ છે ત્યાંથી લઈને દેવતાઓ સુધી પણ સ્વાર્થ રહિત નથી હોતા. જીવ પોતાના મનમાં આ વાસ્તવિકતાને સમજતો નથી અને તેથી જ તેમાં કામાદિક અંતઃશત્રુની અભિવૃદ્ધિ થાય છે. ૨૮.

संत में लोभ मनाये जबहु, वात सुने वृद्धि होय न कबहु;
यामें जिय को बिगडत ताहि, संत सदा निरदोष रहाहि...२९

જો નિર્દોષ સંતોમાં લોભ દોષ રહ્યો છે, એમ માનવામાં આવે તો તે સંતની વાત સાંભળવાથી ક્યારેય કાંઈ લાભ થતો નથી. સંતોમાં દોષબુદ્ધિ કરવાથી તો જીવનું કલ્યાણ બગડે છે. કેમ જે, સાચા સંતો તો હંમેશા નિર્દોષ જ હોય છે. ૨૯.

સંતો જ્યાં સુધી શ્રીહરિની આજ્ઞા પ્રમાણે ચાલે છે ત્યાં સુધી તેમને કોઈ દોષ લાગતો નથી. સંતોને માટે શ્રીહરિની આજ્ઞા તો નટના દોરડાંના જેવી છે. એટલે સંતો નિશદિન તેના ઉપર જ ચાલતા રહે છે. ૩૦. નટ તો દોરડાં ઉપર તેની રમત ચાલુ હોય ત્યાં સુધી જ ચાલે છે, પણ સતત રાત દિવસ દોરડાં ઉપર ચાલતો નથી. જ્યારે સંતો તો શ્રીહરિનાં વચનરૂપી દોરડીને એક પળવાર પણ તજતા નથી, અર્થાત્ આજ્ઞાવચન રૂપ દોરડાં ઉપર રાત દિવસ નિરંતર ચાલતા રહે છે. ૩૧.

એટલા જ માટે શાસ્ત્રોમાં સંતોને દેવો તથા મનુષ્યો કરતા અધિક મહાન કહ્યા છે. ભવ અને બ્રહ્મા આદિ દેવો પણ સંતોને સર્વથી અધિક અધિક ઉત્તમ કહે છે. ૩૨. જે જમપુરીમાં રહેલા નારકી જીવો છે તે પણ સંતોનાં દર્શનને ચાહે છે. તેઓ રાત દિવસ સંતોનું રટણ કરે છે. કારણકે, **જેટલીવાર સુધી તેમને સંતોના દર્શનની રટના રહે છે. તેટલી વાર સુધી તેમને શાંતિ રહેતી હોય છે. ૩૩. સંતોનો એવો મહાન્ પ્રતાપ હોય છે કે જે તેમને સંભારે છે, તેના ત્રિવિધ તાપ શાંત થઈ જતા હોય છે. સંતો તો ભગવાનના વચનને આકારે હોય છે પણ જેનાં દુર્ભાગ્ય હોય તેને તે દેખાતું નથી.** ૩૪. જે પાપી લોકો છે તે પાખંડી સંતને દેખીને તેની સાથે વધારે આસક્તિ કરે છે અર્થાત્ આત્મીયતા કરે છે. જે પાખંડી સંતો છે તે જગતમાં સુખ દેખાડે છે અને કેવળ શબ્દ માત્રે કરીને લોકોને આનંદ ઉપજાવે છે. ૩૫. જેમ કોઈ બાળકને રમાડનારો હોય તે બાળકને ચાંદાપોળી મુખમાં આપે છે. તે સાંભળીને બાળક મોઢું મલકાવે છે પણ તે બાળકના મુખમાં રતીભાર પણ પોળી આવતી નથી. ૩૬.

આવું હોવા છતાં તે લોકોને તે પાખંડી સંતોનો અભાવ આવતો નથી કારણકે, તેમને તેઓ પરમમિત્ર ગણે છે. આ રીતે તે પાખંડી સંતોની વાતોને સાંભળીને મનમાં ખુશ રહે છે. ૩૭. તે પાખંડીઓનાં સમાગમમાં જીવને ક્યારેય મોક્ષ મળવાનો નથી. પણ તેઓને લખચોરાશી અને નરકવાસ વારંવાર ભોગવવાના રહે છે. ૩૮. જેને સાચા સંત મળ્યા હોય છે તેને તે સંતો સત્યનો જ ઉપદેશ દેતા હોય છે અને તેનાથી તે જીવોનો મોક્ષ થાય છે. માટે તે **સાચા સંતો વિના સંસારનું દુઃખ ક્યારેય ટળતું નથી.** ૩૯. સાચા સંતોના યોગ વિના અજ્ઞાનીઓને કદાચ ચક્રવર્તી પદ હોય તો પણ ઝાડ, અને પથ્થરથી પણ અધિક અજ્ઞાનતમ રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં ‘ઠગોથી સાવધાની તથા સાચા સંતોની મહત્તા’ એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર આઠમું : તરંગ - ૬૦

શ્રીહરિના દર્શનનું મહત્ત્વ તથા પરોક્ષપણે અંગ્રેજોની નીતિની પ્રશંસા

(આ રીતે વડતાલમાં રામનવમીના ઉત્સવ અગાઉ હરિભક્તોને ચેતવણી આપવા માટે) શ્રીહરિએ કહેલી વાત સાંભળીને બધા હરિભક્તો મનમાં ઘણા ખુશ થયા અને પછી અતિ હેતભાવથી અંદરોઅંદર એકબીજાને વાતો કરવા લાગ્યા, ૧. "શ્રીહરિના મુખની આવી વાત ન સાંભળી હોય તો જીવ પળ પળ વારમાં ભૂલ કરી બેસે છે. તે જ્યારે મૂર્તિનું ધ્યાન ધરીએ છીએ ત્યારે સ્પષ્ટ દેખાય છે. ૨. ધ્યાન કરતી વેળાએ મન મૂર્તિમાં જોડાતું નથી, પણ અન્ય માયિક વિષયોનું ચિંતન કરવા લાગી જાય છે. તે સર્વે માયિક વિષયો સ્વપ્ન જેવા તથ્યહીન હોય છે. તેમાં કાંઈ પણ ઉપયોગી થતું નથી. ૩. **મૂર્તિમાં તો અનંત લાભ રહ્યા છે, એક પલકવાર પણ હૃદયમાં જો મૂર્તિને ધારી હોય તો તેનો અનંતગણો લાભ થાય જ છે. બીજા માયિક ચિંતનમાં તો ઘણું નુકશાન જ થાય છે,** ભલેને તે બ્રહ્માના ભોગ સમાન સુખ મળતા હોય ! ૪.

❋ શ્રીહરિના ધ્યાનનું મહત્ત્વ :

ચોપાઈ :

एक पलक करे मूर्ति को ध्याना, निरत सुरत करीके एक ताना;
कोटि वेर विधि सम संपत पावे, पलक ध्यान की सम न आवे...०५
एसो हे ध्यान में फल अपारा, मूर्ति में चोटत न तोउ लगारा;
एसी मूर्ति अति दुल्लभ रहाई, प्रगट होई भूवि विचरत ताई...०६
तोहू न दरश करत जेहि भावा, अधम में अधम सो जन रहावा;
दरश भाव से करे जन जोई, मोक्ष भागी तेहि सम न कोई...०७

અતિ આસક્તિથી એકતાન સુરત રાખીને એક પળ પણ શ્રીહરિની મૂર્તિનું જો કોઈ ધ્યાન કરે તો તે માણસ કોટી વાર બ્રહ્માના સમાન સુખ, સંપતિ પામે તો પણ એક પળ શ્રીહરિની મૂર્તિના ધ્યાનના સુખની સમતા

પામે નહીં. ૫. શ્રીહરિની મૂર્તિના ધ્યાનનું ફળ આવું અપાર ઇચ્છે છતાં આપણું મન મૂર્તિમાં લગારેય ચોંટતું નથી. ભગવાનની મૂર્તિ આવી અત્યંત દુર્લભ છે. તે મૂર્તિ ભૂમિ ઉપર પ્રકટ થઈને હાલ વિચરણ કરે છે. ૬. તોપણ, જે મનુષ્ય આવી આ મૂર્તિનાં ભાવથી દર્શન નથી કરતાં તે તો અધમોમાં પણ અત્યંત અધમ અને અતિશય હીન ગણાય છે. અને જે મનુષ્ય પ્રેમભાવથી શ્રીહરિના દર્શન કરે છે, તો તેને સમાન બીજો કોઈ મોક્ષભાગી જીવ નથી. ૭.

જેણે આ પ્રકટ ભગવાનની મૂર્તિનાં દર્શન કર્યાં હોય તેટલાં જ ખરેખર આ ભૂમિ ઉપર મનુષ્ય છે. બીજા ભલે મનુષ્ય જન્મ પામ્યા છે તોપણ તેઓ મોક્ષ નહીં પામે. કારણ કે તેમણે પ્રકટ શ્રીહરિનાં દર્શન કર્યાં નથી. ૮. અહીં વડતાલના આ સમૈયામાં દૂરદેશથી આવેલા ઘણા રાજાઓએ ભાવભર્યાં હૃદયથી શ્રીહરિનાં દર્શન કર્યાં છે અને તેઓએ હૃદયનાં ઘણા જ હેતથી વારંવાર પ્રકટ શ્રીહરિની સેવા અને પૂજા પણ કરી છે. ૯. બાહુમાં લઈને હેતથી શ્રીહરિને ભેટ્યા અને ગદ્‌ગદ કંઠ થઈ ગયા. આવા કેટલાક રાજાઓએ પ્રકટ હરિના યોગથી પોતાનો ઉદ્ધાર કરી લીધો. આવા અપાર રાજાઓ હાલ વડતાલમાં ભેગા મળ્યા છે. ૧૦.

મનમાં ઘણો જ આસ્તિકભાવ રાખીને જેમણે શ્રીહરિની વાત કાનથી સાંભળી. ભલે તેઓ ઘણા દૂર દેશમાં રહેતા હોય, દસ બાર હજાર કોશ જેટલે દૂર હોય, ૧૧. તેમણે (ઇંગ્લેન્ડ જેવા દેશમાં રહેલા અંગ્રેજોએ) ત્યાં દૂર દેશમાં રહીને પણ વારંવાર શ્રીહરિનાં ચરિત્રોને યાદ કરીને પોતાના જન્મને સુધારી લીધો હતો. જન્મથી લઈને અહીંયા આવ્યા ત્યાં સુધીમાં શ્રીહરિએ જેટલા ચરિત્રો કર્યાં, ૧૨. જે વરસે જે દેશમાં શ્રીહરિ જે ચરિત્ર કરતા, વ્રતમાન-નિયમોને જેટલા ફેરવતા-બદલતા તેને તે ત્યાં રહ્યા થકાં સાંભળતા. ૧૩. દેશદેશના જેટલા રાજાઓ હોય, ત્યાંની પ્રજાની જેવી રીત હોય, કોનાં વર્તનમાં કેવું દૈવત રહ્યું છે, જે નીતિ અને અનીતિ કહેવાતી હોય, તેને પણ તે જાણતા. ૧૪. જેટલા મત કહેવાતા હોય, તે તે ગુરુઓની જેવી નીતિ હોય, તેમની (અંગ્રેજોની) એવી રીત હતી કે તેઓ બધું જ જાણી લેતા. ૧૫.

જે ગુરુ વગેરેમાં જેટલી નીતિ રહેલી હોય તેટલો તેમની સાથે તેઓ પ્રેમ રાખતા અને જેમાં જેટલી અનીતિ રહેલી હોય તેમનું તેઓ કાંઈ દૈવત જ લેતા ન હતા. ૧૬. સ્વયં રાજા થઈને પણ જે નીતિને ન જાણતા હોય તો તેને તેઓ (અંગ્રેજો) પશુના જેવા જ પશુ ગણી માનતા હતા. રાજાનું દૈવત તો નીતિ કહેવાય છે. નીતિ વિનાનો રાજા તો મડદાં જેવો દેખાય. ૧૭. નીતિમાં જ રાજ્ય અને સંપત્તિ રહી છે. નીતિ વગરનામાં તો કાંઈ સંપત્તિ કહેવાતી નથી. ચક્રવર્તી રાજા હોય તો પણ જો તે નીતિને જાણતો ન હોય તો તેને આંધળો જાણવો. ૧૮. જે નીતિહીન હોય અને વ્યસનોમાં ફસાયો હોય, તેને તો તેઓ "અતિશય દુર્ભાગિયો છે" એમ માનતા હતા. ભલે તેની પાસે કરોડ હાથીના જેવી સંપત્તિ રહી હોય, તો પણ તેનાં (અંગ્રેજનાં) મનમાં તેનો કાંઈ ભાર રહેતો નહિ. ૧૯. કદાચ અપ્સરાના જેવી કરોડો સ્ત્રીઓ હોય, તો પણ તે રાજા તેનાથી વિશેષ ખુવાર થઈ જવાનો અને માણેક કે મોતી જેવી અઢળક ઝવેરાત હોય પણ રાજામાં જો નીતિ ન હોય તો તે ખુવાર થઈ જાય છે. એવું તેઓ માનતા હતા. ૨૦.

જે અર્થ અને ધર્મ કહેવાતા હોય, તે પણ નીતિ સંમત હોવા જોઈએ. નીતિથી રહિત થઈને જે અનેક વ્યસનોમાં ડૂબ્યા રહે તેને તેઓ વિવેકહીન સમજતા હતા. ૨૧. જે નીતિથી રહિત હોય તેને તેઓ મડદા જેવા માનતા. તેમાં કોઈ માણસાઈનો ગુણ માનતા નહિ, મેરુ જેટલાં સોનાનાં ઘરેણાં હોય, તો તેને દેખીને તેઓ તેમાં થોડાએ લોભાતા નહિ, મોહ પામતા નહિ. ૨૨. માણેક અને મોતી જેવી ઝવેરાતને દેખીને તેઓ તેમાં મોહાતા નહિ. તેની સન્મુખ લાલચભરી નજર ક્યારેય કરતા નહિ. તેઓ ક્યારેય ધનના લોભથી મનુષ્યની હત્યા લગારેય કરતા નહિ. ૨૩. અન્યાયથી ધન લઈ લેવાનો તેઓ મનમાં ક્યારેય સંકલ્પ પણ કરતા નહિ અને પોતાની પ્રજાની સાથે ક્યારેય તેઓ દગો કરતા નહિ. ૨૪. પોતાની પ્રજાને વધારે સુખી દેખીને તેને આનંદ થાતો હતો. હા, તે પ્રજાના દુઃખને સહન કરતા નહિ, પ્રજાના દુઃખને દેખીને તરત જ તેને ટાળવા પ્રયત્ન કરતા. ૨૫.

નીતિ અને સત્સંગ એક જ છે. નીતિ આ લોકમાં સુખી કરે છે અને સત્સંગ પરલોકમાં સુખી કરે છે અને સંસારના દુઃખોને ટાળી દે છે. ૨૬. જે રાજાએ નીતિ ન રાખી તો તેના રાજ્યને અનીતિએ ડુબાડી દીધું છે છતાં પણ તેણે તે દેખ્યું નથી. કેમજે, તે રાજાને મોહરૂપી અંધારી રાતમાં કાંઈ દેખાતું નથી. ૨૭. રાજાને મોહરૂપી મદિરાનો અત્યંત મદ થવાથી, તે મદે તેમને ફેલને આધીન કરી દીધા. તેઓ અમાપ સમૃદ્ધિવાળા હતા પરંતુ નીતિ વિના પરાધીન થઈ ગયા. ૨૮. સ્વયં રાજા ઘણો ઉત્તમ હોવા છતાં જે મોહરૂપી રાતથી ઘેરાઈ ગયો હોય તો તે ઉત્તમ માર્ગથી પતિત થઈને અધર્મ માર્ગમાં પડે છે અને જગતમાં તે અત્યંત નિંદાને પાત્ર બને છે. ૨૯. જેને મોહને કારણે વિષયમાં અતિશય રુચિ હોય તેનું રાજ્ય તે મોહથી ડૂબી જાય છે. નીતિને અભાવે કોઈનું પણ રાજ્ય ક્યારેય રહેતું નથી અને તે બાબતની વાત પુરાણોમાં પ્રસિદ્ધ છે. ૩૦.

અંગરાજાના પુત્ર વેન થયા હતા. તેણે પોતાનું બધું રાજ્ય ડુબાવ્યું. ઋષિઓએ તપોબળથી રાજ્યને બચાવ્યું અને તે ગાદી ઉપર પૃથુ રાજાને સ્થાપ્યા. ૩૧. ઈન્દ્ર અનીતિથી વરત્યા, તો તત્કાળ જ સહસ્રભગ થયા અને દુર્દશાને પામ્યા. તેણે દુર્વાસાનું અપમાન કર્યું તો તેનાથી સ્વર્ગના રાજ્યની લક્ષ્મીનો નાશ થયો. ૩૨. વિશ્વસૃજ દેવોએ મોટા યજ્ઞનો આરંભ કર્યો. તેમાં દક્ષ પ્રજાપતિ જ્યારે આવ્યા ત્યારે દેવોએ તેનું બહુમાન કર્યું. ૩૩. પણ શંકરથી તેનું સન્માન ન થઈ શક્યું. પછી દક્ષમાં જ્યારે અનીતિ પેઠી, ત્યારે તેનું મુખ બકરાનું થયું. બંને પક્ષે પરસ્પર શાપ થયા. ૩૪. આવી વાતો તો અપરમપાર છે. જ્યારે કોઈ વધારે પડતી અનીતિ કરે છે ત્યારે પરમેશ્વર પોતે અથવા કોઈ બીજા દ્વારાએ તેના મદને ઉતારે છે. ૩૫.

નીતિવાળા મનુષ્ય ભગવાનને ગમે છે અને ભગવાન નીતિવાળાને ગમે છે. જેઓ ગુરુ થઈને બેઠા હોવા છતાં જેમાં નીતિ નથી હોતી, તો નીતિવાળા લોકો તેમાં કાંઈ પ્રતાપને જોતા નથી. ૩૬. (રાજા કે ધર્મગુરુની વાત તો કરી પણ) કદાચ દેવતા પણ અનીતિમાન હોય, તો પણ નીતિવાળો તેનાથી

ડરતો નથી. કોઈ કરોડો રીતે મંત્ર જંત્ર કરે તો પણ નીતિવાળો નિર્ભય રહે છે." ૩૭. વડતાલમાં તે સભામાં બેઠેલા હરિભક્તો પરસ્પર આવી વાતો કરતા હતા. અને સંતો સુંદર ગરબીના રાગનાં કીર્તન ગાતા હતા. ૩૮. "અધરાત થઈ ગઈ છે" એમ જાણીને તુરત જ સુખદાયક શ્રીહરિ ઊઠ્યા. પોતાને ઉતારે આવ્યા અને ત્યાં બધા પાર્ષદોને બોલાવ્યા. ૩૯. "ગામથી બહાર હરિભક્તો ઘણા ઊતર્યા છે, તેમની ચોકી તમારે કરવાની છે. બધા ખબરદાર થઈને ફરતા રહેજો." આમ કહીને પછી શ્રીહરિએ તે સૌ પાર્ષદોને એકેક પ્રસાદીનો ફૂલહાર આપ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિના દર્શનનું મહત્ત્વ તથા પરોક્ષપણે અંગ્રેજોની નીતિની પ્રશંસા' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર આઠમું : તરંગ - ૬૧

પ્રતાપથી ભરપૂર શ્રીહરિના ચરિત્રોની વિશેષતા

શ્રીહરિ પલંગ ઉપર એક કલાક પોઢી ગયા. તે પછી તરત જ સ્વયં ઊઠ્યા અને તૈયાર થયા. ૧. દસ બાર પાર્ષદોને સાથે લીધા. તેમાં મુખ્ય ડુંગરજી હતા. પછી ઉમાભાઈ તથા મૂળુભાઈ અને ચોથા વેરાભાઈ હતા. ૨. મહાન શૂરવીર સુંદર પગી, જોબન પગી, તખા પગી, જુસા પગી, ખોડા પગી અને શંકર પગી વગેરે સહુ તૈયાર થયા. સહુએ તલવાર અને ઢાલ વગેરે હથિયાર લીધાં. ૩-૪. ચંદ્રમાની કળા અસ્ત થઈ રહી હતી ત્યારે શ્રીહરિ હરિભક્તોની સંભાળ લેવા, તેમની ચોકી કરવા, આ રીતે પાર્ષદોને લઈને તત્કાળ ચાલ્યા. ૫.

નિત્ય નવા હેતભર્યા ભાવોને પોતાની મૂર્તિમાં પ્રકટ કરનારા શ્રીહરિ આવા ચરિત્રો કરતા. તમની બધી જ ક્રિયાઓ ભક્તોના હિત માટે હતી. તેથી ભક્તજનોએ આ વખતે અતિ સુખ લીધું. ૬. અભાગિયા જીવો મિથ્યા ગુરુનાં પ્રપંચમાં અવરાઈ ગયા હોય છે, તે મિથ્યા પ્રપંચમાંથી જેટલા છૂટ્યા તેટલાએ આવો અલૌકિક લાભ લીધો. ૭. આજ દિન સુધીમાં આવો લાભ

કોઈએ ક્યારેય લીધો નથી. તેવી બધી વાતો ગ્રંથમાં લખી છે. અમૃત સાકર કરતાં વધારે ઉત્તમ છે તેમ આ વખતે આ અવતારીની વાત અધિક છે. ૮. જેને ભગવાનનાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય છે તે અપાર અધિક દેખી-સમજી શકે છે. આંખોવાળો મનુષ્ય સૂર્યને જેવા દેખે છે તેવો આંધળો મનુષ્ય ક્યારેય દેખી શકતો નથી. ૯. જે મનુષ્યને જ્ઞાન નથી તે એક રીતે અંધ જ કહેવાય, જ્ઞાનરૂપી આંખોના અભાવે તે તથ્યને સમજી શકતો નથી. મનુષ્ય જ્યારે સંતોનો સમાગમ કરે છે ત્યારે સંતો તેને જ્ઞાનરૂપી આંખો આપે છે. ૧૦.

જ્ઞાનરૂપી આંખો (ચક્ષુ) ન હોય, તો મનુષ્ય કરોડો ઉપાય કરે, ગ્રંથોને વાંચી ભણીને મરી જાય. છતાં તેને ભગવાનનાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાતું નથી. તે જેમ જેમ વાંચે, ભણે, તેમ તેમ તેનું અજ્ઞાન વધતું જ જાય છે. ૧૧. જે વગર સમજે શબ્દોની જાળમાં અવરાઈ જાય છે તેને દિશાભ્રમ થઈ જાય છે અર્થાત્ સવળું તે અવળું અને અવળું તે સવળું સમજાય જાય છે. ગ્રંથોમાં શબ્દ અનેક પ્રકારના હોય છે. ત્યારે તે શબ્દ ખાસ હેતુને ધ્યાનમાં રાખીને લખાયા હોય છે. ૧૨.

જે હેતુને માટે શબ્દ લખ્યા હોય તે ક્યારેય સમજાતા નથી. પછી તો જેવી પોતાની બુદ્ધિ હોય તેવો અર્થ તે શબ્દોનો કરતા હોય છે. ૧૩. ધનમાં અનંત ગુણ રહ્યા છે, મનુષ્ય જેવા પ્રયોજનમાં તેનો ઉપયોગ કરે છે તેવું ફળ તેને આપે છે. વસ્તુતઃ ધન તો એક સરખું જ રહે છે. ૧૪. ગ્રંથ(શાસ્ત્ર) સૂર્યના સમાન છે. જેવો તેનો અર્થ સમજે તેવું તેનું ફળ આપે છે. છતાં તે શાસ્ત્ર તો શ્રેષ્ઠ અનુપમ અને શુદ્ધ જ રહે છે. ક્યારેય તેને દોષ લાગતો નથી. ૧૫. બ્રહ્માંડમાં જેટલી બાબતો છે, તે સર્વે જીવોને પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ જીવ જેવું કર્મ કરે તેવી તેને પ્રાપ્તિ થાય છે તે બધી બાબત શાસ્ત્રમાં લખી હોય છે. ૧૬.

ભગવાનને કોઈ કર્મ લાગતું નથી. તેઓ તો અનેક કર્મોનો વિનાશ કરી દે છે. ભગવાનનો પ્રતાપ તો દારુણ અગ્નિના જેવો છે, જે તેમને શરણે થાય છે તેના બધા જ પાપોને તેઓ બાળી દે છે. ૧૭. આખા બ્રહ્માંડ જેટલો

દારૂનો ઢગલો હોય અને તેમાં એક તલ જેટલો અગ્નિનો તણખો પડે તો એક પલકવારમાં જ બધું બળીને ઊડી જાય છે, તેમાં કોઈ સંદેહ નથી. ૧૮. બળી ગયા પછી તેની રાખ પણ દેખાતી નથી. તે અનંત ભાર જેટલી રાખ હોય તો પણ આકાશ સમાન થઈ જાય છે. જીવ જ્યારે ભગવાનનું ભજન કરતા કરતા મૂર્તિ આકારે થઈ જાય છે ત્યારે તેનાં બધાં જ કર્મ બળી જાય છે. ૧૯.

ભગવાન સિવાય બીજામાં જેટલું સુખ માને છે તેટલા તેના કર્મ અપક્વ રહે છે અર્થાત્ બળતા નથી. જેમ જેમ જીવ સત્સંગ કરતા રહે છે અને જેમ જેમ ભગવાનમાં જેટલું સુખ માનવામાં આવે છે,૨૦. તેટલું તેનું કર્મ બળી જાય છે. એટલે ભગવાન સિવાય અન્યમાં સુખ મનાતું નથી. ભગવાન વિના બીજામાં દુઃખ દેખાય એવી સંતો વાતો કરતા રહેતા. ૨૧.

हरि विन ओरमें करनो अभावा, इनको नाम सत्संग करावा;
संत हरिजन हरि हरिधामा, इतनि वात जियकुं विश्रामा...२२

ભગવાન વિનાના અન્ય પદાર્થનો અભાવ કરવો, તેનું નામ જ સત્સંગ કર્યો કહેવાય છે. ભગવાન, તેમનું ધામ, સંતો અને હરિભક્તો, આટલાની વાત જ જીવનો વિશ્રામ છે અર્થાત્ આ ચાર જ જીવને શાંતિ આપે છે. ૨૨.

ભગવાનનાં ચરિત્રો, જન્મથી લઈને પછીનાં બધા જ જે છે, તેને દિવ્ય સમજીને તેનું ગાન કરતા રહેવું અને ખરો અપાર રસ તો તેમાં જ રહ્યો છે. ૨૩. ભગવાને અનંત અવતારો ધારીને ઘણા જ પ્રભાવશાળી ચરિત્ર કર્યાં છે. જેને જેને જે સમયે જે જે અવતાર પ્રકટ મળે છે, તે તેનાં ચરિત્રને તે સમયે જાણે છે, (તેમ આપણે પણ આપણને મળ્યા એવા સર્વાવતારી શ્રીહરિના સર્વે ચરિત્રોને જાણવા માણવા જોઈએ.) ૨૪. કેમ જે, ભગવાનનાં ચરિત્રોની કથા કાનથી જેમ જેમ સાંભળવામાં આવે છે તેમ તેમ અધિક પ્રેમ થાતો જાય છે. એટલે તે ચરિત્રોને કાનેથી સાંભળ્યા વિના ક્યારેય પ્રેમ થાતો નથી. ૨૫.

જીવમાં જ્યારે પ્રેમ થાય છે ત્યારે અપાર આનંદ થાય છે. અપાર આનંદ જ્યારે આવશે-જાણશે ત્યારે તેને ભગવાનમાં ભક્તિરૂપ પ્રેમરસ ઊપજે છે. ૨૬. શ્રીહરિનાં ચરિત્રો વિવિધ પ્રકારના છે. તેમાં દિવ્યભાવ

રાખવો જોઈએ. દિવ્યભાવ જાણ્યા વિના તો પરીક્ષિત રાજાની જેમ અનેક પ્રકારના તેમાં સંશય થયા કરે. ૨૭. જીવની બુદ્ધિ થોડી છે, તે જો ભગવાનના પ્રતાપને યથાર્થરૂપમાં ન સમજ્યો હોય તો તેની સમજણ અવળી થઈ જાય અને તેને લીધે ચરિત્રોને મોક્ષરૂપ જાણી શકે નહિ. ૨૮. જેને આ ચરિત્રો મોક્ષરૂપ સમજાયા હોય, તેવા ભક્તને તો આ ગ્રંથ મોક્ષરૂપ જ છે અને પરમપદ (અક્ષરધામ)ને પમાડનારો અનુપમ છે. ૨૯. જે મનુષ્ય નિર્દોષ ભાવથી આ ગ્રંથને સાંભળે તેને ક્યારેય જમપુરી દેખવી નહિ પડે. જે નિષ્કપટ હૃદયના ભાવથી આ ગ્રંથને સાંભળીને તેની પ્રશંસા કરશે, ૩૦.

અંતે તે ભક્ત અક્ષરધામના પદની પ્રાપ્તિ પામશે. આ ગ્રંથમાં આટલું ફળ રહ્યું છે. આ ગ્રંથમાં મેં જીવની મોટપ લખી નથી અને તે લખવાનું કાંઈ પણ ફળ નથી. ૩૧. જે લેખક જીવને ભગવાન લખી નાખે છે તેને ફરીને ક્યારેય મનુષ્યનું શરીર મળતું નથી. એક જીવ બીજા જીવનું હિત શું કરે ? ખારામાં વાવેતર કરવાથી શું મળે ? ૩૨. મનુષ્ય અને દેવ, ખારી જમીન ગણાય, તેમાં વાવવાથી કાંઈ જ ફળ મળે નહિ. એક મનુષ્ય કદાચ બીજા મનુષ્યને સારાં ખાન પાન આદિ આપે, પણ મૃત્યુ પછી તે કાંઈ રહેતું નથી. ૩૩.

કદાચ કોઈ દેશનો મોટો રાજા હોય તો તે કોઈને વસ્ત્ર, ઘરેણાં, અપાર ધન, અપાર હાથી, ઘોડાં, ગામ, ગરાસ વગેરે ભૌતિક વસ્તુઓને આપી શકે છે. ૩૪. કોઈ દેવ હોય, તો તે દેવનાં જેવું આપે. જે આપેલું હોય છે તેમાં નિર્ભયતાનું ઠેકાણું નથી હોતું કહેતા તે સર્વે કાળના ભયવાળું છે. પાતાળથી લઈને પ્રકૃતિપુરુષ સુધીનાં જેટલા બ્રહ્માંડમાં સુખ છે. ૩૫. તેમાં કાળના ભય વિનાનું કોઈ નથી. કેમજે, ચાર પ્રકારના પ્રલયમાં તે સુખ રહેતું નથી. માટે અમૂલ્ય મનુષ્ય દેહને પામીને તે અમૂલ્ય દેહને અનુરૂપ (મોક્ષરૂપ) કામ કરી લેવું જોઈએ. ૩૬.

પ્રહ્લાદજી, પ્રિયવ્રત રાજા, દક્ષ પ્રજાપતિના અનેક પુત્રો, વિભીષણ અને હનુમાનજીએ પોતાનું (મોક્ષરૂપ) કામ સુધારી લીધું હતું. ૩૭. ગોપીઓ, ગોવાળો, પાંડવો અને ઉદ્ધવજી વગેરે અનંત પુણ્યાત્માઓએ પ્રકટ ભગવાનના

જોગથી અત્યંત દિવ્ય ગતિને પ્રાપ્ત કરી હતી. ૩૮. જીવને સાચા સંત મળે અથવા સાચા ભગવાનના અવતાર મળે, ત્યારે તે જો તેમની સેવા કરે, તો તેઓ તે જીવને દિવ્ય ગતિ(મોક્ષ) આપે છે. ૩૯. આ જીવે કાળ અને કર્મને વશ થઈને અપાર દેહ ધર્યા છે અને અનંતવાર ઈન્દ્રનું પદ પણ પ્રાપ્ત કર્યું છે. (છતાં હજુ સાચા પ્રકટ હરિ તથા સાચા પ્રકટ સંતનો જોગ થયો નથી તેથી જીવ કલ્યાણને પામ્યો નથી.) ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'પ્રતાપથી ભરપૂર શ્રીહરિના ચરિત્રોની વિશેષતા' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર આઠમું : તરંગ - ૬૨

સત્સંગનો મહિમા તથા જ્ઞાની ગુરુની વિશેષતા

શ્રીહરિવરનાં ઉદાર ચરિત્રોને લખતાં લખતાં મનમાં ક્યારેય તૃપ્તિ થાતી નથી, એવો તેમાં અપાર રસ રહ્યો છે. ૧. જ્યારે શ્રીહરિ (મારા ઉપર) અપાર કૃપા કરે છે ત્યારે તો આ "હરિચરિત્ર" લખાય છે. શ્રીહરિની કૃપા થયા વિના તો સામાન્ય જીવ ક્યારેય કાંઈ લખી શકતો નથી. ૨. જ્યારે શ્રીહરિની કૃપા હોય ત્યારે જ સંતોની કૃપા પણ થાય છે. બધા દેવો અને ઋષિઓ પણ સહાયતા કરે છે, તેનાથી કોઈ પ્રમાદ કે વિઘ્ન વગેરે દૂર રહે છે. ૩. હરિભક્તો પણ મારા સહાયક છે અને તેને લીધે જ હું હરખથી ગ્રંથને લખી રહ્યો છું. બધું ધર્મકુળ પણ આવીને મને સહાયતા કરતું રહે છે. ૪. એકલા પોતાનાં બળથી લેશમાત્ર પણ લખી શકાતું નથી. શ્રીહરિ હંમેશા પોષણ કરતાં રહે છે. શ્રીહરિ સ્વયં આવીને હિંમત આપી જાય છે અને તેનાથી જ લખવામાં થાક જણાતો નથી. ૫.

બુદ્ધિમાન મનુષ્યે વિચારી લેવું જોઈએ કે ઉપર જણાવી તે શ્રીહરિની અને સંતો વગેરેની કૃપા સિવાય મનુષ્યથી આવો ગ્રંથ લખી શકાય નહિ.

ભગવાનનાં ચરિત્રો સિવાયનું તો હિસાબ કિતાબ વગેરેને આખો સંસાર પારાવારરૂપમાં લખે જ છે. ૬. તે બધું લખતાં લખતાં તો અનંત લોકો મરી ગયા છે. જે બચ્યા છે તે પણ લખતા જ રહેશે. તેમાંથી એક અક્ષર પણ મોક્ષ કરે, તેવો હોતો નથી. એવું તો અનેક લોકો લખતાં રહે છે. ૭. મોટા મોટા જે શાહુકારો છે તે ઘેર ઘેર વખારો ભરાય તેટલા હિસાબોને ધર્મને નામે લખાવે છે અને તેને દેખીને બરાબર તેનો હિસાબ લે છે. ૮. અહીંયાં માણસ જેમ ફાવે તેમ ચલાવે છે પણ ધર્મરાજાની આગળ એવું ચાલતું નથી. ચક્રવર્તી રાજા જેવો હોય તોએ શું ? ધર્મરાજની આગળ તો બધા રાંક જેવા જ છે. ૯. ખરો ધર્મ એ છે કે જે પરલોકમાં પણ સહાય કરે છે અને જે અધર્મ છે તે તો પરિણામે દુઃખદાયક થાય છે. પોતપોતાની જ્ઞાતિના કાયદાને લોપીને જે લોકો વર્તે છે, ૧૦.

તે જેટલા કાયદાને લોપે છે એટલું તે દુઃખ પામે છે. નિયમ ભંગનું પાપ દેહમાં વ્યાધિ થઈને દુઃખ દે છે. તે દુઃખને રોઈ રોઈને ભોગવવુ પડે છે. તેને ક્યારેય સ્વપ્નમાં પણ સુખ થાતું નથી. ૧૧. અરે, કેટલાક તો આપઘાત કરીને મરે છે, આવા બધા દુઃખ લોકોને ભોગવવા પડે છે. હૃદયમાં અપાર સંતાપ થાય છે. આવા બધા દુઃખોને પાપનું પરિણામ જાણવું. ૧૨. પાપને ભોગવવા જીવ સ્થાવર અને જંગમ યોનિઓમાં જે દેહને ધારે છે, ત્યાં તેને બધી યોનિઓમાં દુઃખ જ પ્રાપ્ત થાય છે. જેનો ગણવાથીએ પાર આવતો નથી. ૧૩.

ભરતખંડમાં મનુષ્યનાં જન્મને પામેલો ચાર વર્ણ અને ચાર આશ્રમનો મનુષ્ય જે જે પાપ કરે છે, ૧૪. તેણે તે પાપનું તેટલું પ્રાયશ્ચિત યુગ અને આશ્રમને અનુરૂપ કરવું, એવું લખ્યું છે. અને જેનો જેવો વર્ણ હોય તે અનુસાર પ્રાયશ્ચિત કરવામાં તેને દોષ લાગતો નથી. ૧૫. મનુષ્યે કરેલું પાપ લોકમાં જાહેર થઈ ગયું હોય અને પછી તે જો પ્રાયશ્ચિત્ત ન કરે, તો તેની જાતિના લોકોએ તેને પંક્તિ બહાર કરવો. ૧૬.જાતિના લોકો જો તેને પંક્તિ બહાર ન કરે, તો તેનું પાપ પંગતમાં બેસનારા બધાને લાગે છે.

✵ સાચા ગુરુની રીત :

જે શિષ્યના ગુરુ હયાત હોય, તે ગુરુએ પોતાના શિષ્યે કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત તે શિષ્ય પાસે કરાવવું. ૧૭. જો શિષ્ય ગુરુનું વચન ન માને, તો ગુરુએ તે શિષ્યને તરત તજી દેવો. ગુરુએ પાપી શિષ્યનો લોભ કરવો નહિ. અને તે શિષ્યની સાથે વૈર પણ રાખવું નહિ. ૧૮. સામ ઉપાયથી એટલે કે તે શિષ્યને ક્યારેય વેરભાવ ન જણાય તે રીતે સમજૂતીથી તેનો ત્યાગ કરવો. વેર રાખવાથી ઝાઝો બગાડ થાય છે. માટે સમજી-વિચારીને ધર્મ રાખવો જોઈએ. ૧૯. જેટલી બાબત સમજ્યા વિના કરવામાં આવે છે તેટલો તેમાં બગાડ થયા વિના રહે જ નહિ. લોકો તો મન ચાહે તેમ કહે, પણ ગુરુએ તો વિચારીને નિર્ણય લેવો. ૨૦. જે રીતે સહુનો મોક્ષ થાય તે રીતે હેત રાખીને લોભ કરવો. રાત દિવસ જે ગુરુ સહુનું હિત જાળવે છે. એવા ગુરુ જગતમાં પ્રસિદ્ધિ પામે છે. ૨૧.

ગુરુએ પ્રેમ રાખીને બધા શિષ્યોની પાસે ધર્મ પળાવવો. દયા રાખીને ધર્મ પળાવે તો સહુનો મોક્ષ થાય છે. પણ દયા રાખ્યા સિવાય ક્યારેય મનુષ્યનો મોક્ષ થાતો નથી. ૨૨. સમુદ્ર ભૂમિથી ઘણો નીચો છે, તેનો વિસ્તાર પણ ભૂમિ જેટલો જ છે. અને તેથી જ ભૂમિ ઉપરનું જેટલું પાણી સમુદ્રમાં જાય છે તેને સમુદ્ર પોતામાં સમાવી દે છે. ૨૩. ગુરુએ તે સમુદ્ર અને ભૂમિનું ઉદાહરણ ધ્યાનમાં લેવું અથવા આકાશ સહુનો આધાર રહીને સહુને પોતામાં સમાવે છે અથવા મેઘ સહુનાં જીવનરૂપ જળનું દાન કરે છે, તેના જેવા જે ગુરુ હોય છે. તેના શિષ્ય ઘણા લોકો થાય છે. ૨૪.

જે ગુરુ રાત દિવસ મધુરવાણીથી જ્ઞાન આપીને શિષ્યોનું ભરણ પોષણ કરે છે, તેના શિષ્યો વૃક્ષની જેમ નવપલ્લવિત થાય છે અને તેના ઉપર ફળ તથા ફૂલો સમાતા નથી. ૨૫. નવપલ્લવ વૃક્ષને જેમ દાવાનળ લાગે તેમ જે ગુરુ તમોગુણથી વશ થઈને શિષ્યોને ક્રોધિત વાણીથી બાળ્યા કરે ત્યાં શિષ્યરૂપી વૃક્ષો નવપલ્લવિત થતા નથી. અને વળી તેમજ ધુંવારિયા વર્ષમાં જેમ વૃક્ષ નવપલ્લવિત થાતા નથી તેમ જે ગુરુ વરસાદની જેમ

શિષ્યો ઉપર જ્ઞાનવર્ષા કરતા નથી ત્યાં પણ શિષ્યરૂપી વૃક્ષ નવપલ્લવિત થતા નથી. ૨૬. આ જગતમાં બ્રહ્મવિદ્યાને પ્રાપ્ત કર્યા વિના જે ગુરુ થાય છે તે તો જેમ શરીર દિન પ્રતિદિન ક્ષીણ(વૃદ્ધ) થાતું જાય છે તેમ ક્ષીણ થાતા જાય છે. ૨૭. કોઈ કુપુત્ર પોતાના પિતાની અઢળક સંપત્તિ-ધનને સંભાળીને રાખે નહિ, અને ઉડાડી દે છે તો તે પછીના દિવસોમાં ભિખારી થઈને ફરે છે. ૨૮. કમાયેલું જે અપાર ધન સંતો, હરિભક્તો અને બ્રાહ્મણોના ભોજનમાં ઉપયોગી થયું હોય, ભગવાનના થાળમાં અને અન્નકોટમાં વપરાયું હોય, વિવિધ પ્રકારનાં ભગવાનનાં મંદિર બાંધવામાં કામ આવ્યું હોય, તે જ ખરું સાર્થક ગણાય છે. ૨૯.

જે ધન ભગવાન અને સંતોના ઉપયોગમાં આવ્યું, તે જ અપરમપાર ધન કમાયા છે. પણ જે ધન કહ્યું તે પ્રમાણે ભગવાન અને સંતના ઉપયોગમાં ક્યારેય ન આવે તો તે ધન પામ્યા છતાં પણ નિર્બીજ-નિષ્ફળ ગયું કહેવાય. ૩૦. ફળ, ફૂલ અને પાંદડાં વિનાનું ઝાડ જેમ શોભતું નથી તેમ સત્પાત્રમાં ધન નહિ વાપરનારો ધનવાન પણ શોભતો નથી. તે રીતે જ બ્રહ્મવિદ્યા વિનાના જેટલા ગુરુ થયા હોય છે તેમને પણ નિર્બીજ-નિષ્ફળ જ જાણવા. ૩૧.

તેવા ગુરુના જે શિષ્યો હોય છે તે પણ પરસ્પર ગુરુની દેશી-નકલ શીખતા હોય છે. તે સમજુ માણસે વિચારી જોવું જોઈએ કે જેનો ગુરુ લોભી હોય તેનો શિષ્ય પણ તેવો જ લોભી થાય છે. ૩૨. જે ગુરુ કામી, ક્રોધી હોય કે રસાસ્વાદથી ભરપૂર ભર્યો હોય તો તેના શિષ્યમાં પણ તે કામાદિ બધા દોષો આવે છે. આ રીતે મોક્ષરૂપ ગુણ તો ગુરુ અને શિષ્ય બંને દૂર જ ધકેલી દે છે. ૩૩. મોક્ષ મેળવવાના માર્ગને તેઓ બંને ભૂલી ગયા છે. તેમાં એક આંધળો છે અને બીજો બહેરો છે. બહેરાએ આંધળાનો વિશ્વાસ રાખ્યો. તે આંધળાએ સાચો રસ્તો દેખાડ્યો નહીં. તેમ ગુરુ શિષ્યનું પણ સમજવું. ૩૪. ગુરુ શિષ્યના ધનને હરે છે પણ સંતાપને હરતા નથી. એવા ગુરુ અને શિષ્ય, બંને ઘોર નરકમાં પડે છે.

અત્યારે એક સત્સંગમાં જ મોક્ષ રહ્યો છે. તેના સિવાય બીજે બધેથી મોક્ષ ભાગી ગયો છે. ૩૫. જેને પોતાના આત્માનો મોક્ષ કરવાની ઈચ્છા હોય

તેણે અત્યારે સત્સંગ કરવો જોઈએ. અત્યારે સત્સંગમાં જેવા ગુરુ છે તેવા ગુરુ ચૌદલોકમાં ક્યાંય નથી. ૩૬. **જેનાં સદ્‌ભાગ્ય ઉદય થયા હોય તેને જ સત્સંગમાં હોય એવા ગુરુ મળે. જે લોકો અભાગિયા છે તેમને આવા ગુરુ ક્યારેય મળતા નથી.** ૩૭. **અત્યારે જેને સત્સંગ થયો છે, જે સત્સંગી થયા છે તેનાં તો અપાર ભાગ્ય ગણાય. પહેલા ભક્તો ઘણા થઈ ગયા છે પણ તેમને કોઈને આટલો સમારેલો સત્સંગ મળ્યો નહોતો.** ૩૮. તે પૂર્વના ભક્તો ફરીને સત્સંગ કરવા આ વખતે સત્સંગમાં આવ્યા છે. એટલે તેમને સત્સંગનું સુખ આપવા શ્રીહરિ અને સંતો વિચરણ કરી રહ્યા છે. ૩૯. અક્ષરાધિપતિ ભગવાન શ્રીહરિ હરિભક્તોની રક્ષા કરવા માટે રાતદિવસ સત્સંગમાં ફરતા રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'સત્સંગનો મહિમા તથા જ્ઞાની ગુરુની વિશેષતા' એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર આઠમું : તરંગ - ૬૩

જોબનપગીની સ્વરૂપનિષ્ઠા તથા શુદ્ધ જ્ઞાન

શ્રીહરિ અને બધા પાર્ષદો, સાથે ગામની બહાર નીકળ્યા. રાતે ચંદ્રમા અસ્ત થયો ત્યારે એકલાં કૂતરાં ભસતાં હતાં. ૧. કૂતરાંના ભસવાને સાંભળીને સીમના બધા શિયાળ બોલવા લાગ્યા. તે વખતે કેટલાક તમરાં પણ બોલતાં હતાં. ૨. તે વેળાએ શ્રીહરિએ પાર્ષદોની સામે જોયું અને બોલ્યા, અમે એકલા જ ઘોર વનમાં આઠ (સાત ?) વરસ સુધી ફર્યા છીએ. ૩. અમને લેશમાત્ર પણ કોઈનો ક્યારેય ડર લાગતો નહિ. જંગલી હાથી અને સિંહોની સાથે અમે ફરતા. અગિયાર વરસની ઉંમર પછી ઘર છોડ્યું હતું. બાળયોગીંદ્રના જેવો અમારો વેષ હતો. ૪.

ત્યારે જોબન પગીએ કહ્યું, આપ તો ભગવાન છો. એટલે આપને વળી ભય કોનો ? પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષ સુધી જગતમાં જે જે પ્રાણી

કહેવાય છે તે તો સર્વે તમારે આધીન છે. ૫. અરે, આવા તો અનંત અને અપાર બ્રહ્માંડો છે. તેનો કોઈ પાર પામી શકાય તેમ નથી. તે બ્રહ્માડોમાં જે દેવ, અદેવ-દાનવ, દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત અને મનુષ્ય આદિ, તેમજ પશુ, પંખી આદિ તથા સ્થાવર અને જંગમ જીવજંતુઓ, અને જે જડ અને ચેતન છે તે સર્વે, તથા જળમાં રહેનારા જંતુ, આકાશમાં રહેનારા જંતુઓ, તથા અણું જેવા કે મહાન્ કહેવાતા હોય, તે સર્વેમાં જીવ રહ્યો હોય છે, એ બધા જ આપને આધીન છે. આપ જેવું ધારો, તેમ જ બધું થાય છે. અત્યારે અમને એવી તમારી પ્રતિતી આવી છે. માટે અમે માનીએ છીએ તમને કોઈનો ડર ક્યાંથી લાગે ? ૬-૮. ભાઈ રામદાસજીસ્વામી અહીં વડતાલમાં રહ્યા હતા અને તેમણે અમને સમજાવીને આપનાં સ્વરૂપનો આવો નિશ્ચય કરાવ્યો છે. સ્વામી આવી જે જે વાતો કરે તે અમને પૂરેપૂરી મનાતી. ૯. તેમનું વર્તન જ એવું હતું કે જેથી સહુને તેમનામાં પ્રેમ થાતો. વળી, તેમનામાં જે વચનસિદ્ધિ રહી હતી તેથી તેઓ જે જે કહે તે ત્યારે જ સત્ય થાતું-દેખાય આવતું. ૧૦.

એક વખત અમે જ્યારે તેમને પૂછ્યું, “આવી વચનસિદ્ધિ આપને ક્યારથી મળી ?” ત્યારે તેમણે કહ્યું કે આત્માનંદસ્વામી અને રામાનંદસ્વામીની મેં જે સેવા કરી હતી તેના પ્રતાપથી, ૧૧. જ્યારે મને સહજાનંદસ્વામી મળ્યા ત્યારે તેમની કૃપાથી વચનસિદ્ધિ મળી છે તેથી આ બધું થાય છે. જ્યારે ભાઈ રામદાસજીસ્વામીએ આવું કહ્યું તેથી અમને આપમાં પૂરો વિશ્વાસ આવ્યો છે. ૧૨. તે વિશ્વાસ એવો અવિચળ થયો છે કે તે ક્યારેય તોડાવ્યો પણ તૂટે તેમ નથી. માણસને પોતાની જાતિ અંગે દૃઢ વિશ્વાસની ગાંઠ પડી ગઈ હોય છે. તેવી જ આપના પરમેશ્વરપણાની અમને પાકી ગાંઠ પડી ગઈ છે. ૧૩.

અત્યારે આપ જે કાંઈ ચરિત્ર કરો, તેનાથી અમે કરેલો નિશ્ચય લેશમાત્ર પણ ટળે તેમ નથી. કદાચ અમારા કોઈ દોષને કારણે આપ અમને વિમુખ કરો, તો પણ અમે ક્યારેય આપનો દ્વેષ કરીએ નહિ. ૧૪. **આપ સદાને માટે નિર્દોષ છો અને આપના બધા સંતો પણ કાયમને માટે નિર્દોષ છે અને જે હરિભક્તો છે તે પણ આપને કારણે નિર્દોષ છે.** ૧૫. અમારામાં

અપાર દોષ છે. આપ કહો, "તમે ઘર છોડી દો." તો કદાચ તેમાં વાર લાગે. જો કે અમે હરિભક્ત થયા છીએ પણ તેમાં થોડા કાચા રહ્યા છીએ. ૧૬.

✵ જોબનપગીની સંતોમાં આત્મીયતા :

चोपाई :

तुम अपमान करो सहे सबहु, संत को दुःख न लगे उर कबहु;
अंत समे जिय के हे यह संगी, युँ जानी प्रीत भई हे अभंगी...१७
संत कुं स्वारथ नहीं कबु लेशा, मोक्ष करन स्वारथ हे हमेशा;
पेट में अन्न जोत हे जेता, घर घर से मागी लावत तेता...१८

આપ અમારું અપમાન કરો તો પણ અમે તે બધું સહન કરીએ. અમને સંતો તરફથી મનમાં ક્યારેય દુઃખ નહિ લાગે. "અંતકાળે એ સંતો જ જીવના સાચા સંગી-મોક્ષકારક છે." એમ જાણીને જ અમને સુદૃઢ(અભંગી) પ્રેમ થયો છે. ૧૭. સંતોને લેશમાત્ર પણ ક્યારેય સ્વાર્થ નથી. "જીવોનો મોક્ષ કરવો" તે જ એક કાયમનો સ્વાર્થ છે. તેમને પેટ પૂરતું જે અન્ન જોઈએ છે તે પણ ઘેર ઘેર ભિક્ષા માગી લાવે છે. ૧૮. વારે વારે એક ઘેર ભિક્ષા માગીને કોઈ સંસારીને પીડતા નથી.જેમ ભમરો કોઈ ફૂલને દુઃખવતો નથી અને દરેક ફૂલમાંથી માત્ર સુગંધ જ લે છે તેમ સંતો ભમરવૃત્તિ રાખીને ફરે છે. ૧૯. જેટલું સંતોનું વર્તન હોય છે તેને દેખતા મનમાં આદરભાવ ઊપજે છે. કોઈ પણ પ્રકારનો લોભ તેમાં દેખાતો નથી. તેનાથી તેમના ઉપર તો અતિ પ્રેમ થાય છે. ૨૦.

કોઈ પણ જાતના સ્વાર્થ (લોભ) વિના જ જીવનો ઉદ્ધાર કરે, એવા સાધુ તો અમે ક્યાંય સાંભળ્યા નથી. હા, પૂર્વે નારદ, સનકાદિકો અને શુકદેવજીને તેવા સાંભળ્યા હતા. ૨૧. કપિલજી, દત્તાત્રેય અને ગોરખનાથ, એ બધા તો સદ્‌ગુરુ રામાનંદસ્વામીથી પહેલા થયા હતા. શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય વગેરે નિષ્કામી આચાર્યો નિર્લોભી હતા. ૨૨. ઋષભદેવ ભગવાને જ્યારે યોગવૃત્તિ ધારણ કરી હતી ત્યારે તેમણે લોભમાત્રનો ત્યાગ કરી દીધો હતો. એવા તે મહાન ભાગ્યશાળી સમર્થ પુરુષ થયા હતા. ૨૩. ભરતજી જ્યારે "જડભરત"ના રૂપમાં વર્ત્યા ત્યારે તેમણે લોભમાત્રનો ત્યાગ કરી દીધો હતો.

દક્ષપ્રજાપતિના જે અગિયાર હજાર પુત્ર થયા હતા, તેઓ પણ નિર્લોભી હતા. ૨૪. એ તો કેટલાએ યુગ પહેલાની વાત કહેવાય છે. આપણે નજરે દેખી નથી. તેવા આ સંતોની વાત તો અત્યારે આપે દેખાડી છે. ૨૫.

જગતમાં સ્ત્રી, ધન અને વ્યસનોનો ત્યાગી કોઈ દેખાતો નથી. અત્યારે જેટલા આશ્રમવાળા છે તે બધા સ્ત્રી ધન અને વ્યસનોમાં આસક્ત થયા દેખાય છે. ૨૬. ત્યાગી થઈને પણ જે ધન અને સ્ત્રીને રાખે છે તેને તો પતિત કહ્યા છે, તેનાં દર્શન કરવાનું પણ કાંઈ ફળ નથી. ૨૭. કેટલાક ત્યાગી એવા ફરે છે કે જે સ્ત્રી અને ધનને રાખતા નથી. પણ તેઓ વ્યસનોનો ત્યાગ કરી શકતા નથી અને સ્ત્રીની સાથે બોલવામાં બાધ ગણતા નથી. ૨૮. કેટલાક જોગીઓ, પરમહંસ, સંન્યાસી, ખાખી, અતીત, યતિ અને ઢુંઢિયા આદિ અનંત નામધારી વૃદ્ધ થાય છે ત્યારે પોતાની સેવા કરવા માટે વિધવાઓને રાખે છે. ૨૯. પરસ્પર કોઈ કોઈનો દોષ ન જુએ એવા તો જગતમાં અનંત લોકો છે. હવે કળિયુગમાં કાંઈ દોષ લાગતો નથી. સેવા કરવાથી તો બધા દોષ ટળી જાય છે. ૩૦. દોષ લાગે એવું જે કહે છે તેને બધા દોષ લાગે છે. આવું જ્ઞાન વિષયરસ ભોગી થઈને કેટલાક જોગીઓ અત્યારે કહે છે. ૩૧.

ત્યારે શ્રીહરિ બોલ્યા, એવો કોઈ શાસ્ત્રનો મત નથી. બધાએ શાસ્ત્રના મતને તજી દીધો છે. આજે તો ધર્મ પાળવો બહુ કઠણ છે. ૩૨. શસ્ત્રથી જે મરી જવું, તે અત્યંત કઠિન નથી. અગ્નિથી સળગી જવું, તે સુગમ છે પણ ધર્મ પાળવો ઘણો કઠણ છે. ૩૩. આગળના સમયમાં કેટલાંક ઋષિઓ એવા થઈ ગયા છે, જે સ્મૃતિકાર હતા. તેઓ ધર્મને લખી ગયા છે. તે એવા કઠણ ધર્મ લખી ગયા છે કે તેનું નામ સાંભળીને પણ માણસ ધ્રૂજી જાય છે. ૩૪. પહેલા યુગમાં જેટલા ઋષિઓ થયા, માનો તે મૂર્તિમાન તપરૂપ જ હતા. શાસ્ત્રમાં જે વાત કહી હોય તેને તે લોકો યથાર્થરૂપમાં પાળતા હતા. ૩૫. જેટલા વર્ણ અને આશ્રમવાળા હતા તે બધા અત્યંત શ્રદ્ધાવાળા હતા. ધર્મ પાળવાનું અપાર ફળ માનતા હતા. અને બધાના એવા જ શુભવિચારો હતા. ૩૬.

ભગવાનને રાજી કરવા માટે સહુના હૃદયમાં અતિ શ્રદ્ધાભાવ હતો. દરેકના ઘર આગળ કલ્પવૃક્ષ હતા. તે જે ઈચ્છે તે ફળ તેને મળતાં હતાં. ૩૭. સહુનાં મન સત્ત્વગુણ પ્રધાન રહેતા, "તપ કરવું અને ધર્મ પાળવો" તેમાં સહુની રુચિ રહેતી. ૩૮. તે બધા ઋષિવર્યો શુદ્ધ સત્ત્વ પ્રધાન થયા હતા. સમગ્ર ઋષિઓમાં મુખ્ય અને મહાન સનકાદિકો હતા. ૩૯. બ્રહ્માદિ સર્વદેવો શુદ્ધ રજોગુણ પ્રધાન ગણાય અને શિવ, રુદ્ર, દૈત્યો અને ભૂતગણો, એ બધા શુદ્ધ તમોગુણ પ્રધાન ગણાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'જોબનપગીની સ્વરૂપનિષ્ઠા તથા શુદ્ધ જ્ઞાન' એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર આઠમું : તરંગ - ૬૪

શ્રીહરિએ નીતિનું સમર્થન કર્યું તથા પ્રાતઃ સ્નાનાદિક વિધિ કર્યો

ફરીને શ્રીહરિએ કહ્યું, હે જોબનપગી ! તમે સાંભળો. જે સમયે જેવો યુગ આવતો ગયો તે સમે તેવું તપ અને તેવો ધર્મ સમાજમાં પ્રવર્તતો રહ્યો છે. ૧. ચોમાસામાં તો જ્યાં અનાજ વાવો ત્યાં તે ઊગી નીકળે છે. શિયાળામાં તેમ નથી થતું. ઉનાળામાં ક્યાંક જ દેખાય છે. ૨. જે સમયે જેવા શક્તિશાળી પુરુષ હોય તેવું તપ અને તેવો ધર્મ વર્ણોમાં અને આશ્રમોમાં પ્રવર્તાવે છે. ૩. કોઈ સત્પુરુષ રાજારૂપે જો પ્રકટ્યા હોય તો તેઓ બધી જ પ્રજામાં તપ અને ધર્મને પ્રવર્તાવે છે. ૪. કોઈ અધર્મી રાજા થાય તો તે પાપને અને અધર્મને જ બધે ફેલાવે છે અને તપનો તથા ધર્મનો તે નાશ કરે છે. કારણ કે અધર્મીનો એવો સ્વાભાવિક અભ્યાસ હોય છે. ૫.

ઉપરથી તો ઘણા સ્વચ્છ દેખાતા હોય પણ અંદર તો મલિનતાનો કોઈ પાર હોતો નથી. તે એટલો બધો મલિન આહાર કરાવે છે કે તેની તે કાંઈ શંકા રાખતા નથી. ૬. જેમ જેમ મલિન આહાર કરતા જાય છે તેમ તેમ તેનું શરીર અપાર બળવાન થાય છે. અરે ! ધર્મમાં આટલી મલિન બુદ્ધિ ન

હોવી જોઈએ. બીજી બુદ્ધિ પણ આવી મલિન કોઈ જગ્યાએ જોઈ નથી. ૭. આ દુનિયા બાબતની બુદ્ધિ તો અનંત હોય છે. તે બુદ્ધિ અનંત હોવા છતાં જોઈને બધા માણસો પાર લઈ શકે છે. આ ભરત ખંડના જેટલા પ્રદેશ છે તે બધાને બુદ્ધિમાં બાંધી દે છે. ૮. તે અધર્મી રાજા બુદ્ધિથી જેવી વાતોને નક્કી કરી લે છે તેવું બધાને દેખાડે છે. પરંતુ આ ભૂમિ ઉપર જે મોટા સારા દેવ કે સારા રાજાઓ થઈ ગયા છે તેમાં કોઈમાં આવી બુદ્ધિ કોઈની સાંભળી નથી. ૯. તે જે જે ક્રિયા કરે છે તે એક પણ નિયમ વિનાની હોતી નથી. આવા રાજાઓ જે યુગમાં થયા છે તે બધા વધતા વધતા આગળ ઘણા જ વધી ગયા છે. ૧૦.

આ જગતમાં કેટલાક રાજાઓ નીતિ ભ્રષ્ટ પણ થયા હતા તેઓ પોતાના પદ ઉપરથી પડી ગયા હતા. મોટા ભેખધારી ગુરુ થઈને પણ જ્યારે તેઓ નીતિરૂપ ધર્મને રાખતા નથી, ૧૧. ત્યારે નીતિ વિનાના જે વર્ણ અને આશ્રમના લોકો હતા તે બધા સહેજે જ ઊતરી ગયા-પતિત થઈ ગયા. જેમકે, જેટલા વાડ વિનાના ખેતર હોય છે તે ભેળાયા વિના રહે જ નહિ. એમ સારા નીતિમાન ગુરુ અને નીતિમાન રાજા વિના પ્રજા બગડ્યા વિના રહે નહીં. ૧૨. જે સ્થળે ચોકિયાત દેખાય ત્યાં ચોર આવે નહીં. જ્યાં ચોકિયાત ન હોય ત્યાં ચોર જાય છે. તેમ જ્યાં રાજા તથા ગુરુની ચોકીયાત ન હોય ત્યાં શિષ્ય અને પ્રજા બગડે છે. ૧૩. શ્રીહરિ સાથે રહેલા જોબન પગી આદિને આવી વાતો કહેતા કહેતા બધા હરિભક્તોના સંઘોની સંભાળ આવીને લીધી. પણ તે કોઈએ જાણ્યું નહીં. ૧૪. હરેક સંઘમાં ચોકીદાર રાખેલા હતા. તે ચોકીની ફરજ ઉપર હતા પણ શ્રીહરિ ત્યાં આવીને પસાર થઈ ગયા, તેની તે ચોકિયાતોને ખબર પડી નહિ. ૧૫.

જે પાર્ષદો સાથે હતા, તેમને શ્રીહરિએ કહ્યું, અમને કોઈની આગળ ક્યારેય પ્રખ્યાત કરશો નહીં કે, અમે રાત્રે અહીંયા ફરવા આવ્યા હતા. ૧૬. તમને સહુને અમારાં ચરિત્ર સાંભરે એટલા માટે આજે અમે તમારી સાથે ફરવા આવ્યા છીએ. કાઠી દરબારોની સાથે અમે બહુ ફર્યા છીએ.

તેનાથી તેમને અમારા ઉપર ઘણું જ હેત થયું છે. ૧૭. તે હેતે કરીને જેટલી કાંઈ અનીતિ કહેવાય છે તે સર્વે અત્યારે તેમણે છોડી દીધી છે. હવે તમારી સાથે પ્રેમ કરીને અમારે તમારો ઉદ્ધાર કરવો છે. ૧૮. તે વિના તમારી સાથે બીજું કોઈ કામ નથી. આવું તમે નક્કી જાણજો. અને જે અમારું વચન નહિ માને તો તેના ઉપર કોઈક તેવો રાજા આવશે, ૧૯. કે તે રાજા અત્યારે અમે જે નીતિ વચન કહીએ છીએ તેવી રીતે ક્યારેક પળાવશે.

અમારા જે સંતો છે તે ક્યારેય હથિયાર રાખતા નથી. ૨૦. અને જગતના જે સાધુ છે તે બધા હથિયાર બાંધીને ચાલે છે. તેઓ તો જમના દૂત જેવા જણાય છે. તેમાં ઘણો અધર્મ ભર્યો હોય છે. ૨૧. તેમનાં હથિયારોનો ત્યાગ કરાવનારો કોઈ રાજા(અંગ્રેજ) આવતા દિવસોમાં થાશે. તે પ્રજાનું બહુ રક્ષણ કરશે. અને જે પ્રજાને પીડતા હશે, તેને કચડી નાખશે. ૨૨. જે કોઈ ઉન્મત્ત (ઉદ્ધત) થાશે તો તે રાજા તે બધાને સીધા કરી દેશે. તે અપરાધ વિના કોઈને પીડશે નહિ અને ગરીબ કરતા પણ ગરીબ થઈને ચાલશે, ૨૩. તે રાજા પણ જ્યાં સુધી નીતિ અને નિયમોનું પાલન કરશે ત્યાં સુધી દિન પ્રતિદિન તે આગળ વધતો રહેશે. અને જ્યારે તે રાજા નીતિ-નિયમોનો ત્યાગ કરશે ત્યારે નીતિરૂપ ઈશ્વર તેને સહકાર આપવાનું બંધ કરીને દૂર જતા રહેશે. ૨૪. ત્યાર બાદ ભલે તે રાજામાં કેટલાક પ્રકારની બુદ્ધિ રહી હશે અને તેથી પરાક્રમ કરશે, તો પણ તે ફળીભૂત નહિ થાય. કારણ કે પરાક્રમની સફળતા નીતિમાં રહી છે. ૨૫.

જેમ જીવ વિનાનો દેહ એનો એ જ હોય છે. પણ એમાંથી એક જીવ ઉડી ગયો હોય તો તે દેહ કાંઈ જ ઉપયોગમાં આવતો નથી. તેમ તેની એ બુદ્ધિ અને તેનાથી કરાતું પરાક્રમ હોવા છતાં તે રાજામાંથી ઈશ્વરની નીતિરૂપ જીવ એક જ જતો રહે છે તો તે મડદા જેવો થઈ જાય છે. ૨૬. તે રીતે જ જે નીતિવિહીન હોય તે કોઈમાં પરમેશ્વર રહેતા નથી. પરમેશ્વરે નીતિરૂપ નિયમો કર્યા છે તેમાં જે ચાલે છે તે સુખી રહે છે. ૨૭. અત્યારે જગતમાં આ સત્સંગને સમાન કોઈ બીજો મત-સિદ્ધાંત નથી. તે અમે અમારા મનમાં જાણીએ છીએ અને તે રીતે જ તે જગતનો રાજા પણ જાણે છે. ૨૮.

જેટલા શુભ ગ્રંથો કહેવાય છે તે સર્વે સત્સંગના પક્ષ પરાયણ છે. સત્સંગ અને નીતિ તે બંને એક જ કહેવાય છે. ભલે નામે કરીને ભિન્ન ભિન્ન હોય. ૨૯. **જગતમાં જે લોકો નીતિમાં ચાલે છે તે સુખી થાય છે. અને તે સહુની આંખોથી દેખાય છે વળી જે અનીતિ કરતા હોય છે તેને તરત જ અપાર દુઃખ આવે છે, તે પણ દેખાય છે.** ૩૦. **માણસ જેટલો સત્સંગ કરે છે તેટલી તેને સદ્‌બુદ્ધિ મળે છે. જો મનુષ્ય રાત દિવસ સત્સંગ કરતો રહે છે તો તે મૃત્યુ પછી ભગવાનના ધામને પામે છે.** ૩૧. નીતિમાં ચાલવું તે રાજાનો એક ધારો છે, પ્રથા છે. અને પ્રથામાં જે રહે છે તે આલોકમાં સુખી થાય છે. તે રીતે જ સત્સંગ પણ શ્રીહરિની પ્રથા (ધારો) છે જે સત્સંગને રાખે છે તેને ભગવાન સહાયતા કરે છે. ૩૨.

જે મનુષ્ય નીતિમાં ચાલે છે તેને આલોકમાં જેમ રાજા સહાય કરે છે તેમ પરલોકમાં તેને ભગવાન સહાયતા કરે છે, કારણ કે પરલોકમાં દેવોનું કે મનુષ્યનું કાંઈ ચાલતું નથી. ૩૩. જે જાતનું બીજ હોય તેને તે રીતે જ ઉગાડવું જોઈએ. આવું તો એક શ્રીહરિને જ આવડે છે. બીજા કોઈને તે આવડે નહિ. ૩૪. બીજા લોકો તો અપાર કળાઓને કરે છે. સામાન્ય મનુષ્ય તેના પારને પામે નહિ. આ મનુષ્ય શરીર પરમેશ્વરે આપ્યું છે ત્યારે માણસ કળા કરવા માટે સમર્થ થાય છે. ૩૫.

ભગવાન જો શરીરમાંથી જીવને ખેંચી લે, તો તે પ્રાણી કાંઈ જ કરી શકે નહિ. એટલા માટે જ ભગવાનને સર્વના કારણ સમજીને ઘણા હેતથી તેમનું ભજન કરવું જોઈએ. ૩૬. શ્રીહરિએ આ રીતે જોબન પગી વગેરેને પ્રસન્ન કર્યા. પછી ઉતારે આવ્યા. શ્રીહરિ થોડીવાર પ્રેમથી પલંગ ઉપર પોઢી ગયા. ૩૭. સવાર થયું ત્યારે શ્રીહરિ જાગ્યા. “નારાયણ ધૂન” કરી. પછી સ્નાન કર્યું. તે દિવસ “રામનવમી” હતી. ૩૮. સ્નાન કર્યા પછી શ્રીહરિએ દેવ સેવા કરી. સ્વયં પરમેશ્વર હોવા છતાં તે પૂજા પાઠ વગેરેનો સદાચાર રાખતા હતા. ૩૯. સદાચાર શીખવવા તો શ્રીહરિ પ્રકટ થયા છે એટલા માટે રોજ જેમ ઘટતું હોય તેમ સદાચારને પાળે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિએ નીતિનું સમર્થન કર્યું તથા પ્રાતઃ સ્નાનાદિ વિધિ કર્યો' એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥

પૂર આઠમું : તરંગ - ૬૫

શ્રીહરિ રામનવમીના દિવસે ભક્તજનોને દર્શન આપવા માટે વડતાલ ગામથી બહાર આવ્યા

શ્રીહરિએ સમગ્ર હરિભક્તોને દર્શન દેવાનો મનમાં વિચાર કર્યો. પછી બધા જ અમૂલ્ય સોનેરી નવા વસ્ત્ર પહેર્યાં. ૧. અંગો અંગમાં અનુપમ સોનાનાં ઘરેણાં પહેર્યાં, સુંદર કુંડળ પહેર્યાં, તેથી તેની આગળના કપોળ(ગાલ)ના સૌંદર્યનું વર્ણન કરી શકાતું નથી. ૨. શ્રીહરિની સાથે જે દરબારો હતા તે બધા સવારી સજ્જ કરીને લઈ આવ્યા. ગોંડલ નરેશ દરબાર હઠીભાઈ પણ શણગારેલો હાથી લાવ્યા. ૩. સોનાની સર્વોત્તમ અંબાડી હાથીના ઉપર મૂકી હતી. પછી ધર્મકુમાર શ્રીહરિ આવીને તે અંબાડીમાં બેઠા. ૪. દરબાર હઠીભાઈ અને દરબાર જીવાખાચર, એ બંને શ્રીહરિને ચામર કરવા બેઠા. ભાઈ રામદાસજીસ્વામી અને મુક્તાનંદસ્વામી, એ બંનેને મેનામાં બેસાડ્યા. ૫.

નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, આનંદાનંદસ્વામી, સંતદાસજી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, ૬. સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, નિરંજનાનંદસ્વામી, સુખાનંદસ્વામી, આત્માનંદસ્વામી, વ્રજાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી, સદાનંદસ્વામી, ૭. મહાનુભાવાનંદસ્વામી, પરમાનંદસ્વામી, વ્રજવાસી-ભજનાનંદસ્વામી, અનંતાનંદસ્વામી. ૮. ભણનારા - ભજનાનંદસ્વામી, શ્રીગુરુચરણરતાનંદસ્વામી, હરિયાનંદસ્વામી, અદ્વૈતાનંદસ્વામી, વિશ્વચૈતન્યાનંદસ્વામી, ચિન્મયાનંદસ્વામી, ૯. સજ્જનાનંદસ્વામી, સત્યાનંદસ્વામી જેને સંપૂર્ણ ભગવદ્‌ગીતા કંઠસ્થ હતી, ધ્યાની પરમચૈતન્યાનંદસ્વામી, પરમહંસાનંદસ્વામી, જેઓ મહાજ્ઞાની હતા, ૧૦.

વિશ્વરૂપાનંદસ્વામી, ચિદ્રૂપાનંદસ્વામી, કલ્યાણાનંદસ્વામી, ભાગ્યેશ્વરાનંદસ્વામી, પૂર્વદેશના આધારાનંદસ્વામી, તે રીતે જ પૂર્વ દેશના જિજ્ઞાસાનંદસ્વામી, ૧૧. સાંખ્યાનંદસ્વામી, અખંડાનંદસ્વામી, યોગી જોગેશ્વરાનંદસ્વામી, જેમણે બધો જ અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હતો. ૧૨. મુનિવર્ય આત્માનંદસ્વામી, જેઓ લોમશમુનિનો અવતાર હતા અને યોગશાસ્ત્રમાં પારંગત હતા. ૧૩.

જો કે સહુ સંતો બધા જ અષ્ટાંગ યોગના અંગોને જાણતા હતા. સાક્ષાત્ શ્રીહરિ મળ્યા હતા, તેથી કોઈ પોતાની સિદ્ધાઈ બતાવતા નહિ. ૧૪. કૃષ્ણાનંદસ્વામી કે જે દધીચિનો અવતાર હતા. તેમને કોઈ ઓળખી શકતા નહિ. કહ્યા વિના ખબર ક્યાંથી પડે ! ૧૫. અષ્ટાવક્રમુનિ પણ સત્સંગમાં આવ્યા હતા. મનુષ્યનાં શરીરમાં સહુ તેમને દેખતા હતા, પણ તેમનાં સામર્થ્યની કોઈને ખબર પડતી નહિ. ૧૬.

✵ સદ્.શ્રીગોપાળાનંદસ્વામી વગેરે મોટેરા સંતોના સદ્‌ગુણ :

જે તનુઋષિ કહેવાતા હતા તે ગોપાળયોગી થયા હતા. જ્યારે શ્રીહરિ વર્ણીના વેષમાં વનમાં ફરતા હતા ત્યારે તેમને અષ્ટાંગયોગ ઘણા પ્રેમથી તેમણે શીખવ્યો હતો. પછી તેમણે પ્રસન્ન મનથી દેહનો ત્યાગ કર્યો હતો અને વિપ્રને ઘેર બીજો જન્મ લીધો. બાલયોગી સિદ્ધ થયા. જેને કોઈ કળી શક્યા નહિ. ૧૭-૧૮. પછી જ્યારે તેઓ શ્રીહરિની પાસે આવ્યા, સાધુ થયા અને સત્વરે શ્રીહરિની પાસે અષ્ટાંગ યોગ શીખ્યા. થોડા જ દિવસમાં અભ્યાસ કરીને "રાજયોગ" સુધી સાધના કરીને સફળ થયા. ૧૯. નિત્યાનંદસ્વામી પણ તે રીતે જ અષ્ટાંગ યોગને શીખ્યા હતા. તેઓ ધ્યાન અને ધારણા બંને શિખ્યા હતા. પણ તે બંને કરતા યોગીરાજ ગોપાળાનંદસ્વામીને સમાધિ વિશેષ હતી. ૨૦.

हरि मूर्ति उर नेन में धारी, ईच्छत ताकी खेंच लेवत नारी;
हरि वचन तेहि जेसे दीने, धारत मूर्ति होवत ततछिने...२१

અને આ ગોપાળાનંદસ્વામી શ્રીહરિની મૂર્તિને હૃદયમાં અને નેત્રોમાં ધારતા. જેની ચાહે તેની નાડીને ખેંચતા. શ્રીહરિએ તેમને એવું વચન આપ્યું હતું કે મૂર્તિને ધારીને જે ચાહે તે તરત જ તેમને સિદ્ધ થાતું ૨૧.

આ યોગીરાજ ગોપાળાનંદસ્વામી જેવો મનમાં મનોરથ કરતા તેને શ્રીહરિ પરિપૂર્ણ કરતા હતા. **શ્રીહરિનો જે રહસ્ય સિદ્ધાંત તેને તલ તલ જેટલો ઝીણવટથી તેઓ જાણતા.** અને જેમ ગોપાળાનંદસ્વામી જાણતા તેમજ નિત્યાનંદસ્વામી પણ જાણતા હતા. આવી અગાધ બુદ્ધિ તેઓને શ્રીહરિએ આપી હતી. જેમ સાગરનો પાર કોઈ લઈ શકતું નથી, પરંતુ સ્વામીની બુદ્ધિ તો તે સાગર કરતા પણ અપાર હતી. ૨૨-૨૩. બ્રહ્માનંદસ્વામી એવા હતા કે તે બાળપણથી જ નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા હતા. શ્રીહરિએ જેને બૃહસ્પતિની ઉપમા આપી હતી. ૨૪. આવા અપાર સંતો હતા. જેને લખવાથી પાર પમાય તેમ નથી. તે બધા સંતોને ચાર પૈડાંવાળી બગી (ચારટ)માં બેસાડ્યા. તે સમયની શોભા કહી શકાતી નથી. ૨૫.

અપાર હરિભક્તો આવ્યા હતા. તેની ભીડ ઘણી થઈ હતી. અનંત પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. તેનાથી રાજબજાર સુશોભિત બની હતી. ૨૬. ચોપદાર નેકી પોકારતા હતા. શ્રીહરિ બજારમાં ચાલ્યા આવતા હતા. દૂર સુધી રહેલા બધા ભક્તજનો ફૂલહાર લાવ્યા હતા. તેની દૂરથી વૃષ્ટિ કરતા હતા. ૨૭. શ્રીહરિની અખંડ સેવામાં રહેનારા વર્ણીઓ જે હતા તે બધા રથમાં બેઠા હતા. ૨૮. શ્રીહરિ સંતોને સાથે લઈને હરિભક્તોને દર્શન દેવા માટે આ રીતે નીકળ્યા હતા. પણ શ્રીહરિની મૂર્તિ એવી અદ્‌ભૂત હતી કે દર્શન કરનારાના નેત્રોને દર્શન કરવા છતાં તૃપ્તિ થાતી ન હતી. ૨૯. શ્રીહરિની સાથે જે પાર્ષદો હતા તેઓ વારંવાર બંદૂકોને ફોડતા હતાં. તેનાથી સંપૂર્ણ આકાશમાં ગર્જનાઓ થતી હતી. તે સાંભળીને દેવતાઓ દર્શન કરવા ઉપર આકાશમાં આવવા લાગ્યા. ૩૦.

ભૂમિ ઉપર જેમ મનુષ્યો અપાર હતા તેમ આકાશ પણ અપાર દેવતાઓથી ભરાઈ ગયું હતું. તે દેવો વિમાનમાં બેઠા હતા અને કેસરી ચંદનને વરસાવતા હતા. ૩૧. ગાંધર્વો મધુર ગાન કરતા હતા અને અપ્સરાઓ ખૂબ જ હેતથી નાચતી હતી. દેવોમાં જે બંદીજનો હતા તેઓ શ્રીહરિના યશની અપાર સ્તુતિ ગાતા હતા. ૩૨. જેટલી દેવાંગનાઓ આવી હતી તે બધી

અલૌકિક ગાન કરતી હતી. તે દેવાંગનાઓ ધર્મના લાલ શ્રીહરિને સોનેરી ફૂલ અને મોતીના થાળ ભરીને વધાવતી હતી. ૩૩. કાઠી દરબારોના માગણ જે રાવળ કહેવાય છે, તે નાગાજણ અને પૂજાભાઈ હતા, તેઓ રવાજ વગાડીને નિપુણતાથી શ્રીહરિનું યશોગાન કરતા હતા. ૩૪. નાગાજણના બે ભાણેજ હતા. તેમના નામ લક્ષ્મણ અને નાગદાન હતાં. ઉંમરમાં નાના હતા પણ શ્રીહરિની મૂર્તિમાં તલ્લીન થઈને ગાન કરતા હતા. ૩૫.

જે વાજિંત્રો વગાડતાં હતાં, તેમને શ્રીહરિ ફૂલના હાર આપતા. ક્યારેક તો બહુ રાજી થઈ જાય ત્યારે તેમને પ્રેમથી વસ્ત્ર અથવા ઘરેણું પણ આપી દેતા. ૩૬. ક્યારેક અશ્વ આપતા તો ક્યારે ધન અપાવતા. કોઈ વખતે મેવા કે મીઠાઈ આપતા. અને તેમને રાજી કરી દેતા. ૩૭. જે ભક્ત જેવો ગુણવાન હોય તેને તે રીતે ઘણું હેત જણાવીને શ્રીહરિ રાજી કરી દેતા હતા. ૩૮. ભક્તજનોને દર્શન દેતા શ્રીહરિ વડતાલ ગામની બહાર આવ્યા. બહાર તો લોકોનો કોઈ પાર ન હતો. બધા ઘણા જ આનંદોલ્લાસમાં હતા. ૩૯. જે લોકો ગુલાલ લાવ્યા હતા, તેઓ ભાવથી તેને ઉડાડવા લાગ્યા. કારણ કે આજનો દિન શ્રીહરિવરના જન્મદિવસનો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિ રામનવમીના દિવસે ભક્તજનોને દર્શન આપવા માટે વડતાલ ગામથી બહાર આવ્યા' એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ।।૬૫।।



પૂર આઠમું : તરંગ - ૬૬

આંબલાની ડાળીએ બાંધેલા હિંડોળામાં શ્રીહરિ બેઠા તથા સભા થઈ

શ્રીહરિ ગામથી પૂર્વમાં જ્યાં આંબલે હિંડોળો બાંધ્યો હતો ત્યાં આવીને હિંડોળા ઉપર બેઠા. ગામ તરફ મુખ હતું. કાયમ સભા ગામ તરફ મુખ રહે તે રીતે જ થાતી હતી. ૧. હિંડોળાને ડાબે ભાગે સંતોની સભા બેઠી. વર્ણી અને સંન્યાસીઓ શ્રીહરિનાં ચરણોની પાસે બેઠા. ૨. બધા દરબારો

શ્રીહરિની સન્મુખ બેઠા. બીજા બધા હરિભક્તો તે દરબારોની પાછળના ભાગમાં બેઠા. ૩. બધી સત્સંગી બાઈઓની સભા હિંડોળાથી દક્ષિણ (જમણે) ભાગે થઈ હતી. શ્રીહરિની જયંતીનો દિવસ જાણીને તે બાઈઓ ધોળ રાગના કીર્તન ગાતી હતી. ૪.

દુર્વાસાના શાપથી ધર્મ અને ભક્તિ, છપૈયા ગામમાં બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા સરવરિયા કુળમાં મનુષ્ય દેહ ધારીને રહેતા હતા. ૫. તેમણે શ્રીહરિને રાજી કરવા માટે જે વ્રત, જપ, તપ, કર્યાં હતાં તેને તે બધી સ્ત્રીઓ કીર્તનમાં ગાતી હતી. અને શ્રીહરિએ જે રીતે જન્મ લીધો અને પ્રેમથી માતા અને પિતાને દર્શન આપ્યા તે કીર્તનમાં ગાતા હતા. ૬. નવમી તિથિએ દસ ઘડી રાત ગઈ ત્યારે શ્રીહરિનો જન્મ થયો. દિવ્ય સ્વરૂપે માતાપિતાને દર્શન દઈને તેમનાં દુ:ખનો નાશ કર્યો. ૭.

શ્રીહરિનો જન્મ થયો છે એમ જાણીને સાક્ષાત્ લક્ષ્મીજી ધર્મને ઘેર રહેવા માટે આવ્યા. તરત જ ધર્મદેવનું ઘર સર્વ સમૃદ્ધિથી ભરપૂર થઈ ગયું કે, જેને દેખીને દેવોનાં મન પણ લલચાય જાય. ૮. માતા અને પિતા, બંનેએ જ્યારે શ્રીહરિની સ્તુતિ કરી ત્યારે શ્રીહરિએ તેમને વરદાન આપ્યાં. પોતાને જન્મ ધારણ કરવાનું જેટલું કારણ હતું તે બધું માતાને અને પિતાને કહી સંભળાવ્યું. ૯. તે સાંભળીને માતા અને પિતા ઘણા ખુશ થયા. બ્રાહ્મણોને ઘણી જાતનાં દાન આપ્યાં. ગાયો, અશ્વ, હાથી અને સોનું દાનમાં આપ્યું અને તલનાં ઘણાં પર્વત(ઢગલાં) પણ દીધાં. ૧૦.

તે સમયે જે જે માગણ આવતા હતા તેમને યોગ્ય રીતે જે જોઈએ તે અપાર આપતા હતા. તે તે યાચક લોકો “જય જય” “જય જય” આવી વાણી બોલતા અને એમ કહેતા કે તમારો પુત્ર મહાન સમર્થ થાશે, એમ અમે જાણીએ છીએ. ૧૧. બધા દેવતાઓ અને રાજાઓ પણ આવીને તેમની પૂજા કરશે. એવો તેમનો પ્રતાપ દેખાય આવે છે. જગતમાં ઘણા મોટા સમર્થ રાજાઓ અપાર થયા હતા. કેટલાક મોટા અવતારો પણ થયા હતા, ૧૨. તેમણે અપાર ચરિત્રો કર્યાં હતાં. અત્યંત સામર્થ્ય દેખાડ્યું હતું. મોટા મોટા દૈત્યોને માર્યા

અને સમુદ્રના ઉપર પુલ બાંધ્યો હતો. ૧૩. તેમના અપાર પરાક્રમ હતાં, તે કહે પાર આવે તેમ નથી. આ પચાસ કરોડ યોજન વિસ્તારવાળી ભૂમિને દુષ્ટ દૈત્ય લઈ ગયા હતા. ૧૪. હિરણ્યાક્ષ નામે દૈત્ય થયો હતો. તે એટલો બળવાન હતો કે તેણે સાત સમુદ્ર અને લોકાલોક પર્વતે સહિત ભૂમિને કબજે કરી હતી, પાતાળમાં પણ આવા દૈત્ય થયા હતા. ૧૫.

તે મહાન દૈત્યને મારવા માટે ભગવાને વરાહ અવતાર ધારણ કર્યો. તે ભયંકર દેખાતા દૈત્ય હિરણ્યાક્ષને મારીને ભૂમિને પોતાના દાંત ઉપર લઈ આવ્યા. સ્ત્રીઓ ગીતમાં આવા પરોક્ષ ચરિત્રોને પણ ગાતી હતી. ૧૬. ભગવાન શેષનું રૂપ ધારણ કરી રહ્યા છે. તેમને એક હજાર મસ્તક છે. મતવાલા તે ભગવાને એક મસ્તકના ઉપર સરસવના દાણાની જેમ આ ભૂમિને ધારી રાખી છે. ૧૭. સુખકારી ભગવાને કાચબાનું રૂપ ધારીને પોતાની પીઠ ઉપર મંદરાચળને ધારણ કર્યો અને સાગરમાં તેમણે વિચરણ કર્યું હતું. ૧૮.

આ બ્રહ્માંડના જેવાં જેટલાં બ્રહ્માંડ છે તેટલાં રૂપ શેષ ધારણ કરીને એકાર્ણવના જળમાં શેષરૂપ શ્રીહરિ વિચરણ કરે છે, છતાં તેમને બ્રહ્માંડનો બોજ લાગતો નથી. ૧૯. ભગવાનની અક્ષરરૂપ જે શક્તિ છે તે અનુપમ મહાર્ણવના જળને ધરી રહી છે. છતાં તે ભગવાનનાં સ્વરૂપ અને શક્તિ વગેરેના પારને પામતી નથી. તેને માટે આ બધી બાબત આશ્ચર્યરૂપ રહે છે. ૨૦. આવા ભગવાન મનુષ્યરૂપે પ્રકટ થયા છે, તે ભક્તિ અને ધર્મને દર્શન દેવા માટે પધાર્યા છે. તેમની પાછળ પાછળ ગામના બીજા લોકોને પણ દર્શન થયા. ૨૧. જેણે હાર્દિકભાવથી શ્રીહરિને લાડ લડાવ્યા તેના પુણ્યનો તો કોઈ પાર જ નથી. આવા બધાં ગીતોને તે હરિભક્ત બહેનો વડતાલમાં ગાતી હતી. આ લોકમાં તે ભાગ્ય કંઈ દેખ્યામાં આવતું નથી. આ લોકસંબંધી જે ભાગ્ય હોય છે તે દેખ્યામાં તો આવે છે પણ એ તો તુચ્છ કહેવાય છે. ૨૨.

આ લોકનાં ભાગ્ય તો અપાર સુખ-સંપત્તિ વગેરે આપનારા હોય છે અને વળી, તે સુખ સંપતિ વગેરેને મળતા વાર પણ નથી લાગતી.

પરંતુ આ બ્રહ્માંડનાં જેટલાં સુખ છે તે બધા ભગવાનની દૃષ્ટિમાં તો અત્યંત તુચ્છ છે. ૨૩. ચિંતામણિની આગળ જેવો કાંકરો હોય તેવાં ભગવાનની આગળ બ્રહ્માદિકના સુખ છે. બ્રહ્માના સુખની આગળ ઈન્દ્રદિકના સુખ અત્યંત અલ્પ છે. દુઃખરૂપ છે અને નીરસ છે. ૨૪. બ્રહ્માના એક જ દિવસમાં ચૌદ ઈન્દ્રનો કાર્યકાળ પૂરો થઈ જાય છે. ઈન્દ્રના શાસન કાળનો આ સમય દર્શાવ્યો છે. મનુષ્યને માટે તો કાંઈ લખાયું નથી. ૨૫.

કોઈ મનુષ્ય કદાચ ચક્રવર્તી રાજા થાય તો પણ તેનો તત્કાળ નાશ થાય છે. તેની પાછળ કોઈ પણ સમૃદ્ધિ રહેતી નથી. એટલે દયાળુ ભગવાન તે બધું દેતા નથી. ૨૬. અવિનાશી શ્રીહરિ ભક્તોને સુખ દેવાને માટે ભક્તિધર્મને ઘેર પ્રકટ થયા. પછી ચારે ધામમાં વિચરીને સત્સંગમાં આવીને વસ્યા છે. ૨૭. **હવે પછી મુમુક્ષુ જીવને અક્ષરધામમાં અનંત સુખ મળે, એટલા માટે જ શ્રીહરિ સત્સંગમાં આવીને અનંત ચરિત્ર કરી રહ્યા છે.** ૨૮. **જે સત્સંગીઓ છે તે સત્સંગ કરીને અલૌકિક બુદ્ધિવાળા થયા છે તેમણે અલૌકિક સુખ લીધું છે. તેને માયિક લોકો તો ક્યારેય સમજી પણ શકતા નથી.** ૨૯. માયિક જીવો માટે કાંઈ શ્રીહરિ પધાર્યા નથી. શ્રીહરિ માયિક લોકોથી તો દૂર રહે છે. ભગવાનના કરચરણાદિક જે છે તે બધા ભક્તજનોને માટે જ છે. ૩૦.

માયિક જીવને તો તે સમજાતું જ નથી. તેની બુદ્ધિ તો વિપરીત જ હોય છે. કેટલાક તો એવું પણ બોલે છે કે ભગવાનના અવતારો આ ભૂમિ ઉપર ક્યારેય આવતા જ નથી. ૩૧. આ જીવ જેવો બુદ્ધિમાં નિર્ધાર કરે છે, તેની બુદ્ધિ તે આકારે થઈ જાય છે અર્થાત્ તેવી રીતની થઈ જાય છે. પરંતુ આવા ગમે તેવા ઊંધી સમજણવાળા કુસંગીઓનો સંગ ગમે તેટલો થાય તો પણ જો સાચુ જ્ઞાન પરિપક્વ થયું હોય તે તો જેમ દેશ અને જાતિની બુદ્ધિ ક્યારેય ફરે નહિ તેમ ક્યારેય ફરતું નથી. ૩૨. જેને જ્ઞાન પરિપક્વ ન થયું હોય તેને દેશ અને જાતિની જેમ જ્ઞાન સ્થિર રહે નહિ. મનુષ્યની બુદ્ધિ તો એવી કહેવાય છે કે તેને જેવો સમાગમ થાય છે તે તેવી થઈ જાય છે. ૩૩. અને નાસ્તિકભાવ તથા આસ્તિકભાવ પણ જેવી સોબત થાય છે તેવા જ દૃઢ

થઈ જાય છે. એમાં આસ્તિકભાવમાં ધર્મ અને ભક્તિ રહેલા છે અને પછી તેમાં શ્રીહરિ પણ આવીને વસે છે. ૩૪. ભગવાન જ્યાં આવીને વસે છે ત્યાં વિપ્રો, સંતો, દેવો તથા વિવિધ પ્રકારના દાન તથા પુણ્ય અને તીર્થ, યજ્ઞ એ વગેરે જેટલા કહેવાય છે તે સર્વે આવીને રહે છે. અને આસ્તિકભાવમાં તે શ્રીહરિ સહિત બધું જ આવીને રહે છે. ૩૫.

નાસ્તિકભાવમાં ઉપર કહેલામાંથી એક પણ ગુણ આવીને રહેતો નથી. અને નાસ્તિક તો એક કર્મની ટેક લઈને જ બેઠા હોય છે. તેમના મતે ઊંચ કે નીચ ગતિ કેવળ કર્મે કરીને જ પમાય છે. તેઓ મોક્ષને માનતા નથી. ૩૬. શ્રીહરિએ કહ્યું, જે મારા આશ્રિત સર્વ હરિભક્ત હોય અને જેને મોક્ષનો ખપ હોય તેમણે ક્યારેય નાસ્તિકોનો સમાગમ કરવો નહિ. ૩૭. જેણે કરોડો ગૌવહત્યા કરી હોય તે નાસ્તિક થાય. કારણ કે નાસ્તિકો દેવોની મૂર્તિને પણ માનતા નથી અને જે માને છે તેને પણ નિંદા ટીકા કરીને વગોવે છે. ૩૮. તેઓ તીર્થને અને વ્રતોને માનતા નથી. ક્યારેય દાન કે પુણ્યને કરતા નથી. સંતોને અને વિપ્રોને જમાડતા નથી. તેમજ યજ્ઞયાગાદિને પણ સ્વીકારતા નથી. ૩૯. તેઓ પાપમય કર્મમાં પુણ્ય માને છે એવી મતિ જ્યારે થઈ જાય ત્યારે તે નાસ્તિકની મતિ અતિશય હલકી થઈ જાય છે. પછી તેઓ ચંડાળને અને વિપ્રને એક સમાન કરી દે છે. ૪૦.

પાપનો તો એવો જ પ્રભાવ છે કે તે પાપમાં કાંઈ દોષ ગણતો જ નથી. આવા પાપનો જેના મનમાં વાસ થઈ જાય છે ત્યારે તે મનમાં જે ધારે તે કરે છે. ૪૧. ભગવાન જાણી જોઈને જેટલી ક્ષમા રાખે છે તેટલું પાપી વધારે બળ કરે છે. એટલે ભગવાનની જેટલી ક્ષમા તેના ઉપર થાય છે તેટલો અધિક કોપ જાણવો. કારણ કે, તેનાથી તો એનું ઉલ્ટાનું બગડે છે. ૪૨. તોપ જેટલો દારૂ અંદર લે તેટલો તે વધારે માર કરે છે. આગળથી તે જણાતું નથી પણ તોપ ફૂટે ત્યારે ખબર પડે છે. ૪૩. ભગવાનની સમજણ જુદી છે અને જીવની સમજણ પણ જુદી છે. ભગવાન કાંઈ તરત જોર કરતા નથી. કેમ જે, મોઢામાં આવી ગયેલાને પછી કચરી નાખતા વાર શી ? ૪૪.

પરંતુ જ્યાં સુધી કાળરૂપ ભગવાન ચાવતા નથી ત્યાં સુધી તેની અતિ મોટાઈ છે. જે સમર્થ હોય છે તે ક્ષમા રાખે છે. જે મોટા હોય છે તેઓ તરત મોટપને છોડતા નથી. ૪૫. જ્યારે પાપી લોકો પાપ કરવા લાગે છે ત્યારે તેઓ જાણીને જ પોતાનું ભૂંડું કરે છે. પરસ્પર ઘર્ષણથી જેમ વાંસનું વન બળી જાય છે તેમ પાપી લોકો અંદરોઅંદર લડીને મરે છે. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'આંબલાની ડાળીએ બાંધેલા હિંડોળામાં શ્રીહરિ બેઠા તથા સભા થઈ' એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર આઠમું : તરંગ - ૬૭

સ્ત્રી ભક્તોએ મંગળ ધોળ ગાયા તથા શ્રીનગરના ભક્તોએ શ્રીહરિનું પૂજન કરીને સ્તુતિ કરી

શ્રીહરિ પોતાના મનમાં હરિભક્તોના હિતનો વિચાર કરે છે. પછી સાક્ષાત્ અમૃતના જેવું વચન સહજ સ્વભાવે કહે છે. ૧. જે કોઈ પણ મનુષ્યે જાણીને કે અજાણતા અમૃત પીધું હોય તો તેના જીવમાં ક્યારેય કોઈ વિઘ્ન આવતું નથી. એવો તે અમૃતનો મહાન પ્રભાવ છે. ૨. તે રીતે અત્યારે જે નર કે નારીને સત્સંગ થયો છે અને જેણે વ્રતમાન નિયમ ધારણ કર્યા છે તેનાં પુણ્યનો હું પાર પામતો નથી. ૩. **જીવને જન્મ મરણનું દુઃખ એટલું બધું ભયંકર છે કે તેનું મુખે વર્ણન થઈ શકતું નથી અને સત્સંગ કરવામાં આવે તો સુખ થાય છે. તેમજ લખચોરાશી અને નરકયાતનાનું દુઃખ બળી જાય છે.** ૪.

દેશદેશના જે હરિભક્તો હતા તેઓ બધા શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તેઓ વિવિધ પ્રકારના વાજિંત્રો વગાડતા આવ્યા. તેની શોભાનો તો કોઈ પાર જ ન હતો. ૫. જેટલા સંઘ આવ્યા હતા તે બધાની સાથે જરિયાની નિશાન હતાં. બધાં વધાઈનાં પદ ગાતાં હતાં અને તે સમયે ઝાંઝ અને મૃદંગ વગાડતા હતા. ૬. હીરાચંદભાઈ ચોકસી વગેરે અમદાવાદના હરિભક્ત બાઈ-ભાઈ અપાર આવ્યા હતા. તેના નામ ગણાવ્યે પાર આવે તેમ નથી. ૭.

શ્રીહરિની પહેલી પૂજા તે હરિભક્તોએ કરી. કેસરયુક્ત ચંદનથી મૂર્તિને રંગી દીધી. અત્તરની ફોર ખૂબ જ છૂટતી હતી અને સહુએ ફૂલ હાર પહેરાવ્યા હતા. ૮. કોઈએ કપુરના હાર પહેરાવ્યા, તો કેટલાકે સોનાના હાર ધરાવ્યા. કોઈકે તો મોતીના હાર પહેરાવીને બાજુ બંધ અને તોરા પણ ધરાવ્યા. ૯.

કોઈ ભક્તે સોનાનાં કડાં, સાંકળાં અને પહોંચી વગેરે પાર નહિ તેટલા ઘરેણાં પહેરાવ્યાં. કેટલાકે કુંડળ લાવીને પહેરાવ્યાં હતાં તો કોઈએ શિરપેચ બાંધ્યો હતો. ૧૦. કેટલાક ભક્તોએ પ્રેમથી શ્રીહરિને વેઢ અને વીંટીઓ પહેરાવી. સહુ અલૌકિક રીતને જાણતા હતા. કોઈને પૂજા કરવાની પ્રેરણા કરવી પડતી નહિ. સૌ પોતાની ઇચ્છાએ ઉમંગથી પૂજા કરતા હતા. ૧૧. કોઈની પ્રેરણાથી કોઈ પૂજા કરવા આવ્યો છે એમ જો ખબર પડતી, તો શ્રીહરિ તે પૂજાને સ્વીકારતા નહિ. પોતાની ઇચ્છાથી ભલે એક ફૂલ જ કોઈ લાવે, તો તે પૂજાને શ્રીહરિ અનંત માનતા. ૧૨. શ્રીનગરના (અમદાવાદના) હરિભક્તો જે મેવા અને મીઠાઈઓ લાવ્યા હતા. તે બધું લખી શકાતું નથી, કારણ કે તેનું માપ તો કરી શકાય તેમ હતું જ નહિ. ૧૩.

સાગરના જેટલો વિશાળ હરિભક્તોનો સમૂહ હતો. તેના પારને કોણ પામે ? જે કવિ તેના પારને લેવા ગયા, તેઓ તો વચ્ચે જ ડૂબી ગયા. ૧૪. મારી મતિ થોડી છે એવું જાણીને તે હરિભક્તોના પારને હું પામી શકતો નથી. જે લખું છું તે શ્રીહરિની ઇચ્છાથી લખું છું. મારા આપ બળથી તો શ્વાસ પણ લઈ શકતો નથી. ૧૫. શ્રીહરિ જેટલા શ્વાસ આપે છે તેટલા રાત દિવસ લઉં છું. મનમાં આવું જાણીને જેટલું લખાય તેટલું લખું છું. ૧૬.

❋ કરે હરિચિંતન, તેનું ધન્ય જીવન :

આ બ્રહ્માંડમાં જંગમ જાતિના વિવિધ પ્રકારનાં જેટલા જીવ છે તે બધાને એક પળવાર પણ શાંતિ મળતી નથી. કારણ કે તે બધા ભગવાન સિવાયની અન્ય વસ્તુઓને ચિંતવ્યા કરે છે. ૧૭. જીવ જે જે ચિંતવે છે તે ચિંતવેલી સ્થિતિ જીવનો એક જન્મ કહેવાય, જીવ એવાં જન્મોનો પ્રવાહ ચલાવે છે. જે મનુષ્ય જીવનાં સ્વરૂપને જુએ છે, તેને તે દેખાય છે. ૧૮.

આ રીતે જીવના ક્ષણે ક્ષણે જન્મ અને મરણ થયા કરે છે. જીવને તેની ગમ પણ પડતી નથી. જીવ સ્થૂળ દેહના આકારમાત્રને જુએ છે અને તેનાથી તેને થોડોએ ભય લાગતો નથી. ૧૯. **ભય વિના ભગવાનમાં ચિત્ત રહેતું નથી અને ચિત્ત ચોંટ્યા વિના તો જન્મ પણ નિરર્થક જાય છે. મનુષ્ય શરીર ગયા પછી જીવ પશ્ચાત્તાપ કરે છે પણ પછી તે પસ્તાવો કામ લાગતો નથી.** ૨૦.

જીવ ભગવાન સિવાયનું બીજું જે ચિંતવે છે તે તો લખચોરાશીમાં તૈયાર હોય જ છે. ભગવાન સિવાયનું બીજું કંઈ પણ દુર્લભ નથી. તે તો સહજ સ્વભાવે મળતું જ રહે છે. ૨૧. તેમાં તો અપાર ક્લેશ અને દુઃખ રહ્યું છે. જીવ તે અંગે તો ક્યારેય વિચાર પણ કરતો નથી. મોહે કરીને જીવને દુઃખ સૂઝતું નથી અને ક્લેશમાં જ અત્યંત સુખને માને છે. ૨૨.

ચોપાઈ :

मोह को जीय कुं होवे जब ज्ञाना, तब लगे तेसे भगवान में ताना;
भगवान में तान लागे जबही, ओर सब लगे झेर सम तबही...२३
हरि हरिजन कहावत जेते, तामें प्रीत अति बढे तेते;
हरि के जन में प्रीत न जेहा, हरि में ताकुं न बढे कबु नेहा...२४

જીવને જ્યારે મોહનું જ્ઞાન થાય છે ત્યારે તેને ભગવાનમાં તેવું તાન લાગે છે અને જ્યારે ભગવાનમાં તાન લાગે છે ત્યારે બીજું બધું ઝેર જેવું લાગે છે. ૨૩. પછી તેને ભગવાન અને ભગવાનના ભક્તોમાં અતિશય પ્રીતિ વધે છે. જેને ભગવાનના ભક્તોમાં હેત થાતું નથી તેને ક્યારેય ભગવાનમાં પણ હેત વધે નહિ. ૨૪.

જેને હરિભક્તોનો અને સંતોનો અભાવ આવે છે તેને દર્પણ વિના પોતાનું મુખ ક્યાંથી દેખાય ? ૨૫. હરિભક્તો અને સંતો દર્પણ છે, અને ભગવાનની મૂર્તિ એ પોતાનું મુખ છે. જે ભક્ત છે તે આવું સમજે છે, અને આવી સમજણ વિનાનો જીવ તો ભગવાનથી વિમુખ કહેવાય છે. ૨૬. જેને હરિભક્તોમાં આદરભાવ ન હોય તેને સંતોમાં આદરભાવ ક્યાંથી થાય ?

અને આદરભાવ ન હોવો તેનું જ નામ અભાવ છે. પછી હૃદયમાં ભગવાન ક્યાંથી દેખાય ? ૨૭. આવું સમજીને હરિભક્તો પરસ્પર ઘણું હેત રાખતા અને અભાવથી પોતાને ઘણું નુકશાન થાય છે. એમ માનીને મનમાં ડરતા રહેતા હતા. ૨૮. જે હરિભક્તો છે તે તો પરસ્પર પોતાના હિતની વાતને વિચારતા હતા. તેનાથી સત્સંગની વૃદ્ધિ થતી રહેતી, અને અભાવથી તો સત્સંગ પ્રતિદિન ઘટી જાય છે. ૨૯.

શ્રીનગરના જે હરિભક્તો હતા તે બધાએ શ્રીહરિની પૂજા કરી લીધી ત્યારે શ્રીહરિએ તેમને ફૂલહાર આપ્યા. તેનાથી હરિભક્તો ઘણા ખુશી થયા. ૩૦. પછી તેમણે શ્રીહરિની આરતી ઉતારી અને વારંવાર સ્તુતિ કરી. "સત્સંગમાં જે હરિભક્તો છે તેમજ જે સંતો છે તેમની અમને ક્યારેય અરુચિ ન થાય. દિન પ્રતિદિન નવું ને નવું હેત વધે. અમારા જીવને પોતાનાં શરીરનો અભાવ આવે. અને હરિભક્તો તથા સંતોમાં ભાવ અત્યંત વધે" એમ હાથ જોડીને વારંવાર આવું માગીએ છીએ. ૩૧-૩૨.

સંતોનો અને હરિભક્તોનો જો અભાવ આવે તો તેના જેવું બીજું કોઈ પાપ કહેવાય નહિ. કરોડોગૌહત્યા કરે, કરોડો સંતોની હત્યા કરે, કરોડોવાર ગુરુસ્ત્રીનો સંગ કરે, એ ત્રણ કરતા પણ સંત-હરિભક્તોનો જે અભાવ લે છે તે વધારે પાપરૂપ દોષ છે. ૩૩. કોઈ વગર વિચારે મુખથી કાંઈ હરિભક્તનું ઘસાતું બોલવું તે પણ પાપરૂપ છે. કોઈ માણસ હસતા હસતા પણ ઝેર ખાય તો તેનાથી દુઃખ થયા વિના રહે જ નહિ. ૩૪. ઝેર ખાવા કરતા પણ જે અભાવ લેવો, તેનો દોષ વધારે છે. મનુષ્યો તેને વિચારીને દેખતા નથી.

ચિત્રકેતુ મોટો રાજા કહેવાતો અને સમર્થ ચક્રવર્તી હતો. ૩૫. તે વિમાનમાં બેસીને ફરતો. મનમાં જ્યાં ઇચ્છા કરે ત્યાં તે જઈ શકતો. તે એક દિવસ કૈલાસ પર્વત ઉપર ગયો. તેણે શિવજીનાં દર્શન કર્યાં. ૩૬. શિવજી મહાન્ સિદ્ધ અને યોગીંદ્ર કહેવાય. તેઓ દિગંબર હતા અને દેવી સતીને ખોળામાં બેસાડ્યા હતા. ચિત્રકેતુને આવા દર્શન થયાં. ૩૭. સનકાદિકો, શુકજી અને નારદજી વગેરે અપાર સિદ્ધોની સભા ભરાઈને

આગળ બેઠી હતી. તે બધા મહાપુરુષો શિવજીને ઉપર કહેલી સ્થિતિમાં દેખી રહ્યા હતા. ૩૮. ચિત્રકેતુએ સહુને વંદન કર્યાં. તેમાં શિવજીને તેણે વિવેકહીન માન્યા. “આ રીતે સભામાં સતીને ખોળામાં લેવા તે મોટાને માટે ઘટિત નથી.” ૩૯. તેનાં મનની વાત સતીએ જાણી લીધી. રાજાને બાળ બુદ્ધિ જાણીને શિવજીએ તો તે બાબતને હસી કાઢી. ૪૦.

સતીએ તો તેને વૃત્રાસુર થવાનો શાપ દીધો. તે પછી રાજાને સત્ત્વગુણથી વિચાર આવ્યો. “મને શાપ આપ્યો છે તે યોગ્ય જ છે. ૪૧. મારો ઉદ્ધાર કરવા માટે મને સતીએ તરત શાપ દીધો છે. મોટાના વિચારો પણ મોટા જ હોય છે. મારું હિત બીજો કોણ કરે ? ૪૨. ચિત્રકેતુએ સતીના શાપને મસ્તકે ચઢાવ્યો. અને ભગવાનના ભક્તનો કેવળ માનસિક અભાવ લેવાથી તરત જ વિમાનમાંથી નીચે પડ્યો. તત્કાળ વૃત્રાસુર થયો. માટે ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ. ૪૩. પૂર્વે આવા મોટાના પણ આવા ભૂંડા હાલ થયા છે.

પછી તો તે વૃત્રાસુરનો મહાન્ વિકરાળ દેહ છૂટતો ન હતો. ઈન્દ્રની ઘણા વરસ સુધીની મહેનતને અંતે વજ્રના પ્રહારથી વૃત્રાસુરનો શિરચ્છેદ થયો હતો. ૪૪. તે વૃત્રાસુરની હત્યાનું પાપ ઈન્દ્રને વળગ્યું. તેનાથી બચવા તે માનસરોવરમાં જઈને છુપાઈ ગયા. ઘણા વરસ સુધી ઈન્દ્રે તપ કર્યું ત્યારે તે પાપથી છૂટ્યા. ૪૫. હરિભક્ત થઈને પણ જે વિચાર કરતા નથી, તો તેને અપાર દુઃખ આવે જ છે. રાધિકાજી અને શ્રીદામા બંને ભક્ત હતા અને ગોલોકમાં રહેતા હતા. ૪૬. તે બંનેને જ્યારે એક બીજાનો અભાવ આવ્યો ત્યારે તે બંનેની ભક્તપણાની બુદ્ધિ તરત નાશ પામી ગઈ.

ગોલોકમાં ભક્તના સિવાય કોઈ પ્રાકૃત વ્યક્તિ રહી શકતી નથી. ૪૭. તે ધામની એવી રીત છે. તેને તેઓ ભૂલી ગયા. ત્યારે આવું પરિણામ આવ્યું. એક દૈત્ય થયા અને રાધિકાજી મનુષ્ય થયા. તેનાથી જે દુઃખ થયું તેને તેઓ જાણે છે. ૪૮. દક્ષ અને શિવજીની બાબતે કેવું બન્યું ? જે વર્ણન કરી શકાતું નથી. દુર્વાસા અને ઈન્દ્રનો જે પ્રસંગ બન્યો તે તો ચૌદ લોકમાં

પ્રસિદ્ધ છે. ૪૯. દુર્વાસા બદરિકાશ્રમમાં આવ્યા. તેને કોઈ ઋષિએ દેખ્યા નહિ. તેણે તે પોતાનું અપમાન માન્યું અને શાપ દીધો. ધર્મ અને મૂર્તિ વગેરેને મનુષ્યરૂપે જન્મ લેવો પડ્યો. ૫૦.

જ્યારે ભક્તોમાં પરસ્પર ભાર ન રહે ત્યારે આવું બને છે. વિપત્તિ આવે છે, પણ ખબર પડતી નથી એટલે તેમને વારંવાર માર ખાવો પડે છે. ૫૧. આંખોને બંધ કરીને વગર વિચારે જે દોડે છે તે ચોક્કસ કૂવામાં પડે છે. આંખોથી દેખે અને વિચાર કરીને જે દોડે છે તેના દુઃખ દૂર થઈ જાય છે. ૫૨. આવી તે અમદાવાદના ભક્તોની સ્તુતિ સાંભળી ત્યારે શ્રીહરિએ એવી વાત કહી કે, કોઈ ભક્તને નાનો માનવો નહિ. પરસ્પર હિત ચાહવું જેમ પહેલવહેલો સત્સંગ થયો હોયને જેવો મહિમા હોય તેવો મહિમા સમજવો-રાખવો. ૫૩. જ્યારે ડર રાખીને ચાલવામાં આવે છે ત્યારે અપરાધ થાતો નથી. ડર રાખ્યા વિના વરતવામાં આવે તો ક્યારેક મુશ્કેલી પડે છે. અમે પણ ઘણી બીક રાખીને ચાલીએ છીએ. ૫૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'સ્ત્રી ભક્તોએ મંગળ ધોળ ગાયા તથા શ્રીનગરના ભક્તોએ શ્રીહરિનું પૂજન કરીને સ્તુતિ કરી' એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર આઠમું : તરંગ - ૬૮

રામનવમીના દિવસે હરિભક્તોએ શ્રીહરિની તથા સંતો વગેરેની પૂજા કરી

શ્રીનગરના હરિભક્તો પૂજા કરીને શ્રીહરિને પગે લાગ્યા. પછી કેસરી ચંદન લઈને સંતોની પૂજા કરવા લાગ્યા. ૧. ફૂલના હાર પહેરાવીને પ્રત્યેક સંતને પાંચ પાંચ કેળાં અર્પણ કર્યાં અને સહુને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. આ રીતે પૂજા કરી. ૨. વર્ણીઓ, પાર્ષદો અને શ્રીહરિની સાથેના બધા દરબારો, એ સહુને ચંદનની અર્ચા કરીને ફૂલહાર પહેરાવ્યા. ૩. વર્ણી અને પાર્ષદોને જોઈને એકેક વસ્ત્ર ઓઢાડ્યું અને કેળાં તો બધા દરબારોને પણ સમાનપણે આપ્યાં. ૪.

જ્યારે હરિભક્તોની ઘણી ભીડ થઈ ત્યારે દરબારો પણ ભીડમાં આવી ગયા. અર્થાત્ તેઓ જ્યાં બેઠા હતા ત્યાં બધા ભક્તજનોનો ધસારો થયો. સહુને એક શ્રીહરિનાં ઉપર જ તાન હતું. શ્રીહરિની મૂર્તિને દેખીને બધા શરીરનું ભાન ભૂલી ગયા. ૫. શ્રીહરિ હાં, હાં, કહીને છડીને પછાડવા લાગ્યા. પણ કોઈએ તે છડીનો પછડાટ ગણકાર્યો નહિ. એવું સહુને હેત હતું. ૬.

નાના ગામડાના જે હરિભક્તો હતા તે ધીરજ રાખી શક્યા નહિ. શ્રીહરિએ દરબારોને ત્યાંથી બોલાવીને ઊભા કર્યા અને પોતાની પાછળના ભાગમાં સહુને બેસાડી દીધા. ૭. પછી ડુંગરજીના જેવા જે પાર્ષદ હતા, તેમને હથિયાર લીધા વિના જ બોલાવ્યા. તેમાં સાદુળભાઈ, સગરામ, ઉમાભાઈ, મહાન શૂરવીર જેહાજી, ૮. જુહાજી અને જગમાલજી, એ બધાને બાઈઓની સભા તરફ રખેવાળનાં રૂપમાં રાખ્યા. તેમણે ઘણું જોર કરીને બાઈઓ તરફ આવતા સર્વે હરિભક્તોને રોકી રાખી. ૯. એક પછી એક, એમ પૂજા કરવા જવાની રજા આપતા રહ્યા. તે ભક્તો નિપુણતાથી પૂજા કરવા લાગ્યા. આમ સહુને પૂજા કરવામાં સુખ થયું. ભીડનું બધું દુઃખ મટી ગયું. ૧૦.

હરિભક્તોમાં જેને જેવો ભાવ હતો તેમણે શ્રીહરિની તેવી પૂજા કરી. સવારથી સહુ પૂજા કરતા હતા. તે સૂર્ય મધ્યાહ્નને પણ છાંડી ગયો. ૧૧. તે સમયે લોકોની ભીડ ઓછી થઈ. ત્યારે નાનાભાઈ ભટ્ટ મેવાડા ઘણા જ ઉત્સાહથી ઉતાવળા ત્યાં આવ્યા. દંઢાવ્ય દેશ (ઉત્તર ગુજરાત)ના ગામે ગામના બધા હરિભક્તોને સાથે લાવ્યા હતા. ૧૨. વડનગર, વીસનગર, ઉનાવા, સિદ્ધપુર, પ્રાંતિજ, વિજાપુર, મેઉં, માણસા, ૧૩. ડાંગરવા, કરજીસણ, વડું, કડી, કુંડાલ, ઓલા, આદરેજ, પેથાપુર, કઠલાલ, ૧૪. અને તે સિવાયના પણ અપાર ગામના બધા હરિભક્તો સાથે હતા. તે બધા આવ્યા અને તેમણે ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી. ૧૫. શ્રીહરિની પૂજા કર્યા પછી સંતોની પૂજા પણ કરી. વર્ણીઓ અને પાર્ષદોની પૂજા પણ તરત જ કરી. ૧૬.

તે ભક્તોએ શ્રીહરિને જે વસ્ત્ર અને આભૂષણો પહેરાવ્યા તે બધાં સોનેરી અને સોનાનાં જ હતા. લલાટમાં કેસરી ચંદનની અર્ચા કરીને

તત્કાળ સહુએ આરતી ઉતારી. ૧૭. સ્તુતિ કર્યા પછી શ્રીહરિનાં ચરણોને કેસર ચંદન ચરચીને તેને પોતાની છાતી ઉપર ચાંપ્યાં. પછી ચરણોને મસ્તકે ધાર્યાં અને આંખે અડાડ્યાં. તે સમયના ભાવની શોભા વર્ણવી શકાતી નથી. ૧૮. શ્રીહરિએ તે બધા હરિભક્તોને ફૂલહાર આપીને તેનાથી તે અપાર ભક્તજનોને ઘણું રાજી કર્યા.

તે વેળાએ વહેલાલ ગામના અમીન પાટીદાર જેસંગભાઈ પોતાના કુટુંબની સાથે શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેમના કુટુંબનો કાંઈ પાર રહ્યો નહીં. બધા જ સમર્થ અને ભારે ધનવાન ગૃહસ્થ હતા. તેઓ યોગ્ય રીતે સત્સંગને ધારી રહ્યા હતા. ૧૯-૨૦. તેમનો સત્સંગ સદ્‌ગુરુ રામાનંદસ્વામીના સમયનો હતો. તેમના સત્સંગનો રંગ કાયમનો એક સરખો હતો. તેઓએ શ્રીહરિને વસ્ત્ર અને આભૂષણ પહેરાવ્યાં. તેઓ બધાં વસ્ત્રાભૂષણ સોનેરી અને સોનાનાં લાવ્યા હતા. ૨૧.

શ્રીહરિનાં અંગો ઉપર કેસર ચંદન ચરચ્યું. તેનાથી મૂર્તિ ઘણી મનોહર નવરંગી બની હતી. સહુએ કપૂરથી આરતી કરી અને પછી તત્ક્ષણ સ્તુતિ પણ કરી. ૨૨. સહુએ શ્રીહરિનાં ચરણકમળને પોતાની છાતીમાં લીધાં. શ્રીહરિએ તે સહુને પ્રસાદીના ફૂલહાર આપ્યા. તેઓ જે મેવા અને મીઠાઈ લાવ્યા હતા. તે શ્રીહરિની આગળ અર્પણ કર્યુ. ૨૩. શ્રીહરિએ તે મેવા અને મીઠાઈ બધા દરબારોને આપ્યા. તેનાથી નિપુણ દરબારો ખૂબ જ રાજી થયા અને શ્રીહરિ આગળ હાથ જોડીને બોલ્યા કે આ દેશના હરિભક્તોનો પ્રેમ અદ્‌ભુત છે તે કહી શકાતો નથી. ૨૪.

સિદ્ધપુરથી નીકળ્યા ત્યારથી દંઢાવ્યના હરિભક્તોના પ્રેમને દેખતા આવ્યા છીએ. દિન પ્રતિદિન તેમનો પ્રેમ અધિકને અધિક જણાયો છે. જે મુખથી કહી શકાતો નથી. ૨૫. આ દેખીને અમને તો આશ્ચર્ય થાય છે કે આ ભક્તો જગતના જીવ નથી. આ બધા તો આ લોકને પાવન કરવા માટે અક્ષરધામથી આવ્યા જણાય છે. ૨૬. ગોકુળમાં ગોવાળો અને ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનમાં જેવો પ્રેમ કર્યો હતો તેને પણ આ ભક્તો ઉલ્લંઘી ગયા છે,

કારણ કે, આ ભક્તોનો પ્રેમપ્રવાહ ઘણો અધિક દેખાય છે. ૨૭. સૂર્યની સમક્ષ ચંદ્રમા જેમ ઝાંખો પડી જાય છે. તેમ આ ભક્તોએ ગોપ ગોપીઓને ઝાંખા પાડી દીધા છે. અમે જોયા કરીએ છીએ કે, આવો પ્રેમ તો અમે ક્યાંય સાંભળ્યો પણ નથી. ૨૮. શ્રીહરિની પૂજા કર્યા પછી તેમણે સંતોની પૂજા કરી. તેમાં કેસરયુક્ત ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા. ૨૯. દરેક સંતને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. વર્ણીઓ અને પાર્ષદોને પણ સંતોની જેમ પૂજ્યા. તે પછી દરબારોની પૂજા કરી. તેમને એકલા ફૂલના હાર પહેરાવ્યા. ૩૦.

દંઢાવ્ય દેશના ગામોના સર્વે મોટા મોટા હરિભક્તો આવ્યા હતા. તે સર્વે ભક્તોએ તે વેળાએ વિધિ પ્રમાણે સંતોની પૂજા કરી. ૩૧. ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા અને દરેકને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. વર્ણી અને પાર્ષદો, કોઈ બાકી ન રહ્યા. બધા દરબારોની પણ પૂજા કરી. ૩૨. ગામડી, કણભા અને જેતલપુરના જે મોટા મોટા અપાર પાટીદારો હતા તે બધા પૂજા કરવા આવ્યા. ૩૩. તેમણે શ્રીહરિની પૂજા કરીને વસ્ત્ર તથા આભૂષણ પહેરાવ્યા. તેઓ બધા વસ્ત્રાભૂષણ સોનેરી હતાં. પછી શ્રીહરિનાં ચરણની ઉપર ચંદન ચરચીને તેને હરખભર્યા હૈયા ઉપર ચાંપ્યાં. ૩૪. ઉત્સાહથી કપૂરથી આરતી ઉતારી અને સ્તુતિ પણ ઘણા ભાવાવેશથી કરી. શ્રીહરિએ પોતાને જે હાર પહેરાવ્યા હતા તે પ્રસાદીના રૂપમાં સહુને પહેરાવ્યા. ૩૫.

ત્યારબાદ તે ભક્તોએ સંતોની પૂજા કરી. ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા. વર્ણી અને પાર્ષદોએ સહિત સંતોને એક એક વસ્ત્ર ઓઢાડીને દુર્લભ લાભ લીધો. ૩૬. મારવાડ પ્રદેશના સિરોહી શહેરના, ખાણ ગામના અને ટોરડા ગામના હરિભક્તો આવ્યા. ૩૭. ટોરડા વગેરે પ્રદેશમાં ખુશાલ ભટ્ટ મુખ્ય હરિભક્ત હતા. ઈડરના રાજાના ગોર(ગુરુ) હતા અને તેમને સત્સંગ થયો હતો. ૩૮. ત્યાંના હરિભક્તોને સાથે લઈને તેઓ પૂજા કરવા માટે આવ્યા. મનમાં ઉમંગ ઘણો હતો. વસ્ત્રો અને આભૂષણો વગેરેને લાવ્યા હતા. ૩૯. કેસરયુક્ત સુગંધી ચંદન શ્રીહરિનાં અંગો ઉપર ચરચ્યું. ફૂલહાર પહેરાવ્યા. પછી આરતી ઉતારીને સ્તુતિ કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'રામનવમીના દિવસે હરિભક્તોએ શ્રીહરિની તથા સંતો વગેરેની પૂજા કરી' એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર આઠમું : તરંગ - ૬૯

હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું તથા કચ્છના હરિભક્તોએ પ્રાર્થના કરી

વઢિયાર દેશ બનાસકાંઠા (પાલનપુર વિસ્તાર)માં સીતાપુર અને બીજા ગામના હરિભક્તો પૂજાનો બધો સામાન લઈને ત્યાં આવ્યા. ૧. શ્રીહરિની પૂજા ઘણા પ્રેમભાવથી કરી. વસ્ત્રો અને આભૂષણો પહેરાવ્યા. ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા. ૨. જતવાડ(પાલનપુર જિલ્લાનો એક ભાગ) પ્રદેશમાં રહેનારા હરિભક્તો પણ વરસદિવસમાં એકવાર દર્શન કરવા નિશ્ચિત આવતા. ૩. તેઓ શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેઓ પણ વસ્ત્ર અને આભૂષણ લઈને આવ્યા હતા. વસ્ત્રાભૂષણ અર્પણ કર્યાં. ચંદનની અર્ચા કરી અને ફૂલહાર પહેરાવ્યા. ૪.

ઝાલાવાડ પ્રદેશના મોટા મોટા ગામના બધા હરિભક્તો તે વેળાએ શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તેઓ ઘણા સારાં વસ્ત્ર અને ઘરેણાં લાવ્યા હતાં. ૫. શિયાણી અને તાવીના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા અને પછી વસ્ત્રો તથા ઘરેણાં ધરાવ્યાં. ૬. શ્રીહરિનાં ચરણ ઉપર ચંદન લગાવીને સહુએ તેને પોતાની છાતી ઉપર ચાંપ્યાં. પછી આરતી ઉતારીને સ્તુતિ કરી. શ્રીહરિએ તેમને પ્રસાદીના હાર આપ્યા. ૭.

પછી તેમણે ઘણા જ પૂજ્ય ભાવથી સંતોને અને વર્ણીઓને પૂજ્યા અને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. તે પછી મેથાણ બાજુના અને રામગ્રી વગેરે ગામોના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૮. તે સહુએ ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા. વસ્ત્ર અને ઘરેણાં પહેરાવ્યાં અને છાતીમાં શ્રીહરિનાં ચરણ લીધાં. ૯. સંતોની પૂજા પણ કરી. તેમના પછી હળવદના અને પીપળિયાના

હરિભક્તો સાથે મળીને શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૧૦. તે પછી કોંઢ, વાવડી અને ધ્રાંગધ્રાના હરિભક્તો ભેળા મળીને પૂજા કરવા માટે આવ્યા. તેમણે શ્રીહરિના અંગોમાં ચંદન ચરચીને ઉમંગથી ફૂલહાર પહેરાવ્યા. ૧૧. વસ્ત્ર અને ઘરેણાં જે લાવ્યાં હતાં તે બધાં શ્રીહરિને ધરાવ્યાં. પછી પોતાની છાતીમાં ચરણ લીધા અને શ્રીહરિએ સહુને ફૂલહાર આપ્યા. ૧૨. તે પછી સંતો અને વર્ણીઓની પૂજા પણ કરી. તે પછી વઢવાણ અને મેમકા ગામના હરિભક્તો આવ્યા. ૧૩. તેમણે ચંદનચરચી, ફૂલહાર પહેરાવીને શ્રીહરિની અને સંતોની પણ પૂજા કરી. ૧૪. શ્રીહરિએ બેચરભાઈ અને મૂળજીભાઈને પાસે બોલાવ્યા. પ્રસાદીના ફૂલહાર આપ્યા. તે બંને ભક્તોએ શ્રીહરિની ઘણી જ સેવા કરી હતી. ૧૫.

દેવળિયા, દદુકા, મખિયાવ (મછિયાવ), વીંછિયા અને શિયાળગામ, એ બધા ગામોના હરિભક્તોએ ભેગા મળીને શ્રીહરિવરની પૂજા કરી. કેસરયુક્ત ચંદન ચરચ્યું. જે વસ્ત્રો અને ઘરેણાં લાવ્યાં હતાં તે તત્કાળ પહેરાવ્યા. ૧૬-૧૭. જેનાં મનમાં જેવો ભાવ હતો તેમણે તેવી શ્રીહરિની પૂજા કરી. હરિભક્તો પોતાના મનમાં જેવી ઇચ્છા કરતા તેવું શ્રીહરિવર તેમને સુખ આપતા હતા. ૧૮. તે બધા હરિભક્તો હરખભેર શ્રીહરિનાં ચરણકમળને પોતાની છાતીમાં ચાંપતા હતા. પછી તેમણે સંતોની પણ પૂજા કરી.

તે પછી કચ્છ-વાગડ પ્રદેશના બધા હરિભક્તો ઘણા જ પ્રેમાવેશથી શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તેમાં ભુજના હરિભક્તો મુખ્ય હતા. તે સિવાય માંડવી, તેરા, અંજાર, કાળાતળાવ, માનકૂવા, ૧૯-૨૦. ભચાઉ, આધોઈ, ધમડકા વગેરે ગામોના અપાર હરિભક્તો આવ્યા. કંથકોટ, વાંઢિયા, મોરબી અને માળિયાના ભક્તો પૂજા કરવા આવ્યા. ખાખરેચી તથા ટીકરના હરિભક્તો પૂજા કરવા આવ્યા તેની ભેળા માળિયાના હરિભક્તો પૂજા કરવા આવ્યા હતા. વિવિધ પ્રકારના વસ્ત્ર અને આભૂષણ લાવીને શ્રીહરિને તત્કાળ પહેરાવ્યા. ૨૧-૨૨. કેસરચંદન ચરચ્યું અને

ફૂલહાર પહેરાવ્યા. મૂર્તિની શોભા અદ્‌ભુત થઈ. કપૂરથી આરતી ઉતારી. અને વારંવાર સ્તુતિ કરી.

કચ્છના હરિભક્તોએ તે વખતે શ્રીહરિને કહ્યું, આપ અમારા પ્રાણના આધાર છો. માટે આપ કચ્છમાં પધારો. વરસમાં એકવાર તો દર્શન આપો. આપ આવીને અમારા ગામને પાવન કરો. ૨૩-૨૪. આપ જ્યારે કચ્છમાં આવીને અમને દર્શન આપો છો ત્યારે અમારા દિલમાં અત્યંત સુખ થાય છે અને અમારાં બધાં જ દુઃખ દૂર થઈ જાય છે. ૨૫. જેટલા દિવસ આપનાં દર્શન થાય છે અમારા તેટલા દિવસને અમે સફળ માનીએ છીએ અને તે સિવાયના દિવસોને અમે નિષ્ફળ ગણીએ છીએ. ૨૬. આ પ્રદેશના ભક્તોનો પ્રેમભાવ જોઈને આપ અહીંયા ઉત્સવ-સમૈયા કરવા લાગ્યા છો. હવે આપને કચ્છમાં આવવું ક્યાંથી ગમે ? ૨૭. કચ્છની રીત અલગ છે અને અહીંયાની રીત પણ અલગ છે. અહીંના ભક્તો આપની રીત પ્રમાણે હેત-પ્રીત કરી જાણે છે. ૨૮.

કાઠી લોકો ઘણા ચકોર ગણાય, આપની રુચિ પ્રમાણે તેઓ રહે અને આપ પણ, જે ગમતામાં રહેતા હોય તેની સાથેના સ્નેહને ક્યારેય તોડી શકતા નથી. ૨૯. સોરઠના હરિભક્તો આપના સિવાય અન્ય કોઈને માને નહિ. અને કચ્છના હરિભક્તો તો ફૂલના છોડ જેવા છે. ૩૦. તેને સંભાળનારો માળી ન હોય તો તે તરત સુકાઈ જાય છે. એટલે તેને વારંવાર જતન કરીને સંભાળવા જોઈએ. ઝાલાવાડના હરિભક્તો તો એવા છે કે તેમને આપ દર્શન દો કે ન દો, ૩૧. તેમની નિષ્ઠા એક સરખી જ રહે છે, સત્સંગ સિવાય તેમનાં મનને બીજું કાંઈ ગમે નહિ અને કચ્છમાં તો અનેક મતપંથીઓ છે. પ્રણામી (પરિણામી-પીરાણાને માનનારા), કબીર પંથી અને બ્રહ્મજ્ઞાનીઓ એ બધા તો ચોતરફ છવાઈ ગયા છે. ૩૨.

આપને દેખીને બધા ડરે છે. વારંવાર આપની બાબતમાં પૂછતા રહે છે. શક્તિપંથીઓ પણ આપણા સત્સંગથી ડરે છે. ૩૩. તે સિવાયના બીજા પણ જે અધર્મીઓ છે તે બધા રાતદિવસ ડરતા રહે છે. આપ પધાર્યા આપ ઓળખાયા એટલે અમારો સત્સંગ તો દૃઢ છે, ક્યારેય છૂટે તેમ નથી. ૩૪.

અને જે રઘુનાથદાસ કહેવાય છે તેને બીજા બધા દેશોમાં જે હરિજન રહે છે તેની લેશ માત્ર પણ લાલચ રહી નથી. પણ પોતાને કચ્છ દેશના હરિભક્તોને ઉપદેશ આપવાની આશા રહી ગઈ છે. જો તમે ન આવો તો તે તરત જ કચ્છ દેશમાં નિવાસ કરે તેમ છે. કેમ જે, અમારો દેશ તો સત્સંગથી અતિશય દૂર પડ્યો છે. ૩૫-૩૬.

અમે તો સંસારી છીએ. એટલે તેને કાંઈ કહી શકીએ નહિ. અમારા પુરુષોમાં કાંઈ ફરક પડે નહિ, પણ સ્ત્રીઓ તેની વાતો સાંભળીને ફરી જાય છે. ૩૭. સ્ત્રીઓને તો સત્સંગ એક પ્રેમનો જ હોય છે. અને રઘુનાથદાસને હેત કરતા આવડે છે. ૩૮. તેઓ જન્મથી ક્ષત્રિય જાતિના છે. એટલે ક્ષત્રાણી સ્ત્રીઓ તો બધી જ સહેજે તેના પક્ષને રાખી રહી હોય છે. ૩૯. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, જેને મોક્ષનો ખપ ન હોય તે કરોડો ઇન્દ્રાણીના જેવી હોય તો એ શું ? તેને અમે સત્સંગમાં રાખવા ચાહતા નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું તથા કચ્છના હરિભક્તોએ પ્રાર્થના કરી' એ નામે ઓગણ સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર આઠમું : તરંગ - ૭૦

કાઠિયાવાડ આદિના ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું તથા શ્રીહરિ તથા હરિભક્તોની સેવાથી ધનની સાર્થકતા

કચ્છ દેશના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી અને સંતો, વર્ણીઓ અને પાર્ષદોની પૂજા પણ ચતુરાઈથી કરી. ૧. હાલાર દેશના હરિભક્તો અને સોરઠના હરિભક્તો પર્વતભાઈને સાથે લઈને અતિ હેતથી શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૨. તેમાં પ્રથમ પર્વતભાઈએ પૂજા કરી અને પછી દરબાર ઝીણાભાઈ પૂજા કરવા લાગ્યા. ૩. તેઓ જે પોશાક લાવ્યા હતા તે શ્રીહરિને ઘણા હેતથી પહેરાવ્યો. પછી ઘણા જ ભક્તિભાવથી આરતી ઉતારી. ૪.

મયારામ ભટ્ટ આદિક હરિભક્તોએ પૂજા કરી. જેમ કચ્છના સુંદરજી સુતાર, ગંગારામ મલ્લ, દરબાર અદાભાઈ(માનકૂવા), ૫. દરબાર રાયધણજી (ધમડકા), વગેરેએ પૂજા કરી હતી તેમજ સોરઠના હરિભક્તોએ પણ અલૌકિક લાભ લીધો. લાલજી સુતાર (શેખપાટ), વશરામ સુતાર, ડોસાભાઈ, મૂળજીભાઈ, અને રત્નાભાઈ, ૬. રૂડાભાઈ, રણમલજી, દલુજી, એ બધાએ શ્રીહરિની પૂજા કરી. હાલાર દેશના જે હરિભક્તો કહેવાય છે તે શ્રીહરિને અતિશય ગમતા હતા. ૭.

તેઓ શ્રીહરિની પૂજા કર્યા પછી સંતોની પૂજા કરવા લાગ્યા. ત્યારે કાઠિયાવાડ, વાળાક, ગોહિલવાડ (ભાવનગર વિસ્તાર) વગેરેના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા આવ્યા. કેસરયુક્ત ચંદનના કટોરા ભરીને લાવ્યા હતા. ગઢડાના દરબાર એભલ ખાચર અને જીવાખાચર, એ બંનેએ શ્રીહરિની પ્રથમ પૂજા કરી. ૮-૯. પૂજા કરવા જે જે ઉપચાર લાવ્યાં હતાં તે બધા શ્રીહરિને અર્પણ કર્યાં. જેની જેવી રુચિ હતી તે પ્રમાણે સહુ સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં લાવ્યા હતા. ૧૦.

દરબાર માંચા ખાચર, અલૈયા ખાચર, સૂરા ખાચર, સોમલા ખાચર, હમીર ખાચર, કાળા ખાચર અને ડોસા ખાચર વગેરે દરબારો શ્રીહરિની પૂજા કરવા ત્યાં આવ્યા. ૧૧. દરબાર જીવા ખાચર (સારીંગપુર), બાવા ખાચર, સૂરા ખાચર, મૂળુ ખાચર (ગુંદાળા), રાઠોડ ધાધલ, અમરા પટગીર, હાથીયા પટગીર, મામૈયા પટગીર (કુંડળ), બંને માત્રા ખાચર અને માત્રા ધાધલ, ૧૨. નાજા જોગિયા અને રામ જોગિયા બંને ભાઈ, ઘેલા ધાધલ, ગોદડ ખાચર, મેરામ ખાચર, ઉકા ખાચર, નાન ખાચર, ઉગા ખાચર, ભાયા ખાચર, ૧૩. મોકા ખાચર (વાંકિયા), માણસિયા ખાચર એ બંને, ઉનડ ખાચર, રાણા ખાચર, દરબાર મૂળુ ખાચર અને તેમના બીજા ભાઈઓ. એ બધા પૂજા કરવા માટે આવ્યા. ૧૪. દરબાર વસ્તા ખાચર (કારિયાણી), વેલા ખાચર, માતરા ખાચર, વિસામણ ખાચર, એ સહુએ પણ પૂજા કરી. ગોંડલ નરેશ દરબાર શ્રીહઠીસિંહજી પણ શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૧૫.

જહાભાઈ અને ડોસાભાઈ આદિ દરબારો અને ભગા દોશી વગેરે અનંત વણિક ભક્તોએ શ્રીહરિની અનુપમ પૂજા કરી. આરતી કરીને સ્તુતિ કરી. ૧૬. જ્યારે તે બધા ભક્તો પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિએ તે બધાને પ્રસાદીના ફૂલહાર આપ્યા. જેને જેવી ભાવના તે પ્રમાણે સંતોની પૂજા પણ સહુએ કરી. ૧૭. કેટલાક ભક્તો ચંદન અને પુષ્પોથી પૂજા કરતા હતા. તેમણે લોભરૂપ મંત્રી (અમાત્ય)ને તો ઘેર રહેવા દીધો હતો. સંકુચિત વ્યવહારની તેઓ વાત જ કરતા નહિ, પરંતુ શ્રીહરિથી શરમાઈને ઉદારતા ભર્યો વ્યવહાર કરતા હતા. ૧૮. સંતોને તો કોઈની પરવા હોતી નથી. જે જેવું વાવે તે તેવું લણે-લાભ લે. મોક્ષના માર્ગમાં જેટલા ઉદાર સ્વભાવના હોય તેટલો તેને અલૌકિક લાભ મળતો હોય છે. ૧૯. તેવા ઉદાર ભક્તને કોડી જેટલું ધન હોય કે હજારો - લાખો હોય, તે લગારે લગાર - બધું જ મોક્ષોપયોગી કામમાં વપરાય છે. એવો હરિભક્ત મંત્રી(અમાત્ય) રાખવો જોઈએ કે જે કુમાર્ગે ધનને ખરચવા દે જ નહિ. ૨૦.

✵ વિપ્ર મુના ભક્તની નિષ્ઠા તથા સમજણ :

એક 'મુન્નો' એવે નામે વિપ્ર હતો. તે પાકો નિષ્કામી હરિભક્ત હતો. તેને સત્સંગમાં ઘણી ભારે નિષ્ઠા હતી. તે સત્સંગ વિના બીજા કામને ખુવાર સમજતો. ૨૧. લોભને લીધે તો તેણે લગન પણ કર્યાં નહિ. નારી તરફ તેણે ક્યારેય ધ્યાન જ દીધું નહિ. તેના બીજા જે ભાઈ ગૃહસ્થ હતા તેમનાથી તે અલગ રહેતો. ૨૨. ગામમાં જઈને સવારથી સાંજ સુધી લોટ માગવા ફરતો રહેતો. ખાતા જે લોટ વધે, તેને વેચીને ધન એકઠું કરતો. ૨૩. જાડા કપડાં પહેરતો. પગમાં પગરખા પહેરતો નહિ. જીભથી તો તે એકદમ નિઃસ્વાદી હતો. સહેજે જે ખાવાનું મળે તેનાથી ગુજરાન કરી લેતો. ૨૪. જગતની સાથે તે લોભ રાખતો અને શરીરની સાથે પણ લોભ રાખતો. પણ ભગવાન અને સંતોને માટે તે લગારેય લોભ રાખતો નહિ. ૨૫.

ઉપરથી તો તે અત્યંત હોંશિયાર દેખાતો નહીં પણ અંદરથી તો તે ઘણો જ બુદ્ધિમાન હતો. **હરિભક્તોને તે પોતાના હિતેચ્છુ માનતો અને**

મનમાં નિરંતર મોક્ષનો વિચાર કરતો. ૨૬. તે હરિભક્તોને એમ કહેતો કે ક્યાંય મારું નામ જાહેર કરવું નહિ. મારું ભેળું કરેલું જે ધન હોય તે ભગવાન અને સંતોને માટે વાપરવું. ૨૭. આ શરીરનો કોઈ નિર્ધાર નથી. મારું ધન ભગવાનને માટે જ રાખ્યું છે. તમે હરિભક્તો ઘણા સારા છો. મને તમારો વિશ્વાસ જન્મ આપનારી માતા કરતા પણ વધારે છે. ૨૮. એક હરિભક્ત અને તે વિપ્ર મુન્નો, એ બે સિવાય કોઈને કાંઈ ખબર ન હતી. વિપ્રના મૃત્યુ પછી લોકોને ખબર પડી, તે વિપ્રે જેવી ભલામણ કરી હતી, તે પ્રમાણે જ તે હરિભક્તે તેના ધનનો પ્રેમથી સદ્‌વ્યય કર્યો. ૨૯.

❋ સાચા પાકા ભક્તની ઓળખ :

ચોપાઈ :

हरिजन को हरिजन दृढ जेही, निश दिन इच्छत मोक्ष हि तेही;
ताको नाम सत्संग कहावे, जो जो संत हरि हित आवे...३०
हरि संत हित दाम आवत जितनो, अधिक लाभ सो मानत तितनो;
जग देह हित कोडी एका, खरचे में माने जान अनेका...३१
सत्संग में हरिजन हि एसे, अनेक रहे जानत न तेसे;
हरि के जन सो हरि तेहि चिने, जे ते सेव सत्संग हित किने...३२

જે હરિભક્તનો દૃઢ હરિભક્ત હોય અને રાત દિવસ મોક્ષને ચાહતો હોય તેનું નામ સત્સંગી કહેવાય. જે જે સંતો અને હરિને માટે ઉપયોગમાં આવે તે જ સાચા ઉપયોગમાં આવ્યું તેમ તે માને છે. ૩૦. ભગવાન અને સંતને માટે જે ધન ઉપયોગી થાય, તેટલો તે અધિક લાભ માને. જગતને અને દેહને માટે એક કોડી જેટલું પણ ખર્ચાય તો તેને અનેકગણું નુકશાન માને. ૩૧. એવા હરિભક્તો આજ આપણા સત્સંગમાં અનેક છે, પણ તે બહાર દેખાતા નથી. ભગવાનના ભક્તને તો એક ભગવાન જ ઓળખી શકે છે અને તેણે સત્સંગના હિતમાં જે સેવા કરી હોય તેને પણ એક ભગવાન જ જાણે છે. ૩૨.

આપ ડહાપણથી જે તે ભક્તોનો દોષ જુએ છે તેને ભગવાન સહન કરતા નથી. પોતાને જેટલા દોષ રાખવા હોય તેટલા દોષો તે ચાતુર્યતાપૂર્વક બીજા હરિભક્તોમાં દેખાડે છે. ૩૩. પણ પાકા હરિભક્તને તો એક ભગવાનમાં જ તાન હોય છે, તે બીજા મનુષ્યને ખબર પડતી નથી. છતાં પણ જીવ માત્રને જગત તરફ સહેજે જે દોડ(ઢાળ) રહે છે. જેમકે, સરોવરમાં બંધાયેલું નીર પાળ તોડીને જાવા માટે જ દબાણ કરે છે. ૩૪. પરંતુ જેટલું પાણી સરોવરમાંથી અણધાર્યું બહાર નીકળી જાય છે તેટલું પાણી માણસના ઉપયોગમાં આવતું નથી અને તે બધું નકામું ગયું ગણાય છે. એવી જ રીતે જેટલું ધન ફેલમાં વપરાય છે તેટલું મોક્ષના માટે ઉપયોગમાં આવતું નથી. ૩૫.

ઘણા હરિભક્તો સાચો વિવેક જાણતા નથી. અને લાભ જાણીને અનેક પ્રકારના ફેલ કરતા હોય છે. પરંતુ ખરા મુમુક્ષુએ ફેલીનો સંગ કરવો નહીં. તેને તો શ્વપચ જાણીને દૂરથી તજવો. ૩૬. જે મનુષ્ય સ્વધર્મની રીતે ચાલે છે અને કોઈપણ પ્રકારના ફેલ કરતા નથી એટલા જ આ જગતમાં માણસ છે. અને એવાની સાથે જ સંતો પ્રીત રાખે છે. ૩૭. ભગવાનની એવી રીત છે કે તેમને ફેલી મનુષ્ય ગમતા નથી. જે પોતપોતાની રીતમાં ચાલે છે તેને જ ભગવાન ચાહે છે. ૩૮. એ બધા હરિભક્તો કાઠિયાવાડ, વાળાક અને ગોહિલવાડ પ્રદેશના હતા. તેમણે પણ સહુ સંતોની પૂજા કરી. ૩૯. ભાલ પ્રદેશમાં જે ધોલેરા આદિક ગામ હતા. તે વેળાએ ત્યાંના બધા હરિભક્તો આવ્યા અને તેમણે શ્રીહરિની પૂજા કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'કાઠિયાવાડ આદિના ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું તથા શ્રીહરિ તથા હરિભક્તોની સેવાથી ધનની સાર્થકતા' એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર આઠમું : તરંગ - ૭૧

ભાલ, બારા તથા ચરોતરના હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું

પીપળીના દરબાર દાદાભાઈ, ધોલેરાના દરબાર પૂંજાભાઈ એ બે ભાલના હરિભક્તોમાં મુખ્ય હતા. અને ગાંફના દરબાર મનુભા કરીને રાજા હતા. તેમના દિકરા અજુભાઈ હતા. તેમના ભાયાતોમાં તે પાટવીકુંવર હતા અને તેમને સત્સંગ થયો હતો. તેમણે ઘણા મહિમાથી શ્રીહરિની પૂજા કરી અને શ્રીહરિએ તેમના મનોરથોને પૂર્ણ કર્યા. ૧-૨. જેટલા દરબારો ચુડાસમા ભાયાતો કહેવાતા, તે બધા સારા સત્સંગી થયા હતા તેમની બુદ્ધિ નિષ્પાપ હતી. ૩. દરેક સાધુ સ્વભાવવાળા હતા. કોઈના મનમાં કુટિલતા તો હતી જ નહિ. તેઓ કોઈના ઉપર દાવપેચ રાખતા નહિ. સ્વભાવે સરળ અને વિશ્વાસુ મનવાળા હતા. ૪. જગતમાં બીજા જે કુટિલ સ્વભાવના લોકો હતા તે પણ આ ચુડાસમા દરબારો આગળ નમતા રહેતા. તેમના ગામ અને ગરાસ ઘણા સારા હતા. તેમજ તેમને અનાજ પણ સહુથી વધારે પાકતું હતું. ૫.

કેટલાક કપટી કાઠી દરબારોએ વિશ્વાસમાં લઈને, ઉંદર જેમ ફૂંકીને ખાય તેમ અમુક ચુડાસમા દરબારોના ગરાસને હડપી લીધો હતો અને કેટલાકે પોતાનો ગરાસ કાઠી દરબારો પાસે ગીરવે મૂક્યો હતો. ૬. જ્યારે ચુડાસમા દરબારોને સત્સંગ થયો. તે પછી કેટલાક ચેતી ગયા. અને જે ચેત્યા નહિ તેઓ દુઃખી થયા. કેટલાકને તો શ્રીહરિએ વ્યવહાર શીખવાડ્યો. તેમાંય જે ન શીખ્યા તે અપાર દુઃખી થયા. ૭. શ્રીહરિની તે કૃપા કહેવાય કે જનોને સુખની રીત શીખવાડે છે. જેણે શ્રીહરિનાં વચનમાં વિશ્વાસ રાખ્યો તેનાં દુઃખોને, ત્રાસને શ્રીહરિએ નષ્ટ કર્યો. ૮.

ભાલ પ્રદેશના જે ભક્તો આવ્યા તેમણે એક પછી એક, એમ પૂજા કરી. જેને જેવી સમજણ હતી તેણે તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. ૯. કેટલાકે ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા અને કેટલાકે વસ્ત્ર અને આભૂષણ ધરાવ્યાં. કેટલાકે તો વિવિધ પ્રકારના મેવા અને ફળ લાવીને એટલા ધરાવ્યા કે તેનો પાર રહ્યો નહિ. ૧૦.

કેટલાક ભક્તો શેરડીના સાંઠા લાવતા. જે કાંઈ નવીન ચીજ દેખાય, જે વસ્તુ શ્રીહરિના ઉપયોગમાં આવે એવી હોય, તે લાવીને શ્રીહરિની આગળ ધરતા. ૧૧. હરિભક્તોને સુખ આપવા માટે મહારાજ નવાં નવાં ચરિત્ર કરતા હતા. ભક્તો તેમની સાથે જેવું મન રાખીને વર્તન કરતા હતા તેવું શ્રીહરિ તેમને સુખ આપતા હતા. ૧૨. હરિભક્તો શ્રીહરિની પૂજા કર્યા પછી મનથી ઘણાં જ રાજી થઈને સંતોની પૂજા પણ કરવા લાગ્યા. ૧૩.

તે પછી ભાલ બારાના ગામેગામના બીજા હરિભક્તો આવ્યા. જેનો ગણવાથી પાર પામી શકાય તેમ નથી. તે બધા જ ભક્તો સરસ એકાંતિક ધર્મનિષ્ઠ હતા. ૧૪. સૌ પહેલા બુધેજના હરિભક્તો આવ્યા. તેમણે શ્રીહરિને ચંદન ચરચ્યું અને ફૂલહાર પહેરાવીને પૂજા કરી. ૧૫. વસ્ત્રો અને ઘરેણાં ધરાવ્યાં. આરતી ઉતારીને બધાએ સ્તુતિ કરી. તે રીતે જ ગુડેલ ગામના હરિભક્તોએ પણ આવીને શ્રીહરિની પૂજા તથા સ્તુતિ કરી. ૧૬. બુધેજના ગોકુળદાસે શ્રીહરિ અને સંતોની પૂજા કરીને અલૌકિક લાભ લીધો. તેમણે પોતાનું કોડી કોડી જેટલું પણ ધન સત્સંગને સમર્પણ કરી દીધું હતું. ૧૭. ગોકુળદાસ જેવું કમાઈ જાણતા હતા તેવું સત્સંગમાં ખર્ચી પણ શકતા હતા. પછી ઊંટવાડાના જોઈતા પગીએ શ્રીહરિની પૂજા કરી અને પોતાની સંપત્તિ પ્રમાણે લાભ લીધો. ૧૮.

સીંજીવાડાના જગરૂપ બારોટે ઘણો લાભ લીધો, કારણ કે તેમણે શ્રીહરિને વારંવાર પૂજ્યા હતા. તે રીતે જ બાપુજીભાઈએ પણ શ્રેષ્ઠ લાભ લીધો. જે વારંવાર મુખથી કહી શકાતો નથી. ૧૯. વળી ખંભાતના વિપ્ર અને પાટીદાર હરિભક્તો હતા. તેમજ મોટા મોટા બારોટ હરિભક્તો હતા. એક પ્રાણવલ્લભ શેઠ હતા. ૨૦. અમથાલાલ અને દામાલાલ પણ હતા. તે સહુએ શ્રીહરિની પૂજા કરી અને શાલ ઓઢાડી. ખંભાતના ખમાર (એક પ્રકારની અટક) નામથી ઓળખાતા જે હરિભક્તો હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. ૨૧. ખંભાતના લુહાર જાતિના જે હરિભક્તો હતા તેમણે પણ શ્રીહરિની બહુ સારી પૂજા કરી. તેમણે પોતાના ઘરમાં જ

ઘણું મોટું મંદિર કરાવ્યું હતું. ૨૨. પછી ઘણું સારું મુહૂર્ત જોઈને સંવત્ ૧૮૮૫માં તે મંદિરમાં શ્રીહરિકૃષ્ણ અને રાધાકૃષ્ણની મૂર્તિઓ પધરાવી. જે ઘણી ચમત્કારી મૂર્તિઓ છે. ૨૩.

ખંભાતના નવાબ યાવરઅલી તે મંદિરની વાત સાંભળીને મનમાં રાજી થયા. નવાબ સત્સંગ માટે ઘણી સહાય કરતા હતા. વડતાલમાં જ્યારે મંદિર થતું હતું ત્યારે નવાબે તે વાત સાંભળીને ઘણી સહાય કરી હતી. ૨૪. વડતાલ મંદિરમાં ખર્ચ ઘણો થતો હશે એમ જાણીને દિલની શ્રદ્ધાથી તેઓ જેટલું જોઈએ તેટલું 'મીઠું' દર વરસે ભેટમાં આપતા હતા. ૨૫. જેટલામાં ખંભાતના નવાબનું રાજ્ય હતું તેટલામાં ભાવથી દેવ અર્થે જેટલો જેટલો માલ આવતો તેની જકાત માફ કરી હતી. ૨૬.

ભાલ બારાના હરિભક્તો શ્રીહરિની પૂજા કરી રહ્યા પછી તેમણે ઘણા જ પ્રેમથી સંતોની પૂજા કરી. ૨૭. તે પછી ચરોતર પ્રદેશના જે મોટા મોટા ગામ હતા ત્યાંના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૨૮. તેઓ વિવિધ પ્રકારના વસ્ત્ર અને આભૂષણો લાવ્યા હતા. તે પૂજા કરીને તરત જ ધરાવ્યા. તેઓ મેવા, મીઠાઈ અને ફળ પણ અપાર લાવ્યા હતા. તેનું વર્ણન કરતા અંત આવતો નહિ. ૨૯. ધોળકા શહેરના હરિભક્તો પણ તે સહુની સાથે પૂજા કરવા આવ્યા હતા. તેમાં રેવાશંકર નામે એક વિપ્ર હતા તેઓ પાકા કેળાનું એક ગાડું ભરીને લાવ્યા હતા. ૩૦.

(શ્રીહરિએ ધોળકાના રેવાશંકરભાઈને રાધાકૃષ્ણની મૂર્તિઓ આપી હતી. તે ધોળકામાં પ્રથમ તો તેમણે પોતાના ઘરમાં વિધીવત સ્થાપન કરી હતી.) પછી ભગવાનની જ્યારે ઇચ્છા થઈ ત્યારે તે રાધાકૃષ્ણની જોડી ગઢપુરથી જે ભગવાને આપી હતી તે ધોળકામાં શિખરબદ્ધ મંદિર કરાવીને હિતકારી રેવાભાઈએ પધરાવી હતી. તેમણે શ્રીહરિની જેવી મરજી હતી તેવું અલૌકિક શિખરબંધ મંદિર કરાવ્યું. ૩૧-૩૨. અને એક સરસ બાગ બનાવીને તેમણે શ્રીહરિને અર્પણ કર્યો હતો. તેણે પોતાના પુત્ર પાસે તે

અનંત લાભ લેવડાવ્યો હતો. એવા તે વિપ્ર રેવાભાઈ બુદ્ધિમાન હતા. ૩૩. તેઓએ શ્રીહરિની પ્રથમ પૂજા કરી અને પછીથી સંતોની પૂજા પણ કરી.

તેમના પછી ખેડાના હરિભક્તો પૂજા કરવા આવ્યા. તેમાં મુખ્ય પ્રેમજી ભાવસાર હતા. ૩૪. તેમજ સોની, કંસારા, પાટીદાર અને કાછિયા પણ સારા હરિભક્ત હતા. શિરોયા લુહાર પણ હતા. તે સહુએ આવીને શ્રીહરિની પૂજા કરી. ૩૫. તેઓ કેટલાએ મેવા અને મીઠાઈ લાવ્યા હતા. તે બધું શ્રીહરિની આગળ ધર્યું. જે વસ્ત્ર લાવ્યાં હતાં તે ઓઢાડી દીધાં અને અલંકાર લાવ્યા હતા તે પહેરાવી દીધાં. ૩૬. તે પછી રઘવાણજ, પલાણા, વસો, સોજિત્રા, તારાપુર, નાર વગેરે ગામોના હરિભક્તો પૂજા કરવા આવ્યા. ૩૭.

પીપળાવ, ઈસણાવ અને મહેળાવના હરિભક્તો પણ હૃદયમાં ઘણો સ્નેહભાવ હોવાથી શ્રીહરિની પૂજા કરવા ત્યાં આવ્યા. ૩૮. તે પછી ચાંગા, વલેટવા, સંજાયા, આખડોલ અને પીજ આદિ ગામોના હરિભક્તો કે જેમના મન ઘણા હરખ ભર્યાં હતાં અને જેનો સત્સંગ સુદૃઢ હતો તે બધા ઉત્સાહથી શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'ભાલ, બારા તથા ચરોતરના હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું' એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર આઠમું : તરંગ - ૭૨

શ્રીહરિનું પૂજન પુરું થયા બાદ શ્રીહરિ મંડપની વચ્ચેના દિવ્ય હિંડોળામાં બિરાજ્યા

મેમદાવાદના વડાદરા વિપ્રો સત્સંગી થયા હતા. તેઓ પૂજા કરવા માટે આવ્યા. ૧. દુર્લભરામ, બહેચરજી અને અંબારામ એ ત્રણ હરિભક્તોમાં મુખ્ય હતા. બીજા પણ ઘણા લોકો હતા. ૨. વિવિધ પ્રકારના ઉપચારો લઈને તે બધાએ શ્રીહરિની પૂજા કરી. પ્રકટ શ્રીહરિની પાસે આવીને પૂજા

કરવાથી તેઓએ અત્યંત સુખ લીધું. ૩. મહુધા ગામના અમીન પાટીદારો શ્રીહરિને શરણે આવીને સત્સંગી થયા હતા. તેમણે આવીને શ્રીહરિની પૂજા કરી. ૪. તે સિવાયના પણ જે જે હરિભક્તો હતા તે સહુએ આવીને શ્રીહરિની પૂજા કરી હતી. તેમાં વડથલ, ડડુસર, મહિસા અને કપડવંજના ભક્તોએ આવીને શ્રીહરિની પૂજા કરી હતી. સંતરામપુર સુધીના હરિભક્તો પણ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા હતા. ૫-૬. તેઓએ પણ જેનો જેવો ભાવ તે પ્રમાણે પૂજા કરી.

ઘોડાસર, ડભાણ, નડિયાદ, ઉમરેઠ. ૭. આણંદ, બાકરોલ, કણજરી, ઉત્તરસંડા, નરસંડા, કેરીયાવી, બામણોલી, જિંડવાપરા (હાલ રાજનગર), પીપલગ, ૮. એ બધા ગામના હરિભક્તો જે અલગ અલગ આવ્યા હતા તેમણે શ્રીહરિની પૂજા કરી. વાસદ, આંકલાવ, બામણગામ, સેલડી, દેવાણ, બદલપરા, ૯. ગાજણા, વાલવોડ, બોરસદ, ધર્મજ, ભાદરણ, બોચાસણ, એ બધા ગામના હરિભક્તોએ આવીને શ્રીહરિની પૂજા કરી. ૧૦. વેરા, દેદરડા, સુંદરણા, મેઘવા, ગાના, વલાસણ, પેટલાદ, પાળજ, પંડોળી, મેલાવ્ય, ઘુંટેલી, જોળ, ૧૧. એ ગામોના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. વાકળના બધા હરિભક્તોએ પણ પૂજા કરી. ૧૨.

કલાલી ગામના અમીન અજુભાઈ કુટુંબ સાથે આવ્યા હતા અને ગામના બધા હરિભક્તો પણ સાથે હતા. તેમણે સહુએ પૂજા કરી. ૧૩. વરણામા, પોર, ઇંટોલા, ગામડી, કુરાઈ, સરસવણી, પાદરા, ડભાસા, આમળા, ૧૪. પીપળી, રણું, અટલાદરા, ગોરવા, સાકરદા, ૧૫. અને ચમારા, એ બધા ગામોના હરિભક્તો સર્વે ભેળા મળીને પ્રેમભરેલા હૃદયે શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૧૬.

સંખેડા, ડભોઈ, વસાઈ, ઢોલાર, મંડાળા, કરમાલ, શિનોર, ઉત્તરાજ, ભદામ, પારિખા અને અવિધા. ૧૭. એ સર્વ ગામના હરિભક્તો દર્શન કરવા આવ્યા હતા. તેમણે અલગ અલગ જઈને શ્રીહરિનાં દર્શન કરીને પૂજા કરી. ૧૮. કાનમ દેશના હરિભક્તો બધા ભેળા મળીને આવ્યા. તેમાં દોરા ગામના

નિષ્કામ વિપ્ર કાશીરામ તે સંઘમાં મુખ્ય હતા. ૧૯. સહુએ મળીને શ્રીહરિની પૂજા કરી અને અત્યંત અલૌકિક લાભ લીધો. તે પછી ભરુચ પ્રદેશના હરિભક્તો આવ્યા. તેમાં પીપળિયા અને ઝાડેશ્વર સુધીના હતા. ૨૦. પછી વાગરા, બુવા, આમોદ અને જંબુસર સુધીના પણ હતા. તેમાં કેટલાક તો અમીન પાટીદાર હતા. તેમણે પૂજા કરીને શ્રીહરિને પ્રસન્ન કર્યા. ૨૧.

સારંગ, સીણાપર, હળદર, વેમારડી, કંડારી, કરજણ અને કરેણ, એ બધા ગામના ઉત્સાહી હરિભક્તો ઉત્સાહથી આવ્યા અને તેઓએ ઉમંગથી શ્રીહરિની પૂજા કરી. અને ત્યારે વડોદરાના પણ ઉમંગી હરિભક્તો બધા ભેળા મળીને આવ્યા. ૨૨-૨૩. તેઓ વિવિધ પ્રકારનાં વસ્ત્ર અને આભૂષણ લાવ્યા હતા. શ્રીહરિની પૂજા કરીને તે પહેરાવ્યા. વિધવિધ પ્રકારના સુંદર અપાર મેવાઓ બનાવીને લાવ્યા હતા. ૨૪.

ત્યાં સુંદર રીતે શોભાડેલો એક મંડપ તૈયાર કર્યો. તેમાં ભવ્ય બેઠક પણ કરી. મંડપના અપાર સ્તંભોને વિચિત્ર રીતે સોનેરી કર્યા હતા. ૨૫. મંડપની ચારે તરફ બહારના જે સ્તંભ હતા તેમાં સુંદર કમાનો કરીને તેને સારી રીતે શણગારી હતી. ૨૬. તે મંડપના ઉપર બીજો સોનેરી માળ કર્યો જે નીચેના મંડપ જેવો જ હતો. તેના પ્રત્યેક સ્તંભના ઉપરના ભાગમાં સુવર્ણ કળશ મૂક્યા હતા. તે અત્યંત શોભતા હતા. ૨૭.

સોનેરી નિશાન તે મંડપની ચારે કોરે ઊડતાં ફરકતાં હતાં. તે દૂરથી માનો સોનાના મોર ઊંચે આકાશમાં ઊડતા હોય, તેમ જણાતું હતું. ૨૮. તે મંડપમાં ઉપરના ભાગમાં સોનેરી વિચિત્ર ચંદની બાંધી દીધી હતી. બિલોરી કાચના વિવિધ પ્રકારના ઝાડ એક પંક્તિમાં બાંધ્યા હતા. ૨૯. બીજા પણ વિચિત્ર પ્રકારના કાચ મૂક્યાં હતાં. પ્રત્યેક ખંડમાં ઊંચે ભાત ભાતના ધામોની રચના કરી હતી અને તે ધામોમાં જે પ્રસિદ્ધ કહેવાતી હતી તે મૂર્તિઓની રચના કરી હતી. ૩૦.

ચૈત્ર સુદિ નવમી શ્રીહરિની જન્મતિથિ છે એમ જાણીને દેવોના ખરા વિજ્ઞાની વિશ્વકર્મા વિમાનમાં બેસીને આવ્યા. મંડપ શણગારવાનો

બધો સામાન તેઓ સાથે લાવ્યા હતા. તેનો બીજા કોઈને ખ્યાલ આવ્યો નહિ. ૩૧. કેમજે, તેઓ સામાન્ય પ્રાકૃત સુતાર જેવા પોતે બનીને આવ્યા હતા. અને સમૈયામાં દેશદેશના હરિભક્તો આવેલા હતા તેથી ઘણા લોકો પરસ્પર કોઈ કોઈને ઓળખતા પણ નહિ. ૩૨. તે વાતને શ્રીહરિ એક જ જાણતા હતા કે સાક્ષાત્ વિશ્વકર્મા દેવલોકમાંથી આવ્યા છે. બીજા લોકો જ્યારે કાંઈ પૂછતા ત્યારે તેઓ પોતાનું કોઈ દૂરનું ગામ બતાવી દેતા. ૩૩.

તે વિશ્વકર્મા કહેતા કે, હું તો ઉજ્જૈનનો સુતાર છું. હું કાંઈ સત્સંગી પણ નથી. મોટા પુરુષ સમજીને અહીં આવ્યો છું. સત્સંગની અલૌકિક વાત સાંભળી છે. ૩૪. કોઈ નિર્મળ મનના તીર્થવાસી દ્વારકાની યાત્રા કરીને આવતા હતા, તેણે મને કહ્યું કે "મોક્ષના દાતા જગદ્ વિખ્યાત 'સ્વામિનારાયણ' અત્યારે પ્રકટ થયા છે. ૩૫. તે વાત સાંભળીને હું અહીંયા આવ્યો છું. "સ્વામિનારાયણ"ને મંડપમાં પધરાવીશ. તેમની પાસે સત્સંગના વ્રતમાન-નિયમોને ધારણ કરીશ અને સત્સંગ કરીશ." ૩૬.

તેની વાત સાંભળીને બધા સંતો અને હરિભક્તો તેના ઉપર રાજી થયા અને બોલ્યા કે "તારા જન્મને ધન્ય છે અને તારા ધન્ય ભાગ્ય છે કે તને સાક્ષાત્ પરમાત્મા (નાથ) મળ્યા છે." ૩૭. તેણે ચારે બાજુ કોઈ ભાતના બિછાના બિછાવી દીધા. વચ્ચે હિંડોળો કર્યો હતો. તેના ઉપર અદ્‌ભુત પ્રકારના અનુપમ ગાદી તકિયા લાવીને રાખી દીધા. ૩૮. સંધ્યા સમય થવા આવ્યો છે એમ જાણીને જેટલા બિલોરી ઝાડ હતા તેમાં દીવાઓ પ્રકટાવી દીધા. ૩૯. શ્રીહરિ ત્યાં પાસે આવ્યા ત્યારે ભક્તોએ હાથ જોડીને ચરણોમાં વિનંતી કરી એટલે શ્રીહરિ ઊભા થઈને તે હિંડોળા ઉપર બેઠા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિનું પૂજન પુરું થયા બાદ શ્રીહરિ મંડપની વચ્ચેના દિવ્ય હિંડોળામાં બિરાજ્યા' એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર આઠમું : તરંગ - ૭૩

દેશદેશથી આવેલ મહિલાઓ શ્રીહરિની પૂજા કરવા માટે આવી

જ્યારે શ્રીહરિ હિંડોળા ઉપર બેઠા ત્યારે તેમની આગળ બધા સંતો, વર્ણીઓ અને હરિભક્તો જેને જ્યાં બેસવું ઘટે તેમ બેઠા. ૧. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. તેનો ધ્વનિ ચારે બાજુ ગુંજતો હતો. ત્યારે આરતી થઈ એટલે બધા સંતો ઊભા થઈને આરતી બોલવા લાગ્યા. ૨. પછી મહારાજાધિરાજ શ્રીહરિ સ્વયં "નારાયણધૂન" બોલાવવા લાગ્યા ત્યારે સંતહરિભક્તોનો બધો સમાજ તે ધૂનને ઝીલીને બોલવા લાગ્યો. ૩. બે ઘડી (૪૮ મિનિટ) રાત ગઈ ત્યાં સુધી ધૂન કરતા રહ્યા. પછી જ્યારે ધૂન પૂરી કરી ત્યારે સંતો સ્તોત્ર બોલીને સ્તુતિ કરવા લાગ્યા. ૪. સ્તુતિ કરી રહ્યા ત્યારે શ્રીહરિએ "જય સ્વામિનારાયણ !!!" આવો ઉચ્ચાર કર્યો ત્યારે સુખધામ બધા સંતો સામેથી "જય સ્વામિનારાયણ !!!" આવું બોલ્યા. ૫.

તે સમૈયામાં આવેલી સત્સંગી બાઈઓ શ્રીહરિને મોક્ષના દાતા એવા અમાયિક-અલૌકિક ગુરુદેવ માનીને તેમની પૂજા કરવા આવી. ૬. અનંત જન્મોના અપાર પાપો કે જે અતિ લબાડ હોઈને આત્માને મોક્ષથી વિમુખ કરનારા છે તેને તથા જન્મ મરણ અને લખચોરાશીના દુઃખોને ટાળીને શ્રીહરિ અક્ષરધામનું સુખ આપે છે અને ભગવાન નરનારાયણના જે દિવ્ય ગુણો છે તે બધા શ્રીહરિમાં જોઈને શ્રીહરિમાં પરમગુરુનો ભાવ લાવીને તે સમગ્ર બાઈઓ આવો શ્રીહરિનો મહિમા જાણીને પૂજા કરવા આવી. ૭-૮. જે મનુષ્ય શ્રીહરિને પરમગુરુ જાણીને પૂજે છે તેની બુદ્ધિ શુદ્ધ થઈ જાય છે. જીવમાં જે કામવાસના રહી છે તે તેને વારંવાર અનંત દેહ ધરાવે છે. ૯. એકમાં એકવીશ લાખવાર, એમ ચાર ખાણોમાં વારંવાર જન્મ લેવડાવે છે. દરેક દેહમાં અપાર દુઃખ ભોગવવા પડે છે. જીવ આ બાબતનો ક્યારેય વિચાર કરતો નથી. ૧૦.

चोपाई :

हरि कुं भजे विन जन्म अनंता, निरंतर दुःख सहन करंता;
जीवते केते देह जरावे, एसे केते दुःख जीय पावे...११

ભગવાનનું ભજન કર્યા વિના જ જીવ અનંત જન્મ પર્યંત નિરંતર દુઃખોને સહન કરતો જ રહે છે. પોતાનાં જીવતા શરીરને ક્યારેક કોઈ સળગાવી દે છે, ત્યારે તે બહુ જ દુઃખને પામે છે. ૧૧. પોતાનાં જીવતા શરીરને ક્યારેક તોપથી ઉડાવી દેવાય છે. જીવિત દશામાં જ માથું ઉડાવી દેવાય છે. પાપપૂર્ણ બુદ્ધિવાળો જીવ એવા પાપ કરે છે કે તેને લીધે તે એક પાપી જીવ બીજા પાપી જીવને મારીને ખાઈ જાય છે. ૧૨. પાપબુદ્ધિવાળો જીવ ભગવાનને ભજતો નથી. તેને પાપ દેખાતું જ નથી. ખરેખર જે ભગવાનનું ભજન નથી કરતો તેની એવી પાપભરી બુદ્ધિ થઈ જાય છે. ૧૩.

પાપી જીવ ભગવાનના અવતારને પણ ક્યારેય માનતો નથી. પાપ આચરવાથી તેની બુદ્ધિ જ પાપરૂપ થઈ જાય છે. પછી તે ભગવાનને ક્યાંથી ભજે ? ૧૪. સૂર્ય સાક્ષાત્ મૂર્તિમાન છે જ, સહુ તેને આંખોથી દેખે છે. પણ બહુ મોટાં અને ઘાટાં વાદળાં થઈ જાય તો તે સૂર્યના આખા બિંબને ઢાંકી દે છે. ૧૫. સૂર્ય વાદળાંને લીધે દેખાતો નથી અને રાતે દેખાતો નથી. સૂર્ય તો જ્યાં છે ત્યાંનો ત્યાં જ સાક્ષાત્ છે. જ્યારે વાદળાં હટે કે રાત વીતે ત્યારે તે દેખાય જ છે. ૧૬. અહીં વાદળાં અને રાતના જેવા પાપને સમજવાના છે. તે પાપ અંતઃકરણને આંધળુ કરી દે છે. તેથી સૂર્યરૂપ શ્રીહરિને તે ક્યાંથી દેખે ? એવી રીતે તે પાપી લોકો હરિમૂર્તિને ઓળખે કે માને નહીં. ૧૭. કેમજે, તે બધા પાપીઓ તો એવું બોલે છે કે ભગવાનનો અવતાર ક્યારેય થાતો જ નથી. તેવા આંધળા લોકોને મતે તો જેમ વાદળાંમાં અને રાતમાં સૂર્ય ન દેખાય. તેથી તે કહે સૂર્ય છે જ નહિ. તેમ એ લોકો કહે છે ભગવાનના અવતાર છે જ નહીં.૧૮.

* દયા - ધર્મની વિશેષતા :

જેને એવા પાપી લોકોના સતત પ્રસંગથી પાપનો પ્રસંગ રહેતો હોય છે તે લોકો ક્યારેય ભગવાનના અવતારને માનતા નથી અને જે લોકો ભગવાનના અવતારને સાચા ઠેરાવે છે. તેના જીવનમાં એવું કોઈ પાપ થાતું નથી. ૧૯. સદાચારમય ધર્મમાં મુખ્ય ધર્મ “કોઈ પણ જીવની હિંસા ન કરવી.”

એવો અહિંસારૂપ છે. જેના દિલમાં દયારૂપ ધર્મવસીને રહ્યો છે તેનાં બધાં જ પાપોનો નાશ થઈ જાય છે. ૨૦.

दया धर्म नहीं दिल जाकुं, पाप सो आप जानना ताकुं;
दया धर्म शिखना दिन राती, दया विन मोक्ष न होत कोउ भाँती...२१

જેનાં દિલમાં દયારૂપ ધર્મ નથી તેને મૂર્તિમાન "પાપ" જાણવો. માટે દયારૂપ ધર્મને રાત દિન શીખતા રહેવું. દયા વિના કોઈ જીવનો મોક્ષ કોઈ રીતે થવાનો નથી. ૨૧. જેના દિલમાં મોક્ષનો ખપ નથી હોતો તેનો ક્યારેય મોક્ષ થાતો નથી. અને જેઓ જીવોને સતત ઉદ્વેગ જ કરાવતા હોય એવા જીવોને ભેળા કરીને પરમેશ્વર કોઈના દ્વારા તેનો તરત જ નાશ કરાવી નાખે છે. પરમેશ્વરના જેવું કોઈ સમર્થ નથી. તે વાત સત્ય છે. એમ દેખાય છે. ૨૨-૨૩.

दृढ न रहत विश्वास हि एसा, तिन करी अनंत सहत कलेशा;
ईश्वर को दृढ रखे विश्वासा, ताकुं पर से न होवे त्रासा...२४

પરમેશ્વરમાં આવો દૃઢ વિશ્વાસ રહેતો નથી, તેથી તેણે અનંત ક્લેશોને સહન કરવા પડે છે. જે પરમેશ્વરમાં દૃઢ વિશ્વાસ રાખે છે તેને ક્યારેય અન્ય તરફથી ત્રાસ થતો નથી. ૨૪. જે મનુષ્ય પ્રહ્લાદની વાતને નિરંતર યાદ રાખે તેના આખ્યાનનો અભ્યાસ રાખે તેને કોઈ પણ પ્રાણીથી ક્યારેય ત્રાસ નહિ ઊપજે. ૨૫. ત્રાસ તો શરીરને થાય છે જીવને કોઈ કાળે ત્રાસ થાતો નથી અને જે જીવને ત્રાસ થાય છે એવું માને છે તે ભગવાનનો દૃઢ દાસ નથી. ૨૬. માતાના ઉદરમાં જે ભગવાન જીવની રક્ષા કરે છે તે તમારાથી ક્યાંય દૂર ગયા નથી અને જે તેને દૂર માને છે કે દેખે છે તે તો અજ્ઞાની મનુષ્ય છે. ૨૭. જે ભગવાન જીવોમાં સાક્ષાત્ અંતર્યામીપણે રહ્યા છે તે જ આ શ્રીહરિ પ્રકટ થયા છે, એમ સત્સંગ કરીને તે બધી સત્સંગી બાઈઓ સમજતી હતી. ૨૮.

જે મનુષ્ય ભગવાન શ્રીહરિની પૂજા કરે છે તેને જન્મમરણ રહેતા નથી. જે શ્રીહરિની પૂજા કરે છે તેને લખચોરાશીનું દુઃખ પણ મટી જાય છે. ૨૯.

કુબજાએ એક જ વાર શ્રીકૃષ્ણની પૂજા કરી હતી. તેથી તેને ભવથી પાર ઉતારી દીધી. શબરીએ એક જ વાર ભગવાન રામને બોર જમાડ્યા હતા. તેનાથી તેના ભવના ફેરા તત્કાળ પૂરા થઈ ગયા હતા. ૩૦. પિંગલા નામની નારી અત્યંત વ્યભિચારિણી હતી, પણ તેણે એક જ વાર દત્તાત્રેયની સેવા કરી, તેનાથી તેને બધાં જ વિષય સુખ ખારા-તુચ્છ થઈ ગયાં હતાં. અને ભગવાનની સેવામાં તેને અપાર સુખ મનાયું હતું. ૩૧. ઋષિ પત્નીઓએ જઈને શ્રીકૃષ્ણ ભગવાનને જમાડ્યા. તો તે બધી પરમ પદ મોક્ષને પામી, ગોપીઓની જે કામ વાસના હતી તેને ટાળીને ભગવાને તેમને નિષ્કામ કરી દીધી. ૩૨. **નિષ્કામ થયા વિનાના જે છે તે ક્યારેય ભગવાનનાં ધામને પામી શકતા નથી. કામી લોકોને નિષ્કામી કરવા માટે જ ભગવાનનું આ ભૂમિ ઉપર વિચરણ હોય છે. ૩૩.**

નિષ્કામી ભક્તોનું કાર્ય કરવા માટે તો ભગવાન અનંત ચરિત્રોને કરે છે. નિષ્કામીમાં જે કામની કલ્પના કરે છે, આ કામી છે એવું જે માને છે, એવા જે પુરુષ હોય કે સ્ત્રી હોય, ૩૪. તેઓ મર્યા પછી ઘોર નરકમાં પડે છે અને તેઓ ક્યારેય ભવસાગરના પારને પામશે નહિ. જે નિર્દોષ હોય છે તેને ક્યારેય દોષ લાગતો નથી. તે તો બધા દોષવાળાને પણ નિર્દોષ કરી દે છે. ૩૫. અગ્નિમાં જે જે વસ્તુને નાખવામાં આવે છે, અગ્નિ પોતામાં આવેલી વસ્તુનાં રૂપને જ ફેરવી નાખે છે અને અગ્નિ તો સ્વયં જેવો હતો તેવો ને તેવો જ રહે છે, તે અગ્નિનો અનુપમ ગુણ છે. ૩૬. ભગવાનના ગુણ મુક્તમાં પણ ક્યારેય આવતા નથી. જે પોતે પરમેશ્વરરૂપ થઈને વરતવા જાય છે તેને બંધન થાય છે. ૩૭.

નારદજી ભગવાનનું મન કહેવાય, સદા માટે તે બ્રહ્મરૂપ જ હતા પણ તેમણે જો વિષય ભોગવવાનો સંકલ્પ કર્યો, તો તેનું મુખ વાનરના જેવું થયું હતું. ૩૮. ભવ અને બ્રહ્મા બ્રહ્મરૂપ કહેવાય, જગતનું કારણ પણ કહેવાય, તેઓ અનુપમ સમર્થ દેવ હોવા છતાં તેમને કામે ફજેત કર્યા હતા. ૩૯. અપાર મુમુક્ષુઓ બ્રહ્મરૂપ થઈ શકે છે કે જેઓ ભગવાનનું નિરંતર ભજન

કરતા હોય છે, પણ જો તેઓ ભગવાનના આજ્ઞાવચનથી બહાર નીકળી જાય તો બ્રહ્મસ્થિતિને પામ્યા હોવા છતાં અન્ય જીવ જેવા થઈ જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'દેશદેશથી આવેલ મહિલાઓ શ્રીહરિની પૂજા કરવા માટે આવી' એ નામે તોતેરમો તરંગ સમાપ્ત ।।૭૩।।

પૂર આઠમું : તરંગ - ૭૪

સત્સંગમાં હરિભક્તોની વાત આશ્ચર્યકારી કહી

दोहा : सत्संग के जेते नियम हि, मोक्ष के हे देनार;
नियमरूप हरि होई कर, जन प्रति रहे तनु धार...०१
देह धारी हि मात्र जो, मनुष्य हि देव प्रजंत;
देह जानत सुखरूप हि, दुःखरूप एसो अनंत...०२

સત્સંગના જેટલા નિયમો છે તે મોક્ષ આપનારા છે. માટે શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે નિયમરૂપી શરીર ધારીને રહે છે. અર્થાત્ શ્રીહરિના વચન એ જ મૂર્તિમાન શ્રીહરિ છે. ૧. મનુષ્યથી લઈને દેવતાઓ સુધીના બધા જ દેહધારી જીવો પોતાના દેહને સુખરૂપ માને છે, પણ હકીકતમાં દેહ જ અપાર દુઃખરૂપ છે. ૨. જેને સત્સંગ થયો છે, તેઓ દેહને દુઃખરૂપ માને છે અને જીવનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરીને દુર્લભ આત્મસુખને મેળવે છે. ૩. આત્મા વિના જેટલું સુખ માને છે તે જન તેટલો અજ્ઞાની છે. તેને બ્રહ્માના જેવું સુખ મળે, તોપણ ક્યારેય દુઃખ ટળતું જ નથી. ૪. **ભગવાનને પામવાના માર્ગ સિવાયના બીજા જેટલા માર્ગ છે, તેના ઉપર જીવ પ્રાણીમાત્ર દોડતા જ રહે છે. તે જેમ જેમ વધારે દોડે છે તેમ તેમ સુખના માર્ગથી દૂર થતા જાય છે.** ૫.

તે જીવ દુઃખને જ અપાર સુખ માને છે, તેથી તેને લગારેય દુઃખ મનાતું-અનુભવાતું નથી. ખોટામાં સુખ મેળવવા માટે આજે કરોડો જીવ મરે છે. ૬. છતાં જીવ ખોટાં સુખને છોડતો નથી. કારણ કે તેની બુદ્ધિ ઉપર મોહનું આવરણ આવી ગયું હોય છે. મોહ મદિરા(દારૂ) કરતા પણ અતિ

બળવાન હોય છે. તે હિતેચ્છુ બનીને જીવમાં છાનો રહે છે. ૭. તે રાજપાટે સહિત દેહનો પણ ત્યાગ કરાવે છે. તો પણ જીવ મોહને છોડતો નથી. જીવ ખોટામાં જેવો મોહ રાખે છે તેવો મોહ હરિભક્ત ભગવાનમાં રાખે છે. ૮. આથી તો હરિભક્ત અલભ્ય લાભને પામે છે. તેને કોઈ દિવસ નુકશાન તો થાતું જ નથી. સત્સંગ કરવામાં લેશમાત્ર પણ દુઃખ નથી. અને તેને ક્યારેય દુઃખરૂપ ક્લેશ આવતો જ નથી. ૯. **જીવ જ્યારે સંસારના દુઃખનો વિચાર કરે છે ત્યારે તેને સત્સંગ થાય છે. જે લાભ કે નુકશાનને સમજતો નથી તેને ક્યારેય સત્સંગ થાય નહિ.** ૧૦.

પછી તો તેને સંસારરૂપી સાગરમાં કેવળ દુઃખ જ ભોગવવું પડે છે. ગમે તેટલો વિચાર કરે પણ તે દુઃખનો અંત આવતો નથી. જેના દિલમાં શુભવિચારો ઊપજે, તેના ભાગ્યનો કોઈ પાર જ નથી. ૧૧. જેને શુભ વિચાર થાય છે તે આગળ જતા સત્સંગ કરે છે. સત્સંગનો જે લાભ છે તે તો તેના ખરા અનુભવથી સમજાય છે. ૧૨. સત્સંગ કરતા હોય તેમાં અપાર વિઘ્ન આવે, ધન, તન અને કુટુંબનો નાશ થાય, દેહમાં મોટો રોગ આવે અને તે મટે જ નહીં, ૧૩.

કરોડોવાર શૂળીનું દુઃખ પડે તો પણ સત્સંગને તજે નહિ. એટલા દુઃખો ભોગવવા પડે તોય પણ સત્સંગ અતિ દુર્લભ છે. તે માટે પ્રહ્લાદજીનું ઉદાહરણ વિચારવું.૧૪. વગર વિચારે જે સત્સંગ કરે છે તેને તે સત્સંગ ટકતો નથી. અન્ન વિના જેમ દેહ ટકતો નથી. તેમ તેવાને તો અંતે કુસંગ થઈ જાય છે. ૧૫. સદ્‌વિચાર છે તે અન્નના જેવો ખોરાક છે. પણ જ્યારે તેમાં અભાવરૂપ ઝેર ન પડે ત્યારે તે ખરો અનુપમ હરિભક્ત થાય છે. અને પછી તે સ્વયં અજોડ સુખ પામે છે અને બીજાને પણ સુખી કરે છે. ૧૬.

चोपाई :

हरिजन मात्र कहावत जेहा, बाई भाई संत आदिक तेहा;
निश दिन कर्त शुभ विचारा, हरि मूर्ति में रही एकतारा...१७

सत्संग की रीत विन जेता, जो जो संकल्प होवत तेता;
गरल सम मानत हे ताकुं, कोउ विघ्न न लगत हे वाकुं...१८

બાઈ કે ભાઈ, ગૃહસ્થ કે સંત જે જે હરિભક્ત કહેવાય છે તેમણે એકતાર અખંડ ભગવાનની મૂર્તિમાં રહીને રાત દિન શુભ વિચારો કરવા જોઈએ. ૧૭. સત્સંગની રીતબહારના જેટલા સંકલ્પો થાય તે બધાને જે ઝેર જેવા માને, તેને સત્સંગનાં જીવનમાં ક્યારેય કોઈ પણ વિઘ્ન થાય જ નહિ. ૧૮.

ભગવાન સંબંધી જે જે સંકલ્પ થાય તેને બ્રહ્મવિદ્યા માનવી. જગત સંબંધી જેટલા સંકલ્પ થાય, તેટલું તેને ભવ ભટકણ (સંસૃતિ) થયું સમજવું. ૧૯. જે રાત દિવસ સત્સંગ કરતો રહે છે તેની શુભ બુદ્ધિ વધતી જ રહે છે. દેહ, ઈંદ્રિયો, અંતઃકરણ, તેના તેના દેવતાઓ, ૨૦. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણ શરીર, જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ, એ બધાની ગતિ માયિક જ છે. પાંચ જ્ઞાનેંદ્રિયો, તથા તેનો આહાર પાંચ વિષય, ૨૧. પાંચ કર્મેન્દ્રિયો, અને તેની અલગ અલગ ક્રિયાઓ, ચોવીશ તત્ત્વોનું રચાયેલું આ શરીર; એ બધા માયાના સત્ત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણોથી મિશ્ર છે. ૨૨. કામ, ક્રોધ અને લોભ, એ આદિક બધો અધર્મ સર્ગ કહેવાય છે તેને અને જે સત્ત્વ આદિ ત્રણ ગુણ કહ્યા છે તેને આધીન જીવ વર્તે છે. ૨૩. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ, એ ત્રણ લોકમાં આવા બધા જીવ રહ્યા છે. તે ત્રિલોકીમાં તેવા કર્મ કરે છે. જીવોને કર્મો લપેટાઈ વળે છે અને એ કર્મો આ જીવને અનેક યોનિઓમાં ભટકાવે છે. ૨૪. જીવ જેવી યોનિમાં જાય છે ત્યાં તેવાં કર્મને તે કરે છે. જીવ ભગવાન સન્મુખ ક્યારેય થાતો નથી અને જમનો માર ખાયા કરે છે. ૨૫.

ભગવાનનો અને ભગવાનના સંતનો જોગ જીવને જ્યારે થાય છે ત્યારે તેઓ દયા કરીને જીવનો ઉદ્ધાર કરે છે અને તેના ભવરોગનો નાશ કરે છે. ૨૬. જેની શુભમતિ હોય છે તે આવો વિચાર કરે છે. તેને દિન પ્રતિદિન સત્સંગમાં પ્રેમ થાય છે અને તે સત્સંગ કરતા ક્યારેય તૃપ્ત થાતો નથી. ૨૭. આ સમયમાં જેણે જેણે સત્સંગ કર્યો છે તે હરિભક્તો શુદ્ધ મનના થઈને બધાય

શ્રીહરિની પૂજા કરે છે. ૨૮. સત્સંગી બાઈઓનો પ્રેમ અલૌકિક હતો. તેમણે શ્રીહરિને પોતાના આત્માના પણ આત્મા માન્યા હતા. આવી સમજણ દૃઢ કરીને તેઓ શ્રીહરિની પૂજા કરતી હતી અને અલૌકિક લાભ લેતી હતી. ૨૯.

દિવ્યભાવ સિવાય સત્સંગની વૃદ્ધિ થાતી નથી. ઊલટાનો જે સત્સંગ હોય તે પણ જાતો રહે છે. જેને જ્ઞાન ન હોય એવા આંધળાના હાથમાં હીરો આપવામાં આવ્યો. ત્યારે તેણે કૂવાને કાંઠે જઈને હીરાને કૂવામાં નાખી દીધો. ૩૦. સમજણ (જ્ઞાન) વિનાનો સત્સંગ પણ એ બાળકના જેવો જ છે. બાળ- બુદ્ધિને તો ચિંતામણિ અને કાચનો ટુકડો, બંને સમાન જ હોય છે. ૩૧. અત્યારના સત્સંગીઓ તેવા નથી. તેઓ તો સંતોનો સમાગમ ઘણો કરે છે. **જે સંતોનો સમાગમ ઓછો રાખે છે તેનો સત્સંગ શુષ્ક થઈ જાય છે.** ૩૨.

જે વાસણ રોજ રોજ ઘસીને સાફ કરાતું હોય તેમાં ચળકાટ ઘણો રહે છે. જેની કાયમ સાફસૂફી થતી રહેતી હોય તેને ક્યારેય કાટ લાગતો નથી. ૩૩. સ્ત્રીપુરુષો બધા જ આવી રીતને સમજીને મનમાં વિચાર પૂર્વક સત્સંગ કરતા રહે છે. લાભ જાણ્યા વિના જે સત્સંગ કરે છે તે અંતે જાતા કુસંગી થઈ જાય છે. ૩૪. ખાલી પાણીથી ધૂવે અને જે રંગ જાતો રહે તેને કાચો રંગ કહેવાય, માટીનું જે ઠામ પાણીમાં ગળી જાય તે કાચું ઠામ છે એમ સહુને દેખાય છે. ૩૫.

પાકાં ઠામમાં પાણી રહે છે કાચાંમાં તો પાણી અને ઠામ બંને જાય છે અને પાકું ઠામ પણ જો ફૂટેલું હોય તો તેમાં ભરેલું પાણી બધું જાતું રહે છે. ૩૬. તેમ સત્સંગરૂપી પાણી સુપાત્રમાં જ રહે છે. મહેનત કરીને મરી જાઈએને, તો પણ કુપાત્રમાં સત્સંગ રહેતો નથી. ૩૭. અત્યારના સત્સંગના જોગે કરીને અપાર કુપાત્ર જીવો પણ સત્સંગ કરતાની સાથે બિલકુલ સુધરી જાય છે. ૩૮. પરમેશ્વરની ગતિ કોઈ અકળ છે. તે કાંઈ કલ્પ્યામાં પણ આવતું નથી. અત્યારે તો જેમ જેમ કરોડો ગણી વિપત્તિ આવે તેમ તેમ સત્સંગ દૃઢ થતો જાય છે. ૩૯. પરમેશ્વરની કળાની સ્થિતિ હંમેશા અકળ જ રહે છે. પરમેશ્વરની ગતિને

તો તે પરમેશ્વર જ જાણે, આપણને તો તે અંગે એક પળભાર પણ સૂઝતું નથી. જો અટકળ બાંધવા જાઈએ તો સંભવ છે, ક્યારેક દ્રોહ પણ થઈ જાય ! ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'સત્સંગમાં હરિભક્તોની વાત આશ્ચર્યકારી કહી' એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર આઠમું : તરંગ - ૭૫

શ્રીહરિના આજ્ઞાવચનરૂપ કોટનું મહત્ત્વ

दोहा : सत्संग में हरिजन संत हि, जो जो जेते रहाय;
सब हे हरि के धाम के, कोईके कलेमें न आय...०१
हरि विन ताकुं ब्रह्मांड में, भोग अनंत हि देख;
मन न रंजन होत कबु, काल चवीना लेख...०२

આપણા સત્સંગમાં જે હરિભક્તો છે અને જે સંતો છે તે બધા અક્ષરધામના મુક્તો જ છે. તે કોઈના કળ્યામાં આવે તેવા નથી. ૧. તે સંત-હરિભક્તોનું મન એક ભગવાન સિવાયના બ્રહ્માંડના જે ભોગ સુખ છે તેને જોઈને પણ તેમાં ક્યારેય ખુશ થાતું નથી. કારણ કે તેઓ તે ભોગને કાળનું ચવાણું સમજે છે. ૨. છતાં પણ આ દેહ માયિક છે અને બધા ભોગો પણ માયિક છે. તે બધા કુસંગ જ છે, તેથી તે પોતાનો કાંઈક ભાવ ભજવે ખરા. ૩. જેમાં અધિક જોર હોય, તે તેટલો ભાવ અધિક ભજવે છે. જે શ્રીહરિનાં આજ્ઞાવચનનો આધાર નથી રાખતો તેના સત્સંગની હદ-મર્યાદાને માયિક દેહ તથા માયિક ભોગો તોડી નાંખે છે. ૪. શ્રીહરિનાં આજ્ઞાવચનરૂપી કોટમાંથી ક્યારેય બહાર જતા ન હોય એવા જે બધા સત્સંગી નર અને નારીઓ હોય તેમને ક્યારેય કુસંગ લાગતો નથી અને તેમનો સત્સંગ દિન પ્રતિદિન વધતો જ રહે છે. ૫.

શ્રીહરિનાં આજ્ઞાવચનરૂપી કોટનો જે ત્યાગ કરે છે તેને માયામાં અનુરાગ થાય છે. કારણ કે સંસારરૂપી સાગર તો અપાર છે તેને વચનરૂપી

નાવ સિવાય પાર કરી શકાય નહિ. ૬. જે ભક્તો વચનરૂપી નાવમાં બેસી ગયા હોય અને પછી જો તેમાંથી કૂદીને સમુદ્રમાં ન પડ્યા હોય તો તે બધા સંસારના પારને પામી ગયા છે. તેનો ગણવાથી પણ પાર પામી શકાય તેમ નથી. ૭. જે સમયે ભગવાનનો જે અવતાર થયો હોય, અને તેમને જે પ્રેમથી મળ્યા હોય, તથા તેમનાં વચનમાં બંધાઈને રહ્યા હોય, તેઓ તરત જ તે ભગવાનનાં ધામમાં ગયા હોય છે. ૮. તે અપાર ભક્તોની વાત શાસ્ત્રોમાં લખી છે, ખાનગી રાખી નથી. ખુલ્લી કરી નાંખી છે. બીજા બધા અવતારોમાં જેટલા સંસાર સાગરને તરી ગયા છે તેટલા તો આજે આ એક શ્રીહરિથી જ તરી ગયા છે. ૯. જેની મતિ-સમજણ મોક્ષમાર્ગમાં ન હોય, તેને આવી સાચી વાતમાં વિશ્વાસ ન આવે. ભગવાનને કોઈ માણસની પાસે કશી જ આશા નથી, પરંતુ જીવોને તો ભગવાનની પાસે વારંવાર આશા હોય જ છે. ૧૦.

ભગવાન જ્યારે વરસાદ કરે છે ત્યારે તો બધું જીવજગત્ જીવી રહ્યું હોય છે. ભગવાન જ્યારે જિવાડે છે ત્યારે તો પ્રાણીઓ જીવે છે, આવી વાત લોકોને ક્યારેય મનાતી નથી. ૧૧. **જેને ભગવાનનાં વચનનો ડર નથી હોતો, તેને તો માયાના જીવ જાણવા. તેઓ તો વારંવાર મહાન દુઃખને પામે છે અને તેને જમપુરીનો તો ક્યારેય પાર આવતો નથી.** ૧૨. **જે ભગવાનનાં આજ્ઞાવચનનું ઉલ્લંઘન કરે છે તેને વારંવાર લખચોરાશીમાં ફરવું પડે છે અને કર્મનાં બંધન તો એટલા બધા મહાન વિકટ છે કે તેની ખબર જ પડતી નથી.** ૧૩.

કોઈ જીવ બંધન વિનાનો તો છે જ નહિ. તે જે જે યોનિમાં જાય છે ત્યાં કર્મનું બંધન હોય જ છે અને તે કર્મોને લીધે જ જીવને જમનો માર ખાવો પડે છે. ૧૪. ભગવાનનાં વચનથી બહાર વર્તીને જીવ કર્મબંધનનું અપાર દુઃખ સહન કરે છે. આંખોમાં મોહનો અંધાપો આવ્યો છે તેથી મનુષ્યને સાચી વાત લગારેય દેખાતી નથી. ૧૫. જે મનુષ્ય ભગવાનનાં વચનને આધીન ન રહે અને મનમાં મલકાયા કરે છે તે મનુષ્ય કર્મોને વશ થઈને અનેક જન્મોને

વ્યર્થ ગુમાવે છે. ૧૬. ભગવાને કહેલા ધર્મનાં બંધનમાં જે રહેતા નથી તે કાંઈ અન્ય બંધન વિના રહેતા નથી. ભગવાનનાં વચનનું બંધન તો મોક્ષ આપે છે, પણ જીવને તે વાત સમજાતી નથી. ૧૭.

चोपाई :

हरि को वचन हे अमृतरूपा, पान करे न परे भव कूपा;
हरिशरन न होत ज्यां लगही, कर्म बंधन में फिरत त्यां लगही...१८

ભગવાનનું વચન તો અમૃતરૂપ છે, જે તેનું પાન કરે છે. તે સંસારના કૂવામાં પડતો નથી. જ્યાં સુધી જીવ ભગવાનને શરણે જાતો નથી ત્યાં સુધી તે કર્મના બંધનને વશ થઈને સંસારમાં ભટક્યા કરે છે. ૧૮.

કર્મનું બંધન એક એવું ઝેર છે કે જે વારંવાર અનેક યોનિઓમાં ભટકાવે છે. જે સ્ત્રી પોતાના મુખથી ભગવાનનું નામ નથી બોલતી તેને તેનાં કર્મ અતિ ખુવાર કરી નાખે છે. ૧૯. સ્ત્રીને કોઈ બતાવે તો તે પુત્રને મેળવવા માટે વિષ્ઠાને પણ ખાય છે. એટલે જીવ પુત્રને પ્રાપ્ત કરવા માટે ઘણા અધમ અને નઠારા કર્મોને પણ કરે છે. ૨૦. તે પુત્ર મેળવવો તે તેના હાથમાં નથી. શા માટે જીવ કરોડો ઠેકાણે બાથ ભરવા દોડતા હશે ! દીકરો જો માંદો પડી જાય તો તેના ઉપર ચંડાળના ઘરનું પાણી છંટાવે છે. ૨૧. આવું કરવામાં જીવને લગારેય શરમ(ભોંઠપ) આવતી નથી. આટલું બધું જગત નઠારું છે. નર અને નારી પગરખામાં વિષ્ઠા લગાવે, પછી તે પગરખાને મોઢામાં લે, ૨૨. બંને હાથને પાછળ બાંધી દે, માથા ઉપર સળગતી સગડી ઉપાડે, ઢોલ વગડાવીને ગીતો ગવડાવતા બજાર વચ્ચે ચાલે, ૨૩.

આવું કરવામાં મનમાં કાંઈ લાજ-શરમ આવે નહિ, તેવાં કામને પણ શુભ માનીને સારો લાભ થવાનું મનમાં ધારે છે. ભગવાનને ભજવામાં આવું કાંઈ કરવું પડતું નથી. છતાં જીવ હરખભેર ભગવાનનું ભજન કરવા સત્સંગ કરતો નથી. ૨૪. જે ભગવાનથી વિમુખ રહ્યા છે તેમની બધી રીત જ અપાર પાપરૂપ છે. તેમાં તેને ક્યારેય લાજ-શરમ આવતી નથી. બધો સંસાર આવો જ છે. ૨૫.

ભગવાનનું જ આપેલું સહુ ખાય છે. તેમનું આપેલું પાણી સહુ પીએ છે અને તેમના આપેલાં વસ્ત્રોને સહુ પહેરે છે, છતાં તેમનું ભજન કરવામાં જ અતિ શરમ આવે છે. ૨૬. ભૂમિ ભગવાને કરી છે જેના ઉપર સહુ ચાલે છે અને તે ભૂમિ લોકહિત માટે સહુને ધારી રહી છે. પરંતુ બધી જ બાબત ભગવાને પોતાના હાથમાં રાખી છે. ૨૭. મનુષ્ય જે હાથ પગ ચલાવે છે. આંખોમાં જે મટકા મારે છે. શ્વાસ જે વહન થઈ રહ્યો છે, ત્યાં સુધી બધું ભગવાનના હાથમાં છે. ૨૮. જો ભક્તજન આવો વિચાર કરે તો તેને ભગવાનમાં અપાર હેત વધે અને કોઈ મનુષ્ય વગર સમજે કાંઈ બોલે તો તેને બાળક ગણીને ક્ષમા કરી દે. ૨૯. નાનું બાળક જે કાંઈ અપરાધ કરે છે તેને તેના માતા અને પિતા સહન કરે છે, એટલે ભગવાનનો ભક્ત પણ સહુના માતા પિતા જેવો કહેવાય, માટે સમજીને સત્સંગ કરતા રહેવું. ૩૦.

સ્વાભાવિક રીતે જેને સત્સંગમાં ભાવ દિન પ્રતિદિન વધતો જ રહેતો હોય આવો જે ભક્તજન હોય તે પાકો કહેવાય, જે પોતે તરે અને બીજાને પણ તારે. ૩૧. **સ્વયં તર્યા સિવાય તે બીજાને કઈ રીતે તારે ? જેવું જેને તરતા આવડતું હોય તેવું તે બીજાને શરણે રાખીને તરતા શીખવાડે છે. માટે જે ગામમાં જેવો મુમુક્ષુ ભવસાગર તરવા માટે હરિભક્તોની પાસે આવે ત્યારે તેવી રીતે તેને પરમાત્માને શરણે રખાવે છે.** ૩૨. પરંતુ બધા જ સંસારી જીવોને તારવા માટે શ્રીહરિએ સંતોરૂપી જહાજ કર્યા છે. તેથી સંતો મુમુક્ષુ જીવોને ભગવાનનાં વચનમાં રખાવે છે અને તે જીવોને પોતાની બધી વાત કહી બતાવે છે. ૩૩. જે રીતે તે મુમુક્ષુને ભાવ રહે તે રીતે પછીથી હરિભક્તોની વાતો કહે છે. નાના બાળકને જેમ ગળથૂંથી પાય છે, તેમ બધો ખ્યાલ રાખીને તેને વાત કરે છે. ૩૪. એવી વાત કરે કે જેનાથી કાંઈ સત્સંગની અસર (સમાસ) થાય, પણ ઊલટી થઈને અવળું પડે નહિ. ઊલટી થાય તેટલું તો પાણી પણ ન પવાય, મુખ અંદર બૂડી ન જાય તે જોઈને જ પાણી પિવડાવાય છે. ૩૫.

જો જમવામાં સ્વાદ આવે તો ફરીને માગે છે. તેમ લોકો આગળ વાત કરતા વિચાર રાખે છે. નાના બાળકને જન્મ પછી તરત જ અન્ન અને

જળ ખવડાવવા પિવડાવવા માંડે તો તરત જ તેના પ્રાણ નીકળી જાય છે. ૩૬. વગર અનુભવે જો વાત કરવા જાય તો હિતને બદલે અહિત થઈને ઊભું રહે છે. ઊંટ વૈદું શીખેલા ભાણેજે ડોશીનું મોત કર્યું હતું, તેવું થાય. ૩૭. પ્રત્યક્ષ શ્રીહરિનાં સ્વરૂપનું જ્ઞાન છે. તે લાખ અનુભવ અને લાખ વર્તનના સમાન છે એટલે તે શ્રીહરિના પ્રતાપથી મુમુક્ષુજનોના અજ્ઞાન તરત જ ટળી જાય છે. ૩૮.

અજ્ઞાન છે તે અસાધ્ય રોગ છે. અને તે એકદમ ઊલટું દેખાડે છે. તે અનંત યુગોનું અપાર અજ્ઞાન ટાળીને આરોગ્ય આપવું ઘણું કઠણ છે. ૩૯. પરંતુ આ પ્રત્યક્ષ શ્રીહરિનાં વચન છે તે અમૃત અને સંજીવની વિદ્યાના જેવા છે. જે મનુષ્ય તે વચનોને મનમાં ધારે છે તેનું અસાધ્ય રોગ જેવું અજ્ઞાન તરત જ નષ્ટ થઈ જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'શ્રીહરિના આજ્ઞાવચનરૂપ કોટનું મહત્ત્વ' એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥



પૂર આઠમું : તરંગ - ૭૬

નિયમોનો કોટ તથા સંતોએ શ્રીહરિનું પૂજન કર્યું

બાઈઓ હરિભક્તમાત્ર રાત દસ ઘડી (૪-૦૦ કલાક) ગઈ ત્યાં સુધી શ્રીહરિની પૂજા કરતી રહી. તે સમયની શોભા મુખથી કહી શકાતી નથી. ૧. ગોકુળમાં અને ગોલોકમાં જેવી રાસની શોભા શાસ્ત્રમાં લખાણી છે, તેનો બધો ભાવ કાંઈ જુદો જ છે, પણ તેમાં જગતના લોકો મોહ પામે છે. ૨. શુકદેવજી અને સનકાદિક જેવા સંતો, તથા ઉદ્ધવજી જેવા ભક્તો શ્રીહરિનાં સ્વરૂપને સદાને માટે અત્યંત શુદ્ધ જાણે છે. ૩.

ભગવાન જે આચરણ કરતા હોય છે. તેને તેઓ પરમ ધર્મરૂપ કહે છે અને શુક સનકાદિક સંતો તેનું ગાન કરે છે તથા ધ્યાન પણ કરે છે. ૪.

હરિનું સ્વરૂપ તે શુકાદિકોએ જનો જેવી રીતે શુદ્ધ જાણે તેવી રીતે તેની આગળ ગાન કર્યું હતું. પણ અત્યારે જે જે જીવોએ મનુષ્યતન ધર્યું છે તે સર્વને અનાદિકાળથી વિષયમાં રાગ છે. તેથી તેમાં જગતના લોકો મોહ પામે છે. ૫.

*** કામદોષની દુષ્ટતા તથા તેનાથી બચવાના ઉપાય :**

કામવાસના એક અસાધ્ય રોગ છે. તે ભગવાનનાં ભજનમાં વિઘ્ન કરે છે, તે જ્યાં ત્યાં બધે જ કહેતા આવી ભગવદ્‌લીલામાં પણ વિઘ્ન કરે છે કહેતા ભૂંડા ઘાટ કરાવીને ભગવાનનાં સ્વરૂપમાં પણ સ્નેહ થવા દેતો નથી. ૬. તે જાણીને શ્રીસ્વામિનારાયણ ભગવાને આ વખતે કરુણા કરી. તે શું ? તો જ્ઞાનરૂપી તલવાર લઈને તેના ઉપર ઘા કર્યો. પાતાળથી લઈને પ્રકૃતિના લોક સુધી પ્રભુ તેને ફજેત કરવા લાગ્યા. ૭.

મોટા દેવો કે મોટા ઋષિઓને જેને જેને કામે વિકળ કરી દીધા હતા, તે દેવોનો અને ઋષિઓનો મહિમા રાખીને કામનું ઘણું અપમાન કર્યું. અર્થાત્‌ નિંદા બહુ કરી અને તેનું કંઈ ચાલવા દીધું નહીં. ૮. આવું અપમાન પૂર્વે કોઈએ કર્યું ન હતું. શ્રીસ્વામિનારાયણ ભગવાન મુમુક્ષુ જીવાત્મા ઉપર પરમ દયાળુ હોઈને અતિ સમર્થ થયા કે, જેમણે અતિ સામર્થ્ય વાપરીને પોતાના આશ્રિતોને નિષ્કામી બનાવ્યા. બાકી તો પ્રાણી સ્થાવરમાં કે જંગમમાં જ્યાં જ્યાં જન્મ ધારે છે ત્યાં ત્યાં કામ સાથે જ રહે છે. ૯. જે કોઈ દેહ ઉપર નજર કરો, તેમાં કામનું બીજ રહ્યું જ હોય છે. તેથી કામનું વધારે બળ દેખાયું. તે વિચારીને શ્રીહરિએ આ વખતે કામનું જોર તોડી નાખ્યું છે. ૧૦.

चोपाई :

निज आश्रित भये जन जेता, काम से रक्षा कर दिये तेता;
नियमरूप हरि कोट कराये, तामें हरिजन संत कुं रखाये...११
गृही के नियम में गृहि जेते, ततपर होई के वरतत तेते;
त्यागि के नियम में त्यागि रहेउ, पराभव काम करत नहीं तेउ...१२

જે જે પોતાના આશ્રિત થયા તેનું કામથી રક્ષણ શ્રીહરિએ કર્યું છે. શ્રીહરિએ એક નિયમરૂપી કોટ કરાવ્યો છે અને તેમાં સંતોને અને

હરિભક્તોને રાખ્યા છે. ૧૧. ગૃહસ્થાશ્રમીઓના નિયમોમાં ગૃહસ્થો તત્પર થઈને રહે છે. ત્યાગીના નિયમોમાં ત્યાગીઓ રહે છે. એટલે કામ તેમનો પરાભવ કરી શકતો નથી. ૧૨. સત્સંગ સિવાયના આખા જગતમાં જે વર્ણો અને આશ્રમો છે તેને કામે જીતી લીધા છે અને તેને પોતાની રૈયત (પ્રજા) બનાવી દીધી છે. ૧૩. ધર્મકુમાર શ્રીહરિએ નિયમો પળાવીને સંતો તથા હરિભક્તોને ચૌદ લોકમાં અપાર પ્રસિદ્ધ કરી દીધા છે. ૧૪.

જ્યાં કોટ હોય અને રખેવાળ હોય ત્યાં ફૂલવાડી સારી થાય છે. તે એટલી સમૃદ્ધ બને છે કે તેમાં ફળનો અને ફૂલોનો કોઈ પાર રહેતો નથી. ૧૫. આ કળિયુગના મધ્યમાં શ્રીહરિએ સત્સંગ તો એવો સ્થાપ્યો છે કે તેની સુંદર રીત-વ્યવસ્થા દેખીને બુદ્ધિશાળી મોટા રાજાઓ પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. ૧૬. શ્રીહરિએ છપૈયામાં જે વરસ, માસ અને તિથિએ જન્મ ધારણ કર્યો હતો તે જ માસ, તે જ તિથિ અને બરોબર એ સમય પૂજા કરતા કરતા આવી ગયો અર્થાત્ રાત્રિના દશ વાગ્યા. ૧૭. તેથી સંતો અને હરિભક્તો તે શુભ સમયને જોઈને મનમાં ખૂબ જ આનંદિત થયા. બધા સંતો તે વખતે ઝાંઝ અને મૃદંગ લઈને આનંદોત્સાહથી મતવાલા થઈને ઉત્સવ કરવા લાગ્યા. તે જન્મોત્સવ સમયે અદ્‌ભુત શોભા કરી હતા. હરિભક્તો વિવિધ પ્રકારના વાજિંત્રોને દેશેદેશમાંથી લઈ આવ્યા હતા. ૧૮-૧૯.

પ્રેમથી એવો રંગ જામી ગયો કે સહુ તે વાજિંત્રોને વગાડવા લાગ્યા. બધી બાજુ અપાર દીવાઓ કર્યા. પ્રેમથી સહુ ગુલાબ ઉડાડવા લાગ્યા. ૨૦. સંતો કેસરયુક્ત ચંદનનાં ઠામ ભરીને લાવ્યા અને ઘનશ્યામ શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. જેનાં મનમાં જેવા મનોરથ હતા, સંતો તે રીતે પૂજા કરવા લાગ્યા. ૨૧. શુભ અવસર જાણીને હરિભક્તો સારા ફૂલહાર લઈ આવ્યા. વગર માગ્યે હરિભક્તો જે વસ્તુ લાવી આપતા હતા તેને સંતો નિર્બાધ ગણીને લેતા હતા. ૨૨. મંડળમાં જે સંત મુખ્ય હોય તે જ લેતા પણ તે સિવાયના બીજા કોઈ સંત તે વસ્તુ પદાર્થ લેતા નહિ. જેટલું જોઈએ તેટલું મોટેરા લેતા અને તે પણ મંડળના બધા સંતોમાં વહેંચી દેતા. ૨૩. મુખ્ય સંત જે જે વસ્તુ

આવે તેને પોતે ક્યાંય છુપાવી રાખતા નહિ. મંડળના જે સંત હોય તે આવેલી વસ્તુ મુખ્ય સંતને આપી દેતા, છતાં પોતે મનમાં ડરતા રહેતા. ૨૪. મંડળના મુખ્ય સંત નિર્બાધ રહેતા અને સાથેના સંતોને પણ નિર્બાધ રાખતા. સ્વયં સરસ રીતે વર્તતા અને બીજા સંતનો મનોભંગ કરતા નહિ. ૨૫.

'શ્રીહરિનાં આજ્ઞા વચન પ્રમાણે જ વરતવું' એવી સંતોની રીત હતી અને સંતો નિત્ય હરિભક્તોની આગળ પ્રેમથી ભગવદ્વાર્તા કરતા રહેતા. ૨૬. સત્સંગના આશ્રિતો પોતાને સંતો અને હરિભક્તોના મન, કર્મ, વચને દાસ સમજતા અને પોતાને ધન્ય ભાગ્ય માનીને ઉત્સાહથી વાતચીત કરતા હતા. ૨૭. પૂર્વે ઉદ્ધવજી ગોપીઓને ઉપદેશ કરવા માટે ગોકુળ ગયા હતા. તેમણે વ્રજવાસીઓની ઘણી ઊંચી-અમૂલ્ય સ્થિતિ ઓળખીને તેમનાં ચરણોની રજને પામવાની ઇચ્છા કરી હતી. ૨૮. ઉદ્ધવજીની તેવી રીત જોઈને મોટા સંતો સત્સંગમાં ફરીને કથા-વાર્તા કરતા હતા. તેઓ સત્સંગને ગોકુળ ગામ માનતા કે જેમાં શ્રીઘનશ્યામ-શ્રીહરિ અખંડ વિચર્યા હતા. ૨૯. ચાર ધામ સુધીના પ્રદેશમાં શ્રીહરિ જ્યાં ન વિચર્યા હોય તેવું કોઈ સ્થાન નથી. તેમાં એ ગુજરાત-ચરોતરમાં તો શ્રીહરિ નિરંતર વિચર્યા હતા. ૩૦.

અનંત ઉત્સવ અને સમૈયાઓ કર્યા. યજ્ઞ કર્યા તેનો તો કોઈ પાર જ ન રહ્યો. કરોડો વિપ્રોને જમાડ્યા. તેનાથી શ્રીહરિની કીર્તિ ઘણી જ વધી. ૩૧. યજ્ઞમાં હિંસાનો નિષેધ કરવા માટે શ્રીહરિએ ઘણા યજ્ઞો કર્યા. વિપ્રોને અનેક પ્રકારનાં દાન આપ્યાં. યાચકોની માગણી પ્રમાણે વસ્તુ આપીને તેમને રાજી કર્યા. ૩૨. કેટલાક વિપ્ર બટુઓને યજ્ઞોપવીત અપાવ્યાં. વડતાલ, ડભાણ, શ્રીનગર(અમદાવાદ), ઝાલાવાડ અને કચ્છ દેશમાં જઈને યજ્ઞોપવીત અપાવ્યા. તેનો પાર કોણ લઈ શકે ? ૩૩. ઘણાં જ કન્યાદાન અપાવ્યાં અને વિપ્રોની ચોરાશી કરાવી તેનો પણ પાર પમાય તેમ નથી. તે રીતે જ હાલાર અને સોરઠ પ્રદેશમાં પણ વારંવાર વિપ્રોને પ્રેમથી જમાડ્યા. ૩૪. બે માસ, અરે, છ માસ સુધી નિરંતર ચોરાશી ચાલુ રાખી. કાઠિયાવાડમાં, ખાસ કરીને ગઢપુરમાં નિવાસ કરીને તેને પોતાનું ધામ બનાવ્યું. ૩૫.

ત્યાં પણ કેટલાય બ્રાહ્મણો જમાડ્યા, કેટલાય બ્રાહ્મણોને જનોઈ અપાવી. કેટલાય બ્રાહ્મણોને કન્યાદાન દેવરાવ્યા. કેટલાય બ્રાહ્મણોને દાન દીધા. ૩૬. ત્યાં વિપ્રોનું સન્માન કરીને અશ્વ, ગાયો, સોનું, ચાંદી, ત્રાંબુ વગેરે ધાતુઓના અનેક પ્રકારનાં દાન આપ્યાં હતાં. ૩૭. કસુંબીવસ્ત્ર, સોનેરી જરીમય વસ્ત્ર, અપાર હીરાગળ (હીરનું રેશમી) વસ્ત્ર, ઊંચી જાતની શાલ, દુશાલા અને અંગરખું વગેરે અપાર કિંમતી વસ્ત્રોનાં દાન પણ અપાર અપાવ્યાં હતાં. ૩૮. અપાર અરુણા (લાલવસ્ત્ર) પણ અપાવ્યા અને તીર્થવાસીઓને જોઈને તેમને ઘી-સાકર લોટના પાકા સીધા ભારોભાર અપાવતા. ૩૯. છેલ્લે વડતાલની વાત કહું, જ્યારે બધા સંતોએ શ્રીહરિની પૂજા કરી લીધી ત્યારે શ્રીહરિ ઊભા થઈને સહુ સંતોને ભેટ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'નિયમોનો કોટ તથા સંતોએ શ્રીહરિનું પૂજન કર્યું' એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥

પૂર આઠમું : તરંગ - ૭૭

સુરતના હરિભક્તોએ તથા દેવોએ શ્રીહરિનું પૂજન કર્યું

સુરતના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે સહુથી છેલ્લે આવ્યા. તેમાં ભાઈચંદ શેઠ, ભિખારીદાસ, લક્ષ્મીચંદભાઈ, ગોવિંદભાઈ, ગિરધરભાઈ અને ભગવાનભાઈ ખત્રી, એટલા હરિભક્તો મુખ્ય હતા. તેમણે સત્સંગને અર્થે ઘણો જ પૈસો વાપર્યો હતો. ૧-૨. તેમાં ભાઈચંદભાઈએ તો પોતાને સત્સંગ થયો ત્યારથી શ્રીહરિ અને સંતોને માટે જેટલી જરૂર જણાય તેટલું ધન વાપર્યું હતું. ૩. તે સિવાયના બીજા બધા જે હરિભક્તો હતા તેમણે પણ શ્રીહરિ અને સંતોની સેવામાં પોતાના ગજા પ્રમાણે વારંવાર ઘણા જ રૂપિયા વાપર્યા હતા. ૪. સુરતના જેટલા હરિભક્તો આવ્યા હતા તેમણે ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી. સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં લાવ્યા હતા તે બધાં અંગોઅંગમાં યોગ્ય રીતે ધરાવ્યાં હતાં. ૫.

કોઈ ભક્ત જડાઉં શિરપેચ લાવ્યા હતા. કોઈએ સોનેરી પાઘ મસ્તકે બંધાવી. કોઈએ જડાઉં કલગી કરાવી હતી અને કોઈએ સોનેરી છોગાં લાવીને પાઘમાં ખોસ્યાં. ૬. કોઈએ મોતીના તોરા ધરાવ્યા તો કોઈએ કાનમાં કુંડળ પહેરાવ્યાં. કોઈ બાજુ બંધ બનાવડાવીને લાવ્યા હતા ત્યારે કોઈએ પહોંચી લાવીને બાંધી. ૭. એક એક વેઢ આંગળીઓમાં પહેરાવ્યા. તે રીતે જ સોનાનાં કડાં પણ બનાવીને લાવ્યા હતાં. મોતી જડેલી સોનાની છડી લાવીને કોઈ હરિભક્તે શ્રીહરિના હાથમાં આપી હતી. ૮. અનેક પ્રકારની સોનાની માળાઓ, જેને જેવો મનમાં પ્રેમ હતો તે પ્રમાણે પ્રત્યેક હરિભક્ત લાવ્યા હતા. તે બધું ઘણા જ ભાવથી શ્રીહરિને પહેરાવ્યું. ૯. કોઈ ભક્તે મોતીની માળા પહેરાવી અને કોઈ ભક્તે પરવાળાની માળા લાવીને પહેરાવી. કોઈએ કપૂરની માળા પહેરાવી. તેને ગણતાં ગણતાં પાર પમાતો નથી. ૧૦.

કોઈ ભક્ત સોનેરી જામો લાવ્યા હતા. તેને શ્રીહરિએ તે વખતે પહેર્યો. કોઈ ભક્તે સોનેરી બુટ્ટાવાળો વિચિત્ર હીરાગળ-હીરના રેશમીવસ્ત્રનો જામો કરાવ્યો હતો. ૧૧. આત્મારામ અને ભગવાન નામે બે દરજી હરિભક્ત હતા. બધા હરિભક્તોએ તેમની પાસે તે બધા જામા સિવડાવ્યા હતા. શ્રીહરિ માટે સિવડાવેલા તે તમામ વસ્ત્રોના પૈસા તેમણે ક્યારેય હરિભક્તો પાસેથી લીધા ન હતા. ૧૨. તેમને શ્રીહરિ ઉપર એવું વહાલ હતું કે તેમણે શ્રીહરિને માટે હજારો ડગલી, હજારો અંગરખાં અને હજારો સુરવાળ સીવ્યા હતા. ૧૩. હરિભક્તોને જેવો ભાવ હોય તેવું અંગરખું તે કરતા. વિચિત્ર જાત ભાતવાળું કરીને તેમાં વિચિત્ર તુઈ ભરી દેતા. ૧૪. તે બંને દરજીના ઘરની બધી બાઈઓ અને બીજો જે પુત્ર પરિવાર હતો તેણે સહુએ એક રુચિવાળા થઈને શ્રીહરિની સેવાનો બહુ લાભ લીધો હતો. ૧૫.

આત્મારામ દરજી જેટલા દિવસ શ્રીહરિની પાસે રહેતા તેટલા દિવસ, તેને પોતાનો અનન્ય સેવક સમજીને શ્રીહરિ પોતાના જમેલા થાળની પ્રસાદી નિત્ય આપતા હતા. ૧૬. તેની સાથે તેના જે કોઈ સગા સંબંધી આવ્યા હોય તેમને પણ શ્રીહરિ નિત્ય જમાડતા, અપાર ફૂલહાર પણ આપતા. આ બધું આપવાનું

શ્રીહરિ કોઈ કાળે ક્યારેય ભૂલતા નહિ. ૧૭. તે પટ્ટીદાર પહોળો કંદોરો બનાવતા. તેમાં અશ્વ અને હાથીને કંડારતા. કેટલાક તો સોનાનાં કે રૂપાનાં કરતા અને કેટલાક તો વિચિત્ર ભાતિગળ કંદોરા બનાવતા. ૧૮. તેમાં ઘૂઘરીઓ ટાંકતા અને તે જાતે આવીને શ્રીહરિની કમર ઉપર બાંધતા. અને વળી, તે બંને ભક્તોએ શ્રીહરિને કેટલાય રૂપેરી ભાતવાળા સુરવાળ બનાવીને પહેરાવ્યા હતા. તેમાં કેટલાક તો લીલા, પીળા, લાલ કે જેટલી જાતના રંગમાં રેશમ હોય, તેવા સુરવાળ બનાવીને તેઓ શ્રીહરિને પહેરાવતા હતા. અને તેમાં સોનેરી, રૂપેરી નાડી સુંદર ભાતભાતની ગૂંથીને બનાવતા. ૧૯-૨૦.

પટવા (ગૂંથણી કરનારા કારીગર) નો જે બધો કસબ (કારીગરી) હોય તે બધો નાડીમાં કરતા. તેઓ ભાતભાતની એવી નાડીઓ બનાવતા કે તેને જોનારાનું મન તેમાં લોભાઈ જાતું હતું. ૨૧. કેટલાક હરિભક્તોએ સોનેરી અને રૂપેરી ઝાંઝર શ્રીહરિના ચરણમાં પહેરાવ્યા હતા. તેમાં રહેલી ઘૂઘરીઓ ઘમઘમ કરતી હતી તેની શોભા તો કહી શકાતી જ નથી. ૨૨. કેટલાક ભક્તો મોતી જડેલી મોજડીઓને લાવ્યા હતા. અને કોઈક મોજડીઓમાં તો વિવિધ પ્રકારની ચૂનીઓ (નાના રત્નો-નંગ) ભરાવી હતી. પછી ભક્તોએ ચરણોના ઉપર કેસરયુક્ત ચંદન ચરચ્યું અને હરખભેર તેને પોતાની છાતી ઉપર ચાંપ્યાં. ૨૩. કોઈ ભક્ત સોનાની કે રૂપાની ચાખડીઓ લાવ્યા હતા. જેમાં સુંદર ઘૂઘરીઓ ટાંકી હતી. ૨૪. તે ચાખડીઓ શ્રીહરિનાં ચરણોમાં પહેરાવી દીધી. લલાટમાં કેસરચંદનની અર્ચા કરી અને પછી તેમાં કુંકુમનો ચાંદલો કર્યો. ૨૫.

સુંદર મજાની નાજુક મૂર્તિ સોહામણી લાગતી હતી. જેટલી શોભા ઉત્તમ કહેવાતી હોય તે બધી શ્રીહરિએ પોતાની મૂર્તિમાં ધારી હતી. એક પણ શોભા બાકી રહી ન હતી. ૨૬. હરિભક્તોએ કપૂર લાવીને શ્રીહરિની આરતી કરી. વિવિધ પ્રકારના વાજિંત્રો વગડાવીને "જય જય" "જય જય" આવા બુલંદ શબ્દોને સહુ બોલતા હતા. ૨૭. જ્યારે બંદૂકોના અવાજ થયા ત્યારે વિશાળ આકાશ અને વનતરુ ગાજી ઊઠ્યા. તે સાંભળીને બધા

દેવોનો સમાજ પૂજાનો સામાન લઈને ત્યાં દોડી આવ્યો. ૨૮. શિવજી અને બ્રહ્મા વિમાનમાં બેસીને આવ્યા. તેત્રીશ કરોડ દેવતાઓ મંગળ સ્વરે ગાવા લાગ્યા. સૂર્ય, ચંદ્ર અને ઈન્દ્ર, આદિક દેવો વિમાનમાં બેસીને તત્કાળ ત્યાં આવ્યા. ૨૯. તે દેવોએ કેસરયુક્ત ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરી. ચોતરફ ઘણો મહોત્સવ છવાઈ ગયો. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં અને ગાંધર્વો ગાન કરવા લાગ્યા. ૩૦.

નર્તકો ઘૂઘરા વગાડીને નાચવા લાગ્યા. અને દેવાંગનાઓ પાપનો નાશ કરનારા શ્રીહરિનાં જન્મ ચરિત્રોને ગાવા લાગી. ૩૧. આ બ્રહ્માંડની રચના થઈ ત્યારથી આરંભીને અત્યાર સુધીમાં જે જે ભગવાનના અવતારો થયા, તેમણે જે જે કાર્ય કર્યાં, ચરિત્રો કર્યાં, જેનો જેનો મોક્ષ કર્યો તેને પણ ગાવા લાગી. ૩૨. ભગવાન જ્યારે અવતાર ધારે છે ત્યારે તે સમયમાં તે અવતાર સર્વોપરિ જ વર્તતા હોય છે. અને તે વેળાએ જીવની જેટલી ચાતુરી કે બુદ્ધિ હોય તે બધાને ઢાંકી દે છે. ૩૩. દેવોની કે અસુરોની જે વિદ્યા હોય તે ,તે વખતે ભગવાનના ઉપર કાંઈ જ ચાલતી નથી. ભગવાને જેને જેટલું સામર્થ્ય આપ્યું હોય છે તેટલું જ તે સામર્થ્ય વાપરી શકે છે. ૩૪.

चोपाई :

सब की दोरी हे हरि के हाथा, एसे हे महा समर्थ हि नाथा;
जीय अपराध करत हरि केरा, एक एक दिन में कोटि वेरा...३५

સહુની દોરી ભગવાનના જ હાથમાં છે. મારા નાથ શ્રીહરિ આવા મહાન સમર્થ છે. જીવ એક એક દિવસમાં કરોડો વાર ભગવાનના અપરાધોને પ્રતિદિન કરતા રહે છે. ૩૫. શ્રીહરિ તો હંમેશને માટે આકાશના જેવા નિર્લેપ છે. હરિ તો એવા નિર્બંધ જ રહે છે. કદાચ કોઈ શ્રીહરિનો જેવો અપરાધ કરે છે તેવું ફળ તો તેને સહેજે જ મળે છે. ૩૬. કદાચ કોઈ સાગરનો અપરાધ કરે કે તેનો વિરોધ કરે પણ સાગર તો તેનાથી ક્ષોભ પામતો નથી અને તેથી જ તેને મોટો કહેવાય છે. ૩૭. ક્યાં જીવ અને ક્યાં આવા મોટા ? તેમની બરોબરી કઈ રીતે કરી શકાય ? જીવ જેવી કલ્પના કરે છે

તેવું તે સહજમાં પામે છે. ૩૮. આવું પરસ્પર બોલતા દેવોએ મળીને અલૌકિક લાભ લીધો. તેમણે આવીને આ રીતે શ્રીહરિની પૂજા કરી. ૩૯.


सोरठा : सर्वोपरि अवतार, श्रीहरि को सो कहत भयेउ;
एसे न भये कोउ वार, क्षेमा सागर अगाध अति...४०

પૂર્વે આવો ક્ષમાના અતિ અગાધ સાગર જેવો બીજો કોઈ અવતાર થયો નથી. દેવતાઓએ પણ શ્રીહરિનાં આ અવતારને સર્વોપરિ કહ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટમ પૂરમાં 'સુરતના હરિભક્તોએ તથા દેવોએ શ્રીહરિનું પૂજન કર્યું' એ નામે સિત્તોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે અષ્ટમ પૂર સંપૂર્ણ ॥૮॥



પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

ગુજરાતી પ્રકાશન

VCD

૧. મોક્ષનાં સાધનો ૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત) ૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. બુદ્ધિપ્રદીપ
૩. પંચરત્ન ૪. હરિસ્મરણ
૫. દાદા ખાચરના વિવાહ
૬. શ્રીમદ્ ભાગવત

DVD

૧. સ્નેહગીતા ૨. ભાલદેશની લીલા
૩. પંચરત્ન ૪. અક્ષરબાવની
૫. ભક્તિસિદ્ધિ ૬. બુદ્ધિપ્રદીપ
૭. વિવેકસાર ૮. સર્ગનિસરણી
૯. મુક્તવંદના
૧૦. દિવ્ય દિવ્ય મહારાજ
૧૧. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૨. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૩. માધુરી મૂર્તિ *(કીર્તન દર્શન-૩)*
૧૪. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૧૫. કુંડળધામ દર્શન
૧૬. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૧૭. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૧૮. હિંડોળા ઉત્સવ ૧૯. યુવાશિબિર

MP5

૧. ભક્તચિંતામણિ
૨. શ્રીહરિલીલામૃત
૩. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
૪. સત્સંગિજીવન
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. શ્રીહરિધ્યાનમંજરી
૭. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
૮. ગોપાળાનંદસ્વામીની વાતો
૯. ભક્તિસિદ્ધિ
૧૦. વાસુદેવ માહાત્મ્ય
૧૧. વિવેક ચિંતામણિ
૧૨. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
૧૩. કીર્તન સહ ધ્યાન
૧૪. કથામૃતમ્
- છપ્પનાવલી - શૌચાશૌચ
- શિક્ષાપત્રી ભાષ્ય - ધ્યાનયોગ (સુરત)
- જ્ઞાન સાથે ગમ્મત
૧૫. વડતાલધામનો મહિમા
૧૬. ઐશ્વર્યપ્રકાશ
૧૭. નારાયણ અંગ ચિંતામણિ
૧૮. સંત આખ્યાન
- સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી
- સદ્.શ્રીશુકાનંદસ્વામી
- સદ્.શ્રીઆધારાનંદસ્વામી

- બદ્ધમાંથી મુક્ત - શિબિર-૧૩
- ભગવદ્‌ગુણો - શિબિર-૧૫
- એમ અગણિત વિશ્વ - શિબિર-૧૬
- સહજાનંદ સનેહી - શિબિર-૧૭

પુસ્તક

૧. વચનામૃત : *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર ભાગ:૧થી૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૧૨. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૩. કીર્તનમાળા ભાગ : ૧,૨
૧૪. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૫. અદ્‌ભુતાનંદસ્વામીની મૂળ વાતો
૧૬. પ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૧૭. નિત્યાનંદસ્વામીના ગ્રંથો
૧૮. શિક્ષાપત્રી ૧૯. હરિસ્મૃતિ
૨૦. હરિરસામૃત ૨૧. નિત્યનિયમ
૨૨. સંત આખ્યાન
૨૩. નિર્ગુણદાસસ્વામીની વાતો
૨૪. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૫. કીર્તન દીપાવલી ભાગ-૧

हिन्दी प्रकाशन

टेलीफिल्म : VCD १. केसर मियाँ २. शेख मियाँ
टेलीफिल्म : DVD ३. डोसा ताई ४. घेर बेठा तीरथ-भाग ३

किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्तिनिर्णय *(गुजराती अनुवाद के साथ)*

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને કથા-કીર્તન અને ધ્યાન-ભજન દ્વારા શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે તેઓ ઉપરોક્ત બંને મંદિરો દ્વારા નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લાં ૨૧ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે. ત્રિવિધ તાપથી તપેલા જીવને માટે શાંતિની ગંગોત્રી છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જલઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોનાં આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદકાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું www.swaminarayanbhagwan.com દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી શ્રીહરિ સમકાલીન નંદસંતોની પરંપરા મુજબ આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દઢ કરાવે છે. સત્સંગ-પિપાસુ ભક્તજનો આ સંતોના મુખથી કથા-કીર્તન સાંભળી પુરુષોત્તમને પામવાનું બળ મેળવી ધન્ય ધન્ય બની રહ્યા છે.

વિવિધ પ્રકાશનો : આ ધમાલિયા યુગમાં સુખ, શાંતિ અને મોક્ષ માટે સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની કથા-વાર્તા અને કીર્તનાદિક સંજીવની ઔષધ સમાન છે. આ જ હેતુને અનુલક્ષીને પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી મોક્ષપર્થદર્શક એવા અન્ય સદ્ગ્રંથો તથા 'સત્સંગસેવક' નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક વાલુડા-બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ મંદિર તરફથી બનાવવામાં આવે છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે.

પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૨૫ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યાં છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરનું પણ આયોજન થાય છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળ સંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે. ●



શ્રીજીમહારાજ નિર્મિત શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ

: પ્રકાશક :

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

કુંડળધામ : (૦૨૭૧૧) ૨૯૧૨૯૧, વડોદરા : (૦૨૬૫)૨૪૬૨૬૨૮

www.swaminarayanbhagwan.com Email : karelibaug@gmail.com



ISBN 978-93-83456-26-0

9 789383 456260